
# પ્રવચનસાર પ્રવચન

## ભાગ ૬



ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

# પ્રવચનસાર પ્રવચન

(ભાગ–૭)

(શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી પ્રવચનસાર પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ઈ.સ. ૧૯૬૮-૬૯ની સાલના શબ્દશઃ સળંગ પ્રવચનો)

(ગાથા-૧૯૨ થી ૨૨૦)

પ્રકાશક

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક

શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ

મુંબઈ

વિક્રમ સંવત
૨૦૮૦

વીર સંવત
૨૫૫૦

ઈ. સન
૨૦૨૪

પ્રકાશન
જેઠ સુદ-૫, શ્રુતપંચમી, ષટ્ખંડાગમ વગેરે શાસ્ત્રરચના
પૂર્ણાહૂતિનો પવિત્ર દિવસ, તા. ૧૧-૬-૨૦૨૪

પ્રાપ્તિ સ્થાન
૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
સોનગઢ (સૌરાષ્ટ્ર)-૩૬૪૨૫૦. ફોન-૦૨૮૪૬-૨૪૪૩૩૪
૨. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,
વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬
ફોન-(૦૨૨) ૨૬૧૩૦૮૨૦, ૨૬૧૦૪૯૧૨, ૬૨૩૬૯૦૪૬
www.vitragvani.com, email-info@vitragvani.com

ટાઈપ સેટિંગ
પૂજા ઈમ્પ્રેશન્સ
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

## પ્રકાશકીય નિવેદન

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,
મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં.

ઉપરોક્ત મંગલાચરણમાં શાસનનાયક મહાવીરસ્વામી બાદ શ્રી ગૌતમ ગણધરને નમસ્કાર કરી જેમને ત્રીજા નંબરે નમસ્કાર કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ વર્તમાન જૈનશાસનના શાસનસ્તંભ છે, જેમણે મૂળ મોક્ષમાર્ગને શાસ્ત્રમાં જીવંત રાખી અનેકાનેક ભવ્ય જીવો પર અસીમ ઉપકાર કર્યો છે. સાંપ્રત જૈનસમાજ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવથી સુચારુરૂપે પરિચીત છે જ. તેમ છતાં તેમના પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈને તેઓશ્રી પ્રત્યે ઉપકાર વ્યક્ત કર્યા વિના રહી શકાતું નથી. શ્રીમદ્ ભગવત્ કુંદકુંદઆચાર્યદેવ પ્રણીત પંચ પરમાગમોમાં 'પ્રવચનસાર' શાસ્ત્ર 'દ્વિતીય શ્રુતસ્કંધ'નાં સર્વોત્કૃષ્ટ આગમોમાંનું એક છે. ભગવાન કુંદકુંદાચાર્યના મહિમા દર્શાવતાં અનેક શિલાલેખો આજે પણ મોજૂદ છે. તેમનાં લખેલાં શાસ્ત્રો સાક્ષાત્ ગણધરદેવનાં વચનો જેટલાં જ પ્રમાણભૂત મનાય છે.

મહાવિદેહક્ષેત્રમાં વિદ્યમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમદેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની પ્રત્યક્ષ દિવ્ય દેશના સાંભળી ભરતમાં આવીને ભગવાન કુંદકુંદાચાર્યદેવે અનેક શાસ્ત્રોની રચના કરી છે. જિનશાસનના અનેક મુખ્ય સિદ્ધાંતોનાં બીજ આ 'પ્રવચનસાર' શાસ્ત્રમાં રહેલાં છે. અતઃ આ 'પ્રવચનસાર' ગ્રંથ છે એ ભગવાન શ્રી સીમંધરસ્વામીના દિવ્ય સંદેશા જ છે. ત્રણ વિભાગમાં વિભાજીત થયેલ આ ગ્રંથમાં વસ્તુ સ્વરૂપને સમજાવતાં મૂળભૂત સિદ્ધાંતોનું પ્રતિપાદન થયેલ છે, જે મુમુક્ષુજીવને મહામિથ્યાત્વરૂપી અંધકારને નષ્ટ કરવા માટે દિવ્ય પ્રકાશ સમાન જ છે.

મહા મિથ્યાત્વથી પ્રભાવિત આ દુષમકાળમાં આવા સર્વોત્કૃષ્ટ પરમાગમોનાં સિદ્ધાંતો સમજવાનું અજ્ઞાનીજીવોનું ક્યાં સામર્થ્ય હતું? પરંતુ ભરતક્ષેત્રના અહોભાગ્યે તથા ભવ્યજીવોને તારવા, આ મિથ્યાત્વના ઘોર તિમિરને નષ્ટ કરવા એક દિવ્ય પ્રકાશ થયો! એ છે કહાન ગુરુદેવ!! પૂજ્ય ગુરુદેવશ્રી આ કાળનાં એક અજોડ રત્ન છે! જેમણે સ્વયંની જ્ઞાનપ્રભા દ્વારા ગૂઢ પરમાગમોના રહસ્યોને ઉકેલ્યા. જેમનાં ઘરમાં આગમો ઉપલબ્ધ હતાં તેમને પણ આગમો ઉકેલવાની શક્તિ નહોતી, એવા આ દુષમકાળમાં પૂજ્ય ગુરુદેવશ્રીના પરમ પ્રભાવના યોગે ઘરે-ઘરે મૂળભૂત પરમાગમોનાં સ્વાધ્યાયની પ્રણાલિકા શરૂ થઈ. દ્રવ્ય, ગુણ, પર્યાય, ઉત્પાદ્, વ્યય, ધ્રૌવ્ય, નિશ્ચય-વ્યવહાર, ઉપાદાન-નિમિત્ત ઈત્યાદિ અનેકાનેક વસ્તુસ્વરૂપને સ્પષ્ટ કરતાં સિદ્ધાંતોનો પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રકાશ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં વચનાનુસાર 'પૂજ્ય ગુરુદેવશ્રી આ કાળનો એક અચંબો જ છે. પૂજ્ય ગુરુદેવશ્રીને શ્રુતની લબ્ધિ હતી. પંચમકાળે નિરંતર અમૃતઝરતી ગુરુદેવની વાણી ભગવાનનો વિરહ ભુલાવે છે.' ઈત્યાદિ અનેકાનેક બહુમાનસૂચક વાક્યો પૂજ્ય ગુરુદેવશ્રીની અસાધારણ

પ્રતિભાને વ્યક્ત કરે છે. એવાં ભવોદધિતારણહાર, નિષ્કારણ કરુણાશીલ, અધ્યાત્મમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક મૂળ પરમાગમો ઉપર પ્રવચનો આપી દિવ્ય અમૃતધારા વરસાવી છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોને અક્ષરશઃ પ્રકાશિત કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થવું એ આ મનુષ્યજીવનનો અમૂલ્ય આનંદસભર અવસર છે. પ્રસ્તુત ગ્રંથમાં શ્રી પ્રવચનસાર પરમાગમ ઉપર, ઈ.સ. ૧૯૬૮-૬૯માં ચાલેલ પ્રવચનોને અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવેલ છે. છઠ્ઠા ભાગમાં જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપનની ૧૯૨ થી ૨૨૦ ગાથા સુધી ચાલેલા ૩૧ પ્રવચનોને સમાવિષ્ટ કરવામાં આવેલ છે.


પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરત ધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી., વેબ સાઈટ (**www.vitragvani.com**), **vitragvani app, vitragvani YouTube channel** જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલે પાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે કે જેથી આ વાણી શાશ્વત જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે આ પ્રવચનો પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કરકમળમાં સાદર સમર્પિત કરીએ છીએ.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય પૂજા ઈમ્પ્રેશન્સ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રી સુધીરભાઈ શાહ, સુરત તથા શ્રી અતુલભાઈ જૈન, મલાડ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે. જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશનકાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. ટ્રસ્ટ, મુમુક્ષુગણને વિનંતી કરે છે કે અશુદ્ધિઓ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો www.vitragvani.com ઉપર ઉપલબ્ધ છે.

પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. ઈતિ શિવમ્.

ટ્રસ્ટીગણ  
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,  
વિલે પાર્લા, મુંબઈ



ભગવાનશ્રી કુંદકુંદાચાર્ય દેવ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળિકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...'

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે

અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે : 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી

કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તક રૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા

વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની

દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો

કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૧૬૪ | ૨૬–૦૫–૧૯૬૯ | ગાથા–૧૯૨ | ૦૦૧ |
| ૧૬૫ | ૨૭–૦૫–૧૯૬૯ | ગાથા–૧૯૨ | ૦૧૫ |
| ૧૬૬ | ૨૮–૦૫–૧૯૬૯ | ગાથા–૧૯૨ | ૦૨૭ |
| ૧૬૭ | ૨૯–૦૫–૧૯૬૯ | ગાથા–૧૯૨ | ૦૪૦ |
| ૧૬૮ | ૩૦–૦૫–૧૯૬૯ | ગાથા–૧૯૨–૧૯૩ | ૦૫૩ |
| ૧૬૯ | ૩૧–૦૫–૧૯૬૯ | ગાથા–૧૯૩–૧૯૪ | ૦૬૫ |
| ૧૭૦ | ૦૧–૦૬–૧૯૬૯ | ગાથા–૧૯૪–૧૯૫ | ૦૭૯ |
| ૧૭૧ | ૦૨–૦૬–૧૯૬૯ | ગાથા–૧૯૫ | ૦૯૨ |
| ૧૭૨ | ૦૩–૦૬–૧૯૬૯ | ગાથા–૧૯૬–૧૯૭ | ૧૦૬ |
| ૧૭૩ | ૦૪–૦૬–૧૯૬૯ | ગાથા–૧૯૭ | ૧૧૯ |
| ૧૭૪ | ૦૫–૦૬–૧૯૬૯ | ગાથા–૧૯૮ | ૧૩૩ |
| ૧૭૫ | ૦૬–૦૬–૧૯૬૯ | ગાથા–૧૯૮–૧૯૯ | ૧૪૭ |
| ૧૭૬ | ૦૭–૦૬–૧૯૬૯ | ગાથા–૧૯૯–૨૦૦ | ૧૬૨ |
| ૧૭૭ | ૦૮–૦૬–૧૯૬૯ | ગાથા–૨૦૦ | ૧૭૫ |
| ૧૭૮ | ૦૯–૦૬–૧૯૬૯ | ગાથા–૨૦૦ | ૧૯૦ |
| ૧૭૯ | ૧૦–૦૬–૧૯૬૯ | ગાથા–૨૦૦, શ્લોક–૧૦–૧૨ | ૨૦૪ |
| ૧૮૦ | ૧૧–૦૬–૧૯૬૯ | ગાથા–૨૦૧, શ્લોક–૧૨–૧૩ | ૨૧૯ |
| ૧૮૧ | ૧૨–૦૬–૧૯૬૯ | ગાથા–૨૦૧–૨૦૨ | ૨૩૪ |
| ૧૮૨ | ૧૩–૦૬–૧૯૬૯ | ગાથા–૨૦૨ | ૨૪૮ |
| ૧૮૫ | ૧૬–૦૬–૧૯૬૯ | ગાથા–૨૦૨ થી ૨૦૪ | ૨૬૧ |
| ૧૮૬ | ૧૮–૦૬–૧૯૬૯ | ગાથા–૨૦૪ થી ૨૦૬ | ૨૭૬ |

| | | | |
|---|---|---|---|
| ૧૮૭ | ૧૯–૦૬–૧૯૬૯ | ગાથા–૨૦૪ થી ૨૦૬ | ૨૮૯ |
| ૧૮૮ | ૨૦–૦૬–૧૯૬૯ | ગાથા–૨૦૫ થી ૨૦૭ | ૩૦૩ |
| ૧૮૯ | ૨૧–૦૬–૧૯૬૯ | ગાથા–૨૦૭ | ૩૧૯ |
| ૧૯૦ | ૨૨–૦૬–૧૯૬૯ | ગાથા–૨૦૮–૨૦૯ | ૩૩૨ |
| ૧૯૧ | ૨૪–૦૬–૧૯૬૯ | ગાથા–૨૦૮ થી ૨૧૨ | ૩૪૬ |
| ૧૯૨ | ૨૫–૦૬–૧૯૬૯ | ગાથા–૨૧૧ થી ૨૧૪ | ૩૫૯ |
| ૧૯૩ | ૨૬–૦૬–૧૯૬૯ | ગાથા–૨૧૪–૨૧૫ | ૩૭૨ |
| ૧૯૪ | ૨૭–૦૬–૧૯૬૯ | ગાથા–૨૧૬–૨૧૭ | ૩૮૫ |
| ૧૯૫ | ૨૯–૦૬–૧૯૬૯ | ગાથા–૨૧૮ | ૩૯૮ |
| ૧૯૬ | ૩૦–૦૬–૧૯૬૯ | ગાથા–૨૧૮ થી ૨૨૦, શ્લોક–૧૪ | ૪૧૨ |

ॐ

परमात्मने नमः।

# પ્રવચનસાર પ્રવચન

(ભાગ-૬)

(શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી પ્રવચનસાર પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ઈ.સ. ૧૯૬૮ની સાલના શબ્દશઃ પ્રવચનો)

**જેઠ સુદ ૧૦, સોમવાર, તા. ૨૬.૦૫.૧૯૬૯**
**ગાથા-૧૯૨, પ્રવચન-૧૯૪**

૧૯૨, જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન. **'હવે, ધ્રુવપણાને લીધે શુદ્ધ આત્મા જ ઉપલબ્ધ કરવાયોગ્ય છે એમ ઉપદેશ છે :—'** ૧૯૨ નથી કહેતા? શું કહે છે? ૯૨. એમ ઉપદેશ છે. આ બે ગાથા ૨૦૦૫ની સાલમાં ત્યાં ચાલી હતી. ૧૭૨ અને ૧૯૨. રાજકોટમાં ૨૦ વર્ષ પહેલા. આ ૧૭૨ ગાથા ૨૮ દિવસ ચાલી હતી અને ૧૯૨ આઠ દિવસ ચાલી હતી. હવે તો બહુ વિસ્તાર નથી કરતાને. થોડો સાર-સાર (લઈએ છીએ). એ તો દૃષ્ટાંત.. બે ગાથામાં ૩૬ વ્યાખ્યાન થયા હતા. આ તો આપણે ૧૩ વ્યાખ્યાન ૧૭૨. ૧૭૨ના ૧૩ થયા ૧૩. ૧૫ દિવસ થયાને રવિવારથી રવિવાર. બે દિવસ સ્વાધ્યાય હતી. ૧૩ વ્યાખ્યાન થયા. તે દિ' ૨૮ થયા. તે દિ' શરૂઆતમાં બહુ વિસ્તાર કરવો પડેને. ૧૯૨. પહેલા એ ચાલ્યું આવે છે, ૧૮૯, ૯૦-૯૧ એનો અહીંયા સરવાળો છે. ૧૮૯માં તો એ કહ્યું કે શુદ્ધ નિરૂપણ દ્રવ્યનું શુદ્ધનય નિરૂપણ. આત્મા પોતાના પરિણામને કરે તે શુદ્ધ નિરૂપણ, શુદ્ધનયનું નિરૂપણ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આ તો જુદી વાત છે.

ઉત્તર :- જુદી વાત આવી, કહીએ છીએને. જ્ઞાનપ્રધાન કથન છેને અહીંયાં. અહીંયા એમ ચાલ્યું છે કે આત્મા પોતાના અશુદ્ધ વિકારી પરિણામ કરે એમ જાણવું તે શુદ્ધનયનું કથન છે. અને આત્માના પરિણામને કર્મ કરે (એમ કહેવું) તે અશુદ્ધનયનું કથન છે. સમજાણું કાંઈ? એમ ચાલ્યું છે અહીંયાં.

મુમુક્ષુ :- જુદી-જુદી અપેક્ષા હોયને.

ઉત્તર :- જુદી-જુદી છે. જે અપેક્ષા કહેવી હોય તે અપેક્ષા સિદ્ધ કરે છેને. અહીંયાં ધ્રુવપણું છે એ જુદી વાત છે. એકલો ધ્રુવ છે એ અહીંયા ધ્રુવપણું નથી. ધ્રુવપણામાં પણ પર સંબંધી જે પોતાનું જ્ઞાન તેને ભેળવીને ધ્રુવપણું કહેશે. સમજાણું કાંઈ? અહીંયા બીજી અપેક્ષા છે. જ્ઞાનપ્રધાન કથનમાં ભગવાન આત્મા... અહીંયાં ૧૮૯-૧૯૦માં તો એમ લે છે કે આત્મા પોતાના પરિણામને કરે, વિકારી પરિણામ, સંસારના પરિણામ, મિથ્યાત્વના પરિણામ, રાગ-દ્વેષના પરિણામ (આત્મા કરે) એ શુદ્ધનયનું કથન છે. કેમકે એમાં પરની અપેક્ષા નથી. એ અપેક્ષાએ શુદ્ધનયનું કથન કહેવામાં આવે છે. કેટલું યાદ રાખવું? અમારે ફાવાભાઈ હતા ઈ કહે, સવારે કાંઈક આવે, બપોરે કાંઈક આવે. આમાં એક યાદ રહે ત્યાં બીજું ખોટું પડે. એય..! ભાણિયા! ભાણિયો કહેતો હતો સવારમાં. અત્યાર સુધી આ દ્રવ્ય-દ્રવ્ય (સાંભળ્યું), વળી પાછી પર્યાય આવી.

જેમ સ્વદ્રવ્યમાં જે થાય તેને શુદ્ધ કહેવામાં આવે છે અને પરદ્રવ્યના પરિણામથી પોતાના પરિણામ થયા એ અશુદ્ધનયનું કથન છે. એમ બે નય ચાલી છે. સમજાણું કાંઈ? શુદ્ધનયનું.. ૧૮૯ કાલે આવ્યું હતું. ૧૮૯. '**રાગપરિણામ જ આત્માનું કર્મ છે,...**' ૧૮૯ છે. રાગ-દ્વેષ, પુણ્ય-પાપ વિકલ્પ જે છે એ આત્માનું કર્મ છે. સવારે જે વાત ચાલે છે એ બીજી વાત છે. એ તો જ્ઞાનીની સ્વભાવ દૃષ્ટિએ વાત છે. સમજાણું કાંઈ? અહીંયાં તો આત્મા સ્વતંત્ર પોતાની પર્યાય રાગ-દ્વેષ વિકારને કરે છે. પરદ્રવ્યથી ભિન્ન સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? પરદ્રવ્યથી પણ ભિન્ન સિદ્ધ ન થાય તો રાગથી ભિન્ન થાય એમ બની શકે નહિ. અમારે પંડિતજીએ ઘણો ખુલાસો કર્યો છે એમાં. નીચે ઘણો ખુલાસો કર્યો છે હિંમતભાઈએ.

'**તે જ પુણ્યપાપરૂપ દ્વૈત છે,...**' ૧૮૯ છે? '**રાગપરિણામ જ આત્માનું કર્મ છે,...**' કાર્ય છે. સવારે આવ્યું હતું કે રાગપરિણામ પુદ્ગલનું કાર્ય છે. એ સ્વભાવદૃષ્ટિવંત અને જ્ઞાનીની દૃષ્ટિએ. આહા..હા..! કેટલો ફેર! એય..! સમજાણું કાંઈ? અને '**તે જ...**' એ રાગાદિ ભાવ વિકાર છે તે જ પુણ્ય-પાપ છે. તો પુણ્ય-પાપનો કર્તા આત્મા છે. વ્યવહારરત્નત્રયના વિકલ્પનો કર્તા પણ આત્મા છે એમ અહીંયાં સિદ્ધ કરવું છે. પર નહિ.

મુમુક્ષુ :- સવારે એમ કહ્યું હતું.

ઉત્તર :- એ કહ્યુંને. સવારમાં કહ્યું એ તો સ્વભાવની દૃષ્ટિથી કહ્યું. તેથી તો આ ગાથા લીધી છે. સમજાણું કાંઈ? એ તો સ્વભાવની દૃષ્ટિ થઈ છે તો દૃષ્ટિવંતને રાગાદિ પુદ્ગલના

પરિણામ છે. કેમકે એ પુદ્‌ગલના પરિણામનું જ્ઞેય તરીકે જ્ઞાન કરે છે. અહીં તો જ્ઞેય અધિકારમાં પરદ્રવ્યથી ભિન્ન પોતાનું સ્વરૂપ છે એ જ્ઞેયની વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..! એમ કહે છેને કે કર્મને લઈને સંસાર, કર્મને લઈને સંસાર. તો એ ખોટી વાત છે. એ વ્યવહારનયનું કથન છે, અશુદ્ધનયનું કથન છે.

મુમુક્ષુ :- આજે સાચી અને પહેલા ખોટી એમ ને?

ઉત્તર :- બેય સાચી છે. જે અપેક્ષાએ, પરથી ભિન્ન (સિદ્ધ) કરવા માટે પોતાની સ્વતંત્ર પર્યાયનો કર્તા આત્મા છે એ અપેક્ષાએ તે સત્ય છે અને પોતાના પુરુષાર્થથી જે રાગાદિનો કર્તા થાય છે તો પોતાના પુરુષાર્થે વિકારને ટાળનારો થઈ શકે. કર્મથી વિકાર થાય તો કર્મ ખસે તો વિકાર ટળે. (તો) આપણા હાથમા તો કોઈ વાત રહેતી નથી. એવી વાત જ નથી. સમજાણું કાંઈ? સ્વચ્છંદી થઈ જાય. કહેતા હતાને સવારમાં. વિકાર તો પુદ્‌ગલનું કાર્ય છે. પુદ્‌ગલ અમારું નથી. હોય. ક્યાંથી હોય? સાંભળ તો ખરો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આજ સુધી એ જ શીખ્યા છીએ.

ઉત્તર :- એ જ શીખ્યા છીએ. ઈ વાત જ ખોટી છે.

અહીં તો કહે છે જુઓ, '**રાગપરિણામનો જ આત્મા કર્તા છે, તેનો જ ગ્રહનાર...**' છે. જુઓ, ઠીક! તેનો જ ગ્રહનાર છે. પુણ્ય-પાપના વિકલ્પ જે વિકાર પરની અપેક્ષા વિના પોતાની પર્યાયમાં પુણ્ય-પાપનો રાગ આત્મા પોતાથી કરે છે અને પોતાથી ગ્રહણ કરે છે. જુઓ! સવારમાં આવ્યું કે વિકારનું ગ્રહણ આત્મા કદી કરતો નથી. એ સ્વભાવ દૃષ્ટિવંતની વ્યાખ્યા છે. અહીં સામાન્ય દ્રવ્યની વ્યાખ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એક વાત. '**તેનો જ ગ્રહનાર અને છોડનાર છે;...**' જુઓ, રાગ-દ્વેષ તેને છોડનાર આત્મા છે. કેમકે પોતાની પર્યાય છે તો ઉત્પન્ન કરે છે અને પોતાની પર્યાય છે તો વ્યય કરે છે એમ સિદ્ધ કરવું છે. નિશ્ચયમાં તો આત્મા રાગના ત્યાગનો કર્તા પણ નથી. એમ ૩૪ ગાથામાં સમયસારમાં કહ્યું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, તો જીવદ્રવ્ય છેને. જીવદ્રવ્યની સિદ્ધિ કરવી છે ત્યાં. ... લીધી છેને. આસ્રવ અધિકાર છે. આસ્રવ અધિકાર છે. ૮૫, ૮૬ ગાથા કર્તા કર્મ (અધિકારમાં) નથી લીધું? પુણ્ય-પાપ, રાગ-દ્વેષ તારી પર્યાય છે. કર્મની પર્યાય ભિન્ન છે. તારી પર્યાય પરથી થાય છે અને પરની પર્યાય તારાથી થાય છે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ નિશ્ચયનયનું કથન છે. વ્યવહાર નહિ. સ્વની અપેક્ષાએ કથન તે નિશ્ચય છે, એવો અર્થ છે અહીંયાં. ત્રિકાળની અપેક્ષાએ સ્વ-આશ્રય નિશ્ચય એ બીજી વાત. આ નિશ્ચયનયનું કથન છે. નિશ્ચયનું, શુદ્ધ દ્રવ્યનું. જુઓ.

**'આ શુદ્ધદ્રવ્યના નિરૂપણસ્વરૂપ નિશ્ચયનય છે.'** છે? ૧૮૯. **'આ શુદ્ધદ્રવ્યનું નિરૂપણ...'** શુદ્ધદ્રવ્યનું નિરૂપણ. શુદ્ધદ્રવ્યના નિરૂપણનો અર્થ પોતાના પરિણામ પરથી ન થાય અને પોતાના પરિણામ પોતાથી થાય. નીચે ખુલાસો છે જુઓ. નીચે નોટ છે. **'નિશ્ચયનય કેવળ સ્વદ્રવ્યના પરિણામને દર્શાવતો હોવાથી...'** નોટ છે? આ વ્યવહાર નહિ, આ નિશ્ચયનય છે. .. એવી વાત છે. સવારે કહે કે આ વ્યવહાર પરનો છે, એ તો પુદ્ગલના પરિણામ છે. એ તો સ્વભાવ જ્ઞાયક ચૈતન્યની જ્યાં દૃષ્ટિ થઈ ત્યારે પરથી તો ભિન્ન છે, પણ રાગથી પણ ભિન્ન આત્માનું ભાન થયું. તો ભિન્ન થયો તો પર ભિન્ન રહી ગયું, પરમાં રહી ગયું એવી વાત છે. અહીંયાં તો માત્ર પરદ્રવ્યથી આત્મા ભિન્ન છે એટલું સિદ્ધ કરવું છે. સ્વાશ્રય નિશ્ચય અને પરાશ્રય વ્યવહાર એટલું અહીંયા સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? છે નીચે જુઓ!

**'નિશ્ચયનય કેવળ સ્વદ્રવ્યના પરિણામને...'** હોં! દ્રવ્ય નહિ. **'નિશ્ચયનય કેવળ સ્વદ્રવ્યના પરિણામને દર્શાવતો હોવાથી...'** કેમકે પોતામાં છે તેથી. પરથી થયા નથી એ કારણે. આહા..હા..! અત્યાર સુધી ચાલી. અત્યાર સુધી તો ચાલે છે આપણે ૭૮-૭૯. આ ગાથા પણ સાથે લેવી છે. સમજાણું કાંઈ? આત્મા પરદ્રવ્યથી ભિન્ન છે. પરદ્રવ્યની સાથે કોઈ સંબંધ જ નથી. નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો અર્થ, પૃથક-પૃથક્ બધાનું કાર્ય છે ત્યારે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કહેવામાં આવે છે. નિમિત્તનું કાર્ય નિમિત્તમાં, નૈમિત્તિકનું કાર્ય નૈમિત્તિકમાં. નિમિત્તનું કાર્ય નૈમિત્તિકમાં અને નૈમિત્તિકનું કાર્ય નિમિત્તમાં એમ નથી. સમજાણું કાંઈ? કર્મ નિમિત્ત છે તો આત્માના વિકારી પરિણામ નિમિત્તનું કાર્ય છે એમ નથી. એવું આરોપથી કથન એ અશુદ્ધદ્રવ્યનું કથન છે. અહીંયાં અશુદ્ધદ્રવ્યનું કથન કહે છે. સમજાણું કાંઈ?

તેથી **'તેને શુદ્ધદ્રવ્યનું કથન કરનારો કહ્યો છે અને વ્યવહારનય પરદ્રવ્યના પરિણામને આત્મપરિણામ દર્શાવતો હોવાથી...'** પરદ્રવ્યના પરિણામને, (પુદ્ગલના) વિકારી પરિણામ-કર્મના પરિણામ તેને આત્માના પરિણામ કહેવા અને આત્માના વિકારી પરિણામને કર્મના કહેવા એ વ્યવહારનય છે. આત્માએ કર્મની પર્યાયને બાંધી એ વ્યવહારનયનું કથન છે. એમ છે નહિ. અને કર્મથી વિકાર થયો તે વ્યવહારનયનું કથન છે. પરદ્રવ્યની અપેક્ષા આવી ત્યાં વ્યવહાર થયો, સ્વદ્રવ્યની અપેક્ષા આવી ત્યાં નિશ્ચય થયો. એ વાત અહીંયાં સિદ્ધ કરવી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સત્ય છે, એમ બોલવામાં સત્ય છે. નિમિત્ત છે એને સિદ્ધ નથી કરવું? નિમિત્ત છે એમ જે બોલવામાં આવ્યું એનું વાચ્ય છે કે નહિ? તો નિમિત્ત છે. નિમિત્તથી થયું એમ કહેવું આરોપિત કથન વ્યવહારનયનું કથન છે. અને અનારોપિત કથન, પોતાથી પોતાનો વિકાર થાય છે એ અનારોપિત કહો કે નિશ્ચય કહો. સમજાણું કાંઈ? અલૌકિક શાસ્ત્ર! આ તો પ્રવચનસાર છે. લ્યો! એમાં પણ ૧૭૨ ગાથા આવી. હવે આ ૧૯૨. લ્યો! ત્યાં તો કહ્યું ૧૭૨માં

કે આત્માનો ઉપયોગ કર્મને ગ્રહનારો નથી. તે કારણે આત્માને કર્મનો સંબંધ છે જ નહિ. એ તો શુદ્ધ નિશ્ચયની દૃષ્ટિની અપેક્ષાએ. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, શુદ્ધદ્રવ્ય .. શુદ્ધ દ્રવ્યનો અર્થ પોતામાં થાય તે શુદ્ધદ્રવ્ય. દ્રવ્ય નહિ, પરિણામને શુદ્ધદ્રવ્ય કહે છે. વિકારી પરિણામ પોતાના છે તે શુદ્ધદ્રવ્યનું કથન. શુદ્ધદ્રવ્યનો અર્થ પરની અપેક્ષા દ્રવ્યને નથી તેનું નામ શુદ્ધદ્રવ્યનું કથન છે. સમજાણું કાંઈ?

'**વ્યવહારનય પરદ્રવ્યના પરિણામને આત્મપરિણામ દર્શાવતો હોવાથી તેને અશુદ્ધદ્રવ્યનું કથન કરનાર કહ્યો છે.**' લ્યો! એનું નામ અશુદ્ધદ્રવ્ય. અશુદ્ધદ્રવ્ય (એટલે) અહીંયાં વિકારી પરિણામ એ અશુદ્ધનિશ્ચયનું કથન અને અશુદ્ધનય સિવાયનું નિર્મળ શુદ્ધદ્રવ્ય એ અહીંયા નથી લેવું. અહીંયાં તો પરદ્રવ્યથી પૃથક્ એક-એક દ્રવ્ય પોતાથી વિકાર કરે છે એનું નામ શુદ્ધદ્રવ્યનું કથન, પરની અપેક્ષા ન રહી એ કારણે શુદ્ધદ્રવ્યનું કથન કહેવામાં આવ્યું છે. આહા..હા..! ૧૭૨ લીધી અને પછી ૧૯૨ પણ લીધી. સમજાણું કાંઈ? કહો, આ તો બહુ સમજવાની ચીજ છે. પોતાનું સ્વતંત્ર સત્ત્વ છે તો પરિણામનું સત્ત્વ પણ પોતામાં છે. અશુદ્ધતા પણ પોતાનો ધર્મ છે. ધર્મનો અર્થ? એ અશુદ્ધતા આત્માએ ધારી રાખી છે. કાંઈ અશુદ્ધતા કોઈ જડે ધારી રાખી છે? સંસારનો ઉદયભાવ (જીવે ધારી રાખ્યો છે).

મુમુક્ષુ :- સવારે, જડે ધાર્યા છે (એમ આવ્યું હતું).

ઉત્તર :- એ વાત કહીને. એ તો રાગથી ભિન્ન દૃષ્ટિનો અનુભવ થયો ત્યાં તો દૃષ્ટિએ રાગથી પણ ભિન્નતા કરી નાખી તો રાગમાં પરમાં ગયો. પોતાનું શુદ્ધ કંદ દ્રવ્ય છે તે શુદ્ધ છે. દૃષ્ટિ શુદ્ધ ઉપર પડી તો દ્રવ્ય શુદ્ધનું જ પરિણમન કરનારું છે. અશુદ્ધ પરિણમન પરનું છે. એક સમયમાં શુદ્ધ પરિણમન તે નિશ્ચય. સમ્યગ્દૃષ્ટિનો, જ્ઞાનીનો આત્મા થયો તેનું નિર્મળ પરિણામ પોતાના અને મલિન પરિણામ જડના. અહીંયાં મલિન પરિણામ ચૈતન્યના તેને શુદ્ધદ્રવ્યનું કથન કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તે.' આવે છેને આત્મસિદ્ધિમાં. શ્રીમદ્‌માં આવે છે. 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં...' આત્મસિદ્ધિ છે? 'તહાં સમજવું તે.' આત્મસિદ્ધિ છે? આપણે નથીને, ગુજરાતી ખલાસ થઈ ગઈ છેને નાની. એય..! ક્યાં ગયા મનુભાઈ? ખલાસ થઈ ગઈ? ક્યાં ગયા મનુભાઈ? વડોદરા. છે નહિ આત્મસિદ્ધિ? આવશે નહિ? અહીં છે? આટલી? ખબર નથી? કબાટમાં જુઓ જોઈ. એ મનુભાઈએ છપાવી છે. આવડી આવડી હજારો છપાવે છે. એમ સમાધિશતક, છ ઢાળા, આત્મસિદ્ધિ નાની ગુંજામાં રહી શકે એવી છપાવી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ! ઠીક! એ પ્રોફેસર .. ગુજરાતી .. એમાં ઈ છે. 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ.' કેટલામી છે? એ નહિ. એ તો ખબર છેને. કેટલામી એમ

કહ્યું .. એનો શું અર્થ છે? મલુકચંદભાઈ! આ રહી. 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે...' જુઓ! બીજે પાને છે. છેલ્લી છેને? 'જ્યાં જ્યાં' કહ્યું હતું, 'ત્યાં ત્યાં યોગ્ય' તો ગાથાનો ભાવ આવ્યો. કઈ ગાથા એમાં ન આવી. મલુકચંદભાઈએ જવાબ બીજો આપ્યો. આવા વેપારી હશે?

જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ,
ત્યાં ત્યાં તે આચરે આત્માર્થી જન એહ.

જ્યાં જે અપેક્ષાએ કહ્યું તે અપેક્ષાએ તેને સમજવું જોઈએ. સમજાણું કાંઈ? છેને તમારી પાસે? છે? નથી? ગુજરાતી છે. લ્યો બ્રહ્મચારીજી. એ તો ગુજરાતીનો થોડો થોડો પરિચય કરવો. શું કહે છે સમજાણું કાંઈ?

**'તેથી તેને અશુદ્ધદ્રવ્યનું કથન કરનાર કહ્યો છે.'** જુઓ! છે આપણે ૧૮૯, ૧૮૯. નીચે નોટ. એ પુણ્ય-પાપના પરિણામ પરદ્રવ્યે કર્યા તે અશુદ્ધદ્રવ્યનું કથન. અશુદ્ધનો અર્થ પરની અપેક્ષા આવી. અને પુણ્ય-પાપના પરિણામ જીવે કર્યા એ શુદ્ધદ્રવ્યનું કથન. કેમકે સ્વતંત્ર નિશ્ચય પોતાથી થયા છે, પરની અપેક્ષા રહી નહિ. **'અહીં શુદ્ધદ્રવ્યનું કથન એક દ્રવ્યાશ્રિત પરિણામની અપેક્ષાએ જાણવું...'** એક દ્રવ્યાશ્રિત પરિણામની અપેક્ષા. દ્રવ્યાશ્રિત નહિ. આહા..હા..! ભગવાન કુંદકુંદાચાર્યે એમ કહ્યું છે કે રાગ-દ્વેષ પરિણામ પોતાના છે, પોતે કર્તા છે, ઉદયભાવનો જીવ કર્તા છે એ પરિણામને જ શુદ્ધનય કહ્યું છે. એ શુદ્ધદ્રવ્યનો (અર્થ) (ત્રિકાળી) દ્રવ્ય નથી, પણ એ પરિણામ પોતાના છે તો શુદ્ધદ્રવ્યનું કથન કહેવામાં આવ્યું. અને એ પરિણામ કર્મે કર્યા તો અશુદ્ધદ્રવ્ય કહો કે નિમિત્તની અપેક્ષા લઈને વ્યવહારથી કહ્યું. એમ છે નહિ. સમજાણું કાંઈ? કેટલી અપેક્ષા! અમારે ફાવાભાઈ હતા એ કહેતા, સવારે કાંઈક (આવે, બપોરે કાંઈક આવે). મગજ થોડું, બહુ થોડી બુદ્ધિ. સવારે કાંઈક આવે, એક પકડીએ ત્યાં બપોરે બીજું આવે. અમારે શું નિર્ણય કરવો? કહો. બેય સમજવું જોઈએ જે અપેક્ષાએ કહ્યું તે. જુઓ.

**'અહીં શુદ્ધદ્રવ્યનું કથન એક દ્રવ્યાશ્રિત પરિણામની અપેક્ષાએ જાણવું અને અશુદ્ધ દ્રવ્યનું કથન એક દ્રવ્યના પરિણામ અન્ય દ્રવ્યમાં આરોપવાની અપેક્ષાએ જાણવું.'** આત્માના વિકારી પરિણામ કર્મના છે તે પરદ્રવ્યના આરોપથી કથન છે. પોતાના પરિણામ પોતાથી છે એ નિશ્ચય, સ્વ-આશ્રય, સત્ય કથન છે. લ્યો! એ આવ્યું નિશ્ચય ઉપાદેય છેને? **'અને, પુદ્ગલપિણામ આત્માનું કર્મ છે,...'** જુઓ, કર્મનું પરિણામ એ આત્માનું કર્મ છે. **'તે જ પુણ્યપાપરૂપ દ્વૈત છે,...'** પુદ્ગલ હોં જડ. **'પુદ્ગલપરિણામનો આત્મા કર્તા છે, તેનો ગ્રહનાર અને છોડનાર છે; —આવો જે નય તે અશુદ્ધદ્રવ્યના નિરૂપણસ્વરૂપ વ્યવહારનય છે.'** વિકારી પરિણામ જીવે કર્યા તે પરિણામને શુદ્ધદ્રવ્યનું કથન કહેવામાં આવે છે. અને એ આત્માએ વિકારી પરિણામ ઉપરાંત કર્મની પર્યાય કરી, કર્મની પર્યાય-કર્મબંધનની

અવસ્થા કરી, પરના પરિણામ કર્યા—એ અશુદ્ધદ્રવ્યનું કથન પરની અપેક્ષાએ વ્યવહાર છે. આચાર્યે લીધું છે. એકલો સ્વચ્છંદ ન થઈ જાય (માટે). પુદ્‌ગલ છે.. પુદ્‌ગલ છે વિકાર. ક્રમબદ્ધ થાય છે એમ નથી કહેતા કેટલાક? ક્રમબદ્ધ છે તો રાગ થયો. અરે..! પણ ક્રમબદ્ધ છે તો રાગ આવ્યો એ ક્રમબદ્ધવાળાની દૃષ્ટિ ક્યાં હોય છે? સમજાણું કાંઈ? અમારી યોગ્યતા હતી તો અમને વિકાર થયો, અમારી યોગ્યતા હતી તો અમને રાગ જ્ઞેય થયો. રાગ અમારું જ્ઞેય થઈ ગયો. રાગ જ્ઞેય છે, પણ રાગને જ્ઞેય કોણ માની શકે? જેની દૃષ્ટિ જ્ઞાયક ઉપર પડી છે એવો જ્ઞાની રાગને જ્ઞેય તરીકે જાણે છે. તારી દૃષ્ટિ તો રાગ ઉપર પડી છે અને રાગને જ્ઞેય બનાવું, રાગને જ્ઞેય બનાવું એ આવ્યું ક્યાંથી? પંડિતજી! આહા..! માર્ગ તો પરમાત્માનો એવો માર્ગ છે. શું કહ્યું એ પણ કહી દીધું જુઓ છેલ્લે.

**'અહીં નિશ્ચયનય સાધકતમ હોવાથી ગ્રહણ કરવામાં આવ્યો છે;...'** જુઓ, ૧૮૯. નિશ્ચયનય સાધકતમ હોવાથી ગ્રહણ કરવામાં આવ્યો છે—આદરણીય માન્યો છે. **'સાધ્ય શુદ્ધ છે તેથી દ્રવ્યના શુદ્ધત્વનો દ્યોતક હોવાને લીધે...'** આહા..હા..! દ્રવ્યના શુદ્ધત્વનો દ્યોતક છે. આહા..! વિકાર પરિણામ પોતાની પર્યાયમાં દ્રવ્યથી થાય છે એ શુદ્ધદ્રવ્યનું યથાર્થ કથન નિશ્ચયનું છે. માથું ફરી જાય, સવારની અને અત્યારની બેયની વાત કરે તો. સમજાણું કાંઈ? સંસ્કૃત ટીકા છે હોં! **'નિશ્ચય જ સાધકતમ છે,...'** **'સાધ્ય શુદ્ધ છે...'** સાધ્ય શુદ્ધ છે. સાધ્ય શુદ્ધનો અર્થ? સાધ્ય શુદ્ધ છે એનો અર્થ? કે વિકારી પરિણામ પોતામાં છે એ સાધ્ય શુદ્ધ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાની પર્યાયમાં વિકારભાવ, વાસના ભાવ, રાગની ગંધ, વિકારની ગંધનો ભાવ એ સાધ્ય છે. એ પોતાનો છે તેથી સાધ્ય છે એમ. એ સાધ્ય સિદ્ધ કરવું છે. જુઓ.

**'સાધ્ય શુદ્ધ છે...'** શુદ્ધનો અર્થ? પોતામાં હોવાથી, સાધ્ય પોતામાં હોવાથી, શુદ્ધ હોવાથી **'દ્રવ્યના શુદ્ધત્વનો દ્યોતક હોવાને લીધે નિશ્ચનય જ સાધકતમ છે,...'** એ નિશ્ચયનય સાધકતમ છે. **'પણ અશુદ્ધત્વનો દ્યોતક વ્યવહારનય સાધકતમ નથી.'** સમજાણું કાંઈ? એમ અહીંયાં. આપણે હવે ૧૯૨ ચાલે છે. **'હવે, ધ્રુવપણાને લીધે શુદ્ધ આત્મા જ ઉપલબ્ધ કરવાયોગ્ય છે...'** એમ મથાળું છે. ૧૯૨. છે? તે શુદ્ધત્વને લીધે, ધ્રુવપણાને લીધે શુદ્ધ આત્મા જ (ઉપલબ્ધ કરવાયોગ્ય છે). વિશેષ વાત સ્પષ્ટ લેશે થોડી. ધ્રુવત્વમાં રાગ અથવા પરજ્ઞેય, પરજ્ઞેય અને (પરજ્ઞેયથી) પર ધ્રુવ. પરજ્ઞેયની પર્યાય તેનું જ્ઞાન એ પણ ધ્રુવત્વમાં લેશે. પરજ્ઞેય દ્રવ્ય, એનું જ્ઞાન ધ્રુવત્વમાં લેશે. પરથી ભિન્ન, પરથી ભિન્ન પોતામાં એકત્વ હોવાથી શુદ્ધ છે તેથી ધ્રુવત્વ છે. તો ધ્રુવ આત્મા ઉપાદેય છે એમ કહેવું છે. ધીરેથી સમજવું. અવલદોમની વાત ૧૯૨ની છે. જાણવું જોઈએને. એક જ એક જ પકડે દૃષ્ટિનું કે આમ છે. હો, દૃષ્ટિમાં તો એમ જ છે. સમ્યક્ થયું, સમ્યગ્જ્ઞાન થયું તો એ દૃષ્ટિમાં તો રાગથી પણ ભિન્ન પડી ગયો. રાગથી ભિન્ન થયો તો સ્વભાવમાં એકત્વ થયું. એકત્વ-વિભક્ત

થઈ ગયો. એકત્વ-વિભક્ત થયો તો એમાં રાગના પરિણામ આત્માના છે એમ નથી. સમજાણું કાંઈ? પણ અહીંયાં તો પરદ્રવ્યથી ભિન્ન બતાવવા સ્વદ્રવ્યના પરિણામ સ્વતંત્ર છે એમ કહેવું છે. આહા..હા..!

**'ધ્રુવપણાને લીધે...'** ધ્રુવપણાની વ્યાખ્યા થઈ. ધ્રુવ નામ ત્રિકાળી ધ્રુવ એમ અહીંયા ન લેવું. એય..! ફક્ત ધ્રુવ ઉપર દૃષ્ટિ પડવાથી જે નિર્મળ પર્યાયાદિ થઈ અને રાગાદિ થયા, પણ દૃષ્ટિ ધ્રુવ ઉપર ગઈ તો રાગનું અને પરનું જ્ઞાન પણ ધ્રુવ સાથે અભેદ થયું તો એ પરિણામ સહિતના ધ્રુવને અહીંયાં ધ્રુવપણું કહેવામાં આવ્યું છે. વિશેષ આવશે. આ તો હજી મથાળુ બાંધે છેને. પ્રવચનસાર, સમયસાર, પંચાસ્તિકાય અલૌકિક શાસ્ત્ર છે, લોકોત્તર શાસ્ત્ર, કેવળજ્ઞાનીના મુખેથી નીકળેલું. આહા..હા..! નિયમસાર, અષ્ટપાહુડ જુઓ તો ઓહો..હો..! સમજાણું કાંઈ? હવે ૧૯૨.

**एवं णाणप्पाणं दंसणभूदं अदिंदियमहत्थं।**
**धुवमचलमणालंबं मण्णेऽहं अप्पगं सुद्धं।।१९२।।**

આ ભગવાન કુંદકુંદાચાર્યની ગાથા (છે). હરિગીત. હરિગીત નથી? પાછળ છે? ૧૯૨. પાછળ છે.

**એ રીત દર્શન-જ્ઞાન છે, ઈન્દ્રિય-અતીત મહાર્થ છે,**
**માનું હું—આલંબન રહિત, જીવ શુદ્ધ, નિશ્ચળ, ધ્રુવ છે. ૧૯૨.**

એકદમ પાછળ ૧૯૨ શ્લોક ગુજરાતી. એકદમ પાછળ. એ ૪૨૪ પાનું. ૪૨૪ પાને. નીચે જુઓ. ૧૯૨. વચમાં છેને?

**એ રીત દર્શન-જ્ઞાન છે, ઈન્દ્રિય-અતીત મહાર્થ છે,**
**માનું હું—આલંબન રહિત, જીવ શુદ્ધ, નિશ્ચળ, ધ્રુવ છે. ૧૯૨.**

૧૯૨. સાહિત્ય તો બહુ બહાર આવી ગયું. લોકોએ હવે સમજીને અંતરમાં ઉતરવાની વાત છે. સાહિત્ય તો ઘણું બહાર આવ્યું. ઓહો..હો..! આવું સાહિત્ય પહેલા મળતું નહોતું. એના આંકડા એવા છે કે હિન્દી પ્રત જેટલી ખપે છે, લોકો લે એટલા રહે અને બાકી પડ્યા રહે છે. આ તો જેટલા આંકડા લખ્યા હોય તો એટલા છપાશે. બધા એકઠા થઈને લખાવો કે આટલા (જોઈશે). નહિતર અહીંયાં છપાય બે હજાર અને ખપે એક હજાર. પછી એક હજાર પડ્યા રહે. એવું થાય છે, બહુ થાય છે. .... એટલા છપાશે.

હવે તેનો અન્વયાર્થ. ૧૯૨નો અન્વયાર્થ. **'હું...'** અન્વયાર્થ છેને. **'આત્માને...'** હું આત્માને **'એ રીતે જ્ઞાનાત્મક...'** જ્ઞાનાત્મક છેને? ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ **'દર્શનભૂત,...'** એટલે દર્શનસહિત ત્રિકાળ. **'અતીન્દ્રિય મહા પદાર્થ,...'** અતીન્દ્રિય મહા પદાર્થ. અતીન્દ્રિય મહા પદાર્થ, મહા પદાર્થ. આહા..હા..! પાંચ દ્રવ્ય છે એનાથી હું તો મહા પદાર્થ છે. કેમકે પાંચેય દ્રવ્યને હું એક સમયમાં જાણનારો મહા પદાર્થ છું. અરૂપી પણ વસ્તુ છેને? અતીન્દ્રિય મહા

પદાર્થ, મહા પદાર્થ. ઓહો..હો..! બધા દ્રવ્ય અનંત એ તો મારી જ્ઞાનની એક પર્યાયનો પૂરો વિષય છે. સમજાણું કાંઈ? એવી-એવી અનંતી પર્યાયનો એક ગુણ, એવા અનંતગુણનો મહા પદાર્થ આત્મા છે. આહા..હા..!

અહીં તો કહે છે લોકો કે આત્મા? અરૂપી? એ તો સાધારણ. એ મદાર્થ જ મહા છે. ભગવાન પોતાની સત્તા-અસ્તિત્વ અરૂપી રાખતો હોવા છતાં મહા અતીન્દ્રિય પદાર્થ છે. ઇન્દ્રિય પદાર્થને નક્કી કરનાર તો અતીન્દ્રિય પદાર્થ છે. પોતાની સત્તામાં પરસત્તાનો બોધ થયો એ તો પોતાનો બોધ છે. કહે છે કે આ જડ છે અને આ છે. પણ એની પ્રસિદ્ધિ કોણે કરી? જડ છે એની પ્રસિદ્ધિ કોણે કરી? જડમાં પ્રસિદ્ધિ કરવાની તાકાત છે? સમજાણું કાંઈ? ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવી હું દર્શનભૂત જ છું, એમ. દર્શનભૂત-દર્શનસ્વરૂપી જ છું. એવો હું અતીન્દ્રિય મહા પદાર્થ છું. '**ધ્રુવ,...**' હું ધ્રુવ છું. ધ્રુવની વ્યાખ્યા કરશે. '**અચળ,...**' છું અને '**નિરાલંબ અને શુદ્ધ...**' એટલા શબ્દો પડ્યા છે અને એની અપેક્ષાએ બીજો અર્થ કરશે. '**શુદ્ધ માનું છું.**' સમ્યગ્દૃષ્ટિ પોતાને આવો માને છે. હું જ્ઞાનસ્વરૂપ છું, દર્શનભૂત નામ દર્શનસ્વરૂપ જ છું, દર્શનસ્વરૂપ જ છું. અતીન્દ્રિય મહા પદાર્થ છું, ધ્રુવ છું, અચળ છે, નિરાલંબ છું. એવા મારા આત્માને માનું છું. કોઈનું આલંબન મારામાં છે નહિ. એમ માનું છું. જુઓ.

મુમુક્ષુ :- ગુરુનું આલંબન ખરુંને?

ઉત્તર :- આલંબન-ફાલંબન કોઈનું છે નહિ. ગુરુ પણ પોતાનો આત્મા, દેવ પણ પોતાનો આત્મા અને ધર્મ પણ પોતાનો આત્મા. કહો, સમજાણું કાંઈ? એમ થયા પછી વ્યવહારથી આ ગુરુ, આ દેવ, આ શાસ્ત્ર એમ આરોપિત કહેવામાં આવે છે.

'**ટીકા :-...**' એની ટીકા. '**શુદ્ધ આત્મા...**' પવિત્ર ભગવાન આત્મા '**સત્ અને અહેતુક હોવાને લીધે...**' સત્ વિદ્યમાન અસ્તિત્વવાળું. નીચે અર્થ છે. અહેતુક છે. '**જેનું કોઈ કારણ નથી એવો;...**' વસ્તુનું કારણ કોણ? છે એનું કારણ કોણ? છે એનું કારણ (કોણ)? કારણ હોય તો પહેલા નહોતો એમ થાય. છે, અનાદિથી છે. ઈ કહે છે જુઓ. અનાદિ-અનંત. હું આદિ નહિ, અંત નહિ. અહીંયાં શબ્દ થોડા છે પણ એના ભાવ ગહન છે. આ આત્મા સત્ છે, છે, અહેતુક છે, વિદ્યમાન છે, હોવાવાળો છે, અસ્તિત્વવાળો છે, રહેવાવાળો છે. રહેવાવાળાનો અર્થ? છે. રહેવાવાળો. છે... છે... છે... અનાદિ છે, અનંત છે. આદિ નથી, અંત નથી. સમજાણું કાંઈ? '**અને સ્વતઃસિદ્ધ છે...**' પોતાથી પોતાનું અસ્તિત્વ સિદ્ધ છે. કોઈ પરની અપેક્ષાએ સિદ્ધ નથી. સ્વતઃસિદ્ધ. એ સ્વતઃસિદ્ધ અને પરસિદ્ધ ખબર છેને. એ તો વ્યવહારની વાત છે. તળાવમાં પાણી છે ને આમ છે ને તેમ છે. એ તો આવે છે એ વ્યવહારની વાતું.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, ઈ છત્રછાયા વ્યવહારે. છત્રની છાયા. છત્ર હોય છેને છત્રી? એની છાયા પડેને નીચે. એ છત્રની છાયા એમ કહેવામાં આવે છે. છત્રની છાયા ક્યાં છે? છાયા છાયાની છે, છત્ર છત્રનું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ આવે, આવે. એ તો નિમિત્તનું કથન. નિમિત્ત સિદ્ધ કરવું છે. એ વાત ચાલી હતીને બંસીધરજીની સાથે ૨૦૦૨ની સાલમાં. ૨૦૦૨ની સાલ. ૨૩ વર્ષ થયા. સમજાણું કાંઈ? શેઠ સાથે આવ્યા હતા. ઘણી ચર્ચા થઈ હતી. કરતા... કરતા.. કીધું, આને પકડવો જોઈએ બરાબર. પાક્કા પંડિત. એ વિના ગડબડ ગડબડ કરે છે, પાક્કો પકડવો જોઈએ. ઈ એક વાર બેઠા હતા, ઈ પણ બેઠા હતા. તડકો આવતો હતો. ત્રણ વાગે, ચાર વાગે. વ્યાખ્યાનમાં આવ્યા. ... એની સાથે.. આંગળી જુઓ. બે આંગળી. આ આંગળી છે તો ત્યાં કાળી પર્યાય બીજી દેખાય છેને? તો કહે હા. અહીં બેઠા હતા અમે. દાંત કાઢ્યા કેટલાકે. રાત્રે આવ્યા, શું મારી ભૂલ થઈ? કીધું, ભૂલ, શું ભૂલ જ છે. શું આંગળીથી ત્યાં પર્યાય થઈ છે? આ આંગળી છેને આંગળી. .. હતુંને અહીંયાં. એની સાથે .. કાળી થઈ તો આંગળીથી થઈ છે? એનાથી થઈ છે. તેના પરિણામ જે સફેદ હતા તે વ્યય થઈને કાળાનો ઉત્પાદ થયો, પરમાણુ ધ્રુવ રહ્યા એ તો એને કારણે થઈ છે. આંગળીથી થઈ છે ત્યાં? અષ્ટસહસ્રી વાંચ્યું છે? એમાં એમ આવ્યું છે, છત્રથી છાયા. .... પેલા નથી? પંડિત કોણ? માણેકચંદજી? માણેકચંદજીને એણે પત્ર લખ્યો હતો કે આ શું છે? છત્રની છાયા છે. એ તો પાને પાને પરથી છાયા થાય એમ લખાણ છે શાસ્ત્રમાં. છાયા આ છે.

જુઓ, પગ છે નીચે તો જ્યાં ઠંડીમાં પગ પડે છે, આસરપહાણ છે તો આરસપહાણની ઠંડી પગ ચૂસી લે અને પગની ગરમી આરસપહાણ ચૂસે છે. અરસપરસ છાયા છે. ખોટી વાત છે. સમજાણું કાંઈ? એવું તો ઘણું છે. અષ્ટસહસ્રીમાં પાને-પાને ભર્યું છે. આવા બધા પંડિત. એ તો નિમિત્ત સિદ્ધ કરવું છે એ વાત છે. શું નિમિત્તથી પરમાં થાય છે? તો તો કર્તા થઈ ગયું. એમ છે નહિ. આ આંગળી છે તો ત્યાં કાળી પર્યાય થઈ છે એમ નથી. સમજાણું કાંઈ? અહીં તો બહુ ચર્ચા થઈ હતીને? ... નહિ એમ વાત નથી. શાસ્ત્રમાં એવું લખ્યું છે. બધું લખ્યું છે, એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા. કઈ નયનું કથન છે? સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે કે સ્વતઃસિદ્ધ આત્મા છે. પોતાના સિદ્ધપણામાં હોવાપણાની વિદ્યમાનતામાં કોઈ કારણની અપેક્ષા નથી. કોઈ ઈશ્વર કર્તા નથી, કોઈ બ્રહ્મા કર્તા નથી. કહે છે કે નહિ? બ્રહ્મા કર્તા. શું કહે છે? વિષ્ણુ રક્ષપાળ, શંકર સંહારક. ઉત્પાદ-વ્યય અને ધ્રુવ ત્રણે લગાવી દીધા. એમ નથી. એ તો વિતર્ક છે. બ્રહ્મા કર્તા અને વિષ્ણુ રક્ષક અને (શંકર) ભક્ષક-સંહારક. એ તો દ્રવ્યનો સ્વભાવ જ ધ્રુવપણે રહેવું... નવી પર્યાયપણે ઉત્પન્ન થવું તે વિષ્ણુ છે,

ધ્રુવ રહેવું તે બ્રહ્મા છે અને વ્યય થવું તે શંકર છે. પોતામાં ત્રણે લાગુ પડે છે. એ લીધું છે એમાં બનારસીદાસે. બનારસીવિલાસ છેને? બનારસીદાસનું બનારસીવિલાસ ગ્રંથ છે એમાં લીધું છે. બધું જોયું છે.

‘**સ્વતઃસિદ્ધ છે તેથી આત્માને શુદ્ધ આત્મા જ ધ્રુવ છે,...**’ આ કારણે આત્માને શુદ્ધાત્મા જ ધ્રુવ છે એમ પહેલા લેવું છે. સમજાણું કાંઈ? એ શુદ્ધાત્મા જ ધ્રુવ છે એ તો ત્રિકાળી લીધું પહેલા ભલે, પણ ધ્રુવની વ્યાખ્યા કરશે ત્યારે અંતર દૃષ્ટિ થઈ એ પર્યાયના પરિણામ સહિત એ આમાં ધ્રુવ લેવું. સમજાણું કાંઈ? ‘(**તેને) બીજું કાંઈ પણ ધ્રુવ નથી.**’ બીજું કાંઈ આત્માને ધ્રુવ નથી. અનાદિ-અનંત ભગવાન સ્વતઃસિદ્ધ વસ્તુ તે ધ્રુવ છે.

હવે કહે છે, હવે સિદ્ધ કરે છે. ધ્રુવ કેમ છે? કે શુદ્ધ છે માટે. શુદ્ધ કેમ છે? એકત્વ હોવાથી. એટલા ત્રણ શબ્દો લીધા. ‘**આત્મા શુદ્ધ એટલા માટે છે કે તેને પરદ્રવ્યથી વિભાગ...**’ છે. આત્મા શુદ્ધ એટલા માટે છે કે તે પરદ્રવ્યથી ભિન્ન છે. શરીર, કર્મ, પર આત્મા બધાથી ભિન્ન છે. ‘**અને સ્વધર્મથી અવિભાગ...**’ છે. પોતાના ધર્મથી ભિન્ન નથી. પરદ્રવ્યથી ભિન્ન છે, પોતાના દ્રવ્યના સ્વભાવથી અભિન્ન છે. તેથી આત્મા શુદ્ધાત્મા ધ્રુવ છે. સમજાણું કાંઈ? આહા..હા..! કેટલી ટીકા કરી છે અમૃતચંદ્રાચાર્યદેવે! ‘**આત્મા શુદ્ધ એટલા માટે છે...**’ તેથી પોતાને શુદ્ધાત્મા જ ધ્રુવ છે, બીજું કાંઈ નથી, એનું કારણ કે ‘**આત્મા શુદ્ધ એટલા માટે છે કે તેને પરદ્રવ્યથી વિભાગ...**’ છે. પરદ્રવ્યથી ભિન્ન તે શુદ્ધ છે. બસ. સમજાણું કાંઈ?

‘**અને સ્વધર્મથી...**’ પોતાનો જ્ઞાન-દર્શન-આનંદ આદિ સ્વધર્મ છે તેનાથી અભિન્ન એકત્વ છે, અભિન્ન છે. માટે એકત્વ છે. જુઓ! આ એકત્વ કહ્યું. આત્મા-શુદ્ધ આત્મા જ પોતાને ધ્રુવ છે. કેમ? કે એ પરદ્રવ્યથી ભિન્ન છે, પોતાના સ્વભાવથી એકત્વ છે એ કારણે એક છે, એક છે તો શુદ્ધ છે, શુદ્ધ છે તો ધ્રુવ છે. સમજાણું કાંઈ? વિભાગ (છે)—પરદ્રવ્યથી ભિન્ન છે ‘**અને સ્વધર્મથી અવિભાગ હોવાને લીધે એકપણું છે. તે એકપણું...**’ હવે કહે છે. એકત્વનું કારણ શું? એકત્વપણું કહ્યું-પરદ્રવ્યથી ભિન્ન, પોતાનો સ્વભાવ સ્વધર્મથી અભિન્ન એનું કારણ શું છે? ‘**તે એકપણુ આત્માના (૧) જ્ઞાનાત્મકપણાને લીધે,...**’ જ્ઞાનાત્મકને કારણે. ભગવાન જ્ઞાનસ્વરૂપને કારણે પરથી ભિન્ન છે અને પોતાના સ્વધર્મથી અભિન્ન છે એવું એકત્વ જ્ઞાનસ્વરૂપને લીધે છે. પોતાના જ્ઞાનસ્વભાવથી અભિન્ન છે અને પરથી ભિન્ન છે એવું એકત્વ જ્ઞાનસ્વભાવને કારણે એકત્વ છે અને એકત્વને કારણે શુદ્ધ છે અને શુદ્ધને કારણે ધ્રુવ છે અને ધ્રુવ ઉપલબ્ધ કરવાલાયક છે. સમજાણું કાંઈ?

‘**જ્ઞાનાત્મકપણાને લીધે, (૨) દર્શનભૂતપણાને લીધે,...**’ દર્શનસ્વરૂપ છે. દર્શનસ્વરૂપ છે એ કારણે પરથી ભિન્ન છે અને સ્વધર્મથી એકત્વ છે એ દર્શનભૂતપણાને લીધે. દર્શનભૂતપણાને લીધે દર્શનસ્વરૂપ પોતાનો સ્વભાવ છે તે પરથી ભિન્ન છે અને દર્શનસ્વરૂપથી અભિન્ન છે

એ કારણે આત્મા એકત્વ છે, દર્શનભૂતપણાને લીધે. અને એકત્વપણાને લીધે તે આત્મા શુદ્ધ છે અને શુદ્ધને કારણે તે ધ્રુવ છે અને ધ્રુવ ઉપલબ્ધ કરવાલાયક છે. સમજાણું કાંઈ?

'(૩) **અતીન્દ્રિય મહાપદાર્થપણાને લીધે,...**' ભગવાન આત્મા અતીન્દ્રિય મહાપદાર્થ. જુઓ, ઓલામાં જ્ઞાન-દર્શન ભાવ લીધા. અહીં પદાર્થ લીધો. પહેલા જ્ઞાન અને દર્શનને કારણે એકત્વ છે (એમ કહ્યું), પછી કહ્યું કે અતીન્દ્રિય મહાપદાર્થને કારણે એકત્વ છે એમ. અતીન્દ્રિય મહાપદાર્થ ભગવાન જ્ઞાનસ્વભાવને લીધે, દર્શનસ્વભાવને લીધે પરથી ભિન્ન, પોતાથી અભિન્ન એવું એકત્વપણું પોતાના જ્ઞાનસ્વભાવને લીધે અને દર્શનસ્વભાવને લીધે ભગવાન એકત્વ છે, એકત્વ છે તો શુદ્ધ છે. એકત્વમાં જ શુદ્ધપણું આવ્યું અને શુદ્ધ છે તો ધ્રુવ છે અને ધ્રુવ ઉપલબ્ધ કરવાલાયક છે. ઉપર કહ્યુંને? ધ્રુવપણાને લીધે શુદ્ધાત્મા ઉપલબ્ધ કરવાલાયક છે. સમજાણું કાંઈ?

આ પ્રવચનસાર છે. ભગવાનની વાણીમાં આમ આવ્યું હતું, એવું કુંદકુંદાચાર્યદેવે શાસ્ત્રમાં રચ્યું. '**અતીન્દ્રિય મહાપદાર્થપણાને લીધે,...**' મહાપદાર્થ ભગવાન! અતીન્દ્રિય મહાપદાર્થને લીધે પરથી ભિન્ન, પોતાથી અભિન્ન છે, એ કારણે એકત્વ છે, એકત્વને કારણે શુદ્ધ છે, શુદ્ધને કારણે ધ્રુવ છે, ધ્રુવ આદરણીય, ઉપલબ્ધ કરવા લાયક છે. અટપટો અર્થ છે.

મુમુક્ષુ :- લાંબુ લાગે.

ઉત્તર :- લાંબુ છે, પણ લાંબુ કર્યા વિના એનો ટૂંકો સાર સિદ્ધ કરી શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

ન્યાયથી છેને જુઓ! ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે સ્વભાવ, દર્શનભૂત છે ભાવ. એ તો બેય ભાવ. અતીન્દ્રિય મહાપદાર્થ છે તે કારણે તેને એકત્વ થયું. પરની સાથે સંબંધ નથી. એકત્વને કારણભૂત શુદ્ધત્વ કહેવામાં આવે છે. શુદ્ધ છે તે ધ્રુવ છે, ધ્રુવ ઉપાદેય છે. સમજાણું કાંઈ? આચાર્યોની ગાથામાં ઘણું ગુઢ ભર્યું છે. આમ વાંચી જાય પોતાની કલ્પનાથી એમ નથી. ઘણું ગુઢ છે. જુઓ હવે ગાથાનો ભાવ. ભગવાનની વાણીમાં આવું આવ્યું હતું એવું ભગવાન કુંદકુંદાચાર્યે રચના કરી.

કહે છે કે '**અચળપણાને લીધે...**' ભગવાન અચળ છે. વિશેષ ખુલાસો કરશે એક-એક બોલનો. અચળ છે. ચાહે તો જ્ઞેયપદાર્થ બીજો હોય... સમજાણું કાંઈ? ગ્રહણ કરવાનો, છોડવાનો અભાવ હોવાથી અચળ છે લ્યો! પરનું ગ્રહવું નથી, પરને છોડવું નથી. જેટલો જ્ઞેય અને જ્ઞેયની પર્યાય છે તેને ગ્રહવી નથી, છોડવી નથી તે અપેક્ષાએ અચળ છે. અચળ હોવાથી એકત્વ છે, એકત્વ હોવાથી શુદ્ધ છે, શુદ્ધ હોવાથી ધ્રુવ છે. ધ્રુવ હોવાથી ધ્રુવ પ્રાપ્ત કરવાલાયક છે. સમજાણું કાંઈ? શું કહ્યું?

મુમુક્ષુ :- સમજાણું નહિ.

ઉત્તર :- લે! ચાર-પાંચ વાર તો કહ્યું. શેઠ! તમે તો હવે પંડિત કહેવાઓ છો. પંડિતજી!

આ ચાર-પાંચ વાર કહ્યું તો શું કહ્યું?

ધ્રુવ ઉપલબ્ધ કરવાલાયક છે એમ સિદ્ધ કરવું છે. તો ધ્રુવ કેવો છે? કે ધ્રુવ શુદ્ધ છે માટે ધ્રુવ છે. શુદ્ધ કેમ છે? કે એકપણું છે માટે શુદ્ધ છે. એક કેમ છે? કે જ્ઞાનસ્વરૂપ છે, દર્શનસ્વરૂપ છે, અતીન્દ્રિય મહાપદાર્થ છે. પરના ગ્રહણ-ત્યાગ નથી માટે અચળ છે. તે કારણે એક છે, એક છે માટે શુદ્ધ છે, શુદ્ધ છે માટે ધ્રુવ છે અને ધ્રુવ છે માટે આદરણીય છે. આહા..હા..! એય..! જ્ઞાનચંદજી!

મુમુક્ષુ :- જાણવું-દેખવું આવે છે?

ઉત્તર :- જાણવું-દેખવું આવે એટલી વાત નથી. જાણે-દેખે એમ નહિ, એમ પકડે નહિ. જાણવું-દેખવું સ્વભાવ છે એ કારણે એક છે. એમ તમે ઉપરથી શબ્દ પકડો એમ ચાલે નહિ. અહીં તો એક-એક જ્ઞાન અને દર્શનરૂપ હોવાથી એકત્વ છે. કેમકે પરની સાથે સંબંધ નથી. એકપણું છે તો એકપણામાં શુદ્ધપણું લાગુ પડે છે. બેમાં અશુદ્ધપણું આવે છે. જેવી વાત અહીંયાં છે એને બરાબર સમજવી જોઈએ. એકપણું છે. કેમ? કે પોતામાં જ્ઞાન-દર્શનનો સ્વભાવ છે તો એકપણું છે. એકપણું છે તો એકપણામાં શુદ્ધપણું છે. એકપણામાં શુદ્ધપણું છે. બેમાં તો અશુદ્ધ થઈ જાય છે અને શુદ્ધ છે તો એ જ ધ્રુવ છે. તે ધ્રુવ આદરણીય અને ઉપાદેય કરવાલાયક છે. માથે આવ્યુંને કે શુદ્ધાત્મા ઉપલબ્ધ કરવાલાયક છે. આહા..હા..!

'(૪) **અચળપણાને લીધે અને નિરાલંબપણાને લીધે છે.**' લ્યો! નિરાલંબ છે. જ્ઞેયની પર્યાય અને જ્ઞેય પદાર્થ એનું એમાં આલંબન નથી. એવો આત્મા હોવાથી, નિરાલંબ હોવાથી એકપણું છે. એકપણું હોવાથી શુદ્ધ છે, શુદ્ધ માટે ધ્રુવ છે માટે તે ધ્રુવ ઉપલબ્ધ કરવાલાયક છે. આ તો સાદી ભાષા છે. પણ હવે જરી પાંચ-છ વાર તો કહ્યું. રાત્રે કહેવું પડશે. કહો, સમજાણું કાંઈ? '**નિરાલંબપણાને લીધે છે.**' શું કહે છે? માટે એકત્વ છે. તે એકત્વ આત્માને આ કારણે છે. એમ કહ્યુંને? જુઓ. ઉપર કહ્યુંને? પરદ્રવ્યથી ભિન્ન, સ્વદ્રવ્યથી અવિભાગ એટલે અભિન્ન છે એ કારણે એકત્વ છે. એ એકત્વ ક્યા કારણે? આ પાંચને કારણે છે. સ્વભાવ અને સ્વભાવવાન, સ્વભાવ અને સ્વભાવવાન અને અચળ-પરના ગ્રહણ-ત્યાગનો અભાવ અને પરના આલંબનનો અભાવ છે એ કારણે એકત્વ વસ્તુ છે, તે કારણે શુદ્ધ છે, તે કારણે ધ્રુવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

હવે ત્રણમાંથી બે બોલ સાથે લે છે. જ્ઞાનસ્વરૂપ અને દર્શનભૂત. બે સાથે છેને. ગુણસ્વભાવ સાથે છેને, તો બેને એક સાથે લે છે. '**ત્યાં,...**' ઓલા પાંચ બોલમાંથી '(૧-૨)' એટલે જ્ઞાન અને દર્શન બેય સાથે. '**જે જ્ઞાનને જ પોતામાં ધારણ કરી રાખે છે...**' ભગવાન આત્મા જાણપણું—જ્ઞાન તેને પોતામાં ધારણ કરી રાખે છે. '**અને જે પોતે દર્શનભૂત છે...**' જુઓ! સ્વયં દર્શનસ્વરૂપ જ છે. ભગવાન આત્મા દર્શન—દૃષ્ટાસ્વરૂપ જ છે—દર્શન સ્વભાવભૂત છે. '**એવા આત્માને...**' એવા આત્માને '**અતન્મય...**' જ્ઞાનદર્શનરહિત એવું અતન્મય. જ્ઞાન

છે એનું '**પરદ્રવ્યથી...**' ભિન્નત્વ છે. જેમાં જ્ઞાનદર્શન નથી એવો પદાર્થ એનાથી (ભિન્ન) આત્મા અતન્મય. જ્ઞાનસ્વભાવ, દર્શનસ્વભાવભૂત હોવાથી. સમજાણું કાંઈ? જ્ઞાન અને દર્શનથી આત્મા તન્મય હોવાથી... અને જેમાં ઈ જ્ઞાન-દર્શન નથી-અતન્મય છે તેનાથી આત્મા ભિન્ન છે. સમજાણું કાંઈ? કેટલું ન્યાયથી સિદ્ધ કર્યું છે સંતોએ! ઓહો..હો..! સંતો જંગલમાં રહીને આહા..હા..!

કહે છે કે એકત્વ કેમ છે? કે એકત્વ એ રીતે છે કે ભગવાન આત્માએ જ્ઞાનસ્વભાવ ધારણ કરી રાખ્યો છે, સ્વયં દર્શનભૂત છે. એ કારણે પોતામાં પરથી ભિન્ન છે, પરદ્રવ્યથી ભિન્ન છે. કેમ? કે જ્ઞાન અને દર્શનથી આત્મા તન્મય છે અને જ્ઞાન-દર્શન જેમાં નથી (અર્થાત્) અતન્મય છે એવા પરદ્રવ્યથી ભિન્ન છે. સમજાણું કાંઈ? આહા..હા..! સવાર કરતા ઝીણું પડી ગયું આ તો.

આ જુદી પદ્ધતિ છે. જ્ઞાનપ્રધાન કથનમાં પોતાનું સ્વરૂપ આવું છે એમ સિદ્ધ કર્યું છે. આહા..હા..! એકત્વ સિદ્ધ કરે છે (અને) પરથી વિભક્ત, એમ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા... ભાઈ! તારો સ્વભાવ છેને. શું? જ્ઞાન અને દર્શન. તો ભગવાન આત્મા જ્ઞાન--દર્શનસ્વભાવથી એકમેક છે, તન્મય છે અને આ આત્માનો જ્ઞાન-દર્શનસ્વભાવ બીજામાં નથી. તો આ જ્ઞાનદર્શન, ભગવાનના જ્ઞાન દર્શનમાં આ જ્ઞાનદર્શન નથી. સમજાણું કાંઈ? આ જ્ઞાન-દર્શનસ્વભાવ પોતામાં તન્મય છે, એ જ્ઞાન દર્શન જેમાં નથી તો આ આત્મા એનાથી તન્મય નથી. તો અતન્મય એવા સર્વજ્ઞ હોય કે નિગોદના જીવ હોય, પરમાણુ હોય તે બધા અતન્મય જ્ઞાન-દર્શનરહિત એવા પરદ્રવ્ય છે. આ જ્ઞાન દર્શન એમાં નથી તે અપેક્ષાએ પરદ્રવ્ય છે. આ સ્વભાવ એમાં નથી, આ સ્વભાવ એમાં નથી તે અપેક્ષાએ પરદ્રવ્ય છે. પરદ્રવ્યથી ભિન્નત્વ છે.

આ ભગવાન જ્ઞાન-દર્શન સ્વભાવ જેમાં નથી એવા પરદ્રવ્ય જે છે એમાં આ જ્ઞાન દર્શન અતન્મય છે. એમાં તન્મય નથી. એવા જ્ઞાન દર્શન જેમાં આ નથી એવો જે અતન્મય-પરદ્રવ્ય તેનાથી આત્મા ભિન્ન છે. આહા..હા..! અને સ્વધર્મથી અભિન્નત્વ છે. પોતાના જ્ઞાન અને દર્શનથી તન્મય ન કહેતા સ્વધર્મથી અભિન્ન છે એમ કહ્યું. અને પરમાં એ જ્ઞાન-દર્શન તન્મય નથી તો અતન્મય છે. આ જ્ઞાન-દર્શન પરમાં નથી, તો પરદ્રવ્યથી આ જ્ઞાન-દર્શન એમાં નથી એવા પરદ્રવ્યથી ભગવાન આત્મા ભિન્ન છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! લ્યો તમે તો બેંકના મેનેજર હતાને. બેંકના શું કહેવાય? કાંઈક બીજું હશે. આચાર્યદેવે કેટલું સહેલા શબ્દમાં સંસ્કૃતમાં મૂક્યું છે. ભગવાન આત્મા... '**એવા આત્માને અતન્મય પરદ્રવ્યથી...**' અથવા જ્ઞાન-દર્શન રહિત એવા પરદ્રવ્યથી '**વિભાગ છે અને સ્વધર્મથી અવિભાગ છે તેથી તેને એકપણું છે;...**' અને એકત્વ છે તો શુદ્ધ છે અને શુદ્ધ છે તો ધ્રુવ છે. એ વિશેષ લેશે...

**જેઠ સુદ ૧૧, મંગળવાર, તા. ૨૭.૦૫.૧૯૬૯**
**ગાથા-૧૯૨, પ્રવચન-૧૬૫**

પ્રવચનસાર, જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન. જ્ઞેયનું શું સ્વરૂપ છે અને આત્માનું શું સ્વરૂપ છે એ કહે છે. પહેલા .. આવી ગયું છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ. છેલ્લે એ કહ્યું કે આત્મા ધ્રુવપણાને લીધે શુદ્ધાત્મા જ અનુભવ કરવાલાયક છે. ઉપલબ્ધ કરવાલાયક છે અર્થાત્ અનુભવ કરવાલાયક છે. છેને ઉપર? એમ ઉપદેશ છે કે ધ્રુવપણાને શુદ્ધ આત્મા જ ઉપલબ્ધ નામ અનુભવ કરવાલાયક છે. કહે છે... પહેલી સામાન્ય વાત કરી.

‘**શુદ્ધ આત્મા સત્ અને અહેતુક હોવાને લીધે અનાદિ-અનંત અને સ્વતઃસિદ્ધ છે તેથી આત્માને શુદ્ધ આત્મા જ ધ્રુવ છે,...**’ એ સામાન્ય વાત ત્રિકાળીની વાત કરી છે. અને પછી ‘**બીજું કાંઈ પણ ધ્રુવ નથી. આત્મા શુદ્ધ એટલા માટે છે કે તેને પરદ્રવ્યથી વિભાગ અને સ્વધર્મથી અવિભાગ હોવાને લીધે એકપણું છે.**’ એ સામાન્ય વાત કરી. ભગવાન આત્મા પરદ્રવ્યથી ભિન્ન છે અને સ્વધર્મથી ભિન્ન નથી. અવિભાગ (એટલે) ભિન્ન નથી, ભાગ નથી. માટે એકત્વ છે. તે એકપણું પાંચ પ્રકારે છે. હવે ઈ બતાવે છે. પહેલા સામાન્ય કહ્યું. ૧૯૨ નથી ચાલતી? ૧૯૨ ચાલે છે. ક્યાં ગઈ? ૧૯૨. ભૂલી ગયા? શું કહ્યું સમજાણું કાંઈ? આત્મા ધ્રુવપણાને લીધે શુદ્ધત્વ છે એ જ જ્ઞેય છે. એ આત્મા જ ઉપલબ્ધ નામ અનુભવ કરવાલાયક છે. જેથી આત્માને ધર્મ થાય અને મુક્તિ પ્રાપ્ત થાય છે. હવે તેના પાંચ બોલ લે છે. પહેલા સામાન્ય લીધું કે પરદ્રવ્યથી ભિન્ન છે અને પોતાના સ્વભાવથી અભિન્ન છે એવું એકત્વ છે. એકત્વ છે તે શુદ્ધ છે, શુદ્ધ છે તે ધ્રુવ છે, ધ્રુવ છે તે અનુભવ કરવાલાયક છે. સમજાણું કાંઈ?

હવે એ એકત્વના પાંચ પ્રકાર (કહે છે). પહેલા સામાન્ય વાત કરી કે પરદ્રવ્યથી ભિન્ન છે, સ્વધર્મથી અભિન્ન છે. તેના પાંચ બોલ છે. એકના પાંચ. પાઠમાં છેને પાંચ. કહો, સમજાણું કાંઈ? તેનું સ્પષ્ટીકરણ કરે છે. આત્મા પરદ્રવ્યથી ભિન્ન, પોતાના સ્વધર્મથી એક(પણે) છે. એકત્વ કહો કે અવિભાગ કહો, તે એકત્વને કારણે શુદ્ધ છે. બીજી અપેક્ષા એમાં નથી. શુદ્ધને કારણે ધ્રુવ છે એ આત્માનો સ્વભાવ અનુભવ કરવાલાયક છે. પહેલા ઈ સામાન્ય વાત કરી. હવે એ એકત્વ આત્માના પાંચ પ્રકારથી છે. એમાં બે બોલ આવી ગયા છે. જ્ઞાન અને દર્શન બે બોલ આવી ગયા છે. ‘**જે જ્ઞાનને જ પોતામાં ધારણ કરી રાખે છે અને જે પોતે દર્શનભૂત છે એવા આત્માને અતન્મય પરદ્રવ્યથી વિભાગ છે...**’ જેમાં આત્માનું જ્ઞાન-દર્શન રહિતપણું છે એવા પરદ્રવ્ય એનાથી તો ભિન્ન છે. જેમાં આ જ્ઞાન

અને દર્શન સ્વભાવ છે એવા જ્ઞાનદર્શન રાગમાં, શરીરમાં, પર આત્મામાં, પર કર્મમાં કોઈમાં નથી. તો એવા જે જ્ઞાન દર્શનથી રહિત પરદ્રવ્ય છે તેનાથી આત્મા ભિન્ન છે. સમજાણું કાંઈ? જુઓ, જ્ઞાન-દર્શનથી રહિત એવા પરદ્રવ્યથી તો ભિન્નત્વ છે અને સ્વધર્મથી અભિન્નત્વ છે. પોતાનો જ્ઞાન-દર્શન જે સ્વભાવ એનાથી તો આત્મા એક છે એટલે અભિન્ન છે, અભિન્ન છે માટે એકત્વ છે. કાલે બે બોલ ચાલ્યા.

હવે ત્રીજો. અતીન્દ્રિય મહા પદાર્થ, અતીન્દ્રિય મહા પદાર્થ. ભગવાન આત્મા અતીન્દ્રિય મહા પદાર્થ છે. તો એમાં ઈ લીધું પહેલાં કે **'વળી જે પ્રતિનિશ્ચિત સ્પર્શ-રસ-ગંધ-વર્ણરૂપે ગુણો અને શબ્દરૂપ પર્યાયને ગ્રહણ કરનારી અનેક ઇંદ્રિયોને અતિક્રમીને,...'** અતીન્દ્રિય મહાપદાર્થ સિદ્ધ કરવો છેને? જે એક-એક ઇન્દ્રિય, એક-એક ગુણ અને પર્યાયને જાણે છે એવી અનેક ઇન્દ્રિયોને છોડીને. એવી અનેક ઇન્દ્રિયો આત્મામાં નથી. સમજાણું કાંઈ? એક-એક ઇન્દ્રિય-ભાવઇન્દ્રિય અને દ્રવ્યઇન્દ્રિય, એક-એક એનો જે વિષય છે તેને ગ્રહે છે. એવી જે પાંચ ઇન્દ્રિય તેને અતિક્રમીને—ઓળંગી, તેનાથી રહિત **'સર્વ સ્પર્શ-રસ-ગંધ-વર્ણરૂપ ગુણો અને શબ્દરૂપ પર્યાયને ગ્રહણ કરનારો...'** અને જેટલો ઇન્દ્રિયનો વિષય છે સ્પર્શ, રસ, ગંધ તે ગુણો, તે ગુણો અને શબ્દરૂપ તે પર્યાય છે, પાંચ ઇન્દ્રિયમાં ચારનો વિષય ગુણ છે અને એકનો વિષય શબ્દરૂપ પર્યાય છે. એવી પર્યાયને જાણનાર **'એક સત્ મહા પદાર્થ છે...'** એ અતીન્દ્રિય મહા પદાર્થનો અર્થ કર્યો.

ત્રીજું. **'એક સત્ મહા પદાર્થ છે...'** પાંચ ઇન્દ્રિયમાં એક-એક વિષયને જાણનારી ઇન્દ્રિય, તે ઇન્દ્રિયથી અતિક્રમીને-ઉલ્લંઘન, રહિત હોવાથી ભગવાન આત્મા અતીન્દ્રિય મહાપદાર્થ છે. તેને સમ્યગ્જ્ઞાનનું જ્ઞેય કહેવામાં આવે છે. તેને સમ્યગ્દર્શનનું ધ્યેય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? **'અને સ્પર્શાદિના ગ્રહણસ્વરૂપ...'** પાંચ ઇન્દ્રિયનો જે વિષય તેના જ્ઞાનસ્વરૂપ. એ સંબંધીનું જ્ઞાન એ વસ્તુને અતિક્રમીને. ચાર ગુણો અને પાંચમી શબ્દપર્યાય એવી ઇન્દ્રિયોથી અતિક્રમીને, છોડીને, ઉલ્લંઘન કરીને તે ઇન્દ્રિયના વિષયને જાણનારી પોતાની પર્યાય, જાણનારી પોતાની પર્યાય. છે? સમસ્તને ગ્રહણ કરનારો. **'સ્પર્શ-રસ-ગંધ-વર્ણરૂપ ગુણો અને શબ્દરૂપ પર્યાયને ગ્રહણ કરનારો...'** ગ્રહણની વ્યાખ્યા જાણનારો. જુઓ, ગ્રહણનો અર્થ જાણવું આવ્યું ભાઈ! ઓલામાં નથી કહ્યું કે ગ્રહણ કરવું? નયને ગ્રહણ કરવાનું કહ્યું છેને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ. ગ્રહણ કરવું એટલે જાણવું. ખબર છે? શેઠ! ક્યાં આવ્યું? અલિંગગ્રહણમાં. ટોડરમલજીમાં .. છે. બે નયને ગ્રહણ કરવાનું કહ્યું છેને? તમે એક જ નય કેમ કહો છો? કે બેયને ગ્રહણ કરવાનો અર્થ વ્યવહારનયને જાણવી એને ગ્રહણ કરવું કહ્યું છે. વ્યવહારનયને પકડીને આદરવો કરવો એવો અર્થ નથી. છે એમાં? નિશ્ચયનય અને વ્યવહારનય બેયને ગ્રહણ કરવી તે અનેકાંત છે. ગ્રહણ કરવાની વ્યાખ્યા શું? નિશ્ચયનયને જાણીને ઉપાદેય જાણવી,

વ્યવહારનયને હેય કરીને જાણવાલાયક છે એમ જાણવું. તેનું નામ વ્યવહારનયને ગ્રહણ કરી એમ કહેવામાં આવે છે. કહેવામાં આવે છે એનો અર્થ એમ છે. કહેવામાં આવે છે, એમ તમે પ્રશ્ન કર્યો હતોને.

અહીં જુઓ હવે એ શબ્દ લીધો છે કે '**સર્વ સ્પર્શ...**' આ આખી દુનિયાનો સ્પર્શ. '**રસ-ગંધ-વર્ણરૂપ ગુણો અને શબ્દરૂપ પર્યાયને ગ્રહણ કરનારો...**' લ્યો! પાંચને ગ્રહણ કરનારો. તો શું જડને ગ્રહણ કરનારો છે? (જાણે છે) તેનું નામ ગ્રહણ. પર્યાયને ગ્રહણ કરનાર—જ્ઞાન કરનાર '**એક સત્ મહા પદાર્થ છે...**' એક સત્ ભગવાન મહા પદાર્થ છે. '**એવા આત્માને ઇંદ્રિયાત્મક પરદ્રવ્યથી વિભાગ છે...**' હવે એકત્વ સિદ્ધ કરે છે. એવા-આ પ્રકારે. '**આત્માને ઇંદ્રિયાત્મક પરદ્રવ્યથી...**' ઇન્દ્રિયસ્વરૂપ પરદ્રવ્ય તેનાથી જુદો. અતીન્દ્રિય મહાપદાર્થ છેને? અતીન્દ્રિય મહાપદાર્થ એ આત્મા. સમજાણું કાંઈ? અતીન્દ્રિય મહાપદાર્થ એ જ આત્મા જ્ઞેય. ઇન્દ્રિયથી ભિન્ન પડવાથી અતીન્દ્રિય મહાપદાર્થ આત્મા તેને પરદ્રવ્યથી ભિન્ન. જુઓ, '**ઇન્દ્રિયાત્મક પરદ્રવ્યથી વિભાગ છે અને સ્પર્શાદિના ગ્રહણસ્વરૂપ...**' જુઓ, સ્પર્શ, રસ, ગંધ ગુણ અને પર્યાયના ગ્રહણસ્વરૂપ. અહીંયાં ખુલાસો કર્યો છે. ગ્રહણસ્વરૂપનો ખુલાસો છે એમાં. જુઓ કૌંસમાં છે. જ્ઞાનસ્વરૂપ. છે? અંદરમાં છે અહીં. હિન્દીની અંદર છે. કૌંસમાં નાખ્યું છે હિન્દીમાં. ગ્રહણસ્વરૂપનો અર્થ જ્ઞાનસ્વરૂપ. ગ્રહણ શબ્દનો અર્થ કાંઈ પકડે છે એમ છે? સમજાણું કાંઈ? શબ્દ, રૂપ, રસ, ગંધ અને શબ્દ પર્યાય. અને રૂપ, ગંધ, વર્ણ તે પાંચની સર્વ પર્યાય.

'**સર્વ સ્પર્શ-રસ-ગંધ..**' તેને જાણનારી પર્યાય તેનું નામ પરને ગ્રહણ કર્યું એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એવી પાંચ ઇન્દ્રિય આદિથી જ્ઞાનસ્વરૂપ સ્વધર્મથી અભિન્ન. જુઓ, એક સાથે પાંચ ઇન્દ્રિયનું જ્ઞાન પોતામાં છે એવા જ્ઞાનથી આત્મા અભિન્ન છે. જુઓ, અહીંયાં જ્ઞાનની પર્યાય સહિત શુદ્ધત્વ, ધ્રુવત્વ લીધું છે. ભાઈ! પહેલા ધ્રુવપણું અનાદિ-અનંત લીધું. સમજાણું કાંઈ? પછી અનાદિ-અનંત ધ્રુવત્વ જ્યારે અનુભવમાં આવ્યું ત્યારે તે પર્યાય સહિતને ધ્રુવત્વ કહેવામાં આવ્યું છે. આહા..હા..! ભારે ભાઈ! સમજાણું કાંઈ? અનાદિ-અનંત એકરૂપ ધ્રુવ, શુદ્ધ ધ્રુવ તો છે, પણ પર્યાયમાં જ્યારે અનુભવમાં આવ્યું ત્યારે તેને ધ્રુવ કહેવામાં આવ્યું. અહીંયાં આમ લીધું છે. સમજાણું કાંઈ? ભારે વાત! ટીકા.

પહેલા તો અનાદિ-અનંત કહી દીધું હતું કે શુદ્ધાત્મ જ ધ્રુવ છે અનાદિ-અનંત. પછી અહીંયાં કહે છે કે પણ એ ધ્રુવ જણાયો ક્યારે? સમજાણું કાંઈ? પર ઉપરથી લક્ષ છૂટ્યું અને પોતાના ધ્રુવ ઉપર લક્ષ ગયું તો પરસંબંધીના જ્ઞાનની પર્યાય જે છે તે પોતામાં છે, એવી જ્ઞાનની પર્યાય સ્વથી અભિન્ન છે અને પરથી ભિન્ન છે. એવા આત્માને એકત્વ કહે છે. સમજાણું કાંઈ? એવા આત્માને એકત્વ કહે છે અને એકત્વ છે તો શુદ્ધ છે, શુદ્ધ છે તો ધ્રુવ છે. સમજાણું કાંઈ? (સમયસારની) છઠ્ઠી ગાથામાં એમ લીધું છેને. છઠ્ઠી ગાથામાં..

ભગવાન આત્મા પ્રમત્ત-અપ્રમત્ત નથી એવો જ્ઞાયકભાવ એની, પરથી ખસીને, ભેદથી, પર્યાયથી ખસીને પોતાના જ્ઞાયકભાવની સેવા કરવામાં આવી, ઉપાસના કરી ત્યારે તે શુદ્ધ છે એમ કહેવામાં આવ્યું. સમજાણું કાંઈ? છઠ્ઠી ગાથામાં છેને? '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो**' મહા ગાથા. બધી પર્યાય કાઢી નાખી, કોઈ પર્યાય રાખી નહિ. '**ण वि होदि अप्पमत्तो**' પાઠમાં... '**ण वि होदि अप्पमत्तो**' ... એકલો જ્ઞાયકભાવ છે તેને અમે શુદ્ધ કહીએ છીએ. તેને શુદ્ધ કેમ કહીએ છીએ? કે પરદ્રવ્યથી ભિન્ન અને પોતાના આત્માની ઉપાસના અંતર્મુખ થઈને કરી, એવી પર્યાયમાં આ શુદ્ધનું ભાન થયું તો એવા પર્યાયવાનને 'દ્રવ્ય શુદ્ધ છે' એમ જણાય છે. સમજાણું કાંઈ? આ શુદ્ધ છે, પણ શુદ્ધ જણાયા વિના શુદ્ધ કેવી રીતે? એમ કહે છે. ધારણામાં લઈ લીધું એ શુદ્ધ નથી એમ કહે છે, ભાઈ! એમ કહે છે. વર્તમાન ધારણામાં લીધું (કે) શુદ્ધ છે, ધ્રુવ છે, પણ એ શુદ્ધ છે એવું વેદન તો આવ્યું નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, ભગવાન આત્મા જ્ઞાયકભાવ શુદ્ધ છે, ધ્રુવ છે, એકરૂપ છે, એમાં પર્યાય નથી. પણ ક્યારે તેને શુદ્ધ કહેવામાં આવ્યો? બધાને શુદ્ધ જ છેને. એમ નહિ. બધાનો આત્મા શુદ્ધ જ છે, પણ એ શુદ્ધ જ્યારે પરથી હઠીને જ્ઞાયકભાવ તરફનો નિર્વિકલ્પ અનુભવ થયો, શુદ્ધતાની પર્યાય પ્રગટ કરીને શુદ્ધતામાં શુદ્ધદ્રવ્યનું ભાન થયું તે જીવને 'દ્રવ્ય શુદ્ધ છે' એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આમ શુદ્ધ છે... શુદ્ધ છે... ધ્રુવ છે.. એમ નહિ ચાલે એમ કહે છે. તારી દૃષ્ટિમાં અને વેદનમાં એ ચીજ શું છે એ તો આવ્યું નહિ. આવ્યા વિના તને શુદ્ધ અને ધ્રુવ કેવી રીતે પ્રતીત-અનુભવમાં આવ્યું? આહા..હા..! આચાર્યોની કથની અદ્ભુત!!

અહીંયાં એ કહે છે. જુઓ, પહેલા તો ધ્રુવ કહ્યું હતું. ભગવાન આત્મા સત્ અહેતુક પદાર્થ અનાદિ-અનંત શુદ્ધત્વ છે માટે ધ્રુવ છે. એ ધ્રુવને એકત્વ કેમ કહ્યું? કે પરદ્રવ્યથી ભિન્ન અને પોતાના સ્વભાવથી અભિન્ન છે માટે એકત્વ છે. એકત્વના કારણના પાંચ બોલ છે. એમાં પણ જ્ઞાન-દર્શન સ્વભાવથી અભિન્ન અને પરદ્રવ્યથી ભિન્ન. પરદ્રવ્યથી ભિન્ન છે, પણ પરદ્રવ્ય સંબંધી જે પોતાનું જ્ઞાન છે પર્યાયમાં, તે સ્વધર્મથી અભિન્ન છે. સમજાણું કાંઈ? તો અહીંયાં પણ ઈ કહ્યું કે અતીન્દ્રિય મહાપદાર્થ છેને. કોને? અતીન્દ્રિય મહાપદાર્થ છે કોને? કે જેને પાંચ ઈન્દ્રિયો એટલે ચાર ગુણ અને એક શબ્દ પર્યાય, એનાથી અતિક્રમ (એટલે) રહિત અને એ સંબંધીનું જ્ઞાન તે જ્ઞાનથી એકત્વ છે અને પરથી ભિન્નત્વ છે. તો પરના જ્ઞાનની પર્યાય થઈ એ જ્ઞાનથી એકત્વ કર્યું. પણ છે તો એ પર્યાય. પણ પર્યાય સહિતને અહીંયાં એકત્વ કહ્યું. પરથી ભિન્ન છે. સમજાણું કાંઈ?

કહે છે કે '**સ્પર્શાદિના ગ્રહણસ્વરૂપ સ્વધર્મથી અવિભાગ છે તેથી...**' આ કારણે

'**તેને એકપણું છે;...**' આ કારણે ભગવાન આત્માને એકત્વ છે અને એકત્વ હોવાથી અશુદ્ધતા નથી તો શુદ્ધતા કહેવામાં આવે છે. એ જ શુદ્ધ છે અને શુદ્ધ છે તે જ ધ્રુવ છે. સમજાણું કાંઈ? કહે છેને બધા, અમે જાણીએ છીએ દ્રવ્ય શુદ્ધ છે એ તો જાણીએ છીએ.

મુમુક્ષુ :- કરવાનું ક્યાં છે?

ઉત્તર :- કરવાનું ક્યાં છે? જાણીએ છીએ કે દ્રવ્ય શુદ્ધ છે. કરવાનું કહ્યું તો કંઈ વ્યવહાર કરવાનું છે કે નહિ? શું છે? વ્યવહાર કરવો અને તું જાણે છે એ વાત જ ખોટી છે. એ આવ્યું હતું પહેલા પત્રમાં. સમજાણું કાંઈ? ... શુદ્ધ છે-શુદ્ધ છે. શુદ્ધ તો અમે બધા જાણીએ જ છીએ એમાં શું થયું? શુદ્ધ છે એમાં કાંઈ કરવું છે? આ અશુદ્ધ છે એને ટાળવું છે, તો કરવાનું તો ઈ છે. એમ છે જ નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? શુદ્ધ છે, જ્ઞાયક છે એમ સ્વસન્મુખ થઈને અનુભવમાં આવ્યું, જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય ધ્રુવ થયો, ત્યારે વેદનમાં આવ્યું ત્યારે તે દ્રવ્યને શુદ્ધ કહેવામાં આવે છે. ઈ કરવાનું છે. બીજું શું કરવાનું છે? અશુદ્ધતા ટાળવી-ફાળવી છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ જ્ઞેયનું સ્વરૂપ છે. આત્મા જ્ઞેય એ પરથી ભિન્ન અને પોતાની પર સંબંધી જ્ઞાનપર્યાયથી અભિન્ન છે તેથી તેને એકપણું કહેવામાં આવે છે. એકત્વ એટલે એકપણું. એકત્વ છેને? એકપણું કહેવામાં આવ્યું તો એકપણાને કારણે તે શુદ્ધ છે અને શુદ્ધ છે તે ધ્રુવ છે. એ જ્ઞાનની પર્યાય સહિત પરનું જ્ઞાન અને પોતાના જ્ઞાનની પર્યાય સહિતને અહીંયાં એકત્વ, શુદ્ધ અને ધ્રુવ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

આમ અગિયાર અંગ ભણે, નવ પૂર્વ ભણે તોપણ શુદ્ધ છે એવું જ્ઞાનમાં નથી આવ્યું એમ કહે છે. પર તરફ લક્ષ છે. એટલું જ્ઞાન ન હોય અને થોડું હોય, પણ થોડા જ્ઞાનથી... થોડું કહે છેને? છતાં જે જ્ઞાન દ્વારા પરથી ભિન્ન થઈને શુદ્ધનું વેદન થયું, તેને અલ્પ જ્ઞાનમાં પણ 'શુદ્ધ છે' એમ પ્રતીતમાં આવ્યું. તેને ધ્રુવત્વ, એકત્વ અને શુદ્ધત્વ લાગુ પડે છે. સમજાણું કાંઈ? પરથી ભિન્ન થયા વિના એકત્વ હોતું નથી અને એકત્વ વિના શુદ્ધ નથી હોતું અને શુદ્ધના અનુભવ વિના ધ્રુવત્વ નથી હોતું. આહા..હા..! દિગંબર સંતોએ કેટલી વાત સ્પષ્ટ કરી છે! ઓહો..હો..! સંતોએ માર્ગ સરળ કરી દીધો છે, સીધો સટ. સમજાણું કાંઈ?

'**અને સ્પર્શાદિના ગ્રહણસ્વરૂપ સ્વધર્મથી અવિભાગ છે...**' એ પાંચ ઈન્દ્રિયનું જ્ઞાન તે પોતાનો સ્વધર્મ છે. પાંચ ઈન્દ્રિય તે પોતાનો ધર્મ નથી. સમજાણું કાંઈ? પાંચ ઈન્દ્રિયનું જ્ઞાન થયું એ પણ નહિ. અહીં તો પાંચ ઈન્દ્રિય સંબંધી જ્ઞાન જે પોતાના સ્વલક્ષે થયું છે તેનું નામ પાંચ ઈન્દ્રિયનું જ્ઞાન અને એનું જ્ઞાન કહેવામાં આવે છે. શું કહ્યું સમજાણું કાંઈ? પાંચ ઈન્દ્રિય અને મનથી જે પર તરફનું જ્ઞાન થયું એ પણ નહિ. અહીંયાં તો એનાથી ખસીને અતીન્દ્રિય મહાપદાર્થ છે એનું લક્ષ કરીને પોતાનું જ્ઞાન અને એ સંબંધીનું જ્ઞાન પોતાની

પર્યાયમાં થયું એ જ્ઞાન સહિતને એકત્વ કહે છે, તેને શુદ્ધત્વ કહે છે, તેને ધ્રુવત્વ કહે છે. એ ધ્રુવત્વ અનુભવ કરવાલાયક છે. ધર્મીને એ અનુભવ કરવાલાયક છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! વાત તો એવી સમજવી કઠણ પડે. અંદર તત્ત્વ શું ચીજ છે એ બતાવે છે. જ્ઞેયપદાર્થમાં આમ લીધું જુઓ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ વાત ચોથે ગુણસ્થાને થઈ શકે છે. ચોથાની વાત ચાલે છેને. ભેદજ્ઞાનની વાત ચાલે છે. આજે તકરાર આવી છે. ચોથે સ્વરૂપાચરણ (ચારિત્ર) નથી. શાસ્ત્રને જાણતા નથી. એ તો સમકિત.. પણ કાનજીસ્વામી આગમનો વિરોધ કરે છે એમ અમારે વિરોધ કરવો હોય તો શું કરવું? શાસ્ત્રનો સ્વાધ્યાય કરો તો ખ્યાલ આવશે. શાસ્ત્રનો બરાબર સ્વાધ્યાય કર તો તને ખબર પડશે તારા વિરોધની. સ્વાધ્યાય કરતા નથી અને ઉપરથી માની લે છે. જરી મધ્યસ્થથી, શાંતિથી શાસ્ત્રનો સ્વાધ્યાય કરે તો વિરોધ કોનો છે એ ખ્યાલમાં આવે. સ્વાધ્યાય કરવો નથી, વિચારવું નહિ, મનન નહિ, આગળ-પાછળનું મેળવવું નહિ. ચાર અનુયોગમાં શું કહે છે એની ખબર નથી, ભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..!

એક જણો કહે, કથાનુયોગમાં તો આમ કહ્યું છે કે એક હિંસા છોડી તોપણ ઈ ધર્મી થઈ ગયો. આવે છેને? ચરણાનુયોગમાં કહે છે કે બધી હિંસા છોડે ત્યારે ધર્મી થાય છે. કરણાનુયોગમાં તો પરિણામ છે. દ્રવ્યાનુયોગ કહે છે કે પરની હિંસા કરી શકતો નથી. ચારેયનો મેળ કરવો પડશે કે નહિ? નહિતર પરની હિંસા કરે અને કહે હિંસા તો કરી શકતો નથી. દ્રવ્યાનુયોગ તો એમ કહે છે કે એ તો કરતો નથી. એ તો નિમિત્તનું કથન છે. ચરણાનુયોગમાં અને કથાનુયોગમાં તો બધા નિમિત્તના કથન છે. એનું જ્ઞાન કરવામાં તો દ્રવ્યાનુયોગની યથાર્થ દૃષ્ટિ હોય ત્યારે એની શૈલી સમજાય, એ વગર સમજાય નહિ. આ તો કહે, પરની હિંસા કરી શકતો નથી તો હિંસાનો ત્યાગ ક્યાંથી આવ્યો? પરની દયા પાળી શકતો નથી તો પછી પરની દયા પાળે એ ક્યાંથી આવ્યું? તત્ત્વ તો એમ છે. નહિતર વિરોધ થઈ જશે ચાર અનુયોગમાં. એક આચાર્યના કથનમાં અને બીજામાં વિરોધ નથી. (ચારેય) અનુયોગમાં કથનની પદ્ધતિમાં ફેર છે. સમજાણું કાંઈ? તો કઈ અપેક્ષાએ કથનપદ્ધતિ તે અનુયોગમાં ચાલે છે એની પદ્ધતિ બરાબર જાણવી જોઈએ.

ત્યાં કહે કે પંચ મહાવ્રત પાળો એમ કહે ચરણાનુયોગમાં. લ્યો! પંચ મહાવ્રત પાળો. પંચ મહાવ્રત કુંદકુંદાચાર્યે પાળ્યા, અઠ્યાવીશ મૂળગુણ છેક સુધી પાળ્યા. અહીંયાં દ્રવ્યાનુયોગ કહે છે કે પંચ મહાવ્રતના પરિણામને તો આત્મા સ્પર્શતો પણ નથી. સમજાણું કાંઈ? એનો વિકલ્પ એ આત્માનો છે જ નહિ. અને રાગને સ્પર્શે છે અને રાગમાં એકત્વ છે તે ધર્મી નથી. આહા..હા..! રાગની રક્ષા કરે, રાગને પાળે એ વીતરાગનું રક્ષણ ચાલ્યું જાય છે, પોતાના સ્વભાવનું રક્ષણ ચાલ્યું જાય છે. ત્યાં એમ કહ્યું કે રાગને પાળે છે. એ તો પાળે છે એ

વ્યવહારનયનું કથન છે. એ સમયે ભૂમિકામાં વિકલ્પની મર્યાદા કેટલી છે એ જણાવવા માટે એવો શબ્દ છે. પણ એવો અર્થ કરી લે કે પાળે છે. વ્યવહારનયે કહ્યું એવું. વ્યવહારનયે કહ્યું પણ એમ છે નહિ. પાળે છે એમ કહ્યું, પણ એમ છે નહિ. પોતાના સ્વરૂપની અનુભૂતિ કરે છે તે ભૂમિકામાં કેવો રાગ હતો એવું નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. કરે છે એમ છે નહિ. આહા..હા..! કેટલું ..

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વિરોધ જ દેખાય. વિરોધ છે નહિ, પણ શૈલીનું કથન છે. વ્યવહારનયનું કથન એમ જ ચાલે. ... આમ જ ચાલે. વાસ્તવિક તત્ત્વદષ્ટિથી અર્થ કરે તો તેનો સાચો અર્થ થાય, નહિતર તો થાય જ નહિ.

અહીં કહ્યું જુઓને. '**સ્પર્શાદિના ગ્રહણસ્વરૂપ...**' લ્યો! શબ્દ તો એ આવ્યો. પાંચ ઇન્દ્રિયને ઓળંગીને પાંચ ઇન્દ્રિયનું જ્ઞાન (એટલે) તે સંબંધીનું જ્ઞાન. તો એનું જ્ઞાન છે? જ્ઞાન તો પોતાનું છે. અને પરલક્ષે જ્ઞાન ઉત્પન્ન થયું છે? પહેલા તો આવ્યું હતું નહિ? અલિંગગ્રહણમાં. આત્મા ઇન્દ્રિયથી જાણતો નથી. આત્મા ઇન્દ્રિયથી જાણે એવો છે નહિ. આત્મા ઇન્દ્રિયથી જાણે એમ નથી. ભાઈ! આ તો અતીન્દ્રિય મહાપદાર્થ આવ્યુંને? આ પણ અતીન્દ્રિય મહાપદાર્થ છે, ત્યાં પણ અતીન્દ્રિય મહાપદાર્થ છે એમ કહ્યું. સમજાણું કાંઈ? પહેલો જ બોલ એ છે. આત્મા ઇન્દ્રિયથી જાણતો નથી, ઇન્દ્રિયથી જાણવું તે આત્મા નથી. ... એ શબ્દ છે. સમજાણું કાંઈ? ૧૭૨ ગાથામાં ચાલ્યું એનાથી વિરુદ્ધ છે અહીંયા? એ તો નિમિત્તથી સમજાવ્યું કે એ સંબંધીનું જ્ઞાન અર્થાત્ છે તો પોતાનું સ્વપરપ્રકાશક જ્ઞાન. પોતાનું સ્વલક્ષ કરીને એકત્વમાં અને શુદ્ધત્વમાં, ધ્રુવતામાં બુદ્ધિ થઈ એ કારણે જે નિર્મલતા થઈ, તેમાં સ્વ અને પર સંબંધીનું જ્ઞાન પોતાથી પ્રગટ થયું છે, તેને પાંચ ઇન્દ્રિયના જ્ઞાનસ્વરૂપ કહેવામાં આવ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે વાત!

એક પ્રશ્ન એ હતો. સોગાનીમાં એ પ્રશ્ન થયો હતો કે પરિણામ-પરિણામી પદાર્થ કહીએ એ બરાબર છે? પરિણામ પરિણામી. એય..! એ તો શબ્દમાં ફેર છે. પરિણામ-પરિણામી. એમ પરિણામ કહેતા તો લક્ષમાં પરિણામ આવે છે. પરિણામ-પરિણામી. એ કરતા અપરિણામી-પરિણામ (કહો). સમજાણું કાંઈ? ભગવાન આત્મા અપરિણામી છે. કુટસ્થ ધ્રુવ અપરિણામી એવું લક્ષ થયું તો અપરિણામી, પછી પરિણામ—પર્યાય. દૃષ્ટિ ધ્રુવની રહી અને પર્યાયનું જ્ઞાન થયું. એ તો પારિણામિકભાવ કહો કે અપરિણામી કહો. પરિણામિકભાવનો અર્થ સહજપણું છે એટલે પરિણામીક કહ્યું, પણ ખરેખર તો એ કદી પલટતો નથી, એ તો ધ્રુવ છે. આહા..હા..! ધ્રુવને અપરિણામી કહીને લક્ષ થયું તો આ પરિણામ. પરિણામી-અપરિણામી. અપરિણામી પરિણામ. પરિણામ પરિણામીમાં થોડો ફેર છે. સમજાણું કાંઈ?

ભાઈ! પરિણામ (કહેતા) લક્ષ જાય છે પર્યાય ઉપર. પર્યાયબુદ્ધિ તો અનાદિની છે જ.

હવે ત્યાં રહીને અપરિણામી એમ કેમ લક્ષમાં આવશે? સમજાણું કાંઈ? કહો, ભગવાનજીભાઈ! થોડી સૂક્ષ્મતા છે. અપરિણામી. અરે ભગવાન! ધ્રુવબિંબ. ધ્રુવ લક્ષમાં આવ્યો, એ લક્ષની પર્યાય એ પરિણામ છે. લક્ષમાં આવ્યું તો પરિણામમાં આવ્યુંને? લક્ષમાં આવ્યું એ લક્ષ તો પર્યાય છેને? તો લક્ષમાં આ પરિણામી અથવા અપરિણામી આવે છે. સમજાણું કાંઈ? આવી વસ્તુ છે.

અહીંયાં કહે છે કે એવો અપરિણામી પોતામાં પાંચ ઈન્દ્રિય સંબંધીનું જે જ્ઞાન પોતાનું લક્ષ કરીને ઉત્પન્ન થયું છે એવી સ્વપરપ્રકાશક જ્ઞાનની પર્યાય પોતાથી અભિન્ન છે અને ઈન્દ્રિય આદિથી તો ભિન્ન છે. '**તેથી તેને એકપણું છે;...**' આ કારણે. ક્યા કારણે? કે ભગવાન આત્મા અતીન્દ્રિય મહાપદાર્થ એને એકત્વ કહ્યું. અતીન્દ્રિય મહાપદાર્થ એને એકત્વ કહ્યું. ક્યા કારણે? કે જે સ્પર્શાદિ પાંચ પર્યાય છે તે સંબંધીનું જ્ઞાન પોતાના સ્વધર્મથી અભિન્ન છે અને તે પરવસ્તુથી ભિન્ન છે, તેથી પોતાની પર્યાયથી અભિન્ન છે, તે કારણે તેને એકત્વ કહેવામાં આવે છે. એકત્વ થયું તો એકત્વ કહેવામાં આવ્યું. સમજાણું કાંઈ? એકત્વ થયું તો શુદ્ધ કહેવામાં આવ્યું. શુદ્ધ છે તો એનો અનુભવ થયો તો ધ્રુવ કહેવામાં આવ્યું. કથનની પદ્ધતિ... સમજાણું કાંઈ? લ્યો, એ ત્રણ બોલ થયા. પાંચ બોલમાંથી ત્રણ બોલ થયા. પાંચ બોલ છેને અંદર? '**णाणव्वाणं दंसणभूदं अदिंदियमहत्थं**' હવે આવ્યું, અચળ અને અનાલંબન. ધ્રુવને નાખ્યું, એકત્વ અને શુદ્ધ એમાં ધ્રુવને નાખ્યું. સમજાણું કાંઈ? બે શબ્દ છેને? બીજી લીટીમાં પહેલા ધ્રુવ છે, ત્રીજી લીટીમાં છેલ્લે શુદ્ધ છે. '**अप्पगं सुद्धं**' આવું એકત્વ છે તે આત્મા શુદ્ધ છે અને તે ધ્રુવ છે. ભાઈ! બીજી લીટી મૂળ પાઠમાં. સમજાણું કાંઈ? ઓહો..હો..! ટીકા તે પણ ટીકા. ... વસ્તુની સ્થિતિ .. છેને?

હવે ચોથો બોલ. ચોથો બોલ શું છે? અચળ. તો ધ્રુવ અને શુદ્ધને એમાં સમાવી દીધા છે. પાંચ બોલથી એકત્વ કરીને, પરથી ભિન્ન કરીને એકત્વ કર્યું તો એકત્વ શુદ્ધ થયું. શુદ્ધ એ ધ્રુવ છે. બસ. સમજાય છે કાંઈ? હવે અચળ કેમ છે? ભગવાન આત્મા અચળ કેમ છે? જ્ઞાન-દર્શનથી તો અવિભાગ છે—ભાગ નથી. પરથી ... અને ઈન્દ્રિયાદિથી ભિન્ન છે અને એ સંબંધીનું જ્ઞાન પોતાના જ્ઞાનથી અભિન્ન છે. તે કારણે તેને એકત્વ કહેવામાં આવ્યું છે. હવે અચળ છે. અચળને એકત્વ કહે છે. પણ અચળ કેમ છે? અચળ કેમ છે? કે એનું કારણ બતાવશે. અચળ છે તે એકત્વ છે, એકત્વ છે તે શુદ્ધ છે, શુદ્ધ છે તે ધ્રુવ છે. સમજાણું કાંઈ?

'(૪) **વળી ક્ષણવિનાશરૂપે પ્રવર્તતા જ્ઞેયપર્યાયોને...**' જુઓ, જે પોતાના જ્ઞેય સિવાય પરજ્ઞેયો જે છે એ ક્ષણવિનાશરૂપ છે. ક્ષણે ક્ષણે વિનાશરૂપ છેને પર્યાય? એ '**ક્ષણવિનાશરૂપે પ્રવર્તતા જ્ઞેયપર્યાયોને...**' જ્ઞેયની પર્યાય ક્ષણવિનાશરૂપે પ્રવર્તનારી છે. પોતા સિવાય જે પરજ્ઞેય છે તે જ્ઞેયની પર્યાય ક્ષણવિનાશરૂપે પ્રવર્તતી જ્ઞેયપર્યાયોને '(ક્ષણે ક્ષણે **નાશ પામતા**

**જણાવાયોગ્ય પર્યાયોને) ગ્રહવા-મૂકવાનો...'** જુઓ, ગ્રહણ કરવું અહીંયા પણ આવ્યું. અહીં કોઈ એમ કહે કે ક્ષણપર્યાય પોતાની લેવી, તો એ અહીંયા નથી. કેમકે પોતાની ક્ષણપર્યાયમાં પરજ્ઞેય ક્ષણપર્યાયનું તો જ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! બહુ ઝીણું...

ભગવાન આત્મા, કહે છે કે અચળ કેમ છે? અચળ એટલા માટે છે કે ક્ષણવિનાશરૂપ પ્રવર્તતી પર્યાય, જે જ્ઞેયની ક્ષણમાં વિનાશ થનારી પ્રવર્તમાન વર્તતી પર્યાય, પર હોં! એવી જે જ્ઞેયપર્યાય તેને ગ્રહવારૂપ. તેને ગ્રહણ નામ જ્ઞેયપર્યાયને જાણવી, જ્ઞેયપર્યાયને જાણવી. એમ ગ્રહવા-મૂકવાનો અભાવ હોવાથી. પકડવાનો અને છોડવાનો અભાવ છે. જાણવાનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? ગ્રહણનો અર્થ અહીંયાં જ્ઞાન નથી લેતા. નહિતર જ્ઞાન જ લેવું છે અહીંયાં. પણ એ જ્ઞાન પછી લેશે. પણ આ પર્યાયોને ગ્રહણ કરું અને છોડું એનો અભાવ છે. સમજાણું કાંઈ?

**'ગ્રહવા-મૂકવાનો અભાવ હોવાથી...'** જુઓ, ઓહો..હો..! ભગવાન આત્મામાં પરપદાર્થની ક્ષણવિનાશી પ્રવર્તમાન પર્યાયને એને પકડવી કે છોડવી કે ગ્રહણ કરું કે છોડું એવું પર્યાયમાં નથી, પર્યાયમાં નથી. સમજાણું કાંઈ? પરના ગ્રહણ-ત્યાગનો તો સ્વભાવમાં અભાવ છે. એવો સ્વભાવ જ્યારે દ્રવ્ય-ગુણ-પર્યાયમાં પ્રમેય થયો તો પર્યાયમાં પણ પરજ્ઞેયો.. હું આહારની પર્યાયને છોડું... સમજાણું કાંઈ? એમ ગ્રહણ કરવા અને છોડવાનો અભાવ હોવાથી અચળ છે. સમજાણું કાંઈ? .... થઈ જાય છે, એમ કહે છે. પરજ્ઞેય પર્યાયો ... તેને ગ્રહણ કરે અને છોડે એ તો પર થઈ જાય છે. તો પરસ્વરૂપ એનું નથી. સમજાણું કાંઈ? હું આહાર છોડું, આ વસ્તુ છોડું, આ પર્યાયને છોડું અને ગ્રહણ કરું, હું આહાર લઉં, હું આહાર છોડું. એ જ્ઞેયપર્યાય છે કે નહિ? આહારની વર્તમાન પર્યાય પ્રવર્તમાન જ્ઞેયની વિનાશિક પર્યાય છે. તો એને હું ગ્રહણ કરું, આહાર ગ્રહણ કરું અને છોડું એમ જ્ઞાનની પર્યાયમાં નથી. સમજાણું કાંઈ? એ સંબંધીનું જ્ઞાન થાય એ જુદી વાત છે. એ અહીંયા નહિ કહે. અહીં તો અચળ સિદ્ધ કરવું છેને.

**'ગ્રહવા-મૂકવાનો અભાવ હોવાથી અચળ છે...'** લ્યો! સમજાણું કાંઈ? પછી લેશે જુઓ **'તન્નિમિત્તક જ્ઞાનસ્વરૂપ સ્વધર્મથી અવિભાગ છે...'** ત્યાં ઓલો ગ્રહણ શબ્દ ન લીધો. ..ભાઈ! ત્યાં ગ્રહવા-મૂકવાનો શબ્દ આવી ગયોને. ત્યાં ગ્રહણ શબ્દ ન આવ્યો. સ્પષ્ટ કરવું છેને. ભગવાન આત્મા અચળ છે. અચળ છે એનો અર્થ કે જે .. પરપદાર્થ જ્ઞેયની પ્રવર્તમાન વર્તતી ક્ષણવિનાશરૂપ પોતાના સિવાયના અનંત પદાર્થ અનંત, કેવળીની પર્યાય, પરની બધાની પર્યાય હોં! તે બધી પર્યાય પ્રવર્તમાન જે વર્તમાન છે તેને હું ગ્રહણ કરું અને છોડું એમ તો નથી. સમજાણું કાંઈ? **'ગ્રહવા-મૂકવાનો અભાવ હોવાથી અચળ છે...'** આ કારણે ભગવાન અચળ છે. તેને ચળ માનવું એ જ્ઞેયનું સ્વરૂપ એવું નથી. પરના ગ્રહણ-ત્યાગ માનવો એ પદાર્થનું આત્માનું સ્વરૂપ નથી એમ કહેવું છે. મિથ્યાત્વમાં એમ માને છે.

સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એનાથી મિથ્યાદર્શન થયું. (કારણ કે) વાસ્તવિક તત્ત્વ જ્ઞેય એવું નથી. એનાથી વિપરીત માન્યું તો મિથ્યાત્વ થયું, વિપરીત અભિનિવેશ થયો. સમજાણું કાંઈ? ચાહે તો મુનિપણું પાળતો હોય, અઠ્ઠાવીશ મૂળગુણ પાળતો હોય, પણ પરવસ્તુને હું ગ્રહણ કરું છું, આવું નિર્દોષ લઉં છું, સદોષને છોડી દઉં છું. સમજાણું કાંઈ? એવી ક્ષણમાન પ્રવર્તમાન પર્યાય ઉપર દૃષ્ટિ છે તેને ગ્રહણ કરું અને છોડું એ વસ્તુમાં નથી. એવું માન્યું તો તે વિપરીત માન્યતા છે. આહા..હા..! સમજાણું કાંઈ? ચામડાનો છોડી દો. પટ્ટો હોય છેને. આણે બાંધ્યો છે. ચામડાનો પટ્ટો છે છોડી દ્યો. ... કહે છે કે નહિ? .. જ્ઞાનની પર્યાયમાં લેવું-દેવું છે જ નહિ. આહા..હા..! ભારે વાત. એ તો ક્ષણવિનાશિક પરપદાર્થની પ્રવર્તમાન પર્યાય છે. એને આત્મા ગ્રહણ કરે કે છોડે એમ ક્યાંથી કરે? એ સંબંધીનું પોતામાં જ્ઞાન કરે, સ્વલક્ષે જ્ઞાન કરે. તે સંબંધીનું જ્ઞાન તે જ્ઞાન નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એવો આત્મા જ્ઞેય એવો છે. જેવું છે તેવું દૃષ્ટિમાં ન આવે ત્યાં સુધી સમ્યગ્દર્શન થતું નથી. આ જ્ઞેય અધિકાર સમ્યગ્દર્શનનો અધિકાર છે, ભાઈ! આ સમ્યગ્દર્શનનો અધિકાર છે (એમ) જયસેનાચાર્યદેવે (કહ્યું છે). પહેલો જ્ઞાન અધિકાર છે, આ દર્શન અધિકાર છે અને છેલ્લો ચરણાનુયોગ છે. જ્ઞેયતત્ત્વ દર્શનનો અધિકાર છે. જયસેનાચાર્યે લખ્યું છેને. પહેલા જ્ઞાન-દર્શન અને ચારિત્ર .. સમજાણું કાંઈ? આહા..હા..!

જ્ઞેય ભગવાન આત્મા એવું જ્ઞેય અચળ છે કે એમાં પર જેટલા પોતા સિવાય અન્ય પદાર્થ છે તેની પર્યાય વર્તમાન ક્ષણવિનાશિક પ્રવર્તે છે તેને હું ગ્રહણ કરું, છોડું એનો અભાવ છે. એવો ભાવ માને કે હું ગ્રહણ કરું, છોડું તો વિપરીત દૃષ્ટિ છે. આત્મા એવો નથી. સમજાણું કાંઈ? '**ગ્રહવા-મૂકવાનો અભાવ હોવાથી...**' એનો તો અભાવ જ છે. '**(ક્ષણે ક્ષણે નાશ પામતા જણાવાયોગ્ય પર્યાયોને)...**' એ તો જાણવાયોગ્ય પર્યાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? કૌંસમાં લીધું છેને જણાવાયોગ્ય? ... '**ગ્રહવા-મૂકવાનો અભાવ હોવાથી જે અચળ છે એવા આત્માને જ્ઞેયપર્યાયોસ્વરૂપ પરદ્રવ્યથી વિભાગ છે...**' એવા આત્માને અચળપણું હોવાથી... સમજાણું કાંઈ? અચળ છે એ તો પહેલા કહ્યુંને? એવા આત્માને એકત્વ સિદ્ધ કરવું છે. અચળ તો સિદ્ધ કર્યું, પણ અચળમાં એકત્વ સિદ્ધ કરવું છે. આહા..હા..! '**એવા આત્માને...**' પર અનંત પર્યાય જ્ઞેયની વર્તમાન વર્તતી ક્ષણિક તેના ગ્રહણ અને ત્યાગનો અભાવ હોવાથી અચળ છે, બસ એટલું. હવે અચળ હોવાથી, '**એવા આત્માને જ્ઞેયપર્યાયોસ્વરૂપ...**' જેટલા જ્ઞેય છે—કેવળજ્ઞાનની પર્યાય, સિદ્ધની પર્યાય બધાની પર્યાય હોં! નિગોદની પર્યાય. આહા..હા..!

'**જ્ઞેયપર્યાયોસ્વરૂપ પરદ્રવ્યથી...**' જ્ઞેયપર્યાયસ્વરૂપ પરદ્રવ્યથી. એમ. શાશ્વતની વાત પછી

લેશે, નિરાલંબમાં (લેશે). અહીં તો પર્યાય લેવી છેને. **'જ્ઞેયપર્યાયોસ્વરૂપ પરદ્રવ્યથી વિભાગ છે...'** અચળમાં પરદ્રવ્યની જ્ઞેયપર્યાયથી તો ભિન્નત્વ છે. સમજાણું કાંઈ? **'અને તન્નિમિત્તક જ્ઞાનસ્વરૂપ સ્વધર્મથી અવિભાગ છે...'** જ્ઞેયપર્યાય જેનું નિમિત્ત છે એમ લીધું. નિમિત્ત છે. નિમિત્ત હોય, પણ નિમિત્ત છે તો એનાથી થયું એમ નથી. ત્યારે તો નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્ત છે કે નહિ ત્યાં? લ્યો! જ્ઞેયપર્યાય નિમિત્ત છે કે નહિ? પણ નિમિત્તનો અર્થ પૃથક્ ચીજ છે એમ બતાવવું છે. જ્ઞાન તો પોતાથી પોતામાં સ્વપરપ્રકાશકની પર્યાય પોતાથી થઈ છે. ત્યારે તો અચળ કહેવામાં આવ્યું છે. અને અચળને એકત્વ કેમ કહ્યું? કે પરપર્યાયથી નૈમિત્તિક જ્ઞાનસ્વરૂપ છે. છે તો પોતાની પર્યાય. પોતાના ચૈતન્યના લક્ષે ઉત્પન્ન થઈ, પોતાની અને પરપર્યાયને જાણનાર પર્યાય તે પર્યાયમાં પર શબ્દ આદિ છે તે નિમિત્ત છે. સમજાણું કાંઈ? પર્યાય જે નાશવાન છે ... બધા જ્ઞેયની તે નિમિત્ત છે.

જુઓ. જ્ઞેયપર્યાયો જેની નિમિત્ત. જેની એટલે? એવું જે જ્ઞાન. તે **'જ્ઞાનસ્વરૂપ સ્વધર્મથી...'** જ્ઞાનસ્વરૂપ નિજ ધર્મથી આત્માની અભિન્નતા છે. ક્ષણે ક્ષણે પરપદાર્થની વિનાશિક પ્રવર્તતી પર્યાય પોતાના જ્ઞાનમાં નિમિત્તપણે છે તો નિમિત્તથી પૃથક્ છે, પોતાની જ્ઞાનપર્યાય નૈમિત્તિક છે. તો પરથી ભિન્ન અને પોતાથી-પર્યાયથી અભિન્ન છે. તે કારણે તેને અચળને એકપણું કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? કેટલું આમાં યાદ રાખવું? એનો સિદ્ધાંત છે તે આવું સત્ય છે એમાં યાદ શું કરવું? યાદની અહીંયાં વાત નથી. યાદ શું કરે? સમજાણું કાંઈ? સ્વરૂપ તો એવું છે કે જેટલી પોતા સિવાય અનંત જ્ઞેયપર્યાયો છે, પર્યાયની વાત અહીંયાં ચાલે છે, એ પર્યાય ક્ષણવિનાશિક .. ક્ષણવિનાશિક છે એમ પ્રવર્તે છે. એવીને એવી રહે એવી એ પર્યાય પ્રવર્તતી નથી. એ ક્ષણવિનાશિક પર્યાયનું ગ્રહણ અને મૂકવું એમાં છે નહિ, પણ એ પર્યાયનું નિમિત્ત છે તો નૈમિત્તિક પોતામાં જ્ઞાન થયું. સમજાણું કાંઈ? ઉપાદાન-નિમિત્તના વાંધા, ગ્રહણ-ત્યાગના વાંધા.

**'જ્ઞેયપર્યાયોસ્વરૂપ પરદ્રવ્યથી વિભાગ છે અને તન્નિમિત્તિક...'** તન્નિમિત્તિક એમ લીધું. તન્નિમિત્તિક શબ્દ પડ્યો છે જુઓ! સમજાણું કાંઈ? તન્નિમિત્તિક જ્ઞાનસ્વરૂપ. **'તન્નિમિત્તિક જ્ઞાનસ્વરૂપ...'** તન્નિમિત્તિક જ્ઞાનસ્વરૂપ. એ તો જ્ઞેય-જ્ઞાયકનો .. બતાવ્યો. પોતાની જ્ઞાનપર્યાયમાં એ સંબંધી જ્ઞાન થયું તે પોતાના શુદ્ધ ઉપાદાનની પર્યાય છે. તેમાં એ જ્ઞેયપર્યાય ક્ષણિક વર્તમાન તે નિમિત્ત છે બસ. એ સંબંધી પોતાનું નૈમિત્તિક જ્ઞાન.. છે? સ્વરૂપ સ્વધર્મથી અભિન્નત્વ છે. એ જ્ઞાનની પર્યાયથી ભગવાન અભિન્નત્વ છે. અભિન્નત્વ છે એ કારણે તેને એકત્વ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? ૧૯૨ ગાથા અલૌકિક છે.

**'તેથી તેને એકપણું છે;...'** જુઓ, આ કારણે અચળ છે અને અચળ તો છે એમ પહેલા કહ્યું. કેમકે પ્રતિક્ષણ પર્યાયનું પ્રવર્તમાનનું ગ્રહણ-ત્યાગ નથી માટે અચળ એમ લીધું. હવે અચળ છે તે એકત્વ કેમ છે? કે એ સંબંધીનું પોતાનું જ્ઞાન છે તે અભિન્ન છે, એ

ચીજ એનાથી ભિન્ન છે. જ્ઞેયપર્યાય ક્ષણિવિનાશિકથી એ ભિન્ન છે, એ સંબંધીનું જ્ઞાન અભિન્ન છે, એ કારણે અચળ છે તે એકત્વ છે. એકત્વ સિદ્ધ કર્યું. સમજાણું કાંઈ? અને એકત્વ છે તો શુદ્ધ છે એમ સિદ્ધ કરે છે. એકત્વ છે તે શુદ્ધ છે, શુદ્ધ છે તે ધ્રુવ છે. અને તે એક અનુભવ કરવાલાયક છે. એવું જ્ઞેયનું સ્વરૂપ છે. સ્વજ્ઞેયનું એવું જ સ્વરૂપ છે. આહા..હા..! શાંતિથી સ્વાધ્યાય કરેને ધીમેથી તો તેને જ્ઞેયની ખબર પડે. સમજાણું કાંઈ? પણ પોતાની દૃષ્ટિ રાખીને એનો અર્થ કરે કે જુઓ અહીંયાં આવ્યું, તન્નિમિત્તિક. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવે છે. વ્યવહારનું, પર્યાયનું જ્ઞાન છે એ પોતાની પર્યાયમાં છે. ક્ષણવિનાશિક પર્યાય ... એ સંબંધીની એ સમયે પોતાની જ્ઞાનપર્યાય છે. તેમાં (જ્ઞેય) નિમિત્ત પડે છે તો નૈમિત્તિક કહેવામાં આવે છે. તો તન્નિમિત્તિક, પોતાના જ્ઞાનસ્વરૂપથી આત્મા અભિન્ન છે અને તે જ્ઞેયની પર્યાયથી ભિન્ન છે. તે કારણે એકત્વ કહેવામાં આવે છે. એકત્વ હોવાને કારણે શુદ્ધ છે. લ્યો! સમજાણું કાંઈ?

(પાંચમો) બોલ છે. અનાલંબ. આત્માને આલંબન જ નથી. ભગવાનની પ્રતિમા, દેરાસર, આ શાસ્ત્ર, દેવ-ગુરુ-શાસ્ત્રનું આલંબન છે કે નહિ? સ્થાનકવાસીમાં તકરાર ચાલે છે. પરનું આલંબન નહિ, આ કહે, આલંબન છે. એ તો વ્યવહારના આલંબનની વાત છે. શુભભાવ આવે છે ત્યારે એમાં નિમિત્ત કહેવામાં આવે છે ત્યારે આલંબન વ્યવહારથી છે. બાકી શુભભાવમાં જ આત્મા નથી તો પછી પ્રશ્ન ક્યાં રહ્યો તારે? માટે એવો ભાવ ન હોય એમ નથી. સમજાણું કાંઈ? એવો શુભરાગ પરની સાથે વ્યવહાર આવ્યા વિના રહે નહિ અને એનું લક્ષ નિમિત્ત ઉપર ગયા વિના રહે નહિ. પણ આત્મામાં એ શુભરાગ અને નિમિત્ત સંબંધી જ્ઞાન પોતામાં છે. રાગ અને એ નિમિત્ત પોતાના આત્મામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાનના દર્શન કરવાથી સમકિત થાય છે. લ્યો! જિનબિંબના દર્શનથી નિદ્ધત અને નિકાચિત કર્મના ટૂકડા થઈ જાય છે. ધવલમાં એમ છે. જિનબિંબના દર્શન. પણ જિનબિંબ સામે જોવાથી થાય છે? સામે જોવું તો વિકલ્પ છે. ત્યાં અધઃકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ પરિણામ આવ્યા વિના રહે નહિ. સમ્યગ્દર્શન ક્યાંથી આવ્યું? ધવલમાં ઇ આવ્યું કે જિનબિંબના દર્શનથી. પણ એનો અર્થ સમજવો જોઈએને. સમજાણું કાંઈ? આહા..હા..! એવા ઘણા લેખ છે. ધવલમાં આમ લખ્યું છે. પણ એ લોકો માનતા નથી. લોકો માનતા નથી, તારા ઘરે રહ્યા. આહા..હા..! ધવલને માનતા નથી. ધવલ મળ્યું નહિ, પહેલેથી અર્થ કર્યા, હવે શું કરે? એમ કહે છે. ભાઈ! ધવલમાં કોઈ બીજો ન્યાય હશે? તત્ત્વથી કાંઈ વિરુદ્ધ હશે? મહા આચાર્ય હતા ઈ. તત્ત્વજ્ઞાનને યથાર્થ રીતે પ્રસિદ્ધ કર્યું છે. આચાર્ય .... છેને? શુભભાવ આવે ત્યારે તેને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કહેવામાં આવે છે. નિમિત્ત છે તો શુભભાવ છે એમ નથી. એ શુભભાવ છે તો પોતામાં જ્ઞાન શુભભાવથી થયું એમ પણ નથી. પણ શુભભાવને

નિમિત્ત ગણીને તન્નિમિત્તિક પોતામાં જે જ્ઞાન પોતાના સ્વલક્ષે થયું એવી જ્ઞાનપર્યાયથી આત્મા એકત્વ છે અને પરથી ભિન્ન છે. તે કારણે તેને એકત્વ કહેવામાં આવ્યું. એકત્વ છે તે શુદ્ધ છે અને શુદ્ધનો અનુભવ કરવો તે ધ્રુવનો અનુભવ છે. તેને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જેઠ સુદ ૧૨, બુધવાર, તા. ૨૮.૦૫.૧૯૬૯**
**ગાથા-૧૯૨, પ્રવચન-૧૬૬**

આ ગુજરાતી છે. જુઓ! શું કહે છે? ૧૯૨ ગાથા. કહે છે કે આ આત્મા ધ્રુવપણાને લીધે શુદ્ધાત્મા જ અનુભવ કરવાલાયક છે. એ એનું મથાળું છે. આ આત્મા છેને આત્મા એ પરપદાર્થથી પૃથક્ છે અને પોતાના સ્વભાવથી એકત્વ છે. એ એકત્વપણું, પરથી ભિન્નપણાને કારણે એકત્વ છે અને એ કારણે શુદ્ધ છે અને શુદ્ધને કારણે ઈ ધ્રુવ છે અને ધ્રુવને કારણે તે અંતર્મુખ થઈને ધર્મને માટે અનુભવ કરવાલાયક માટે છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે. ઉપર છેને મથાળું? **'હવે, ધ્રુવપણાને લીધે શુદ્ધ આત્મા જ ઉપલબ્ધ કરવાયોગ્ય છે એમ ઉપદેશ છે :—'** તો એમાં ચાર બોલ તો આવી ગયા છે. ક્યા? કે આ આત્મા જ્ઞાન અને દર્શનસ્વરૂપ જ ત્રિકાળ છે. એ કારણે જ્ઞાનસ્વભાવ અને દર્શનસ્વભાવને લીધે પરથી ભિન્ન છે અને પરસંબંધી પોતાના જ્ઞાનની જે પર્યાય છે તેનાથી અભિન્ન છે. સમજાણું કાંઈ? પોતાનું જ્ઞાન-દર્શનસ્વરૂપ, જાણન-દેખનસ્વરૂપ એવો આત્મા પરસ્વરૂપ દ્રવ્યથી ભિન્ન છે, પણ પરદ્રવ્યની જે પર્યાય કે દ્રવ્ય છે એ સંબંધી અહીંયાં જ્ઞાન થાય જ્ઞાન, ઈ જ્ઞાનની પર્યાયથી આત્મા અભિન્ન છે. જરા ઝીણું છે! કોઈ દિ' સાંભળી નથી આ વાત જ તે.

વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા અહીંયાં કહે છે કે જેને આત્માનું કલ્યાણ કરવું છે તેણે કેમ કરવું અને ક્યા પ્રકારે કલ્યાણ થાય છે એ વાત ચાલે છે. સર્વજ્ઞ પરમાત્મા વીતરાગદેવ ત્રિલોકનાથ પરમેશ્વર તીર્થંકરદેવને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ, ત્રણ લોક જણાયા. તો એમની વાણીમાં એમ આવ્યું કે આ આત્મા જે છે એ પરથી ભિન્ન છે—જુદો છે અને પોતાનું પરસંબંધીનું જ્ઞાન પોતામાં થાય છે તે જ્ઞાનથી અભિન્ન છે. એ નથી સમજાતું? સમજાણું કાંઈ? પોતાનું હોવાપણું એમાં પર શરીર, વાણી, કર્મ એનાથી તો ભિન્ન છે. અને એ શરીર, વાણી, કર્મ સંબંધી પોતામાં જ્ઞાન થાય કે આ શરીર છે, કર્મ છે. એ જ્ઞાનની પર્યાય પોતામાં

થાય એ જ્ઞાનની પર્યાયથી તો વસ્તુ અભિન્ન-એક છે, જુદી નથી. એ કારણે આત્માને એકપણું, એકત્વ કહેવામાં આવે છે. એવો એકત્વ આત્મા શુદ્ધ થયો. એક કહો તો શુદ્ધ છે. શુદ્ધ છે તો તે ત્રિકાળી ધ્રુવ છે. તો તે ધ્રુવ અંતર દૃષ્ટિ કરીને અનુભવ કરવાલાયક છે. તો તેને ધર્મ થાય છે. એવી વાત છે. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? ઈ બે બોલ થયા. પછી અતીન્દ્રિય મહાપદાર્થ કહ્યો. આપણે પાંચ બોલ તો ચાલ્યા છે. સમજાણું કાંઈ?

અતીન્દ્રિય મહાપદાર્થમાં શું કહ્યું? એમાં આપણે આવી ગયું કાલે કે શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ. શબ્દ જડની પર્યાય છે અને રંગ, ગંધ, રસ, સ્પર્શ જડના ગુણો છે. તે પોતાથી-આત્માથી તો ભિન્ન છે. એ શબ્દ, રંગ, ગંધ, રસ, સ્પર્શના અસ્તિત્વનું પોતામાં એ સંબંધીનું જ્ઞાન થાય એ જ્ઞાનની પર્યાયથી આત્મા અભિન્ન છે. ન્યાય સમજ્યા? લોજિકથી તો વાત ચાલે છે, પણ હવે આ અભ્યાસ જ ન મળે. વીતરાગ માર્ગમાં વીતરાગ શું કહે છે (એની ખબર ન મળે અને) બહારથી આમ કરો ને તેમ કરો. શું કરે? વસ્તુ ચૈતન્યમૂર્તિ છે. સમજાણું કાંઈ? આ તો જ્ઞાનનો પ્રકાશપુંજ આત્મા છે. દર્શન અને જ્ઞાન તેનો પુંજ પ્રભુ છે.

એ આત્મા, કહે છે કે પાંચ ઈન્દ્રિયથી ભિન્ન છે. અતીન્દ્રિય મહાપદાર્થ કહેવો છેને? પાંચ ઈન્દ્રિયથી ભિન્ન છે. આ ઈન્દ્રિયો જડ અને ખંડખંડ ઈન્દ્રિય એનાથી પણ એ તો ભિન્ન છે. અને ઈન્દ્રિય સંબંધી કે શબ્દ, રૂપ સંબંધી જે પોતામાં પોતાને કારણે જ્ઞાન થાય છે તો જ્ઞાનની દશાથી આત્મા અભિન્ન છે, એક છે. જ્ઞાનની અવસ્થાથી જુદો નથી. એનાથી જુદો છે. સમજાણું કાંઈ? જેમ આ કાન, શબ્દ. તો શબ્દ અને કાન તો ભિન્ન છે, પણ પોતાની પર્યાયમાં આ કાન છે અને શબ્દ છે એવી જે જ્ઞાનની દશા પોતામાં થાય છે તે જ્ઞાનની અવસ્થાથી આત્મા અભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવે, આવે. ધીમે ધીમે (સમજમાં) આવે. વેપારમાં કેમ આગળ ઊંડા ઊંડા જાય છે. એમાં લગાવે છે કે નહિ? પાંચ લાખની મૂડી હોય તો પચ્ચીસ લાખનો ધંધો કરે મોટા. સટ્ટો લગાવે ને કાંઈ ને કાંઈ કરે. છે કે નહિ? બુદ્ધિ લગાવવી જોઈએને. આ તો વીતરાગનો માર્ગ છે. જેને પોતાનું કલ્યાણ કરવું હોય એ કેમ થાય એ પહેલા લક્ષમાં લેવું જોઈએ. લક્ષમાં લીધા વિના એનું કલ્યાણ કેમ થશે? ચોર્યાશીના અવતારમાં અનાદિથી દુઃખી છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાના જ્ઞાન અને આનંદથી ભરેલો આત્મા તે પરને પોતાનું માની દુઃખી છે, આત્માની શાંતિ (હણાય છે). પરને પોતાનું માનવાથી અને પોતાને ભૂલવાથી દુઃખી છે. સમજાણું કાંઈ?

કહે છે કે અતીન્દ્રિય મહાપદાર્થ જે પરવસ્તુથી ભિન્ન છે અને એ સંબંધીનું પોતાના જ્ઞાનથી અભિન્ન છે. એવો અતીન્દ્રિય મહાપદાર્થ છે. એ કારણે એકત્વ છે. કારણ કે પરથી ભિન્ન છે અને પોતાની જ્ઞાન પર્યાયથી અભિન્ન છે તો એ કારણે એકત્વ રહ્યું, એકપણું રહ્યું. એકપણાને કારણે શુદ્ધ છે અને શુદ્ધને કારણે કાયમ રહેનારી ધ્રુવતા છે. તો એ ધ્રુવની અંતર દૃષ્ટિ કરીને અનુભવ કરવો એનું નામ ધર્મ અને સમ્યગ્દર્શન આદિ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું

કાંઈ?

પછી અચળ લીધું અચળ. પાંચમો બોલ. ભગવાન આત્મા અચળ છે. એટલે કે જગતના જ્ઞેય છે જાણવાલાયક પદાર્થ, એમાં જે ક્ષણવિનાશી પ્રવર્તમાન પર્યાય પરમાં થાય છે, જેમ આ શરીર, વાણી આદિની પર્યાય થાય છેને? અવસ્થા થાય છેને? તો એ અવસ્થા ક્ષણવિનાશિક છે. ક્ષણે ક્ષણે તે અવસ્થા નાશ પામે છે, કાયમ રહેતી નથી. તો પરપદાર્થની જે અવસ્થા છે શરીર, વાણી, કર્મ એની ક્ષણે ક્ષણે વિનાશ પામતી અવસ્થા, તે અવસ્થાથી આત્મા ભિન્ન છે. સમજાણું કાંઈ? અથવા એ અવસ્થાના ગ્રહણ-ત્યાગનો આત્મામાં અભાવ છે. આહા..હા..! પરપદાર્થની અવસ્થા તેને આત્મા ગ્રહણ કરે કે છોડે એમ છે નહિ. આ શરીર આદિ અવસ્થા જુઓ આમ થાય છે, વાણીની અવસ્થા થાય છે, લાકડીની થાય છે, એ પરની અવસ્થા વર્તમાન ચાલતી દશા જે વિનાશિક વિનાશરૂપ છે પણ વર્તમાન પ્રવર્તે છે. એ ક્ષણિક અવસ્થાને આત્મા ગ્રહણ કરે કે છોડે એમ તો છે નહિ. તો પરપદાર્થની અવસ્થાને કેમ ગ્રહણ કરે? સમજાણું કાંઈ? કેમકે પરપદાર્થથી તો ભિન્ન છે. પરપદાર્થથી તો અભાવસ્વરૂપ છે. તો પરપદાર્થની અવસ્થાને ગ્રહવી કે મૂકવી એ આત્મામાં છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? બેસવા દેજો ભાઈ, માર્ગ કરજો માર્ગ.. સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે કે ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર આત્માની એક સમયની જ્ઞાનની દશા જેને પૂર્ણ પ્રાપ્ત થઈ છે, જેના જ્ઞાનમાં ત્રણ કાળ, ત્રણ લોક જણાય છે એવા પરમેશ્વર સર્વજ્ઞદેવની વાણીમાં એમ આવ્યું કે આત્મા અચળ છે. અચળની વ્યાખ્યા શું? કે પોતાના આત્મા સિવાય આ શરીર, વાણી, મન આ જડાદિ પદાર્થ, અન્ય આત્માઓ અને અન્ય શરીર જડ આદિ, એની વર્તમાન ચાલતી અવસ્થા તે ક્ષણિક છે. તે અવસ્થા બદલી જાય છે. જુઓ, આ શરીર છે કે નહિ જુઓ. આ અવસ્થાઓ બદલી જાય છે. ક્ષણે... ક્ષણે... ક્ષણે... આવી છે તો આવી થાય છે, આવી છે તો આમ થાય છે, આમ છે તો આમ થાય છે. આમ આમ થાય તે ક્ષણે ક્ષણે બદલતી અવસ્થા. રજકણ કાયમ રહે છે અને અવસ્થા બદલે છે તેમ બીજાનો આત્મા કાયમ રહે છે, એની અવસ્થા બદલે છે. તો એ દ્રવ્ય જે આત્મા અને રજકણ છે તેની વર્તમાન ક્ષણિક વર્તતી પર્યાય બદલે છે તેને આત્મા ગ્રહણ કરે કે છોડે એમ છે નહિ. ન્યાય સમજાય છે કે નહિ? સમજાણું કાંઈ? એ આવી ગયું છે. ... એ જ્ઞેયપર્યાયરૂપ પરદ્રવ્યથી તો ભિન્ન છે, પણ તન્નિમિત્તિક જ્ઞાનસ્વરૂપ સ્વધર્મથી અવિભાગ છે તેથી તેને એકપણું છે. ત્યાં સુધી આવ્યું છે. પાંચ છેને પાંચ? પાંચ છે. પાંચ સુધી આવ્યું. કાલે આવ્યું. સમજાણું કાંઈ?

આજ તો છઠ્ઠો બોલ ચાલે છે. પછી પાઠમાં અર્થ લેશે. પણ પાંચમા બોલમાં આ કહ્યું. પોતાનું જ્ઞાન, દર્શન અસ્તિત્વ છે જાણવું-દેખવું એવો આત્માનો સ્વભાવ છે. તો એ સ્વભાવમાં પરપદાર્થની ચાલતી વર્તમાન અવસ્થા જે છે તે ક્ષણે ક્ષણે બદલતી અવસ્થાને તો આત્મા

પરચીજને ગ્રહે અને છોડે કેમ? એ તો સ્વતંત્ર ચીજ છે. તેથી તે અચળ છે. હવે અચળ એકત્વ કેમ છે? સમજાણું કાંઈ? એક .. બતાવ્યું. આત્મા સિવાય, પોતાના આત્મા સિવાય... અલાવા કહે છેને. પરપદાર્થ જે છે શરીર, વાણી, મન આદિ આખી દુનિયા એની વર્તમાન ચાલતી દશા-અવસ્થા તે ચાલતી અવસ્થા ક્ષણિક છે. કેમકે બીજા સમયે બદલી જાય છે. તો એ ક્ષણિક અવસ્થા પ્રવર્તમાન છે એ અવસ્થાથી જડથી, પરથી આત્મા ભિન્ન છે. તો પરને ગ્રહે-છોડે એમ છે નહિ. કેમકે એ પરનો સ્વામી નથી. સમજાણું કાંઈ? એ કારણે અચળ છે. હવે એકત્વ કેમ છે? કે જે પરની પર્યાય આમ થાય છે એનાથી આત્મા ભિન્ન છે, પણ એ સંબંધીનું જ્ઞાન થયું કે શરીર આમ ચાલે છે, આમ ચાલે છે. અહીં પોતાની પર્યાયમાં, પોતામાં પોતાના લક્ષે જ્ઞાન થયું કે આ શરીર આમ ચાલે છે, શરીરની અવસ્થા બદલે છે એવું પરની અવસ્થા સંબંધી પોતામાં પોતાને કારણે જ્ઞાન થયું, તે જ્ઞાનની પર્યાયથી આત્મા અભિન્ન છે અને પરની પર્યાયથી ભિન્ન છે માટે એકત્વ છે. સમજાણું કાંઈ? માર્ગ (સમજવા માટે) જરી મગજને કેળવવું પડે. હીરા-માણેકમાં કેળવે છે કે નહિ? થોડી-થોડી કિંમત જુઓ આ પાંચ લાખના, દશ લાખના, પચાસ હજારના, લાખના.

એક ભાઈ કહેતા હતાને ઓલા ગોદિકા. જયપુરવાળા છેને ગોદિકા. પુનમચંદ ગોદિકા. એ કહે કે ... કે આટલો કટકો વધારે કપાઈ જાય તો લાખની કિંમતના પચ્ચીસ હજાર આવે. લાખના પચ્ચીસ. અને બરાબર કપાઈ જાય અને હોય પચ્ચીસ હજારની કિંમત પણ એક લાખ (આવે). એને આ દાણાનો વેપાર કરે, વકીલાતનો વેપાર કરે બસ્સો, પાંચસો, હજારનો એમ ન હોય. કાં તો લાખ જાય અને કાં લાખ આવે. એમ ઈ કહેતા હતા. એક કટકો આવો.. એક કટકો આટલો. .. આમ કરે ત્યાં પણ વળ બીજો હોય. વળ-વળ હોયને એમાં? વળ બીજો હોય તો વળ આમ કરે તો બીજો થઈ જાય. લાખની પચ્ચીસ હજાર કિંમત થઈ જાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધ્યાન રાખે તોપણ એ તો થવાની હોય તે જ પર્યાય થાય છે, ધ્યાન રાખવાથી નથી થતી. એ તો કહ્યું. એ તો કહ્યું કે એ પર્યાય ક્ષણિક છે. કટકા થાય છે તે ક્ષણિક છે, અવસ્થા બદલે છે. તો એ અવસ્થાને ગ્રહણ કરે, બનાવે કે છોડે એ તો આત્મામાં છે નહિ. એ અવસ્થા તો એનાથી થાય છે. શું આત્માથી થાય છે? આત્મા તે સંબંધીનું (જ્ઞાન), એ પર્યાય થઈ એ સંબંધીનું જ્ઞાન થયું, જ્ઞાનની પર્યાય થઈ, તો જ્ઞાનની પર્યાયનો કર્તા છે, પણ પરની પર્યાયનો કર્તા નથી. તો એ જ્ઞાનની પર્યાય થઈ એ જ્ઞાનની પર્યાયથી આત્મા અભિન્ન છે અને પરની પર્યાયથી આત્મા ભિન્ન છે માટે આત્મા એકત્વ છે. અચળ છે, એકત્વ છે. આહા..હા..! એકત્વને કારણે શુદ્ધ છે, અનેકપણું નથી માટે શુદ્ધ છે. એકત્વને કારણે શુદ્ધ છે, અનેકપણું નથી માટે અશુદ્ધપણું નથી અને શુદ્ધ છે તો એકરૂપ રહેનારી

ચીજ છે તો નિર્મળ પર્યાય સહિત તેને ધ્રુવ કહેવામાં આવે છે. આહા..હા..! ભારે ભાઈ!

આ તો પ્રવચનસાર છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માના મુખે દિવ્યધ્વનિ નીકળી. દિવ્યધ્વનિ કહો કે પ્ર-વચન, વચનનો સાર કહો. પ્ર-વચનો. પ્ર એટલે ઉત્કૃષ્ટ, વચન એટલે દિવ્યધ્વનિ. સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા સમવસરણમાં ૐ એવી દિવ્યધ્વનિ છૂટી. આ પ્રવચનસાર એનો સાર છે. સમજાણું કાંઈ? આ અભ્યાસ કર્યો નથી. અનાદિનો અભ્યાસ નથી કે આ શું છે? અચળ એટલે શું? એકત્વ એટલે શું? શુદ્ધત્વ શું? ધ્રુવત્વ શું? શું કહે છે આ? અભ્યાસ નથી. વકીલાતનો અભ્યાસ હોય તો એમાંથી બધું કાઢે. આ કેસ અહીંયાં ચાલ્યો હતો લંડનમાં, એનો ફેંસલો આમ આવ્યો હતો, આનો ફેંસલો આમ થવો જોઈએ. સમજાણું કાંઈ? તો ભગવાનના ઘરનો ફેંસલો ધર્મનો આમ આવ્યો હતો તો આમ તને હોવું જોઈએ. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન આત્મા વસ્તુ છેને, પદાર્થ છેને. પદાર્થ અસ્તિ છેને અસ્તિ. સત્તા છેને. હોવાપણું છેને? તો હોવાપણાનું સ્વરૂપ શું? કે જ્ઞાન અને દર્શનના હોવાપણે પદાર્થ છે. અને ઇન્દ્રિયથી પર છે માટે અતીન્દ્રિય મહાપદાર્થ છે અને ક્ષણિક પર્યાયના ગ્રહણ-ત્યાગનો અભાવ હોવાથી તે અચળ છે. સમજાણું કાંઈ?

હવે આજ તો છઠ્ઠો બોલ ચાલે છે. છઠ્ઠો. '**વળી નિત્યરૂપે પ્રવર્તતાં...**' છે? પાંચમા પછી છે. પાંચ પછી. પાંચ બોલ થઈ ગયા. એ પાંચમો બોલ થઈ ગયો. આ છેને? આ પાંચમો છેને. પહેલા બે અને આ ત્રણ થઈ ગયા અને આજે છઠ્ઠો બોલ છે. પહેલા બે આવી ગયાને ૧-૨? અને આ પાંચ આવ્યો. બે, એક, ત્રણ અને ચાર. જ્ઞાન અને દર્શન બે, અતીન્દ્રિય ત્રણ અને ક્ષણવિનાશ ચાર. ચાર થઈ ગયા, નહિ? આ પાંચમો. પાંચ બોલ છેને. '**નિત્યરૂપે પ્રવર્તતાં...**' શું કહે છે હવે? ઓલામાં ક્ષણિકપર્યાય લીધી હતી. ભગવાન આત્મા વસ્તુ છેને ચિદાનંદ સ્વરૂપ, પરદ્રવ્ય જે કાયમ રહેનારી ચીજ છે, કાયમ રહેનાર પરિણામરૂપ, કાયમ રહેનારા આત્માઓ જે નિત્ય કાયમ રહેનારા. પહેલા પર્યાયની વાત કરી હતી, હવે અહીંયાં તો કાયમ રહેનારી વસ્તુ છે તો એનું કોઈ આલંબન છે કે નહિ? પર્યાયનું તો આલંબન ન હોય. સમય-સમયની અવસ્થા બદલે છે એના તો ગ્રહણ-ત્યાગ નથી. અને એનું આલંબન પણ નથી. પણ એ કાયમ ચીજ રહે છે તો દૃષ્ટિ લગાવીને ધ્રુવ રહે છે તો એનું કોઈ આલંબન છે કે નહિ?

ભગવાનની મૂર્તિ છે, પ્રતિમા છે એનું કોઈ આલંબન છે કે નહિ? એ તો બની છે. બનાવે કોણ? એ રજકણ પદાર્થ છે કે નહિ? તો પરમાણુઓ રજકણ અસ્તિ તત્ત્વ છે કે નહિ? સત્તાવાન છે કે નહિ? તો એ ટકીને બદલાય છે. તો એ પલટીને થયા છે. આત્માએ બનાવી એમ છે નહિ. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? ..અજીવ તત્ત્વ છે કે નહિ? અજીવ તત્ત્વ છે રજકણ પરમાણુ અને એ પરમાણુ કાયમ રહીને પલટીને તે પર્યાય થાય છે. તો

પર્યાયને તો પરમાણુએ બનાવી છે. આત્માએ બનાવી નથી. સમજાણું કાંઈ? ભારે કામ આકરું જગતને. તત્ત્વની દૃષ્ટિ સમજ્યા વિના તેને ધર્મ થાય એમ ત્રણ કાળમાં બનતું નથી. તો તત્ત્વ શું છે એ અહીંયા સમજાવે છે.

ભગવાન! તારું સ્વરૂપ તો જ્ઞાનાનંદ સ્વરૂપ છે. અતીન્દ્રિય મહાપદાર્થ છેને. અચળ છેને. સમજાણું કાંઈ? એ કારણે એકત્વ છે, નિરાલંબન છે. નિરાલંબન છે તો એકપણે છે. એકપણે છે તો શુદ્ધ છે, શુદ્ધ છે તો ધ્રુવ છે. ધ્રુવ છે તો આશ્રય કરીને અનુભવ કરવાલાયક છે એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'નિત્યરૂપે પ્રવર્તતાં...'** એમ સિદ્ધ કર્યું છે. એક આત્મા સિવાય બીજો આત્માઓ પણ નિત્ય પ્રવર્તમાન છે. બીજા અનંત આત્માઓ છે એ કાયમ રહેનારા છે. વિનાશ થશે? આ શરીર રજકણ છે એની અવસ્થા છે. રજકણો જે પોઈન્ટ છે એ તો નિત્ય વર્તમાન કાયમ રહેનારા છે. એ તો આ અવસ્થા બદલી. પહેલા દાળ-ભાતની અવસ્થા હતી... પહેલા માટીની હતી, પછી દાળ-ભાતની થઈ, પછી લોહીની થઈ, પછી .. થઈ, પણ પરમાણુ તો કાયમ રહેશેને? પર્યાય જેને આધારે થાય છે એ તો નિત્ય વસ્તુ છે. સમજાણું કાંઈ? કહે છે કે સત્ **'નિત્યરૂપે પ્રવર્તતાં...'** જુઓ, ઓલામાં એમ હતું કે ક્ષણવિનાશરૂપે પ્રવર્તતા. ભાઈ! એમ હતું. **'ક્ષણવિનાશરૂપે પ્રવર્તતા...'** એમ ભાષા હતી. આ **'નિત્યરૂપે પ્રવર્તતાં...'** ઓહો..હો..! ટીકા તે પણ કેટલી કરી! જુઓ! પોતાના આત્મા સિવાય અનંત આત્માઓ, સર્વજ્ઞનો આત્મા હો, દેવ-ગુરુનો આત્મા હો કે પરપદાર્થ કાયમ રહેનારી ચીજ છ દ્રવ્ય છે. પોતાના સિવાય પણ છ દ્રવ્ય છે. અનંત આત્માઓ, અનંત રજકણો, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને આકાશ. ભગવાને એવા છ દ્રવ્ય જોયા છે. તો પોતા સિવાય છ દ્રવ્ય ભિન્ન છે તે છ દ્રવ્ય કાયમ રહેનારા છે.

**'નિત્યરૂપે પ્રવર્તતાં (શાશ્વત એવાં) જ્ઞેય દ્રવ્યોના આલંબનનો અભાવ હોવાથી...'** એ નિત્ય હોવા છતાં ભગવાન આત્મામાં એના આલંબનનો અભાવ છે. કેમકે તે પરદ્રવ્ય છે. સમજાણું કાંઈ? સાક્ષાત્ ત્રિલોકનાથ પરમાત્મા સમવસરણમાં બિરાજતા હોય અને એનો આત્મા કાયમ રહેનાર છે, પણ એના આલંબનનો (મારા) આત્મામાં અભાવ છે. કેમકે એ વસ્તુ ભિન્ન છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આલંબન હોય નહિ. ભિન્ન વસ્તુનું આલંબન શું? પોતાનું આલંબન છે. પરવસ્તુને અડે નહિ, સ્પર્શે નહિ તો આલંબન ક્યાંથી? સમજાણું કાંઈ? છતાં .. કેટલી પ્રતિમા બનાવી.. એમ થાય છે હોં! આહા..હા..! વીતરાગ માર્ગની સમજણ કરવી... સમજાણું કાંઈ?

**'નિત્યરૂપે પ્રવર્તતાં (શાશ્વત એવાં) જ્ઞેય દ્રવ્યોના...'** આ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મામાં આ છ દ્રવ્યો જે જ્ઞેય છે, કાયમ રહેનારા શાશ્વત પ્રવર્તમાન છે, એના આલંબનનો અભાવ

હોવાથી. કેમકે પરચીજનું આલંબન આત્મામાં ક્યાંથી હોય? એ તો સ્વયં પોતાથી જ આત્મા ટકી રહ્યો છે. આહા..હા..! શાસ્ત્રના પરમાણુ કાયમ રહે છે એનું પણ આલંબન નથી એમ કહે છે. આ તો પર્યાય છે, પણ આ પરમાણુ તો કાયમ છેને, રજકણ પોઈન્ટ તો કાયમ છે. એમ ભગવાનનો આત્મા પણ કાયમ છે. એમાં બીજાનો ભવિ, અભવિનો આત્મા પણ કાયમ છે. તેમ રજકણ પણ કાયમ છે, કાળાણુ, ધર્માસ્તિ, અધર્માસ્તિ કાયમ છે. તો જ્ઞેયરૂપ શાશ્વત પ્રવર્તમાન જે પદાર્થ છે તેનો આત્મામાં, પરવસ્તુ હોવાથી એના આલંબનનો અભાવ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એનાથી જ્ઞાન થતું જ નથી. એ તો પ્રશ્ન જ અહીંયાં નથી. એ પછી કહેશે. અહીંયાં તો હજી પરના આલંબનનો અભાવ છે એટલું બતાવવું છે. પછી એ સંબંધી પોતામાં જ્ઞાન થાય એ પછી કહેશે. સમજાણું કાંઈ? આહા..હા..!

પોતાની સત્તામાં જ્ઞાન-દર્શન ભર્યું છે. તો કોઈપણ ચીજને જાણવામાં જાણનાર મુખ્ય ન હોય તો આ ચીજ શું છે એનો નિર્ણય કરનાર કોણ? તો કોઈપણ ચીજને જાણવામાં આત્મા જ્ઞાનસ્વરૂપ, દર્શનસ્વરૂપ મુખ્ય છે. આ ચીજ છે, આ ચીજ છે, ક્ષણિક છે, નાશવાન છે—એવો જ્ઞાને નિર્ણય કર્યો, પણ એ જ્ઞાન પોતાથી નિર્ણય કરે છે. કોઈ પરના અવલંબને નિર્ણય કરે છે એમ નથી. સમજાણું કાંઈ?

'**નિત્યરૂપે પ્રવર્તતાં જ્ઞેયદ્રવ્યોના...**' અહીં જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન છેને? તો ભગવાન આત્મા જ્ઞેય છે અને પોતા સિવાય સર્વ દ્રવ્યો જ્ઞેય છે. પણ એ સર્વ દ્રવ્યો જે જ્ઞેય છે એના આલંબનનો ભગવાન આત્મામાં, પરવસ્તુથી ભિન્ન હોવાથી, પરવસ્તુનો પોતામાં અત્યંત અભાવ હોવાને લીધે અને પોતાના આત્માનો પરદ્રવ્યમાં અત્યંત અભાવ હોવાને લીધે પરનું આલંબન નથી. સમજાણું કાંઈ? આ શરીરનું આલંબન નથી એમ કહે છે. આ ઈન્દ્રિય છે તો એનું આલંબન થયું તો જ્ઞાન થયું એમ નથી એમ કહે છે. ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- વ્યવહારે છે.

ઉત્તર :- વ્યવહારનો અર્થ શું? કહેવામાં આવે કે આમ છે. પણ એમ છે નહિ. ઈન્દ્રિયથી જ્ઞાન થતું નથી, શબ્દથી થતું નથી, શાસ્ત્રથી થતું નથી. કહે છેને કે શાસ્ત્રાદિ તો પરદ્રવ્યની પર્યાય છે અને શાસ્ત્રના પરમાણુ કાયમ રહે છે એનું અવલંબન આત્મામાં છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન ચૈતન્ય સ્વભાવનો પુંજ છે. જ્ઞાન ચૈતન્ય-આંખ છે ત્રિકાળી. એમાં પરજ્ઞેય જેટલા શાશ્વત રહેનારા છે અને પર્યાય પલટનારી છે, બેયનો તો એમાં અભાવ છે. કેમકે પરપદાર્થનો પોતામાં અભાવ ન હોય તો પોતાના સ્વભાવપણે ટકી શકે નહિ. પોતાથી પણ છે અને પરથી પણ છે એમ હોય નહિ. પોતાથી છે અને પરથી નથી. પરથી નથી તો એ (પોતાપણે ટકી રહે છે). આ આંગળી પોતાથી છે અને આ (બીજી) આંગળીથી નથી. તો આ આંગળી

પોતાથી ટકી રહી છે. આ આંગળી પોતાથી છે અને પરથી પણ હોય તો બે રૂપ થઈ જાય. આંગળી આંગળીથી છે અને આ આંગળી પર આંગળીથી નથી. બરાબર છે? આ આંગળી તૂટી જાય તો આ આંગળી તૂટી જાય છે? આ આંગળી તૂટી જાય તો આ આંગળી તૂટી જાય છે? કેમકે પરથી તો છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો ભેદજ્ઞાન કરાવીને, એકત્વ બતાવીને, શુદ્ધત્વ કરીને, ધ્રુવ કરીને પોતાના આત્માનું અવલંબન લેવું એ બતાવે છે. આહા..હા..!

કહે છે, પરમાત્મા કુંદકુંદાચાર્ય સંત છે દિગંબર આચાર્ય. સંવત્ ૪૯માં થયા. મહા સંત સાક્ષાત્ ભગવાન પાસે ગયા હતા સદેહે. સીમંધર પરમાત્મા વર્તમાનમાં તીર્થંકરપણે બિરાજમાન છે. એ વખતે પણ બિરાજમાન હતા. આયુષ્ય મોટું છે. કરોડ પૂર્વનું આયુષ્ય છે. કરોડ પૂર્વનું આયુષ્ય ભગવાનનું. એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ, ૫૬ હજાર કરોડ વર્ષ ચાલ્યા જાય, એક પૂર્વમાં. એવા-એવા કરોડ પૂર્વનું આયુષ્ય છે ભગવાનનું. સાંભળ્યું નથી? ૫૦-૧૦૦ વર્ષ થાય તો લાગે આહા..હા..! હવે ધૂળેય નથી. ભગવાન બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં. સમજાણું કાંઈ? આ ભરતક્ષેત્ર છે. મહાવિદેહ ભિન્ન દૂર રહ્યું. ક્ષેત્ર આ જમીન ઉપર છે. ભગવાન બિરાજે છે તીર્થંકરપણે, સર્વજ્ઞપણે, કેવળજ્ઞાની, કેવળદર્શન, અનંત આનંદ, અનંત વીર્યપણે બિરાજે છે. શરીરનો સંયોગ સંબંધ છે, વાણી નીકળે છે. સમવસરણમાં ઈન્દ્રો આદિ આવે છે.

તો કહે છે કે એ ભગવાન પાસે કુંદકુંદાચાર્ય ગયા હતા. ભરતક્ષેત્રનો આત્મા એણે મહાવિદેહક્ષેત્રની જાત્રા કરી. સમજાણું કાંઈ? ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા. ત્યાંથી આવીને આ પ્રવચનસાર શાસ્ત્ર બનાવ્યું. કહે છે કે ભગવાનનો સંદેશ તો આ છે. પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વરનો સંદેશ તો આ છે. મહાવીર પરમાત્મા હવે તો સિદ્ધ થઈ ગયા. એ તો વાણી વિનાના થઈ ગયા. મહાવીર આદિ સિદ્ધ થઈ ગયા. સિદ્ધને શરીર નથી. અરિહંત જ્યાં સુધી હોય ત્યાં સુધી ચાર કર્મનો નાશ થાય અને ચાર કર્મ બાકી છે. ત્યાં સુધી શરીર અને વાણી હોય છે. શરીરરહિત સિદ્ધ હોય એને વાણી નથી હોતી. ણમો સિદ્ધાણં એને શરીર-વાણી નથી હોતા. ણમો અરિહંતાણંમાં છે ત્યાં સુધી તેને શરીર અને વાણીનો યોગ છે. પણ વાણી અને યોગથી ભિન્ન આત્મા છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને શરીરને કારણે અહીંયા જ્ઞાન છે એમ પણ નથી. આહા..હા..!

કહે છે કે તે '**નિત્યરૂપે પ્રવર્તતાં જ્ઞેયદ્રવ્યોના આલંબનનો અભાવ હોવાથી જે નિરાલંબ છે...**' ભગવાન આત્મા અત્યારે નિરાલંબ છે એમ કહે છે. અત્યારે નિરાલંબ છે. વસ્તુ અસ્તિપણે જ્ઞાન-દર્શન, અતીન્દ્રિય મહાપદાર્થ, અચળપણે અને વર્તમાન નિરાલંબનપણે બિરાજમાન આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આંખ કાયમ ટકે રજકણરૂપે, ક્ષણવિનાશી પર્યાયની વાત આવી ગઈ. વસ્તુ કાયમ ટકે, આ રજકણ કાયમ છે. તો એ રજકણ કાયમ છે એ તો પોતાના અસ્તિત્વથી છે. ભગવાન આત્મા કાયમ છે પોતાના અસ્તિત્વથી છે.

તો પરના આલંબનનો અભાવ છે. કેમકે પર છે તો આત્મા છે એમ નથી. આહા..હા..! ભારે ઝીણું! ઈ કરતા તો કે પૂજા કરી નાખે, ભક્તિ કરી નાખે ... કાંઈક સમજાય તો ખરું. અહીં તો કહે છે, ધૂળમાંય ધર્મ થતો નથી. ગમે તેટલી તારી ભક્તિ, પૂજા લાખ કરને. પુણ્ય થાય શુભરાગ, સંયોગીભાવ. તેને સંયોગીભાવને પોતાના માનવા તે મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? એ તો શુભભાવ આસ્રવ છે. અને આત્મા આસ્રવતત્ત્વથી રહિત આત્મા છે. આત્મા જેમ અજીવથી રહિત છે તેમ આસ્રવતત્ત્વથી રહિત છે. તેને આસ્રવ સહિત માનવું એ મિથ્યાત્વ છે. ઓહો..હો..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જાત્રા કરવા જાય તો એ શુભરાગ છે. શુભરાગ છે તે આસ્રવ છે, પરલક્ષી વિકલ્પ છે, આત્માના સ્વભાવમાં એ ભાવ નથી. એવી વાત છે, ભાઈ! ધર્મ કોઈ એવી ચીજ નથી કે બહારથી મળી જાય. આહા..હા..!

મુમુક્ષુ :- અહીં સુધી આવ્યા...

ઉત્તર :- અહીં ક્યાં આવ્યા છો? છે ત્યાં છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો એમ કહે છે કે વાણી પર્યાય જે નિમિત્ત છે એનો પણ આત્મામાં ગ્રહણ-ત્યાગ નથી. અને વાણીના રજકણ કાયમ રહેનારા છે તેનું પણ આત્મામાં આલંબન નથી. તો વાણી છે તો જ્ઞાન થાય એમ છે નહિ. આહા..હા..! જ્યાં જ્ઞાન છે તો જ્ઞાન થાય છે. અંદરમાં જ્ઞાન છે તો જ્ઞાનમાંથી જ્ઞાન આવે છે. પણ અજ્ઞાનીને પરલક્ષ છે તો જાણે જ્ઞાન પરમાંથી આવે છે એવો ભાસ થાય છે. અજ્ઞાનીને પણ જ્ઞાનની પર્યાય અંદર છે એમાંથી આવે છે. સમજાણું કાંઈ? પણ દૃષ્ટિ પર ઉપર છે તો, ઈન્દ્રિયથી મેં સાંભળ્યું તો જ્ઞાન થયું એવો ભ્રમ થઈ જાય છે. આહા..હા..! જ્ઞાન તો જેમાંથી હોય એમાંથી આવે કે ન હોય એમાંથી આવે? શું ઈન્દ્રિયમાં આમાં જ્ઞાન છે? આ તો માટી છે, ધૂળ છે.

મુમુક્ષુ :- વ્યવસ્થા તો જુદી-જુદી છે?

ઉત્તર :- વ્યવસ્થા જુદી-જુદી છે. ઈન્દ્રિયથી માને છે અને આવે છે અંદરથી અને માને છે (ઈન્દ્રિયથી થાય છે), વ્યવસ્થા જુદી છે, એની વ્યવસ્થા મિથ્યાત્વ છે. જેમાં છે ચૈતન્ય ખાણ, આનંદની ખાણ ભગવાન જ્ઞાનાનંદ તો એમાંથી જ્ઞાનનો પ્રવાહ આવે છે, એમ નહિ માનતા તે પર્યાયમાં પહેલી વિશેષતા નહોતી, બીજે સમયે ઈન્દ્રિય અને નિમિત્તથી કંઈક વિશેષતા દેખાણી એટલે અહીંથી આવી એવું ભાન થયું, તે ભ્રમ છે, અજ્ઞાન છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવે છે તો જ્ઞાનની અવસ્થા શું નિમિત્તમાંથી આવે છે? શું નિમિત્તમાં જ્ઞાન ભર્યું છે? સમજાણું કાંઈ? જેમાં હોય એમાંથી પ્રવાહ આવે. તો ભગવાન ચૈતન્યજ્યોત જ્ઞાનનો પુંજ સત્ત્વ-તત્ત્વ છે તો એમાંથી પ્રવાહ-પર્યાય આવે છે. પણ અજ્ઞાનીની દૃષ્ટિ પર ઉપર હોવાથી (એને એમ લાગે છે કે) પહેલા આવી પર્યાય નહોતી, બીજી નવી પર્યાય થઈ એમાં

વિશેષ ખ્યાલ આવ્યો તો એમાંથી આવી-પરથી આવી એવું મિથ્યા ભ્રમથી માને છે. સમજાણું કાંઈ? જ્ઞાનીને જ્ઞાનની પર્યાય આવે છે તો અંદરથી પણ દૃષ્ટિ અંદર છે, દ્રવ્ય ઉપર છે તો એ પર્યાય અંતરથી આવે છે એમ માને છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કઈ છૂટી? કોની? ત્યાગની પર્યાય .. ક્યાંથી થાય? છૂટવાની હોય ત્યારે છૂટે એની દૃષ્ટિ ક્યાં છે? છૂટવાની લાયકાત રાખે છે એવું જે દ્રવ્ય ચિદાનંદ જ્ઞાયક ભગવાન આત્મા પૂર્ણાનંદનું સનાથપણું એવી દૃષ્ટિ થાય તો મિથ્યાત્વની પર્યાય છૂટી જશે, એ વિના મિથ્યાત્વની પર્યાય છૂટશે નહિ. સમજાણું કાંઈ? અહીંયાં તો પરથી માને છે. પરથી માનવાનું તો જ્યારે છૂટવાનું હશે ત્યારે છૂટશે. પણ ક્યારે છૂટશે? જ્યારે પોતાનું ચૈતન્યસ્વરૂપ અસ્તિત્વ નામ પોતાનું હોવાપણું તો એકલા જ્ઞાન અને આનંદથી જ ભરેલું છે. સમજાણું કાંઈ? એવા જ્ઞાનનું સત્ત્વ, એ આત્મા તત્ત્વ, જ્ઞાનનું સત્ત્વ તે આત્મતત્ત્વ, જ્ઞાનનો ભાવ એ આત્માનો સ્વભાવ. એવો સ્વભાવ અચિંત્ય, ... પ્રભાવ પડ્યો છે તેમાંથી પર્યાય આવે છે. દૃષ્ટિ ત્યાં લગાવે અને એમાંથી પર્યાય આવે અને મિથ્યાભ્રમ નાશ થઈ જાય. સમજાણું કાંઈ? પરથી પર્યાય થાય છે એવો મિથ્યાભ્રમ નાશ થઈ જાય. સૂક્ષ્મ વાત છે. બહારમાં જેમ પૈસા કમાય છે તો હુશિયારી માની લ્યે છે. દશ લાખ મળ્યા તો હુશિયારી (માને), ધૂળમાં હુશિયારી નથી. આ તો પૂર્વના પુણ્યના રજકણ છે તો બહારથી દેખાય છે. સમજાણું કાંઈ? પૂર્વના પુણ્યના રજકણ પડ્યા હોય તો એનો પાક કાળ આવે તો પાંચ-પચ્ચીસ લાખ દેખાય. ત્યાં ક્યાં ઘૂસી ગયા છે આત્મામાં? દેખાય કે આ આવ્યા. પચ્ચીસ લાખ આવ્યા, ધૂળ લાખ આવ્યા. ઈ વસ્તુ તો પર છે. તેં માન્યું કે મને આવ્યા એ તારી પાસે મમતા આવી છે અને હું કમાણો એવી માન્યતા તો મિથ્યાત્વ છે. જડ કમાણો તું? જડ કમાણો તું? ચૈતન્યની કમાણી જડની હોય? કે ચૈતન્ય સમાન ચૈતન્યની હોવી જોઈએ? સમજાણું કાંઈ? રાગ કમાણો અને પર કમાણો. મૂઢ છે. સમજાણું કાંઈ?

તારી કમાણી તો જ્ઞાનાનંદ સ્વભાવ ભગવાનનો આશ્રય કરવાથી જે નિર્મળ પર્યાય થાય એ તારી કમાણી છે. બાકી તો બધી અકમાણી—લૂંટારી દશા છે. સમજાણું કાંઈ? આહા..હા..! કમાયો-ધમાયો એમ કહે. મારી જ્ઞાનદશા પરથી થઈ, લક્ષ્મી મેં બનાવી, હું કમાણો. પણ તારા શ્રદ્ધા-જ્ઞાન, આત્માનું અસ્તિત્વ તું ખોઈ બેઠો. ન્યાય સમજાય છે? કમાણો તો ત્યારે કહેવાય આવે કે પોતામાં ભગવાન ચૈતન્ય સ્વભાવનો ઘન ભાવ પડ્યો છે એમાં દૃષ્ટિ દેવાથી, પરની અપેક્ષા રાખ્યા વિના, રાગની, પરપદાર્થની પર્યાય .. અવલંબન વિના નિજ અવલંબને જે પર્યાય પ્રગટે તે પર્યાય પોતાની કમાણી છે. સમ્યગ્દર્શન-જ્ઞાન, શાંતિ એ પોતાની કમાણી છે. સમજાણું કાંઈ? એ કમાયો, બાકી બધાએ ગુમાવ્યું. આહા..હા..! આવી વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાં બાપ-દાદા પાસે હતા? બિચારા એને પણ ખબર નથી બાપ-દાદાને. બાપ-દાદાને કાંઈ ખબર નથી કે હું કોણ છું અને આ રાગ શું અને જ્ઞાન શું છે? રાગ કરો, ભક્તિ કરો ભગવાનની, જાઓ! થઈ જશે ધર્મ. અરે ભગવાન! ભગવાન જિનરાજ તું છેને? 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ, યહી વચન સે સમજ લે જિન પ્રવચનકા મર્મ. જિન સો હી હૈ આત્મા, જિન સો હી હૈ આત્મા.' વીતરાગી સ્વભાવથી ભરેલો ભગવાન એ 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ.' પુણ્ય-પાપ વિકલ્પ, કર્મ એ બધા જડ પર છે. 'યહી વચન સે સમજ લે જિન પ્રવચનકા મર્મ.' સમજાણું કાંઈ? અભ્યાસ જોઈએ, અભ્યાસ જોઈએ. એણે ચૈતન્યનો અભ્યાસ અંતર્મુખ થઈને કદી કર્યો જ નથી. બહિર્મુખથી (શાસ્ત્ર અભ્યાસ) કર્યો તો એમાં કંઈ જ્ઞાન સમ્યક્ થતું નથી.

તો કહે છે કે **'જ્ઞેય દ્રવ્યોના આલંબનનો અભાવ હોવાથી જે નિરાલંબ છે.'** પ્રભુ તો. ભગવાન આત્માને પરનું અવલંબન છે જ નહિ. ઓહો..! ભગવાનની વાણી સાંભળીને જ્ઞાન થાય એવું આલંબન છે કે નહિ? કે ના. સમવસરણ જોવાથી જ્ઞાન થાય છે કે નહિ? કે ના. સમજાણું કાંઈ? ભગવાનની વાણી કાયમ સાંભળે છ-છ ઘડી એના અવલંબને જ્ઞાનની દશા ઉઘડે છે કે નહિ? ના. એ પરચીજ છે. એનાથી તો નિરાલંબ છે. એનાથી તો ભગવાન આત્માનો સ્વભાવ નિરાલંબ છે. **'એવા આત્માને જ્ઞેય પરદ્રવ્યોથી વિભાગ છે...'** નિરાલંબ છે એવા આત્માને. એમ. સમજાણું કાંઈ? ભગવાન ચૈતન્ય સ્વરૂપ, જ્ઞાન-આનંદ સ્વભાવ સહિત જાણનસત્તા સ્વભાવવાળો પ્રભુ આત્મા તેને જ્ઞેય પદાર્થોથી.. જુઓ છે?

**'એવા આત્માને જ્ઞેય પરદ્રવ્યોથી...'** કેવા આત્માને? કે ભાઈ **'(શાશ્વત એવાં) જ્ઞેયદ્રવ્યોના આલંબનનો અભાવ હોવાથી...'** એવા આત્માને. **'જ્ઞેય પરદ્રવ્યોથી વિભાગ છે...'** સર્વજ્ઞની વાણી હો, સર્વજ્ઞ હો, સમ્મેદશિખર હોય, શેત્રુંજય હોય એ બધું પરદ્રવ્ય છે. એનાથી તો ભગવાન આત્મા ભિન્ન છે. **'અને તન્નિમિત્તિક જ્ઞાનસ્વરૂપ સ્વધર્મથી અવિભાગ છે...'** અને તન્નિમિત્તિક. જે નિમિત્ત થયું તે સંબંધી પોતામાં જ્ઞાન થયું. એ જ્ઞાન પોતાથી થયું છે, એ જ્ઞાનથી આત્મા અભિન્ન છે. સમજાણું કાંઈ? જ્ઞાન થયું એ સંબંધી તે ચીજ નિમિત્ત ભિન્ન છે. એ સંબંધીનું પોતામાં જ્ઞાન થયું પોતાને કારણે તે જ્ઞાનની પર્યાયથી અભિન્ન છે. આત્મા એકમેક છે. સમજાણું કાંઈ? કેટલી ગાથા ૧૯૨... પાંચ બોલ છેને. પાંચેય પરમેશ્વર.

ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવનું અસ્તિત્વ, દર્શનભૂત પ્રભુ, અતીન્દ્રિય મહાપદાર્થ, ઈન્દ્રિયોથી પાર અને અચળ—જ્ઞેયપદાર્થના ગ્રહણ-ત્યાગનો અભાવ એવો અચળ અને જ્ઞાન નિરાલંબ કાયમની વસ્તુ સામે છે એનાથી ભગવાન આત્મા (ભિન્ન છે). (સામે) ટકનારી વસ્તુ છે એનું આલંબન નથી. ટકનારી પોતાની વસ્તુ ધ્રુવ છે એનું આલંબન છે આત્માને. સમજાણું કાંઈ? **'એવા આત્માને જ્ઞેય પરદ્રવ્યોથી...'** આ કાંઈ સાધારણ વાર્તા નથી કે

ઝટ ચાલ્યું જાય. એવી વાત છે. વાંચનારને ગજના આંક ન સૂઝે. શું કહ્યું? '**નિત્યરૂપે પ્રવર્તતાં (શાશ્વત એવાં) જ્ઞેયદ્રવ્યોના આલંબનનો અભાવ હોવાથી...**' ભગવાન આત્મા વર્તમાન '**નિરાલંબ છે...**' અને નિરાલંબ હોવાથી. માટે એમ છેને. '**એવા આત્માને જ્ઞેય પરદ્રવ્યોથી વિભાગ છે...**' જાણવાલાયક વસ્તુ કાયમ રહેનારી છે. ભલે કાયમ રહો, પણ એનાથી તો આત્મા ભિન્ન છે.

'**અને તન્નિમિત્તિક...**' જે કાયમ રહેનારી વસ્તુ છે તે કાયમ રહેનારી વસ્તુ જ્ઞાનમાં નિમિત્ત છે. નિમિત્તનો અર્થ પરથી થયું નથી. એ તો એક ચીજ છે એટલું. પણ એ સંબંધી પોતામાં છ દ્રવ્યનું જ્ઞાન થયું... આહા..હા..! છ દ્રવ્ય છે. હું આત્મા છું, બધા અનંતા આત્માઓ છે, અનંતા રજકણ છે એવા છ દ્રવ્ય. એ છ દ્રવ્ય સંબંધી પોતામાં જ્ઞાન થયું, પણ એ જ્ઞાન પરલક્ષથી નહિ એમ કહે છે. જેમાં જ્ઞાન છે એવા સ્વલક્ષે જે જ્ઞાન થયું તો તન્નિમિત્તિક જ્ઞાનની પર્યાય કહેવામાં આવી છે. સંતોની વાણી છે. સમજાણું કાંઈ? આત્માને સ્પર્શીને વાણી આવી છે. સ્પર્શીનો અર્થ? કે એમાં એવો ભાવ પડ્યો છે. ત્યારે તે ભાવ પણ વાણીને નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! ભાવથી વાણી નીકળી એમ પણ નથી, વાણીથી ભાવ થયા એમ પણ નથી.

કહે છે કે '**તન્નિમિત્તિક જ્ઞાનસ્વરૂપ સ્વધર્મથી...**' જુઓ, એ તો સ્વધર્મ થયો. છ દ્રવ્ય પોતા સિવાય છે એ સંબંધીનો ખ્યાલ અહીંયા આવ્યો, પણ ક્યારે ખ્યાલ આવ્યો? કે સ્વ જેમાં જ્ઞાન.. પહેલા લીધું હતુંને જ્ઞાનદર્શન પોતાનો સ્વભાવ છે, પરિપૂર્ણ છે અને મહા અતીન્દ્રિય પદાર્થ છે, ઇન્દ્રિયથી ભિન્ન છે, અચળ છે. એવો અને પરદ્રવ્યથી ભિન્ન... એવા દ્રવ્યનું લક્ષ થયું તો એ લક્ષે જે આત્માની પર્યાયમાં સ્વને જાણવાની પર્યાય અને છ દ્રવ્યને જાણવાની પર્યાય થઈ, તો છ દ્રવ્ય જેમાં નિમિત્ત છે એવી જ્ઞાનપર્યાય પોતાની છે એમ કહ્યું. એ પોતાની પર્યાયથી આત્મા એકમેક છે અને પર દ્રવ્યોથી તો આત્મા ભિન્ન છે. સમજાણું કાંઈ?

'**તેથી તેનું એકપણું છે.**' આ કારણે ભગવાન આત્માને એકપણું છે. એકત્વ છેને? એકપણું છે, એકપણું છે. ક્યા કારણે એકપણું છે? કે શાશ્વત રહેનારી ચીજનું પોતાના સ્વભાવમાં આલંબન નથી અને એ ચીજનું ભિન્નપણું છે, પણ એ ચીજ સંબંધી પોતાની જ્ઞાનની પર્યાયથી આત્મા અભિન્ન છે. એ કારણે આત્મા પરથી પૃથક્ થયો તો અનેકપણું એમાં રહ્યું નહિ, એકપણું રહ્યું. સમજાણું કાંઈ? આહા..હા..! '**તેથી તેનું એકપણું છે.**' આ કારણે ભગવાન આત્મામાં એકપણું છે. સમજાણું કાંઈ? લ્યો, એ પાંચેય બોલ થયા. પાંચેય બોલ થઈ ગયા. મૂળ પાઠમાં છેને પાંચ બોલ. '**एवं णाणप्पाणं दंसणभूदं अदिंदियमहत्थं।**' હવે '**अचलमणालंबं मण्णेऽहं**' ભાવના કરું છું (એટલે) અંતર એકાગ્ર થાઉં છું. '**अप्पगं सुद्धं धुवम**' એમ. '**अप्पगं सुद्धं धुवम**' આહા..હા..! સમજાણું કાંઈ?

'આ રીતે આત્મા શુદ્ધ છે...' તેથી એકત્વ છે અને એકત્વને કારણે શુદ્ધ છે એમ કહ્યું. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાના જ્ઞાન-દર્શનથી ભરપૂર ભરેલો છે અને પરદ્રવ્યથી ભિન્ન છે અને પરદ્રવ્ય નિમિત્ત સંબંધી પોતાના જ્ઞાનથી આત્મા અભિન્ન છે. એ સામાન્ય વાત કરી. પછી એક એકની વાત કરી. જ્ઞાન-દર્શનથી પરિપૂર્ણ છે અને પરદ્રવ્યથી ભિન્ન છે. એ સંબંધી જ્ઞાનની પર્યાય અભિન્ન છે. અતીન્દ્રિય મહાપદાર્થ છે તો ઇન્દ્રિય સંબંધી જે શબ્દ, રૂપ આદિ પર્યાય છે એનાથી તો ભિન્ન છે. એ સંબંધીની (જ્ઞાનની) પર્યાયથી આત્મા અભિન્ન છે. અભિન્નત્વને કારણે એકત્વ છે, અચળ છે. ક્ષણે ક્ષણે પર્યાય પરદ્રવ્યની પલટે છે એના પ્રવર્તમાનપણામાં જીવમાં ગ્રહણ-ત્યાગનો અભાવ છે. ગ્રહણ-ત્યાગના અભાવને કારણે પરથી ભિન્ન છે માટે અચળ છે. અને પરની પર્યાયથી ભિન્ન છે, પણ એ સંબંધીના જ્ઞાનથી અભિન્ન છે માટે આત્મા એકત્વ છે. સમજાણું કાંઈ? આહા..હા..! છેલ્લા બોલમાં તો એ કહ્યું.

ભગવાન આત્મા નિરાલંબ છે. પર અનંત શાશ્વત પદાર્થ ભલે હોય. એ બધા એનામાં છે. એનું આલંબન આત્મામાં નથી. એ કારણે પરથી ભિન્ન છે. પણ છ દ્રવ્ય છે એ સંબંધીનું જ્ઞાન પોતાની પર્યાયમાં થયું તે જ્ઞાનપર્યાયથી ભિન્ન છે. એ કારણે આત્મા એકત્વ છે. એકત્વ છે તે કારણે શુદ્ધ છે. આહા..હા..! યાદ રાખવું મુશ્કેલ પડે. પ્રગટ કરવું તો...? દુનિયાની ચીજ તો કેટલી યાદ રાખે છે સવારમાં લ્યો ધંધાની. હજાર વસ્તુ હોય તો બધાની ત્રિપટ્ટી યાદ રાખે. આ ભાવની આવી હતી અને આ ભાવે વેચાણી અને આ ભાવની બજાર અત્યારે છે. હજાર હજાર ચીજ (હોય). આહા..હા..! થોથા જેમાં નીકળે—દુઃખ થાય એને યાદ કરે. આહા..હા..! યાદ કરવામાં પણ એને દુઃખ પડે, બોજો પડે, બોજો પડે.

આ તો ભગવાન આત્મા નિજ સ્વભાવથી પરિપૂર્ણ નિરાલંબ અતીન્દ્રિય મહાપદાર્થ અચળ પડ્યો છે, એ કારણે તેને એકત્વ કહેવામાં આવ્યું છે, એકપણું છે. પરની અપેક્ષા અને નિમિત્તપણું એમાં રહ્યું નથી. તો એકપણાને કારણે તેને શુદ્ધપણું કહ્યું. અનેકપણું હોય તો અશુદ્ધ થયું. એકપણાને કારણે શુદ્ધ રહ્યો. શુદ્ધ રહ્યો તો દ્રવ્ય-વસ્તુ કાયમ રહી ગઈ અને એના અવલંબે પર્યાય (થઈ તેને) પણ, એનું અવલંબન કરવું, પર્યાયનો અનુભવ કરવો એને પણ અહીંયા ધ્રુવ કહી. સમજાણું કાંઈ? એ પર્યાય સદશ ધ્રુવ એકપણે રહેશે. આત્મામાંથી જે પર્યાય પ્રગટ થઈ એ પર્યાય કાયમ રહેશે. અજ્ઞાનથી પર્યાય ઉત્પન્ન થાય તો એવી નહિ રહે, એમ કહે છે. આહા..હા..!

જેમાં આખી ચીજ પડી છે શક્તિ-ભાવ આત્મામાં, એમાં એકાગ્ર થયો તો નિર્મળ પર્યાય મોક્ષમાર્ગની જે થઈ તે કાયમ રહેશે. ભલે બદલાય છે પણ એ અવસ્થા એમને એમ રહેશે. એ બદલીને વિકારી થાય જાય એમ છે નહિ. આહા..હા..! શું કરવું ઈ આમાં કાંઈ આવ્યું નહિ. જાત્રા કરવી હોય તો કરી લઈએ, ચાલો. મંદિર (બનાવવું હોય તો) દશ લાખ ખર્ચી નાખીએ. દશ હજાર ક્યાં તારી ચીજ છે? એ તો જડ છે. શરીર ચલાવ્યું એ તેં ક્યાં ચલાવ્યું?

એ તો જડ છે. એ તો એને કારણે આવ્યું. સમજાણું કાંઈ? એના કારણે શરીરની ગતિ થાય છે, આત્માથી નહિ. આત્મા પણ ક્ષેત્રાંતર થયું એ પોતાને કારણે ક્ષેત્રાંતર થયું અને એમાં ઈચ્છા થઈ એ પોતાની પર્યાયના અપરાધથી થઈ છે. આહા..હા..! ભક્તિની, પૂજાનો, જાત્રાનો શુભભાવ એ પણ અપરાધ છે.

મુમુક્ષુ :- કરવા કે નહિ?

ઉત્તર :- કરવાનો તો પ્રશ્ન ક્યાં છે? છે એને જાણવું. જાણવું એ કરવાનું નથી? એનું અસ્તિત્વ છે, પણ મારા અસ્તિત્વમાં તો એને જાણવાનું અસ્તિત્વ મારામાં છે. તેને જાણવું એ મારા અસ્તિત્વમાં છે. એ ચીજ મારામાં નથી. (સંવત) ૧૯૯૫માં ગયા હતા જાત્રાએ. ... ઉપર ચડે અને હેઠે ઉતરે. .. ધર્મશાળા છે એમાં ઉતરેલા. મેં કીધું, આ જાત્રા... આ ક્રિયા થાય છે ઈ હું કરું છું એ (માન્યતા) મિથ્યાત્વભાવ છે, ... શુભભાવ છે, ધર્મ નથી. અને ભડક્યો. હાય.. હાય..! ... સમજ્યાને? ... ધર્મ નથી. શુભભાવ હોય, પુણ્ય હોય, રાગ હોય, પણ ભગવાન એને ધર્મ નથી કહેતા. અશુભથી બચવા એ આવ્યો, હોય, પણ એ ધર્મ છે એમ નથી. સમજાણું કાંઈ? એટલો ધર્મ નથી કરતા? ધર્મ થઈ ગયો... જન્મ-મરણનો નાશ થઈ જાય. એક સમય પણ ધર્મ થાય તો જન્મ-મરણનો નાશ થાય. એવી ભક્તિ-પૂજા તો અનંતવાર કરી. જન્મ-મરણનો નાશ કદી થયો નથી. સમજાણું કાંઈ?

**'આ રીતે આત્મા શુદ્ધ છે...'** 'આ રીતે' એમાં શું કહ્યું? આ પાંચ બોલથી એકપણું સિદ્ધ કર્યુંને. એમ એકત્વને કારણે, એકપણાને લીધે. એકત્વ શબ્દ લીધોને? એકપણાને લીધે આત્મા, પાંચ બોલે એકત્વ સિદ્ધ કર્યું તે કારણે શુદ્ધ છે. **'કારણ કે ચિન્માત્ર શુદ્ધનય માત્ર તેટલા જ નિરૂપણસ્વરૂપ છે...'** જ્ઞાનમાત્ર ભગવાન આત્મા જ્ઞાનપુંજ શુદ્ધનય છે. શુદ્ધનય એટલે પૂર્ણ સ્વરૂપને જ બતાવે છે. તેટલા માત્ર. રાગ નહિ, વિકલ્પ નહિ, પર નહિ, તેટલા જ માત્ર નિરૂપણ આવ્યું....

**જેઠ સુદ ૧૩, ગુરુવાર, તા. ૨૯.૦૫.૧૯૬૯**
**ગાથા-૧૯૨, પ્રવચન-૧૬૭**

... જુઓ અહીંયાં આવ્યું. છેલ્લો પેરેગ્રાફ છે. **'આ રીતે આત્મા શુદ્ધ છે...'** છે? છેલ્લો પેરેગ્રાફ છે. **'આ રીતે આત્મા...'** આ રીતે એટલે શું? માથે લીધા છે પાંચ બોલ. પાંચ બોલમાં કહ્યું હતું કે આત્મા જ્ઞાન અને દર્શનસ્વરૂપ છે અને પરદ્રવ્યથી ભિન્ન છે અને પરદ્રવ્ય નિમિત્ત સંબંધી પોતાનું જ્ઞાન છે એ જ્ઞાનથી એક છે, એ અપેક્ષાએ અભિન્ન છે.

અભિન્ન છે એ કારણે એકપણું છે. જેને આત્મકલ્યાણ કરવું હોય, સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું હોય તો શું છે ઈ વાત કરે છે. સમ્યગ્દર્શનનો વિષય છે પહેલામાં પહેલો. ભગવાન આત્મા જ્ઞાન અને દર્શનસ્વરૂપ વસ્તુ છે તે પરિપૂર્ણ જ્ઞાન-દર્શનથી ભરેલી છે અને પરદ્રવ્યથી ભિન્ન છે. પણ એ પરદ્રવ્ય સંબંધી પોતાનું જે જ્ઞાન એમાં પરદ્રવ્ય નિમિત્ત છે એવી નૈમિત્તિક પોતાના જ્ઞાનની અવસ્થા એનાથી આત્મા અભિન્ન છે. અભિન્ન હોવાને લીધે આત્મા એકત્વ છે. એકત્વને કારણે તે શુદ્ધ છે અને શુદ્ધને કારણે તે ધ્રુવ છે અને ધ્રુવને કારણે તે અનુભવ કરવાલાયક છે. સૂક્ષ્મ વાત છે. સમજાણું કાંઈ? બે બોલમાં એ કહ્યું. ત્રીજો બોલ—અતીન્દ્રિય મહાપદાર્થ. અતીન્દ્રિય મહાપદાર્થ. આવ્યું હતુંને 'હું જન્મને જાણું નહિ, સુખથી ભરેલો શિવ છું' આવે છે? દેવ-ગુરુ-શાસ્ત્ર. દેવ-ગુરુ-શાસ્ત્રની પૂજામાં આવે છે. શું છે આ? 'હું જન્મને જાણું નહિ, સુખથી ભરેલો શિવ છું.' વર્તમાન આત્મા.

મુમુક્ષુ :- સિદ્ધ ભગવાન નહિ?

ઉત્તર :- સિદ્ધ ભગવાન તો સિદ્ધ ભગવાન તો ક્યાંય રહ્યા. ચાર ગતિ તો ક્યાંય રહી, પણ સિદ્ધગતિની પર્યાય પણ પોતામાં નથી (કેમકે) એટલી પર્યાય જેટલો આત્મા નથી. ચાર ગતિ તો પોતામાં છે નહિ, પણ સિદ્ધગતિની પર્યાય જેટલો પણ આત્મા નથી. આહા..હા..! કારણ કે એ તો એક સમયની પર્યાય છે.

મુમુક્ષુ :- પર્યાય ને દ્રવ્ય... એનું ધર્મમાં શું કામ છે?

ઉત્તર :- એને હિત ન કરવું હોય તો કાંઈ ન સમજવું. જેણે આત્માનું હિત કરવું હોય તો સમજવું. સમજાણું કાંઈ?

કહ્યું હતુંને કે ભગવાન આત્મા વસ્તુ છે એ અજીવ અને આસ્રવ તત્ત્વથી ભિન્ન છે. અજીવતત્ત્વ શરીરાદિ તો અજીવતત્ત્વ છે, એનાથી તો રહિત છે. અને પુણ્ય-પાપનો મેલ આસ્રવ છે એનાથી પણ રહિત છે. પણ એ પુણ્ય-પાપના ભાવ અને શરીર સંબંધી જે પોતાની જ્ઞાનની પર્યાય છે એ જ્ઞાનની પર્યાયથી અભિન્ન છે. તેથી આત્મા એકત્વ છે. સમજાણું કાંઈ? એ એકત્વના દોરે ચડતા તે શુદ્ધ છે. કેમકે એમાં આસ્રવ નથી, પર નથી, મલિનતા રહી નહિ, અનેકપણું નથી. એવી વસ્તુ ભગવાન આત્મા .. છે. એકપણું તે જ્ઞાન-દર્શનથી પૂર્ણ ભરેલો અને પરદ્રવ્યથી બિલકુલ ખાલી—શૂન્ય અને પરદ્રવ્ય સંબંધી પોતાની પર્યાયથી ભરેલો છે. એ તો પોતાની પર્યાય છે, પરદ્રવ્ય સંબંધી જ્ઞાનની પર્યાય, દર્શનની પર્યાય. એ કારણે ભગવાન આત્મા એકપણાને કારણ શુદ્ધ છે. એમાં અનેકપણાની મલિનતા આવી નહિ. સમજાણું કાંઈ? આમેય કહે છે કે આપણે તો કહેવાય છે કે એકડે એક અને બગડે બે. તમારે શું કહે છે? એકનો ગડિયો બોલે છેને. બગડે બે એમ કહે છે અમારે. બે હોય તો બગડે-વિકાર થાય છે. આ બે ન રહ્યું અને એકત્વ થયું તો અશુદ્ધતા ન રહી એમ કહે છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા કર્મના નિમિત્તના સંબંધે બગડો હોય તો બગડ્યો. પોતાના સ્વભાવથી

(અભિન્ન), પરથી ભિન્ન અને પોતાના તે સંબંધી જ્ઞાનથી અભિન્ન તો એક થયો. એક થયો એ તો અહીંયા સિદ્ધ કરે છે. માટે સિદ્ધ કર્યુંને, તેથી એમાં એકત્વ છે. આ રીતે આત્મા શુદ્ધ છે એમ કહે છે. અંતર્મુખમાં જ્ઞાનથી ભરેલો ભગવાન અને દર્શનથી પૂરો ભરેલો છે. તો પરદ્રવ્ય સંબંધી પોતાની (જ્ઞાન) પર્યાયથી તો એકત્વ છે. અભિન્ન છે એટલે એકત્વ છે. અને એ કારણે એકરૂપ રહ્યો. બીજાનો સંબંધ રહ્યો નહિ તો એમાં બગાડ છે જ નહિ. સૂક્ષ્મ વાત છે, ભાઈ! આ તો જેને આત્માનું કલ્યાણ કરવું હોય એની વાત છે. આ તો .. દુઃખી... દુઃખી... દુઃખી છે. સમજાણું કાંઈ? સુખ ચાર ગતિમાં નથી, સુખ પુણ્ય-પાપના ભાવમાં નથી. સમજાણું કાંઈ? અને એક સમયની પર્યાયનો આશ્રય કરવા જાય તોપણ સુખ મળતું નથી. કેમકે એક સમયની પર્યાયનું લક્ષ કરે તો એ અનાદિનું લક્ષ કરે જ છે, એમાં તો રાગ ઉત્પન્ન થાય છે તો મિથ્યાત્વભાવ ઉત્પન્ન થાય છે. પર્યાયબુદ્ધિ છે તો મિથ્યાત્વભાવ છે. આહા..હા..!

કહે છે કે જ્ઞાન-દર્શનથી પરિપૂર્ણ અને અતીન્દ્રિય મહાપદાર્થ છે. શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ જે છે એનાથી તો ભિન્ન છે, પણ એ સંબંધી જ્ઞાનની પર્યાય પોતાની છે તે પર્યાયથી અભિન્ન છે. સમજાણું કાંઈ? એ ત્રણ બોલ થયા. આ કારણે એકત્વ છે. ત્રણ થયાને. અતીન્દ્રિય મહાપદાર્થ. ઇન્દ્રિય સંબંધી શબ્દ, રૂપ, રસ, ગંધ, વર્ણ એનાથી ભિન્ન (અને) એ સંબંધીનું જ્ઞાન પોતામાં પોતાના લક્ષે થાય એ જ્ઞાનપર્યાયથી તો અભિન્ન છે. અભિન્ન છે એ કારણે એકત્વ રહ્યું. કોઈ પરનો સંબંધ રહ્યો નહિ. આવો આત્મા અત્યારે એવો છે. અને એકત્વને કારણે, અહીંયાં કહે છે, એ પ્રકારે શુદ્ધ છે. પેરેગ્રાફ ચાલે છે. '**આ રીતે આત્મા શુદ્ધ છે...**' આહા..હા..! સમજાણું કાંઈ?

હવે ચોથો બોલ. જગતની છ દ્રવ્યની પર્યાય, પોતા સિવાય છ દ્રવ્ય જે વસ્તુ છે એની ક્ષણવિનાશરૂપ પ્રવર્તમાન પર્યાય એના ગ્રહણ-ત્યાગનો આત્મામાં અભાવ છે. ગ્રહણ-ત્યાગના અભાવને લીધે ચળ નથી, અચળ છે. અત્યારે. આ સમ્યગ્દર્શન પામવાની, આ જ ધર્મ પામવાની રીત છે. સમજાણું કાંઈ? જેટલી છ દ્રવ્યની પર્યાય ઉત્પન્ન થાય છે એ પર્યાય વિનાશિક છે. પર્યાય એક સમય રહે છે. વિનાશિક પ્રવર્તમાન પર્યાય, ભગવાન આત્મામાં પરપર્યાયનું ગ્રહણ-ત્યાગ તો આત્મામાં છે નહિ. કારણ કે એ તો સ્વતંત્ર પર્યાય છે એને ગ્રહણ (શું કરે) અને છોડે શું? એવા પરદ્રવ્યની પર્યાયનો પોતાના આત્મામાં ગ્રહણ અને ત્યાગ, લેવું અને દેવું એનો અભાવ છે. પરની પર્યાય લેવા-દેવાનો અભાવ છે. સમજાણું કાંઈ? સમકિતી જ્ઞાની આહાર-પાણી દે છે. આહાર-પાણીની પર્યાય છેને? આહાર શુદ્ધ, જળ શુદ્ધ નથી કહેતા? કહે છે કે ના. આહાર શુદ્ધ, જળ શુદ્ધ.. તો કહે છે કે એ આહારની પર્યાયનું .. છે એનો આત્મામાં ગ્રહણ-ત્યાગ છે જ નહિ. લે નહિ તો દે કોને? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

એ સંબંધી પર્યાયનો અભાવ અહીંયાં હોવા છતાં પણ એ પર્યાય સંબંધીનું પોતાનું જ્ઞાન ઉત્પન્ન થયું. આહારની પર્યાય અહીંથી જાય છે. તો જ્ઞાનીને એ પર્યાય વિનાશિક છે એનું ગ્રહણ પણ નથી, દીધું એમ પણ નથી. ગ્રહણ-ત્યાગ પોતાની પર્યાયમાં છે નહિ. આહા..હા..! અને મુનિ છે જ્ઞાની એ પણ એમ સમજે છે કે આ આહારપર્યાય ક્ષણવિનાશિક વર્તતી છે, એને મેં લીધું એમ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ આહારની પર્યાય આવે છે તે સંબંધીની પર્યાયથી તો ભગવાન ભિન્ન છે. એ સંબંધી જ્ઞાનની પર્યાય પોતામાં પ્રગટ થઈ એનાથી અભિન્ન છે. એ કારણે એકત્વ છે. સમજાણું કાંઈ? એકમાં બીજાનો લગાવ રહ્યો નહિ. એવો આત્મા છે. આહા..હા..! આહાર-પાણી દે, મુનિને મોક્ષમાર્ગ દીધો. આવે છે કે નહિ? પદ્મનંદી પંચવિંશતિમાં આવે છે. મુનિ મોક્ષમાર્ગ સાધે છે અને એમને આહાર-પાણી દે એ મોક્ષમાર્ગ દીધો. લ્યો! એ તો બધા નિમિત્તના કથન છે.

અહીં તો કહે છે કે જે પોતાની પર્યાયમાં આહાર-પાણીની પર્યાય આમ... આમ.. આમ.. બદલાય છે, એ બદલાય છે એનો ગ્રહણ-ત્યાગ તો જ્ઞાનીની પર્યાયમાં છે જ નહિ, પણ એ ગ્રહણ-ત્યાગ જડમાં થાય છે, પલટે છે એ સંબંધીની જ્ઞાનની પર્યાય પોતામાં છે. તો એ જ્ઞાનની પર્યાયથી આત્મા એકત્વ છે, તો પરથી ભિન્ન છે અને એકત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુનિને પ્રશ્ન-શંકા ઉત્પન્ન થાય. પૂછવા આવે છેને. ભગવાન પાસે જાય છે અને પૂછે છે. તો કહે છે કે શરીર ચાલે છે એ ક્ષણવિનાશિક પર્યાય એનાથી તો હું આત્મા ભિન્ન છું એવું અંદરમાં ભાન છે. શરીરની પર્યાય ચાલે છે ભિન્ન-ભિન્ન પર્યાય ક્ષણ વિનાશિક થાય છે એનાથી તો હું ભિન્ન છું અને એ સંબંધીની જ્ઞાન પર્યાય મારામાં છે એનાથી હું અભિન્ન છું. એ કારણે એકત્વ છે. સમજાણું કાંઈ? અને એ ત્યાં ગયા અને સમાધાન થયું તો વિકલ્પનું જ્ઞાન પણ મારી પર્યાયમાં નથી, વિકલ્પનો ગ્રહણ-ત્યાગ મારામાં નથી. આહા..હા..! અને સમાધાન થયું એ પોતાથી ત્યાં થયું છે. ભારે!

મુમુક્ષુ :- .. દેખે છે.

ઉત્તર :- દેખે છે એનો અર્થ કે પોતાની પર્યાયમાં એવી સમાધાનની પર્યાય પોતાથી ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? પરમાંથી કંઈ આવ્યું છે તે એકત્વ થયું છે એમાં? આવે શું? કોણ આવે? શું લાવે? આહા..હા..! કઈ રીતે આચાર્યે...! સમજાણું કાંઈ? મુનિ એ સમયે પોતાની પર્યાયમાં પરથી ભિન્નનું જ્ઞાન કરે છે, પરના .. જ્ઞાન કરે છે, તો જ્ઞાનની પર્યાયથી આત્મા અભિન્ન છે. આહાર આવવો, શબ્દ આવવો એ બધાથી તો ભિન્ન છે. એનો કોઈ સ્વામી નથી. એમાં કાંઈ થયું જ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! શંકાનો વિકલ્પ ઉઠ્યો એ આત્મામાં નથી. અને એ શંકાના વિકલ્પ સંબંધી જ્ઞાન પોતાની પર્યાયમાં છે. વિકલ્પથી ભિન્ન છે. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે. ઉપરથી હાથ ન આવે એવો માર્ગ

છે. જાવ ભાઈ, મંદિરમાં પ્રતિષ્ઠા કરાવી દીધી, પાંચ, દશ, પચ્ચીસ. ધર્મ થશે. એમ ત્રણ કાળમાં નથી. ત્રણ કાળમાં નથી. લસણ ખાતા ખાતા કસ્તુરીનો ઓડકાર આવશેને? એ તો વિકલ્પ છે, રાગ છે. એ તો રાગ છે. આહા..હા..! વિકલ્પ છે, પર ઉપર લક્ષ ગયું. વિકલ્પ તો રાગ છે. શુભરાગ છે. સમજાણું કાંઈ? પરવિષય છે, રાગ છે. રાગનું મને જ્ઞાન થયું એ જ્ઞાનની પર્યાયથી હું અભિન્ન છું, પણ રાગથી તો હું ભિન્ન જ છું. મારું સુખસ્વરૂપ એ રાગમાં આવે છે? એ રાગ છે તે સુખસ્વરૂપ છે? સમજાણું કાંઈ? એ રાગ આવ્યો એ સુખસ્વરૂપ છે? આત્મા તો સુખસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે. સુખથી ભરેલો શિવ છું. મારો સ્વાદ તો મારા સ્વભાવમાંથી આવે છે. રાગનો સ્વાદ આકુળતા તો દુઃખ છે, એ કાંઈ આનંદનો સ્વાદ નથી. આહા..હા..! જ્ઞાનચંદજી! ભારે ઝીણો માર્ગ. માર્ગ તો આવો છે. જેણે હિત કરવું હોય એણે સમજવું પડશે. અને એની ક્રિયા પોતાના સ્વભાવ સન્મુખ થઈને જ્ઞાનની પર્યાયને કરવી એ એનો ધર્મ છે. બીજો કોઈ ધર્મ-બર્મ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. વિકલ્પનું પરિણમન નથી. વિકલ્પ એ આવ્યો એનું પરિણમન નથી. એ સંબંધીનું જ્ઞાન થયું તે એનું પરિણમન છે. સમજાણું કાંઈ? વ્યવહાર .. વ્યવહારનું પરિણમન હું નથી. સદાય નહિ પરિણમનારો એવો હું છું. આવ્યું હતું કે નહિ? ... ૭૬ ગાથા. સદાય હું રાગ અને વિકલ્પ, પુણ્ય-પાપના ભાવ ... હું સદા સ્વયં નહિ પરિણમનારો છું. આવો તો સમ્યગ્દર્શન થયા પહેલા નિર્ણય કરે છે. સમજાણું કાંઈ? ધર્મની સ્વસન્મુખની દશા થયા પહેલા આવો નિર્ણય પરસન્મુખમાં, મનના સંગે, રાગના સંગે (કરે છે). લક્ષ સ્વ ઉપર છે, પણ હજી લક્ષ પ્રગટ નથી થયું. એવા વિકલ્પમાં પણ એવો નિર્ણય કરે છે કે જેટલા વિકલ્પ ઊઠે છે દયા, દાન, વ્રતાદિ સંકલ્પ-વિકલ્પ એ રૂપે હું સ્વયં સદાય નહિ પરિણમનારો હોવાથી મારે અને એને સ્વસ્વામી સંબંધ છે નહિ. એ રાગ મારો છે અને હું એનો સ્વામી છું એમ છે નહિ. ઓહો..હો..! સમજાણું કાંઈ? ત્રણ બોલ થયા. ....

ચોથો બોલ ક્ષણવિનાશનો છે. પર્યાય ક્ષણે ક્ષણે વિનાશિક થાય છેને. એનું હું જ્ઞાન કરું. સમજાણું કાંઈ? એનો ગ્રહણ-ત્યાગ મારામાં નથી. એવા જ્ઞાનસ્વરૂપ સ્વધર્મથી અભિન્ન છું તેથી મને એકપણું છે. એ ચાર બોલ થયા. અને જે છ દ્રવ્ય શાશ્વત રહે છે એ જ્ઞેયના આલંબનનો મારામાં અભાવ છે. કેમકે પરદ્રવ્ય છે. ચાહે તો સર્વજ્ઞ પરમેશ્વર હોય કે ચાહે તો સમ્મેદશિખર હોય કે ચાહે તો ભગવાનની દિવ્યધ્વનિ હોય, એ પરદ્રવ્યનું મારામાં આલંબન છે જ નહિ. સમજાણું કાંઈ? એના અભાવથી હું નિરાલંબ છું. '**એવા આત્માને જ્ઞેય પરદ્રવ્યોથી વિભાગ છે અને તન્નિમિત્તિક જ્ઞાનસ્વરૂપ સ્વધર્મથી અવિભાગ છે તેથી તેને એકપણું છે.**'

'**આ રીતે આત્મા શુદ્ધ છે...**' એમ. એવું એકત્વ છે તો શુદ્ધ છે. એમાં બીજી રાગ

અને વિકલ્પની અપેક્ષા લાગુ પડતી નથી. લાગુ નથી પડતીને શું કહે છે? લાગુ કહે છે. કહો, સમજાણું કાંઈ? **'આ રીતે આત્મા શુદ્ધ છે...'** ઓહો..હો..! આવો જ્ઞેય આત્મા કહેવામાં આવે છે. ભગવાને કેવળજ્ઞાનમાં આવા આત્માને જ્ઞેય તરીકે જ્ઞાનમાં જોયો. એવા આત્માને જે જ્ઞેય તરીકે પોતાના જ્ઞાનમાં લે અને અનુભવ કરે તો તેને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. આહા..હા..! **'આ રીતે આત્મા શુદ્ધ છે કારણ કે ચિન્માત્ર શુદ્ધનય માત્ર તેટલા જ નિરૂપણસ્વરૂપ છે...'** ભગવાન તો જ્ઞાનમાત્ર (છે). માત્રનો અર્થ? બીજા ગુણ નથી એમ નહિ, પણ ચિન્માત્ર કહેતા રાગ અને વિકલ્પનો બિલકુલ એમાં અભાવ છે. માટે ચિન્માત્ર કહ્યું. એકલો જ્ઞાનપુંજ, દર્શનપુંજ. કોઈપણ ગુણથી લ્યો તો એ ગુણનો પુંજ જ છે. આનંદપુંજ, શાંતિનો પુંજ. શાંતિ શબ્દે વીતરાગભાવ ચારિત્રગુણ. એવા એક-એક ગુણથી આખો આત્મા ચિન્માત્ર કહેતા જ્ઞાનની પ્રધાનતાથી કથન છે. જ્ઞાનની સાથે જેટલા અવિનાભાવી અનંતગુણ છે તે બધા ચિન્માત્ર ગુણમાં આવી જાય છે. આહા..હા..! એટલી નવરાશ ક્યાં છે માણસને? નિવૃત્તિ લઈને આવું તત્ત્વ છે (એનો) નિર્ણય કરવાના હજી ઠેકાણા નથી. એને ધર્મ થઈ જાય લ્યો. કરો, ધર્મ કરતા કરતા...

**'ચિન્માત્ર શુદ્ધનય...'** જુઓ, ચિન્માત્ર શુદ્ધનય. એકલો જ્ઞાનમાત્ર, આનંદમાત્ર, શાંતિમાત્ર, વીતરાગતાસ્વરૂપ એવો ભગવાન આત્મા શુદ્ધનય એટલું માત્ર નિરૂપણ છે. શુદ્ધનય એ જ એનું સ્વરૂપ છે. કથનમાં શુદ્ધનય એમ આવે છે અને વસ્તુ એવી છે. **'(અર્થાત્ ચૈતન્યમાત્ર શુદ્ધનય આત્માને માત્ર શુદ્ધ જ નિરૂપે છે).'** સમ્યગ્જ્ઞાનરૂપી શુદ્ધનય એ તો આત્માને જ્ઞાનમાત્ર જ જાણે છે. કથનમાં નિરૂપણ કરે છે, અંતરમાં જાણે છે. **'અને આ એક જ...'** છે. અને આ એક જ, અને આ એક જ (છે). જે પાંચમા બોલે કહ્યુંને પરથી ભિન્ન? એવો એક જ, શુદ્ધાત્મા એક જ. એનો અર્થ કર્યો. **'ધ્રુવપણાને લીધે...'** એ ધ્રુવ છે. કાયમ રહેનારી વસ્તુ છે. સમજાણું કાંઈ? ત્રિકાળ ધ્રુવની અપેક્ષાએ પરના નિમિત્તથી પોતામાં જ્ઞાન થયું તેને પણ અહીંયાં અનુભવમાં ધ્રુવત્વ કહેવામાં આવ્યું. **'ધ્રુવપણાને લીધે ઉપલબ્ધ કરવાયોગ્ય છે.'** એવું ધ્રુવપણું જ અનુભવ કરવાલાયક છે. સમજાણું કાંઈ?

દૃષ્ટાંત આપે છે. **'(રસ્તે ચાલતા) મુસાફરના અંગ સાથે સંસર્ગમાં આવતી માર્ગનાં વૃક્ષોની અનેક છાયા સમાન અન્ય જે અધ્રુવ તેમનાથી શું પ્રયોજન છે?'** આહા..હા..! શું કહે છે? એક મુસાફર છે અને સડક ઉપર ચાલ્યો જાય છે. સડક કહે છેને? એના **'અંગ સાથે સંસર્ગમાં આવતી માર્ગનાં વૃક્ષોની અનેક છાયા...'** સૂર્ય છે અને આમ સડક છે. હજારો વૃક્ષ છે. તો વૃક્ષની છાયા આ બાજુ પડે છે. મુસાફર ચાલ્યો જાય છે. એના શરીરની સાથે છાયાનો સંસર્ગ થવા છતાં શરીરની સાથે છાયા આવતી નથી. સમજાણું કાંઈ? મોટો રસ્તો છે અને સૂર્ય આ બાજુ છે. હજારો વૃક્ષ છેને. તો એની છાયા પડતી હતી. મુસાફર ચાલતો હતો. ચાલતા-ચાલતા શરીરને વૃક્ષની છાયાનો સંસર્ગ થવા છતાં છાયાને

અડતો નથી. મુસાફર ચાલ્યો જાય છે. એ શરીરની અપેક્ષાએ.. અપેક્ષાએ એ બધી છાયા અધ્રુવ છે. એની સાથે ચાલવાની નથી. એ ઈ સ્વરૂપે થયો નથી. એ શરીર ચાલવાવાળું એ રૂપ થયું નથી અને શરીર તે રૂપ થયું નથી. એ (વૃક્ષની) છાયા છે તે શરીરની સાથે આવતી નથી. ન્યાય સમજાણો?

ચાલનાર મુસાફર (ચાલ્યો જાય છે). અમૃતચંદ્રાર્ય મુનિ, દિગંબર મુનિ સંત દષ્ટાંત આપે છે. '**મુસાફરના અંગ સાથે...**' આ શરીરના અંગ એની સાથે. અંગ કીધુંને. શરીરના અંગો એટલે દરેક અવયવ, હાથ-પગ વગેરે. '**સાથે સસંગર્મમાં આવતી માર્ગમાં વૃક્ષોની અનેક છાયા...**' અનેક છાયા થઈને? હજારો ઝાડ. આંબાના, લીંબડાના બધા છે. ભિન્ન ભિન્ન જાતના બધા છે. એ '**વૃક્ષોની અનેક છાયા સમાન અન્ય જે અધ્રુવ...**' છે. તેમ ભગવાન આત્મા ધ્રુવ શુદ્ધ આમ ચાલ્યો જાય છે. છે... છે.. છે.. છે.... એમાં પુણ્ય-પાપના વિકલ્પ અને શરીર આદિની છાયા સંસર્ગમાં આવવા છતાં એ આત્મા તે રૂપ થયો નથી અને છાયા આ રૂપ થઈ નથી. એ તો પોતાના ધ્રુવ ચૈતન્યમાં ચાલ્યો જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? મોટી સડક-પંથ છે, આમ.. આમ.. એ ક્ષેત્રની વાત છે.

ભગવાન આત્મા શુદ્ધ ધ્રુવ એવો પરથી ભિન્ન પોતાના જ્ઞાનની... ધ્રુવતત્ત્વ એની સાથે પુણ્ય-પાપનો વિકલ્પ, શરીર, વાણી, મન, ઈન્દ્રિયની ક્રિયા પણ જે થાય (એ વૃક્ષની) છાયા સમાન તેના સંસર્ગમાં આવ્યો, પણ એ રૂપ થયો નથી અને એ છાયા આ રૂપ થઈ નથી. એવા મુસાફરની માફક ભગવાન આત્મા પરની અપેક્ષા રાખ્યા વિના પોતામાં ચાલ્યો જાય છે ધ્રુવ-ધ્રુવ. એવો પ્રવાહ ધ્રુવરૂપ રહેતો આત્મા તેને ધ્રુવ કહે છે. ન્યાય સમજાય છે? લોજિકથી તો વાત કરે છે.

ન્યાયમાં 'નિ' ધાતુ છે. ન્યાયમાં 'નિ'-ધાતુ છે. નિ નામ લઈ જવું. જેવી સ્વરૂપની સ્થિતિ છે એમાં લઈ જવું તેનું નામ ન્યાય. તમારા ન્યાય બીજી જાતના હોય છે વકીલાતના. .. સરકારે બાંધ્યા એવા નિયમ કરે. આ તો વસ્તુની સ્થિતિનો ન્યાય. ભગવાન આત્મા ચૈતન્યસત્તા, સત્ત્વ વસ્તુ પોતાથી એકત્વ, પરથી ભિન્ન. પરચીજની છાયામાં આમ.. આમ.. આમ.. ચાલ્યો જાય છે, પણ છાયાનો સ્પર્શ એને નથી અને એ આત્મા છાયાને અડતો નથી. અને આત્મા ધ્રુવ જેવડી છાયા નથી. સ્પર્શતી નથી અને એવડી છે નહિ. કલ્પના એક ક્ષણની વિકલ્પ ... પડી છે. એ બધું અધ્રુવ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**(રસ્તે ચાલતા) મુસાફરના અંગ સાથે સંસર્ગમાં આવતી...**' જુઓ, સંસર્ગમાં આવનારી એમ કહ્યું. '**માર્ગનાં વૃક્ષોની અનેક છાયા સમાન અન્ય જે અધ્રુવ...**' છે. પુણ્ય-પાપના વિકલ્પથી માંડીને બધી પર્યાય આત્માની .. અધ્રુવ છે. ધ્રુવ તો પોતાનો આત્મા એક જ છે. સમજાણું કાંઈ? ભારે કામ! એ ધ્રુવ અનુભવ કરવાલાયક છે એમ કહે છે. .. એ સંબંધીનું જ્ઞાન પોતામાં છે એ પોતાની પર્યાય છે, એ પર નહિ. સમજાણું કાંઈ? રાગ

સંબંધી જ્ઞાન તે પોતાની પર્યાય છે. રાગ નહિ. શરીર સંબંધી ક્રિયા થાય તે પોતાની નથી. શરીર સંબંધીનું જ્ઞાન એ સમયે એવું જ થાય છે એ જ્ઞાનની પર્યાય પોતાની છે. સમજાણું કાંઈ? એ કારણે ભગવાન આત્મા એકત્વ છે, એકત્વને કારણે શુદ્ધ છે, શુદ્ધને કારણે ધ્રુવ છે. બાકી બધું અધ્રુવ છે. એ સિવાય બધા રાગ, વિકલ્પ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિ કોઈપણ આવે એ બધી વૃક્ષની છાયા સમાન અધ્રુવ છે. ઓહો..હો.! આચાર્યે કેટલું દર્શાવ્યું છે જુઓ!

**'તેનાથી શું પ્રયોજન છે?' '(બીજા જે અધ્રુવ પદાર્થો) તેમનાથી શું પ્રયોજન છે?'** એમ કહે છેને? ચાલનારને છાયાથી શું પ્રયોજન છે? શું છાયા ગતિ કરાવે છે? સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મા હું જ્ઞાન, આનંદ આદિથી સંપન્ન છું, પરથી ભિન્ન છું. એ પરની વિકલ્પની છાયાથી શું પ્રયોજન છે? સમજાણું કાંઈ? આહા..હા..! .. જ્ઞેય અધિકાર દર્શનશુદ્ધિમાં લીધો છે. ભાઈ! તને વિકલ્પ આદિ થાય એ તારા નથી. એ સંબંધીનું તે સમયે સ્વપરપ્રકાશક જ્ઞાનની તાકાત છે. જ્ઞાન થાય છે પોતામાં, એ પણ ખરેખર તો પોતાને કારણે થાય છે. એ સંબંધીનું એ પ્રકારનું જ્ઞાન થયું એટલે એ સંબંધીનું કહેવામાં આવ્યું છે. બાકી એ સંબંધી નથી, છે તો પોતા સંબંધી. સમજાણું કાંઈ? એ જ્ઞાનની પર્યાયથી તારું સ્વરૂપ અભિન્ન છે એના ઉપર તું દૃષ્ટિ કર. પરની છાયાથી તારે શું પ્રયોજન છે? વ્યવહાર વિકલ્પ આદિ થાય એનાથી તને હિત અને પ્રયોજન શું છે? આહા..હા..! સમજાણું કાંઈ?

આવા આત્માને શ્રદ્ધા-જ્ઞાનમાં લેવો એનું નામ અનુભવ અને સમ્યગ્દર્શન કહે છે. ધર્મની પહેલી સીઢી આ છે, પહેલી રીત આ છે. પહેલા કાંઈક બીજું અને પછી આ એમ નથી. સમજાણું કાંઈ? પહેલા જાત્રા, ભક્તિ, પૂજા, વ્રત કરો અને પછી આ. કહે છે, ના એમ નથી. એ તો અધ્રુવ છે. સમજાણું કાંઈ? હવે લોકોને ઓલા વ્યવહારના અર્થીઓને આ કઠણ પડે છે. એ કહે છે, એકાંત થઈ જાય છે. એકાંત થઈ જાય છે. ... કરે છે. પણ સાંભળ તો ખરો! એ પોતાના સમ્યક્ એકાંતમાં આવ્યા વિના એ રાગ શું હતો, નિમિત્ત શું હતું એનું અનેકાંત જ્ઞાન સાચું થતું નથી. સમજાણું કાંઈ? પોતાનું અભિન્ન એક સ્વરૂપનું જ્ઞાન કર્યા વિના રાગાદિ વ્યવહારનું જ્ઞાન, વ્યવહારનું જ્ઞાન કરવું એ અનેકાંતપણું પણ એકાંત વિના થતું જ નથી. શું કરે? સમજાણું કાંઈ? એ ગાથા પૂરી થઈ. લ્યો! ૧૯૨. ૧૯૨ ગાથા પૂરી થઈ.

**ભાવાર્થ :—** ભાવાર્થ લઈએ થોડો ટૂંકામાં. **'આત્મા...'** જ્ઞાનસ્વરૂપ છે. **'જ્ઞાનાત્મક...'** જ્ઞાનાત્મક એટલે જ્ઞાનસ્વરૂપ. આત્મક એટલે સ્વરૂપ. ભગવાન જ્ઞાનસ્વરૂપ છે, એ રાગ અને દયા, દાન અને વિકલ્પસ્વરૂપ નથી. જ્ઞાનાત્મક એમ કહ્યુંને. એટલે તો એમ આવ્યું. જ્ઞાનસ્વરૂપ .. ભિન્ન છે. .. સમજાણું કાંઈ? પરદ્રવ્યથી ભિન્નત્વ અને સ્વદ્રવ્યથી અભિન્નત્વ છે. એ બોલમાં આવ્યું છે. .. લીધું છે. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે તો રાગાદિક કે શરીરાદિ ક્રિયાનું

પોતામાં પોતાથી જ્ઞાન થાય માટે જ્ઞાનસ્વરૂપ છે, પણ એ રાગસ્વરૂપ કે પરપર્યાયસ્વરૂપ નથી..

'(૨) **દર્શનરૂપ,...**' છે. પોતાનો દૃષ્ટા, રાગાદિના દૃષ્ટાસ્વરૂપ આત્મા છે. '(૩) **ઈન્દ્રિયો વિના સર્વને જાણનારો મહાપદાર્થ,...**' છે. અતીન્દ્રિય મહાપદાર્થ. સમજાણું કાંઈ? ઈન્દ્રિયની અપેક્ષા રાખ્યા વિના અતીન્દ્રિય મહાપદાર્થ એને ઈન્દ્રિયથી જાણવું તે આત્માનો સ્વભાવ જ નથી. કેમકે પરપદાર્થ છે ઈન્દ્રિયાદિ એના સંબંધે જ્ઞાન થયું તે જ્ઞાન જ નથી. પોતાનો જ્ઞાયકસ્વભાવ અતીન્દ્રિય મહાપદાર્થ એના આશ્રયે, લક્ષે જે જ્ઞાન થયું તેનું નામ ભગવાન સમ્યગ્જ્ઞાન અને ધર્મ કહે છે. કહે છે કે (૩) **ઈન્દ્રિયો વિના સર્વને જાણનારો મહાપદાર્થ,...**' છે.' અતીન્દ્રિય મહાપદાર્થ છે. '(૪) **જ્ઞેય પરપર્યાયોને ગ્રહતો-મૂકતો નહિ હોવાથી અચળ...**' છે. આત્મામાં જાણવાલાયક જે પરચીજ છે એ પરચીજની જે પર્યાય છે—વર્તમાન અવસ્થા છે—વર્તમાન દશા છે એનો પર પર્યાયોનો ગ્રહણ-ત્યાગ નહિ હોવાથી... પકડવું-છોડવું એમાં છે જ નહિ. એ સંબંધીનું જ્ઞાન છે, પણ લેવું-દેવું નથી. આહાર-પાણી લેવા-દેવા આત્મામાં છે નહિ એમ કહે છે. બીજાને ઉપદેશ દેવો, પોતે ઉપદેશ લે એમ આત્મામાં નથી એમ કહે છે.

શું કહે છે જુઓ. .. જડની પર્યાય છે, ક્ષણવિનાશિક છે. ક્ષણવિનાશિક છે તો જ્ઞાનથી ભિન્ન છે. આ ક્ષણવિનાશિક ... હોં! એ જ્ઞાનની પર્યાયથી અભિન્ન છે. એવો અતીન્દ્રિય મહાપદાર્થ છે. સમજાણું કાંઈ? પરમેશ્વરનું હૃદય પરખવું કઠણ છે. પરમેશ્વર સાક્ષાત્ પ્રભુ આત્મા છે. સમજાણું કાંઈ? તેને પરમાં સુખબુદ્ધિ થવી એમાં પોતાનો નાશ કરે છે. આહા..હા..! અતીન્દ્રિય કહ્યુંને? અતીન્દ્રિય મહાપદાર્થ. ઈન્દ્રિયોમાં કાંઈ પણ સુખ નથી. ઈન્દ્રિયથી જાણવું નથી તો ઈન્દ્રિયોથી સુખ પણ નથી. કોઈ પણ ઈન્દ્રિયોમાં, વિષયમાં વાસના, સ્પર્શ અડવાથી ... કંઈ પણ અંદરમાં સુખબુદ્ધિ થાય તો, કહે છે કે અતીન્દ્રિય મહાપદાર્થનો નાશ થાય છે. સમજાણું કાંઈ? કેમકે અતીન્દ્રિય મહાપદાર્થમાં ઈન્દ્રિયાતીત સ્વભાવ આત્મામાં સુખરૂપ પડ્યો છે. એ અતીન્દ્રિય મહાપદાર્થ એનાથી ભરેલો, આનંદથી ભરેલો પદાર્થ છે. તે પદાર્થને એમ નહિ માનીને શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શવાથી મને મજા આવે છે, સુખ થાય છે (એ માન્યતા) મોટો મિથ્યાત્વભાવ છે, જૂઠો ભાવ છે. જૂઠો ભાવ કહો કે દુઃખરૂપ કહો. અજ્ઞાન કહો, અસત્ય કહો. આહા..હા..! સમજાણું કાંઈ?

હજાર સ્ત્રીના વૃંદમાં પડ્યો સમકિતી એને વિકલ્પ આવે છે, પણ વિકલ્પનું પોતામાં પરિણમન છે એમ નથી માનતો. એ તો પુદ્ગલ એનો સ્વામી છે. હું તો એને જાણનાર છું. અતીન્દ્રિય મહાપદાર્થ જાણનારો છું. આહા..હા..! કહે છે કે હું તો અતીન્દ્રિય મહાપદાર્થ છું. ઈન્દ્રિયની અપેક્ષા રાખ્યા વિના સુખી અને જ્ઞાની છું. સુખથી ભરેલો શિવ છું. સમજાણું કાંઈ? અહીં તો કાંઈક અનુકૂળ કુણી રોટલી જ્યાં મળે, શીરો મળે. ... હોયને. શીરો હોય. શીરો કહે છેને હલવો. ઈ મળે તો મલકાઈ જાય, ખુશી થઈ જાય. ભગવાન! શું થયું તને? તારા

આત્માની તો તેં હિંસા કરી. મજા માની એ હિંસા છે. સમજાણું કાંઈ? તારો પદાર્થ સુખથી ભરેલો છે. અહીંયાં સુખ માન્યું. છે નહિ એમાં માન્યું અને છે એનો અનાદર કર્યો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મહા હિંસા. મિથ્યાત્વની મહા હિંસા. મહા હિંસા. સત્‌સ્વરૂપ ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે. એને આનંદ પરમાં છે એમ માનવું, પોતાના ત્રિકાળી અપરિમિત આનંદનો અનાદર કરવો એ જ મિથ્યાત્વ છે. મિથ્યાત્વની વ્યાખ્યા શું? સમજાણું કાંઈ?

એક ફેરી (સંવત) ૧૯૮૪માં વાત ચાલી હતીને. ૮૪માં અમે બગસરા ગયા હતાને. ત્યાં હતાને આ પાટણી. હીરાવાળા હતા. ... અમરેલીવાળા. પછી વ્યાખ્યાનમાં આવે. બધા આવે. નામ તો મોટું, બધા આવે. ૮૪ની વાત છે. ૪૧ વર્ષ પહેલાની. એક ફેરી ગયા, ઘણા માણસો આવતા હતા. બધા આવે. વ્યાખ્યાનમાં તો આવેને. અમારું નામ પ્રસિદ્ધ હતુંને પહેલાથી. .. .. એ વખતની વાત છે. ૪૧ વર્ષ પહેલા. બેઠા હતા, અમે કહ્યું. .. કીધું, હિંસાની વ્યાખ્યા શું? કે પરજીવને મારવાનો ભાવ થયો તે હિંસા. હવે એમાં કેમ હિંસા થઈ? કે જે એને દુઃખ થાય છે તે મારે જાણવું નથી. ના પાડે છે કે મારે જાણવું નથી. એને દુઃખ થાય છે એ મને જાણવું નથી. તો મારા જ્ઞાનને આવરણ થઈ જાવ. ૮૪ની સાલમાં કહ્યું. .... .. દેખાતો હતો. ... રાજદરબાર હોય એવા. ... જુઓ! દરબાર! આ હિંસા એને કહે છે કે મારું જ્ઞાન છે એ દુઃખરૂપ થાય છે તેને જાણવું નથી. જાણવું નથી એનો અર્થ કે મારા જ્ઞાનમાં આવરણ થઈ જાઓ. હું જાણવા તૈયાર નથી. એ જાણવાનો અનાદર કરે છે તે જ જ્ઞાનની હિંસા કરે છે. ...

રાજકુમાર હતાને. બહુ રૂપાળા હતા. ગુજરી ગયા, ૮૪ની સાલની વાત છે. એક દૃષ્ટાંત આપ્યું ત્યાં. ૮૪ની વાત છે. એક પ્રાણી કરોડપતિ છે. તે કાંઈ માનતો નથી પાપ-બાપ કંઈ. એને ઘરે એક દીકરો જન્મ્યો. સાંઈઠ વર્ષે .... રાજકુમાર છે, કરોડપતિ છે એટલે રાજા પણ આવ્યા. શું કહેવાય તમારે જન્મ વધામણી? વધાઈ દેવા આવ્યા. રાજાએ જોયો એના જન્મેલ પુત્રને. બહુ કોમળ છે. શેઠ! મારે એનો કોળો કરીને ખાવું છે. એમ કાઠીમાં બોલાય. કોળો સમજ્યા? કટકા કરીને, ટૂકડા કરીને. આવ્યો હતો જોવા. એ દૃષ્ટાંત આપ્યું હતું એ વખતે. કરોડપતિ માણસ હતો અને બિલકુલ માને નહિ, પાપ નથી, કંઈ નથી. એટલે બાળક જન્મ્યું એની વધાઈ દેવા આવ્યો. રાજા હતો એણે જોયું. વધાઈ દેવા આવ્યો, રાજાની એવી વૃત્તિ થઈ ગઈ કે તારા કોમળ બાળકને કટકા કરીને, કોળા કહે છે, એને ઘીમાં તળીને મને ખાવાનો ભાવ થયો છે. કહો, શેઠ! લાવો. અરે! નહિ... નહિ. એ ઠીક નહિ થાય. ઠીક કેમ નહિ થાય? કેમકે એ કટકાને હું ખાઈશ તો મારી ભૂખ મટી જશે. મારા ભૂખનું દુઃખ મટી જશે. તમે પાપ કહો છો. પાપ-પાપ. પાપ છે તો મને દુઃખ થશે. પણ હું એનો કોળો કરીને ખાઈશ તો મારી ક્ષુધા મટી જશે. સવારે આવ્યું હતું. ક્ષુધા મટી જશે. પાપ ક્યાં

થયું? પાપ હોય તો દુઃખ થવું જોઈએ. સમજાણું કાંઈ? જો પાપ હોય તો દુઃખ થવું જોઈએ. અને તું કહે છે કે નહિ... નહિ... નહિ... નહિ. કેમ ના પાડે છે? એમાં પાપ નથી, કેમકે એને ખાઈને મારી ભૂખ મટે છે. નાસ્તિક છે તોપણ એમ કહેવા લાગ્યો કે કહે નહિ... નહિ... નહિ.. એમ નહિ, એમ નહિ. એ ઠીક નથી,. ઠીક નથી. ઠીક નથી કેમ કહે છે? ઠીક નથી પણ મને તો ખાવાથી ઠીક થાય છે. સમજાય છે? તું ઠીક નથી એમ ક્યાંથી લાવ્યો? નહિ મહારાજ! એને નહિ... એને નહિ. અચ્છા! એ નાસ્તિક હતો, પણ ખરે ટાણે પાપ છે, દુઃખ છે એમ માનવા લાગ્યો. મારવાનો ભાવ ઠીક નથી, એ ઠીક નથી. ઠીક નહિનો અર્થ એ ઠીક કરતો નથી .... અને આ દુઃખ મટ્યું એમ માને તે ખોટું છે. એનાથી મટ્યું નથી. એમ કહ્યું એ તો .. રાજાને .. અશાતાનો ઉદય એને નથી, શાતાનો ઉદય આવ્યો તો સમાધાન થયું. જો અશાતાનો ઉદય હોય તો ત્યાં દુઃખ થાય. એટલે દુઃખ મટી ગયું છે એ માંસ ખાવાથી મટ્યું છે એમ નથી. સમજાણું કાંઈ? ઓલા તો બિચારા આવા દાખલા વિના સમજે શી રીતે? રાજા હોય, મોટો સુખમાં ઉછરેલા ...

એક બ્રાહ્મણ રસોઈઓ હતો ... બ્રાહ્મણ હતો. ... મહારાજ! એ દૃષ્ટાંત મારા માતાને સંભળાવો, મારી માતાને કહો. એ રાજકુમાર બિચારો નરમ માણસ હતો. ભાઈ! જુઓ, એ જ હિંસા છે. એને દુઃખ નથી થતું એનું કારણ એ ખાવાથી દુઃખ નથી થયું એમ નહિ. સમાધાન થયું, શાતા થઈ એ એનાથી થાય છે? તો ઘણા પાપ કરે એ ઘણા સુખી હોય એવું છે? પણ પૂર્વના કર્મનો ઉદય એવો છે કે શાતા મળી. વર્તમાનના પાપનું ફળ જ્યારે આવશે ત્યારે રાડ નાખશે, પોકાર કરશે. એવી હિંસા આવશે. મારા માતાને સંભળાવો. ૮૪ની વાત છે. સંવત્ ૧૯૮૪. સમજાણું કાંઈ? ૪૧ વર્ષ થયા. ૪૦ અને ૧. સંપ્રદાયમાં હતાને ત્યારે એમાં. એ વખતે તો માણસ ઘણા આવતા હતાને. અમારી પ્રસિદ્ધિ, પણ પુણ્ય છેને સાથે. ... આ તો પુણ્યશાળી માણસ લાગે છે, સાધુ થયા એટલે કાંઈ...

અહીંયાં એમ છે. આહા..! રાડ નાખી જાય. ... એમ કંદમૂળ ખાવાથી અહીંયાં શાતા મળી. તો કંદમૂળ ખાધું તો શાતા મળી? એવું દૃષ્ટાંત આવ્યું હતું. પછી વનસ્પતિ પ્રત્યેકના બધા દાખલા આપ્યા હતા એ વખતે. કીધું, પ્રત્યેક વનસ્પતિ ખાય છે એકેન્દ્રિય જીવ.. એકેન્દ્રિય છેને? એ ખાધું તો સુખ થયું તો એનાથી થયું છે? એનાથી શાતા થઈ છે? ત્રિરાશી લગાવો એમાં. પૂર્વનો કોઈ શાતાનો ઉદય છે તો વર્તમાન શાતામાં સુખની કલ્પના કરી. અને એ જે નવા ભાવ થયા છે એ તો મોટું પાપ છે. સાચી વાત મહારાજ! એને દુઃખ થાય છે એ દુઃખને મારે જાણવું નથી. ... એનો અર્થ કે મારે જ્ઞાનમાં દેખવું નથી, મારું જ્ઞાન અંધ થઈ જાઓ, એનો અર્થ કે જ્ઞાનમાં આવરણ થઈ જાવ. ઈ હિંસા છે. ન્યાય સમજ્યા? ... આહા..હા..! ... માખણ ચોપડે. ઓલા રાજા ખરાને. ... ધૂળેય કરતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

પોતાના જ્ઞાનમાં જ્ઞાતા-દૃષ્ટા રહેવાનો ભાવ નહિ રાખીને એવું જાણવું-દેખવું મને ન હો, પરને દુઃખ થાય, જૂઠું બોલે, એ જૂઠને મારે જાણવું ન હો, તે જ્ઞાનનો અનાદર કરે છે, જ્ઞાનની અશાતના કરે છે, એ જ્ઞાનને આવરણ કરે છે, એ જ જ્ઞાનની હિંસા છે. ન્યાય સમજાણો કે નહિ? વકીલની પેઠે આ ન્યાય છે કે નહિ? આહા..હા..! ભાઈ! આમાં જ્ઞાતા રહેવું જોઈએ એને ઠેકાણે ... આ મારે જાણવું નથી. જાણવું નથી એનો અર્થ કે જ્ઞાનનું આવરણ હો. તે હિંસા છે. સમજાણું કાંઈ? વસ્તુ તો પોતાને કારણે હિંસા-અહિંસા છે, બહારને કારણે છે નહિ. સમજાણું કાંઈ? ..ભાઈ! દુનિયાથી પણ ઊંધું બહુ. ... અભ્યાસ કરવો પડે. ... સમજો છોને? ... આ તો ૪૧ વર્ષ પહેલાની વાત છે.

ઓહો..! ભગવાન આત્મા, કહે છે કે અતીન્દ્રિય મહાપદાર્થ છે. એ ઇન્દ્રિયોના વિષય આદિ, રાગાદિ ચાલે છે તેને મારે નથી જાણવો. એનો અર્થ એ થયોને? કે નથી જાણવું. જો જાણવું થાય તો ... પોતાનું જ્ઞાન અને એનું જ્ઞાન કરે. તો એમાં સુખબુદ્ધિ રહે નહિ. પણ સુખબુદ્ધિ ઉત્પન્ન થાય છે તેને મારે નથી જાણવું. વિષયમાં રાગ છે એને મારે નથી જાણવું, આ દેહની ક્રિયા થાય આમ એને મારે નથી જાણવી. તો નહિ જાણવાનો અર્થ જ તારા જ્ઞાનમાં પરમાં સુખબુદ્ધિ થઈ તો પોતામાં સુખ છે એને ન જાણ્યું. તે અજ્ઞાન છે. સમજાણું કાંઈ? આવી વાત. આ તો સર્વજ્ઞ પરમેશ્વરે ન્યાયથી માર્ગ કહ્યો. કચડી-મચડીને બેસાડવો એવી વાત નથી. લોજિકથી, ન્યાયથી, યુક્તિથી વસ્તુની સ્થિતિ છે. સમજાણું કાંઈ?

'**ઇન્દ્રિયો વિના સર્વને જાણનારો...**' ઓહો..હો..! શરીર વિના, ઇન્દ્રિય વિના કેમ જાણે? પણ ઇન્દ્રિયથી જાણતો જ નથી ઈ, એ તો જ્ઞાનથી જાણનારો છે. આત્મા તો જ્ઞાનથી જાણનારો છે. ઇન્દ્રિયથી (જાણે છે)? આ તો જડ છે. જડથી જાણનારો છે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઇન્દ્રિયથી જ જણાય, ઇન્દ્રિય ન હોય તો...

ઉત્તર :- ઇન્દ્રિયથી કંઈ જણાતું નથી. આ પ્લેનમાં બેઠા હોય તો ખબર પડે. ૧૨ હજાર, ૧૩ હજાર ફૂટ ઉપર જ્યારે ચાલે. ઉપરથી નજર નાખે. આંખ તો આવડી છે, ... પ્લેનમાં. શું છે? એ જ્ઞાનની પર્યાયનો સ્વભાવ શરીરને ઇન્દ્રિયને સ્પર્શ્યા વિના જાણે છે. સમજાણું કાંઈ? અને કોઈને એમ લાગે કે... પ્લેન તો બહુ ઊંચું ઊડેને, ૧૨-૧૩ હજાર ફૂટ પ્લેન. એમ દેખાય. .... એટલામાંથી દેખાય. આવડી છે તો એટલું જ દેખાવું જોઈએ. પણ જ્ઞાન પોતાની પર્યાયથી દેખે છે તો વિશાળ ક્ષેત્રને દેખે છે. સમજાણું કાંઈ? ... વિશાળ ક્ષેત્ર ઇન્દ્રિય વિના જોવે છે. સમજ્યા? ઇન્દ્રિયનો આશ્રય નથી. .... છેને આંખ. છિદ્ર છેને થોડું? એનાથી જાણે છેને? ...જેમ લાકડાની, લોઢાની જાળી હોય તો બહારના માણસોને જોવા હોય તો જાળીમાંથી દેખે. .. છે. છિદ્ર થોડું છે એમાંથી જ્ઞાન જોવે છેને? ના. એ છિદ્ર છે જ નહિ. અહીં તો ભગવાન એમ કહે છે કે એવું શરીરના આંખના રજકણ

એટલા મજબુત એકાકાર છે કે જેમાં સોઈની અણી ન પેસે. એટલું (પણ) છિદ્ર છે નહિ. ઔદારિક શરીરનું બંધન છે. એ પાંચ શરીર આવે છેને? ઔદારિક શરીરના બંધનનો અર્થ? એ એકાકાર ભીંતરૂપ થઈ ગઈ છે. પણ એ જ્ઞાનની પર્યાય એમાં કાણું નથી તોપણ એની અપેક્ષા રાખ્યા વિના જાણે છે.

જુઓ! શું કહે છે? **'ઇન્દ્રિયો વિના સર્વને જાણનારો મહા પદાર્થ,...'** છે. સમજાણું કાંઈ? સાધારણજનને એમ લાગે કે આ ... આમ જરી કાણું છે. કાણું છે જ નહિ. એવા સૂક્ષ્મ રજકણનો સ્કંધ મજબુત છે. .. કાળો-ધોળો.. બિલકુલ કાણું નથી, બિલકુલ કાણું નથી. ઔદારિક બંધન તેને ભગવાન કહે છે. એવું બંધન છે તો એમાં ચૈતન્ય ... અંતર નથી. છતાં દેખાય છે તો એ કેમ દેખાય છે? આ ઇન્દ્રિયથી દેખાય છે? સમજાણું કાંઈ? આહા..હા..! એ પોતાની પર્યાયથી જોવે છે. પેલું તો નિમિત્ત છે. નિમિત્તનો અર્થ પરદ્રવ્ય છે. એ સંબંધીનું જ્ઞાન પોતામાં છે, પણ એ ઇન્દ્રિયથી જોવે છે એમ નથી. આહા..હા..! એવો ભગવાન પોતાના અસ્તિત્વમાં ઇન્દ્રિયથી જાણનારો છે જ નહિ. એ તો પોતાથી ઇન્દ્રિયની અપેક્ષા રાખ્યા વિના અતીન્દ્રિય ... એવા પદાર્થને પરની અપેક્ષા નથી માટે એકત્વ કહ્યું. એકત્વને કારણે શુદ્ધ રહ્યું. બે હોય તો બગડે. એકત્વ તે શુદ્ધ છે, શુદ્ધ તે ધ્રુવ છે. માટે એ જ અનુભવ કરવા લાયક છે.

**'(૪) જ્ઞેય પરપર્યાયોને ગ્રહતો-મૂકતો નહિ હોવાથી અચળ...'** છે. ચોથો બોલ. જ્ઞેય જે પરપર્યાય જડ, ચૈતન્ય આદિની. ચાહે તો ચૈતન્યની હોય કે જડની હોય. એ પરપર્યાયનો ગ્રહણ-ત્યાગ નહિ હોવાથી ભગવાન અચળ છે. આહા..હા..! કેવળજ્ઞાનની પર્યાય ... ક્ષણવિનાશિક રૂપે પ્રવર્તમાન ... સમજાણું કાંઈ? તેને આત્મા ગ્રહે છે અને છોડે છે એમ છે? અહીં કેવળજ્ઞાન છે તો અહીં જાણે એમ છે? ના. એને ગ્રહણ-ત્યાગ છે જ નહિ. આહા..હા..! ભગવાન (માટે) કહે છે શ્વેતાંબરમાં, પહેલા સમયે પરમાણુ ગ્રહે અને બીજે સમયે છોડે. કેવળીને પણ ગ્રહણ ત્યાગ છે. ૨૦૦૬ સાલમાં થયું હતું પાલિતાણામાં. ૧૯ વર્ષ પહેલાં જાત્રાએ ગયા હતા. ખળભળાટ, ખળભળાટ. લોકો કહે ... અરે કહે છે કે ઇન્દ્રિય વિના ભાષા ... ભાષા આત્મા કરતો જ નથી. ભાષા આત્મા બોલતો જ નથી. નહિ. કેવળીએ પણ પહેલા ભાષા લેવી પડે, પછી છોડવી પડે. લ્યો ઠીક! શ્વેતાંબર સાધુ હતા આચાર્ય. ૨૦૦૬ની સાલ. ૧૯ વર્ષ થયા. એ લખ્યું એ શાસ્ત્ર જ નથી. એમાં લખ્યું છે. એ શાસ્ત્ર જ નથી. શાસ્ત્ર તો સત્‌ને પ્રરૂપે તે શાસ્ત્ર છે. ગડબડ કરે એ શાસ્ત્ર કેવું? સમજાણું કાંઈ?

કહે છે કે **'જ્ઞેય પરપર્યાયોને ગ્રહતો-મૂકતો નહિ હોવાથી અચળ...'** છે. અહીં તો પહેલેથી અચળ છે. કેવળજ્ઞાન પર્યાય ભાષાને ગ્રહણ કરે અને છોડે, અરે પ્રભુ! શું કરે છે તું? આહા..હા..! બહુ કઠણ વાત. ચૈતન્યની વાસ્તવિકતા પરાલંબ વિનાની ચીજને પ્રતીતમાં લેવી, અલૌકિક વાત છે! સમજાણું કાંઈ? પછી ... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જેઠ સુદ ૧૪, શુક્રવાર, તા. ૩૦.૦૫.૧૯૬૯**
**ગાથા-૧૯૨-૧૯૩, પ્રવચન-૧૬૮**

૧૯૨ (ગાથાનો) ભાવાર્થ. જ્ઞેયતત્ત્વ અધિકાર છેને. તો આત્મા જ્ઞેય કેવો છે? કે જે આત્મા એ કર્મથી ભિન્ન છે. અનુભવમાં આત્માની શાંતિ અને આનંદ મળે એવો આત્મા કેવો છે એ વાત ચાલે છે. એ આત્મા જ્ઞાનસ્વરૂપ છે—જ્ઞાનાત્મક. જ્ઞાનના ભાવસ્વરૂપ છે, જ્ઞાનભાવસ્વરૂપ છે. પરદ્રવ્યથી ભિન્ન અને પરદ્રવ્યના નિમિત્તથી પોતામાં નૈમિત્તિક થનારી પર્યાય તેનાથી અભિન્ન છે તે કારણે એકત્વ છે. દર્શનભૂત છે. દૃષ્ટા સ્વભાવ એ પોતાથી અભિન્ન છે, પરદ્રવ્યથી તો એ દર્શન સ્વભાવ ભિન્ન છે. **'ઇન્દ્રિયો વિના સર્વને જાણનારો મહા પદાર્થ,...'** પોતાથી જ જાણનારો છે. ઇન્દ્રિયની અપેક્ષા રાખીને જાણવું એવો આત્માનો સ્વભાવ નથી. એવો મહાપદાર્થ છે. ... જ્ઞેય પરપર્યાયોનો ગ્રહણત્યાગ નહિ કરવાથી અચળ છે. પોતા સિવાય પરપદાર્થની અવસ્થા ક્ષણે-ક્ષણે બદલાય છે તે પરપર્યાયને ગ્રહણ કરવી અને છોડવી જેમાં નથી. કેમકે એ તો સ્વતંત્ર પદાર્થ છે. પોતાની પર્યાયથી ઉત્પાદ-વ્યય થાય છે. એને આત્મા ગ્રહણ કરે-છોડે એમ છે નહિ.

**'જ્ઞેય પરદ્રવ્યોનું આલંબન નહિ લેતો હોવાથી નિરાલંબ છે;...'** એ ધ્રુવ લીધું. અનંત વસ્તુ છે. સામે સર્વજ્ઞ પરમાત્મા હો કે ભગવાનની પ્રતિમા હોય કે શિખરજી હો, એવા પરદ્રવ્યનું આત્મામાં આલંબન છે જ નહિ. (ક્યારે)? હવે જ્યારે આત્મા થાય ત્યારે. સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રનું આલંબન લે તોપણ વિકલ્પ છે. એ વિકલ્પ એનો સ્વભાવ નથી. સાધન-ફાધન કેવું? સમજાણું કાંઈ? શું કહે છે જુઓ! **'જ્ઞેય પરદ્રવ્યોનું...'** એમાં દેવ-ગુરુ-શાસ્ત્ર બધા આવી ગયા. સ્ત્રી, કુટુંબ પરિવાર, સિદ્ધ, સિદ્ધાલય, સિદ્ધ અને સિદ્ધાલય, શિખરજી અને સમવસરણ. સિદ્ધ અને સિદ્ધાલય, શિખર અને સમવસરણ. પંડિતજી! બધા આવી ગયા કે નહિ? પરપદાર્થનું અવલંબન આત્મામાં છે જ નહિ. કેમકે આલંબન લેવા જાય છે તો એ પદાર્થ તો આલંબન દેતા નથી. પર ઉપર લક્ષ જાય છે તો રાગ ઉત્પન્ન થાય છે. રાગ ઉત્પન્ન થાય છે તે આત્માનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ?

**'જ્ઞેય પરદ્રવ્યોનું આલંબન નહિ લેતો હોવાથી...'** આલંબન નહિ લેતો હોવાથી **'નિરાલંબ છે;...'** આલંબન લે તો એ આત્મા જ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? પરનું અવલંબન લેતો નથી, પણ નિમિત્ત ઉપર લક્ષ જાય છે દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપર કે સ્ત્રી, કુટુંબ, પરિવાર ઉપર, શિખરજી ઉપર તો રાગ જ ઉત્પન્ન થાય છે. એ તો આસ્રવતત્ત્વ છે, એ કાંઈ આત્મતત્ત્વ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓને! આ આચાર્ય પોતે

કહે છે કે નહિ? કહે છે કે અમારું આલંબન પરદ્રવ્ય ઉપર હોય એવા અમે નથી અને એ આત્મા અમારું આલંબન લે એવો તે આત્મા નથી. એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વાત તો નિમિત્તથી કથન છે. આલંબન કોનું? જ્યાં સુધી પરનું લક્ષ અને આલંબન રહે ત્યાં સુધી આત્મા આત્મા રૂપે થઈ શકતો નથી. એમ છે. એ માટે તો નિરાલંબ કહે છે.

મન એ પરદ્રવ્ય છે કે નહિ? મન પરદ્રવ્ય છે કે નહિ મન? વાણી, શરીર, ભગવાન સાક્ષાત્, સમવસરણ આદિ બધા પરદ્રવ્યનું આલંબન પોતામાં છે જ નહિ. સમજાણું કાંઈ? તેને અહીંયાં આત્મજ્ઞેય કહેવામાં આવે છે. એવા આત્માને અંતર દૃષ્ટિ કરીને પકડવો, તે દૃષ્ટિમાં ધ્રુવને લઈને એકાકાર થઈ જવું તેને આત્મા ઉપલબ્ધ કર્યો કહેવામાં આવે છે. આહા..હા..! હિતોપદેશ .... છેને ભગવાન. સર્વજ્ઞ છે, હિતોપદેશક છે. ... એય..! દેવાનુપ્રિયા! સર્વજ્ઞ છે, વીતરાગ છે અને હિતોપદેશક છે, હિતોપદેશક છે. હિતોપદેશક નામ હિતનો ઉપદેશ કરનારા છે કે નહિ? રત્નકરંડ શ્રાવકાચારમાં એમ આવે છે.

ભગવાન સર્વજ્ઞ છે, વીતરાગ છે, ત્યાં સુધી તો ઠીક, પણ પરમહિતોપદેશક છે. પરના હિતનો ઉપદેશ કરનારા છે. તો સાંભળનારને પરમ હિતોપદેશ છે કે નહિ? એ હિત કરનાર છે કે નહિ? ભારે વાતું! કહે છે કે આત્મા એવો છે જ નહિ. વાણી પરદ્રવ્ય છે કે નહિ? શાસ્ત્ર પરદ્રવ્ય છે, દેવ-ગુરુ પરદ્રવ્ય છે, સ્ત્રી-કુટુંબ પરદ્રવ્ય છે, શરીર અને મન પરદ્રવ્ય છે. તો પરદ્રવ્યનું જેને આલંબન નથી તેનું નામ આત્મા કહે છે. આહા..હા..! વળી પાછી મૂર્તિ અને દેરાસર (સ્થાપે). દેવ ત્યાં ક્યાં છે? દેવ તો અહીં છે. નવ પ્રકારના દેવ છે એ વ્યવહારથી છે, નિશ્ચયથી તો આ દેવ છે. એક જ દેવ છે સ્વ. દિવ્યશક્તિનો ભંડાર એવો દેવ પરમાત્મા પોતે દેવ છે. એવા દેવ આત્માને પરદ્રવ્યનું, નવ દ્રવ્યનું આલંબન નથી. આકરી વાત છે ભાઈ! વ્યવહારના ગ્રંથોમાં કથન એવા આવે. પણ એ ચીજ એવી છે કે એ વ્યવહારના આલંબન વિનાની ચીજ છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વ્યવહાર વિના ચાલે?

ઉત્તર :- વ્યવહાર વિના જ ચાલે. માને છે કે વ્યવહાર વિના ચાલતું નથી. વ્યવહાર વિના ચાલતું નથી એવી માન્યતા મિથ્યાત્વ છે. વ્યવહાર વિના જ આત્મા ચાલે છે. રાગ અને પરના અવલંબન રહિત, રહિતપણે જ ટકી રહ્યો છે. સમજાણું કાંઈ? પરવસ્તુ .. અને પરનું લક્ષ આલંબન કરવા જાય તો આસ્રવ અને રાગ થાય છે. તો એનો પણ અભાવ છે. સમજાણું કાંઈ? પોતાનું સ્વરૂપ ધ્રુવ ચૈતન્ય ભગવાન એમાં દૃષ્ટિ કરવાની છે. બાકી બધું અધ્રુવ આશ્રય કરવા લાયક નથી એને માટે આ ગાથા છે.

સાંભળવામાં સાંભળવાનું આલંબન છેને? ... એ અવલંબન નથી તે આત્મા. શબ્દ, શ્રવણ,

કાન આદિનું અવલંબન લક્ષમાં લે, તો એ પરવસ્તુ તો કંઈ અવલંબન દેતી નથી. કેમકે પરવસ્તુમાં પરને અવલંબન દેવાનો સ્વભાવ નથી, પણ જીવ લક્ષ કરે છે તો રાગ ઉત્પન્ન થાય છે, દેવ-ગુરુ પ્રત્યે, સ્ત્રી-કુટુંબ-પરિવાર પ્રત્યે, વેપાર-ધંધા... પણ પરદ્રવ્યનું અવલંબન ... એ આસ્રવનું કારણ છે.. એ આસ્રવ તો આત્મામાં છે જ નહિ. ...! આહા..હા..! આ ભગવાન આત્મા છે એમાં આસ્રવ નથી, નિમિત્ત નથી તો પરનું આલંબન નથી. આવી વાત છે. આહા..હા..! નિમિત્ત છેને. નિમિત્તની ના ક્યાં પાડી? નિમિત્તમાં નિમિત્ત છે. અવલંબન નથી. અવલંબન નથી તો નિમિત્ત આવી ગયું કે નહિ? નિમિત્તનું પણ અવલંબન નથી એવો આત્મા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નિરાલંબ જ છે. પરથી નિરાલંબી જ ચીજ છે. કોઈ સમયે આલંબન હોય એવો આત્મા નથી એમ કહે છે. આહા..હા..! પોતે જ્ઞાન-દર્શન અતીન્દ્રિય મહાપદાર્થ કહ્યા પછી આ નિરાલંબ લીધું છેને? સમજાણું કાંઈ? જ્ઞાનસ્વરૂપ ભગવાન, દર્શનભૂત પ્રભુ, અતીન્દ્રિય મહાપદાર્થ. ખંડ ઇન્દ્રિયનો જેને ભાવ નથી, એમાં નથી. ... દ્રવ્યેન્દ્રિય કે પરદ્રવ્ય, વાણી ભગવાનની, ભગવાન એનું આલંબન આત્મામાં છે જ નહિ. કેમકે એ પરદ્રવ્યનો તો પોતામાં અભાવ છે. હવે અભાવનું આલંબન કઈ રીતે લેવું? સમજાણું કાંઈ? પોતામાં પરદ્રવ્યનો તો અભાવ છે. અભાવનું આલંબન કેવી રીતે લેવું? ભાવ પોતાનું સ્વરૂપ શુદ્ધ આનંદકંદ છે એનું આલંબન લેવું એમ કહે છે. સમજાણું કાંઈ?

'**જ્ઞેય પરદ્રવ્યોનું આલંબન નહિ લેતો હોવાથી...**' નહિ લેતો હોવાથી અથવા લેતો નથી તે કારણે '**નિરાલંબ છે;...**' આત્મા આલંબન લેતો જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ! આ સમ્યગ્દર્શનનો વિષય છે આ જ્ઞેયતત્ત્વ અધિકાર. સમ્યગ્દર્શનમાં આત્મા પરદ્રવ્યના આલંબન રહિત છે એવી એમાં પ્રતીત થવી જોઈએ. આહા..હા..! પરલક્ષીજ્ઞાન થયું પરસત્તાવલંબી.. સમજાણું કાંઈ? એનું પણ આલંબન આત્મામાં નથી. સમજાણું કાંઈ? ... થયું તો એનું પણ આલંબન નથી. સમજાણું કાંઈ? પૂર્વ પર્યાયમાં રાગની મંદતા અને એ જાતનું લક્ષ કે આ આત્મા આવો છે, આવો છે એવો ક્ષયોપશમ, બેયનું આત્મામાં નિરાલંબનપણું છે. પૂર્વે રાગ મંદ હતો તો એ જાતનો ખ્યાલ આવ્યો તો આત્માનું લક્ષ અને ધ્રુવપણાનો અનુભવ થયો એવો આત્મા નથી. સમજાણું કાંઈ?

'**તેથી તે...**' એમ. પાંચ પૂરા થયાને? '**તેથી તે એક છે.**' આ કારણે જ્ઞાનસ્વરૂપ, દર્શનસ્વરૂપ, અતીન્દ્રિય મહાપદાર્થ, જ્ઞેયપર્યાયોના ગ્રહણ-ત્યાગનો અભાવ અને પરદ્રવ્યના આલંબનરહિત નિરાંલબ હોવાથી ... '**આ રીતે એક હોવાથી તે શુદ્ધ છે.**' આ ... '**આવો શુદ્ધ આત્મા ધ્રુવ હોવાને લીધે તે જ એક ઉપલબ્ધ કરવાયોગ્ય છે.**' એની દૃષ્ટિ ધ્રુવ ઉપર જાય તો એની પ્રાપ્તિ થાય છે તો નિર્મળ પર્યાયસહિત અહીંયા લીધું છે. છે તો દૃષ્ટિનો વિષય ધ્રુવ. સમજાણું કાંઈ? જ્ઞાનપ્રધાન કથન છેને, તો રાગનું જે જ્ઞાન પોતાની

પર્યાયમાં અભિન્ન છે, રાગ નહિ. પરદ્રવ્યના સંબંધ જ્ઞાનપર્યાયથી અભિન્ન... એવું એકપણું છે તે શુદ્ધ છે અને તેને ધ્રુવ કહે છે. સમજાણું કાંઈ? '**તે જ એક ઉપલબ્ધ કરવાયોગ્ય છે.**' શાસ્ત્રનું, તાત્પર્ય ચૌદ પૂર્વનું, બાર અંગનું તાત્પર્ય તો આ ઉપલબ્ધ કરવો ભગવાન આત્મા ચૈતન્યભૂત અને પોતાની પર્યાયમાં નિર્મળ ... લક્ષ ધ્રુવ ઉપર ગયું તો એ જ આત્માની પ્રાપ્તિ કરવાલાયક છે, બાકી કોઈ પ્રાપ્ત કરવા લાયક નથી. ૧૯૨ ગાથા પૂરી થઈ.

હવે ૧૯૩. .. ચાલે છેને. '**હવે, અધ્રુવપણાને લીધે આત્મા સિવાય બીજું કાંઈ ઉપલબ્ધ કરવાયોગ્ય નથી એમ ઉપદેશ છે :—**' આત્મા એવો ધ્રુવ, એક શુદ્ધ અને ધ્રુવ. એનાથી અધ્રુવપણાને લીધે આત્મા સિવાય, આત્માથી ભિન્ન જેટલા છે તે બધા અધ્રુવ છે. તે સિવાય બીજું કાંઈપણ ઉપલબ્ધ કરવા યોગ્ય નથી. ધ્રુવપણાને લીધે આત્મા ઉપલબ્ધ અનુભવ કરવાલાયક છે અને અધ્રુવને કારણે કોઈ અનુભવ કરવાલાયક અને પ્રાપ્ત કરવાલાયક નથી. ૧૯૩. તિરાનવે તમારે કહે છેને?

**देहा वा दविणा वा सुहदुक्खा वाध सत्तुमित्तजणा।**
**जीवस्स ण संति धुवा धुवोवओगप्पगो अप्पा।।१९३।।**

નીચે છે ૧૯૩.

**લક્ષ્મી, શરીર, સુખ-દુઃખ અથવા શત્રુમિત્ર જનો અરે!**
**જીવને નથી કંઈ ધ્રુવ, ધ્રુવ ઉપયોગ-આત્મક જીવ છે. ૧૯૩.**

**અન્વયાર્થ :—** 'શરીરો,...' '**द्रविणानि**' એટલે 'ધન,...' અન્વયાર્થ. શરીર અને ધન અને 'સુખદુઃખ...' સંયોગો અને સુખ-દુઃખની કલ્પના બધું '**શત્રુમિત્રજનો...**' શત્રુ અને સજ્જન એવા મિત્રજનો '**એ કાંઈ જીવને ધ્રુવ નથી,...**' ભગવાન આત્માને શરીર ધ્રુવ નથી, લક્ષ્મી ધ્રુવ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળેય આવતી નથી લક્ષ્મી. એમ માને છે. એવી ઘણી પેઢી ચાલે છે. એમ કહે છેને, અમારે પેઢીએ પેઢીએ કરોડપતિ છે. ધૂળેય નથી. માને છે અજ્ઞાની. એ તો અધ્રુવ વસ્તુ છે. અમે ગર્ભશ્રીમંત છીએ એમ કહે છે કે નહિ? અમે ગર્ભશ્રીમંત છીએ, ગર્ભથી શ્રીમંત છીએ. અરે..! એ શ્રીમંત નહિ. શ્રીમંત તો સ્વરૂપરૂપી શ્રી-લક્ષ્મી, એવા અનંત સ્વરૂપ લક્ષ્મીવાળો તે અનાદિનો આત્મા છે. એ લક્ષ્મીવાળો ક્યાંથી આવ્યો? સમજાણું કાંઈ? એ તો લક્ષ્મી અધ્રુવ છે. એક ક્ષણમાં નાશ પણ થાય છે અને રહે તોપણ ક્ષણે ક્ષણે પલટે છે. એ કાંઈ આશ્રય કરવાલાયક નથી, એ તો અધ્રુવ છે એમ કહે છે. ક્ષણે ક્ષણે પર્યાય પલટે છે. શરીર-દેહ '**दविणा**' '**दविणा**' એટલે લક્ષ્મી, અને સુખ-દુઃખ અને સંયોગો અને કલ્પના અને શત્રુ-મિત્રજનો. શત્રુ અને મિત્ર જે મનુષ્ય આદિ છે, શત્રુને .. મિત્રને અનુકૂળ .. આદિ બધા '**જીવને ધ્રુવ નથી,...**'

મુમુક્ષુ :- આમાં મોટર આવી નહિ.

ઉત્તર :- મોટર પણ આવી ગઈ. કહો, ક્યાં ગયા મલુકચંદ? મોટર આવી કે નહિ તમારી? ... રૂપાંતર થઈ જાય છે. શું કહેવાય તમારી લાખ રૂપિયાની મોટર? ઈમ્પાલા. જે હોય ઈ. આ મોટર ૨૦૦૨ની સાલમાં અહીંયા લેવા આવી હતી. મુંબઈ. આ મોટર .. આ મોટર હતી ઈ લેવા આવી હતી. લાખ રૂપિયાની મોટર મોટી. ઓહો..હો..! ... મોટર. હવે સાંભળ તો ખરો, એ તો બાહ્ય ચીજ છે. સમજ્યા? એની સાથે સંબંધ શું છે? એ તો જડ છે, પર છે, અધ્રુવ છે. ચાહે કોઈ લક્ષ્મી નજીક હોય કે દૂર હોય, એ તો બધું અધ્રુવ છે. એનું આલંબન શું અને એનો આશ્રય શું અને એમાં આત્મા રહે છે ક્યાં? આહા..હા..! આત્મા એમાં બેસતો જ નથી એમ કહે છે અહીંયાં તો. બેસે અને જે વિકલ્પ ઉઠે એ આત્મા નથી. આહા..હા..! બધું તો અધ્રુવ છે. બેસવું ક્યાં છે? પરદ્રવ્યમાં આત્મા બેસી શકે છે? આત્મા પરદ્રવ્યને કદી સ્પર્શતો પણ નથી. આહા..હા..! એ તો પોતાની પર્યાયથી ક્ષેત્રાંતર આદિ થાય છે, પરને કારણે થતું નથી. આહા..હા..!

.... સોનગઢમાં કાનજીસ્વામી એમ કહે છે કે મોટરથી અમે નથી ચાલતા. અમે અમારાથી ચાલીએ છીએ, મોટર મોટરથી ચાલે છે. જુઓ ભાઈ, આપણે મોટરમાં બેઠા હોય તો ચાલે છે. મોટર મોટરથી ચાલે છે? મશ્કરી કરતો હતો એક બ્રહ્મચારી... અરે ભગવાન! એવી વાત છે. સમજાણું કાંઈ? કહે છે કે ભાઈ! મોટરથી આપણે નથી ચાલતા. મોટર મોટરથી ચાલે છે, શરીર શરીરથી ચાલે છે, આત્મા આત્માથી ચાલે છે. પેટ્રોલ વિના ચાલે છે, પેટ્રોલ હોય તોપણ પડી રહે છે. એનો ચાલવાનો કાળ હોય તો ચાલે. પેટ્રોલ હોય તો પણ અટકી જાય. પેટ્રોલ શું કરે? સમજાણું કાંઈ? .. અધ્રુવ... ચાહે તો લક્ષ્મી હો, શરીર હો, મનુષ્ય હો, શત્રુ-મિત્ર આદિ કોઈ ધ્રુવ નથી. '**ધ્રુવ તો ઉપયોગાત્મક આત્મા છે.**' પાઠ છેને જુઓ. ઉપયોગાત્મક આત્મા. જાણન-દેખન ભગવાન આત્મા એ એક વસ્તુ કાયમ રહેનારી છે, બાકી બધું અધ્રુવ છે.

'**ટીકા :- આત્માને, જે પરદ્રવ્યથી અભિન્ન હોવાને લીધે...**' એટલે પરદ્રવ્ય પરદ્રવ્યથી અભિન્ન છે એમ. પરદ્રવ્ય પરદ્રવ્યથી એક છે. પરદ્રવ્યથી આત્મા એક નથી. પરદ્રવ્યથી પરદ્રવ્ય એક છે એમ. સમજાણું કાંઈ? શરીર, વાણી, મન, લક્ષ્મી શત્રુ-મિત્ર આદિ બધા પરદ્રવ્યથી અભિન્ન છે. પરદ્રવ્ય એટલે જે પોતાનું દ્રવ્ય છે એની સાથે અભિન્ન છે. ટીકા-ટીકા. '**જે પરદ્રવ્યથી અભિન્ન હોવાને લીધે...**' સમજાણું કાંઈ? કોણ? શરીર, દેહ, વાણી, મન એ પરદ્રવ્યથી અભિન્ન છે. પરદ્રવ્યસ્વરૂપ પરદ્રવ્યથી અભિન્ન છે, પોતાથી ભિન્ન છે. '**પરદ્રવ્યથી અભિન્ન હોવાને લીધે અને પરદ્રવ્ય વડે ઉપરક્ત થતા સ્વધર્મથી ભિન્ન હોવાને લીધે...**' પરદ્રવ્યનું નિમિત્ત હોય અને પોતામાં વિકાર થાય એ વિકારથી પણ પરદ્રવ્ય ભિન્ન છે. સમજાણું કાંઈ? આવ્યું?

'**પરદ્રવ્ય વડે ઉપરક્ત થતા...**' જુઓ, '**મલિન; વિકારી. (પરદ્રવ્યના નિમિત્તે આત્માનો સ્વધર્મ ઉપરક્ત થાય છે.)**' જુઓ, નિમિત્તથી. એનો અર્થ કે પોતામાં નૈમિત્તિક વિકારી પર્યાય છે ત્યાં પરદ્રવ્ય એમાં નિમિત્ત છે, બસ એટલું. એ નિમિત્તથી ઉપરક્ત પોતાની વિકારી પર્યાય થઈ એનાથી પણ પરદ્રવ્ય તો ભિન્ન છે. નિમિત્તથી પર ભિન્ન છે એમ કહે છે. સમજાણું કાંઈ? વિકાર પરિણામ થયા, પણ એ વિકારથી પરદ્રવ્ય તો ભિન્ન છે. નિમિત્તથી કહ્યું, પણ નિમિત્ત સ્વધર્મથી ભિન્ન છે. સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ થયા, એ મલિન પરિણામ થયા તેનાથી પરદ્રવ્ય તો ભિન્ન છે. ભગવાન ભિન્ન છે, મંદિર ભિન્ન છે, પરમેશ્વરની વાણી ભિન્ન છે. હવે એ પરદ્રવ્યના નિમિત્તે પોતામાં રાગ થાય તે પોતાની પર્યાયમાં પોતાને કારણે, પણ એ રાગથી, દ્વેષથી, વિકારથી વસ્તુ તો ભિન્ન છે. એમ વાત લીધી છે. બીજા પ્રકારે લીધી છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે પોતાનું સ્વરૂપ ભગવાન આત્મા એનાથી જે સર્વ દ્રવ્ય ભિન્ન છે એ પોતાથી અભિન્ન છે. ભગવાનનો આત્મા આત્માથી અભિન્ન છે, વાણી વાણીથી અભિન્ન છે, ભગવાનની પ્રતિમા પ્રતિમાથી અભિન્ન છે, સમવસરણ સમવસરણથી અભિન્ન છે. અને પોતાથી (ભગવાન આત્માથી) તો ભિન્ન છે. સમજાણું કાંઈ? અને એ ભિન્ન છે પણ જે ભિન્ન દ્રવ્યના નિમિત્તે પોતામાં જે વિકાર થાય છે, સ્વધર્મ જેને કહ્યો, જુઓ ભાષા '**ઉપરક્ત થતા સ્વધર્મથી ભિન્ન...**' વિકારી પર્યાય તો પોતાની પર્યાય સ્વધર્મ પોતાથી થાય છે. એ જીવની પર્યાયમાં સ્વધર્મ-એનો ધર્મ છે. ધર્મ નામ ધારી રાખનારો આત્મા છે. એ વિકારને ધારી રાખનાર પર છે એમ નથી. જ્ઞાનપ્રધાન કથન છેને અહીંયાં. .... અત્યારે આ કહે છેને. કઈ અપેક્ષાએ. આ તો જ્ઞેય અધિકાર છેને.

સવારે તો પુણ્ય-પાપના ભાવ વ્યવહાર એકલા પુદ્‌ગલના પરિણામ કહ્યા. ત્યાં નિમિત્ત છે, નિમિત્તથી ઉત્પન્ન થયો સ્વધર્મ એમ નથી. અહીંયાં તો જ્ઞાનપ્રધાન કથનમાં પરદ્રવ્ય નિમિત્ત છે એનાથી થનારા દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ એ સ્વધર્મ છે. સ્વધર્મથી પરદ્રવ્ય ભિન્ન છે એમ કહે છે. પહેલા કહ્યું હતું કે પરદ્રવ્ય વડે એમ કહ્યું. પણ મલિન પરિણામ સ્વધર્મ છે એનાથી પરદ્રવ્ય ભિન્ન છે. સમજાણું કાંઈ? અટપટી વાત છે. પ્રવચનસાર છેને. જ્ઞાનપ્રધાન કથન છે. જ્ઞાન જાણે છે કે રાગ છે પોતાની પર્યાયમાં. રાગ સ્વધર્મ છે. એ રાગ કાંઈ પરનો નથી. સમજાણું કાંઈ? આગળ ૪૭ નય લેશે એમાં પણ એ લેશે કે ચાર જ્ઞાનના ધણી ગણધર છે એ પણ, આવા રાગનું પરિણમન કર્તૃત્વ મારી પર્યાયમાં છે એમ જાણે છે. જ્ઞાનપ્રધાન કથન છેને. ભારે વાત ભાઈ. આહા..હા..! ૪૭ નય છેને આગળ? પ્રવચન થઈ ગયા છે ઘણીવાર. કર્તૃત્વ નય છે. રાગ કરે કોણ? પરિણમે તે કર્તા. તો રાગરૂપે પરિણમે છે આત્મા, કંઈ જડ પરિણમતું નથી. આહા..હા..! એય..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પરિણમતો જ નથી સદાય. દૃષ્ટિના વિષયની અપેક્ષામાં ત્રણ કાળમાં વ્યવહારરૂપે આત્મા પરિણમે એમ છે જ નહિ. તે અભેદ દૃષ્ટિનું કથન છે. અને અહીંયાં જ્ઞાનપ્રધાન કથન છે. એક-એક અંશ પોતામાં રાગાદિ જે થાય છે એ કર્તૃત્વનયથી જ્ઞાની જાણે છે કે મારું પરિણમન આવું છે, પરને કારણે નહિ. કારણ કે એ પરદ્રવ્ય તો ભિન્ન છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત! .. હો એમાં શું છે? એ તો અલિંગગ્રહણમાં આવ્યું. આત્મા વિકારનો ભોક્તા નથી, આત્માના ઉપયોગમાં કર્મનો સંબંધ નથી. સ્ત્રી-કર્મનો સંબંધ નથી તો અસંબંધ એવો ઉપયોગ કહેવામાં આવે છે. એ તો રાગનો અભાવ અને પરનો અભાવ જોઈને કહ્યું.

અહીંયાં તો સામાન્યપણે જ્ઞાનપ્રધાન કથન છે. સમજાણું કાંઈ? એ જયચંદ્ર પંડિતે પહેલું ટીકામાં લીધુંને. શુદ્ધ, અશુદ્ધ પરિણમન જીવનો ધર્મ છે. જીવે ધારી રાખ્યું છે. જડ પરમાણુએ ધારી રાખ્યું છે? .. બેય સમજવું. દૃષ્ટિના વિષયમાં તો એકલો ધ્રુવ ભગવાન આત્મા. એમાં તો પર્યાય પણ નહિ અને ભેદ પણ નહિ. નિર્મળ પર્યાય પણ દૃષ્ટિનો વિષય નથી. દૃષ્ટિના વિષયની અપેક્ષાએ તો નિર્મળ પર્યાય છે, ધર્મપર્યાય-વીતરાગી પર્યાય છે તેને પરદ્રવ્ય કહી છે. તેને પરદ્રવ્ય (કહ્યું). આહા..હા..!

નિયમસારમાં પરદ્રવ્ય કહી દીધી. ક્ષાયિક સમકિત પરદ્રવ્ય છે. આહા..હા..! કેમ? કે જેમ પરદ્રવ્યમાંથી પોતાની નવી પર્યાય નથી આવતી, એમ ક્ષાયિક સમકિતનો આશ્રય કરવાથી નવી પર્યાય એમાંથી નથી આવતી. એ અપેક્ષાએ સ્વદ્રવ્ય તો ત્રિકાળી જ્ઞાયક ભગવાનને સ્વદ્રવ્ય કહ્યું. ક્ષાયિક સમકિત કહો, યથાખ્યાત ચારિત્ર કહો અને કેવળજ્ઞાનની પર્યાય કહો, (બધું) પરદ્રવ્ય છે. સમજાણું કાંઈ? નિયમસાર ૫૦મી ગાથા, ૫૦મી ગાથા. ઉદયભાવથી માંડીને ક્ષાયિકભાવ બધું પરદ્રવ્ય છે. એકલો પારિણામિક સ્વભાવ તે સ્વદ્રવ્ય છે. કેમકે જેમ પરદ્રવ્યમાંથી પોતાની નવી પર્યાય આવતી નથી, એમ ક્ષાયિક સમકિત થયું એમાંથી પણ પર્યાયમાંથી નવી પર્યાય આવતી નથી. તો પર્યાયમાંથી પર્યાય નથી આવતી તો, જેમ પરદ્રવ્ય છે એમ પર્યાયને પરદ્રવ્ય કહી દીધી. સ્વદ્રવ્ય ભગવાન ચિદાનંદ પ્રભુ (એ સ્વદ્રવ્ય).

કેટલી અપેક્ષા લાગુ પડે છે! એને ન સમજે અને એકાંત થઈ જાય તો મરી જશે. રાગ પરનો છે, પરનો છે. પરનો છે એ કઈ અપેક્ષાએ કહ્યું હતું? એ આસ્રવ અને અજીવથી ભગવાન આત્મા અનુભવમાં ભિન્ન પડી ગયો, ભિન્ન પડી ગયો છે એ અપેક્ષાએ. છતાં, એમ હોવા છતાં, પોતાના દર્શનની સાથે જે જ્ઞાન પ્રગટ થયું છે એ જ્ઞાન તો એમ જ જાણે છે કે મારી પર્યાયમાં રાગનું કર્તૃત્વરૂપ પરિણમન મારામાં છે, પરથી નહિ, પરને કારણે નહિ. જ્ઞાનચંદજી! ભારે વાત ભાઈ! ૭૬, ૭૭.. ટીકામાં. દૃષ્ટિ નિર્વિકલ્પ છે અને એનો વિષય પણ ધ્રુવ નિર્વિકલ્પ છે. તો દૃષ્ટિ તો પર્યાયને સ્વીકારતી નથી, ભેદને સ્વીકારતી નથી. એ અપેક્ષાએ પર્યાયને પરદ્રવ્ય પણ કહી દીધી. નિર્મળ પર્યાયને પરદ્રવ્ય કહી દીધી. અથવા અભૂતાર્થ કહી, અસત્યાર્થ કહી, જૂઠી કહી દીધી. પરિણામમાત્ર બંધના, મોક્ષના, મોક્ષમાર્ગના

પરિણામમાત્ર વ્યવહાર છે. દ્રવ્ય તે નિશ્ચય છે. આહા..હા..! ભારે ભાઈ! સમજાણું કાંઈ? મોક્ષ પણ વ્યવહાર છે. મોક્ષ પણ પર્યાય છેને. એક સમયની પર્યાય છે, પરિણામ એક સમયના છે મોક્ષ. મોક્ષ કોઈ ત્રિકાળી નથી. મોક્ષને પણ વ્યવહાર કહી દીધો છે. આહા..હા..! વ્યવહાર છે. વ્યવહાર કેમ? ભેદ પડે છે માટે. ત્રિકાળી ભગવાન આત્મા એમાં—એક સમયમાં આવતો નથી એટલે એક સમયના અંશને અભૂતાર્થ, અસત્યાર્થ કહીને વ્યવહાર કહી દીધો છે. આહા..હા..!

અહીં ઈ કહે છે કે વ્યવહાર જેને કહ્યો હતો દૃષ્ટિની અપેક્ષાએ, એ જ પરના નિમિત્તે થતો વિકાર પોતામાં પોતાનો સ્વધર્મ છે, એ પરધર્મ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? શું કહ્યું જુઓને. જ્ઞેય અધિકાર છે. પ્રવચનસાર છે. ... દર્શન અધિકાર છે, જ્ઞાનપ્રધાન દર્શન અધિકાર છે. આ તો સમજણ, સમજણ અને સમજણ... સમજવું, સમજવું અને સમજવું. કારણ કે એ તો સમજણનો પિંડ છે. એમાં કોઈ વિકલ્પ અને રાગાદિ નથી. પણ રાગાદિ છે, જ્યાં સાધકપણું થયું તો રાગાદિ છે એનો દૃષ્ટિ નિષેધ કરે છે. પણ એની સાથે રહેલું સમ્યક્‌જ્ઞાન જાણે છે કે મારી પર્યાયમાં રાગાદિ છે એ સ્વધર્મ છે, પરનો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એકાંત સમજી લે કે એ રાગ પરનો છે, પરનો છે, પરનો છે તો જ્ઞાનનો વિષય કર્તૃત્વનય, ભોક્તૃત્વ નય, વિકારનો કર્તા-ભોક્તા આત્મામાં છે એમ જ્ઞાન જાણે છે. ૪૭ નયમાં. પાછળ ૪૭ નય આવીને. ... આવીને? જુઓ. કેટલામી છે? ૩૮ જુઓ. ૩૮મી નય છે. ૪૦૯ પાને છે. છે? ૪૦૯ પાનું અને ૩૮મી નય. ૪૦૯ (પાને), ૩૮ નય.

**'આત્મદ્રવ્ય કર્તૃનયે, રંગરેજની માફક,...'** ૩૮. ૩૦ અને ૮. સમ્યગ્જ્ઞાનની વાત ચાલે છે. ૪૭ નય પણ સમ્યક્‌જ્ઞાન છે. આહા..હા..! **'આત્મદ્રવ્ય કર્તૃનયે, રંગરેજની માફક, રાગાદિપરિણામનું કરનાર છે (અર્થાત્ આત્મા કર્તાનયે રાગાદિ પરિણામનો કર્તા છે, જેમ રંગારો રંગકામનો કરનાર છે તેમ).'** રંગરેજ રંગનો કરનાર છે એવું દૃષ્ટાંત આપ્યું. તેમ આત્મા વિકારનો કર્તા છે એવી કર્તૃત્વનય જ્ઞાની સ્વીકારે છે. સમજાણું કાંઈ? આ ૪૭ નયમાં જ્ઞાનીની વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છેને. સમ્યગ્દૃષ્ટિને જ નય છે. અજ્ઞાનીને નય ક્યાંથી હોય? કેવળીને નય ક્યાંથી હોય? એ તો પૂર્ણ થઈ ગયા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ દૃષ્ટાંત આપ્યું. રંગરેજ-રંગનો કરનારો એ દૃષ્ટાંત આપ્યું. એમ રાગ-દ્વેષનો રંગનો કર્તા આત્મા છે એમ સિદ્ધાંત સિદ્ધ કરવો છે. પેલું તો દૃષ્ટાંત આપ્યું. પણ દયા, દાન, વ્રત, કામ, ક્રોધ, મિથ્યાભ્રાંતિ, આ તો જ્ઞાની છે તો મિથ્યાત્વ તો છે નહિ, પણ દયા, દાન, વ્રત, કામ, ક્રોધનો ભાવ જે છે તે કર્તૃત્વનયે જીવની પર્યાયમાં છે. પંડિતજી!

ત્યાં એ લીધું.

ભગવાન આત્મા... ૭૩મી ગાથા કર્તા-કર્મમાં તો એમ સિદ્ધ કર્યું કે આત્મા રાગાદિ દયા, દાન, વ્રત, ભક્તિ, રાગાદિના સ્વામીપણે સ્વયં સદા નહિ પરિણમનારો એવો હું છું. એવો હું છું. અહીં કહે છે જુઓ, રાગાદિ પરિણામનો કર્તા છે. જુઓ, પરિણામનો કર્તા. પરિણમનારો છું. એ દૃષ્ટિની અપેક્ષાએ અભેદમાં ભેદ દેખાતો નથી, અભેદમાં રાગ નથી. એ અપેક્ષાએ ઈ કથન કરવામાં આવ્યું. રાગ પરનો છે, વ્યવહારનો છે, જડનો છે. એનું જ્ઞાન કરનારો આત્મા છે. અહીં તો કહે છે... આહા..હા..! દર્શનની સાથે જે જ્ઞાન થયું એ તો સ્વપરપ્રકાશક છે. સમ્યગ્દર્શન તો અભેદ છે, પણ સાથે જ્ઞાન થયું સમ્યગ્જ્ઞાનીને, ક્ષાયિક સમકિતી આદિને, ગણધરોને, એ જાણે છે કે આત્મદ્રવ્ય કર્તૃત્વનયે રાગાદિનો કર્તા છે. રાગાદિ પરિણામનો કર્તા છે. સમજાણું કાંઈ? છે એમાં? જુઓ! ૪૦૯ પાનું છે. ૩૮મી નય છે. ૪૭ નયમાં ૩૮મી નય છે. એ બધી નય ઉપર વ્યાખ્યાન થઈ ગયા છે. એક પુસ્તક બનાવ્યું છે. શું કહેવાય એ? નય પ્રજ્ઞાપન પુસ્તક બની ગયું છે. બધા વ્યાખ્યાનમાં દરેકનું સ્પષ્ટીકરણ થઈ ગયું છે. અને આત્મવૈભવમાં શક્તિનું વર્ણન છે, દ્રવ્યદૃષ્ટિના. સમયસારમાં. બે આત્મ વૈભવ થઈ ગયા. પહેલા એક આત્મપ્રસિદ્ધિ હતી, હવે આત્મવૈભવ થયું. ગુજરાતીમાં છે, મોટું પુસ્તક છે આત્મવૈભવ. એક એક શક્તિના વર્ણનમાં ઘણું સ્પષ્ટીકરણ આવ્યું છે. સમજાણું કાંઈ? આગળ જેમ આવશે તેમ નયનું વર્ણન આવશે. પ્રવચનસાર ચાલે છેને હજી તો. આહા..હા..!

કહે છે કે ગણધરદેવ એમ જાણે કે રાગ અને વિકલ્પનું પરિણમન કર્તૃત્વનયે તો મારી પર્યાયમાં છે. એમ જ્ઞાની જાણે છે હોં! કરું એમ નથી. પણ પરિણમન છે, મારા અંશમાં એ પરિણમન છે. મારો સ્વધર્મ છે એમ જ્ઞાની સ્વધર્મ નામ અવસ્થામાં ધારી રાખ્યો છે. મારી પર્યાયમાં એ ધાર્યો છે, ટકી રહ્યો છે. કર્મે ધારી રાખ્યો છે, કર્મમાં રાગ ટકી રહ્યો છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો ભોક્તૃત્વ નયમાં પણ એમ લીધું છે જુઓ. **'આત્મદ્રવ્ય ભોક્તૃનયે...'** જુઓ પાછળ. ૪૦મી. સુખ-દુઃખાદિનો ભોક્તા છે. ૪૦મી નય છે. ત્યાં ના પાડશે. સમજાણું કાંઈ? દૃષ્ટિની અપેક્ષાએ સુખ-દુઃખની કલ્પનાનો ભોક્તા આત્મા છે જ નહિ, ભોક્તા જડ છે. પોતામાં નથી માટે જડ એમ. અચેતન છેને. સુખ-દુઃખની કલ્પના અચેતન છેને, એમાં (ચૈતન્યનો) પ્રકાશ નથી એ અપેક્ષાએ.

**'આત્મદ્રવ્ય ભોક્તૃનયે સુખદુઃખાદિનું ભોગવનાર છે, હિતકારી-અહિતકારી અન્નને ખાનાર રોગીની માફક.'** જુઓ, હિતકારી અન્ન પથ્ય લે છે, અપથ્ય લે છે. એમ શુભભાવનો ભોક્તા જીવ જ છે. પોતાની પર્યાયમાં ભોક્તા છે. દૃષ્ટિના વિષયનું અધ્યાત્મ ચાલે તો પોતાની નિર્મળ પર્યાયનો ભોક્તા જ આત્મા છે, સાથે રાગ છે તેનો ભોક્તા આત્મા નથી. પણ એ દૃષ્ટિની સાથે જે જ્ઞાન થયું એ જ્ઞાન જાણે છે કે હું નિર્મળનો ભોક્તા છું અને ભોક્તાની પર્યાય મારામાં મારાથી ભોક્તા છે. ભારે ભાઈ! સમજાણું કાંઈ? પરદ્રવ્યથી મારે શું સંબંધ

છે? પરદ્રવ્ય તો ભિન્ન છે, એ તો અધ્રુવ છે. સમજાણું કાંઈ? સુખ-દુઃખનો ભોક્તા છે. જુઓ! .. સુખદુઃખનો ભોક્તા છે, એમ. નયનો અધિકાર છે. ઘણા વખતથી અહીંયા ચાલે છેને. એક એકનું સ્પષ્ટીકરણ ઘણું થયું છે.

અંતરથી એનો જરી ખ્યાલ કરે તો સમજાય એવી વાત છે. એકલી ધારણા કરી લે એવી ચીજ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એવી ધારણા થાય એ તો પરસત્તાવલંબી થઈ. આહા..હા..! એ જ્ઞાન જ નથી. એ કર્તૃત્વનયનું જ્ઞાન જ એને નથી એમ કહે છે. અહીંયાં સ્વભાવની દૃષ્ટિ થઈ અને સાથે પરિણમનમાં મલિનપણું રાગાદિનું છે ... એને જ્ઞાન જાણે છે, એ જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે ઈ જાણે છે કે ... હરખ-શોકનો હું ભોક્તા છું, કેમકે મારી પર્યાય છે, મારી પર્યાયમાં—મારી પરિણતિમાં ભોક્તાપણું છે. નહિ કે જડમાં જડનું (ભોક્તાપણું છે). ... કર્મના ફળનો ભોક્તા જડ છે. આવ્યું હતું કે નહિ? કર્મના ફળનો ભોક્તા જડ છે અને હરખ-શોકનો ભોક્તા અચેતન જડ છે. એ અભેદ સ્વભાવની દૃષ્ટિનો પ્રકાશ જ્યાં થયો એ અપેક્ષાએ કથન કહ્યું. દૃષ્ટિની સાથે જે સમ્યગ્જ્ઞાન થયું તે જ્ઞાન, પોતાની પર્યાયમાં રાગ અને હરખ-શોકનો ભોક્તા હું છું એમ જાણે છે. શ્રદ્ધામાં નથી, જ્ઞાનમાં એમ છે. સમજાણું કાંઈ? શ્રદ્ધા તો એને સ્વીકારતી જ નથી. જ્ઞાન સાથે થયું તે સ્વ અને પર બેયને પ્રકાશે છે. જ્ઞાનની નિશ્ચયનય છે એ સ્વને અભેદરૂપે જાણે છે અને વ્યવહારનય રાગાદિ પરિણમન પોતામાં છે તે બધું ભેદનયે જાણે છે. ... સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે '**પરદ્રવ્યથી અભિન્ન હોવાને લીધે અને પરદ્રવ્ય વડે ઉપરક્ત થતા સ્વધર્મથી...**' જુઓ, '**સ્વધર્મથી ભિન્ન હોવાને લીધે...**' કોણ? પરદ્રવ્ય. આત્માને '**અશુદ્ધપણાનું કારણ છે...**' પરદ્રવ્ય તો આત્માને અશુદ્ધપણાનું કારણ છે. પરદ્રવ્ય શુદ્ધપણાનું કારણ નથી. આહા..હા..! ચાહે તો ત્રણ લોકના નાથ અને એમની વાણી હોય તોપણ એ અશુદ્ધતાનું કારણ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કડક છે.

ઉત્તર :- કડક ભાષા છે. જુઓ, અહીંયા લખ્યું છે. આચાર્યે લખ્યું છે કે નહિ? પરદ્રવ્યથી અભિન્ન એવું દ્રવ્ય અને પરદ્રવ્ય વડે મલિન પોતાના સ્વધર્મથી ભિન્ન એવું આખું દ્રવ્ય, એ શું છે? કે આત્માને અશુદ્ધપણાનું કારણ છે. '**એવું (આત્મા સિવાયનું) બીજું કાંઈ પણ ધ્રુવ નથી,...**' આહા..હા..! ભગવાન આત્મા પોતાનું સ્વરૂપ શું છે? જેટલા અન્ય પદાર્થ છે તે બધા અશુદ્ધતાનું કારણ છે. શુદ્ધતાનું કારણ તો સ્વદ્રવ્ય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કર્મનો ઉદય કોણે કહ્યું? ઉદય તો .. ક્યાંથી? નહિ... નહિ... નહિ... એ વિષયનું કારણ, પણ પરદ્રવ્ય ભિન્ન છે એનું લક્ષ થાય છે માટે થાય છે એમ કહે છે. પોતાનું લક્ષ કરે તો તો અશુદ્ધતા થતી નથી. પરલક્ષ કરે તો પરદ્રવ્ય કારણ થયું તો અશુદ્ધતાનું કારણ

નિમિત્તથી વ્યવહાર કહેવામાં આવ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..! આ પણ અમૃતચંદ્રાચાર્યનું, સમયસારમાં પણ અમૃતચંદ્રાચાર્ય, શક્તિમાં પણ અમૃતચંદ્રાચાર્ય. ત્યાં કર્તૃનય-ભોક્તૃનય જ લીધા નથી. કર્તૃ-ભોક્તૃનય દ્રવ્યદૃષ્ટિમાં-શક્તિમાં લીધું નથી. સમજાણું કાંઈ?

શું કહે છે? ભગવાન આત્મા પોતાનું શુદ્ધ સ્વરૂપ, એમાં સ્વધર્મ નામ વિકાર થવો એમાં પરદ્રવ્ય કારણ છે, સ્વદ્રવ્ય કારણ નથી. પરદ્રવ્યમાં ચાહે તો સર્વજ્ઞ હો, ચાહે તો એમની વાણી દિવ્યધ્વનિ હો, સમવસરણ હોય, ચાહે તો ઈન્દ્રિય હોય કે ચાહે તો બહારની સ્ત્રી આદિ, લક્ષ્મી આદિની સામગ્રી હોય (એ બધા) આત્માને અશુદ્ધપણાનું કારણ છે. એમાં છે કે નહિ એવું? આત્માને અશુદ્ધપણાનું કારણ પરદ્રવ્ય છે એમ લખ્યું છે. ...જી! છે કે નહિ? ... છે તો પોતાથી. ભગવાન આત્મા શુદ્ધતા પ્રગટ કરે એમાં કારણ થાય છે? શુદ્ધતાનું કારણ તો ભગવાન આત્મા દ્રવ્ય છે. આહા..હા..! શાંતિથી મધ્યસ્થ થઈને સ્વાધ્યાય કરે તો એને પ્રમેયનો પત્તો લાગે કે આવું પ્રમેય છે. રાગાદિ પ્રમેય મલિન છે, પણ એનું કારણ પરદ્રવ્ય છે. એ વાત છે. ભગવાન અમૃતચંદ્રાચાર્ય તો એમ કહે છે કે અમારું શાસ્ત્ર નિમિત્તરૂપે ભલે હો, પણ એ શાસ્ત્ર પરદ્રવ્ય છે, તને તો અશુદ્ધતાનું કારણ છે. ભાઈ!

મુમુક્ષુ :-

ઉત્તર :- ક્યાંય મૂકી નથી દીધું. ક્યાં છે? શાસ્ત્રથી જ્ઞાન થાય છે એમાં જ્ઞાનની પર્યાય નિમિત્ત પડે છે તો એમ કહેવામાં આવ્યું છે. પણ શાસ્ત્રથી જ્ઞાન થયું તે જ્ઞાન યથાર્થ નથી. ઈ જ્ઞાન જ નથી, જ્ઞાન નહિ. શાસ્ત્રના નિમિત્તે અને પોતાના ઉપાદાનથી જે ક્ષયોપશમ થયો તે જ્ઞાન નથી. જ્ઞાન તો સ્વલક્ષમાંથી જે જ્ઞાન આવ્યું અંતરની ખાણમાંથી એકાગ્ર થઈને તે જ્ઞાન છે. આહા..હા..!

મુમુક્ષુ :- નવમી ગાથામાં...

ઉત્તર :- ભાવશ્રુતજ્ઞાનથી આત્માનો અનુભવ થયો એ નવમી ગાથામાં કહે છે. એમાં કહે છે, જ્ઞાન તે આત્મા એ દસમીમાં કહે છે. ... જ્ઞાન તે આત્મા એટલું કહે છે, બીજું કાંઈ કહેતા નથી. નવમીમાં તો એમ કહે છે કે

जो हि सुदेणहिगच्छदि अप्पाणमिणं तु केवलं सुद्धं।
तं सुदकेवलिमिसिणो भणंति लोयप्पदीवयरा।।९।।

જે ભાવશ્રુતજ્ઞાન દ્વારા પોતાને પકડ્યો, અનુભવ કર્યો તે નિશ્ચય ભાવશ્રુતજ્ઞાની છે, નિશ્ચય શ્રુતકેવળી છે. અને જેણે એમ (જાણ્યું કે) જ્ઞાન તે આત્મા, બસ એટલું. જ્ઞાન તે આત્મા એવો ભેદ પડ્યો તે વ્યવહાર થયો. સમજ્યા? જ્ઞાન તે આત્મા એ વ્યવહાર થયો. વ્યવહારે આત્માને બતાવ્યો, પણ જ્ઞાન તે આત્મા એવો ભેદ અનુસરણ કરવાલાયક નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ વ્યાખ્યા એવી છે. એમાં એવું લખ્યું છે. ૮મી ગાથામાં. વ્યવહાર ન અનુસરવો. પછી આ લખ્યું છે. વ્યવહાર અનુસરણ કરવાલાયક નથી. છે કે નહિ? ૮મી

ગાથામાં છે? અનાર્ય... છેને?

**जह ण वि सक्कमणज्जो अणज्जभासं विणा दु गाहेदुं।**
**तह ववहारेण विणा परमत्थुवदेसणमसक्कं ।।८।।**

... અનાર્યભાષા વિના સમજાવી શકાતું નથી. એમ વ્યવહાર વિના નિશ્ચય સમજાવી શકાય નહિ. પણ વ્યવહાર વિના સમજાવી શકતા નથી, તો સમજનારે વ્યવહારનું અનુસરણ કરવું એમ નથી. સમજાણું કાંઈ? વાત એવી છે. આ તો એવી કોઈ વસ્તુ છે અને એમાં એવું ભરી દીધું છે. એક એક ગાથામાં આખા જૈનદર્શનનું રહસ્ય ભરી દીધું છે.

**'સ્વધર્મથી ભિન્ન હોવાને લીધે અશુદ્ધપણાનું કારણ છે...'** સ્ત્રી, ધંધો, વેપાર આદિ બધાનું કારણ એ છે અને દેવ-ગુરુ-શાસ્ત્ર એ પુણ્યનું કારણ, પણ અશુદ્ધતાનું કારણ છે. સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા તે રાગ છે. રાગમાં અશુદ્ધતાનું કારણ છે. એમાં લીધુંને આ દેવ, આ ગુરુ, આ શાસ્ત્ર. ... વીતરાગ માર્ગ છે. સમજાણું કાંઈ?

મોક્ષમાર્ગપ્રકાશકમાં તો એમ કહ્યું, સામાન્ય કરતાં વિશેષ બળવાન છે, એમ આવે છે. સામાન્ય કરતા વિશેષ બળવાન છે. ... વિશેષ જ્ઞાન હોય તો એ બળવાન છે. એ વ્યવહારનયથી કહ્યું છે. વિશેષ જ્ઞાન હોય તો સમ્યગ્દર્શન-જ્ઞાન નિર્મળ હોય છે એમ લખ્યું છે. સમજાણું કાંઈ? એ તો પરલક્ષી જ્ઞાનમાં કોઈ .. વિશેષ .. એ વાત છે. છે જ નહિ, પરલક્ષીજ્ઞાન તે જ્ઞાન જ નથી. ઓહો..હો..! જુઓ, મોક્ષમાર્ગમાં એમ છે. છે એમાં. સામાન્ય કરતા વિશેષ ... છે કે નહિ ત્યાં? આ તો નિર્મળ થાય છે એવો પાઠ છે. સમજાણું કાંઈ? ... પણ કહ્યું છેને. સિદ્ધ કરી છેને એ વાતને. જુઓ, ઈ જ આવ્યું. (સાતમો અધ્યાય) જે જીવ અન્ય ઘણું જાણે પણ પ્રયોજનભૂતને ન જાણે, અથવા જેનું ઘણું જાણવાની શક્તિ નથી, તેને એ ઉપદેશ આપ્યો છે, પણ જેને ઘણું જાણવાની શક્તિ હોય, તેને તો એ કહ્યું નથી કે 'ઘણું જાણવાથી બુરું થશે.' તેને તો જેટલું. ઘણું જાણશે એટલું પ્રયોજનભૂત જાણવું નિર્મળ થશે. શાસ્ત્રમાં પણ એમ કહ્યું છે. જુઓ આવ્યું. સામાન્ય .. છે. આવી ગયું એ તો. સામાન્ય શાસ્ત્રથી વિશેષ બળવાન છે. સામાન્ય શાસ્ત્રથી વિશેષ બળવાન છે. વિશેષથી જ સારી રીતે નિર્ણય થાય છે માટે વિશેષ જાણવાયોગ્ય છે. એ તો બધી વ્યવહારની વાત છે. શું કરે પણ? સમજાવવામાં વ્યવહાર આવ્યા વિના રહેતો નથી. વિશેષ ક્ષયોપશમ હોય તો દર્શન-જ્ઞાન-ચારિત્ર વિશેષ નિર્મળ થાય છે. એ વ્યવહાર છે. દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળતા તો સ્વદ્રવ્યના આશ્રયે થાય છે. પરના લક્ષે કે પરના જાણપણાથી થતી નથી. એવી વાત છે, ભાઈ! એવો આત્મા છે.

પોતાથી ભિન્ન હોવાને કારણે, રાગથી-પોતાના ધર્મથી પરદ્રવ્ય ભિન્ન હોવાને કારણે અશુદ્ધપણાનું કારણ છે. એવા આત્માથી અતિરિક્ત બીજું કોઈ ધ્રુવ નથી. ભગવાન પણ આત્મા માટે ધ્રુવ નથી, વાણી પણ આત્મા માટે ધ્રુવ નથી. સમજાણું કાંઈ? એવા આત્માથી

અતિરિક્ત નામ જુદું, આત્માથી ભિન્ન દ્રવ્ય '**બીજું કાંઈ પણ ધ્રુવ નથી,...**' કારણ કે અશુદ્ધપણાનું કારણ છે અને અશુદ્ધપણાને કારણે તે પરદ્રવ્ય છે. તો કોઈ પરદ્રવ્ય ધ્રુવ નથી. ધ્રુવ છે તો એને કારણે તો શુદ્ધતા પ્રગટ થાય છે. પોતાનો આત્મા શુદ્ધ ધ્રુવ છે એને પકડીને શુદ્ધતા ઉત્પન્ન થાય છે. પરદ્રવ્ય ઉપર લક્ષ જાય તો રાગ જ ઉત્પન્ન થાય છે. કેમકે પરદ્રવ્ય તો અશુદ્ધતાનું કારણ છે.

કેવી ચીજ છે એ? '**અસત્ અને હેતુવાળું હોવાને લીધે આદિઅંતવાળું અને પરતઃસિદ્ધ છે;...**' જુઓ, પરદ્રવ્ય છે, અસત્ છે. પોતાની અપેક્ષાએ અસત્. (નિજ) અસ્તિત્વ રહિત છે. જુઓ! પછી કૌંસમાં છે. સમજાણું કાંઈ? અસત્-અસ્તિત્વ રહિત. પોતાની અપેક્ષાએ પરદ્રવ્ય તો અસ્તિત્વ રહિત જ છે, સત્ જ નથી. સમજાણું કાંઈ? ભગવાન આત્મા નિજ સત્સ્વરૂપની અપેક્ષાએ બધી પરવસ્તુ અસત્ છે. પરવસ્તુ પરવસ્તુની અપેક્ષાએ સત્ છે પણ આ સત્ વસ્તુની અપેક્ષાએ એ વસ્તુ અસત્ છે અર્થાત્ તે અનિત્ય છે. સંયોગી ચીજ ચાહે તો ભગવાનની વાણી હોય, સમવસરણ, લ્યો, ... શેરડી હોયને? ગન્ના. શેરડીનો રસ નીકળે છે ... ભગવાનનું સમવસરણ હોય તો કેટલા ઈન્દ્રો, દેવ, વાઘ બધા આવ્યા. જ્યાં સમવસરણ ખલાસ, થઈ રહ્યું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... એ અનિત્ય છે .. બધી ચીજ જ અનિત્ય છે એમ કહે છે. સમજાણું કાંઈ? અસત્ છે. લ્યો! કેમકે આદિ-અંતવાળી છે. એમ સિદ્ધાંત કરવો પડ્યોને અહીંયા. અસત્ છે એ આદિ-અંતવાળી છે, એમાં કોઈ ત્રિકાળી ચીજ છે નહિ. અને '**હેતુવાળું હોવાને લીધે...**' હેતુ છે. પરદ્રવ્યમાં નિમિત્ત છે કોઈ ચીજ તો પરદ્રવ્ય આવે છે, એ તો છે નહિ. એનો વિશેષ ખુલાસો આવશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જેઠ સુદ ૧૫, શનિવાર, તા. ૩૧.૦૫.૧૯૬૯**
**ગાથા-૧૯૩-૧૯૪, પ્રવચન-૧૬૯**

આ પ્રવચનસાર, જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન, ૧૯૩ (ગાથા). કાલે થોડું ચાલ્યું. શું? કે પોતાથી- આ આત્માથી અન્ય જે બીજા બધા પદાર્થ છે તે પદાર્થ પોતાથી અભિન્ન છે. પરપદાર્થ પોતાથી અભિન્ન છે. પોતાથી એટલે તે પદાર્થથી. સમજાણું કાંઈ? શરીર શરીરથી અભિન્ન છે. બીજા આત્મા પણ એનાથી—પોતાથી અભિન્ન છે '**અને પરદ્રવ્ય વડે ઉપરક્ત થતા સ્વધર્મથી ભિન્ન હોવાને લીધે...**' ઓલામાં અભિન્ન લીધું, હવે આ ભિન્ન લીધું. પર વડે પોતામાં જે શુભ-અશુભ આદિ વિકાર થાય છે એ વિકારથી પરદ્રવ્ય ભિન્ન છે. પરદ્રવ્ય એના સ્વરૂપથી અભિન્ન છે, પણ એના વડે થતો વિકાર સ્વધર્મથી ઈ ભિન્ન છે એમ લીધું. સમજાણું

કાંઈ? '**ભિન્ન હોવાને લીધે અશુદ્ધપણાનું કારણ છે...**' અશુદ્ધપણાનું કારણ છે. હિન્દી છે? પોતાનો આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ છે એ સિવાય અનંત આત્માઓ અને અનંત રજકણો પરદ્રવ્ય હોવાથી પોતાના આત્માને અશુદ્ધતાનું કારણ છે.

મુમુક્ષુ :- ભગવાનની દિવ્યધ્વનિ અશુદ્ધતાનું કારણ?

ઉત્તર :- દિવ્યધ્વનિ પણ અશુદ્ધતાનું કારણ છે. કેમકે ઈ પરદ્રવ્ય છેને. એના ઉપર લક્ષ જાય છે તો શુભરાગ ઉત્પન્ન થાય છે અને શુભરાગ અશુદ્ધ છે. પંડિતજી! આહા..હા..! આ શું? સાક્ષાત્ સર્વજ્ઞ પરમેશ્વર પણ એના (પોતાના) આત્માથી તે અભિન્ન છે અને પોતાના આત્મામાં વિકાર જે થાય છે એમાં તે નિમિત્ત છે. એ કારણે વિકાર સ્વધર્મથી ભિન્ન છે. એ ભિન્ન છે, પણ છે ઈ અશુદ્ધતાનું કારણ. સમજાણું કાંઈ?

'**એવું (આત્મા સિવાયનું)...**' એવા ભગવાન આત્માથી અન્ય '**બીજું કાંઈ પણ ધ્રુવ નથી,...**' પોતાને માટે કોઈ પણ વસ્તુ ધ્રુવ નથી. કેમ? કહો, સમજાણું કાંઈ? '**કારણ કે તે અસત્...**' છે. અસત્‌ની વ્યાખ્યા આ જ છે—અસ્તિત્વરહિત, અનિત્ય. અથવા લક્ષ્મી, શરીર, સુખ-દુઃખના સંયોગો એ બધી ચીજ અસત્ છે. એક સમયની પર્યાયનું પરિણમન છે તે અસત્ છે. કાયમી વસ્તુ નથી. એ અસત્ અને... અસત્ સુધી કાલે આવી ગયું. '**હેતુવાળું હોવાને લીધે...**' પોતાથી પરચીજ એમાં કોઈ નિમિત્ત હોય તો મળે એવી એ વસ્તુ છે. ધન, શરીર આદિ. અરે..! સર્વજ્ઞ પરમેશ્વર મળવા એ પણ પૂર્વના પુણ્ય નિમિત્ત હોય તો ઈ મળે. સમજાણું કાંઈ? '**હેતુવાળું હોવાને લીધે...**' હેતુનો અર્થ '**સહેતુક; જેની ઉત્પત્તિમાં કંઈપણ નિમત્ત હોય એવું.**' નીચે. '**(દેહ ધનાદિકની ઉત્પત્તિમાં કંઈ પણ નિમિત્ત હોય છે તેથી તેઓ પરતઃસિદ્ધ (પરથી સિદ્ધ) છે, સ્વતઃસિદ્ધ નથી.)**' પોતામાં એ પરચીજ છે તે પરતઃસિદ્ધ છે. કોઈ નિમિત્ત છે પૂર્વના પુણ્ય-પાપ આદિનું તો એ ચીજ નિમિત્તથી પ્રાપ્ત થાય છે. સમજાણું કાંઈ? સ્વતઃ એ વસ્તુ મળે એવી ચીજ નથી.

'**(દેહ ધનાદિકની ઉત્પત્તિમાં કંઈ પણ નિમિત્ત હોય છે તેથી તેઓ પરતઃસિદ્ધ (પરથી સિદ્ધ) છે, સ્વતઃસિદ્ધ નથી.)**' સમજાણું કાંઈ? લક્ષ્મી હોય, શરીર હોય, સુખ-દુઃખના સંયોગ હોય, ચાહે તો ભગવાન હોય અને ભગવાનની વાણી હોય, ગુરુ હોય અને ગુરુની વાણી મળે, પણ એ પૂર્વના પુણ્યનું નિમિત્ત હોય તો તેની પ્રાપ્તિ થાય છે. સમજાણું કાંઈ? એ તો પરતઃસિદ્ધ થયું. નિમિત્ત હોય તો પ્રાપ્ત થાય એવી એ પરતઃસિદ્ધ છે, માટે પોતાને માટે એ ચીજ અધ્રુવ છે. આહા..હા..! જુઓને શું કહ્યું? સમજાણું કાંઈ? પોતાનો આત્મા ઉપયોગાત્મક એ એક જ ધ્રુવ શુદ્ધ છે જેમાં કોઈ નિમિત્ત નથી. સમજાણું કાંઈ? કોઈ રાગ નિમિત્ત હોય તો ધ્રુવપણું પ્રાપ્ત થાય કે ધ્રુવપણું રહે એવી ચીજ નથી. ઓહો..હો..! કેવી વાત મૂકી જુઓને!

જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન. નિજ જ્ઞેય સિવાય જેટલા પર જ્ઞેય છે તે બધા જ્ઞેય પોતાથી એટલે

કે એનાથી અભિન્ન છે. પણ એ કારણે પોતામાં ઉત્પન્ન થનારા વિકાર શુભ કે અશુભ એનાથી એ ચીજ ભિન્ન છે અને એ સર્વ ચીજ તે અશુદ્ધતાનું જ કારણ છે. કેમકે અસત્ અને હેતુમાન છે. કેમકે એ ચીજ એક સમયની અવસ્થાવાળી છે અને અંતવાળી કહ્યુંને? સાદિ-અંતવાળા છે. પર્યાય સાદિ-અંત આવે જાય... આવે જાય.. એવી પર્યાયવાળા છે.

અને **'હેતુવાળું હોવાને લીધે...'** નિમિત્તથી એ ચીજ સિદ્ધ થાય છે. કોઈ પુણ્ય હોય તો ભગવાન મળે, વાણી પણ પુણ્ય હોય તો મળે, લક્ષ્મી પણ પુણ્ય હોય તો મળે, (સારું) શરીર પણ પુણ્ય હોય તો મળે. આત્મા, પુણ્ય હોય તો મળે એવી ચીજ નથી એમ કહે છે. આહા..હા..! આ તો જ્ઞેય અધિકાર છેને. એક કોર ભગવાન આત્મા ધ્રુવ શુદ્ધ ચૈતન્યમૂર્તિ એમાં કોઈ નિમિત્ત હોય તો પ્રાપ્ત થાય એમ છે નહિ. આહા..હા..! કઈ રીતે પણ સિદ્ધ કરે છે! ભગવાન આત્મા આનંદસ્વરૂપ. કહે છેને **'ધ્રુવ તો ઉપયોગાત્મક શુદ્ધ આત્મા જ છે.'** ધ્રુવ તો જ્ઞાન અને આનંદ આદિ સ્વરૂપ જે ભગવાન આત્મા એ શુદ્ધ આત્મા જ ધ્રુવ છે. જ્યાં નજર નાખવાથી આનંદ આવે છે. જેમાં કોઈ નિમિત્તની જરૂર નથી. આહા..હા..! જુઓ, વાણી સાંભળવાથી મળે કે વાણી સાંભળવાથી અંદર જ્ઞાન થયું એવી એ ચીજ નથી એમ કહે છે. આહા..હા..! ભગવાન આત્મા... આ તો એકદમ માખણ લીધું છે. પરમાનંદનો ધામ પ્રભુ ધ્રુવસ્વરૂપ, પરમ આનંદસ્વરૂપ. ઉપયોગસ્વરૂપ લીધું છે પણ ઉપયોગ સાથે આનંદ પણ ત્રિકાળ છે, નિત્યાનંદ સુખસાગર ભગવાન આત્મા એ જ એક ધ્રુવ વસ્તુ છે કે જેમાં કોઈ નિમિત્તની જરૂર નથી. તો એના પ્રાપ્તિ માટે પૂર્વના પુણ્ય હોય તો એ ચીજ પ્રાપ્ત થાય એમ છે નહિ. સમજાણું કાંઈ? ઓહો..હો..!

મુમુક્ષુ :- જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ હોય તો...

ઉત્તર :- કર્મ-ફર્મની અહીં વાતેય ક્યાં છે? ક્ષયોપશમ એને ઘરે રહ્યો. અહીં તો જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ છે તો જ્ઞાન થાય એવી એ ચીજ નથી. એ ચીજ તો પોતાના જ્ઞાન ઉપયોગથી ભરેલી છે. આહા..હા..! ઈ કહે છે જુઓને. **'ધ્રુવ તો ઉપયોગાત્મક...'** એ તો ઉપયોગસ્વરૂપ જાણન, દેખન, આનંદ. આખા આનંદનું ઢીમ. જ્ઞાન અને દર્શનથી ભરેલો સાગર. એવો ભગવાન આત્મા પોતાને અનુભવમાં પ્રાપ્ત કરવાલાયક છે કેમકે એ ધ્રુવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો ત્યાં સુધી કહે છે કે જે આત્મામાં પહેલી ધારણા થાય, મનન થાય ને ચિંતવન થાય તો પ્રાપ્ત થાય એમ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એ તો ઉપયોગસ્વરૂપી છે, જ્ઞાનાનંદસ્વરૂપી આત્મા છે. એની પ્રાપ્તિ માટે કોઈ મનન અને ચિંતવન અને કલ્પના, વિકલ્પ કોઈની એમાં જરૂર નથી એમ કહે છે. આહા..હા..! કેમકે એ બધા અધ્રુવ છે. આહા..હા..! અસત્. પરવસ્તુ અસત્. અસત્ નામ એક સમયની અવસ્થાવાળા છેને આમ પર્યાયની અપેક્ષાએ તો અસત્ કહ્યું. હેતુમાન એટલે કે નિમિત્તથી સિદ્ધ થાય છે માટે હેતુમાન છે. પરતઃસિદ્ધ

છે અને આદિ-અંતવાળા છે. એક સમયની પર્યાય થઈ. જાય છે, આવે છે, જાય છે, આવે છે. સંયોગ. સમજાણું કાંઈ? ઓહો..હો..! કેવી વાત કરી છે! કેવી વાત કરી છે જુઓને! ટીકા તે પણ ટીકા!

देहा वा दविणा वा सुहदुक्खा वाध सत्तुमित्तजणा।
जीवस्स ण संति धुवा धुवोवओगप्पगो अप्पा।।१९३।।

એમાંથી અર્થ કાઢ્યો છે. જીવને એ બધી ચીજ ધ્રુવ નથી. એ પ્રાપ્ત થવામાં વચ્ચે નિમિત્ત હોય છે. તો પરતઃસિદ્ધ ચીજ તે સ્વતઃસિદ્ધ નથી. સ્વતઃ ચીજ ભગવાન આત્મા જ્ઞાન અને દર્શનથી ભરેલો છે. એ સ્વતઃ ચીજ છે એ જ ઉપલબ્ધ નામ અનુભવ કરવા અને પ્રાપ્ત કરવાલાયક છે. આહા..હા..! સમજાણું કાંઈ? ધ્રુવ તો ઉપયોગસ્વરૂપ... આત્મક શબ્દ પડ્યો છેને? **'ઉપયોગાત્મક શુદ્ધ આત્મા જ છે.'** આહા..હા..! **'આમ હોવાથી...'** આમ હોવાથી **'હું...'** ઉપલભ્યમાન **'અધ્રુવ એવાં શરીરાદિકને...'** ઉપલબ્ધ નથી કરતો. શું કહે છે? આ કારણે રાગાદિ કે શરીરાદિ કે ભગવાન આદિ કે દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ કે સ્ત્રી, કુટુંબ આદિ કે લક્ષ્મી આદિ મળવાથી તેને હું પ્રાપ્ત કરતો નથી. ઉપલબ્ધમાન હોવા છતાં પણ તેને ઉપલબ્ધ કરતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ!

**'ઉપયોગાત્મક શુદ્ધ...'** સ્વરૂપ જ્ઞાનકંદ એ તો જ્ઞાનસ્વરૂપ જ છે, તો જ્ઞાનકંદ શું? એમ કહે છે. સમજાણું કાંઈ? દર્શનસ્વરૂપ. તો દર્શન ઉપયોગમય છેને. એ તો ઉપયોગમય જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા સમ્યગ્દષ્ટિને—ધર્મ કરનારને એ શુદ્ધ જ્ઞાન-દર્શન ઉપયોગાત્મક આત્મા અનુભવ કરવાલાયક છે—પ્રાપ્ત કરવાલાયક છે. રાગાદિ પરચીજ પ્રાપ્ત કરવા લાયક નથી. મળે છે છતાં પ્રાપ્ત કરવાલાયક નથી એમ કહે છે. લખ્યું છેને જુઓ. ઉપલભ્યમાન. ચાહે તો ભગવાન મળે, વાણી મળે, સમજાણું? લક્ષ્મી મળે, શરીર મળે. બધું મળવા છતાં પણ હું ઉપલબ્ધ નથી કરતો. મારામાં હું પ્રાપ્ત નથી કરતો. કેમકે અસત્, પરથી સિદ્ધ અને સહેતુક હોવાથી પ્રાપ્ત હોવા છતાં પણ પ્રાપ્ત નથી કરતો. આહા..હા..! ઠીક મને લક્ષ્મી મળી, ઠીક મને દેહ મળ્યો, આ શરીર ઠીક મળ્યું કે જેથી અનંત કાળે જે કામ નથી થયું એવું થાય. લ્યો, એમ આવે છેને? પરમ ઔદારિક શરીર, પરમ ઔદારિક શરીર. પરમ ઔદારિક કેમ કહે છે? કે પરમ ઉદાર કેવળજ્ઞાન જેમાં પ્રાપ્ત થાય તેને પરમ ઔદારિક કહે છે. ઉદાર. ઔદારિકનો અર્થ એવો છે-ઉદાર. એ પરમ ઔદારિક કેમ કહ્યું? ઉદાર એટલે જેમાં કેવળજ્ઞાન પ્રાપ્ત થાય, મહાસામર્થ્ય હોય એવું ઔદારિક શરીર છે. એમ કહે છે ત્યાં જુઓ .... અહીં કહે છે કે એનાથી પ્રાપ્ત થતું જ નથી. એ બહારથી પમાય છે તોપણ એમાં લક્ષ કરતો નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

શરીર હોય, મન હોય એ બધા પરતઃસિદ્ધ છેને. વાણી હોય, ભગવાન સાક્ષાત્ હોય. સમ્મેદશિખરની જાત્રામાં.. સમ્મેદશિખર મળ્યું, સમ્મેદશિખર આપણી નજીક છે, જુઓ! કેટલી

પ્રાપ્તિ થઈ! શેત્રુંજય નજીક છે. એ બધું પરતઃસિદ્ધ છે. પુણ્યયોગ હોય તો બધું નિમિત્તરૂપે .. હોય તો મળે. એ ઉપલભ્યમાન-પ્રાપ્ત હોવા છતાં પણ, પૂર્વના પુણ્યથી પ્રાપ્ત હોવા છતાં પણ હું એને પ્રાપ્ત કરતો નથી. એમ ધર્મીની ભાવના આત્મા ધ્રુવ તરફ હોય છે. એની ભાવના નથી થતી એમ કહે છે. શું કહે છે સમજાણું કાંઈ? આવી વાણી મળે, આવું આ મળે, સમ્મેદશિખર મળે એવી ભાવના ધર્મી નથી કરતો એમ કહે છે.

મુમુક્ષુ :- અહીં તો આપને સાંભળવા મળે છે.

ઉત્તર :- હા, એ અહીંયાં ના પાડે છે. એય..! આ વસ્તુ આમ હોય તો મને લાભ થાય. લાભ તો પોતાથી થાય છે. લાભ તો પોતાથી થાય છે, પરથી લાભ થાય છે? આહા..હા..! પરથી લાભ... પરથી તો એ કહ્યું, પર તો અશુદ્ધતાનું કારણ છે એમ અહીંયાં કહ્યું.

મુમુક્ષુ :- સાંભળવું એ અશુદ્ધતાનું કારણ છે?

ઉત્તર :- અશુદ્ધતાનું કારણ છે. આહા..હા..! વીતરાગી સંતોની ટીકા વીતરાગભાવ બતાવે છે. આહા..હા..!

ભગવાન! તારી ચીજ તો નિર્લેપ શુદ્ધ આનંદધામ છેને. એને તારે પ્રાપ્ત કરવાની છે, આનંદનો સ્વાદ લેવાનો છે, ભગવાન! આહા..હા..! પરચીજ તો તને દુઃખનું કારણ છેને. અશુદ્ધતાનું કારણ કહો કે દુઃખનું કારણ કહો, એક જ વાત છે. આહા..હા..! આ વાણી વીતરાગ સિવાય ક્યાંય છે નહિ. વીતરાગ એમ કહે છે કે અમે પણ તને પ્રાપ્ત થઈએ તો પૂર્વના પુણ્ય હોય તો થાય અને અમે પણ પરદ્રવ્ય છીએ તો તને અશુદ્ધતા અને દુઃખનું જ કારણ છે. આહા..હા..! કેમકે અમારા ઉપર લક્ષ જશે તો તને રાગ જ થશે. ભલે શુભ હોય, પણ શુભ દુઃખ છે કે નહિ? શુભ અશુદ્ધ છે કે નહિ? શુભ અશુદ્ધ છે કે નહિ? એ શુભ દુઃખ છે કે નહિ? ભારે પ્રભુ આ તો! એવી વાણી વીતરાગની. આહા..હા..! પંડિતજી!

મુમુક્ષુ :- .. દુઃખના કારણ છે?

ઉત્તર :- દુઃખના કારણ છે એમ કહે છે જુઓ!

મુમુક્ષુ :- ઈ દુઃખનું કારણ નથી, અમારું લક્ષ એની ઉપર જાય એ...

ઉત્તર :- ઈ દુઃખનું કારણ એનો અર્થ એ થયોને કે તારું લક્ષ ત્યાં ગયું તો કારણ થયુંને? સ્વદ્રવ્યનો આશ્રય કાંઈ દુઃખનું કારણ છે? એમ કહે છે. પરદ્રવ્યનો આશ્રય દુઃખનું કારણ છે એમ કહે છે. આશ્રય તો તું કરે છે, પરલક્ષમાં તો તું જાય છેને, ત્યારે એ નિમિત્ત પડે છેને? આહા..હા..! આવી વાણી દિગંબર સંતો વિના ક્યાંય હોય નહિ. સમજાણું કાંઈ? વસ્તુની સ્થિતિ બતાવે છે હોં! ભાઈ! ... વસ્તુની સ્થિતિ એવી છે. આહા..હા..!

મુમુક્ષુ :- વીતરાગી ભાવ...

ઉત્તર :- મારી ભાવના, હું તો વસ્તુ ધ્રુવ એની ભાવના ભાવું છું એમ કહે છે. આવા ભગવાન મળે અને વાણી મળે એવી ભાવના તો મારી નથી એમ કહે છે. આહા..હા..!

વસ્તુ એવી છે. ભગવાન આત્મા અનાકુળ આનંદનું ધામ પ્રભુ તેને પ્રાપ્ત કરવો. બસ, બીજી કોઈ ચીજ પ્રાપ્ત કરવી નથી એમ કહે છે. કેમકે બીજી ચીજ તો નિમિત્તથી પ્રાપ્ત થાય છે, પુણ્યથી થાય છે અને ઈ અશુદ્ધતાનું કારણ છે. આટલા બે બોલ તો લઈ લીધા. આહા..હા..! ત્રણ કીધા ખરેખર તો. એક તો એ વસ્તુ વસ્તુથી સિદ્ધ છે. પોતાથી—એનાથી અભિન્ન છે અને તે પરદ્રવ્ય અશુદ્ધતાનું કારણ છે. તો અશુદ્ધતા સ્વધર્મ છે. સ્વધર્મથી તે વસ્તુ ભિન્ન છે. અને એ કારણે પરદ્રવ્ય તો અશુદ્ધતાનું કારણ છે. ચાહે તો ત્રિલોકનાથ હો કે (એમની) વાણી હોય. ઓહો..હો..! આ તે વાત! સ્વ અને પર જ્ઞેયની વચ્ચેની વહેંચણી કરી. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! ત્યાં પૈસા-બૈસા મળે એ, કહે છે કે પુણ્યનો હેતુ છે, અહીં દુઃખનું કારણ છે એમ કહે છે. પુણ્યનો હેતુ અને દુઃખનું કારણ. દુઃખ નથી? આ શું કહે છે?

મુમુક્ષુ :- અશુદ્ધતાનું કારણ.

ઉત્તર :- અશુદ્ધતા એટલે દુઃખ છે કે વળી અશુદ્ધતા એટલે સુખ છે? એ તો દુઃખ છે. આ તો અશુદ્ધનું કારણ. આ તો ભગવાન મળ્યા એ દુઃખનું કારણ એમ કહે છે. અરે.. પ્રભુ! આહા..! એય..! પંડિતજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બેય દુઃખનું નિમિત્ત છે, અશુદ્ધતાનું નિમિત્ત છે. અશુદ્ધતા એ દુઃખનું કારણ છે. દુઃખનું એ નિમિત્ત છે. આહા..હા..! સ્વદ્રવ્ય આશ્રય સિવાય પરદ્રવ્યનો આશ્રય દુઃખનું કારણ છે એમ કહે છે. એવો જ્ઞેયનો સ્વભાવ છે તો બતાવે છે. આહા..હા..! અરે..! તારી દૃષ્ટિમાં અને રુચિમાં પણ ન આવે અને તેને ધર્મ થઈ જાય? આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો! એ ૧૯૩ ગાથા. કેટલું સમાડી દીધું છે એમાં!

**'આમ હોવાથી...'** ધર્મી આમ કહે છે. હું ઉપલભ્યમાન... મને દરેક બાહ્ય ચીજ પ્રાપ્ત થાય છે. વાણી, ગુરુ, દેવ, શાસ્ત્ર, લક્ષ્મી, આ શરીર, મન. આ મન અંદર છેને એ મને પ્રાપ્ત થાય છે. જૂઓ, મન પ્રાપ્ત થાય છે. પણ તે અધ્રુવ શરીરાદિને ઉપલબ્ધ નથી કરતો. પ્રાપ્ત હોવા છતાં પણ તેની ઉપર હું લક્ષ કરતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન! તારો માર્ગ તો નિરાલંબી છે. આહા..હા..! ભગવાન સ્વના અવલંબને ધર્મ થાય છે, પરના અવલંબને ધર્મ થતો નથી. આહા..હા..! જાત્રાવાળા તો રાડ નાખી જાય. શેત્રુંજય અને આ ઓલું આવે છેને 'એકવાર વંદે જો કોઈ.' એય..! 'નરકગતિ ન હોય' એમાં તારે શું થયું? એ તો દુઃખનું કારણ છે. શેઠાઈ દુઃખનું કારણ છે, મનુષ્યપણું દુઃખનું કારણ છે. મનુષ્યપણું પરદ્રવ્ય છે. સમજાણું કાંઈ? શરીરાદિ, લક્ષ્મી આદિ અને સુખ-દુઃખ સંયોગ બધી ચીજ લીધી છેને. આહા..હા..!

મુમુક્ષુ :- પૂજામાં પણ વાત તો ઈ જ આવે છે.

ઉત્તર :- પૂજામાં પણ ઈ વાત આવે છે, પણ લોકો અર્થ ઊંધો કરે છે. વસ્તુ તો

જે છે એ આવે ને. પહેલાની પૂજા આદિ બહુ સારી હતી. હવે બધી ગડબડ થઈ ગઈ. પહેલાના તો શ્રાવક, સમકિતી જ્ઞાની આદિ ભલે ત્યાગ ન કરી શકે, પણ વસ્તુની દૃષ્ટિ અને સ્થિતિ તો કેવળી કહે એવી એ કહે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે સંયોગી ચીજ તો આદિ-અંતવાળી છે, પ્રભુ! આદિ-અંતવાળી છે. આદિ અને અંત એમ. આદિ-અંત થયુંને? આદિ-અંતવાળી છે એમ કહ્યું. પરતઃસિદ્ધ છે. (કર્મ) જેમાં નિમિત્ત પડે તો એ પ્રાપ્ત થાય છે. પણ એ નિમિત્ત હોય અને પ્રાપ્ત થાય છતાં હું પ્રાપ્ત કરતો નથી. આહા..હા..! હું ઉપલબ્ધમાન અધ્રુવ શરીરાદિને, વાણી, મનને ઉપલબ્ધ નથી કરતો. ધ્રુવ એવા '**શુદ્ધાત્માને ઉપલબ્ધ કરું છું.**' ઓહો..હો..! મારી ધ્રુવ તરફની ભાવના છે. મને સંયોગ મળે એવી ભાવના નથી. જુઓ! અહીં તો એ કહે છે. એમાં એ આવે છે. એક શ્લોક આવે છે. બોધિ લાભં. ભગવાનની વાણી મળે ને ભગવાન મળે એવું કાંઈક આવે છેને? એવો શ્લોક આવે છેને. એ તો લક્ષમાં આવી જાય. બોધિ લાભ મળે એ તો ઠીક, પણ ભગવાન મળે. ભગવાન મળ્યા નથી. બીજે એક ઠેકાણે એવું આવે છે, શ્લોક આવે છે. સમાધિ હો, આ હો, આ મળે.. આ મળે.. સત્સંગ મળે.. આ મળે. જ્યાં સુધી...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવે છે પણ એની બધી વાત વ્યવહારની છે. આ વસ્તુ છે એમ કહે છે. એ તો એવો વિકલ્પ ઉઠે છે કે સત્સમાગમ મળો. અહીં તો સત્સમાગમ પણ પરદ્રવ્ય છે એમ કહે છે. આ તો વાત એવી છે. એ સત્સમાગમ પરનો છે ઈ તો પરદ્રવ્ય છે અને પરદ્રવ્ય છે એ તો અશુદ્ધતાનું કારણ છે. સત્સમાગમ પણ અશુદ્ધતાનું કારણ છે એમ કહે છે. સત્સમાગમ તો, શુદ્ધ ધ્રુવ ચૈતન્ય ભગવાનનો સત્સમાગમ એ સત્સમાગમ છે. આહા..હા..! એ છે. નિષેધ નથી, છે. વસ્તુનું સ્વરૂપ એવું છે. જુઓને કેટલું પણ લખ્યું છે કે નહિ એમાં? આ તો અમૃતચંદ્રાચાર્યની ટીકા તો જુઓ! એકલી કુંચી છે. ભાઈ! સમજાણું કાંઈ? હમણા આવ્યા હતાને? કાગ કવિ. કવિ આવ્યા હતા. કાગ એક કવિ છે. ગૃહસ્થ છે. એ બહુ પ્રસિદ્ધ છે. ... ઈ અહીં આવ્યા હતા. જીવન ચરિત્ર બહાર પડ્યું છેને? અને આત્મસિદ્ધિ થોડું વાંચ્યું. ઓહો..! આ તો વસ્તુનું સ્વરૂપ કહે છે, એમ કહ્યું. જિનદર્શનનું સ્વરૂપ .. કરી દીધી. આવી વાત જૈનદર્શનની હજી સુધી નહોતી આવી. પછી એણે દૃષ્ટાંત આપ્યું હતું કે એક રૂમ છે. તો રૂમથી એનું બારણું તો નાનું છે. દરવાજો. દરવાજો નાનો છે. એ દરવાજાને તાળું માર્યું એ તો ઘણું નાનું છે અને તાળાથી ચાવી તો પણ બહુ નાની હોય. પણ ચાવી વિના ઓરડો ખુલતો નથી. નાની છે પણ. એમ જૈનદર્શનની રહસ્યકુંચી વિના જૈનદર્શનનો ઓરડો શું છે એ ખુલતો નથી. સમજાણું કાંઈ?

અહીં એ કહે છે ઓહો..હો..! ૧૯૩માં કેટલું કહ્યું! એક કોર ભગવાન રામ અને એક કોર ગામ. પોતા સિવાય. એ ગામ બધું, કહે છે, અધ્રુવ છે બધી ચીજ. મન મળે. આ

મન, મન હોં! મન હોય તો વિચાર થાય, ક્ષયોપશમ હોય, મન હોય તો આમ થાય સંજ્ઞી પ્રાણીને. હવે સાંભળ તો ખરો.

મુમુક્ષુ :- .. મળતો નથી.

ઉત્તર :- મળતા નથી એમ કહે છેને. જેને મન નથી એવા અસંજ્ઞીને ધર્મ પ્રાપ્ત થતો નથી. તો મનથી પમાય છે એમ છે નહિ. ધર્મ પામે છે એ મન મળ્યું માટે નહિ. ધર્મ ધ્રુવનું અવલંબન કરવાથી પમાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેમ શાંતિભાઈ! એમ છે. ત્યાં તમારે કેસરિયા-ફેસરિયામાં બધું ઘણું ઉલટું ચાલે છે. ઉલટી ગંગા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ જ છે. માર્ગ એવો છે. પહેલા એની શ્રદ્ધામાં રુચિમાં તો કબુલ કરે કે માર્ગ આવો છે. સ્વના આશ્રય સિવાય કલ્યાણ થતું નથી. પરના આશ્રયે અશુદ્ધતા ઉત્પન્ન થયા વિના રહેતી નથી. આટલી સ્પષ્ટ વાત! સમજાણું કાંઈ? એય..! વ્યવહારનો નાશ થાય છે, વ્યવહારનો નાશ થાય છે. ભાઈ! વ્યવહાર તો રાગ છે, સાંભળ તો ખરો. અરે ભગવાન! એ તો પરાશ્રિત વ્યવહાર છે. વ્યવહારની વ્યાખ્યા શું કરી? પરાશ્રિતો વ્યવહાર. એમ આવ્યુંને? તો પરાશ્રિત તો અશુદ્ધતા છે. અહીં જુઓને શું કહ્યું? નિશ્ચય સ્વાશ્રિત છે. આહા..હા..! વ્યવહાર પરાશ્રિત છે. પરાશ્રિત છે તો નિમિત્તથી ઉત્પન્ન થાય છે. રાગ પણ પરાશ્રિત છે ખરેખર તો. પરનું લક્ષ કરે છે ત્યારે રાગ ઉત્પન્ન થાય છે. પરાશ્રિત, એ તો કહ્યું નહિ અમૃતચંદ્રાચાર્યે? ભગવાન કુંદકુંદાચાર્ય એમ ફરમાવે છે કે પરને જીવન-મરણ અને સુખ-દુઃખ હું દઈ શકતો નથી. અને માને હું દઈ શકું છું એ એકત્વબુદ્ધિ છે, મિથ્યાત્વભાવ છે. ભગવાન એમ ફરમાવે છે કે પરજીવનું જીવન-મરણ, સુખ-દુઃખ હું દઈ શકું છું એ માન્યતા એકત્વબુદ્ધિ મિથ્યાત્વ છે. હું તો એમાંથી એમ કાઢું છું કે જેટલો પરદ્રવ્યાશ્રિત ભાવ છે એનો પણ ભગવાને તો નિષેધ કર્યો છે. આહા..હા..!

મુમુક્ષુ :- અહીંયા પણ પરાશ્રિત બધા ભાવને છોડાવ્યા છે.

ઉત્તર :- હા, છોડાવ્યો. વ્યવહારને જ છોડાવ્યો છે. ઈ જ છેને. આહા..હા..! પરાશ્રિતો વ્યવહાર પ્રતિષિદ્ધ છે. આશ્રય કરવાલાયક નથી. કહે છે. ઉપલબ્ધ—પ્રાપ્ત હો તો પણ હું પ્રાપ્ત કરતો જ નથી. હું તો શુદ્ધાત્મા ભગવાન ધ્રુવ આત્મા નિત્યાનંદની ગાંઠડી પ્રભુ. આહા..હા..! એવા નિત્યાનંદ પ્રભુ આત્મા તેને હું પ્રાપ્ત કરું છું. ધર્મીની ભાવના આ છે. આહા..હા..!

મુમુક્ષુ :- આનંદની દશામાં...

ઉત્તર :- દશામાં આનંદમાં ઝુલતા-ઝુલતા કહે છે. ઠીક પ્રશ્ન તો કર્યો. અહીંયાં તો જેને આત્મા પ્રાપ્ત કરવો છે એના માટે છે. પછી કહેનારા માટે અને તમારા માટે એ પ્રશ્ન છે નહિ. જેને આત્મા... અહીં તો આત્મા ઉપલબ્ધમાન છેને. હું ધ્રુવ શુદ્ધાત્માને ઉપલબ્ધ કરું છું. જેને આત્મા ભગવાન આનંદઘન ચૈતન્યધામ પ્રાપ્ત કરવો હોય એના માટે રસ્તો છે. સમજાણું

કાંઈ? ચોથા ગુણસ્થાન માટે પણ એ, પાંચમા માટે એ, છઠ્ઠા માટે એ, સાતમામાં તો ધ્યાન છે. સમજાણું કાંઈ? આહા..હા..! એવી વાત છે, ભાઈ! ... કુંદકુંદાચાર્યે શબ્દોમાં 'આદિ' શબ્દ નાખ્યો છેને? '**दविणा वा सुहदुक्खा वाध सत्तुमित्तजणा**' બધું. આહા..હા..! લ્યો ૧૯૩ થઈ, ૧૯૩ ગાથા થઈ.

હવે ૧૯૪. '**હવે, એ રીતે શુદ્ધાત્માની ઉપલબ્ધિથી શું થાય છે...**' જુઓ હવે. આહા..હા..! કેમકે શુદ્ધાત્મા ભગવાન ... પરનો આશ્રય કર્યા વિનાની ભાવના, પોતાનો શુદ્ધ ચૈતન્ય પ્રભુ મહા આનંદ સાગર છે તો એમાં દૃષ્ટિ દેવાથી શું પમાય છે? શું ફળ પ્રાપ્ત થાય છે? આહા..હા..! સમજાણું કાંઈ? ૧૯૪.

**जो एवं जाणित्ता झादि परं अप्पगं विसुद्धप्पा।**
**सागारोऽणागारो खवेदि सो मोहदुग्गंठि।।१९४।।**

એનું હરિગીત પાછળ છે. ૧૯૪ને?

**– આ જાણી, શુદ્ધાત્મા બની, ધ્યાવે પરમ નિજ આત્માને,**
**સાકાર અણ-આકાર હો, તે મોહગ્રંથિ ક્ષય કરે. ૧૯૪.**

જુઓ, '**મોહગ્રંથિ ક્ષય કરે.**' આહા..હા..! અહીં તો સાકાર અણ-આકારનો અર્થ અમૃતચંદ્રાચાર્ય સવિકલ્પ અને નિર્વિકલ્પદશા કર્યો છે. સવિકલ્પવાળો કે અવિકલ્પવાળો એમ. પણ જયસેનાચાર્યે તો સવિકલ્પ એટલે શ્રાવક અને નિર્વિકલ્પ એટલે મુનિ એમ લીધું છે. સમજાણું કાંઈ? આહા..હા..! જયસેનાચાર્યે ટીકામાં એમ લીધું છે. આમાં તો નથીને? ટીકા નથી, આમાં નથી. સાકાર, અણ-આકાર બે શબ્દ આવ્યાને? એનો અર્થ જયસેનાચાર્યે સાકાર એટલે શ્રાવક અને નિરાકાર એટલે મુનિ. આ અમૃતચંદ્રાચાર્ય સવિકલ્પ એટલે જ્ઞાનોપયોગ અને અવિકલ્પ એટલે દર્શનોપયોગ એમ કરશે.

પહેલા અન્વયાર્થ. ઓહો..હો..! 'જે...' '**एवं ज्ञात्वा**' અન્વયાર્થ છેને? '**एवं ज्ञात्वा**' '**આમ જાણીને...**' શું? સર્વ પરદ્રવ્ય છે એ મારે માટે અધ્રુવ છે, અશુદ્ધ છે, અસત્ છે, હેતુમાન છે અને પ્રાપ્ત હોવા છતાં પણ મારે પ્રાપ્ત કરવા નથી. '**આમ જાણીને વિશુદ્ધાત્મા...**' જુઓ, વિશુદ્ધ શબ્દ વાપર્યો છે શુદ્ધના અર્થમાં. '**વિશુદ્ધાત્મા થયો થકો...**' અહીંયાં વિશુદ્ધ એટલે શુભભાવ ન લેવો. નહિતર વિશુદ્ધનો અર્થ શુભભાવ પણ થાય છે. એ અહીંયાં ન લેવો. '**વિશુદ્ધાત્મા થયો થકો...**' આહા..હા..! ભગવાન આત્મા અંતર ધ્રુવ સ્વરૂપ ઉપર દૃષ્ટિ દેવાથી વિશુદ્ધ આત્મા થયો થકો. આહા..હા..! સમજાણું કાંઈ?

સોગાની એકવાર લખે છે કે બીજા ઝાડને તો પાણી નાખે તો ફળ મળે, ભાઈ! પાણી નાખે તો ફળ મળે. મારું ઝાડ એવું છે કે પાણી દીધા વિના ફળ મળે. પાણીમાં ફળ એમ. ભગવાન આત્મા અમૃતનું ઝાડ પોતાનું અમૃતસ્વરૂપ સાગર આ ઝાડ છે. ઝાડ સમજ્યા? પેડ પેડ. તો એ ઝાડ છે એને પાણી આપ્યા વિના અમૃતનું ફળ આપે છે. આહા..હા..!

વિશુદ્ધ આત્મા થાય છે. જુઓ! વિશુદ્ધ નામ આનંદ થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ?

**'આમ જાણીને વિશુદ્ધાત્મા થયો થકો પરમ આત્માને ધ્યાવે છે,...'** જુઓ, પરમ **'परमात्मानं'** પરમ આત્મા એટલે પરમ સ્વરૂપ, ઉત્કૃષ્ટ સ્વરૂપ એમ. પરમ એટલે પરમાત્મા એમ નહિ. પરમ આત્મા એટલે પરમ સ્વરૂપ પૂર્ણ શુદ્ધ ધ્રુવ. એવો પૂર્ણ જ્ઞાયકભાવ ત્રિકાળી જ્ઞાનાનંદ એકરૂપ એવા પરમ આત્માનું ધ્યાન કરે છે, ધ્યેય બનાવીને વિષય ધ્યાનમાં એને લે છે. સમજાણું કાંઈ? ધ્યાન. પોતાની પર્યાયમાં વિષય બનાવીને ધ્યાન કરે છે. વિષય બનાવી નામ પોતાની જ્ઞાનપર્યાયમાં ધ્રુવને વિષય બનાવીને ધ્યાન કરે છે. આહા..હા..! **'તે સાકાર હો કે અનાકાર હો...'** જ્ઞાનોપયોગવાળો હોય કે અનાકાર ઉપયોગવાળો હોય. સમજાણું કાંઈ? એમાં એમ લીધું છે. નહિતર તો એમાં આવે છેને ગોમ્મટસારમાં. ભાઈ! સમ્યગ્દર્શન થાય તો સાકાર થાય છે, જ્ઞાનોપયોગવાળો થાય છે. ગોમ્મટસારમાં. સાકાર ઉપયોગ થાય છે જ્ઞાન ઉપયોગ ત્યારે સમ્યગ્દર્શન થાય છે. પણ અહીંયા અપેક્ષાથી વાત લીધી છે. સાથે દર્શનોપયોગ પહેલા થઈ જાય છેને તો એમ લઈ લીધું. સાચા શ્રાવક હોય કે મુનિ હોય એ ભગવાન આત્મા શુદ્ધાત્માને પામે છે. જુઓ, શ્રાવક પણ શુદ્ધાત્માને પામે છે. સમજાણું કાંઈ? તો છ આવશ્યક આદિ પડ્યા છેને, વચ્ચે આવે છેને. એને પામતા નથી. એમ કહે છે. આહા..હા..! છ આવશ્યક નથી આવતા શ્રાવકના?

મુમુક્ષુ :- દેવપૂજા,...

ઉત્તર :- હા, એ. એ આવશ્યક નથી, અનાવશ્યક છે. **'णियमेण य जं कज्जं'** એવો પાઠ છેને, નિયમસારમાં ત્રીજી ગાથામાં છે. **'णियमेण य जं कज्जं'** મને તો નિશ્ચયથી કરવાલાયક મારા સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા એ જ મારા આવશ્યક છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'णियमेण य जं कज्जं'** એવું ત્રીજી ગાથાનું પહેલું પદ છે નિયમસારમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ. એ તો ઘણીવાર કહીએ છીએ અમે. **'णियमेण य जं कज्जं'** નિશ્ચયથી મારું કાર્ય, આવશ્યક વિકલ્પાદિ એ મારું નિશ્ચયથી કાર્ય છે જ નહિ. આહા..હા..! ભારે! લોકોને વ્યવહારવાળાને એવું લાગેને.. છ આવશ્યક કે અનાવશ્યક? દેવ-ગુરુ-શાસ્ત્ર આયતન કે નિશ્ચયથી અનાયતન? ભારે વાતું ભાઈ! જુઓ, ૨૫ બોલમાં આવે છે કે નહિ છ આયતન? સુદેવ, સુગુરુ, સુશાસ્ત્ર, તેને ધરનારો આયતન છે આયતન. પણ એ .. તો નિશ્ચયથી તો અનાયતન છે. રાડ નાખે. અને શ્રાવકના છ બોલ વિકલ્પ દેવદર્શન, ગુરુ ઉપાસના એ તો વ્યવહાર આવશ્યક છે વ્યવહાર. નિશ્ચયથી તો એ અનાવશ્યક છે. સત્‌ની આગળ વ્યવહાર ટકતો નથી એમ કહે છે. હોય છે, પણ એ વસ્તુ નથી. આહા..હા..!

અહીં તો કહે છે કે સમકિતી જ્ઞાની ધ્રુવ સ્વભાવને અનુભવે છે તો શુદ્ધાત્મા જ ધ્યાનમાં આવે છે. શુદ્ધ ભગવાન આત્મા, પરમ આત્મા, પરમ આત્મા. પરમસ્વરૂપ-પરમસ્વરૂપ ધ્રુવસ્વરૂપ

જ્ઞાયકસ્વરૂપ. પછી ખુલાસો કરશે. 'તે **સાકાર હો કે અનાકાર હો—મોહદુર્ગ્રંથિને ક્ષય કરે છે.'** અહીં તો ક્ષપયતિ, ખલાસ! એવું અંદર શુદ્ધ ધ્રુવનું ધ્યાન કરવાથી મોહગ્રંથિનો નાશ થાય છે. બીજો કોઈ મોહગ્રંથિ નાશનો ઉપાય છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો અહીં તો આમ કહે છે. એ તો કહે કે જિનબિંબના દર્શનથી આમ થાય છે. ધવલમાં પાઠ છે. આ વાત આચાર્ય કહે છે એ ખોટી છે? કે એ વાત ખોટી છે? ખોટી નથી, એ વ્યવહારથી કથન છે. પરના દર્શનથી સમકિત થાય છે એ વ્યવહારનયનું કથન છે. એમ છે નહિ. પોતાનું જ્ઞાનાનંદ સ્વરૂપ ધ્રુવ શુદ્ધ ચૈતન્યમૂર્તિ તેને ધ્યાનમાં લઈને ધ્યાતા થાય છે ત્યારે એકાગ્ર થઈને મોહગ્રંથિનો નાશ થાય છે. મિથ્યાત્વનો નાશ. મોહગ્રંથિ, ગ્રંથિભેદ ત્યારે થાય છે. સમજાણું કાંઈ? લ્યો સમકિત પામવાના (પ્રકારમાં) કહે છેને, વેદનાથી પામે, દેવઋદ્ધિથી પામે. આવે છે કે નહિ સર્વાર્થસિદ્ધિમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એમ આવે છે. જાતિસ્મરણથી પામે એમ આવે. એ બધા નિમિત્તના કથન છે. જાતિસ્મરણ જ્ઞાનની પર્યાય ધારણાની છે એનાથી શું પામે?

મુમુક્ષુ :- પાંચ લબ્ધિમાં દેશનાલબ્ધિ આવે છે.

ઉત્તર :- આવે છે. દેશનાલબ્ધિ, ક્ષયોપશમ એ બધા વ્યવહારના કથન છે. અંતરમાં શુદ્ધ સ્વભાવનું ધ્યાન કરે છે ત્યારે મોહગ્રંથિનો નાશ થાય છે ત્યારે સમકિત થાય છે. એમ વાત છે. આહા..હા..! 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો.' આવ્યુંને એ છ ઢાળામાં?

મુમુક્ષુ :- છોડી સકલ જગ દ્વંદ્વ ફંદ...

ઉત્તર :- હા, 'છોડી સકલ જગ દ્વંદ્વ ફંદ' આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

કહે છે કે એ મોહગ્રંથિ ક્ષય કરે છે. લ્યો! આહા..હા..! હજી તો મોહગ્રંથિ ક્ષય કરે છે આ ઉપાયથી, એમ વાત કરે છે. એય..! મુનિની વાત કરે છે? શું કહે છે જુઓ! પ્રથમ-પહેલા પાયે. ભગવાન આત્મા શુદ્ધ ઉપયોગરૂપ ચૈતન્ય ધ્રુવ ત્રિકાળીને ધ્યાનમાં લઈને તેને પ્રાપ્ત કરે છે તો મોહગ્રંથિનો નાશ થાય છે. શુદ્ધાત્માની પર્યાયની ઉત્પત્તિ થાય છે, મિથ્યાત્વનો નાશ-વ્યય થાય છે, ધ્રુવ તો ત્રિકાળી છે. આહા..હા..! વાત તો એવી થોડામાં છે, પણ લાંબી લાંબી કરી દીધી છે એટલે લોકોને પાછું ફરવું કઠણ પડે છે. આમ મળે ને આમ મળે ને આમ મળે. વ્યવહારનું સાધન એવું સર્વાર્થસિદ્ધિમાં એમ આવે છે. વેદના.. વેદના તો અનંત વાર થઈ નવમી ગ્રૈવેયક...

મુમુક્ષુ :- બધાય નારકીને વેદના.

ઉત્તર :- બધાયને નારકી તો સાતમી નરકની પીડા તો આહા..હા..! અહીં જરીક આટલી ઉષ્ણતાથી ગભરાઈ જાય છે. પહેલી નરકની દશ હજાર વર્ષની ઉષ્ણતા જુઓ, દશ હજાર વર્ષની. નારકી છેને. નાનામાં નાનું આયુષ્ય. એની ઉષ્ણતા આ ઉષ્ણતાથી અનંતગુણી છે.

દશ હજાર વર્ષ(ની સ્થિતિ) નારકીની. ઓહો..હો..! ભગવાન આત્માની પ્રાપ્તિ વિના એવા નારકીના દશ હજાર વર્ષની સ્થિતિના અનંતા ભવ કર્યા. દશ હજાર વર્ષ અને એક સમયની સ્થિતિના અનંતા કર્યા, દશ હજાર અને બે સમયના અનંત કર્યા. એમ ત્રણ સમયના,.. કરતા... કરતા... કરતા... જાઓ સાગરોપમ (સુધી). સમજાણું કાંઈ? અનાદિનો સંસાર અનાદિ, કાળ અનાદિ, જીવ અનાદિ. ભગવાન પોતાના નિજ સ્વરૂપ ધ્રુવને પામ્યા વિના મિથ્યાત્વને કારણે આવા નરકના (ભવ અનંતા કર્યા). એક ઉષ્ણ પવન વાય ત્યાં સહન નથી થતો. અરે ભગવાન! ભાઈ! શીતળતા તો ભગવાન પ્રભુ આત્મામાં શીતળતા પડી છે. બાહ્ય ઉષ્ણતા તો તને અડતી પણ નથી. સમજાણું કાંઈ?

દૃષ્ટાંત દઈએ છીએને, શું કહેવાય આ? જમશેદપુર, જમશેદપુરની ભઠ્ઠી. જમશેદપુર છેને? ત્યાં લોઢું બહુ થાય છે. કારખાનું છે, મોટું કારખાનું છે. અમે જોવા ગયા હતા. લઈ ગયા હતા, નરભેરામભાઈ સાથે હતા. મોટું કારખાનું હતું અને મોટા-મોટા રેલના ચક્ર હોયને એ બને છે, પાટા બને છે, મોટર બને છે એક એક દિવસમાં ઘણી. તો એમાં ભઠ્ઠી ચાલે છે અગ્નિ.. ભઠ્ઠી. એ ભઠ્ઠીનો અમે દાખલો દીધો હતો. રાજકુમાર હોય. ૨૪ વર્ષ કે ૨૫ વર્ષની ઉંમર અને લગન કરીને પહેલા દિવસે આવ્યો હોય. જેને સુહાગરાત કહે છે. એ પહેલી રાત્રે એવા સુખની અંદર વૃત્તિ હતી ઓહો..હો..! આજ તો રાણીને પરણ્યો અને આવું સુખ મળ્યું. કરોડો રૂપિયા ખર્ચી નાખે એક-એક રાતના. એવા જીવને એવા શરીરને લઈને સીધું ભઠ્ઠીમાં નાખે. લાકડા જેમ નાખે એમ નાખે. એને જે પીડા છે એનાથી અનંતગુણી પીડા પહેલી નરકના દશ હજાર (વર્ષની સ્થિતિના) નારકીને છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા આનંદસ્વરૂપ એની પ્રાપ્તિ ન કરી અને જ્યાં ત્યાં ભટક-ભટક (કર્યું). રાગની મંદતા થઈ તો મને ચારિત્ર થયું. જ્ઞાનનો ક્ષયોપશમ થયો તો મને જ્ઞાન થયું. સમજાણું કાંઈ? પૂર્વના પુણ્યને લઈને મોટાઈ બહારથી મળી તો હું મોટો થઈ ગયો. અરે ભગવાન! એમાં શું છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પુણ્યના બળ શું ધૂળના છે. પુણ્ય ધૂળ છે. પુણ્ય એટલે શું? ધૂળ. તીર્થંકર પ્રકૃતિ ધૂળ. પંડિતજી! પ્રકૃતિ ધૂળ છે, એ પ્રકૃતિ પરમાણુ છે, ધૂળ છે.

મુમુક્ષુ :- એ ધૂળથી કોઈ મોટી વસ્તુ નથી.

ઉત્તર :- આહા..હા..! ધૂળથી ભગવાન આત્માનો શુભભાવ મોટો છે અને એનાથી આત્માનો શુદ્ધભાવ પર્યાય મોટો છે અને એનાથી ત્રિકાળી આત્મા મોટો છે. એવી વાત છે. આહા..હા..!

કહે છે, ઓહો..! મોહગ્રંથિનો નાશ કરે છે. એટલે પરની સાવધાનીમાં જે એકતા હતી એ સ્વરૂપની સાવધાનીથી પરની સાવધાનીની એકતાનો નાશ થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? પોતાનો ભગવાન, આઠ વર્ષની બાલિકા હોય.. સમજાણું કાંઈ? હજી લગ્ન પણ ન

કર્યા હોય, એ જ્યારે સમ્યગ્દર્શન પામે છે ત્યારે પોતાના શુદ્ધાત્મામાં અંદર ઘૂસી જાય છે અને આનંદની પ્રાપ્તિ થાય છે, ત્યારે પરમાં સાવધાનીની એકતાનો નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ? પછી કદાચ ચારિત્રમોહનો રાગ-દ્વેષ હોય, લગન પણ કરે, પણ ક્યાંય સુખબુદ્ધિ નથી. ક્યાંય સુખ નથી. રાગમાં સુખ નથી. સુખ માટે હું લગન કરું છું એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એમ મિથ્યાત્વભાવનો નાશ થઈને જ્યારે સમ્યક્ ભાવ શુદ્ધભાવની પ્રાપ્તિ થઈ એની આગળ બધા રાગાદિ દુઃખરૂપ... દુઃખરૂપ... દુઃખરૂપ લાગે છે. શુભરાગ દુઃખરૂપ લાગે પછી અશુભરાગની તો વાત શું કરવી? આહા..હા..! માર્ગ તો આ છે. એણે કરવું પડશે, જેને હિત કરવું હોય તો. આ કોઈ દેનારો બીજો દઈ શકે છે, બીજાથી મળી જાય એવી ચીજ નથી. એનો તો અહીંયાં નિષેધ કરી દીધો.

'**ટીકા :- આ યથોક્ત વિધિ વડે...**' જુઓ, આ યથા-ઉક્ત વિધિ. પૂર્વે કહી એ. તેના '**વડે શુદ્ધાત્માને જે ધ્રુવ જાણે છે,...**' પોતાના સિવાય પરદ્રવ્ય બધું અશુદ્ધતાનું કારણ જાણીને અને પોતાના શુદ્ધાત્મા ધ્રુવની અંતરમાં ભાવના યથાવિધિ કરે છે '**તેને તેમાં જ પ્રવૃત્તિ દ્વારા...**' જુઓ, પ્રવૃત્તિ આવી. ભગવાન આત્મા આનંદનો સાગર પ્રભુ અતીન્દ્રિય આનંદની ગાંઠડી નાથ પ્રભુ એમાં જે એકાગ્ર થાય છે '**તેને તેમાં જ પ્રવૃત્તિ દ્વારા...**' જુઓ, '**શુદ્ધાત્મત્વ હોય છે;...**' શુદ્ધાત્મત્વ હોય છે નામ પર્યાયમાં શુદ્ધ આનંદ આદિનું પરિણમન થાય છે એમ કહે છે. આહા..હા..! શુદ્ધાત્માને ધ્રુવ જાણે છે ત્રિકાળી હોં! '**શુદ્ધાત્માને જે ધ્રુવ જાણે છે, તેને તેમાં જ પ્રવૃત્તિ દ્વારા...**' ભગવાન અનાકુળ આનંદ અને જ્ઞાન-દર્શન ઉપયોગનો પિંડ પ્રભુ છે તેને અહીંયાં શુદ્ધાત્મા કહે છે. એ શુદ્ધાત્માને ધ્રુવ જાણે છે અને તેમાં જ એકાકાર પ્રવૃત્તિ...

'**પ્રવૃત્તિ દ્વારા શુદ્ધાત્મત્વ હોય છે;...**' એ પર્યાયમાં છે. ધ્રુવ છે તો પર્યાયમાં શુદ્ધાત્મપણું, આનંદપણું, શુદ્ધ જ્ઞાનપણું, દર્શનપણું, શાંતિપણું પ્રાપ્ત થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? શાંતિનો સાગર ભગવાન આત્મા એની દૃષ્ટિ કરવાથી પર્યાયમાં શાંતિપણું પમાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? આ તો કહે વ્યવહારથી (થાય). અરે..! ભગવાન! શું કરે છે તું? ચોથે, પાંચમે, છઠ્ઠે તો વ્યવહાર મોક્ષમાર્ગ છે. પણ વ્યવહારમોક્ષમાર્ગ એ મોક્ષમાર્ગ જ નથી. એ તો કથનમાત્ર કહ્યું છે. અરે પ્રભુ! અને એ કહે કે નહિ, એકાંત છે. ભગવાન! સમ્યક્ એકાંત છે બાપુ! સાંભળ તો ખરો. અરે! આ વાદવિવાદનો અવસર નથી ભાઈ! લક્ષ્મી ચાંદલો કરવા આવે અને મોઢું ધોવા જાય. અમારે ભરતભાઈ કહેતા હતા. ક્યાં ગયા? લક્ષ્મી ચાંદલો કરવા આવે અને મોઢું ધોવા જાય. મોઢું ધોવા દ્યો. એ દૃષ્ટાંત છે પંડિતજી! અમારે કાઠિયાવાડમાં. લક્ષ્મી ચાંદલો કરવા આવેને. ચાંદલો સમજો છો? તિલક. તો કહે મારે મોઢું ધોવું છે પહેલા. ધોઈને આવું. હવે ઓલી ચાલી જશે. સમજાણું કાંઈ? આહા..હા..!

એક રાજા હતો. રાજા હતો તો પહેલા એને રિવાજ એવો હતો કે ગાદીએ બેસે તો, ચારણ લોકો હોય છે ચારણ લોકો, એ ચારણ લોકોની સ્ત્રી તિલક કરે. એવો રિવાજ હતો રાજમાં પહેલા. એ લૌકિક નીતિમાં ચારણ લોકો પણ બહુ પવિત્ર હતા. તો એક સાસુ-વહુ બે હતા. સાસુ-વહુ બે. રાજાને રાજગાદીએ બેસવાનો સમય થયો તે સમયે તિલક કરવા આવી. તો બહુ સુંદર રૂપાળી બાઈ હતી ચારણ. ચારણ સમજો છો? એક નાત છે. આ કાગ કવિ છે એ ચારણ છે. કાગ કવિ આવ્યા છેને અહીંયા, એ ગૃહસ્થ છે એ પણ ચારણ છે. પણ કવિ મોટો, આબરૂ મોટી. તો તિલક કરવા આવી તો એ રાજાની દૃષ્ટિ સુંદર સ્ત્રી ઉપર પડી. માથું ફેરવી લીધું. તિલક કરે તો દીકરી થઈ જાય. તિલક કરે તો દીકરી થઈ જાય. અને ભાવ થયો વિષયનો. આમ (મોઢું) ફેરવ્યું, પાછો કરવા આવી તો આમ કર્યું. એ તો બિચારી ભદ્રિક બાઈ હતી. બા! કાંઈક નામ હશે ચારણની ભાષામાં. બા! આ રાજા મોઢું ફેરવે છે. રા! શું કહે છે? બા! રા ફરે છે. રા એટલે રાજા. આમ ફરે છે. એની સાસુ કહે છે, બહેન! દીકરી! રા ફરતો નથી, રાનો દિ' ફરી ગયો છે. એની દીકરી તુલ્ય છે એની ઉપર તારી નજર? આ રાજગાદી ઉપર અમે તિલક કરવા આવ્યા, તારો દિ' ફર્યો છે. થઈ રહ્યું, હેરાન થઈ ગયો રાજા. સમજાણું કાંઈ? ઓલી તિલક કરવા આવી. પિતાતુલ્ય. પ્રજા છેને. તો પિતાતુલ્ય માનીને તિલક કરવા આવી. આ ચારણ લોકો બહુ નીતિવાળા હોય. .. નાના ગામમાં હોય તોપણ બહુ બ્રહ્મચર્ય. લૌકિક બ્રહ્મચર્ય. એ સ્ત્રી બ્રહ્મચર્યમાં ઘણી હતી. સુંદર બહુ હતી. ધણી ઘરે હતો. સાસુ હતી. આમ ફેરવ્યું. બા! રાનું મોઢું ફરે છે. રા ફરતો નથી, રાનો દિ' ફર્યો છે. અમે પુત્રીતુલ્ય પ્રજા તિલક કરવા આવી અને આવી દૃષ્ટિ થઈ. તારું નખ્ખોદ વળી જશે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી દૃષ્ટિ તેં કરી!

એમ પરમાત્મા કહે છે કે અમે જ્યારે સત્ય વાત કરીએ ત્યારે કહે છે, આમ નહિ... આમ નહિ... આમ નહિ. તારો દિ' ફર્યો છે. તિલક કરવા આવ્યા કે આ વસ્તુ છે સચ્ચિદાનંદ સ્વરૂપ. એની દૃષ્ટિ કરો તો મોહનો નાશ થશે. બીજી ક્રિયાથી (નહિ થાય). (તો કહે છે), નહિ એમ નહિ, એમ નહિ. અરે..! મરીને ચાલ્યો જઈશ ચોર્યાશીના અવતારમાં. આહા..હા..! ત્રણ લોકનું રાજ રાખીને બેઠો છે પ્રભુ અંદરમાં. આ કહે, ના. રાજ્યતે શોભતે ઈતિ રાજા. પોતાના જ્ઞાન અને આનંદથી શોભે તે પરમ રાજા આત્મા છે. જુઓ ૧૭-૧૮ ગાથામાં નથી લીધું? રાજા. ધનાર્થી-ધનનો અર્થી રાજાને સેવે. ૧૭-૧૮ ગાથામાં આવે છે. એમ આત્માનો અર્થી આત્માનું સેવન કરે. જીવરાજા છે, જીવરાજા છે. અરે ભગવાન! ત્રણ લોકનો નાથ છે. તારા પેટમાં અનંતા સિદ્ધ પડ્યા છે. આહા..હા..! સિદ્ધની ગતિ કરતાં પણ તારા દ્રવ્યની મહત્તા અનંતગુણી છે. સમજાણું કાંઈ? એવા શુદ્ધાત્માનું ધ્યાન કરવા જાય છે અને પ્રવૃત્તિ દ્વારા એમ. એ ધ્યાન કર્યું એને પ્રવૃત્તિ દ્વારા કહ્યું. સમજાણું કાંઈ? આહા..હા..!

'**પ્રવૃત્તિ દ્વારા...**' અથવા એના ધ્યાન દ્વારા એમ. '**શુદ્ધાત્મ હોય છે;...**' એ અંતર

એકાગ્રતા દ્વારા, શુદ્ધાત્મા તરફનું પ્રયાણ, પ્રયાસ દ્વારા શુદ્ધાત્માની પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? પણ માણસ કહે કે ભાઈ! અમને મોંઘું (પડે છે). પણ મોંઘું.... જે રસ્તો હોય એ કહેને. રસ્તો બીજો ક્યાંથી લાવે?

મુમુક્ષુ :- લોકોએ માની લીધેલો છે.

ઉત્તર :- માની લીધો છે અને એવો છે નહિ, પણ એની કલ્પનામાં એમ થઈ ગયું છે કે આ. અરે..! આ બાપુ! પરમાત્મા ત્રણ લોકનો નાથ જેવો છે એવો સ્વીકાર, જવાબ આપશે. સમજાણું કાંઈ?

**'શુદ્ધાત્મત્વ હોય છે;...'** લ્યો! **'શુદ્ધાત્મત્વ હોય છે;...'** એવું ધ્યાન કરવાથી શુદ્ધપણું પ્રાપ્ત થાય છે. અને પછી શું થાય છે? ઉપયોગ લેવો છેને? ચિન્માત્રશક્તિ, એ વિશેષ લેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જેઠ વદ ૧, રવિવાર, તા. ૦૧.૦૬.૧૯૬૯**
**ગાથા-૧૯૪-૧૯૫, પ્રવચન-૧૭૦**

**'આ યથાયોક્ત...'** જે ૧૯૩ ગાથામાં કહ્યું એ **'વિધિ વડે...'** ભગવાન આત્મા શુદ્ધ અનંત આનંદધામસ્વરૂપ આત્મા છે. એ પરદ્રવ્યથી તદ્દન ભિન્ન છે અને પરદ્રવ્યના નિમિત્તે પોતામાં વિકાર થાય છે એનાથી પણ એ પરદ્રવ્ય તો ભિન્ન છે. અને પરદ્રવ્ય તો અશુદ્ધતાનું કારણ છે એ કારણે તે અધ્રુવ છે. એનો આશ્રય લેવાનું કારણ નથી. એવું નિમિત્ત જે અશુદ્ધતાનું કારણ છે એ પામવા છતાં ધર્મી એવી ભાવના કરે છે કે હું એને પ્રાપ્ત નથી કરતો. હું તો શુદ્ધ આત્મા ધ્રુવ છું તેને હું પામું છું. આ **'વિધિ વડે શુદ્ધાત્માને જે ધ્રુવ જાણે છે,...'** મારું સ્થળ-ક્ષેત્ર, ભાવ તદ્દન શુદ્ધ આનંદકંદ એવો હું આત્મા છું. એવા આત્માને ધ્રુવ જાણે છે. હું નિત્યાનંદ ધ્રુવ અવિનાશી સત્ સ્થળ છું એમ જાણતો થકો **'તેને તેમાં જ પ્રવૃત્તિ દ્વારા...'** ભગવાન આત્મા રાગ અને પરદ્રવ્યથી તદ્દન ભિન્ન અને પોતાનો શુદ્ધ સ્વભાવ આનંદ આદિથી અભિન્ન. એવા આત્માને અંતરમાં જાણતો થકો સ્વભાવમાં પ્રવૃત્તિ કરે છે. પર્યાય છે એ ક્યાં છૂટે? જે રાગમાં પ્રવૃત્તિ કરતો હતો તે શુદ્ધમાં પ્રવૃત્તિ કરે છે. પ્ર-વિશેષે (વૃત્તિ)-પરિણતિ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા શુદ્ધ ધ્રુવ હું આવો છું. મારે પર સાથે કાંઈ સંબંધ નથી. કાંઈ સંબંધ નથી. એવા પોતાના આત્માને આત્માથી જાણતો થકો પોતાના શુદ્ધાત્મામાં પ્રવૃત્તિ કરતો થકો શુદ્ધાત્મત્વની પરિણતિ થાય છે. સમજાણું કાંઈ? '**શુદ્ધાત્મત્વ હોય છે;...**' શુદ્ધાત્મત્વનો અર્થ શુદ્ધ પરિણતિ થાય છે. આહા..હા..! પુણ્ય-પાપના ભાવ આદિ નહિ, હું તો અનંત શુદ્ધ ધ્રુવ સ્વરૂપ. મારો સ્વભાવ અનંત-અનંત નામ અંત ન આવે એવી શક્તિવાળું હું તત્ત્વ છે. એ કહે છે. એવો '**શુદ્ધાત્મત્વ હોય છે; તેથી...**' આ કારણે '**અનંતશક્તિવાળા ચિન્માત્ર પરમ આત્માનું...**' જુઓ, હું કેવો છું? '**અનંતશક્તિવાળા ચિન્માત્ર પરમ આત્માનું...**' પરમ આત્મા. પરમાત્મા એમ નહિ. પરમ આત્મા. એક સમયની પર્યાય નહિ, રાગ તો નહિ, પણ પરમ આત્મા, પરમ ઉત્કૃષ્ટ સ્વરૂપે ભગવાન આત્મા કેવો છે? અનંત શક્તિવાળો છે. અનંત શક્તિ ચિન્માત્ર જ્યોતિ હું છું. આહા..હા..! સમજાણું કાંઈ? આ ધર્મ કરવાની રીત.

હું '**અનંતશક્તિવાળા ચિન્માત્ર પરમ આત્માનું...**' એટલી વાત છે. ભગવાન આત્મા ચિન્માત્ર પરમ આત્મ એનું સ્વરૂપ. પરમ સ્વરૂપ જે ત્રિકાળી એ પરમ આત્મા. એનો અનંત ચૈતન્યમાત્ર શક્તિ સ્વભાવ. જેની ચૈતન્યશક્તિ... આનંદ શક્તિ વગેરે. અહીંયાં ચૈતન્યશક્તિની પ્રધાનતાથી કથન છે. હું તો અનંત સ્વભાવની હદ નથી, પરિમિતતા નથી એવો અનંત ચૈતન્ય શક્તિમાત્ર પરમ આત્મા '**એકાગ્રસંચેતનલક્ષણ ધ્યાન હોય છે;...**' એવા આત્માને ધ્યેય બનાવીને એક અગ્ર. નીચે અર્થ કર્યો જુઓ. '**ચૈતન્યમાત્ર. (પરમ આત્મા કેવળ ચૈતન્યમાત્ર છે કે જે ચૈતન્ય અનંત શક્તિવાળું છે.)**' હવે '**એક અગ્ર (વિષયનું, ધ્યેયનું)...**' ચૈતન્ય ધ્રુવ સત્, નિત્ય સત્ એને લક્ષમાં લઈને, તેને વિષય બનાવીને એકાગ્ર-સંચેતન ધ્યાન ઉત્પન્ન થાય છે. ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એમાં એકાગ્રસંચેતન. એક ધ્રુવ અગ્ર નામ મુખ્ય વસ્તુ તેને લક્ષમાં લઈને સંચેતન-સમ્યક્ પ્રકારે અનુભવમાં આવવું એવું સંચેતન લક્ષણ ધ્યાન. જેમ અનાદિથી પુણ્ય-પાપ, વિકલ્પ આદિનું ધ્યાન હતું એ આર્ત, રૌદ્રધ્યાન હતું, સંસાર ધ્યાન હતું, તે પરિભ્રમણનું કારણ ધ્યાન હતું. એ હું નથી, એમાં હું નથી. હું તો પરમસ્વરૂપ એવો મારો આત્મા જેમાં અનંત ચૈતન્યશક્તિ સ્વભાવ પડ્યો છે એને લક્ષમાં લઈને, તેને વિષય બનાવીને, ધ્યાનની પર્યાયમાં તેને વિષય બનાવીને, વિષય કરીને લક્ષમાં લઉં છું (તો) પરવિષય બધા છૂટી જાય છે. સમજાણું કાંઈ? વિષય શબ્દે? બોલવું, સાંભળવું એ પણ એક વિષય છે. જેમ સ્ત્રી, કુટુંબ, ભોગ આદિ અશુદ્ધનો વિષય છે, આ શુદ્ધનો વિષય છે. તે બધા વિષયોને છોડીને. કેમકે અધ્રુવ છે. એમ કહ્યુંને પહેલા? જ્ઞેયની વાત ચાલે છેને. એ અધ્રુવ છે. મારું જ્ઞેય ધ્રુવ છે. આહા..હા..!

મહા ચૈતન્ય પ્રભુ અનંત શક્તિવાળો કહ્યુંને? મહા ચૈતન્યશક્તિવાળો પ્રભુ, તેમાં એકાગ્ર-સંચેતન. એક અગ્ર-વિષયનું, ધ્યેયનું. એક વિષયનું, ધ્યેયનું સંચેતન-અનુભવ ધ્યાનનું લક્ષણ

છે. ભગવાન આત્મા પોતાનું જ્ઞાનસ્વરૂપ પરમ ચૈતન્યશક્તિસંપન્ન એનું ધ્યાન કરીને, એમાં લક્ષ કરીને એકાગ્ર થવું, એકાગ્ર થવાથી સંચેતન-આનંદ અને જ્ઞાનનું વેદન, ચેતન-વેદન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવું ધ્યાન થાય છે. કેમકે પર તો અધ્રુવ છે એનો આશ્રય અને અવલંબન છોડી દીધું. પોતાના શુદ્ધ ધ્રુવ ચૈતન્ય ભગવાનનો આશ્રય કર્યો તો અંતરમાં એકાગ્ર સંચેતન ધ્યાનનું લક્ષણ જે છે તે પ્રગટ થયું. આનંદ અને જ્ઞાનનું વેદન થવું એકના ધ્યેયમાં, એ ધ્યાનનું લક્ષણ છે. ઝીણી વાતું છે ભાઈ આ. સમજાણું કાંઈ? તેને ધર્મધ્યાન કહે છે અને એ દશાને મોક્ષમાર્ગની દશા કહે છે. સમજાણું કાંઈ?

**'અને તેથી (અર્થાત્ તે ધ્યાનને લીધે)...'** લ્યો! એકાગ્ર એક વિષય બનાવ્યો. ચૈતન્ય પ્રભુ મહા અનંત શક્તિવંત એવા મહાપ્રભુને દૃષ્ટિમાં લઈને, વર્તમાન જ્ઞાનમાં એક જ લક્ષ બનાવીને એકાગ્ર થાય છે તો તેને ધ્યાન પ્રગટ્યું અને ધ્યાનને કારણે **'સાકાર ઉપયોગવાળાને કે અનાકાર ઉપયોગવાળાને...'** ચાહે તો જ્ઞાનનો ઉપયોગ હોય કે દર્શનનો ઉપયોગ હોય **'બન્નેને અવિશેષપણે (તફાવત વિના) એકાગ્રસંચેતનની પ્રસિદ્ધિ હોવાથી...'** શું કહે છે? ભગવાન આત્મા પોતામાં જ્ઞાનનો વેપારમાં અંતર એકાગ્ર થાય કે દર્શનનો વેપાર હોય, તેમાં એકાગ્રસંચેતન અવિશેષ—બેમાં ફેરફાર વિના. એકાગ્રસંચેતનની... સ્વરૂપ શુદ્ધ ભગવાન આત્મા એમાં **'એકાગ્રસંચેતનની પ્રસિદ્ધિ...'** થાય છે. શુદ્ધ ચૈતન્યમાં એકાગ્રતાની આનંદની પ્રસિદ્ધિ થાય છે ત્યારે મોહગ્રંથિનો નાશ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? પરથી મરી ગયો અને સ્વથી જીવન પ્રગટ થયું. પ્રસિદ્ધિ થઈને પ્રસિદ્ધિ? પુણ્ય-પાપ વિકલ્પ... એની છાયાનું લક્ષ ન કરતા પોતાની શુદ્ધ ચૈતન્ય વસ્તુ તેને મુખ્ય, ધ્યેય, અગ્ર, વિષય બનાવીને અંતરમાં વેદન, ચેતનની શક્તિની વ્યક્તતા અનંત ચૈતન્ય મહાપ્રભુ છે એમાં જ્યાં એકાગ્ર થયો તો શક્તિમાંથી આનંદ અને શાંતિની જ્ઞાનની પર્યાયનું વેદન થયું. એનું નામ ધર્મ અને એનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન. આહા..હા..! પંડિતજી! ભારે ભાઈ! આવું તો માણસ કરી શકે નહિ એમ લોકો કહે. આ જ કર્યે ધર્મ છે, બીજો કોઈ ધર્મ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે **'બન્નેને અવિશેષપણે એકાગ્રસંચેતનની પ્રસિદ્ધિ હોવાથી...'** ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ એ પણ અનંત છે. અહીં તો જ્ઞાનની પ્રધાનતાથી કથન છે. જ્ઞાન ચૈતન્યશક્તિ પરમ આત્માની અનંત છે. એમ પરમ આત્મા—પરમ સ્વરૂપ ભગવાન એનો આનંદ પણ અનંત છે. એવા આનંદને લક્ષમાં લઈને, ધ્યેય બનાવીને, ધ્રુવને ધ્યેય બનાવીને અંતરમાં એકાગ્ર થતાં શાંતિ, આનંદ, શ્રદ્ધા આદિ શક્તિની પ્રગટ પ્રસિદ્ધિ, અનંતગુણની વ્યક્તતા, પ્રગટતા વેદનમાં આવે છે તેને આત્માની પ્રસિદ્ધિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? બાકી બધી વાતું. આહા..હા..! જુઓ! આ જ્ઞેય બનાવ્યું જ્ઞેય. પરજ્ઞેય... જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન છે. તો પોતા સિવાય પરજ્ઞેય અધ્રુવ છે, કેમકે સાદિ-અંતવાળા, સહેતુક અને અસત્ છે. ભગવાન આત્મા

કાયમ ટકનારો ધ્રુવ અનંત જ્ઞાન, આનંદ સંપન્ન પ્રભુ તેને લક્ષમાં લઈને...

એક પશુ શરીર હોય અને સમ્યગ્દર્શન પામે છે, આઠ વર્ષની દીકરી હોય એ સમ્યગ્દર્શન પામે છે તે આવી સ્થિતિમાં પામે છે એમ કહે છે. ગજરાજજી આવ્યા? આહા..હા..! પોતાનો ભગવાન અનાકુળ આનંદસ્વરૂપ તેને એકને લક્ષ બનાવીને, બધા લક્ષ છોડીને, પરલક્ષમાં-બહિર્મુખ લક્ષમાં તો પુણ્ય-પાપના રાગનું વેદન હતું એના ઉપરનું લક્ષ છોડીને સ્વને ધ્યેય બનાવ્યું. પોતાના શુદ્ધ ધ્રુવ ચૈતન્ય ઉપર દૃષ્ટિ થઈ તો એકાગ્રતા આનંદ અને જ્ઞાનની પ્રસિદ્ધિ થઈ કે આ આત્મા. એવી પ્રસિદ્ધિના ઉત્પત્તિના કાળે '**અનાદિ સંસારથી બંધાયેલી અતિ દૃઢ મોહદુર્ગ્રંથિ છૂટી જાય છે.**' સમજાણું કાંઈ?

સ્વભાવ એકલો માલ છે માખણ. સમજાણું કાંઈ? કોઈ એવા હોય છેને કે પકવાન જ ખાય. ભજીયા-બજીયા, કચોરી-ફચોરી ન ખાય. કચોરી કહે છેને? શું કહે છે એને? પકોડી. દાળ-ભાત શું ખાવા? લાડવો ખાય એકલા. અમારે એક પોપટભાઈ હતા વઢવાણના. ખાવા બેસે તો દાળ નહિ, ભાત નહિ, ચોખા નહિ, શાક નહિ, આથણું નહિ. કાંઈ નહિ. ભજીયા નહિ. લાડવા ખાય ચુરમાના એક, બે, ત્રણ. માલ. એમ અહીંયાં માલની વાત છે. ઓહો..! ભગવાન! એ જ કહે છેને, પ્રભુ! તારામાં શું પૂરું નથી કે તું પર પાસે દીનતાથી માગે છે? તારામાં પૂર્ણ સામગ્રી સાધન પડ્યું છેને, પ્રભુ! એ તો નિરાલંબી પ્રભુ આત્મા છેને. જેને વિકલ્પ અને નિમિત્તનું અવલંબન પણ જેમાં નથી એવો એનો સ્વભાવ છે. એવો ચૈતન્ય આનંદ... અહીં તો જ્ઞાનથી લીધું છે. અનંત પરમ આત્મ અનંત શક્તિસંપન્ન એમ લીધું છે. પરમ આત્મા એટલે પરમ સ્વરૂપ જે આત્માનું એમાં અનંત શક્તિ જ્ઞાન સ્વરૂપ છે. પરમ આત્મસ્વરૂપ એમાં તો અનંત આનંદ છે. પરમ આત્મસ્વરૂપ એમાં અનંત શાંતિ નામ વીતરાગતાનો શાંતરસ પડ્યો છે. તેને ધ્યેય બનાવીને... અનાદિથી રાગ અને નિમિત્તને ધ્યેય બનાવીને પરિભ્રમણ કરે છે. કેમકે એમાં તો રાગ, વિકલ્પની એકતા છે. વિકલ્પની, રાગની એકતા છે એ મિથ્યાત્વની ગાંઠ છે. આહા..હા..!

એ ગ્રંથિભેદનો ઉપાય શું? ભગવાન આનંદનો ગાંઠડો આનંદ ગાંઠ છે જેમાં નજર નાખવાથી શાંતિ અને અમૃતનું ઝરણું ઝરે. એવો ભગવાન આત્મા, ચાહે તો બાળક શરીર હોય આઠ વર્ષનું, કેવળજ્ઞાન પામે છે. લ્યો! ઓહો..હો..! પૂરી શુદ્ધિ તો ભરી છે અંદર. જેટલી અંતરમાં એકાગ્રતા થાય એટલી શક્તિની વ્યક્તતા પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? આ કરવું છે અને એ કાર્ય છે, બાકી તો બધી વાતું છે. આહા..હા..! અહીં તો પહેલી વાત કરે છે. જુઓ. મોહગાંઠની નાશની વાત કરે છે. મિથ્યાત્વની વાત કરે છે. પછી ચારિત્રમોહનો નાશ પછી કહેશે, પછી કહેશે ૧૯૫માં. આહા..હા..! લોકો કહે, મિથ્યાત્વનો નાશ (માટે) દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો, આમ કરો ને આમ કરો. એ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્ય અનુસારે તો વિકલ્પ થાય છે. રાગ છે, રાગ અશુદ્ધતાનું કારણ છે. એમાં ધર્મ માન્યો તો મિથ્યાત્વ છે. ગજબ વાત

છે! ત્યારે એ લોકો શું કહે છે? અરે! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાને મિથ્યાત્વ કહે છે. અરે ભાઈ! એમ નથી. એમ કોણે કહ્યું? દેવ-ગુરુ-શાસ્ત્ર પરદ્રવ્ય છે, એના અનુસારની શ્રદ્ધા છે તે રાગ છે, રાગ છે એટલું. પણ રાગમાં પોતાપણું માનવું, ધર્મ માનવો તે મિથ્યાત્વ છે. દેવ-ગુરુ-શાસ્ત્રને માનવાનો રાગ મિથ્યાત્વ નથી. રાગને પોતાનો માનવો એ મિથ્યાત્વ છે. રાગ મિથ્યાત્વ છે? આહા..હા..!

એ ઉદયપુરમાં ઘણી ચર્ચા ચાલી હતી. પહેલા ગયા હતાને. વિરોધ ઘણો કર્યો હતો મખનલાલજીએ. આમ માને છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાને મિથ્યાત્વ કહે છે. અરે ભગવાન! શું તું કરે છે? ભાઈ! દેવ-ગુરુ-શાસ્ત્ર પોતાથી પર છે તો એ અશુદ્ધતાનું કારણ છે, પણ અશુદ્ધતાનું કારણ એનો અર્થ એ મિથ્યાત્વનું કારણ છે એમ નથી. આહા..હા..! કેમકે પરદ્રવ્ય અનુસારી વૃત્તિ હોવાથી અશુદ્ધપણું ઉત્પન્ન થાય છે, પણ અશુદ્ધપણું એ રાગ મારી ચીજ છે, મને લાભદાયક છે એમ પોતાના શુદ્ધમાં રાગનું એકત્વ કરે છે તે મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? વીતરાગનો માર્ગ તો આવો છે, પ્રભુ! આહા..હા..!

કહે છે કે અનાદિ... ભાષા તો કેવી લીધી છે જુઓ. એવી '**એકાગ્રસંચેતનની પ્રસિદ્ધિ હોવાથી...**' એમ. આહા..હા..! ભગવાન આત્મા, બીજે બધેથી પોતાની દૃષ્ટિ હટાવી પોતાનું ચિદાનંદ પરમસ્વરૂપ ભગવાન એમાં અનંત ચૈતન્ય, આનંદ આદિ શક્તિ પડી છે, પરમ આત્મા એ તો વસ્તુ કહી, પણ એમાં શક્તિ અનંત જ્ઞાન અને અનંત આનંદ છે તેનું લક્ષ કરીને એકાગ્ર થાય છે તો શુદ્ધ શક્તિની પ્રસિદ્ધિ પર્યાયમાં વ્યક્તતા પ્રગટ થાય છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, આનંદ આદિ વગેરે, સ્વરૂપાચરણ ચારિત્ર વગેરેને અહીંયાં પ્રસિદ્ધિ કહેવામાં આવી છે. કેટલાક કહે છેને કે ચોથે ગુણસ્થાને સ્વરૂપાચરણ ન હોય. અરે પ્રભુ! શું કહે છે? ભાઈ! તને ખબર નથી હોં! આત્મામાં જેટલા ગુણ છે તે બધા ગુણનો પુંજ પ્રભુ છે અને એ સર્વ ગુણના પુંજનું ધ્યેય કર્યું તો સર્વ ગુણની શક્તિ પર્યાયમાં સમ્યગ્દર્શનમાં સર્વ ગુણની શક્તિનો અંશ પ્રગટ થાય છે. તેથી સમ્યગ્દર્શનને 'સર્વગુણાંશ તે સમકિત' એમ કહ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આ શું કહે છે? '**એકાગ્રસંચેતનની પ્રસિદ્ધિ હોવાથી...**' એ તો આત્મામાં જેટલા ગુણ છે શક્તિરૂપ, અનંત-અનંત માહાત્મ્યવાળા એમાં અંતરમાં એકાગ્ર થા. આહા..હા..! અહીં તો કહે છે કે જે સાંભળે છે તેને પણ વિકલ્પ થાય છે. પરદ્રવ્ય અનુસાર છેને. સંભળાવે છે તેને પણ વિકલ્પ છે. આહા..હા..! એ જ સમયે વિકલ્પથી પર ભગવાન આત્માને ધ્યેય બનાવીને શુદ્ધ પરિણતિ જે પ્રગટ થાય છે તેને અહીંયાં એકાગ્રસંચેતનની પ્રસિદ્ધિ કહેવામાં આવે છે અને એ પ્રસિદ્ધિને કાળે જ '**અનાદિ સંસારથી બંધાયેલી...**' જુઓ! કોઈ પણ સમયે રાગની એકતા અનંતકાળમાં તૂટી નથી. દિગંબર સાધુ થઈને નવમી ગ્રૈવેયક ગયો. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' જ્ઞાનની સાથે

આનંદ હોય તો તે સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ?

બધાને તકરાર આ. આ વાંચતા નથીને. વાંચેને ધીરેથી, શાંતિથી તો એને ખબર પડે કે જ્ઞેયનું આ સ્વરૂપ છે. સ્વજ્ઞેયનું આ સ્વરૂપ અને પરજ્ઞેયનું આ સ્વરૂપ. પરમાત્મા તો પોકાર કરે છે વાણી દ્વારા. ઝઘડા-તકરાર કરે. અરે..! ભગવાન! ઝઘડાનો કાળ નથી હોં. એ સમય ચાલ્યો જાય છે. જેટલી સ્થિતિ લઈને આવ્યો છે, પ્રભુ! સ્થિતિ ચાલી જાય છે, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? બહારમાં રોકાવાથી પ્રભુ! તને કાંઈ લાભ નથી. આહા..હા..! ભગવાન આત્મા...

ઓહો..હો..! શું અમૃતચંદ્રાચાર્યે પણ ટીકા! કેવળીના પેટ ખોલીને વાત કરી છે. અમૃતના સાગરમાં ડૂબતા હતા. આનંદ લેતા લેતા આ શાસ્ત્ર બની ગયું. વિકલ્પ આવ્યો. વિકલ્પ દુઃખરૂપ હતો. તે સમયે શાસ્ત્રની રચના પરમાણુથી બની ગઈ. આત્મા કર્તા નથી, આત્મા કર્તા નથી. મેં બનાવ્યું એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો એકાદ-બે કડી આવડે તો કહે, આ કડી મેં બનાવી. અરે પ્રભુ! શું છે ભાઈ? એ પરમાણુની પર્યાય છે. પ્રભુ! એનો કર્તા આત્મા નથી. આવા શાસ્ત્ર! પ્રભુ! હું એનો કર્તા નથી હોં! અમારું લક્ષ ત્યાં નથી. એ સમયે પણ અમારું લક્ષ તો આનંદ ઉપર છે. ધ્રુવ ચિદાનંદની દૃષ્ટિ અમારી ત્યાંથી ખસતી નથી. સમજાણું કાંઈ?

પોતાના આવા સ્વરૂપની પ્રસિદ્ધિ જ્યારે સમ્યગ્દર્શનમાં થાય છે તો અનાદિ સંસારથી બંધાયેલી... જુઓ, ઓહો..હો..! અનાદિથી અર્થાત્ પર્યાય તો નવી-નવી થાય છે પણ એવી ગાંઠની પર્યાય નવી-નવી ઉત્પન્ન અનાદિથી છે. મિથ્યાત્વભાવ કાંઈ નવો છે એમ નથી. અનાદિથી છે. નિગોદથી લઈને જૈન સાધુ થઈને નવમી ગ્રૈવેયક ગયો, પણ એને મિથ્યાત્વની ગાંઠ ટળી નહિ. છોડી નથી જાતે. પોતાના શુદ્ધ સ્વરૂપને પકડ્યા વિના મિથ્યાત્વની એકતાનો નાશ થતો નથી. સમજાણું કાંઈ?

**'અનાદિ સંસારથી બંધાયેલી અતિ દૃઢ...'** ભાષા પાછી કેવી છે? **'અતિ દૃઢ મોહદુર્ગ્રંથિ...'** મોહ દુર્ગ્રંથિ પાછી, એમ. એકલી ગ્રંથિ નથી લીધી. મોહદુર્ગ્રંથિ છૂટી જાય છે. આહા..હા..! ભ્રમણાનો નાશ થઈ જાય છે, મિથ્યાત્વનો નાશ થાય છે. આ કારણે થાય છે. એ કહે, ભગવાનના દર્શનથી થાય છે, કેવળી દર્શનથી થાય છે, વેદનથી થાય છે. વેદના (સમકિત) આવે છેને શાસ્ત્રમાં? એ તો બધા નિમિત્તના કથનો છે ભાઈ! આમ થાય ત્યારે તેને નિમિત્ત કહેવામાં આવે છે. શું કહે? અરે..! આ વાદવિવાદની વાત જ નથી. 'સદ્ગુરુ કહે સહજ કા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' આમાં વાદવિવાદ કોની સાથે કરે? ભાઈ! સમજાણું કાંઈ?

કહે છે કે ઓહો..હો..! **'અનાદિ સંસારથી બંધાયેલી...'** આહા..હા..! **'અતિ દૃઢ મોહદુર્ગ્રંથિ...'** કેટલા શબ્દો વાપર્યા છે! અતિ દૃઢ અને મોહ દુર્ગ્રંથિ—ગાંઠ-ગાંઠ. અન્યમતમાં

પણ એવી ગ્રંથિ આવે છે હોં! તુલસીદાસમાં આવે છે. ગ્રંથિભેદ ભાષા લીધી છે, પણ વસ્તુની ખબર નથી. રામાયણમાં આવે છે. પણ આ વસ્તુની ખબર નથી. એ તો આમાંથી કોઈ શબ્દ લઈ લીધો રાગ ને એવો. પણ આ તો આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ અનંતગુણનો પિંડ અને એની સાથે રાગનો વિકલ્પ જે મેલ એની એકત્વબુદ્ધિ તે મહામોહ દુર્ગ્રંથિ દૃઢ થઈ ગઈ છે, અનાદિનો સંસ્કાર કરતા-કરતા. તે પર્યાયમાં છે. દ્રવ્યદૃષ્ટિ અને દ્રવ્યની બુદ્ધિ જ્યાં થઈ ત્યાં પર્યાયબુદ્ધિનો નાશ થયો એમ કહે છે મૂળ તો. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા.. તારી દૃષ્ટિ પરથી સમેટીને, પોતાનો ધ્રુવ ભગવાન મહાપ્રભુ ચૈતન્ય મહા શાંતસ્વભાવનો સાગર એવો ધ્રુવ એમાં દૃષ્ટિ લગાવીને, જે આત્માની શાંતિની પર્યાયમાં શક્તિરૂપ તો હતી એ એકાગ્ર હોવાથી અવસ્થામાં—દશામાં શાંતિ અને આનંદની પ્રસિદ્ધિ થઈ. એ પ્રસિદ્ધિને કાળે મોહગ્રંથિનો નાશ થઈ જાય છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ. પ્રસિદ્ધિ ઉત્પન્ન થઈ, ગ્રંથિનો વ્યય થયો, ધ્રુવ તો ત્રિકાળ અભેદ પડ્યો છે. આ '**उत्पादव्ययध्रौव्ययुक्तं सत्**'. આહા..હા..! સમજાણું કાંઈ? આવી ચીજ સર્વજ્ઞ સિવાય ક્યાંય નથી. સમય-સમયની પર્યાય બદલે અને સમય-સમયનો વ્યય થાય અને એ જ સમયે કાયમ ધ્રુવ રહે. સમજાણું કાંઈ? એ ત્રણે બોલ એમાં લઈ લીધા. ધ્રુવનું ધ્યાન કરવાથી પર્યાયમાં શાંતિની પ્રસિદ્ધિ થઈ, સમ્યગ્દર્શનની થઈ અને એકાગ્રતા મિથ્યાત્વની હતી તેનો વ્યય થઈ ગયો. સમજાણું કાંઈ? ગ્રંથિ છૂટી જાય છે. લ્યો!

'**આથી (એમ કહ્યું કે)...**' આથી એમ કહ્યું કે '**મોહગ્રંથિભેદ તે શુદ્ધાત્માની ઉપલબ્ધિનું ફળ છે.**' જુઓ! '**(દર્શનમોહરૂપી ગાંઠનું ભેદાવું-તૂટવું)...**' દર્શનમોહરૂપી ગાંઠનું છૂટવું તે શુદ્ધાત્માની પ્રાપ્તિ—ઉપલબ્ધિનું ફળ છે. ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપની જ્યાં એકાગ્રતા થઈ તો એને કારણે અહીં પ્રસિદ્ધિ થઈ એ ન બતાવી, પણ મોહગ્રંથિનો નાશ થયો એ એનું ફળ (બતાવ્યું) ભાઈ! આહા..હા..! નહિતર તો ઉત્પાદ એનું ફળ છે. સમજાણું કાંઈ? પણ અહીં તો આમ જ્યાં (અંતર્મુખ) થયો એ તો પોતામાં થયો, તો મોહગ્રંથિનો નાશ થયો એમ એનું ફળ કહ્યું. સમજાણું કાંઈ? આહા..હા..! '**આથી (એમ કહ્યું કે)...**' અમૃતચંદ્રાચાર્યનું કથન છે. '**अतः शुद्धात्मोपलम्भस्य मोहग्रन्थिभेदः फलम्।**' સંસ્કૃતમાં છે. '**મોહગ્રંથિભેદ (દર્શનમોહરૂપી ગાંઠનું ભેદાવું-તૂટવું) તે શુદ્ધાત્માની ઉપલબ્ધિનું ફળ છે.**' અશુદ્ધ ઉપલબ્ધિનું ફળ મિથ્યાત્વ છે. શુદ્ધાત્માની (ઉપલબ્ધિનું ફળ) મિથ્યાત્વની ગાંઠનો નાશ છે. આહા..હા..! ભગવાનનો ભેટો થયો. સમજાણું કાંઈ? પછી ગ્રંથિ-રાગની એકતાની ગાંઠ કેમ રહે? એમાં છે જ નહિને. વીતરાગભાવ તો ભગવાન આત્મા તો વીતરાગસ્વરૂપ છે. લ્યો એ ૧૯૪ ગાથા થઈ.

મુમુક્ષુ :- .. ભિન્ન થઈ ગયો.

ઉત્તર :- ... ભિન્ન થઈ ગયો. અને ખરેખર તો વિકલ્પથી મુક્ત થયો, વસ્તુ મુક્ત છે

તો મુક્તિ થઈ ગઈ. વસ્તુ મુક્ત છે. વસ્તુ તો મુક્ત છે કે નહિ? વસ્તુ તો મુક્ત જ છે. વસ્તુ ક્યાં (બંધાયેલી છે)? પર્યાયમાં, મુક્તિ અને બંધ તો પર્યાયમાં છે. અહીંયાં મુક્ત વસ્તુ છે, વસ્તુ અનંત શક્તિસંપન્ન ભગવાન પૂર્ણાનંદનો નાથ મુક્તસ્વરૂપ જ છે. જ્યાં એકત્વનો વિકલ્પ તૂટી ગયો તો દૃષ્ટિમાં મુક્ત સ્વરૂપ આવ્યું તો દૃષ્ટિ મુક્તિને જ સ્વીકારે છે, દૃષ્ટિ મુક્ત સ્વરૂપને જ સ્વીકારે છે. આહા..હા..! બંધની પર્યાયનો અભાવ અને પર્યાયમાં મુક્તિ થશે એ દૃષ્ટિનો સ્વીકાર નથી, એ તો પર્યાય થઈ. સમજાણું કાંઈ? આહા..હા..!

આ એમ કહે છે, મુક્ત થઈ ગયો દૃષ્ટિમાં. અને એમાં જ્યાં ધ્યેય પડ્યું છે તો ક્રમે ક્રમે મુક્તિ પર્યાયમાં થશે, થશે ને થશે. કેવળજ્ઞાન થશે .... આહા..હા..! બીજ ઉગી એની પૂનમ થશે. બીજ ઉગી બીજ ચંદ્રની તો પૂનમ થશે જ થશે. એમ ભગવાન આત્મા... આહા..હા..! આઠ વર્ષની દીકરી હોય કે મંડુક—દેડકો હોય કે એક હજાર યોજનનો મચ્છ હોય, જ્યારે એ શુદ્ધાત્માની એકતાની દૃષ્ટિ કરે છે ત્યારે શુદ્ધાત્માની પ્રસિદ્ધિ થાય છે તો મોહગ્રંથિનો નાશ થાય છે. આ અનાદિ વસ્તુની મર્યાદા આવી છે. એ મર્યાદામાં ફેરફાર કરવાનો કોઈનો હક નથી. કહો, સમજાણું કાંઈ?

હવે એમ કહે છે કે મોહગ્રંથિના તૂટવાથી શું થાય છે? હવે આગળ લઈ જાય છે. મોહગ્રંથિ તૂટ્યા પછી વીતરાગ થાવું છેને. કેમકે હજી રાગની એકતા તૂટી છે, પણ રાગ બાકી છે. સમ્યગ્દર્શનમાં રાગની એકતા તૂટી ગઈ પણ રાગનો અભાવ નથી થયો, અભાવ થાય તો વીતરાગ થઈ જાય. સમજાણું કાંઈ? તો તો અનંત જ્ઞાન-દર્શન આદિ બધું થઈ જાય. ફક્ત મોહગ્રંથિના નાશથી કાંઈ બધું થઈ જતું નથી. આહા..હા..!

૧૯૫.

**जो णिहदमोहगंठी रागपदोसे खवीय सामण्णे।**
**होज्जं समसुहदुक्खो सो सोक्खं अक्खयं लहदि।।१९५।।**

ત્યાં જ્ઞાન કહ્યું હતું, અહીંયાં સુખ સાથે લઈ લીધું. ૧૯૫. પાછળ છેને? એ શ્લોક છે.

**હણી મોહગ્રંથિ, ક્ષય કરી રાગાદિ, સમસુખદુઃખ જે,**
**જીવ પરિણમે શ્રામણ્યમાં, તે સૌખ્ય અક્ષયને લહે. ૧૯૫.**

ચારિત્રથી અક્ષય સુખ પ્રાપ્ત થાય એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં ગ્રંથિભેદ થયો, પણ એમાં મોક્ષ થતો નથી. આહા..હા..! ચરિતં ખલુ ધમ્મો. એ ચારિત્ર મોક્ષનું, અનંત આનંદનું કારણ છે.

'**ટીકા :- મોહગ્રંથિનો ક્ષય કરવાથી,...**' મિથ્યાત્વનો નાશ કરવાથી... ક્ષય શબ્દે નાશ. સમજાણું કાંઈ? કોઈ કહે કે આ તો ક્ષય કરવાથી એમ કહ્યું, તો ક્ષાયિક સમકિત તો હજી છે નહિ. એમ કોઈ કહે. આચાર્યે મહારાજે તો આમ કહ્યું. પણ એનો ક્ષયનો અર્થ નાશ છે. સમજાણું કાંઈ? અહીં તો પંચમકાળના પ્રાણીને પણ મોહગ્રંથિનો નાશ થાય છે એની

વાત કરે છે. સમજાણું કાંઈ? અહીં તો કહે છે ક્ષય થાય છે. તો ક્ષયનો અર્થ નાશ થાય છે તેને પણ ક્ષય કહેવામાં આવે છે. '**મોહગ્રંથિનો ક્ષય કરવાથી,...**' હવે એ તો દર્શનમોહનો ક્ષય કરવાથી એ તો નિમિત્તનું કથન છે. એ તો નાશ થવાને કાળે પોતાની પર્યાયથી નાશ થયો છે. આત્માએ એનો નાશ કર્યો છે એમ નથી. પણ અસદ્ભુત વ્યવહારનયથી પોતામાં જે અશુદ્ધનિશ્ચયથી રાગની એકતાની ગાંઠ સ્વભાવની શુદ્ધાત્માની પ્રાપ્તિથી નાશ થઈ, એ જ સમયે મિથ્યાત્વની પર્યાય પરમાણુ જડની હતી તે બદલીને અકર્મરૂપ થઈ ગઈ, તો આત્માએ એવો મોહગ્રંથિનો નાશ કર્યો એમ અસદ્ભુત વ્યવહારનયથી કહેવામાં આવે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

આ તો દર્શનમોહની ગાંઠનું છૂટવું. જુઓ, ભાષા તો એમ લીધી છેને? કર્મનો નાશ આત્મા કરી શકે છે? ખરેખર તો અશુદ્ધપણાનો નાશ કરે છે એ સ્વભાવ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અશુદ્ધતાનો નાશ કરવો એમ કહેવું એ પણ નામમાત્ર આત્મામાં છે. પરમાર્થે તો અશુદ્ધતાનો નાશકર્તા આત્મા છે નહિ. આહા..હા..! પણ શુદ્ધાત્મા તરફનો અનુભવ હોવાથી અશુદ્ધતાની ઉત્પત્તિ નથી થતી તો અશુદ્ધતાનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. અને એ જ કાળે દર્શનમોહનો ઉદય નથી રહેતો, દર્શનમોહની પરમાણુની પર્યાય એ સમયે અકર્મરૂપ થઈ જાય છે તો અસદ્ભૂત વ્યવહારનયે આત્મા મોહગ્રંથિનો નાશ કર્યો (એમ) અસદ્ભૂત વ્યવહાર, જૂઠી વ્યવહારનયથી કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ આચાર્યે કહ્યું, લ્યો એમ કહે છે. કુંદકુંદાચાર્યે કહ્યું, જુઓ! મોહગ્રંથિનો નાશ કર્યો. આચાર્ય કહે છેને. પણ કહે છે એ કઈ નયનું કથન છે? સમજાણું કાંઈ? એ જ આચાર્ય સમયસારની ૩૪મી ગાથામાં કહે છે કે રાગ અને વિકારનો આત્મા નાશ કરે છે એ કથનમાત્ર છે. પરમાર્થે આત્મા રાગનો નાશ કરે એમ આત્મામાં લાગુ પડતું નથી. આહા..હા..! સમયસાર છે કે નહિ? આ? આ સમયસાર છે? જુઓ.

'**પ્રત્યાખ્યાનના સમયે પ્રત્યાખ્યાન કરવાયોગ્ય જે પરભાવ તેની ઉપાધિમાત્રથી પ્રવર્તેલું ત્યાગના કર્તાપણાનું નામ (આત્માને) હોવા છતાં પણ, પરમાર્થથી જોવામાં આવે તો પરભાવના ત્યાગકર્તાપણાનું નામ પોતાને નથી,...**' ૩૪ છે. ૩૪ ગાથા. હવે અહીંયાં કહે, મોહગ્રંથિનો નાશ. સમજાણું કાંઈ? અહીં તો ના પાડે છે. '**પરભાવના ત્યાગકર્તાપણાનું નામ પોતાને નથી,...**' પરભાવ હોં! જડ નહિ, અહીં તો વિકાર. વિકારનો નાશ કરનારો આત્મા એમ આત્માના સ્વરૂપમાં નથી. આહા..હા..! ૩૪માં એમ કહ્યું. એ જ આચાર્ય અહીંયાં કહે છે કે મોહગ્રંથિનો નાશ કર્યો. એ તો નિમિત્તનું કથન છે. સમજાણું કાંઈ? પૂર્વાપર વિરોધ નથી.

તો કહે છે કે '**મોહગ્રંથિનો ક્ષય કરવાથી,...**' લ્યો! ભગવાન આત્માએ પોતાનો શુદ્ધ પ્રભુ આનંદનું ચૈતન્ય ધામ પરમાત્મા પોતે પોતાનું સ્વરૂપ એનું ધ્યાન નામ ધ્યેય બનાવીને

એકાગ્ર થવાથી શુદ્ધતાની પ્રાપ્તિ થઈ. પૂર્ણ શુદ્ધતા નહિ, પણ એ પ્રકારની સમ્યગ્દર્શનના યોગ્ય જે શુદ્ધતાની પ્રાપ્તિ થઈ તે જ કાળે મિથ્યાત્વનો નાશ થાય છે. તો આત્માએ મોહનો ક્ષય કર્યો એમ કહેવામાં આવે છે. આહા..હા..! આને આ શાસ્ત્ર. ઓલો કહે, શાસ્ત્રમાંથી હું કાઢી બતાવું. તમારા શાસ્ત્રમાં કહ્યું છે કે વ્યવહારથી નિશ્ચય થાય. અરે.. ભાઈ! તમને ખબર નથી. એમ કહેતા. એક શ્વેતાંબરના સાધુ આવ્યા હતા. શાસ્ત્રમાંથી કાઢી બતાવું. અરે ભગવાન! બહુ ઝીણી વાત છે, પ્રભુ! એને એમ કે, અમને કહેવું નથી અને આ બધાને કહે છે. પણ શું કહે તમને? તમે તો વાદવિવાદ કરવા આવ્યા છો. સાંભળવા ક્યાં આવ્યા છો? તમે તમારા ભક્તોને સંભળાવો છો અને અમને નહિ? પણ તમે ક્યાં સાંભળવા આવ્યા છો? કીધું. એમ કંઈ કહેવાય? શું કહેવું? અરે.. ભગવાન! શું કરે? એ પણ છે તો પ્રભુ, પણ પર્યાયમાં ભૂલ્યા એટલે ભ્રમણ કરે છે, ભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- આપના ભક્તોને...

ઉત્તર :- એમ કે લોકોને તમે સમજાવો છો, સાધારણ હોય તોપણ. અમે તો કાંઈક છીએ. એમ પાછો બોલ્યો. તમે સિંહ છો તો અમે સિંહનું બચ્ચું છીએ કહે. ભાઈ! અમે સિંહેય નથી અને (તું સિંહનું બચ્ચું પણ નથી), કાંઈ કહેતા નથી, બાપા! આહા..હા..! અરે ભગવાન! એમ કહ્યું લ્યો! વાદ કરવા આવ્યા તો કહે તમે સિંહ છો તો અમે સિંહનું બચ્ચું છીએ. બાપુ! કોઈ સિંહ બચ્ચા... આવી ઉપમા કોને લગાવે છે? અરર! અહીં તો આત્મા ભગવાન મહાશુદ્ધ પ્રભુ પોતાની શુદ્ધતાને પામે છે તો વ્યવહારથી પામ્યો એમ આવ્યું એમાં? આવ્યું? રાગની મંદતાની ક્રિયાથી સમ્યગ્દર્શન થાય છે એમ આવ્યું આમાં? એય..! ધીરૂભાઈ! એ તમારા સાધુ હતા. તમારા હતાને. તમે બધાએ વર્ષ ગાળ્યા છેને પહેલા. પૂર્વ કાળમાં ગાળ્યા છે કે નહિ બધા વર્ષ? ગૃહસ્થનો દીકરો હતો લ્યો, કરોડપતિનો ભત્રીજો. ભાઈ! શું કરે? બાપુ! એવી બીજાને સમજાવાની શક્તિ અમારી તો નથી, ભાઈ! બીજાને સમજાવો છો. બાપુ! એ વખતે એમ આવે તો આવે, પણ હવે શું થાય? વાદે ચડ્યા વાતે એ કાંઈ.. વ્યવહારથી થાય છે. પહેલા દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કરતાં-કરતાં સમ્યગ્દર્શન થાય છે.

અહીં તો પરમાત્મા કહે છે કે શુદ્ધાત્માનું અવલંબન લેવાથી સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..! તારા રાગની એકાગ્રતા તો સંસાર છે, મિથ્યાત્વ છે. અરે.. પ્રભુ! શું કરે? એ પણ આત્મા છે, એને પણ સુખ તો જોઈએ છે, પણ હવે ખબર ન મળે. એ તો પ્રભુ છે. એની લીનતા પર્યાયમાં આવી ગઈ છે. અને એ તો એના પરિણામ જે વિરુદ્ધ છે એના ફળ તો આકરા છે, બાપા! કોઈ ઉપર કંઈ તિરસ્કાર ન હોય, ભાઈ! સમજ્યા? બાપુ! માર્ગ તો આવા છે, ભાઈ! શું કરીએ? કોને કહીએ? આહા..હા..! ભગવાન! તારી ચીજ તો નિરપેક્ષ છેને, નાથ! ઓહો..હો..! રાગની મંદતા હોય તો ધર્મ પમાય એવી ચીજ વસ્તુ નથી એમ કહે છે. નિરાલંબ વસ્તુ કહીને પહેલા, પછી ઉતાર્યું કર્મમાં. આહા..હા..!

જ્યારે જ્યારે સમ્યગ્દર્શન પામે છે તો રાગની અપેક્ષા છોડીને, ચિદાનંદની અપેક્ષા પામીને સમ્યગ્દર્શન પામે છે. વ્યવહારની કોઈ અપેક્ષા છે, રાગ મંદ કર્યો, બહુ સૂક્ષ્મ કષાય પાતળો પડ્યો તો એને સમ્યગ્દર્શન પામવામાં ઠીક પડે-એમ નથી. સમજાણું કાંઈ? એવો આત્મા નથી અને સમ્યગ્દર્શનની પર્યાય પણ રાગની અપેક્ષા રાખે અને સ્વનું સમ્યગ્દર્શન થાય એ સમ્યગ્દર્શન પર્યાય એવી નથી. આહા..હા..! અહીં તો સીધો ભગવાન આત્મા જ્યારે જ્યારે ધર્મ પામે છે અને મિથ્યાત્વનો નાશ થાય છે... 'નિશ્ચય દૃષ્ટિ હૃદય ધારી પાળે જે વ્યવહાર.' એમ કહ્યું. ભાઈ! પાળે કોણ? બાપુ! નિશ્ચયનું ભાન થયું ત્યારે રાગ આવે છે તેને જ્ઞાની જાણે છે. પાળે કોને? રાગને પાળે? આચાર્ય એમ કહે છેને? ભાઈ! આચાર્ય કહે છે પણ એનો ભાવ ન સમજે તો એ પણ જૂઠા છે લ્યો! આચાર્યનું કથન તો નિશ્ચયથી યથાર્થ હોય તે કથન આચાર્યનું છે. સમજાણું કાંઈ?

કહે છે કે '**મોહગ્રંથિનો ક્ષય કરવાથી, મોહગ્રંથિ જેનું મૂળ છે...**' હવે જુઓ, એ રાગ-દ્વેષ રહેવાનું મોહગ્રંથિ મૂળ હતું. મૂળ તો છૂટી ગયું. સમજાણું કાંઈ? ઝાડ છેને આંબલીનું. ઝાડ ઉપર કરોડો પાંદડા. એ મૂળ હતું જેમાં પાણી સીંચાતું હતું તો ઉપર પાંદડા વધતા હતા. મૂળનો છેદ થઈ ગયો, હવે પાંદડા કરોડો ભલે હોય પણ બે મહિનામાં સુકાઈ જશે. આંબલી હોય છેને? એમાં કરોડો પાંદડા છે. મૂળ ગાંઠ છેદાઈ ગઈ, બે માસમાં ખલાસ થઈ જશે. અને એકલા પાંદડા તોડે અને ગાંઠ આદિ છે તો બે મહિનામાં પાછા પાંદડા આવી જશે. એમ રાગની એકતાના મિથ્યાત્વમાં રાગની મંદતાની ક્રિયા કરે એ પાંદડા તોડવા જેવું છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો નિજ ઘરના હિતની વાત છે, કો'કને માટે આ નથી. આહા..હા..!

'**મોહગ્રંથિ જેનું મૂળ છે એવા રાગદ્વેષનું ક્ષપણ થાય છે;...**' જુઓ, શું કહે છે? મોહગ્રંથિ નાશ થઈ, રાગની એકતા તૂટી અને સ્વભાવની એકતાની શરૂઆત થઈ, શુદ્ધ ભગવાન આત્મા આનંદસ્વરૂપની એકતા શરૂ થઈ અને રાગની એકતા તૂટી ગઈ પણ રાગ બાકી રહ્યો. સમજાણું કાંઈ? તો '**મોહગ્રંથિ જેનું મૂળ છે એવા રાગદ્વેષ...**' હવે એ રાગ-દ્વેષ નિરાલંબન થયા. સ્વભાવને આશ્રયે તો રાગ ઉત્પન્ન થતો નથી. તો સ્વભાવનો આશ્રય લેતાં-લેતાં રાગ-દ્વેષનો નાશ થઈ જશે. સમજાણું કાંઈ? એને રાગ-દ્વેષનો ક્ષય થાય જ છે એમ કહે છે. રાગ-દ્વેષ ચારિત્રનો દોષ જે છે એ મોહગ્રંથિ એનું મૂળ છે. એ મૂળનો છેદ થયો તો રાગ-દ્વેષનો, સ્વરૂપમાં શુદ્ધતામાં એકાગ્ર થતાં-થતાં અશુદ્ધતાની ઉત્પત્તિનો નાશ થયો તો રાગ-દ્વેષ ક્ષય થઈ જ જશે. ધર્મીને રાગ-દ્વેષનો ક્ષય થઈ જ જશે. સમજાણું કાંઈ? કેમકે રાગ-દ્વેષ થવા છતાં દૃષ્ટિ તો શુદ્ધાત્મામાં પડી છે તો ત્યાં આગળ એનું ઘોલન છે. અંતરમાં જ્ઞાનસ્વરૂપમાં ઘોલન છે. આહા..હા..!

મુમુક્ષુ :- એકાગ્રતા ત્યાં છે.

ઉત્તર :- ત્યાં છે. રાગમાં એકાગ્ર નથી. રાગથી તો ભિન્ન પડી ગયો. આહા..હા..! સમજાણું કાંઈ?

**'મોહગ્રંથિ જેનું મૂળ છે એવા રાગદ્વેષનું ક્ષપણ થાય છે;...'** લ્યો ઠીક! તેને ક્ષય થાય છે એમ કહે છે. મોહગ્રંથિનો નાશ કર્યો નથી અને રાગ-દ્વેષનો ક્ષય થાય એમ બનતું નથી. દેખાય ઘણો શાંત, કષાય મંદ, મહિના-મહિનાના અપવાસ, મૌન રહે, જંગલમાં રહે, થોડું બોલે. એ શું ચીજ છે? એ કોઈ ચીજ નથી. આહા..હા..! રાગ-વિકલ્પથી ભિન્ન પોતાના સ્વરૂપની પ્રાપ્તિ તો થઈ નથી, ત્યાં રાગ-દ્વેષનો ક્ષય કરવાનો ઉપાય તો હાથ લાગ્યો નથી તો રાગ-દ્વેષનો ક્ષય કેમ થાય? સમજાણું કાંઈ? પોતાનો ભગવાન આત્મા, રાગની એકતા તૂટીને જે મોહગ્રંથિ રાગ-દ્વેષનું મૂળ હતું એનો નાશ કર્યો સ્વરૂપની પ્રાપ્તિને કારણે. તો હવે ક્રમે-ક્રમે શુદ્ધમાં (આગળ વધશે). ચારિત્રમાં ક્રમ પડે છે, સમ્યગ્દર્શનમાં ક્રમ નથી પડતો. પહેલા સમ્યગ્દર્શન થોડું થાય છે, પછી થોડું થાય એમ નથી. એ તો એક ઝાટકે સ્વભાવ તરફ એકાગ્ર થયો, એ જ સમયે મોહગ્રંથિનો નાશ થયો. સમજાણું કાંઈ? ચારિત્રમાં ક્રમ પડે છે. કારણ કે બે ગુણ ભિન્ન છેને? શ્રદ્ધાગુણ ભિન્ન છે અને ચારિત્રગુણ ભિન્ન છે. દ્રવ્ય તરીકે એક છે. બધાની શુદ્ધતા પર્યાયમાં એક સમયમાં બધાની શુદ્ધતા એકસાથે પ્રગટે છે. પણ શુદ્ધતા ચારિત્રની પૂર્ણ પ્રગટે છે એમ ગુણભેદ હોવાથી એમ થતું નથી. ન્યાય સમજાણો?

દ્રવ્ય તરીકે બધા ગુણ એક છે તો જ્યાં દ્રવ્યની દૃષ્ટિ થઈ તો અનુભવમાં સર્વ ગુણની નિર્મળ પર્યાય સાથે પ્રગટે છે. પણ સર્વ ગુણ ભિન્ન ભિન્ન છે એ કારણે શ્રદ્ધાગુણની પર્યાય પ્રાપ્ત પૂર્ણ થઈ છતાં ચારિત્રગુણની પર્યાય તે સમયે પૂર્ણ પ્રાપ્ત નથી થતી. કારણ કે ગુણભેદ છે. અભેદ છે અને ભેદ છે. બેય વાત છેને? આહા..હા..! સમજાણું કાંઈ? ભેદનો અર્થ? ભિન્ન ગુણ છે એમ. ભિન્ન સમજો છો? ભિન્ન છેને? ભિન્ન વસ્તુ છે. ચારિત્રગુણ ભિન્ન છે, શ્રદ્ધાગુણ ભિન્ન છે. તો દરેક ગુણનું કાર્ય એક સમયમાં એક સમયમાં થોડું આવે છે, પણ પૂરું એક સમયમાં નથી આવતું. માટે કહે છે. **'મોહગ્રંથિ જેનું મૂળ છે એવા રાગદ્વેષનું ક્ષપણ થાય છે;...'** ક્રમે-ક્રમે સ્વરૂપમાં એકાગ્રતા થવાથી એ રાગ-દ્વેષ ક્રમે-ક્રમે ટળીને ક્ષય પામે છે. રાગ-દ્વેષ મૂળમાંથી ચાલ્યા જાય છે, રાગ-દ્વેષ રહેતા નથી. તેને વીતરાગતા પ્રગટે છે એમ કહે છે. સમજાણું કાંઈ? પણ એ રાગ-દ્વેષના નાશનો ઉપાય પહેલા મોહગ્રંથિનો નાશ. આહા..હા..! પછી શુદ્ધાત્માના અવલંબનથી જે પ્રાપ્તિ થઈ તેનું અવલંબન ચાલુ જ છે. તો શરૂઆતથી ક્રમે... ક્રમે... ક્રમે... જેટલી સ્થિરતા થાય છે એટલા રાગ-દ્વેષની ઉત્પત્તિ થતી નથી. ઉત્પત્તિ નથી થતી એને ક્ષય કરે છે એમ કહેવામાં આવે છે. પૂર્ણ વીતરાગતા થઈ તો રાગ-દ્વેષ બિલકુલ રહેતા નથી, સમ્યગ્દષ્ટિને. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તેથી, સમસુખદુઃખ એવા...'** હવે જુઓ, હવે વ્યાખ્યા કરે છે. મુનિપણું લેવું છેને? જેને સુખ-દુઃખ સમાન છે. ચાહે તો અનુકૂળ સંયોગ હોય કે ચાહે તો પ્રતિકૂળ સંયોગ હોય,

જ્ઞાતા-દૃષ્ટા તરીકે જ્ઞાનીને-ચારિત્રવંતને સમાન છે. સમજાણું કાંઈ? નીચલી દશામાં અસ્થિરતાનો રાગ ચોથે-પાંચમે આવી જાય છે. મુનિને એવા હોતા નથી એ બતાવે છે હવે. અનુકૂળ હો કે પ્રતિકૂળ હોય. સાતમી નરકની વેદના જેવી વેદના શરીરમાં આવી જાય, તોપણ ધર્મી ચારિત્રવંત ત્યાં (સમભાવે પરિણમે છે). અહીંયાં ચારિત્રવંત લેવા છેને? સ્વભાવસન્મુખ છે તો શાંત... શાંત... શાંત... અકષાયભાવમાં પડ્યા છે. સમજાણું કાંઈ?

સાતમી નરકની નારકીની પીડા જેવી તો અત્યારે નથી, પણ એવી પીડા કે લાખો સોય ઘોસે, ઘાણીમાં પીલે શરીરને તોપણ, કહે છે કે સુખ-દુઃખ સમાન છે. એ પ્રતિકૂળતા પણ સમાન છે અને કોઈ ચંદન ચોપડે ને ઓહો..હો..! મહારાજ! તમે તો ઘણા મહાન છો. ચક્રવર્તી હાથી ઉપરથી ઉતરીને (નમન કરે), (મુનિ) ધ્યાનમાં લીન હોય અને બહારમાં.. મુનિને વંદન કરે, તો એ સુખ અનુકૂળ સામગ્રી સમાન છે. સમજાણું કાંઈ? ચક્રવર્તી નીકળે અને મુનિ આમ દેખે, જંગલમાં બેઠા હોય. નજરમાં વિકલ્પ ઉઠ્યો, ખ્યાલ આવે છે. ચક્રવર્તી નીચે ઉતરીને (કહે), મહારાજ! પ્રભુ! ધન્ય સાધન તમારા. આ અમને મળી સામગ્રી એ બધું છોડવાલાયક છે. નાથ! તમે સાધન કરો છો એ સાધન હો. સમભાવ છે. ચક્રવર્તી આવીને વંદન કરે છે તો મને ઠીક છે, અમારી મહત્તા આવી એમ છે નહિ.

'વંદે ચક્રી તથાપિ ન મળે માન' અપૂર્વ અવસરમાં આવે છે. સમજ્યા? 'બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ નહિ, વંદે ચક્રી તથાપિ ન મળે માન જો'. પોતાનું માન મળ્યું ત્યાં પરનું માન શું? સમજાણું કાંઈ? અને પરમાં પ્રસિદ્ધિ થાય તો અમારા ગુણ ટકે એવી વાત છે? દુનિયા પ્રસિદ્ધિ માને કે ઓહો..! આ તો મહામુનિ થયા, ધર્મી થયા તો એની ધર્મદશા ટકે એમ છે? અને કોઈ ન જાણે અને નિંદા કરે તો ધર્મની પર્યાય હીણી થઈ જાય એમ છે? સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે... પાછા એ લોકો આવું લગાડે છે આઠમા (ગુણસ્થાન)માં. ભાઈ! પણ અહીં તો મુનિની દશાની વાત છે. છઠ્ઠે પણ એવી હોય છે. ચારિત્રવંતની વાત ચાલે છે. સમજાણું? આહા..હા..! **'સમસુખદુઃખ એવા તે જીવને પરમ મધ્યસ્થતા જેનું લક્ષણ છે એવા શ્રામણ્યમાં ભવન-પરિણમન થાય છે;...'** હવે એની થોડી વ્યાખ્યા છે. જેમાં, જુઓ મધ્યસ્થતા. .. અનુકૂળ-પ્રતિકૂળમાં જ્ઞાતા-દૃષ્ટા સ્થિરતા એવી પરિણતિ છે. **'પરમ મધ્યસ્થતા જેનું લક્ષણ છે એવા શ્રામણ્યમાં ભવન-પરિણમન થાય છે;...'** તેને ચારિત્રની પરિણતિની દશા થાય છે. પણ એની મધ્યસ્થતાની થોડી વ્યાખ્યા છે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જેઠ વદ ૨, સોમવાર, તા. ૦૨.૦૬.૧૯૬૯**
**ગાથા-૧૯૫, પ્રવચન-૧૭૧**

... '**મોહગ્રંથિ જેનું મૂળ છે એવા રાગદ્વેષનું ક્ષપણ થાય છે;...**' એમ કહે છે કે જેને આત્માનું હિત કરવું છે, આત્મા વસ્તુ છે અંદર દેહથી ભિન્ન, આ તો જડ છે, આ તો ચૈતન્યથી ભિન્ન માટી છે, અંદર ચૈતન્ય વસ્તુ જે આત્મા છે એનું હિત કરવું હોય તો હિતની શરૂઆત કેમ થાય? તો કહે છે કે '**મોહગ્રંથિનો ક્ષય કરવાથી,...**' અર્થાત્ પોતાનું સ્વરૂપ શુદ્ધ ચિદાનંદ આનંદસ્વરૂપ આત્મા છે, એવા શુદ્ધ ચૈતન્યધામમાં દૃષ્ટિ કરવાથી પર તરફની સાવધાનીની ગાંઠ જે રાગની એકતા છે એનો નાશ થાય છે. આ એનો એટલો અર્થ છે. ફરીને કહીએ છીએ, હજી કાંઈ એમ છોડી નહિ દઈએ.

આત્મા... '**મોહગ્રંથિનો ક્ષય કરવાથી,...**' એવો શબ્દ પડ્યો છે. એની વ્યાખ્યા—જે અનાદિથી આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ, સચ્ચિદાનંદ સ્વરૂપ, શુદ્ધ પવિત્રસ્વરૂપ છે એમાં આ પુણ્ય અને પાપના વિકલ્પ નામ રાગ જે વિકાર છે, હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, કામ, ક્રોધ, રળવું-કમાવવું એવો જે ભાવ એ પાપભાવ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ તે પુણ્યભાવ, બેય રાગ અને વિકાર છે. એ વિકારની સાથે આત્માનું એકત્વ માનવું એ મોહગ્રંથિ મહા મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? અહીં દર્શનમોહ લીધો છે, પણ આ મૂળ ભાવ છે. ભગવાન આત્મા સચ્ચિદાનંદ સત્ શાશ્વત ત્રિકાળી અવિનાશી જ્ઞાન અને આનંદના સ્વભાવથી ભરેલો પદાર્થ, અનાદિથી પોતાના ત્રિકાળ સ્વભાવમાં નથી એવા પુણ્ય અને પાપ, શુભ અને અશુભ રાગ-વિકાર-વિકલ્પ ઉત્પન્ન કરીને પોતાના સ્વભાવની સાથે એમાં એકત્વ માને છે તો એની પર તરફની સાવધાની છે. પર તરફની સાવધાનીના ભાવને મોહગ્રંથિ કહે છે. ન્યાય સમજાય છે? અરવિંદભાઈ! આમાં કોઈ દિ' પગથિયે ચડ્યા ન હોય એને...

મુમુક્ષુ :- બુદ્ધિવાળા છે.

ઉત્તર :- બુદ્ધિવાળા બધા સમજવા જેવા છે. એ ઓલામાં ચાલે ગાડાં. ત્યાં દવામાં... અહીંયાં તો બીજી જાતની બુદ્ધિ જોવે.

અહીં તો ભગવાન આત્મા આ દેહના રજકણથી ભિન્ન તત્ત્વ છે. આ તો માટી છે. અંદરમાં પુણ્ય અને પાપ, શુભ અને અશુભ વિકલ્પ નામ રાગ થાય છે એ વિકાર છે, દુઃખ છે, અપ્રશસ્ત અથવા મેલા ભાવ છે. એ મેલભાવ સાથે, ત્રિકાળી નિર્મળાનંદ, સચ્ચિદાનંદ શુદ્ધ સ્વરૂપને મેલ સાથે એકત્વ માનવું એ મોહગ્રંથિ નામ પર તરફની સાવધાની મિથ્યાત્વભાવ

છે, જૂઠો ભાવ છે. કહો, સમજાય છે કે નહિ જરી? શું કરે પણ...?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એટલે તો આ વાત કરી સાથે કે આત્મા વસ્તુ છે એ જ્ઞાન વસ્તુ છેને? છે, છે તો એનો કોઈ સ્વભાવભાવ પણ છે કે નહિ? જે વસ્તુ હોય એનો સ્વભાવ હોય કે નહિ? જેમ સાકર વસ્તુ છે તો એનો ગળપણ, મીઠાશ, સફેદાઈ એ એનો સ્વભાવ છે. એમ આત્મા વસ્તુ છે એનો કાયમી, અસલી, ત્રિકાળી કોઈ સ્વભાવ છે કે નહિ? આત્મા ત્રિકાળી છે, નિત્ય અવિનાશી વસ્તુ છે. કોઈ નવો ઉત્પન્ન નથી થતો, એનો નાશ થતો નથી. એ આત્મામાં ત્રિકાળી જ્ઞાન અને આનંદ, શાંતિ આદિ સ્વભાવ ભરેલો છે. તો અનાદિ અજ્ઞાની, એ તરફની દૃષ્ટિ નથી અને પર તરફની દૃષ્ટિને કારણે શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ પરિવાર હું છું એમ માને છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એ શરીરને માને છે. રાગ ખરેખર તો કારણ છે. સમજાણું કાંઈ? એ પુણ્ય અને પાપ વિકારીભાવ એ પોતાનો છે એમ માને છે. ખરેખર તો એ પરને (પોતાનું) માને, પણ કાંઈ પરનો થતો નથી. પણ આ તો માને તો એનો થાય છે મિથ્યાત્વભાવ. સમજાણું કાંઈ?

અહીં તો કહ્યુંને પહેલા કે ભગવાન આત્મા પરદ્રવ્યથી-પરવસ્તુથી તો ભિન્ન છે અને પોતામાં જે વિકાર થાય છે એનાથી પણ પરવસ્તુ ભિન્ન છે અને પોતાથી જેટલી ચીજ પર છે એ બધી પોતામાં અશુદ્ધતા ઉત્પન્ન થવાનું કારણ છે. સમજાણું કાંઈ? મેલ ઉત્પન્ન કરવાનું કારણ છે એમ કહે છે. પોતાથી ભિન્ન ચીજ, ચાહે તો સર્વજ્ઞદેવ હોય કે ચાહે તો સ્ત્રી, કુટુંબ કે પરિવાર કે વેપાર-ધંધો હોય. પરદ્રવ્ય તો મલિનભાવનું જ કારણ છે. એ મલિનભાવ પોતાનું સ્વરૂપ નથી. ત્રિકાળી સ્વભાવમાં એ ભાવ નથી. મલિનપણું એ ત્રિકાળી સ્વભાવ હોઈ શકે નહિ. કૃત્રિમ જે મલિનતા શુભ અને અશુભભાવ, પાપ અને પુણ્યભાવ એ તરફની એકાગ્રતા, સાવધાની એનું નામ મિથ્યાત્વ ભાવ, જૂઠો ભાવ, પાપ ભાવ, દુઃખરૂપ ભાવ, સંસારમાં રખડવાનો ભાવ તેને મિથ્યાભાવ કહે છે.

મુમુક્ષુ :- એ મોહગ્રંથિ?

ઉત્તર :- એ મોહગ્રંથિ. એનો જેણે ક્ષય કર્યો છે. ક્ષય કરવાથી. કેવી રીતે ક્ષય કર્યો? હું તો જ્ઞાનસ્વરૂપ છું. ચિદાનંદ-ચિદ્ આનંદસ્વરૂપ છું. એમ ધ્રુવ સ્વરૂપ ચૈતન્ય ભગવાન નિત્યાનંદ પ્રભુ એના ઉપર દૃષ્ટિ દેવાથી, અંતર એકાગ્ર થવાથી આત્મામાં શુદ્ધતાની પર્યાયની પ્રસિદ્ધિ થવાથી, વીતરાગદશા આનંદની પ્રસિદ્ધિ થવાથી મોહગ્રંથિનો નાશ થાય છે. આ તો ગડિયો પણ સાંભળવો કઠણ. કોઈ દિ' કર્યું નથી અનાદિ રખડપટ્ટીમાં. સમજાણું કાંઈ? આહા..હા..! એ મોહગ્રંથિનો ક્ષય કરવાથી... મારો સ્વભાવ ચૈતન્ય કાયમી જાણન-દેખન સ્વભાવ અતીન્દ્રિય

આનંદ, અતીન્દ્રિય આનંદ, અમર આનંદ, ત્રિકાળી આનંદ એવો મારો સ્વભાવ છે. હું આત્મા એવો છું. એવી અંતરમાં દૃષ્ટિ કરવાથી મોહગ્રંથિનો નાશ થાય છે. મિથ્યાત્વરૂપી મહાપાપ, જે મહાપાપ એક જ મહાપાપ છે એનો નાશ થાય છે તો કર્મનો નાશ પણ એ કાળે થાય છે. આહા..હા..!

પછી કહે છે કે '**મોહગ્રંથિનો ક્ષય કરવાથી,...**' આમ પોતાના આત્મામાં શુદ્ધતા, પવિત્રતા, અનંત બેહદ અમર આનંદ, એવો અમર આનંદી પ્રભુ એનો આશ્રય અને અવલંબન કરવાથી પરના આશ્રયમાં એકત્વબુદ્ધિ જે મિથ્યાત્વભાવ હતો તેનો નાશ થાય છે. આ દવા છે એની. હરગોવિંદભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શીશીની પણ જરૂર નથી. અહીં તો એવી ચીજ છે. એ દવા તો આપે અને મરી પણ જાય એમાં. આયુષ્ય હોય તો બચે, નહિતર ત્યાં ક્યાં એની દવા બચાવતા હતા? ડોક્ટર પણ મરી જાય છે કે નહિ? સમજાય છે કાંઈ? આપણે ડોક્ટર નહોતા? કેવા? વૈદ ડોક્ટર સર્જન ભાવનગરમાં. એ પોતે કો'કને આમ કરતા હતા. ઇંજેક્શન કાંઈક આપતા હતા. અપોરેશન કરતા હતા. ઓપરેશન કરતા, મને કાંઈક થાય છે. બસ થઈ રહ્યું, ખલાસ થઈ ગયા. પોતે અહીં સર્જન હતા એ. અહીંયાં આવ્યા હતા. આપણે બે-ત્રણ વાર આવ્યા હતા. સર્જન ડોક્ટર, ભાવનગર. શું કરે? એ તો જડ-માટી છે. એની સ્થિતિ પૂરી થઈ. એ મને કાંઈ થાય છે. થઈ રહ્યું. કાંઈક ખલાસ થઈ ગયું.

મુમુક્ષુ :- હવે તો ડોક્ટરો એવી શોધ કરે છે...

ઉત્તર :- શોધ કરીને મરી જાય તોય જે સમયે જે થવાનું હોય તે થાય. શું શોધ કરે, ધૂળ કરે? જે સમયે શરીરની અવસ્થા રહેવાની હોય તે રહેશે, છૂટવાના કાળે લાખ ઇંજેક્શન લગાવે તોપણ છૂટી જાશે.

મુમુક્ષુ :- મોટા-મોટા લેખ આવે છે.

ઉત્તર :- મોટા-મોટા લેખ આવે બધા, સાંભળીએ છીએ બધા, ખબર છેને. એ પણ મરી જાય છે લેખ લખનારા પણ. આ શરીર ક્યાં એની સાથે સ્વભાવિક ચીજ છે? આ તો સંયોગી ચીજ છે. એક સાથે બીજી ચીજ છે. આત્મા ભિન્ન ચીજ છે અરૂપી અને આ બીજી ચીજ જડ ભિન્ન ચીજ છે, સંયોગી ચીજ છે. એ સંયોગી ચીજ એક તો થતી નથી અને સંયોગી ચીજ ત્રણે કાળ સાથે રહેતી નથી. સમજાણું કાંઈ? અમુક કાળ રહે. એ કાળ પૂરો થાય તો બીજે ફડાક વઈ જાય. મોટો માંધાતા હોય કે ડોક્ટર હોય, મહિનાના પાંચ-પાંચ-દશ હજારનો પગાર લેનારો હોય મોટો માસ્તર. કેન્સરવાળો નહિ ..માં મરી ગયો? કેટલાયના કેન્સર જોતો હતો. ઓલો ડોક્ટર કો'ક હતો, મુંબઈ ટાટાવાળો. એણે ઘણાના કેન્સર જોયા. એને પોતાને કેન્સર હતું, પોતાને કેન્સર હતું. સવારે ઘણાને કેન્સર જોયા બપોરે મરી ગયો

કેન્સરમાં, એ પણ કેન્સરમાં. પોતે કેન્સરમાં. શું કરે? એને કેન્સર હતું. પણ એ પોતે દવા કરતા એની. દેહની સ્થિતિ પૂરી થાય એમાં એને રોકે કોણ? ત્રણ કાળ, ત્રણ લોકમાં એક સમયમાત્ર પણ સ્થિતિ, ઇંજેક્શન લગાવે અને કોઈ દેવ આવી જાય અને મદદ કરે તો રહે છે એમ ત્રણ કાળમાં બનતું નથી.

અહીંયાં તો એ બીજી વાત રહી. અહીંયાં તો ભગવાન આત્મા શુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપ જેનું નિર્મળાનંદ સહજાનંદ સ્વરૂપ છે, એવો અમરાનંદ પ્રભુ એની દૃષ્ટિ કરવાથી, દુઃખની દૃષ્ટિ જે પર મારા અને હું એનો એવી જે દૃષ્ટિ હતી એવી દૃષ્ટિનો અમરાનંદ પ્રભુમાં દૃષ્ટિ કરવાથી નાશ થાય છે. એ મોહગ્રંથિનો ક્ષય થાય છે. આ ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી. સમજાણું કાંઈ? વિકારી પરિણામ ક્ષણિક છે. નવા નવા પ્રગટ થાય છે. શુભ-અશુભભાવ નવા-નવા ઉત્પન્ન થાય છેને? તો ક્ષણિકની એકતાબુદ્ધિમાં જે પાપ છે, એ પાપનો નાશ ત્રિકાળી અમરાનંદ પ્રભુ ચિદાનંદ મૂર્તિ છે એવી દૃષ્ટિ કરવાથી એ પાપનો નાશ થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- બહારનું શું કામ કરે?

ઉત્તર :- ધૂળેય કરે નહિ. કોણ કરી શકે? આંગળી કોણ ફેરવી શકે છે? અભિમાનીઓ છે બધા. આ ઇંજેક્શન અમે દઈએ છીએ ને આમ કરો ને આમ કરો ને આમ કરો. ધૂળેય નથી કરતો. એ તો આંગળી જડની દશા છે. શું આત્મા કરી શકે છે? સમજાણું કાંઈ? આ તો જડની અવસ્થા છે. પરમાણુ છે, આ તો રજકણો જગતનું અસ્તિ તત્ત્વ છે. એનું રૂપાંતરપણું આમ-આમ થવું એ એના કારણે છે, એ કાંઈ આત્માને કારણે છે? ઘણી ઇચ્છા હોય પણ કાંઈ કરી શકતો નથી. એ તો એની અવસ્થા થવાની હોય તો થાય છે. ન થાય એ તારાથી થાય છે એમ છે નહિ. બરાબર હશે? અરવિંદભાઈ! આ બધું રાખી શકાતું હશે કે નહિ? લ્યો! એને કાંઈ મારી નાખવાનો ભાવ હતો? ઘણું જીવાડવાનો ભાવ (હતો). એ ભાવ કાંઈ કાર્યગત થયો ત્યાં? એ ભાવ પત્ની ઉપર લાગુ ન પડ્યો તો એ ભાવ બીજા ઉપર લાગુ પડતો હશે? અભિમાન છે અજ્ઞાનીના. પરના કાર્ય કરી શકું કે પરને રાખી શકું કે જીવાડી શકું, મારી શકું (એ) ત્રણ કાળમાં આત્મા કરી શકતો નથી. આહા..હા..! આ કરી શકે છે. પોતાના સ્વરૂપને ભૂલીને પર મારા છે એવી માન્યતા કરી શકે છે. પાખંડ અજ્ઞાનભાવ. સમજાણું કાંઈ? અને એ માન્યતાનો નાશ કરી શકે છે. ઈ કરી શકે છે.

'**મોહગ્રંથિનો ક્ષય કરવાથી, મોહગ્રંથિ જેનું મૂળ છે...**' રાગ અને પુણ્યની એકતા એવો મિથ્યાત્વભાવ એ રાગ-દ્વેષનું મૂળ છે. એમાંથી રાગ-દ્વેષ ફાટે છે—ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનની મૂર્તિ ચૈતન્ય ધ્રુવ એની દૃષ્ટિ છોડીને ક્ષણિક શુભ-અશુભ વિકલ્પ રાગભાવને પોતાના માને છે એનું નામ મિથ્યાત્વભાવ છે, પાપભાવ છે, જૂઠો ભાવ છે, દુઃખભાવ છે. એ દુઃખભાવને ક્ષણિકપણું છે. કેમકે નવા-નવા ઉત્પન્ન થાય છે. ભગવાન

આત્મા ત્રિકાળી શુદ્ધ આનંદકંદ છે. એવી દૃષ્ટિ કરવાથી મોહગ્રંથિ (અર્થાત્) પુણ્ય-પાપની એકતાનો મહામિથ્યાત્વભાવનો ક્ષય થાય છે અને એ ક્ષય કરવાથી રાગ-દ્વેષનું મૂળ જે હતું એ તો નાશ પામ્યું. સમજાણું કાંઈ?

**'મોહગ્રંથિ જેનું મૂળ છે એવા રાગદ્વેષનું ક્ષપણ થાય છે;...'** પછી રાગ-દ્વેષ અસ્થિરતાનો નાશ થઈ જાય છે. સ્વરૂપ શુદ્ધ ચિદાનંદ પ્રભુ, પોતામાં મોહગ્રંથિનો નાશ થયો તો એમાં રમત કરવાની ચીજ તો એક જ રહી. પોતામાં રમવું, શુદ્ધ ચિદાનંદ આત્મા આનંદકંદ પ્રભુ એમાં એકાકાર થવું એમ કરતાં-કરતાં રાગ-દ્વેષનો ક્ષય થશે. પહેલા રાગ-દ્વેષની એકતા તૂટે છે, પછી રાગ-દ્વેષનો નાશ થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે વાતું! એને અંતરના હિતની વાત (જાણી નથી). અરે..! અહિત કેમ થાય છે એની વાત પણ યથાર્થ સાંભળી નથી. આહા..હા..! અનાદિ ચોર્યાશીના અવતારમાં ક્ષણે ક્ષણે પોતાની ચૈતન્ય જ્યોતિ ભગવાન એનું મરણ કરે છે. આહા..હા..! શુભ અને અશુભભાવ એમાં પ્રીતિ કરવાથી પોતાના સ્વભાવનો પર્યાયમાં નાશ થાય છે. સમજાણું કાંઈ? મરણ થાય છે. પોતાનું જ્ઞાનાનંદ ચૈતન્ય મૂર્તિ જીવન, એવા નિર્મળ જીવનમાં પુણ્ય-પાપના ભાવને પોતાના માનીને પોતાના શુદ્ધ ચૈતન્ય જીવનનો હ્રાસ-નાશ-મરણ થાય છે. સમજાણું કાંઈ? પોતાનો સ્વભાવ ભગવાન આત્મા નિજ સ્વરૂપ વસ્તુ છે. એનો સ્વભાવ કાયમ આનંદ અને જ્ઞાન અને શાંતિ છે. એવી ધ્રુવતા, એવું ધ્રુવ સ્વરૂપ, નિત્ય સ્વરૂપનો આશ્રય કરવાથી અનિત્યમાં એકતાબુદ્ધિ હતી તે નાશ પામે છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ગાંઠ છે...

ઉત્તર :- ગાંઠ કીધુંને. પહેલા રાગ-દ્વેષની એકતા તે ગાંઠ. બીજી ગાંઠ કઈ છે? આ દોરામાં ગાંઠ નથી પડતી કપડામાં? શું કહે છે? ... ગાંઠ થાય છેને, લ્યો! ક્યાં ગઈ ગાંઠ? આમ થયું કે નહિ?

એમ ભગવાન આત્મા જ્ઞાનાનંદ, સચ્ચિદાનંદ ધ્રુવસ્વરૂપ એમાં સીધો સ્વભાવ પોતાનો છે એને ન માનતા, વક્રતા પુણ્ય-પાપના વિકલ્પને પોતાના માને છે. ત્યાં રોકાઈ ગયો, ચૈતન્ય સ્વભાવ ત્યાં રોકાઈ ગયો એનું નામ ગાંઠ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ અંતરમાં એકાગ્ર થયો તો એ ગાંઠ છૂટી ગઈ. સમજાણું કાંઈ? અને એ ખુલવાથી રાગ-દ્વેષનો ક્ષય થાય જ છે. ભગવાન આત્મા એની નિત્યતાની દૃષ્ટિ દૂર નથી થતી. કેમકે નિત્ય દૃષ્ટિ થઈ તો ક્ષણિકની એકતાની દૃષ્ટિનો નાશ થયો. નિત્ય દૃષ્ટિ પોતાને પ્રગટ થઈ તો મોહગ્રંથિનો નાશ થયો અને પોતામાં રમણતા થવાથી રાગ-દ્વેષનો ક્ષય થાય જ છે. પછી રાગ-દ્વેષ રહેતા નથી. કેમકે રાગ-દ્વેષ પાંગળા થઈ ગયા. પોતાનો માન્યો નહિ તો પાંગળો થઈ ગયો. પોતાના સ્વરૂપમાં એકાકાર થઈને રાગ-દ્વેષની અસ્થિરતાનો નાશ થાય છે. એવા જીવને સુખ-દુઃખ સમાન છે. લ્યો! સાધુની વાત કરે છે. પહેલી સમકિતની વાત કરી, સમ્યગ્દૃષ્ટિની વાત કરી.

મોહગ્રંથિનો નાશ. હવે પછી સાધુની વાત કરે છે. સાધુ એટલે આ બહારના અત્યારે માને એ સાધુ નહિ હોં! સાધુ તો પોતાનું સ્વરૂપ શુદ્ધ ચિદાનંદ છે, રાગનો વિકલ્પમાત્ર મારું કર્તવ્ય નથી, હું પરનું કાંઈ કરતો નથી અને પરથી મારામાં કાંઈ લાભ થતો નથી એવા સ્વભાવનું સાધન અંતરમાં કરે છે, સાધ્યતિ ઈતિ સાધુ, શુદ્ધ ભગવાન આત્માના આનંદનું અંતરમાં સાધન કરે છે એનું નામ સાધુ. લૂગડા ફેરવ્યા ને નગ્ન થઈ ગયો કે કપડા ફેરવ્યા માટે સાધુ. એને ભગવાન સાધુ કહેતા નથી. સમજાણું કાંઈ? એવા સાધુ હોય છે.

પહેલા સમ્યગ્દષ્ટિની વાત કરી, ધર્મીના ધર્મની શરૂઆત. ધર્મની શરૂઆત જ્યાં થઈ, પછી ... આવ્યું હતું. શુદ્ધત્વનું આવ્યું હતું. શુદ્ધાત્મ થાય છે એ પ્રસિદ્ધિ થઈ. શુદ્ધાત્મા થાય છે સમ્યગ્દર્શનમાં. આત્મા જેવો શુદ્ધ ધ્રુવ છે એવી સમ્યક્ પ્રતીતિ થતાં શુદ્ધત્વનું પરિણમન થાય છે. અશુદ્ધતાનું પરિણમન જે મિથ્યાત્વમાં હતું તેનો નાશ કરીને શુદ્ધત્વ નામ નિર્મળ આનંદનું પરિણમન આત્મામાં થાય છે ત્યાં સુધી તો સમ્યગ્દષ્ટિ કહેવામાં આવે છે. હવે એ સમ્યગ્દષ્ટિ આગળ વધીને રાગ-દ્વેષનો ક્ષય કરે છે. કઈ રીતે? કે સ્વરૂપ ધ્રુવ ચિદાનંદમાં લીન થતાં-થતાં રાગનો નાશ થાય છે. એ આત્મા.. જેને સુખ-દુઃખ સમાન છે. ચાહે તો સાતમી નરકની પ્રતિકૂળતાનો સંયોગ હોય દુઃખ, એમાં સમતા છે. હું તો આનંદ છું. પરલક્ષી ભાવ હતો તે એકત્વનો નાશ કર્યો છે. પરલક્ષી અસ્થિરતાનો ભાવ છે એનો સ્વભાવની સ્થિરતાથી નાશ કર્યો છે. સમજાણું કાંઈ?

જેને સુખ-દુઃખ સમાન છે. સમ્યગ્દષ્ટિને પ્રતિકૂળ-અનુકૂળ સંયોગના કાળે પોતાની અસ્થિરતાને કારણે સુખ-દુઃખની કલ્પના અથવા રાગ-દ્વેષ થઈ જાય છે. એટલો ચારિત્રદોષ ધર્મીને છે. અહીંયાં તો હવે સાધુપણું લેવું છે. સમજાણું કાંઈ? આગળ વધીને સ્વરૂપની શાંતિ, વીતરાગતા, નિર્દોષતા એટલી પ્રગટ થઈ કે અનુકૂળ ચક્રવર્તી આદિ વંદન કરવા આવે અને મહા જ્વર હોય એમાં કોઈ ચંદન આદિ ચોપડે કે અનુકૂળ હોય, (બન્નેમાં) જ્ઞાતા-દ્રષ્ટા (રહે છે). જ્ઞેયની અનુકૂળતા-પ્રતિકૂળતામાં રાગ-દ્વેષની ઉત્પત્તિ જેને થતી નથી અને સમભાવની ઉત્પત્તિ થાય છે એને સમાન આત્માનો સ્વભાવ સાધનારા સાધુ કહે છે. સમજાણું કાંઈ?

સુખ-દુઃખ સમાન છે. સમાનનો અર્થ એકરૂપ જ્ઞેય છે. ચાહે તો અગ્નિમાં કરોડો સોય ધગધગતી કરીને શરીરમાં નાખે, તોપણ આત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપનું ભાન છે અને એમાં એકાગ્રતા છે એ કારણે પ્રતિકૂળતાના યોગમાં જ્ઞાતાપણું, સમાનપણું દૂર નથી થતું. સમજાણું કાંઈ? શાંતિ... શાંતિ... શાંતિ... અને કરોડ-અબજ અનુકૂળ સાધન હોય, ચક્રવર્તીનું રાજ હોય તેને સમકિતી છોડી દે છે. તો એમાં પ્રતિકૂળતા આવે તોપણ સમાન છે અને અનુકૂળતા હોય, રાજાદિ માન આપે ઓહો..હો..! બધું જ્ઞેય છે, મારા જ્ઞાનમાં જાણવાલાયક છે. અનુકૂળ-પ્રતિકૂળ જગતમાં મારે કોઈ વસ્તુ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એનું નામ સાધુપદ છે. એવા સાધુ જંગલમાં રહે છે, એવા સાધુ તો જંગલમાં હોય છે. પોતાના આનંદની

ધારામાં વહે છે. આહા..હા..! શાંતિ... શાંતિ... લૂ પડે તો પ્રતિકૂળ દુઃખ કહેવાય. આનંદનું ઝરણું અંદરમાં ઝરે છે. સ્વભાવ આત્મા આનંદની ખાણ છે એ તરફની એકાગ્રતા છે તો આનંદના ઝરણાનું વેદન ધર્મીને છે. લૂનું લક્ષ નથી. આહા..હા..!

અને શરદી-હીમ પડે. પોષ મહિનામાં હીમ (પડે). જેમાં રીંગણા-રીંગણા કહે છેને? રીંગણા નહિ? બેંગન બળી જાય. એવા લીલા ઝાડ સૂકાઈ જાય. એવી ઠંડી હવા. હીમપાત. મુનિ બેઠા હોય. પોતાના શુદ્ધ આનંદસ્વરૂપમાં લીનતાને કારણે એ ઠંડીના દુઃખનો વિકલ્પ નથી. આહા..હા..! એ ઠેકાણે અતીન્દ્રિય આનંદ ભગવાન આત્મા રાગથી ભિન્ન કરીને પોતાનો અનુભવ થયો છે તો અતીન્દ્રિય આનંદની શાંતિનું ઝરણું તે સમયે વેદે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

સુખ-દુઃખ જેને સમાન છે. એટલે? સુખ-દુઃખ સમાનનો અર્થ? સુખ-દુઃખની કલ્પના જેને સમાન છે એમ નહિ, અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ જેને સમાન છે. અંદર સુખ-દુઃખની કલ્પના થાય છે અને સમાન છે એમ નથી. અહીંયાં તો અનુકૂળ-પ્રતિકૂળના સંયોગને, અનુકૂળને સુખ કહે છે, પ્રતિકૂળને દુઃખ. એ લૌકિક ભાષા વાપરી છે. સમજાણું કાંઈ? આહા..હા..! જેને ભગવાન આત્મા... એ શુભ-અશુભ રાગની એકતા જેણે તોડી નાખી છે અને જે ભગવાન આત્મામાં એકાગ્રતાનું સાધકપણું સિદ્ધ કરે છે તેને અનુકૂળ પ્રતિકૂળમાં સમાનભાવ છે. સમજાણું કાંઈ? બાર માસની ક્ષુધા લાગી હોય તોપણ સમભાવ છે અને ક્ષુધાને કાળે આહાર, અન્ન-જળ આદિ ચક્રવર્તીના ઘરેથી આહાર મળે, ઠંડા બરફ મોસંબીના પાણી આદિ (મળે), પોતાના આનંદની શાંતિ આગળ પરની અનુકૂળતા-પ્રતિકૂળતામાં વૃત્તિ જેને ઉઠતી નથી, આનંદ ઉત્પન્ન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'એવા તે જીવને પરમ મધ્યસ્થતા જેનું લક્ષણ છે...'** જુઓ! **'એવા તે જીવને પરમ મધ્યસ્થતા...'** અનુકૂળ જ્ઞેય હોય કે પ્રતિકૂળ જ્ઞેય હોય, બેયમાં મધ્યસ્થ છે. પરમ મધ્યસ્થ. અહીં વીતરાગભાવ લેવો છે. મધ્યસ્થ શબ્દ ત્યાં પણ વાપર્યો છે ભાઈ! પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં. શ્રોતાએ નિશ્ચય અને વ્યવહારનય સાંભળીને મધ્યસ્થ થઈ જવું. ત્યાં એકલો મધ્યસ્થ શબ્દ છે. એ તો જાણવા માટે. વ્યવહારનું કથન આવું છે તે જાણવાલાયક છે. નિશ્ચયનો આવું છે એ આદરવાલાયક છે. બસ એ માટે. પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં છઠ્ઠી ગાથામાં. આ તો પરમ મધ્યસ્થ જ્ઞાનમાં મધ્યસ્થ (એટલે) વ્યવહારનું કથન છે એવી શૈલી છે, એમ ચાલે છે એ જાણવાલાયક છે (અને) નિશ્ચયનું આવું કથન છે તે અંતરમાં આદરણીય છે. બસ! એમાં બીજો પક્ષપાત નથી કરતા. સમજાણું કાંઈ?

અહીંયાં તો એ ઉપરાંત આગળ વધીને... આહા..હા..! ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ, સચ્ચિદાનંદ નાથ આત્મા એમાં આરૂઢ થયો એ આનંદનું વેદન કરે છે, જેમાં સમદુઃખ સમાન છે. **'એવા તે જીવને પરમ મધ્યસ્થતા...'** પરમ મધ્યસ્થ. પ્રતિકૂળ-અનુકૂળ બેય એક જાત

છે, એમાં કાંઈ ફેર છે નહિ. આહા..હા..! **'એવા તે જીવને પરમ મધ્યસ્થતા જેનું લક્ષણ છે...'** શું કહે છે? એવી પરમ મધ્યસ્થતા જેનું લક્ષણ છે એવા... **'એવા શ્રામણ્યમાં ભવન-પરિણમન થાય છે;...'** એવા સાધુપદમાં એની દશા થાય છે. આહા..હા..! સાધુપદ પણ સાંભળ્યું નથી એણે કે સાધુ કોને (કહેવા). લૂગડાં ફેરવ્યા અને બાયડી-છોકરા છોડ્યા એટલે સાધુ. ધૂળેય સાધુ નથી, સાંભળ તો ખરો. આ માને આ બધા. બાયડી-છોકરા છોડી શકે નહિ અને ઓલો છોડીને બેસે તો, જય મહારાજ! મગનભાઈ! અહીં તો કહે છે કે હું પર છોડું એ માન્યતા જ મિથ્યાત્વ છે, વિષમતા છે, સમતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

હું તો જ્ઞાનાનંદ સ્વરૂપ છું, શુદ્ધ ચિદાનંદની મૂર્તિ આત્મા અનાદિ-અનંત અવિનાશી તત્ત્વ છું. એવી દૃષ્ટિમાં જ્યાં આત્મા આવ્યો ત્યાં રાગ મારો છે અને પુણ્ય મારું છે એ ચીજનો નાશ થાય છે, તો પરચીજ મારી છે એ તો આવતું નથી. સમજાણું કાંઈ? આ તો પછી એવું ભાન થયા પછી (સાધુપદની વાત છે). આવું ભાન ન હોય અને સાધુપદ આવે એમ છે નહિ. એવી જેની દૃષ્ટિ નથી... દયા, દાનનો વિકલ્પ જે ઉઠે છે એ પણ રાગ છે, મારું કર્તવ્ય નથી, મને નુકસાનનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવી અનુભવ દૃષ્ટિ થઈ, પછી સ્વરૂપમાં રમણતા સાધે છે ત્યારે શ્રમણપણું પરિણમે તેને સાધુ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'એવા શ્રામણ્યમાં ભવન-પરિણમન થાય છે;...'** શ્રમણ જુઓ એ સાધુ. આહા..હા..! વીતરાગી પર્યાયમાં રમણ કરે છે. સમજાણું કાંઈ? આ મને માનનારા છે, આ મને માનનારા નથી એવી બુદ્ધિ ધર્મીને હોતી નથી. આહા..હા..!

જ્ઞાનસ્વરૂપ પ્રભુ ચિદાનંદ સચ્ચિદાનંદ પ્રભુ (છું) એવી જ્યાં અનુભવ દૃષ્ટિ થઈ, ત્યારે પછી સ્વરૂપમાં રમણતાની સાધકદશાની શરૂઆત થઈ તો, કહે છે, એને સમાનતા, પરમાં સમાનતા એવી મધ્યસ્થતા **'પરમ મધ્યસ્થતા જેનું લક્ષણ છે...'** જુઓ! **'એવા શ્રામણ્યમાં ભવન-પરણમન થાય છે;...'** પરિણમન થાય છે કહે છે. દેહની ક્રિયાની અહીંયા વાત કરી જ નથી કે એ નગ્ન થાય તે શ્રમણપણું છે. અહીંયાં અંતરમાં શુદ્ધ ભગવાન આત્માનો અનુભવ થઈને શુદ્ધ પરમ મધ્યસ્થરૂપી લક્ષણવાળી વીતરાગદશા ઉત્પન્ન થાય છે. જુઓ! **'પરમ મધ્યસ્થતા જેનું લક્ષણ છે એવા શ્રામણ્યમાં...'** મધ્યસ્થતાનો અર્થ વીતરાગતા. આહા..હા..! સમજાણું કાંઈ? નહિતર કહે કે સાધુ શુભયોગમાં હોય તે સાધુ, જાવ. આહા..હા..! ગજબ કરે છેને. શુભયોગ એ સાધુ. છઠ્ઠે ગુણસ્થાને શુભયોગ જ હોય, શુદ્ધ તો હોતું જ નથી એમ કહે છે.

અહીં તો કહે છે કે ભગવાન આત્મા... પહેલા રાગ અને વિકારની એકતા તૂટી ગઈ ત્યારે સ્વભાવનું ભાન થયું ત્યારથી ધર્મની શરૂઆત થઈ. એ પહેલા ધર્મની શરૂઆત થતી નથી. (ધર્મની શરૂઆત) થયા પછી સ્વભાવમાં એકાગ્રતા, મધ્યસ્થતા, વીતરાગતા, નિર્દોષતા જ્યાં પ્રગટી એ રૂપે આત્મદશાએ પરિણમન થઈ ગયું. એનું નામ પરમાત્મા સાધુદશા, મુનિદશા

અથવા ચારિત્રદશા કહે છે. આહા..હા..!

**'અને તેથી...'** અને તેથી. તેથી નામ એ ચારિત્રની વીતરાગી પરિણતિ અંદર થઈ **'તેથી અનાકુળતા જેનું લક્ષણ છે એવા અક્ષય સૌખ્યની પ્રાપ્તિ થાય છે.'** આહા..હા..! જુઓ! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં શુદ્ધતાની પ્રાપ્તિ થાય છે, પણ પૂર્ણ આનંદ આદિની પ્રાપ્તિ એનાથી થતી નથી. છેલ્લી ગાથા છેને. પૂર્ણ કરવું છેને. પૂર્ણ જ્ઞેય બતાવે છે. એવું જ્ઞેય જ્યારે પરિણમે, જ્ઞેય જે જ્ઞાનમાં આવવા લાયક આત્મા, એવું વીતરાગી અવિકારી શાંત અને આનંદ પરમ મધ્યસ્થ લક્ષણ એવા શાંત હોં! ચારિત્રપણું, રમણપણું પરિણમે છે, થાય છે તેને અક્ષયસુખની પ્રાપ્તિ થાય છે. તે મોક્ષ. એનાથી એને અક્ષય અનંત સુખ, ક્ષય ન થાય અને અનંત સુખ આત્મામાંથી પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? આવા ચારિત્રથી, એવા નિર્મળ શ્રમણપણાના પરિણમનથી અનાકુળતા જેનું લક્ષણ છે, અહીં તો જ્ઞાનપ્રધાન કથન છેને, એવી ચારિત્રદશાથી મોક્ષપર્યાય પ્રગટ થાય છે. **'અનાકુળતા જેનું લક્ષણ છે એવા અક્ષય સૌખ્ય...'** અક્ષય સુખ. ઓહો..હો..! ભગવાન આત્મામાં જે અપાર નિત્ય આનંદ પડ્યો છે એવી પર્યાય નામ દશામાં અક્ષય નામ આનંદનો નાશ ન થાય અને અનંત આનંદ એવું સુખ એવી દશા પ્રાપ્ત થાય છે, આવા ચારિત્રવંતને. સમ્યગ્દષ્ટિને એવું અક્ષય સુખ પ્રાપ્ત થતું નથી, નથી. ચારિત્ર લીધુંને. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ચારિત્ર અંશે થાય.

ઉત્તર :- અંશે થાય. આ તો અનંત અક્ષય. આમાં મોટો સિદ્ધાંત કહ્યો છે. શ્રદ્ધાગુણથી આત્મામાં ભાન થયું તો આનંદ આવ્યો, પણ એ આનંદ પરિપૂર્ણ નથી. નાશ ન થાય અને અનાકુળ અનંત બેહદ સ્વભાવની દશા એ તો સ્વરૂપમાં રમણતા, વીતરાગતા, નિર્વિકલ્પ વીતરાગ પરિણતિ દ્વારા અથવા સ્વરૂપમાં ચરવું, રમવું એવા ચારિત્ર દ્વારા તેને અક્ષય સુખની પ્રાપ્તિ થાય છે. કહો, આ ધૂળના સુખ તો ધૂળના માને છે અજ્ઞાની મૂઢ. કાંઈ સુખ-બુખ છે નહિ.

મુમુક્ષુ :- મળે ત્યાં સુધી તો ભલુંને?

ઉત્તર :- ધૂળેય ભલું નથી. દુઃખી છે. કોણ સુખી છે? મૂઢ છે. પૈસામાં સુખ છે, સ્ત્રીમાં સુખ છે, પાંચ-પચાસ લાખ મળ્યા અને સુખ છે એ મૂઢ છે, પાગલ છે. મુલકચંદભાઈ!

મુમુક્ષુ :- ડાહ્યા માણસોને પાગલ કહો છો.

ઉત્તર :- ડાહ્યો કોને કહેવો? ડાહ્યો તો એને કહેવો કે પુણ્ય-પાપના રાગથી ભિન્ન પડીને પોતાના સ્વરૂપનું ભાન કરે તેનું નામ ડાહ્યો, બાકી બધા પાગલ. એમ હશે? મલુકચંદભાઈ! એય..! આ ભાઈના છોકરાને સુખ હશે? અઢી, ત્રણ કરોડ રૂપિયા છે.

મુંબઈ :- સુખ ઘણું છે એટલે તો સ્વીટઝરલેન્ડ ગયા છે.

ઉત્તર :- ધૂળેય નથી. સુખ હોય તો જાય શું કરવા ત્યાં? ત્યાં એની પાસે શું છે એ બધી તપાસ કરવા ગયો હતો. આહા..હા..! દુઃખી છે બિચારા ભિખારા, રાંકા છે.

મુમુક્ષુ :- રૂપિયાવાળા ભિખારા...

ઉત્તર :- રાંકના બાપ છે. એનો બાપ થોડું માગે છે અને આ તો ઘણું માગે છે. .. લાવો... આ લાવો... આ લાવો... એમ. આહા..હા..! 'ક્યા ઈચ્છત ખોવત સબ હૈ, હૈ ઈચ્છા દુઃખ મૂલ' ઈચ્છા પ્રગટ થવી એ જ દુઃખ છે. જ્યાં ઈચ્છાની ઉત્પત્તિ નથી, ઈચ્છાના સ્થાને વીતરાગ નિર્દોષ આનંદની ઉત્પત્તિ છે ત્યાં સુખ છે, બીજે સુખ છે નહિ. ધૂળમાં પણ સુખ નથી. એ કરોડપતિ. ભગવાનજીભાઈ! બધા પૈસાવાળાને સુખી કહે છે તમને બધાને.

મુમુક્ષુ :- એ પોતે પણ માને છે.

ઉત્તર :- માને છે? હવે ન માને. ઓલા થાણામાં મોટા-મોટા શેઠિયા હતા. અમે પછી પોપટભાઈના ઘરે ઉતરેલા. પોપટભાઈ એ મોટો ગૃહસ્થ, ૪૦ લાખ. હવે આ ભગવાનજીભાઈ ગૃહસ્થ મોટા, હવે તમારા... જે હોય એ આંકડા. ગણવા છેને. એ તમારો એ લઈ ગયો હતોને ઘરે. લઈ ગયા હતા બધા પગલા કરાવવા. થાણા ગયા હતાને. મુંબઈ ગયા પહેલા થાણા ગયા હતા પછી મુંબઈ ગયા હતા. એક ભાવ એવો છે કે આપણે ત્યાં મહારાજ આવે તો ઠીક. એવો શુભભાવ હોય. ઊંડે ઊંડે વળી બીજાને એવું હોય કે, મહારાજના પગલા થાય તો પૈસા કાંઈક વધે. એમ પણ હોય કો'કને. કાંઈ બધા સરખા છે? એય..! હરગોવિંદભાઈ! આહા..હા..! અરે.. ક્યાં પ્રભુ! પૈસા ધૂળ જડ, માટી છે. કટકા કર તો ત્યાં ક્યાં સુખ ભર્યું હતું એમાં? શરીરના કટકા (કર) તો શરીરમાં સુખ છે? આ તો માટી-ધૂળ છે. ભગવાન આત્મા સુખનો સાહેબો પ્રભુ એવી અંતર દૃષ્ટિ થતાં આનંદનો અનુભવ થાય છે ત્યારે તો તેને ધર્મની શરૂઆત કહે છે અને પછી સ્વરૂપમાં વિશેષ લીનતા કરતાં-કરતાં, વિશેષ લીનતા, પરમ મધ્યસ્થતા, વીતરાગતા થઈ જાય છે તો તેના ફળરૂપે અક્ષય અનંત... ક્ષય ન થાય અને અનંત. સમજાણું કાંઈ?

'**અનાકુળતા જેનું લક્ષણ છે...**' જુઓ, આ ભાષા! અનાકુળતા લક્ષણ. જુઓ અનાકુળતા લક્ષણ લીધું છે ત્યાં. કોઈ પૂછતું હતુંને, સુખનું (લક્ષણ) શું? સુખનું શું? આહ્લાદ. રાત્રે પૂછતા હતાને. '**અનાકુળતા જેનું લક્ષણ છે...**' આકુળતા બિલકુલ નથી. આનંદ... આનંદ... આનંદ... આનંદ... આહા..હા..! શુભ-અશુભ રાગમાં તો આકુળતા, દુઃખ હતું, ભઠ્ઠી હતી. અશુભ અને શુભભાવ બેય અગ્નિની ભઠ્ઠી, કષાય અગ્નિ છે. આહા..હા..! શીતળ... શીતળ... શીતળ... પ્રભુ! લ્યો શીતળ યાદ આવ્યું. ક્યાં ગયા? ઝાટકિયા ગયા? ઠીક. શીતલનાથ યાદ આવ્યા. સજોદ ગયા હતાને તમે? શીતલનાથ શું કરવા ગયા હતા ત્યાં? કહો, સમજાણું કાંઈ? શીતલનાથ તો આત્મા અહીં છે.

મુમુક્ષુ :- એના પ્રતિનિધિ...

ઉત્તર :- પ્રતિનિધિ પણ કાંઈ નથી. એ તો શુભભાવ છે લક્ષ જાય એટલું. એ નુકસાનનું કારણ છે. હોય છે, આવે છે, પણ એમાં લાભનું કારણ નથી. ભાઈ! પરદ્રવ્ય અનુસાર

(વૃત્તિ) એ અશુદ્ધતાનું કારણ છે. સર્વજ્ઞ અને સર્વજ્ઞની પ્રતિમા અશુદ્ધતાનું કારણ છે. અશુદ્ધતાનું કારણ છે. એ આવી ગયું છે પહેલી ગાથામાં. આહા..હા..! પરદ્રવ્ય અનુસારી વૃત્તિ ઉઠે છે તે કષાય છે, અગ્નિ છે. ભગવાન આત્મા શીતળ પ્રભુ આત્મા શીતળનાથ ત્યાં શીતળનાથ .. છે. સજોદમાં બે હજાર વર્ષ જૂની (પ્રતિમા છે). સુરત પાસે. એક જ મકાન છે, એક જ મંદિરમાં પ્રતિમા છે, પણ બે હજાર વર્ષ પહેલાંની. શાંત મુદ્રા. પણ એ તો વસ્તુ જગતની ચીજ છે. એના ઉપર લક્ષ જવાથી તો વૃત્તિ ઉઠે છે. ભલે શુભ ઉઠે, પણ શુભ પણ કષાય છે.

મુમુક્ષુ :- લાભનું કારણ નથી, પણ નુકસાનનું કારણ છે?

ઉત્તર :- શુભભાવને શું કહે? નુકસાન કારણ છે કે લાભનું કારણ છે? વ્યવહાર આવે છે જરૂર, પણ વ્યવહાર બંધનું કારણ છે. બંધનું કારણ કહો કે નુકસાનનું કારણ કહો, બેય એક જ વાત છે.

મુમુક્ષુ :- નુકસાન શબ્દનો વાંધો છે.

ઉત્તર :- નુકસાન. પણ બંધનું કારણ કહો કે અબંધમાં બંધનું કારણ ઈ નુકસાન થયું. સમજાણું કાંઈ? આહા..હા..! જ્યારે અંદરમાં સમાવું છે તો પરદ્રવ્યનું અનુસરણ છોડવું જ પડશે, નહિતર શુદ્ધતા પ્રગટ નહિ થાય. એવી વાત છે. ઓહો..હો..!

કહે છે, દર્શન અને ચારિત્ર બેય લીધા એમાં. '**અનાકુળતા જેનું લક્ષણ છે એવા અક્ષય સૌખ્યની પ્રાપ્તિ થાય છે.**' આટલી ચાર લીટીમાં આટલું ભરેલું છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! ભગવાન! તારી ખાણમાં તો અનાકુળ આનંદ છેને પ્રભુ! તારી ચીજ તો આનંદની ખાણ છે. શું દુઃખની ખાણ છે? એવી આનંદની ખાણ, પુણ્ય-પાપના વિકલ્પની આકુળતાની એકતાથી છૂટી ગયો અને આનંદમાં જ્યારે આવ્યો તો, કહે છે કે શુદ્ધતા પ્રગટ થઈ અને પછી સ્વરૂપમાં લીનતા કરતા પરમ મધ્યસ્થતા થઈ. પરમ મધ્યસ્થતા. આખી દુનિયા ચળે તોપણ શાંતિમાંથી ડગે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવી પરમ શાંતિનું વેદન કરનારા સાધુને ફળમાં '**અનાકુળતા જેનું લક્ષણ છે એવા અક્ષય સૌખ્યની પ્રાપ્તિ થાય છે.**' અર્થાત્ એને મોક્ષ થશે, એમ. સમજાણું કાંઈ?

ત્યારે કોઈ એમ કહે છે કે મોક્ષ તો અત્યારે છે નહિ. પણ મોક્ષ છે, સાંભળ તો ખરો! અરે! દ્રવ્ય મુક્ત જ છે. રાગ અને પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન સ્વરૂપ છે તો મુક્ત જ છે. મુક્તિ થઈ. દૃષ્ટિ થઈ ત્યાં દ્રવ્યથી મુક્તિ થઈ. પર્યાયમાં મુક્તિ થવામાં, અંતર લીનતા થતાં ચારિત્રવંતને મુક્ત સિદ્ધ કહ્યા છે. પ્રવચનસારમાં, નહિ? એને મોક્ષતત્ત્વ કહ્યું છે. પ્રવચનસારની છેલ્લી પાંચ ગાથા છે. કલગી કલગી કહી છે. એક ગાથામાં એમ લીધું છે કે આવા મુનિ છે એ જ મોક્ષતત્ત્વ છે. આહા..હા..! એ જ મોક્ષતત્ત્વ છે. થયું અને ત્યાંથી આગળ જશે. મોક્ષતત્ત્વ થયું. સાંભળ તો ખરો. દૃષ્ટિથી છૂટ્યો અને રાગથી છૂટ્યો. બસ! તત્ત્વ છે એવી પર્યાયમાં મુક્તિ થઈ. દૃષ્ટિમાં મુક્તિ હતી એ પહેલું સમ્યગ્દર્શન થયું. આ

પર્યાયમાં સાધકપણું પરમ મધ્યસ્થ વીતરાગ (દશા થતાં) પરદ્રવ્યની સાથે બિલકુલ મારે સંબંધ નથી. સમજાણું કાંઈ? પરદ્રવ્યનું લક્ષ કરતો હતો તે રાગ હતો પણ પરદ્રવ્યની સાથે કાંઈ લેવા-દેવા નહોતી. સમજાણું કાંઈ? પરદ્રવ્યનું લક્ષ કરવાથી રાગ હતો, પણ એનાથી પર રાગ દેતો હતો અને પોતે કાંઈ લેતો હતો એમ નથી. પરદ્રવ્ય સાથે લેવા-દેવા કાંઈ નથી. સમજાણું કાંઈ? પરદ્રવ્ય ઉપર લક્ષ જાતું હતું, અશુદ્ધતા પરના લક્ષ વિના થતી નથી, પણ અશુદ્ધતાની પ્રાપ્તિ પરે કરાવી છે એમ નથી અને એ અશુદ્ધતા પરથી લીધી છે (એમ નથી). અશુદ્ધતા પરદ્રવ્યે દીધી છે અને અશુદ્ધતા પરથી લીધી છે એમ નથી. એવી શુદ્ધતા પોતામાં જ્યાં પ્રગટે છે તો અશુદ્ધતા પરથી આવે છે એમ નથી, પર દેતું નથી અને પરથી લેતો પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

પોતામાં શુદ્ધ સ્વભાવ... અરે! પોતાની ચીજ શું છે એની કિંમત લોકોને આવતી નથી. પરમેશ્વર પરમાત્મા તારી ચીજ અધિક દુનિયાથી, રાગથી, એક સમયની પર્યાયથી પણ અધિક છે. એવી ચીજનું માહાત્મ્ય આવ્યા વિના એને સમ્યગ્દર્શન થતું નથી. સમજાણું કાંઈ? અહીં તો પછીની વાત કરે છે. સ્વરૂપનું ભાન થયું, પછી સ્વરૂપમાં મધ્યસ્થતા, એટલી પરમ મધ્યસ્થતા પ્રગટ થઈ કે કાંઈ આખી દુનિયા પ્રતિકૂળ હોય તોપણ દ્વેષનો અંશ નથી. આખી દુનિયા અનુકૂળ હો, પણ રાગનો અંશ નથી. વીતરાગ વીતરાગ પરમ મધ્યસ્થદશા. બેયમાં એકલી વીતરાગતા. સુખ-દુઃખના બેય સંયોગમાં એકલી વીતરાગતા. સ્વભાવને આશ્રયે એવી વીતરાગતા થાય એ પરમ અનાકુળ લક્ષણ અક્ષય અનંત સુખનું કારણ છે. કહો, સમજાણું કાંઈ? લ્યો એ પરમ વીતરાગતા એ મોક્ષનો માર્ગ એમ કહે છે. એક જ મોક્ષનો માર્ગ છે વીતરાગભાવ. આવ્યું કે નહિ તમારે? સવારે આવ્યું હતુંને? મોક્ષમાર્ગ તો એક વીતરાગભાવ જ છે, બીજું કાંઈ છે નહિ, છે નહિ. (બે માર્ગ કહે) એ તો ભેદથી કથન કરે છે. ચાહે તો દુનિયા અનુકૂળ હોય, પણ એ પરદ્રવ્યની સાથે સંબંધ શું? પરદ્રવ્યની સાથે કાંઈ લેવા-દેવા નથી. પરને દેવું નથી અને પરથી લેવું નથી. એ તો સ્વતંત્ર ચીજ છે. એવી રીતે જ્યારે પરથી દૃષ્ટિનો સંબંધ છૂટી ગયો તો સ્વભાવની સાથે દૃષ્ટિનો સંબંધ રહ્યો. સમજાણું કાંઈ? ભારે વાત પણ ભાઈ! કરવું શું? હવે આ પૂજા, ભક્તિ કરવી, વ્રત, દયા પાળવી એ કરવું? શું કરવું? પૂજા, ભક્તિ આદિ એ તો એક શુભરાગ છે, વિકલ્પ છે. એ તો તે કાળે એનો સમય હોય તો આવે એ બીજી વાત છે, પણ એ આત્માના સ્વભાવને લાભનું કારણ નથી. આહા..હા..! જ્યાં સુધી લાભનું કારણ માને છે ત્યાં સુધી એની દૃષ્ટિ મિથ્યાત્વ છે. આહા..હા..!

'**તેથી અનાકુળતા જેનું લક્ષણ છે એવા અક્ષય સૌખ્યની પ્રાપ્તિ થાય છે.**' લ્યો ૧૯૫ ગાથા થઈ. સમજાણું કાંઈ? '**આથી (એમ કહ્યું કે)...**' હવે સરવાળો કરે છે. '**મોહરૂપી ગ્રંથિના ભેદથી અક્ષય સૌખ્યરૂપ ફળ હોય છે.**' એ તો સરવાળો કર્યો. '**મોહરૂપી ગ્રંથિના ભેદથી...**' જુઓ! અહીંથી જ ઉપાડ્યું છે પહેલા. ભગવાન આત્મા જ્ઞાન અનંત-અનંત જ્ઞાનની

મૂર્તિ પ્રભુ આત્મા અને અનંત-અનંત બેહદ આનંદનું ધામ ભગવાન છે એવી અંતર દૃષ્ટિ થવાથી મોહનો નાશ થાય છે. મોહગ્રંથિનો નાશ થવાથી પછી અક્ષય સુખરૂપ ફળ થાય જ છે. આવું સમ્યક્ થયું તેને ચારિત્ર થયા વિના રહેતું નથી એમ કહે છે. સમજાણું કાંઈ? પછી ચારિત્રથી પરિપૂર્ણ સુખ પ્રાપ્ત થાય છે. સમ્યગ્દર્શન લીધું, ચારિત્ર લીધું, ફળ લીધું, મોક્ષમાર્ગ લીધો, મોક્ષ લીધો. બધું લીધું. સમજાણું કાંઈ? કહે છે કે વચ્ચે વ્યવહાર મોક્ષમાર્ગ છે. બંધમાર્ગને વ્યવહાર મોક્ષમાર્ગ કહે છે. વ્યવહાર મોક્ષમાર્ગ નુકસાનનું કારણ છે.

મુમુક્ષુ :- કંઈક લાભ થાય.

ઉત્તર :- લાભ બંધ થાય. બંધનો લાભ. છતાં વ્યવહારનયના કથનમાં તો એમ આવે. પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં આવે છે. વ્યવહાર નિશ્ચય મોક્ષમાર્ગથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. એ તો ઉપાદાન-નિમિત્તના કથન આવે. અરે ભગવાન! ત્યાં બોલે છેને. જુઓ, એમાં લખ્યું છે. વ્યવહારથી મુક્તિ થાય છે એમ અમૃતચંદ્રાચાર્ય કહે છે. એવો શ્લોક છે પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં. એ તો પ્રમાણનું જ્ઞાન કરાવ્યું છે. પોતાની વીતરાગતાની સાથે વિકલ્પની નિમિત્તતા કેટલી હતી એનું જ્ઞાન કરાવ્યું છે. સમજાણું કાંઈ? મોક્ષ તો એકલા વીતરાગભાવથી જ થાય છે. પણ સાથે એને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ એ ભૂમિકામાં આવે છે તેને વ્યવહારથી અનુકૂળ ગણીને, નિશ્ચયથી તો પ્રતિકૂળ છે, વ્યવહારથી અનુકૂળ ગણીને એને આરોપ દઈને વ્યવહાર મોક્ષમાર્ગ કહ્યો છે. છે તો બંધમાર્ગ એ. બંધમાર્ગને વ્યવહાર મોક્ષમાર્ગ કહેવો એ વ્યવહારનયનું લક્ષણ છે. આહા..હા..! અરે..! જગતને ક્યાં જાવું છે અને ક્યાં જાય? હવે એ વાંધા આવે. ત્યારે તમે એવી વાત કરો છો, તો પછી... એય..! મલુકચંદભાઈ! એવું લખાણ આવ્યું રામજીભાઈ ઉપર હોં. મારી ઉપર નથી આવ્યું. મહારાજની હયાતીમાં, બેઠા હોય મહારાજ ને ત્યાં ઈન્દ્રોની ઉછામણી કરો છો. પૈસા સંગ્રહ કરવા માટે ઉભા થાવ છો બધા તમે. લ્યો આવ્યું. કર્યું હતું કે નહિ તમારે? આવી લોભવૃત્તિ? ઈન્દ્રોને મેળવવા, અને ઈન્દ્રના પૈસા લેવા. અરે..! સાંભળ તો ખરો, તને ખબર નથી. એવો વિકલ્પનો કાળ છે તો આવે છે અને એ લક્ષ્મી આવવાની હોય તો આવે. દે-લે કોણ? ત્રણ-ત્રણ લાખના મંદિર થાય, છ લાખના. તમારે વળી કેટલા લાખનું? પાંચ લાખનું? પાંચ લાખનું. હવે પાંચ લાખનું મંદિર તો પાંચ લાખ રૂપિયા આવ્યા વિના મંદિર ક્યાંથી થાય?

મુમુક્ષુ :- આવ્યા વિના રહે નહિ, થવાનું હોય તો.

ઉત્તર :- નહિ, આવે, હોય છે. એવો વ્યવહાર વચ્ચે આવ્યા વિના રહે નહિ, પણ છે બંધનું કારણ એમ જાણવું. છે મોટો કો'ક. કેવા? રિટાયર્ડ. એણે લખ્યું છે. અમને જવાબ એકવાર આપો. શું આપે જવાબ? ખબર નથી આ? બધા બોલે તો અમારે બેસવું પડે. મક્ષીજી માટે બાબુભાઈ એવા બોલે. મહારાજ અહીંયાં પહેલા વહેલા આવ્યા છે તીર્થક્ષેત્રમાં. હતા તમે ત્યાં? પ્રતિષ્ઠા, શું કહેવાય એ? વેદી પ્રતિષ્ઠા. વેદી પ્રતિષ્ઠામાં ગયા હતા. તો એમાં

.. બહુ હોય છે. તીર્થક્ષેત્રમાં કહ્યુંને? મેં કહ્યું, તીર્થક્ષેત્રમાં વેદી પ્રતિષ્ઠા પહેલી થાય છે. અનેક જાતના ભિન્ન-ભિન્ન માણસો હતા. આ પહેલી છે. બાબુભાઈએ ખુબ કહ્યું કે, મહારાજ આવ્યા છે તો એક લાખનું હોવું જોઈએ. સામે બેઠા હતા શેઠિયાઓ. એક લાખ... આપણે તો સાંભળીએ. થાઓ કે ન થાઓ. અને એ થવાની હતી તો ૭૧ હજારની ઉછામણી થઈ એ સમયે અડધા કલાકમાં. ૭૧ હજાર. એ તો થાય છે, એ જાતનો લોભ ઘટાડવા ભાવ આવે છે. અને એને લોભ ન ઘટે તોપણ એવો ભાવ તો છે કે હું અહીંયાં ... માટે દઉં, એટલો તો ભાવ છે. સમજાણું કાંઈ? અરેરે! આહા..હા..! એથી કાંઈ એ ધર્મ છે એમ કહ્યું નથી. એવો શુભભાવ પુણ્યનો આવે છે. સમજાણું કાંઈ? ચક્રવર્તી, મોટા ઈન્દ્રો એવા મહોત્સવ કરે. શાસ્ત્રમાં છેને? શું કહેવાય? કલ્પવૃક્ષ મહોત્સવ ઈન્દ્રો કરે છે. નામ આવે છે. ચક્રવર્તી મહોત્સવ કરે છે, ઈન્દ્રો કરે છે, સામાન્ય રાજા કરે છે અને શેઠિયા કરે છે. ચાર પ્રકારે મહોત્સવ ચાલ્યા છે તત્ત્વાર્થ રાજવાર્તિકમાં.

મુમુક્ષુ :- શેઠિયા એના ઘરના આપ્યા ...

ઉત્તર :- ઘરના પણ આપ્યા. નથી આપ્યા એણે? એના છોકરાએ આપ્યા નથી? દોઢ લાખ આપ્યા. એમાં શું? બધાએ આપ્યા. એ જાતનો વિકલ્પ આવે. મોઢા આગળ આવીને બેસે, આમ તેમ કરે. જેવી જેની યોગ્યતા હોય એવું થાય. બધા આપી દે, બધું કરી દે તો તો સાધુ થઈ જાય નહિ?

અહીં તો કહે છે કે પરમ મધ્યસ્થતા હોય ત્યારે સાધુપણું થાય છે. સમજાણું કાંઈ? સોગાનીએ લખ્યું નથી? ભાઈ! અત્યારે અમારો એક મુનિમ એવો હુશિયાર છે, પણ મારા પૈસા બે-ચાર ઠેકાણે ઉઘરાવીને ખાઈ ગયો. વિકલ્પ એવો આવ્યો કે બધા લઈ જશે, તો મારે રોકાવું પડ્યું. સમજાણું કાંઈ? સોગાનીજી લખે છે. પછી કહે કે શુભભાવ પણ અગ્નિ છે, તોપણ અશુભભાવમાં રોકવાનો ભાવ આવે છે. ભાવ આવે છે કે નહિ? એમાં શું છે? પણ જ્યાં સુધી રાગનો નાશ ન થાય, વીતરાગપણું જ્યાં સુધી આત્મામાં ન થાય ત્યાં સુધી અક્ષય સુખની પ્રાપ્તિ થતી નથી. બસ! એ અહીં સિદ્ધ કરવું છે.

**'આથી (એમ કહ્યું કે) મોહરૂપી ગ્રંથિના ભેદથી...'** બસ! એક જ વાત. આહા..હા..! એને અક્ષય સુખની પ્રાપ્તિ (થાય છે). ભગવાન આત્મા પરની સાવધાનીને એકતાબુદ્ધિનો નાશ સ્વની સાવધાનીથી કરે છે, તેને અક્ષય-મોક્ષની પ્રાપ્તિ થાય, થાય ને થાય જ છે. એ ૧૯૫ થઈ. હવે ૧૯૬.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જેઠ વદ ૩, મંગળવાર, તા. ૦૩.૦૬.૧૯૬૯**
**ગાથા-૧૯૬-૧૯૭, પ્રવચન-૧૭૨**

પ્રવચનસાર, જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન. ૧૯૬, ૧૯૬ ગાથા. '**હવે, એકાગ્ર સંચેતન જેનું લક્ષણ છે...**' હવા ખાવી અને સાંભળવું બે ન પાલવે. ન પાલવે એટલે શું? નહિ બને. એક સાથે બે ન થઈ શકે. હવા નાખવી આમ-આમ અને સાંભળવું એ શાસ્ત્રનો અવિનય છે. સમજાણું કાંઈ? એટલી ગરમી ક્યાં છે અહીંયાં?

મુમુક્ષુ :- અંદર બેસીએ એટલે ગરમી લાગે.

ઉત્તર :- લાગે તોપણ અહીંયાં સાંભળવાના કાળે આમ... આમ.. કરે અને વળી સાંભળે, એ વાત વિરુદ્ધ છે. શાસ્ત્રશ્રવણથી વિરુદ્ધ છે. સમજાણું કાંઈ?

'**હવે, એકાગ્ર સંચેતન જેનું લક્ષણ છે...**' એવો પ્રશ્ન કરે છે. એકાગ્ર સંચેતન (અર્થાત્) ભગવાન આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ એને એક અગ્ર ધ્યેયમાં એક જ આત્મા અને આનંદનું લક્ષ કરીને સંચેતન એટલે આત્માનો અનુભવ. સંચેતન—સમ્યક્ પ્રકારે જ્ઞાનનું વેદન એ જેનું લક્ષણ છે '**એવું ધ્યાન આત્માને અશુદ્ધતા લાવતું નથી...**' શું લ્યે છે? કે જેમ પરદ્રવ્ય અશુદ્ધતાનું કારણ છે તેમ સ્વદ્રવ્યનું ધ્યાન અશુદ્ધતાનું કારણ નથી. એ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? એ આવ્યુંને પહેલા? કે પરદ્રવ્ય છે તે અશુદ્ધતાનું કારણ છે. કારણનો અર્થ તે અશુદ્ધતા કરાવે છે એમ નહિ, પણ એ તરફ લક્ષ જાય છે તો અશુદ્ધતા જ ઉત્પન્ન થાય છે. ચાહે તો શુભભાવ હોય કે ચાહે તો અશુભ, બેય અશુદ્ધતા જ ઉત્પન્ન કરે છે. અહીંયાં કહે છે કે આત્મા પોતાનો નિજ સ્વભાવ જ્ઞાન અને આનંદ તેને ધ્યેય બનાવીને એકાગ્ર સંચેતન નામ એકને જ વિષય ધ્યેય બનાવીને ધ્યાન થાય છે એ અશુદ્ધતાનું કારણ નથી. સમજાણું કાંઈ? શુદ્ધતાનું જ કારણ છે એમ બતાવવું છે.

અહીંયાં કેમ એમ લીધું કે અશુદ્ધતાનું કારણ નથી? ધ્યાન અશુદ્ધતાનું કારણ નથી. એમ કહે છે કે પરદ્રવ્ય જેમ (અશુદ્ધતાનું) કારણ હતું એમ સ્વદ્રવ્યનો આશ્રય કરવો, ધ્યાન કરવું એ અશુદ્ધતાનું કારણ નથી. શુદ્ધતાની ઉત્પત્તિ થાય છે. '**એમ નક્કી કરે છે :—**' જુઓ, ૧૯૬.

जो खविदमोहकलुसो विसयविरत्तो मणो णिरुभिंत्ता।
समवट्ठिदो सहावे सो अप्पा णं हवदि झादा।।१९६।।
**જે મોહમળ કરી નષ્ટ, વિષયવિરક્ત થઈ, મન રોકીને,**
**આત્મસ્વભાવે સ્થિત છે, તે આત્મને ધ્યાનાર છે. ૧૯૬.**

'**ટીકા :- મોહમળનો જેણે ક્ષય કર્યો છે...**' શું કહે છે? ભગવાન આત્મા પોતાના પરમાનંદ શુદ્ધસ્વરૂપ તરફની સાવધાનીથી જેણે મોહમળનો નાશ કર્યો છે. પર તરફની સાવધાનીનો મળ જેણે નાશ કર્યો છે એમ કહે છે. સમજાણું કાંઈ? '**મોહમળનો જેણે ક્ષય કર્યો છે એવા આત્માને,...**' ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદધામ ચૈતન્ય અખંડ એવી જ્યાં દૃષ્ટિ કરીને આત્મામાં અંદર વિસ્તાર, પ્રસરીને જેણે મોહમળનો—પર પ્રત્યેની સાવધાનીનો ભાવ એવા મોહમળનો નાશ કર્યો છે. સમજાણું કાંઈ? '**મોહમળનો જેણે ક્ષય કર્યો છે એવા આત્માને, મોહમળ જેનું મૂળ છે...** ' જુઓ, મોહમળ જેનું મૂળ છે '**એવી પરદ્રવ્યપ્રવૃત્તિનો...**' પર તરફની પ્રવૃત્તિ એનું મૂળ મોહ છે. પર તરફનું લક્ષ કરવું એનું મૂળ મોહ છે. સમજાણું કાંઈ? પોતાનો ભગવાન નિજ સ્વરૂપ શુદ્ધ આનંદની સાવધાની છોડીને જેટલું પરદ્રવ્યનું લક્ષ કરવું તેનું કારણ મોહમળ છે. સમજાણું કાંઈ?

'**મોહમળ જેનું મૂળ છે એવી પરદ્રવ્યપ્રવૃત્તિ...**' પરદ્રવ્યપ્રવૃત્તિનો અર્થ? પરદ્રવ્યમાં વલણવાળા રાગની પ્રવૃત્તિ. પરદ્રવ્યની પ્રવૃત્તિ તો ક્યાં કરે છે? સમજાણું કાંઈ? અહીં તો સ્વદ્રવ્યની પ્રવૃત્તિ અંતરમાં થાય છે, જ્ઞાનાનંદ સ્વભાવમાં પ્રવર્તે છે તો પરદ્રવ્યની પ્રવૃત્તિરૂપ એનું કારણ જે મોહ એનો જેણે નાશ કર્યો છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? સંભળાવવામાં કે સાંભળવામાં પણ જે પરદ્રવ્યપ્રવૃત્તિ તરફનું લક્ષ છે તે બધો મોહ છે એમ કહે છે અહીંયા. આહા..હા..! સમજાણું કાંઈ? પંડિતજી! ભારે વાત! પોતાનો આત્મા શુદ્ધ આનંદનું ધામ એ તરફની પ્રવૃત્તિ એ તો સ્વનું ધ્યાન થયું અને પરદ્રવ્યપ્રવૃત્તિનું મૂળ એ તો મોહ છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ચાહે તો સર્વજ્ઞ પરમાત્મા હોય, ચાહે તો સ્ત્રી, કુટુંબ હોય, ચાહે શરીરાદિ હોય એ તરફનું લક્ષ કરવાથી તો રાગ અને મોહ જ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? જ્ઞેયનો આવો સ્વભાવ છે એમ બતાવે છે. જ્ઞેયપ્રજ્ઞાપન છેને. સ્વજ્ઞેયનો એવો સ્વભાવ છે કે પોતામાં સાવધાનીથી ધ્યાન કરે છે તો શુદ્ધતા ઉત્પન્ન થાય છે અને પર તરફના લક્ષે તો મોહ જ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ?

'**મોહમળ જેનું મૂળ છે એવી પરદ્રવ્યપ્રવૃત્તિ...**' એમ. ચાહે તો ભગવાનનું ધ્યાન કરો, તોપણ કહે છે કે એનું મૂળ કારણ તો રાગ-રાગ છે. રાગ કહો કે મોહ કહો અહીંયાં. સમજ્યા? '**એવી પરદ્રવ્યપ્રવૃત્તિનો અભાવ હોવાથી...**' જુઓ નીચે છે. '**પરદ્રવ્યમાં પ્રવર્તવું તે.**' પરદ્રવ્ય તરફનો મોહ નાશ થવાથી '**અભાવ હોવાથી...**' એમ લીધુંને? '**વિષયવિરક્તતા થાય છે;...**' પર તરફનો જે વિષય છે એનાથી વિરક્તતા થાય છે એમ કહે છે. વિષય શબ્દે કાંઈ ફક્ત ભોગનો વિષય એમ નહિ, પણ ચાહે તો ભગવાન સર્વજ્ઞ હોય તો એ પણ રાગનો વિષય છે. સમજાણું કાંઈ? જ્યારે પરદ્રવ્યપ્રવૃત્તિનું મૂળ કારણ જે મોહમળ એનો તો અભાવ થવાથી વિષયવિરક્તતા થાય છે. સ્વવિષયમાં એકાગ્ર થવવાથી પરવિષયની વિરક્તતા થાય છે એમ કહે છે. વિષય શબ્દે એમ નથી કે ભોગ લેવો એ શબ્દ અહીં નથી. પોતાનો

સ્વવિષય ચૈતન્યદ્રવ્ય, એનો આશ્રય કરવાથી, વિષય બનાવવાથી શુદ્ધતા પ્રગટ થાય છે અને પર તરફનો વિષય બનાવવાથી, ચાહે તો સર્વજ્ઞ પરમેશ્વર હોય કે સ્ત્રી કુટુંબ હોય કે લડાઈ આદિની ક્રિયા હોય, એ તરફની પ્રવૃત્તિ એનું મૂળ તો મોહ છે. એ મોહમળનો જેણે અભાવ કર્યો એને વિષય વિરક્તિ થઈ, પર તરફની વૃત્તિ છેદાઈ ગઈ, પર તરફનું વલણ છૂટી ગયું. સમજાણું કાંઈ? (આ) પ્રવચનસાર છે. ભગવાનની દિવ્યધ્વનિનો સાર છે. ભારે ઝીણું પડે માણસને. આખો દિ' આગમ, શાસ્ત્ર.. સમજ્યાને? સ્વાધ્યાય કરવો, આ કરવું, આ કરવું, ભગવાનની પૂજા, ભક્તિ (કરવી). અહીં તો કહે છે કે એ તો પરદ્રવ્યનો વિષય થયો. પરદ્રવ્યપ્રવૃત્તિ છે, ભાઈ! એનું મૂળ તો મોહ છે. મોહ પરનો વિષય કરતો હતો એનો નાશ થયો તો પરવિષયની વિરક્તિ થઈ. સમજાણું કાંઈ?

**'તેથી, સમુદ્રના મધ્યમાં રહેલા એક વહાણના પંખીની માફક,...'** જુઓ, હવે દૃષ્ટાંત આપે છે આચાર્ય-અમૃતચંદ્રાચાર્ય. **'તેથી,...'** તેથી નામ જેને **'મોહમળ જેનું મૂળ છે એવી પરદ્રવ્યપ્રવૃત્તિનો અભાવ હોવાથી વિષયવિરક્તતા...'** નામ પર તરફનું લક્ષ, આશ્રય છૂટી ગયો છે. આહા..હા..! ભારે વાત ભાઈ! ધર્મ સમજવા માટે ભારે આવું. બાપુ! ધર્મ કોઈ એવી ચીજ છે. સ્વને વિષય બનાવવો અને પર વિષય છોડવો. સમજાણું કાંઈ? ભગવાન આત્મા તેને જ્ઞાન અને શ્રદ્ધામાં સ્વને વિષય બનાવ્યો અને પર વિષય તરફના મોહનો નાશ થયો, તો પરની પ્રવૃત્તિ તરફની દૃષ્ટિ હટી ગઈ, પરિણતિ હટી ગઈ, તો પર તરફના વિષયથી વિરક્તતા થઈ. તો તેને સ્વભાવમાં ઠરવાનું રહી ગયું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વિરક્તતા લીધી. પોતામાં ઠરવાનું રહ્યું. સમજાણું કાંઈ?

**'તેથી સમુદ્રના મધ્યમાં રહેલા એક વહાણના પંખીની માફક,...'** સમુદ્રના મધ્યમાં એક વહાણ હોય અને એમાં એક પંખી આવી ગયું. **'અધિકરણભૂત દ્રવ્યાંતરોનો અભાવ થવાને લીધે...'** પંખીને જેમ બીજો આધાર નથી. ફરીને ફરીને પક્ષી પાછું વહાણ ઉપર આવે છે. કાંઠાની નજીક હોય તો તો કાંઠે ચડી જાય, પણ વહાણ (કાંઠે) હતું ત્યાં પંખી આવ્યું હતું અને વહાણ મધ્યમાં ચાલ્યું ગયું. હવે ઉડે, પણ ઉડીને જાય ક્યાં એ? ઝાડ નથી, ધરતી નથી. દૃષ્ટાંત (આપીને) આચાર્યો પણ કેટલું કામ કરે છે! આહા..હા..! ઉડી ઉડીને ફરી ત્યાં જ જાય, વહાણમાં જ આવે, એને બીજો કોઈ આધાર નથી.

એમ, **'અધિકરણભૂત દ્રવ્યાંતરોનો અભાવ થવાને લીધે...'** જુઓ, **'આધારભૂત દ્રવ્યાંતરોનો...'** અનેરું દ્રવ્ય. આત્મા સિવાય અનેરું દ્રવ્ય. એ તરફના મોહમળનો નાશ થયો એ કારણે પર તરફના વિષયની વિરક્તિ થઈ તો પર્યાયને અંતરમાં રમવું જ રહ્યું. ફરીને જાય ક્યાં હવે? આહા..! સમજાણું કાંઈ? **'સમુદ્રના મધ્યમાં રહેલા એક વહાણના પંખીની માફક, અધિકરણભૂત દ્રવ્યાંતરોનો અભાવ થવાને લીધે...'** આધારભૂત જે રાગનો આશ્રય

પરદ્રવ્યમાં હતો એ તો છૂટી ગયો. વિષય વિરક્ત થયો. વિષય શબ્દે પરદ્રવ્યના વલણવાળા રાગનો અભાવ થયો. પરદ્રવ્યના વલણવાળો રાગ, ચાહે તો શુભ કે અશુભ બેયની વાત અહીંયાં છે. '**અભાવ થવાને લીધે...**' વિષયની પરદ્રવ્ય તરફથી નિવૃત્તિ થઈ, તો પોતામાં જ પ્રવૃત્તિ કરવી રહી. સમજાણું કાંઈ? ધર્મ તો અંતર્મુખ થવાથી થાય એમ કહે છે. ધર્મ કોઈ એવી ચીજ નથી કે બહિર્મુખના વિકલ્પથી થાય છે. ભગવાનના ધ્યાનથી, પરમેશ્વરથી... કે ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં કરે એ પરદ્રવ્ય અનુસારી રાગ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એવું જ શીખ્યા છે. લોકો શીખે, પણ એવું છે નહિ. ણમો અરિહંતાણં કરીને દેહ છોડવો. ણમો અરિહંતાણં એ તો પરદ્રવ્ય અનુસારી રાગ છે. એમાં ક્યાં આત્મા આવ્યો? સમજાણું કાંઈ? કે અમને મરણ વખતે ભગવાનના દર્શન કરાવવા, ભગવાનની પ્રતિમા આદિ. એ તો પરદ્રવ્ય અનુસારી રાગ છે. પોતાના વિષયની પ્રવૃત્તિ તો એમાં આવી નહિ એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો કહે છે. શાસ્ત્રમાં પણ એમ આવે છે સ્વર્ગના દેવ માટે. દેવ આવેને દેવ સ્વર્ગના? સમકિતી હોય છેને. એ તો એવો વિકલ્પ હોય તો જાય, બાકી પોતાના દ્રવ્ય અનુસાર થાય એ જ ધર્મધ્યાન છે. પર અનુસાર જે વૃત્તિ ઉઠે એ તો રાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? સ્વર્ગના દેવના દેહની મોટી સ્થિતિ. અમર કહે છેને એને. સાગરોપમનું (આયુષ્ય). એક સાગરોપમમાં દશ ક્રોડાક્રોડી પલ્યોપમ (જાય), એક પલ્યોપમના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષની સ્થિતિ. એવા દેવની સ્થિતિ પૂરી થાય છે. તો એ ભગવાન પાસે (જાય), સમકિતદૃષ્ટિ હોય તો એવો વિકલ્પ આવે. પ્રતિમા પાસે જાય છે, ભગવાનની રત્નની પ્રતિમા છે ત્યાં. પણ એ તો રાગ છે. શુભરાગ પરદ્રવ્યાનુસારી છે. એ વિષય વિરક્તતા નથી. સમજાણું કાંઈ?

મરણ વખતે પણ કોઈક કહે છેને કે ભાઈ અમને સંભળાવો. આવે છે. આવે છેને એ? એ બધી વિકલ્પની વ્યવહારની વાતું છે. એ આવે છેને. ભગવતી આરાધના. ભગવતી આરાધનામાં આવે છે કે મુનિ... કડાઈ હોય છે. કડાઈ સમજ્યાને? જેમ શીરો હોય છેને શીરો? શીરો શેકાય, પણ કડાઈ હોય છેને કડાઈ સમજ્યા? લોઢાની. એની ભાષામાં આવવું જોઈએ. એ બહુ ઊનું થઈ જાય પણ શીરાને પકવે. એમ મુનિ વૈયાવચ્ચ કરનાર એવા હોય તો ઘણા કષ્ટ સહન કરીને પણ એને સમાધિમરણ કરાવી દ્યે. એવી વાત આવે છે ભગવતી આરાધનામાં. એ તો વ્યવહારની વાત છે. હોય, ઘણો વિસ્તાર છે.

અહીંયાં તો કહે છે... એ બધી ઘણી વાતું છે. આહાર બતાવવો, બહુ ક્ષુધા લાગે તો એને આહાર બતાવવો. કોઈ લબ્ધિધારી મુનિ હોય તો .. ક્ષુધા.. ભાઈ! તમે અનંત વાર

આહાર કર્યો છે. એ વિકલ્પની વાત હોય ત્યાં એવું હોય છે એની વાત છે. સ્વરૂપમાં જ્યાં સ્વ તરફની રમણતા છે ત્યાં સાંભળવું પણ નથી, સંભળાવવું પણ નથી. આહા..હા..! મારી દઢતા રહે માટે મને બરાબર સંભળાવજો હોં! 'સહજાનંદી શુદ્ધ સ્વરૂપી અવિનાશી હું આત્મસ્વરૂપ.' એ વિકલ્પ છે સાંભળનારનો. પરદ્રવ્ય અનુસારી પરવિષયની વૃત્તિ છે. સ્વવિષયનો એ ભાવ નથી. સમજાણું કાંઈ? એ માટે તો જુઓને ચોખવટ કરે છે છેલ્લી ગાથામાં. જ્ઞેય અધિકાર. પરજ્ઞેય તરફનું અવલંબન છે એટલો તો રાગ છે. ચાહે તો ભગવાનનું સ્મરણ હોય કે સ્વાધ્યાય હોય કે 'સહજાનંદી શુદ્ધ સ્વરૂપી' સાંભળવામાં લક્ષ હોય. સમજાણું કાંઈ?

એક આપણે હતાને ભાઈ? આ દામોદરભાઈ નહોતા? બાબરાવાળા દામોદરભાઈ. .. ભાઈ અહીં હીરાભાઈના મકાનમાં ગુજરી ગયા. બહુ હુશિયાર. બહુ હુશિયાર, આ વાંચેલું બહુ. છેવટે એ લોકોને કહે કે હું મારા વિચારમાં છું, મને સંભળાવશો નહિ. બહુ ડાહ્યા માણસ હુશિયાર. અહીંની રુચિ બહુ હતી. ક્ષય થઈ ગયો. વકીલ હતા વકીલ. અહીંયાં ગુજરી ગયા હીરાભાઈના મકાનમાં. એણે પહેલા જ બધાને કહી દીધું હતું. મારી છેલ્લી સ્થિતિમાં મને કોઈ વાત સંભળાવશો નહિ. હું મારા વિચારમાં છું. દેહની સ્થિતિ એવી થઈ ... 'સહજાનંદી શુદ્ધ સ્વરૂપી' ઉપાડ્યું. શું કરે હવે? પછી તો બોલવાની શક્તિ પણ નહોતી. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો કહે છે કે પરદ્રવ્ય પ્રવૃત્તિનું મૂળ જે મોહ તેનો જેને અભાવ થયો છે તેને પરદ્રવ્યની વિરક્તતા છે. પરદ્રવ્ય તરફની સન્મુખતાનો ભાવ નથી, તો તેને સ્વદ્રવ્યમાં રમણતા કરવાનો ભાવ રહેશે, બસ. પર તરફની એની વૃત્તિ નથી. મૂળ વાત આ છે. આહા..હા..! મૂળ વાત આ છે. સામે ધ્યાન રાખો. એક જ્ઞાયકભાવ છે. એક જ્ઞાયકભાવ... જ્ઞાયકભાવ... જ્ઞાયકભાવ... જ્ઞાયકભાવ... લક્ષ એ ઉપર જાય તો તો રાગ છે.

મુમુક્ષુ :- પરદ્રવ્યથી વિરક્તતા ન થઈ.

ઉત્તર :- ન થઈ. એવો માર્ગ છે, બાપા! આહા..હા..! એક જ્ઞાયકભાવ છું. પોતા ઉપર લક્ષ રાખો, ભગવાનની પ્રતિમા ઉપર લક્ષ રાખો. મૃત્યુ વખતે કહે છેને? એય..! મુળચંદભાઈ!

મુમુક્ષુ :- ફોટા ઉપર ધ્યાન રાખો.

ઉત્તર :- હા, ફોટા ઉપર ધ્યાન રાખો. એ તો પરદ્રવ્યપ્રવૃત્તિ છે, શુભરાગ છે. પણ છે તો વિષયની પ્રવૃત્તિ. નિવૃત્તિ નથી. ભગવાન આત્મા તો વિષયથી વિરક્ત-નિવૃત્તસ્વરૂપ છે એમ બતાવવું છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપના પરમાનંદ તરફના વલણથી પર તરફના રાગનો નાશ થયો તો પર તરફના વલણની પ્રવૃત્તિ રોકાઈ ગઈ તો વિષયથી નિવૃત્ત થયો. વિષય શબ્દે આ ભગવાનની વાણી સાંભળવી એ પણ એક વિષય છે. રાડ નાખે વાડામાં.

મુમુક્ષુ :- પણ ભગવાનની પ્રતિમા જોવે એમાં તો...

ઉત્તર :- પ્રતિમા, વાણી એ બધા વિષય છે. રાગનો વિષય છે. સ્વભાવનો વિષય એમાં આવ્યો નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? 'અજર પ્યાલા પીઓ મતવાલા' પ્રભુ! આ તો અજર પ્યાલા છે. અંતર ભગવાન તારા જ્ઞેયમાં ક્યાં ખજાને ખોટ છે કે તારે પરનું અનુસરણ કરવું પડે? એમ કહે છે. સમજાણું કાંઈ? તારા ચૈતન્યમાં તો અનંત કેવળજ્ઞાન અને મુક્તિ પડી છે. મુક્તિ તો પડી જ છે, મુક્તસ્વરૂપ જ છે. કેવળજ્ઞાન પડ્યું છે. એનું અનુસરણ કરવાથી કેવળજ્ઞાન સહજ થઈ જશે. પરદ્રવ્યનું અનુસરણ કરવાથી તો રાગ થશે. સમજાણું કાંઈ? ઓલા કહે કે ધુન લગાવો રામ-રામ... શું કહે છે?

મુમુક્ષુ :- રઘુપતિ રાઘવ..

ઉત્તર :- રઘુપતિ રાઘવ. 'રઘુપતિ રાઘવ રાજા રામ, પતિત પાવન સીતારામ. રઘુપતિ રાઘવ રાજા રામ' પણ એ તો રાગ છે, વિકલ્પ છે. એમાં ધર્મ ક્યાં આવ્યો? અહીં તો કહે છે કે એ તો ઠીક, પણ સર્વજ્ઞ પરમાત્મા શરણ છે, સર્વજ્ઞ પરમાત્મા શરણ છે. શું શરણ? એય..! રાજુલ આવી છે કે નહિ? એની માએ એને શરણ આપ્યું હતું. આ રાજુલ છેને? જાતિસ્મરણ છે. એની (પૂર્વની) મા વૈષ્ણવ છે, વૈષ્ણવ. જૂનાગઢ. કૃષ્ણં શરણમ. એવી કાંઈક ભાષા આવે છે. રાજુલને જાતિસ્મરણ છેને. આવી નહિ હોય. એની માના ખોળામાં પડી હતી છેલ્લે દેહ છૂટવાના કાળે. ૧૮ વર્ષની ઉંમર હતી ૧૮ વર્ષની. તો એની માએ કહ્યું શ્રી કૃષ્ણ શરણમ્ મમઃ... શ્રી કૃષ્ણ શરણમ્ મમઃ. દેહ છૂટી ગયો, અહીંયાં જન્મી. જૈનમાં આવી ગઈ. એમ કહ્યું. જુઓને શું થાય છે? એ વૈષ્ણવ હતી છોકરી. હવે અહીંયાં પણ છોકરી થઈ, જૈનમાં આવી. પરિણામની વિચિત્રતા કેટલી! આહા..હા..! સમજાણું કાંઈ? એની માએ કહ્યું. એને તો ખબર નહોતી. એણે તો કહ્યું કે હું તાવમાં મરી ગઈ હતી. એટલું કહ્યું. તાવમાં મરી ગઈ અઢી વર્ષની ઉંમરમાં. પણ એ અઢી વર્ષની ઉંમર નહોતી કહી. હું તાવમાં મરી ગઈ. ઓરી હતા ઓરી. ઓરી સમજો છો? ઓરીનો તાવ નથી હોતો? શીતળા. નાની નાની ઓરી નીકળે. ઓરીમાં ગુજરી ગઈ. પછી એની માએ કહ્યું કે શ્રી કૃષ્ણ શરણમ્ મમઃ...

અહીં તો કહે છે કે મહાવીર પરમાત્મા સર્વજ્ઞદેવ ત્રિલોકનાથનું તને શરણ છે, તોપણ એ તરફનો વિકલ્પ છે એ બધો રાગ વિકલ્પ છે. અરે ભગવાન! એય..! આહા..હા..! આ તો સમાધિમરણ થઈ ગયું કહે ભાઈ! ણમો અરિહંતાણં કરતા-કરતા દેહ છૂટી ગયો સમાધિમરણે. ધૂળેય સમાધિ નથી સાંભળ તો ખરો. સમાધિમરણ તો પોતાના દ્રવ્યની દૃષ્ટિ અનુભવમાં આવી, ચિદાનંદ આનંદનો સ્વાદ આવ્યો, ત્યારે એ તરફનું વલણ વારંવાર ઘુંટવાથી શુદ્ધતા ઉત્પન્ન થાય તે શુદ્ધતાના ધ્યાનમાં દેહ છૂટે એનું નામ સમાધિમરણ છે. ચાહે તો વિકલ્પ હો ભલે. સમજ્યા? પણ એ શુદ્ધતા ઉપરની એકાગ્રતાથી દેહ છૂટે તેનું નામ સમાધિમરણ છે. સમજાણું કાંઈ? આ તો વસ્તુની ખબર નથી, દૃષ્ટિની ખબર નથી. અનુભવમાં .. પછી

સંથારો કરે. મરતા ટળવળ... ટળવળ... ટળવળ... પંચમકાળમાં. ..

એક જણે પૂછ્યું અમને કે મહારાજ! આ પંચમકાળમાં શ્રાવક-સાધુનું મરણ આવું હોય છે સમાધિમરણ? ટળવળ-ટળવળ સમાધિમરણ થાય? એમ પૂછ્યું. કેમકે જેટલા જોયા એમાં મરતા વખતે દુઃખી હતા. કારણ કે મૂળ તો દૃષ્ટિ નહિ, તત્ત્વની ખબર નહિ અને ખરેખર તો ગૃહીત મિથ્યાત્વ સહિત છે એનું મરણ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? પછી ક્ષુલ્લક નામ ધરાવે કે સાધુ નામ ધરાવે, પણ છે તો ત્યાં ગૃહીત મિથ્યાત્વ. આહા..હા..! દૃષ્ટિ તો પર ઉપર જ પડી છે. સહનશીલતા જ્ઞાતા તરફ તો નથી, પછી દુઃખ થાય. ચોવિહાર કર્યા હોય, પાણીનો ત્યાગ કર્યો હોય. બે-ત્રણ દિવસ ચાલે. આળશ-વિળશ થાય પાણી પીવે નહિ, આહાર લે નહિ તો સમાધિમરણ થયું. એવી સમાધિ હોતી નથી ભગવાન! ભગવાન આનંદસ્વરૂપના ભાનમાં પડતા જે શાંતિ... શાંતિ... શાંતિ... સ્વવિષય બનાવીને અકષાયભાવનો ભાવ જે ઉત્પન્ન થાય છે તે કાળે દેહ છૂટે તેને સમાધિમરણ કહે છે. સમજાણું કાંઈ? એકલા પરના વિકલ્પમાં (દેહ) છૂટે અને આત્માની શાંતિ ન હોય તો એ સમાધિમરણ છે જ નહિ. આહા..હા..! શું કરે? અને દેહ છૂટવાનો કાળ તો બધાને આવશે કે નહિ? આહા..હા..!

કહે છે, **'અધિકરણભૂત દ્રવ્યાંતરોનો અભાવ થવાને લીધે...'** શું કહે છે? અધિકરણ એટલે આધાર. રાગનો જે આધાર પરદ્રવ્ય હતો એનો તો દૃષ્ટિમાંથી અભાવ થયો. દ્રવ્યાંતરો-પોતાના દ્રવ્ય સિવાય, પોતાના દ્રવ્ય સિવાય-દ્રવ્યાંતરો-અનેરું દ્રવ્ય. તો અનેરા દ્રવ્યમાં શું બાકી રહ્યું? સર્વજ્ઞદેવ, ગુરુ, શાસ્ત્ર, સમ્મેદશિખર. કોઈ કહે છે કે નહિ? ઓહો..! અમારું મરણ જો અહીંયાં શેત્રુંજયમાં થાય સિદ્ધગીરીમાં...

મુમુક્ષુ :- સિદ્ધગીરીમાં થાય તો ઘણો આનંદ થાય.

ઉત્તર :- ધૂળમાંય નથી આનંદ. સિદ્ધગીરી ક્યાં? એ તો પરદ્રવ્ય છે સિદ્ધગીરી. આ શેત્રુંજયને સિદ્ધગીરી કહે છે. શેત્રુંજય છેને? શ્વેતાંબરમાં બહુ માહાત્મ્ય છે એનું. સિદ્ધગીરીમાં જો મૃત્યુ થાય, જેમ ઓલા અન્યમતિ કહે છે કે કાશીમાં અમારું મરણ થાય, કરવત. કાશીમાં કરવત બોલે છેને. એમ અહીંયાં મરણ થાય તો સારું. ધૂળમાંય સમાધિમરણ નથી. સમ્મેદશિખરમાં .. તો એમાં શું થયું? સમજાણું કાંઈ? એક ગૃહસ્થ હતા .. સમવસરણમાં. ભગવાનની પ્રતિમા છે મુખ્ય મંદિર. મુખ્ય મંદિર મોટું છેને, એમાં માળા ગણતા હતા. માળા ગણતા-ગણતા દેહ છૂટી ગયો.

મુમુક્ષુ :- ભગવાનના મંદિરમાં દેહ છૂટી જાય તો બહુ...

ઉત્તર :- ધૂળમાંય નથી. એમાં શું આવ્યું? એ તો પરદ્રવ્ય અનુસારી વૃત્તિ રાગ હતો. સમજાણું કાંઈ? આહા..હા..! આવ્યા હતા, અહીં શું કહેવાય? આ સમવસરણમાં. ભાઈ, ઉમરાળા હતાને. અમરચંદભાઈ. અમરચંદભાઈ બસ ઈ. અહીં હતા ઉમરાળે. દેહ ત્યાં છૂટી ગયો. પાલિતાણાના મધ્ય મંદિરમાં માળા ગણતા હતા. અહીં તો કહે છે કે પરદ્રવ્ય અનુસારી

વૃત્તિ છે ત્યાં તો એકાંત છે. સ્વભાવ તરફનું એકાંત તો બિલકુલ છે જ નહિ. એ તો બાળમરણ, અજ્ઞાનમરણ છે. ભગવાનજીભાઈ! ભારે કામ આકરું! આહા..હા..! તારા સ્વક્ષેત્રમાં આનંદકંદ ભગવાન બિરાજે છે તારો. એ તરફના અનુભવમાં નિર્વિકલ્પ દૃષ્ટિ અને નિર્વિકલ્પ સ્થિરતા થઈને દેહ છૂટે, ન છૂટે તોપણ એ સમાધિ છે. આહા..હા..!

મુમુક્ષુ :- આત્માના આશ્રયથી...

ઉત્તર :- હા, એટલી વાત કહે છે, ભાઈ! શાંતિ છે. સ્વભાવ ભગવાન આત્મા પૂર્ણ આનંદ છે એ તરફની દૃષ્ટિનું વલણ છે. શાંતિની વ્યક્તતા શક્તિમાંથી પ્રગટ થઈ છે, પછી ભલે શુભરાગ હોય એ સમયે, પણ અંતર શાંતિમાં જ દેહ છૂટે છે. રાગનો સ્વામી નથી. આહા..હા..! કામ એવું છે, ભાઈ! આ કોઈના આમંત્રણથી કે સિફારીશથી થાય છે એમ છે નહિ.

મુમુક્ષુ :- આત્માની સિફારીશ તો ...

ઉત્તર :- આત્મા તો પોતે પોતાનું સ્વરૂપ છે. સ્વયં પોતાને કારણે પડ્યો છે. દ્રવ્યાંતરનો અભાવ છે.

જુઓ! શું શબ્દ છે? '**અધિકરણભૂત...**' રાગનો આધાર પરદ્રવ્ય છે. તો એ વિષય રાગથી તો છૂટી ગયો, અંદર દૃષ્ટિ અંતરમાં રમે છે. '**અધિકરણભૂત દ્રવ્યાંતરોનો અભાવ થવાને લીધે જેને અન્ય કોઈ શરણ રહ્યું નથી...**' પર તરફનું વલણ રહ્યું નહિ. પોતામાં શરણ રહ્યું ઓલા પંખીની જેમ. સમુદ્રની મધ્યમાં.. ઓહો..હો..! કુટુંબ-કબીલા બેઠા હોય, એમાં શું કરે? એને એમ કે આહા..હા..! વૃત્તિ ત્યાં જશે તો રાગ છે. એ તો અશુભરાગ છે. સમજાણું કાંઈ?

અંતરમાં સ્વરૂપ ભગવાન આત્મા.. આ જ્ઞેયની છેલ્લી ગાથાઓ છે. તો સ્વજ્ઞેયનું અનુસરણ કરીને જેટલી શાંતિ પ્રગટ થઈ, વીતરાગતા થઈ એ જ શરણભૂત છે. એમાં શરણભૂત તો પોતાનું દ્રવ્ય છે. અનેરું દ્રવ્ય શરણભૂત નથી. જુઓ! અરિહંતા શરણં, સિદ્ધા શરણં એમ કહેને? સાહુ શરણં, કેવળી પણ્ણંતો ધમ્મો શરણં. એમ બોલી-બોલીને મરે તોપણ એ આત્માનું શરણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? બુદ્ધવાળા શું કહે? બુદ્ધ શરણં? બુદ્ધં શરણં ગચ્છામી. બુદ્ધ શરણં ગચ્છામી. બૌદ્ધવાળા એમ કહે. બૌદ્ધવાળા. અહીં આપણે નાટક પાડ્યું હતુંને? અકલંક નિકલંકનું નાટક પાડ્યું હતું. બેય છોકરા ગુજરી ગયા. શિવલાલભાઈ આવ્યા છે કે નહિ? એનો દીકરો હમણાં ગુજરી ગયો. એ નિકલંક થયો હતોને? નિકલંક થયો હતો. હમણાં ગુજરી ગયો. ૩૦ વર્ષની ઉંમર. બે વર્ષનું લગન. મુંબઈમાં ચૈત્ર સુદ ૩. ... સિરીયસ થઈ ગયો. મને ખબર છે આ સિરીયસ છે. મને આનંદ છે. સિરીયસ છે શરીર. મને ખબર છે. શરીર નહિ ટકે. મને આનંદ છે. એટલી હિંમત. સમજાણું કાંઈ? ચૈત્ર સુદ ૩ દેહ છૂટી ગયો. સમજાણું કાંઈ? ડોક્ટરે કહ્યું. ... થોડું .. લેવું છે. .. સમજ્યાને? શું છે એમાં ..

ઓલા કહે, નહિ .... ના પાડી છે. દેહ છૂટી ગયો. હિંમતવાળો એટલો... ઘણા પરિચયમાં આવ્યો હતો, પરિચયમાં હતો. છસ્સોનો પગાર હતો. પરની સ્થિતિ છૂટે ... કોણ રોકે? ઈન્દ્ર, નરેન્દ્ર આવે ઈ રોકે? ત્યાં સુધી બોલે, મારું દેહ ઉપરથી લક્ષ છૂટી ગયું છે. એટલું હિંમતથી તો બોલે. સમજાણું કાંઈ? આ તો સ્વભાવના લક્ષે દેહનું લક્ષ છૂટી જાય છે. આહા..હા..! ઓહો..હો..! ભગવાનનું અંતર ધામ પરમાત્મા પોતે એવા ધામમાં ગયો, પરનું લક્ષ છૂટી ગયું. સમજાણું કાંઈ?

'**દ્રવ્યાંતરોનો અભાવ થવાને લીધે જેને અન્ય કોઈ શરણ રહ્યું નથી એવા મનનો નિરોધ થાય છે...**' જુઓ, મનનો નિરોધ છેને .. બસ એ પર તરફની .. છૂટી ગયો, અંતરમાં રહ્યો. મનનો નિરોધ થાય છે. જુઓ! ... '**(અર્થાત્ જેમ સમુદ્રના મધ્યમાં રહેલા કોઈ એકાકી વહાણના ઉપર બેઠેલા...**' સમુદ્રની મધ્યમાં રહેલા કોઈ એકાકી વહાણના ઉપર. લ્યો! એકલા વહાણ ઉપર '**બેઠેલા પંખીને તે વહાણ સિવાય અન્ય કોઈ વહાણનો, વૃક્ષનો કે ભૂમિ વગેરેનો આધાર નહિ હોવાને લીધે...**' જહાજ પણ નહિ, વૃક્ષ પણ નહિ, જમીન પણ નહિ. '**બીજું કોઈ શરણ નહિ રહેવાથી તે પંખી ઊડતું અટકી જાય છે,...**' આહા..હા..! દૃષ્ટાંત જુઓ! ત્યાં ને ત્યાં બેસે. શું કરે? મધ્યમાં તો કાંઈ છે નહિ. ત્યાં ને ત્યાં બેસે. મધ્યમાં તો કાંઈ નથી. ઝાડ નહિ, બીજું જહાજ નહિ અને જમીન નહિ. ક્યાં જાય? પાણીમાં જાય? નીચે તો દરિયો છે. આહા..હા..! બહુ આચાર્યે તો...!

કહે છે કે '**વૃક્ષનો કે ભૂમિ વગેરેનો આધાર નહિ હોવાને લીધે બીજું કોઈ શરણ નહિ રહેવાથી તે પંખી ઊડતું અટકી જાય છે, તેમ વિષયવિરક્તતા થવાથી...**' પર તરફની નિવૃત્તિ થવાથી, પર તરફનો રાગ મરી જવાથી '**મનને આત્મદ્રવ્ય સિવાય...**' મનને આત્મદ્રવ્યથી બીજા '**કોઈ અન્ય દ્રવ્યનો આધાર નહિ રહેવાને લીધે...**' આહા..હા..! સમજાણું કાંઈ? એ ધન્ય પળ, ધન્ય ક્ષણ, ધન્ય ભાવ છે!! સમજાણું કાંઈ? બાકી વાતું તો બધા કરે. એવી લાખ વાત હોય, પણ એનું ફળ આ આવ્યું. ભગવાન આત્મા સ્વમાં નજર કરવાથી મુનિને ક્યાંય રહેવાનું સ્થાન બહારથી ઉડી ગયું, પોતામાં સ્થિર થવું રહ્યું. સમજાણું કાંઈ?

એટલે '**બીજું કાંઈ શરણ નહિ રહેવાથી મન નિરોધ પામે છે); અને તેથી (અર્થાત્ મનનો નિરોધ થવાથી), મન જેનું મૂળ છે...**' એ કારણે મન જેનું મૂળ છે. ઓલાપણે કહ્યું હતું કે મોહમળ જેનું મૂળ છે. એમ પહેલા કહ્યું હતું પહેલા પદમાં. અહીંયાં કહ્યું કે '**મન જેનું મૂળ છે એવી ચંચળતાનો વિલય થવાને લીધે...**' મન મૂળ હોય તો ચંચળતા છે. મન જ મરી ગયું. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા આનંદધામમાં જ્યાં ધ્યેય બનાવીને પડ્યો છે ત્યાં તો, કહે છે કે મનની ગતિ બહારથી રોકાઈ ગઈ છે. અંતરમાં સ્થિર રહેવું એ જ એક વાત રહી. સમજાણું કાંઈ? '**મન જેનું મૂળ છે એવી ચંચળતા...**'

ચંચળતાનું મૂળ મન છે એમ કહે છે. આવું ભગવાનનું શરણ ને આવું શરણ ને મનની ચંચળતાનું મૂળ મન છે એનો વિલય થવાને લીધે. '**ચંચળતાનો વિલય થવાને લીધે અનંત-સહજ-ચૈતન્યાત્મક સ્વભાવમાં...**' જુઓ, ભાષા! ભગવાન આત્મા અનંત નામ બેહદ જેનો સ્વભાવ, અનંત સહજ સ્વભાવિક ચૈતન્ય શુદ્ધ સ્વભાવમાં. જુઓ, આ સ્વભાવ. ચૈતન્ય સ્વભાવ, સ્વરૂપ સ્વભાવમાં '**સમવસ્થાન થાય છે.**' સ્થિર થઈ જાય છે. દઢતાથી ત્યાં ટકી જાય છે. સહજ ચૈતન્યસ્વરૂપ આત્મસ્વભાવમાં. અહીં સ્વભાવમાં લીધું છે. સહજ ચૈતન્યસ્વરૂપ સ્વભાવમાં સમવસ્થાન—સ્વભાવમાં સ્થિર થાય છે. સમજાણું કાંઈ? દ્રવ્યમાં સ્થિર થાય એમ ન લીધું. અહીંયાં તો સ્વભાવ લીધો. વિભાવમાં પરલક્ષમાં હતો એ છૂટીને સ્વભાવમાં સ્થિર થાય છે. જ્ઞાયકભાવ ભગવાન આત્મા પરમ શાંતરસના સ્વભાવમાં સ્થિર થઈ જાય છે એનું નામ મોક્ષનો માર્ગ અને સમાધિ કહે છે. સમજાણું કાંઈ?

સમવસ્થાન છેને નીચે. '**સ્થિરપણે-દઢપણે રહેવું તે; દઢપણે ટકવું તે.**' દઢપણે રહેવું અંદરમાં. '**તે સ્વભાવસમવસ્થાન તો સ્વરૂપમાં પ્રવર્તતું,...**' લ્યો! તે સ્વભાવસમવસ્થાન તો... જ્યાં સ્વરૂપમાં સ્થિરતા થઈ, પરનો વિકલ્પ, પર તરફના વિષયથી વિરક્તતા થઈ તો પોતામાં લીનતા થઈ. પરથી વિરક્તતા થઈ, પોતામાં લીનતા થઈ તો '**સમવસ્થાન તો સ્વરૂપમાં પ્રવર્તતું...**' પોતાના આનંદસ્વભાવમાં પ્રવર્તવું. જુઓ! આ પ્રવર્તવું. આહા..હા..! '**અનાકુળ, એકાગ્ર સંચેતન હોવાથી...**' અનાકુળ—જેમાં આકુળતા બિલકુલ નથી એવી એકાગ્ર નામ એક જ લક્ષ દ્રવ્યમાં રાખીને સ્વભાવનો અનુભવ થવાથી '**ધ્યાન કહેવામાં આવે છે.**' તેનું નામ ધ્યાન પરમાત્મા કહે છે. કહો, સમજાણું કાંઈ?

'**તે સ્વભાવસમવસ્થાન તો સ્વરૂપમાં પ્રવર્તતું, અનાકુળ, એકાગ્ર સંચેતન હોવાથી...**' પોતાના નિજધામમાં થાપ પડી છે દૃષ્ટિની. અંદર પડ્યો છે એ કારણે તેને એકાગ્ર સંચેતન (અર્થાત્) લક્ષમાં એક મુખ્ય છે એવો અનુભવ તેને ધ્યાન કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પહેલા વ્યવહાર ધ્યાન હોય છે કે નહિ? એમ કહે છે લોકો. સમજ્યા? પણ એ તો વિકલ્પ આવે છે એ બીજી વાત, એ ખરેખર ધ્યાન છે નહિ. સમજાણું કાંઈ? આ તો એકલા નિશ્ચયની વાત કરે છે, વ્યવહારની તો કરતા નથી એમ કહે છે. આ શું કહે છે? જુઓને. દ્રવ્યાંતર-બીજા (દ્રવ્યનો) અભાવ છે, રાગાદિનો અભાવ થાય છે ત્યારે પોતામાં ધ્યાન થાય છે. તેને જ ધ્યાન કહ્યું. ભગવાનના જાપ કરે રામ... રામ... રામ... રામ... રામ... રામ... રામ... કરે. રામ.. રામ.. અરે.. કહ્યું રામપાત્ર યાદ કરાવ્યું તો કલ્યાણ થઈ ગયું એનું. એમ કહ્યું. આહા..હા..! આણે લખ્યું છે. રામપાત્ર સમજ્યા?

એક ડોશી હતી ડોશી. એ રામનું નામ લેતી જ નહોતી. બહુ જ વિરુદ્ધ હતી. રામનું નામ કદી ન લે. તો મરતા વખતે શકોરું હોય છેને શકોરું? એને કાઠિયાવાડમાં રામપાત્ર કહે છે રામપાત્ર. શકોરું હોય છેને. એ ડોશીને બતાવ્યું. એ જાણે કે રામપાત્ર તો બોલે. શું છે

મા આ? કહ્યું, શકોરું. આહા..હા..! નામ રામપાત્ર .. એવી વાત ત્યાં વિરમગામમાં સાંભળી હતી. એમ કલ્યાણ થાય લ્યો! અન્યમતિમાં એક આણે લખ્યું છે. અન્યમતિમાં પણ આમ હોય છે. કેટલું વ્યવહારથી કહ્યું છે. જુઓ! નામમાત્રથી પણ કલ્યાણ થાય છે. અરે..! ધૂળેય નથી, સાંભળ તો ખરો! સમજાણું કાંઈ? રામપાત્ર ન બોલી ડોશી. એ તો બીજું લખ્યું છે. દૃષ્ટિના અનુભવથી. પહેલા આવ્યુંને? પહેલી ગાથામાં આવ્યું છે. પહેલી ગાથામાં આવ્યું.

મુમુક્ષુ :- ભગવાનનું નામ પણ...

ઉત્તર :- હા, નામ પણ લાભદાયક છે. એમ છે જુઓ. બે વાર લખ્યું છે. એક વ્યવહાર અને એક નિશ્ચય. પાંચમી ગાથામાં છેને? ક્યાં છે? **'જેનું નામ ગ્રહણ પણ સારું છે...'** જુઓ, ટીકાની પાંચમી લીટી છે. કેવા છે ભગવાન? **'પરમ ભટ્ટારક, મહાદેવાધિદેવ, પરમેશ્વર, પરમ પૂજ્ય, જેમનું નામ ગ્રહણ પણ સારું છે એવા શ્રી વર્ધમાનદેવને, પ્રવર્તમાન તીર્થના નાયકપણાને લીધે પ્રથમ જ, પ્રણમું છે.'** અહીંયાં તો નિશ્ચયસહિત વિકલ્પ ઉઠે છે એ સહિતના પ્રણામ ગણવામાં આવ્યા છે. એવી વાત છે. અહીં તો નામમાત્રથી પણ કલ્યાણ થાય. અહીંયાં તો કહ્યું, પરદ્રવ્યથી નિવૃત્ત છે.

અહીં તો ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ, અનુભવ, સ્થિરતા તો થયા છે, એને ભગવાનનું નામ આવ્યું તો ત્યાં શુભ વિકલ્પ છે, એ અશુભથી નિવૃત્તિ થઈ અને શુભ છે એટલામાત્ર વ્યવહારથી સારું કહ્યું છે. નામમાત્ર બોલવું એ તો વિકલ્પ છે. અરે! આમાં લીધું છે હોં આ જુઓ. પાંચમી ગાથામાં છે કે નહિ? વૈદ્યરાજ! બીજા નામ પણ કહે છે જુઓ. ભાઈ! આત્મસ્વરૂપ અંતરમાં નમન, નમન. ભગવાન આત્મામાં અંતરમાં નમનપૂર્વક ભગવાનનું નામ આવ્યું હોય તો વિકલ્પ વ્યવહાર કહેવામાં આવે છે. જ્ઞાનપ્રધાન કથનમાં પ્રમાણ સાથે લીધું છે. પોતાનું ધ્યાન તે નિશ્ચય છે, ભગવાનનું નામસ્મરણ તે વિકલ્પ છે એમ પ્રમાણ લીધું છે. સમજાણું કાંઈ? લ્યો! પ્રવચનસારમાં પણ એમ લીધું.

મુમુક્ષુ :- આ સાચું અને એનું બરાબર નહિ?

ઉત્તર :- બેય સાચું. પણ કઈ અપેક્ષાએ? વ્યવહારની અપેક્ષાએ વ્યવહાર સાચો અને નિશ્ચયથી એ સાચો નથી.

મુમુક્ષુ :- એમ નથી?

ઉત્તર :- એમ નથી. ભગવાનના નામસ્મરણથી ધર્મધ્યાન થતું જ નથી.

મુમુક્ષુ :- નિશ્ચયની અપેક્ષાએ નિશ્ચય સાચો, રાગની અપેક્ષાએ રાગ સાચો.

ઉત્તર :- વ્યવહાર છે. સાચાનો અર્થ શું? છે. છે, પણ એ લાભદાયક છે એમ નથી. આહા..હા..! ઝઘડા, નિશ્ચય અને વ્યવહારનયના ઝઘડા. સમજે નહિ. ભાઈ!

અહીં તો ચોખ્ખી વાત કરે છે જુઓને. અહીં તો એક જ વાત. એનું સ્વરૂપ ભગવાન આત્મા એમાં એકાગ્ર થાય, પરવિષયથી વિરક્ત થાય તેનું નામ ધ્યાન કહેવામાં આવે છે.

આહા..હા..!

'**આથી (એમ નક્કી થયું કે) ધ્યાન સ્વભાવસમવસ્થાનરૂપ હોવાને લીધે...**' જુઓ, ધ્યાનની સ્થિતિ શું છે? કે સ્વભાવસમવસ્થાન. સ્વ સ્વભાવમાં સ્થિર થવું, સ્વ સ્વભાવની એકાગ્રતામાં દૃઢપણે સ્થિર રહેવું. '**સ્વભાવસમવસ્થાન હોવાને લીધે આત્માથી અનન્ય હોવાથી...**' તે સ્વભાવસમવસ્થાન દશા આત્માથી અનન્ય હોવાને લીધે (અર્થાત્) આત્માથી ભિન્ન નથી. નિર્મળ સ્વભાવ ધ્યાનદશા આત્માથી અનન્ય છે. કહો, સમજાણું કાંઈ? '**અનન્ય હોવાથી અશુદ્ધતાનું કારણ થતું નથી.**' આહા..હા..! એક કોર એમ કહે કે હું કોનું ધ્યાન કરું? પર્યાય મારું ધ્યાન કરો તો કરો. પર્યાય મારાથી સર્વથા ભિન્ન છે. આહા..હા..! ભારે વાત ભાઈ! અહીં કહે છે કે અનન્ય છે. પરથી ભિન્ન છે, પણ પોતાની પર્યાય શુદ્ધ છે તે આત્માથી અનન્ય છે. જ્ઞાનચંદજી! જુઓ! વળી એમ કહે કે આત્મા દ્રવ્ય-વસ્તુ ધ્રુવ છે તેનાથી શુદ્ધપર્યાય પણ અન્ય છે, અન્ય છે. સર્વથા અન્ય છે. ત્યાં તો એકલી દ્રવ્યની દૃષ્ટિનો વિષય વર્ણવ્યો છે. એકલો ધ્રુવ જ હું છું. પર્યાય એક સમયની અવસ્થા મારું ધ્યાન કરે તો કરો, હું કોનું ધ્યાન કરું? હું તો ધ્રુવ છું. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! સોગાનીનું છેને એ? વિરોધ નથી. ધ્રુવના જોરની વાત છે એમાં. સમજાણું કાંઈ?

અહીંયાં તો આત્માની શુદ્ધતા પોતાના દ્રવ્યને આશ્રયે પ્રગટ થઈ તે આત્માથી અનન્ય નામ અન્ય નથી. રાગાદિ છે તે અન્ય છે, પણ શુદ્ધતા જે આત્મા અનુસાર થઈ તે અનન્ય છે. પર્યાય અને દ્રવ્ય એક જ છે એમ કહે છે. સમજાણું કાંઈ? એટલી અપેક્ષા સમજે નહિ. જ્ઞાનની વિશેષતા છે એમાં. છેને, નિર્મળ પર્યાય છેને. '**આત્માથી અનન્ય હોવાથી અશુદ્ધતાનું કારણ થતું નથી.**' શુદ્ધતા છે તે અશુદ્ધતાનું કારણ નથી. પરદ્રવ્ય કારણ છે તે અશુદ્ધતાનું કારણ છે એમ સિદ્ધ કરવું છે. સ્વદ્રવ્યની શુદ્ધિ અશુદ્ધતાનું કારણ નથી, ધ્યાન અશુદ્ધતાનું કારણ છે જ નહિ. સમજાણું કાંઈ? એ ૧૯૬ ગાથા થઈ.

'**હવે જેમણે શુદ્ધ આત્માને ઉપલબ્ધ કર્યો છે...**' નાથ! તમે તો સાધકની ધ્યાનની વાત કરી. પણ જેને પૂર્ણ જ્ઞાન થઈ ગયું કેવળજ્ઞાનીને, કેવળજ્ઞાનીને પૂર્ણ જ્ઞાન થઈ ગયું, ઉપલબ્ધ કર્યું, શુદ્ધાત્માની પૂર્ણ પ્રાપ્તિ થઈ ગઈ '**એવા સકળજ્ઞાની (સર્વજ્ઞ) શું ધ્યાવે છે...**' એમ શાસ્ત્રમાં આવ્યું છે, તેને પણ ધ્યાન તો કહ્યું છે. શુક્લધ્યાન આવ્યું છેને? કેવળીને પણ શુક્લધ્યાનનો પાયો તો લીધો છે. તો કેવળીને શેનું ધ્યાન છે? આ નીચલાવાળાને તમે ધ્યાન કહો એ તો બરાબર છે. અપૂર્ણ જ્ઞાન છે, જિજ્ઞાસા છે, મોહ છે, તૃષ્ણા છે, સંદિગ્ધ છે એ તો ધ્યાન કરે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર પૂર્ણ સ્વરૂપ થયું તેને શેનું ધ્યાન? તમે લક્ષણ તો એ બતાવ્યું કે એકાગ્રસંચેતન લક્ષણ ધ્યાન. તો એને વળી એક અગ્ર કરીને ધ્યાન કરવું એ ક્યાં રહ્યું? એમ પૂછે છે. સમજાણું કાંઈ? છેલ્લી ગાથા છેને. એકદમ જ્ઞાનની પર્યાય પોતાના આનંદની પર્યાયનું ધ્યાન કરે છે અથવા પરિણમે છે તે એનું ધ્યાન એમ ઉત્તર દેશે. આહા..હા..!

'જેમણે શુદ્ધ આત્માને ઉપલબ્ધ કર્યો છે એવા સકળજ્ઞાની (સર્વજ્ઞ) શું ધ્યાવે છે...' એના ધ્યાનનું શું સ્વરૂપ છે?

**णिहदघणघादिकम्मो पच्चक्खं सव्वभावतच्चण्हू।**
**णेयंतगदो समणो झादि कमट्ठं असंदेहो।।१९७।।**
**શા અર્થને ધ્યાવે શ્રમણ, જે નષ્ટઘાતિકર્મ છે,**
**પ્રત્યક્ષસર્વપદાર્થ ને જ્ઞેયાન્તપ્રાપ્ત, નિઃશંક છે? ૧૯૭.**

જુઓ, ભગવાનને શ્રમણ કહ્યા. મહાશ્રમણ સર્વજ્ઞ પરમેશ્વર. આહા..હા..! '**णेयंतगदो**' જ્ઞેયના અંતને પામ્યા છે. એવો શિષ્યનો સમજવા માટે પ્રશ્ન છે. '**શા અર્થને ધ્યાવે શ્રમણ**' શ્રમણ એટલે કેવળી, અહીં સાધુની વાત નથી.

એવા સર્વજ્ઞ પરમાત્માને શાસ્ત્રમાં ધ્યાન કહ્યું છે તો ભગવાન કોનું ધ્યાન કરે છે? એવો શિષ્યનો પ્રશ્ન છે. ઓહો..હો..! ક્યાં લઈ ગયા! વેદાંત તો કહે, અનુભવી અને અનુભવ કરનારા—બે ક્યાંથી આવ્યા? અનુભવ આત્માનો અને બે ક્યાંથી આવ્યા? એમ કહે છે. અદ્વૈત. ખોટું છે. અહીં તો કેવળી શુદ્ધ ધ્યાન કરે છે એમ લઈ ગયા છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેવળજ્ઞાની પણ પોતાના આનંદનું ધ્યાન નામ અનુભવ કરે એ જ એનું ધ્યાન છે. એમ. ઓલા કહે, અરે..! આત્મા તો એક જ ચીજ છે. તો એમાં અદ્વૈતમાં વળી અનુભવ કરનારો અને અનુભવ એવી બે દશા ક્યાંથી આવી? ધ્યાન કરનારો અને ધ્યાન, એ તો દ્વૈત થઈ ગયું. દ્વૈત છે જ નહિ એમ કહે છે. એ સિદ્ધ કરે છે અહીંયાં. પંડિતજી! અદ્વૈત નથી, એકલું દ્વૈત નથી. એકાંત અદ્વૈત નથી, એકાંત દ્વૈત પણ નથી. પોતાનું શુદ્ધ સ્વરૂપ ભગવાન અપેક્ષાએ અદ્વૈત છે, પણ એની ધ્યાનની પર્યાય દ્વૈતસહિત છે. ધ્યાનની પર્યાયસહિત છે. કેવળી પણ ધ્યાન કરે છે. એવું દ્વૈતપણું કેવળીને પણ લાગુ પડે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જેઠ વદ ૪, બુધવાર, તા. ૦૪.૦૬.૧૯૬૯**
**ગાથા-૧૯૭, પ્રવચન-૧૭૩**

આ પ્રવચનસાર, જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન અધિકાર ચાલે છે. આત્માનો જ્ઞેયસ્વભાવ કેવો છે અને કેમ પમાય એ વાત ચાલે છે. ૧૯૬ ગાથા થઈ. ૧૯૭ છે.

**'એવો પ્રશ્ન સૂત્ર દ્વારા કરે છે :—'** શિષ્યનો પ્રશ્ન છે કે જ્યારે આત્મા પોતાનું ધ્યાન કરે છે તો અશુદ્ધતા ટળે છે, નિર્જરા થાય છે અને આત્માની પ્રાપ્તિ શાંતિની થાય છે. એમ પહેલા આવ્યું. તો શિષ્યનો પ્રશ્ન છે કે **'જેમણે શુદ્ધ આત્માને ઉપલબ્ધ કર્યો છે...'** સર્વજ્ઞ પરમાત્મા વીતરાગદેવ કેવળજ્ઞાની પરમેશ્વરે તો પોતાના શુદ્ધાત્માની પ્રાપ્તિ કરી છે, એમને કંઈ બાકી નથી. તો શુદ્ધાત્માનો પૂર્ણ અનુભવ પામ્યા **'એવા સકળજ્ઞાની (સર્વજ્ઞ) શું ધ્યાવે છે?'** એવા સર્વજ્ઞ ધ્યાન કોનું કરે? એવો પ્રશ્ન છે. છેલ્લી ગાથા છેને? બધી વાત તો પહેલા આવી ગઈ. શિષ્યનો પ્રશ્ન છે કે આત્મા સર્વજ્ઞપણાને પ્રાપ્ત થયા, આત્માની શુદ્ધ આત્માની ઉપલબ્ધિ થઈ. પૂર્ણ સર્વજ્ઞ, સર્વદર્શી, પૂર્ણ આનંદ અને પૂર્ણ વીર્ય પ્રાપ્ત થયા એવો આત્મા શું ધ્યાવે છે? તેને શુક્લધ્યાન તો શાસ્ત્રમાં કહ્યું છે. પંડિતજી! કહ્યું છે તો ધ્યાન કોનું કરે છે? શું એમાં ખામી છે, અપૂર્ણતા છે તો ધ્યાન કરે છે? એમ પૂછે છે. આહા..હા..! તેનો ઉત્તર છે.

**णिहदघणघादिकम्मो पच्चक्खं सव्वभावतच्चण्हू।**
**णेयंतगदो समणो झादि कमट्ठं असंदेहो।।१९७।।**

એ કાલે વંચાઈ ગયું છે આપણે. હવે ટીકા. શું કહે છે જરી? **'લોકને...'** સર્વજ્ઞાની સિવાય સાધારણ પ્રાણીને, એમ લીધું. સર્વજ્ઞ પરમાત્મા કેવળજ્ઞાની સિવાય. સિવાય કહે છેને? અલાવા. **'લોકને (૧) મોહનો સદ્ભાવ હોવાને લીધે...'** જેને મોહનો સદ્ભાવ—હયાતી છે અને **'જ્ઞાનશક્તિના પ્રતિબંધકનો સદ્ભાવ હોવાને લીધે,...'** સાધારણ જનતા, સાધારણ માણસ, સર્વજ્ઞ પરમેશ્વર સિવાય જેને મોહનો સદ્ભાવ છે અને જ્ઞાનશક્તિના પ્રતિબંધક કારણની હયાતી છે (અર્થાત્) જ્ઞાનશક્તિને પ્રતિબંધ કરનાર કર્મની હયાતી છે. સમજાણું કાંઈ? નીચે છે. **'જ્ઞાનાવરણીય કર્મ જ્ઞાનશક્તિનું પ્રતિબંધક અર્થાત્ જ્ઞાન રોકવામાં નિમિત્તભૂત છે.'** નિમિત્તભૂત છે.

મુમુક્ષુ :- નિમિત્તનું કામ આવ્યું ખરું.

ઉત્તર :- આવ્યુંને. પોતાની જ્ઞાનશક્તિ પોતાથી રોકાય છે તો જ્ઞાનાવરણીય કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. જ્ઞાનાવરણીય કર્મ આત્માની જ્ઞાનની પર્યાયને રોકે છે એમ નથી. સમજાણું કાંઈ? એ કહ્યુંને.

બે અર્થ લીધા. જેને મોહકર્મની હયાતી છે અને જ્ઞાનશક્તિને નિમિત્તરૂપ પ્રતિબદ્ધનો સદ્ભાવ હોવાને લીધે. બે બોલ આવ્યા. '(૧) **તે તૃષ્ણા સહિત છે...**' મોહનો સદ્ભાવ હોવાને લીધે તે તૃષ્ણાસહિત છે. એમ લેવું. સમજાણું કાંઈ? જેને મોહભાવ છે એને તૃષ્ણા છે અને જ્ઞાનશક્તિનો વિકાસ નથી તેને જ્ઞાનશક્તિમાં પ્રતિબદ્ધનું નિમિત્તરૂપ જ્ઞાનાવરણીય છે. તો એનાથી પદાર્થ પ્રત્યક્ષ નથી. જેને જ્ઞાનશક્તિનું પ્રતિબદ્ધ કારણ નિમિત્ત છે તેને જ્ઞાનશક્તિ પ્રત્યક્ષ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ક્યાં નિમિત્તની વાત કરે છે? એવી તો વાત છે જ નહિ. એ વાત તો પહેલેથી જ કાઢી નાખી. નિમિત્તનો અર્થ કે પોતાના ઉપાદાનમાં... એ તો આવ્યું નહિ? સવારમાં ઘણું આવ્યું. જ્ઞાનાવરણીય કર્મ છે એ તો પોતાનું કાર્ય કરે છે એનામાં. જ્ઞાનની હીનતા કરવી એ પોતાની પર્યાય પોતાથી છે, એમાં વ્યાપ્યવ્યાપકપણું છે. પોતાના જ્ઞાનની હીનતાની વ્યાપ્ય-અવસ્થા વ્યાપક આત્મા દ્વારા થાય છે. કર્મ દ્વારા એ વ્યાપ્ત અવસ્થા થાય એમ બિલકુલ નથી. સમજાણું કાંઈ? એ તો અહીંયાં નિમિત્તથી કથન છે. એમ કહ્યુંને? '**જ્ઞાનશક્તિના પ્રતિબંધકનો સદ્ભાવ...**' એમ. ભાવ જ્ઞાનની હીનતા પોતાની પર્યાયથી થાય છે ત્યારે જ્ઞાનાવરણીય કર્મ તેને નિમિત્ત કહેવામાં આવે છે. એવા આત્માને જ્ઞાનની શક્તિ પ્રત્યક્ષ નથી થતી. કેમકે જ્ઞાનની હીણી દશા છે, ઓછી દશા છે તો તેને પ્રત્યક્ષ જ્ઞાન નથી. સમજાણું કાંઈ? '**તેને પદાર્થો પ્રત્યક્ષ નથી તથા તે વિષયને અવચ્છેદપૂર્વક જાણતો નથી,...**' શું કહે છે? જેને મોહની હયાતી છે તેને તૃષ્ણા છે અને જેને જ્ઞાનશક્તિનો વિકાસ નથી તેને પ્રત્યક્ષ જ્ઞાન નથી. પ્રત્યક્ષ જ્ઞાન નથી તો દરેક પદાર્થને પૃથક્કરણ કરીને સૂક્ષ્મતાથી, વિશેષતાથી, સ્પષ્ટરૂપે જાણી શકતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તેથી તે (લોક) અભિલષિતક,...**' જુઓ, કેમકે તૃષ્ણા છે તો અભિલાષા થાય છે. સમજાણું કાંઈ? અને '**જિજ્ઞાસિત,...**' નીચે છે. '**જેની અભિલાષા હોય તે.**' અભિલષિત. '**જિજ્ઞાસિત = જેની જિજ્ઞાસા (જાણવાની ઈચ્છા) હોય તે.**' કેમકે પ્રત્યક્ષ જ્ઞાન નથી માટે જિજ્ઞાસા થાય છે અને મોહ છે તો અભિલાષા પણ થાય છે. સમજાણું કાંઈ? '**અને સંદિગ્ધ પદાર્થને ધ્યાતો જોવામાં આવે છે;...**' સંદિગ્ધ નામ '**જેના વિષે સંદેહ હોય તે.**' સર્વજ્ઞ સિવાય મોહિત પ્રાણી તૃષ્ણાવંત સંદિગ્ધ છે, પૂર્ણ સમજણ નથી એ તો ધ્યાન કરે. પણ સર્વજ્ઞ શું કામ ધ્યાન કરે? એમ પ્રશ્ન છે. સમજાણું કાંઈ?

'**સંદિગ્ધ પદાર્થને ધ્યાતો જોવામાં આવે છે;...**' એ તો જોવામાં આવે છે એમ કહે છે. જે પ્રાણીને મોહકર્મની હયાતી છે, લોકને કહ્યુંને? અને જ્ઞાનશક્તિના પ્રતિબદ્ધની પણ હયાતી છે અને તે પ્રાણીને મોહને કારણે તૃષ્ણા છે અને તે પ્રાણીને જ્ઞાનશક્તિની પ્રતિબદ્ધતાને કારણે પ્રત્યક્ષ જ્ઞાન નથી. તો પ્રત્યેક પદાર્થને વિશેષપણે, અવચ્છેદપણે, સ્પષ્ટપણે, સૂક્ષ્મતાથી

જાણતો નથી. તો તેને પદાર્થની અભિલાષા થાય છે. કારણ કે મોહ છે તો અભિલાષા થાય છે અને જ્ઞાન પૂર્ણ નથી તો જિજ્ઞાસા થાય છે. તો નહિ જાણવામાં સંદિગ્ધ છે. શું છે? શું છે? એમ સંદિગ્ધ પણ મોહવાળો પ્રાણી થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'ઘનઘાતિકર્મનો નાશ કરાયેલો હોવાથી...'** લ્યો! હવે આવ્યું. પણ જેણે ઘનઘાતિકર્મ નાશ કર્યો છે, ઘનઘાતિકર્મનો નાશ કર્યો છે.

મુમુક્ષુ :- ભગવાને કર્યોને નાશ?

ઉત્તર :- એ તો કથન છે. કહે છેને. ઘનઘાતિકર્મની પર્યાયનો નાશ કરવો એ આત્માના અધિકારની વાત જ નથી. પોતાની પર્યાયમાં જે હીણી દશા હતી એનો નાશ કરીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ પોતાની પર્યાયમાં કરી તો ઘાતિકર્મ એને કારણે, ઘાતિકર્મને કારણે (અકર્મરૂપ થઈ ગયા). એ તો સવારે ઘણું આવ્યું. અહીંયાં કેવળજ્ઞાન પામ્યો તો તે વ્યાપક અને ઘાતિકર્મની કેવળજ્ઞાનાવરણીયનો નાશ તે વ્યાપ્ય એમ છે નહિ. એમ નથી એ તો સવારમાં આવ્યું. આહા..હા..!

મુમુક્ષુ :- સવારમાં આવ્યું એ બધી જગ્યાએ લાગુ પડે?

ઉત્તર :- બધે. કુંચી કોને કહે? બધા તાળાને લાગુ પડે છે. સમજાણું કાંઈ? કુંચી તો નાની હોય છે. કુંચી તો તાળાથી નાની હોય છે. સમજાણું કાંઈ? પણ એ કુંચીથી તાળું ખુલે છે. અને આખા ઓરડામાં શું ચીજ છે એ કુંચીથી ખુલી જાય છે. એમ કુંચીને બધામાં લાગુ પાડવાની છે. સમજાણું કાંઈ? કહે છેને તમારે શું કહે છે? અમારે તો કહે છે કે ચાર પૈસે શેર તો મણના અઢી. એ કુંચી છે. છે કે નહિ? એક આનાનું શેર તો અઢી રૂપિયાનું મણ. પછી કુંચી લગાવો. સાડા સત્તર શેરના સાડા સત્તર આના થાય છે. એવી રીતે બધામાં કુંચી લગાવો. ભારે વાત! આહા..હા..! આ તો કહે છે કે જ્ઞાનાવરણીયનો કર્મ જેટલો ઉદયમાં હોય એટલી જ્ઞાનની અવસ્થાનો ઘાત થાય છે. એ મિથ્યા છે, એ વાત જૂઠી છે.

મુમુક્ષુ :- શાસ્ત્રમાં લખ્યું છે.

ઉત્તર :- એ શાસ્ત્રમાં લખ્યું છે એ નિમિત્તથી કથન છે. સમજાણું કાંઈ? અને જેટલો જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ હોય એટલો જ્ઞાનનો ઉઘાડ થાય એ (વાત) મિથ્યા છે. એવી વાત નથી. એ તો વાત સવારમાં આવી ગઈ નહિ? સમજાણું કાંઈ? આત્મા પોતાની પર્યાયમાં જે સમયે હીણી-ઓછી અવસ્થાને વ્યાપ્ય કરીને પોતાનો વ્યાપક થઈને કર્તા થાય છે તો એ અવસ્થા કર્મની અવસ્થાનું વ્યાપ્ય (થાય) અને કાર્ય કરે એમ નથી. અને કર્મની અવસ્થા છે, પોતામાં ઉદય થઈ કર્મમાં પરિણામ, તો વ્યાપક થઈને જ્ઞાનની હીણી અવસ્થા વ્યાપ્ય કરે એમ નથી. એ વ્યાપક અને (આ જ્ઞાનની હીણી અવસ્થા) વ્યાપ્ય એમ નથી. સમજાણું કાંઈ? વ્યાપક અને વ્યાપ્ય, કોણ સમજે આ શું હશે? પછી કહ્યું, વ્યાપ્ય એટલે કાર્ય અને વ્યાપક એટલે કરનારો. તો કર્મનો ઉદય કરનારો અને જ્ઞાનની હીણી અવસ્થા કાર્ય એમ નથી.

એય..! દેવચંદજી! અત્યારે તો ઘણી ગડબડ છે એમાં.

ઘાતિકર્મ કીધા જુઓ અહીંયાં. એ ઘાતિ. ઘનઘાતિ પાછું. એકલો ઘાતિ નથી. '**ઘનઘાતિકર્મનો નાશ કરાયેલો...**' એનો અર્થ પોતાની જ્ઞાનપર્યાયમાં હીણી દશા હતી, પોતાના સ્વભાવનું અવલંબન કરીને કેવળજ્ઞાનની પર્યાય વ્યાપ્ય પોતાનું કાર્ય પૂરું કર્યું, તે સમયે કર્મની અવસ્થા કર્મરૂપે હતી એ અવસ્થાનો નાશ થઈને અકર્મની અવસ્થા કર્મને કારણે થઈ, એમાં આત્મા નિમિત્ત હતો તો એમ કહેવામાં આવ્યું. આહા..હા..! કર્યું નથી એણે. કેવળજ્ઞાનાવરણીયનો નાશ આત્માએ કર્યો નથી. આહા..હા..!

મુમુક્ષુ :- આઠ કર્મનો ..

ઉત્તર :- નાશ તો એને ઘેરે નાશ થાય છે. ત્યાં ક્યાં કેવળજ્ઞાન થાય છે એને કારણે? કેવળજ્ઞાનાવરણીયનો નાશ થયો એ તો પ્રકૃતિના પરમાણુ અકર્મરૂપે થાય છે. જ્ઞાનાવરણીય પ્રકૃતિ છે એનો નાશ થાય છે તો અકર્મપર્યાય થાય છે. તો શું એને કારણે કેવળજ્ઞાન થાય છે? સમજાણું કાંઈ? મોટી વિપરીત દૃષ્ટિ. બે પદાર્થની એકતાબુદ્ધિ છેને. મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? એ તો ઘણી ચાલીને. સવારે ચાલી અને પહેલા પણ ચાલી હતી. કર્તાકર્મ અધિકારમાં ઘણું ચાલ્યું. આત્મા પોતાની વિકારી પર્યાયને કરે અને કર્મબંધનની પર્યાય પણ કરે એમ નથી. અને પોતાનો આત્મા પોતાના ધર્મની પર્યાયને, શુદ્ધતાને પોતાના દ્રવ્યને લક્ષે કરે તો એ કાર્ય એનું છે, પણ એ કારણે કર્મની અવસ્થાનો નાશ કરે, એનું વ્યાપ્ય-કાર્ય આત્મા કરે એમ નથી. ૮૩માં આવ્યું. સમજાણું કાંઈ? તત્ત્વની શું ચીજ છે વસ્તુનું સ્વરૂપ ખબર નથી. પછી જડને ચૈતન્યમાં ભેળવે અને ચૈતન્યને જડમાં ભેળવે એ તો મિથ્યાત્વભાવ છે. બ્રહ્મચારીજી! આહા..હા..!

મુમુક્ષુ :- મહારાજ! થોડામાં કહી દો કે મિથ્યાત્વ કોને કહે છે?

ઉત્તર :- જેવું સ્વરૂપ છે એનાથી વિપરીત માનવું તેનું નામ મિથ્યાત્વ. લ્યો થોડામાં કહ્યું. વિપરીત અભિપ્રાય તે મિથ્યાત્વ. આત્મા પરનું કાર્ય કરી શકતો નથી, છતાં કાર્ય કરે એમ માને તે વિપરીત મિથ્યાત્વ છે. અને કર્મ છે એ પોતાનું કાર્ય કરે છે તે કર્મ આત્માની પર્યાયનું કાર્ય કરતો નથી, પણ માને કે કરે છે એ મિથ્યાત્વભાવ છે. સ્પષ્ટ વાત છે. હવે અહીં ક્યાં ગુપ્ત રહી? હવે ખુલ્લી બહાર પડી ગઈ છે. દેવચંદજી!

મુમુક્ષુ :- આચાર્યદેવે ખુલ્લી કરી છે.

ઉત્તર :- ખુલ્લી છે ચોખ્ખી-ચોખ્ખી. અહીં તો ખુલ્લી પહેલેથી કરી દીધી છે. સમજાણું કાંઈ? આ તો (સંવત) ૧૯૭૧ની સાલથી અમે તો ખુલ્લી કરી દીધી છે. આ તો વાંચ્યું પણ નહોતું કોઈ દિ'. શાસ્ત્ર તો જોયું પણ નહોતું. શ્વેતાંબર શાસ્ત્ર જોયા હતા ૧૯૭૧ પહેલા. ૫૪ વર્ષ થયા. ૫૦ અને ૪. એ વખતે કહી દીધું હતું. પોતાની વિકારપર્યાયનો કર્તા આત્મા છે, કર્મ નહિ. ૫૪ વર્ષ (થયા), ૫૦ અને ૪. આ તો બધા મોટા મોટા આચાર્ય કહે છે.

નહિ, જ્ઞાનાવરણીયનો જેટલો ઉદય હોય એટલી જ્ઞાનની પર્યાય હીણી થાય છે. બધું મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? અને જ્ઞાનાવરણીયનો જેટલો ક્ષયોપશમ હોય એટલો અહીંયાં ક્ષયોપશમ થાય છે. બધું ખોટું છે.

મુમુક્ષુ :- વધારે-ઓછો થાય.

ઉત્તર :- એ તો પોતાની પર્યાય પોતે કરે છે, પરની પર્યાય પર કરે છે. એમાં શું છે? સમજાણું કાંઈ?

એ પ્રશ્ન તો અમારે ઘણા ચાલતા હતા. ૧૯૮૧ની સાલમાં પ્રશ્ન ચાલતો હતો. એ ૭૧ની વાત (થયા પછી) ૧૯૮૧માં, ગઢડા. એવો પ્રશ્ન આવ્યો હતો. એક અમારે અહીં દામોદર શેઠે. ભાઈ! આ દામનગરમાં હમણા એક પ્રતિમા નીકળી. છાપામાં આવ્યું છે. આજે વાંચ્યું. ત્રણ ફુટની આરસપહાણની જૈન તીર્થંકરની છે પ્રતિમા. પણ ત્યાં તો મૂર્તિના માનનારા નહિને એટલે લઈ ન ગયા. મામલતદારને સોંપી દીધી. આજે છાપામાં આવ્યું છે.

મુમુક્ષુ :- શ્વેતાંબર કે દિગંબર?

ઉત્તર :- એ નક્કી નથી એટલે કોઈ ત્યાં મૂર્તિના માનનારા નહિ, મૂર્તિના વિરોધી બધાય. એટલે કોઈએ નક્કી કર્યું નથી, શ્વેતાંબર છે કે દિગંબર છે. અહીંથી બાર કોશ છે દામનગર. ત્યાં બધા મૂર્તિના વિરોધી છે અને હમણા મૂર્તિ નીકળી ત્રણ ફૂટની આરસપહાણની પ્રતિમા નીકળી. કોની છે એ ખબર નથી. ત્રણ ફુટની આરસપહાણની છે. દામોદરભાઈ જશે, એનું ગામ છેને ત્યાં. તપાસ કરશે કે આ કોની છે. આહા..હા..! અરે ભગવાન! શું કરે? આહા..હા..!

અહીં તો કહે છે કે ઘનઘાતિકર્મનો નાશ કર્યો એવો શબ્દ છે. એ વ્યવહારનયનું કથન છે. એટલે એણે કર્યું નથી, પણ પોતાની પર્યાયમાં (કેવળજ્ઞાન) થયું તો ત્યાં નાશ થયો માટે વ્યવહારથી કહેવામાં આવ્યું. (પરંતુ) એમ નથી. પોતાની પર્યાયથી પોતાની હીણી પર્યાય થાય છે, ત્યારે કર્મની પર્યાય એને કારણે ઉદય થાય છે. અને અહીં ઉત્કૃષ્ટ હોય તો ત્યાં નાશ થાય છે એને કારણે. પોતાની પર્યાય ત્યાં કાર્ય કરે અને એની પર્યાય અહીંયાં કાર્ય કરે, બધી મિથ્યા જૂઠી વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે જે પ્રાણીને મોહ છે, જે પ્રાણીને જ્ઞાનની પ્રત્યક્ષ દશા પ્રગટ નથી થઈ અને જે પ્રાણીને સંદિગ્ધ દશા છે (એટલે કે) શું થશે? પદાર્થ કેવો હશે? સૂક્ષ્મતાનો વિચાર એનું ધ્યાન કરે. કેમકે એ અભિલષિત છે, જિજ્ઞાસિત છે અને સંદિગ્ધ છે એ તો ધ્યાન કરે. સંદિગ્ધ છે (એટલે) હજી ડામાડોળ છે. પરંતુ ઘનઘાતિ કર્મનો નાશ કરાયેલો હોવાથી. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે પોતાના કેવળજ્ઞાનની પર્યાય એક સમયમાં ત્રણ કાળ જાણે એવી પર્યાય પ્રગટ કરી છે, તો એમાં ઘનઘાતિકર્મમાં પણ એને કારણે પર્યાય બદલીને અકર્મરૂપ દશા થઈ ગઈ છે. એક વાત.

**'મોહનો અભાવ હોવાને લીધે...'** ભગવાનને તો મોહ છે જ નહિ. સમજ્યા? એ

પહેલા બોલનો ઉત્તર છે. ઓલામાં છેને? મોહનો સદ્ભાવ હોવાને લીધે... એની સામે આ લીધું, ઓલામાં લોકની સામે. લોકની સામે આ લીધું કે ઘનઘાતિ કર્મનો નાશ કર્યો, જાણે છે એટલું. હવે લોકને તો મોહ છે, પણ ભગવાનને મોહનો અભાવ હોવાને લીધે. ભગવાનને તો મોહ નથી. પર તરફનો વિકલ્પ છે જ નહિ. લોકોને તો છે. ઘનઘાતિ નાશ થયો તેને તો મોહ નથી. આ ટીકા પણ કેવી કરી ઓહો..હો..!

**'સર્વ પદાર્થોનું સ્વરૂપ પ્રત્યક્ષ છે...'** લોકને તો જ્ઞાન પ્રતિબદ્ધમાં (કર્મ) નિમિત્ત હોવાથી પ્રત્યક્ષ જ્ઞાન નથી. ભગવાનને તો **'જ્ઞાનશક્તિના પ્રતિબંધકનો અભાવ હોવાને લીધે,...'** જુઓ, પ્રતિબંધનો અભાવ હોવાથી. પ્રતિબંધકનો, પ્રતિબંધકનો અભાવ હોવાને લીધે. એ વ્યવહારનો શબ્દ છે. ભાવપ્રતિબંધનો અભાવ થયો, નિમિત્તરૂપે પ્રતિબંધ હતો એનો નાશ થયો. એ જ શબ્દ ત્યાં કહ્યો હતોને, ૨૦૧૩ની સાલ. ૧૩ની સાલમાં એ જ પ્રશ્ન (હતો). પ્રતિબદ્ધ કારણ છે તો રાગ છે. એવો પ્રશ્ન થયો હતો. ૧૩ની સાલ. ૧૨ વર્ષ થયા. ઈસરીમાં. સમજાણું કાંઈ? અમે કહ્યું કે રાગ છે એનો શું આત્મા નાશ કરી શકે છે? રાગનું પરિવર્તન કરી શકે છે? રાગ તો જે સમયે આવવાનો છે એનું પરિવર્તન કરી શકે છે? પ્રતિબદ્ધ કારણ મટે તો નાશ થાય એવો ઉત્તર આવ્યો. એમ છે જ નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ન્યાયશાસ્ત્રમાં તો એમ જ કહ્યું છે.

ઉત્તર :- ન્યાયશાસ્ત્રમાં તો વ્યવહારથી લખાણ એવું છે. અહીંયા આવ્યુંને જુઓને. એનું વ્યવહારનું કથન છે ઈ. એ તો દેવકીનંદન કહેતા હતા. દેવકીનંદન આવ્યા હતાને પહેલા ૨૦૦૩ની સાલમાં આવ્યા હતા. દેવકીનંદને સાંભળીને તો એમ કહ્યું કે તમે કહો છો એવો અભ્યાસ અમારા કોઈ પંડિત અને ત્યાગીનો છે જ નહિ. દેવકીનંદન ૨૦૦૩ની સાલમાં આવ્યા હતા. ૨૨ વર્ષ થયા, ૨૨ વર્ષ.

મુમુક્ષુ :- એ જ વાત છે.

ઉત્તર :- એ જ વાત છે. અમને તો ખબર છેને આખા હિન્દુસ્તાનની. તમે કહો છો એવો અભ્યાસ નથી અમારો. રુચિ તો ક્યાંથી લાવે સમ્યક્ શ્રદ્ધા આદિ તો? પણ અમારો અભ્યાસ બધો નિમિત્તપ્રધાન અત્યાર સુધી બધા પંડિતોનો છે. એમ કહ્યું હતું અહીંયાં. શેઠની સાથે આવ્યા હતા. દેવકીનંદન સાથે આવ્યા હતા. બીજી વાર. પહેલી વાર તો એ આવ્યા હતા. શું કહેવાય? ઈન્દોરવાળા જીવનધરજી. ... બીજી વાર બે ઈ આવ્યા હતા, ત્રણ એ લોકો આવ્યા હતા. નિમિત્તથી કાર્ય થાય છે એવો અમારા બધાનો અભ્યાસ છે. એય..! પંડિતજી! એવી જ વાત છે? આ અભ્યાસ અમે કર્યો નથી, શું કરીએ? હજી તો અમને સમજણમાં, સાંભળવામાં સત્ય વાત આવી નથી. તો અમે ક્યાંથી સમજીએ કે કર્મથી નથી થતું? સ્વથી થાય છે, કર્મનો નાશ એને કારણે થાય છે, તો પોતાને કારણે પોતાનું જ્ઞાન થાય છે એવી વાત તો અમે ક્યારેય સાંભળી નથી એમ કહ્યું. સમજાણું કાંઈ?

આ શબ્દ છે જુઓ, '**જ્ઞાનશક્તિના પ્રતિબંધકનો અભાવ હોવાને લીધે,...**' જુઓ, બેય બોલ લીધા. ઘનઘાતિકર્મ... આમાં પહેલા બોલ લીધોને, '**ઘનઘાતિકર્મનો નાશ કરાયેલો હોવાથી (૧) મોહનો અભાવ હોવાને લીધે...**' કારણ બતાવ્યું. પોતાના સ્વભાવની શાંતિ, આનંદ, વીતરાગતા પોતાને કારણે પ્રગટ થયા તો મોહકર્મનો નાશ મોહને કારણે પોતાની પર્યાયમાં-મોહમાં થયો, આત્માને કારણે નહિ. સમજાણું કાંઈ? અને '(૨) **જ્ઞાનશક્તિના પ્રતિબંધકનો અભાવ હોવાને લીધે,...**' એ પણ જ્ઞાનાવરણીય શક્તિના નિમિત્તમાં એને કારણે, જ્યારે એની નાશ થવાની લાયકાત હતી તે સમયે નાશ થયો. પોતાની પર્યાયમાં જે અલ્પ જ્ઞાન હતું તે સર્વજ્ઞપર્યાય પોતાને કારણે પ્રગટ થઈ. સમજાણું કાંઈ? આહા..હા..! હજી તો બે દ્રવ્ય વચ્ચે એકબુદ્ધિ, એને રાગાદિ વિકલ્પથી ભિન્ન ભગવાન (છે એ ક્યાંથી બેસે?) અહીંયાં તો બે દ્રવ્યમાં ભિન્નતાની વાત છે હજી તો. પછી તો રાગાદિ દયા, દાન, વ્રતાદિનો વિકલ્પ ઉઠે છે એનાથી પણ આત્મા ભિન્ન છે, ભિન્ન છે. પોતાનું સ્વરૂપ શુદ્ધ ચિદાનંદમૂર્તિ છે એવી દૃષ્ટિ કર્યા વિના સમ્યગ્દર્શન થતું નથી. સમજાણું કાંઈ? ધર્મની પહેલી સીઢી, શરૂઆત. ભગવાન આત્મા... પરને કારણે તો મારામાં રાગ નથી, પણ રાગ પણ મારામાં નથી. કેમકે પર એ તો અજીવતત્ત્વ છે, કર્મ તો અજીવ છે, તો અજીવ મારામાં નથી. અને રાગ છે એ તો આસ્રવતત્ત્વ છે, તો આસ્રવતત્ત્વ મારામાં નથી. આહા..હા..!

જેટલો વ્યવહારરત્નત્રયનો, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતના પરિણામ, બાર વ્રતનો વિકલ્પ બધો રાગ, બધું આસ્રવ, બધો વિકાર એ મારી ચીજમાં છે જ નહિ. સમજાણું કાંઈ? મારામાં છે તો શું છે? અનંત બેહદ જ્ઞાન અને બેહદ આનંદ એવા સ્વભાવથી ભરેલો પ્રભુ હું છું, કૃતકૃત્ય છું, પૂર્ણ છું. એવી અંતરમાં દૃષ્ટિ જામી જાય ત્યારે રાગની એકતા તૂટી જાય ત્યારે આત્માનો અનુભવ થાય, ત્યારે સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પછી એને સ્વરૂપમાં રમણતા વિશેષ જામી જાય તો ચારિત્ર છે. એ ચારિત્ર. સ્વરૂપમાં રમણતા. આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદ... અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાન આત્મા એમાં જામી જાય. દૃષ્ટિમાં તો અનુભવ થયો છે, પછી ચારિત્રની પર્યાય સ્વરૂપમાં રમે છે, ચરવું, રમવું, જમવું, લીન થવું. ઘણો આનંદ, પ્રચુર સ્વસંવેદન થાય તેને ચારિત્ર કહે છે. એ ચારિત્ર પોતાનું કાર્ય છે. રાગનું કાર્ય નહિ અને રાગનો નાશ કરવો એ પણ કાર્ય નથી. અહીં તો કહે છે કે ઘનઘાતિ કર્મનો નાશ. એ તો અસદ્ભૂત વ્યવહારનયનું કથન છે. આહા..હા..! પણ રાગનો આત્મા નાશ કરે છે એ પણ વસ્તુનું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? કેમકે રાગના નાશનો કર્તા નામમાત્ર આત્મામાં છે. પરમાર્થે આત્મા રાગના નાશનો કર્તા નથી. એ ૩૪ ગાથામાં આવ્યું છે. સમયસાર. આ પ્રવચનસાર છે. ૩૪ ગાથા, સમયસાર.

મુમુક્ષુ :- ૩૪માં.

ઉત્તર :- હા, ૩૪. ૩૫માં ધોબીનો દાખલો છે. સમજાણું કાંઈ? ૩૪માં આવ્યુંને એ?

બતાવ્યું હતુંને પહેલા? ઓહો..હો..!

ઘનઘાતિનો નાશકર્તા એ તો આત્મામાં છે જ નહિ, પણ વિકારનો નાશ કરવો, મિથ્યાત્વનો અને રાગનો... આહા..હા..! સમજાણું કાંઈ? (એ પણ) આત્મામાં નથી. કેમકે આત્મા રાગનો નાશ કરવા જાય તો પર્યાયબુદ્ધિ થાય છે, પર ઉપર બુદ્ધિ જાય છે. પોતાનો સ્વભાવ શુદ્ધ જ્ઞાનાનંદ વીતરાગ પિંડ પ્રભુ છે એવી દૃષ્ટિ થતાં વિકારની ઉત્પત્તિ ન થવી એનું નામ વિકારનો નાશ કર્યો એવું કથનમાત્ર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ તો આપણે ઘણું કહ્યું હતું ત્યાં મક્ષી. મક્ષીમાં તમે હતા. મક્ષીમાં કહ્યું હતું ૭૩ ગાથાનું. છેને ૭૩ ગાથા કર્તાકર્મની? સમ્યગ્દર્શન થયા પહેલા રાગમિશ્રિત એવો વિચાર કરે છે કે હું દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ આદિ શુભાશુભભાવ એનો સ્વયં હું સ્વામી થઈને સદાય નહિ પરિણમનારો એવો હું છું. સમજાણું કાંઈ? એ તો દશ હજાર માણસની વચ્ચે કહ્યું. શેઠ હતા. સમજાણું કાંઈ? ખળભળાટ... ખળભળાટ. એક તો ઓલા ૨૭ હજાર ભર્યા. મેં તો આવી વાત કોઈ દિ સાંભળી નથી. ૨૭ હજાર. કોક હતા ભવાની મંદિરના. ૨૭ હજાર દીધા ત્યાં. ખરડો થયોને ખરડો? શું કહે છે તમારે? ચંદા. ૭૦-૭૧ હજારનો ખરડો થયો છેલ્લા દિવસે. એમાં એક ભવાની મંદિરનો કોઈ હતો. આપણે કોઈને ઓળખતા નથી. ૨૭ હજાર અમે આપીએ છીએ. એ કહે, આવી વાત તો અમે કોઈ દિ' સાંભળી જ નથી, મહારાજ કહે છે એવી કોઈ દિ' સાંભળી નથી.

આત્મા સમ્યગ્દર્શન પામ્યા પહેલા પોતામાં રાગમિશ્રિત વિચાર કરે છે કે હું રાગાદિ દયા, દાન, વ્રત, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ અને પંચ મહાવ્રતાદિ મહાવ્રતનો વિકલ્પ કે બાર વ્રતનો વિકલ્પ કે પડિમાનો વિકલ્પ, એ રાગરૂપે હું સ્વયં સદા સ્વામીપણે નહિ પરિણમનારો એવો હું છું. આહા..હા..! એટલા શબ્દો પડ્યા છે ત્યાં. સમજાણું કાંઈ? હું સ્વયં સદા સ્વામીપણે, વ્યવહારનો વિકલ્પ જે છે એ રૂપે નહિ પરિણમનારો હું છું. એવું તો સમ્યગ્દર્શન પહેલા રાગમિશ્રિત વિચારમાં નિર્ણય કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? તો પછી વળી સમ્યગ્દર્શન થયા પછી વ્યવહારનો કર્તા એ ક્યાંથી આવ્યું? વ્યવહાર અમારે કરવો પડે અને વ્યવહાર અમારે (પાળવો પડે) એ તો બધી મિથ્યાબુદ્ધિ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? વ્યવહાર અમારે કરવો પડે, ભૂમિકા પ્રમાણે રાગ તો કરવો પડે. એ મિથ્યાત્વભાવ છે. એય..! વૈદ્યરાજ! સમજાણું કાંઈ? ઓહો..હો..! ભાષા જુઓ.

'**પ્રત્યક્ષ...**' ભગવાનને તો સમસ્ત પદાર્થ પ્રત્યક્ષ થઈ ગયા છે. કેમકે જ્ઞાનશક્તિમાં પ્રતિબદ્ધ કારણ નિમિત્ત એનો તો અભાવ થઈ ગયો. પોતાનો પુરુષાર્થ પોતામાં કર્યો તો ત્યાં એને કારણે જ્ઞાનાવરણીય કર્મનો નાશ થયો. તો '**જ્ઞેયનો પાર પમાયેલો છે,...**' પાઠમાં છેને. '**णेयंतगदो**' ત્રીજું પદ છે. સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ ત્રિલોકીનાથ પરમાત્માએ '**णेयंतगदो**' જ્ઞેયનો પાર પામી ગયા છે. ત્રણ કાળ, ત્રણ લોક સર્વ જે જ્ઞેય છે એ બધાનો પાર પામી ગયા

છે. કોઈ બાકી રહ્યું નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અરે..! અનિશ્ચિત ક્યાંથી હોય? ભગવાનના જ્ઞાનમાં સર્વ '**જ્ઞેયનો પાર પમાયેલો** છે,...' એમાં શું બાકી છે? કે આ જીવને રાગ થવાનો છે તો જેવું નિમિત્ત આવશે એવો રાગ થશે એવું ભગવાને જોયું છે, એમ છે. આહા..હા..! શું કહ્યું? ભગવાન તો જ્ઞાનમાં જ્ઞેયને પાર પામ્યા છે. આ જીવને પોતાને કારણે જ્યારે રાગ થશે ત્યારે કર્મનો ઉદય એવો હશે એવું ભગવાને જ્ઞાનમાં પહેલેથી જોયું છે. જ્ઞેયને પાર પામ્યા છે. સમજાણું કાંઈ? આહા..હા..! કેવળજ્ઞાનીમાં તો (અજ્ઞાનીઓ) એમ કહે કે ભવિષ્યની પર્યાય કેવી હશે? જેવું નિમિત્ત આવશે એવી થશે, એવું ભગવાને જોયું છે. એમ છે નહિ.

મુમુક્ષુ :- કેવળજ્ઞાન છે.

ઉત્તર :- કેવળજ્ઞાન છે. અને કેવળજ્ઞાન તો આ કહ્યુંને. '**णेयंतगदो**' ત્રીજું પદ છે? '**णेयंतगदो**'-જ્ઞેયના અંતને પ્રાપ્ત. '**गदो**' એટલે પ્રાપ્ત. સર્વ જ્ઞેયો જાણ્યા છે ભગવાને. જે સમયે જેને સમ્યગ્દર્શન થશે એ જ સમયે એને દર્શનમોહનો અભાવ થશે, એના દર્શન(મોહનીય)નો, એ બધી નિમિત્ત અને નૈમિત્તિક પર્યાય ત્રણ કાળની ભગવાનના એક સમયમાં જ્ઞેયને પાર પમાયેલી છે, કોઈ બાકી રહી નથી. સમજાણું કાંઈ? આહા..હા..! શું છે? ક્યો શબ્દ છે?

જુઓ! ત્રીજા પદની વ્યાખ્યા છે. '**णेयंतगदो**' જ્ઞેયના અંતને પમાયેલો છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રણ કાળ, ત્રણ લોકના જ્ઞેયને પાર પામ્યા છે, કોઈ જ્ઞેય બાકી રહ્યું નથી. સમજાણું કાંઈ? ભાઈ! ભગવાનના જ્ઞાનમાં તો કેવળીએ એમ જોયું છે કે જ્યારે એને એવો ઉદય આવશે, કારણ કે વિકાર તો ભિન્ન-ભિન્ન થાય છે, તો ભિન્ન-ભિન્નમાં નિમિત્તતા ભિન્ન-ભિન્ન હોય છે, તો ક્યા ક્યા નિમિત્ત હોય છે અને ક્યો વિકાર છે એવી અવ્યવસ્થા જ્ઞાનમાં છે. એ વ્યવસ્થા આવી થશે એમ જ્ઞાની જાણતા નથી એમ (અજ્ઞાનીઓ) કહે છે. એય..! જ્ઞાનચંદજી! નથી હજી કેવળજ્ઞાનની ખબર, નથી પદાર્થની અવસ્થાની ખબર. બધી ભ્રમણા છે અજ્ઞાનની. આહા..હા..! જ્ઞેયની ખબર નથી.

એ જ્ઞેયનો પણ સ્વભાવ જ્યાં જે પર્યાય સત્ (છે) એ ખરેખર તો, જ્ઞેયની એ સમયની પર્યાય રાગ હોય કે નિર્મળ હોય, ખરેખર તો નિમિત્ત વિના પૂર્વની-પછીની પર્યાય વિના અને દ્રવ્ય-ગુણના અવલંબન વિના પર્યાય થાય તેને સત્પર્યાય કહેવામાં આવે છે. પરિણતિ પણ સત્ છે. દ્રવ્ય જેમ સત્ છે, ગુણ જેમ સત્ છે, એમ પરિણતિ પણ સત્ છે. તો એ પરિણતિ સત્ દ્રવ્યના સત્ની દરકાર કરતી નથી. આહા..હા..!

ફરીથી. રાગાદિ જે પરિણતિ છે અથવા સમ્યગ્દર્શન આદિની પરિણતિ, પર્યાય છેને ઈ? એ પર્યાય નિમિત્તની અપેક્ષા તો રાખતી નથી, પૂર્વની પર્યાયની અપેક્ષા રાખતી નથી, પણ સત્ હોવાથી દ્રવ્યના સત્ની પણ એને અપેક્ષા નથી. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ!

વસ્તુની ખબર ન મળે અને વસ્તુની (ઉંધી) પ્રરૂપણા કરે, મિથ્યાત્વનું પોષણ કરે અને માને કે અમે ધર્મકથા કરીએ છીએ. સમજાણું કાંઈ? ધર્મકથા કરીએ છીએ. હોય મિથ્યાત્વના પોષણની કથા. અહીં ઈ કહે છે, સમય સમયની પર્યાય જડની હોય કે ચૈતન્યની હોય, વિકાર હોય કે અવિકાર હોય, દ્રવ્ય સત્‌ની દરકાર કર્યા વિના પોતાની પર્યાય નિરાલંબ એ સમયે પોતાથી થાય છે. પર્યાયનું કારણ પર્યાય છે. નિશ્ચયમાં પર્યાયનું કારણ દ્રવ્ય પણ નથી. આહા..હા..! ભારે કથન! સમજાણું કાંઈ? વસ્તુનું સ્વરૂપ એવું છે. વૈદ્યરાજજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છેને, પોતાની પર્યાય સત્ છે કે નહિ? સત્ અહેતુક છે. '**उत्पादव्ययध्रौव्ययुक्तं सत्**'. ઉત્પાદ-વ્યય પણ અહેતુક છે. હેતુ-ફેતુ છે નહિ નિશ્ચયમાં. પોતાને કારણે ઉત્પાદ, પોતાને કારણે વ્યય અને પોતાને કારણે ત્રિકાળ (રહે છે). સમજાણું કાંઈ?

તો અહીંયાં પણ કહે છે કે કર્મની પર્યાયનો નાશ એને કારણે ત્યાં થયો. કેવળજ્ઞાનમાં પ્રત્યક્ષપણું અને જ્ઞેયમાં પારંગત પોતાની પર્યાયથી થયા. કોઈ પર્યાય બાકી રહી નથી. ત્રણ કાળ ત્રણ લોક ભગવાનના જ્ઞાનમાં સર્વ જ્ઞેયો આવી ગયા. સર્વ જ્ઞેયો આવી ગયા તો મર્યાદિત થઈ ગયું, તો આપણે પુરુષાર્થ કરવાનું રહ્યું નહિ. એય..! પંડિતજી! જુઓ, શું કહે છે? '**જ્ઞેયનો પાર પમાયેલો છે,...**' સર્વ જ્ઞેય જ્યાં જ્યાં દ્રવ્ય-ગુણ-પર્યાય જેવા છે તેને જાણી લીધું છે, તો એ સમયે જે પર્યાય થશે તે થશે, પોતાનો પુરુષાર્થ કામ નહિ કરે.

મુમુક્ષુ :- અપની તો છુટ્ટી હો ગઈ.

ઉત્તર :- ક્યાં છુટ્ટી થઈ? એમ છે જ નહિ. કેવળજ્ઞાનની એક સમયની પર્યાય સર્વ જ્ઞેયોને પાર પમાયેલી છે એવો જેણે નિર્ણય કર્યો, એની દૃષ્ટિ દ્રવ્ય સન્મુખ થતાં જ નિર્ણય થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! કેવળજ્ઞાનની પર્યાયમાં જ્ઞેયને પાર પામ્યા, સર્વ જ્ઞેયને પ્રાપ્ત થઈ. કોઈ પર્યાય બાકી નહિ જ્ઞાનમાં જાણવામાં. ત્રણે કાળમાં જ્યાં જે થશે, જ્યાં જ્યાં જે નિમિત્ત (હશે એ) બધું કેવળજ્ઞાનમાં નિશ્ચિત છે. એવું જ્ઞાન જગતમાં છે એવો નિર્ણય કરનારો પોતાની પર્યાય ઉપર લક્ષ ન કરતાં, રાગ ઉપર લક્ષ ન કરતાં, ત્રિકાળી સ્વભાવ, સર્વજ્ઞ સ્વભાવ પોતામાં પડ્યો છે એના ઉપર લક્ષ કરીને, આશ્રય કરીને પર્યાયમાં નિર્ણય કરે છે તો પુરુષાર્થ થયો. સમજાણું કાંઈ? પુરુષાર્થ એટલે કાંઈ બહારમાં કૂદવું એ છે? એય..! દેવચંદજી! તમારે આ ફેરી બરાબર આવશે ચોમાસામાં. વિદ્યાનંદજીનું છે ચોમાસુ. એનું ચોમાસું ત્યાં થયું છે સરહાનપુર. લૌકિક વાત છે. બાકી તો બધું...

અમારી પાસે આવ્યા હતા. વ્યાખ્યાન સાંભળવા આવ્યા હતા. ત્યાં દિલ્હી આવ્યા હતા. એક કલાક આવ્યા હતા. કાંઈ ઠેકાણા ન મળે. સ્વસમય સિદ્ધમાં હોય છે. ચૌદમા ગુણસ્થાન સુધી પરસમય છે, એમ કહે છે એ લોકો. અરે ભગવાન! શું કરે? ચૌદમા સુધી પરસમય. અરે..! એમ કહ્યું... કોણ કહે પણ? કોણ બોલે? માણસને કાંઈ સમજણ ન મળે. સ્વસમયની

શુદ્ધતાની પર્યાય તો ચોથેથી શરૂ થાય છે. સમજાણું કાંઈ? તેરમે ગુણસ્થાને પૂર્ણ થાય છે. કેવળજ્ઞાનમાં. સમજાણું કાંઈ? શું કરે? ચીજની ખબર નથી. વસ્તુ સ્વતંત્ર કેવી છે? કોઈ ભગવાને બનાવી નથી. ભગવાને તો જેવું હતું એવું જ્ઞાનમાં પાર પામ્યા છે. એમણે બનાવી છે? કેવળીએ બનાવી છે કોઈ ચીજને? શું કહ્યું જુઓને. **'જ્ઞેયનો પાર પમાયેલો છે,...'** જેટલા ત્રણ કાળમાં, ત્રણ લોકમાં જ્ઞેય છે દ્રવ્ય-ગુણ-પર્યાય, વિકાર, અવિકાર, નિમિત્ત બધા-બધું ભગવાનના જ્ઞાનમાં એક સમયમાં આવી ગયું છે. એનાથી આઘું-પાછું કંઈ થશે નહિ. આવો નિર્ણય કરનારો પોતાના જ્ઞાયક તરફ વળ્યા વિના એને યથાર્થ નિર્ણય થતો નથી. સમજાણું કાંઈ? ધારણામાં પણ લઈ લે કે આવા જ્ઞેયને પાર પામ્યા છે, ત્રણ કાળને ભગવાન દેખે છે એમ ધારણામાં લઈ લે, તોપણ યથાર્થ નિર્ણય નથી. સમજાણું કાંઈ? ધારણાનો નિર્ણય યથાર્થ નથી. એ તો પરલક્ષી નિર્ણય છે. આહા..હા..! પોતાનો ભગવાન અનંત જ્ઞાન અને આનંદ પિંડ પ્રભુ એની ઉપર જ્યાં દૃષ્ટિની થાપ પડી ત્યારે જે પર્યાયમાં નિર્મળતા પ્રગટ થઈ ત્યારે તેને કેવળજ્ઞાનીનો નિર્ણય થયો. એ વિના નિર્ણય થતો નથી. સમજાણું કાંઈ? એવી વાત છે.

કહે છે કે ભગવાન તો **'જ્ઞેયનો પાર પમાયેલો છે, તેથી...'** ભગવાન. આ કારણ. કારણ બતાવ્યાને બધા? આ કારણે ભગવાન સર્વજ્ઞદેવ અભિલાષા નથી કરતા. જુઓ! એ અભિલષિત હતુંને લોકમાં પહેલા? ભગવાનને તો **'અભિલાષા નથી.'** ભગવાનને મોહ નથી, તો અભિલાષા નથી, તૃષ્ણા નથી અને **'જિજ્ઞાસા નથી.'**

મુમુક્ષુ :- જાણવાનું છે નહિ.

ઉત્તર :- જાણવાનું છે નહિ, જિજ્ઞાસા નથી.

**'અને સંદેહ નથી;...'** સંદિગ્ધ નથી. સર્વ અસંદિગ્ધ. ત્રણ કાળ ત્રણ લોકના દ્રવ્ય-ગુણ-પર્યાય જાણે છે. આમ થશે કે નહિ થાય એવું કાંઈ નથી. એક સમયની પર્યાયમાં ત્રણ કાળ, ત્રણ લોક અસંદિગ્ધ—સંદેહ વિના ભગવાન જાણે છે. મહારાજ! **'સંદેહ નથી; તો (તેમને) અભિલષિત, જિજ્ઞાસિત અને સંદિગ્ધ પદાર્થ ક્યાંથી હોય?'** જ્યારે તેમને અભિલાષા નથી, જિજ્ઞાસા નથી અને સંદેહ નથી તો અભિલષિત, જિજ્ઞાસિત અને સંદિગ્ધ પદાર્થ (ક્યાંથી હોય)? એમને કોઈ પદાર્થ અભિલષિત રહ્યો નહિ, જિજ્ઞાસા જાણવાની રહી નહિ, સંદિગ્ધ રહ્યો નહિ. **'આમ છે તો પછી તેઓ શું ધ્યાવે છે?'** એવા ભગવાન ધ્યાન કોનું કરે છે? એવો પ્રશ્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેટલી આચાર્યે દલીલ સિદ્ધ કરી છે જુઓ! એવા પરમાત્મા સર્વજ્ઞદેવ તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમાત્મા જેની દશામાંથી મોહ ઘાતિનો નાશ થયો, એની દશાના નિમિત્તમાં, પોતાની પર્યાયમાં વીતરાગતા થઈ પોતાને કારણે. અભિલાષા રહી નહિ, જિજ્ઞાસા રહી નહિ અને જ્ઞાનનું પ્રતિબદ્ધ કારણ જ્ઞાનાવરણીય એને કારણે નાશ થયો, પોતાને કારણે પ્રત્યક્ષ જ્ઞાન પોતામાંથી પ્રગટ થયું તો જિજ્ઞાસા રહી

નહિ કે શું ચીજ હશે? ભવિષ્યમાં શું છે? સમજાણું કાંઈ? એવા ભગવાન મોહરહિત, અભિલાષા રહિત, જિજ્ઞાસા રહિત, સંદિગ્ધ રહિત, સંદેહ રહિત ક્યા પદાર્થનું ધ્યાન કરે છે? એવો પ્રશ્ન છે. આહા..હા..! એવો શિષ્યનો પ્રશ્ન છે. ઓહો..હો..! **'આમ છે તો પછી તેઓ શું ધ્યાવે છે?'** કેટલી વાત લે છે જુઓ! કેવળજ્ઞાની પણ શું ધ્યાવે છે? આહા..હા..!

**'ભાવાર્થ :- લોકને (જગતના સામાન્ય જીવસમુદાયને)...'** સર્વજ્ઞ સિવાય, જગતના સામાન્ય જીવસમુદાયને, **'મોહકર્મનો સદ્ભાવ હોવાથી તે તૃષ્ણા સહિત છે...'** જુઓ મેળવ્યું એમણે. મોહકર્મની હયાતી હોવાથી સાધારણ પ્રાણીને તૃષ્ણા છે. **'તેથી તેને ઈષ્ટ પદાર્થની અભિલાષા હોય છે;...'** જુઓ, તૃષ્ણા છે તો તેને પ્રિય પદાર્થની અભિલાષા થાય છે. **'વળી તેને જ્ઞાનાવરણીયકર્મનો સદ્ભાવ હોવાથી તે ઘણા પદાર્થોને તો જાણતો જ નથી...'** સમજાણું કાંઈ? પોતાની પર્યાયમાં હીનતા હોવાને કારણે અને જ્ઞાનાવરણીયનું નિમિત્ત હોવાથી તે સર્વને જાણતો નથી.

મુમુક્ષુ :- ઘણા પદાર્થોને.

ઉત્તર :- ઘણા પદાર્થ ક્યાંથી જાણે? અલ્પ અનંતમે ભાગે જાણે. એ તો સાધારણ મિથ્યાદૃષ્ટિ જેવી વાત લીધી છે. અભિલાષા છેને? સમજાણું કાંઈ?

**'તથા જે પદાર્થને જાણે છે તેને પણ પૃથક્કરણપૂર્વક—સૂક્ષ્મતાથી—સ્પષ્ટતાથી જાણતો નથી...'** જાણે છે એમાં પણ, ઘણા નથી જાણતો એમાં પણ. જાણે છે એમાં પણ પૃથક્કરણ કરીને-ભિન્ન-ભિન્ન કરીને સૂક્ષ્મતાથી સ્પષ્ટતાથી જાણતો નથી. **'તેથી તેને નહિ જાણેલો પદાર્થને જાણવા માટે જિજ્ઞાસા...'** થાય છે. જિજ્ઞાસાની વ્યાખ્યા કરી. **'નહિ જાણેલા પદાર્થને જાણવા માટે જિજ્ઞાસા તથા અસ્પષ્ટપણે જાણેલા પદાર્થને વિષે સંદેહ હોય છે. આમ હોવાથી તેને અભિલષિત, જિજ્ઞાસિત અને સંદિગ્ધ પદાર્થનું ધ્યાન સંભવે છે.'** તેને એવા પદાર્થનું ધ્યાન સંભવે છે. શું છે? વસ્તુ શું છે? એવું ધ્યાન કરે છે.

**'પરંતુ સર્વજ્ઞ ભગવાનને તો મોહકર્મનો અભાવ હોવાથી...'** જ્ઞાનપ્રધાન કથન છેને એટલે બેયની વાત સાથે લીધી છે. નહિતર તો કહે. **'મોહકર્મનો અભાવ હોવાથી...'** જુઓ. **'તેઓ તૃષ્ણા રહિત છે...'** ભગવાનને તો ઈચ્છા છે જ નહિ, કોઈ તૃષ્ણા જ નથી. **'તેથી તેમને અભિલાષા નથી;...'** એમ. મોહ નથી માટે તૃષ્ણા નથી, માટે અભિલાષા નથી. **'વળી તેમને જ્ઞાનાવરણીયકર્મનો અભાવ હોવાથી...'** જ્ઞાનાવરણીય કર્મનો તો અભાવ છે ભગવાનને. **'તેઓ સર્વ પદાર્થોને જાણે છે...'** સમસ્ત પદાર્થને જાણે છે ... **'તથા પ્રત્યેક પદાર્થને અત્યંત સ્પષ્ટતાથી-પરિપૂર્ણપણે જાણે છે...'** આહા..હા..! ભગવાનના જ્ઞાનની પર્યાયમાં પ્રત્યેક પદાર્થને, દ્રવ્ય-ગુણ-પર્યાયને અત્યંત સ્પષ્ટ, પ્રત્યક્ષ સ્પષ્ટ (જાણે છે) એવું પરિપૂર્ણ ભગવાનનું જ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'પરંતુ...' સમજાણું કાંઈ? '**પરિપૂર્ણપણે જાણે છે...**' પ્રત્યેકને. '**તેથી તેમને જિજ્ઞાસા કે સંદેહ નથી.**' ભગવાનને તો જિજ્ઞાસા અને સંદેહ નથી. '**આ રીતે તેમને કોઈ પદાર્થ પ્રત્યે અભિલાષા, જિજ્ઞાસા કે સંદેહ હોતો નથી, તો પછી તેમને ક્યા પદાર્થનું ધ્યાન હોય છે?**' લ્યો! સ્પષ્ટ થઈ ગયું હવે.

'**એમ સૂત્ર દ્વારા (પૂર્વની ગાથાનો પ્રશ્નનો) ઉત્તર કહે છે :—**' '**હવે, જેણે શુદ્ધ આત્માને ઉપલબ્ધ કર્યો છે...**' ભગવાન આત્મા શુદ્ધાત્માની પૂર્ણ પર્યાય કેવળજ્ઞાન પ્રાપ્ત કરી લીધી છે તેવા '**તે સકળજ્ઞાની (સર્વજ્ઞ આત્મા) આને (પરમ સૌખ્યને) ધ્યાવે છે...**' લ્યો! એ આનંદનો અનુભવ કરે છે એમ કહે છે. સમજાણું કાંઈ? પરમ આનંદમૂર્તિ ભગવાન આત્મા એનું એકાગ્ર થઈને ધ્યાન કરે છે એમ કહે છે લ્યો! ઓહો..હો..! નીચે પણ સમ્યગ્દૃષ્ટિ... મિથ્યાદૃષ્ટિને તો એ ધ્યાન હોતું જ નથી, સમ્યગ્દૃષ્ટિ પોતાનું શુદ્ધ આનંદસ્વરૂપ ભગવાન આત્મા એનું જ્ઞાન થતાં આનંદનો સ્વાદ સાથે આવે છે, પણ અલ્પ સ્વાદ છે, અલ્પ આનંદ છે. સમજાણું કાંઈ? પરમ સૌખ્ય એવો શબ્દ પડ્યો છેને? પરમ આનંદ. સમ્યગ્દર્શનમાં સમકિતીને આનંદ છે પણ અલ્પ આનંદ છે. સમ્યગ્દર્શન થયું અને સમ્યગ્જ્ઞાન થયું તો એની સાથે આનંદ પણ સાથે થયો. જો અતીન્દ્રિય આનંદ સાથે ન હોય તો એ જ્ઞાન અને સમ્યગ્દર્શન પણ થતું નથી. સમજાણું કાંઈ?

પોતાના સ્વરૂપનું જ્ઞાન થાય અને આનંદ ન થાય એ જ્ઞાન જ નથી, અજ્ઞાન છે. સમજાણું કાંઈ? તો અહીંયાં કેવળીની વાત કરે છે અને નીચેની વાત પણ કહે છે. સમ્યગ્દૃષ્ટિને પૂર્ણ આનંદ નથી, પણ પોતાનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય જ્યાં અનંત સુખના સાગરથી ભરેલો છે. સમજાણું કાંઈ? એવા આત્મામાં સમ્યગ્દૃષ્ટિને ચોથે ગુણસ્થાને અતીન્દ્રિય આનંદનો સ્વાદ અને સ્વસંવેદનજ્ઞાન અને સ્વરૂપની કૃતકૃત્યતાનું પરિપૂર્ણતાની પ્રતીત છે. એવા અનંત ગુણ જેટલા છે, અનંતાનંત ગુણ છે. ઓહો..હો..! આત્મામાં અનંત ગુણ છે, પણ અનંતાનંત ગુણ છે. સંખ્યાએ ભગવાન આત્મામાં અનંતાનંત છે. તો એવા અનંતા અનંત ગુણને ધરનાર આત્મા છે એવી અંતર્મુખ દૃષ્ટિ હોવાથી જેટલા અનંતા-અનંતગુણ છે તે બધાની શક્તિની વ્યક્તતા અંશે પ્રગટ સમ્યગ્દર્શનમાં થઈ જાય છે. એવી સર્વજ્ઞને અપૂર્ણતા નથી રહેતી. સંપૂર્ણ આનંદનો અનુભવ છે એમ કહે છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ ભગવાન તો સંપૂર્ણ આનંદનો અનુભવ કરે છે, ધ્યાન કરે છે એમ કહે છે. ધ્યાનનો અર્થ એ છે. એ ક્યા કારણે લીધું? કે હજી એ ધ્યાન કરે છે આનંદનું તો થોડો હજી અઘાતિ કર્મ છેને? ખરી જાય છેને? નાશ પામે છેને? નિર્જરા થાય છેને? એ બતાવે છે. સિદ્ધમાં (કોઈ કર્મ) છે નહિ. એટલું અહીં સિદ્ધ કરવું છે.

જ્ઞેયનો સ્વભાવ કેવળજ્ઞાનમાં પણ ધ્યાન કેમ છે એ પર્યાયમાં? કે એટલું ધ્યાન આનંદનું છે તો એટલી કર્મની નિર્જરા થઈ જાય છે. એટલી હજી અશુદ્ધતા છે કે નહિ? અસિદ્ધભાવ

છે કે નહિ? કેવળીને પણ અસિદ્ધભાવ છે, સિદ્ધભાવ નથી. આહા..હા..! ઓહો..હો..! પરમાત્મા સર્વજ્ઞનો ભાવમોક્ષ થયો, હજી દ્રવ્યમોક્ષ નથી. કર્મના નિમિત્તનો અભાવ નથી. જ્ઞાનમાં બધું આવી ગયું છે, જ્ઞાનમાં કાંઈ બાકી રહ્યું નથી. આ સમયે પૂર્ણ અભાવ થઈ જશે, પૂર્ણ અવ્યાબાધ સિદ્ધદશા થઈ જશે એવું પૂર્ણ જ્ઞાન તો થયું છે, પણ પર્યાયમાં હજી એટલો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે તો સ્વભાવના ધ્યાનથી એ સંબંધ તૂટી જાય છે. સમયે સમયે તૂટતો જાય છે. એ કારણે તેને ધ્યાન, એવા સુખનું ધ્યાન કહેવામાં આવે છે. ખરેખર તો ઉપચાર છે, પણ આ ખરેખર ધ્યાન એમ કહે છે અહીં તો. ભાઈ! ઓલા કહે છેને ઉપચારથી. અહીં તો ખરેખર કહે છે. એ વાત થઈ ગઈ છે. ખરેખરનો અર્થ? એકાગ્ર સંચેતન, એકાગ્ર સંચેતન ધ્યાન કહ્યુંને? આપણે વાત થઈ ગઈ હતી હિંમતભાઈ સાથે. એકાગ્ર સંચેતન. એકાગ્ર શું? કે એકાગ્ર એને છે એવી વાત થઈ હતી, પહેલા ચર્ચા થઈ હતી હિંમતભાઈ સાથે. એમ કે આ ઉપચાર ધ્યાન કહ્યું છેને બીજે ઠેકાણે? કે નહિ. અહીં તો એક અગ્ર પૂર્ણ આનંદકંદનું ધ્યાન છે તે વાસ્તવિક છે. એય..! પંડિતજી!

મુમુક્ષુ :- એકાગ્ર ચિંતા નિરોધો ધ્યાનમ્.

ઉત્તર :- હા, એકાગ્ર ચિંતા (નિરોધ). અહીં સુખની અપેક્ષાએ. ઓલી ચિંતા-બિંતા તો અહીંયા છે નહિ. સમજાણું કાંઈ? એ એકાગ્ર ચિંતા નિરોધ બીજી વાત છે. અહીંયાં તો આનંદની એકાગ્રતા છે એવું ધ્યાન યથાર્થ છે એમ સિદ્ધ કરવું છે. બીજે ઠેકાણે ઉપચારથી કહ્યું છે એ બીજી વાત છે.

મુમુક્ષુ :- આનંદને ધ્યાન કહે છે.

ઉત્તર :- ધ્યાન બસ. આનંદનો અનુભવ છે તો ક્ષણે ક્ષણે પર્યાયમાં શુદ્ધતા પ્રગટ થાય છે, પ્રતિજીવી ગુણની અશુદ્ધતા ટળે છે અને પૂર્ણ ટાળીને પૂર્ણ શુદ્ધ થઈ જાય છે. ઓહો..હો..! સમય સમયના જ્ઞેયનો કેવો સ્વભાવ છે એ અહીંયા બતાવે છે.

મુમુક્ષુ :- પ્રતિજીવી ગુણની અપેક્ષાથી છે?

ઉત્તર :- અશુદ્ધતા છેને હજી. ચાર કર્મનો ઉદય છે એટલો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. સમજાણું કાંઈ? આનંદનું ધ્યાન કરે છે. આહા..હા..! આનંદ તો પૂર્ણ છે. સમજ્યા? સકળ જ્ઞાની પરમ સુખનું ધ્યાન કરે છે. જુઓ શબ્દ આવ્યો છે. ૧૯૮.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ.

મુમુક્ષુ :- સુખમાંથી પાછા નથી ફરતા.

ઉત્તર :- પાછા નથી ફરતા અને એ આનંદની વૃદ્ધિ થાય છે અર્થાત્ સુખ તો પૂર્ણ છે, પણ શુદ્ધતા થોડી કાચી છે, શુદ્ધ પૂર્ણ નથી. કેવળી પૂર્ણ શુદ્ધ નથી, આનંદ પૂર્ણ છે. પૂર્ણ શુદ્ધ હોય તો અસિદ્ધપણું નથી રહેતું. એ (અશુદ્ધતા) અઘાતિ કર્મને કારણે નહિ.

એય..! પંડિતજી! પોતાની પર્યાયની એવી યોગ્યતાને કારણે અશુદ્ધતા હજી તેરમે છે. અશુદ્ધતા ન હોય તો કર્મનું નિમિત્ત ન રહે. સમજાણું કાંઈ? અને અશુદ્ધતા છે તો આનંદનું ધ્યાન કરવાથી ક્ષણે ક્ષણે અશુદ્ધતા નાશ પામે છે. અરે ભગવાન! ભારે વાત ઝીણી ભાઈ!

આ તો કોઈ કહે કે ભાઈ! એક જ આત્મા અનુભવમાં આવનારો છે. તો એમ નથી. આત્મા તો અનંત છે. અને એક આત્માનો એક સાથે અનુભવ પૂર્ણ થઈ ગયો એમ પણ નથી. અને જ્ઞાનમાં આનંદનો પૂર્ણ અનુભવ થયો તોપણ ત્યાં થોડી અશુદ્ધતા બાકી છે એમ સિદ્ધ કરે છે. એવો જ્ઞેયનો આત્માનો સ્વભાવ છે એમ કહે છે. આહા..હા..! કર્મને કારણે નહિ, અઘાતિને કારણે નહિ. એમ કહે છેને કે જુઓ, ભગવાનને પણ અઘાતિને કારણે ફરવું પડે છે, ભટકવું પડે છે. બિલકુલ ખોટી વાત છે. પરને કારણે પોતામાં કાર્ય થાય એવી વાત જ નથી. પણ પોતામાં જરી અશુદ્ધતાનું વ્યાપ્ય કાર્ય છે. આહા..હા..! અસિદ્ધભાવ છે કે નહિ? અસિદ્ધભાવ છે કે સિદ્ધ છે? આહા..હા..! કેટલી વાતને પકડી છે! એ સ્વરૂપનું ધ્યાન કરતાં-કરતાં અશુદ્ધતાનો નાશ થઈ જશે, પૂર્ણ સિદ્ધ થઈ જશે. માટે તેને વાસ્તવિક ધ્યાન છે એવું ૧૯૮ ગાથામાં સિદ્ધ કરશે લ્યો!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જેઠ વદ ૬, ગુરુવાર, તા. ૦૫.૦૬.૧૯૬૯**
**ગાથા-૧૯૮, પ્રવચન-૧૭૪**

૧૯૮ ગાથા. પ્રવચનસાર, જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન.

**सव्वाबाधविजुत्तो समंतसव्वक्खसोक्खणाणड्ढो।**
**भूदो अक्खातीदो झादि अणक्खो परं सोक्खं।।१९८।।**

**બાધા રહિત, સકલાત્મામાં સંપૂર્ણ સુખજ્ઞાનાઢ્ય જે,**
**ઈન્દ્રિય-અતીત અનિંદ્રિ તે ધ્યાવે પરમ આનંદને. ૧૯૮.**

એનો અન્વયાર્થ ગાથાનો. શું કહે છે? સર્વજ્ઞ કેવળજ્ઞાની પરમાત્મા જેને મોહ નથી, જ્ઞાનની પૂર્ણ દશા પ્રગટ થઈ છે, તૃષ્ણા નથી, કોઈ અભિલાષા નથી, કોઈ જિજ્ઞાસા નથી, કોઈ સંદિગ્ધપણું નથી તો એવા ભગવાન કોનું ધ્યાન કરે છે? આ પ્રશ્ન છે. સમજાણું કાંઈ? તેના ઉત્તરરૂપ ગાથા છે.

'**અનિન્દ્રિય...**' એ ભગવાન તો અનિન્દ્રિય છે, અનિન્દ્રિય છે—ઈન્દ્રિયરહિત છે. '**અને**

**ઇન્દ્રિયાતીત થયેલો...'** છે. અણીન્દ્રિય છે એવું સિદ્ધ કર્યું પહેલા, પછી ઇન્દ્રિય અતીત થયો આત્મા. ઇન્દ્રિયથી રહિત થયો છે. અણીન્દ્રિય છે, ઇન્દ્રિયથી રહિત થયો છે. સમજાણું કાંઈ? દુનિયા ઇન્દ્રિયથી જોઈ શકે એવી ચીજ નથી.

તથા **'સર્વ બાધા રહિત અને આખા આત્મામાં...'** આખા આત્મામાં, અસંખ્ય પ્રદેશમાં- સંપૂર્ણ આત્મામાં **'સમંત (સર્વ પ્રકારનાં,...'** સર્વ પ્રકારથી પરિપૂર્ણ એવા આત્માને **'સૌખ્ય તેમ જ જ્ઞાનથી સમૃદ્ધ વર્તતો થકો...'** સંપૂર્ણ જ્ઞાન અને પરિપૂર્ણ સુખ એવી સમૃદ્ધિ સહિત રહેતો થકો **'परं सौख्यं ध्यायति'** પરમ આનંદમૂર્તિ ભગવાન આત્મા તેનું ધ્યાન કરે છે. આહા..હા..! નીચે પણ ધર્મી જીવને, પોતાનો આનંદ અને જ્ઞાન પૂર્ણ સ્વરૂપ ભગવાન કૃતકૃત્ય પરિપૂર્ણ છે એનું જ્ઞાનીને ધ્યેય, ધ્યાન અને એ જ સમ્યગ્દર્શનનો વિષય છે. સમજાણું કાંઈ? ન આવ્યું? ફરીને.

પ્રથમ જ સમ્યગ્દષ્ટિને ચોથા ગુણસ્થાનથી, ભગવાન આત્મા જ્ઞાન અને સુખથી પરિપૂર્ણ છે એવો ધ્યાનનો વિષય બનાવી પહેલેથી જ એને અનંત આનંદ અને જ્ઞાનનો અનુભવ થાય છે. પર્યાયમાં અનંત જ્ઞાન, આનંદ એવા આત્માનો અનુભવ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય સુખથી ભરેલો છે. એવો પ્રભુ તેને સમ્યગ્દષ્ટિ જીવ એ પૂર્ણ આનંદ અને જ્ઞાનને ધ્યેય બનાવીને, વિષય બનાવીને, વિષય કુરુ- ધ્યેય બનાવી પોતાના ધ્યાનમાં એ વસ્તુસ્વરૂપને દૃષ્ટિમાં લે છે. એથી પર્યાયમાં તેને અનંત આનંદ માંહ્યલો અમુક આનંદ આવે છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞને પૂર્ણ આનંદ ઉપર દૃષ્ટિ અને પૂર્ણ અસંખ્ય પ્રદેશમાં સમસ્ત પ્રકારના આવરણનો અભાવ હોવાથી, તૃષ્ણાનો, મોહનો અભાવ હોવાથી પૂર્ણ આનંદ અને જ્ઞાનસ્વરૂપ એવો ભગવાન આત્મા એનું ધ્યાન કરે છે. ધ્યાન તો જ્ઞાની પણ એનું કરે છે, પણ જ્ઞાનીને સ્થિરતા ઓછી છે નીચે સમકિતીને. ચોથે ગુણસ્થાને હોય, પાંચમે હોય સાચા શ્રાવક. સમજાણું કાંઈ? પંચમ ગુણસ્થાનમાં શ્રાવક હોય. અસંખ્ય શ્રાવક પશુ અઢી દ્વીપ બહાર છે. સાંભળ્યું છે કે નહિ? સમકિતી છે પાંચમા ગુણસ્થાનવાળા, આત્માના આનંદનો અનુભવ કરનારા. હજાર-હજાર યોજનના મચ્છ, પણ એ અનુભૂતિ સમ્યગ્દર્શન છે તો પાંચમા ગુણસ્થાને પણ એવું શરીર હોવા છતાં પણ અને કોઈ બાહ્ય સાધન ત્યાં નથી, એ તો દરિયામાં રહે છે, એવા અસંખ્ય મગરમચ્છ સમકિતી પડ્યા છે. એ આત્માના અનંત આનંદ અને જ્ઞાનનું ધ્યાન કરે છે તો તેને અનંત આનંદમાંથી આનંદ અને સ્વસંવેદનજ્ઞાન થાય છે. ભગવાનને પરિપૂર્ણ થાય છે. સમજાણું કાંઈ? જાત તો એક જાતની છે. જે આનંદ સર્વજ્ઞ પરમેશ્વર પૂર્ણ જ્ઞાન અને આનંદનો અનુભવ કરે છે એ જ આનંદની જાત સમ્યગ્દષ્ટિને પહેલેથી ધર્મની દશામાં... સમજાણું કાંઈ? એ જ આનંદની જાતનો આનંદ અને એ જાતનું સ્વસંવેદન, સ્વસન્મુખનું જ્ઞાન (હોય છે). ધનાલાલજી! એ આગળ વધીને કેવળજ્ઞાન અને પૂર્ણ આનંદ થઈ જાય. તો એ કેવળી કોનું ધ્યાન કરે છે?

એ પ્રશ્ન કર્યો. તો એનો ઉત્તર આપે છે.

'**જ્યારે આ આત્મા, જે સહજ સુખ અને જ્ઞાનને બાધાના આયતનો છે...**' ભાષા જુઓ. ઈન્દ્રિયાતીત બતાવવું છેને? ભગવાન આત્મા સ્વભાવિક આનંદ, સહજાનંદ સ્વરૂપ અને સહજ જ્ઞાન, સ્વભાવિક આત્માનું જ્ઞાન અને સ્વભાવિક આનંદ એને બાધાનું સ્થાન, વિઘ્ન કરવાનું સ્થાન ઈન્દ્રિય છે.

મુમુક્ષુ :- ઈન્દ્રિય જોવાનું સ્થાન છે કે બાધાનું સ્થાન છે?

ઉત્તર :- વિઘ્નનું સ્થાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો આપણે અલિંગગ્રહણમાં આવ્યુંને. આત્માને ઈન્દ્રિયથી જાણવું થતું જ નથી. પાંચ ઈન્દ્રિયથી જે કાંઈ સાંભળવામાં અને જાણવામાં આવે એ આત્માનું જ્ઞાન જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મા એને કહીએ કે જેને ઈન્દ્રિયથી જાણવું થતું નથી. ઈન્દ્રિયથી જાણવું થાય એ આત્માનું જ્ઞાન નહિ અને એ આત્મા નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો આવી ગયુંને આપણે? અલિંગગ્રહણના ૨૦ બોલમાં પહેલો બોલ. અલિંગગ્રહણ, એક અલિંગગ્રહણના ૨૦ અર્થ. અલિંગગ્રહણના ૨૦ અર્થ. એ તો ઘણા વિસ્તારથી પહેલા ચાલ્યું છે. ચાલી ગયો અધિકાર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લખ્યું હતું. પહેલા આવે તો સાંભળે એવી ચીજ ચાલી ગઈ. બહુ ચાલ્યું. અલિંગગ્રહણનો અધિકાર ૨૨ દિવસ ચાલ્યો. અને એક આ અધિકાર ૭૫, ૭૬, ૭૭, ૭૮, ૭૯. અહીંયા ચાલ્યો. એ તો ૩૦૦ છોકરાઓ બહારથી આવ્યા હતાને ૩૦૦. બહારથી ૩૦૦ છોકરાઓ ભણવા આવ્યા હતા. કેટલાક સમજવા બેસતા હતા, કેટલાક રખડતા હતા. બે કલાક. ... એ તો બાળક છેને. બે વખત ભણતા હતા. ત્યાં વ્યાખ્યાનમાં બહુ થોડા હોય. ઘણું ચાલ્યું.

અહીં તો કહે છે કે ઈન્દ્રિય જેમાં નિમિત્ત છે એવું જે જ્ઞાન તે જ્ઞાન જ નથી. દેવચંદજી! આહા..હા..! તો અહીં કહે છે કે ઈન્દ્રિયો તો સર્વ સુખ અને જ્ઞાનમાં વિઘ્ન કરનારી છે. આહા..હા..!

મુમુક્ષુ :- બેયમાં?

ઉત્તર :- બેયમાં. આહા..હા..!

ભગવાન આત્મા સ્વભાવિક આનંદ અને સ્વભાવિક જ્ઞાનનો ભંડાર પ્રભુ એવા આત્મામાં બાધાનું આયતન-સુખ અને જ્ઞાનને વિઘ્ન કરવાનું સ્થાન, વિઘ્નનું આયતન. સમજાણું કાંઈ? આહા..હા..! લોકો કહે, પણ અમને પાંચ ઈન્દ્રિય મળી છેને. તો પાંચ ઈન્દ્રિય મળી. એકેન્દ્રિયને પાંચ નથી તો એટલો ક્ષયોપશમ નથી એને. પાંચ ઈન્દ્રિય મળી તો એટલી તો અમને અનુકૂળતા થઈને. પર્યાપ્ત. એ બધી વાત જ ખોટી છે. સમજાણું કાંઈ? પાંચ ઈન્દ્રિય મળી અને એ સંબંધી જે સાંભળવાથી જ્ઞાન થયું તે જ્ઞાન જ નથી. આહા..હા..! તો કહે છે કે ભગવાન

આત્મા... જુઓ, અહીંયાં તો પહેલેથી જ બતાવે છે. સમ્યગ્દૃષ્ટિને પણ ઇન્દ્રિયો છે તે સહજ જ્ઞાનમાં, સુખમાં બાધા કરનારી છે. સહજ સુખ અને જ્ઞાનમાં વિઘ્નમાં નિમિત્ત છે. જ્ઞાન અને સુખ થવામાં તે અનુકૂળ નિમિત્ત નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ તો ઉપરના ગુણસ્થાનેને?

ઉત્તર :- અરે..! હજી ચોથા ગુણસ્થાનની વાત છે. ઉપરની ક્યાં વાત છે?

ભગવાન આત્મા ઇન્દ્રિયો અને વિકલ્પથી પાર છે. એ વિકલ્પને અડ્યો નથી અને ઇન્દ્રિયોને પણ કદી સ્પર્શ્યો નથી. કેમકે વિકલ્પ એ આસ્રવ છે અને ઇન્દ્રિયો તે અજીવ છે. અને ખંડ ખંડ ઇન્દ્રિય એ પણ ખંડ ખંડ છે તો એનો આશ્રય કરવાથી તો રાગ ઉત્પન્ન થાય છે. ભગવાન આત્મા એ આસ્રવ અને અજીવથી તો ભિન્ન છે.

મુમુક્ષુ :- ક્યારે?

ઉત્તર :- અત્યારે. ક્યારે શું? આહા..હા..! સમજાણું કાંઈ? જીવ, આસ્રવ અને અજીવ એમ ત્રણ તત્ત્વો છે કે નહિ? તો ત્રણ ક્યારે રહેશે? જીવ, આસ્રવ અને અજીવ. વળી સંવર-નિર્જરા પછી. આસ્રવ, અજીવ અને જીવ ત્રણ તત્ત્વ ભિન્ન છે. નહિતર ત્રણ એક થઈ જાય તો એક રહેતા નથી. સમજાણું કાંઈ? તો શરીર, વાણી એ અજીવતત્ત્વ છે એ અજીવમાં છે, આ જીવમાં નથી. જીવ તો તેનાથી રહિત છે. અને દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજાનો વિકલ્પ જે ઉઠે છે તે આસ્રવતત્ત્વ છે. એ આત્મામાં નથી. કારણ કે એ આસ્રવતત્ત્વ આત્મામાં નથી, આત્મા આસ્રવતત્ત્વમાં નથી. પંડિતજી! ભારે ઝીણું તત્ત્વ. લોકોને ચાલતું નથીને એટલે એમ થાય, આ શું છે? આહા..હા..! એકલો નિશ્ચય-નિશ્ચય. પણ વ્યવહાર શું છે? અરે! વ્યવહાર તારો, હવે, સાંભળ તો ખરો! નિશ્ચય વિનાનો વ્યવહાર કેવો? વ્યવહાર તો અજીવ છે, રાગ અચેતન છે. સમજાણું કાંઈ? અંદરમાં ચેતનનો જ્ઞાનાનંદનો સ્વાદ અને અનુભવ થવાથી જે નિશ્ચય થાય ત્યારે જે રાગાદિ થાય તેને અજીવ કહીને, અચેતન કહીને, જ્ઞાનીને નિશ્ચયથી પર વ્યવહાર કહેવામાં આવ્યો છે. અજ્ઞાનીને તો નિશ્ચય પણ નથી અને વ્યવહાર પણ નથી. બેય નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છેને મિથ્યાત્વ છે. એ તો કહ્યું નહિ? સમજાણું કાંઈ? હું આસ્રવ છું એવી દૃષ્ટિ અજ્ઞાનીની હોય છે. કેમકે ચૈતન્ય એનાથી ભિન્ન છે એવું ભાન તો થયું નથી તો ક્રિયાકાંડના જે વિકલ્પ ઉઠે છે એ જ હું છું અને એ હું કરું છું, એવી દૃષ્ટિ અજ્ઞાનીની છે અને એની સાવધાનીમાં પડ્યો છે ઈ. રાગની સાવધાનીમાં છે. આહા..હા..!

મુમુક્ષુ :- એનું ફળ તો વીતરાગતા આવશેને?

ઉત્તર :- રાગના ફળમાં વીતરાગતા થાય? એય..! ..! શૂન્યના સરવાળામાં એક-બેનો આંક હોય? શૂન્ય... શૂન્ય... શૂન્ય... એના સરવાળામાં એક-બે આંકડા હોય? છે જ નહિ.

શૂન્યમાં આંકડો ક્યાંથી આવે? એમ રાગ... રાગ... રાગ... રાગ... એમાં વીતરાગતા ક્યાંથી આવે? રાગ તો વિકાર દુઃખ છે, દુઃખ છે એ તો. વ્યવહાર વિકલ્પ જે સમકિતીને વ્યવહારરત્નત્રયનો થાય છે એ દુઃખ છે, આકુળતા છે. સમજાણું કાંઈ? આકરી વાત. અહીં તો...

મુમુક્ષુ :- સાધન.

ઉત્તર :- સાધન-ફાધન. આનંદનું સાધન દુઃખ? આહા..હા..! કામ એવું છે, વીતરાગ માર્ગ એવો છે, પ્રભુ! લોકોને બિચારાને સાંભળવા મળ્યો નથી અને અન્ય માર્ગને જૈનમાર્ગ માનીને બેઠા છે. સમજાણું કાંઈ? આ તો માર્ગ-સ્વરૂપ જ એવું છે. ભગવાન આત્મા. જુઓને! કેવી વાત લખી છે! સહજ સુખ અને સહજ જ્ઞાન એની બાધાના આયતનો. એ તો વિઘ્નના સ્થાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઇન્દ્રિયો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ ફોડે? ખંડ-ખંડ ઇન્દ્રિયો છે અને દ્રવ્યેન્દ્રિય તે આત્માની ચીજ જ નથી. એ કાલે આવ્યુંને, ૩૧મી ગાથામાં સમયસારમાં આવી ગયું છે. '**जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं**' '**इंदिये जिणित्ता**'ની વ્યાખ્યા. પાંચ ઇન્દ્રિય જડ છે તે અચેતન છે. એનો વિષય બહારનો શબ્દ, રૂપ, રસ, ગંધ ચાહે તો સ્ત્રીના શબ્દ હોય કે ચાહે તો એ વીતરાગની વાણી હોય એ બધો ઇન્દ્રિયનો વિષય છે અને ખંડ ઇન્દ્રિય ભાવ, ભાવ ખંડ ઇન્દ્રિય એ આત્માની નથી. કેમકે ખંડ અંશ છે, અંશ છે અને અંશ ઉપર લક્ષ જતાં રાગ ઉત્પન્ન થાય છે. તો ખંડ ઇન્દ્રિય પણ પોતાનું સ્વરૂપ નથી. એ ત્રણને જીતે તેને સમ્યગ્દૃષ્ટિ જિન કહેવામાં આવે છે. જીતેની વ્યાખ્યા ઈ કે વિષય નામ શબ્દાદિનું લક્ષ છોડીને, જડ ઇન્દ્રિયનું લક્ષ છોડીને, ખંડ ઇન્દ્રિયની અંશબુદ્ધિ, પર્યાયબુદ્ધિને છોડીને ત્રિકાળ જ્ઞાયકમૂર્તિ ભગવાન અનંત આનંદ અને સુખનો પિંડ પ્રભુ સમૃદ્ધ છે એની ધ્રુવ દૃષ્ટિ લગાવી જે સમ્યગ્દર્શન થાય છે તેને જિતેન્દ્રિય અને પહેલી દશાનો જિન કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- નિશ્ચયસ્તુતિ...

ઉત્તર :- એ નિશ્ચયસ્તુતિ કહો કે આ કહો. એમાં તો એ કહ્યું, કે મહારાજ! પ્રભુ સર્વજ્ઞ કેવળીની સ્તુતિ નિશ્ચયથી કોને કહે છે? તમે તો કહો છો કે પર કેવળીની સ્તુતિ એ સ્તુતિ નથી, તો કેવળીની નિશ્ચયસ્તુતિ કઈ? એવો પ્રશ્ન થયો શિષ્યને. તો એના ઉત્તરમાં એમ કહ્યું કે નિશ્ચય કેવળીની સ્તુતિ, ઇન્દ્રિય-ખંડ ખંડ જડ અને નિમિત્ત એ શબ્દ આદિ તરફનું લક્ષ છોડીને અખંડ જે પોતાનું પરિપૂર્ણ કેવળજ્ઞાન અને આનંદ (સ્વરૂપ) તરફ ઢળવાથી, એકાકાર થવું એને કેવળીની સ્તુતિ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- પોતા તરફ ઢળવાની વાત છો તો તેમાં કેવળીની વાત ક્યાં આવી?

ઉત્તર :- એ કેવળી નામ કેવળ આત્મા પૂર્ણ છે એ કેવળી છે. બીજા વળી કેવળી કોણ? ભગવાનના કેવળી એની પાસે છે. અહીંયાં ક્યાં છે? આહા..હા..! સમજાણું કાંઈ?

કુંદકુંદાચાર્યે એવો ઉત્તર આપ્યો છે. ત્રીસમી ગાથા કહી પછી પ્રશ્ન થયો, મહારાજ! નગરનું વર્ણન કરવાથી રાજાનું વર્ણન નથી થતું. એમ બાહ્ય ઇન્દ્રિય આદિનું વર્ણન કરવાથી ભગવાનનું વર્ણન નથી થતું. શુભ રાગાદિનું વર્ણન કરવાથી ઇન્દ્રિયાતીત ચૈતન્યનું વર્ણન નથી થતું, કેવળીનું વર્ણન નથી થતું. તો કેવળીનું વર્ણન, સ્તુતિ કયા પ્રકારે થાય છે? એવો પ્રશ્ન થયો તો એના ઉત્તરમાં એમ કહ્યું. ભગવાન કેવળી કેવળજ્ઞાની અને એની સ્તુતિની વાત છોડી દીધી કેમકે એ તો પર કેવળી છે. સમજાણું કાંઈ?

એમ પ્રશ્ન કર્યો કે ભગવાન કેવળજ્ઞાનીની સ્તુતિ કોને કહે છે? એવો પ્રશ્ન કર્યો છે. ઉત્તરમાં એમ જવાબ આપ્યો કે પોતાનો આત્મા કેવળજ્ઞાન પરિપૂર્ણ આનંદકંદ છે એમાં એકાકાર થઈને અનુભવ કરે છે તેણે ઇન્દ્રિયને જીતી એમ કહેવામાં આવે છે. આમ ઇન્દ્રિય બહારથી જીતે એ જીતે-ફીતે છે જ નહિ. આહા..હા..! અરે.. ભગવાન! સમજાણું કાંઈ? જુઓ! આ અણિન્દ્રિયની વ્યાખ્યા કરે છે. ઇન્દ્રિયાતીત. ઇન્દ્રિય તો બાધારૂપ છે. સમકિતીને પણ ઇન્દ્રિય તો બાધારૂપ છે. આહા..હા..!

મુમુક્ષુ :- અજ્ઞાનીને તો લાભદાયક છેને?

ઉત્તર :- અરે..! ધૂળમાંય અજ્ઞાનીને લાભદાયક નથી. અજ્ઞાની માને છે. સમજાણું કાંઈ? ઇન્દ્રિય તો અજીવ છે. અજીવનું લક્ષ કરીને અને અજીવની અપેક્ષાએ આત્માનું જ્ઞાન થાય છે? આત્મા (સુખસ્વરૂપ) છે, એ તો અજીવ છે. સમજાણું કાંઈ?

તો કહે છે કે '**સહજ સુખ...**' ભગવાન આત્મા. જુઓ, એનું અંદરમાં ધ્યાન કરે, આનંદનો અનુભવ કરે તે કેવળીની સ્તુતિ કરે છે એમ કહ્યું છે. દેવચંદજી! શિષ્યે પ્રશ્ન પૂછ્યો એવો, જવાબ આપ્યો આવો. પણ અમે પૂછીએ છીએ કે કેવળીની સ્તુતિ કોને કહીએ? સાંભળને! તું જ કેવળી છો, બીજા કેવળી કોણ? કેવળજ્ઞાન અને કેવળદર્શનથી ભરેલો તારો પ્રભુ એવો અંતરમાં અનુભવ કરીને એકાકાર થઈને આનંદનો સ્વાદ લે છે એ જ કેવળીની સ્તુતિ કરે છે એમ અમે કેવળી કહીએ છીએ. કેવળી ભગવાન એમ કહે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ!

કહે છે કે ભગવાન આત્મા, આ આત્મા એમ જ્યારે આ આત્મા એમ લીધુંને? આત્મા છે એ પછી કહેશે. પાઠમાં પહેલા બીજી વાત કહે છે. સમજ્યા? પાઠમાં બીજી વાત છે. '**सव्वाबाधविजुत्तो समंतसव्वक्खसोक्खणाणड्ढो**।' એમ. પણ એના પહેલા બીજી વાત કરે છે. અણિન્દ્રિય કહેવું છેને? તો ઇન્દ્રિય કેવી છે એવી વાત કરે છે પહેલા. પછી એનાથી રહિતની વાત કરશે. ભગવાન આત્મા '**જ્યારે આ આત્મા,...**' એમ કહ્યુંને? જ્યારે આ આત્મા સહજ સ્વભાવિક આનંદ અને સ્વભાવિક જે જ્ઞાન છે અંદર પરિપૂર્ણ સ્વભાવ એને

ઇન્દ્રિય બાધારૂપ છે. નીચે છે. '**રહેઠાણ; સ્થાન.**' છે. એ બાધાનું સ્થાન અને નિવાસ છે. આ ઇન્દ્રિયો આત્માના આનંદ અને જ્ઞાનમાં વિઘ્ન કરનારું નિવાસસ્થાન છે, વિઘ્નનું આયતન-ઘર છે, બાધાનું સ્થાન-નિવાસ છે. આહા..હા..! શું કહ્યું? બાહ્ય નિમિત્તનો શું અર્થ કર્યો? એ ઇન્દ્રિયો, પર ઉપર લક્ષ કરે છે તો ઇન્દ્રિય બાધાનું કારણ છે એમ કહેવામાં આવે છે. ઇન્દ્રિયો તો પર છે એ શું કરે? આહા..હા..! સમજાણું કાંઈ? ભાવેન્દ્રિય છેને ખંડ-ખંડ, એ પણ દુઃખનું સ્થાન છે, બાધાનું સ્થાન છે. ભગવાન અખંડ પ્રભુ એકરૂપ સ્વભાવ પરમાત્મા પોતાનું નિજ સ્વરૂપ એના અનુભવની દૃષ્ટિ એની આગળ તો ખંડખંડ ઇન્દ્રિય બાધારૂપ છે. આહા..હા..!

'**આયતનો છે (એવી) તથા જે અસકલ આત્મામાં...**' જુઓ, અસકલ આત્મા. એટલે આખા આત્મામાં નહિ, થોડા આત્મામાં. અસકલ છેને. '**આત્માના સર્વ પ્રદેશોમાં નહિ પણ થોડા જ પ્રદેશોમાં.**' ક્ષયોપશમ છેને ક્ષયોપશમ નીચે? એ થોડા પ્રદેશમાં છે. બધા અસંખ્ય પ્રદેશમાં પૂર્ણ નથી. અસકલ આત્મા એટલે પૂર્ણ આત્મામાં નથી અને '**અસર્વ પ્રકારનાં...**' જુઓ, '**બધા પ્રકારનાં નહિ પણ અમુક જ પ્રકારનાં; અપૂર્ણ. (આ અપૂર્ણ સુખ પરમાર્થે સુખાભાસ હોવા છતાં...**' અપૂર્ણ સુખ કલ્પના. ઇન્દ્રિય તરફનો શુભરાગ હોય કે અશુભરાગ હોય, તે સુખ નથી. અજ્ઞાનીની ભાષામાં સુખ છે, પણ છે દુઃખ. સમજાણું કાંઈ? ઇન્દ્રિય ઉપર લક્ષ જાય છે તો વિષય જે શબ્દ ભગવાનની વાણી સાંભળે તોપણ ત્યાં શુભરાગ છે એ દુઃખરૂપ છે. એમ કહે છે.

મુમુક્ષુ :- તો સાંભળશે કોણ?

ઉત્તર :- સાંભળે કોણ? એ તો એની ઇચ્છાનો કાળ હોય તો સાંભળવામાં આવ્યા વિના રહે નહિ. અરે..! ભગવાન! એવી વાત છે, પ્રભુ! આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે '**બધા પ્રકારનાં નહિ પણ અમુક જ પ્રકારનાં; અપૂર્ણ. (આ અપૂર્ણ સુખ પરમાર્થે સુખાભાસ હોવા છતાં...**' જુઓ! '**સુખ અને જ્ઞાનનાં આયતનો છે...**' સર્વ આત્મા નહિ, પૂર્ણ સકળ આત્મા—આખામાં નહિ અને પૂર્ણમાં નહિ એવા સુખ અને જ્ઞાનના આયતન છે એવી ઇન્દ્રિયો છે. આહા..હા..! અપૂર્ણ જ્ઞાન, દુઃખરૂપ જ્ઞાન અને દુઃખરૂપ ભાવ અને થોડામાં એવી ઇન્દ્રિય આયતન નામ દુઃખનું સ્થાન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**એવી ઇન્દ્રિયોના અભાવને લીધે...**' જુઓ, ભગવાનને તો એવી ઇન્દ્રિયોનો તો અભાવ થયો, અતીન્દ્રિય થયા છે એ તો. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ પણ અતીન્દ્રિય થયા છે, ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! તો કહે છે કે અસકળ આત્મા એટલે પૂર્ણ આત્મામાં નહિ, સર્વ પ્રદેશોમાં નહિ, થોડા પ્રદેશોમાં અને તે પણ અસર્વ પ્રકારના (એટલે) બધા પ્રકારનું સુખ નથી, બધા પ્રકારનું જ્ઞાન નથી એવા આયતનો છે '**એવી**

**ઇન્દ્રિયોના અભાવને લીધે પોતે અતીન્દ્રિયપણે વર્તે છે,...'** ભગવાન. ભગવાન આત્મા પરમેશ્વર સર્વજ્ઞદેવ એવા આયતન જે (સુખ) અને જ્ઞાનથી વિરુદ્ધ બાધાનું સ્થાન છે એવા ઇન્દ્રિયથી રહિત અતીન્દ્રિયપણે વર્તે છે. અહીં અતીન્દ્રિયપણે વર્તે છે એટલું કહે છે. સમજાણું કાંઈ?

**'તે જ વખતે તે બીજાઓને ઇન્દ્રિયાતીત** (ઇન્દ્રિયઅગોચર) **વર્તતો થકો,...'** જુઓ, ભાષા એમ લીધી છે. બીજાઓ એને ઇન્દ્રિયથી ન જોઈ શકે. સમજાણું કાંઈ? બીજા જોવે એ તો એના શરીરને જોવે, એ કોઈ આત્મા નથી. આહા..હા..! **'सव्वाबाधविजुत्तो समंत' 'अक्खातीदो अणक्खो'** એની વ્યાખ્યા કરી છે. આહા..હા..! કહે છે કે ભગવાન પરમેશ્વર અરિહંત સર્વજ્ઞદેવ એવા છે કે જે સહજ જ્ઞાન અને સુખ (સહિત છે) અને સર્વ પ્રકારના પ્રદેશોને નહિ જાણનાર અને સર્વ પ્રકારનું સુખ નથી એવું દુઃખ એના આયતન અને ઇન્દ્રિય છે એ ઇન્દ્રિયથી અતીત છે. તો **'તે જ વખતે તે...'** તે જ સમયે તે **'બીજાઓને ઇન્દ્રિયાતીત વર્તતો થકો,...'** બીજા વડે ઇન્દ્રિયથી જણાય એમ ભગવાન રહેતા નથી. જુઓ, કહે છે કે જે ઇન્દ્રિય ભગવાનને સાંભળવા જાય છે, તો ભગવાનનો જે આત્મા છે એ ઇન્દ્રિયથી જણાતો નથી. આહા..હા..! ભાઈ! શું કહે છે સમજાણું કાંઈ? એ તો અતીન્દ્રિય થયા, પણ બીજો જ્યાં સમવસરણમાં સાંભળવા જાય છે તો ભગવાન તો અતીન્દ્રિય છે, એ તો અતીન્દ્રિયથી જણાય છે ભગવાનનો આત્મા. વાણી આદિ છે એ તો ઇન્દ્રિયથી જણાય છે, એ તો આત્મા છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? વાણી અને શરીર જે દેખાયા એ તો ઇન્દ્રિયથી જોયા, તો ઇન્દ્રિયથી જોવું તે જ્ઞાન અને સુખ છે જ નહિ. એ આત્માનું સ્વરૂપ જ નથી. આહા..હા..! ભારે ઝીણું ભાઈ!

સાચું સમકિત આવું છે. માનેલી કલ્પનાથી અજ્ઞાની માને છે અનાદિથી કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો, નવ તત્ત્વની શ્રદ્ધા કરો, બસ! આપણે માનીએ છીએ એટલે સમકિત છે. મિથ્યાત્વ છે, સાંભળ તો ખરો! સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્ર તો પર છે. પરની શ્રદ્ધામાં તો રાગ થાય છે. રાગમાં સમકિત માનવું એ તો મિથ્યાત્વ છે. નવ તત્ત્વની શ્રદ્ધા, નવ તત્ત્વનો ભેદરૂપ અનુભવ મિથ્યાત્વ છે. સમકિત ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? શું? નવ તત્ત્વનો અનુભવ મિથ્યાત્વ છે. ભેદ છેને. આ જીવ અને અજીવ અને રાગ એનો અનુભવ તો મિથ્યાત્વ છે, વિકલ્પ છે. સમકિત ક્યાંથી આવ્યું એને? આહા..હા..!

અરે! કહે છે કે ભગવાન આત્મા એ તો અણિન્દ્રિય થયા, પણ બીજા વડે પણ ઇન્દ્રિયથી જણાવાલાયક ન રહ્યા. આહા..હા..! કેમકે એ વાણી અને શરીર કાંઈ ભગવાન નથી. સમવસરણમાં જે વાણી અને શરીર છે એ કાંઈ ભગવાન આત્મા છે? તો બીજા જે ઇન્દ્રિય વડે જોવે છે એ તો વાણી અને શરીર છે. સમજાણું કાંઈ? તો ભગવાનનો આત્મા બીજા જીવો ઇન્દ્રિયો દ્વારા જાણે એમ રહ્યું નહિ. બીજા જીવો અણિન્દ્રિયથી જાણે એમ રહ્યા છે.

આહા..હા..! શું કહે છે જુઓ! સમજાણું કાંઈ? લ્યો! એ તો અતીન્દ્રિય રહ્યા, પણ બીજા વડે ઈન્દ્રિયથી જણાય એવા રહ્યા નથી. વાણી અને શરીર પરમ ઔદારિક છે એ કાંઈ ભગવાન નથી, એ તો જડ છે, અજીવ છે. વાણી પણ અજીવ છે અને શરીર પણ અજીવ છે. એ તો અજીવતત્ત્વ છે. એ કાંઈ જ્ઞાયકતત્ત્વ નથી. સમવસરણમાં પણ જે વાણી અને શરીર દેખાય છે એ તો ઈન્દ્રિયથી દેખાય છે. ભગવાન એવા નથી.

મુમુક્ષુ :- ક્યાં લઈ જાય છે?

ઉત્તર :- લઈ જાય છે આત્મામાં, જેવો છે એમાં. શું કહે છે જુઓને.

'**ઈન્દ્રિયાતીત (ઈન્દ્રિયઅગોચર) વર્તતો થકો,...**' આહા..હા..! એ તો આપણે આવી ગયું છે કે બીજા વડે પણ અનુમાનથી આત્મા જણાય એવો આત્મા છે જ નહિ. બીજા વડે આત્મા અનુમાનથી (જણાય એવો નથી). એ અલિંગગ્રહણમાં આવ્યું છે. સમજાણું કાંઈ? ચોથો બોલ. ચોથો બોલ આવ્યો છે. ઈન્દ્રિયથી જણાતો નથી એ પહેલો આવ્યો છે. સમજાણું કાંઈ? અને ઈન્દ્રિયથી પોતાનું જ્ઞાન નથી થતું. ઈન્દ્રિયથી જાણે એ આત્મા નહિ અને ઈન્દ્રિયથી પોતાનું જ્ઞાન થતું નથી. એમ આવ્યું હતું. ઘણી વાતો ચાલી છે. ત્રીજો બોલ એવો આવ્યો છે, અનુમાનથી જણાય તે આત્મા નહિ. અને ચોથામાં એમ આવ્યું કે પર દ્વારા અનુમાન વડે જણાય એ આત્મા નહિ. આત્મા એવો છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? સાંભળનારો (એમ જાણે) કે આ વાણી નીકળે છે તો ત્યાં ભગવાન એવા છે અંદર. એમ ઈન્દ્રિય (દ્વારા) જણાય એવો આત્મા નથી એમ કહે છે અહીંયાં તો. આહા..હા..! સમજાણું કાંઈ? હજી તો ભગવાન અરિહંતનું સ્વરૂપ શું છે એની ખબર નથી.

મુમુક્ષુ :- ભગવાનને માને છે.

ઉત્તર :- માને છે એ ક્યાં માને છે ભગવાનને? રાગને માને છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન તો અણીન્દ્રિય થયા, પણ બીજા વડે ઈન્દ્રિયથી જાણવાનું રહ્યું નહિ એવા થયા. સમજાણું કાંઈ? કારણ કે બીજા પણ વાણી અને શરીરને ઈન્દ્રિય વડે જોવે, તો ઈન્દ્રિય વિઘ્નરૂપ છે એને પણ, અને જોવે છે એ તો શરીર અને વાણી, એ કાંઈ આત્મા નથી, ભગવાન નથી. ભગવાન જે છે અતીન્દ્રિય કેવળજ્ઞાન અને આનંદમય, એ અણીન્દ્રિય થયા તો બીજાઓ પણ અણીન્દ્રિય વડે જાણે, ઈન્દ્રિય વડે જાણે એમ રહ્યું નહિ એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કેવી રીતે જાણે કે આ અણીન્દ્રિય ભગવાન છે? એમ કહે છે જુઓ. ઈન્દ્રિયથી ભગવાન જણાતા નથી. ભગવાન એવા છે જ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! શું કહે છે કુંદકુંદાચાર્ય જુઓ! અને એની ટીકા અમૃતચંદ્રાચાર્યની.

સાંભળનારને ઈન્દ્રિયથી સંભળાય છે. જે ઈન્દ્રિયથી સાંભળવામાં આવ્યું તે આત્મા નહિ,

સાંભળનારનો આત્મા નહિ. ... એક વાત. અને ભગવાન છે એ તો અતીન્દ્રિય છે ત્યાં. એને વાણી વડે જાણે કે આ ભગવાન છે, એવા ભગવાન છે જ નહિ. સમજાણું કાંઈ? ઓહો..હો..! જુઓ રચના! પ્રવચનસાર ગાગરમાં સાગર ભરી દીધો છે. એવી વાત અન્યમતમાં તો છે જ નહિ, જૈનના ફીરકા બીજા છે એમાં પણ આવી વાત નથી. આહા..હા..!

કહે છે, ઓહો..! '**તે જ વખતે...**' તે જ વખતે એટલે? ભગવાન અણિન્દ્રિય થયા તે સમયે. ભગવાન '**તે બીજાઓને ઇન્દ્રિયાતીત** (ઇન્દ્રિયઅગોચર) **વર્તતો થકો,...**' ઓહો..હો..! બીજાઓ વડે પણ ઇન્દ્રિયાતીત વર્તે છે. તો જે કોઈ સમ્યગ્દૃષ્ટિ ઇન્દ્રિયાતીત થયા છે, એને એનો આત્મા કેવો છે એ પોતાને જાણ્યો છે તો એને જણાયું. આહા..હા..! જેને અતીન્દ્રિય જ્ઞાન અને અનુભવ સમ્યગ્દર્શનમાં થયો એ પ્રાણી અતીન્દ્રિય સર્વજ્ઞ ભગવાનને જાણે છે, જાણી શકે છે. પોતાને અતીન્દ્રિય જાણ્યો તો બીજા અણિન્દ્રિયને એ જાણી શકે. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- આ સ્તુતિ.

ઉત્તર :- આ સ્તુતિ. બીજી સ્તુતિ ક્યાં છે? સ્તુતિનો આ અર્થ છે.

... એને જાણવાનો અર્થ—પોતાના આત્મામાં સમ્યક્ અતીન્દ્રિય જ્ઞાન થયું તો એ વડે પોતાને જાણ્યો, તો એવો જ એ આત્મા છે એવું અનુમાન કરીને જાણવું એમ પણ નથી, એમ કહે છે. પણ એવો છે, આવો પરિપૂર્ણ છે, એવું અતીન્દ્રિય જ્ઞાનમાં અતીન્દ્રિય પરિપૂર્ણતા જણાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? જેનું ઇન્દ્રિયજ્ઞાન કામ કરે છે એ તો આત્મા જ નથી અને અણિન્દ્રિય ભગવાનને જાણી શકતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તે જ વખતે તે બીજાઓને ઇન્દ્રિયાતીત વર્તતો થકો,...**' જુઓ, ઇન્દ્રિયાતીત. બીજાઓને ઇન્દ્રિયાતીત વર્તતો થકો. નિરાબાધ. જુઓ, ઓલી ઇન્દ્રિયને બાધા કહીને? '**નિરાબાધ,...**' '**સહજ સુખ અને જ્ઞાનવાળો હોવાથી...**' જુઓ, ભગવાન આત્મા સર્વ બાધારહિત અને સહજ સુખ અને સ્વભાવિક જ્ઞાનવાળો હોવાથી. એ કેવળજ્ઞાન અને કેવળદર્શન, સહજ સુખ અને સહજ જ્ઞાનવાળો હોવાથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**સહજ સુખ અને...**' સહજ જ્ઞાન. બેય સહજ લેવું. નિરાબાધ સહજ સુખ, નિરાબાધ સહજ જ્ઞાન. એમ હોવાથી '**સર્વ બાધા રહિત...**' ભગવાનને કોઈ બાધા રહી નહિ. '**તથા સકલ આત્મામાં...**' ઓલી ઇન્દ્રિયમાં અસકલ આત્મા હતો. આ સકલ આત્મા—અસંખ્ય પ્રદેશે પરિપૂર્ણ. બધા અસંખ્ય પ્રદેશ '**સકલ આત્મામાં સર્વ પ્રકારનાં...**' પરિપૂર્ણ એમ. સર્વ પ્રકારનો અર્થ પરિપૂર્ણ લીધો. પરિપૂર્ણ. પહેલા તો અપૂર્ણ હતો અને અમુક પ્રદેશોમાં હતો. આ સર્વ પ્રદેશમાં પરિપૂર્ણ. અસંખ્ય પ્રદેશમાં જે શક્તિરૂપ જ્ઞાન અને આનંદ હતો એ ભગવાનને અસંખ્ય પ્રદેશમાં વ્યક્તરૂપ સર્વ આનંદ અને જ્ઞાન પ્રગટ થઈ ગયા. સમજાણું કાંઈ?

'**આત્મામાં સર્વ પ્રકારનાં...**' એટલે પરિપૂર્ણ સુખ અને જ્ઞાનથી અર્થાત્ પરિપૂર્ણ જ્ઞાન

અને સુખ અને જ્ઞાનથી પરિપૂર્ણ હોવાથી. પર્યાયમાં પરિપૂર્ણ થઈ ગયા. '**સકલ આત્મામાં સર્વ પ્રકારનાં સુખ...**' આખા આત્મામાં પૂર્ણ સુખ. સમજાણું કાંઈ? સકલ આત્મામાં પૂર્ણ આનંદ, એક સમયની દશામાં પૂર્ણ આનંદ. સમસ્ત આત્મામાં, આખા આત્મામાં એટલે સંપૂર્ણ આત્મામાં '**સંમત સૌખ્ય...** '-પૂર્ણ સુખ '**અને જ્ઞાનથી ભરપૂર હોવાને લીધે...**' જુઓ, સમૃદ્ધિવાન થયા ઈ. પોતાના સુખ અને જ્ઞાનથી સર્વજ્ઞ પરમાત્મા સમૃદ્ધિવાન થયા અથવા સમૃદ્ધ થતા થકા, સહિત થયા થકા. પૂર્ણ જ્ઞાન અને આનંદ. આહા..હા..! લ્યો! એ વ્યાખ્યા પરમેશ્વરની. સર્વજ્ઞ પરમેશ્વર આવા છે, એને સુખનું ધ્યાન છે એ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? એમને અનંત આનંદનું ધ્યાન છે. નિર્જરા થાય છેને, એ અપેક્ષાએ. જયસેનાચાર્યે ઉપચારથી ધ્યાન લખ્યું છે. ... છતાં આ ગાથામાં ઉપચારથી લખ્યું, આ જ ગાથામાં જયસેનાચાર્યે. આ ગાથામાં ઉપચારથી લખ્યું છે. પણ અહીંયાં તો સંચેતન અસ્તિ છે એમ સિદ્ધ કરવું છે. અમૃતચંદ્રાચાર્યની ગાથામાં તો સંચેતન અનુભવની ધ્યાનની અસ્તિ છે એમ સિદ્ધ કરવું છે. ઉપચારથી અહીંયા સિદ્ધ નથી કરવું. જયસેનાચાર્યની ટીકામાં એમ છે. છે ત્યાં? ગુજરાતી છે? લાવો, એમાં છે. એમાં બેય ટીકા છે.

અહીંયાં તો સુખ અને જ્ઞાન પરિપૂર્ણ છે એમાં એકાગ્રતા છે એ અસ્તિથી છે. એકાગ્ર ચિંતા નિરોધો ધ્યાન એ અહીંયાં નથી લેવું. જે ધ્યાનની વ્યાખ્યા એકાગ્ર ચિંતા નિરોધો ધ્યાનં છે એ તો છદ્મસ્થની વાત છે. અહીંયાં એ નથી. અહીંયાં તો ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાન અને આનંદથી ભરેલો પ્રભુ એમાં જે એકાગ્રતા ધ્યાન છે એમાં ચિંતા નિરોધની અહીંયાં વાત નથી. આહા..હા..! પરિપૂર્ણ અસ્તિમાં એકાગ્રતા છે તેને અહીંયાં ધ્યાન કહેવામાં આવે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા છેને. ખબર છે, ખબર છે. એ વાત અહીંયાં સિદ્ધ નથી કરવી. જયસેનાચાર્યની શૈલી ઘણા પ્રકારની બીજા પ્રકારની છે. બધા પ્રકાર નાખ્યા છે. કારણ કે ધ્યાન કરતા નથી એ અપેક્ષાએ. અહીં તો અસ્તિ ધ્યાન. ધ્યાનનો અર્થ આનંદનો અનુભવ કરે છે તે ધ્યાનનું અસ્તિરૂપ લઈને નિર્જરા થાય છે એમ લીધું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

આ પ્રકારનો આ આત્મા, એમ. આ પ્રકારે જે કથન કર્યું, જાણવામાં લીધો એવો આત્મા, એવો આત્મા '**સર્વ અભિલાષા,...**' અભિલાષાથી રહિત છે. '**જિજ્ઞાસા**'થી રહિત છે. '**સંદેહ**'થી રહિત છે. આમ હોવા છતાં. એમ લેવું છેને પછી? આવો ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વરનો આત્મા, સર્વ અભિલાષા રહિત હોવા છતાં, સર્વ જિજ્ઞાસા રહિત હોવા છતાં અને સંદેહનો અસંભવ હોવા છતાં. આહા..હા..! આચાર્યોના શબ્દે શબ્દે આનંદની બુંદ ઝરે છે, એમ લખ્યું છે ભાઈએ. સોગાનીમાં લખ્યું છે. નહિ? યાદ છે? સોગાનીએ એક ઠેકાણે એમ લખ્યું છે. સ્વભાવની, અંદર સ્વભાવની એકાગ્રતા છેને. એ વખતે વિકલ્પ ભલે હો,

પણ સ્વભાવની એકાગ્રતા કામ કરે છે ત્યાં આનંદના ઝરણા, વીતરાગની વાણીમાં આચાર્યોના (શબ્દમાં) આનંદ ઝરે છે એમ કહેવામાં આવ્યું છે. આ અપેક્ષાએ. નહિતર તો વાણી ઉપર લક્ષ છે એ તો વિકલ્પ છે. સમજાણું કાંઈ? પણ એ જ કાળે તેમને શું કહેવું છે એ પોતાના અતીન્દ્રિય જ્ઞાનથી જાણે છે તો ત્યાં આનંદની બુંદ ઝરે છે, તો ભગવાનની વાણી, શાસ્ત્રની વાણીમાં આનંદ ઝરે છે એમ ઉપચારથી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પોતાનો સ્વભાવ... વિકલ્પ કાળે પણ સ્વભાવ સન્મુખની એકાગ્રતા તો હોય છે કે નહિ? એની ધારા ગણીને આચાર્યોના હૃદયમાં પણ આનંદ ઝરતો હતો અને વાણી નીકળી છે તો આવું વાંચીને ધર્માત્માને પણ અંતરમાં આનંદની બુંદ ઝરે છે એવું એમાં દેખાય. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અંતરથી છે તો એમ કહ્યું. અને એમની વાણીમાં પણ એવો ભાવ હતોને વાણી વખતે. એના અંતરમાં પરિણમન આનંદનું ઝરણું ઝરતું હતું આચાર્યને. મુનિ કોને કહે? ઓહો..હો..! સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિને પણ ક્ષણે ક્ષણે આનંદ ઝરે છે થોડો. પંચમ ગુણસ્થાનમાં શ્રાવક જે હોય એને તો વિશેષ આનંદ ઝરે છે. સમજાણું કાંઈ? અને મુનિને તો પ્રચુર સ્વસંવેદન ઝરે છે. એ પાંચમી ગાથામાં આવ્યું છે. સમયસારમાં પાંચમી ગાથામાં. પ્રચુર સ્વસંવેદન એ અનુભૂતિની છાપ છે. આહા..હા..! ભગવાન અતીન્દ્રિય આત્મા પોતાના અતીન્દ્રિય આનંદનું વેદન એ અનુભૂતિની છાપ છે. ટ્રેડમાર્ક કરે છે કે નહિ? એમ અનુભૂતિનો ટ્રેડમાર્ક શું? કે આનંદ આવવો એ. એવું પાંચમી ગાથામાં લીધું છે સમયસારમાં કુંદકુંદાચાર્યે. સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે કે વાણીમાં (અમૃતના) બુંદ ઝરે છે. એનો અર્થ શું? એક બાજુ એમ કહેવું કે વાણી ઉપર લક્ષ રાખે એ તો વિકલ્પ છે અને નુકસાનનું કારણ છે. પણ એ જ સમયે વિકલ્પથી પાર આત્મા તરફની જેટલી એકાગ્રતા વર્તે છે કે આ... આ... આ... આ... આમ કહે છે એવી એકાગ્રતા વર્તે છે એમાં આનંદનું ઝરણું છે. તો ભગવાનની વાણી, આચાર્યની વાણીમાંથી વાંચતા વાંચતા પણ આનંદના બુંદ ઝરે છે. સમજાણું કાંઈ?

**'એમ હોવા છતાં પણ...'** અર્થાત્ ભગવાનના આત્મામાં કોઈ પ્રકારની અભિલાષાનો અસંભવ, જિજ્ઞાસાનો અસંભવ, સંદેહનો અસંભવ છે. ઓહો..હો..! **'એમ હોવા છતાં પણ અપૂર્વ અને અનાકુલત્વલક્ષણ પરમસૌખ્યને ધ્યાવે છે;...'** લ્યો! અપૂર્વ. પૂર્વે નહિ થયેલું એવું અને અનાકુલત્વલક્ષણ. અનાકુલત્વલક્ષણ જુઓ. **'(-અનાકુળતા જેનું લક્ષણ છે એવા)'** એય..! આલ્હાદની વાત ચાલતી હતીને. આહા..હા..! એનું લક્ષણ આલ્હાદ અનાકુલત્વ લક્ષણ. દુઃખનું લક્ષણ આકુળતા છે. શુભરાગ હોય કે અશુભરાગ હોય. અનાકુળ લક્ષણ એવો આત્માનો આનંદ એમાં આકુળતાનો અભાવ છે. એવું **'અનાકુલત્વલક્ષણ પરમસૌખ્યને ધ્યાવે છે;...'** એવા ભગવાન પોતાનો આનંદ પરિપૂર્ણ એનું ધ્યાન કરે છે. કરે છે એનો અર્થ હું ધ્યાન

કરું એમ નથી, પણ આવું હોય છે તેને કરે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! પરિણમન થઈ રહ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અપૂર્વ અને અનાકુલત્વલક્ષણ પરમસૌખ્યને...'** પરમ આનંદને ભગવાન પરમેશ્વર સર્વજ્ઞ પરમાત્મા ધ્યાવે છે. આહા..હા..! **'એટલે કે...'** બીજો પણ અર્થ છે હોં! સંસ્કૃત ટીકામાં છે. અર્થાત્‌માં એનો જ અર્થ એમ નથી. અર્થાત્‌ શબ્દ લીધો છે, પણ એ જ શબ્દનો અર્થ છે એમ નથી, પણ એને વિશેષ સ્પષ્ટ કરે છે. પાઠમાં જુઓ, **'अनाकुलत्वलक्षणं परमसौख्यं ध्यायति।'** હવે **'अनाकुलत्वसङ्गतैकाग्रसञ्चेतनमात्रेणावतिष्ठत इति यावत्।'** સંસ્કૃતમાં છે. 'અર્થાત્‌' શબ્દ કહેતા કોઈ એમ માને કે જે કહ્યું એનો જ અર્થ છે (તો એમ નથી), પણ આ કહ્યું એ ઉપરાંત એનો બીજો અર્થ કહે છે. સમજાણું કાંઈ? **'अनाकुलत्वसङ्गतैकाग्र'** એમ. ભગવાન આત્મા અગ્ર થયોને એક સ્થાને? એ એક અગ્ર કેવો છે? કે **'अनाकुलत्वसङ्गत'** અનાકુળ આનંદની સાથે બંધબેસતી એકાગ્રતા છે. બંધબેસતી અમારી ગુજરાતી ભાષા આવી જાય છે. હિન્દીમાં શું હશે?

**'(અર્થાત્‌ અનાકુળતા સાથે રહેલા...'** સંગત. સંગત શબ્દ છેને? અનાકુલત્વસંગત. સંગત. અનાકુળ સાથે... સમજાણું કાંઈ? સંબંધ રાખનારો, અનાકુળ સાથે સંબંધ રાખનારો એવો અગ્ર. એવો આત્મા એમ. અગ્ર એટલે આવો આત્મા, એમ. ભગવાન આત્મા અનાકુળ સાથે સંગત. સમજાણું કાંઈ? જુઓ! અર્થ કર્યો છે. **'(અર્થાત્‌ અનાકુળતા સાથે રહેલા...'** જુઓ, સંગતનો અર્થ કર્યો છે. કૌંસમાં લખ્યું છે. સાથે રહેલા. **'એક આત્મારૂપી વિષયના અનુભવનરૂપે જ માત્ર સ્થિત રહે છે).'** ભગવાન આત્મા.. પરમેશ્વરને પણ પોતાના અતીન્દ્રિય જ્ઞાનથી, અતીન્દ્રિય જ્ઞાનને જાણે તેને ભગવાનને જાણ્યા એમ કહેવામાં આવે છે. આહા..હા..! આ ભારે કહે છે. સાધારણ જનતાએ તો કોઈ દિ' સાંભળ્યું પણ ન હોય શું ચીજ છે ઈ. માની લીધું હોય બહારથી કે આવા ભગવાન, આવો ધર્મ અને આમ. ઓહો..હો..! સમજાણું કાંઈ?

**'અપૂર્વ અને અનાકુલત્વલક્ષણ (-અનાકુળતા જેનું લક્ષણ છે એવા) પરમસૌખ્યને ધ્યાવે છે; એટલે કે...'** વિશેષ સ્પષ્ટીકરણ કરે છે. **'અનાકુલત્વસંગત...'** અનાકુળતા સાથે રહેનારો. ઠીક! અનાકુલ સાથે રહેલા **'એક અગ્રના...'** **'એક આત્મારૂપી વિષયના અનુભવનરૂપે...'** જુઓ, **'એક અગ્રના સંચેતનમાત્રરૂપે અવસ્થિત રહે છે...'** જુઓ, અહીંયાં અસ્તિની વાત કરી છે ભાઈ! ધ્યાનનું અસ્તિપણું બતાવ્યું છે. ધ્યાન ઉપચારથી છે એમ અહીંયાં નથી કહેવું. આહા..હા..! જુઓ, શૈલી એવી છે. આચાર્યદેવ અમૃતચંદ્રાચાર્યની અધ્યાત્મ શૈલીમાં ઘણી સૂક્ષ્મતા છે. આહા..હા..! જુઓ, શું કહે છે? કે **'અનાકુલત્વસંગત એક અગ્ર...'** એક અગ્ર, એક આત્મા. એક અગ્ર છેને? એકાગ્ર. એટલે એકમાં અગ્ર, એકમાં અગ્ર. તેના **'સંચેતનમાત્રરૂપે...'** તેના સંચેતનમાત્ર (અર્થાત્‌) તેના અનુભવમાત્ર. **'અવસ્થિત**

રહે છે...' અનુભવમાત્ર અવસ્થિત રહે છે, સ્થિર રહે છે એમાં. આહા..હા..!

**'અનાકુળતા સાથે રહેલા...'** કોણ? એક આત્મા. આહા..હા..! આત્મારૂપી વિષય એમ બતાવવું છે. એકલું સુખ એમ નહિ. એકલું સુખ એમ નહિ. એ માટે પહેલા લીધું. પહેલા સાધારણ વાત કહી **'અનાકુલત્વલક્ષણ પરમસૌખ્યને ધ્યાવે છે;...'** પછી એનો ખુલાસો કર્યો કે **'અનાકુળતા સાથે રહેલા...'** એવો આત્મા, એમ. એવો આત્મા. આખો આત્મા લઈ લીધો. સમજાણું કાંઈ? પહેલા (કહ્યું કે) **'અનાકુલત્વલક્ષણ પરમસૌખ્યને ધ્યાવે છે;...'** એ સુખ લીધું, પણ એનું વિશેષ સ્પષ્ટીકરણ અને વિશેષ અર્થ શું છે? કે અનુકૂળતા સાથે બંધબેસતો, અમારી ભાષામાં કહીએ તો રહેનારો. એક અગ્ર. એવા એક આત્માનું સંચેતનમાત્ર, એક આત્માનું સંચેતનમાત્ર. એકાગ્ર કહેવું છેને. એકાગ્ર સિદ્ધ કરવું છે. એકાગ્ર ધ્યાન સિદ્ધ કરવું છે. ચિંતાનો નિરોધ એમ નહિ. એકાગ્ર સંચેતન ધ્યાનઃ.

અનાકુળલક્ષણની સાથે રહેલો એક આત્મા. અગ્ર એટલે આત્મા એવો અર્થ કર્યો છે. જુઓ, સમજાણું? અને સંચેતનમાત્ર નામ એક આત્મારૂપી વિષયના અનુભવનરૂપ. એક આત્મા અખંડ પરિપૂર્ણ એવા એના અનુભવમાત્ર સ્થિત રહે છે-અવસ્થિત રહે છે. અવસ્થિત શબ્દ લીધો છે. સંચેતનમાત્ર અવસ્થિત. અવસ્થિતનો અર્થ સ્થિત રહે છે. અમારા પંડિતજી પણ ઘણું સ્પષ્ટ કરે છે. હિંમતભાઈએ શબ્દનો જે ભાવ છેને એવો (અર્થ કર્યો છે). બહુ સ્પષ્ટ!

**'અને આવું અવસ્થાન સહજજ્ઞાનાનંદસ્વભાવ સિદ્ધત્વની સિદ્ધિ જ છે...'** આહા..હા..! અને આવું અવસ્થાન-સ્થિર રહેવું એ સહજજ્ઞાનાનંદસ્વભાવ સિદ્ધપણાની પ્રાપ્તિ છે. એ જ સિદ્ધિની ત્યાં પ્રાપ્તિ થઈ છે. એવી સિદ્ધિ થઈ અંદરમાં. સમજાણું કાંઈ? **'આવું અવસ્થાન સહજ...'** એવો સ્થિર એક અગ્રમાં સંચેતનમાત્ર સ્થિત. એક અગ્રમાં સંચેતનમાત્ર સ્થિત **'આવું અવસ્થાન સહજજ્ઞાનાનંદસ્વભાવ સિદ્ધત્વની સિદ્ધિ જ છે...'** એ જ સિદ્ધિ આત્મામાં થઈ છે. જ્ઞાનાનંદની સિદ્ધિ—પ્રાપ્તિ થઈ છે. આહા..હા..! જુઓ, અર્થાત્ કહ્યું. એ ખુલાસો કર્યો કૌંસમાં. **'આમ સ્થિત રહેવું તે, સહજ જ્ઞાન અને આનંદ જેનો સ્વભાવ છે એવા સિદ્ધપણાની પ્રાપ્તિ જ છે).'** એ સિદ્ધની પ્રાપ્તિ છે એમાં. એનું ફળ સિદ્ધપદ મળશે એવી અહીંયાં વાત નથી. એ જ સિદ્ધિની પ્રાપ્તિ છે પર્યાયમાં. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનાનંદ સ્વભાવ સિદ્ધત્વની સિદ્ધિ છે.

ઓહો..! ભગવાનની વાણી સાંભળીને ગણધર બાર અંગની રચના કરે છે, ચૌદ પૂર્વની રચના અંતર્મુહૂર્તમાં. ગણધરને ચાર જ્ઞાન પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? એમાં આખા શાસ્ત્રનું રહસ્ય એ ગણધરના જ્ઞાનમાં આવે છે સ્વલક્ષે. સમજાણું કાંઈ? આહા..હા..! અમૃતચંદ્રાચાર્યે કુંદકુંદાચાર્યના પેટ ખોલીને વાત કરી છે. સમજાણું કાંઈ? કેવળીની વાત કુંદકુંદાચાર્યે ખોલીને કરી અને કુંદકુંદાચાર્યનો ભાવ ખોલીને અમૃતચંદ્રાચાર્યે ખોલી દીધો છે. કુંદકુંદાચાર્યે પંચમ કાળના તીર્થંકર જેવું કામ કર્યું છે અને અમૃતચંદ્રાચાર્યે એના અર્થ ખોલીને ગણધર જેવું કામ કર્યું

છે. એવી વસ્તુસ્થિતિ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ એમાં છે જ નહિ, કહે છે. સમજાણું કાંઈ? સંતોએ માર્ગ સહેલો કરી દીધો છે. આહા..હા..! છેને એમાં? દીપચંદજી. અનુભવપ્રકાશમાં દીપચંદજી કહે છે. અહો..! સંતોએ માર્ગ સહેલો કરી દીધો છે. એવો એમણે માણેકસ્તંભ રોપ્યો છે. દીપચંદજી કહે છે. માણેકસ્તંભ હોય છેને એ? લગ્નમાં નથી હોતો? લગ્ન કરે તો એમાં લાકડું નાખે છે. અમારે માણેકસ્તંભ કહે છે. આહા..હા..! માણેકસ્તંભ રોપ્યો છે અમે તો. ચાલ્યા જઈશું મુક્તિમાં અમારું કેવળજ્ઞાન લઈને. સમજાણું કાંઈ? એવા સિદ્ધત્વની સિદ્ધિ છે. લ્યો! વિશેષ કહેશે...

**જેઠ વદ ૭, શુક્રવાર, તા. ૦૬.૦૬.૧૯૬૯**
**ગાથા-૧૯૮-૧૯૯, પ્રવચન-૧૭૫**

પૂર્ણ પરમાત્મા વીતરાગ એમને તો કોઈ પ્રકારની અભિલાષા નથી, જિજ્ઞાસા નથી, તેમ સંદેહ નથી '**તો પછી તેઓ ક્યા પદાર્થનું ધ્યાન કરે છે?**' તો એ કોનું ધ્યાન કરે છે? એમ પ્રશ્ન હતોને? તેનો ઉત્તર આ ગાથામાં એ પ્રમાણે આપ્યો છે કે '**એક અગ્રનું-વિષયનું સંવેદન તે ધ્યાન છે.**' આ ટૂંકી ભાષા કહી. એક અગ્ર એટલે એક વિષયનું સંવેદન. એક આત્માને વિષય, ધ્યેયમાં રાખીને આનંદનો અનુભવ કરે છે તે ધ્યાન છે. એક અગ્ર નામ વિષયનું સંવેદન. '**સર્વ આત્મપ્રદેશે પરિપૂર્ણ આનંદ અને જ્ઞાનથી ભરેલા સર્વજ્ઞ ભગવાન પરમાનંદથી અભિન્ન એવા...**' ... એમ નહિ. '**પરમાનંદથી અભિન્ન એવા નિજાત્મારૂપી એક વિષયનું સંવેદન કરતા હોવાથી...**' એમ લીધું છે. શું કહે છે સમજાણું કાંઈ? એકલો આનંદનું એમ નહિ. પરમાનંદથી અભિન્ન, અખંડ આનંદથી અભિન્ન એવો ભગવાન આત્મા, નિજ આત્મારૂપી એક વિષય. પોતાનો પૂર્ણ સ્વરૂપ ભગવાન એનો ધ્યેય, ધ્યેય તેનું સંવેદન કરે છે તેથી તેમને પરમાનંદનું ધ્યાન છે. એમ. આનંદથી અભિન્ન આત્માને વિષય કરે છે, (વિષય) છે જ, એ કારણે તે પરમાનંદનું ધ્યાન કરે છે એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**અર્થાત્ તેઓ પરમ સૌખ્યને ધ્યાવે છે.**' લ્યો!

હવે ૧૯૯. '**હવે, એમ નક્કી કરે છે :— આ જ (પૂર્વે કહ્યો તે જ), શુદ્ધ આત્માની ઉપલબ્ધિ જેનું લક્ષણ છે એવો મોક્ષનો માર્ગ છે**' હવે એ સિદ્ધ કરે છે. '**(પૂર્વે કહ્યો તે જ),...**' પૂર્વે કહ્યો તે જ. શુદ્ધાત્માનો અનુભવ અથવા પ્રાપ્તિ '**જેનું લક્ષણ છે એવો મોક્ષનો માર્ગ છે...**' તે નિશ્ચયથી સિદ્ધ કરીને સમજાવે છે. મોક્ષનો માર્ગ શું

છે? કહે છેને અત્યારે કે બે મોક્ષના માર્ગ છે. વ્યવહાર મોક્ષમાર્ગ, નિશ્ચય મોક્ષમાર્ગ. અહીં તો કહે છે કે એક જ મોક્ષમાર્ગ છે, બે મોક્ષમાર્ગ છે નહિ.

મુમુક્ષુ :- એ તો પહેલા વ્યવહાર મોક્ષમાર્ગ...

ઉત્તર :- પણ પહેલા-ફહેલા હોતું જ નથી. પહેલો ક્યાંથી હોય? વ્યવહાર મોક્ષમાર્ગ એ મોક્ષમાર્ગ જ નથી, એ તો બંધમાર્ગ છે. પહેલા-પછી ક્યાંથી આવ્યું? એ અહીં બહુ સરસ સ્પષ્ટ કરે છે જુઓ!

**'એમ નક્કી કરે છે :—' '(પૂર્વે કહ્યો તે જ),...'** શુદ્ધ ભગવાન આત્મા ધ્રુવ ચિદાનંદ પ્રભુની ઉપલબ્ધિ, પ્રાપ્તિ, શ્રદ્ધા-જ્ઞાન-શાંતિની પ્રાપ્તિ લક્ષણ એવો મોક્ષનો માર્ગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, કહેશે.

**एवं जिणा जिणिंदा सिद्धा मग्गं समुट्ठिदा समणा।**
**जादा णमोत्थु तेसिं तस्स य णिव्वाणमग्गस्स।।१९९।।**

એનું છેને પાછળ હરિગીત?

**શ્રમણો, જિનો, તીર્થંકરો આ રીત સેવી માર્ગને,**
**સિદ્ધિ વર્યા; નમું તેમને, નિર્વાણના તે માર્ગને. ૧૯૯.**

એ પાછળ છે ૪૨૫ પાને. હવે એનો અન્વયાર્થ લઈએ અન્વયાર્થ. ૧૯૯નો અન્વયાર્થ. ક્યાં છે ૧૯૯?

**અન્વયાર્થ :- 'જિનો,...'** સામાન્ય કેવળી અને **'જિનેન્દ્રો...'** તીર્થંકરદેવ **'અને શ્રમણો...'** મુનિઓ. ત્રણે લીધા. સામાન્ય કેવળી, ભગવાન જિનેન્દ્ર તીર્થંકર અને સામાન્ય મુનિઓ ચરમશરીરી અથવા અચરમશરીરી. ત્રણે લીધા. **'આ રીતે પૂર્વે કહેલી રીતે જ) માર્ગમાં આરૂઢ થયા થકા...'** મુનિઓ, તીર્થંકરો, સર્વજ્ઞો એટલે કેવળીઓ પહેલેથી પોતાનું સ્વરૂપ શુદ્ધ ધ્રુવ ચિદાનંદ આત્મા એના ઉપર આરૂઢ થયા થકા. શબ્દ તો એમ છે કે **'આ રીતે માર્ગમાં આરૂઢ થયા થકા...'** શબ્દ એવો છે. **'मार्गं समुत्थिताः'** એમ શબ્દ પડ્યો છે. એનો અર્થ કે શુદ્ધ ચૈતન્ય અભેદ ધ્રુવ અખંડ આત્મા એના ઉપર આરૂઢ થયા તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે દ્રવ્યના આશ્રયે પ્રગટ થયા. સમજાણું કાંઈ?

**'પૂર્વે કહેલી રીતે જ...' 'मार्गं समुत्थिताः'** માર્ગમાં સમુત્થિત એટલે સ્થિત. ભગવાન સર્વજ્ઞો, તીર્થંકરો કે સંતો. ચારિત્રવંત લેવા છેને અહીંયાં? એ માર્ગમાં આરૂઢ થયા થકા. ભગવાન આત્મા અનાકુળ આનંદ અને શાંતરસનો કંદ-પિંડ એવા સ્વભાવ સન્મુખની આરૂઢતામાં, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં આરૂઢ થયા એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? તે મોક્ષમાર્ગ છે. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' આહા..હા..! બહુ ઝઘડા અત્યારે ચાલે છે. વ્યવહાર મોક્ષમાર્ગ અને નિશ્ચય મોક્ષમાર્ગ. વ્યવહાર મોક્ષમાર્ગ ચોથેથી છઠ્ઠા સુધી, વળી નિશ્ચય આઠમાંથી કોઈ કહે છે અને કોઈ વળી તેરમે કહે છે, કોઈ વળી બારમે. સિદ્ધને તો શું

કહે? અરે ભગવાન! શું કરે એની એ જાતની પર્યાયની યોગ્યતા હોય ત્યાં?

મુમુક્ષુ :- ... પહેલા એક આવ્યો વ્યવહાર, પછી આવ્યો નિશ્ચય.

ઉત્તર :- એક ક્યાં આવ્યો? પણ વ્યવહાર મોક્ષમાર્ગ છે જ નહિને, ક્યાંથી વ્યવહાર? વ્યવહાર તો પરાશ્રિત રાગ ભાવ છે.

મુમુક્ષુ :- ... હેતુ તો છેને?

ઉત્તર :- હેતુનો અર્થ શું? વ્યવહારનયે હેતુ કહેવામાં આવ્યો, એટલે હેતુ છે નહિ એને હેતુ કહેવો એનું નામ વ્યવહાર છે.

મુમુક્ષુ :- એમ કહ્યું તો છેને.

ઉત્તર :- કહ્યું છે. નિમિત્તથી કહો, નિમિત્તથી જ્ઞાન કરાવવા (કહ્યું છે). હેતુ તો .. નિશ્ચયથી હેતુ એક જ છે. આત્મા આનંદકંદ શુદ્ધ ચૈતન્ય એ જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં કારણ છે અને એ જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એક જ સાધન છે. સાધનની કથનશૈલી બે પ્રકારની છે. સાધન બે પ્રકારના નથી, સાધન તો એક જ પ્રકારનું છે. એમ મોક્ષમાર્ગ બે પ્રકારના નથી, મોક્ષમાર્ગનું કથન બે પ્રકારનું છે. એમ સમ્યગ્દર્શન બે પ્રકારનું નથી, કથન બે પ્રકારે છે. એક નિશ્ચય અને (એક) વ્યવહાર કથન, નિરૂપણ કથન છે. વસ્તુ બે પ્રકારની નથી, વસ્તુ તો એક જ પ્રકારની છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...ભૂલી જાય છે.

ઉત્તર :- કથનને કારણે નથી ભૂલતા, એની દૃષ્ટિને કારણે ભૂલી જાય છે. સમજાણું કાંઈ? કથનને કારણે ભૂલી જાય તો સમ્યગ્દૃષ્ટિ પણ કથનને કારણે ભૂલી જાય. બધા ભૂલવા જોઈએ. એમ છે નહિ. ન્યાય સમજાણો?

માર્ગ બે પ્રકારના નથી, કથન બે પ્રકારના છે. એક નિશ્ચય મોક્ષમાર્ગ તે સત્ય. સાથે રાગને વ્યવહારથી અનુકૂળ નિમિત્ત ગણવામાં આવવાથી તે તરફનો આરોપ કરીને વ્યવહાર સમકિત આદિ કહેવામાં આવ્યું છે. છે નહિ તેને કહેવો એનું નામ વ્યવહાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છેને કે અમે દયા, દાન, વ્રત, ભક્તિ આદિ કરીએ છીએ તો વ્યવહાર તો છેને અમારે. વ્યવહાર તો છેને. ક્યાંથી વ્યવહાર આવ્યો તને? સમજાણું કાંઈ? નિશ્ચય અંતર આનંદસ્વરૂપ ભગવાનના નિર્વિકલ્પ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર વિના રાગની મંદતાનો વ્યવહાર એ વ્યવહાર આવ્યો ક્યાંથી? સમજાણું કાંઈ? નિશ્ચય હોય, સ્વરૂપનો અનુભવ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન-જ્ઞાન વીતરાગી દશા પ્રગટ થાય, તેની સાથે જરી દયા, દાન અથવા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ નિમિત્ત કરીને વ્યવહાર કહેવામાં આવ્યો છે. એ જાણવાલાયક છે, આદરવાલાયક નથી. સમજાણું કાંઈ? દેવચંદજી! આ નિશ્ચયની તો હજી ખબર નથી અને વ્યવહારના ઠેકાણા નથી. નિશ્ચય વિના વ્યવહાર ક્યાંથી આવ્યો?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જાણેલો પ્રયોજનવાન છે. એ સમયસારની ૧૨મી ગાથામાં આવ્યું છે. 'तदात्वे' જાણેલો. તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. તે સમયે રાગની મંદતા કેટલી છે, શુદ્ધતા કેટલી છે-એમ જાણેલો પ્રયોજનવાન છે. કરેલો પ્રયોજનવાન છે એમ નથી. ક્યાં ગયા એ તમારા? ઉદયપુરવાળા ગયા? છે? ઠીક. અહીંયા નથી. ગયા? સમજાણું કાંઈ? આહા..હા..! એ તો મોટી ચર્ચા થઈ હતી ૨૦૧૩ની સાલમાં ઇન્દોર. ઘણા માણસો હતા. ૮-૧૦ હજાર માણસો તે દિ' તો બહુ માણસો. શેઠ હતાને સર હુકમીચંદ. વ્યાખ્યાન ચાલ્યું. વ્યવહાર એટલે શું? વ્યવહાર જાણેલો... એ ૧૨મી ગાથામાં છે. આ સમયસાર છેને? આ તો પ્રવચનસાર છે. સમયસારમાં છે. સમજાણું કાંઈ? આ સમયસાર છે? છે એમાં? **'જાણેલો તે કાળે પ્રયોજનવાન છે.'** સંસ્કૃતમાં છે. સમજાણું કાંઈ? જુઓ, 'परिज्ञानमानस्तदात्वे' 'परिज्ञानमानस्तदात्वे' સંસ્કૃત છે પંડિતજી! ૧૨મી ગાથાનું સંસ્કૃત. 'प्रयोजनवान्' 'परिज्ञानमानस्तदात्वे प्रयोजनवान्' આદરણીય કરવાલાયક છે એમ પ્રશ્ન છે જ નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- પણ અનેકાંત નથી થતું.

ઉત્તર :- એ જ અનેકાંત થાય છે. નિશ્ચય એક જ માર્ગ છે અને વ્યવહાર નથી એનું નામ અનેકાંત છે. એવું અનેકાંત નથી કે નિશ્ચયથી પણ મોક્ષમાર્ગ અને વ્યવહાર પણ મોક્ષમાર્ગ. એ તો એકાંત થયું. સમજાણું કાંઈ? છે સંસ્કૃત? શું? વાંચો. 'परिज्ञानमानस्तदात्वे' વજન ત્યાં છે. 'तदात्वे'માં વજન છે. એની વ્યાખ્યા તો સ્પષ્ટીકરણ થાય ત્યારે ચાલે છે. 'परिज्ञानमानस्तदात्वे' એમાં મોટો પ્રશ્ન છે. કેમકે જ્યારે પોતાનું સ્વરૂપ શુદ્ધ આનંદસ્વરૂપ છે એવો અનુભવ આનંદનો થયો અને સ્વરૂપમાં લીનતા વીતરાગી પર્યાય થઈ તે નિશ્ચય. એ સમયે, જેટલો નિશ્ચય પ્રગટ્યો એ સમયે જરી વ્યવહાર શ્રદ્ધા આદિનો વિકલ્પ જે છે, વ્યવહાર વ્રતનો વિકલ્પ છે, એ નિશ્ચવાળાને હોં! તો એ પ્રકારનો જે જે સમયે રાગ અને શુદ્ધતાનો અંશ સમયે સમયે છે તે 'तदात्वे' તે તે કાળે તે જાણેલો પ્રયોજનવાન છે. બીજે સમયે બીજા સમયનો રાગ અને શુદ્ધતા છે તે સમયે તે જાણેલો પ્રયોજનવાન છે. ત્રીજે સમયે ત્રીજો જે રાગ અને શુદ્ધતાનો અંશ વધ્યો અને રાગની મંદતા થઈ તે સમયે તે જાણેલો પ્રયોજનવાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? પંડિતજી! છે કે નહિ એમાં? ઈ પ્રવચનસાર છે. પ્રવચનસાર છે.

મુમુક્ષુ :- 'तदात्वे'માંથી આટલું કાઢ્યું.

ઉત્તર :- એટલું છે. કાઢ્યું નથી, એટલું એમાં છે. ઘણું સ્પષ્ટીકરણ કર્યું હતું. ૧૩ની સાલ. ઇન્દોરમાં ઘણા માણસો હતા. શેઠ પણ હતા. ..શાંતિથી સાંભળતા હતા. બધા હતા. બંસીધરજી હતા સોલાપુરવાળા. સોલાપુરવાળા બોલ્યા, આવી વ્યવહારનયની વાત અમે કદી સાંભળી નથી. પંડિત હતા. બધા બેઠા હતા. બંસીધરજી બેઠા હતા, છોટેલાલજી હતા. ઘણા બેઠા હતા. વ્યવહાર 'तदात्वे प्रयोजनवान्' જે નિશ્ચય પોતાનું સ્વરૂપ આ મોક્ષમાર્ગ કહે

છે એવો થયો તો એ સમયે શુદ્ધતાની મંદતા અને રાગની મંદતાની પર્યાય કેટલી છે એ જાણવું તે પ્રયોજનવાન છે. પણ એ નિશ્ચય થયો તેને જાણેલો પ્રયોજનવાન છે. અજ્ઞાનીને તો વ્યવહાર છે જ નહિ અને નિશ્ચય પણ નથી, એક્કેય નથી. આહા..હા..! દેવચંદજી! એ બોલ્યા હતા. ઊભા થઈને બોલ્યા હતા. ઘણા માણસો હતા. ઓહો..હો..! વ્યવહારની આવી વ્યાખ્યા અત્યાર સુધી અમે સાંભળી નથી. બીજા બધા દાંત કાઢતા હતા. પંડિત હતાને બંસીધરજી. અરે! અમને મૂર્ખ ઠરાવે છે. અમને તો મૂર્ખ ઠરાવે છે આ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, બધા બેઠા હતા, બધા બેઠા હતા. બાર વર્ષ થયા, સાડા બાર વર્ષ થયા. ઈન્દોરમાં. પછી તો ત્યાં આવ્યા, અમે નસીયાજીમાં હતા. નસીયાજી છેને એનું ત્યાં. મંદિર છે ત્યાં. શેઠ ત્યાં આવ્યા. એક જેવા દેખાય. અમે તો એને બરાબર ઓળખતા નહોતા. એક આંખમાં ફૂલુ હતું. ફૂલુ સમજો છો? પગે લાગ્યા. પગે લાગ્યા પછી મેં કહ્યું, કોણ છો તમે? કે હું સોલાપુરનો બંસીધરજી. શું કહેવા માટે આવ્યા છો? તમને અભિનંદન દેવા આવ્યા છીએ. શેના અભિનંદન દેવા આવ્યા છો? આવી વ્યવહારની વ્યાખ્યા શાસ્ત્રમાંથી કાઢીને... અમે તો સાંભળી નથી. વ્યવહાર કરવો... લખ્યું છે એ તત્ત્વાર્થસારમાં. તત્ત્વાર્થસારની ટીકા બનાવી છેને એણે? મોટું સૂત્ર છે તત્ત્વાર્થસાર અમૃતચંદ્રાચાર્યનું. એણે ટીકા બનાવી છે એમાં ગડબડ કરી છે. કીધું, એમ નથી. અજ્ઞાનીને તો વ્યવહાર છે જ નહિ. જેને આત્મા સમ્યગ્દર્શન આનંદનો અનુભવ નથી, ત્યાં તો વ્યવહાર-ફ્યવહાર છે જ ક્યાં? અને જ્યાં આત્માનું ભાન થયું નિશ્ચય... શુદ્ધાત્મતત્ત્વપ્રવૃત્તિ લક્ષણ કહેશે અહીંયાં, એવી સ્થિતિમાં જ્યારે રાગની મંદતા, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, વ્રતનો વિકલ્પ, શાસ્ત્ર વાંચવાનો વિકલ્પ એ પ્રકારનો જે સમયે જે પ્રકારનો રાગ છે અને જે પ્રકારની શુદ્ધિનો અંશ છે તે પ્રકારનું જ્ઞાન કરવાની તે સમયે સ્વપરપ્રકાશક જ્ઞાનમાં તાકાત છે. તો એમ કહેવામાં આવ્યું કે એ જાણેલો પ્રયોજનવાન છે. ખરેખર તો એ જાણેલો પ્રયોજનવાન (એટલે) એ જ્ઞાનની પર્યાય જ એવી પ્રગટ થાય છે. પોતાનું નિશ્ચયનું જ્ઞાન અને રાગની જેટલી મંદતા છે એનું જ્ઞાન, સ્વપરપ્રકાશક જ્ઞાનની પર્યાય સ્વને આશ્રયે ઉત્પન્ન થાય છે એમાં પરનું જ્ઞાન કરવું અથવા જાણે છે એને એમ કહે છે કે જાણેલો પ્રયોજનવાન છે. કરવું પ્રયોજનવાન છે, આચરવું પ્રયોજનવાન છે એવી ચીજ વીતરાગમાર્ગમાં નથી. કારણ કે એ તો રાગ છે. રાગમાર્ગ વીતરાગમાર્ગમાં કેમ આચરણરૂપ હોય? સમજાણું કાંઈ? શું કરે છે?

મુમુક્ષુ :- વ્યવહાર તો છે.

ઉત્તર :- વ્યવહાર પ્રયોજન... કહ્યુંને. વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. વ્યવહારથી વ્યવહાર આદરણીય છે એનો પ્રશ્ન અહીંયા નથી. ભાઈ દેવચંદજી!

મુમુક્ષુ :- વ્યવહારથી વ્યવહાર ઉપાદેય છે.

ઉત્તર :- ઉપાદેયનો અર્થ જાણેલો. ઉપાદેયની વ્યાખ્યા ઈ છે. ગ્રહણ કરવાની વ્યાખ્યા આવી નહિ? ઉપાદેય ન આવ્યું? ઓલામાં ટોડરમલમાં. બે નયને ગ્રહણ કરવાનું કહ્યું છેને? ગ્રહણનો અર્થ જાણવું. હેય તરીકે જાણવું એનું નામ પ્રયોજનવાન કહેવામાં આવ્યું છે. કરવારૂપ પ્રયોજવાન છે એવી વાત જ નથી. સમજાણું કાંઈ? શ્વેતાંબરમાં એમ કહે છે. બહુ વિરોધ ચાલે છેને. યશોવિજયજી એમ કહે છે. શું? 'નિશ્ચય દૃષ્ટિ હૃદય ભરેજી સાધે જે વ્યવહાર, પુણ્યવંત તે પામશે ભવસાગરને પાર.' એમ આવે છે. એનો અર્થ શું? કે નિશ્ચય દૃષ્ટિ હૃદય ભરે, પાળે જે વ્યવહાર. વ્યવહાર પાળવો છે? કરવો છે? એમ છે જ નહિ. એય..! દેવચંદજી! વાત એવી છે. ત્રણ કાળ, ત્રણ લોકમાં વસ્તુનું સ્વરૂપ આવી ચીજ છે. અજ્ઞાની પોતાની કલ્પનાએ માને અને પ્રરૂપે અને કહે એ બધું મિથ્યાદૃષ્ટિનું લક્ષણ છે. સમજાણું કાંઈ?

ઈ કહે છે જુઓ, '**(પૂર્વે કહેલી રીતે જ) માર્ગમાં આરૂઢ થયા થકા સિદ્ધ થયા.**' સિદ્ધ થયા. ત્રણ કાળમાં આત્મા તીર્થંકર કેવળી થયા, સામાન્ય કેવળી થયા, મુનિઓ પણ માર્ગમાં રહીને કેવળી થયા, તે બધા શુદ્ધ ભગવાન આત્મામાં અંતરમાં એકાકાર થઈને, આનંદનું પ્રચુર સ્વસંવેદન કરીને કેવળજ્ઞાનને પામ્યા છે. કોઈ વ્યવહારથી પામ્યા છે એવી કોઈ વસ્તુ નથી. '**સિદ્ધ થયા...**' '**નમઃ અસ્તુ**'

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અરે..! પણ શું વ્યવહાર? ધૂળમાંથી પમાય? વ્યવહાર તો રાગ છે. રાગથી નિશ્ચય પમાય છે? અહીં તો નિશ્ચય છે ત્યારે રાગની મંદતાને વ્યવહાર જાણેલો પ્રયોજનવાન એટલી વાત છે. આઘું-પાછું કાંઈ કરશે તો એના ઘરમાં ભ્રમણા થશે. દેવચંદજી! અહીં ક્યાં હવે ગુપ્ત છે? વાત તો આ જ છે, આવી વસ્તુ છે.

મુમુક્ષુ :- ભૂતાર્થનો આશ્રય જ્યારે થશે ત્યારે થશે, અત્યારે આ વ્યવહાર થાય છે.

ઉત્તર :- ક્યો વ્યવહાર છે? એને વ્યવહાર કહેતા જ નથી. ભૂતાર્થનો આશ્રય થયો અને સમ્યગ્દર્શન-જ્ઞાન અનુભવમાં થયા, નિર્વિકલ્પ આનંદનું ભાન થયું, એ વખતે જે રાગ આવ્યો તેને વ્યવહાર જાણવાલાયક છે એટલું કહેવામાં આવ્યું છે. એમાં પણ રાગ આદરણીય છે એમ તો છે નહિ. આહા..હા..! ભારે વાત ભાઈ! અરે! હજી તો સત્ય વાત સાંભળવાનો પણ જ્યાં કંટાળો આવે છે. અરરરર..! આ? હાય! હાય! આ તો વ્યવહારનો લોપ થઈ જાય છે. સોળવલું. એ પંદરવલું જાણવાલાયક છે એમ કહ્યું છે. આદરે શું? આદરવાની વ્યાખ્યા (નથી).

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ શબ્દ વ્યવહારનું કથન છે. વસ્તુ તો આ ૧૧ અને ૧૨મી ગાથામાં કહ્યું એ મહાસિદ્ધાંત વીતરાગના ઘરનો છે. સમજાણું કાંઈ? '**परिज्ञानमानस्तदात्वे**' '**तदात्वे प्रयोजनवान्**' કરવું પ્રયોજવાન છે, આચરવું પ્રયોજનવાન છે એવી વાત છે જ નહિ. રાગ

કરવો તે પ્રયોજવાન છે? સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વભાવમાં આરૂઢ થયો, બસ! એ જ મોક્ષનો માર્ગ છે. વચ્ચે વિકલ્પ છે એને અહીંયા યાદ પણ કર્યો નથી. કારણ કે એ કોઈ મોક્ષમાર્ગ નથી.

**'नमः अस्तु'**.. કુંદકુંદાચાર્ય મહારાજ શાસ્ત્રના કરનારા એમ નિમિત્તથી, કહે છે કે ઓહો..! જે કોઈ કેવળી થયા, તીર્થંકર થયા, સામાન્ય મુનિઓ પણ કેવળજ્ઞાની થયા એ આ રીતે થયા, આ પદ્ધતિથી અને આ મોક્ષમાર્ગથી થયા. **'नमः अस्तु'** એમ કહે છે, લ્યો! બધાને નમસ્કાર કરે છે. એક વાત. **'તેમને અને તે નિર્વાણમાર્ગને.'** બેયને. એ આત્માને નમસ્કાર અને નિર્વાણ માર્ગને પણ નમસ્કાર મારા. આહા..હા..! સમજાણું કાંઈ? ગાથા-૧૯૯ અલૌકિક છે! ઈ વાત છે, માર્ગ આ છે. ચાહે તો પંચમ આરો હોય, ચોથો આરો હોય, ભરતક્ષેત્ર હોય, ઐરાવત હોય કે મહાવિદેહ હોય, માર્ગ તો આ છે. સમજાણું કાંઈ? 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' બીજો કોઈ પંથ નથી.

**'ટીકા :- બધાય સામાન્ય ચરમશરીરીઓ,... ' 'ટીકા :- બધાય સામાન્ય ચરમશરીરીઓ,...'** એ જ ભવમાં કેવળજ્ઞાન પામીને મોક્ષ જનારા **'બધાય સામાન્ય ચરમશરીરીઓ,...'** છેલ્લા શરીરવાળા. એક વાત. **'તીર્થંકરો...'** પુણ્યવંત છેને. સામાન્ય કેવળી કરતાં ઘણા પુણ્યવાન છે તો એનો કોઈ બીજો માર્ગ હશે? સમજાણું કાંઈ? કે ના. પુણ્યવંત તો પુણ્યમાં ગયા. એમાં માર્ગમાં ક્યાં ફેર છે? સમજાણું કાંઈ? આહા..હા..! સંતો સામાન્ય કેવળજ્ઞાની થયા. સામાન્ય શબ્દે તીર્થંકરની પુણ્ય પ્રકૃતિ ન હોય. ન હોય એમાં શું થયું? એમાં કેવળજ્ઞાનમાં અલ્પતા છે? કે સામાન્ય કેવળીનું કેવળજ્ઞાન અલ્પ છે અને તીર્થંકરનું કેવળજ્ઞાન વિશેષ છે એવું કાંઈ છે? અને સામાન્ય કેવળીને અનંત આનંદ છે અને તીર્થંકરને પુણ્ય પ્રકૃતિ છે એટલે એનાથી ઘણો આનંદ છે એવું કાંઈ છે? પુણ્ય પ્રકૃતિ તો બહારની ચીજ છે. એની સાથે કોઈ સંબંધ નથી. સમજાણું કાંઈ? **'બધાય સામાન્ય ચરમશરીરીઓ,...'** ધન્ય અવતાર! જેને છેલ્લું શરીર છે એમ કહે છે. આહા..હા..! એ પણ **'શુદ્ધાત્મતત્ત્વપ્રવૃત્તિલક્ષણ વિધિ વડે પ્રવર્તતા મોક્ષના માર્ગને પ્રાપ્ત કરીને...'** આહા..હા..!

મુમુક્ષુ :- ચતુર્થ કાળમાં?

ઉત્તર :- ત્રણે કાળ. પહેલા લીધુંને. પહેલા તો કહી દીધું. આ પાંચમા આરાના મુનિ છે કે કોણ છે? કુંદકુંદાચાર્ય પાંચમા આરામાં કહે છે. આ ટીકા પાંચમા આરાની છે કે ચોથા આરાની છે? એ તો પહેલા કહ્યું નહિ? પાંચમો આરો હોય, ચોથો આરો હોય, ભરત હોય, ઐરાવત હોય કે મહાવિદેહ હોય, માર્ગમાં ફેર ક્યાં છે? પુણ્ય પ્રકૃતિ .. એ તો પર ચીજ છે. એની સાથે શું સંબંધ છે? સમજાણું કાંઈ? કેવળીઓ તો કેટલાક મૌન હોય છે. જુઓ, વાણી પણ નથી હોતી. મૌન કેવળી હોય છે મૂકકેવળી. વાણી નથી હોતી. તો એમાં શું થયું? વાણી ન હોય તો શું ગુણમાં ખામી છે? અને વાણી બહુ છે તો ગુણમાં અધિકતા

છે? એની સાથે સંબંધ શું છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઉપસર્ગ થાય છે એમાં પણ કેવળજ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? એ ઉપસર્ગ કેવળી કહેવામાં આવે છે. ઉપસર્ગ મટે પછી કેવળજ્ઞાન થાય છે. બોલવામાં તો એમ આવેને. બસ થયું હતું એટલું. નહિતર ઉપસર્ગ વખતે કેવળજ્ઞાન ન થાય. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા સામાન્ય ચરમશરીરી, કેવળજ્ઞાની હોય કે તીર્થંકર મહાપુણ્ય જેને સો ઈન્દ્ર પુજે એવો તીર્થંકરનો આત્મા હોય અને અચરમશરીરી મુમુક્ષુ મુનિ હોય, અચરમશરીરી એટલે બે-ત્રણ ભવ કરવાના હોય એવા અચરમશરીરી મુમુક્ષુ એટલે મુનિ હોય. જુઓ ખુબી અહીંયા. અર્થ પછી કહેશે. **'આ જ યથોક્ત...'** આ જ—એ પ્રકારે યથા ઉક્ત **'શુદ્ધાત્મતત્ત્વપ્રવૃત્તિલક્ષણ વિધિ વડે...'** શુદ્ધાત્મતત્ત્વપ્રવૃત્તિલક્ષણ વિધિથી. આ વિધિ. **'પ્રવર્તતા મોક્ષના માર્ગને પ્રાપ્ત કરીને સિદ્ધો થયા,...'** શું કહે છે? અહીં તો કહે છે કે અચરમશરીરી મુમુક્ષુ પણ સિદ્ધ થયા એમ કહે છેને ભાઈ અહીંયાં તો. અહીં પણ સિદ્ધ છે એક ન્યાયે એમ કહે છે. આગળ કહેશે. સમજાણું કાંઈ?

અચરમશરીરી મુમુક્ષુ છે... અહીં તો બીજી વાત કરવી છે. છેલ્લું શરીર ન હોય તોપણ શુદ્ધાત્મતત્ત્વપ્રવૃત્તિનો મોક્ષમાર્ગ તો એની પાસે છે. કેટલાક એમ કહે છે કે નિશ્ચય મોક્ષમાર્ગ તો આઠમે શરૂ થાય છે અને ત્યાં સુધી તો વ્યવહાર મોક્ષમાર્ગ છે. અહીં તો કહે છે કે જીવ ઈ ભવમાં કેવળજ્ઞાન પામ્યો નથી, પામવાનો નથી તેને પણ શુદ્ધાત્મતત્ત્વપ્રવૃત્તિલક્ષણ મોક્ષમાર્ગ છે. તો એ કંઈ આઠમા ગુણસ્થાનની વાત નથી. સમજાણું કાંઈ? શું કહ્યું સમજાણું? નિશ્ચય મોક્ષમાર્ગ.. ચરમ શરીર ન હોય, એકાદ-બે ભવ કરવાના હોય એવા જીવને પણ આઠમા ગુણસ્થાન પહેલા નિશ્ચય મોક્ષમાર્ગ હોય છે. કોઈ એમ કહે કે નિશ્ચય મોક્ષમાર્ગ શુદ્ધાત્માના અનુભવનું વેદન નિશ્ચય તો આઠમે થાય છે. એમ કહે છે અત્યારે. ઘણું ચાલે છેને.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઉપાય શું છે? ખોટાને સાચા ઠરાવવા છે? કે આ બધા મુનિઓ છે એ પ્રવૃત્તિ કરે છે તો વ્યવહાર છે... વ્યવહાર છે. વ્યવહાર કેવો? સમજાણું કાંઈ? એમ ન ચાલે. આ તો વીતરાગમાર્ગ છે, ભાઈ! આ કાંઈ કોઈનો પક્ષમાર્ગ નથી. કોઈની એમાં સિફારીશ લાગુ પડતી નથી. સિફારિશને શું કહે છે? સિફારિશ કહે છે? સિફારિશ. અમારે સફારશ કહે છે. સિફારશ કોઈ લાગુ ન પડે એમાં. મહારાજ! મારી ખામી છે તો આપ ચલાવી લ્યો. એમ ન ચાલે,

ભગવાન! આ તો પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞ સો ઈન્દ્રોથી પૂજ્ય પ્રભુનો માર્ગ છે આ તો. એમનો માર્ગ તે આત્માનો માર્ગ છે. ઓહો..! જુઓ, કુંદકુંદાચાર્ય કહે છે. કુંદકુંદાચાર્ય સર્વજ્ઞ ભગવાન પાસે ગયા હતા. સાક્ષાત્ પરમાત્મા મહાવિદેહમાં સીમંધર પ્રભુ બિરાજમાન

છે એની પાસે ગયા હતા. આઠ દિવસ રહ્યા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યું. પોન્નુર હીલ. મદ્રાસથી ૮૦ માઈલ આ બાજુ ટેકરી છે પોન્નુર હીલ. ત્યાં રહેતા હતા ધ્યાનમાં. ત્યાંથી ભગવાન પાસે ગયા હતા. અહીંયા આવીને આ બનાવ્યું છે. સમજાણું કાંઈ?

આ કહે છે જુઓ, ઓહો..! સામાન્ય કેવળી હોય કે તીર્થંકર હોય કે હજી એકાદ ભવ કરવાનો બાકી હોય તો એ અચરમશરીરીને પણ શુદ્ધાત્મતત્ત્વપ્રવૃત્તિલક્ષણ વિધિ તે મોક્ષમાર્ગ છે. એક ભવ જેને કરવાનો છે અને શ્રેણી નથી તેને વ્યવહાર મોક્ષમાર્ગ છે અને શ્રેણી માંડે પછી નિશ્ચય છે એમ છે નહિ. ઓહો..હો..! બહુ ચલાવે છે, રતનચંદજી તો બહુ ચલાવે છે. અરે ભગવાન! શું કરે? પ્રભુ! એવી બુદ્ધિ ન હો, એવી બુદ્ધિ ન હો. નુકસાનકારક છે, નાથ! શું કરે? અરે! માર્ગ તે માર્ગ! સમજાણું કાંઈ? વ્યવહાર કહીને અત્યારે બધાને મુનિ ઠરાવવા છે. સમજ્યા? અને હવે આપણે સમકિતી છીએ અને મોક્ષમાર્ગમાં છીએ. નિશ્ચય તો આઠમાથી થશે. અરે ભગવાન! શું કરે છે તું? આહા..હા..! એ વ્યવહાર મોક્ષમાર્ગ છે જ નહિ, એ તો બંધમાર્ગ છે. સમજાણું કાંઈ? આ એક જ મોક્ષમાર્ગ છે. આગળ આવશે જુઓ.

**'કેવળ આ એક જ મોક્ષનો માર્ગ છે,...'** ચોથી લીટી છે. ઓહો..! એક-બે ભવ કરવાના હોય એવા ધર્માત્મા સંતોને અને એ જ ભવમાં કેવળજ્ઞાન લેવાના હોય એવા સંતોને અને તીર્થંકરને, બધાનો એક માર્ગ ત્રણ કાળ ત્રણ લોકમાં શુદ્ધાત્મપ્રવૃત્તિલક્ષણ (જ છે). શુદ્ધાત્મતત્ત્વપ્રવૃત્તિલક્ષણ. આહા..હા..! શુદ્ધ ધ્રુવ ભગવાન આત્મા એનો ભાવ આનંદ આદિ એમાં પ્રવૃત્તિ, પરિણતિ-વીતરાગી પરિણતિ. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન પણ વીતરાગી સમ્યગ્દર્શન એ નિશ્ચય સમ્યગ્દર્શન. જ્ઞાન પણ વીતરાગી સ્વસંવેદન એ જ્ઞાન અને રમણતા ચારિત્ર વીતરાગી રમણતા તે ચારિત્ર. ત્રણે શુદ્ધાત્મતત્ત્વપ્રવૃત્તિ. જુઓ, પ્રવૃત્તિ કીધી. પરિણમન કરે છેને? પરિણમન છેને? આહા..હા..! જેમ રાગમાં પ્રવૃત્તિ હતી, એમ ભગવાન આત્મા પોતાના જ્ઞાન અને આનંદની પરિણતિમાં પ્રવૃત્તિ કરે છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? (અત્યારે તો) અર્થ પણ ઊંધા કરે છે. અર્થની વ્યાખ્યા કરી હતી એકવાર. કરી હતીને અહીંયાં? આપણે કરી હતી. અર્થનો અનર્થ કરે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભૂલી ગયા? તમે તો ભૂલી ગયા. આ લોકો નહોતા. અહીં પણ કહ્યું હતું. એક સ્ત્રી હતી સાસુ-વહુ. તો સાસુએ વહુને કહ્યું કે બેટા! એંઠવાડ હતોને એંઠવાડ. ત્યાં કહ્યું હતુંને? મક્ષીમાં કહ્યું હતું. એંઠવાડ. બેટા! એંઠવાડ માણસ જોઈને નાખજે. એવું સાસુએ વહુને કહ્યું. માણસ જોઈને નાખજે. કોઈ માણસ આવે તો નાખેને. ઉભી રહી એંઠવાડ લઈને. કેમ બેટા ઉભી છો? કે તમે કહ્યું હતુંને કે માણસ જોઈને નાખજે. પણ માણસ જોઈને નાખ એટલે માણસ ન હોય ત્યારે નાખવું એમ એનો અર્થ છે. માણસ જોઈને નાખવું એટલે

માણસ દેખીને ઉપર નાખજે એવો અર્થ છે? લાવો, શબ્દ લખો. માણસ જોઈને નાખવું. કરો અર્થ. એય..! પંડિતજી! લ્યો લગાવો અર્થ. માણસ જોઈને નાખવું. સાસુએ વહુને કહ્યું. માણસ જોઈને. કોઈ સારો માણસ આવે તો નાખુંને માથે. પણ માણસ જોઈને નાખવાનો અર્થ કે માણસ ન હોય ત્યારે એંઠવાડ નાખવો. એંઠુ હોયને.

પંડિતજી નહિ? પંડિતજી હતાને ગોપાળદાસ. ગોપાળદાસ પંડિતની સ્ત્રી બહુ કડક હતી. ગોપાળદાસ બરૈયા. બહુ સ્ત્રી કડક હતી. તો એકવાર પંડિત બેઠા હતા, ગોપાળદાસ બેઠા હતા. સ્ત્રી આવી. શું મુંડાવ્યું આવું પંડિતપણું કરીને? આખો દિ' એક જ (વાત). અમારી વાત જ નથી સાંભળતા. અમારું કાંઈ કરવાનું નહિ. બહુ ખીજાઈ-ખીજી બાઈ. ખૂબ ખીજાઈ પછી પંડિત તો ન બોલ્યા. અંદર જઈને એંઠવાડનું ઠામ લઈ અને પંડિત ઉપર નાખ્યું. તો પંડિતજી કહે છે કે ગાજે એ વરસે. ગાજી હતીને હમણાં? તે ગાજે એ વરસે, એમાં શું થયું? ગાજે એ વરસે. એમ પંડિતે અર્થ કરી નાખ્યો કે એ તો ગાજતી હતીને તો વરસે. એમ માણસ ઉપર નાખી દેવું? આહા..હા..!

ત્રણ અર્થ કર્યા હતા ત્યાં મક્ષીમાં. બીજો અર્થ ક્યો? પેટી-પેટી. એક કપડાની પેટી હતી. પચાસ હજારના કપડા હતા અંદરમાં. તો એના પિતાજીએ કહ્યું કે બેટા! પેટી સાચવીને લઈ જજે. સાચવીને શું કહે? સંભાળીને લઈ જાજે. તો પેટી તો લીધી. શ્રાવણ મહિનો હતો. વરસાદ આવ્યો. હવે કરવું શું? અને એમાંથી કપડા કાઢીને બે-પાંચ, દશ હજારના કપડા ઉપર વીંટ્યા. સાચવીને લઈ જવાની હતીને. પેટીને સાચવીને લઈ જવી. પેટીમાં પાણી ન આવવું જોઈએ. આહા..હા..! અરે..! પેટી સાચવીને લઈ જવાનો અર્થ શું? કપડા ભીંજાય નહિ એવો અર્થ છે. એને ઠેકાણે કપડા બહાર કાઢીને પેટીને લપેટીને લઈ ગયા. પહોંચાડી દીધી? કહે હા. દેવચંદજીએ નથી સાંભળ્યું એ. એમાં આવ્યું હતું સન્મતિ સંદેશ. સન્મતિ સંદેશમાં ત્રણ દાખલા આવ્યા હતા. .. છેને. જુઓ, પેટી સંભાળીને આપી? કહે હા, બિલકુલ પેટીને પાણી અડ્યું જ નથી. કપડા-બપડા? તો કહે, કપડા તો ઉપર લગાડ્યા હતા. આહા..હા..! લ્યો આ અર્થના અનર્થ. સમજ્યા?

અને ત્રીજું દૃષ્ટાંત એ હતું કે એક ખેડુત દાણા વાવતો હતો. એક માણસ નીકળ્યો. કૃષિકાર કહે છેને? ખેડુત-ખેડુત દાણા વાવતો હતો. દાણા—અનાજ. બીજ વાવતા હતા. ભાઈ, અમને તમારી ભાષાનો બરાબર ખ્યાલ નથી. બીજ વાવતો હતો અને એમાં એક માણસ નીકળ્યો. કેમ ભાઈ શું વાવો છો? શું કામ છે તારે? ત્યારે એ માણસ કહે, પણ તું નહિ કહે તોપણ પંદર દિ'એ તો ખબર પડશે અમને. એ દાણામાંથી અંકુર ફૂટશે તો અમને ખબર પડશે કે બાજરી છે કે જુવાર છે. તું નહિ કહે તોપણ અમને તો ખબર પડશે. એ માણસ કહે છે. ત્યારે ઓલો ખેડૂત કહે, ભગવાન કરે કે વરસાદ ન આવે, તો ન દેખે આ. આહા..હા..! ગજબ કરે છેને! પણ વાવે છેને હવે શું કરવું છે તારે? હે ભગવાન!

વરસાદ ન આવે અને દાણા ન ઉગે અને આ ન દેખે. શું કરે છે પણ તું આ? સમજાણું કાંઈ?

એમ યશોવિજયજીએ એકવાર કહ્યું હતું હોં. 'જાતિ અંધનો રે દોષ નહિ આકરો.' જાતિ અંધ સમજ્યા? જન્મ અંધ. 'જાતિ અંધનો રે દોષ નહિ આકરો, જે જાણે નહિ અર્થ...' આંધળો તો શું જોવે બિચારો? 'મિથ્યાદષ્ટિ રે તેથી આકરો, કરે અર્થના અનર્થ.' અર્થના અનર્થ કરે કે ચોથા ગુણસ્થાને શુભ છે અને પછી આઠમે આમ હોય, નિશ્ચય તો અત્યારે છે નહિ. આ શું કરે છે તું? સમજાણું કાંઈ? એય..! દીપચંદજી! આવો અર્થ કરે. 'મિથ્યાદષ્ટિ રે એથી આકરો, કરે અર્થના રે અનર્થ.' આહા..હા..! પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વર સંતો શું કહે છે? કઈ નિશ્ચયની વાત છે? કઈ વ્યવહારની વાત છે? કઈ ઉપચારની છે? કઈ યથાર્થ છે? સમજ્યા વિના ઉપચારને યથાર્થમાં નાખી દે અને યથાર્થને વ્યવહારમાં નાખી દે. સમજાણું કાંઈ?

અહીં તો ભગવાન પ્રત્યક્ષ ૧૯૯માં સ્પષ્ટ કરી દે છે. '**શુદ્ધાત્મતત્ત્વપ્રવૃત્તિલક્ષણ વિધિ...**' આ વિધિ છે, મોક્ષમાર્ગની રીત આ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- મુનિઓ માટે?

ઉત્તર :- અરે! બધાને માટે. મોક્ષમાર્ગ ચોથે ગુણસ્થાને છે કે નહિ? ચોથે ગુણસ્થાને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે છે. રત્નકરંડ શ્રાવકાચારમાં ન આવ્યું? ...મોક્ખમગ્ગો.. ગૃહસ્થાશ્રમમાં પણ મોક્ષમાર્ગ છે અને અણગાર હોય અને દૃષ્ટિ વિપરીત છે તો કુમાર્ગ છે, ઉન્માર્ગ છે. રત્નકરંડ શ્રાવકાચારમાં આવ્યું, ઘણું સ્પષ્ટ કરી દીધું છે. તો શ્રાવકને છે કે નહિ ત્રણે? અને નિયમસારમાં પણ લીધું છે. સમજાણું? જ્યાં ભક્તિનો અધિકાર લીધો છેને ત્યાં. શ્રાવકને ત્રણે છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે છે. મૂળ ગાથામાં પાઠ છે, નિયમસાર. સમજાણું કાંઈ? એ તો બધે ઠેકાણે હોયને. નિશ્ચય નથી એ તો ચારિત્ર મુનિને વિશેષ સ્થિરતા છે તો વિશેષ ચારિત્ર છે અને એ ચારિત્ર ખાસ મોક્ષનું કારણ છે એ અપેક્ષાએ વાત છે. બાકી ચોથે ગુણસ્થાને સમ્યક્ અનુભવ, સમ્યક્ વેદન અને સ્વરૂપ આચરણની સ્થિરતાનો અંશ જો ન હોય તો સમ્યક્ જ નથી. અનંત ગુણનો અંશ વેદનમાં આવે છે સમ્યક્માં. સમજાણું કાંઈ? આહા..હા..! જેટલા અનંતા-અનંત ગુણ છે આત્મામાં એ સર્વ, દૃષ્ટિ જ્યાં દ્રવ્યની થઈ તો સમસ્ત ગુણનું પરિણમન વ્યક્ત થઈ ગયું. સર્વ ગુણનો વ્યક્ત અંશ પરિણમનમાં પ્રગટ થઈ ગયા. સમજાણું કાંઈ? એની તો ખબર નથી અને રાગ કરો, એમાં પણ કાંઈક છે. ધૂળેય નથી, સાંભળ તો ખરો! ધૂળેય નથી નામ યથાર્થ પુણ્ય પણ નથી એ. નિશ્ચય વિના યથાર્થ પુણ્ય પણ થતું નથી. સમ્યગ્દષ્ટિ એ જ તીર્થંકરગોત્ર બાંધે છે. અજ્ઞાની ન બાંધી શકે. કેમકે દૃષ્ટિ આત્મામાં છે અને રાગ આવે છે તેને હેય માને છે, લાભ નથી માનતા. તેને તીર્થંકર પ્રકૃતિ બંધાઈ જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે '**યથોક્ત...**' નામ યથા ઉક્ત. જેમ પૂર્વે કહેલું '**શુદ્ધાત્મતત્ત્વપ્રવૃત્તિલક્ષણ...**'

ઓહો..હો..! કેટલું સમાડ્યું છે! '**सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः**' એને ઠેકાણે આ શબ્દ લખ્યો. એક શબ્દ વાપર્યો. ઉમાસ્વામીએ તો લખ્યું કે '**सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः**' અહીં કહે છે કે '**શુદ્ધાત્મતત્ત્વપ્રવૃત્તિલક્ષણ વિધિ વડે પ્રવર્તતા મોક્ષના માર્ગને...**' સમજાણું કાંઈ? ભેદથી કથન છે. '**માર્ગને પ્રાપ્ત કરીને સિદ્ધો થયા,...**' આહા..હા..! ભૂતકાળમાં એમ થયું, વર્તમાનમાં એમ થાય છે અને ભવિષ્યમાં પણ એમ થશે. 'એક હોય ત્રણ કાળમાં...' ભગવાન આત્મા શુદ્ધ આનંદમૂર્તિ પ્રભુ, અનંત અનંત સિદ્ધપર્યાય જેમાં પડી છે એવો ભગવાન. એક સિદ્ધની પર્યાયમાં પણ આખું દ્રવ્ય નથી આવતું. ઓહો..હો..! સમજાણું કાંઈ? એવો ભગવાન શુદ્ધતત્ત્વ, શુદ્ધભાવ, શુદ્ધસ્વભાવ. એ શુદ્ધાત્મતત્ત્વપ્રવૃત્તિ (અર્થાત્) એમાં પરિણતિરૂપી લક્ષણ એવી વિધિ. જુઓ એ વિધિ. બાકી અવિધિ.

મુમુક્ષુ :- આ જૈનધર્મની વિધિ?

ઉત્તર :- વીતરાગમાર્ગની આ વિધિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળેય વિધિ નથી. વિધિ, આ એક જ વિધિ છે. બીજી વિધિ તે અવિધિ છે તેને વિધિ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ તો આવો છે, ભગવાન! એ વાતમાં ખામી ન આવવા દેવી. જે ચીજ છે એ એવી ચીજ છે. એ કોઈના ઘરની નથી. એ તો અનાદિની ચીજ જ આત્માની છે.

ભગવાન આત્મા.. જુઓ, મુનિને અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ છે એને અહીંયા મોક્ષમાર્ગ નથી ગણ્યો. અશુભ પ્રવૃત્તિ છે. અશુભ પ્રવૃત્તિ છે ઈ. પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ અને પડિમાનો વિકલ્પ, અગિયાર પડિમાનો વિકલ્પ એ તો બધી અશુદ્ધ પ્રવૃત્તિ છે. એ મોક્ષમાર્ગ છે જ નહિ. આહા..હા..! ભગવાન આત્મા શુદ્ધ આત્મતત્ત્વ, શુદ્ધ પવિત્રસ્વભાવ, અનંત ગુણનો આનંદ આદિ એમાં પ્રવૃત્તિ નામ પરિણતિ, પરિણતિ નામ પરિણમન, પરિણમન નામ તે રૂપે અંદર દશા થવી, તે રૂપી લક્ષણ વિધિ. આ એનું લક્ષણ છે જુઓ. '**એવી વિધિ વડે પ્રવર્તતા...**' પ્રવર્તતા... પ્રવર્તતા... પ્રવર્તનારા '**મોક્ષના માર્ગને...**' આવા મોક્ષમાર્ગને '**પ્રાપ્ત કરીને સિદ્ધો થયા,...**' અનાદિ-અનંત સિદ્ધો જે થયા, અનાદિથી અત્યાર સુધી આ પ્રવૃત્તિથી સિદ્ધ થયા છે. કોઈ વ્યવહાર કરતાં કરતાં સિદ્ધ થયા છે અને વ્યવહાર કરીને નિશ્ચય કરતાં સિદ્ધ થયા એમ નથી. આમાં થોડું કાંઈક આવ્યું હતું ઓલામાં. ઉજ્જૈનવાળા છેને બરૈયા. છોટેલાલ ને? શું નામ? છોટેલાલજી. જે કોઈ વ્યવહારથી નિશ્ચય માનનારા છે એને તો એમ છે. પણ નિશ્ચય માનનારને તો પહેલા નિશ્ચય અને પછી વ્યવહાર છે. એવું કાંઈક લાકડું ખોસ્યું છે. અરેરે! કાંઈકના કાંઈક બિચારા.

ઓહો..હો..! હજી તો સત્ય સમજવામાં પણ જ્યાં વિરોધ છે એ સત્ય સમજે અને રુચિ, દૃષ્ટિ તો ક્યારે કરે? આહા..હા..! ભાઈ! આ તો માર્ગ તારો અંતરમાં છે, બાપા!

આ કાંઈ કોઈનો નથી. ભગવાને કર્યો નથી. ભગવાને તો જેવો છે એવો બતાવ્યો કે માર્ગ તો આમ છે, ભાઈ! સમજાણું કાંઈ? તારો મોક્ષને કરવાનો ઉપાય, ભગવાન આત્મા શુદ્ધ તત્ત્વની પ્રવૃત્તિરૂપી વિધિ વડે પ્રવર્તમાન મોક્ષમાર્ગ લક્ષણ છે, એ સિવાય બીજી ચીજ નથી.

'**કરીને સિદ્ધો થયા,...**' જુઓ, '**પરંતુ એમ નથી...**' હવે આ અનેકાંત. જુઓ, આ અનેકાંત છે. આમ પણ મોક્ષ થશે અને વ્યવહાર કરતાં-કરતાં પણ થશે એવું અનેકાંત નથી. સમજાણું કાંઈ? શ્વેતાંબરમાં તો યશોવિજય.. એના તો કરોડો બીજા શ્લોકો છેને. આવશ્યકમાં વ્યવહારને સમકિત કહ્યું છે ત્યાં. વ્યવહારીને સમકિતી કહ્યા છે. યશોવિજય નામના એમાં મોટા ઉપાધ્યાય થઈ ગયા છે વિદ્વાન. એણે આવશ્યકમાં વ્યવહાર સમકિતને સમકિત કહ્યું છે. પણ વ્યવહાર એ સમકિત જ નથી. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે '**પરંતુ એમ નથી કે બીજી રીતે પણ થયા હોય;...**' સમજાણું કાંઈ? કે ભાઈ, અંદર દયા, દાન, વ્રત પાળવાથી પણ મુક્તિ થઈ હોય. એક આના એનાથી થાય અને પંદર આના નિશ્ચયથી થાય. એક આના લ્યો ભાઈ એનાથી. એમ નથી. સમજાણું કાંઈ? ધર્માત્માને અંદર નિશ્ચય શુદ્ધાત્માનુભવની પ્રવૃત્તિરૂપી વીતરાગદશા થઈ એ એક જ વિધિ માર્ગ અને મોક્ષનો માર્ગ છે. સાથે બીજો રાગ આવ્યો તો કોઈ વ્યવહારથી પણ મુક્તિ પામ્યા એમ છે નહિ. આહા..હા..! એમાં કહે છે શ્વેતાંબરમાં. વ્યવહારથી ઘણા મોક્ષમાર્ગ પામ્યા છે, નિશ્ચયથી કોઈક થોડા પામ્યા, એમ કહે છે. એમ એમાં કહે છે. અમે તો એના બધા સાહિત્ય જોયા છેને શ્વેતાંબરના.

મુમુક્ષુ :- વ્યવહારથી જાય એટલે મોટો રસ્તો.

ઉત્તર :- મોટો રસ્તો. ધૂળેય નથી વ્યવહારનો રસ્તો. સાંભળ તો ખરો. વ્યવહાર માર્ગ જ નથી પછી વળી થોડો સાંકડો અને મોટો માર્ગ આવ્યો ક્યાંથી?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. હા. મોટો માર્ગ છે. એ માર્ગે ઘણા જાય. ધૂળેય નથી. સમજાણું કાંઈ? એ તો આણે ચંદ્રશેખરે પણ નાખ્યું છે કે કેડી માર્ગ છે, ફલાણા માર્ગ છે. હવે તારા દાખલા પણ ખોટા છે, સાંભળને!

ભગવાન અંતર સ્વરૂપ ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદના વિકલ્પને તોડીને નિર્વિકલ્પ થયો. તોડીને એ પણ વ્યવહારથી કથન છે. સમજાણું કાંઈ? અહીંયા નિર્વિકલ્પ થયો તો વિકલ્પ તુટી ગયા, તો વિકલ્પ તોડ્યા એમ કહેવામાં આવે છે. આહા..હા..! અરે..! માર્ગની... ભગવાન તો કહે છે કે દંસણભટ્ઠા ન સિઝંતી, ચરિતભટ્ઠા સિઝંતી.

મુમુક્ષુ :- આ પણ માર્ગ છે અને વ્યવહાર માર્ગ છે.

ઉત્તર :- ધૂળેય માર્ગ નથી. માર્ગ કેવો? માર્ગ તો આ એક જ છે. ચારિત્રભટ્ઠા (અર્થાત્) સમકિતી હોય, પછી ચારિત્રમાં આવ્યો હોય અને કદાચિત્ ચારિત્રમાં ન રહી શકે. તો શાસ્ત્ર

કહે છે કે એવી દશા અંદરમાં રહે તો ગૃહસ્થાશ્રમમાં આવી જાય. પંચમ ગુણસ્થાનમાં આવી જાય. સમજાણું કાંઈ? તો ચારિત્રભ્રષ્ટ છે, પણ દર્શનભ્રષ્ટ નથી તો સિઝંતી. ખ્યાલમાં છે કે હું રહી ન શક્યો. મારે સ્થિરતા જોઈએ એટલી સ્થિરતા ન રહી. સમજાણું કાંઈ? જુઓ, સમ્યગ્દર્શનનું માહાત્મ્ય! ચારિત્ર હતું અને પછી નીચે આવી ગયો તોપણ સમ્યગ્દર્શનમાં ખામી નથી. આહા..હા..!

મુમુક્ષુ :- સમંતભદ્રાચાર્ય.

ઉત્તર :- હા, સમંતભદ્રાચાર્ય. આ તો ત્રિકાળ માર્ગ છે ભગવાનનો. ભગવાનનો માર્ગ એવો છે. છઠ્ઠે માર્ગ છે. છઠ્ઠે ગુણસ્થાને ચારિત્રની દશા અંતર રમણતા છઠ્ઠાની અને સહજરૂપે અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ સહજરૂપે આવે છે. ... ઓહો..! પુરુષાર્થ ખસી ગયો. ચારિત્રનું જે વેદન સાતમા ગુણસ્થાન ક્ષણમાં આવવું જોઈએ તે ન આવ્યું. એવી થોડી વાત. બે દિવસ, પાંચ દિવસ દેખે. ન આવે, પુરુષાર્થ મંદ થઈ ગયો. સમજાણું? કર્મથી નહિ. ખસી જાય. સમજાણું કાંઈ? અને સ્ત્રી સાથે લગ્ન પણ કરી લે. રાડ નાખે લોકો તો. દુનિયાને, સમજવાની દૃષ્ટિ શું છે અને ચારિત્ર શું છે એની ખબર નથી. આ તો ત્રિકાળી માર્ગની વાત છે. એ તો અમે દૃષ્ટાંત આપીએ છીએ. આ તો માર્ગ આવો છે. સમજાણું કાંઈ? ચારિત્રભઠ્ઠા તો સિઝંતી. કારણ કે એને ખ્યાલમાં છે કે રાગની મંદતા જોઈએ અને સ્થિરતા જોઈએ એટલી મારામાં છે નહિ, તો હું નીચે ઉતરી જાઉં છું. દર્શનમાં-સમ્યગ્દર્શનમાં બિલકુલ શુદ્ધાત્મતત્ત્વપ્રવૃત્તિ એ જ મોક્ષમાર્ગ, બીજો કોઈ મોક્ષમાર્ગ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- નિશ્ચય સમ્યગ્દર્શન તો શ્રદ્ધાગુણની પર્યાય છે, વ્યવહાર સમ્યગ્દર્શન...?

ઉત્તર :- વ્યવહાર સમ્યગ્દર્શન પર્યાય રાગની પર્યાય છે. એમાં શ્રદ્ધાગુણની પર્યાય ક્યાંથી આવી? વ્યવહાર સમકિતનો અર્થ? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ. એ વિકલ્પ તો રાગની પર્યાય છે. દર્શનની પર્યાય ક્યાંથી આવી? ચારિત્રની વિપરીત પર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કુંદકુંદાચાર્યે તો ત્યાં સુધી કહ્યું કે અરે જીવ! તને એકલું ન ગમે.. સમજાણું? મુનિ ધર્માત્મા હોય અને મિથ્યાદૃષ્ટિ કુશીલ એવો કુતર્ક તને ખોસી દે, મિથ્યાત્વ થઈ જશે. એવા કુગુરુ, એવા શાસ્ત્રના ઊંધા અર્થ કરનારા એનો સંગ કરીશ તો મિથ્યાત્વ થશે. તને એકલું ન ગમે તો સ્ત્રીની સાથે લગ્ન કરી લે. એવું લખ્યું છે. મૂળાચારમાં કહ્યું છે. મૂળાચારમાં શ્લોક છે, ગાથા છે. અરે મુનિ! કુગુરુ એવા તને શલ્ય ખોસી ઘાલશે, ઊંધા તર્ક કરીને મિથ્યાત્વનું લાકડું (ખોસશે કે) રાગ કષાય મંદ છે એ પણ કારણ છે કે નહિ? એમ છે કે નહિ? આપણે છેને. વ્યવહાર છે કે નહિ? એમ કહીને તને મિથ્યાત્વનું લાકડું કુસંગી ખોસી દેશે. તો કુસંગ ન કરવો. અને તને એકલું રહેવું ન ગમે અને સંગ કરવો હોય તો એવા કુસંગીનો સંગ ન કરીશ, સ્ત્રીને પરણી જાજે. કારણ કે એ ચારિત્રનો દોષ છે.

મુમુક્ષુ :- સમકિત રહેશે.

ઉત્તર :- સમકિત રહેશે. તને સમકિતમાં બાધા નથી, ચારિત્રનો દોષ થશે. સમજાણું કાંઈ? લોકોને હજી સમ્યગ્દર્શન શું અને એની કિંમત શું એની ખબર નથી. બહારના આચરણમાં કાં તો આ કરે અને આ કરે. આ ઓછું ખાય છે ને અપવાસ કરે છે. સમજાણું કાંઈ? એમાં શું છે? એ બધી ક્રિયા તો અનંતવાર કરી. એ તો પર છે. એનાથી આત્મામાં શું આવ્યું? સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્યે એમ કહ્યું લ્યો! એલા! પણ મુનિ તમે એમ કેમ કહો? ભાઈ! તીવ્ર મિથ્યાત્વનું અનંતગણું પાપ છે એનાથી રાગનું પાપ અલ્પ છે. સમજાણું કાંઈ? અજ્ઞાની બચાવ કરશે, જ્ઞાની બચાવ નહિ કરે. કહેશે કે મારો દોષ છે. હું સ્થિરતામાં ન રહી શક્યો. વીતરાગતા જે જોઈએ તે નથી. પંડિતજી!

અહીં તો કહે છે કે માર્ગ તો શુદ્ધાત્મતત્ત્વપ્રવૃત્તિલક્ષણ એક જ વિધિ છે. પરંતુ એમ નથી કે બીજી વિધિથી પણ સિદ્ધ થયા હોય. વ્યવહારથી પણ મુક્તિ થાશે. એવી કોઈ વિધિ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આ ઘણી માર્ગની પ્રભાવના કરનારો છે તો એને રાગની મંદતાથી પણ કલ્યાણ થશે. પુણ્યવંત પ્રાણી છે અને માર્ગની પ્રભાવના ઘણી કરે છે તો તે રાગની મંદતાથી પણ આગળ વધી જશે. એમ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કષાય છે, રાગ છે, વિકલ્પ છે. આહા..હા..!

'**પરંતુ એમ નથી કે બીજી રીતે પણ...**' એમ છેને? '**પરંતુ એમ નથી કે બીજી રીતે પણ...**' એનાથી પણ અને આનાથી પણ, એમ. તે સિદ્ધ થયા એમ છે નહિ. એવું અનેકાંત નથી. આ એક જ શુદ્ધાત્મતત્ત્વ ભગવાન વીતરાગસ્વરૂપમાં પરિણત થઈને સિદ્ધ થયા અને મોક્ષમાર્ગ એક જ છે. બીજો કોઈ મોક્ષમાર્ગ વ્યવહાર-ફ્યવહાર એ મોક્ષમાર્ગ છે નહિ. ભાઈ! એટલો વ્યવહાર કરે છે, જેટલો ત્યાગ કર્યો એટલો લાભ તો છે. ધૂળેય લાભ નથી. શું કહે છે? પરનો ગ્રહણ-ત્યાગ છે નહિ અને માને છે કે મેં પરનો ત્યાગ કર્યો. એ તો ગ્રહણ બુદ્ધિ મિથ્યા થઈ. સમજાણું કાંઈ? એવી વાત છે. સૂક્ષ્મ વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભાન જ નથી. ગ્રહણ-ત્યાગ-આ છોડ્યું અને આ લીધું એ તો મિથ્યાત્વભાવ છે. પરનો ગ્રહણ-ત્યાગ આત્મામાં ત્રણ કાળમાં નથી. અને માની લીધું કે મેં આટલું છોડ્યું, મેં આટલું છોડ્યું છેને. શું છોડે? સમકિત છોડ્યું છે તેં. બ્રહ્મચારીજી! વાત તો એવી છે, ભગવાન! આહા..હા..! એ કહે છે કે બીજી રીતે પણ સિદ્ધ થાય એવી વાત નથી. માટે શું છે? એ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જેઠ વદ ૮, શનિવાર, તા. ૦૭.૦૬.૧૯૬૯**
**ગાથા-૧૯૯-૨૦૦, પ્રવચન-૧૭૬**

કહે છે કે સામાન્ય કેવળજ્ઞાની કે તીર્થંકરદેવ કે અચરમશરીરી આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓ—એ બધા '**યથોક્ત શુદ્ધાત્મતત્ત્વપ્રવૃત્તિલક્ષણ વિધિ વડે પ્રવર્તતા મોક્ષના માર્ગને પ્રાપ્ત કરીને સિદ્ધો થયા,...**' શુદ્ધ આત્મા ભગવાન પવિત્ર ધ્રુવ તેમાં પ્રવૃત્તિ નામ પરિણતિ કરીને નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચય સમ્યગ્જ્ઞાન અને નિશ્ચય વીતરાગ પરિણતિ એમાં પ્રવર્તમાન મોક્ષમાર્ગને પ્રાપ્ત. એ મોક્ષમાર્ગ છે. જુઓ, મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગી પર્યાય તેને મોક્ષમાર્ગ કહ્યો છે. (કેટલાક) કહે છેને કે અત્યારે વીતરાગ મોક્ષમાર્ગ નથી, સરાગ મોક્ષમાર્ગ છે. અહીં તો કહે છે, વીતરાગ એક જ મોક્ષમાર્ગ છે, બીજો મોક્ષમાર્ગ છે જ નહિ. જુઓ, વીતરાગ કહ્યુંને '**શુદ્ધાત્મતત્ત્વપ્રવૃત્તિલક્ષણ...**' જયસેનાચાર્યે લખ્યું છે. જયસેનાચાર્યનું છેને. એમણે લખ્યું છે, વીતરાગ ચારિત્ર. આમાં નથી, ગુજરાતીમાં છે. વીતરાગ ચારિત્ર પ્રાપ્ત કરે છે. ક્યાંક વીતરાગ શબ્દ આવ્યો છે ખરો. .. ઘણા જોતા હોઈએને. ૨૧૦. ... એ આચાર્ય કહે છે. ... (અજ્ઞાની કહે) પંચમ આરામાં અત્યારે આ ન હોય. વીતરાગ ચારિત્રની વાત છે. આ વીતરાગ ચારિત્રની વાત છે ૧૯૯માં ચાલે છે એ.

વીતરાગ દર્શન, સમ્યક્ વીતરાગી જ્ઞાન અને વીતરાગી ચારિત્ર. શુદ્ધ ભગવાન આત્મા પરમ આનંદ અને જ્ઞાનની મૂર્તિ પ્રભુ એના સન્મુખની દૃષ્ટિ તે વીતરાગી દૃષ્ટિ છે, એમાં સ્વસંવેદનજ્ઞાન એ વીતરાગી જ્ઞાન છે અને સ્વરૂપમાં રમણતાની લીનતા તે વીતરાગી ચારિત્ર છે. સમજાણું કાંઈ? એવું શુદ્ધાત્મતત્ત્વપ્રવૃત્તિ લક્ષણ. શુભરાગ ક્યાંથી આવ્યો એમાં? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પરંપરા કારણ છે.

ઉત્તર :- પરંપરા-ફરંપરા કારણ કાંઈ નથી. કારણ કેવું? લસણ ખાય અને પરંપરાએ કસ્તુરીનો ઓડકાર આવે. આવે કે નહિ?

મુમુક્ષુ :- લૌકિકમાં નથી આવતો, લોકોત્તરમાં આવે.

ઉત્તર :- લોકોત્તરમાં આવે, લૌકિકમાં ન આવે. ગાંડા છેને. ગાંડા સમજ્યા? પાગલ.

અહીંયાં તો કહે છે કે ભગવાન આત્મા ચોથા ગુણસ્થાનથી... અહીંયા તો મુનિપણાની મુખ્યતાથી કથન છે, પણ ચોથા ગુણસ્થાનથી (હોય). આત્મા એ વિકલ્પ જે રાગ છે એનાથી ભિન્ન થઈ અને અને પોતાનો શુદ્ધ ધ્રુવ ચૈતન્ય આનંદસ્વભાવથી અભિન્ન થઈને જે દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા થાય છે તેને પરમાત્મા મોક્ષમાર્ગ કહે છે. અને કુંદકુંદાચાર્ય કહે છે કે

અમે તે વીતરાગ ચારિત્રને પામ્યા છીએ. લ્યો! પંચમ આરાના સાધુ છે. આઠમું ગુણસ્થાન નહોતું. છઠ્ઠે-સાતમે હતા. મુનિ હોય, સાચા મુનિ હોય તે છઠ્ઠે-સાતમે હજારો વાર, એક દિવસમાં છઠ્ઠે-સાતમે હજારો વાર આવે છે. સાચા સાધુ હોય, ભાવલિંગી સાધુ હોય તેને એક દિવસમાં હજારો વાર છઠ્ઠું-સાતમું, છઠ્ઠુ-સાતમું હજારો વાર આવે છે. એક દિવસમાં નહિ, અંતર્મુહૂર્તમાં. એક દિવસ તો મોટો થઈ ગયો. અંતર્મુહૂર્તમાં, એવો શાસ્ત્રમાં પાઠ છે. કેમકે છઠ્ઠા ગુણસ્થાનની સ્થિતિ પોણી સેકન્ડની અંદર છે. પોણી સેકન્ડની અંદર. એક મિનિટમાં ૬૦ સેકન્ડ. પોણી સેકન્ડની અંદર. સાચા મુનિ સાધુ હોય છે સાચા એને તો પોણી સેકન્ડની અંદર જ નિદ્રા હોય છે. એને એક મિનિટની નિદ્રા હોય જ નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મુનિ તો મહા... ઓહો..હો..! સત્ય-સાચા મુનિ કોને કહીએ? જેને ગણધર નમસ્કાર કરે! ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વની અંતર્મુહૂર્તમાં રચના કરનાર ગણધરદેવ જ્યારે શાસ્ત્રની રચના કરે છે તો એમાં ણમો લોએ સવ્વ આઈરિયાણં. (સ્મરણ કરે). અરિહંત, સિદ્ધ તો ઠીક. ણમો લોએ સવ્વ આઈરિયાણં, ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયણં, ણમો લોએ સવ્વ સવ્વ લોએ સવ્વ ત્રિકાળ, ત્રિકાળી સંતો, આચાર્યો, ત્રિકાળી મુનિઓ, ત્રિકાળી ઉપાધ્યાય અને સર્વલોક-જ્યાં જ્યાં સંતો બિરાજે છે ત્યાં ત્યાં, ગણધરદેવ કહે છે, મારા નમસ્કાર હો! આહા...હા..! આહા..હા..! સમજાય છે? શું કહ્યું? ગણધરદેવ જેને નમસ્કાર એ સાધુપણું કેવું હોય? આ આવું છે. ણમો લોએ સવ્વ.. અહો..! સંતો! મારાથી નાની ઉંમરના દીક્ષિત થયા હોય તો હું વ્યવહારથી બાહ્યથી તો નમસ્કાર નથી કરતો, પણ અભ્યંતરમાં પાંચ ણમોકારમાં તમે આવી જાવ છો. આહા..હા..! સમજાણું કાંઈ? અંતર સ્વરૂપનો અનુભવ સમ્યગ્દર્શન (છે), એ ઉપરાંત પ્રચુર સ્વસંવેદન વીતરાગદશાની ઝમવટ અંદર જામી હોય, અતીન્દ્રિય આનંદના તો ઘૂંટડા પીતા હોય.

મુમુક્ષુ :- પ્યાલા ભરી ભરીને.

ઉત્તર :- પ્યાલા ભરી ભરીને. આ પીતા નથી તરસ લાગી હોય તો શેરડીનો રસ? શેરડી સમજો છો? ગન્ના—શેરડીનો રસ. ઓહો..હો..! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની ખાણ-ખાણ ભગવાન આત્મા. એવો અંતરમાં સમ્યગ્દર્શનમાં અનુભવનો આનંદ આવ્યો, પછી એમાં લીન થઈને અતીન્દ્રિય આનંદની ઉગ્રતા પ્રચુર વધી ગઈ. એવા આનંદમાં છઠ્ઠે-સાતમે-છઠ્ઠે-સાતમે... એમને નિદ્રા પણ બહુ ઓછી છે. સમજાણું કાંઈ? પોણી સેકન્ડની અંદર. એના અડધા ભાગમાં સાતમું, ડબલ ભાગ છઠ્ઠું. જેટલી છઠ્ઠાની સ્થિતિ છે એનાથી અડધી સ્થિતિ સાતમાની છે. એનાથી ડબ્બલ (છઠ્ઠાની છે). ધવલમાં એવો પાઠ વીરસેનસ્વામીએ લીધો છે. સમજાણું કાંઈ? એમાં તો, કોઈવાર છેલ્લે અંતર્મુહૂર્તમાં હજારો વાર (એમ) લીધું છે. કેમકે પોણી સેકન્ડ એટલે એક મિનિટમાં કેટલી વાર થાય? સો વાર, એક મિનિટમાં સો વાર

લગભગ.

મુમુક્ષુ :- આવી ન આવી એની જેમ.

ઉત્તર :- સાતમે-છઠ્ઠે, સાતમે-છઠ્ઠે ઝૂલે છે. આનંદઘન ઓહો..હો..!

મુમુક્ષુ :- હાલતા-ચાલતા?

ઉત્તર :- હાલતા-ચાલતા, ભોજન કરતાં-કરતાં છઠ્ઠું-સાતમું આવી જાય છે. એક અંતર્મુહૂર્તમાં ઘણીવાર આવે. એ ચારિત્ર શું! આહા..હા..! ધન્યદશા! જ્યાં ત્રણ કષાયનો અભાવ. વીતરાગપણે જ્યાં પરિણમનમાં આનંદનો ઉભરો આવે છે. ઉભરાને શું કહે છે? ઉફાન. એ વાત અહીંયાં કહે છે. નિદ્રા તો.. આવે છેને છ ઢાળામાં. પિછલી રયનિ. છ ઢાળામાં. 'પિછલી રયનિમેં' શબ્દ બહુ યાદ નથી. કછુ શયન એકાસન, એમ છે. ધન્ય અવતાર છે! જેણે મનુષ્યપણું સફળ કર્યું. આહા..હા..! વીતરાગતા તો જેની હથેળીમાં વસે છે. કેવળજ્ઞાન તો અલ્પકાળમાં લેશે. એવા કુંદકુંદાચાર્ય કહે છે કે એને અમે મુનિ કહીએ છીએ. આહા..હા..! સમજાણું કાંઈ? શ્રાવકને પણ પાંચમા ગુણસ્થાને, ચોથા ગુણસ્થાનમાં જે સર્વાર્થસિદ્ધના દેવ છે (કે) ક્ષાયિક સમકિતી બાર અંગ ભણ્યો હોય એને જે શાંતિ છે એનાથી પાંચમા ગુણસ્થાનમાં વિશેષ શાંતિ થઈ છે.

મુમુક્ષુ :- બે કષાયનો અભાવ છે.

ઉત્તર :- બે કષાયનો અભાવ છે. આહા..હા..! પંચમ ગુણસ્થાન શ્રાવક કોને કહે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શ્રાવકને નિર્જરા.. એ .. પ્રમાણ. એ તો ગૃહસ્થ છેને. પેલા તો મુનિ થઈ ગયા, પંચ પરમેષ્ઠીમાં ભળી ગયા. ... પણ આ તો એની દશા ચોથે ગુણસ્થાનમાં રહેનારા સર્વાર્થસિદ્ધના દેવ એક ભવતારી એનાથી પણ પાંચમા ગુણસ્થાનવાળો.. અરે..! બે-ચાર ભવતારી હોય તોપણ એની શાંતિથી પાંચમા ગુણસ્થાનમાં શાંતિ ઘણી વધી ગઈ છે. બીજા કષાયનો અભાવ થઈ ગયો છે. આહા..હા..! પંડિતજી!

એ અહીંયા કહે છે કે શુદ્ધાત્મતત્ત્વપ્રવૃત્તિ. આહા..હા..! ભગવાન આત્મા શુદ્ધ આનંદધામ ચિદ્‌ઘન ચિદાનંદ એમાં પ્રવૃત્તિરૂપ લક્ષણ, એવી વિધિમાં પ્રવર્તમાન મોક્ષમાર્ગને પામીને સિદ્ધ થયા છે. અનંતા તીર્થંકરો, અનંતા સામાન્ય કેવળી, અનંતા અચરમશરીરી આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ. એ પાંચેય સમાડી દીધા. ..માં ઓલા ત્રણ લઈ લીધા. સમજાણું કાંઈ? ઓહો..!

સિદ્ધ થયા, '**પરંતુ એમ નથી કે બીજી રીતે પણ થયા હોય;...**' સમજાણું કાંઈ? વ્યવહારથી પણ કોઈને સિદ્ધિ થઈ એવી વાત નથી. આહા..હા..! ઓલામાં આવે છેને ભાઈ નહિ? ... ત્યાં સંસ્કૃતમાં એમ લીધું છે. બતાવ્યું હતું સંસ્કૃત. પરમઅધ્યાત્મ ... ... ભવ. .. આદિ ભવ હોય તોપણ તેને ત્યાં વીતરાગ ચારિત્ર છે. પાંચમા આરાના સાધુને ક્ષપકશ્રેણી

ન હોય. સમજ્યા? ક્ષપકશ્રેણી ક્યાં છે અત્યારે? છતાં ત્રીજે ભવે પણ મોક્ષ જાય એવા અચરમ શરીરીને પણ નિશ્ચય તત્ત્વ મોક્ષમાર્ગ આ શુદ્ધાત્મતત્ત્વ માર્ગ છે. તેને વ્યવહાર છે અને આ નિશ્ચય નથી એમ નથી. વ્યવહાર માર્ગ જ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- માર્ગ ઉપચારથી કહ્યું.

ઉત્તર :- ઉપચાર તો નિશ્ચય થયો છે તો ઉપચાર કરે છે. ન હોય તો ઉપચાર ક્યાંથી આવ્યો? અહીં તો ચિઠ્ઠીમાં લખે છેને ટોડરમલજી, કે વ્યવહાર મોક્ષમાર્ગમાં નિશ્ચય મોક્ષમાર્ગ નિરંતર ગમનરૂપ છે. વાંચ્યું છે કે નહિ? વાંચ્યું છે કે નહિ ચિઠ્ઠીમાં? ખબર નથી. પરિણમનરૂપ. છે? અહીંયા છે? રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં છે. અહીંયાં તો ઘણી વાર બધી વાત ચાલી છેને. '**સ્વ-પરના યથાર્થશ્રદ્ધાનરૂપ તત્ત્વાર્થશ્રદ્ધાન થાય ત્યારે તે જીવ સમ્યક્ત્વી થાય છે. માટે સ્વ-પરના યથાર્થ શ્રદ્ધાનમાં શુદ્ધાત્મશ્રદ્ધાનરૂપ...**' ઈ વાત કરે છે. '**શુદ્ધાત્મશ્રદ્ધાનરૂપ નિશ્ચયસમ્યક્ત્વ ગર્ભિત છે.**' '**વળી જો સ્વ-પરનું શ્રદ્ધાન નથી અને જૈનમતમાં કહેલા દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણેને માને છે...**' અન્યમતમાં કહેલા ન માને '**તો એવા કેવળ વ્યવહારસમ્યક્ત્વવડે તે સમ્યક્ત્વી નામને પામે નહિ,...**' એ .. (સમયસાર) ૧૪૪ (ગાથા)માં આવે છેને વ્યપદેશ નામ પામે છે, એ વાત અહીંયા છે. સમજાણું કાંઈ? આ બાજુ. સ્યાદ્વાદ કેવળજ્ઞાન છેને? '**स्याद्वादकेवलज्ञाने सर्वत्वप्रकाशने...**' એમાં છે. પરંતુ એટલું જાણવું કે સમ્યક્ત્વીને વ્યવહાર સમકિતમાં '**નિશ્ચય સમકિત ગર્ભિત છે, નિરંતર ગમન (પરિણમનરૂપ) છે.**' ગમનનો અર્થ પરિણમન કર્યો છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બરાબર છે. વ્યવહાર એને જ હોય છે. નિશ્ચય હોય એને જ વ્યવહાર હોય છે. એ તો કહ્યું. નિશ્ચય સમ્યગ્દર્શન છે ત્યાં વ્યવહાર છે. વ્યવહાર છે ત્યાં નિશ્ચય સમ્યગ્દર્શન પરિણમનરૂપ સદાય છે. એમ કહ્યું છે. સમજાણું કાંઈ? બહુ સરસ વાત લીધી છે રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં. નિરંતર પરિણમનરૂપ છે. ગમનનો અર્થ ... પરિણમનરૂપ. પરિણમન કહો કે ગમન સાથે સાથે પરિણમન...

મુમુક્ષુ :- એનો અર્થ એમ નથી કે ક્યારેક આવે અને ક્યારેક વમી જાય.

ઉત્તર :- ... પરિણમન કાયમ રહે છે. નિશ્ચય અનુભવ જ્યાં સમ્યગ્દર્શન થયું, એ નિશ્ચય નિર્વિકલ્પ વીતરાગી દૃષ્ટિનું પરિણમન તો ચોથા ગુણસ્થાનથી નિરંતર રહે છે. ત્યારે એ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિના રાગને વ્યવહાર સમકિત કહેવામાં આવે છે. છે બંધનું કારણ, પણ સાથે નિમિત્ત દેખીને કહે છે. સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે કે '**પરંતુ એમ નથી કે બીજી રીતે પણ થયા હોય;...**' અનંતકાળમાં-ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણે કાળ. કારણ કે એમાં ત્રણે કાળનાને વંદન છેને? ણમો લોએ સવ્વ સાહુણં એમ છે. ણમો લોએ સવ્વ સાહુણં. સર્વમાં સર્વ લોક અને સર્વમાં ત્રિકાળ.

બેનો સમાવેશ થાય છે. ણમો લોએ સવ્વ સાહુણંમાં નમસ્કાર હો લોકને વિષે, સર્વ નામ ત્રિકાળી સાધુને. ત્રિકાળી-ભૂત, ભવિષ્ય અને વર્તમાનમાં વર્તનારા સાધુ તેને અમારા નમસ્કાર છે. એ તો પછી ટૂંકો શબ્દ કરી નાખ્યો છે. ણમો લોએ સવ્વ સાહુણં. પણ બધામાં લેવું. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે '**પરંતુ એમ નથી કે બીજી રીતે પણ થયા હોય; તેથી નક્કી થાય છે કે કેવળ આ એક જ મોક્ષનો માર્ગ છે,...**' જુઓ, '**કેવળ આ એક જ...**' એક જ '**મોક્ષનો માર્ગ છે,...**' કેવળ. શબ્દ વિશેષ સ્પષ્ટ કરવો છેને. '**કેવળ આ એક જ મોક્ષનો માર્ગ છે, બીજો નથી.**' લ્યો! સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! પણ સ્વવસ્તુને આશ્રયે દર્શન-જ્ઞાન-ચારિત્ર થયા એ જ મોક્ષમાર્ગ. વળી પરાશ્રિત તો વ્યવહાર બંધનું કારણ છે. એ મોક્ષમાર્ગ છે ક્યાં? દેવચંદજી! બહુ ગડબડ કરે છે તમારા ગામમાં. ઈ ગામના છેને દેવચંદજી. ભાઈ કહેતા હતા. પણ એને માનનારા હોય છેને. આ માર્ગ છે, ભાઈ! .. સ્વ ચૈતન્ય ભગવાન સ્વદ્રવ્ય આશ્રિત દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ જ માર્ગ છે. પરદ્રવ્ય આશ્રિત વ્યવહાર બંધનું કારણ છે. આમાં કોઈની મદદ ચાલે છે કે ભાઈ, બહુમત છે તો થોડું આ લગાવો? ઘણા મત એવા છે કે વ્યવહાર પણ હોય છે અને વ્યવહારથી નિશ્ચય થાય છે, બહુમત છે તો ચલાવો એવું છે એમાં? બહુમત લાગુ પડતો જ નથી. અહીંયાં તો યથાર્થ વીતરાગનો માર્ગ એક જ મત છે. આહા..હા..!

'**કેવળ આ એક જ...**' પ્રવચનસાર છે આ. ભગવાનની દિવ્યધ્વનિનો સાર. સર્વજ્ઞ પરમેશ્વરને ઈચ્છા વિના જે ૐ ધ્વનિ છૂટી એમાં જે આવ્યું એ જ કુંદકુંદાચાર્યે પરિણતિ કરીને વીતરાગ ચારિત્ર પામ્યા, એ જ ચારિત્રમાં આ લખવામાં આવ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**કેવળ આ એક જ મોક્ષનો માર્ગ છે, બીજો નથી.**' આહા..હા..! ભગવાન આત્મા. તેથી શુદ્ધાત્મા શબ્દ વાપર્યો છે. ઓલો રાગ એ તો અશુદ્ધ છે. સમજાણું કાંઈ? વ્યવહારમાર્ગ છે એ તો અશુદ્ધ માર્ગ છે. એ માર્ગ જ નથી. અરેરે! સાંભળવા મળે નહિ એ વિચારે ક્યારે અને રુચિ ક્યારે કરે અને પરિણમે ક્યારે? આહા..હા..! જગતને આ ચીજ ઘણી દુર્લભ થઈ છે. અને સમજ્યા વિના બસ લઈ લ્યો વ્રત અને નિયમ, ક્રિયા કરો. આહા..હા..! (ચાલે) ઊંધે રસ્તે અને માને કે અમે સવળે રસ્તે છીએ. કહે છે કે બીજો કોઈ માર્ગ નથી. '**કેવળ આ એક જ મોક્ષનો માર્ગ છે,...**' એગો મોકખપહો. મોક્ષ પંથ એક જ પ્રકારનો છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ નિશ્ચિત કહ્યું. અંદર છેને. હમણા આવે છે. હવે આવશે.

'**તેથી નક્કી થાય છે કે...**' છેને? અધિક વિસ્તારથી બસ થાઓ. એમ કહે છેને? કે હવે વિસ્તારથી કહો. શું કહીએ? જે કહેવું હતું તે અમે કહી દીધું. '**તે શુદ્ધાત્મતત્ત્વમાં**

**પ્રવર્તેલા સિદ્ધોને...**' હવે અહીંયા આવ્યું. શું આવ્યું અહીંયાં? શુદ્ધાત્મ ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ અનાકુળ આનંદનું ધામ સ્વરૂપ પ્રભુ એમાં પ્રવૃત્તિરૂપ, '**શુદ્ધાત્મતત્ત્વમાં પ્રવર્તેલા...**' જુઓ, '**શુદ્ધાત્મતત્ત્વમાં પ્રવર્તેલા...**' પહેલા કહ્યું હતુંને, શુદ્ધાત્મપ્રવૃત્તિલક્ષણ વિધિ મોક્ષમાર્ગ. અહીંયા જે મોક્ષમાર્ગ થયો તેને અહીંયાં સિદ્ધ કહ્યા છે. જેને મોક્ષમાર્ગ પ્રાપ્ત થયો તેને અહીંયાં સિદ્ધ કહ્યા છે. ધન્નાલાલજી! '**શુદ્ધાત્મતત્ત્વમાં પ્રવર્તેલા સિદ્ધોને...**' એ શુદ્ધાત્મતત્ત્વમાં પ્રવર્તનારાને જ સિદ્ધ કહ્યા છે. આહા..હા..! એ પ્રાપ્તિ થાય એની અહીંયા વાત નથી. ઓહો..! આમાં લીધું છેને? આમાં જ છેને ભાઈ છેલ્લે નહિ? મોક્ષતત્ત્વ. મુનિને મોક્ષતત્ત્વ કહ્યું છે. ઈ આ વાત લીધી છે. એમાં મોક્ષ લીધું, મોક્ષતત્ત્વ કહ્યું છે. મુનિને મોક્ષતત્ત્વ કહ્યું છે અને મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી સાધુ છે એ જ સંસારતત્ત્વ છે. સંસારતત્ત્વ કોઈ આત્માથી બહાર નથી રહેતું. આહા..હા..! જેણે એક પણ વિકલ્પનો અંશ પ્રશસ્ત રાગ એના ઉપર દૃષ્ટિ રાખીને, અમને મોક્ષમાર્ગ છે અને અમે સમકિતી છીએ એમ માનનારા દ્રવ્યલિંગી જૈનના અઠ્યાવીશ મૂળગુણ પાળનારા... સમજાણું કાંઈ? તેને અહીંયાં દ્રવ્યલિંગી મિથ્યાદૃષ્ટિ સંસારતત્ત્વવાળા છે એ જ સંસારતત્ત્વ છે એમ કહ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ મોક્ષતત્ત્વની વાત છે. એ પાંચ કલગી ગાથા છેને છેલ્લે. એમાં એક ગાથા સંસારતત્ત્વની છે, એક ગાથા મોક્ષતત્ત્વની છે.

મુમુક્ષુ :- સમ્યગ્દૃષ્ટિ પણ મોક્ષતત્ત્વ છે?

ઉત્તર :- હા, અહીંયા તો મુનિપણાની વાત છે, મુનિપણાની વાત છે. અહીંયાં મુખ્યપણે મુનિ કહેવા માંગે છે. છઠ્ઠા ગુણસ્થાનવાળા, સાતમાવાળા મુનિ આચાર્ય અને ઉપાધ્યાય અને તીર્થંકરો આદિ એ બધા જે મોક્ષમાર્ગમાં પ્રવર્તે છે તે બધાને અહીંયા સિદ્ધ કહ્યા છે. સમજાણું કાંઈ? ઈ આવે છે. પાછળ ગાથા છે. પાછળ છે ક્યાંક, ખબર નથી, આપણે કાંઈ જોયું નથી. આ પાછું હિન્દી છેને આ તો. હિન્દીમાં આપણને કાંઈ ખબર ન હોય.

૨૭૧ ગાથા. પાંચ ગાથા ચાલી છેને? ૪૭ નય પહેલા, ૪૭ નય પહેલા. આહા..હા..! જુઓ. '**હવે મોક્ષતત્ત્વ પ્રગટ કરે છે :—**' પહેલા સંસારતત્ત્વ ૨૭૧માં. '**સંસારતત્ત્વ પ્રગટ કરે છે :—**' ૨૭૧. પછી ૨૭૨માં મોક્ષતત્ત્વ. જુઓ. સંસારતત્ત્વની શું વ્યાખ્યા કરી? જુઓ, '**જેઓ સ્વયં અવિવેકથી પદાર્થોને અન્યથા જ અંગીકૃત કરીને...**' કોઈ કર્મને કારણે નહિ. '**સ્વયં અવિવેકથી...**' રાગના વિકલ્પથી ભિન્ન ભગવાન આત્મા છે, પણ એનો ભેદ નહિ કરીને અવિવેકથી દેહની ક્રિયા અને રાગની ક્રિયા એ મોક્ષનું કારણ છે એમ માનનારા '**(-બીજી રીતે જ સમજીને) આમ જ તત્ત્વ (વસ્તુસ્વરૂપ) છે એમ નિશ્ચય કરતા થકા, સતત એકત્રિત કરવામાં આવતા મહા મોહમળથી મલિન...**' મિથ્યાત્વથી મલિન છે ઈ. આહા..હા..! સમજાણું કાંઈ? મહામળ એટલે મિથ્યાત્વ. '**મનવાળા હોવાને લીધે નિત્ય અજ્ઞાની છે, તેઓ ભલે સમયમાં (-દ્રવ્યલિંગીપણે જિનમાર્ગમાં) સ્થિત**

હોય...' જિનમાર્ગમાં રહ્યો હોય, અઠ્યાવીશ મૂળગુણ પાળતો હોય અને નગ્ન હોય, જંગલમાં રહેતો હોય '**તોપણ પરમાર્થ શ્રામણ્યને પામેલા નહિ હોવાથી...**' સાચું સાધુપણું અંતર આનંદના અનુભવનો અભાવ હોવાથી '**ખરેખર શ્રમણાભાસ વર્તતા થકા,...**' સાધુ નહિ પણ સાધુ જેવા દેખાય, શ્રમણાભાસ. '**અનંત કર્મફળના ઉપભોગરાશિથી ભયંકર એવા અનંત કાળ સુધી અનંત ભાવાંતરરૂપ...**' ભાવાંતર એટલે શુભ-અશુભ, શુભ-અશુભ '**પરાવર્તનો વડે અનવસ્થિત વૃત્તિવાળા રહેવાને લીધે, તેમને સંસારતત્ત્વ જ જાણવું.**' બાયડી, છોકરા સંસાર છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કર્મ સંસાર નથી, સ્ત્રી કુટુંબ સંસાર નથી, લક્ષ્મી સંસાર નથી, નગ્નપણું એ સંસાર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સંસાર એને કહીએ કે પોતાના આનંદ જ્ઞાયકમૂર્તિને ભૂલીને રાગનો એક અંશ પણ દયા, દાન, વ્રત આદિ મારા છે એવો અવિવેક કરે છે એવા મિથ્યાદષ્ટિને સંસારતત્ત્વ જૈનદર્શનમાં કહેવામાં આવ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

હવે આપણે ચાલે છે મોક્ષતત્ત્વ. જુઓ ૨૭૨. '**જે ત્રિલોકની કલગી સમાન નિર્મળ વિવેકરૂપી દીવીના પ્રકાશવાળો...**' જુઓ, મુનિ. '**યથાસ્થિત પદાર્થનિશ્ચય વડે ઉત્સુકતા નિવર્તાવીને સ્વરૂપમંથર રહેવાથી...**' મંથર (નામ) આનંદમાં લીન આનંદમાં. '**મોક્ષતત્ત્વ જાણવું,...**' જુઓ, મુનિને મોક્ષતત્ત્વ જાણવું. ઈ અહીંયા લીધું છે. સમજાણું કાંઈ? લ્યો એ યાદ આવી ગયું. સમજાણું કાંઈ? ઓહો..હો..! '**કારણ કે પહેલાંનાં સકળ કર્મનાં ફળ તેણે લીલાથી નષ્ટ કર્યાં હોવાથી અને નૂતન કર્મફળને તે નિપજાવતો નહિ હોવાથી, ફરીને પ્રાણધારણરૂપ દીનતાને નહિ પામતો થકો...**' આહા..હા..! પ્રાણધારણ એ દીનતા છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જન્મધારણ કલંક છે. સમજાણું કાંઈ? ભક્તિમાં આવ્યુંને. હમણા કહ્યું હતુંને ભક્તિમાં. 'હું જન્મને જાણું નહિ, સુખથી ભરેલો શિવ છું, હું જન્મને જાણું નહિ, હું જન્મને જાણું નહિ, સુખથી ભરેલો શિવ છું..' એ ભક્તિમાં આવે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની પૂજા છે. એ તો હમણાં સાંભળ્યું હતું. બાયું બોલતી હતી, અમે દર્શન કરતા હતા. 'હું જન્મને જાણું નહિ.' કોનો જન્મ? હું તો આનંદકંદ વીતરાગમૂર્તિ આત્મા છું. 'સુખથી ભરેલો શિવ છું.' જુઓ, આ મોક્ષતત્ત્વ. સમજાણું કાંઈ? એ મોક્ષતત્ત્વને અહીંયા સિદ્ધ કહ્યા છે.

'**તે શુદ્ધાત્મતત્ત્વમાં પ્રવર્તેલા સિદ્ધોને...**' એ સિદ્ધની વ્યાખ્યા આ. મોક્ષતત્ત્વને પ્રાપ્ત થયા મોક્ષમાર્ગ તે સિદ્ધ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**તથા તે શુદ્ધાત્મતત્ત્વપ્રવૃત્તિરૂપ મોક્ષમાર્ગને,...**' બેય. મોક્ષમાર્ગને પણ હું નમસ્કાર કરે છે. મોક્ષમાર્ગીને તો નમસ્કાર કરું છું. આહા..હા..! મોક્ષમાર્ગી તીર્થંકરો, .., કેવળી હો, અચરમશરીર હોય, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, પણ જે શુદ્ધ ભગવાન આત્મા આનંદધામમાં પ્રવૃત્તિ-પરિણતિ કરીને ... થયા છે એવા મોક્ષમાર્ગીને દેખીને કુંદકુંદાચાર્યને ઉલ્લાસ આવે છે. જુઓ, કુંદકુંદાચાર્ય કહે છે અહો..! ધર્મીને

આવા ધર્મી પ્રત્યે ઉલ્લાસ આવ્યા વિના રહેતો નથી. છે વિકલ્પ. સમજાણું કાંઈ? એ સમજે છે, પણ આવ્યા વિના રહેતો નથી. એ કહે છે જુઓ. અરે! '**શુદ્ધાત્મતત્ત્વમાં પ્રવર્તેલા સિદ્ધોને તથા તે શુદ્ધાત્મતત્ત્વપ્રવૃત્તિરૂપ મોક્ષમાર્ગને,...**' બધાને હું નમસ્કાર કરું છું. કેવા નમસ્કાર? '**જેમાંથી ભાવ્ય અને ભાવકનો વિભાગ અસ્ત થઈ ગયો છે...**' ધ્યેય. ભાવ્ય એટલે ધ્યેય, ભાવક એટલે ધ્યાતા. ભાવ્યભાવકનો ... ચાલ્યો છે. આમાં ૮માં પાને છે, ૬ પાને છે. આ હિન્દી છે એમાં ફેરફાર છે. છાપી દીધું.

મુમુક્ષુ :- ગુજરાતીમાં ૮ છે.

ઉત્તર :- ગુજરાતીમાં ૮ છે, પણ હિન્દીમાં છપાવું જોઈએને. છાપનારે ધ્યાન રાખવું જોઈએ કે નહિ? ૮માં પાનામાં કાંઈ ન મળે. છઠ્ઠે પાને છે. સમજાણું કાંઈ? છઠ્ઠે પાને છે. કોણે છપાવ્યું છે? ધ્યાન રાખવું જોઈએને. કે આ ગુજરાતી પ્રમાણે બધું લખે? એ તો થવાનું હોય તે થાયને. આમાં ૮મું લખ્યું, હવે ઓલો ૮માં જોવે તો છે નહિ એમાં. છઠ્ઠામાં છે. છઠ્ઠે પાને છે. ઓહો..! ભગવાન કુંદકુંદાચાર્ય આહ્લાદમાં આવે છે અને આવી શુદ્ધાત્મતત્ત્વપ્રવૃત્તિ કરનારને અને શુદ્ધાત્મતત્ત્વપ્રવૃત્તિરૂપ મોક્ષમાર્ગને, અહો..! હું નમન કરું છું. કેમ? '**ભાવ્ય અને ભાવકનો વિભાગ અસ્ત થઈ ગયો છે એવો નોઆગમભાવનમસ્કાર હો.**' નોઆગમભાવ નમસ્કાર (અર્થાત્) વિકલ્પસહિત સ્વરૂપની સ્થિરતા. વિકલ્પ છે છતાં વિકલ્પરહિત જે સ્થિરતા છે તેને નમસ્કાર છે. એ વિકલ્પને અહીંયાં ગણ્યો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**નોઆગમભાવનમસ્કાર...**' એટલે કે એકલું જ્ઞાન નહિ, તેમ એકલો વિકલ્પ નહિ. વિકલ્પરહિત સ્વરૂપમાં રમણતારૂપ જે ભાવ્યભાવક નમસ્કાર છે એવા નમસ્કાર હું કરું છું. આહા..હા..! સમજાણું કાંઈ? નોઆગમભાવ છેને? નોઆગમ એટલે એકલું જ્ઞાન નહિ કે નમસ્કાર આમ છે એવું જ્ઞાન નહિ, તેમ એકલો વિકલ્પ નહિ. જેવી સ્વરૂપની સ્થિરતા અંદર થાય, જેવી ચારિત્રદશા રાગરહિત સ્થિરતા એનું નામ નોઆગમભાવનસ્કાર કહેવામાં આવે છે. આહા..હા..! આ તો એ ચર્ચા અમારે બહુ ચાલી હતીને. (સંવત) ૧૯૮૪ની સાલ. એક સાધુ આવ્યા. એક માણેકચંદજી સાધુ હતા માણેક મુનિ શ્વેતાંબરના. અમે ૮૪ની સાલમાં અમરેલી હતા. માણસ નરમ હતો બિચારો. પછી સંસ્કૃત બહુ ભણેલો, બહુ ભણેલો. આમ જુઓ તો કાંઈ પુણ્ય ન મળે. પુણ્યશાળી કાંઈ નહિ. સંસ્કૃત બહુ ભણેલો. પછી ત્યાં અમારે ચર્ચા થઈ હતી. નોઆગમચારિત્ર કોને કહે છે? નોઆગમભાવ આ ચર્ચા થઈ હતી. ૮૪ની સાલની વાત છે. કેટલા વર્ષ થયા? ૪૧ વર્ષ થયા. ઘણી ચર્ચા થઈ હતી.

મેં કીધું, નોઆગમનો અર્થ છે ચારિત્રની રમણતા. એવો છે નોઆગમ. શ્વેતાંબરના અનુયોગદ્વારમાં આવે છે. અનુયોગદ્વાર જોયું હતુંને શ્વેતાંબરનું. આવો અર્થ તો અમને (ખબર નથી). તમે તો સંસ્કૃત ભણેલા છોને. તમે તો આચાર્ય છોને. આચારાંગની ટીકા કરી છે.

બહુ મગજ. સંસ્કૃત તો કોણ જાણે એવું આવડે, એવું આડતું કે આચારાંગના ટૂકડા બધા સંસ્કૃતમાં બધું બનાવ્યું. એ કહે, તમારે સ્થાનકવાસીમાં ભાવ છે અને અમારી પાસે શબ્દ છે. એમ બોલ્યો હતો બિચારો. સ્થાનકવાસીમાં હતું કે દિ'? નરમ માણસ હતા. અમે તો ગયા હતા. એ પણ સાંભળવા આવ્યા હતા ત્યાં. અમે જ્યાં ગયા હતા. રાત્રે ચર્ચા માટે. સાંભળવા આવ્યા હતા. શાંતિથી ચર્ચા કરો. વેશ ભલે બીજો હોય. પરિવેશ બીજો હોય એની સાથે ક્યાં સંબંધ છે અહીંયાં?

આ કહ્યું. નોઆગમ છે. અનુયોગદ્વારમાં આવે છે, શ્વેતાંબરના અનુયોગદ્વારમાં. આગમ નામ જાણવું અને નોઆગમ નામ સ્થિરતા. વસ્તુના સ્વરૂપના ભાનસહિત એમાં રમણતા તેનું નામ નોઆગમનમસ્કાર કહે છે. સમજાણું કાંઈ? જુઓ, વિકલ્પ કાઢી નાખ્યો. (તેમ) એકલું જ્ઞાન નહિ. બેય કાઢી નાખ્યું. એકલું જ્ઞાન નહિ. આગમ નામ જ્ઞાન. આ નમસ્કાર .. એમ નહિ. ભાવ્ય ધ્યેય, ભાવક ધ્યાન કરનાર. '**વિભાગ અસ્ત થઈ ગયો છે...**' દ્વૈત અસ્ત થઈ ગયો એમ કહે છે. '**એવો નોઆગમભાવનમસ્કાર હો.**' ઓહો..હો..! એટલે કે હું ધ્યાન કરનારો છું અને ધ્યેય ધ્રુવ છે એવો ભેદ પણ મારામાં નથી. બીજા વંદન કરવાલાયક છે અને હું વંદન કરું છું એમ તો નથી, પણ હું ધ્યાન કરનારો છું અને ધ્યેય ધ્રુવ છે એવો પણ ભેદ નથી. એવા ધ્રુવ ઉપર દૃષ્ટિ હોવાથી સ્વરૂપમાં સ્થિરતા વીતરાગી પરિણતિ થાય તેનું નામ નોઆગમભાવનમસ્કાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અમારે ત્યાં શ્વેતાંબરમાં એ ચર્ચા બહુ ચાલતી હતી. સૂક્ષ્મ થોડી થોડી ચલાવતા હતા. પણ કાંઈ લોકોને ખબર ન મળે. બહાર ક્રિયાકાંડમાં પડ્યા. તત્ત્વ શું છે એની ખબર નહિ અને પરંપરા ઊલટી મળી. એના શાસ્ત્રો તો બીજા છેને. શાસ્ત્રમાં તો એવી વાત નથી. દેવ-ગુરુ-શાસ્ત્રથી બધી વિરુદ્ધ વાત છે. સ્ત્રીને તીર્થંકર બનાવ્યા. મલ્લિનાથ તીર્થંકરને સ્ત્રી (મનાવ્યા). સ્ત્રીને મુક્તિ (સાબિત કરી). સાધ્વી, વસ્ત્ર સહિત સાધુ. બધું ખોટું છે. ભગવાનને નામે ચલાવી દીધું તો ચાલ્યું. એવું બે હજાર વર્ષથી ચાલે છે. એમ નથી. અહીં તો કહે છે (એમ છે) નહિ.

અંદરમાં ભગવાન આત્મા ત્રણ કષાયરહિત થાય છે ત્યારે તો વસ્ત્ર લેવાનો વિકલ્પ અને વસ્ત્રનો સંયોગ જ એને હોતો નથી. સમજાણું કાંઈ? અને એ ઉપરાંત હું તો કહું છું કે અહો..! જે સંતો પોતાના શુદ્ધ ભગવાન આત્માની રમણતામાં આનંદનું વેદન કરે છે અને અતીન્દ્રિય આનંદનું પ્રચુર સ્વસંવેદનમાં પડ્યા છે તે સિદ્ધ છે. એવા સિદ્ધોને અને એના માર્ગને હું નિશ્ચયનમસ્કાર, ભાવનમસ્કાર કરું છું. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, કુંદકુંદાચાર્ય જેવા મુનિ જે ભગવાન પાસે જઈને આઠ દિવસ રહ્યા, અહીં આવ્યા, શાસ્ત્ર બનાવ્યા અને આહ્લાદમાં આવીને (કહે છે), ઓહો..! પ્રભુ! ધન્ય તારો અવતાર! મેં તારી વીતરાગ પર્યાય મારામાં પ્રગટ કરી છે. તારી વીતરાગ પર્યાય તારી પાસે છે, એવી વીતરાગ પર્યાય મેં મારામાં

પ્રગટ કરી છે. હું એને ભાવનમસ્કાર કહું છું. આહા..હા..! ગજબ વાત છેને. ભાઈ! શું કહેવું છે આમાં? ઓલો વ્યવહાર રાખ્યો નહિ અને પરને નમસ્કાર કરવાનું રાખ્યું, પણ આ વીતરાગ પરિણતિ એને નમસ્કાર. ગજબ વાત કરી છેને! દેવચંદજી! મોક્ષમાર્ગની વીતરાગી પરિણતિ તે જ નમસ્કાર છે. વિકલ્પ નહિ અને પર આ છે એમ પણ નહિ. આહા..હા..! હું જ ધ્યેય આત્મા છું અને હું ધ્યાન કરનારો એવો ભેદ મારામાં નથી. આ વંદન કરવાલાયક છે અને હું વંદન કરનારો એમ નથી. આહા..હા..! સંતોએ માર્ગને સહેલો કરી દીધો છે. આહા..હા..!

કહે છે, ઓહો..! '**શુદ્ધાત્મતત્ત્વપ્રવૃત્તિરૂપ મોક્ષમાર્ગને, જેમાંથી ભાવ્ય...**' નામ ધ્યેય '**અને ભાવક...**' નામ ધ્યાન કરનાર '**વિભાગ અસ્ત થઈ ગયો છે...**' વિભાગ, વહેંચણી આથમી ગઈ છે. '**એવો નોઆગમભાવનમસ્કાર હો.**' હવે કહે છે જુઓ. '**મોક્ષમાર્ગ અવધારિત કર્યો છે,...**' અરે! અમે અમારું સમ્યગ્દર્શન-ચારિત્ર નિશ્ચિત કર્યું છે અને પ્રવૃત્તિ કરીએ છીએ. અમારા નિશ્ચય મોક્ષમાર્ગમાં જ પ્રવૃત્તિ કરી રહ્યા છીએ. ઓહો..હો..! લખતા વખતે તો વિકલ્પ છે, એ નહિ. એમાં હું છું જ નહિ અને એ અમારો માર્ગ જ નથી એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- નોઆગમ...

ઉત્તર :- આ કહ્યુંને. કેટલો અર્થ કર્યો. આ એનો તો અર્થ ચાલ્યો પા કલાક. ક્યાં લક્ષ હતું? એનો તો અર્થ કર્યો બે, ત્રણ, ચાર, પાંચ, છ વાર. એનું લક્ષ નથી. આ અડધો કલાક થયો. લક્ષ નથી. એનું ઘણીવાર લક્ષ વયું જાય છે. સમજાણું કાંઈ?

નોઆગમનો અર્થ કર્યો કે આગમ એટલે એકલું જ્ઞાન નહિ અને નોઆગમ એટલે એકલી સ્થિરતા નહિ. જ્ઞાનસહિત ...માં રમણતા તેને નોઆગમ કહે છે. એ આવી ગયું બે-ત્રણ વાર, ચાર વાર કહ્યું. સમજાણું કાંઈ? અહીં તો પણ એક ધ્યાન રાખે તો સમજાય. જો કાંઈક પણ વિચાર બીજે ગયો તો જાય ભગવાન પાસે. સાંભળવા જાય એમ. સાંભળ્યું નહિ એણે. સમજાણું કાંઈ? આહા..હા..! એનો તો દાખલો આપ્યો હમણા અનુયોગદ્વારનો, ઓલા સાધુનો દાખલો આપ્યો. આ બધો નોઆગમનો દાખલો આપ્યો. શું કહેવાય તમારું? અમરેલી યાદ આવ્યું. અમરેલી-અમરેલી. સાધુ નરમ હતો બિચારો. કીધું, આ માર્ગ બીજો છે. આવો અર્થ એનો હોય. હા, માર્ગ સાચો છે. સંસ્કૃત હું ભણ્યો નથી હોં કાંઈ. લાવો કીધું. અનુયોગદ્વાર કાઢ્યું સંસ્કૃતમાં કાઢ્યું, બતાવ્યું. સંસ્કૃતના કરોડો શ્લોક છે. આ રહ્યું જુઓ. બહુ વ્યાકરણ ભણેલો, સાદો માણસ. એક માણેકચંદજી નહિ? ચેતનજી! વ્યાકરણ.. માણેકચંદજી હતા.

મુમુક્ષુ :- નાના-નાના પુસ્તકો બહાર પાડતા.

ઉત્તર :- હા, બસ ઈ. નાના-નાના આચારાંગના, સૂયગડાંગના. બહુ ભણેલ. સંસ્કૃત

વ્યાકરણ તો કોણ જાણે પૂર્વનું એવું આવી ગયેલું. જુઓ તો સાદો માણસ. કાંઈ પુણ્ય પણ નહિ, કાંઈ દેખાય નહિ. એકલો માણસ. પણ સંસ્કૃત વ્યાકરણમાં એવી ઝપટ બોલાવે. શાસ્ત્રો લખે બનાવે. એ સાંભળ્યું હતું મેં કાંઈક. ... લીલાધરજી હતા એક તેરાપંથીના. બધા અમે ભેગા હતા. ચર્ચા કરતા. ૮૪ની વાત છે. ૪૧ વર્ષ પહેલાની વાત છે. સમજાણું કાંઈ?

નોઆગમભાવનમસ્કારનો અર્થ નોઆગમ ચારિત્રની વ્યાખ્યા ત્યાં હતી. ભાઈ! નોઆગમ એટલે ચારિત્રની વ્યાખ્યા હતી ત્યાં. આ ચારિત્ર. સમજાણું કાંઈ? ચારિત્રનું એકલું જ્ઞાન કરવું એ નહિ, પણ ચારિત્રના જ્ઞાનસહિત ચારિત્રની દશામાં રમણતા કરવી એને નોઆગમભાવચારિત્ર કહેવામાં આવે છે. ઈ આ વાત છે. સમજાણું કાંઈ? હમણા ઘણું કહ્યું હતું. એટલે કે **નમસ્કાર** આવા હોય એવું જ્ઞાન પણ નહિ અને **નમસ્કાર** કરવામાં જે વિકલ્પ ઉઠે છે એ વિકલ્પ પણ નહિ. જેવા **નમસ્કાર** છે એવા જ્ઞાનસહિત સ્વરૂપમાં વીતરાગી પરિણતિમાં રમવું એનું નામ નોઆગમભાવનમસ્કાર કહે છે. આ પાછું આવ્યું વળી, ઈ ન સમજ્યાને. ત્રણ-ચાર વાર આવી ગયું પહેલા. સમજાણું કાંઈ?

'**એવો નોઆગમભાવનમસ્કાર હો.**' આ પ્રકારે '**મોક્ષમાર્ગ અવધારિત કર્યો છે,...**' ખબર પડી ગઈ મુનિને? છદ્મસ્થ મુનિને? છદ્મસ્થ મુનિને એવી ખબર પડે કે મને મોક્ષમાર્ગ નિશ્ચિત થઈ ગયો છે? અરૂપી છેને? આહા..હા..! નિશ્ચિત કર્યો છે એમાં પ્રવૃત્તિ કરે છે. પોતાનું નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચય જ્ઞાન, નિશ્ચય ચારિત્ર એમાં રમણતા કરે છે એમ અમારો આત્મા આહ્‌લાદ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેટલાક કહે છે કે ભાઈ, નિશ્ચય સમ્યગ્દર્શન તો ભગવાન જાણે. ખલાસ. એટલે આ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરવી એ વ્યવહાર સમકિત જાવ કરો. અરે... ભગવાન! શું કહે છે તું?

અહીં તો કહે છે કે અમારું નિશ્ચય સમ્યગ્દર્શન અને અમારું નિશ્ચય સમ્યગ્જ્ઞાન અને નિશ્ચય ચારિત્રની વીતરાગ પર્યાય નિશ્ચિત એક આ છે અને અમે એમાં પ્રવર્તી રહ્યા છીએ. આહા..હા..! છે કે નહિ એમાં? અવધારિત છે. આપણે ઓલામાં આવ્યું, અવધારિત છે. છેને. '**अवधारितो मोक्षमार्गः, कृत्यमनुष्ठीयते।।**' મોક્ષમાર્ગ છે એ અમે નિશ્ચિય કર્યો છે, અવધારણ કર્યો છે. અને મોક્ષમાર્ગમાં અમે પ્રવર્તી રહ્યા છીએ. કોઈ ભગવાનને પૂછવું પડે કે આ નિશ્ચય સમ્યગ્દર્શન આવું હોય કે નહિ? મને છે કે નહિ? છે જ નહિ. જેને એવી શંકા પડે એને છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે કામ ભાઈ! દિગંબર સંતોની કથનની પદ્ધતિ કોઈ ઉગ્ર. દિગંબરના (તીવ્ર) વચનોને લઈને રહસ્ય સમજી શકાય છે. એમ આવે છેને?

પ્રવૃત્તિ કરે છે. જુઓ, પ્રવૃત્તિ કઈ? નિશ્ચય મોક્ષમાર્ગની. આહા..હા..! ભગવાન આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ કૃતકૃત્ય અખંડાનંદ અભેદ ભગવાન એમાં અમારી દૃષ્ટિ જામી ગઈ છે, નિશ્ચય સમ્યગ્દર્શનમાં પ્રવૃત્તિ કરી રહ્યા છીએ અને અમારા સ્વરૂપનું સ્વસંવેદનજ્ઞાન... શાસ્ત્રજ્ઞાન નહિ, શાસ્ત્રજ્ઞાન વ્યવહાર છે, અમારા સ્વરૂપનું અંદર જ્ઞાન તેનું સ્વસંવેદન અમે કરી રહ્યા છીએ

અને તેને અંગીકાર કરીને પ્રવર્તી રહ્યા છીએ. અને અમારા સ્વરૂપનું આચરણરૂપ ચારિત્ર વીતરાગદશા વીતરાગ પ્રચુર આનંદસહિતની દશા તે અમે નક્કી કરી છે કે આ (જ હોય) અને એમાં પ્રવર્તી રહ્યા છીએ. શું ઉત્તમચંદજી! શું છે? ખબર પડે છે? ના પાડે છેને તમારે અત્યારે. આહા..હા..! અરે.. ભગવાન! એ જાગ્યો આત્માને ખબર ન પડે તો શું આંધળો છે ઈ? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો મુનિ પંચમ આરાના આ તો કુંદકુંદાચાર્ય છે. હજાર વર્ષ પહેલા તો આ ટીકા લખી. અમૃતચંદ્રાચાર્યે લખી છે. અમૃતચંદ્રાચાર્ય કહે છે કે અમે અવધારિત કરી છે અને અમે પ્રવર્તી રહ્યા છીએ. ૯૦૦ વર્ષ પહેલાની વાત છે. અરે.. ભગવાન! શું કરે? લ્યો એ ગાથા પૂરી થઈ ૧૯૯.

'**હવે, સામ્યને પ્રાપ્ત કરું છું...**' વીતરાગભાવને હું પ્રાપ્ત કરું છું. એમ કહેવું છેને? પ્રાપ્ત કર્યું છે. '**એવી (પાંચમી ગાથામાં કરેલી)...**' પહેલા કહી ગયાને પાંચમી ગાથામાં? '**उवसंपयामि सम्मं**' એમ પહેલા કહી ગયા પાંચમી ગાથામાં. '**પૂર્વ પ્રતિજ્ઞાનું નિર્વહણ કરતા થકા (આચાર્ય ભગવાન) પોતે પણ મોક્ષમાર્ગભૂત શુદ્ધાત્મપ્રવૃત્તિ કરે છે :-**-' કરે છે. જુઓને, પાઠ છેને. '**शुद्धात्मप्रवृत्तिमासूत्रयति-**' કહે છે. ૨૦૦. આ જ્ઞેયતત્ત્વની છેલ્લી ગાથા છે.

**तम्हा तह जाणित्ता अप्पाणं जाणगं सभावेण।**
**परिवज्जामि ममत्तिं उवट्ठिदो णिम्ममत्तम्हि।।२००।।**
**એ રીત તેથી આત્મને જ્ઞાયકસ્વભાવી જાણીને,**

હરિગીત છે.

**એ રીત તેથી આત્મને જ્ઞાયકસ્વભાવી જાણીને,**
**નિર્મમપણે રહી સ્થિત આ પરિવર્જું છું હું મમત્વને. ૨૦૦.**

એ પાછળ છે. ૨૦૦ છેને? ગુજરાતી છે. સમજાણું કાંઈ?

**એ રીત તેથી આત્મને જ્ઞાયકસ્વભાવી જાણીને,**

આ મૂળ પાઠ.

**નિર્મમપણે રહી સ્થિત આ પરિવર્જું છું હું મમત્વને. ૨૦૦.**

વીતરાગપણું અંગીકાર કરું છું અને વિકલ્પાદિને છોડી દઉં છું. ઉપદેશ તો એમ જ ચાલેને. સમજાણું કાંઈ? આહા..હા..! જ્ઞાનપ્રધાન કથન છે.

એનો અન્વયાર્થ પહેલા થોડો લઈ લઈએ. '**તેથી (અર્થાત્ શુદ્ધાત્મામાં પ્રવૃત્તિ વડે જ મોક્ષ થતો હોવાથી)...**' ભગવાન આત્મા પોતાનું શુદ્ધ સ્વરૂપ પવિત્ર જ્ઞાનાનંદ ધામમાં પ્રવૃત્તિ વડે જ મોક્ષ થતો હોવાથી. એનાથી જ મોક્ષ થતો હોવાથી. '**આ રીતે આત્માને...**'

**'स्वभावेन ज्ञायकं' 'સ્વભાવથી જ્ઞાયક...'** હું તો સ્વભાવથી જ્ઞાયક છું એમ **'જાણીને...'** એમ. **'निर्ममत्वे उपस्थितः' 'હું નિર્મમત્વમાં સ્થિત રહ્યો થકો...'** જુઓ! વીતરાગભાવમાં હું સ્થિત થયો થકો. સામ્યભાવ. સમતા શુદ્ધ ઉપયોગ. અહીંયા, શુદ્ધ ઉપયોગમાં સ્થિત રહ્યો થકો એમ કહે છે. જાણનાર જ્ઞાયક છેને એ. છઠ્ઠી ગાથામાં કહ્યું. **'ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।'** એક જ્ઞાયકભાવ જેમાં પર્યાયભેદ નથી. પુણ્યવાળા કે પાપવાળો કે આસ્રવવાળો કે બંધવાળો કે અજીવવાળો એમ છે નહિ. જ્ઞાયકસ્વભાવી આત્મતત્ત્વ. તો આત્મતત્ત્વ છે સ્વભાવવાન, જ્ઞાયક સ્વભાવ. જ્ઞાયકસ્વભાવી, ભગવાન જાણન-દેખન સ્વભાવી આત્મતત્ત્વ. બસ! આ આત્મતત્ત્વની વ્યાખ્યા કરી.

પાઠમાં છેને **'तस्मात तथा ज्ञात्वा आत्मनं'** જ્ઞાયકસ્વભાવી આત્મતત્ત્વને પરિજ્ઞાનપૂર્વક કહે છે. પરિ-સમસ્ત પ્રકારે એની શું ચીજ છે એવા જ્ઞાનપૂર્વક, ભાનપૂર્વક, ભેદજ્ઞાનપૂર્વક **'મમત્વના ત્યાગરૂપ...'** હવે ચારિત્ર આવ્યું. વિકલ્પના અભાવરૂપ અને વીતરાગભાવના ગ્રહણરૂપ વિધિ. રાગના અભાવરૂપ, વીતરાગના ભાવરૂપ. અસ્તિ-નાસ્તિ કરી. **'परिवज्जामि ममत्तिं उवट्ठिदो णिम्ममत्तम्हि'** ઓહો..! પરિજ્ઞાનપૂર્વક એટલે જ્ઞાનપૂર્વક. એટલે કે જ્ઞાન છે નહિ, ચારિત્ર શું છે એનું જ્ઞાન નથી ત્યાં તો ચારિત્ર હોતું નથી. મારા આત્મસ્વભાવના જ્ઞાનપૂર્વક મારું જ્ઞાન થયું છે એવા જ્ઞાનપૂર્વક ચારિત્ર કેવું છે એમ કહે છે.

**'મમત્વના ત્યાગરૂપ...'** વિકલ્પના અભાવરૂપ **'અને નિર્મમત્વના ગ્રહણરૂપ...'** અથવા નિર્મમત્વના પરિણમનરૂપ. આહા..હા..! વિકલ્પનો અભાવ ઈ વ્યય કહ્યો અને વીતરાગરૂપ પરિણમનને ઉત્પાદ કહ્યો અને જ્ઞાયકસ્વભાવી આત્માના જ્ઞાનપૂર્વક આવો હું છું. આહા..હા..! પહેલું સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહ્યું. હું જ્ઞાયકસ્વભાવી આત્મતત્ત્વ છું એનું જ્ઞાન એ સમ્યગ્દર્શન અને જ્ઞાન. એ સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક ચારિત્ર કેવું છે એની વાત કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આમાં તકરારનો સવાલ જ ક્યાં છે? છે? એય..! અહીંયા આમ છે ને તેમ છે. તકરાર... તકરાર... તકરાર... આજે પણ આવ્યું છે જૈનદર્શનમાં. તકરાર મક્ષીની.

મુમુક્ષુ :- એ તો પૂરું થઈ ગયું. ઘણા દિવસ થયા.

ઉત્તર :- સાતમે થઈ ગયું. ગુરુવારે હતું. ગુરુવારે સાતમ હતી. શુક્રવારે ઈંદોર આવ્યા હતા, શનિવારે અહીં આવ્યા રાત્રે. .. હવે ભાઈ થઈ રહ્યું. છતાં મેં તો કહ્યું હતું એ વખતે, આ પ્રતિમાજી છે એને.. શું કહેવાય? તીર્થક્ષેત્રની પ્રતિમામાં બે ભંગ ન હોય. સર્વ દિગંબરનો એમાં હક્ક છે, એમની છે, બીજાની નથી. નામ અમારું લખી નાખ્યું હતું. અમને તો ખબર પણ નહોતી, ભાઈ! કીધું, અમને તો ખબર નથી. સોનગઢનું નામ છે, આ સોનગઢની પ્રતિમા છે એવું નથી. અને તેરાપંથીઓ .. વિનંતી કરવા આવ્યા હતા. આ પ્રતિમા તેરાપંથીની એકલાની છે એમ પણ નથી. મેં તો કહ્યું હતું. તીર્થની પ્રતિમા છે. એમાં બધાનો હક્ક છે. તોપણ તકરાર કરે છે. એય..! ત્યાં મુક્કદમો થશે, આમ થશે ને આમ થશે.

આવી **'વિધિ વડે સર્વ આરંભથી (ઉદ્યમથી) શુદ્ધાત્મામાં પ્રવર્તું છું,...'** એમ કહે છે જુઓ! આહા..હા..! રાગના અભાવસ્વરૂપ અને વીતરાગના ભાવસ્વરૂપ વિધિ દ્વારા સર્વ ઉદ્યમ. જુઓ, સ્વરૂપ તરફની સાવધાની, એમ કહે છે. **'શુદ્ધાત્મામાં પ્રવર્તું છું,...'** જુઓ, પુરુષાર્થથી પ્રવર્તું છું. પર્યાય છેને અંદરમાં? વાળવી છેને? વાત તો આ છે. શુદ્ધાત્મતત્ત્વમાં પ્રયત્નથી, મહાપુરુષાર્થથી પ્રવર્તું છું. **'કારણ કે અન્ય કૃત્યનો અભાવ છે...'** મારામાં રાગાદિ કરવું અને પરનું કરવું એ તો મારામાં છે નહિ. વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જેઠ વદ ૯, રવિવાર, તા. ૦૮.૦૬.૧૯૬૯**
**ગાથા-૨૦૦, પ્રવચન-૧૭૭**

આ પ્રવચનસાર, જ્ઞેયતત્ત્વપ્રજ્ઞાપન અધિકારની ૨૦૦-ગાથા, એની ટીકા. આ સમ્યગ્દર્શનનો અધિકાર છે. જ્ઞાન અધિકાર પહેલા ચાલ્યો હતો ૯૨ ગાથા સુધી. આ ૧૦૮ ગાથામાં જ્ઞેય અધિકાર એટલે સમ્યગ્દર્શન, જ્ઞાનપ્રધાન સમ્યગ્દર્શનનો અધિકાર ચાલ્યો. છેલ્લો સરવાળો કહે છે. જેણે પોતાનું જ્ઞાયક ચૈતન્ય સ્વરૂપ જાણ્યું તેણે બધું જાણ્યું. સમજાણું કાંઈ? ભગવાન આત્મા... જુઓ! **'હું આ મોક્ષાધિકારી,...'** જ્ઞાયક પછી લેશે.

મુમુક્ષુ :- મહાવ્રતના રાગના અધિકારી નહિ?

ઉત્તર :- વ્યવહારનો અધિકારી નથી એ પછી આવશે. બીજું કર્તવ્ય નથી એમાં. કેમકે અન્ય કૃત્યનો અભાવ છે. હું, મુનિ થાય છે ઈ સાધકજીવ, શુદ્ધ સ્વરૂપ પૂર્ણને સાધ્ય-ધ્યેય બનાવીને પોતાનો સ્વભાવ સાધે છે. ધ્યેય તો ધ્રુવ છે, પણ એ પ્રગટ કરવાલાયક પૂર્ણ સ્વરૂપ છે એ અપેક્ષાએ તેને સાધ્ય નામ ધ્યેય કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? ધર્માત્માને તો પોતાના શુદ્ધ સ્વભાવ પૂર્ણ કૃતકૃત્ય તે ધ્યેય છે. ઈ હમણાં કહેશે.

કહે છે કે **'હું આ મોક્ષાધિકારી,...'** છું. ઓહો..! પંચમ કાળના મુનિ. એ તો કથન... કુંદકુંદાચાર્ય કહે, અમૃતચંદ્રાચાર્ય કહે, સર્વ સંતો આમ જ કહે છે. કોઈ એકની આ વાત નથી. સંત વાસ્તવિક સંત છે, સ્વરૂપના અનુભવપૂર્વક જેણે વીતરાગતા ચારિત્રદશા પ્રગટ કરી છે એવા સર્વ સંતોની આ વ્યાખ્યા છે. સમજાણું કાંઈ? **'હું આ મોક્ષાધિકારી,...'** છું. મોક્ષ અધિકારી. ઓહો..! મારું સ્વરૂપ જ મુક્તસ્વરૂપ છે. પર્યાયમાં મુક્તિ અધિકારી હું છું. મારું પદ જ મુક્ત થવાને લાયક છે. આહા..હા..! પ્રાપ્ત કર્યું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- દાંડી પીટીને વાત છે.

ઉત્તર :- હા, દાંડી પીટીને, દાંડી પીટીને વાત છે. એમ નહિ કે આમ હશે ને તેમ

હશે. મુનિ કોને કહીએ? અરે! સમ્યગ્દષ્ટિ ચોથા ગુણસ્થાનથી (એમ માને છે કે) હું મોક્ષનો અધિકારી છું. કેવળજ્ઞાન તો મને થશે, થશે અને થશે જ. કહે છે કે એવી કેવળજ્ઞાનની પર્યાય તો મારા જ્ઞાયકભાવમાં અનંતી પડી છે. પડી છે, તેના અનુભવમાં દૃષ્ટિ થઈ છે તો કેવળજ્ઞાન પ્રગટ થયા વિના છૂટકો જ નથી. ચોથે ગુણસ્થાને જઘન્યદશા છે. અને આ મુનિ છે તો મુનિ પોતાની દશાથી વાત કરે છે. આહા..હા..! બાકી ચોથે ગુણસ્થાને ચારિત્રમાં ફેર છે, વસ્તુની દૃષ્ટિ અને અનુભવમાં ફેર નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

'**હું આ મોક્ષાધિકારી,...**' આહા..હા..! અરે! પંચમકાળના મુનિ અને હજારો વર્ષ ચાલ્યા ગયા. ભગવાનને પંદરસો વર્ષ વીતી ગયા, આ અમૃતચંદ્રાચાર્ય થયા ત્યારે. મારો મોક્ષનો અધિકાર છે એમ હું માનું છું, અનુભવું છું. આહા..હા..! હું શરીર, વાણી નથી અને વ્યવહારરત્નત્રય જે છે એ મારું નથી અને મારું એ કાર્ય જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**હું આ મોક્ષાધિકારી,...**' છું. પરમાનંદ પ્રભુ એવો હું અધિકારી છું. જુઓ, મુનિપણાની દૃષ્ટિ. સમજાણું કાંઈ? આ તો કંઈકમાં કંઈક લાભ મનાવે, કંઈકમાં કંઈક દેવી ને દેવલા ને આ ને તે. અરે.. ભગવાન! એ બધી વાતું. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! બહારની ચમત્કારની ચીજ જ નથી આ. આ તો અંતરના ચમત્કારની વસ્તુ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પુણ્ય હોય તો બાહ્યમાં ચમત્કાર થાય. પણ પુણ્ય જ પોતાનું નથી તો પછી ચમત્કાર પોતાનો ક્યાંથી આવ્યો? આહા..હા..! સમજાણું કાંઈ? પુણ્ય જ પોતાનું નથી તો પુણ્યથી થયેલો બાહ્યમાં ચમત્કાર એ ચીજ આત્મામાં ક્યાં છે? આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..! અમે તો કેવળજ્ઞાની પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરના કેડાયતન છીએ એમ કહે છે. સમજાણું કાંઈ? એના કેડાયત અમે છીએ. જે કેડે-રસ્તે તે ચાલ્યા એ રસ્તે અમે ચાલીએ છીએ. આહા..હા..!

કહે છે કે '**હું આ મોક્ષાધિકારી,...**' (છું). કેમ? કે '**જ્ઞાયકસ્વભાવી આત્મતત્ત્વના પરિજ્ઞાનપૂર્વક...**' સર્વ સમ્યગ્દષ્ટિનો આવો જ સ્વભાવ છે. આ તો મુનિપણાની વાત કરે છે, પણ ચોથા ગુણસ્થાનેથી હું મોક્ષનો જ અધિકારી છું. કેમ? કે જ્ઞાયકસ્વભાવી એવું આત્મતત્ત્વ. હું કેવો છું? કે જ્ઞાયકસ્વભાવી છું. એવું મારું તત્ત્વ છે. મને રાગ છે, પુણ્યસ્વભાવી છું, વ્યવહારસ્વભાવી એ હું નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? દેહની ક્રિયા થાય એ મારો સ્વભાવ નથી, હું એને કરતો નથી.

હું '**જ્ઞાયકસ્વભાવી આત્મતત્ત્વના પરિજ્ઞાનપૂર્વક...**' પરિજ્ઞાનપૂર્વક જુઓ, પરિ—સમસ્ત પ્રકારે મારો આત્મા કેવો છે એનું મને જ્ઞાન થયું છે. આહા..હા..! આ મારો ચમત્કાર મારી પાસે છે એમ કહે છે. આહા..હા..! આ જ ચમત્કાર છે, ભાઈ! સમજાણું કાંઈ? '**આત્મતત્ત્વના પરિજ્ઞાનપૂર્વક...**' હું આત્મા આનંદ જ્ઞાયકસ્વભાવ છું એવા પરિ-સમસ્ત પ્રકારે, પરિ ઉપસર્ગ છે, સમસ્ત પરિજ્ઞાનપૂર્વક, પરિજ્ઞાનપૂર્વ ચારિત્ર હોય છે. એવું આત્મજ્ઞાન જ્યાં નથી ત્યાં તો ચારિત્ર હોતું નથી. તો '**આત્મતત્ત્વના પરિજ્ઞાનપૂર્વક મમત્વના ત્યાગરૂપ...**' હવે આ

ચારિત્રની વ્યાખ્યા કરે છે. રાગાદિ વ્યવહાર વિકલ્પ છે એના પણ મમત્વના ત્યાગરૂપ. વ્યવહારના ત્યાગરૂપ. **'અને નિર્મમત્વના ગ્રહણરૂપ...'** મારી વીતરાગ ચીજ છે શુદ્ધ જ્ઞાનાનંદ સ્વભાવ એનું ગ્રહણ એ નિર્મમત્વનું ગ્રહણ એટલે કે વીતરાગભાવનું ગ્રહણ અને રાગભાવનો ત્યાગ, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'વિધિ વડે...'** આ વિધિ વડે. જુઓ આ વિધિ વડે. કોઈ વ્યવહાર વડે કે નિમિત્ત વડે આવું જ્ઞાન અને ચારિત્ર થતું નથી. (આ વિધિ વડે) **'સર્વ આરંભથી (ઉદ્યમથી)...'** મારી પૂર્ણ સાવધાની, સ્વરૂપ તરફનો પૂર્ણ પુરુષાર્થ છે એમ કહે છે, જુઓ! સર્વ ઉદ્યમ. આરંભ એટલે ઉદ્યમ. મારી સર્વ પ્રયત્નદશા સ્વરૂપમાં સાવધાનીમાં હું પૂર્ણ છું. રાગમાં, પુણ્યમાં, દયા, દાન, વિકલ્પ વ્યવહારમાં મારી સાવધાની નથી. સમજાણું કાંઈ? નિમિત્તને મેળવવું અને છોડવું એમાં મારી સાવધાની નથી. આહા..હા..! **'સર્વ આરંભથી (ઉદ્યમથી) શુદ્ધાત્મામાં પ્રવર્તું છું,...'** હું તો શુદ્ધ ભગવાન પરમ જ્ઞાનાનંદ સ્વભાવ એવા આત્મામાં પ્રવર્તું છું, પરિણમન કરું છું. પરિણમન. એ પરિણમન થાય છે તેમાં પ્રવર્તું છું એમ કહે છે. કેમ? **'કારણ કે અન્ય કૃત્યનો અભાવ છે...'** જુઓ, હવે આવ્યું. ઓહો..! મારા આત્મસ્વભાવમાં પરનું હું કાંઈ કરું એનો અભાવ છે.

મુમુક્ષુ :- વ્યવહાર મોક્ષમાર્ગ...

ઉત્તર :- એ તો પછી આવે છેને. અને વ્યવહાર મોક્ષમાર્ગ(રૂપ) રાગને હું કરું એ કૃત્યનો તો મને અભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ વિના થાય નહિ.

ઉત્તર :- એક જ મોક્ષ છે. બીજો છે ક્યાં? વ્યવહાર છે જ નહિ. નિશ્ચયની અપેક્ષાએ વ્યવહાર છે જ નહિ. લ્યો શું કહેવું છે? વ્યવહાર અવસ્તુ છે. વસ્તુ નિશ્ચય એ જ વસ્તુ છે. આહા..હા..! જેમ સ્વદ્રવ્યની અપેક્ષાએ પરદ્રવ્ય અદ્રવ્ય છે, એમ સ્વસ્વભાવની સાવધાનીની નિશ્ચયની અપેક્ષાએ વ્યવહાર છે જ નહિ. વ્યવહાર વ્યવહારથી એનામાં હો, મારામાં ક્યાં છે? આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન! અંતરમાં માર્ગ અલૌકિક ચીજ છે, એ કોઈ બહારથી પમાતી નથી. આહા..હા..! અને કોઈ એવી કથનપદ્ધતિ હોય તો અંદર પ્રાપ્ત થઈ જાય કથનપદ્ધતિથી એવી ચીજ નથી. આહા..હા..!

કહે છે કે એ કથનપદ્ધતિના કૃત્યના મારામાં અભાવ છે. આહા..હા..! ઓહો..! કોણ બોલે? કોણ વ્યવહાર કરે? પ્રભુ! જુઓ એ ટૂંકામાં (કહ્યું છે કે) **'કારણ કે અન્ય કૃત્યનો અભાવ છે (અર્થાત્ બીજું કાંઈ કરવાયોગ્ય નથી).'** આહા..હા..! કરી શકતો નથી તો કરવાયોગ્ય કાંઈ છે જ નહિ. વ્યવહારનો રાગ કરવાયોગ્ય છે એમ છે જ નહિ. આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાયકસ્વભાવી પ્રભુ શું વિકલ્પને કરે? કે આ દેહની પર્યાયની રચના કરે? કે આ વાણી બનાવે? કે આ દુનિયાને સુધારે? આહા..હા..! બીજામાં સુધારો તો કરે કે

નહિ?

મુમુક્ષુ :- મોટા માણસ હોય એ કરી દે.

ઉત્તર :- કોણ મોટો? મોટો તો પોતામાં હોય, પરમાં કોણ મોટો છે? આહા..હા..! એ માટે તો આ શબ્દ લીધો છે. આ અનેકાંત લે છે દેવચંદજી! હું તો મારા જ્ઞાયકસ્વભાવમાં પ્રયત્નવાન છું. અન્યમાં મારો પ્રયત્ન જ નથી, કેમકે પરના કૃત્યનો મારામાં અભાવ છે. આહા..હા..! ભગવાન! માર્ગ તો આવો છે, પ્રભુ! આહા..હા..! લોકોને બહારમાં આમ બહુ લાગે. સમજાણું? એવું લાગે આહા..હા..! હો..હા.. હો.. પરથી થાય છે, પરથી થાય છે. શું થાય? પ્રભુ! એ તો જગતની ચીજ જગતને કાળે થાય છે. સમજાણું કાંઈ? અહીં તો વ્યવહારને કાળે વ્યવહાર આવે છે એનું કર્તવ્ય મારામાં નથી એમ કહે છે. કેમ હોય? આહા..હા..! કહો, હું તો સર્વ પ્રયત્નથી ... પણ ખાવા, પીવાની ક્રિયામાં જાય છેને? બોલે છેને? પણ હું પરમાં છું જ નહિને. બોલે કોણ? ખાવા-પીવા જાય કોણ? ખાવા-પીવાનો વિકલ્પ મારું કર્તવ્ય જ નથીને.

મુમુક્ષુ :- ખાધા વિના કેમ ચાલે?

ઉત્તર :- ખાધા વિના જ અનાદિ-અનંત ચાલ્યું છે.

મુમુક્ષુ :- બધાને?

ઉત્તર :- બધાને. સમજાણું કાંઈ? કેમકે પોતામાં પરદ્રવ્યનો અભાવ છે અને પોતાના ભાવથી ભાવ છે. તો પરદ્રવ્યના અભાવથી જ અનાદિથી ચાલ્યું આવે છે. આહા..હા..! શું કહ્યું?

એકવાર પ્રશ્ન થયો હતો ૨૦૧૦ની સાલમાં અને હમણાં પણ એક પ્રશ્ન થયો હતો મુંબઈમાં. ૧૦ની સાલમાં થયો હતો બોટાદમાં. વ્યાખ્યાન ચાલતું હતું. એમાં હરજીવનભાઈ બોલ્યા. એ ગૃહસ્થ હતા. એ કહે, મહારાજ! એ સંઘમાં હતા, પણ અહીંનો પ્રેમ બહુ. એના એક ભાઈ અહીંના હતા અને એક સંઘમાં. એ કહે મહારાજ! તમે પૈસાનો આટલો તિરસ્કાર કરો છો કે જડ કાંઈ નથી, પૈસા કાંઈ નથી, પણ પૈસા વિના ચાલે છે? એમ કહ્યું. હમણાં જ કોઈએ પ્રશ્ન કર્યો હતો નહિ મુંબઈમાં? પૈસા વિના એક ટંક પણ ન ચાલે. શાક પણ મળે નહિ. અરે.. ભગવાન! એક દ્રવ્ય બીજા દ્રવ્યના અભાવથી જ અનાદિથી ચાલ્યું આવ્યું છે. સાંભળ તો ખરો. પોતાથી અસ્તિ છે અને પરથી નાસ્તિ છે. તો પરથી નથી એમ જ ચાલ્યું આવે છે. અજ્ઞાનીએ માન્યતા ભ્રમ ખોસ્યો છે કે મારે પરદ્રવ્ય વિના ચાલે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આમાં નિમિત્તનો નિષેધ થઈ જાય છે.

ઉત્તર :- નિમિત્તનો નિષેધ, નિમિત્ત પોતામાં છે જ નહિ તો નિષેધ ક્યાંથી થયો? એ તો પર ચીજ છે. આહા..હા..!

બે રૂપિયા શાક લેવા જોઈએ. પહેલા તો ચાર આના (જોઈતા હતા). બે રૂપિયાનું શું કહેવાય? શાક. બે રૂપિયા હોય તો શાક લેવાય. હવે તમે કહો છો કે પૈસા નહિ-નહિ. ધૂળ, અજીવ, પુદ્‌ગલ માટી છે, ધૂળ છે. એ અજીવ મારું છે એમ માનનારો અજીવ છે. ભેંસનો માલિક પાડો છે. એમ અજીવનો માલિક થાય છે કે મારી લક્ષ્મી, એ જડ અજીવ છે. અજીવ તારું ક્યાંથી થયું? સમજાણું કાંઈ? આહા..હા..! તો પછી કહે છે કે સમ્યગ્દૃષ્ટિ થયા તો ફેંકી દ્યો બધી લક્ષ્મી. એવો પ્રશ્ન ઉઠે છે. કોણ નાખે પણ? એ એનો અધિકાર છે? પરનું જાવું, પરનું આવવું એ તો પરને કારણે છે. પરનો પોતામાં અભાવ છે પછી નાખી દેવું કે છોડવાની વાત જ ક્યાં છે? આહા..હા..! દેવચંદજી! અહીં તો બહુ કરોડોપતિ આવે છે, લાખોપતિ આવે છે. મહારાજ પાસે તો મોટા કરોડપતિ આવે છે એમ લોકો માને છેને? પૈસાવાળા ઘણા છે તો લોકોને એમ લાગે કે ઓહો..હો..! મહારાજમાં ભળતા પૈસાવાળા થઈ જવાય. .. સવારે બ્રહ્મચારીજી કહેતા હતાને.

મુમુક્ષુ :- જાદુ છે.

ઉત્તર :- એ જાદુ પુણ્યની વાત છે. એનો પુણ્યયોગ હોય ઈ બને. અહીં પૂર્વના પુણ્ય છે તો લોકો એમ માને છે. બાકી બીજું કાંઈ નથી અહીંયાં. અહીંયાં જાદુ પણ નથી અને બીજો ચમત્કાર પણ નથી. આત્માનો ચમત્કાર છે. સાંભળવા લાયક હોય તો સાંભળે તો એને એમ લાગે કે ઓહો..! આવી ચીજ મેં સાંભળી નથી. આ જ વસ્તુ છે. એવો ચમત્કાર છે, બીજું કાંઈ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છેને, હમણા ત્યાં મુંબઈમાં ગયા હતાને. મુંબઈમાં જ્યાં જતા હતા ત્યાં કોઈ ત્રણ હજાર, કોઈ બે હજાર એમ ૨૭ દિવસમાં ૮૧ હજાર રૂપિયા આવ્યા પગમાં. ભાઈ! એ તો પુણ્યપ્રકૃતિ એવી છે અને લોકોને પ્રેમ છે અને એમ થવાનું હોય તો થાય છે. સમજાણું કાંઈ? ૨૭ દિવસમાં. ૨૪ દિવસ મુંબઈ રહ્યા. બે દિવસ મક્ષીમાં અને એક દિવસ ઈંદોર (રહ્યા). તો ૨૭ દિવસમાં ૮૧ હજાર તો પગમાં આવ્યા છે. જ્યાં પગ મૂકીએ ત્યાં કોઈ બે હજાર, ત્રણ હજાર કે એક હજાર મૂકતા હતા. લોકોને એટલો પ્રેમ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ તો ચમત્કાર છે.

ઉત્તર :- ઈ વાત કહે છે. બ્રહ્મચારીજી કહે છે માટે ખુલાસો કરીએ છીએ. અને ત્રણ મહિના બહાર રહ્યા તો એક લાખ અને સાડા ત્રણ હજાર તો પગમાં આવ્યા છે. આ ત્રણ મહિના બહાર રહ્યાને? એક લાખ અને ચોત્રીસો રૂપિયા આવ્યા. અહીં તો રોટલી ખાઈએ છીએ ભાઈ! બીજું તો ખાતા નથી. એ તો શાસ્ત્રના .. આ તો ઓલા પૈસા વાપરે છે કે નહિ. પૈસા તો બધા શાસ્ત્રોમાં જાય છે. લોકોને એમ લાગે. સાધારણ માણસ હોય તો ઓહો..હો..! એક દિવસ ... ગયા હતા તો એક દિવસમાં આઠ હજાર રૂપિયા આવ્યા હતા. એક દિવસમાં આઠ હજાર. એ બધું ચંદુભાઈ શાસ્ત્રમાં રાખે. ચંદુભાઈ ચીઠ્ઠીયું આપે. ચંદુભાઈને

મહેનત બહુ પડે. એક દિવસમાં આઠ હજાર. કોઈ પાંચસો અને કોઈ હજાર.

મુમુક્ષુ :- એ વાત સાચી નથી?

ઉત્તર :- કઈ સાચી છે? આવે છે એ શાસ્ત્રમાં આપી દઈએ છીએ. દે કોણ અને લે કોણ? અહીંયાં તો એ વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન! એ આત્માની ચીજ કોઈ અલૌકિક છે! આહા..હા..! પુણ્ય હોય તો સાથે બંધાઈ જાઓ, પણ પુણ્ય જ પોતાનું નથી તો પછી બને શું? એ કહે છેને કે '**અન્ય કૃત્યનો અભાવ છે...**' મારામાં. આહા..હા..! સમજાણું કાંઈ? ઘણા (ઘરે) તો ગયા નથી. એટલા ઘર બાકી રહી ગયા. એક-એક દિવસમાં ૯૦ ઘરે જાવું પડે. અહીંયાં આવો... અહીંયાં આવો... લોકોને પ્રેમ એટલો. પધારો મહારાજ... પધારો મહારાજ... બે દિવસ .. અહીંયાં ચાલવું ન પડ્યું. ઘણા ઘર બાકી રહી ગયા. એ તો બહારની પ્રકૃતિના ચાળા છે. એમાં આત્માનો કોઈ અધિકાર નથી. આહા..હા..! અહીં તો કહે છે કે હું તો ભગવાન શુદ્ધ આત્મા પવિત્રમાં પ્રવૃત્ત થયો એ મારું કર્તવ્ય છે. '**અન્ય કૃત્યનો અભાવ છે...**' જુઓ, અસ્તિ-નાસ્તિ. આ અસ્તિ-નાસ્તિ. એય..! દેવચંદજી! અનેકાંતની ખીલવટ કહે છે. આ અનેકાંત છે. વ્યવહાર પણ કરવો અને નિશ્ચય પણ કરવો એ અનેકાંત નથી.

મુમુક્ષુ :- કોઈ કહે છે, નવું અનેકાંત કાઢ્યું છે.

ઉત્તર :- નવું નથી, અનાદિની સત્ય વાત છે. પોતાથી છે અને પરથી નથી, પછી પ્રશ્ન ક્યાં છે? દરેક પદાર્થ પોતાથી છે અને પરથી નથી, એ તો અનાદિની છે સપ્તભંગી પહેલી. જૈનદર્શનની સપ્તભંગી પહેલી કઈ? સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પોતાથી છે, પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પોતાથી નથી. આહા..હા..! એ તો અનાદિ સનાતન સત્યનો પહેલો ભણકાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? કોઈપણ સમયે નિગોદથી માંડીને કે પરમાણુથી માંડીને કોઈપણ દ્રવ્ય પોતાનું દ્રવ્ય ગુણ-પર્યાયનો પિંડ, ક્ષેત્ર-પહોળાઈ, કાળ-અવસ્થા અને ભાવ-શક્તિ એનાથી છે. પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નથી. તો દરેક પદાર્થ પોતાથી છે અને પરના અભાવથી ટકી રહ્યો છે અને નિભાવ કરી રહ્યો છે. પંડિતજી! પરના અભાવથી ટકી રહ્યો છે, પરની નાસ્તિથી ટકી રહ્યો છે. આહા..હા..!

મુમુક્ષુ :- પૈસાના અભાવથી ટકી રહ્યો છે?

ઉત્તર :- પૈસાના અભાવથી. પોતાથી છે. પૈસા શું આખું શરીર, બધા કર્મ અરે! રાગ અને દ્વેષ એના અભાવથી આત્મા ટકી રહ્યો છે. અહીં તો ઈ છે. એય..! સમજાણું કાંઈ? આહા..હા..! સ્વયંસિદ્ધ વસ્તુ એવી છે. શું કહે છે જુઓ. કુંદકુંદાચાર્ય સરવાળો કરે છે.

'કારણ કે **અન્ય કૃત્યનો અભાવ છે (અર્થાત્ બીજું કાંઈ કરવાયોગ્ય નથી). તે આ પ્રમાણે...**' છે. હવે કાંઈ કરવાયોગ્ય નથી તે આ પ્રમાણે છે. '**(અર્થાત્ હું આ પ્રમાણે શુદ્ધાત્મામાં પ્રવર્તું છું) :—**' હું મારા આત્મામાં આ પ્રમાણે શુદ્ધાત્મામાં પ્રવર્તું

છું. **'પ્રથમ તો હું સ્વભાવથી જ્ઞાયક જ છું;...'** પહેલી એ શરત કે હું તો જ્ઞાયક છું. પરની સાથે મારે કોઈ સંબંધ નથી. એ આવશે હમણાં. **'હું તો સ્વભાવથી જ્ઞાયક જ છું; કેવળ જ્ઞાયક હોવાથી...'** જુઓ, હું તો એકલા રાગથી માંડીને આખી દુનિયા, સર્વજ્ઞ પરમાત્મા પણ મારા જ્ઞાયકમાં એ જ્ઞેય છે. હું જાણનારો છું. વ્યવહાર પણ જ્ઞેય છે, હું જ્ઞાયક છું.

**'કેવળ જ્ઞાયક હોવાથી મારે વિશ્વની (સમસ્ત પદાર્થોની) સાથે પણ...'** સમસ્ત પદાર્થ. રાગથી માંડીને સર્વજ્ઞ પરમાત્મા સિદ્ધ ભગવાન.. સમજાણું કાંઈ? કર્મ અને શરીરની ક્રિયા સમસ્ત વિશ્વની સાથે, વિશ્વ નામ મારા જ્ઞાયકસ્વભાવ સિવાય સમસ્ત પદાર્થોની સાથે, રાગથી, વ્યવહારથી માંડીને બધા **'સહજ જ્ઞેયજ્ઞાયકલક્ષણ સંબંધ જ છે,...'** ભાષા જુઓ, હું તો જ્ઞાયક છું અને એ જ્ઞેય છે એટલો સંબંધ છે. એટલા સંબંધને નિવારી શકાતો નથી. કેમકે પૃથક્-પૃથક્ ચીજ છે. હું જ્ઞાયક છું અને એ જ્ઞેય (છે). એવું સહજ, પાછું એ પણ સહજ. મારો જ્ઞાયકસ્વભાવ છે તો પર મારા સિવાય દયા, દાન, વ્રતનો રાગ કે સર્વજ્ઞ ભગવાન કે આખી દુનિયા મારા જ્ઞાનમાં જ્ઞેય છે. એ જ્ઞેય છે, હું જ્ઞાયક છું એટલો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'હું સહજ જ્ઞેયજ્ઞાયકલક્ષણ...'** પરની સાથે સંબંધ છે, સંબંધ એટલો છે. જુઓ, વ્યવહાર સાથે પણ મારો સંબંધ જ્ઞેયજ્ઞાયક છે એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કાંઈ નહિ. આહા..હા..! જ્ઞાનચંદજી! અરે ભગવાન! તારી ચીજમાં તો જ્ઞાનભંડાર પડ્યો છેને પ્રભુ! એ તો જ્ઞાયક છેને. એ ચીજ તો બધી તારા જ્ઞાનમાં વ્યવહાર જ્ઞેય છે, વ્યવહાર જ્ઞેય. નિશ્ચય જ્ઞેય તો તું છો. આહા..હા..! પર લેવું છેને? પર લેવું છેને. પર એટલે વ્યવહાર થયો. રાગાદિ દયા, દાન, વિકલ્પ આદિ, ભગવાનની ભક્તિ આદિ, શરીરની ક્રિયા આદિ કે ભગવાન સાક્ષાત્ તીર્થંકર (સાથે), મારો જ્ઞાયકસ્વભાવ છે અને એ જ્ઞેય છે એટલો સંબંધ છે. આહા..હા..!

**'પરંતુ...'** જુઓ, ભાષા કેટલી લીધી છે! **'વિશ્વની સાથે પણ સહજ જ્ઞેયજ્ઞાયકલક્ષણ સંબંધ જ છે, પરંતુ બીજા સ્વસ્વામિલક્ષણાદિ સંબંધો નથી;...'** જુઓ, ઓહો..! એ દયા, દાન, વ્યવહારરત્નત્રયનો રાગ એ સ્વ નામ મારો ને હું સ્વામી એવો સંબંધ છે જ નહિ. સમજાણું કાંઈ? શરીર સ્વ મારું અને હું સ્વામી એવો હું છું જ નહિ. એ તો પછી આવે છે. સમજાણું કાંઈ? શિષ્ય મારો અને હું ગુરુ એવો સંબંધ જ નથી.

મુમુક્ષુ :- એ સાતમા ગુણસ્થાને છે.

ઉત્તર :- અરે..! ચોથેથી અહીંયાં છે. શેઠ! આ તો મુનિ છે તો મુનિપણાથી વાત કરે છે. ચારિત્રસહિતની છેને. આહા..હા..!

ભગવાન! તારી જાતમાં તો પ્રભુ જ્ઞાયકસ્વભાવ એ જ તારું સ્વરૂપ છે. એ જ મારો

સ્વભાવ છે. એ તો કહ્યુંને પહેલા. જ્ઞાયકસ્વભાવ મારા આત્મતત્ત્વમાં પ્રવર્તું છું. કેમકે મારા જ્ઞાયકસ્વભાવની સાથે વિશ્વ, વિશ્વ શબ્દે વ્યવહારરત્નત્રયથી માંડીને સમસ્ત વિશ્વ આવી ગયું, એક કોર રામ અને એક કોર ગામ. એક કોર હું જ્ઞાયક, બધા સર્વજ્ઞ, અનંતા કેવળી, સિદ્ધો પણ મારા જ્ઞાનમાં જ્ઞેય છે. એ મારા ગુરુ અને હું એનો શિષ્ય એવો મારે સંબંધ છે નહિ. આહા..હા..! ઠીક! હું ગુરુ અને એ શિષ્ય તો એક બાજુ રહ્યું, પણ પંચ પરમેષ્ઠીમાં બે દેવ અને ત્રણ ગુરુ એ મારા નથી. હું તો જ્ઞાયક અને એ જ્ઞેય એટલો સંબંધ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ગુરુમાં અપરગુરુ ક્યાં ગયા?

ઉત્તર :- એ બધા ગયા જ્ઞેયમાં. પરમગુરુ, અપરગુરુ એ આવ્યુંને પાંચમી ગાથામાં? પાંચમી ગાથામાં આવ્યું. સર્વજ્ઞદેવ, મારા પરમગુરુ સર્વજ્ઞદેવ, અપરગુરુ પરંપરા ચાલ્યા આવતા એવા મારા ગુરુ એ સર્વેએ મને ઉપદેશમાં એમ કહ્યું, શુદ્ધાત્માનો ઉપદેશ મને આપ્યો. એમ કુંદકુંદાચાર્ય કહે છે પાંચમી ગાથામાં. મને આપ્યો. એ તો પહેલાની વાત કરે છે. સમજાણું કાંઈ? કે સર્વજ્ઞથી માંડીને મારા ગુરુએ મને અનુગ્રહ કરીને... અનુગ્રહ કરીને એનો અર્થ? કે હું પાત્ર છું એમ ન કહેતા, અનુગ્રહ કરીને એવો શબ્દ લીધો છે. એ ગાથામાં બહુ ગંભીરતા છે. એમ કહે કે મારી પાત્રતા જ એવી હતી તો આવા ગુરુએ મને સમજાવ્યું. એમ ન કહેતા અનુગ્રહ કરીને ભગવાને મને ઉપદેશ આપ્યો. આહા..હા..! પાંચમી ગાથામાં છે. આ સમયસાર છેને? નહિ, પ્રવચનસાર છે. સમજાણું કાંઈ? પાંચમી ગાથામાં છે. બહુ એક-એક ગાથામાં ઘણું ઊંડાણ ભર્યું છે. ઓહો..હો..!

કહે છે કે મારે પરની સાથે જ્ઞેય-જ્ઞાયકલક્ષણ સંબંધ છે, પણ સ્વસ્વામી સંબંધ (અર્થાત્) એ ગુરુ અને દેવ, પંચ પરમેષ્ઠી સ્વ અને હું એનો સ્વામી એમ તો નથી, પણ એ મારા સ્વામી અને હું એનો સ્વ એમ પણ નથી. સમજાણું કાંઈ? '**સ્વસ્વામિલક્ષણાદિ...**' તાદાત્મ્ય લક્ષણ. હું આત્મા અને રાગાદિ, પરમેશ્વર એની સાથે મારે તાદાત્મ્યલક્ષણ સંબંધ નથી. સમજાણું કાંઈ? એ તો ભિન્ન છે. હું જ્ઞાયક છું, એ જ્ઞેય છે એટલો સંબંધ છે, પણ એ મારું સ્વ છે અને હું એનો સ્વામી છું એવો સંબંધ નથી. અને તાદાત્મ્યલક્ષણ સંબંધ નથી. આદિ શબ્દ પડ્યો છેને? તો તાદાત્મ્ય નામ હું અને એ તાદાત્મ્યરૂપ થઈ જાઉં એવો સંબંધ નથી. અને મારે અને એને અવિનાભાવ સંબંધ પણ નથી કે હું છું તો ઈ છે અને ઈ છે તો હું છું એમ નથી. અવિનાભાવ સંબંધ પણ મારા અને જ્ઞેયજ્ઞાયક સંબંધમાં નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? સંયોગસંબંધ, સંયોગસંબંધ છે. એ નિમિત્ત તરીકે સંયોગસંબંધ કહો, બાકી સંયોગસંબંધ મારે પરની સાથે નથી.

પરિણામપરિણામી સંબંધ, કે વ્યવહારરત્નત્રય પરિણામ છે અને હું પરિણામી છું એવો સંબંધ નથી. આહા..હા..! ભારે ઝીણું! આહા..હા..! આ વસ્તુ. એ તો આપણે સવારમાં આવી ગયુંને? પરિણામ પરિણામી ક્રિયા. પરિણામ, વ્યવહારરત્નત્રયના પરિણામ એ મારા

પરિણામ અને હું પરિણામી એવો સંબંધ નથી. સમજાણું કાંઈ? હું જ્ઞાયક અને એ વ્યવહારરત્નત્રયનો વિકલ્પ જ્ઞેય એટલો સંબંધ છે. એ વ્યવહાર છેને પરની સાથે. નિશ્ચય સંબંધ તો છે ક્યાં? સમજાણું કાંઈ? ચૈતન્ય. 'તેરા પ્રભુ તુજહીમેં ડોલે.' ભજન આવે છેને? એ બોલતા હતા નહિ? 'તેરા પ્રભુ તુજહીમેં ડોલે.' બાપા! આહા..હા..!

કહે છે, ભગવાન કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય આદિ સર્વ સંતોની એક જ વાત છે કે મારે અને બીજી ચીજમાં જ્ઞેયજ્ઞાયકસંબંધ હો. એ અનિવાર્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? પણ સ્વસ્વામીલક્ષણ, તાદાત્મ્યલક્ષણ, પરિણામપરિણામી લક્ષણ, ગુણીગુણલક્ષણ કે હું ગુણી છું અને વ્યવહાર મારો ગુણ છે એવો કોઈ સંબંધ મારે પરની સાથે નથી. સમજાણું કાંઈ? વિશેષ્ય-વિષેશણ સંબંધ કે હું વિશેષ્ય છું અને રાગાદિ વિશેષણ છે એવો કોઈ સંબંધ પરની સાથે નથી. આહા..હા..! સમજાણું કાંઈ? વિશેષ્ય-વિશેષણસંબંધ, પરિણામ-પરિણામી સંબંધ, ગુણી-ગુણ સંબંધ એવો સંબંધ પરની સાથે મારે છે જ નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો પરિણામ-પરિણામી આવી ગયું. પરિણામ અવસ્થા છે અને પરિણામી અવસ્થાયી છે—પરિણામી છે, એવો પરની સાથે મારે, એ અવસ્થા મારી છે, હું અવસ્થાયી છું, વ્યવહાર મારી અવસ્થા છે અને હું એનો અવસ્થાયી-પરિણામી છું એમ છે જ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! આત્મતત્ત્વ આવું છે. હજી સમજવું કઠણ પડેને એટલે કંટાળો લાગે. આહા..હા..! લોકોને બહારની વાતમાં મજા પડે છે. ભાઈ! બહારમાં કાંઈ છે નહિ, ભાઈ! રાગમાં તારું સ્વરૂપ નથી તો પછી બહારમાં ક્યાંથી આવ્યું? ઓહો..હો..!

ભગવાન આત્મા મારું આત્મતત્ત્વ તો જ્ઞાયકસ્વભાવસ્વરૂપી છે, એ સિવાય આખું વિશ્વ મારું જ્ઞેય છે, એ સિવાય જ્ઞેય અને જ્ઞાયક સાથે બીજો કોઈ સંબંધ નથી. બીજો કોઈ મારે અને જ્ઞેયને મેળ નથી, બીજો કોઈ મેળ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આટલી સ્પષ્ટતા પ્રવચનસારમાં સંતોએ બહારમાં કહીને માર્ગ સહેલો કરી દીધો છે પણ લોકોને સમજવાની દરકાર નથી. એય..! એકાંત છે રે એકાંત છે. ભગવાન! શું કરે છે તું? એમ કહીને પોકાર-પોકાર કરે છે. ઝઘડા કરે છે. એય..! દેવચંદજી! તમારે પણ આવ્યું હતું એ સહારનપુરની વાત નહિ? બાબુભાઈ આવ્યા હતા. છાપામાં આવ્યું હતું, આવ્યું હતું. ખબર છેને. ત્યાં તકરારો ઉઠાવે છે, જ્યાં જાય ત્યાં તકરાર કરે છે. અરે ભગવાન! શું કરે છે? ભાઈ! માર્ગ તો આવો છે. કોઈને ન રુચે તો એને એકાંત લાગે. ન રુચે તો તે સ્વતંત્ર છે. એ પણ કાંઈ દ્વેષ કરવાલાયક નથી. એ જ્ઞેય છે. જ્ઞાયકમાં એ જ્ઞેય છે. જગતમાં વિરોધી કોઈ છે જ નહિ. આહા..હા..! અમારો કોઈ વેરી છે અને અમે વેરી માનીએ છીએ એમ છે જ નહિ. આહા..હા..!

સંસારનો કિનારો જેને નજીક છે. કાલે આવ્યું હતુંને? પ્રવચનસારમાં કુંદકુંદાચાર્ય. પહેલા

આવ્યું હતું. એવા કુંદકુંદાચાર્ય જેને ભેદજ્ઞાનજ્યોતિ મહાઉગ્ર પ્રગટ થઈ છે. એ તો પહેલા અમૃતચંદ્રાચાર્યે કહ્યું હતું. પંડિતજી! આવ્યું કે નહિ પહેલા? જુઓ, એ બીજું પાનું છે. '**હવે, સંસારસમુદ્રનો કિનારો જેમને નિકટ છે...**' છે? અમૃતચંદ્રાચાર્ય કુંદકુંદાચાર્ય માટે કહે છે. આહા..હા..! ૯૦૦ વર્ષ પહેલા થયા એની વાત કરે છે. '**હવે, સંસારસમુદ્રનો કિનારો જેમને નિકટ છે...**' મળ્યું? બીજે પાને તદ્દન નીચે છે. '**સાતિશય (ઉત્તમ) વિવેકજ્યોતિ જેમને પ્રગટ થઈ છે...**' અમૃતચંદ્રાચાર્ય સંત આચાર્ય છઠ્ઠે ગુણસ્થાને ઝુલનારા કુંદકુંદાચાર્યની વાત કરે છે. કુંદકુંદાચાર્ય આવા છે. '**વિવેકજ્યોતિ જેમને પ્રગટ થઈ છે.**' '**સાતિશય (ઉત્તમ) વિવેકજ્યોતિ જેમને પ્રગટ થઈ છે...**' એમ. સાતિશય. એ ભેદજ્ઞાન પાછું ફરે નહિ. આહા..હા..!

'**પરમ ભેદવિજ્ઞાનનો પ્રકાશ જેમને ઉત્પન્ન થયો છે...**' આહા..હા..! '**અને સમસ્ત એકાન્તવાદરૂપ અવિદ્યાનો અભિનિવેશ જેમને અસ્ત થયો છે...**' સમજાણું કાંઈ? એ બધું અમૃતચંદ્રાચાર્યનું છે. અમૃતચંદ્રાચાર્ય. જુઓ અંદર છેને. '**अथ खलु कश्चिदासन्नसंसारपारावारपारः समुन्मीलित**' અમૃતચંદ્રાચાર્યનું છે. એ બધું અમૃતચંદ્રાચાર્યનું છે. પહેલી ટીકા છે જુઓ. '**अथ खलु कश्चिदासन्नसंसारपारावारपारः समुन्मीलितसातिशयविवेकज्योतिरस्तमितसमस्तैकान्तवादाविद्याभिनिवेश पारमेश्वरी-मनेकान्तवादविद्यामुपगम्य...**' આહા..હા..! '**સમસ્ત એકાન્તવાદરૂપ અવિદ્યાનો અભિનિવેશ...**' અભિપ્રાય, આદર જેને છૂટી ગયો છે. '**એવા કોઈ (આસન્નભવ્ય મહાત્મા શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવ),...**' '**પારમેશ્વરી (પરમેશ્વર જિનભગવાનની) અનેકાન્તવાદ-વિદ્યાને પામીને,...**' જુઓ, આહા..હા..! મુનિ મહાવ્રતધારી છે. નિશ્ચય મહાવ્રતધારી હોં! આહા..હા..! '**અનેકાન્તવાદવિદ્યાને પામીને, સમસ્ત પક્ષનો પરિગ્રહ (શત્રુમિત્રાદિનો સમસ્ત પક્ષપાત) છોડ્યો હોવાથી અત્યંત મધ્યસ્થ થઈને,...**' વીતરાગ થઈને '**સર્વ પુરુષાર્થમાં સારભૂત હોવાથી જે આત્માને અત્યંત હિતતમ છે એવી, ભગવંત પંચપરમેષ્ઠીના પ્રસાદથી ઊપજવાયોગ્ય,...**' જુઓ.

મુમુક્ષુ :- નિમિત્ત ઠરાવ્યું.

ઉત્તર :- હા, નિમિત્ત છે કે નહિ? વસ્તુ છે કે નહિ? વસ્તુ નથી? પણ એનાથી થયું છે એમ નથી. સમજાણું કાંઈ?

'**પ્રસાદથી ઉપજવાયોગ્ય...**' શબ્દ છેને નીચે છે. પ્રસાદની વ્યાખ્યા છે કે નહિ? ત્રણ-તગડો. '**પ્રસન્નતા; કૃપા.**' જુઓ, પંચપરમેષ્ઠીની કૃપા થઈ એમ કહે છે. મારી કૃપા મારાથી થઈ તો ભગવાનની કૃપા થઈ એવું કથન કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? મારા ભગવાનની કૃપા મારા ઉપર (થઈ), મારા ઉપર મારા ભગવાનની કૃપા થઈ, પ્રસન્નતા થઈ. ભગવાનની પ્રસન્નતા થઈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ સમજે ત્યારે કહેવાય.

‘**પરમાર્થસત્ય (પારમાર્થિક રીતે સાચી), અક્ષય (અવિનાશી) મોક્ષલક્ષ્મીને ઉપાદેયપણે નક્કી કરતા થકા,...**’ જુઓ, ‘**પ્રવર્તમાન તીર્થના નાયક (શ્રી મહાવીરસ્વામી) પૂર્વ ભગવંત પંચપરમેષ્ઠીને પ્રણમન અને વંદનથી થતા નમસ્કાર વડે સંભાવીને (સન્માનીને) સર્વ આરંભથી...**’ જુઓ અહીંયાં આવ્યું. ‘**સર્વ આરંભથી (ઉદ્યમથી) મોક્ષમાર્ગનો આશ્રય કરતા થકા, પ્રતિજ્ઞા કરે છે :—**’ તેને અહીંયા પૂર્ણ કરી આ ૨૦૦ ગાથામાં. મારો ભાવ પૂર્ણ થઈ ગયો, મોક્ષ... એ અમૃતચંદ્રાચાર્યનું છે. એ ખબર ન પડે, બીજાના ભાવની ખબર ન પડે. અરે ભગવાન! બીજાના ભાવની ખબર પડે. ન પડે એમ હોય? પોતાનો આત્મા પ્રત્યક્ષ થાય તો બીજાની ચીજ શું છે એની ખબર પડે.

(અહીંયા) કહે છે ‘**પરંતુ બીજા સ્વસ્વામિલક્ષણાદિ સંબંધો નથી;...**’ ઓહો..!

મુમુક્ષુ :- કર્તાકર્મ...

ઉત્તર :- કર્તાકર્મ કાંઈ નથી. કોઈ ચીજ જ નથી મારી સાથે. હું તો મારો જ્ઞાયકસ્વભાવ અને બીજા જ્ઞેયસ્વભાવ એટલો સંબંધ છે. એ સિવાય બીજો કોઈ સંબંધ કર્તા-કર્મ કે હું કર્તા અને રાગ મારું કાર્ય, રાગ કર્તા અને નિશ્ચય મારું કાર્ય એવો કોઈ સંબંધ નથી. સમજાણું કાંઈ? મહાવ્રતધારીના મહાવ્રતના બે અર્થ છે—એક નિશ્ચય મહાવ્રત એટલે સ્વરૂપના ભાનસહિત અંદર લીન થવું એ મહાવ્રત છે. બાકી પંચ મહાવ્રતનો વિકલ્પ તો રાગ છે. એ તો મારું કર્તવ્ય છે જ નહિ એમ કહે છે. અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા એ મેં પાળ્યા જ નથી, એ તો પર છે એમ કહે છે.

મુમુક્ષુ :- બીજી જગ્યાએ તો લખ્યું છે.

ઉત્તર :- એ બીજી જગ્યાએ વ્યવહારનયથી કથન છે. ત્યાં એ ભૂમિકામાં કેટલો વિકલ્પ હતો (એ બતાવ્યું છે). આહા..હા..!

મુમુક્ષુ :- અન્ય કર્તવ્યમાં લીધું છે.

ઉત્તર :- અન્ય કર્તવ્યમાં લીધું. હું અને રાગને અને વ્યવહારને અને મને અને ભગવાનને, હું અને મારા ગુરુની સાથે જ્ઞાયક-જ્ઞેય સંબંધ છે. આહા..હા..! કોઈ બીજો સ્વસ્વામીલક્ષણ આદિ. આદિ છેને? એ કહ્યું પરિણામ-પરિણામી, લક્ષ્ય-લક્ષણ, એ છે લક્ષ્ય અને હું લક્ષણ છું અને હું લક્ષ્ય. છું અને એ લક્ષણ છે, વ્યવહાર લક્ષણ છે અને મારો નિશ્ચય લક્ષ્ય છે એવો સંબંધ પરની સાથે નથી. સમજાણું કાંઈ? લ્યો એ વળી યાદ આવી ગયું ઓલા યશોવિજયજીનું આવે છેને. ‘નિશ્ચયદૃષ્ટિ હૃદય ધરી સાધે જે વ્યવહાર’. કોણ સાધે? આહા..હા..! ‘પુણ્યવંત તે પામશે ભવસાગરને પાર.’ એવી વસ્તુ છે જ નહિ. ‘નિશ્ચય દૃષ્ટિ હૃદય ધરી,’ શું વ્યવહાર લક્ષણ છે? બિલકુલ નથી. સમજાણું કાંઈ? લક્ષ્ય-લક્ષણ સંબંધ મારે નિશ્ચય અને

રાગ વચ્ચે છે જ નહિ. આહા..હા..! અરે! મોટા મોટા પંડિત થઈ જાય તો શું થયું? એ પંડિતાઈની આ ચીજ નથી, આ તો અંતર દૃષ્ટિની ચીજ છે. સમજાણું કાંઈ? ઓહો..હો..!

કહે છે '**સહજ જ્ઞેયજ્ઞાયકલક્ષણ સંબંધ જ છે, પરંતુ બીજા સ્વસ્વામિલક્ષણાદિ સંબંધો નથી;...**' એ વ્યવહાર છે અને હું નિશ્ચય છું એવો સંબંધ નથી. એ જ્ઞેયમાં જાય છે. લ્યો આવ્યું, બારમી ગાથામાં આવે છેને. જાણેલો પ્રયોજનવાન. યદાત્વે પરિજ્ઞાનપૂર્વક જાણેલો પ્રયોજનવાન. એ .... પરિજ્ઞાન યદાત્વે પ્રયોજનવાન. એ સમયે રાગાદિ હતો તે જ્ઞેય છે એ જાણવામાં આવ્યો છે, બસ. હું જ્ઞાયક છું અને એ જ્ઞેય છે એટલું. બીજું કાંઈ છે નહિ. સમજાણું કાંઈ? ઓહો..હો..! સર્વજ્ઞ પરમાત્મા વીતરાગદેવની ચીજ એટલે કે આ આત્માની ચીજ આવી છે.

'**બીજા સ્વસ્વામિલક્ષણાદિ સંબંધો નથી; તેથી...**' આ કારણે '**મારે કોઈ પ્રત્યે મમત્વ નથી,...**' વ્યવહાર મારો છે, ગુરુ મારા છે, પરમેશ્વર મારા છે, શરીર મારું છે, વાણી મારી છે, મારો કંઠ ઘણો સારો છે અને એટલી વાણી નીકળે બે-બે કલાક. ધૂળેય નથી, સાંભળ તો ખરો. કંઠ તો જડ છે, એ તો અજીવ છે. તું જ્ઞાયક અને એને જ્ઞેય સંબંધ છે. શું કંઠ તારી ચીજ છે કે તું બોલે છો? આહા..હા..! સમજાણું કાંઈ? ઘણું સમાડી દીધું છે. '**મારે કોઈ પ્રત્યે...**' પરની સાથે જ્ઞેય-જ્ઞાયક સંબંધ સિવાય બીજા સંબંધ (નહિ હોવાને) કારણે, એમ. એ કારણે. '**કોઈ પ્રત્યે મમત્વ નથી,...**' મારું છે એમ નથી. '**સર્વત્ર નિર્મમત્વ જ છે.**' વ્યવહારથી માંડીને પરમેશ્વર અને સંઘ પોતાનો સંઘ હોય કે આ આપણા સાધુ છે, આ અર્જિકા છે તો મારા શિષ્ય છે એવું કાંઈ નથી. જ્ઞાયક-જ્ઞેય સંબંધ છે એ સિવાય બીજો સંબંધ છે નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો વિકલ્પ આવે છે તો થઈ જાય છે, થઈ જાય છે. કંઈ લ્યે છે, દે છે એમ છે જ નહિ. દે કોણ અને લે કોણ? એ જાતનો ક્ષયોપશમ હોય. આચાર્યની દશા આવે છેને એ? ક્ષયોપશમભાવમાં બોલ આવે છે. ક્ષયોપશમભાવમાં. એ જાતની યોગ્યતા હોય તો પદ મળી જાય છે. એટલો પુરુષાર્થ, એટલી ગતિ, એટલા પુણ્ય દેખાય તો એ તો નિમિત્તથી દે છે. બાકી વિકલ્પ એનો નથી તો વળી ગાદી કોની? કહો, સમજાણું કાંઈ? વ્યવહારનયનું કથન ચાલેને એવું. ચરણાનુયોગમાં આવ્યું છેને કે દીક્ષિત થાય છે મુનિ, તો ગુરુ પાસે જાય છે. સાચા ગુરુ છે ભાવલિંગી એની પાસે જાય છે (અને કહે છે) મહારાજ! મારા ઉપર અનુગ્રહ કરીને દ્રવ્ય અને ભાવલિંગ આપો. આપોને શું કહે છે? દ્યો. દઈ શકે છે? એ તો વ્યવહારનયના કથનમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એવો હોય છે એમ બતાવે છે. મહારાજ! આત્માનો સમ્યક્ અનુભવ છે, આનંદનો અનુભવ છે. અને મારી આનંદની પરિણતિ સાથે હું જાવા માંગુ છું તો મને દ્રવ્યલિંગ અને ભાવલિંગ આપો. ..ક્રિયા એ જડની છે.

આત્મા જ્ઞાયક અને એ તો જ્ઞેય છે. આત્માએ બનાવ્યું અને એ કર્તવ્ય એમ છે નહિ. વિકલ્પ આવ્યો એ પણ, આત્મા કર્તા છે અને આત્માનું કાર્ય વિકલ્પ છે એમ પણ નથી. અને દ્રવ્યલિંગ નગ્નપણું મને આપો. નગ્નપણું બીજાથી થાય છે? પણ વ્યવહારનયની પદ્ધતિમાં કથન ટૂંકું કરવા માટે એમ આવે છે. પછી આપ્યું. લ્યો આ ભાવલિંગ અને દ્રવ્યલિંગ. આ પ્રવચનસાર ચરણાનુયોગમાં આવે છે, આમાં પાછળ છે. સમજાણું કાંઈ?

મુનિને અંતરમાં આત્મ-અનુભવ તો છે જ. સમકિત છે. એ મુનિપણું લે છેને. મિથ્યાદૃષ્ટિ મુનિપણું ક્યાં લે? મુનિપણું છે ક્યાં એને? અંતર અનુભવ છે. આનંદનો સ્વાદ આવ્યો છે. એ આનંદનો ઉગ્ર સ્વાદ લેવા નિવૃત્તિ ધારણ કરે છે. અંતરમાં સ્વરૂપની રમણતા ધારણ કરે છે. એમ છે. આહા..હા..! તો મુનિએ-ગુરુએ ભાવિલંગ આપ્યું અને નગ્નપણું, અઠ્યાવીશ મુળગુણ આદિ એમણે દીધા એમ વ્યવહારથી કહેવામાં આવે છે. બાકી પરની સાથે બીજો કોઈ સંબંધ છે નહિ. દેવા-લેવાનો મારે પરની સાથે સંબંધ નથી. અહીંયા ઈ કહે છે. જુઓ. ત્યાં કહે દીધું-લીધું, અહીં કહે કે મારે કાંઈ સંબંધ નથી. ચરણાનુયોગની કથની વ્યવહારનયથી ચાલે છે. કેમકે બહુ ટૂંકી ભાષા કરીને કહે છે તો એવી ભાષા આવે છે. પણ એનો ભાવ ન સમજે તો દૃષ્ટિ વિપરીત થઈ જાય.

અહીં તો કહે છે કે અહો..! ભગવાન! આહા..હા..! એમાં તો એમ આવે છે. એ આત્માવલોકન છેને? આત્માવલોકન. દીપચંદજીએ બનાવ્યું છે. દીપચંદજીએ આત્માવલોકનમાં એક શ્લોક લખ્યો છે કે મુનિનો શું ઉપદેશ છે? કે મુનિ તો વીતરાગ—મૂહૂ મૂહૂ—વારંવાર વીતરાગભાવની વાત જ કરે છે. રાગની વાત કરતા જ નથી. રાગ છે એને જણાવે છે. વીતરાગ—મૂહૂ મૂહૂ એવો પાઠ છે. આત્માવલોકન છે. સમજાણું કાંઈ? મુનિનો તો ઉપદેશ... છે આત્માવલોકન? લાવોને આત્માવલોકન. એક શ્લોક છે એમાં. દીપચંદજીએ બનાવ્યું છે. મુનિ તો વીતરાગી છે. અકષાયભાવ વીતરાગભાવ પ્રગટ થયો છે તો એમનો વીતરાગતાનો જ ઉપદેશ હોય છે. વીતરાગી સમ્યગ્દર્શન, વીતરાગી સમ્યગ્જ્ઞાન, વીતરાગી ચારિત્ર એવો ઉપદેશ. રાગાદિ હોય એનું જ્ઞાન કરાવે. આદરણીયમાં તો એકલો વીતરાગભાવ જ આદરણીય છે એમ વારંવાર કહે છે. આહા..હા..! જુઓ દીપચંદજી હોં! ગૃહસ્થાશ્રમમાં સાધર્મી હતાને.

મુમુક્ષુ :- આચાર્યનું...

ઉત્તર :- આચાર્યનું કથન, બધાનું એક જ છે. સમ્યગ્દૃષ્ટિ કહે છે એ (પણ યથાર્થ છે). ચારિત્રમાં ફેર છે. વસ્તુની દૃષ્ટિ, જ્ઞાનમાં ફેર છે? બિલકુલ નહિ. જેવું સમકિત સિદ્ધનું એવું સમકિત તિર્યંચનું. પશુનું સમકિત છે, મંડુક હોય છે, બેયનું સમકિત એકસમાન છે. સમજાણું કાંઈ? આ આત્માવલોકન છે. શ્લોક છે હોં! જુઓ! ગુરુ અધિકાર લીધો છે, ગુરુ અધિકાર છે.

वियरायं वियरायं, जियस्स णिय ससरूओ वियरायं।
मुहु मुहु गणदि वियरायं सो गुरुपयं भासदि सया।।२।।

**'જીવનું નિજસ્વરૂપ જે છે તે વીતરાગ છે એમ વારંવાર જે કહે તે જ ગુરુપદવીએ સદા શોભે છે,...'** સમજાણું કાંઈ?

वीतरागं वीतरागं जीवस्य निजस्वस्वरूपो वीतरागं।

मुहुर्मुहुर्गृणणनाति वीतरागं, स गुरूपदं भासति सदा।।२।।

ગુરુપદને યોગ્ય તો વીતરાગભાવ કહે. તારું સ્વરૂપ વીતરાગ છે અને વીતરાગભાવ તને કરવાલાયક છે. એમ કહે તો ગુરુપદને શોભે. અહીં તો કહે વ્યવહાર કરો... આમ કરો... આમ કરો... એ તો રાગને કરનારો (ઉપદેશ છે), વીતરાગનો માર્ગ ક્યાં છે ત્યાં?

મુમુક્ષુ :- એ સાધન તો છેને.

ઉત્તર :- સાધન-ફાધન છે જ નહિ. સાધન કેવું?

મુમુક્ષુ :- નીચલી દશાની વાત છે.

ઉત્તર :- નીચલી દશાની વાત હો કે બધાની એક જ છે. કહો, સમજાણું કાંઈ? માર્ગ તો એવો છે, ભાઈ! એમાંથી કોઈ બીજો બચાવ કરશે તો મિથ્યાત્વ થશે. એવી વાત છે. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' ઓહો..હો..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વસ્તુ એવી છે. સમ્યક્ ઓહો..હો..! ભગવાન જ્ઞાયકસ્વભાવ એની દૃષ્ટિ અને અનુભવ થઈ ગયો. 'હોના થા સો હો ગયા અબ હોને કા નાહિ, ધર્મદાસ ક્ષુલ્લક કહે આ જગતકે માંહી.' એ શ્લોક છે સમ્યગ્જ્ઞાનદીપિકામાં. આહા..હા..! ભાઈ!

કહે છે કે મારે રાગની સાથે જ્ઞેયજ્ઞાયક સંબંધ છે. રાગ મારું કર્તવ્ય છે અને હું કર્તા છું એવો સંબંધ મારામાં છે જ નહિ. ભગવાને કહ્યો નથી, મારામાં નથી અને વસ્તુનું સ્વરૂપ પણ એવું નથી. સમજાણું કાંઈ? એ ઉપર કહ્યું હતુંને? મમત્વનો ત્યાગ અને નિર્મમત્વનું ગ્રહણ. એનો ખુલાસો-સ્પષ્ટ કરી દીધો. હું મોક્ષ અધિકારી **'જ્ઞાયકસ્વભાવી આત્મતત્ત્વના પરિજ્ઞાનપૂર્વક મમત્વના ત્યાગરૂપ અને નિર્મમત્વના ગ્રહણરૂપ વિધિ વડે સર્વ આરંભથી શુદ્ધાત્મામાં પ્રવર્તું છું, કારણ કે અન્ય કૃત્યનો અભાવ છે. તે આ પ્રમાણે છે...'** એમ. તે આ પ્રમાણે છે. કહ્યું હતું તે આ પ્રમાણે છે. એનો ખુલાસો કર્યો. આહા..હા..! મારું કોઈ પ્રત્યે મમત્વ નથી. શુભવિકલ્પ ઉઠે છે એ પણ પરદ્રવ્ય તરીકે છે, મારા જ્ઞાનમાં જ્ઞેય છે. સમજાણું કાંઈ?

અમે મુંબઈ ગયા હતાને હમણા? તો ત્યાં છેને ઈ નેમિસાગર, કોણ? સાધુ છેને. તો એણે ત્રણ પ્રતિમા ઉભી કરીને. તો કીધું ચાલો ભાઈ આવ્યા છીએ તો જોવા જઈએ. જોઈ. પછી બેઠા હતા. ગયા હતા સાથે. નરમ હતા. બીજા હતા તે .. બીજા સાધુ.. એણે કહ્યું કે આપનો આટલો મોટો પંડાળ, આટલા માણસ, ઈ કરવું તમારું કર્તવ્ય છે. એમ કહ્યું. બધું જોયું છેને. બધું સાંભળ્યું છેને. ત્યાં મુંબઈ-મુંબઈ. મોટો પંડાળ. એક લાખ રૂપિયાનો

મોટો પંડાળ બનાવ્યો હતો. અને દરવાજા સહિત હોં. તો કહે આટલો પંડાળ, આટલા માણસો, આટલા પૈસા, તો આ બધું તમે કરી શકો, આપનું જ કામ છે. એમ કહ્યું. મારું તો કાંઈ કામ નથી. મેં કાંઈ કર્યું નથી. મારું તો આત્મા સિવાય કોઈ કામ જ નથી. પછી પ્રશ્ન નીકળ્યો એ કે સમ્યગ્દર્શન નિર્વિકલ્પ ક્યાંથી થાય છે? મેં તો નહોતું કહ્યું. પણ એવું નીકળી ગયું. ત્યાં નીકળ્યો. એ તો બિચારા બોલે નહિ. એને કાંઈ ખબર નથી. બીજા નવા સાધુ છે એ કહે, નહિ, નિર્વિકલ્પ સમ્યગ્દર્શન સાતમે થાય છે, ચોથે નહિ. કુંદકુંદાચાર્ય કહે છે. અરે ભગવાન! શું કરે છે? શું થાય? ઈ કહે, આગળ થાય. શાંતિસાગર કહી ગયા છેને કે નીચે ન હોય. ખોટી વાત છે. અરે ભાઈ! હજી તને સમ્યગ્દર્શન શું છે, એ કેમ પમાય એની ખબર નથી, ક્યાંથી સાધુપણું આવ્યું? અરે ભગવાન! શું કરે? જીવ પોતાનો અનાદિથી બગાડ કરતો આવ્યો છે, બીજો કોઈ બગાડી શકતું નથી. પોતે પોતાની હાનિ કરે છે. આ કરો, તે કરો... (એણે કહ્યું), મેં સાંભળ્યું છે કે દસ લાખની ઊપજ થઈ અને આટલો ખર્ચ થયો. ભાઈ! અમે તો કોઈને કહેતા નથી. અમે તો... ઉપદેશ થાય છે તો (લોકો) સાંભળે છે. જેને યોગ હોય તે કરે છે, અમે તો કોઈને કહેતા નથી કે તમે પાંચ પૈસા અહીં દ્યો. અમે તો કોઈને અત્યાર સુધીમાં કહ્યું નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... જુઓને શું આવે છે? પ્રત્યક્ષ જોયું છે કે નહિ? એય..! આ રહ્યા. દસ લાખ. કેટલા થયા તમારે? પાંચ લાખ અને દસ હજાર. અમદાવાદ તેર દિવસ રહ્યા એમાં પાંચ લાખ દશ હજાર (ભેગા થયા). આહા..હા..! મુંબઈમાં ૧૭ દિવસ વ્યાખ્યાન થયા, દશ લાખ. રણાસણમાં આઠ દિવસ રહ્યા, સાડા ત્રણ લાખ. એવી પુણ્ય પ્રકૃતિ છે અને જેવી યોગ્યતા હોય તેવું તે વખતે બની જાય છે. કરે કોણ? બનાવે કોણ? ભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, મક્ષીમાં પણ એક લાખ ત્રીસ હજાર થયા. એ તો બધા હતાને. એક લાખ ત્રીસ હજાર થયા. સીત્તેર હજાર ઈ અને સાંઈઠ હજાર બોલીના થયા. એમાં તો પુણ્ય પ્રકૃતિનું નિમિત્ત અને એની દેવાની લાયકાત હોય તો આપે છે. રાગનો ભાવ મંદ કરે એ એની પરિણતિ છે. બાકી બાહ્યની ક્રિયા તો થવાની હોય તે થાય છે. આહા..હા..!

જુઓ, હવે કહે છે '**હવે, એક જ્ઞાયકભાવનો સર્વ જ્ઞેયોને જાણવાનો સ્વભાવ હોવાથી,...**' હવે વિસ્તાર કરે છે. વિશ્વ કહ્યું હતુંને? સર્વને જાણવાનો મારો સ્વભાવ છે. તો કહે છે કે હું એક જ્ઞાયકભાવ છું. ઓહો..હો..! '**જ્ઞેયોને જાણવાનો સ્વભાવ હોવાથી, ક્રમે પ્રવર્તતાં,...**' હવે કઈ રીતે જાણે છે? એનો વિસ્તાર છે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જેઠ વદ ૧૦, સોમવાર, તા. ૦૯.૦૬.૧૯૬૯**
**ગાથા-૨૦૦, પ્રવચન-૧૭૮**

પ્રવચનસાર, જ્ઞેય અધિકારની છેલ્લી ગાથા-૨૦૦. આચાર્ય મહારાજ પોતાની સ્થિતિનું વર્ણન કરીને મુનિપણાની શું દશા હોય એનું વર્ણન કરે છે અને મુનિપણાની પ્રાપ્તિ થઈ તેને કેવો પૂર્ણ જ્ઞાયકભાવ પ્રાપ્ત થાય છે એની વાત કરે છે. પહેલો પેરેગ્રાફ થઈ ગયો. મને કોઈ પ્રત્યે મમત્વ નથી. **'સર્વત્ર નિર્મમત્વ જ છે.'** છેલ્લે આવ્યુંને? હું જ્ઞાયકસ્વભાવ છું અને મારા સિવાય જેટલો વ્યવહારનો વિકલ્પ રાગાદિ થાય છે તે પરદ્રવ્ય છે. સર્વજ્ઞ હો, એ બધું મારા જ્ઞાનનું, જ્ઞાયકનું જ્ઞેય છે. એટલો સંબંધ અનિવાર્ય છે. બીજો સંબંધ મારે રાગ અને પરની સાથે કાંઈ સંબંધ જ નથી. સ્વસ્વામી, તાદાત્મ્ય આદિ સંબંધ નથી. ત્યાં સુધી આવ્યું છે.

**'હવે, એક જ્ઞાયકભાવનો...'** પૂર્ણતા મને પ્રાપ્ત થશે એ કેવો જ્ઞાયકભાવ પ્રાપ્ત થતો હશે? એમ કહે છે. પહેલેથી વાત કરે છે. **'હવે, એક જ્ઞાયકભાવનો...'** ભગવાન આત્મા જાણનસ્વભાવરૂપ ભાવવાળો આત્મા **'સર્વ જ્ઞેયોને જાણવાનો સ્વભાવ હોવાથી,...'** સર્વ જ્ઞેયો—જાણવાલાયક જેટલી ચીજ છે એ સમસ્ત જ્ઞેય કહેવામાં, પ્રમેય કહેવામાં આવે છે. તો પ્રમેય સર્વ પોતાના જ્ઞાનમાં આવવાનો સ્વભાવ હોવાથી **'ક્રમે પ્રવર્તતા...'** દરેક પદાર્થમાં ક્રમશઃ, એક પછી એક ક્રમશઃ પ્રવર્તમાન **'અનંત, ભૂત-વર્તમાન-ભાવી વિચિત્ર પર્યાયસમૂહવાળાં,...'** દ્રવ્યની વાત ચાલે છે. બીજા દ્રવ્ય કેવા છે? પોતાનું પણ એવું છે અને પરનું પણ એવું છે. ક્રમશઃ (પ્રવર્તતા) અનંત વિચિત્ર પર્યાયવાળા. પછી ભૂત-વર્તમાન-ભાવિ ત્રણ કાળ લીધા. જુઓ એમાં કહે છે કે દરેક પદાર્થમાં ક્રમે થનારી પર્યાય છે. એક પછી એક થવાની જે થાય છે, થવાની છે એ જ થશે. એ ક્રમશઃનો અર્થ જ એવો છે. એય..! શેઠ! ક્રમબદ્ધ.

મુમુક્ષુ :- ક્રમ એક પછી એક.

ઉત્તર :- હા, એક પછી એક. પણ કેવી એક પછી એક? જે હારમાં આવનારી છે... એય..! પંડિતજી! શું કહે છે નહિ? માળા. પર્યાયમાળા. માળા આવે છે. ... આવ્યું છે, પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં આવ્યું છે, પ્રવચનસારમાં આવ્યું છે. પર્યાયમાળા. ૯૯ ગાથામાં તો માળાનું દૃષ્ટાંત જ આપ્યું છે અમૃતચંદ્રાચાર્યે. માળા, લટકતી માળા આમ. તો જ્યાં જ્યાં જે મોતી છે તે ત્યાં ત્યાં છે. જ્યાં બીજામાં નથી ત્યાં તે નથી. જ્યાં જ્યાં છે ત્યાં ત્યાં છે. માળા. વળી એ પણ કહે છે કે દોરો તોડી નાખે તો આગળ-પાછળ થઈ જાય. એમ

વળી કહે છે. અરે.. પણ દોરો તૂટે ક્યાંથી? એવું દૃષ્ટાંત આપ્યું છે. તો આત્મા દ્રવ્ય રહે ક્યાં? દ્રવ્યની ક્રમે માળાની જેમ ક્રમપર્યાય થાય છે. જો દ્રવ્યથી આઘી-પાછી કરો તો એ દ્રવ્ય જ રહેતું નથી. સમજ્યાને? ઓહો..હો..! કેમકે જે પરિણમનનો પર્યાયધર્મ છે, પરિણમનનો પરિણામ ધર્મ છે એ તો પરિણમન ધર્મ સ્વભાવ છે તો ક્રમશઃ (પર્યાય થયા કરે છે). એ દ્રવ્ય કરતું નથી, પરિણમનને દ્રવ્ય કરતું નથી, એ તો પર્યાય કરે છે. આહા..હા..! અને પ્રત્યેક પર્યાયમાં ષટ્ અંશરૂપી કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ એવા એક અંશમાં છ કારક પડ્યા છે. દ્રવ્યથી નહિ, ગુણથી નહિ. સમજાણું કાંઈ?

સર્વ પદાર્થમાં ક્રમશઃ, ચાહે પરમાણુ હોય, ચાહે તો આત્મા હોય, પોતાના પરિણામ જે થાય છે એને બદલવાનો ભાવ જ નથી. કેમકે બદલવું શું? પરિણમન થાય છેને. પરિણમન થાય છે. જ્ઞાનીની દૃષ્ટિ જ્ઞાયકસ્વભાવ ઉપર થઈ, બસ. તો પર્યાયનો પરિણમન ધર્મ છે તો ક્રમે પરિણમશે જ. પરિણમાવવું છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એથી આગળ કહેશે જુઓ.

'**અગાધસ્વભાવ...**' છે. અગાધસ્વભાવ. દ્રવ્યનો એવો અગાધસ્વભાવ ગંભીર સ્વભાવ. ઓહો..હો..! એક પરમાણુ, એક-એક કાળાણુ, એક એક ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને એક-એક જીવ એમાં જે સમયે ક્રમશઃ પર્યાય ભૂત અને ભાવી અને વર્તમાન—ભૂતકાળની થઈ, વર્તમાનમાં છે, ભવિષ્યમાં થશે એ બધી અનંત છે. જુઓ, સમજાણું કાંઈ? વર્તમાન પણ અનંત છે. અનંતગુણની છેને. અનંતગુણ છેને? આહા..હા..! એક સમયની પર્યાય દરેક દ્રવ્યની વર્તમાન સમયમાં પણ અનંત છે. કેમકે અનંતગુણ છે. અને ભૂતની પણ અનંત છે, ભવિષ્યની પણ અનંત છે. આહા..હા..!

એવી '**ક્રમે પ્રવર્તતા,...**' ભાષા એવી લીધી જુઓ. '**ક્રમે પ્રવર્તતા,...**' સમજાણું કાંઈ? '**ज्ञायकस्वभावात्मतत्त्वपरिज्ञानपुरस्सममत्वनिर्ममत्व**' '**ज्ञायकभावस्य समस्तज्ञेयभाव-स्वभावत्वात्**' એના પછી. ક્રમ શબ્દ ક્યાં આવ્યો? '**क्रमप्रवृत्तानन्त**' પાછળ આ બાજુ. હિન્દીમાં પાછળ છે હિન્દીમાં. '**क्रमप्रवृत्तानन्तभूतभवद्भाविविचित्रपर्यायप्राग्भारमगाधस्वभावं गम्भीरं समस्तमपि**' પાછળ છે. એ ગુજરાતી છે? આ હિન્દીમાં પાછળ છે, પાછળની લીટીમાં છે. સમજાણું કાંઈ? ક્રમ છે અહીંયાં. આહા..હા..! '**क्रमप्रवृत्तानन्तभूतभवद्भावि**' ઓહો..હો..! દ્રવ્યની સ્વભાવિક ધારાવાહી, ધારાવાહી, માળાના મણકાની જેમ એક પછી એક પર્યાય થવાની છે એવી ભૂત, ભવિષ્ય અને વર્તમાન અનંત પર્યાય છે. સમજાણું કાંઈ? એવી '**વિચિત્ર પર્યાયસમૂહવાળાં,...**' ભાષા એમ કેમ કહી? કોઈની એક સમયની પરમાણુની પર્યાય લાલ છે અનંતગુણી, તો બીજે સમયે અનંતગુણી સફેદ થઈ જાય. વિચિત્રતા જુઓ! જીવના પરિણામ એક સમયમાં ચાર જ્ઞાનની પર્યાય હોય, બીજે સમયે કેવળજ્ઞાન થઈ જાય. કોઈ જીવની પર્યાય અગિયારમા ગુણસ્થાનની એક સમયમાં હોય, બીજે સમયે વિકલ્પ ઉત્પન્ન

થયો તો દશમું ગુણસ્થાન થઈ જાય.

એવી ક્રમે પ્રવર્તતી વિચિત્ર પર્યાયસમૂહ છે. એવી કેમ છે? એવો જ એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? વિચિત્ર પર્યાયસમૂહ (અર્થાત્) ભિન્ન-ભિન્ન જાતની પર્યાયનો પિંડ. દરેક આત્મા અને પરમાણુ આદિ છ દ્રવ્ય. નિગોદનો જીવ પણ એક સમય પહેલા શુભભાવમાં હોય અને બીજે સમયે એકદમ મનુષ્યપણામાં આવી જાય. સમજાણું કાંઈ? મનુષ્યપણામાં આવી જાય. અને મનુષ્યમાં પણ અનાદિ મિથ્યાદૃષ્ટિ છે. અનાદિથી નીકળ્યો ન હોય નિગોદનો જીવ. નીકળે અને અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન થઈ જાય. આઠ વર્ષનો થાય, અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન થઈ જાય. સમજાણું કાંઈ? એવો દ્રવ્યનો વિચિત્ર પર્યાયસમૂહ અગાધ ગંભીર પર્યાયનો સમૂહ છે. આહા..હા..! એમ કેમ? એ પ્રશ્ન નથી. એ તો એમ જ છે, સ્વભાવ જ એવો છે. આહા..હા..! એમ કે આમ કેમ? આમ કેમ એટલે? એમ. જેમ પર્યાય થવાની છે એ જ થશે. પણ કોને એ થશે? કે જેની દૃષ્ટિ જ્ઞાયક ઉપર છે એવો નિર્ણય થયો છે તેને. ઈ વાત કરે છેને. જ્ઞાયકભાવનું ભાન થયું એ વાત કરે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ક્રમપ્રવર્તિત તો લખ્યું છે, પણ ક્રમબદ્ધ નથી જોઈ.

ઉત્તર :- પણ એ ક્રમે પ્રવર્તતીનો અર્થ જ ક્રમબદ્ધ જ છે. ક્રમવર્તી કહો, ક્રમબદ્ધ કહો, ક્રમ પ્રવર્તન કહો, ક્રમસર કહો. બધું એક જ છે. ક્રમે પ્રવર્તતી. એક પછી એક પ્રવર્તતી. એનો અર્થ જ એ કે જે થવાની છે તે જ થશે. એમ પર્યાય (ક્રમવર્તી છે). જેમ દ્રવ્યમાં ગુણ એક સાથે અનંતા તીરછા રહે છે આમ એક સાથે અક્રમ. એમ પર્યાયમાં એક સાથે આમ ક્રમ છે, બસ. આમ આમ. સમજાણું કાંઈ? ભાઈ! સ્વભાવ તો એવો છે. એની દૃષ્ટિ પલટી અને જ્ઞાયકભાવનું સમ્યક્ ભાન થયું, ખલાસ થઈ ગયું. જે પરિણમન ક્રમસર થવાનું છે તે થશે અને એ વખતે થવાનું છે તે જ થયું છે. પણ થવાનું હતું તે થયું છે એનો નિર્ણય દ્રવ્ય જ્ઞાયકનું (ભાન થાય) ત્યારે થવાનું હોય તે થાય તેનું જ્ઞાન યથાર્થ છે. હું કરું, આમ કરું, બદલે છે એને બદલાવું, એ તો દૃષ્ટિમાં કર્તાબુદ્ધિ થઈ ગઈ. એને ક્રમબદ્ધનો નિર્ણય છે જ નહિ, અકર્તાપણાનું ભાન જ નથી. ઝીણી વાત છે. જૈનદર્શનનો દ્રવ્યાનુયોગ ગંભીર છે. પણ જૈનદર્શનમાં જ છે, બીજામાં તો છે જ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

વીતરાગ સનાતન જૈનદર્શન, સનાતન જૈનદર્શન, વાસ્તવિક વિશ્વદર્શન તો આ દિગંબર દર્શન એ જ સનાતન જૈનદર્શન છે, એ જ વિશ્વધર્મ છે. એય..! દેવચંદજી! તમારા ગામમાં આવશે. આખા વિશ્વધર્મની જય. એ વખાણ કર્યા છે ત્યાં. જુઓ, વિશ્વધર્મની જય કહે છે અને કાનજીસ્વામી તો એક જૈનને જૈન બનાવ્યું. એણે અધ્યાત્મ સંદેશ આપ્યો. પણ કાંઈ.. અરે ભગવાન! કોને જૈન (કહીએ)? જૈન નહોતાને? જૈનને જૈન બનાવ્યા. એણે તો બધા જૈન-અજૈનને (જૈન બનાવ્યા). પણ અજૈન અને જૈન.. હજી જૈન કોને કહેવું એની ખબર નથી, કેમ બનાવે? ઈશ્વરને માનનારા, કર્તા માનનારા, એક આત્મા માનનારા, અદ્વૈત

માનનારા ઈ જૈન કેમ બને? આહા..હા..! એમ જ ચાલે છે.

ભગવાન! આ તો વસ્તુનું સ્વરૂપ આવું છે. આગળ કહેશે. અનાદિ સંસારથી જ્ઞાયકભાવ તો છે એમ જ રહ્યો છે. આગળ કહેશે હમણાં. મોહથી અન્યભાવ એના ખ્યાલમાં અન્ય આવે છે. બાકી વસ્તુ તો જ્ઞાયક જ રહી છે. સમજાણું કાંઈ? એવી ચીજ સર્વજ્ઞ સિવાય બીજે હોતી નથી. સમજાણું કાંઈ? એક સમયમાં પ્રત્યેક પદાર્થમાં અનંતા-અનંતા ગુણ છે. કેટલા અનંતાઅનંત ગુણ? અત્યાર સુધીમાં છ માસ અને આઠ સમયમાં અનંતા સિદ્ધ થયા. છ માસ અને આઠ સમયમાં ૬૦૮ સિદ્ધ થયા. એવા-એવા અનંત સિદ્ધ થયાને? છ માસ આઠ સમયમાં ૬૦૮. તો કેટલા થયા? અનંત પુદ્ગલપરાવર્તન થઈ ગયા. એવા અનંત થયા, પણ એનાથી પણ સંસારી જીવ અનંતગુણા છે. એક રાઈ જેટલી કટકી લ્યો બટાટા-બટાટા, લીલ-ફુગ કાઈની એક કટકીમાં અસંખ્ય ઔદારિક શરીર છે. અને અત્યાર સુધીમાં અનંતા સિદ્ધ થયા એથી એક શરીરમાં અનંતગુણા જીવ છે. બાપુ! વસ્તુનું સ્વરૂપ એવું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અને જીવની સંખ્યા કરતાં પરમાણુની સંખ્યા અનંતગુણી છે અને પરમાણુની સંખ્યા કરતા ત્રણ કાળના સમયની સંખ્યા અનંતગુણી છે અને ત્રણ કાળના સમયની સંખ્યા કરતા આકાશના પ્રદેશની સંખ્યા અનંતગુણી છે. આકાશ પ્રદેશ અમાપ... અમાપ... અમાપ... અમાપ... ચાલ્યા જ જાય છે. અને એનાથી એક જીવ અને એક પરમાણુના, આકાશના પ્રદેશથી અનંતગુણા ગુણ છે. સમજાણું કાંઈ? એવા અનંતાગુણવાળા પ્રત્યેક પદાર્થ એક સાથે અનંતગુણો અક્રમ (રહ્યા છે), પર્યાય ક્રમ(સર છે). જેમ અક્રમમાં અંતર નથી, તેમ ક્રમમાં અંતર નથી. એવી એક પછી એક પછી એક પર્યાય ક્રમશઃ પ્રવર્તમાન છે, એટલે અસ્તિપણે વર્તે છે એમ કહે છે ભાઈ એ તો. ક્રમશઃ પ્રવર્તમાન. પ્ર-વિશેષે વર્તમાન વર્તતી. આહા..હા..! એવી અનંત પર્યાય ભૂતની, વર્તમાનની અને ભાવીની.

‘**વિચિત્ર પર્યાયસમૂહવાળાં, અગાધસ્વભાવ...**’ દ્રવ્યનો. ‘**અને ગંભીર એવાં સમસ્ત...**’ જુઓ, નીચે થોડો અર્થ કર્યો છે. ‘**અગાધ જેમનો સ્વભાવ છે અને જેઓ ગંભીર છે એવાં સમસ્ત દ્રવ્યોને...**’ સમસ્ત દ્રવ્યો. ‘**ભૂત, વર્તમાન તેમ જ ભાવી કાળના, ક્રમે થતા, અનેક પ્રકારના,...**’ વિચિત્ર કહ્યું હતુંને? ‘**અનેક પ્રકારના, અનંત પર્યાયો સહિત એક સમયમાં જ પ્રત્યક્ષ જાણવાનો આત્માનો સ્વભાવ છે.**’

મુમુક્ષુ :- એમાં વિકારી પર્યાય કીધીને?

ઉત્તર :- બધી. વિકારી પર્યાય બાદ રહે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ કહે છેને લોકો. કહે છે અજ્ઞાનીઓ કે એવું નિમિત્ત આવે તો વિકારી પર્યાય એવી થશે એમ કેવળજ્ઞાનમાં જણાતું નથી. એ તો જ્યારે થશે ત્યારે ભાસે છે. વિકારીમાં

ક્રમ નથી, અવિકારીમાં ક્રમ છે.

મુમુક્ષુ :- એ તો અનેકાંત છે.

ઉત્તર :- હા, એ અનેકાંત છે. ગુણ અનંત અક્રમ છે, પર્યાય ક્રમ છે અને ક્રમ પર્યાય છે તો પરની અપેક્ષાએ એમાં ક્રમ નથી, પોતાની અપેક્ષાએ ક્રમ છે. સમજાણું કાંઈ? ગંભીર ભગવાન. હજી દર્શનશુદ્ધિના ઠેકાણા ન મળે, સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં કેવી ચીજ હોય છે એની ખબર ન મળે અને કહે કે વ્રતનો અને ત્યાગનો અને ચારિત્રનો ઉપદેશ આપો. લ્યો! ઠીક! પણ એ ઉપદેશ, પહેલા સમ્યગ્દર્શન થયા વિના ચારિત્ર હોતું જ નથી. એ પણ આવ્યું છે આજે જૈનસંદેશમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ સમ્યગ્દર્શન થયું... એ પણ હમણાં કહેશે કે સમ્યગ્જ્ઞાનપૂર્વક અવ્યાબાધ લીનતા મુનિને થાય છે. આહા..હા..! સમ્યગ્દર્શન પામ્યો અને સમ્યગ્જ્ઞાન તો સાથે છે જ, તો ચારિત્ર તો પ્રાપ્ત કરશે. કોઈ આ ભવમાં કરશે, કોઈ બીજા ભવમાં, પણ પ્રાપ્ત કરશે જ. સમ્યગ્દર્શન છે તો ચારિત્ર તરત પમાય એમ છે નહિ. આહા..હા..! આ ભગવાન લ્યોને. ઋષભદેવ ભગવાન ૮૩ લાખ પૂર્વ સમ્યગ્દર્શન-જ્ઞાનમાં રહ્યા. ૮૩ લાખ. એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ અને ૫૬ હજાર કરોડ વર્ષ એક પૂર્વમાં જાય છે. એવા ૮૩ લાખ પૂર્વ રહ્યા. કેમ ન લીધું? ચારિત્ર કેમ ન લીધું? તો શું ચારિત્ર નથી તો ત્યાં સમ્યગ્દર્શન-જ્ઞાન સ્વરૂપાચરણ નથી?

મુમુક્ષુ :- કોઈ ઉપદેશ દેવાવાળા નહોતા.

ઉત્તર :- એ તો તીર્થંકર હતા. એમને ક્યાં ઉપદેશ લેવાનો હતો? આહા..હા..! ચારિત્ર તો ભાઈ એ તો સહજપણે સ્વભાવની જાગૃતિ થઈને અંતરની રમણતા સહજપણે આવે છે. સમજાણું કાંઈ? એ હઠથી ચારિત્ર લઈ લે એવી વસ્તુ નથી. આહા..હા..! અને બહારના જે વ્રતાદિ વિકલ્પ છે એ તો ચારિત્ર જ નથી. તો સમ્યગ્દર્શન વિના વ્રતાદિના વિકલ્પ એ તો હઠથી કરે છે, હઠથી કરે છે. ત્યાં તો મિથ્યાત્વનું પોષણ થાય છે. આહા..હા..!

મુમુક્ષુ :- ભલે મિથ્યાત્વનું પોષણ થાય પણ વ્રત તો થાય.

ઉત્તર :- વ્રત ક્યાંથી આવ્યા? તેથી તો ભગવાને એમ કહ્યું. અજ્ઞાનીના વ્રત બાળતપ અને બાળવ્રત છે. જ્ઞાનીના વ્રતને વ્યવહાર કહે છે. અજ્ઞાનીના વ્રત તપને બાળ કહે છે. એમ આવ્યું કે નહિ? દેવચંદજી! આત્મા અનુભવ સમ્યગ્દર્શન નથી અને વ્રતાદિનો વિકલ્પ, તપાદિનો વિકલ્પ તો બાળવ્રત મુર્ખાઈ ભરેલા વ્રત અને મુર્ખાઈ ભરેલા તપ.

મુમુક્ષુ :- બાળ એટલે મોટો જુવાન (થશે).

ઉત્તર :- બાળ એટલે મુર્ખાઈ. બાળ એટલે પહેલા નાનો અને પછી મોટો થશે. એમ.

મુમુક્ષુ :- એ તો સ્વર્ગમાં જાશે.

ઉત્તર :- સ્વર્ગમાં એ તો ધૂળમાં. અહીં માખી ઉપર જાય તો મોટી છે? માખી છેને. એ ઉપર જાય છે. જુઓ! ઉપર બેસે છે. તમે નીચે છો. તો મનુષ્ય કરતા મોટી થઈ ગઈ? આહા..હા..! સ્વર્ગ એટલે શું? એ તો સંસાર છે. ચાહે તો નવમી ગ્રૈવેયક જાય તો એમાં આત્મામાં શું આવ્યું? એ તો ભેખ પલટ્યો. મનુષ્યનો ભવ પલટીને દેવનો ભવ થયો એ તો ભેખ પલટ્યો. એમાં આત્મા ક્યાં પલટાણો?

મુમુક્ષુ :- મકાનનો માળ બદલાયો મકાન નથી બદલાયું.

ઉત્તર :- મકાન તો એનું એ રહ્યું. આહા..હા..!

વસ્તુ... ભગવાન દર્શનશુદ્ધિ અહીં કહેશે હમણાં. દર્શનશુદ્ધિ વિના સમ્યગ્જ્ઞાન થતું નથી અને સમ્યગ્જ્ઞાન વિના ચારિત્ર થતું નથી અને ચારિત્ર વિના વ્યવહાર વ્રતનો વિકલ્પ વ્યવહાર પણ હોતો નથી. આહા..હા..! શું કહે? શું થાય છે એમાં એની ખબર ન મળે. એ તો હઠ થશે એમાં. સમ્યગ્દર્શનપૂર્વક ચારિત્ર થાય અને પછી વ્રતનો વિકલ્પ આવે એ સહજ થઈ જાય છે. દર્શન સહજ, જ્ઞાન સહજ, દ્રવ્ય સહજ, ગુણ સહજ, વિકલ્પ પણ સહજ. સમજાણું કાંઈ? એવી વાત છે, ભાઈ!

મુમુક્ષુ :- સહજ છે?

ઉત્તર :- સહજ. એ કાંઈ કરતા નથી. સહજ જ આવી જાય છે. પંચમકાળમાં એવી ચીજ છે. ચોથા કાળમાં, પાંચમા કાળે અને મહાવિદેહમાં બધે એક વસ્તુ છે. એમ કે પંચમ કાળ છે તો સંહનન મંદ છે તો બીજું કાંઈ હશે કે નહિ? ન હો. સમકિત રાખે. એમાં શું છે? સમ્યગ્દૃષ્ટિ પણ એકાવતારી હોઈ શકે છે. આહા..હા..! સમ્યગ્દર્શન વિના હઠથી લ્યો ચારિત્ર, લઈ લ્યો વ્રત લ્યો, તપ લ્યો. વ્રતની વ્યાખ્યા જ તું સમજતો નથી. શું થાય?

કહે છે કે ઓહો..! એ દ્રવ્યનો સ્વભાવ અગાધ... અગાધ... દ્રવ્યની પર્યાય કેવી હશે? કેવો ગંભીર સ્વભાવ એનો. અગાધ અને ગંભીર. આમાં છેને. પ્રત્યક્ષ છે, લ્યો. '**સમસ્ત દ્રવ્યમાત્રને—**' જુઓ, ભૂત-ભાવિ-વર્તમાન પર્યાયના સમૂહવાળું એવું દ્રવ્ય તે '**સમસ્ત દ્રવ્યમાત્રને...**' જેટલા દ્રવ્ય છે એટલા બધાને '**જાણો કે તે દ્રવ્યો જ્ઞાયકમાં કોતરાઈ ગયાં હોય,...**' માનો કે એ દ્રવ્ય છે એ જ્ઞાયકમાં (કોતરાઈ ગયા હોય). દ્રવ્ય શું છે? જ્ઞાયક. એ દ્રવ્ય કેવા છે? એ સામેના દ્રવ્ય હોં! '**જાણો કે તે દ્રવ્યો જ્ઞાયકમાં કોતરાઈ ગયાં હોય,...**' અનંતી પર્યાયવાળા બીજા દ્રવ્યો જ્ઞાયકમાં જાણે અંદર ગરી ગયા. સમજાણું કાંઈ? ઉત્કીર્ણ થઈ ગયા, ઉત્કીર્ણ થઈ ગયા. એક ઉત્કીર્ણ. પત્થરમાં ઉત્કીર્ણ કરે છે. કોતરે છે. ખોદાઈ ગયું, કોતરાઈ ગયું. '**જાણો કે તે દ્રવ્યો જ્ઞાયકમાં કોતરાઈ ગયાં હોય,...**' આહા..હા..! એ ઘૂસી ગયા નથી હોં! જ્ઞાન એ રૂપ પરિણમ્યું છે તેને કોતરાઈ ગયા એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..! એવી જ્ઞાયકપર્યાય ચારિત્રવંતને પ્રાપ્ત થશે. સમજાણું કાંઈ? આહા..હા..!

ચરિત્તં ખલ્લુ ધમ્મો. ચારિત્ર એ ધર્મ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન એનું કારણ છે. પણ કારણ પ્રગટ્યા વિના ધર્મ થાય ક્યાંથી? એ સમ્યગ્દર્શન તો મુખ્ય વસ્તુ છે. એ રત્નકરંડ શ્રાવકાચારમાં ન આવ્યું? શું લીધું એ ગાથામાં? નાવડિયાનો દાખલો નહિ? નાવડિયાનો દાખલો છે. કર્ણધાર. કર્ણધાર કહ્યા છે, કર્ણધાર છે. બહુ આચાર્યે તો ઘણાં દૃષ્ટાંત ન્યાયથી (આપ્યા છે). કર્ણધાર છે, આખી નાવને ચલાવનાર કર્ણધાર છે. આખા આત્માની શુદ્ધ પરિણતિને ચલાવનાર કર્ણધાર છે. એ તો વસ્તુ એવી છેને. સમજાણું કાંઈ? નહિતર તો કર્તાબુદ્ધિ થશે કે હું કરું, આમ મારે કરવું પડે, હું ન કરું તો બહારમાં દુનિયા અમારી જે પદવી છે એમાં કલંક લગાડશે. એ તો હઠ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે સમસ્ત દ્રવ્ય જગતની પર્યાય, કેવળજ્ઞાનીની પર્યાય પણ દ્રવ્ય જ્ઞાયકમાં કોતરાઈ ગઈ. કોતરાયેલી છે. અને **'ચીતરાઈ ગયાં હોય,...'** ચીતરામણ થઈ ગયું. પોતાની જ્ઞાનની પર્યાયમાં સમસ્ત દ્રવ્ય અગાધ, ગંભીર, ભૂત, ભવિષ્ય, વર્તમાન અનંત પર્યાયસમૂહવાળા દ્રવ્ય જાણે આત્માના જ્ઞાયકભાવમાં ચીતરાઈ ગયા હોય, ચીતરામણ થઈ ગયું. આહા..હા..! કેટલા શબ્દ. સાત લેશે, સાત-સાત. એવી જ્ઞાયકની પર્યાયનો સ્વભાવ કેવળજ્ઞાનની પર્યાયનો છે. એ ચારિત્રવંતને આવી જ્ઞાયકપર્યાય પ્રાપ્ત થાય છે, બીજાને થતી નથી. એકલા સમ્યગ્દર્શન-જ્ઞાન પરિણામમાં એવી પૂર્ણ પર્યાય પ્રાપ્ત થતી નથી. સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત.. એ આવશે, વીતરાગ પર્યાય અંદર અતીન્દ્રિય આનંદનો ઉભરો—ઉફાન (આવે). ઓહો..હો..! અતીન્દ્રિય આનંદનો સમ્યગ્દષ્ટિ પણ અનુભવમાં ઘુંટડે-ઘુંટડે ઘુંટડા પીવે છે. પાંચમા ગુણસ્થાનવાળા તો અતીન્દ્રિય આનંદના ઘણા ઘુંટડા પીવે છે અને છઠ્ઠે તો ઘણા ઘુંટડા પીવે છે. સાતમામાં તો એકલા ઘુંટડા જ પીવે છે. આહા..હા..! એ ચીજ એવી છે. અરે..! સમજાણું કાંઈ?

જાણે **'ચીતરાઈ ગયાં હોય, દટાઈ ગયાં હોય,...'** અંદરમાં દટાઈ ગયાં હોય, અંદરમાં દટાઈ ગયા હોય. લોકાલોકના બધા દ્રવ્ય જાણે જ્ઞાનની પર્યાયમાં કોતરાઈ ગઈ હોય એમ કહેવામાં આવે છે. બાકી તો જ્ઞાનની પર્યાય એ રૂપ પરિણમી ગઈ છે. આહા..હા..! **'ખોડાઈ ગયાં હોય,...'** ખોડાઈ ગયા. સમજ્યા? આ દાટી દે છેને. દાટે છે. દાટી દે છેને. **'कीलित'**. આ માટીમાં દાટી દે છેને. એમ આત્માની પર્યાયમાં સર્વ દ્રવ્ય ખોડાઈ ગયા, અંદર ઘૂસી ગયા, દબાઈ ગયા, દબાઈ ગયા, ખોડાઈ ગયા. જેમ ખીલ્લો નાખેને ખીલ્લો. અંદરમાં ઘૂસી જાય છે, **'कीलित'**. એમ પોતાની પર્યાયમાં સમસ્ત લોકાલોક ખોડાઈ ગયા. આહા..હા..! એક સમયની પર્યાયમાં એટલી તાકાત છે. એવી એવી અનંતી પર્યાયનો તો એક જ્ઞાનગુણ સામર્થ્યવાળો છે, એવા તો અનંતગુણ સામર્થ્યવાળા છે. આહા..હા..!

એવા દ્રવ્યનું પહેલા ભાન થયું નિર્વિકલ્પ સમ્યગ્દર્શનમાં, પછી જ્ઞાન એની સાથે સમ્યક્ થયું, પછી અવ્યાબાધ લીનતા થઈ. એ હવે કહેશે ચારિત્ર. એના પરિણામમાં આવી જ્ઞાયકપર્યાય પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? આચાર્ય પોતાની વાત કરે છે કે અમે વીતરાગી દશાને પ્રાપ્ત

કરી છે. અમે સંત છીએ, સાધુ છીએ. સિદ્ધ સમાન અમારી દશા છે. અમે તો સિદ્ધ જ છીએ એમ કહે છે. એમ કહ્યુંને? આવી ગયુંને પહેલા? સિદ્ધને નમસ્કાર. સિદ્ધોને નહિ? શુદ્ધાત્મપ્રવૃત્તિલક્ષણ સિદ્ધોને. સાધુ છે છતાં સિદ્ધ જ છે. આહા..હા..! સાધુપદ ભગવાન! ધન્ય પદ છે! ચારિત્રપદ આહા..હા..! જેના સમ્યગ્દર્શન-જ્ઞાનમાં એટલી લીનતા, એટલી લીનતા કે મહાવ્રતનો વિકલ્પ ઉઠે એ ઝેર જેવો લાગે. સમજાણું કાંઈ? મુનિને, ધર્માત્માને પોતાના આનંદસ્વભાવનું એટલું ભાન પ્રગટ વ્યક્ત થયું છે કે જેમાં એક મહાવ્રતના, અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ ઉઠે છે, અરે! શ્રાવકને બાર વ્રતના વિકલ્પ ઉઠે, પંચમ ગુણસ્થાન (કે) ભાવલિંગી, આનંદમાં ઝેર લાગે. આહા..હા..! ભઠ્ઠી લાગે ભઠ્ઠી. કષાય છેને? અગ્નિ છે. આહા..હા..! પણ કોની સાથે મેળવે? આનંદરૂપી શાંતિનું ભાન નથી તો શાંતિ સાથે કષાય અગ્નિનું ભાન નથી એને. કષાય છે એ જ પોતાનું સ્વરૂપ (માને) અને ત્યાં જ અનાદિથી દૃષ્ટિ પડી છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આવી નિશ્ચયદશા જેને પ્રગટ થતી હશે એને પહેલા ક્યો ક્યો વ્યવહાર હોતો હશે?

ઉત્તર :- વ્યવહાર હોતો જ નથી. પોતાના સ્વરૂપની દૃષ્ટિ અને અનુભવ સ્થિરતા.

મુમુક્ષુ :- પહેલા વ્યવહાર કારણ થાય અને પછી નિશ્ચય...

ઉત્તર :- કારણ-ફારણ કાંઈ છે જ નહિ. પહેલા-પહેલા કાંઈ નહિ. સમ્યગ્દર્શન-જ્ઞાન થયું, નિરપેક્ષ તત્ત્વ આત્મા રાગની અપેક્ષા રાખ્યા વિના નિર્વિકલ્પ દર્શન અને જ્ઞાન થાય છે, પછી રાગની અપેક્ષા રાખ્યા વિના સ્વરૂપમાં સ્થિરતા કરે છે. એવી વાત છે. આહા..હા..! અહીંયા તો સાથે ઉઠે છે મહાવ્રતના, અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ, એ બંધનું કારણ, ઝેર... ઝેર... ઝેર (છે). દર્શન જાણે છે ઝેર, દર્શન જ્ઞાન (ઝેર) માને છે, ચારિત્રમાં માને છે કે ઝેર છે. આહા..હા..! ભગવાન! વીતરાગનો માર્ગ કોઈ બીજો છે. ઓહો..હો..! વીતરાગનો શું, આત્મા જ વીતરાગસ્વરૂપ છે. આત્મા વીતરાગસ્વરૂપ છે. કાલે નહોતું આવ્યું? આત્માવલોકનમાં નહોતું બતાવ્યું? જીવ વીતરાગસ્વરૂપ જ છે. વીતરાગસ્વરૂપ કહો, ચારિત્રસ્વરૂપ ત્રિકાળી હોં! ચારિત્રસ્વરૂપ કહો કે અકષાય સ્વભાવ કહો, બસ! એ વીતરાગ સ્વરૂપનો પિંડ જ આત્મા છે. એમાં એકાગ્ર થયો તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પણ વીતરાગી પર્યાય પ્રગટ થઈ. વસ્તુ વીતરાગ સ્વભાવ છે અને વીતરાગી પર્યાય પ્રગટી એનું નામ ધર્મ છે. સમજાણું કાંઈ? અને મુનિઓ તો એ જ ઉપદેશ કરે છે. કાલે આવ્યું હતું. કહ્યું હતું નહિ? વીતરાગ... વીતરાગ... મૂહૂ મૂહૂ. ભગવાન આત્મા વીતરાગસ્વભાવ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

તદ્દન કષાયના કણથી પાર, વીતરાગ સ્વભાવની અપાર સંતતિ એવો ભગવાન આત્મા પોતાના સ્વભાવ સન્મુખનો અનુભવ કરીને જે લીનતા વીતરાગી દશા થઈ તે ત્રણે દર્શન,

જ્ઞાન અને ચારિત્ર ત્રણે વીતરાગ સ્વભાવમાંથી આવી છે તો ત્રણે વીતરાગી છે. સમજાણું કાંઈ? વીતરાગ માર્ગ એટલે કોઈ વીતરાગ માર્ગ બીજો છે અને અમુક જૈનદર્શન જુદું છે કે અન્ય દર્શન જુદું છે એવી કોઈ ચીજ નથી. વીતરાગસ્વરૂપી આત્મા છે એવી દશા પ્રગટ થાય તે વીતરાગ માર્ગ છે. આ તો વસ્તુનું સ્વરૂપ જ એવું છે. સમજાણું કાંઈ? ભારે વાત આકરું કામ.

કહે છે ઓહો..! **'ખોડાઈ ગયા હોય, ડૂબી ગયાં હોય,...'** જેમ પાણીમાં ડૂબી જાયને, એમ જ્ઞાયકની પર્યાયમાં આખો લોકાલોક ડૂબી ગયો. લ્યો! જ્ઞેય જાણે ડૂબી ગયા. એ તો 'જાણે ડૂબી ગયા' એમ કહ્યું છે હોં! એ વસ્તુ કાંઈ ડૂબી ગઈ નથી. પણ એ વસ્તુ સંબંધીનું જ્ઞાન પોતામાં પરિણમિત થઈ ગયું છે. એ અપેક્ષાએ માનો કે. એમ કહ્યુંને? સમજાણું? જાણે કે દ્રવ્યની ત્રિકાળી પર્યાય જાણે પોતાની પર્યાયમાં ડૂબી ગઈ હોય. એ વસ્તુ ક્યાં અહીંયાં આવે છે? એ વસ્તુ તો ત્યાં રહે છે. અંદર ક્યાં આવે છે? આહા..હા..! ઓહો..હો..! **'સમાઈ ગયાં હોય,...'** સમસ્ત વસ્તુ જાણે ભગવાન જ્ઞાનની દશામાં સમાઈ ગઈ હોય, સમાવેશ થઈ ગયો અંદર. **'પ્રતિબિંબિત થયાં હોય...'** લ્યો સાતમો બોલ. પ્રતિબિંબિત. સમજાણું કાંઈ? સાતમો છેલ્લો બોલ.

સાત બોલ થયા સાત. **'કોતરાઈ ગયાં હોય, ચીતરાઈ ગયાં હોય, દટાઈ ગયાં હોય, ખોડાઈ ગયાં હોય, ડૂબી ગયાં હોય, સમાઈ ગયાં હોય, પ્રતિબિંબિત થયાં હોય...'** સાત બોલ થયા. આહા..હા..! કેટલી તારી તાકાત છે! એક સમયની જ્ઞાનની પર્યાયમાં એટલી તાકાત, તો એટલી અનંતી પર્યાયની તાકાતવાળો એક ગુણ, એવા અનંતગુણની તાકાતવાળું એક દ્રવ્ય. એવા દ્રવ્ય ધ્રુવ ઉપર જ્યાં શ્રદ્ધા આવી ત્યાં તો બધું કબ્જે કરી લીધું, અનંતા જ્ઞાન, દર્શન, આનંદને (કબ્જે કરી લીધા). સમજાણું કાંઈ? અજ્ઞાનીનો ખજાનો તાળામાં બંધ છે, બંધ છે. જ્ઞાનીનો ખજાનો ખુલી ગયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? ખુલી ગયો. રાગની એકતા હું નહિ, હું તો જ્ઞાયક ત્રિકાળી શુદ્ધ છું એવી દૃષ્ટિની કળામાં સ્વભાવનો ખજાનો ખુલી ગયો. આહા..હા..! અરે! હજી આવી દૃષ્ટિની ખબર નથી, દૃષ્ટિની પ્રાપ્તિ નથી. સમજાણું કાંઈ? અને એને દઈ દ્યો વ્રત, દઈ દ્યો પડિમા, દઈ દ્યો (મહાવ્રત).

એ લાઠીના છેને ભાઈ. વળી ઈ યાદ આવી ગયું. દેદો કૂટે છે બાઈયું-છોડીયું નહિ? એક પીર મરી ગયા પીર. લાઠી છેને. લાઠીના બજારમાં પીર છે. આ લાઠી શહેર છેને આપણે, ભાઈ! મંદિર છે. ત્યાં કોઈ પહેલા થઈ ગયા દેદો નામનો કોઈ હશે. એ બજારમાં મરી ગયો. તો ત્યાં એને બજારની ચાલમાં પીરનું એવું બનાવ્યું. અહીંયાં છોકરી હોય છેને કન્યા તો એવો દેદો કૂટે છે. દેદો કૂટે એમ આવે છે અમારે. આ જેઠ મહિનામાં દેદો કૂટે. લાઠીમાં છે. સમજાણું કાંઈ? એમ વસ્તુના ભાન વિના દેદો કૂટે છે. આહા..હા..! શાકભાજીની સામે છે નહિ? શાકભાજીની સામે. દેદો. 'દેદો કૂટ્યો લાઠીના ચોકમાં.' એવી ભાષા. 'દેદો માર્યો

લાઠીના ચોકમાં.' એ ગાય છોડીયું અમારે એ. છોકરી હોયને. એવો કોઈ મરી ગયો હોય. એનું નામ દેદો હતું. તો બજારમાં એની કબર બનાવી. તો છોકરીઓ એમ ગાય છે. જેઠ મહિનામાં ગાય છે. 'દેદો માર્યો લાઠીના ચોકમાં.' લાઠી છેને. આપણું જિનમંદિર છે ત્યાં. એવું ગાય. 'દેદો માર્યો લાઠીના ચોકમાં.' લાઠીની બજારમાં માર્યો. એમ આણે દેદો માર્યો આત્માના ભાન વિના આત્માના ચોકમાં. વસ્તુનું ભાન નથી, નિર્વિકલ્પ દૃષ્ટિ થઈ નથી, આનંદનો ખજાનો ખુલ્યો નથી અને રાગમાં એકતાબુદ્ધિ પડી છે અને રાગથી પોતામાં લાભ માને છે કેમકે દૃષ્ટિ ત્યાં છે. આહા..હા..!

એ લોકો કહે છે, અરે! એ સ્વામીજી બધો ઉપદેશ કરે છે એ બરાબર, પણ આ ચારિત્રનો ઉપદેશ નથી કરતા. એમ આજે આવ્યું છે. બધા શિખામણ બહુ દે છે. પણ ચારિત્ર, ભગવાન! દર્શન વિના ચારિત્ર હોતું જ નથી. સમજાણું કાંઈ? દર્શન વિના બાર વ્રતના શ્રાવકના વિકલ્પ જે છે એ પણ સમ્યગ્દર્શન પછી શાંતિ અંતરમાં વધી જાય પછી એવો વિકલ્પ આવે છે. પણ એ પણ દુઃખરૂપ છે. આહા..હા..! તો દુઃખને અંગીકાર કરવું છે? આહા..હા..! ભાઈ! તારો ભગવાન તારી પાસે મહા આનંદથી ભરેલો છે, પ્રભુ! આહા..હા..! એવી આનંદની સમ્યક્ દૃષ્ટિ થઈ નથી તો ત્યાં સમ્યગ્જ્ઞાન નથી, સમ્યગ્જ્ઞાન વિના ચારિત્ર કે વ્રત હોતા નથી. એ હમણા કહેશે.

ઓહો..! **'એમ—એક ક્ષણમાં જ જે...'** એક જ ક્ષણમાં. ક્ષણ શબ્દે એક સમય. સમય લેવો. એક ક્ષણમાં. એક જ સમય લેવો અહીંયાં. એક ક્ષણ કહો કે એક સમય કહો. અહીં કેવળજ્ઞાન છેને? **'એક ક્ષણમાં જ જે (શુદ્ધ આત્મા) પ્રત્યક્ષ કરે છે,...'** એવા શુદ્ધાત્માનો અનુભવ થયો છે તો પર્યાયમાં એવો શુદ્ધ આત્મા પ્રગટ કરે છે, પ્રગટ થઈ જાય છે. સમજાણું કાંઈ? પ્રત્યક્ષ કરે છે એમ પછી કહેવામાં આવ્યું. એવી કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ થઈ જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ તો જ્યાં આનંદના અનુભવના ઘુંટડા પીવે છે પછી કેવળજ્ઞાન થશે કે નહિ થાય એ પ્રશ્ન જ નથી ત્યાં. કેમકે કેવળજ્ઞાનની પર્યાયે તો કબ્જે કરી લીધી છે. કેવળજ્ઞાનની પર્યાય જે જ્ઞાનમાં છે એવું આખું દ્રવ્ય તો કબ્જે કરી લીધું છે પ્રતીતમાં. તો જેટલો એકાગ્ર થાય એટલી પર્યાય પ્રગટ થયા વિના રહે જ નહિ. કરવાની ક્યાં છે? આહા..હા..! વસ્તુ એવી છે. દ્રવ્ય છે એવી દૃષ્ટિ થઈ તો પરિણમન તો, પર્યાયમાં પરિણમન એનો ધર્મ છે તો પરિણમશે જ. સમજાણું કાંઈ? આહા..હા..!

સમ્યગ્દર્શન અને સમ્યગ્દર્શનનો વિષય અલૌકિક ચીજ છે. સમજાણું કાંઈ? તો કહે છે કે જ્યાં સમ્યગ્દર્શન થયા પછી ચારિત્રની પર્યાય થઈ અને કેવળજ્ઞાન થયું તો એક જ પળમાં, એક જ સમયમાં શુદ્ધાત્મા થયો, બધાને પ્રત્યક્ષ કરે છે. ત્રણ કાળ, ત્રણ લોક, ભૂત, ભવિષ્ય, વર્તમાન અનંતી પર્યાયને પ્રત્યક્ષ કરે છે. સમજાણું કાંઈ? કોઈ સમયની, કોઈ કાળની પર્યાય એમાં ગુપ્ત રહે, ન જણાય એમ રહે નહિ. આહા..હા..!

'**જ્ઞેયજ્ઞાયકલક્ષણ સંબંધની અનિવાર્યતાને લીધે...**' આવ્યું જુઓ. ઓહો..! ભગવાન આત્મા જ્ઞાયક અને એ જ્ઞેય ત્રણ કાળની પર્યાયનો સમૂહ દ્રવ્ય એ જ્ઞેય એવો લક્ષણ સંબંધ. જ્ઞેયજ્ઞાયકલક્ષણ સંબંધ અનિવાર્યતા. નીચે છે બગડો. '**જ્ઞેયજ્ઞાયકસ્વરૂપ સંબંધ ટાળી શકાય એવો નહિ હોવાને લીધે...**' તેથી તે અશક્ય છે. જ્ઞેય જ્ઞાનમાં ન જણાય તે અશક્ય છે. જ્ઞેય જ્ઞાયકમાં જ્ઞાત ન થાય, જ્ઞેય જ્ઞાયકમાં ન જણાય તે અશક્ય છે. '**તેથી આત્મા જાણે કે સમસ્ત દ્રવ્યરૂપતાને પામે છે.**' એ આવશે. વિશ્વરૂપતા છેને? '**જ્ઞેયજ્ઞાયકલક્ષણ સંબંધની અનિવાર્યતાને લીધે...**' ઓહો..હો..! પર્યાયમાં આમ થશે એવી પ્રતીતિ તો સમ્યગ્દર્શન થયું ત્યારે જ થઈ ગઈ છે. સમજાણું કાંઈ? દ્રવ્યના આટલા સામર્થ્યની પ્રતીતિ થઈ, ગુણની થઈ, તો આવી પર્યાય થશે એની પ્રતીતિ સામર્થ્યની થઈ ગઈ છે. પ્રતીતિમાં એની સામર્થ્યતા આવી ગઈ છે. પ્રગટ થઈ ત્યારે પ્રસિદ્ધ થઈ.

'**જ્ઞેય-જ્ઞાયકને ભિન્ન પાડવાં અશક્ય હોવાથી...**' શું (કહે છે)? જ્ઞાન, જ્ઞાયકમાંથી જ્ઞેય ભિન્ન પાડવું, જ્ઞેય સંબંધી જ્ઞાન (કાઢી નાખવું) અશક્ય છે. પોતાના જ્ઞાયકની પર્યાયમાં લોકાલોક જાણવામાં આવ્યા એ જ્ઞાનની અવસ્થા કાઢી નાખવી તે અશક્ય છે. ક્યાંથી કાઢે? એ તો એનો સ્વભાવ છે. ઓહો..હો..! જુઓ! પંચમ આરાના મુનિ (આમ કહે છે). એવી પર્યાય અત્યારે તો થવાની નથી, તો પહેલા કેમ આવી વાત કરે છે? પંચમ આરામાં કેવળજ્ઞાન નથી તો એવી વાત કેમ કરે છે? અરે..! સાંભળ તો ખરો. એવી પર્યાય પ્રગટ થશે એવું અમને પ્રતીતમાં પહેલા આવી ગયું છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એકાદ ભવ સ્વર્ગમાં જાવું પડે. પંચમ કાળના મુનિ છે, રાગ બાકી છે, પુણ્ય બાકી છે તો જાવું પડે. તો જાય છે તો એ કાંઈ રાગમાં અને સ્વર્ગમાં નથી. એ તો પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં છે. આહા..હા..! ત્યાંથી નીકળીને પણ પૂર્ણ ચારિત્રનું, આનંદનું સાધન કરીને આવી પર્યાય પ્રગટ થશે એમ પહેલેથી પ્રતીત કરીને ઉપડે છે. સમજાણું કાંઈ?

'**અશક્ય હોવાથી વિશ્વરૂપતાને પામ્યો હોવા છતાં...**' જુઓ! વિશ્વરૂપ એટલે અનંત. જેટલા પદાર્થ છે એ પણે જાણે જ્ઞાનની પર્યાયમાં આવી ગયા હોય. વિશ્વરૂપ એટલે જગતની અનેકતા-અનંતતા. એ અનંતરૂપતાને પામ્યો હોવા છતાં પણ, એમ પામ્યો હોવા છતાં '**જે (શુદ્ધ આત્મા) સહજ અનંતશક્તિવાળા જ્ઞાયકસ્વભાવ વડે એકરૂપતાને છોડતો નથી,...**' આહા..હા..! જુઓ! આવી ત્રિકાળની અનંતી પર્યાયને અંદર જણાય એમ નથી, છતાં અનંતનું જાણવું થયું તોપણ પોતાની એકરૂપતા છોડી નથી. અનંતને જાણવાથી એકપણું છૂટ્યું નથી. એ અનંત એ એકપણું જ છે. બધી અનંતી જ્ઞાનની પર્યાયમાં અનંત જણાયું તે એકપણું જ છે. એ અનંતના કટકા-ભંગ નથી થઈ ગયા. ભારે વાત ભાઈ! આવો ધર્મ! સમજવામાં મુશ્કેલ પડે હજી. ઉપવાસ કરવાના હોય તો બાળક પણ કરી નાખે, લ્યો. પણ સમજણ કરવી મહા (દુર્લભ). એથી દુર્લભ કઈ ચીજ છે? સમજાણું કાંઈ? આઠ વર્ષના

બાળક અત્યારે તો બહુ અઠ્ઠાઈ કરે છે શ્વેતાંબરમાં આઠ-આઠ અપવાસ. છાપામાં આવે છે. કરે એમાં શું છે? પણ એને સત્ય શું છે એ સમજવું મહાદુર્લભ થઈ પડ્યું છે. તો દુર્લભ ચીજ તો આ છે. સમજાણું કાંઈ?

'(શુદ્ધ આત્મા) **સહજ અનંતશક્તિવાળા જ્ઞાયકસ્વભાવ** વડે...' પોતાની અનંત શક્તિ પોતાની પર્યાયમાં છે એ વડે '**એકરૂપતાને છોડતો નથી,...**' પોતાની જ્ઞાનની પર્યાયમાં અનંતુ બધું આવી ગયું, છતાં પર્યાય તો એકરૂપ છે, ખંડખંડ થઈ નથી. અનંતને જાણે છે તો પર્યાયના અનંત ખંડ થઈ ગયા એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**છોડતો નથી,...**' '**સહજ અનંતશક્તિવાળા...**' સ્વભાવિક અનંતશક્તિવાળા '**જ્ઞાયકસ્વભાવ વડે એકરૂપતાને છોડતો નથી,...**' એ સર્વજ્ઞપર્યાય, સર્વદર્શીપર્યાય તો પોતાની એકરૂપ છે. એ આત્મજ્ઞાનમય છે, આત્મદર્શનમય થઈ ગઈ છે. લોકાલોકમય થઈ ગઈ નથી, જ્ઞેયરૂપ થઈ નથી એમ કહે છે. એ તો પોતાના આત્મજ્ઞાન અને આત્મદર્શનમાં એકરૂપ થઈ ગઈ છે. ઓહો..હો..!

'**જે અનાદિ સંસારથી આ જ સ્થિતિએ...**' જોકે અનાદિ સંસારથી આવી મર્યાદામાં જ્ઞાયકભાવરૂપ રહ્યો જ છે. અનાદિ જ્ઞાયકભાવ એ જ જીવનો અનાદિ સ્વભાવ છે. આવા ત્રણ કાળ, ત્રણ લોકને જાણવું એવો જ અનાદિનો સ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અનાદિ જુઓ, '**જે અનાદિ સંસારથી આ જ સ્થિતિએ (જ્ઞાયકભાવપણે જ) રહ્યો છે...**' કહો, એ સર્વજ્ઞાની, સર્વદર્શી આવ્યુંને પુણ્ય-પાપ અધિકારમાં (ગાથા ૧૬૦) '**सो सव्वणाण**' એવો શબ્દ લીધો છે. '**सो**' તે આત્મા સર્વજ્ઞ અને સર્વદર્શી હોવા છતાં પણ. નિજ કર્મ આચ્છાદાને, એમ લીધું પુણ્ય-પાપ અધિકારમાં. ભગવાન આત્મા તે સર્વજ્ઞ અને સર્વદર્શી હોવા છતાં પણ નિજ અપરાધને લીધે '**सव्वदो सव्वं**' સર્વથા સર્વ પ્રકારને જાણતો નથી. એ નિજ અપરાધને કારણે છે. સમજાણું કાંઈ?

કહે છે કે અહો! ભગવાન આત્મા આવું જ અનાદિથી એના સ્વભાવનું સામર્થ્ય એટલું છે, એવો જ એ રહ્યો છે. રહ્યો છે તો એવો જ (અર્થાત્) સર્વજ્ઞ-સર્વદર્શી સ્વભાવરૂપ જ રહ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? દ્રવ્યસ્વભાવ સર્વજ્ઞ સર્વદર્શીરૂપ રહ્યો છે. જુઓ, આત્મા એટલી પર્યાયવાળો છે. આહા..હા..! શું આવી ચીજ છે ક્યાંય? સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા સિવાય આ વાત ક્યાંય નથી.

'**અને જે મોહ વડે અન્યથા અધ્યવસિત થાય છે...**' મોહ વડે અન્યથા જણાય અને મનાય છે. એ તો એની માન્યતામાં ફેર છે. આહા..હા..! અનાદિ આત્મા જ્ઞાયકસ્વભાવ ત્રણ કાળ, ત્રણ લોકની અગાધ ગંભીર પર્યાય સહિતના દ્રવ્ય જાણવાની શક્તિવાળો જ અનાદિથી છે. સમજાણું કાંઈ? છતાં, આમ હોવા છતાં મોહ વડે, ભ્રમણા વડે, મિથ્યાત્વ વડે, સ્વરૂપમાં અસાવધાની છે એ વડે, પરમાં સાવધાની વડે અન્ય રૂપે જણાય અને મનાય છે. હું રાગી છું અને હું અલ્પજ્ઞ છું એમ મિથ્યાત્વથી મનાય છે એમ કહે છે. સમજાણું

કાંઈ? હું કર્મબંધવાળો છું, હું રાગી છું, હું અલ્પજ્ઞ છું, હું અલ્પદર્શી છું એમ મિથ્યાત્વથી મનાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! આચાર્યે આટલા શબ્દમાં વાચ્ય કેટલું કહી દીધું છે! વાચક વાચ્ય નિયોગ. સંબંધ છેને? વાચક તો શબ્દ છે, પણ એમાં વાચ્ય ભાવ શું છે એનો સંબંધ બતાવ્યો છે.

ભગવાન! તું તો આત્મા છોને પ્રભુ! તારો તો જ્ઞાયકભાવ છેને. જ્ઞાયકભાવનો અર્થ સર્વ જ્ઞેયને જાણવા અને દેખવા એવા સ્વભાવવાળો જ છે. એ તો અનાદિથી છે. અનાદિથી ન હોય તો પર્યાયમાં પ્રગટ ક્યાંથી થશે? સમજાણું કાંઈ? જો અંદર એમ ન હોય તો પર્યાયમાં પ્રગટ ક્યાંથી થશે? બહારથી વસ્તુ આવે છે? પણ એમ હોવા છતાં મોહ વડે સ્વરૂપની અસાવધાની, પરની સાવધાની. રાગ, પુણ્ય, દયા, દાન, વિકલ્પ એક સમયની પર્યાય એમાં સાવધાની વડે, સાવધાની વડે, પર્યાયબુદ્ધિ વડે અન્યથા મનાય છે અને જણાય છે એમ કહે છે. છે એનાથી અન્યથા જણાય અને મનાય છે. આહા..હા..! કેટલું કહી દીધું! સમજાણું કાંઈ? મિથ્યાત્વને કારણે હું પુણ્ય કરનારો છું, હું દયા, દાનવાળો છું અને મારી પર્યાય અલ્પજ્ઞ છે એવડો હું છું એ મિથ્યાત્વભાવથી જણાય-મનાય છે. સમજાણું કાંઈ?

અહીં જ્ઞેયભાવ છેને, તો જ્ઞેય એટલે એટલો જ્ઞેય પોતાનો આત્મા છે. સર્વ જ્ઞેયોને પી જાય એક સમયમાં એવી તાકાતવાળો સર્વજ્ઞાની, સર્વદર્શી એવો ભગવાન આત્મા છે. બધા આત્મા એવા છે. આહા..હા..! એમ હોવા છતાં '**મોહ વડે અન્યથા...**' જણાય અને મનાય છે. '**મોહ વડે અન્યથા...**' જુઓ! જેવું એનું સ્વરૂપ છે એમ નહિ માનતા અન્ય રૂપે જણાય અને મનાય છે. હું પરનું કરનારો, પરથી મને લાભ થાય, રાગવાળો હું છું, વ્યવહાર પુણ્યવાળો હું છું અને જેટલી અલ્પજ્ઞ પર્યાય છે એટલો હું છું—એમ અન્ય સ્વરૂપે મિથ્યાત્વને કારણે, સર્વજ્ઞ સર્વદર્શી હોવા છતાં અલ્પ પર્યાયને પોતાની માનવી, એ અન્ય સ્વરૂપે પોતાને માને છે. સમજાણું કાંઈ? આહા..હા..! ૨૦૦ ગાથા બહુ (ઊંચી છે)!

'**તે શુદ્ધ આત્માને, આ હું મોહને ઉખેડી નાખીને,...**' જુઓ, પહેલા કહ્યું હતું કે મોહથી અન્યથા મનાતું હતું તો '**તે શુદ્ધ આત્માને,...**' એવા જ્ઞાન દર્શનથી જ્ઞાયકભાવથી ભરેલો ભગવાન '**હું મોહને ઉખેડી નાખીને,...**' ઉખાડી નાખીને. ઉખાડીને ફેંકી દીધો. જડમૂળથી ઉખાડી નાખીને. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... ખબર પડે?

ઉત્તર :- મોહની ખબર પડતી હશે, આ શું આવ્યું?

'**હું મોહને ઉખેડી નાખીને,...**' જુઓ, મુનિ કહે છે. પંચમ આરાના મુનિ છે. અરે..! મુનિ ક્યાં આરાના છે? મુનિ તો મુનિના છે.

મુમુક્ષુ :- મુનિ થયા પછી મોહને...

ઉત્તર :- અરે..! પહેલેથી. એ મુનિ(પદની) તો વાત કરે છે. આહા..હા..!

**'મોહને ઉખેડી નાખીને, અતિ નિષ્કંપ રહેતો થકો,...'** જુઓ, ભાષા! હજી યોગ કંપન્ન તો તેરમા સુધી છે, પણ હું સ્વરૂપની સ્થિરતારૂપ નિષ્કંપતામાં રહું છું એમ કહે છે. આહા..હા..! કંપન્નનું ક્યાં કામ છે અમારે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ અહીં છે જ નહિને. આત્મામાં કંપન્ન છે જ નહિ. કંપન્ન તો વિકાર પરમાં છે. આહા..હા..! **'હું મોહને ઉખેડી નાખીને,...'** ઉખેડી નાખીને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ચોથે, પાંચમે, છઠ્ઠે, સાતમેથી અહીંયા વાત કરી છે. ચોથેથી છે, પણ મુનિ પોતાની દશાથી વાત કરે છે. ચોથા ગુણસ્થાનથી મોહને ઉખેડી નાખીને. એ વિના (ચારિત્ર) ક્યાંથી આવ્યું? આહા..હા..!

**'અતિ નિષ્કંપ...'** એકલું નિષ્કંપ નથી લીધું. અતિ નિષ્કંપ. કેમકે મુનિ છેને. સમ્યગ્દષ્ટિ છે, નિષ્કંપ છે. સાચા શ્રાવક છે એ પણ નિષ્કંપ (છે). સમ્યગ્દષ્ટિ અનુભવ સ્થિરતા છે. મુનિ છે તો અતિ નિષ્કંપ. એટલી વીતરાગતા પ્રગટી છે કે કંપ નથી. ધ્રુવના ધ્યેયમાં સ્થિરતા એટલી પ્રગટી છે. ધ્રુવમાં જેમ કંપતા નથી એમ મારી પર્યાયમાં પણ કંપતા નથી. આહા..હા..! વિકલ્પમાં આવી એ મારી સ્થિરતાથી નીકળી જાઉં એવો હું નથી. આહા..હા..! **'અતિ નિષ્કંપ રહેતો થકો,...'** જુઓ, હું રહેતો થકો. એમ. કોઈને કારણે નહિ. **'યથાસ્થિત જ (જેવો છે તેવો જ) પ્રાપ્ત કરું છું.'** મેં આવું જ પ્રાપ્ત કર્યું છે. એમ કહે છેને. સમજાવવું છેને. આવું મેં પ્રાપ્ત કર્યું છે. ઓહો..! આ ચારિત્ર અને આ મુનિપણું. સમજાણું કાંઈ? ચારિત્ર ધન્ય અવતાર છે એ! ચારિત્ર તો અલૌકિક ચીજ છે. ઓહો..! સમ્યગ્દષ્ટિને પણ ચારિત્ર માટે તો ઝંખના-ભાવના થાય છે. ચારિત્ર કાંઈ એમ આવી જાય, હઠથી આવી જાય (એમ નથી).

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ગટાગટી આવે છે કે નહિ? પણ સંયમ કોને કહેવો એની ખબર નથી. અંતર સ્વરૂપમાં આનંદમાં આનંદમાં લીનતા, નિષ્કંપતા. આનંદનું પહેલા ભાન તો થયું છે સમ્યક્માં, પછી સ્થિરતાની પરિણતિ નિષ્કંપ થઈ ગઈ તેનું નામ ચારિત્ર છે.

**'યથાસ્થિત જ પ્રાપ્ત કરું છું.'** લ્યો! જેવો છે એવો આત્મા. જુઓ, પહેલા કહ્યું હતુંને? જ્ઞાયક તો અનાદિથી એવો હતો તેવો હું પ્રાપ્ત કરું છું. પર્યાયમાં પ્રાપ્ત કરું છું એનું નામ મોક્ષનો માર્ગ અને મોક્ષ કહેવામાં આવે છે. થોડું બાકી છે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જેઠ વદ ૧૧, મંગળવાર, તા. ૧૦.૦૬.૧૯૬૯**
**ગાથા-૨૦૦, શ્લોક-૧૦ થી ૧૨, પ્રવચન-૧૭૯**

આ પ્રવચનસાર, જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન. છેલ્લી ગાથા પૂરી થાય છે. ૨૦૦. '**આ રીતે...**' ત્યાં સુધી આવ્યું છેને? '**તે શુદ્ધ આત્માને, આ હું મોહને ઉખેડી નાખીને, અતિ નિષ્કંપ રહેતો થકો, યથાસ્થિત જ પ્રાપ્ત કરું છું.**' ત્યાં સુધી આવ્યું હતું. આત્મા પવિત્ર શુદ્ધ ચૈતન્ય નિત્ય ધ્રુવસ્વરૂપ તેને પામીને અંતર દૃષ્ટિ અને જ્ઞાનમાં તેને પામીને, પામીને આ હું મોહને ઉખેડી નાખીને. ઉખેડી નાખીને એટલે કે આ મોહ છે એને હું ઉખેડું છું એવી કથનની શૈલી છે. આ મોહ છે એને ઉખેડું અને હું ફેંકુ છું એમ છે નહિ. પણ સ્વરૂપ આનંદધામ શુદ્ધ સ્વરૂપની મહા અનંત આનંદની ખાણ એમ આત્મામાં જ્યાં અંતર દૃષ્ટિ થઈ તો મોહની ઉત્પત્તિ થતી નથી. તો એને અહીંયાં મોહને ઉખેડી નાખીને અતિ નિષ્કંપ રહેતો થકો એમ કહેવામાં આવે છે. શૈલી એવી છે. ભાષા, ભાષા તો ભાષા પ્રમાણે ભાષા કરેને. એ આત્માની ક્યાં ભાષા છે? કેમ બોલવું? આહા..હા..! પોતાનું અસ્તિત્વ જે મહાચૈતન્ય,... આ મોહને ફેંકીને એ તો નાસ્તિથી શબ્દ છે. સમજાણું કાંઈ? હું મોહને ફેંકુ એ તો નાસ્તિ થઈ. છોડી દઉં. તો છોડે ક્યાંથી? સમજાણું કાંઈ? એ તો પહેલા કહી ગયા છે કે રાગનો કે મોહનો ત્યાગ માત્ર કહેવામાં આવે છે આત્મામાં. આત્મા મોહના ત્યાગનો કર્તા છે નહિ. લ્યો! એમ આવ્યું.

મુમુક્ષુ :- પરનો કર્તા તો નથી, પણ...

ઉત્તર :- રાગના ત્યાગનો કર્તા દ્રવ્યસ્વભાવમાં ક્યાં છે? રાગનો ગ્રહણકર્તા તો નથી, પણ રાગનો ત્યાગ કરું એમ પર્યાયમાં રાગ પકડ્યો હતો અંદરમાં? જ્ઞાયક તો જ્ઞાયક રહ્યો છે. એ જ્ઞાયકપણે જ્યાં અંતરમાં લીન થયો તો રાગની ઉત્પત્તિ ન થઈ તો રાગનો ત્યાગ કર્યો એવું વ્યવહારનયથી કથન કરવામાં આવે છે. આહા..હા..! એમ છે નહિ. ભારે વાત! આચાર્યના શબ્દોને બીજા અર્થ લઈને સમજવું જોઈએ. પોતે કહે કે હું મોહને ઉખેડી નાખીને. લ્યો! આચાર્ય કહે છે. પણ માને તો કઈ અપેક્ષા છે એ તો સમજવું જોઈએ કે નહિ? એય..! દેવચંદજી!

મુમુક્ષુ :- આચાર્યે કહે...

ઉત્તર :- આચાર્ય કહે, પણ કઈ નયથી કથન છે? કઈ નયથી કથન છે. પેલું પણ આચાર્ય કહી ગયા પહેલા ૩૪ ગાથામાં. રાગ, પુણ્ય, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના પરિણામ મોહ એનો આત્મા ત્યાગ કરે છે એ નામમાત્ર છે. પરમાર્થે રાગનો ત્યાગ કર્તા આત્મામાં

નથી. સમજાણું કાંઈ? સમયસાર ૩૪ ગાથા. એનાથી વિરુદ્ધ અહીંયાં છે? આહા..હા..! ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાના શુદ્ધ ચૈતન્ય આનંદકંદમાં જ્યાં આરૂઢ થાય છે તો રાગની ઉત્પત્તિ થઈ નહિ તો રાગને હું ઉખેડી નાખું છું એમ કહેવામાં આવ્યું છે. બહુ કઠણ છે. અરે! ચર્ચા કરવા જાય તો શાસ્ત્રમાં આવા લખાણ વ્યવહારના તો ઘણા છે. વ્યવહાર શું કરે? સમજાવવું શી રીતે? મોહ છૂટ્યો એને સમજાવવું શી રીતે? સમજાવે શી રીતે? સમજાણું કાંઈ?

ઘણા વર્ષ પહેલાં ૭૭ની સાલમાં ભાઈ ગોંડલમાં. 'દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ.' છેને શબ્દ? એ અપૂર્વ અવસરમાં છે. 'દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે, દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો.' એવો શબ્દ છે. તો એક માણસને પૂછ્યું—એણે કહ્યું. કીધું આનો અર્થ શું? કે એ તો 'દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે.' જેટલા દર્શન, જૈનદર્શન (કે) અન્ય દર્શન જેટલા છે એ બધાનો મોહ છોડી દેવો એ દર્શનમોહ. કાંઈ ખબર જ ન મળે. લોકો શ્રીમદ્‌ના અર્થો કરે એ સાધારણ જનતાને ખબર ન મળે. આ તો વનારસીભાઈ કહેતા હતા. વનારસીભાઈ હતા. ૭૭ની સાલ. (તત્ત્વની) કાંઈ ખબર ન મળે. એની બેન અહીં છેને ડોશી, દીકરી. ૭૭ની વાત છે. ૨૩ ને ૨૫, ૪૮ વર્ષ થયા. દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો... એટલે જેટલા દર્શન છે એનો મોહ છોડી દેવો. પણ એ વાત અહીંયાં છે નહિ, કીધું.

અહીંયાં તો દર્શનમોહ નામ મિથ્યાત્વ-મોહ વ્યતીત નામ રહિત થઈને, પોતાના જ્ઞાનાનંદ સ્વરૂપનો અનુભવ નિર્વિકલ્પ થવો તેનું નામ દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ. બોધ ઉપજ્યો. પોતાનો આનંદમૂર્તિ ભગવાન છે એવું નિર્વિકલ્પ ભાન થયું, દેહથી કેવળ ચૈતન્ય ભિન્ન. ભગવાન આત્મા દેહ અને રાગથી કેવળ તદ્દ્ન ભિન્ન છે એવું ભાન થયું તેનું નામ દર્શનમોહ વ્યતીત થયો. સમજાણું કાંઈ? શબ્દાર્થ સમજે નહિ તો પછી ભાવાર્થ તો ક્યાંથી સમજે? આહા..હા..!

અહીં કહે છે કે અરે! આત્મા! પોતે કુંદકુંદાચાર્ય... અહીં અમૃતચંદ્રાચાર્ય કહે છે, પણ એ તો બધા મુનિઓની શૈલી આ જ છે. **'હું મોહને ઉખેડી નાખીને,...'** પછી આ મોહ છે એને છોડું એમ છે? ઉખેડી નાખીને શબ્દ તો આવ્યો. **'અતિ નિષ્કંપ રહેતો થકો,...'** અતિ નિષ્કંપ છે. સ્થિત. કંપન્નનો અર્થ એ યોગનો અહીંયા પ્રશ્ન નથી. સ્વરૂપમાં સ્થિર... સ્થિર... સ્થિર.. શાંતિ. જુઓ, આ વસ્તુની સ્થિતિ છે. **'યથાસ્થિત જ પ્રાપ્ત કરું છું.'** જેવો ભગવાન આત્મા છે એવો હું અનુભવમાં, સ્થિરતામાં પ્રાપ્ત કરું છું. લ્યો આ મુનિ માર્ગ. સમજાણું કાંઈ?

**'આ રીતે...'** હવે આવ્યું જુઓ એ શબ્દ આવ્યો. **'દર્શનવિશુદ્ધિ જેનું મૂળ છે...'** આહા..હા..! દર્શનવિશુદ્ધિ. સમ્યગ્દર્શન જેનું પહેલું મૂળ છે. એ વિના તો સમ્યગ્જ્ઞાન થતું

નથી અને સ્વરૂપમાં લીનતા થતી નથી. એવી લીનતા તો નાખ્યું. એવી અવ્યાબાધ લીનતા. એવી ત્યાં જાય છે. સમજાય છે કાંઈ? ક્યાં ગયા વજુભાઈ નથી આવ્યા? રોકાણા હશે. **'આ રીતે દર્શનવિશુદ્ધિ...'** સમ્યગ્દર્શન જેનું મૂળ છે પહેલું. આ વિના એક પગલું પણ જ્ઞાન નહિ, ચારિત્ર નહિ, વ્રત નહિ, તપ નહિ, ત્યાગ નહિ કાંઈ થતું નથી.

મુમુક્ષુ :- એ તો વ્રત-તપ કરે ત્યારે આ પ્રતીત થાયને.

ઉત્તર :- વ્રત-તપ કરે, બાળવ્રત, બાળતપ છે. પોતાનો અનુભવ સમ્યગ્દર્શનની ભૂમિકા પ્રગટ્યા વિના જેટલા વ્રત, તપ એ બધા મૂર્ખાઈ ભરેલા વ્રત અને તપ છે. એમ પુણ્ય-પાપ અધિકારમાં કુંદકુંદાચાર્યે કહ્યું. બાળવ્રત અને બાળતપ એમ કહ્યું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, પણ એમાં તો છે જ, આ તો આપણે એક સમયસારમાં આખી ગાથા ભરી જ છે. સર્વજ્ઞ ભગવાને તેને બાળતપ અને બાળવ્રત કહ્યા છે. મૂર્ખાઈ ભરેલા વ્રત છે. વ્રત કેવા? હજી ચૈતન્યભૂમિ આનંદકંદની દૃષ્ટિ અને અનુભવ થયો નથી એ પહેલા જ્ઞાન કેવું અને ચારિત્ર કેવું? એ માટે તો આચાર્ય મહારાજ પહેલેથી વર્ણવે છે. જુઓ.

મુમુક્ષુ :- દિગંબરને બધાને તત્ત્વદર્શન તો છે જ.

ઉત્તર :- તત્ત્વદર્શન. હા એ કહે છે ઈન્દ્રલાલજી. કે ભેદજ્ઞાન દિગંબરમાં જન્મ્યા એ બધાને ભેદજ્ઞાન તો છે જ. ઈન્દ્રલાલજી છેને જયપુર. એમ કે દિગંબર ધર્મ સાચો છે, તો એમાં જન્મ્યા તેને ભેદવિજ્ઞાન છે જ. હવે એણે ચારિત્ર કરવું એમ લખ્યું છે. ચારિત્ર એટલે શું? આ વ્રત ને નિયમ ને અપવાસ કરવા એ ચારિત્ર. અરે..! ક્યાં હતા? આ બધા અચારિત્ર છે.

અહીં તો કહે છે કે ભગવાન આત્મા **'દર્શનવિશુદ્ધિ જેનું મૂળ છે...'** એવી ચારિત્રની લીનતા. બતાવવું આ છે. ઉપયુક્તતા. ઠીક. **'એવું જે સમ્યગ્જ્ઞાનમાં ઉપયુક્તપણું તેને લીધે...'** ઠીક! **'એવું જે સમ્યગ્જ્ઞાનમાં ઉપયુક્તતા...'** પાછું જુઓ, દર્શન થયું પછી સમ્યગ્જ્ઞાનમાં ઉપયુક્તપણું. સાચું જ્ઞાન સ્વસંવેદનમાં ઉપયુક્ત લગાવી દીધું. એવા દર્શન અને જ્ઞાનસહિત હોય **'તેને લીધે અત્યંત અવ્યાબાધ લીનતા હોવાથી...'** લ્યો! જુઓ, ત્રણે આવી ગયા. સમ્યગ્જ્ઞદર્શન, જ્ઞાન અને ચારિત્ર. આહા..હા..! આ **'सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः'** આ. તત્ત્વાર્થસૂત્રમાં કહે છેને.

**'એવું જે સમ્યગ્જ્ઞાનમાં ઉપયુક્તપણું તેને લીધે...'** ત્યાં લાગુ પડતો હશે એ શબ્દ. **'દર્શનવિશુદ્ધિ જેનું મૂળ છે એવું જે સમ્યગ્જ્ઞાનમાં...'** સાચા સ્વસંવેદનજ્ઞાનમાં, નિર્વિકલ્પ આનંદના જ્ઞાનમાં કારણ **'અત્યંત અવ્યાબાધ લીનતા...'** જુઓ, ચારિત્ર આવ્યું. ઓહો..હો..! હજી તો છઠ્ઠા ગુણસ્થાને, સાતમા ગુણસ્થાને મુનિ છે તેને અત્યંત અવ્યાબાધ લીનતા કહી. આહા..હા..! અતીન્દ્રિય આનંદનો ઉભરો એટલો આવે મુનિને. સાચા મુનિ કોને કહીએ? આહા..હા..! ણમો લોએ સવ્વ સાહુણં, ણમો લોએ સવ્વ આઈરિયાણં. મુનિ પાંચમા

ગુણસ્થાનના શ્રાવક અને ચોથા ગુણસ્થાનના સમકિતી કોને કહીએ? સમજાણું કાંઈ?

અહીં તો કહે છે '**દર્શનવિશુદ્ધિ જેનું મૂળ છે એવું જે સમ્યગ્જ્ઞાનમાં ઉપયુક્તપણું તેને લીધે...**' સમ્યગ્જ્ઞાનમાં ઉપયુક્ત થયો. એ ઉપરાંત '**અત્યંત અવ્યાબાધ (નિર્વિઘ્ન) લીનતા...**' ઓહો..હો..! ચારિત્રની દશા જુઓ. અત્યંત નિર્વિઘ્ન.. અવ્યાબાધનો અર્થ ઈ વિઘ્ન નથી એમ. અવ્યાબાધનો અર્થ વિઘ્ન નથી. લીનતા હોવાથી. કોઈ વિઘ્ન નહિ વિકલ્પનો. વીતરાગી અલમસ્ત દશા અંદરમાં પ્રગટ થઈ ગઈ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સાધુ હોવા છતાં પણ...**' ભાષા જુઓ, '**સાધુ હોવા છતાં પણ...**' એક તો લીનતા થવાથી, એમ. સાધુ હોવાથી આવી લીનતા હોવાથી... સાધુ હોવા છતાં પણ. આહા..હા..! એવા '**સાક્ષાત્ સિદ્ધભૂત...**' લ્યો! એ તો સાક્ષાત્ સિદ્ધ છે જાણે એમ કહ્યું અહીં તો. '**સાક્ષાત્ સિદ્ધભૂત એવા આ નિજ આત્માને...**' '**સાધુ હોવા છતાં પણ...**' પોતાની વાત કરે છે હોં! કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય. આહા..હા..! આ તો મૂળનો વિસ્તાર ચાલે છેને. પાઠમાં છે. '**जाणित्ता अप्पाणं जाणगं सभावेण**' એમ લીધુંને? '**परिवज्जामि ममत्तिं उवट्ठिदो णिम्ममत्तम्हि**' સમજાણું કાંઈ? એ અર્થ આવી ગયો છે. આ તો વિશેષ સ્પષ્ટ કરે છે. ઓહો..!

સમ્યગ્દર્શન, આત્મા આનંદધામ અનંતગુણ શુદ્ધ સ્વરૂપ એવું જ્ઞાનમાં, અનુભવમાં આવ્યું, અનુભૂતિ થઈ અને એમાં સમ્યગ્જ્ઞાનનું ઉપયોગપણું કારણ છે એવી લીનતા થવાથી. નિર્વિઘ્ન લીનતા. પંચમ કાળના મુનિ હોય તોપણ આ છે. પંચમ કાળના મુનિ તો વાત કરે છે. ૯૦૦ વર્ષ પહેલા આ અમૃતચંદ્રાચાર્ય થયા છે. કોઈ કહેને ભાઈ પંચમ કાળ છે, સંહનન મંદ છે, આમ છે, તેમ છે, બહુ ટપાટપી ન કરવી, બધું ચલાવવું. કહે છે કે નહિ એમ? નુક્તચીની = ટીકા-ટીપ્પણ શું કરે? વસ્તુ એવી છેને નુક્તચીની કેવી? સમજાણું કાંઈ? પાંચમા આરાના સાધુ છેલ્લા હોય કે પહેલાના હોય કે ચોથા આરાના હોય કે મહાવિદેહક્ષેત્રમાં ભગવાન પાસે હોય, વસ્તુ તો 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.'

'**સાધુ હોવા છતાં પણ સાક્ષાત્ સિદ્ધભૂત...**' આહા..હા..! '**એવા આ નિજ આત્માને...**' સાક્ષાત્ સિદ્ધભૂત એવા નિજ આત્માને. એક વાત. '**તેમ જ તથાભૂત (સિદ્ધભૂત) પરમાત્માઓને, તેમાં જ એક પરાયણપણું જેનું લક્ષણ છે...**' તેમાં છેને? '**નમસ્કાર કરવા યોગ્ય પદાર્થમાં; ભાવ્યમાં. (માત્ર ભાવ્યમાં જ પરાયણ-એકાગ્ર-લીન થવું તે ભાવનમસ્કારનું લક્ષણ છે.)**' ખરેખર તો પોતામાં એકાકાર છે એ લક્ષણ છે. સમજાણું કાંઈ? આ તો પરમાત્માને પાછું આવ્યું છેને? બે આવ્યુંને? એક તો પોતામાં અને પરમાત્મા. બેયમાં પોતાનો આત્મા જ છે એમ અહીં કહેવું છે. સમજાણું કાંઈ? પોતે દેવ નામ મારા આત્મામાં કે પરમાત્માને, પણ એ બેયમાં મારા સ્વરૂપમાં એકાગ્રતાનું આરાધન, આનંદકંદમાં એકાકાર છે એનું નામ નમસ્કાર છે. એમ. પોતામાં નિર્વિકલ્પ આરાધનાના

નમસ્કાર અને વિકલ્પ થયો એ ભગવાનને નમસ્કાર એમ નથી. એ તો પરમાત્મા પોતાનો જ પરમાત્મા થયો. પરમાત્મા છે એ પોતાનો આત્મા જ પરમાત્મા છે. એવા પોતાના આત્મામાં. સમજાણું કાંઈ? **'એક પરાયણપણું...'** તત્પરતા. વીતરાગતાની તત્પરતા. નિર્વિકલ્પ શાંતિનો, આનંદનો ઉભરો અંદર આવ્યો—ઉફાન એનું લક્ષણ છે. **'એવો ભાવનમસ્કાર સદાય સ્વયમેવ હો.'** સ્વયમેવ એટલે સહજપણે હો. હું કરું એમ નથી. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! **'એની મેળે જ. (આચાર્યભગવાન શુદ્ધાત્મામાં લીન થાય છે તેથી એને મેળે જ ભાવનમસ્કાર થઈ જાય છે.)'** એમ કહે છે. ભિન્ન નથી પાડવા. એ આત્મા આનંદમૂર્તિ એના અતીન્દ્રિય આનંદમાં લીન થયો એ જ ભાવનમસ્કારની સ્થિતિ કહેવામાં આવે છે. આહા..હા..! ભારે વાત લાગે. બહુ ઊંચી-ઊંચી વાત કરે છે એમ કહે છે કેટલાક. આ તો વસ્તુની સ્થિતિ એવી છે. માની લે પોતાની કલ્પનાથી એમ કાંઈ ચાલે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અહીંયા દર્શનશુદ્ધિ...

ઉત્તર :- સમ્યગ્દર્શન, સમ્યગ્દર્શન. એ પહેલા કહી ગયા. સમ્યગ્દર્શન, અનુભવદર્શન એ જેનું મૂળ છે એવી સમ્યગ્જ્ઞાનની ઉપયુક્તતા એના સહિત નિર્વિઘ્ન લીનતા. ત્રણે આવી ગયા દર્શન-જ્ઞાન-ચારિત્ર. સમજાણું કાંઈ? દર્શનવિશુદ્ધિ—પોતાના આનંદના અનુભવમાં પ્રતીતિ થવી. આનંદનો અનુભવ થયો એમાં પ્રતીતિ થઈ કે આ આત્મા, એનું નામ દર્શનવિશુદ્ધિ કહે છે. એકને કોઈને પૂછ્યું કે દર્શનવિશુદ્ધિ એટલે શું? આ ભગવાનના હંમેશા દર્શન કરવા એ દર્શનવિશુદ્ધિ. ધૂળમાંય એમ શુદ્ધા હોતો નથી. ભગવાનના દર્શન તો શુભરાગ છે, વિકલ્પ છે. એ તો અભવિ પણ અનંતવાર કરે છે, એમાં દર્શનવિશુદ્ધિ ક્યાં આવી?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નહિ... એ નહિ... એ નહિ. અહીં તો સમ્યગ્દર્શનને જ દર્શનવિશુદ્ધિ કહે છે. ષોડશકારણ એ નહિ. ષોડશકારણમાં તો વિકલ્પ છે. એ તો ષોડશનો ખ્યાલ છે, એ તો પહેલા કહ્યું નથી, એ તો ખ્યાલમાં છે. ષોડશકારણમાં દર્શનવિશુદ્ધિ છે એ તો આત્માના અનુભવસહિત વિકલ્પ ઉઠ્યો તેને દર્શનવિશુદ્ધિ કહે છે. કારણ કે દર્શનવિશુદ્ધિ બંધનું કારણ છેને. તો દર્શનવિશુદ્ધિ સમ્યગ્દર્શન અનુભવ કોઈ બંધનું કારણ નથી. પણ સાથે વિકલ્પ ઉઠ્યો એ જ બંધનું કારણ છે. એની દર્શનવિશુદ્ધિમાં વિકલ્પ છે એ બંધનું કારણ છે. એ શુભભાવનો અપરાધ છે. સમજાણું કાંઈ? એ તો આવ્યુંને. પુરુષાર્થસિદ્ધિ, પુરુષાર્થસિદ્ધિ. શુભ(રાગ) અપરાધ છે. તીર્થંકરગોત્રનું બંધન, આહારક શરીરનું બંધન એ શું છે? શું મોક્ષમાર્ગથી બંધન થયું? બિલકુલ નહિ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી બંધ પડતો નથી. એ શુભ ઉપયોગ અપરાધનું ફળ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીંયાં દર્શનવિશુદ્ધિ એટલે એકલું સમકિત લેવું. એ દર્શનવિશુદ્ધિ જે ષોડશકારણમાં છે એ અહીંયા લેવું નથી. કેમકે એમાં તો વિકલ્પ, રાગ આવે છે. તેને દર્શનવિશુદ્ધિ ગણવામાં આવી છે. સમજાણું કાંઈ?

**'એવો ભાવનમસ્કાર સદાય...'** પાછો એમ શબ્દ છેને? સદાય હો. એકવાર આમ કરે એમ નહિ. સદા આનંદકંદમાં અતીન્દ્રિય આનંદનો એકાકાર અનુભવ કાયમ રહે છે તેને ભાવનમસ્કાર કહે છે. આહા..હા..! ભારે વ્યાખ્યા!

**'(હવે શ્લોક દ્વારા જિનભગવંતે કહેલા શબ્દબ્રહ્મના સમ્યક્ અભ્યાસનું ફળ કહેવામાં આવે છે :)'** જિનભગવંતે કહેલા શબ્દબ્રહ્મના. છે તો શબ્દબ્રહ્મ વાણી, પણ **'સમ્યક્ અભ્યાસનું ફળ...'** અંતર દૃષ્ટિ લક્ષ રાખીને જે અભ્યાસ છે એનું ફળ શું એ કહે છે. સમજાણું કાંઈ? ૧૦-૧૦.

जैनं ज्ञानं ज्ञेयतत्त्वप्रणेतृ
स्फीतं शब्दब्रह्म सम्यग्विगाह्य।
संशुद्धात्मद्रव्यमात्रैकवृत्त्या
नित्यं युक्तैः स्थीयतेऽस्माभिरेवम्।।१०।।

**'અર્થ :- આ રીતે જ્ઞેયતત્ત્વને સમજાવનારા જૈન જ્ઞાનમાં—'** જૈન જ્ઞાન જુઓ. વીતરાગી જ્ઞાનને જ્ઞાન કહે છે. એવું જ્ઞાન બીજા અન્યમતમાં કદી હોતું નથી. જુઓ, **'जैनं ज्ञानं'** એમ શબ્દ લીધો છે. જૈન કોઈ સંપ્રદાય નથી. આત્મા વીતરાગ સ્વરૂપી છે એનું જ્ઞાન તે જૈનજ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'જ્ઞેયતત્ત્વને સમજાવનારા...'** સમજાવનારા. **'જૈન જ્ઞાનમાં—વિશાળ શબ્દબ્રહ્મમાં— '** વિશાળ શબ્દબ્રહ્મ છે વીતરાગની વાણી. **'સમ્યક્પણે અવગાહન કરીને...'** જુઓ, **'(ડૂબકી મારીને, ઊંડા ઉતરીને, નિમગ્ન થઈને),...'** જેમ સમુદ્રમાં ઊંડે ઉતરીને મોતી પ્રાપ્ત કરે છે, એમ ભગવાનની વાણીમાં ઊંડા ઉતરીને ભાવજ્ઞાનને પ્રાપ્ત કરવું. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો! શબ્દથી જ્ઞાન થતું નથી. શબ્દના અભ્યાસથી જ્ઞાન થતું નથી. પણ અહીં તો નિમિત્તથી કથન કરે છે કે ભગવાનની શબ્દબ્રહ્મ વાણી એમાં **'વિશાળ શબ્દબ્રહ્મમાં—સમ્યક્પણે અવગાહન કરીને...'** એનો અર્થ? એ ભાવ શું કહે છે એવું સ્વલક્ષે અંદરમાં એકાગ્રતા કરે છે તે સમ્યક્ અભ્યાસ કરે છે એમ કહેવામાં આવે છે. ઓહો..!

**'અમે માત્ર શુદ્ધ આત્મદ્રવ્યરૂપ...'** અમે માત્ર શુદ્ધ આત્મદ્રવ્યરૂપ **'એક વૃત્તિ (પરિણતિ) તેનાથી સદા યુક્ત રહીએ છીએ.'** જુઓ, અમે તો અમારા આનંદકંદની નિર્મળ વીતરાગ પરિણતિમાં સદા રહીએ છીએ. મહાવ્રતનો વિકલ્પ-ફિકલ્પ અમારો છે નહિ. એ અમારો નથી અને એમાં અમે રહેતા નથી. એય..! દીપચંદજી! મુનિ અઠ્યાવીશ મૂળગુણ પાળે છેને? અહીંયાં ના પાડે છે. પછી આવશે ચરણાનુયોગમાં. ચરણાનુયોગમાં તો નિમિત્ત શું છે એ બતાવે છે. ચરણાનુયોગમાં નિમિત્તપ્રધાન કથન છે. આહા..હા..! **'અમે માત્ર શુદ્ધ આત્મદ્રવ્યરૂપ એક વૃત્તિ...'** ભગવાન આનંદસ્વરૂપ, અતીન્દ્રિય આનંદ વીતરાગમૂર્તિ એવી વીતરાગ પરિણતિથી **'સદા યુક્ત રહીએ છીએ.'** આ લખતી વખતે પણ એમ કહે છે કે અમે

તો વીતરાગ પરિણતિમાં છીએ. એ વિકલ્પમાં અમે નથી અને લખનાર અમે નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અમે માત્ર શુદ્ધ આત્મદ્રવ્યરૂપ...'** એમ. માત્ર શુદ્ધ આત્મદ્રવ્ય. કોઈપણ વ્યવહાર વિકલ્પ, નિમિત્ત બિલકુલ નહિ. એવી એક વૃત્તિ, એક જ પરિણતિથી. **'આત્મદ્રવ્યરૂપ એક વૃત્તિ (પરિણતિ)...'** એમ. વીતરાગ પરિણતિ. ઓહો..હો..! સમ્યગ્દર્શનપૂર્વક, સમ્યગ્જ્ઞાનપૂર્વક સ્વરૂપમાં લીનતાની રમણતા સદાય, સદાય ચોવીસ કલાક યુક્ત રહે છે. નિંદ્રા સમયે જે પોણી સેકન્ડ આદિમાં મુનિને નિંદ્રા આવી જાય છે એમાં અમે નથી. અમે તો અમારી વીતરાગી પરિણતિમાં યુક્ત રહીએ છીએ એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પીછલી રાત્રીમેં ભૂમિ.. થોડી નિંદ્રા આવે છે પોણી સેકન્ડની અંદર પ્રમાદ, એમાં (અમે) નથી. અમે તો સદા અમારી શુદ્ધ આત્મદ્રવ્યની પરિણતિ, એક પરિણતિ એક વૃત્તિ વીતરાગ એમાં સદા સહિત છીએ. રાગસહિત, પ્રમાદસહિત અમે નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

**'(હવે શ્લોક દ્વારા મુક્ત આત્માના જ્ઞાનનો મહિમા કરીને જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન અધિકારની પૂર્ણાહુતિ કરવામાં આવે છે :—)'** ૧૧.

**ज्ञेयीकुर्वन्नञ्जसासीमविश्वं**
**ज्ञानीकुर्वन् ज्ञेयमाक्रान्तभेदम्।**
**आत्मीकुर्वन् ज्ञानमात्मान्यभासि**
**स्फूर्जत्यात्मा ब्रह्म सम्पद्य सद्यः।।११।।**

ઓહો..હો..! **'અર્થ :- આત્મા બ્રહ્મને શીઘ્ર પામીને,...'** જુઓ, ભગવાન આત્મા પોતાનો બ્રહ્મ નામ પરમાત્મતત્ત્વ, પોતાની સિદ્ધદશા, નિર્મળદશા તે સિદ્ધદશા, પરમસ્વરૂપદશા. પરમાત્મ નામ પરમ સ્વરૂપદશાને અથવા સિદ્ધદશાને **'શીઘ્ર પામીને, અસીમ વિશ્વને ઝડપથી જ્ઞેયરૂપ કરતો,...'** અસીમ—જેની સીમા નથી એવા અનંત વિશ્વને ઝડપથી એક સમયમાં જ્ઞેયરૂપ કરતો થકો. લ્યો! પરને જ્ઞેયરૂપ કરતો થકો. એ જ્ઞેય પર છે એટલી પોતાની જ્ઞાનની પરિણતિ થાય છે તો પરને જ્ઞેયરૂપ કરતો થકો એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..! અહીં તો કહે છે કે વિશ્વને ઝડપથી જ્ઞેયરૂપ કરતો થકો. એમ. કથન શું કરે?

**'ભેદોને પામેલાં જ્ઞેયોને જ્ઞાનરૂપ કરતો...'** જુઓ, **'ભેદોને પામેલાં...'** **'(અર્થાત્ અનેક પ્રકારનાં જ્ઞેયોને જ્ઞાનમાં જાણતો)...'** એનો અર્થ છેને. જ્ઞાનમાં સર્વ ભેદોને જાણતો થકો. ભેદ છે પરમાં અનેક પ્રકાર પણ અહીંયાં તો પરિણતિ અભેદ એકરૂપ છે. સમજાણું કાંઈ? **'જ્ઞેયોને જ્ઞાનરૂપ કરતો...'** જ્ઞેયોને જ્ઞાનરૂપ કરતો થકો. **'અનેક પ્રકારનાં જ્ઞેયોને જ્ઞાનમાં જાણતો...'** એનો અર્થ એવો છે. કંઈ જ્ઞેય જ્ઞાનરૂપ થઈ જાય છે? **'અને સ્વપરપ્રકાશક જ્ઞાનને...'** જુઓ હવે સિદ્ધ તો આ કરવું છે. પોતાનું ત્રિકાળી જ્ઞાન દ્રવ્ય-ગુણ-પર્યાયનું અને ત્રિકાળી પરનું, તે સર્વને **'સ્વપરપ્રકાશક જ્ઞાનને...'** ભગવાન આત્માની પર્યાય

સ્વપરપ્રકાશકને '**આત્મારૂપ કરતો,...**' જુઓ, આત્મારૂપ કરતો થકો. પહેલા કહ્યું કે જ્ઞેયોને જ્ઞાનરૂપ કરતો થકો. એ જ્ઞાનને આત્મારૂપ કરતો થકો. જેટલું જ્ઞાન જ્ઞેય છે એટલું જ્ઞાન પોતાની પર્યાયમાં પોતાથી થઈ ગયું તો એવા આત્માને જ્ઞાનરૂપ કરતો થકો '**પ્રગટ-દેદીપ્યમાન થાય છે.**' જેમ ઝળહળ જ્યોતિ સૂર્ય હોય, તેમ ચૈતન્ય અસંખ્ય પ્રદેશે અનંત અસીમ પદાર્થને જાણવાની શક્તિ પ્રગટ થઈ ગઈ. જાજરમાન અસ્તિત્વ. ઓહો..હો..! એક સમયમાં ચૈતન્યની શક્તિ વ્યક્તરૂપ સર્વજ્ઞ પર્યાય દેદીપ્યમાન પ્રગટ થઈ ગઈ. લ્યો, આ ચારિત્રનું ફળ. સમજાણું કાંઈ? આમ અનુભવપૂર્વક જ્ઞાન ઉપયોગસહિત લીનતા થવાથી એક સમયમાં કેવળજ્ઞાન એવી પર્યાય થઈ કે પોતાના આત્મારૂપ કરતો થકો દેદીપ્યમાન છે, બસ! એનું નામ કેવળજ્ઞાન.

હવે ચરણાનુયોગની શૈલી ચાલે છે. અહીંયાં ત્રીજા અધિકારના શ્લોકની ઉત્થાનિકા છે. '**હવે શ્લોક દ્વારા, દ્રવ્ય અને ચરણનો સંબંધ બતાવીને જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન નામના દ્વિતીય અધિકારની અને ચરણાનુયોગસૂચક ચૂલિકા નામના તૃતીય અધિકારની સંધિ દર્શાવવામાં આવે છે :)**'

द्रव्यानुसारी चरणं चरणानुसारि
द्रव्यं मिथो द्वयमिदं ननु सव्यपेक्षम्।
तस्मान्मुमुक्षुरधिरोहतु मोक्षमार्गं
द्रव्यं प्रतीत्य यदि वा चरणं प्रतीत्य।।१२।।

શું કહે છે સાંભળો. '**ચરણ દ્રવ્યાનુસાર હોય છે અને દ્રવ્ય ચરણાનુસાર હોય છે—**' એની વ્યાખ્યા. ચરણ (અર્થાત્) જેટલી આત્મામાં વીતરાગી પરિણતિ ભૂમિકા પ્રમાણે જે થઈ એ દ્રવ્યાનુસાર ચરણ હોય છે. એ પ્રમાણે રાગની મંદતાનો વિકલ્પ એ ભૂમિકા પ્રમાણે ત્યાં હોય છે. થોડી ઝીણી વ્યાખ્યા છે. આહા..હા..! '**ચરણ દ્રવ્યાનુસાર હોય છે...**' દ્રવ્યનો અર્થ અહીંયાં પદાર્થ વસ્તુ નહિ. દ્રવ્યની શુદ્ધ પરિણતિને દ્રવ્યાનુસાર કહેવામાં આવે છે. ભગવાન આત્મા પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસહિતની વીતરાગ પરિણતિ એ પરિણતિને અહીંયાં દ્રવ્યાનુસાર કહેવામાં આવે છે. એય..! ધન્નાલાલજી! શું છે?

દ્રવ્યાનુસાર ચરણ હોય છે. એનો અર્થ ઈ છે કે દ્રવ્ય જે ભગવાન આત્મા શુદ્ધ આનંદમૂર્તિ એની જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગ પરિણતિ થઈ તેને અહીંયાં દ્રવ્યાનુસાર પરિણતિ કહે છે. અને એ દ્રવ્યાનુસાર પરિણતિ જે થઈ એ પ્રમાણે ભૂમિકામાં છઠ્ઠા ગુણસ્થાન આદિમાં પંચ મહાવ્રતનો, અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ ઉઠે છે એની ભૂમિકા નિર્દોષ જેટલી ઉત્પન્ન થઈ એ પ્રમાણે ત્યાં રાગની મંદતાનું ચરણ નામ વ્યવહારચારિત્ર હોય છે. ફરીને.

મુમુક્ષુ :- આ નવી વાત છે.

ઉત્તર :- આ નવી વાત નથી, વસ્તુનું સ્વરૂપ એવું છે. અહીં તો હવે ચરણાનુયોગની સંધિ કરવી છેને. આહા..હા..!

ચરણ. ચરણ નામ અહીં ચારિત્ર નહિ. ચરણ નામ વ્યવહારનો વિકલ્પ. પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ એવો જે વિકલ્પ છે તેને અહીંયાં ચરણ કહે છે. દેવચંદજી! ચરણાનુયોગ છેને? હવે ચરણાનુયોગ લેવો છેને. છઠ્ઠે ગુણસ્થાને દ્રવ્યાનુસાર (એટલે) જેટલી પોતાની વીતરાગ પરિણતિ થઈ એ અનુસાર ત્યાં રાગની મંદતા થાય છે, પંચ મહાવ્રતનો વિકલ્પ આદિ. વસ્ત્ર લેવાનો વિકલ્પ કે એને માટે બનાવેલા આહારનો વિકલ્પ એવી ભૂમિકામાં હોતો નથી. એ માટે દ્રવ્યાનુસારી ચરણ કહેવામાં આવ્યું છે. આહા..હા..!

ફરીને. જે વિકલ્પની ભૂમિકા વ્યવહારની છે છઠ્ઠા ગુણસ્થાને, પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ આદિ. એ કેવું છે ચરણ? કે દ્રવ્યનુસાર. જેટલી વીતરાગ પરિણતિ ઉત્પન્ન થઈ છે એ પ્રમાણે એને રાગની મંદતાનો વિકલ્પ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? વીતરાગ પરિણતિ હોય અને વસ્ત્ર-પાત્ર લેવાનો વિકલ્પ કે એને માટે બનાવેલા આહાર લેવાનો વિકલ્પ થાય તે દ્રવ્યાનુસારી ચરણ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ, એ વ્યવહાર નથી.

અહીંયાં તો વીતરાગ પરિણતિ ઉત્પન્ન થઈ છે ત્યાં એ પ્રમાણમાં ત્યાં રાગની મંદતા અઠ્યાવીશ મૂળગુણ આદિ છે. એ ભૂમિકામાં નિમિત્તપણું એવું છે એ બતાવવું છે. તો એ ચરણ દ્રવ્યાનુસારી છે એમ કહ્યું પહેલા પદમાં. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! અહીં તો કુંદકુંદાચાર્યે ચરણાનુયોગનું કથન પણ નિશ્ચયની ભૂમિકા પ્રમાણમાં શું છે એ અલૌકિક રીતે કહ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? 'ચરણ...' ચરણ નામ વિકલ્પાત્મક ભાવ, છઠ્ઠે ગુણસ્થાને જે વિકલ્પાત્મક પંચ મહાવ્રતાદિનો વિકલ્પ, બસ. '**દ્રવ્યાનુસાર હોય છે...**' જેવી દ્રવ્યની વીતરાગી પરિણતિ ઉભી થઈ એ પ્રમાણમાં રાગની મંદતાનો ચરણ નામ વિકલ્પ ભૂમિકામાં થાય છે. એ ભૂમિકાથી વિરુદ્ધ વિકલ્પ થતો નથી.

મુમુક્ષુ :- અભ્યાસ કરવાથી...

ઉત્તર :- કરવાથી નહિ. એ તો કહેશે કરવાથી, પણ પોતાની મેળે થાય છે. ચરણાનુયોગનું કથન છે તો કરવાથી એમ આવશે, પણ એમાં આ છે. એવી વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અલૌકિક રીતે ચરણાનુયોગને સ્વભાવની દૃષ્ટિ અને અનુભવસહિત સ્થિરતાના કાળમાં કેવો વિકલ્પ હોય તેનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ અલૌકિક રીતે કહ્યો છે. સમજાણું કાંઈ? કોઈ કહે કે ભાઈ, મુનિને વીતરાગ પરિણતિ તો છે, પણ એને હજી વસ્ત્ર, પાત્ર લેવાનો ભાવ પણ આવે છે. તો એ વાત જૂઠી છે. એ ચરણ દ્રવ્યાનુસારી નથી. સમજાણું કાંઈ? અને વીતરાગ પરિણતિ છઠ્ઠી ભૂમિકા પ્રમાણમાં પ્રગટ થઈ દ્રવ્યાનુસાર, તો એના ચરણમાં એને માટે બનાવેલા ભોજન લેવાનો વિકલ્પ થાય એ દ્રવ્યાનુસારી ચરણ નથી. એ વિપરીત ભાવ છે. આહા..હા..!

સમજાણું કાંઈ?

'**ચરણ દ્રવ્યાનુસાર હોય છે...**' આહા..હા..! કેટલી વાત કરે છે! ત્રણ કષાયનો અભાવ મુનિ. ગજબ વાત છે! સિંહવૃત્તિ ઉત્પન્ન થઈ છે. આહા..હા..! ધન્ય અવતાર છેને! સમજાણું કાંઈ? એ ચારિત્ર એ નિશ્ચય ચારિત્ર છે. એવું નિશ્ચયચારિત્ર જે દ્રવ્યાનુસાર છે તેના પ્રમાણમાં વ્યવહારનો વિકલ્પ ઉત્પન્ન થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ફરીને કહીએ છીએ. થોડો-થોડો વિસ્તાર થાય છે.

'**ચરણ દ્રવ્યાનુસાર હોય છે...**' એનો અર્થ ચાલે છે. ચરણ નામ જે છઠ્ઠી ભૂમિકામાં જે વિકલ્પાત્મક પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ આવે છે એટલા પ્રમાણમાં અહીંયા દ્રવ્યાનુસાર નિર્મળતા થઈ એ પ્રમાણે રાગની મંદતા થાય છે. જેટલી વીતરાગ પરિણતિ મુનિને પ્રગટ થઈ એ પ્રમાણે ત્યાં રાગની મંદતાનો વિકલ્પ આવે છે. તેને વિશેષ વિકલ્પ આવે, હું સ્ત્રીનો સંગ કરું, સમજાણું કાંઈ? અને વસ્ત્ર પહેરી લઉં, ઠંડી છે તો અગ્નિને જરા આમ કરું-એવો વિકલ્પ દ્રવ્યાનુસાર પ્રમાણે એવું ચરણ હોતું જ નથી. આહા..હા..! દેવચંદજી! સમજાણું કાંઈ? શ્વેતાંબર કહે છે કે ભવસ્થિતિ પાકી ગઈ હોય તો વસ્ત્ર-પાત્રસહિત એને માટે દ્રવ્યાનુયોગનું જ્ઞાન હોય તો આધાકર્મી આહાર પણ લે તો એને દોષ નથી. બિલકુલ જૂઠી વાત છે. સમજાણું કાંઈ? કેમકે ભૂમિકામાં જ્યાં વીતરાગતા ત્રણ કષાયના અભાવની દશા પ્રગટ થઈ એ પ્રમાણે રાગની મંદતાનો ભાવ આવશે, બીજી રીતે આવશે નહિ એમ કહે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- સંજ્વલન નહિ પણ દેશ.. સમજાણું? સર્વઘાતિ એમાં સ્પર્ધક છે પણ અહીંયા ઉદય નથી હજી. દેશઘાતિ સ્પર્ધક છે. સમજાણું કાંઈ? પ્રકૃતિ દેશઘાતિ છે, પણ દેશઘાતિનો સ્પર્ધક બે પ્રકારના છે. એક દેશઘાતિનો સ્પર્ધક છે. તો રાગ એટલો મંદ આવે છે, વિકલ્પની એટલી મંદતા હોય કે એક પરને દુઃખ ન દઉં એવો સહજ વિકલ્પ. અને સત્ય બોલું એવો વિકલ્પ સહજ, દેહથી બ્રહ્મચર્ય પાળવાનો વિકલ્પ સહજ, અપરિગ્રહ—નગ્નપણાનો એક વિકલ્પ સહજ. એ વિકલ્પની મર્યાદા અહીંયાં ત્રણ કષાયનો અભાવ થયો છે તે પ્રમાણમાં એવી વિકલ્પની મર્યાદા હોય છે. સમજાણું કાંઈ? ભાઈ! મુનિપણું તો આવી ગયું... લ્યો! શ્વેતાંબરમાં કહે છે કે ભરત ચક્રવર્તીને કેવળજ્ઞાન તો થયું, કેવળજ્ઞાન અરીસાભવનમાં, પણ ઈન્દ્રે વંદન ન કર્યા. કેમ? કે ભેખ નથી લીધો હજી. વસ્ત્રાદિ ભેખ ધારણ કરે તો તરત વંદન કરે. તદ્દન ખોટી વાત છે. સમજાણું કાંઈ? કેવળજ્ઞાનની ભૂમિકા પ્રગટ થઈ અને એને વિકલ્પ છે અને વસ્ત્ર-પાત્ર હોય એમ ત્રણ કાળમાં બનતું નથી. એવો એમાં લેખ આવે છે. સમજાણું કાંઈ? બહુ ગડબડ-ગડબડ.

એ માટે અહીંયાં કુંદકુંદાચાર્ય કહે છે કે જેને ત્રણ કષાયનો અભાવ થઈને ચારિત્ર પ્રગટ

થયું સમકિતીને, તેની દશામાં એ વીતરાગતાની યોગ્યતાને નૈમિત્તિક, રાગ નિમિત્ત છે, પણ એટલા પ્રમાણમાં રાગ આવે છે. અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય એટલા પ્રમાણમાં (વિકલ્પ આવે છે). તો એ દ્રવ્યાનુસાર ચરણ અથવા ચરણ દ્રવ્યાનુસાર કહેવામાં આવે છે. પંડિતજી! શ્લોક કઠણ છે.

બીજું, **'અને દ્રવ્ય ચરણાનુસાર હોય છે...'** જુઓ, હવે શું કહે છે? એટલે કે શુદ્ધિ એટલી ત્યાં છે કે રાગની મંદતા પંચ મહાવ્રત અહિંસાનો વિકલ્પ છે એના પ્રમાણમાં ત્યાં શુદ્ધિ વીતરાગની પરિણતિ પોતાથી થાય છે. સમજાણું કાંઈ? એવા મહાવ્રતના પરિણામ વિકલ્પ છે અને અંદર ત્રણ કષાયનો અભાવ ન હોય એમ બનતું જ નથી એમ કહે છે. આહા..હા..! દ્રવ્ય એટલે દ્રવ્યાનુસાર. દ્રવ્ય શબ્દે પર્યાય લેવી અહીંયાં. શબ્દ તો દ્રવ્ય શબ્દ છે, પણ વીતરાગની પરિણતિ જે મુનિને છે એ દ્રવ્ય ચરણાનુસાર હોય છે. જેમ પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ છે એટલા પ્રમાણમાં અહીંયાં વીતરાગની પરિણતિ પોતામાં પ્રગટ થઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એય..! ધન્નાલાલજી! આ તો શેઠ છેને નિવૃત્તિવાળા. દુકાનનો ધંધો ઓછો કરી નાખ્યો. ઓહો..હો..! ભગવાન કુંદકુંદાચાર્યની શૈલી ચરણાનુયોગની સાથે દ્રવ્યાનુયોગને મેળવવો કેવી શૈલી છે! અલૌકિક વાત છે. સમજાણું કાંઈ?

અન્યમાં તો કહે છે કે એક સ્ત્રી હતી ગોરાણી. ગોરાણી રાતે સૂતી હતી તો એની શિષ્યા હતી તે એના પગ દાબતી હતી. પગ દાબતા દાબતા એને કેવળજ્ઞાન થઈ ગયું. અને કેવળજ્ઞાન થઈ ગયું તો એની ગોરાણીનો આમ હાથ હતો નીચે, ત્યાં નીચે સર્પ નીકળ્યો સર્પ અંધારામાં. તો આમ હાથ ઉપાડી લીધો. તો ગોરાણીએ કહ્યું શું થયું? અંધારામાં શું દેખાય છે? કેવું જ્ઞાન થયું? જ્ઞાન થયું છે. અપ્રતિહત? અપ્રતિહત. અપ્રતિહત એટલે કેવળજ્ઞાન. ગપ્પ છે. એમ બનતું નથી. એક તો સ્ત્રીને (કેવળજ્ઞાન), બીજું પગચંપી કરતા કરતા અને કેવળજ્ઞાન થયા પછી એ હાથ પાસે સર્પ નીકળ્યો તો સર્પને દૂર કર્યો, બધી ખોટી વાત છે. એવી વિકલ્પની દશા ત્યાં હોતી નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! બહુ વાત ચાલે છે. શ્રીમદ્‌માં પણ આવે છેને.

મુમુક્ષુ :- આપની કૃપાથી.

ઉત્તર :- આપની કૃપાથી વળી એમ કહે. કેવળજ્ઞાન થયું? કે તમારી કૃપાથી. આપની કૃપાથી થયું.

અહીંયાં તો કહે છે કે વીતરાગતા પરિણતિ જેટલી મુનિને થઈ હોય તે પ્રમાણે રાગની મંદતાનો ભાવ હોય છે અને રાગની મંદતાનો જેટલો ભાગ છે એ પ્રમાણમાં વીતરાગ પરિણતિ અહીંયાં છે. એમ કહ્યું છે. આહા..હા..! ગજબ વાત છે! નિશ્ચયની સાથે વ્યવહારની નિમિત્તતા કેવી છે અને વ્યવહારના વિકલ્પની સાથે નિશ્ચયની વીતરાગ પરિણતિ કેવી છે એ બતાવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઘણી ગડબડ થઈ ગઈ છે. જૈનદર્શનને નામે પણ એટલી

ગડબડ થઈ ગઈ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો વસ્તુનું સ્વરૂપ જ એવું છે એમ કહે છે. જ્યારે ચારિત્રદશા, વીતરાગદશા પ્રગટ થઈ અને વિકલ્પમાં સ્ત્રીનો સંગ કરવાનો, વસ્ત્ર લેવાનો, પાત્ર લેવાનો, ભોજન બનાવેલું હોય ચોકા લેવાનો ભાવ થાય એ દ્રવ્યાનુસાર ચરણ છે જ નહિ. સમજાણું કાંઈ? અને ચરણ અનુસાર દ્રવ્ય છે. જેટલી ત્યાં રાગની મંદતા ઉત્પન્ન થઈ છે એ પ્રમાણે સામે વીતરાગ પરિણતિ સ્વયં પોતાથી ત્યાં ઉત્પન્ન થઈ છે. ત્યારે નિશ્ચય અને વ્યવહાર બેની યથાર્થ સંધિ કહેવામાં આવે. આહા..હા..! સંધિ બતાવે છે. સમજાણું કાંઈ?

'**ચરણ દ્રવ્યાનુસાર હોય છે અને દ્રવ્ય ચરણાનુસાર હોય છે—એ રીતે તે બન્ને પરસ્પર અપેક્ષાસહિત છે;...**' જ્યાં વીતરાગ પરિણતિ મુનિની અંતરમાં થઈ એના પ્રમાણમાં જ પંચ મહાવ્રતાદિના વિકલ્પની દશા થાય છે અને વિકલ્પની દશાના પ્રમાણમાં જ અહીંયાં વીતરાગ પરિણતિ પોતાથી થઈ છે. '**એ રીતે તે બન્ને પરસ્પર...**' સાપેક્ષ છે. પંડિતજી! આ પ્રવચનસાર વાંચ્યું છે કે નહિ? આહા..હા..! માર્ગ એવો છે, ભગવાન! માર્ગ .. ઓહો..હો..! આચાર્યોએ કેટલી સ્પષ્ટતા! સૂર્ય જેવી સ્પષ્ટતા કરી દીધી છે. આહા..હા..! વીતરાગી મુનિ હોય અને પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ વિનાની બીજી કષાયની તીવ્રતા થાય એમ બનતું નથી એમ કહે છે. અને જ્યાં આવી પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પની દશા થાય ત્યાં અંદર ત્રણ કષાયના અભાવની વીતરાગદશા હોય છે. કોઈ કહે કે ત્યાં પંચ મહાવ્રતના પરિણામ છે અને અહીંયાં બે કષાયના અભાવની વીતરાગ પરિણતિ છે તો એ નિશ્ચય સહિત વ્યવહાર છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તે બન્ને પરસ્પર અપેક્ષારહિત છે;...**' એ વાત લેવી છે હોં! નહિતર એવી એક વાત છે કે સમ્યગ્દૃષ્ટિ હોય છતાં છઠ્ઠા ગુણસ્થાનની વિકલ્પની ક્રિયા હોય તો એને પણ દ્રવ્યલિંગી કહેવામાં આવે છે. સાંભળ્યું છે કે નહિ? તત્ત્વાર્થ રાજવાર્તિકમાં છે. સમ્યગ્દર્શન અંદર છે અને છઠ્ઠી ભૂમિકા ન હોય ગુણસ્થાનની, છતાં બહારમાં એની અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પની ક્રિયા બરાબર હોય, વ્યવહાર મુનિપણાની ક્રિયા બરાબર હોય, પણ એ નિશ્ચયસહિતનો વ્યવહાર નથી માટે તેને દ્રવ્યલિંગી કહે છે. સમકિતસહિત હોય છતાં પણ હોં! મિથ્યાદૃષ્ટિ તો દ્રવ્યલિંગી છે જ.

મુમુક્ષુ :- એ તો મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી છે.

ઉત્તર :- આ તો સમ્યગ્દૃષ્ટિ દ્રવ્યલિંગી. કેમકે સમ્યક્ અનુભવ છે નિર્વિકલ્પ, છતાં મુનિપણું લઈ લીધું છે બહારથી વ્યવહારક્રિયા, પણ અંદરમાં છઠ્ઠું ગુણસ્થાન નથી. અંદરમાં સમ્યક્ અનુભવ છે ચોથી ભૂમિકા. બહારમાં આચરણમાં છઠ્ઠી ભૂમિકાને યોગ્ય અઠ્યાવીશ મૂળગુણ છે, પણ એ નિશ્ચયસહિત વ્યવહાર નથી માટે એને દ્રવ્યલિંગી કહેવામાં આવે છે. અને પાંચમું

ગુણસ્થાન અંદરમાં હોય અને બહારમાં ક્રિયા નગ્નદશા અઠ્યાવીશ મૂળગુણની બહારમાં હોય, તે નવમી ગ્રૈવેયક ચાલ્યા જાય છે. રાજવાર્તિકમાં છે. પાંચમું ગુણસ્થાન. ચોથાવાળા ચાલ્યો જાય, પણ એ અઠ્યાવીશ મૂળગુણ... પહેલાવાળો જાય છે. મિથ્યાદષ્ટિ પણ અઠ્યાવીશ મૂળગુણ આદિ, શુક્લલેશ્યા આદિ એના પ્રમાણમાં હો.

અહીં જે કહે છે કે એ તો બે ભૂમિકાની યથાર્થ (વાત બતાવે છે). જેવો નિશ્ચય એવો વ્યવહાર અને વ્યવહાર એવો નિશ્ચય. એ બતાવવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ આ. તત્ત્વાર્થ રાજવાર્તિકમાં તો એમ આવ્યું કે મિથ્યાદષ્ટિ દ્રવ્યલિંગી એ પણ નવમી ગ્રૈવેયકે જાય છે. શુક્લલેશ્યા અઠ્યાવીશ મૂળગુણ મહાક્રિયાકાંડના શુક્લ પરિણામ અને સમ્યગ્દષ્ટિ પણ અઠ્યાવીશ મૂળગુણ આદિ શુક્લલેશ્યાથી નવમી ગ્રૈવેયક જાય છે તોપણ એ દ્રવ્યલિંગી (છે), સમકિતસહિત દ્રવ્યલિંગી. પેલો મિથ્યાત્વસહિત દ્રવ્યલિંગી. અને પાંચમા ગુણસ્થાનવાળો હોય અંદરમાં અને બહારમાં ક્રિયા બરાબર અઠ્યાવીશ મૂળગુણ મુનિની જેવી હોય એવો હોય એ પણ નવમી ગ્રૈવેયક ચાલ્યો જાય છે. પણ એ દ્રવ્યલિંગી છે.

મુમુક્ષુ :- ભાવલિંગી પણ જાય.

ઉત્તર :- હવે ભાવલિંગી છઠ્ઠા ગુણસ્થાને મુનિની જે વીતરાગદશા અહીંયા કહે છે એવી છે અને એના પ્રમાણમાં વિકલ્પની મંદતા આદિનો ભાવ છે અને જેવો મંદતા ભાવ છે એવી વીતરાગતા છે. એ પણ દેહ છોડીને નવમી ગ્રૈવેયક ચાલ્યા જાય છે. આહા..હા..! સહજ એ જાતની વીતરાગ પરિણતિ નથી. આહા..હા..!

અહીંયા એ વાત નથી લેવી. ભાઈ! અહીંયા તો વીતરાગ પરિણતિ મુનિને યથાર્થ ત્રણ કષાયનો અભાવ થઈને સ્થિરતાનો અનુભવ થઈ ગયો છે તો એના પ્રમાણમાં એ અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ આવશે. બીજો વિકલ્પ એને છોડીને અતિરેક આવે એમ છે નહિ. સમજાણું કાંઈ? છતાં એ છે બંધનું કારણ. પણ એ બંધનું કારણ વિકલ્પની મર્યાદા એની એટલી છે તો એને દ્રવ્યાનુસાર ચરણ કહેવામાં આવ્યું છે. છે તો બંધનું કારણ, પણ બંધના કારણમાં પણ એટલી દશાની મંદતા જેટલો જ રાગ છે એની પાસે. બીજો તીવ્ર રાગ આવી જાય તો એ ભૂમિકાને યોગ્ય ચરણ છે જ નહિ. આહા..હા..! ભારે વાત ભાઈ! આહા..હા..! દેવચંદજી! આહા..હા..! દ્રવ્યાનુયોગ ચાલ્યો તો થોડું હવે ચરણાનુયોગની સંધિ કેવી છે એ પણ થોડી સાથે લઈ લેવી. આહા..હા..!

કહે છે કે બંને સાપેક્ષ છે. '**તેથી કાં તો દ્રવ્યનો આશ્રય કરીને...**' હવે સાંભળો. આમાં પણ ગંભીરતા છે. ભગવાન તો કહે છે કે '**भूदत्थमस्सिदो**' સમ્યગ્દર્શન. ત્રિકાળને-ભૂતાર્થને આશ્રયે સમ્યગ્દર્શન, ભૂતાર્થને આશ્રયે જ્ઞાન અને ભૂતાર્થને આશ્રય ચારિત્ર. અહીંયાં બીજું લેશે. જુઓ! '**દ્રવ્યનો આશ્રય કરીને...**' દ્રવ્યના આશ્રયનો અર્થ? જે વીતરાગ પરિણતિ પ્રગટ થઈ છે એનું જ્ઞાન કરીને '**અથવા તો ચરણનો આશ્રય કરીને...**' ભાષા જુઓ.

જ્ઞાન લેવું. ચરણનો આશ્રય કરીને એનો અર્થ? જે છઠ્ઠે ગુણસ્થાનમાં ભૂમિકા પ્રમાણે રાગ વિકલ્પ મંદ છે એનું જ્ઞાન કરવું કે આ આટલા પ્રમાણમાં છે તો એટલા પ્રમાણમાં વીતરાગતા છે. અહીંયાં વીતરાગતા છે તો એટલા પ્રમાણમાં રાગ છે. એ આશ્રયની વ્યાખ્યા છે. આશ્રય કરવો-ચરણનો આશ્રય કરવો, રાગનો આશ્રય કરવાથી લાભ થાય એવી વાત છે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વસ્તુ સ્વરૂપ એવું છે.

કહે છે કે દ્રવ્યનો આશ્રય લઈને એટલે કે વીતરાગ પરિણતિને જાણીને કે એ વીતરાગ પરિણતિ છઠ્ઠા ગુણસ્થાનની આટલી છે બસ, એને જાણી અથવા ચરણનો આશ્રય જાણીને. પંચ મહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ એવો વ્યવહાર છે એમ જાણીને '**મુમુક્ષુ મોક્ષમાર્ગમાં આરોહણ કરો.**' આ મોટી ગડબડ કરે છે અર્થમાં. જુઓ! અહીંયાં ચરણનો આશ્રય લેવો અને દ્રવ્યનો આશ્રય લેવો બેય કહ્યું છે. એમ નથી. સમજાણું કાંઈ? પહેલા જે કહ્યું કે જેમ છઠ્ઠી ભૂમિકામાં વીતરાગ પરિણતિ સહજ દશા શક્તિની વ્યક્તતા થઈ છે એ પ્રમાણમાં રાગની મંદતા, રાગની મંદતા, સંજ્વલનની મંદતા થઈ એ પ્રમાણમાં રહી. સમજાણું કાંઈ? અને એ રાગની મંદતા જેટલી રહી એ પ્રમાણમાં અહીંયાં પોતાથી વીતરાગ પરિણતિ પ્રગટ થઈ છે. બસ, હવે? કાં વીતરાગ પરિણતિનું જ્ઞાન કરીને રાગનું જ્ઞાન કરો કે રાગ આવો છે. કાં રાગનું જ્ઞાન કરીને જાણો કે વીતરાગ પરિણતિ આવી છે. આશ્રય કરવાનો, રાગનો આશ્રય કરવાથી લાભ થાય કે આશ્રય કરવા લાયક છે એ વાત અહીંયા નથી. જાણવું બસ એટલું. જ્ઞાનમાં જાણે કે ઓહો..! અઠ્યાવીશ મૂળગુણની વિકલ્પદશા એ ભૂમિકા પ્રમાણે છે એવા ચરણનો આશ્રય કરો. આશ્રય નામ એ ચરણનું જ્ઞાન કરો. અને એ ભૂમિકા પ્રમાણે અંદર વીતરાગ પરિણતિ છે તે દ્રવ્યનું જ્ઞાન કરો. એને દ્રવ્યનો આશ્રય કહેવામાં આવે છે, જ્ઞાન કરવું એ. ઓલી રાગની મંદતાનું જ્ઞાન કરવું એને ચરણનો આશ્રય કહેવામાં આવે છે. ચરણનો આશ્રય કરવાથી લાભ છે કે એ પ્રશ્ન અહીંયા નથી. આહા..હા..! ચરણાનુયોગની સંધિ કરે છેને. સમજાણું કાંઈ? ભારે ઝીણું ભાઈ આ તો. બાપુ! માર્ગ જ એવો છે, પ્રભુ! તારો માર્ગ એવો છે ભાઈ! આહા..હા..! કોઈએ બનાવ્યો છે એમ નથી. વસ્તુનું સ્વરૂપ જ એવું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુનિપણું હોય અને સ્ત્રીના વિષયની ભોગની વાસના ઉત્પન્ન થાય એમ હોતું નથી. સમજાણું કાંઈ? અને મુનિપણું હોય અને એની દશામાં ચાહે તો આહાર-પાણી એને માટે બનાવ્યા હોય એ લેવાનો ભાવ થાય એમ ત્રણ કાળમાં બનતું નથી. એ ચરણ અનુસાર દ્રવ્યાનુયોગ અને દ્રવ્ય અનુસાર ચરણાનુયોગ એની પાસે છે જ નહિ. પંડિતજી! આહા..હા..! કુંદકુંદાચાર્યની શૈલી વસ્તુના સ્વરૂપને પ્રસિદ્ધ કરે છે. નિશ્ચયમાં વ્યવહાર કેટલો પ્રસિદ્ધ છે? અને વ્યવહારની

પ્રસિદ્ધિના કાળે નિશ્ચય કેટલો છે તે પ્રસિદ્ધ કરે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મરી જાય. શું કરે? પહેલેથી શું કામ લઈ લીધું? ભાન વિના પ્રતિજ્ઞા કેમ લઈ લીધી? ખબર નથી? દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એવો નથી. નિર્દોષ એક પાણીનો લોટો મળવો મુશ્કેલ છે અત્યારે તો. એવા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ છે જ ક્યાં? તો ખબર વિના મિથ્યાદષ્ટિપણે પ્રતિજ્ઞા લઈ લીધી છે. દ્રવ્યલિંગી પણ નથી. દ્રવ્યલિંગી કોને કહે? દ્રવ્યલિંગી તો એના પ્રમાણમાં અઠ્યાવીશ મૂળગુણ ચોખ્ખા હોય એની વૃત્તિ જે મુનિની હોય, ભલે મિથ્યાદષ્ટિ હોય, પણ બરાબર આગમ પ્રમાણે આહાર લે. એના માટે ચોકા કરીને (કરેલો આહાર લેવો) એમ ન હોય અને આગમ પ્રમાણે વ્યવહાર શ્રદ્ધા, આગમ પ્રમાણે વ્યવહાર જ્ઞાન, આગમ પ્રમાણે વ્યવહાર આચરણ (હોય). સમ્યગ્દર્શન નથી તો તેને દ્રવ્યલિંગી કહે છે. પણ અહીં તો આગમ પ્રમાણે વ્યવહારના આચરણના જ ઠેકાણા નથી અને વ્યવહારના ઠેકાણા નથી. નિશ્ચય અને વ્યવહાર એકેય નથી. સાંભળ તો ખરો. આ તો વીતરાગનો માર્ગ છે. અહીં કોઈ પક્ષનો માર્ગ છે? સમજાણું કાંઈ? બેય ખરાબ છે અને માને છે કે અમે મુનિ છીએ અને આમ છે એ તો ગૃહીત મિથ્યાત્વ છે. આહા..હા..! એય..! પંડિતજી! માર્ગ તો એવો છે, ભગવાન! આહા..હા..! આ કોઈ પક્ષ નથી. અહીંયાં કોઈની સિફારીશ લાગુ નથી પડતી. આ તો માર્ગ એવો છે. આહા..હા..! પ્રતિજ્ઞા લેતી વખતે ખબર ન પડી કે મારા માટે આહાર-પાણી નહિ મળે તો હું શું કરીશ? સમજાણું કાંઈ? દેહ છોડી દે.

મિથ્યાદષ્ટિની પ્રતિજ્ઞા પણ.. ઈ આવે છેને ભાઈ મોક્ષમાર્ગપ્રકાશકમાં? મિથ્યાદષ્ટિ પણ એવી પ્રતિજ્ઞા લેવી છે, ભલે મિથ્યાદષ્ટિ હોય, ધર્મ નથી, પણ (પ્રતિજ્ઞા એવી હોય કે) પ્રાણ જાય તોપણ મારા માટે આહાર-પાણી કર્યા હોય એ ન લઉં એવી પ્રતિજ્ઞા લે છે. એ શુભભાવ છે એને, ધર્મ નથી. એમ આવે છે મોક્ષમાર્ગ પ્રકાશકમાં. અને સમ્યગ્દષ્ટિ જે પ્રતિજ્ઞા લે છે એ તો વિવેકસહિત લે છે. એ તો માપ પોતાની શક્તિનું કેટલું છે? વીતરાગતા કેટલી છે? રાગ કેટલો થશે? કેટલો ટળ્યો છે? દ્રવ્ય-ક્ષેત્ર-કાળ કેટલા છે? બધાનો વિચાર કરે છે સમ્યગ્દષ્ટિ. રાગની મંદતાનો વિકલ્પ એને આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એમાં આવે છે. વર્તમાન ભરોસે પ્રતિજ્ઞા ન લેવી. એમાં આવ્યું છે. વિશેષ ખુલાસો આવશે લ્યો કાલે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જેઠ વદ ૧૨, બુધવાર, તા. ૧૧.૦૬.૧૯૬૯**
**ગાથા-૨૦૧, શ્લોક-૧૨-૧૩, પ્રવચન-૧૮૦**

૧૨મો કળશ છેને? ૧૨મો કળશ છે, જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપનનો છેલ્લો છે.

द्रव्यानुसारी चरणं चरणानुसारि
द्रव्यं मिथो द्वयमिदं ननु सव्यपेक्षम्।
तस्मान्मुमुक्षुरधिरोहतु मोक्षमार्गं
द्रव्यं प्रतीत्य यदि वा चरणं प्रतीत्य।।१२।।

છેલ્લે ભગવાન અમૃતચંદ્રાચાર્ય કહે છે કે 'ચરણ દ્રવ્યાનુસાર હોય છે...' એટલે કે જે દ્રવ્યની શુદ્ધ પર્યાય મુનિને યોગ્ય જે વીતરાગ પરિણતિ થઈ તે દ્રવ્યાનુસાર (હોય છે). એના પ્રમાણમાં એની ભૂમિકામાં ચરણ નામ રાગની મંદતા આદિનો ભાવ હોય છે. સમજાણું કાંઈ? ચરણ એટલે રાગની મંદતાની ક્રિયા, પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ એવો જે વિકલ્પ છે તે દ્રવ્યાનુસાર (હોય). દ્રવ્યની અનુભવ, દૃષ્ટિ અને એમાં સ્થિરતા ત્રણ કષાયના અભાવની વીતરાગ પરિણતિ થઈ હોય એ પૂર્વક ત્યાં ચરણ હોય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ચરણનો અર્થ અહીંયાં મંદ કષાય?

ઉત્તર :- મંદ કષાય. મંદ કષાયનો અર્થ એ ભૂમિકાને યોગ્ય ત્યાં મુનિપણું અંતરમાં હોય વીતરાગ પરિણતિ અને વસ્ત્ર-પાત્ર, સદોષ આહાર લેવાનો ભાવ હોય તો એ દ્રવ્યાનુસારી ચરણ નથી.

મુમુક્ષુ :- એટલે દ્રવ્ય શુદ્ધ ન હોય એમ થયું?

ઉત્તર :- દ્રવ્ય શુદ્ધમાં એટલી શુદ્ધતા હોય ત્યાં તો અશુદ્ધતાનો તીવ્ર વિકલ્પ હોય એવો આવતો જ નથી. એટલે દ્રવ્યાનુસારી ચરણ એવો શબ્દ છે જરી. સંધિ કરી છે. ભાઈ! સમજાણું કાંઈ? રાગની મંદતાનું એકલું ચરણ હોય તોપણ એ દ્રવ્યાનુસારી ન થયું. અંતરમાં સ્વદ્રવ્યના આશ્રયે અનુભવ સમ્યગ્દર્શનપૂર્વક વીતરાગ પરિણતિ થાય તો એ દ્રવ્યાનુસારી ચરણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એકલી રાગની મંદતાની ક્રિયા હોય તો એ તો વ્યવહારાભાસ છે, એ વસ્તુ નથી. સમજાણું કાંઈ? અને છઠ્ઠે ગુણસ્થાનને યોગ્ય ત્રણ કષાયના અભાવરૂપ દ્રવ્યાનુસારી પરિણતિ થઈ અને ત્યાં રાગની એવી તીવ્રતા હોય કે વસ્ત્ર લેવા, પાત્ર લેવા, એના માટે બનાવેલું ભોજન લેવું એવો રાગ હોય તો એ દ્રવ્યાનુસારી ચરણ નથી. વીતરાગ પરિણતિને યોગ્ય જે નિમિત્ત રાગની પરિણતિ છે એવું એ (ચરણ) નથી. એને યોગ્ય જ હોય છે. ભારે ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એને અનુસાર જ હોય છે. જેટલો ત્રણ કષાયનો નાશ થયો... એમ નીચે લ્યો. સમ્યગ્દર્શન અંતર અનુભવ દૃષ્ટિ થઈ તો તેને કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને નમન કરે એવો રાગ નથી હોતો. સમજાણું કાંઈ? પણ એ કુગુરુ-કુદેવને નમસ્કાર ન કરે માટે ત્યાં સમ્યગ્દર્શન છે એમ નથી. સમજાણું કાંઈ?

અહીંયાં તો સમ્યક્ ચૈતન્યનો શુદ્ધ નિર્વિકલ્પ અનુભવ આનંદનો સ્વાદ આવીને જે પ્રતીતિ થઈ તે ભૂમિકાને યોગ્ય તેને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય આદિનો ભાવ આવ્યા વિના રહેતો નથી. તો એ ભૂમિકાને યોગ્ય એટલી રાગની મંદતા છે. પણ એ ભૂમિકાથી વિશેષ કુગુરુ-કુદેવ-કુશાસ્ત્ર અને અન્યાય આદિ કે એવા તીવ્ર અભક્ષ્ય માંસ કે દારૂ આદિ ખાવાનો ભાવ થાય એમ હોતું નથી. અને માંસ અને દારૂ પીવાનો ભાવ ન હોય, કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને વંદન કરવાનો ભાવ ન હોય એટલે ત્યાં સમ્યગ્દર્શન છે એમ નથી. આહા..હા..! આ તો અલૌકિક સંધિ કરી છે. દેવચંદજી! આહા..હા..!

અંતરમાં દ્રવ્ય સમ્યગ્દર્શનરૂપી પરિણમન છે, વીતરાગી પરિણતિ સમ્યગ્દર્શનની થઈ તો એ પ્રમાણમાં રાગની મંદતા (હોય). ભલે ત્રણ કષાય હોય, પણ એટલા પ્રમાણમાં રાગની મંદતા હોય કે જેમાં માંસ, દારૂ લેવા એવો ભાવ એ ભૂમિકામાં હોતો જ નથી. એવી સહજ રાગની તીવ્રતા ન હોય અને મંદતા હોય અને અહીંયાં કષાયના અભાવરૂપ પરિણતિ હોય. જુઓ, સ્વરૂપાચરણ અને સમ્યગ્દર્શન થાય ત્યાં રાગની મંદતા એટલી હોય છે કે કુદેવ-કુગુરુને (વંદન આદિ કરે કે) માંસ કે દારૂ પીવે એમ હોતું નથી. આહા..હા..! અને એને એવો ભાવ નથી માટે ત્યાં સમ્યગ્દર્શન છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો નિશ્ચયમાં વ્યવહારની નિમિત્તતા કેટલી છે એ વાત સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

એક અહીં આવ્યા હતા, સ્થાનકવાસી સાધુ હતા. મોક્ષમાર્ગપ્રકાશક વાંચ્યું. અહીંયાં ચોમાસુ હતું. સાંભળવા નહોતા આવતા. પછી કહે કે બસ! નિશ્ચયનું ભાન થયું પછી ખોરાક માંસ આદિ ન હોય એની શું જરૂર છે? ઓહો..હો..! મરી જઈશ, કીધું. હતો સ્થાનકવાસી. પછી દેરાવાસી સાધુ થઈ ગયો. સ્થાનકવાસી સમજ્યાને? પછી થયા શ્વેતાંબર. એ અહીંયા ચોમાસુ રહ્યા હતા. એકવાર અહીંયાં આવ્યા હતા. મોક્ષમાર્ગપ્રકાશક વાંચ્યુંને, પાવર ચડી ગયો કે નિશ્ચય હોય પછી ખોરાક ગમે તે હોય, પરપદાર્થ આત્માને નુકસાન કરતા નથી. કહો, દેવચંદજી! કોણે કહ્યું કે પરપદાર્થ નુકસાન કરે છે? પણ જેને અંતરમાં સત્ શાશ્વત વસ્તુનો અનુભવ થયો, સમ્યગ્દર્શન થયું એની ભૂમિકામાં સત્ દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય કરે એવા વિકલ્પની મર્યાદા છે. એ સિવાય માંસ ખાય ને દારૂ પીવે ને શિકાર કરે એવો ભાવ એ ભૂમિકામાં હોતો જ નથી. સમજાણું કાંઈ? એવો સ્વચ્છંદી થઈ જાય કે બસ અમને તો નિશ્ચય છેને, ઇન્દ્રિય ઇન્દ્રિયનું કામ કરે. અરે..! મરી જઈશ. એમ નથી. સાંભળ તો ખરો. સમજાણું કાંઈ?

એમ અહીંયાં કહે છેને કેટલાક? ક્રમબદ્ધ છે. બસ, ક્રમમાં જે આવવાનું હોય તો માંસ આવે, પરસ્ત્રીનું સેવન આવે, ક્રમમાં આવે છે તેમ થાય છે. મરી જઈશ, એમ નથી. સાંભળ તો ખરો. જેને ક્રમબદ્ધનો નિર્ણય થયો એને તો સમ્યગ્દર્શન થયું. સમજાણું કાંઈ? હું જ્ઞાયક છું, મારામાં વિકલ્પ નથી, શરીરની ક્રિયા નથી. અનંત આનંદકંદની વીતરાગી પરિણતિનું ભાન થયું, સમજાણું કાંઈ? એને ક્રમબદ્ધમાં માંસ ખાવાનો, દારૂ પીવાનો ભાવ ક્રમમાં આવે એમ બને જ નહિ. ગડબડ કરે. સમજાણું કાંઈ?

એ અહીંયાં આચાર્ય મહારાજ સંધિ કરે છે. દ્રવ્યાનુયોગ આદિનું વર્ણન કર્યું તો એમાં એકલું એમ લઈ લે કે ભાઈ નિશ્ચય થયા પછી વ્યવહાર ગમે તે પ્રકારનો હોય, ચાહે તે પ્રકારનો વ્યવહાર હોય એમ નથી. એને ભૂમિકાને યોગ્ય જ વ્યવહાર હોય છે. દેવચંદજી! આહા..હા..! પાંચમા ગુણસ્થાને શ્રાવકને કે પડિમાધારીને સ્વ અનુભવ થયો અને વિશેષ શાંતિ થઈ, પોતાનો અનુભવ સમ્યગ્દર્શનપૂર્વક સ્વરૂપના અનુભવ ઉપરાંત શાંતિ થઈ. તો એ ભૂમિકામાં બાર વ્રત આદિના વિકલ્પ હોય છે. સમજાણું કાંઈ? એ સિવાય તીવ્ર વિકલ્પ એવો કોઈ માંસ ખાવાનો, દારૂ પીવાનો કે એવો હતો નથી. પણ માંસ-દારૂ પીવાનો ન હોય અને બાર વ્રતનો વિકલ્પ હોય માટે અહીંયા પાંચમું ગુણસ્થાન છે એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન આત્માની દશા જ્યાં અંદર પલટી ગઈ, શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ (છું એમ ભાન થયું તેને ભૂમિકાને યોગ્ય જ રાગ આવે). આ વસ્તુની સમજણ નથી અને એની મેળાએ એમ ને એમ ત્યાગ કરી લે. તો કહે છે કે એ ત્યાગ જ નથી, એ તો વ્યવહારાભાસ છે, અજ્ઞાની છે.

અહીં તો આત્માના અનુભવપૂર્વક મુનિદશામાં વીતરાગ ચારિત્ર, વીતરાગ ચારિત્ર છે હોં છઠ્ઠે ગુણસ્થાને. ઓહો..હો..! સમજાણું કાંઈ? તો એ પરિણતિ દ્રવ્યાનુસાર જેટલી શુદ્ધિ પ્રગટ થઈ છે એ પ્રમાણે ચરણ હોય છે. એ પ્રમાણે પંચ મહાવ્રતનો, અઠ્ઠાવીશ મૂળગુણનો વિકલ્પ હોય છે. એ માંસ પણ ખાઈ લે, દારૂ પણ પી લે અને મધ પણ ખાવાનો ભાવ થાય એવો ભાવ હોતો નથી. સમજાણું કાંઈ? સમજાણું?

'**ચરણ દ્રવ્યાનુસાર હોય છે...**' રાગની મંદતાની યોગ્યતા, જેવી શુદ્ધિ પ્રગટ થઈ એ પ્રમાણમાં રાગની મંદતાની શુદ્ધિ થઈ છે. આહા..હા..! .. સમજાણું કાંઈ? ઓહો..! માર્ગ તો એવો છે. આગળ કહેશે કે અમે ધર્મના પ્રણેતા આ ઉભા. ચારિત્ર કેવું હોય અને ચારિત્રની ભૂમિકામાં કેવી વિકલ્પની જાત આવે છે એના અમે પ્રણેતા અનુભવ કરનારા આ રહ્યા. એમ કહેશે. આહા..હા..! કુંદકુંદાચાર્ય અમૃતચંદ્રાચાર્ય.. સંતોનું ઘર છે આ તો. સમજાણું કાંઈ? તો કહે છે કે '**ચરણ દ્રવ્યાનુસાર હોય છે અને દ્રવ્ય ચરણાનુસાર હોય છે—**' રાગની મંદતા એટલા પ્રમાણમાં છે ત્યાં વીતરાગની પરિણતિ એટલા પ્રમાણમાં પોતાના આશ્રયે હોય છે. સમજાણું કાંઈ? એકલા રાગની મંદતા થાય અને દ્રવ્યાનુસાર શુદ્ધતા ન હોય તો એ

તો વસ્તુ જ નથી. સમજાણું કાંઈ? **'દ્રવ્ય ચરણાનુસાર હોય છે—'** દ્રવ્યની યોગ્યતા વીતરાગની પરિણતિ એ પ્રમાણે (હોય એટલે કે) રાગની મંદતાને અનુસાર વીતરાગની પરિણતિ પોતાથી હોય છે. **'એ રીતે તે બન્ને પરસ્પર અપેક્ષાસહિત છે;...'** નિશ્ચયની વીતરાગ દૃષ્ટિ ભૂમિકા અને રાગની મંદતા બેયમાં સાપેક્ષતા છે. જ્યાં વીતરાગ પરિણતિ મુનિની થઈ ત્યાં અઠ્યાવીશ મૂળગુણ આદિના વિકલ્પની મર્યાદા સાપેક્ષ છે. બીજી રાગની તીવ્રતા ત્યાં હોતી નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હોય છે એટલું. આ ચરણાનુયોગનું કથન છેને. અપેક્ષા ખરેખર છે જ નહિ. પણ અહીંયાં વ્યવહારનયનું કથન છે ચરણાનુયોગમાં એટલે એમ લીધું છે. એ સાથે હોય છે, વ્યવહારથી સાપેક્ષતા છે. નિશ્ચયમાં વ્યવહાર છે તો નિશ્ચય છે એમ છે જ નહિ. સમજાણું કાંઈ? નિશ્ચય તત્ત્વ જ્યાં છે ત્યાં આવો વ્યવહાર હોય તો અહીંયાં નિશ્ચય છે એમ નથી. વ્યવહાર વ્યવહારને કારણે છે, નિશ્ચય નિશ્ચયને કારણે છે. નિરપેક્ષ, વ્યવહારથી નિરપેક્ષ નિશ્ચય થાય છે. અહીંયા તો ચરણાનુયોગના કથનની પદ્ધતિની સંધિ મેળવવી છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે ભાઈ! અમારે હિંમતભાઈ પંડિતજીએ લખ્યું છે કે આવું ચરણાનુયોગની નિશ્ચયપૂર્વકની સંધિનું કથન કુંદકુંદાચાર્યે અલૌકિક કર્યું છે. પહેલા લખ્યું છે, પ્રસ્તાવનામાં લખ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'દ્રવ્ય ચરણાનુસાર હોય છે—'** એટલે કે રાગની મંદતાને લાયક જ ત્યાં વીતરાગની પરિણતિ હોય છે. વીતરાગની પરિણતિ વિશેષ વધી ગઈ હોય ને રાગની તીવ્રતા રહી જાય અને રાગની મંદતા એવી હોય ને વીતરાગની પરિણતિ ન હોય એમ બનતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? શ્વેતાંબરમાં કહે છે કે ભાઈ, ભવસ્થિતિ પાકી જાય તો વસ્ત્ર-પાત્ર હોય તોપણ અંદર કેવળજ્ઞાન થઈ જાય, મુનિપણું આવી જાય. એમ ત્રણ કાળમાં બનતું જ નથી. વસ્તુનું સ્વરૂપ એવું નથી. સમજાણું કાંઈ? પોતે કહે છે. ભવસ્થિતિ પાકી ગઈ તો... પણ ભવસ્થિતિ પાકે તો જ્યારે નિશ્ચય હોય ત્યાં એટલો એનો વ્યવહાર અનુકૂળ જ હોય છે. વ્યવહારથી અનુકૂળ હોં. નિશ્ચયથી તો પ્રતિકૂળ જ છે. સમજાણું કાંઈ?

અંતર સ્વભાવ અહો..! પાંચમું ગુણસ્થાન પલટીને સાતમું આવી ગયું. પહેલા સાતમું આવે પછી છઠ્ઠું આવે છે. તો એ છઠ્ઠી ભૂમિકામાં ત્રણ કષાયનો અભાવ છે. શ્રાવક પાંચમા ગુણસ્થાનવાળો અગિયાર પડિમાધારી હોય પણ છતાં એને પંચમ ગુણસ્થાન છે અને એને યોગ્ય વિકલ્પની દશા હોય છે. એ પંચ પરમેષ્ઠીમાં નહિ ભળે. સમજાણું કાંઈ? ણમો લોએ સવ્વ સાહુણંમાં એ નહિ આવે. કેમકે એને બે કષાયનો અભાવ છે. ત્રણ કષાયનો અભાવ થઈને આનંદની ઉગ્ર વીતરાગદશા હોય તેના પ્રમાણમાં ત્યાં વ્યવહારનો વિકલ્પ હોય તો તે પાંચ પરમેષ્ઠીમાં ગણાવા લાયક સાધુ છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! આહા..હા..!

અન્યમતમાં નાગા બાવા થઈ જાય પછી કંદમૂળ ખાઈ લે જંગલમાં. કંદમૂળ ખાય, મહિના-મહિના સુધી પાણી ન પીવે. એવી ચીજ ન હોય એમ કહે છે. જેને અંતરની દૃષ્ટિ અને જ્ઞાન વીતરાગદશા થઈ હોય તો એના પ્રમાણમાં તેને વ્યવહારની કષાયની મંદતા હોય એટલી જ હોય છે. કંદમૂળ ખાય ને આ ખાય અને અંદર મુનિપણું છે અને સાધુ છે એમ ત્રણ કાળમાં બને નહિ. સમજાણું કાંઈ? શ્વેતાંબરમાં કહે છે કે દ્રવ્યાનુયોગનું જેને જ્ઞાન હોય એ આધાકર્મી આહાર લે તો એને દોષ નથી લાગતો. એવો પાઠ છે એમાં. સમજાણું કાંઈ? ખોટું છે. છે કે નહિ? દ્રવ્યાનુયોગ તર્કણામાં અને દ્રવ્ય-ગુણ-પર્યાયના રાસમાં. બધી જૂઠી વાત છે. વસ્તુની સ્થિતિ એવી નથી, વસ્તુને સમજતા નથી.

મુમુક્ષુ :- આધાકર્મી એટલે?

ઉત્તર :- આધાકર્મી નથી સમજતા? સાધુ માટે (આહાર) બનાવે એ આધાકર્મી. આધાકર્મી નથી સમજતા? એને માટે આહાર-પાણી કરે, કરાવે અને અનુમોદે એ બધું આધાકર્મી છે. એય..! શું છે આ તમારા ગોટા? ઉદ્દિષ્ટ કોઈ એક વ્યક્તિ માટે બનાવે કે ભાઈ આ અમારે આહાર છે. ખ્યાલ આવે કે કોઈપણ સાધુ આવ્યા, એને માટે બનાવે એ ઉદ્દિષ્ટ છે. પણ એ કરે, કરાવે અને અનુમોદે.

એ તો અમારે પ્રશ્ન (હતો), જૂનો પ્રશ્ન અમારો છે ૬૯ની સાલનો. ૬૯. ૭૦માં દીક્ષિત થયાને. તો ૬૯થી એ પ્રશ્ન અમારો હતો. સંવત્ ૧૯૬૯. ૬૯ને શું કહે તમારે? ૬૯. અમારા ગુરુને અમારો પ્રશ્ન હતો. ૬૯. દીક્ષિત થયા પહેલા. મેં એવો પ્રશ્ન કર્યો હતો તે સમયે ૬૯. ૫૬ વર્ષ પહેલાં (પૂછ્યું હતું કે) સાધુ માટે મકાન બનાવ્યું હોય, તો એ મકાન સાધુ વાપરે તો નવ કોટીમાં કઈ કોટી તૂટે? એવો મેં પ્રશ્ન કર્યો હતો. નવ કોટી સમજો છો? કરણ, કરાવન, અનુમોદન, મન, વચન અને કાયા. મનથી કરવું, કરાવવું, અનુમોદન. વચનથી કરણ, કરાવવું, અનુમોદન, (તેમ) કાયાથી. નવ કોટી છે. સાધુ માટે મકાન બનાવ્યું હોય અને સાધુ એમાં પ્રવેશ કરે અને રહે તો નવ પ્રકારની કોટીમાં કઈ કોટી તૂટે છે? હું તો દીક્ષા લેવાનો હતો. દુકાન છોડીને આવ્યો હતો. તો એને એમ લાગ્યું કે.. સરળ હતા એને એવું બેસી ગયું હતું. માણસ બહુ સરળ હતા. અમારા ગુરુ સંપ્રદાયના હતા એ બહુ સરળ હતા. કષાય મંદ અને આમ વૈરાગ્ય... વૈરાગ્ય... વૈરાગ્ય... વસ્તુનું કાંઈ ભાન નહિ, તત્ત્વની દૃષ્ટિની કાંઈ ખબર નહિ. પણ સંપ્રદાયની દૃષ્ટિથી ત્યારે પસંદ કર્યા હતાને, થોડા વૈરાગી હતા એટલે. તો એમણે એવો જવાબ આપ્યો, ભાઈ! તમારા ભાઈ છે ખુશાલભાઈ, એમ દૃષ્ટાંત આપ્યું ભાઈ! ખુશાલભાઈ છે, અમારા મોટા ભાઈ હતા, તમારા ભાઈએ મકાન બનાવ્યું હોય અને એમાં તમે રહો, એમાં તમે ક્યાં કરાવ્યું છે? કર્યું નથી, કરાવ્યું નથી, અનુમોદન થયું નહિ. એવો જવાબ આપ્યો હતો. મેં કીધું, મને વાત બેસતી નથી. એ વાપરે તો અનુમોદન થયા વિના વાપરી શકે નહિ. દેવચંદજી! આ હવે તમારા પ્રશ્ન કરે છે કે આધાકર્મી કેવો હોય અને

ઉદ્દેશિક? અમારે તો પહેલાથી એ પ્રશ્ન હતો. સંવત્ ૧૯૬૯ના ચોમાસા પહેલા. વૈશાખ મહિનો હતો. વૈશાખ મહિનો હતો. એય..! ધન્નાલાલજી! આહા..હા..! રાણપુર. રાણપુર છેને ત્યાં પ્રશ્ન કર્યો હતો. બહુ શાંત હતા ગુરુ. શાંત હતા, ગંભીર બહુ હતા, બહુ ગંભીર હતા. કણબી હતા કણબી પણ .. દીક્ષા લઈ લીધી, પણ બહુ વૈરાગ્ય. તત્ત્વની કાંઈ ખબર નહિ. સમ્યગ્દર્શન શું ચીજ છે કાંઈ ખબર નહિ. તો એવો પ્રશ્નનો ઉત્તર આપ્યો.

મેં કીધું, એમ નથી. જે વસ્તુ એને માટે બનાવી હોય એ વાપરે તો એની અનુમોદનની કોટી તૂટે છે. કર્યું કે કરાવ્યું ભલે નથી, પણ વાપરે તો અનુમોદનની, શું કહેવાય? કોટી. અનુમોદનની કોટી તૂટે છે. તેને નવ કોટીની નિર્દોષતા રહેતી નથી. એય..! આ તો બધા ભાન વિનાના બધા હતાને ત્યાં? શેઠિયાઓ બધા. તે દિ' પ્રશ્ન કર્યો હતો કે આ ઓરડીઓ સાધુ માટે બનાવે છે. ઓરડી ઓરડી સમજ્યાને? ભોજન કરવા માટેની ઓરડી. ઓરડો બનાવેને. ભોજન લાવે તો એના માટે એ ઓરડી (બનાવી હોય). કમરા કહે છેને. આ પાટ, આ પાટ બનાવે છે સાધુ માટે અને ઓરડી બનાવે રંગરોગાન કરીને. એ પ્રશ્ન કર્યો હતો એ વખતે. ૫૬ વર્ષ પહેલાં. તો અમારા ગુરુએ એવો જવાબ આપ્યો. એને ન કહ્યું, પણ કીધું, વાત સાચી નથી. જેને માટે બનાવ્યું હોય એ વાપરે તો એની નવ કોટીમાં અનુમોદન કોટી તૂટે છે. અનુમોદન છે, નહિતર વાપરી શકે નહિ. એય..! સમજાણું કાંઈ? નવ કોટીનો ત્યાગ એને રહેતો નથી.

મુમુક્ષુ :- અનુમોદના છે?

ઉત્તર :- અનુમોદન છે. એને માટે આહાર બનાવે છે અને લે છે તો અનુમોદન છે. ઝીણી વાત ભાઈ! આ તો વીતરાગમાર્ગ છે, આ કોઈ પક્ષનો માર્ગ નથી. એ અહીંયાં સિદ્ધ કરે છે ભગવાન કુંદકુંદાચાર્ય.

'**દ્રવ્ય ચરણાનુસાર હોય છે—**' દ્રવ્યાનુયોગની શુદ્ધતા એના પ્રમાણમાં રાગની મંદતા અને રાગની મંદતા એના પ્રમાણમાં વીતરાગની પરિણતિ હોય છે. નિશ્ચયસહિત વ્યવહાર એવો હોય છે. સમજાણું કાંઈ? કોઈ કહે કે અમારે મુનિપણું છે, વીતરાગ પરિણતિ થઈ છે. અમારે માટે ઉદ્દિષ્ટ ભોજન બનાવે, ચોકા કરે તો એમાં શું થયું? નહિ. કોટી તૂટે છે, મુનિપણું નથી રહેતું. સમજાણું કાંઈ? એય..!

મુમુક્ષુ :- ચોકા... પરિગ્રહનો પાપ

ઉત્તર :- બધું પાપ જ છે. એક ચોકા લાગે, એના માટે બનાવે છે ત્યારે એ લે છેને. આ તો માર્ગ વીતરાગનો એવો છે, ભાઈ! કોઈ વ્યક્તિની આ વાત નથી. વ્યક્તિ તો સ્વતંત્ર છે, એના પરિણામ સ્વતંત્ર છે. વસ્તુની સ્થિતિનું અહીં તો આચાર્ય મહારાજ વર્ણન કરે છે કે ભાઈ! ભગવાન! તારી વીતરાગ પરિણતિ મુનિપણાની હોય કે પાંચમા ગુણસ્થાનને યોગ્ય દશા હોય તો એના પ્રમાણમાં જ રાગની મંદતાનો ભાવ હોય, બીજો વિરુદ્ધ હોતો

નથી. એ હમણા આવશે આમાં. આમાં છેને? દ્રવ્યથી અવિરુદ્ધ ચરણ પછીનામાં આવશે, પછીમાં આવશે. અહી તો હજી વાત સિદ્ધ કરે છે. પછી સિદ્ધિ કરશે. ઓહો..હો..! શ્લોક તો શ્લોક છેને અમૃતચંદ્રાચાર્યનો ગજબ! સમજાણું કાંઈ?

'**ચરણ દ્રવ્યાનુસાર હોય છે અને દ્રવ્ય ચરણાનુસાર હોય છે—એ રીતે તે બન્ને પરસ્પર અપેક્ષાસહિત છે;...**' અહીં તો વ્યવહાર સિદ્ધ કરવો છેને? સાપેક્ષ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? દ્રવ્યાનુયોગના વ્યાખ્યાનમાં જ્યારે નિશ્ચય આવે ત્યારે વ્યવહારની સાપેક્ષતા વિના નિશ્ચય પોતાથી હોય છે. નિશ્ચયમાં પરની અપેક્ષા નથી. વ્યવહારમાં નિશ્ચય આવો હોય તો વ્યવહાર એવો હોય એવી અપેક્ષા છે. આહા..હા..!

મુમુક્ષુ :- .. કોઈ સાપેક્ષ નથી.

ઉત્તર :- નિશ્ચયમાં ... કહ્યુંને. વિકાર થાય છે તો પરકારકની અપેક્ષા વિના થાય છે. વ્યવહાર હોય તો કહે છે કે નિમિત્ત છે કર્મનો ઉદય. વ્યવહારથી જ્યારે કથન ચાલે ત્યારે. નિશ્ચયમાં પરની અપેક્ષા છે નહિ. એમ નિશ્ચય મોક્ષમાર્ગ જો પોતાનો છે, તો વ્યવહાર છે તો નિશ્ચય છે એમ નથી. નિશ્ચય તો ભગવાન પોતાના ચિદાનંદ સ્વરૂપનો આશ્રય કરીને અનુભવ, દર્શન ને જ્ઞાન ને વીતરાગતા પ્રગટ થઈ એમાં પરની કોઈ અપેક્ષા નથી. સમજાણું કાંઈ? પણ અહીંયાં તો એના પ્રમાણમાં ચરણ હોય છે એમ સિદ્ધ કરવું છે તો નિશ્ચય સાપેક્ષ વ્યવહાર અને વ્યવહાર સાપેક્ષ નિશ્ચય આવો હોય છે એમ બતાવે છે. એ માર્ગ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**આ રીતે તે બન્ને પરસ્પર અપેક્ષાસહિત છે; તેથી કાં તો દ્રવ્યનો આશ્રય કરીને...**' એટલે કે દ્રવ્યની શુદ્ધ પરિણતિનું જ્ઞાન કરીને, વીતરાગ પરિણતિ કેટલી પ્રગટી છે એનું જ્ઞાન કરીને '**અથવા તો ચરણનો આશ્રય કરીને...**' અથવા એ ભૂમિકામાં એટલી રાગની મંદતા છે એવું જ્ઞાન કરીને. આશ્રય કરીને એનો અર્થ જ્ઞાન કરીને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બેયમાં જ્ઞાન કરીને. પેલો આશ્રય કરે એ જુદું છે. '**भूदत्थमस्सिदो खलु**' એ સમ્યગ્દર્શનનો આશ્રય દ્રવ્ય છે એ બીજી ચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ૧૧મી ગાથામાં જે પહેલું પદ છે '**ववहारोऽभूदत्थो**' પરિણામમાત્ર અભૂતાર્થ છે, પરિણામમાત્ર અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. '**भूदत्थो देसिदो दु सुद्धणओ।**' ભગવાન આત્મા ભૂતાર્થ ધ્રુવ ચિદાનંદ એકરૂપ ત્રિકાળ એ જ નિશ્ચય અને એ શુદ્ધનય છે. તેને જ શુદ્ધનય કહેવામાં આવે છે, તેને શુદ્ધનય કહેવામાં આવે છે. નય અને નયનો વિષય અધ્યાત્મમાં જુદા નથી. કારણ કે નય અને નયના વિષયમાં ભેદ પડે તો તે વ્યવહાર થયો. ભગવાન આત્મા '**भूदत्थो**' ભૂતાર્થ ધ્રુવ અનંતગુણનો એક રાશિ સદશ સ્વરૂપ તે ભૂતાર્થ એ જ શુદ્ધનય. પછી કહ્યું. '**भूदत्थो देसिदो**' એવા ભૂતાર્થનો આશ્રય કરે તેને સમ્યગ્દર્શન થાય છે. એ આશ્રય અહીંયા

ન લેવો. (અહીંયા) જ્ઞાન કરવાની વાત છે. સમજાણું કાંઈ? તો ત્યાં કહ્યું કે ભૂતાર્થને આશ્રયે સમ્યગ્દર્શન થાય, અહીં કહે કે રાગની મંદતાને આશ્રયે ચારિત્ર થાય, એ તો વિરુદ્ધ થઈ ગયું. સમજાણું કાંઈ? એમ નથી.

'**તેથી કાં તો દ્રવ્યનો આશ્રય કરીને...**' દ્રવ્યનો એટલે કે વીતરાગી પરિણતિનું જ્ઞાન કરીને કે આટલી વીતરાગ પરિણતિ પ્રગટ થઈ છે. '**અથવા તો ચરણનો આશ્રય કરીને...**' એ પ્રકારની રાગની મંદતા એ વખતે એટલી છે એનું જ્ઞાન કરીને '**મુમુક્ષુ (જ્ઞાની, મુનિ) મોક્ષમાર્ગમાં આરોહણ કરો.**' ઓહો..હો..! એક કળશમાં કેટલું નાખ્યું છે જુઓ! સમજાણું કાંઈ? વીતરાગનો માર્ગ એવો છે, ભાઈ! જેટલી વીતરાગ પરિણતિ પ્રગટ થઈ હોય એટલા પ્રમાણમાં રાગની મંદતા થાય. તો રાગની મંદતા એટલી છે એનું જ્ઞાન કરીને કાં વીતરાગની પરિણતિ (પ્રગટ થઈ હોય) એનું જ્ઞાન કરીને સ્વરૂપમાં આરૂઢ થાઓ. મોક્ષમાર્ગમાં આરોહણ કરો. લ્યો એ પૂરો થયો હવે. અમારે શેઠે પ્રશ્ન કર્યો હતો કે થોડું બાકી છે.

'**આમ (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી પ્રવચનસાર શાસ્ત્રની શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત તત્ત્વદીપિકા નામની ટીકામાં જ્ઞેયતત્ત્વપ્રજ્ઞાપન નામનો દ્વિતીય શ્રુતસ્કંધ સમાપ્ત થયો.**' લ્યો! જયસેનાચાર્યની ટીકામાં સમકિત અધિકાર લીધો છે આને. આમાં નથી. આપણે હિન્દીમાં નથી, ગુજરાતીમાં છે. બીજો અધિકાર સમ્યગ્દર્શન અધિકાર છે. પહેલો જ્ઞાન અધિકાર હતો, આ દર્શન અધિકાર છે અને હવે ચરણાનુયોગનો ત્રીજો અધિકાર કહેશે. એવા ત્રણ અધિકાર છે અહીંયાં પ્રવચનસારમાં.

# ચરણાનુયોગસૂચક ચૂલિકા

હવે ત્રીજો અધિકાર. '**ચરણાનુયોગસૂચક ચૂલિકા**' '**હવે બીજાઓને ચરણાનુયોગ સૂચવનારી ચૂલિકા છે.**' બીજાઓને ચરણાનુયોગ સૂચવનારી ચૂલિકા છે એમ કહે છે અહીંયાં. મુનિ તો થયા છે, તો બીજાને ચરણાનુયોગ કેવો હોય મુનિપણાની દશામાં એને સૂચવે છે. આહા..હા..! બીજાને બતાવે છે. જો ભાઈ! મુનિપણું આવું હોય છે. એમ તમે સમજો, એ પ્રમાણે આચરણ કરો. એમ કુંદકુંદાચાર્ય બીજા જીવોને સમજાવે છે. સમજાણું? ચૂલિકા (એટલે) નીચે લખ્યું છેને? '**શાસ્ત્રમાં નહિ કહેવાઈ ગયેલાનું વ્યાખ્યાન કરવું અથવા કહેવાઈ ગયેલાનું વિશેષ વ્યાખ્યાન કરવું અથવા બન્નેનું યથાયોગ્ય વ્યાખ્યાન કરવું**

તે.' '**તેમાં પ્રથમ શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ શ્લોક દ્વારા હવેની ગાથાની ઉત્થાનિકા કરે છે :-**' લ્યો! પાછળ ગાથા આવશેને? એની ઉત્થાનિકા. શું કહે છે ઈ.

द्रव्यस्य सिद्धौ चरणस्य सिद्धिः
द्रव्यस्य सिद्धिश्चरणस्य सिद्धौ।
बुद्ध्वेति कर्माविरताः परेऽपि
द्रव्याविरुद्धं चरणं चरन्तु।।१३।।

ઓહો..હો..! સંતોએ માર્ગને એટલો સરળ બનાવી દીધો છે, ઘણો જ સરળ. '**દ્રવ્યની સિદ્ધિમાં ચરણની સિદ્ધિ છે...**' સમજાણું કાંઈ? વીતરાગની પરિણતિ હોય તો ચરણની સિદ્ધિ થાય. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન-જ્ઞાન વીતરાગની પરિણતિ ન હોય અને એકલો વ્યવહાર હોય એ ચરણસિદ્ધિ છે જ નહિ. આહા..હા..! એય..! દીપચંદજી! દીપચંદજી સાધુ થવાના હતાને. એ સાધુ થવાના હતા. કાંઈ ભાન ન મળે. લૂગડા કાઢીને સાધુ (થઈ જાવ). કેમ દીપચંદજી! એ આવવાના હતા હોં શાંતિભાઈ. પણ ન આવ્યા. દિલ્હીવાળા. એ પણ સાધુ થવાના હતા. વૈરાગી છે. દિગંબરના સાધુ વિદ્યાનંદજી પાસે. પછી અહીંનું સાંભળ્યું, કહે ઓય! આ તો બીજી વસ્તુ છે. યુવાન માણસ છે, સ્ત્રી જુવાન છે. પછી મેં કહ્યું, તમે રજા દીધી? શું કરીએ, હું એવી થાકી ગઈ હતી તો રજા આપી દીધી, કહી દીધું, જાવ સાધુ થઈ જાવ. સ્ત્રી છે, ગૃહસ્થ છે, મકાન છે, પૈસાવાળા છે, એક દીકરો છે. પછી આ જ્યાં સાંભળ્યું. આહા..હા..! હજી તો સમ્યગ્દર્શનના ઠેકાણા નથી ત્યાં સાધુપણું ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? વ્યવહાર સમ્યગ્દર્શન પણ કોને કહેવું એની ખબર નથી. સમજાણું કાંઈ?

સાચા દેવ, સાચા ગુરુ, સાચા સાધુ. નિર્ગ્રંથ મુનિ, વીતરાગી પરિણતિવાળા તેને વિકલ્પાદિ હોય છે. એવા સાધુને સાધુ માને, કેવળીના વચનને બરાબર શાસ્ત્રને માને. સમજાણું? દેવ-ગુરુ-શાસ્ત્ર ત્યારે તો હજી એને વ્યવહાર સમકિત વિકલ્પ કહેવામાં આવે છે. પણ ક્યારે? તેને નિશ્ચય સમ્યગ્દર્શન હોય તો. એ સિદ્ધ કરે છે અહીંયાં. સમજાણું કાંઈ? નિશ્ચય સમ્યગ્દર્શન ન હોય અને વ્યવહાર સમકિતદર્શન હોય તો બેનો મેળ છે જ નહિ. સમજાણું કાંઈ? અને નિશ્ચય સમ્યગ્દર્શન હોય અને પૂર્ણ વીતરાગતા ન પ્રગટી હોય ત્યાં વ્યવહાર સમ્યગ્દર્શનનો વિકલ્પ (હોય). વ્યવહાર સમકિત એ સમકિત છે જ નહિ. એ તો રાગની મંદતાના પરિણામ છે. સમજાણું કાંઈ? પણ જ્યાં નિશ્ચય નથી ત્યાં વ્યવહાર જ નથી અને જ્યાં નિશ્ચય છે ત્યાં વ્યવહાર આવો હોય છે એવી અહીંયાં સંધિ કરે છે. સમજાણું કાંઈ?

આ વ્રતી સંમેલન કહે છે કે નહિ? પણ વ્રતી સંમેલન ક્યાંથી આવ્યું? હજી સમ્યગ્દર્શનના ઠેકાણા નથી અને વ્રતી ક્યાંથી થઈ ગયા? સમજાણું કાંઈ? એય..! સમ્યગ્દર્શન શું અને નિર્વિકલ્પ અનુભવ શું ચીજ છે? પછી એને પાંચમા ગુણસ્થાનને યોગ્ય દશા પ્રગટે ત્યારે તેને વિકલ્પની

દશા એને યોગ્ય આવે છે. ત્યારે તેને વ્યવહારે વ્રતી કહે છે. નિશ્ચયમાં સ્વરૂપમાં સ્થિરતા થાય તે નિશ્ચયવ્રત છે. આહા..હા..! એય..! નિશ્ચયવ્રત તો સ્વરૂપમાં વીંટળાઈ જવું. સ્વરૂપ આનંદકંદ છે એની દૃષ્ટિ, અનુભવ થઈને પછી સ્થિરતા થાય એનું નામ નિશ્ચયવ્રત છે. એ સમયે પંચ મહાવ્રતનો કે બાર વ્રતનો વિકલ્પ હોય એ વ્યવહાર છે. પણ આ નિશ્ચય છે નહિ અને વ્યવહાર આવ્યો, બધું ખોટું છે. જૈનદર્શનની એવી રીત નથી. સમજાણું કાંઈ? એય..! ઉત્તમચંદજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું? કોને? એ તો એની યોગ્યતા પ્રમાણે થાય. કોઈથી થાય છે? પહેલા નિશ્ચય તો કરે કે શું સમ્યગ્દર્શન છે અને સમ્યગ્દર્શન કેમ પમાય? એનો પહેલા પ્રયત્ન કર્યા વિના બીજું આવશે ક્યાંથી? સમજાણું કાંઈ? ઈ કહે છે જુઓ.

'**દ્રવ્યની સિદ્ધિમાં ચરણની સિદ્ધિ છે...**' દ્રવ્ય નામ વસ્તુની શુદ્ધ પરિણતિ. એની સિદ્ધિમાં ચરણની સિદ્ધિ છે. તો રાગની મંદતાની સિદ્ધિ વ્યવહારે કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! '**અને ચરણની સિદ્ધિમાં દ્રવ્યની સિદ્ધિ છે—**' ભૂમિકા પ્રમાણમાં રાગની મંદતાની સિદ્ધિ ત્યારે છે કે દ્રવ્યની સિદ્ધિ હોય તો. વીતરાગી પરિણતિ હોય તો ચરણની સિદ્ધિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? વીતરાગી પરિણતિ ન હોય તો ચરણની સિદ્ધિ કહેવામાં આવતી નથી. એય..! વજુભાઈ! બરાબર છે આ?

'**એમ જાણીને,...**' જુઓ, હવે. એવું જ્ઞાન કરીને, ખરેખર જાણીને '**(શુભાશુભ ભાવોથી) નહિ વિરમેલા બીજાઓ...**' લ્યો! '**દ્રવ્યથી અવિરુદ્ધ ચરણ (ચારિત્ર) આચરો.**' શુભ-અશુભભાવથી નિવૃત્ત થઈને બીજાઓ દ્રવ્યથી અવિરુદ્ધ એટલે કે વીતરાગી પરિણતિ ભૂમિકાને યોગ્ય છે એનાથી અવિરુદ્ધ ચરણ આચરો. એનાથી વિરુદ્ધ હોય તો એ ચરણ નથી. જુઓ, ચરણાનુયોગનું કથન છેને. અવિરુદ્ધ ચરણ આચરો. એમ કહ્યુંને? બાકી તો એમ હોય છે. હું આવો રાગ કરું એવી વાત વ્યવહારનયના કથનમાં આવે છે. સમજાણું કાંઈ? હું આવા વ્રત કરું અને વ્રત પાળું એવું સમ્યગ્દર્શનમાં હોતું જ નથી. પણ ચરણાનુયોગની કથનીમાં વ્યવહારપ્રધાન કથન એવું આવે છે. સમજાણું કાંઈ? નહિતર તો મુનિપણું છે, ત્યાં વ્રતના જે વિકલ્પ છે તે ઝેર છે, ઝેર છે. કર્મના નિમિત્તથી ઉત્પન્ન થયેલા વિકલ્પ વ્રત તો ઝેર છે. અમૃતસ્વરૂપ ભગવાન આત્માના દર્શન, જ્ઞાનની વીતરાગી પરિણતિ થઈ તો ત્યાં રાગ આવ્યો તો ઝેર છે, વ્રતનો ભાવ ઝેર છે. સમજાણું કાંઈ? પણ ચરણાનુયોગની વિધિમાં કહે છે કે અવિરુદ્ધ આચરણ કરો એમ કહે છે. ઝેરનું આચરણ કરો એટલે કે રાગનું આચરણ કરો. એય..! વજુભાઈ!

દ્રવ્યાનુયોગના તત્ત્વમાં તો રાગ આવે છે એ જાણવાલાયક છે, આચરણ કરવા લાયક નથી. એ તો ભિન્ન રહી જાય છે. જ્ઞાની એના ઉપર લક્ષ પણ કરતા નથી. પોતાના સ્વરૂપની

દૃષ્ટિ અનુભવમાં રહે છે. એવો વિકલ્પ આવી જાઓ. હેયબુદ્ધિ, ઝેરબુદ્ધિ. કહ્યુંને ત્યાં મોક્ષ અધિકારમાં? મોક્ષ અધિકાર, વિષકુંભ. વ્રતના પરિણામ, દયા-દાનના પરિણામ, ભક્તિના પરિણામ વિષકુંભ છે. ભગવાન આત્મા અમૃતકુંભ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ કહે છેને. વ્યવહારથી મેળ કહેવામાં આવે છે. એ માટે તો વાત ચાલે છે. એ ભૂમિકામાં એવો વિકલ્પ આવ્યા વિના રહેતો નથી. તો નિશ્ચય ભૂમિકાની દશામાં અવિરુદ્ધ આચરણ કરો, એનાથી વિરુદ્ધ ન હોય એવો રાગ કરો અથવા રાગ શુભોપયોગ કરો એમ અહીંયા કહેવામાં આવ્યું છે. કરો તો અહીંયાં ચરણાનુયોગની વિધિ છે માટે કરો કહે છે. એ ચરણાનુયોગની વિધિમાં કેમ બોલે? બોલવાની ભાષા એવી છે. આહા..હા..! સમજાણું કાંઈ? પંડિતજી! લ્યો! આહા..હા..! દ્રવ્યથી અવિરુદ્ધ ચરણનું આચરણ કરો. વિરુદ્ધતા ન હોય એવા રાગની મંદતા હોય. બસ! સ્વરૂપની ચારિત્રદશા હોય ત્યારે રાગની મંદતા એવી હોય તેને એમ કરો એવી ચરણાનુયોગમાં કથનશૈલી આવે.

મુમુક્ષુ :- કરું એવો વિકલ્પ ઉઠતો હશે?

ઉત્તર :- કરું એવો વિકલ્પ ઉઠતો નથી, આવી જાય છે. રાગ આવી જાય બસ એટલું. કરું એ કર્તા નથી, પણ પરિણમન છેને એટલે કરું (એમ કહેવામાં આવે છે), પરિણમન છે એમ જ્ઞાની જાણે છે. આ પ્રવચનસાર છેને, આગળ કર્તૃત્વનય (આવશે). આગળ છેને કર્તૃત્વનય ૪૭ નયમાં. જ્ઞાની, રાગનું પરિણમન છે તો કર્તૃત્વ—જાણે છે એટલું, પણ વ્યવહારકથનીમાં એમ આવે કે એ કર્તા છે, કરે એમ આવે છે. આજે સવારે ન આવ્યું? તમારા.. કોઈ પ્રશ્ન કરતા હતાને. શુભનું મમત્વ કરવું. કોઈ પ્રશ્ન કરતા હતા. તમે પ્રશ્ન કરતા હતા. શુભભાવ છે એને કર્તૃત્વબુદ્ધિ માનવી, મમતા કરવી. આવ્યું હતું કે નહિ? એ પ્રશ્ન કર્યો હતો હેમરાજજીએ. અમે આહાર કરીને નીકળ્યાને. છેને એમાં મોક્ષમાર્ગપ્રકાશકમાં. એ તો દેવા-લેવાની ક્રિયા તારી નથી, પણ રાગની મંદતા તારા પરિણમનમાં છે એટલું જાણવા માટે એમ કહ્યું છે. કર્તૃત્વ માનવું. કર્તૃત્વનો અર્થ કે પરિણમન મારું છે એમ જાણવું એમ. મારું પરિણમન છે. કર્તૃત્વ છેને. પરિણમે તે કર્તા. અને મમત્વ કરવું. મમત્વ કરવાનો અર્થ? મારી પર્યાયમાં છે એમ. એ કોઈ જડમાં છે રાગની મંદતા એમ નથી. આહા..હા..! બહુ વાત... સમજાણું કાંઈ? આહા..હા..! આ કોઈ પક્ષનો માર્ગ નથી. આ તો વસ્તુનું સ્વરૂપ જ એવું છે. એમ સંતો કહે છે અને એવું ધર્મી આચરણ કરે છે. ઓહો..! અવિરત બીજા પણ. અવિરતનો અર્થ નિરંતર થાય છેને? શુભાશુભભાવમાં અટક્યો નથી. બીજા પણ દ્રવ્યથી અવિરુદ્ધ કરો, બરાબર છે. શુભાશુભભાવમાં અટક્યો નથી, અટકવું નથી. આવે છે એમ કરો. લ્યો!

**'આમ (શ્રીમદ્‌ભગવત્‌કુંદકુંદાચાર્યદેવ હવેની ગાથા દ્વારા) બીજાઓને ચરણ**

**આચરવામાં જોડે છે.'** લ્યો! ઠીક! પરને જોડે છે. એ તો કોઈ કોઈને જોડતા નથી. પણ ચરણાનુયોગની કથનીમાં એવો ઉપદેશ આવ્યા વિના રહે નહિ. એમ બોલવામાં આવે કે પરને જોડે. એવું આવે છેને. વિકલ્પ આવે છે એ દશામાં. એમ કહે કે તમારા વ્રતમાં દોષ લાગ્યો હોય તો પ્રાયશ્ચિત લ્યો. ગુરુ પાસે જાય પ્રાયશ્ચિત લેવા. એ શું છે? એ તો બધો વિકલ્પ છે. પણ એ ભૂમિકાને યોગ્ય એવો વિકલ્પ આવી જાય તો દ્રવ્યાનુયોગમાં તો એને જાણનારો જ છે, પણ ચરણાનુયોગમાં એમ કહેવામાં આવે કે મને પાપ લાગ્યું, મને .. થશે, પ્રાયશ્ચિત દ્યો. પ્રાયશ્ચિત શું? એ કહે ... એ પ્રાયશ્ચિત્ત છે ખરેખર? પ્રાયશ્ચિત એનાથી (-રાગથી) રહિત સ્વરૂપમાં ઠરે એ પ્રાયશ્ચિત છે. સમજાણું કાંઈ? આહા..હા..! પ્રાયશ્ચિતની વ્યાખ્યા કરી છે ત્યાં નિયમસારમાં. એમ કહે કે, બે-પાંચ અપવાસ કરો એ ખરું પ્રાયશ્ચિત છે? એ પણ વિકલ્પ છે. ઓહો..હો..! લ્યો!

**'(હવે ગાથા શરૂ કર્યા પહેલાં તેની સાથે સંધિને અર્થે...'** સંધિ-મેળવવા માટે. **'શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે...'** અમૃતચંદ્રાચાર્યદેવ **'પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવા માટે નીચે પ્રમાણે જ્ઞાનતત્ત્વ-પ્રજ્ઞાપન અધિકારની પહેલી ત્રણ ગાથાઓ લખી છે:)'** લ્યો! પહેલા આવી ગઈને એ? જ્ઞાનતત્ત્વ અધિકારમાં. શરૂઆતમાં આવી ગઈ છે પાંચ ગાથા એમાંની ત્રણ.

एस सुरासुरमणुसिंदवंदिदं धोदघाइकम्ममलं।
पणमामि वड्ढमाणं तित्थं धम्मस्स कत्तारं।।१।।
सेसे पुण तित्थयरे ससव्वसिद्धे विसुद्धसब्भावे।
समणे य णाणदंसणचरित्ततववीरियायारे।।२।।
ते ते सव्वे समगं समगं पत्तेगमेव पत्तेगं।
वंदामि य वट्टंते अरहंते माणुसे खेत्ते।।३।।

આહા..હા..! હું પ્રત્યેકને વંદન કરું છું. મહાવિદેહક્ષેત્રમાં ભગવાન બિરાજે છે, એવા ભૂતકાળમાં થયા, ભવિષ્યમાં (થશે) એ બધાને, હું દરેકને, એક-એકને ભિન્ન ભિન્ન કરીને વંદન કરું છું. આહા..હા..! ભક્તિના ઉલ્લાસમાં એવો વિકલ્પ આવે છે. સમજાણું કાંઈ? એ કહે છે. લ્યો. વીતરાગને નમસ્કાર કરવા એ તો વિકલ્પ છે, પુણ્યબંધનું કારણ છે. ભાઈ! છે તો એમ જ, પણ એ ભૂમિકાને યોગ્ય એમ આવ્યા વિના રહે નહિ. નહિતર તો નિશ્ચયાભાસી લૂખ્ખો થઈ જાય. સમજાણું કાંઈ? ઓહો..હો..! જુઓ! **'वंदामि य वट्टंते अरहंते माणुसे खेत्ते।।' '(હવે આ અધિકારની ગાથા શરૂ કરવામાં આવે છે :)'** લ્યો! ૨૦૧.

**एवं पणमिय सिद्धे जिणवरवसहे पुणो पुणो समणे।**
**पडिवज्जदु सामण्णं जदि इच्छदि दुक्खपरिमोक्खं।।२०१।।**

આહા..હા..! જુઓ! છેને? અહીંયાં શ્લોક છેને? હરિગીત.

**એ રીત પ્રણમી સિદ્ધ, જિનવરવૃષભ, મુનિને ફરી ફરી,**
**શ્રામણ્ય અંગીકૃત કરો, અભિલાષ જો દુખમુક્તિની. ૨૦૧.**

આ ગુજરાતી છેને? કોઈએ હિન્દી બનાવ્યું નથી અત્યાર સુધી? હિન્દીમાં કોઈ બનાવનાર નથી? એનો અન્વયાર્થ પહેલા લ્યો. પહેલી ગાથા છેને.

'**यदि दुःखपरिमोक्षम् इच्छति**' '**જો દુઃખથી પરિમુક્ત થવાની...**' પરિ નામ સર્વથા પ્રકારે મુક્ત થવાની, છૂટકારો મેળવવાની '**ઈચ્છા હોય તો,...**' જુઓ અહીંયા આ લીધું છે. નાસ્તિથી લીધું છે. ચરણાનુયોગની શૈલી છે. સમજાણું કાંઈ? '**જો દુઃખથી પરિમુક્ત થવાની...**' દુઃખથી સર્વથા છૂટવાની ઈચ્છા હોય તો. લ્યો, એ નાસ્તિથી કથન છે. અસ્તિથી કથન તો પોતાનો ભગવાન આત્મા પૂર્ણાનંદ સ્વરૂપમાં આરૂઢ થાય તો દુઃખથી મુક્ત થઈ જશે. દુઃખથી મુક્ત કરવો પડે નહિ. સમજાણું કાંઈ? પણ દુઃખથી મુક્ત થાય છે, આવા સ્વરૂપમાં, આનંદમાં આરૂઢ થાય છે તો એ દશામાં ચરણાનુયોગમાં, જેને દુઃખથી છૂટવાનો ભાવ થાય તે જીવ (આમ કરે એમ કહેવામાં આવે છે). આહા..હા..!

'**પૂર્વોક્ત રીતે (જ્ઞાનતત્ત્વ-પ્રજ્ઞાપનની પહેલી ત્રણ ગાથાઓ પ્રમાણે)...**' પહેલા માથે ગઈને ઈ. '**पुनः पुनः**' '**ફરી ફરીને...**' આહા..હા..! '**સિદ્ધોને,...**' નમસ્કાર કરે છે. '**जिनवरवृषभान्**' '**જિનવરવૃષભોને (-અર્હંતોને)...**' એ ઓલામાં લખ્યું છે ભાઈ! જયસેનાચાર્યની ટીકામાં સાસાદનથી જિન કહેવામાં આવે છે. ... પહેલા ગુણસ્થાનથી જિન કહેવામાં આવે છે. ગુજરાતીમાં, ગુજરાતીના સંસ્કૃતમાં. સમજાણું કાંઈ? એટલું તમારું હિન્દી છે તો અહીંયાં ગુજરાતી થયું છે એનું હિન્દી કરવાનો કોઈને વિકલ્પ નથી. અહીં કરો... અહીં કરો...

મુમુક્ષુ :- .. સારી બની.

ઉત્તર :- સારી બની? બીજું અમે બનાવી શકીએ? અર્થ ન કરી શકે? ભાવ ન આવડે.

કહે છે કે અહો..! કુંદકુંદાચાર્ય મહારાજ ઉલ્લાસમાં આવીને કહે છે કે હું સિદ્ધોને વારંવાર નમસ્કાર કરું છું. '**पुनः पुनः**' તીર્થંકર પણ જ્યારે છદ્મસ્થ હોય ત્યારે દીક્ષિત થાય છે ત્યારે ણમો સિદ્ધાણં એમ બોલે છે. ણમો સિદ્ધાણં કહીને ચારિત્રની સ્વરૂપમાં રમણતા કરે છે. એવો વ્યવહાર વ્યવહારના સ્થાને આવ્યા વિના રહે નહિ. નહિતર તો કાં સર્વજ્ઞ થઈ જાય, કાં એવો વ્યવહાર ન હોય તો એકલો મિથ્યાદષ્ટિ થઈ જાય. નિશ્ચય પણ નહિ અને વ્યવહાર પણ નહિ. સમજાણું કાંઈ? જ્યાં આત્માના નિશ્ચય દર્શન-જ્ઞાન-ચારિત્ર છે એવા મુનિઓને પણ પરમાત્માને વંદન કરવાનો ભાવ આવે છે.

'**જિનવરવૃષભોને તથા શ્રમણોને...**' શ્રમણ શબ્દે આચાર્ય, ઉપાધ્યાય, સાધુ ત્રણે. ત્રણે .. છે. '**પ્રણમીને,...**' લ્યો! '**(જીવ) શ્રામણ્યને અંગીકાર કરો.**' ઓહો..! પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરીને ચારિત્ર અંગીકાર કરો. સમજાણું કાંઈ? આ બધી સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વકની વાત

છે હોં. આગળ આવશે. સમ્યગ્દર્શન-જ્ઞાન નથી અને ચારિત્ર અંગીકાર કરો. એ ક્યાંથી આવ્યું? કહે છે કે અહો..! શ્રામણ્યને અંગીકાર કરો.

'**ટીકા :- દુઃખથી મુક્ત થવાનો અર્થી એવા મારા આત્માએ...**' જુઓ, સમજાણું? 'किच्चा अरहंताणं सिद्धाणं तह णमो गणहराणं। अज्झावयवग्गाणं साहूणं चेव सव्वेसिं।। तेसिं विसुद्धदंसणणाणपहाणासमं समासेज्ज। उवसंपयामि सम्मं जत्तो णिव्वाणसंपत्ती।।' મેં નમસ્કાર કર્યા એમ તમે પણ કરો એમ કહે છે. '**પ્રણામ-વંદનાત્મક નમસ્કારપૂર્વક વિશુદ્ધદર્શનજ્ઞાનપ્રધાન સામ્ય નામના શ્રામણ્યને—કે જેનું આ ગ્રંથની અંદર આવી ગયેલા બે અધિકારોની રચના વડે સુસ્થિતપણું થયું છે તેને—પોતે અંગીકાર કર્યું, તે રીતે બીજાનો આત્મા પણ, જો તે દુઃખથી મુક્ત થવાનો અર્થી હોય તો, તેને અંગીકાર કરો. તેને (શ્રામણ્યને) અંગીકાર કરવાનો જે યથાનુભૂત માર્ગ તેના પ્રણેતા અમે આ ઊભા.**' મુનિપણાની વીતરાગ દશા કેવી છે અને એ સમયે વિકલ્પની દશા કેવી છે એ બધાનું જ્ઞાન—જાણનારો હું વર્તમાન ઊભો છું, એમ કહે છે. આ બધાનો અર્થ તો વાંચી ગયા હોં.

જુઓ, '**किच्चा अरहंताणं**' અરિહંતોને નમસ્કાર કરીને... સમજ્યાને? '**અરિહંતો, સિદ્ધો, આચાર્યો, ઉપાધ્યાયો તથા સાધુઓને પ્રણામ-વંદનાત્મક...**' પ્રણામ-વંદનાત્મક '**નમસ્કારપૂર્વક...**' શું કહે છે? નમસ્કાર પ્રણામ-વંદનમાં છે. નમસ્કારની બે વ્યાખ્યા છે. કઈ? એક તો પ્રણામ. દેહથી નમન, દેહથી નમન આમ એ પ્રણામ અને વચનથી સ્તુતિ તે વંદન. બેય મળીને નમસ્કાર છે. સમજાણું કાંઈ? પહેલા આવી ગયું છે આપણે શરૂઆતમાં. અહીંયાં કહે છે જુઓ. '**પ્રણામ-વંદનાત્મક નમસ્કારપૂર્વક...**' છેને શબ્દ? તો પ્રણામની વ્યાખ્યા એ છે કે દેહથી નમન. એવું નિમિત્તનું જ્ઞાન કરાવે છે. એ વખતે નિમિત્ત-નૈમિત્તિક સંબંધમાં વંદનનો ભાવ આવ્યો તો દેહથી પણ નમન થઈ જાય છે. મસ્તક આમ નમાવીને. સમજાણું કાંઈ? મસ્તક નમાવી શકતો નથી એ પ્રશ્ન અત્યારે નથી. સમજાણું કાંઈ? અહીંયાં તો વંદન નામ જ્યાં ભાવ થયો તો વાણીનો ઉપચાર પણ સ્તુતિ થાય છે એમ કહે છે અને દેહથી પણ નમન થાય છે. એ બેયને મળીને નમસ્કાર કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એની વ્યાખ્યા પહેલા આવી ગઈ છે.

'**સાધુઓને પ્રણામ-વંદનાત્મક...**' વંદનસ્વરૂપ '**નમસ્કારપૂર્વક...**' આવા નમસ્કારપૂર્વક. એ પણ કોણ છે સાધુ આદિ? સમજાણું? એ '**વિશુદ્ધદર્શનજ્ઞાનપ્રધાન સામ્ય નામના શ્રામણ્યને—કે જેનું આ ગ્રંથની અંદર આવી ગયેલા...**' છે. જુઓ, કેવા છે બધા મુનિ? વિશુદ્ધદર્શનજ્ઞાનપ્રધાન જેમાં છે. સમ્યગ્દર્શન અને જ્ઞાન તો મુખ્ય જેમાં છે. સમ્યગ્દર્શન અને જ્ઞાન ન હોય અને આ ચારિત્ર હોય એમ બનતું નથી. આહા..હા..! વિશુદ્ધદર્શનજ્ઞાનપ્રધાન. જુઓ, આમાં વિશુદ્ધ શબ્દે નિર્મળ સમ્યગ્દર્શન, નિર્મળ સમ્યગ્જ્ઞાન. એવી જેમાં મુખ્યતા છે

એવા '**શ્રામણ્યને...**' સાધુ. શુદ્ધોપયોગ, સમતા, વીતરાગી પરિણામ. સામ્ય નામના શ્રામણ્ય. શુદ્ધોપયોગરૂપી સાધુપણું એમ કહે છે. શુદ્ધોપયોગ સામ્યમાં સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રધાન છે. તો સમ્યગ્દર્શન-જ્ઞાન જેમાં મુખ્ય છે તેમાં સામ્યભાવ આવે છે. એવા સામ્યભાવને સાધુપણું કહે છે. કહો, સમજાણું કાંઈ? લ્યો!

કહે છે કે ચરણને બરાબર રાખવા. અહીં તો પહેલા ઉપાડ્યું કે શુદ્ધ ઉપયોગ એ જ સાધુ છે. ભાઈ! ઠીક! લેશે ખરા કે એ પ્રમાણે વ્યવહાર ચરણ સિદ્ધિ થશે. પણ નમસ્કાર કરવામાં અને પોતાની દશા બતાવવામાં તો આમ કહ્યું. સમજાણું કાંઈ? આવું જેને સમ્યગ્દર્શન અંદર અનુભવ દૃષ્ટિ અને નિર્વિકલ્પદશા, નિર્વિકલ્પ સંવેદનપૂર્વક જેને સામ્યભાવ શુદ્ધોપયોગ વીતરાગભાવ પ્રગટ થયો તેને હું વંદન કરું છું, નમસ્કાર કરું છું. સમજાણું કાંઈ? આહા..હા..! સામ્ય નામના શ્રામણ્ય. જુઓ! આમાં ગોટાળો થાય છે. સામ્ય નામક શ્રમણ કહ્યું એ તો સ્વરૂપાચરણ છે અને એ સ્વરૂપાચરણ તો અગિયારમે ગુણસ્થાને હોય છે એમ કહે છે અત્યારે.

મુમુક્ષુ :- અગિયારમે?

ઉત્તર :- હા, કહે છેને તમારે એય..! દેવચંદજી! એ કહે છે તમારા. આ તો જાણવાની વાત છે હોં! વ્યક્તિગત કાંઈ નહિ. એ તો સ્વતંત્ર આત્મા છે. આ તો એક સ્પષ્ટ કરવા માટે. વ્યક્તિ તો સ્વતંત્ર છે. કોઈ વ્યક્તિનો અનાદર નથી. સમજવા માટે વ્યક્તિ સ્વતંત્ર છે. અહીં તો સ્પષ્ટિકરણ કરવા માટે. અહીં કહે છે કે આ સામ્ય તો સ્વરૂપાચરણ છે. સ્વરૂપાચરણ છે તો ચારિત્ર છે. સ્વરૂપે ચરણં ચારિત્ર પહેલા આવી ગયું છે. તો એમ કે અગિયારમે ગુણસ્થાન છે. અહીં મુનિ કહે છે કે અમને સામ્યભાવ છે. અમે પંચમ આરાના મુનિ છીએ, અમે સામ્યભાવ અંગીકાર કર્યો છે એમ કહે છે. આહા..હા..! કહો, હેમરાજજી! એમ કે સામ્યભાવ અગિયારમે (હોય). આ તો સામ્ય અંગીકાર કર્યું છે, તમે પંચમ આરાના મુનિ સમ્યગ્દર્શન-જ્ઞાન-પ્રધાનપૂર્વક ચારિત્ર અંગીકાર કરો, શુદ્ધોપયોગ અંગીકાર કરો. શુદ્ધોપયોગ અંગીકાર કરો એમ કહે છે. શુદ્ધોપયોગ કહો, સામ્યભાવ કહો-બધી એક જ વાત છે. ચારિત્ર કહો કે સ્વરૂપાચરણચારિત્ર કહો. અરે! ભગવાન! જેવી વસ્તુની સ્થિતિ છે તેને પોતાના પક્ષ માટે મરડવી-કચડવી એવી કોઈ ચીજ છે આ? આ તો અનાદિ માર્ગ વીતરાગનો છે. સમજાણું?

'**વિશુદ્ધદર્શનજ્ઞાનપ્રધાન સામ્ય નામના શ્રામણ્યને...**' જુઓ, તેને સાધુ કહે છે. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ જેમાં નિશ્ચય સમ્યગ્દર્શન નિર્વિકલ્પ અનુભવ અને સ્વસંવેદનજ્ઞાન અને સ્વરૂપનું પ્રચુર વેદન શુદ્ધ ઉપયોગની દશા તેને સાધુપદ કહેવામાં આવે છે. તેને આચાર્ય, ઉપાધ્યાય, સાધુ કહેવામાં આવે છે. '**જેનું આ ગ્રંથની અંદર આવી ગયેલા (જ્ઞાનતત્ત્વ-પ્રજ્ઞાપન અને જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન નામના) બે અધિકારોની રચના વડે સુસ્થિતપણું થયું છે તેને—**' જેને જ્ઞાન, સમ્યગ્દર્શન થયું છે અને સમ્યજ્ઞાન થયું છે. એમ કે બે અધિકાર આવી ગયાને? એવું '**સુસ્થિતપણું થયું છે તેને—પોતે અંગીકાર કર્યું,...**' આચાર્યે પોતે

પણ અંગીકાર કર્યો, શુદ્ધ ઉપયોગ સામ્યભાવ સમ્યગ્દર્શનપૂર્વક. '**તે રીતે બીજાનો આત્મા પણ, જો તે દુઃખથી મુક્ત થવાનો અર્થી હોય તો,...**' જુઓ, આહા..હા..!

મુમુક્ષુ :- કુંદકુંદચાર્ય જેવું?

ઉત્તર :- કુંદકુંદાચાર્ય કહે છે એવું. અમારા જેવું જેને આચરણ કરવું હોય તો આમ કરો. આહા..હા..! ધન્ય દશા, ધન્ય કાળ એ ઉપયોગ શુદ્ધ! સમ્યગ્દર્શનપૂર્વકની ચારિત્રદશા. ઓહો..! પરમેષ્ઠી દશા. મોક્ષનું સાક્ષાત્ સાધન. ઓહો..! આચાર્ય કહે છે કે મેં (સામ્યભાવ) અંગીકાર કર્યો એ પ્રમાણે બીજા પણ અંગીકાર કરો. '**જો તે દુઃખથી મુક્ત થવાનો અર્થી હોય તો,...**' તો અંગીકાર કરો. પછી થોડો શબ્દનો અર્થ છે. પછી આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જેઠ વદ ૧૩, ગુરુવાર, તા. ૧૨.૦૬.૧૯૬૯**
**ગાથા-૨૦૧-૨૦૨, પ્રવચન-૧૮૧**

આ પ્રવચનસાર, ચરણાનુયોગ અધિકાર. આચાર્ય મહારાજ કુંદકુંદાચાર્ય આદિ, અમૃતચંદ્રાચાર્ય કહે છે, અરે! પ્રભુ! જે દુઃખથી મુક્ત થવાનો ઈચ્છુક હોય, દુઃખથી મુક્ત થવાની અભિલાષા, ભાવ હોય તો તેને અંગીકાર કરો. શ્રમણપણું અંગીકાર કરો. તે શ્રમણને અંગીકાર કરવાનો... જુઓ, અહીંયાં ચરણાનુયોગ અધિકાર છેને? સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન સ્વ-અનુભવ સહિતની વાત છે.

મુમુક્ષુ :- .. લખ્યું છે.

ઉત્તર :- લખ્યું છેને, હજી પાછળ પણ આવશે. શબ્દે-શબ્દ આવશે. જેને જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ છે. વિદાયમાં માગણી નથી કરતા? મારી જ્ઞાનજ્યોતિ મને પ્રગટ થઈ છે. એ માગણી કરે છે. ચરણાનુયોગનો અધિકાર છેને વ્યવહારનો? ઓહો..! સંસારના દુઃખથી. સંસાર દુઃખ એટલે? મિથ્યાત્વ અને રાગ-દ્વેષનું જે દુઃખ છે એ દુઃખથી મુક્ત થવાનો ભાવ છે તે સાધુપણું અંગીકાર કરો. તેને પહેલા જાણવું તો પડશેને કે એની વિધિ કેવી છે.

'**(શ્રામણ્યને) અંગીકાર કરવાનો જે યથાનુભૂત માર્ગ...**' છે. જેવો મેં અનુભવ કર્યો છે. જુઓ, મારા અનુભવમાં આવ્યું છે કે મુનિપણું આવું છે. છઠ્ઠે ગુણસ્થાને આનંદની ભૂમિકા

પ્રચુર સ્વસંવેદનની દશા અમને થઈ છે. યથાનુભૂત છે અને અનુભૂતિ કરી છે. અને તે ક્ષણે તેવી દશામાં પંચ મહાવ્રત આદિનો કે પંચ આચારનો વિકલ્પ કેવો હોય, એ અમારી નિશ્ચય અનુભૂતિ સહિત વ્યવહારને અમે જાણીએ છીએ. એ અમારો '**યથાનુભૂત માર્ગ તેના પ્રણેતા...**' જુઓ, તેને કહેનારા. લ્યો આવ્યું. પ્રણેતા-તેને કહેનારા. વળી એમ કહે છેને કે આત્મા કહી શકતો નથીને? પણ એ વ્યવહારના ચરણાનુયોગની કથનની પદ્ધતિમાં એમ આવે. પ્રણેતા નામ અમારો ભાવ તે સાધુપણાનો અમને અનુભવ છે, છઠ્ઠા ગુણસ્થાને આનંદ અને પ્રચુર સંવેદન કેટલું છે એ અમને પ્રગટ થયું છે અને એ ભૂમિકામાં પંચ આચાર આદિનો વિકલ્પ આવા છે એ પણ અમને ખબર છે. તો એના પ્રણેતા, અમે અનુભવ કરનારા એને કહીએ છીએ એમ કહે છે. એવું મુનિપણું અમને નથી અને મુનિપણાની વાત કરીએ છીએ એમ નથી.

પ્રણેતા-કહેનાર. લ્યો! નિમિત્તથી કથન તો એમ આવેને. '**અમે આ ઊભા.**' અમે આ ઊભા. અમારી ગુજરાતી ભાષામાં. આ માર્ગનો અનુભવ કેવો છે એ અમને ખબર છે. એને કહેનારા અમે ઉભા છીએ. હવે તમે સાંભળો એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન કહે છે અને અમે સાંભળ્યું છે અને કહીએ છીએ એમ નથી એમ કહે છે. ભગવાન આમ કહેતા હતા કે સાધુપણું આવું હતું એમ નહિ. અમારા અનુભવમાં આવ્યું છે કે વીતરાગ પરિણતિ છઠ્ઠા ગુણસ્થાને કેવી છે તે અમને પ્રગટ વર્તમાન છે. એ પૂર્વક અમે વિકલ્પથી આ શાસ્ત્રને કહેવા માગીએ છીએ. સમજાણું કાંઈ?

શ્વેતાંબરમાં તો એમ આવે છે, સ્વયં.. ગૌતમ કહે છે કે હે સુધર્મ! અથવા સુધર્મસ્વામી કહે છે, હે જંબુ! ભગવાને એમ કહ્યું હતું એ અમે તમને કહીએ છીએ. એમ એમાં આવે છે. ... અમે સાંભળ્યું છે. હે આયુષ્યવંત આત્મા! ... ભગવંત એમ કહેતા હતા, એ અમે તમને કહીએ છીએ. આ એમ નથી. આહા..હા..! ભગવાન એમ કહેતા હતા અને એ અમે કહીએ છીએ એમ નથી. જુઓ, પદ્ધતિ-શૈલી. એ આચારંગની પહેલી શૈલીનો શબ્દ એ છે શ્વેતાંબરનો. સર્વ તદ્દન એકલા વ્યવહારપ્રધાન કથન છે. આ તો નિશ્ચયની અનુભૂતિ સહિત પ્રચુર સ્વસંવેદન (સહિત વાત કરે છે). એ સમયસારની પાંચમી ગાથામાં આવ્યું છે. અમારો આ વૈભવ કેવી રીતે પ્રગટ્યો છે? પાંચમી ગાથા સમયસારની. આ તો પ્રવચનસાર છે. પાંચમી ગાથામાં. પ્રચુર સ્વસંવેદનથી જેનો જન્મ છે એમ છે. જુઓ સંસ્કૃત ટીકા. સમયસારની વાત છે હોં. આ સમયસાર છેને?

'**છાપવાળું...**' જુઓ! '**સુંદર જે આનંદ તેની છાપવાળું જે પ્રચુરસ્વસંવેદનસ્વરૂપ સ્વસંવેદન, તેનાથી તેનો જન્મ છે.**' છે? જુઓ, આહા..હા..! કહે છે '**નિરંતર ઝરતો...**' ભગવાન આનંદનો ડુંગર સ્વરૂપ એની અંતરમાં અમારી દૃષ્ટિ અને રમણતા એટલી પ્રગટી છે કે નિરંતર ઝરતો. નિરંતર આનંદ ઝરે છે અમારા શુદ્ધ સ્વભાવમાંથી. અતીન્દ્રિય આનંદનું

ઝરણું વહે છે. ઝરણું સમજો છો? ઝરણું વહે. ડુંગરમાંથી પાણી વહે. એમ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો ડુંગર-પર્વત તેને અમે સ્પર્શ કરીને અમારી દશામાં અતીન્દ્રિય આનંદનું ઝરણું અંદર ઝરે છે. આહા..હા..! જુઓ!

મુમુક્ષુ :- આ ક્યા ગુણસ્થાનનો ભાવ છે?

ઉત્તર :- છઠ્ઠું. સમયસાર પાંચમી ગાથામાં એમ છે. પાંચમી ગાથા.

'**નિરંતર ઝરતો—**' છેને? સંસ્કૃતમાં પણ છે જુઓ. '**अनवरतस्यन्दिसुन्दरानन्दमुद्रितामन्द-संविदात्मकस्वसंवेदनजन्मा**' એ સંસ્કૃતનો ટૂકડો છે. સમજાણું કાંઈ? કહેનારા અમે કોણ છીએ અને કેવી દશામાં અમે છીએ એનું વર્ણન કરે છે. આહા..હા..! ભગવાન કહે છે એ અમે કહીએ છીએ—એમ વાત નથી. કહે છે કે અમને નિરંતર સ્વાદમાં આત્મા આવે છે. ઓહો..હો..! અતીન્દ્રિય આનંદ ભગવાન સમ્યગ્દર્શનપૂર્વક ચારિત્રદશા છે છઠ્ઠા ગુણસ્થાને. ચોથે અને પાંચમે જે આનંદ આવે છે એના કરતાં વિશેષ આનંદ છઠ્ઠામાં આવે છે. તો '**સ્વાદમાં આવતો, સુંદર જે આનંદ...**' દુનિયા કલ્પનાથી સ્વર્ગનું સુખ માને છે એ તો ઝેર-દુઃખ છે. આ તો સુંદર આનંદ. રાગ વિનાનો અનાકુળ પ્રભુ આત્માના આનંદનું વેદન એની મુદ્રા-છાપ છે.

'**સુંદર જે આનંદ તેની છાપવાળું જે પ્રચુરસ્વસંવેદનસ્વરૂપ સ્વસંવેદન...**' પ્રચુર સ્વસંવેદનસ્વરૂપ સ્વસંવેદનથી. અમારા આનંદમાં આત્માનું સંવેદન,.. જુઓ આ ભૂમિકા મુનિની. '**પ્રચુરસ્વસંવેદનસ્વરૂપ સ્વસંવેદન, તેનાથી જેનો જન્મ છે.**' અમારા આત્માના આનંદનો વૈભવ પ્રગટ થયો છે. આ વૈભવ. ધૂળનો વૈભવ એ વૈભવ નથી. માટી ને ધૂળ ને બંગલા ને હજીરા. સમજાણું કાંઈ? આહા..હા..! અમારો નિજવૈભવ અનાકુળ આનંદની જેમાં મુદ્રા-છાપ છે. રજિસ્ટર છે. રજિસ્ટર છે એમ કહે છે. જુઓ, મુદ્રાનો અર્થ. આ પોસ્ટ માસ્તર છાપ મારે છેને. એમ અમારા વેદનમાં આનંદની છાપ છે, સુંદર આનંદની છાપ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આઠમા ગુણસ્થાનની વાત છે?

ઉત્તર :- અરે..! છઠ્ઠાની વાત છે. આ વિકલ્પ છે એ સમયની તો વાત છે. લખવા કાળે વિકલ્પ છે છતાં આત્માનો આનંદ તો ત્યાં ઝરે જ છે અને વેદનમાં છે જ નિરંતર. વિકલ્પ હો, હો તો હો, વિકલ્પ ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**તેનાથી જેનો જન્મ છે.**' એ અહીંયાં કહે છે જુઓ.

મુમુક્ષુ :- અંતર આનંદના છાપવાળી દૃષ્ટિ છે.

ઉત્તર :- મુદ્રા-છાપ છે. સુંદર આનંદ જેમાં મુદ્રા-છાપ પડી છે. રજિસ્ટર કર્યું છે અમે કે અમારો આનંદ અમારી પાસે વેદનમાં છે એમ રજિસ્ટર કરી દીધું છે. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓ તો સંતોની કથનની પદ્ધતિ!

અહીં કહે છે, '**યથાનુભૂત માર્ગ...**' છે. યથાનુભૂત માર્ગ છે. '**તેના પ્રણેતા અમે આ ઊભા.**' આ ઊભા. આ ઊભા અમારી ભાષા ગુજરાતીમાં.

મુમુક્ષુ :- પ્રણેતા એટલે?

ઉત્તર :- કહેનાર, કહેનાર. એવા પ્રણેતા-કહેનાર અમે ઉભા છીએ. આહા..હા..! સમજાણું કાંઈ? એકલી વાતું કરે છે એમ નથી એમ કહે છે. એકલું કથન કરનાર છીએ એમ નથી. આહા..હા..!

'**પ્રણેતા અમે આ ઊભા.**' હિન્દીમાં એમ લેવું. ઉભા છીએ એ કરતા ઉભા છે એટલું જોઈએ. જોઈએ કરતા ઉભા છે. એ ભાષા વ્યવસ્થિત નથી. ઉભા છે ત્યાં .. છે. માર્ગ જેવો છે એવો અનુભવ છે અમને અને એ જ માર્ગની અમે કથની કરીએ છીએ. યથાનુભૂત--અમારા અનુભવમાં અમારી દશા છે અને એ દશામાં વિકલ્પ કેવો છે? સમજાણું કાંઈ? આહા..હા..! જુઓ તો ખરા! ચરણાનુયોગ ઉપાડતા આટલી વાત કરે છે. છઠ્ઠા ગુણસ્થાનની ભૂમિકામાં દશામાં કેટલો અનુભવ છે એ અમને છે અને એ સમયે વિકલ્પની દશા વ્યવહાર કેવો છે એ પણ અમને ખબર છે, અમે જાણીએ છીએ. સમજાણું કાંઈ? એ યથાનુભૂત-અનુભૂત માર્ગ તમને કહીએ છીએ. બસ. એ પહેલી ગાથા થઈ.

'**હવે શ્રમણ થવા ઈચ્છનાર પહેલાં શું શું કરે છે તે ઉપદેશ છે :—**' સાધુ થનારની દશા કેવી છે? અને કેવી કેવી રીતે વિદાય લેવાની એ પ્રાર્થના આદિ માગણી કરે છે એ વાત કરે છે.

**आपिच्छ बंधुवग्गं विमोचिदो गुरुकलत्तपुत्तेहिं।**
**आसिज्ज णाणदंसणचरित्ततवीरियायारं।।२०२।।**
**બંધુજનોની વિદાય લઈ, સ્ત્રી-પુત્ર-વડીલોથી છૂટી,**
**દગ-જ્ઞાન-તપ-ચારિત્ર-વીર્યાચાર અંગીકૃત કરી, ૨૦૨.**

શબ્દાર્થ લઈએ પહેલા. '**(શ્રામણ્યાર્થી)...**' સાધુપણું—ચારિત્રનો, આનંદનો અર્થી '**बन्धुवर्गम् आपृच्छ्य**' '**બંધુવર્ગની વિદાય લઈને, વડીલો,...**' પોતાથી મોટા હોય એને. જેને સ્ત્રી, પુત્ર આદિ હોય તેને. બધાને એમ નથી. પણ વડીલો હોય, એને. જેને વડીલ હોય એને અને વડીલ ઉપરાંત જેને સ્ત્રી, પુત્ર આદિ હોય. બધું લેવું છેને અહીંયાં. '**વડીલો, સ્ત્રી અને પુત્રથી...**' સામાન્ય વાતમાં બધું આવે. અને '**સ્ત્રી અને પુત્રથી મુક્ત કરવામાં આવ્યો થકો, જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારને અંગીકાર કરીને.**' લ્યો!

'**ટીકા :- જે શ્રમણ થવા ઈચ્છે છે,...**' સાધુ ચારિત્રવંત આનંદકંદ કેવળજ્ઞાનના કારણરૂપ સાધુપદ. ઓહો..હો..! સમજાણું કાંઈ? સાધુપદ ન હોય, પણ કેવું લેવાનું છે એ પહેલા જાણવું તો પડે કે નહિ? સમજાણું કાંઈ? 'ચારિત્રમોહ વશ લેશ ન સંયમ, પૈ સુરનાથ

જજૈ હૈં..' અને ચારિત્રની ભાવના કાયમ હોય, એ કડી છેને? એમાં છેને ચારિત્રની ભાવના? 'ચટાપટી' ઓલામાં છે. એમાં પણ છે થોડું. સંયમ ધારી ન શકે, પણ સમ્યગ્દર્શન અનુભવ છે તો સંયમ લેવાની ચટાપટી છે. સમજાણું કાંઈ? લઈ ન શકે.

એ તો ઋષભદેવ ભગવાન પણ ૮૩ લાખ પૂર્વ સંયમ ન લઈ શક્યા. ૮૩ લાખ પૂર્વ. તીર્થંકર ત્રણ જ્ઞાનના ધણી ક્ષાયિક સમકિત લઈને આવ્યા છે. એ પણ ૮૩ લાખ પૂર્વ સુધી, એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ, ૫૬ હજાર કરોડ વર્ષ ચાલ્યા જાય, એવા-એવા ૮૩ લાખ પૂર્વ સંયમ ન લઈ શક્યા, પણ ભાવનામાં તો સમ્યગ્દૃષ્ટિ તો (એમ ભાવે છે કે) ઓહો..! મારો પુરુષાર્થ ક્યારે જાગે અને હું ક્યારે ચારિત્ર લઉં, આનંદ સ્વરૂપમાં રહું એવી ભાવના. ચારિત્રનો અર્થ એ છે ચરવું. આનંદમાં ચરવું, રમવું, લીન થવું એવી ભાવનાને, સમ્યગ્દૃષ્ટિને ન લઈ શકે છતાં ભાવના તો થાય છે. પણ ભાવનાનો અર્થ એવો નથી કે ભાવના કરે એટલે તરત થઈ જાય તો ભાવના (કહેવાય). એમ નથી. સમજાણું કાંઈ? તીર્થંકર જેવા. જેને ચોક્કસ છે કે અમારી આ ભવમાં મુક્તિ છે. મુક્તિ છે, છેલ્લો અવતાર છે, અમે તીર્થંકર છીએ, છતાં અબજો-અબજો વર્ષ સુધી સંયમ લેવાની ભાવના ન થઈ. પ્રગટ થવાની ભાવના ન થઈ. ભાવના સાધારણ છે. એ તો એમના સહજ પુરુષાર્થની ગતિ અંતરમાંથી આવે ત્યારે થાય છે. એમ કોઈ હઠથી લઈ લે એવી કોઈ ચીજ નથી. સમજાણું કાંઈ?

તો કહે છે કે '**જે શ્રમણ થવા ઈચ્છે છે, તે પહેલાં જ બંધુવર્ગની (સગાસંબંધીની) વિદાય લે છે,...**' વ્યવહારની વાત છેને ચરણાનુયોગની, તો એમ કહે છે. આગળ તો કહેશે કે વિદાય ન પણ માંગે. છૂટી જાય. ઓલા ન આપે તો શું કરે? સમજાણું કાંઈ? પણ સાધારણ બંધારણમાં વિદાય માંગે. સાધુ થવાની મારી ભાવના છે, તમે મને રજા આપો. અમને છોડી દ્યો. નિમિત્તની સમુચ્ચય વ્યાખ્યા છેને અત્યારે ચરણાનુયોગમાં. '**બંધુવર્ગની વિદાય લે છે,...**' ગુરુજનોથી '**વડીલો, સ્ત્રી અને પુત્રથી પોતાને છોડાવે છે,...**' છૂટેલો જ છે. રાગથી પણ છૂટો જ છે. પણ ચરણાનુયોગમાં એવી વાત આવે છે. માતા! અમને છોડો. સમજાણું? માતા! હે માતા! .. માતા! જનેતા! અમે સાધુપણું ચારિત્ર અંગીકાર કરવા ઈચ્છીએ છીએ, મા! છોડો. હું ફરીને માતા નહિ કરું હોં! હું ફરીને માતા નહિ કરું. એવો કોલકરાર કરીને રજા માગું છું, બા! એમ કરીને કહે છે. આહા..હા..! આ તો અંતર સહિતની વાત છેને, ક્યાં એકલી કથનીની વાત છે? સમજાણું કાંઈ? એ આવશે જુઓ. '**પોતાને છોડાવે છે, જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર તથા વીર્યાચારને અંગીકાર કરે છે.**' જુઓ, એ વિકલ્પો છે. આ વિકલ્પના જ્ઞાનાચાર આદિ થયા. વ્યવહારની વાત છેને? આમ અંગીકાર કરે છે. પાંચ પ્રકારના આચાર વિકલ્પથી અંગીકાર કરે છે. એમ કહેવામાં આવે છે. '**તે આ પ્રમાણે :—**'

'**આ રીતે બંધુવર્ગની વિદાય લે છે : અહો આ પુરુષના શરીરના બંધુવર્ગમાં**

**વર્તતા આત્માઓ!'** જુઓ, આ વૈરાગ્યના વચન છેને. **'અહો આ પુરુષના શરીરના...'** શરીરના હોં. અમારા આત્માની સાથે તમારો કોઈ સંબંધ છે નહિ. આહા..હા..! **'શરીરના બંધુવર્ગમાં વર્તતા આત્માઓ!'** અમે તો તમને આત્મા કહીએ છીએ. સમજાણું કાંઈ? આહા..હા..! **'આ પુરુષના શરીરના બંધુવર્ગમાં વર્તતા આત્માઓ! આ પુરુષનો આત્મા જરા પણ તમારો નથી...'** આ પુરુષનો આત્મા, આત્મા જે અંદર છે એ જરા પણ તમારો નથી. સમજાણું કાંઈ? **'એમ નિશ્ચયથી જાણો.'** વૈરાગ્યના વચન એવા નીકળે છે. ખુલાસો કરશે, ભાવાર્થમાં ખુલાસો કરશે. અહો..! **'એમ નિશ્ચયથી જાણો.'** મારા આત્માનો તમારા આત્મા સાથે કાંઈ સંબંધ નથી. અમારા આત્માની સાથે તમારો કોઈ સંબંધ નથી. **'તેથી હું તમારી વિદાય લઉં છું.'** આહા..હા..! સમજાણું કાંઈ? હું વિદાય લઉં છું, હું જાવ છું. હું મારા વનવાસમાં પોતાનું ચારિત્ર લઈને ફરીશ. એમ વિદાય લઉં છું, માતા! છોડી દો મને. સમજાણું કાંઈ?

**'જેને જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ છે...'** ભાષા જુઓ હવે. મને **'જેને...'** નામ મને **'જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ છે...'**

મુમુક્ષુ :- ખબર પડતી હશે?

ઉત્તર :- આ શું (લખે છે)? ખબર ન પડે તો આ શું (લખ્યું છે)? મને જ્ઞાનજ્યોતિ સ્વસંવેદનથી, અનુભવથી મને આનંદ જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ છે. રાગાદિ વિકલ્પથી પર ભિન્ન, રાગાદિ વિકલ્પથી ભિન્ન ભગવાન મારો ચિદાનંદઘન પ્રભુ એવી જ્ઞાનજ્યોતિ શક્તિરૂપ તો છે, પર્યાયમાં પ્રગટ થઈ છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવા સમ્યગ્દૃષ્ટિ અને સમ્યગ્જ્ઞાની છે તે મુનિપણું લેવા માગે છે. જેને સમ્યગ્દર્શન અને જ્ઞાન નથી અને મુનિપણું લે એ મુનિપણું વ્યવહારે પણ છે નહિ. આહા..હા..!

અહો..! **'જેને જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ છે એવો આ આત્મા...'** જુઓ, કેટલાક કહે છે કે સમ્યગ્દર્શન થયું કે સમ્યગ્જ્ઞાન થયું એ ખબર પડે નહિ. કેવળજ્ઞાની થાય ત્યારે ખબર પડે. અરે ભગવાન! એ આત્મા અનુભવમાં જાગૃત થાય અને ખબર ન પડે, શું અજ્ઞાની છે? આહા..હા..! સમજાણું કાંઈ? જેને અંતરના અતીન્દ્રિય આનંદનું વેદન આવે જ્ઞાનની સાથે, એવી જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ એ ખબર ન પડે? બહુ ગડબડ ચલાવે છે. નિશ્ચય સમ્યગ્દર્શનની ખબર ન પડે. બસ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા રાખો અને લઈ લ્યો વ્રત ને નિયમ ને સાધુપણું લઈ લ્યો. ક્રિયાકાંડ.

મુમુક્ષુ :- ચારિત્ર લઈ લ્યો.

ઉત્તર :- ચારિત્ર લઈ લ્યો કે પડિમા લઈ લ્યો, જાવ. એ પ્રભુનો માર્ગ નથી, ભાઈ! એ વીતરાગનો માર્ગ નથી. સમજાણું કાંઈ?

અરે! **'જેને જ્ઞાનજ્યોતિ...'** ચૈતન્યબિંબ પ્રભુ દેહથી ભિન્ન ભગવાન, રાગથી ભિન્ન

ભગવાન એવી જ્યોતિ અમને પ્રગટ થઈ છે એવો હું આત્મા એમ કહે છે. **'એવો આ આત્મા...'** જુઓ, **'એવો આ આત્મા...'** આહા..હા..! આંધળો થઈને ભાન નથી અને હું ચારિત્ર લેવા માંગુ છું એમ નથી. પંડિતજી! આહા..હા..! હું જ્ઞાતા-દૃષ્ટા જ છું. હું રાગ નથી, વિકલ્પ વ્યવહાર જે પંચાચાર લેવા માગું છું એ મારું સ્વરૂપ નથી એમ હું જાણું છું. એમ કહેશે હમણા જુઓ. બહુ અલૌકિક રચના છે!

**'જેને જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ છે...'** સ્વસંવેદનમાં આત્મા આનંદસ્વરૂપનો અનુભવ થયો છે. એ મારા ખ્યાલમાં, પ્રતીતમાં, અનુભવમાં છે. હું નથી જાણતો એમ નથી. હું મારા અનુભવસહિતમાં ચારિત્ર અંગીકાર કરવા માંગુ છું એમ કહે છે. સમજાણું કાંઈ? શ્વેતાંબરમાં તો એમ કહે, ભાઈ એને દ્રવ્યસમકિત પહેલા છે, પછી ચારિત્ર લેશે. દ્રવ્યસમકિત (એટલે) દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા. જાવ.

મુમુક્ષુ :- દેવ-ગુરુમાં પણ પાછા...

ઉત્તર :- એ પાછા એ દેવ-ગુરુ-શાસ્ત્ર માનેલા. એમ છે એ લોકોમાં. .. એમ કે અમને માનો દેવ-ગુરુ-શાસ્ત્રને, બસ! એ તમારે વ્યવહારસમકિતનો આરોપ દઈએ છીએ અમે. હવે ચારિત્ર અંગીકાર કરી લ્યો. આહા..હા..! જુઓ, દિગંબર સંતોની ધર્મની પ્રણાલિકા. સમજાણું? ધર્મની પ્રણાલિકા પરંપરાની રીત એવો સત્ય માર્ગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! પ્રભુ! બંધુવર્ગો, વડીલો! મારા આત્માને તો ચૈતન્યજ્યોતિ પ્રગટ (થઈ છે).

**'એવો આ આત્મા આજે આત્મારૂપી જે પોતાનો અનાદિ બંધુ તેની પાસે જાય છે.'** જુઓ, વિકલ્પની પાસે જાઉં છું એમ ન કહ્યું. પોતાના આત્મારૂપી પોતાનો અનાદિ બંધુ. અનાકુળ આનંદકંદ ભગવાન એ અમારો બંધુ છે. તમે બંધુ નથી. અમારા સલાહકાર, ભાઈબંધ અમારી દશા છે. આહા..હા..! અહો..! **'આજે આત્મારૂપી જે પોતાનો અનાદિ બંધુ...'** અનાદિ બંધુ. મારો સ્વભાવ તો અનાદિથી આવો આનંદકંદ અનાદિથી છે એની પાસે અમે જઈએ છીએ. શુદ્ધ ચિદાનંદની શક્તિરૂપ પરમાત્મા, અમારી પર્યાય ત્યાં વળે છે. આહા..હા..! જુઓ, ચરણાનુયોગની કથની પણ કેટલી છે નિશ્ચય સહિત વ્યવહારની! દિગંબર સંતોની પ્રણાલિકા અનાદિ સંતોની ચીજ આવી કહે છે, એમાં કોઈ ઘરની ગડબડ છે નહિ. આહા..હા..!

**'આ આત્મા આજે આત્મારૂપી જે પોતાનો અનાદિ બંધુ તેની પાસે જાય છે.'** જાય છે. ચોક્કસ હું મારા સ્વરૂપની પાસે જાઉં છું એમ કહે છે. સમજાણું કાંઈ? હું અંગીકાર કરું છું પણ ચારિત્ર થશે કે નહિ? એમ નથી, ભાઈ! એમ કહે છે. આહા..હા..! મારો ભગવાન જ્ઞાનજ્યોતિ તો મને પ્રગટ થઈ છે. તો હવે મારા સ્વરૂપમાં સમીપમાં સ્થિર થવા હું જાઉં છું. આહા..હા..! સમજાણું કાંઈ? મડદાને તો ઉપાડીને સ્મશાનમાં લઈ જાય છે. હું વિદાય લઈને ચાલ્યો જાઉં છું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ તો બધા મડદાને લઈને ચાલે છે. હું તો વનવાસમાં ચાલ્યો જાઉં છું. પોતાના આનંદસ્વરૂપ બંધુ એની પાસે જાઉં છું. એની પાસે જાઉં છું. રાગથી થોડો દૂર છું તો જાઉં છું. સમજાણું કાંઈ? આહા..હા..! 'દૂર કા પ્રભુ દોડ તું, મારે રમત રમવી નથી.' મારે હવે રાગની રમત રમવી નથી, પ્રભુ! મારો આત્મા આનંદસ્વરૂપ છે એની સમીપ મારે જાવું છે. જુઓ, અંતર સમ્યગ્દર્શન જ્ઞાનપૂર્વક અંતર સમીપમાં જાવું અને પરથી વિદાય લેવી એની આ રીત છે. આહા..હા..! સમજાણું કાંઈ? અલૌકિક વાત છે. ઓહો..! વીતરાગ માર્ગની શૈલી, નિશ્ચય અનુભવસહિતનો વ્યવહાર કેવો હોય છે, અલૌકિક છે. અરે! આ તો મોક્ષનો માર્ગ છે. આ તો વીતરાગી પંથમાં અંતરમાં જવાનું છે. આહા..હા..!

કહે છે, અરે! **'પોતાનો અનાદિ બંધુ તેની પાસે જાય છે.'** મને ભાન તો થયું છે કે હું જ્ઞાનાનંદ છું. એની સમીપ રમત રમવા જાઉં છું. રાગની રમત હવે મને ન જોઈએ, આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, પછી વ્યવહાર કહશે. હું તો મારા અનાદિ આનંદની પાસે જાઉં છું. પછી પાંચ આચારની વ્યવહારની વાત કરશે, પણ એની પાસે જાઉં છું એમ નહિ, હું તો મારા આનંદની પાસે જાઉં છું. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ વાત છે. એ જ સાચા આનંદ અને જ્ઞાનસહિતના રાગની મંદતાનો વ્યવહાર એને હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સ્વરૂપમાં ચરવું, ચારિત્રસ્વરૂપાચરણ આવે છેને એ? પહેલા આવે છે. સ્વરૂપે ચરણં ચારિત્ર. **'चारित्तं खलु धम्मो'** એ સાતમી ગાથામાં આવ્યું છેને. પ્રવચનસાર છેને આ જુઓ. સાતમી છે જુઓ. સાતમી ગાથા.

**चारित्तं खलु धम्मो धम्मो जो सो समो त्ति णिद्दिट्ठो।**
**मोहक्खोहविहीणो परिणामो अप्पणो हु समो।।७।।**

**'चारित्तं खलु धम्मो'** જુઓ, ચારિત્રસ્વરૂપમાં રમણતા અનુભવ સમ્યગ્દર્શન સહિત તે ધર્મ. **'जो सो समो त्ति'** તેને સમભાવ કહો, શુદ્ધોપયોગ કહો, વીતરાગભાવ કહો, નિર્વિકલ્પ ઉપયોગ કહો. સમજાણું કાંઈ? **'मोहक्खोहविहीणो'** મોહ નામ મિથ્યાત્વ અને ક્ષોભ નામ ચપળતા ચારિત્ર એનાથી રહિત **'विहीणो परिणामो अप्पणो हु समो'** નિજ સમરસ પરિણામ તેનું નામ ચારિત્ર છે. સમરસ વીતરાગરસમાં તરબોળ. આહા..હા..! સમજાણું કાંઈ? પુરણપોળી હોય છેને? પુરણપોળી સમજ્યા? પુરણપોળીને શું કહે છે? પુરણપોળીને ઘીમાં નાખે છેને. ડુબાડે લસલસતી. એમ કહે છે કે અમારો આત્મા સમરસથી તરબોળ થઈ જાય છે. આવા ચારિત્રને અમે ધર્મ કહીએ છીએ, તેને સમભાવ કહીએ છીએ, શુદ્ધોપયોગ કહીએ

છીએ.

અર્થમાં છે જુઓ. '**સ્વરૂપમાં ચરવું (—રમવું) તે ચારિત્ર છે;...**' ટીકા. છે? '**સ્વરૂપમાં ચરવું...**' સ્વરૂપનું તો પહેલા ભાન થયું છે. આનંદકંદ જ્ઞાનાનંદમાં અનુભવ સમ્યગ્દર્શન થયા છે. એમાં ચરવું-રમવું તે ચારિત્ર. ''**સ્વસમયમાં પ્રવૃત્તિ એવો...**' જુઓ, ભાષા! '**સ્વસમયમાં...**' એ ચારિત્રની વ્યાખ્યા. '**સ્વસમયમાં પ્રવૃત્તિ (અર્થાત્ પોતાના સ્વભાવમાં પ્રવર્તવું) એવો તેનો અર્થ છે.**' જુઓ, આ સાતમાની તો વાત ચાલે છે. આહા..હા..! હવે એ સ્વસમય.. અત્યારે નહિ. અરે ભગવાન! શું કરે છે? આનો અર્થ પણ બીજો કરે છે. આ તો તેરમે ગુણસ્થાને હોય છે. અરે..! અહીં તો સાતમા ગુણસ્થાનની વાત છે, છઠ્ઠા ગુણસ્થાનના વિકલ્પથી વાત કરે છે.

મુમુક્ષુ :- અમને આવું પ્રગટ્યું છે.

ઉત્તર :- પ્રગટ્યું છે. એવું ચારિત્ર છે એ વાત અમે તમને કહીએ છીએ. જુઓ.

'**તે જ વસ્તુનો સ્વભાવ હોવાથી ધર્મ છે;...**' લ્યો! એ ચારિત્ર જ ધર્મ છે. સમ્યગ્દર્શન અનુભવસહિતની સ્વરૂપમાં લીનતા આનંદકંદમાં રમણતા એ જ ધર્મ છે. '**શુદ્ધ ચૈતન્યનું પ્રકાશવું એવો એનો અર્થ છે.**' ધર્મની વ્યાખ્યા. શુદ્ધ ચૈતન્યનો પ્રકાશ થવો એ ધર્મ છે. એ ધર્મની વ્યાખ્યા છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન આત્મા, ચૈતન્યપ્રકાશ થયો અંદર. શુદ્ધ ચૈતન્યના પ્રકાશની રમણતા પ્રગટી, એ ધર્મનો અર્થ છે. '**તે જ યથાસ્થિત આત્મગુણ હોવાથી સામ્ય છે.**' એને જ ચારિત્ર કહો, તેને ધર્મ કહો, એને સામ્ય કહો વિષમતા રહિત. '**તે જ યથાસ્થિત આત્મગુણ હોવાથી સામ્ય છે.**' અને '**દર્શનમોહનીય તથા ચારિત્રમોહનીયના ઉદયથી ઉત્પન્ન થતા સમસ્ત મોહ અને ક્ષોભના અભાવને લીધે અત્યંત નિર્વિકાર એવો જીવનો પરિણામ છે.**' એ જીવના વીતરાગી પરિણામ છે. ગુણ તો ત્રિકાળ છે, દ્રવ્ય ત્રિકાળ છે. એમાં રમણ કરતી જે વીતરાગી પરિણતિ છે તે પરિણામ છે. તે પરિણામને ચારિત્ર કહો, ધર્મ કહો, એમાં રમણતા કહો, ચૈતન્યનો પ્રકાશ કહો. બધું એકાર્થ છે. સમજાણું કાંઈ? સાધુપદ કેવું હોય એવી પહેલા એણે જ્ઞાનમાં પ્રતીત તો કરવી જોઈએ કે નહિ? સમજાણું કાંઈ? સંવર-નિર્જરાની દશા નવ તત્ત્વની શ્રદ્ધામાં આવે છે. તો સંવર-નિર્જરાની મુનિને દશા કેવી હોય એની પ્રતીત કરવાની વાત કરે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એમને પણ ધીરે ધીરે થયું હશે, એકદમ ક્યાંથી થયું હશે?

ઉત્તર :- અંતર્મુહૂર્તમાં એકદમ થઈ ગયું. શું છે? ધીરે ધીરેની વ્યાખ્યા શું? કષાય મંદ કરતા... કરતા... કરતા થશે એમ છે? શુભરાગ મંદ કરતા-કરતા થશે એમ છે? શુભરાગ તો રાગ છે.

ભગવાન આત્મા પોતાનો અનુભવ થયો તો એમાં એકદમ રાગરહિત સ્વરૂપમાં રમણતા

કરવી અને ઉપયોગમાં શુદ્ધોપયોગ થવો એનું નામ ચારિત્ર અને ધર્મ છે. આ પંચમ કાળના સંત કહે છે. જેમને સાતમા ગુણસ્થાનનો અનુભવ છે. સામ્યભાવનો અનુભવ છે, ચારિત્રનો અનુભવ છે ઈ આમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો!

'**પોતાનો અનાદિ બંધુ તેની પાસે...**' ભગવાન આત્મા પોતાનો આનંદ એ અમારો અનાદિ બંધુ છે. શાંતિ, વીતરાગભાવ એ અમારો અનાદિ બંધુ છે. આહા..હા..! એની '**પાસે જાય છે.**' જાય છે. કોણ? ઓલો આત્મા જાય છે એમ કહે છેને? '**આ આત્મા આજે આત્મારૂપી જે પોતાનો અનાદિ બંધુ તેની પાસે જાય છે.**' આહા..હા..! એ ચૌદમું અધ્યયન છે ઉત્તરાધ્યયનમાં. પછી .. વ્યાખ્યા ચાલે ત્યારે બોટાદમાં ચાલી હતી. સભામાં હજાર-હજાર માણસો હોય. એ વખતે આ કહ્યું હતું. ૪૫ વર્ષ પહેલાની વાત છે, ૪૫. એક શ્લોક આવે છે એમાં. બે બ્રાહ્મણના પુત્રો છે તેને જાતિસ્મરણ થયું છે. એક ઉત્તરાધ્યયનસૂત્ર છે એમાં ચોદમો અધ્યાય છે. પછી તેને જાતિસ્મરણ થયું. માતા-પિતાની પાસે રજા લે છે. એમાં શ્લોક આવ્યો છે. 'અજૈવ ધમ્મમ પડિવક્ષ્જ્યામો, ...' આ શૈલી ત્યાં. રાગ અમારા પ્રત્યેનો છોડો. આ શ્લોક, હવે અર્થ કહીએ. સમજાણું કાંઈ? બોટાદ સંપ્રદાયમાં મુખ્ય હતાને. આ શ્લોક આવે ત્યારે લોકો તો હજાર-હજાર, પંદરસો-પંદરસો માણસ સભામાં હોય. પચાસ વર્ષ પહેલાની વાત છે. ...એટલી ધૂન ચાલતી હતી, તો લોકો તો એમ કહે કે મહારાજને આજે કેવળજ્ઞાન ફરે છે. લોકોને બહુ પ્રેમ હતોને. હજી સાધુપણું શું એની ખબર નહિ. પણ એ તત્ત્વની વાત એવી થોડી આવતી હતી.

બ્રાહ્મણના બે દીકરા હતા. એના માતા-પિતા પાસે રજા લે છે. 'અજૈવ ધમ્મમ પડિવક્ષ્જ્યામો..' હે માતા! અમે આજે ધર્મ અંગીકાર કરવાના છીએ. ... માતા! અમે કોલ કરાર કરીએ છીએ કે જે ચારિત્ર અંગીકાર કરીને માતા! બીજો ભવ અમે કરશું નહિ. ... હે માતા! બીજી માતા હવે અમે કરશું નહિ. અજૈવ ધમ્મમ... આ આવ્યુંને ભાઈ ચારિત્ર? અજૈવ ધમ્મમ પડિવક્ષ્જ્યામો. પડિક્ષ્જ્યામો સમજ્યા? અંગીકાર કરીએ છીએ, અંગીકાર કરીએ છીએ. આજે જ માતા અમે ચારિત્રરૂપી ધર્મને અંગીકાર કરીએ છીએ. ... માતા! કોલકરાર અમે કરીએ છીએ કે જે ચારિત્ર અંગીકાર કરીને બીજો ભવ અમે કરશું નહિ, બીજી માતા અમે કરીશું નહિ. માતા! ... જનેતા! સંસારમાં રખડતા .. કઈ ચીજ પ્રાપ્ત થઈ નથી? અનંતવાર બધી વસ્તુ પ્રાપ્ત થઈ છે. એક ચારિત્ર પ્રાપ્ત નથી થયું. ... ... માતા! અનંત સંસારમાં કોઈ ચીજ સંસારની પ્રાપ્ત નથી થઈ એવી કોઈ બાકી રહી નથી. ... શ્રદ્ધા કરો, માતા! અમારા પ્રત્યે.. માતા! અમારા પ્રત્યેનો વિકલ્પ રાગને છોડો. અમે તો મુનિપણું લઈને વનવાસમાં ચાલ્યા જઈએ છીએ. પંડિતજી!

મુમુક્ષુ :- આમાં અમને જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ છે એમ ન આવ્યું.

ઉત્તર :- એ નથી. એ ત્યાં છે જ નહિ, એ વસ્તુ જ નથી. શ્વેતાંબરની શૈલીમાં એ

ચીજ જ નથી.

મુમુક્ષુ :- એમાં બહારનો વૈરાગ્ય આવ્યો...

ઉત્તર :- વૈરાગ્ય આવે બસ એ વાત. ઓલી ચીજ તો છે જ નહિને. એને જ્ઞાનજ્યોતિ અમને પ્રગટ થઈ છે માટે વનવાસ લઈએ છીએ એ વાત જ નથી, એ વસ્તુ જ નથી. શ્વેતાંબર કોઈ વ્યક્તિ પ્રત્યે આપણે કાંઈ કામ નથી, પણ એ શ્વેતાંબર ધર્મ નીકળ્યો એ દિગંબર સનાતનમાંથી. દુકાળમાં નભી શક્યા નહિ તો એમાંથી નીકળ્યો છે. એ મિથ્યાત્વભાવમાં નીકળ્યો છે ખરેખર તો. એમ છે, ભાઈ! આહા..હા..! આવી વાત ક્યાંથી હોય? મને જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ, માતા! તો હું હવે મારું ચારિત્ર અંગીકાર કરીશ. હવે હું ફરીને ભવ નહિ કરું, માતા! સમજાણું કાંઈ? એ તો અહીંયા છે. જુઓ. આહા..હા..!

**'એવો આ આત્મા આજે આત્મારૂપી જે પોતાનો અનાદિ બંધુ...'** જુઓ, પોતાનો આત્મારૂપી જે પોતાનો અનાદિ બંધુ. મારો આનંદ અને જ્ઞાનસ્વભાવ એની જ્યોતિ તો પ્રગટ થઈ છે, પણ એની સમીપ જઈને વસ્તુની રમણતા અમે પ્રગટ કરીશું એ માટે જાઉં છું. સમજાણું કાંઈ? આહા..હા..! ધન્ય એ દિવસ અને ધન્ય કાળ અને ધન્ય પળ છેને એ ચારિત્રની! આહા..હા..! ઓહો..હો..! ચારિત્ર એટલે તો વીતરાગતા અને વીતરાગતા એટલે કેવળજ્ઞાનની તૈયારી. બાપુ! ચારિત્ર કોને કહીએ? સમજાણું કાંઈ? એ બહારની કોઈ ચીજ ક્રિયાકાંડ કે એ ચારિત્ર છે જ નહિ.

હવે **'અહો આ પુરુષના શરીરના જનકના આત્મા!'** પિતા પાસે જાય છે. **'અહો આ પુરુષના શરીરના જનકના આત્મા!'** હોં! અમારા આત્માના પિતા તમે નથી. **'અહો આ પુરુષના શરીરના જનકના આત્મા! અહો આ પુરુષના શરીરની જનનીના આત્મા!'** શરીરની જનની, અમારી જનની નથી. મારા આત્માની તમે માતા પણ નહિ અને આત્માના પિતા પણ નથી. આહા..હા..! શરીરને નિમિત્તથી માતા-પિતા કહે છે. આત્મા કોઈનો પુત્ર નથી, આત્મા કોઈની માતા નથી અને આત્મા કોઈ માતાનો પુત્ર નથી. આહા..હા..! કહે છે, હે માતાના આત્મા! પિતાનું પહેલા આવ્યું. **'આ પુરુષનો આત્મા...'** આ મારો આત્મા-પુરુષ-આત્મા અંદર **'તમારાથી જનિત નથી...'** આહા..હા..! અરે! શરીરના માતા-પિતા! આ આત્મા તમારાથી ઉત્પન્ન નથી થયો. આત્મા તમારાથી ઉત્પન્ન નથી થયો કે તમે અમારા જનની અને જનક છો. એમ નથી. જનની અને જનક તમે નથી. અમારા આત્માના તો છો નહિ, માતા! આહા..હા..! સમજાણું કાંઈ?

**'આ પુરુષનો આત્મા તમારાથી જનિત નથી એમ નિશ્ચયથી તમે જાણો.'** અમારો ભગવાન આત્મા અનાદિ-અનંત સનાતન સત્ય એવો પોતાથી જ છે. તમારાથી ઉત્પન્ન થયો એમ છે નહિ. **'તેથી આ આત્માને તમે છોડો.'** લ્યો! ઠીક! વ્યવહાર કથન છેને. આત્માને છોડો. માતા! પિતા! પ્રેમ છોડો હવે. અમારો પ્રેમ તો મરી ગયો છે. આહા..હા..! સમજાણું

કાંઈ? તમે વિનંતી કરો છો કે રહો ને રહો, પણ એ વિનંતી સાંભળનારો અમારો રાગ તો મરી ગયો છે. સમજાણું કાંઈ? શાંતિનાથ પુરાણ છેને પુરાણ? એમાં આવે છે. છન્નું હજાર સ્ત્રી હતી અને એ ચક્રવર્તી હતા. પછી બધા માગણી કરતા હતા, પ્રભુ! થોડીવાર રહો. અરે.. સ્ત્રીઓ! હું તમારી લાગણીને કારણે રહ્યો હતો એમ ન સમજો. મારામાં એટલો રાગ હતો માટે હું રહ્યો હતો. તમારી પ્રાર્થના સાંભળનારો અમારો રાગ તો મરી ગયો છે. જંટીયા તાણો... છન્નું હજાર સ્ત્રી જંટીયા તાણતી હતી. અરે! સ્વામી નાથ! શરણભૂત! ચાલ્યા જાવ છો, અમારું શું થશે? સમજાણું કાંઈ? કાંઈક નજર તો કરો. અમારી સાથે કેટલા વર્ષ રહ્યા. સ્ત્રીઓને કહે છે, અરે! સ્ત્રી! તમારી પ્રાર્થનાને કારણે અમારો રાગ હતો એમ નથી. મારી નબળાઈને કારણે રાગ આવ્યો હતો તો તમારા સંગમાં હું મારા રાગને કારણે રહ્યો હતો. હવે અમારો રાગ તો મરી ગયો છે. મડદાને હવે જીવાડવું એમ બનતું નથી. તારી વાત સાંભળવાનો રાગ તો અમારો મરી ગયો છે. આહા..હા..! અમે તો અમારા વીતરાગભાવને પ્રગટ કરવા ચારિત્ર અંગીકાર કરીએ છીએ. આહા..હા..! સમજાણું કાંઈ?

અરે! '**તેથી આ આત્માને તમે છોડો. જેને જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ છે એવો આ આત્મા...**' એમ. જેને જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ છે એવો આ આત્મા '**આજે આત્મારૂપી જે પોતાનો અનાદિ જનક તેની પાસે જાય છે.**' આત્મા પોતાનો અનાદિ જનક એમ બેય લઈ લેવા. જનક એક શબ્દ પડ્યો છે. બેય લઈ લેવા. અમારો આત્મા અનાદિ અનંત આનંદકંદ એ અમારી નિર્મળ પર્યાયનો જનક તો એ છે. ભગવાન આત્મા અનંત આનંદ અને વીતરાગભાવથી ભરેલો પ્રભુ છે. અમારી નિર્મળ વીતરાગી પર્યાયને જન્મ દેનાર તો આત્મા છે. એની પાસે અમે જઈએ છીએ. ઓહો..! '**આજે આત્મારૂપી જે પોતાનો અનાદિ જનક તેની પાસે જાય છે.**' જુઓ! આજે જાય છે, આજે જ જાય છે. પછી જવાનો પ્રશ્ન નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બધું ક્યાં છે? એ ક્ષુલ્લકપણું છે જ ક્યાં? સમ્યગ્દર્શન છે ક્યાં અને માતા-પિતા ક્યાં છે? બધી જૂઠી વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આમાં તો ... એ માતા-પિતા બનાવે અને પછી રજા લે. આ તો વસ્તુ વૈરાગ્ય સમ્યગ્દર્શન થયું છે, આત્મઅનુભવ થયો છે અને માતા-પિતા ઉપસ્થિત છે એની વાત છે. બહારમાં .. બધી વ્યવહારની વાત. ઓહો..!

મુમુક્ષુ :- સહજપણે થઈ રહ્યું છે...

ઉત્તર :- એ સહજ છે. એ તો આગળ કહેશે, એ તો માંગે છે. બાકી ઈચ્છા ન હોય તો ચાલ્યા જાય છે. માતા-પિતાની રજા વિના પણ ચાલ્યા જાય છે. એમાં શું થયું? વૈરાગ્ય

ફાટ ફાટ અંદર થઈ ગયો છે. અંદરથી આમ ક્યાંય ચેન પડતું નથી. આત્માના આનંદ સિવાય ક્યાંય ચેન પડતું નથી. આનંદમાંથી બહાર નીકળવું જ ગોઠતું નથી. આહા..હા..! એવો આનંદ પ્રગટ થયો છે પછીની વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..! વિકલ્પ આવે છે એમાં પણ થાક લાગે છે. એવા આત્માની વાત ચાલે છે. આહા..હા..! વિશ્રામધામ પરમાત્મા પોતાનો વીતરાગભાવ પ્રગટ થયો છે. પ્રગટ થયો છે તો વિશેષ પ્રગટ કરવાની ચારિત્રદશા એની વાત ચાલે છે. એ માતા-પિતાની વાત કરી.

**'અહો આ પુરુષના શરીરની રમણીના આત્મા!'** સ્ત્રી. જુઓ, શરીરની રમણી. અમારા આત્માને રમાડી શકે એવી તારી તાકાત નથી. આહા..હા..! **'અહો આ પુરુષના શરીરની રમણીના આત્મા!'** એમ. રમણીના આત્મા. તેને આત્માને કહે છેને. **'આ પુરુષના આત્માને તું રમાડતો નથી...'** ભગવાન આત્માને તું રમાડતો નથી. શરીર જડ, માટીની સાથે રમણતા કરતી હતી, અમારા આત્માની સાથે તારી રમણતા નહોતી. **'આ પુરુષના આત્માને તું રમાડતો નથી એમ નિશ્ચયથી તું જાણ.'** નિશ્ચયથી નક્કી કર તું, એમ કહે છે. પેલામાં એમ આવ્યું હતુંને .... શ્રદ્ધા અખંડ. શ્રદ્ધા કરો, માતા! અણપામેલી કોઈ ચીજ રહી નથી. ચારિત્ર અણપામેલું રહી ગયું એને હું અંગીકાર કરીશ. સમજાણું કાંઈ? પછી તો એવું જ ચાલે. બહુ માગણી કરે છેને. પછી રજા આપે. તો માતા-પિતા કહે છે, બેટા! તમે જાવ. જે રસ્તે તમે જાવ છો, અમને પણ એ રસ્તો હજો. ધન્નાલાલજી! માતા-પિતા કહે છે. જાવ ભાઈ! આત્માનું કલ્યાણ કરવા માટે જાવ છો, અમારી આજ્ઞા છે. એ તો ઠીક, પણ જે માર્ગે તમે આનંદમાં જાવ છો, અમને પણ એ માર્ગ હો એવી અમારી માગણી છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે હે શરીરને રમાડનારી સ્ત્રી! આ આત્માને તું રમાડી નહિ શકે. સમજાણું? એ રમાડતી નથી **'એમ નિશ્ચયથી તું જાણ. તેથી આ આત્માને તું છોડ.'** અમારા પ્રત્યે પ્રેમ, હે શરીરમાં રહેનાર આત્મા! તું છોડી દે. **'જેને જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ છે...'** અમારા આત્મામાં અમારો આનંદ, ચૈતન્યનો ભાવ પ્રગટ થયો છે. અમને અનુભવ, આત્મા કેવો છે એનો અનુભવ અમને થઈ ગયો છે એમ કહે છે. સમજાણું કાંઈ? **'જેને જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ છે એવો આ આત્મા...'** જુઓ, એવો આ આત્મા **'આજે સ્વાનુભૂતિરૂપી જે પોતાની અનાદિ રમણી તેની પાસે જાય છે...'** જુઓ, આહા..હા..! ઓલા રાગની ભાઈ! એની વાત નથી લીધી અહીં તો. પછી કહેશે વ્યવહારમાં, પણ જાવું છે તો અમારે સ્વરૂપમાં. એ છે. રાગ વચ્ચે આવશે પાંચ આચાર આદિ, પણ અમારે જાવું છે અંદરમાં. આહા..હા..! સમજાણું કાંઈ? અમારો ભગવાન આત્મા અનાદિ, સ્વાનુભૂતિરૂપી અનાદિ રમણી. સ્વ-અનુભવ તો અમારા સ્વભાવમાં અનાદિનો પડ્યો છે. એ સ્વ તરફ અમે જઈએ છીએ. સમજાણું કાંઈ?

'આજે...' પાછું આજે એમ. પછી જઈશ એમ નથી. વાયદા નથી એમ કહે છે, જુઓ! આજે વૈરાગ્ય થયો છે, આપ રજા આપો તો બે-ચાર દિવસ પછી અમે વૈરાગ્ય અંગીકાર કરીશું (એમ નથી). આહા..હા..! માતા અથવા સ્ત્રી આ શરીરને રમાડનારી (અમારો) પ્રેમ છોડી દે. અમારા આનંદસ્વરૂપની અનુભૂતિ અમારી રમણી છે એની પાસે અમે જઈએ છીએ. ઓહો..હો..! કેટલી ચરણાનુયોગની રીતમાં પણ અનુભવસહિતની વૈરાગ્યદશા, રાગના અભાવની રમણતા કરવાની કેટલી ભાવના જુઓ! આહા..હા..! એ તો કહ્યુંને કે અમે પ્રણેતા આ ઊભા. મુનિપણાની દશા અમારી પાસે છે. હવે એની પાસે વ્યવહાર વિકલ્પની કેટલી હદ હોય છે એ અમારા અનુભવમાં છે, અમારા જ્ઞાનમાં છે એ જ તમને કહીશું. આહા..હા..!

**'એવો આ આત્મા આજે સ્વાનુભૂતિરૂપી જે પોતાની અનાદિ રમણી તેની પાસે જાય છે. અહો આ પુરુષના શરીરના પુત્રના આત્મા!'** લ્યો, હોય એની વાત છેને. ન હોય એને ક્યાં, બધાને ક્યાં હોય છે? ... સ્ત્રી બનાવે? કે સ્ત્રી નથી લ્યો એ સ્ત્રીની આજ્ઞા લઈએ.

મુમુક્ષુ :- એ તો બ્રહ્મચારી હોય.

ઉત્તર :- બાળબ્રહ્મચારી હોય એમાં શું છે? માતા-પિતા હોય તો એની પાસે, ભાઈ હોય તો ભાઈ પાસે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ન હોય તો બનાવે એ ક્યાંથી આવ્યું? આ તો હોય છે, જેને હોય, બધાને ન પણ હોય, કોઈએ સ્ત્રી સાથે લગ્ન કર્યા હોય, પુત્ર હોય તોપણ ...

**'અહો આ પુરુષના શરીરના પુત્રના આત્મા! આ પુરુષના આત્માનો તું જન્ય-ઉત્પન્ન કરેલો પુત્ર નથી...'** તું અમારો પુત્ર નથી, આત્માનો પુત્ર તું નથી. આહા..હા..! **'એમ નિશ્ચયથી તું જાણ.'** નિશ્ચયથી જાણ. **'તેથી આ આત્માને તું છોડ. જેને જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ ગઈ છે એવો આ આત્મા આજે આત્મારૂપી જે પોતાનો અનાદિ જન્ય તેની પાસે જાય છે.'** અમારો આત્મા અંદર આનંદની પ્રજા ઉત્પન્ન કરે એવો અમારો આત્મા છે તેની પાસે અમે જઈએ છીએ. આહા..હા..! બધી નિર્મળ પર્યાય છે એની પાસે જઈએ છીએ. સમજાણું કાંઈ? **'આ રીતે વડીલો, સ્ત્રી અને પુત્રથી પોતાને છોડાવે છે.'** હવે એની વિધિ (કહે છે). કેમ એમ કહ્યું એની વાત થોડી કૌંસમાં છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જેઠ વદ ૧૪, શુક્રવાર, તા. ૧૩.૦૬.૧૯૬૯**
**ગાથા-૨૦૨, પ્રવચન-૧૮૨**

પ્રવચનસાર, ચરણાનુયોગસૂચક ચૂલિકા, ૨૦૨ ગાથા ચાલે છે. જુઓ, શું કહે છે? કે પોતાનો આત્મા જેને અંતર જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ છે, પોતાનો સ્વભાવ શુદ્ધ ચૈતન્યઘન, જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ છે. શક્તિરૂપ તો છે જ અનાદિ, પણ અંતર્મુખ દૃષ્ટિથી અંતરમાં આનંદ આદિની જે શક્તિ હતી એના અનંતગુણને અનુભવવાથી વર્તમાન અવસ્થામાં અનંત ગુણનો આનંદ આદિ અંશ પ્રગટ થયા છે તેને જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ એમ કહેવામાં આવે છે. ઈ હવે મુનિપણું લેવા માંગે છે. આવો સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના સ્વરૂપનું ભાન અને અનુભવ થયા પછી મુનિપણું લેવા માંગે છે તો કુટુંબથી વિદાય માંગે છે. એ વાત કાલે આવી ગઈ. સમજાણું કાંઈ? એ વ્યવહાર કહેવામાં આવ્યો છે.

એ કહે છે જુઓ, કૌંસમાં છેને? '**(અહીં એમ સમજવું જોઈએ કે, જે કોઈ જીવ મુનિ થવા ઈચ્છે છે,...**' ભગવાન આત્મા ચારિત્રપણું, આનંદપણાની સ્વસંવેદન ઉગ્ર દશા પ્રગટ કરવા, પરિણમન કરવા માંગે છે '**તે કુટુંબથી સર્વ પ્રકારે વિરક્ત જ હોય છે...**' વિરક્ત હોય છે એટલે વિરક્ત જ છે એમ. કુટુંબની સાથે કાંઈ સંબંધ નથી. રાગની સાથે સંબંધ નથી. સમ્યગ્દર્શન થયું (એમાં) પોતાનો આત્મા આનંદધામ છે એમ અનુભવ થયો તો વિકલ્પ જે છે એની સાથે સંબંધ છે નહિ, તો બીજા કોઈની સાથે સંબંધ છે જ નહિ. સમજાણું કાંઈ? '**તેથી કુટુંબની સંમતિથી જ મુનિ થવાનો નિયમ નથી.**' કુટુંબ વિદાય આપે અને રજા આપે તો જ મુનિ થવું એવો કોઈ નિયમ નથી. એવો કોઈ નિશ્ચય નથી. '**એમ કુટુંબના ભરોસે રહેવાથી તો, જો કુટુંબ કોઈ રીતે સંમતિ ન જ આપે તો મુનિ જ ન થઈ શકાય.**' ઓહો..હો..! પોતાના આનંદની સાવધાનીમાં જાગૃત તો થયો. વિશેષ જાગૃત કરીને જ્યાં ઢંઢોળીને આત્માની શાંતિની દશા પ્રગટ કરવી છે એ કંઈ વિદાય ન આપે અને રજા ન આપે તો રોકી શકે છે? સમજાણું કાંઈ? પોતાના સ્વરૂપની આનંદની ધારા પ્રગટ કરવા કુટુંબની આજ્ઞાનો કોઈ પ્રતિબંધ નથી, ચાલ્યા જાય છે. સમજાણું કાંઈ? મૃત્યુ વખતે પૂછે છે કે હવે હું જાઉં? મારું આયુષ્ય પૂરું થયું તો હું જાઉં, રજા આપો.

મુમુક્ષુ :- રજા જ છે.

ઉત્તર :- થઈ ગયું. એમ અહીં રજા જ છે. પર પ્રત્યે મોહ મરી ગયો તો રજા જ છે એમ કહેવું છે. આહા..હા..!

ભગવાન આત્મા મુનિ થયા પહેલા જ્યાં આત્માની દશાનો અનુભવ થયો છે, તો એ

રાગ અને વ્યવહારના વિકલ્પની સાથે પણ સંબંધ નથી તો કુટુંબની સાથે સંબંધ તો ક્યાંય દૂર રહ્યો. મારું સ્વરૂપ નહિ, આગળ આવશે. મારું સ્વરૂપ આનંદ શુદ્ધ ચૈતન્ય છે. એ ધ્રુવ વસ્તુ ભગવાન આત્મા હું છું. .. સ્વસંવેદન પોતાથી થયું છે તો રાગ સાથે સંબંધ નથી તો કુટુંબ સાથે ક્યાંથી સંબંધ હોય?

'**આમ કુટુંબને રાજી કરીને જ મુનિપણું ધારણ કરવાનો નિયમ નહિ હોવા છતાં,...**' એવો નિયમ નથી. પણ '**કેટલાક જીવોને મુનિ થતાં...**' કોઈ જીવોને એવી સ્થિતિ ઉભી થાય છે. '**પહેલાં વૈરાગ્યના કારણે કુટુંબને સમજાવવાની ભાવનાથી પૂર્વોક્ત પ્રકારનાં વચનો નીકળે છે.**' વચન પણ નીકળે છે, વચન કરતા નથી. આહા..હા..! '**એવા વૈરાગ્યનાં વચનો...**' નીકળે છે એમ કહે છે. માતા, પિતા, શરીરને રમાડનારી સ્ત્રી, પુત્ર (પ્રત્યે) એવા વચનો નીકળે કે માતા! અમને રજા આપો. મારા સ્વરૂપનું આરાધન કરવા માટે અમે તત્પર થયા છીએ. એવા '**પૂર્વોક્ત પ્રકારનાં વચનો નીકળે છે. એવા વૈરાગ્યનાં વચનો સાંભળીને,...**' આ કારણે કહે છે. '**કુટુંબમાં કોઈ અલ્પસંસારી જીવ હોય તો તે પણ વૈરાગ્યને પામે છે.)**' ઓહો..! એક સાથે કેટલા નીકળ્યા છે! સેંકડો, હજારો. ચાલો.. ચાલો.. એવા વૈરાગ્યના વચનથી કુટુંબમાંથી કોઈ નીકળે એ કારણે એવા વચન નીકળે છે. વૈરાગ્યના વચન નીકળે છે, એ વચનના કર્તા નથી અને પરના પ્રતિબંધનો પણ એને ભાવ નથી. જુઓ શૈલી કેટલી કરી છે! સમજાણું કાંઈ? વિવેકી ધર્માત્મા મુનિ થવા ચાહે છે તો એવા વૈરાગ્યના વચન નીકળે. તો એ સમજી જાય તો આત્માના જ્ઞાનસહિત, અનુભવસહિત કોઈ મુનિ થવા ચાહે છે તો થઈ જાય. નહિતર એનો કોઈ પ્રતિબંધ નથી કે રજા આપે તો જ જાવું.

મુમુક્ષુ :- માતા-પિતા...

ઉત્તર :- એ ક્યાં છે? 'આરે દેશકે નાહિ રે, હમ પરદેશ સ્વદેશ મેજા રહે, હમ પરદેશી પંખી સાધુ.' વૈરાગ્ય સહિત, કહે છે કે આવું નીકળે તો નીકળો, નહિતર પોતાનું ... હોય છે. આ નિશ્ચયસહિત વ્યવહાર કેવો હોય એની વાત છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આદરણીયની વાત જ નથી. આવે છે તેને વ્યવહારનયથી અંગીકાર કરું છું એમ કહેવામાં આવે છે. ચરણાનુયોગની પદ્ધતિ એવી હોય છે. વચ્ચે આવું આવે છે. જુઓ!

'**(હવે નીચે પ્રમાણે પંચાચારને અંગીકાર કરે છે :)**' લ્યો! આ પંચાચાર વ્યવહારની વાત છે. જુઓ, '**(જેવી રીતે બંધુવર્ગની વિદાય લીધી, વડીલો, સ્ત્રી અને પુત્રથી પોતાને છોડાવ્યો,) તેવી રીતે—અહો કાળ,...**' જ્ઞાનના આઠ આચાર છે. આ વ્યવહાર આચાર. નિશ્ચય આચાર તો છે જ. સમજાણું કાંઈ? ત્યારે આવો વ્યવહાર આચાર આવે છે. પણ વ્યવહાર આચારથી કથન કર્યું છે. જયસેનાચાર્યની ટીકામાં છે, ભાઈ! નિશ્ચય આચારનું. સમજાણું કાંઈ? નિશ્ચય સમ્યગ્જ્ઞાનનો આચાર તો પોતાના આનંદમાં એકાકાર-લીન થવું તે

નિશ્ચય જ્ઞાન આચાર છે. એ જ ખરેખર જ્ઞાનાચાર છે. પણ સાથે આવો વ્યવહારનો વિકલ્પ આવે છે.

**'અહો કાળ,...'** કાળે કાળે સ્વાધ્યાય કરવો. કાળે કાળે સ્વાધ્યાય કરવો, અકાળે નહિ. એવો વિકલ્પ આવે છે. સમજાણું કાંઈ? **'કાળ, વિનય,...'** વિનય કરવો. દેવનો, ગુરુનો, શાસ્ત્રનો વિનય કરવો એવો વિકલ્પ આવે છે. એ જ્ઞાનાચાર વ્યવહાર કહેવામાં આવે છે. છે બંધનું કારણ, પણ ચરણાનુયોગની પદ્ધતિમાં એમ કહેશે કે હે આચાર! હું જાણું છું કે તું મારા શુદ્ધ સ્વરૂપથી ભિન્ન છે. તું મારું શુદ્ધ સ્વરૂપ નથી. ઈ કહેશે. પણ તમારા પ્રતાપે જ્યાં સુધી હું પૂર્ણતા ન પામું ત્યાં સુધી તારું નિમિત્તપણું મારા જ્ઞાન આચારમાં હોય છે. આહા..હા..! હો, તેને ભૂલવું નહિ. વ્યવહાર છેને અહીંયા? શાસ્ત્રના તત્ત્વનો ભાવ ભાળ્યો હોય તેને ભૂલવું નહિ એ પણ એક ઉપધાન જ્ઞાનનો આચાર વ્યવહાર કહેવામાં આવે છે. અથવા જ્ઞાનાચારમાં જ્યાં સુધી જ્ઞાનની આરાધના કરવામાં વર્તે છે ત્યારે કોઈ ચીજની પ્રતિજ્ઞા લ્યે કે આ આવી વસ્તુ ત્યાં સુધી હું નહિ ખાઉં. સમજાણું કાંઈ? એવી કોઈ પ્રતિજ્ઞા, અપવાસ, એકાસણું, અમુક આહાર, રસનો ત્યાગ વગેરે, એવો વિકલ્પ જ્ઞાન આરાધનામાં વ્યવહારમાં આવ્યા વિના રહે નહિ.

**'બહુમાન,...'** જ્ઞાનીનું બહુમાન કરવું, જ્ઞાનનું બહુમાન કરવું. જ્ઞાન અને જ્ઞાનીનું બહુમાન. ઓહો..! એવો વિકલ્પ વ્યવહાર અનુભવપૂર્વક પ્રગટ કહ્યો. સમજાણું? સર્વ પ્રકારે વિરક્ત જ છે. સમ્યગ્દર્શન થયું તો વિકલ્પથી વિરક્ત જ છે શ્રદ્ધા અને અનુભવની અપેક્ષાએ. પણ ચારિત્રની પર્યાયમાં મંદતાને કારણે જે રાગ આવે છે તો એવો આચાર અંગીકાર કરું છું એમ વ્યવહારનયથી કહેવામાં આવે છે. આહા..હા..! જેનાથી જ્ઞાન થયું હોય તો એ ગુરુને ગુપ્ત ન રાખવા. હું મારાથી સમજ્યો છું, એમ કહેવાથી નિહ્નવ (દોષ) થાય છે. જ્ઞાનની ચોરી થાય છે. સમજાણું કાંઈ? સમજ્યો હોય સમયસારથી અને કહે કે હું તો શ્વેતાંબરનું ભગવતી સૂત્ર વાંચતો હતો એમાંથી મને જ્ઞાન થયું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વ્યાખ્યાન .. એના શાસ્ત્રો અને આપણા શાસ્ત્રમાં ક્યાં નથી, પહેલા તો ના પાડતા હતા. સમજાણું કાંઈ? આ શાસ્ત્ર વાંચવાથી મને જ્ઞાન થયું છે. આ વિદ્યા ગુરુથી મને જ્ઞાન થયું છે. એમ જો છુપાવે તો નિહ્નવ—જ્ઞાનનો ચોર છે. તો એના વ્યવહારમાં ઠેકાણા નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નિશ્ચયમાં એવું હોતું જ નથી. સમજાણું કાંઈ?

**'અનિહ્નવ,...'** નિહ્નવવું નહિ, ચોરી ન કરવી, છુપાવવું નહિ, ઢાંકવું નહિ. કહો, સમજાણું કાંઈ? અને **'અર્થ, વ્યંજન...'**માં ... જે ભગવાનનું શાસ્ત્ર છે, સિદ્ધાંતગુરુના અથવા આચાર્યોના

એનો અર્થ જેમ હોય તેમ કરવા, પોતાની કલ્પનાએ અર્થ કરવા નહિ. સમજાણું કાંઈ? અને શબ્દ. વ્યંજન એટલે શબ્દ, વ્યંજન એટલે શબ્દ. જેવા શબ્દો શાસ્ત્રમાં છે એવા જ શબ્દોનું બરાબર ઉચ્ચારણ કરવું. સમજાણું કાંઈ? ઉચ્ચારણ તો જડની પર્યાય છે, પણ અહીં સમજવામાં ભાવમાં આવી વાત છે, વિકલ્પ એવો છે એટલી વાત છે. સમજાણું કાંઈ? અને કદાચિત્ એ શબ્દો ન પણ હોય. શિવભૂતિ (મુનિ). શબ્દ જ નહોતો, વ્યંજન નહોતો, પણ અર્થ હતો. આનંદસ્વરૂપ... છાલ જેમ જુદી છે, તેમ વિકલ્પ છાલની જેમ જુદો છે. મારી ચીજ આનંદકંદ ભિન્ન છે. બસ! એવો અર્થ સમજીને અંદરમાં ઉતરી ગયા. સમ્યગ્દૃષ્ટિ તો હતા, મુનિ તો હતા. અંદર ઉતરી ગયા તો કેવળજ્ઞાન થઈ ગયું. સમજાણું કાંઈ? કોઈ શબ્દ શાસ્ત્ર વાચ્યું હોય તો જ કેવળજ્ઞાન થાય એમ નથી. પણ વ્યવહારથી આચાર કરવો એ જ્ઞાનાચાર છે લ્યો! એ વિકલ્પ છે.

પણ પોતાનું સ્વરૂપ શુદ્ધ ધાતુ એનો અનુભવ થવા છતાં જ્યાં સુધી વીતરાગતા ન થાય ત્યારે નિશ્ચય જ્ઞાનની રમણતાની સાથે એવો વ્યવહારનો વિકલ્પ વ્યવહાર આવે છે. તેને અહીંયા જણાવે છે. કાલે આવ્યું હતુંને ઈ? આ પ્રણેતા રહ્યા, પ્રણેતા અમે આ ઉભા. એવી ચીજ જ હોય છે અમને અનુભવ આનંદમાં અને રાગ વિકલ્પ એવો હોય છે એ અમારા ખ્યાલમાં છે. સમજાણું કાંઈ? વ્યવહારની સાથે નિશ્ચયની સંધિ બહુ અલૌકિક છે. એકલો વ્યવહાર હોય તો ત્યાં એ વ્યવહાર કહેવામાં આવતો જ નથી. અને એકલો નિશ્ચય હોય તો તો કેવળજ્ઞાન થઈ જાય. જ્યાં સુધી સાધક છે તો નિશ્ચય અંદર જ્ઞાનાચાર સમ્યગ્દર્શનસહિત છે તો ત્યાં એવો વિકલ્પનો ભાવ આવ્યા વિના રહેતો નથી. કેમકે સાધક છે. પૂર્ણ સાધ્ય સિદ્ધપદ થયું નથી. સાધક છે, વિકલ્પ છે એટલો. એ તો બાધક છે. છે તો બાધક, પણ અહીંયાં ચરણાનુયોગ છે એમ કહે છે. જુઓ, આગળ કહેશે.

'**એમ નિશ્ચયથી હું જાણું છું,...**' જુઓ, '**શુદ્ધ આત્માનો તું નથી એમ નિશ્ચયથી જાણું છું,...**' એ જ્ઞાનના આઠ આચાર વિકલ્પ એ મારા આત્માના નથી, મારું સ્વરૂપ નથી. એ વિકલ્પ આવે છે કાળે વિનય વગેરે. જાણું છું ભગવાન! એ મારી ચીજ નથી. શુદ્ધાત્માની ચીજ અશુદ્ધ વિકલ્પ એ નથી. તોપણ, એ હવે ચરણાનુયોગની શૈલી કહે છે. હું તને... એ આઠ વિકલ્પની અપેક્ષાએ કહે છે. '**તોપણ ત્યાં સુધી તને અંગીકાર કરું છું...**' ત્યાં સુધી હું અંગીકાર કરું છું '**કે જ્યાં સુધીમાં તારા પ્રસાદથી...**' ભાષા જુઓ. એ રાગના પ્રસાદથી મારી પૂર્ણતા ન થાય એમ ચરણાનુયોગના કથનમાં આવે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લાભ નથી, પણ ત્યારે વ્યવહારનયથી કહ્યું (પણ) એમ છે નહિ. વસ્તુ તો એવી છે, ભાઈ! એ વિકલ્પ છે તે ઝેર છે. આત્મા અમૃતસ્વરૂપ, અતીન્દ્રિય અમૃતનો પિંડ પ્રભુ એમાં જે વિકલ્પ ઉઠે છે એ તો ઝેર છે, અમૃતને લૂંટનારા છે. પણ વ્યવહારનયથી

જ્યારે કથન કરવામાં આવે ત્યારે નિશ્ચયના અનુભવસહિત એ નિમિત્ત મારું નથી એમ હું કથંચિત્ જાણું છું, પણ તારા નિમિત્તના પ્રસાદથી જ્યાં સુધી હું પૂર્ણ ન થાઉં ત્યાં સુધી તને અંગીકાર કરું છું.

મુમુક્ષુ :- છોડવા ચાહુ છું.

ઉત્તર :- છોડવા તો ચાહુ છું, પણ અત્યારે છોડવાની મારી ભાવના ઓછી છે. સમજાણું કાંઈ? શ્રદ્ધામાં છોડ્યું છે, સ્થિરતામાં નથી, ખામી છે. આહા..હા..! જુઓ, ચરણાનુયોગની પદ્ધતિ એવી છે. ચરણાનુયોગ ચૂલિકા છેને આ.

હું જાણું છું કે હું નિશ્ચયથી જાણું છું. એ જ્ઞાનાચારના જે આઠ વિકલ્પ છે એ મારું સ્વરૂપ નથી. મારી ચીજમાં તું નથી, મને તું લાભદાયક પણ નથી. તોપણ છેને? તોપણ હું તને ત્યાં સુધી આદરણીય અંગીકાર કરું છું. જુઓ, વ્યવહારને અંગીકાર કરું છું. એય..! વજુભાઈ! વ્યવહારનયે હું રાગનો આશ્રય કરું છું અર્થાત્ આવો રાગ છે એમ જાણું છું. વ્યવહારનયથી એમ કહે છે. એ જાણેલો પ્રયોજનવાન છે, પણ વ્યવહારનયમાં અંગીકાર કરું છું એમ કહેવામાં આવે છે. શૈલી એવી છે, ભાઈ! નિશ્ચયસહિત વ્યવહાર ભગવાન પરમાત્માએ કહ્યો તે અલૌકિક છે! સમજાણું કાંઈ?

કહે છે '**તોપણ ત્યાં સુધી તને અંગીકાર કરું છું કે જ્યાં સુધીમાં તારા પ્રસાદથી...**' જુઓ, '**શુદ્ધ આત્માને ઉપલબ્ધ કરું.**' હું જ્યાં સુધી વીતરાગતા ઉપલબ્ધ કરું ત્યાં સુધી તારું નિમિત્તપણું મારી પાસે છે એમ કહે છે. સાધક વ્યવહારે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સ્થિરતા નહિ, રાગ. વ્યવહારનયની વાત છેને. સ્વરૂપની સ્થિરતા તો છે જ જ્ઞાનાચારની. નિર્વિકલ્પ શાંતિનું વેદન નિશ્ચય જ્ઞાનાચાર તો છે જ, એની સાથે આ વિકલ્પ આવો છે તો તારા પ્રસાદથી હું પૂર્ણ ન થાઉં ત્યાં સુધી તને અંગીકાર કરું છું. અથવા તું જાણવાલાયક છે એમ હું જાણું છું. એ નિશ્ચયથી કથન છે. ઈ જાણવાલાયક છે એમ હું જાણું છું એ નિશ્ચય, પણ વ્યવહારનયના કથનમાં તને અંગીકાર કરું છું એમ કહેવામાં આવે છે. આહા..હા..! ભારે ઝઘડા ભાઈ! નિશ્ચય અને વ્યવહારના ઝઘડા.

ભગવાન તો નિરાલંબી તત્ત્વ છેને. તો એને આલંબન કેવું? વિકલ્પનું આલંબન કેવું? સમજાણું કાંઈ? ઈ ૭૬ ગાથામાં ચાલ્યું હતુંને આપણે? તમે હતા ત્યાં? સમ્યગ્દર્શન થયા પહેલાં એવો નિર્ણય કરે છે કે જેટલો વિકલ્પ જે છે વ્યવહાર તે રૂપે સદા, સ્વયં હું ન પરિણમું એવી મારી ચીજ છે. આવો તો સમ્યગ્દર્શન થયા પહેલા નિર્ણય કરે છે. મને (કોઈની) સહાય છે જ નહિ. ત્યાં તો હું એ રૂપે પરિણમું એવો હું છું જ નહિ. સ્વયં, સદા રાગાદિ વિકલ્પ મારા છે અથવા પરિણમું એવો હું નથી. નિશ્ચયના સ્વરૂપના અનુભવમાં એવી ચીજ છે. વ્યવહારનું કથન જ્યારે ચાલે તો એમ કહે છે કે તને અંગીકાર કરું છું.

'તારા પ્રસાદથી...' હું તને છોડીને શુદ્ધાત્મ પૂર્ણ વીતરાગ ન થઈ જાઉં ત્યાં સુધી તારો આશ્રય મને વ્યવહારથી છે એટલું. છે તો હેયબુદ્ધિ. 'જાણું છું' એને અંગીકાર કરું છું એવું વ્યવહારનયથી કથન છે. અરે..! તકરાર તે તકરાર. નિશ્ચય વ્યવહારની તકરાર. બનારસીદાસે કહ્યુંને? એ સાધક તે બાધક... સમજાણું? જે સાધકપણે નય-નિક્ષેપ છે તે બાધક છે તો રાગ-દ્વેષની તો શું વાત? એમ લીધું છે. સમજાણું કાંઈ? આ કોઈ વાદવિવાદનો વિષય નથી, પ્રભુ! આ તો અલૌકિક વાત છે.

જેને આત્માનું કલ્યાણ કરવું હોય તો એની રીત આ છે. સમજાણું કાંઈ? બચાવ કરે કે જુઓ, વ્યવહારના પ્રસાદથી આવે છે કે નહિ? એમ કહ્યું છેને. વ્યવહારના પ્રસાદથી નિશ્ચય થશે. જુઓ લખ્યું છે. દેવચંદજી! જુઓ! એ તો લખે બધા ઘણા લખે છે. જૈનદર્શનનું તત્ત્વ ભગવાનથી તો વિરુદ્ધ થઈ જાય. એક બાજુ એમ કહે કે વ્યવહારથી હું પરિણમી શકું એવી મારી ચીજ જ નથી. સદા સ્વયં સ્વામી થઈને વ્યવહારના વિકલ્પનું પરિણમન કરું એ મારી ચીજ જ નથી. આહા..હા..! વિકલ્પથી હું પરિણમું એમ થઈ જાય તો દૃષ્ટિ વિપરીત થઈ ગઈ. સૂક્ષ્મ વાત છે. એવી ચીજ છે. એ કોઈ વાદવિવાદે પાર ન પડે. લાવો ભાઈ ચર્ચા કરીએ. એ ચર્ચા કરે ત્યાં શાસ્ત્રની આ વાત મૂકે સામે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લખ્યું છે, પણ કઈ નયનું કથન છે? કઈ નયનું કથન છે? જુઓ આવ્યું કે નહિ? દ્રવ્યસંગ્રહમાં આવ્યું છે. શબ્દાર્થ, આગમાર્થ, અન્યમતાર્થ, નયાર્થ, ભાવાર્થ એમ એક-એક ગાથાને પાંચ-પાંચ પ્રકારે સમજવી. કઈ નયનું કથન છે? ગાથાદીઠ, વાક્યદીઠ સમજવું. એ પંચાસ્તિકાયમાં છે, સમયસારમાં છે જયસેનાચાર્યની ટીકામાં. દરેક ઠેકાણે છે. પાંચ બોલ--શબ્દાર્થ, નયાર્થ, આગમાર્થ, અન્યમતાર્થ, તાત્પર્ય ભાવાર્થ એટલે તાત્પર્ય, એ વાક્યદીઠ કહ્યું છે અને વાક્યની પાછળ તે છોડાવવાની બુદ્ધિ છે ત્યાં. અંદર બુદ્ધિ પણ છોડાવવાની છે. પણ વ્યવહારે વચ્ચે આવે છે તેને જ્ઞેય બનાવીને, જ્યાં પોતાનું ભાન થયું તો રાગનું જ્ઞાન તો સ્વપરપ્રકાશક પોતાના જ્ઞાનની સાથે પ્રગટ થઈ જાય છે. સમજાણું કાંઈ? પણ વ્યવહારથી એમ કહેવાય કે રાગાદિ આવ્યો તે જાણેલો પ્રયોજનવાન છે. જાણેલો પ્રયોજનવાન છે, આદરણીય પ્રયોજનવાન નથી. અહીં કહે છે કે આદરણીય છે.

મુમુક્ષુ :- એ જાણેલો...

ઉત્તર :- એ જાણેલો અહીંયાં વ્યવહાર આવ્યોને તો વ્યવહાર છે. તો વ્યવહારે વ્યવહાર અંગીકાર કરવો, નિશ્ચય જાણવાલાયક છે. શું થાય ભાઈ, વસ્તુ તો જેવી છે એવી રહેશે. દુનિયા કલ્પના કરે એટલે બીજો અર્થ થઈ જશે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ જ કહ્યું. પ્રસાદથી કહ્યુંને, વ્યવહારથી કહ્યું કે તારા પ્રસાદથી, નિશ્ચયથી

કહ્યું કે તારા પ્રસાદથી નહિ. બેય નયનું કથન છે. વસ્તુ તો એવી છે, ભાઈ! 'સદ્ગુરુ કહે સહજ કા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' અરે! તને ખબર નથી, બાપા! ભાઈ!

આ આત્માની રમતું ચિદાનંદ સ્વભાવની જાગૃતિ જ્યાં અંતરના અનુભવમાં થઈ, પછી એની યોગ્યતા પ્રમાણે ત્યાં એવો વિકલ્પ આવે છે. સમજાણું કાંઈ? તેને વ્યવહારનયના કથનમાં... ખરેખર તો અધ્યાત્મદૃષ્ટિએ જે વિકલ્પ ઉઠ્યો એ તો અસદ્ભૂતનયનો વિષય છે, ભાઈ! આહા..હા..! વિકલ્પ જેટલો ખ્યાલમાં આવે છે એ તો અસદ્ભૂત ઉપચારનું કથન છે, જૂઠી નયનું કથન છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ જ સમયે ખ્યાલમાં ન આવનારો, ઉપયોગમાં નહિ આવનારો એ પણ અનુપચરિત અસદ્ભૂત ઉપચાર છે. સમજાણું કાંઈ?

અહીંયાં તો કહે છે કે મને વિકલ્પ આવ્યો અને મેં અંગીકાર કર્યો એમ કહું છું. વ્યવહારનયથી કહે. કથનની પદ્ધતિ ચરણાનુયોગની એવી છે. સમજાણું કાંઈ? અને એમ થાય છે કે નહિ? એમ થાય છે, એ સમયે એવો વિકલ્પ આવે છે, આવ્યા વિના રહે નહિ. નહિતર તો વીતરાગ થઈ જાય. આવે છે તો લાભદાયક છે એમ નથી કહેવું, પણ છે તો નિમિત્તનું (જ્ઞાન કરાવ્યું છે). એ જ્ઞાનાચારની વાત કરી.

હવે **'અહો નિઃશંકિતત્વ,...'** આ વ્યવહારની વાત છે હોં! નિશ્ચય નિઃશંકિતત્વ તો આત્માના અનુભવની સ્થિરતા અંદર રમણતા. શંકા જ નથી કે પુણ્ય હું છું કે (નહિ)? નિઃશંક પરિણમન, ... પરિણમન, નિર્ભય અંતર આનંદના પરિણમનની દશા તેને નિશ્ચય નિઃશંકત્વ કહે છે. જે નિર્વિકલ્પ અને શુદ્ધ છે. સમજાણું કાંઈ? એવું નિઃશંકિતત્વની સાથે સમ્યગ્દર્શનમાં નિઃશંકિતત્વ વીતરાગી પર્યાયની સાથે આ નિઃશંકત્વ જે ઉત્પન્ન થાય છે તે વિકલ્પ છે. સમજાણું કાંઈ? નિઃશંકિતત્વ. તત્ત્વમાં શંકા નથી. શંકા જ નથી. વસ્તુ ત્રિકાળ અખંડાનંદમાં શંકા નથી તો નિઃસંદેહ અંતર અનુભવ છે, નિશ્ચય નિઃશંક છે અને વ્યવહાર ભગવાને કહેલા તત્ત્વો તેમાં નિઃશંક છે. સમજાણું કાંઈ? નિઃશંકપણું તે વિકલ્પ છે, વ્યવહાર છે.

**'નિઃકાંક્ષિતત્વ,...'** આત્મામાં પુણ્યની પણ ઈચ્છા નથી એવી વીતરાગી પરિણતિ તેનું નામ નિશ્ચય, સાચું, નિઃકાંક્ષિતત્વ કહે છે. એ નિઃકાંક્ષિતત્વની પર્યાયની સાથે વિકલ્પ જે ઉઠે છે એમાં કોઈ અન્ય ધર્મની ઈચ્છા નથી. સમજાણું કાંઈ? એવું નિઃકાંક્ષિતત્વ-નિઃકાંક્ષપણું છે તો વિકલ્પ, છે તો શુભરાગ, છે તો બંધનું કારણ. સમજાણું કાંઈ? છતાં આવ્યા વિના રહેતો નથી. રાગ પડ્યો છેને. વીતરાગ નથી થયો. **'નિર્વિચિકિત્સત્વ,...'** અંતરમાં સ્વભાવમાં દુગંછા નથી કે ઓહો..હો..! આવો સ્વભાવ! આવો સ્વભાવ! એમ અંદરમાં અણગમો નથી. શુદ્ધ આનંદના પરિણમનને નિશ્ચય નિર્વિચિકિત્સત્વ કહે છે. વ્યવહારમાં મુનિઓની દશા દેખીને દુગંછા નથી. નિર્વિચિકિત્સત્વ છે. ચિકિત્સા નથી કે આ કેમ? એમ કેમ? એવો ભાવ થતો નથી. છે વિકલ્પ, છે શુભરાગ. સમકિતનો ત્રીજો આચાર. પણ વ્યવહારનયથી તેને અંગીકાર કરું છું એમ કહેવામાં આવ્યું છે. દેવચંદજી! ભારે વાત ભાઈ. વ્યવહારને સાધન કહ્યું છેને?

માથે આવ્યુંને પ્રસાદ. સાધક કહ્યું, કારણ કહ્યું. છ ઢાળામાં નથી કહ્યું? નિયત હેતુ વ્યવહાર. પણ એ છ ઢાળામાં કહ્યું નહિ? નિશ્ચય મોક્ષમાર્ગ છે તે સત્યાર્થ છે એમ કહ્યું નહિ? સત્યાર્થ એ છે તો વ્યવહાર અસત્યાર્થ છે એમ કહ્યું. બીજું શું કહેવું છે તમારે?

મુમુક્ષુ :- બાહ્ય સહકારી કારણ.

ઉત્તર :- એ સહકારી કારણનો અર્થ... અહીં તો અસત્યાર્થ છે એમ સિદ્ધ કરવું છે. સહકારી કારણ તો વળી નિમિત્તથી કહે, પણ અહીં તો સત્યાર્થ કહ્યું તો વ્યવહાર અસત્યાર્થ થયો એમ સાથે છે. નિશ્ચય જ્યારે સત્યાર્થ મોક્ષમાર્ગ છે તો વ્યવહાર અસત્યાર્થ છે એમ એમાંથી નીકળ્યું. એ અસત્યાર્થને હેતુ અને કારણ કહેવામાં આવ્યું છે. એટલી વાત છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ! જેને અંદર વીતરાગતા રુચતી નથી તેને અનાદિથી રાગ રુચે છેને, તો જ્યાં ત્યાં રાગથી લાભ થશે... લાભ થશે... એમ કાઢે છે. એવી વાત છે, ભાઈ!

'**નિર્વિચિકિત્સત્વ,...**' પણું છેને? '**નિર્મૂઢદષ્ટિત્વ,...**' ભગવાન આત્મા પોતાના સ્વરૂપમાં ઉદ્યમ કરીને આનંદ-આનંદ વિશેષ આવે છે, પણ વિશેષ આગળ ન જાય તો મૂંઝાય નહિ. મૂંઝાયને શું કહે છે? ગભરાતા નથી. અંતર સ્વરૂપમાં આનંદ છું, મારી ધ્રુવ ચીજ આનંદકંદ છે. એવું નિશ્ચય નિર્મૂઢદષ્ટિત્વ તો ઈ છે. મને ભવ નથી, ભવનો અભાવ નથી. મારે કેટલા ભવ હશે? એમ સમ્યગ્દષ્ટિને હોતું નથી. નિર્મૂઢદષ્ટિત્વ છે. હું તો ભગવાન આત્મા સહજાનંદ વીતરાગમૂર્તિ છું એમાં મૂઢતા, મૂંઝવણ, ગભરામણ છે જ નહિ. આટલું કરું છું છતાં કેમ પ્રગટ નથી થતું? એવો વિકલ્પ નથી. પુરુષાર્થની ખામી છે, મૂંઝાતા-ગભરાતા નથી ઈ. એ આવશે આગળ. અર્થમાં આવશે. આકુળવ્યાકુળ નથી થતો. છેને? '**વિભાવપરિણતિ નહિ છૂટતી દેખીને તે આકુળવ્યાકુળ પણ થતો નથી.**' જુઓ અંદર અર્થમાં છે. '**વિભાવપરિણતિ નહિ છૂટતી દેખીને તે આકુળવ્યાકુળ પણ થતો નથી.**' છે અંદરમાં? એમાં છે. હિન્દી છે કે ગુજરાતી? હિન્દી છેને? ૩૧૧ પાને વચ્ચે છે. ૩, ૪, ૫, ૬, ૭, ૮મી લીટી છે. '**નહિ છૂટતી દેખીને તે આકુળવ્યાકુળ પણ થતો નથી...**' રાગ છૂટ્યો ન હોય. સમજાણું કાંઈ?

'**ઉપબૃંહણ,...**' નિશ્ચયથી તો પોતાની શુદ્ધિ વધતી જ જાય છે. સમ્યગ્દષ્ટિને પોતાના સ્વરૂપનો અનુભવ હોવાથી ખરેખર તો શુદ્ધિ વધતી જાય છે. સમજાણું કાંઈ? એ એનું ઉપબૃંહણ છે. બહારમાં વ્યવહારદોષ હોં, અને કાં દોષને ગોપવવું. એટલે બેય અર્થ થયા. દોષ ગોપવવું એટલે દોષ થવા ન દેવો, એમ. ઉપબૃંહણ પાછો વધારાનો અર્થ છે અને એમાંથી ઉપગૂહન નીકળે છે.

'**સ્થિતિકરણ,...**' સ્વરૂપ ભગવાન આત્માની સ્થિતિકરણ તો અંદર નિરંતર હોય જ છે સમકિતીને. ધર્મી જીવને ચોથે ગુણસ્થાને પોતાનું સ્થિતિકરણ તો કાયમ છે, પણ વ્યવહારમાં સ્થિતિકરણ પોતામાં એવું કાંઈક થઈ જાય, ચારિત્ર આદિમાં સ્થિતિકરણ કરવાનો એવો વિકલ્પ

આવે છે. અને બીજો કોઈ સ્થિતિથી ભ્રષ્ટ થતો હોય તો વિકલ્પ આવે છે. ધર્મની સ્થિતિ કરવા બીજાને પણ કહે છે.

'**વાત્સલ્ય...**' ભગવાન આત્માનો જેવો પ્રેમ છે એવો ધર્મીને રાગ પ્રત્યે પ્રેમ નથી. જેવો પોતાના ભગવાન આત્મા આનંદ પ્રત્યે પ્રેમ છે, પ્રેમ શબ્દે એકાકાર છે, તેવો રાગનો પ્રેમ નથી. એ નિશ્ચયથી વાત્સલ્ય છે. વ્યવહારથી વાત્સલ્ય દેવ-ગુરુ-શાસ્ત્રને પ્રેમ કરવો. સમજાણું કાંઈ? આવ્યુંને? આચાર્ય, ઉપાધ્યાય, સાધુમાં.... સમજાણું કાંઈ? વ્યવહારથી કોઈ ધર્મનો અથવા ધર્મને ધારનાર પ્રત્યે વાત્સલ્ય. ગાય જેમ પોતાના વાછરડા ઉપર વાત્સલ્ય કરે છે તેમ ધર્માત્મા સમ્યગ્દૃષ્ટિ જીવ મુનિ હોય તો બીજા પ્રત્યે-એવા ધર્માત્મા હોય તો એને પ્રેમ વ્યવહારે વાત્સલ્ય આવે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનસહિત અનુભવી ચારિત્રવંત એવા મુનિને દેખીને તેને વાત્સલ્ય થાય છે. સમજાણું કાંઈ? વિકલ્પ. છે વ્યવહાર. નિશ્ચય વાત્સલ્ય સ્વરૂપમાં ઠરવું (તે છે).

'**અને પ્રભાવના...**' નિશ્ચય પ્ર-ભાવના. પ્ર-વિશેષે અંતરંગમાં શુદ્ધતાની વૃદ્ધિ થવી એ જ નિશ્ચય પ્રભાવના છે. વીતરાગ પરિણતિની વૃદ્ધિ થવી તે નિશ્ચય પ્રભાવના છે. પણ એ ભૂમિકામાં દેવ-ગુરુ-ધર્મની પ્રભાવનાનો વિકલ્પ વ્યવહારમાં હોય, એવો વિકલ્પ આવે છે. પરનું થવું, ન થવું એ કોઈ પોતાને આધીન નથી. એ આઠ દર્શનાચાર છે. વ્યવહાર.

'**એમ નિશ્ચયથી જાણું છું,...**' જુઓ, '**શુદ્ધ આત્માનો તું નથી એમ નિશ્ચયથી હું જાણું છું,...**' એ સમકિતના આઠ આચાર શુદ્ધાત્માના નથી. પોતાની દૃષ્ટિથી વાંચે, જ્યાં અંગીકાર કરવાનું હોય ત્યાં પકડી લે અને આ કઈ નય છે એ સમજે નહિ. દેવચંદજી! પહેલા નિશ્ચયની વાત કરી, પછી વ્યવહારની વાત કરી છે. પહેલા આ વાત કરી, પછી વ્યવહારની વાત કરી છે. '**શુદ્ધ આત્માનો તું નથી એમ નિશ્ચયથી હું જાણું છું,...**' એ આઠ પ્રકારના વિકલ્પ વ્યવહાર ઉઠે છે નિઃશંકિત્વ આદિ એ મારી ચીજ નથી, શુદ્ધાત્માની ચીજ નથી. આહા..હા..!

'**તોપણ ત્યાં સુધી તેને અંગીકાર કરું છું કે જ્યાં સુધીમાં તારા પ્રસાદથી...**' નિમિત્તથી '**શુદ્ધ આત્માને ઉપલબ્ધ કરું.**' વીતરાગ અનુભવ પૂર્ણ થઈ જાઉં ત્યાં સુધી મારી પાસે .. છે તો વ્યવહારે અંગીકાર કરું છું એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? વ્યવહાર છે, નથી એમ નહિ. છે, પણ એ નિમિત્તરૂપે છે. નિશ્ચયથી આદરણીય નથી. વ્યવહારથી તે આદરણીય, અંગીકાર કરે એમ કહેવામાં આવ્યું છે. નિશ્ચય-વ્યવહારની કથનીમાં એટલી ગડબડ થઈ ગઈ છેને કે વાસ્તવિક તત્ત્વમાં ઝઘડા ઉઠાવે. પોતાનો બચાવ કરવા જ્યાં ત્યાં આમ વ્યવહારથી લાભ થાય... વ્યવહારથી લાભ... જુઓ! આ વ્યવહારથી લાભ થયો. પણ એને તો નિશ્ચય આનંદનો અનુભવ તો છે જ, એની સાથે મુનિને દર્શનાચાર નિશ્ચય તો છે, એની સાથે વિકલ્પ આવે તેને વ્યવહારે દર્શનાચાર કહ્યું. મારો તું નથી તોપણ જ્યાં

સુધી પૂર્ણ વીતરાગતાની પ્રાપ્તિ મને થાય ત્યાં સુધી તારો આદર કરું છું એમ વ્યવહારથી કથન કરવામાં આવ્યું છે. કહો, સમજાણું કે નહિ? આ તો ભાષા સહેલી છે. એય..!

મુમુક્ષુ :- અંગીકાર કરવાનું કહ્યું.

ઉત્તર :- અંગીકાર કહ્યુંને, વ્યવહાર જાણવા લાયક રહ્યો. વ્યવહારથી અંગીકાર અને નિશ્ચયથી જાણવાલાયક. વ્યવહારમાંથી પણ નિશ્ચય કાઢવો છે કે નહિ?

મુમુક્ષુ :- બેમાંથી શું કરવું?

ઉત્તર :- એક જાણવું અને એકનો આદર કરવો એમ જાણવું. ઈ પણ વ્યવહારથી કહેવાય છે. નિશ્ચયથી આદરવાલાયક છે જ નહિ. પણ વ્યવહારનયથી આવે છે, હયાતી છે, વ્યવહાર નથી એમ નહિ. તો છે તેને અંગીકાર કર્યો એમ કહેવામાં આવે છે. ઈ છેને વિકલ્પ. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી એવો ભાવ આવે. આહા..હા..!

સર્વજ્ઞ પરમેશ્વર, ગુરુનું બહુમાન આવ્યા વિના રહે નહિ. .. એનાથી મારામાં થતું નથી. સ્વદ્રવ્યમાં પરદ્રવ્યથી કાંઈ થતું નથી એમ જાણવા છતાં પણ જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી એવો રાગ, વિકલ્પ, વ્યવહાર આવે છે તેને અંગીકાર કરે છે એમ કહેવામાં આવે છે. અને તમારા પ્રસાદથી એટલે તમે જ્યાં સુધી છો ત્યાં સુધી મારી પૂર્ણતા નથી. તારો અભાવ કરીને હું પૂર્ણતા કરું ત્યાં સુધી તને અંગીકાર કરું છું એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? શું વ્યવહારનો વિકલ્પ સાથે લઈને વીતરાગતા થાય છે?

મુમુક્ષુ :- ખ્યાલમાં રહે છે.

ઉત્તર :- ખ્યાલમાં છે કે રાગ છે. છે એમ ખ્યાલ રહે છે. છેને. ખ્યાલ શું? છે. છે એનું નામ જાણવું અને વ્યવહારથી આદરવું એમ કહેવામાં આવે છે. આવું છે, ભાઈ! ચરણાનુયોગની પદ્ધતિ એવી છે. સમજાણું કાંઈ? વસ્તુ નિમિત્તપ્રધાનતાથી કથન છે, નિમિત્તપ્રધાન કથન છે. નિમિત્તપ્રધાનતાથી લાભ છે એમ નથી. તો તો વિરોધ આવી જાય, વીતરાગના વચનમાં વિરોધ આવે. પહેલા કહેતા હતા... એ તો કહ્યું નહિ પહેલા? સવારે નહોતું આવ્યું? કે તમે કહેતા હતાને કે રાગાદિ પરિણામ પુદ્ગલના છે એમ કહ્યું હતું. વળી કહે કે એ પુદ્ગલના નહિ, તારા છે. શું છે આ બધું? ભાઈ! સાંભળ તો ખરો, પ્રભુ! પુદ્ગલના કહ્યા હતા એ સ્વભાવની દૃષ્ટિમાં પોતાના નથી એ અપેક્ષાએ કહ્યું હતું. તારા પરિણામ તારાથી ઉત્પન્ન થયા છે માટે તારા છે એમ કહ્યું હતું. સમજાણું કાંઈ? સવારે આવ્યું હતું. પહેલા તો જીવના કહો. પહેલા તો પુદ્ગલના કહેતા આવ્યા છો. જીવના નથી... જીવના નથી... ચૌદ માર્ગણા પુદ્ગલના પરિણામ, સંયમલબ્ધિસ્થાન પુદ્ગલના પરિણામ, ચૌદ ગુણસ્થાન પુદ્ગલના પરિણામ, ચૌદ જીવસ્થાન પુદ્ગલના પરિણામ.

મુમુક્ષુ :- ચૌદ માર્ગણા.

ઉત્તર :- ચૌદ માર્ગણા પહેલા કહ્યું. સમજાણું કાંઈ? ત્યાં તમે પુદ્ગલના પરિણામ કહો

અને વળી કહો આત્માના. અને જીવના કહો તો ત્યાં વિરોધ આવે છે. પુદ્‌ગલના કહો. જે ચીજ પરની છે એનું ફળ પોતે કેમ ભોગવવું પડે? રાગનું ફળ દુઃખ તો પોતાએ ભોગવવું પડે છે. તો પરના પરિણામ પોતાને દુઃખદાયક છે એમ નથી. માટે રાગ પોતાનો છે તો દુઃખ થાય છે. સ્વભાવથી દૃષ્ટિએ પોતાનો નથી. કાઢી નાખવા લાયક છે તો પુદ્‌ગલના પરિણામ કહેવામાં આવ્યા છે એમ સમજવું. એમ બે લીધુંને પહેલા? નિશ્ચયથી હું જાણું છું કે હું શુદ્ધાત્માનો નહિ. પહેલા એ વાત કરી, પછી આ વાત છે.

**'તોપણ ત્યાં સુધી તને અંગીકાર કરું છું કે જ્યાં સુધીમાં તારા પ્રસાદથી શુદ્ધ આત્માને ઉપલબ્ધ...'** નામ કેવળજ્ઞાન પ્રાપ્ત ન થાય, મારી વીતરાગદશા પૂર્ણ ન થાય તો એ આવ્યા વિના રહે નહિ. '**हंत**' આવે છે કે નહિ? આવે છે? વ્યવહારનય '**हंत**' ખેદ છે. વચ્ચે વ્યવહારનય આવ્યા વિના રહેતી નથી. મારી બળજોરી ચાલે તો વ્યવહાર.. શું કહેવાય ભાષા તમારી? એ આવે છેને? દેખવું નહિ. આ ગાથા લીધી છેને. પરમ અધ્યાત્મતરંગિણીમાં લીધું છે. એ ગજાધરલાલે લીધું છે. ગજાધરલાલ છેને એણે લીધું છે. ગાથા એ આવી. 'અમે પંડિત જયચંદ્રજીના અર્થથી સંમત છીએ. કેમકે વ્યવહારનયને હેય માન્યો.' ગજાધરલાલ. 'એથી હંત શબ્દથી ગ્રંથકારે અહીંયાં ખેદ પ્રગટ કર્યો છે કે શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ પહેલા એની પ્રાપ્તિ માટે અમારે જબરન વ્યવહારનયનું વર્ણન કરવું પડે છે. જો અમારું ચાલે તો વ્યવહાર ગ્રહણ કર્યા વિના જ શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ થઈ જાય તો અમે વ્યવહાર તરફ જોઈએ પણ નહિ.' ગજાધરલાલ છે, ગજાધરલાલ પહેલા પંડિત થઈ ગયા. આ પરમ અધ્યાત્મતરંગિણી છેને. કળશ છેને કળશ? કળશનો અર્થ છે. હંત. જુઓ હંત છેને. .. હસ્તાવલંબ ... મારું ચાલે તો વ્યવહાર તરફ જોઉં પણ નહિ. શું કરીએ? વચ્ચે એવો વિકલ્પ આવ્યા વિના રહેતો નથી. એ તો બધા તીર્થંકરને પણ આવે છે મુનિ થાય ત્યારે. આવે છે, .. વાત નથી. નિમિત્તથી કથન, પ્રસાદથી લાભ થાય એ તો નિમિત્તનું કથન છે. એમ છે નહિ.

મોક્ષમાર્ગપ્રકાશકમાં સાતમા અધ્યયનમાં બે નયનું કથન ... છે. નિશ્ચયાભાસી અને વ્યવહારાભાસી. બેયનું એક સાથે કથન ઘણું ... શાસ્ત્રનું રહસ્ય અંતરથી ખોલ્યું છે. સમજાણું કાંઈ? પહેલા કહ્યું હતું અમે ૮૪ની સાલ. વાંચ્યું તો હતું અમે ૮૨માં. ૪૬ વર્ષ થયા. મોક્ષમાર્ગપ્રકાશક. ૮૪માં સાતમો અધિકાર લખી લીધો હતો. અમે પુસ્તક રાખતા નહોતા. ઉપાડે કોણ? વિહાર કરતા હતાને. ચાલતા જતા હતા. સ્થાનકવાસીમાં હતા. પાંચ-છ હજાર કોષ ચાલ્યા હતા. છ-સાત હજાર કોષ. વિહાર કરતા હતાને, તો સાથે કાંઈ રાખતા નહિ. બહુ જ થોડું. તો સાતમો અધિકાર શીશપેનથી લખી લીધો ૮૪ની સાલમાં. બગસરા છે અહીંયા. વાત તો આ સાચી છે. સાતમા અધ્યાયમાં પૂરા જૈનદર્શનનો મર્મ ભરી દીધો છે. સમજાણું કાંઈ? ૮૪. કેટલા વર્ષ થયા? ૪૧ થયા. ૪૧ વર્ષ પહેલા લખેલો સાતમો અધિકાર અમારી પાસે છે. શીશપેનથી. પાઠ છેને. .. લખી લીધું. .. શું કહે છે એમાં શાહી. તો

એને અમે અડતા પણ નહિ. શીશપેનથી લખી લીધું. પડ્યો છે. ૪૭ વર્ષનો જૂનો કાગળ છે. આહા..હા..!

એમ કહ્યું કે બેય માર્ગ છે. ભ્રમમાં પડ્યો છે, ભગવાન! માર્ગ તો એક જ છેને. અહીંયાં કહ્યોને વ્યવહાર? માર્ગ છે નહિ, પણ આવે છે તે જાણવાલાયક છે તેને વ્યવહારનયથી તારા પ્રસાદથી મને પ્રાપ્ત થાઓ એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..! ... આપના પ્રતાપે આત્મા જણાયો. સમજાણું કાંઈ? આપ્યો. આમાં નથી? આત્મસિદ્ધિમાં એમ આવે છે. આત્મસિદ્ધિ છેને શ્રીમદ્‌ની. 'તે તો પ્રભુએ આપીયો વર્તું ચરણાધીન.' એના પહેલા શું આવે છે? 'શું પ્રભુ ચરણ કને ધરું...' શિષ્ય જ્યારે સમકિત પામ્યો ત્યારે ગુરુને કહે છે. આત્મસિદ્ધિમાં છે. આત્મસિદ્ધિ છેને. ... જોઈ છેને? જોઈ છે? આવડી ગુજરાતી છે, આવડી રાખી છે. આવડી છે તમારી પાસે? નાની છે. અહીં નાની છે. આત્મસિદ્ધિ. નથી? ખલાસ થઈ ગઈ? આટલી નાની છે. ... એમાં એમ શ્લોક લીધો છે 'શું પ્રભુ ચરણ કને ધરું, આત્માથી સૌ હીન, તે તો પ્રભુએ આપીયો વર્તું ચરણાધીન.' નિમિત્તથી બહુમાનથી એમ કથન કરવામાં આવે છે. આત્મા કોઈ કોઈને દઈ શકે છે? એવો બહુમાનનો વિકલ્પ આવ્યા વિના રહેતો નથી. સમજાણું કાંઈ? પણ સમજે છે કે... કોઈ એમ પ્રશ્ન કરતા હતા પહેલા કે તમે ગુરુ પાસે એમ કહો કે તમારાથી અમને મળ્યું. અંદરથી એમ માનો કે તમારાથી નથી મળ્યું. એ તો માયા થઈ.

એવો પ્રશ્ન થયો હતો. ઘણા વર્ષ પહેલાં ઈસરીમાં એવો પ્રશ્ન આવ્યો હતો. સમજાણું કાંઈ? અહીં તો અમારી પાસે હિન્દુસ્તાનમાંથી ઘણા પ્રશ્નો આવ્યા છેને. તમે કહો કે નિમિત્તથી લાભ નથી. નિમિત્તથી લાભ નથી, ગુરુથી લાભ નથી. ગુરુ પાસે કહો કે આપને પ્રતાપે મને જ્ઞાન થયું. આપ ન હોત તો મને ક્યાંથી (પ્રાપ્ત થાત)? મનમાં એમ સમજો કે મારાથી થયું છે. બહારમાં એમ કહો કે તમારાથી થયું છે. એ તો કપટ થયું. એમ નથી, પ્રભુ! એવો એનો અર્થ છે. પ્રભુ! અમારી ચીજ અમારી પાસે છે તે આપે બતાવી. મેં જોઈ તો આપે બતાવી એમ કહેવામાં આવે છે. એવું વ્યવહારનું લક્ષણ છે. વ્યવહાર એવો છે. ... આવ્યુંને. ... પુરુષાર્થસિદ્ધમાં આવ્યું છે. છળ પકડીને થોડું પકડીને. છળનો અર્થ એમ કે થોડું પકડીને મોટું માની લીધું. એમ. છે, બધું છે. પુરુષાર્થસિદ્ધિમાં બહુ લીધું છે કે વ્યવહારનયની જરી પકડ કોઈને આવી જાય, છળ પકડે .. પણ ખરેખર તો વ્યવહાર પછી સિદ્ધમાં રહેતો નથી ત્યાં તો એણે કબુલ કરવું પડે કે વ્યવહાર મારો નથી. પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં લીધું છે. સમજાણું કાંઈ? ગાથા છેને. આહા..હા..!

અહીં કહે છે, અરે! **'ત્યાં સુધી તને અંગીકાર કરું છું કે જ્યાં સુધીમાં તારા પ્રસાદથી શુદ્ધ આત્માને ઉપલબ્ધ કરું.'** પૂર્ણની વાત છે હોં! અનુભવ તો છે જ. પૂર્ણ શુદ્ધાત્માને પ્રાપ્ત કરી લઉં ત્યાં સુધી .. છે. બે થયા. **'અહો મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિના**

**કારણભૂત,...'** કારણભૂત કહો કે **નિમિત્તભૂત** કહો. **નિશ્ચયથી** તો વ્રત એવું છે કે પોતાના સ્વરૂપમાં આનંદમાં લીન થવું તેનું નામ વ્રત છે. એ દ્રવ્યસંગ્રહમાં આવે છેને ભાઈ! ... સોમાભાઈનું પુસ્તક છેને. અહીં ૧૯૯૨માં પ્રશ્ન કર્યો હતો. સોમાભાઈ હતાને? વિરુદ્ધ પડ્યા હતા. પછી ૯૨માં પૂછતા હતા. ૩૫મી ગાથા છે ૩૫. ૩૫ છેને?

**वदसमिदीगुत्तीओ धम्माणुविहा परीसरजओ य।**
**धास्तिं बहुजोयं णायव्वा भावसंवर विसेसा।।३५।।**

આ પ્રશ્ન સોમચંદભાઈ કલ્લોલવાળા હતા એણે પહેલા પૂછ્યું હતું અહીંયા ૯૨ની સાલમાં. જુઓ અહીં કહે છે. નિશ્ચયનયથી વિશુદ્ધ જ્ઞાનદર્શનરૂપ સ્વભાવનો ધારક નિજ આત્મતત્ત્વ એની ભાવનાથી ઉત્પન્ન સુખરૂપી અમૃત એના આસ્વાદના બળે સંપૂર્ણ શુભ-અશુભ રાગાદિ વિકલ્પોથી રહિત થવું તે વ્રત છે. આ વ્રત છે. નિશ્ચયવ્રત હોં! શુભ-અશુભ રાગાદિ વિકલ્પથી રહિત વ્રત છે. વ્યવહારે, હવે વ્યવહારથી આવ્યું. પહેલા એ કહીને પછી (કહે છે), તે નિશ્ચયવ્રતને સાધનારા. સાધનારા તો નિમિત્ત છે. આ અહીંયા કીધું અંગીકાર, એને સાધવાવાળા. ... લ્યો! સમજાણું કાંઈ? એક-એક ગાથામાં દરેક નય ઉતારી છે. ...

તો કહે છે કે ઓહો..! **'મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિના કારણભૂત,...'** કહો કે નિમિત્તભૂત. મોક્ષમાર્ગ તો નિશ્ચય છે પોતાનો. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી વીતરાગ પર્યાય એ મોક્ષમાર્ગ છે. એની પ્રવૃત્તિના નિમિત્તભૂત **'પંચમહાવ્રત સહિત કાય-વચન-મનગુપ્તિ અને ઈર્યા-ભાષા-એષણા-આદાનનિક્ષેપણ-પ્રતિષ્ઠાપનસમિતિસ્વરૂપ ચારિત્રાચાર!'** તેર થયાને તેર? પંચ મહાવ્રત, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ. તેર થયા. તેર પ્રકારનો વ્યવહાર આવી ગયો. વ્યવહાર એ વિકલ્પ છે. અહિંસા વ્રત એ પણ એક વિકલ્પ છે, સત્ય વ્રત પણ એક વિકલ્પ રાગ છે, અચૌર્ય પણ એક રાગ છે, શરીરથી બ્રહ્મચર્ય પાળવું જાવજીવ એ પણ એક વિકલ્પ રાગ છે, અપરિગ્રહ નગ્નપણે રહું એ પણ એક વિકલ્પ રાગ છે. એ પંચ મહાવ્રતને રાગભાવ કહે છે. અને ત્રણ ગુપ્તિ. અશુભથી રહિત હોં ત્રણ ગુપ્તિનો અર્થ. વ્યવહારગુપ્તિ, વ્યવહારગુપ્તિ. નિશ્ચય ગુપ્તિ નહિ, નિશ્ચય ગુપ્તિ તો અંદર શુભાશુભ રહિત અંદર ઠરી જવું એ. વ્યવહારગુપ્તિ અશુભથી રહિત શુભમાં આવવું એ વ્યવહારગુપ્તિ. નિશ્ચય અનુભવ છે, સમ્યગ્દર્શન છે, સમ્યક્ આનંદ છે, વીતરાગ પરિણતિ છે એની સાથે અશુભથી રહિત શુભમાં આવવું તેને વ્યવહારગુપ્તિ કહેવામાં આવે છે. એ વિકલ્પ છે.

**'ઈર્યા...'** જોઈને ચાલવું. એ વિકલ્પ છે હોં. હાલવા-ચાલવાની ક્રિયા જડની છે, એ કોઈ સાધન નથી. અંદર પ્રમાદ ન થાય તો એવો વિકલ્પ આવે. **'ભાષા...'** વિચારીને બોલવું એવો વિકલ્પ. **'એષણા...'** એને માટે બનાવેલું ભોજન લેવું નહિ. એમ સ્વરૂપની અંતર એષણા અને અનુભવ થયા પછી તેમાં આવા મુનિવ્રત ધારણમાં આવો એષણાનો વિકલ્પ આવે છે. મારા માટે બનાવ્યો હોય તો .. રહિત આહાર લઉં. એમાં કોઈ પણ દોષ હોય

તો આહાર (ન લઉં). એવો તો વ્યવહાર વિકલ્પ આવ્યા વિના રહેતો નથી. નિર્દોષ આહાર એષણાથી લઉં એવો વિકલ્પ છે. છે બંધનું કારણ, પણ આવ્યા વિના રહે નહિ. વીતરાગ નથી. એમ **'આદાનનિક્ષેપણ-પ્રતિષ્ઠાપનસમિતિસ્વરૂપ...'** એમ કોઈ વસ્તુ લેવા, મૂકવામાં પ્રમાદ રહિત શુભ વિકલ્પ અને .. કાંઈક છોડું એ શુભવિકલ્પ છે તે ચારિત્રાચાર છે. **'શુદ્ધાત્માનો તું નથી એમ નિશ્ચયથી હું જાણું છું,...'** લ્યો! એ પંચ મહાવ્રત અને ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિ એ વ્યવહાર મારું સ્વરૂપ નથી. વિશેષ આવશે લ્યો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પ્રવચન-૧૮૩-૧૮૪માં અવાજ અસ્પષ્ટ હોવાથી લેવામાં આવેલ નથી.**

**અષાઢ સુદ ૨, સોમવાર, તા. ૧૬.૦૬.૧૯૬૯**
**ગાથા-૨૦૨ થી ૨૦૪, પ્રવચન-૧૮૫**

**'આમ હોવાથી તે શુભ રાગના ઉદયની ભૂમિકામાં...'** પહેલાં સમ્યગ્દર્શન અને અનુભવ તો થયો છે, પછીની વાત છે. સમજાણું કાંઈ? પોતાની દૃષ્ટિની થાપ ધ્રુવ ઉપર કરીને સમ્યક્ અનુભવનું પરિણમન થયું છે. દૃષ્ટિએ આખા ધ્રુવને કબ્જે કરી લીધો છે. પંડિતજી! અનંત આનંદની ખાણ, અનંત જ્ઞાન અને શાંતિની ખાણને એ દૃષ્ટિએ અંતર અનુભવમાં પકડી લીધી છે. સમજાણું કાંઈ? તો આખા સ્વદ્રવ્યનો જ સ્વામી થઈ ગયો. સમ્યગ્દૃષ્ટિ વસ્તુનો સ્વામી થયો. એવી દૃષ્ટિમાં, કહે છે કે એ રાગ પુણ્ય-પાપનો વિકલ્પ એ બધાનો ત્યાગ જ છે દૃષ્ટિમાં. ત્યાગ કરવો એને બાકી રહ્યો છે એમ નથી. દૃષ્ટિની અપેક્ષાએ કોઈ ત્યાગ કરવો છે, જ્ઞાનની અપેક્ષાએ ત્યાગ કરવો છે એમ છે નહિ. માર્ગ એવો છે. સમજાણું કાંઈ?

**'શુભ રાગના ઉદયની ભૂમિકામાં ગૃહવાસનો અને કુટુંબનો ત્યાગી...'** થાય છે. ઓલો શુભરાગ છેને, તો ગૃહવાસમાંથી પોતાનો પીછો છોડાવે છે અથવા વિદાય લે છે. એવી સ્થિતિ થઈ જાય તો માતા-પિતા, સ્ત્રી આદિ હોય (એનો ત્યાગ કરે છે). **'વ્યવહારરત્નત્રયસ્વરૂપ...'** હવે અહીં મિથ્યાત્વી નહોતો. પોતામાં નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાતા-દૃષ્ટાપણું અનુભવમાં આવ્યું. પછી શુભરાગ આવે છે, કર્મનો સંબંધ છે એ કારણે શુભરાગ છે. તેને **'વ્યવહારરત્નત્રયસ્વરૂપ પંચાચારોને અંગીકાર કરે છે.'** એ શુભરાગ છે. જ્ઞાનના આચારનો દર્શનનો, ચારિત્રનો, ... વીર્યનો... બધામાં પુરુષાર્થ કરવો એ. એવા **'પંચાચારને**

અંગીકાર કરે છે.' વ્યવહારથી. ભારે ઝીણી વાત! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અંગીકાર કરતો નથી, ત્યાગ જ છે. પણ વ્યવહારથી અંગીકાર કરે છે કેમકે એ ભૂમિકામાં રાગની મંદતાનો એવો પ્રકાર વર્તે છે એ અપેક્ષાએ અંગીકાર કરે છે એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..! જ્યારથી અનુભવ થયો સમ્યગ્દર્શન અનુભવ, ત્યારથી રાગનો ત્યાગ જ છે. રાગ મારો છે અને રાગનું હું આચરણ કરું એવી દૃષ્ટિ છે નહિ. આહા..હા..! માર્ગ તો જુઓ ભાઈ! સમજાણું કાંઈ? મુનિ થાય છે એ આવી દશામાં થાય છે. સમજાણું કાંઈ?

એમ પંચમ ગુણસ્થાનમાં પડિમાધારી થાય છે. પહેલી પડિમાથી છેક અગિયારમી પડિમા. એને પંચમ ગુણસ્થાનની દશા છેને? એ અંતરના અનુભવમાં તો, રાગનો-પડિમાનો વિકલ્પ આવે છે એનો ત્યાગ જ દૃષ્ટિ-જ્ઞાનમાં છે. આહા..હા..! કેમકે રાગ પર છે અને સ્વ નિજભાવ જે શુદ્ધ આનંદ પરિપૂર્ણ કૃતકૃત્ય છે એના ભાવને અંગીકાર કર્યો છે. અને રાગમાત્ર, ચાહે તો તીર્થંકરગોત્ર બાંધવાનો ભાવ હોય, ચાહે તો તેર પ્રકારના ચારિત્રનો વિકલ્પ હોય, બધું દૃષ્ટિ અને જ્ઞાનમાં તો બધું હેય હેય છે. હેયરૂપ જ્ઞેય છે. સમજાણું કાંઈ? છતાં પૂર્ણ વીતરાગ નથી તો જરી શુભરાગ આવે છે, તો એ રાગમાં, કહે છે કે પંચાચાર અંગીકાર કરે છે અથવા એ સમયે એવો ભાવ આવ્યો તેને અંગીકાર કરે છે એમ કહેવામાં આવે છે. પણ નિશ્ચય અનુભવ અને નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચય સમ્યગ્જ્ઞાન, નિશ્ચય સ્વરૂપ રમણતા આનંદની ચારિત્રદશા એવું નિશ્ચય પ્રતપન, ઉગ્ર પુરુષાર્થમાં અંતર સ્વભાવની શોભા અને ઉપમા આનંદની વૃદ્ધિ થાય છે તે સમયે આ વ્યવહાર પંચ આચાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**જોકે જ્ઞાનભાવથી તે સમસ્ત શુભાશુભ ક્રિયાઓનો ત્યાગી છે...**' જુઓ, જ્ઞાન તો એને પરજ્ઞેય તરીકે જાણે છે અને નિજ ત્રિકાળી ભાવને સ્વજ્ઞેય તરીકે જાણે છે. સમજાણું કાંઈ? ભગવાન ચૈતન્યબિંબ કૃતકૃત્ય નિજ પરિપૂર્ણભાવના અનુભવમાં તો એ જ મારો ભાવ છે, રાગાદિ મારો ભાવ નથી એવો જ્ઞાનમાં તો ત્યાગ જ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એને પોતાનો માને તો શું વાંધો?

ઉત્તર :- મિથ્યાદર્શન છે. બીજી કોઈ હરકત નથી. પંચાચારના રાગને પોતાનો માને એ તો મિથ્યાત્વભાવ છે. કારણ કે આત્મામાં એ રાગ નથી, સ્વભાવમાં નથી અને દ્રવ્ય, ગુણનો પર્યાયમાં આશ્રય કર્યો તો પર્યાયમાં પણ નથી. તદ્દન ભિન્ન રાગ છે. આહા..હા..! (આવી સમજણ) નથી એટલે લોકો મૂંઝાય છેને પછી. અજ્ઞાનપણે લઈ લે અને પછી શું કરવું એમ મૂંઝાય છે. સમજાણું કાંઈ? એમ મૂંઝાય છે. .. આવ્યા હતા. ઘણા વર્ષ થયા. ૯૫ કહીએ છીએ, પણ ૯૫ તો નહિ હોય. પાલિતાણાથી આવ્યા હતા. ... બે દિવસ રહ્યા હતા. ... ચોમાસુ હતું. હવે કરવું શું? તમે કહો છો કે અમે મુનિ નથી, દ્રવ્યલિંગી પણ નથી. ... ત્યાં ઈંદોરમાં. એ તો પહેલાથી એમ કહેતા. શું કરવું? શું કરવું શું, નિર્ણય કરો. બીજું કરે

શું? ... છોડી દ્યો (એમ કહીએ)? એ તો બિચારા એમ કહેતા હતા હોં. એમ કહેતા હતા, માણસો બેઠા હતા. ભાવલિંગ છે નહિ, દ્રવ્યલિંગ નથી, અમારા પાપના કર્મનો ઉદય નગ્નપણું લઈ લીધું. શું કરે? છૂટે નહિ, છોડ્યા જાય નહિ, ભાવ છે નહિ. એવી મુંઝવણ (થાય). પંચમકાળમાં અજ્ઞાનમાં એવો વેગ આવી જાય છેને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... શું કહેવાય તમારે? અમારે શું કહેવાય? વાઈ વાઈ. વાઈ કહે છે. એ મોક્ષમાર્ગપ્રકાશકમાં લીધું છેને કે વર્તમાન પરિણામના ભરોસે વ્રત લેવા નહિ, (હંમેશા) એનો નભાવ થાય છે કે નહિ? દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ છે કે નહિ? એવો વિચાર કરીને સમ્યગ્દૃષ્ટિ ઘણો વિચાર કરીને પોતાની સ્થિરતા .. અનુભવ હોવા છતાં પણ. એમ છે, ભાઈ! આ માર્ગ કાંઈ કોઈ (હઠનો નથી).

સહજ સ્વરૂપ છે. સહજાત્મસ્વરૂપ ભગવાન આત્મા જ્યાં નિષ્ક્રિય રાગની ક્રિયાથી પાર છે. એવી ચીજની જ્યાં દૃષ્ટિ થઈ, અનુભવ થયો, આનંદનું વેદન થયું તો આનંદ સિવાય રાગનો વિકલ્પ દુઃખ છે એનો ત્યાગ છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**ક્રિયાઓનો ત્યાગી છે...**' શુભાશુભ, અજ્ઞાનનો સમ્યગ્દૃષ્ટિ, સમ્યગ્જ્ઞાનમાં તો ત્યાગ જ છે. ત્યાગ ન હોય અને ગ્રહણ કરે એ તો મિથ્યાદૃષ્ટિ છે. છતાં અંગીકાર કરે, તો કેમ કર્યું? એમ કહે છે. એનો ખુલાસો કરે છે. સમજાણું કાંઈ? જ્ઞાનમાં તો વિકલ્પમાત્ર-ગુણ-ગુણીનો ભેદ, ગુણ-ગુણીના ભેદના વિકલ્પનો પણ જ્ઞાનમાં ત્યાગ છે. આહા..હા..! એવી દૃષ્ટિમાં ત્યાગ હોવા છતાં શુભરાગ આવે છે તો શુભરાગને અંગીકાર કર્યો એમ વ્યવહારનયથી કહેવામાં આવ્યું છે. એવી વાત છે, ભાઈ! ઓહો..હો..! સમજાણું કાંઈ? સાધુપદ કેવું હોય એને સમજવું પડશે કે નહિ? દેવ કેવા હોવા જોઈએ, ગુરુ કેવા ચારિત્રવંત હોવા જોઈએ, ધર્મ કેવો હોવો જોઈએ, શાસ્ત્ર કેવા હોવા જોઈએ—એમ એની દૃષ્ટિમાં યથાર્થતા હોવી જોઈએને. એમને એમ માની લે. માનો, અનાદિથી માને છે.

અહીંયાં તો કહે છે કે અનુભવમાં... 'અનુભવ રત્ન ચિંતામણિ અનુભવ હૈ રસકૂપ, અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.' અનુભવ, પોતાના નિજ સ્વરૂપના અનુભવ વિના જંગલમાં જેમ રોઝ રહે છે રોઝ સમજો છો? અને ગામમાં કૂતરા હોય એવા છે એમ કહે છે દીપચંદજી. એય..! ધન્નાલાલજી! આહા..હા..! પોતાના નિજ સ્વરૂપનો અનુભવ નથી, સમ્યગ્દર્શન નથી, સમ્યગ્જ્ઞાન નથી એ ચાહે તો વનમાં વસો તો એ હરણતુલ્ય રોઝ સમાન છે. અને ગામમાં વસે તો કૂતરા સમાન છે. વસ્તુનું ભાન નથી. એ દીપચંદજીએ કહ્યું છે અનુભવપ્રકાશમાં. સમજાણું કાંઈ? અને અનુભવવાળો પ્રાણી, એ બનારસીદાસે કહ્યું છે, ચાહે તો જંગલમાં રહે, ચાહે તો ગામમાં રહે. સમજાણું કાંઈ? અંતરમાં દૃષ્ટિ અને જ્ઞાનમાં તો બધાનો ત્યાગ જ છે. બનારસીદાસે લીધું છે. ચાહે રહો ઘરમાં અને ચાહે રહો વનમાં, એ બનારસીદાસે

લખ્યું છે. ઓહો..હો..! સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન શું ચીજ છે અને કેમ પ્રાપ્ત થાય એની ખબર નથી અને એમ ને એમ માની લે અને સમ્યગ્દર્શન વિના વ્રત લઈ લીધા. પડિમા ધારણ કરી બે, પાંચ, સાત, આઠ અને અગિયાર. વિશેષ ન હોય, અમારે રામજીભાઈ કહે છે, વિશેષ નથી નહિતર વિશેષ લઈ લઈએ. પણ શું કરે, અગિયારથી વધારે નથી. બારમી પડિમા ન મળે. કાંઈ ખબર નહિને, ખબર નથી કે પડિમા કોને કહીએ ભાઈ! અંતરમાં આનંદની શાંતિના શેરડા, શેરડાને શું કહે? ધારા. આનંદની ધારા. શેરડા અમારી કાઠિયાવાડી ભાષા છે. આહા..હા..! ઝરણું. આનંદ... આનંદ... આનંદ... એની પાસે શુભભાવ પણ દુઃખ લાગે, દુઃખ લાગે, ઝેર લાગે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાનનું સ્મરણ અને શાસ્ત્રના વાંચનનો વિકલ્પ પણ જેની આગળ દુઃખ લાગે. એવી ચીજનું ભાન થયું તો, કહે છે કે રાગનો તો ત્યાગ જ છે. દુઃખ છે, દુઃખ છે.

અનંત આનંદસ્વરૂપ ભગવાન આત્મા, દૃષ્ટિએ તો એને પરિણમન થઈ ગયું. આહા..હા..! હવે કોઈ વાત રાગનો ત્યાગ કરવો છે એવું રહ્યું નહિ. દૃષ્ટિ અને જ્ઞાનમાં તો ત્યાગ જ છે, પણ સ્વરૂપમાં સ્થિરતા નથી તેથી શુભરાગ પ્રાપ્ત થાય છે. મુનિને તો અશુભરાગ તો છે નહિ. સમજાણું કાંઈ? શુભરાગ હોય એને એમ કહે છે કે ભાઈ! ત્યાગ છે છતાં અંગીકાર કરે છે એમ કહેવામાં આવે છે. એવી વાત છે. આહા..હા..! દેવચંદજી! એવો માર્ગ છે, પ્રભુ!

‘**તોપણ પર્યાયમાં શુભ રાગ નહિ છૂટતો હોવાથી...**’ જુઓ, પર્યાયમાં શુભરાગ નહિ છૂટતો હોવાથી ‘**તે પૂર્વોક્ત રીતે પંચાચારને ગ્રહણ કરે છે.**)’ પર્યાયમાં રાગ છૂટતો નથી, પુરુષાર્થની ખામી છે. એ ખામીને ખામી કહેવાનો હક્ક કોને છે? કે જેને પુરુષાર્થ ચિદાનંદ અખંડ પૂર્ણ દૃષ્ટિમાં આવ્યો છે. સમજાણું કાંઈ? પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ શાંતિ એવો સમ્યગ્દર્શનમાં જેને પૂર્ણ આનંદ આદિ પૂર્ણ સ્વરૂપનો અનુભવ થયો છે તે દૃષ્ટિએ રાગની મંદતાની ખામી છે એમ જણાયું. પણ વસ્તુની ખબર નથી અને મને રાગની મંદતા છે અને એનાથી રાગ થાય છે (એમ કહે તે વિપરીતતા છે). મંદતા કોની અપેક્ષાએ? સમજાણું કાંઈ? ભગવાન પરિપૂર્ણ આનંદકંદ પુરુષાર્થનો પિંડ છે એમ અનુભવ થયો એની સાથે મેળવે છે. મંદ રાગ આવે છે એ મારી નબળાઈ છે. ત્રિકાળના જોરની અપેક્ષાએ રાગની નબળાઈ માનવામાં આવે છે. આહા..હા..! સબળતાનું ભાન થયું એ અપેક્ષાએ નિર્બળતા કહેવામાં આવે છે. સબળતાનો ખ્યાલ નથી અને મારી નિર્બળતા છે (એમ વસ્તુ નથી). આહા..હા..! વસ્તુ એવી છે. આહા..હા..! લ્યો! ૨૦૨ ગાથા થઈ.

‘પછી તે કેવો થાય છે તે હવે ઉપદેશ છે :—’ ૨૦૩.

**समणं गणिं गुणड्ढं कुलरूववयोविसिट्ठमिट्ठदरं।**
**समणेहिं तं पि पणदो पडिच्छ मं चेदि अणुगहिदो।।२०३।।**

**'મુજને ગ્રહો' કહી, પ્રણત થઈ, અનુગૃહીત થાય ગણી વડે,**
**—વયરૂપકુલવિશિષ્ટ, યોગી, ગુણાઢ્ય ને મુનિ-ઈષ્ટ જે. ૨૦૩.**

જુઓ, શિષ્ય ગુરુ પાસે જાય છે. મહા ભાવલિંગી સંત મુનિ છે એની પાસે જાય છે. એની ઓળખાણ છે કે આ મુનિ ભાવલિંગી સંત છે. જુઓ! એટલી ઓળખાણ મુનિની મુનિપણું લેવાવાળાને ભાન છે. સમજાણું કાંઈ? મુનિપણું લેવાનું પોતાને ભાન છે અને આ પણ સાધુ ભાવલિંગી છે એવું ભાન છે. એવી ઓળખાણ હોય છે. સમ્યગ્દર્શનમાં સામા પ્રાણીની શું દશા છે એ એની પરીક્ષામાં આવી જાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કેવી રીતે ઓળખે છે?

ઉત્તર :- એની દર્શન-જ્ઞાન-ચારિત્રની દશા અંતરની કેવી છે એ પ્રકાર ખ્યાલમાં આવી જાય છે. ધવલમાં પ્રશ્ન છે. એ ચર્ચા થઈ હતી અમારે ત્યાં કુંભોજ. કુંભોજમાં છેને સમંતભદ્ર? અમે બે દિવસ ગયા હતા. બરાબર પ્રવચન સાંભળતા હતા, સમયસાર સાંભળતા. ચર્ચા બબ્બે કલાક ચર્ચા થઈ હતી. જગનમોહનલાલજી હતા, એમને બોલાવ્યા હતા. એને પરની ઓળખાણ થાય કે નહિ? કીધું, ધવલમાં એમ છે. જુઓ, સર્વાર્થસિદ્ધમાં એમ છે. એ મતિજ્ઞાન અવગ્રહ, ઈહા, અવાય, ધારણા. ત્યાં બીજી વાત છે. આ .. એવી વાત છે. ધવલમાં તો એમ છે કે આ ભવિ છે કે અભવિ? એવો પ્રશ્ન ઉઠાવ્યો છે. મતિજ્ઞાનના નિર્મળપણામાં અવગ્રહ, ઈહા, અવાય, ધારણામાં આ પ્રાણી ભવિ છે કે અભવિ એવો વિચાર ઉઠાવ્યો છે. મતિજ્ઞાનમાં એને એવો નિર્ણય થઈ જાય છે કે આ પ્રાણી સમ્યગ્દર્શન અને જ્ઞાન ચારિત્રવંત છે માટે ભવિ છે.

મુમુક્ષુ :- જ્ઞાન થઈ ગયું.

ઉત્તર :- જ્ઞાન થઈ ગયું. ધવલમાં એમ છે. સમજાણું કાંઈ? (અત્યારે એમ કહે છે કે) ... એ કાંઈ આપણને ખબર પડે નહિ, સામાની ખબર પડે નહિ, પોતાની ખબર પડે નહિ. માટે લઈ લ્યો વ્રત. અરે ભગવાન! આંધળો છે. બહુ ચર્ચા થઈ હતી ત્યાં. બબ્બે કલાક. શું કહે છે? કુંભોજ બાહુબલી. શું કહે છે? દેશભૂષણ મોક્ષ પધાર્યા હતા. કુંથલગિરી. કુંભોજ નહિ. કુંભોજ તો અમે ગયા હતા ... ત્યાં નહોતા. કુંથલગિરીમાં હતા. ત્યાં છે, ત્યાં ગયા હતા. ... છેને? અમે ગયા ત્યારે તો બંધ હતું. બે વાર બંધ હતું. ત્યાં ચર્ચા બહુ થઈ હતી. ઘણું સાંભળતા હતા, બરાબર. માર્ગ તો બીજો છે. સાંભળતા હતા. .. પરની કેવી રીતે ખબર પડે? પરની ખબર પડે. સમ્યગ્જ્ઞાનીને પરની પણ ખબર પડે. આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રવંત છે એવું વેદન એના ખ્યાલમાં આવી જાય. એ દ્વારા ભવિ છે એવો નિર્ણય કરે છે. આહા..હા..! ધન્નાલાલજી! ઈ કહે છે જુઓ.

**'મુજને ગ્રહો' કહી, પ્રણત થઈ, અનુગૃહીત થાય ગણી વડે,**
**—વયરૂપકુલવિશિષ્ટ, યોગી, ગુણાઢ્ય ને મુનિ-ઈષ્ટ જે. ૨૦૩.**

કોની પાસે દીક્ષા લેવી એનું એને ભાન છે. સમજાણું કાંઈ? પોતાનું પણ ભાન છે અને પરનું પણ ભાન છે. એમને એમ અંધોઅંધ (નથી). નથી પોતાની ખબર કે કોણ છે અને શું લઉં છું અને પર કોણ છે એની ખબર નથી એમ નથી. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનમાં પરનો પણ પત્તો લાગી જાય. એની ચેષ્ટા, ભાષા બોલે, અમુક શૈલી બોલે ત્યાં ખબર પડી જાય કે ... છે. સમજાણું કાંઈ? જુઓ, ટીકા. અન્વયાર્થ આવી જશે ટીકામાં.

'**પછી...**' પછી એટલે ..નો ત્યાગી થયો એવો અર્થ. '**શ્રામણ્યાર્થી...**' શ્રમણનો અર્થી, મુનિપણાનો અર્થી એમ. '**પ્રણત અને અનુગૃહીત થાય છે.**' ગુરુને વિનયપૂર્વક નમન કરે છે. '**પ્રણત...**' સમજાણું કાંઈ? '**પ્રણત અને અનુગૃહીત થાય છે.**' અને ગુરુની કૃપાથી અનુગૃહીત થઈ જાય છે. ઓહો..! સ્વીકાર કરે છે, મુનિપણું લેવાને પાત્ર છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**પછી શ્રામણ્યાર્થી પ્રણત અને અનુગૃહીત થાય છે.**' સમકિતી છે. ક્ષાયિક સમકિતી પણ હોય. સમજાણું કાંઈ? આ પંચમ આરાના છે એટલે ક્ષયોપશમ સમકિત આદિ હોય, પોતાનું ભાન છે અને ગુરુની પણ ખબર છે. ત્યાં જઈને નમન કરે છે અને અનુગૃહીત થાય છે. એની કૃપા અંગીકાર કરે છે.

'**તે આ પ્રમાણે : આચરવામાં અને અચરાવવામાં આવતી સમસ્ત વિરતિની પ્રવૃત્તિના સમાન આત્મરૂપ—એવા શ્રામણ્યપણાને લીધે જે શ્રમણ છે, એવું શ્રામણ્ય આચરવામાં અને અચરાવવામાં પ્રવીણ હોવાને લીધે જે ગુણાઢ્ય છે,...**' જુઓ હવે કહે છે. જુઓ! .. કરે છે. આચરવામાં જ્ઞાનાચાર, દર્શનાચાર, નિશ્ચયસહિત વ્યવહાર આચરણ કરવામાં અને આચરણ કરાવવામાં (અર્થાત્) બીજાને પણ નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિમાં આ સહિત વ્યવહાર આચરણ કરાવવામાં. '**આવતી સમસ્ત વિરતિની પ્રવૃત્તિના...**' જુઓ, છેને? સમાન એટલે તુલ્ય. તુલ્ય-બરાબર, એક સમાન, મળતું. '**વિરતિની પ્રવૃત્તિના સમાન આત્મરૂપ...**' શું કહે છે? આહા..હા..! પંચ મહાવ્રત કે જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર એ પ્રકારની પ્રવૃત્તિ શુભ વિકલ્પની એના સમાનરૂપ અંતરમાં એવી આત્મદશા પ્રગટ થઈ છે. સમજાણું કાંઈ? આહા..હા..! કેવી સંધિ કરી જુઓ તો!

'**વિરતિની પ્રવૃત્તિના સમાન આત્મરૂપ...**' વિરતિની પ્રવૃત્તિને મળતી સમાન જે આત્મદશા તે શ્રામણ્ય છે. જુઓ, સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનના આઠ આચાર, સમ્યગ્જ્ઞાનના પાંચ આચાર વગેરે વગેરે. એ આઠ આચાર જ્ઞાનના. એ પ્રકારની જે પ્રવૃત્તિ વિરતિ છે રાગની એ સમાનરૂપ એવી સામાન્ય અંદરમાં દશા હોય છે. સમ્યક્પણું, સમ્યગ્દર્શન, નિશ્ચય વીતરાગપણાની પર્યાય એ વિરતિને સમાન ત્યાં પર્યાય પ્રગટ થઈ છે. વિરતિ-પ્રવૃત્તિ આટલી છે અને ગુણસ્થાન નીચેનું છે એમ બનતું નથી. દૃષ્ટિ મિથ્યાત્વ હોય અને બહારમાં આ પ્રવૃત્તિ હોય તો તે સમાનરૂપ નથી એમ કહે છે. તે અસમાન છે. આહા..હા..! સમજાણું

કાંઈ? કેટલી વાત (કરે છે)! ઓહો..હો..!

કુંદકુંદાચાર્ય ચરણાનુયોગની વાત કરે છે. કહે છે કે એની પર્યાયમાં પ્રવૃત્તિ... છેને? '**સમસ્ત વિરતિની પ્રવૃત્તિના...**' અશુભ રાગાદિનો અભાવ થયોને? શુભરાગની પ્રવૃત્તિ છે. '**પ્રવૃત્તિના સમાન આત્મારૂપ—**' એના પ્રમાણમાં તેને આત્મદશા, અનુભવદશા ત્રણ કષાયના અભાવ આદિ વીતરાગદશા પ્રગટ છે. લ્યો! આટલું નક્કી કરી લીધું. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. શુભભાવ વિરતિ છેને, એને સમાનરૂપ એવી વીતરાગતા... જેવો અહીંયા શુભભાવ છે પંચાચારનો એ પ્રમાણમાં સામે વીતરાગદશા છે.

મુમુક્ષુ :- એ વિરતિ પરિણતિ...

ઉત્તર :- વિરતિ પ્રવૃત્તિ છે રાગ. રાગની પ્રવૃત્તિની છેને. અશુભથી નિવર્તીને રાગની પ્રવૃત્તિ છેને. તો રાગની પ્રવૃત્તિને અનુકૂળ ત્યાં નિવૃત્તિ વીતરાગદશા થઈ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! બહારમાં પ્રવૃત્તિ શુભ રાગાદિ હોય આવા પંચાચારની અને અંદરમાં વીતરાગદશા ન હોય એવી વસ્તુ જ નથી. તેને વસ્તુ કહેતા નથી, તેને શ્રામણ્ય કહેતા નથી. સમજાણું કાંઈ? બાહ્યમાં નગ્ન લિંગ હોય, અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ હોય અને પંચાચાર આદિ આ જે જ્ઞાનાદિના હોય અને અંતરમાં મિથ્યાદૃષ્ટિ હોય એવી વાત નથી. આહા..હા..! સમજાણું કાંઈ? તો એ વ્યવહારની સમાનરૂપતા નિશ્ચયની નથી.

મુમુક્ષુ :- આ ઉત્સર્ગ માર્ગ છે.

ઉત્તર :- નહિ, એક જ માર્ગ છે. બીજો ક્યો? આ ઠીક કહે છે શેઠ. એમ કે આ ઉત્સર્ગ માર્ગ છે અને અપવાદ માર્ગ બીજો હશે. માર્ગ અપવાદનો, રાગ એ જ અપવાદ માર્ગ છે. પંચાચાર જે આ છે એ જ અપવાદ માર્ગ છે. પણ અપવાદ માર્ગને અનુકૂળ ઉત્સર્ગ માર્ગ વીતરાગની દશા હોય છે એમ કહે છે. આહા..હા..! એવી વાત છે. ભાઈ! આ પંચાચાર એ જ અપવાદમાર્ગ છે. વીતરાગ માર્ગ છે જ નહિ ઈ. આહા..હા..! સમજાણું કાંઈ? પણ એ અપવાદમાર્ગની વિકલ્પની દશા જેટલા પંચાચાર આદિ કહ્યા જ્ઞાન, દર્શન, ચારિત્ર, એ પ્રમાણે જ ત્યાં સમાનરૂપ આત્મદશા વીતરાગી આનંદકંદ છઠ્ઠે-સાતમે ઝૂલે એવી દશા સામે હોય છે. તો વ્યવહારને યોગ્ય સમાનરૂપ કહેવામાં આવે છે. નહિતર વિસમાન છે. એને તો ભાવશ્રમણ અને દ્રવ્યનો બેનો મેળ છે જ નહિ. ભાવ સાધુપણું, દ્રવ્યક્રિયા બેનો મેળ જ નથી. સમજાણું કાંઈ? કોઈ એમ લઈ લે કે અમને સમ્યગ્દર્શન તો છે.. અને જ્ઞાન છે અને ચારિત્ર પણ અંદરમાં છે, પણ વ્યવહારમાં અમને દોષ છે. વ્યવહાર જેટલો છે એટલો પાળતા નથી. એ વાત એમ હોય જ નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પંચમકાળ...

ઉત્તર :- પંચમકાળ, ભાવ શું પણ? કાળ અંદર લાગુ જ ક્યાં પડે છે? આ પંચમકાળની

વાત છે. પંચમકાળના મુનિ કહે છે કે કોણ કહે છે આ? પંચમકાળની વાત કરે છે કે ચોથા આરાની?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સિદ્ધાંતમાં કાળ ફેર ક્યાં છે? દેવચંદજી! એ તો સ્પષ્ટ કરવા માટે પૂછે છે.

મુમુક્ષુ :- એક શાસ્ત્રમાં કાંઈ બે ને બે ચાર..

ઉત્તર :- એમ હોય? પંચમકાળમાં બેને બે ત્રણ થતા હશે ક્યાંક અને ક્યાંક બે ને બે પાંચ થઈ જતા હશે. એમ બને? એવો માર્ગ નથી, ભાઈ! આહા..હા..!

છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય જ્ઞાનાદિ પંચાચારનો વિકલ્પ છે એના પ્રમાણમાં સામે વીતરાગદશા ત્રણ કષાયનો અભાવરૂપ એવી સમાનરૂપ દશા નિશ્ચયની છે તો તેને શ્રમણ કહેવામાં આવે છે. નહિતર એને શ્રમણ કહેતા નથી. સમજાણું કાંઈ? બાહ્યમાં વિષમતા હોય અને અંદરમાં સમ્યગ્દર્શન અને જ્ઞાન સાચું હોય એમ બનતું નથી અને બહારમાં વ્યવહાર આચારણ સરખું હોય અને અંદરમાં મિથ્યાદર્શન હોય એમ બનતું જ નથી. તેને અહીંયા ગણવામાં આવ્યું નથી. સમજાણું કાંઈ? ઓહો..હો..! જુઓ, કેટલું સ્પષ્ટ કરે છે!

અંતરમાં જ્યાં પંચ આચારના વિકલ્પની ભૂમિકા ત્યાગદૃષ્ટિમાં જ્ઞાનમાં હોવા છતાં આવો ભાવ આવે છે તો એ ભાવની ભૂમિકાને યોગ્ય સમાનરૂપ જ નિશ્ચય હોય છે. એવી વીતરાગદશા ત્રણ કષાયનો અભાવ, ક્ષણમાં છઠ્ઠે-સાતમે ઝૂલે એવી દશા હોય છે. હજી સાધુપદ કોને કહે છે એ સમજે નહિ, શ્રદ્ધે નહિ, ખબર ન મળે. સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્ર, દેવ, ગુરુ અને ધર્મ કોને કહીએ એની તો ખબર નથી અને સમ્યગ્દર્શન થઈ જાય. સમજાણું કાંઈ? ઝીણી વાત છે. વીતરાગનો માર્ગ એવો છે. એ કોઈ નવો છે એવી કોઈ ચીજ નથી. એ તો અનાદિનો માર્ગ એવો છે.

તો કહે છે કે '**આચરવામાં અને અચરાવવામાં આવતી...**' આ ... વાત છેને ભાઈ આ! '**સમસ્ત વિરતિની પ્રવૃત્તિના...**' વિરતિની પ્રવૃત્તિ એટલે અશુભરાગ. અશુભથી નિવૃત્તિ. પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ એના '**સમાન આત્મરૂપ—**' એને સમાન વીતરાગદશા સામે હોય. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ પાંચમા ગુણસ્થાનવાળો નવમી ગ્રૈવેયક જાય છે. બાહ્યમાં પ્રવૃત્તિ અઠ્યાવીશ મૂળગુણની ચોખ્ખી (હોય). સમજાણું? અંદરમાં સમ્યગ્દર્શન અને જ્ઞાન હોય અને છઠ્ઠું ગુણસ્થાન ન હોય. એ વાત અહીંયા લીધી નથી. ભાઈ! અહીં તો બેય સરખી દશા છે એની વાત લેવી છે. સમજાણું કાંઈ? બાહ્યમાં વ્યવહાર બરાબર ચોખ્ખો. અઠ્યાવીશ મૂળગુણ, પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ જેવી ભગવાને કહી છે એવી પ્રવૃત્તિ બરાબર શુભભાવની ચોખ્ખી મુનિની અને અંદરમાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન આદિ હોય. છઠ્ઠું ગુણસ્થાન ન હોય. સમજાણું કાંઈ? તો એના ખ્યાલમાં પણ છે કે મારી ભૂમિકા મુનિની નથી. સમજાણું કાંઈ? પણ બાહ્યમાં એવા શુભભાવની પ્રવૃત્તિમાં ખંડ નથી.

બરાબર એવા જ અઠ્યાવીશ મૂળગુણ આદિ બરાબર પાળે છે. એ શુક્લલેશ્યાથી નવમી ગ્રૈવેયક ચાલ્યો જાય. સમજાણું કાંઈ? મુનિપણું નથી અંદર તો એ સમાનરૂપ ન થયું. વ્યવહાર અને નિશ્ચયમાં સમાનતા ન રહી, એટલે એને દ્રવ્યલિંગી કહે છે. મિથ્યાદૃષ્ટિને પણ દ્રવ્યલિંગી અને સમ્યગ્દૃષ્ટિ આદિને પણ દ્રવ્યલિંગી (કહે છે). કેમકે જેવો વ્યવહાર છે એવો નિશ્ચય ત્યાં અંદર છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? નિશ્ચય જેવો છે ત્યાં તો આવો વ્યવહાર હોય જ. એની તો વાત જ લીધી નથી ભાઈ! અહીં જેને નિશ્ચય દશા સરખી છે ગુણસ્થાનને યોગ્ય એને આવો વ્યવહાર હોય એમ નથી લીધું, એ તો હોય જ, પણ આવો વ્યવહાર હોય ત્યાં નિશ્ચય આવી દશા હોય જ એમ લીધું છે. ચરણાનુયોગની કથની છેને. એમ લેવું છે. ચરણ અનુસાર દ્રવ્ય. એવી દશા... આહા..હા..! છઠ્ઠા ગુણસ્થાને વિરતિની પ્રવૃત્તિનો જે શુભરાગ છે તેના પ્રમાણમાં ત્યાં નિશ્ચય વીતરાગદશા છે તેને સાધુપદ કહેવામાં આવે છે. જુઓ!

**'આવા શ્રામણ્યપણાને લીધે...'** આવા સાધુપણાને કારણે **'જે શ્રમણ છે,...'** જુઓ, કેટલી ટીકા સ્પષ્ટ છે! આવા સાધુપણાને કારણે તે સાધુ છે. સમજાણું કાંઈ? આ તો બહારથી નગ્ન લિંગ હોય અને એના માટે બનાવેલો આહાર આદિ લેતા હોય. તોપણ કહે કે નગ્ન તો છેને. જય નારાયણ. એમ એને પરીક્ષા નથી. દૃષ્ટિની ખબર નથી, તત્ત્વની ખબર નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે માર્ગ ભાઈ! વર્તમાન માણસોને એવું લાગે. આ બધી રૂઢી બીજી ચાલી છેને. ..નો શું અર્થ? બગડેલું દૂધ મોળી છાશમાંથી જાય. શું કહ્યું? ન સમજાણું? બગડેલું દૂધ એ મીઠી છાશમાંથી જાય. કેમકે મોળી છાશ... છાશ સમજ્યાને? મઠ્ઠો. મોળી છાશ હોય તો એની સાથે રોટલી-રોટલા ચાલે, બગડેલું દૂધ તો છાશમાંથી પણ જાય. એ વાત અહીંયાં છે. આહા..હા..!

મુમુક્ષુ :- એ વાત ન સમજાણી.

ઉત્તર :- ન આવી? એ તો એમણે પૂછ્યુંને એટલે દૃષ્ટાંત આપ્યું. દૂધ બગડ્યું હોયને દૂધ? તો બગડેલા દૂધ સાથે રોટલી ખાય? મોળી છાશ હોય તો ખાય. એમ અંદરમાં નિશ્ચય અને વ્યવહારમાં બેયમાં બગડ્યા હોય... સમજાણું કાંઈ? પંચમકાળને કારણે. પણ અમારાથી તો સારા છે. એ જૂઠું છે. મુનિદશા ત્યાં છે જ નહિ. અમારાથી સારા છે એનો અર્થ શું? સમજાણું કાંઈ?

એક માણસ અપવાસ કરીને એક ટંક ખાય છે અથવા એક કણ ખાય છે અને બીજો એક ટંક ખાય છે. તો અમારા કરતા તો સારો છે એમ છે? નથી, એમ ક્યાંથી આવ્યું? પ્રતિજ્ઞા લઈને તોડી નાખે છે. વસ્તુ આ સમજવાની ચીજ છે. એવી ચીજ છે, ભાઈ! બહુ આકરું કામ છે, ભાઈ! માર્ગને સમજવો સત્ય નિશ્ચય-વ્યવહાર એ અલૌકિક વાત છે, બાપા! આમાં કાંઈ કોઈની સિફારશ ન ચાલે ભાઈ! આ તો માર્ગ છે. અનંત તીર્થંકરોનો, અનંત ગણધરોનો, અનંત ઈન્દ્રોએ સ્વીકારેલી વસ્તુની સ્થિતિ છે. આ તો વસ્તુનું સ્વરૂપ

જ આવું છે. આહા..હા..! જુઓને, ગજબ વાત છેને ચરણાનુયોગની શૈલીની!!

**'એવા શ્રામણ્યપણાને લીધે જે શ્રમણ છે...'** ઓહો..હો..! જેનો વ્યવહાર પંચાચાર ચોખ્ખા છે એ પ્રમાણે જેની નિશ્ચય વીતરાગદશા પણ પ્રગટી છે તેને શ્રમણ કહેવામાં આવે છે. ખરેખર તો શ્રમણ વંદનીક છે એ કંઈ અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પને કારણે વંદનીક નથી, એ તો રાગ છે. સમજાણું કાંઈ? એ વીતરાગી દશા જે થઈ છે તે વંદનીક છે. સમજાણું કાંઈ? એ માટે કહે છે કે એને શ્રામણ્ય કહેવામાં આવે છે. **'એવું શ્રામણ્ય આચરવામાં...'** એવું શ્રામણ્ય... જુઓ. પંચાચાર આદિ વિરતિ અને અંદર સમાનરૂપ. **'એવું શ્રામણ્ય આચરવામાં અને અચરાવવામાં પ્રવીણ હોવાને લીધે જે ગુણાઢ્ય છે,...'** ગુણાઢ્યની વ્યાખ્યા કરી. સમજાણું કાંઈ? આહા..હા..! આવા સંત હોય. મુનિની વ્યાખ્યા કરે છે. મુનિ આવા હોય એની પાસે દીક્ષા લે છે એમ કહે છે. સમજાણું કાંઈ? જ્યાં ત્યાં માથા મૂકીને માથા મુંડાવે એને તો ખબર છે નહિ. કેટલી વાત કરી છે! ચરણાનુયોગસૂચક ચૂલિકા સમજ્યાને? ચૂલિકા કહ્યું છેને. ચરણાનુયોગસૂચક ચૂલિકા લ્યો! ઓહો..હો..! એ ગુણાઢ્યની વ્યાખ્યા કરી. આવા ગુણી હોય છે. ભાષા છેને? **'समणं गणिं गुणड्ढं' 'समणं गणिं गुणड्ढं'** એ પહેલા પદનો અર્થ કર્યો. શ્રમણ આવા છે અને ગણી—આચાર્ય આવા ગુણાઢ્ય છે, જેની પાસે દીક્ષા લ્યે છે એ. ઓહો..હો..!

**'સર્વ લૌકિક જનોથી નિઃશંકપણે સેવવાયોગ્ય હોવાને લીધે...'** જુઓ, કેવા છે મુનિ? **'સર્વ લૌકિક જનોથી નિઃશંકપણે સેવવાયોગ્ય...'** એવી કોઈ દુગંછા, એવી કોઈ શરીરની ક્રિયા વિરુદ્ધ છે એમ છે નહિ. **'સર્વ લૌકિક જનોથી નિઃશંકપણે સેવવાયોગ્ય હોવાને લીધે અને કુળક્રમાગત (કુળના ક્રમે ઊતરી આવતા) ક્રૂરતાદિ દોષોથી રહિત...'** જેનું કુળ જ એવું ઊંચું છે કે જેમાં જન્મ થયો હતો, શાંતિ પરિણામી એવી સજ્જનતા. જેના કુળમાં જ સજ્જનતા હતી એમ કહે છે. જુઓ. સમજાણું કાંઈ? લૌકિક નીતિ પણ એના કુળમાં બહુ સારી હતી એવામાં જન્મ થયો એ મુનિ થયા છે, એવા મુનિ. સમજાણું કાંઈ? **'સર્વ લૌકિક જનોથી નિઃશંકપણે સેવવાયોગ્ય હોવાને લીધે અને કુળક્રમાગત ક્રૂરતાદિ દોષોથી રહિત...'** કેટલાકનું કુળ જન્મથી ક્રોધ પ્રકૃતિ (હોય). ક્રોધની, માનની, કપટની, લોભની. કુળમાં જ એવો સ્વભાવ હોય. તો એના પુત્રમાં પણ એવો સ્વભાવ હોય છે. સજ્જન પુરુષોના કુળમાં જેનો જન્મ છે. આહા..હા..! જુઓ, સમજાણું કાંઈ? જેની માતા, જેના પિતા, જેનું કુળ ક્રમાગત ક્રૂરતાદિ દોષોથી રહિત છે. ક્રૂરતા નહિ. સમજાણું કાંઈ?

**'જે 'કુળવિશિષ્ટ' છે,...'** એવા આચાર્ય કુળવિશિષ્ટ છે એમ કહે છે. ગુણાઢ્ય કહ્યું અને બીજામાં કુળવિશિષ્ટ કહ્યું. આચાર્ય જેની પાસે દીક્ષા લેવી છે એમનું શરીર પણ એવું હોય, પુણ્ય પ્રકૃતિ એવી હોય, લોકો જોવે તો ઓહો..! ઉત્તમ પ્રાણી આ છે. અત્યંત સજ્જનના કુળમાં એનો જન્મ થયો છે. એવું એનું લોકાચરણ જેના કુળમાં ઠીક હતું એમાં જન્મ થયો

હોય તેને ગુણાઢ્ય કહે છે. સમજાણું કાંઈ? કુળવિશિષ્ટ છે. **'અંતરંગ શુદ્ધ રૂપનું અનુમાન કરાવનારું બહિરંગ શુદ્ધ રૂપ હોવાને લીધે જે 'રૂપવિશિષ્ટ' છે,...'** જુઓ! આ રૂપ વિશિષ્ટ. રૂપાળું આંખ આવી હતી (એમ નહિ). અંતરંગ શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરાવનાર. શુદ્ધ આનંદનો અનુભવ કરાવનારા, બહિરંગ શુદ્ધ રૂપ છે. નગ્નપણું, પંચ મહાવ્રત આદિ બાહ્ય તદ્દન શુદ્ધ, વ્યવહાર શુદ્ધ છે ચોખ્ખો. આહા..હા..! જુઓ, પહેલા વ્યવહારથી નિશ્ચય અહીંયાં કહ્યું હતું, હવે અહીંયાં નિશ્ચય છે એવો એનો શુભભાવ બહારમાં છે. એમ કહ્યું. ઓહો..હો..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... કરે છે. અહીંયાં પહેલા એ બાહ્યમાં વિરતિ હતી એ પ્રમાણે નિશ્ચય સ્વરૂપ હતું, અહીંયાં કહે છે કે નિશ્ચયના પ્રમાણમાં એનો વ્યવહાર સારો છે, શુદ્ધ સ્વરૂપનું અનુમાન કરાવનારો.

**'બહિરંગ શુદ્ધ રૂપ હોવાને લીધે જે 'રૂપવિશિષ્ટ' છે,...'** બરાબર જેનું આચરણ એવું ચોખ્ખું નિર્દોષ હોય કે (જેનાથી અનુમાન થાય કે) શુદ્ધ આનંદનો અનુભવ છે એને, અશુદ્ધતા નથી. એવા મુનિ થઈ જાય. બહારના ઠેકાણા નથી ક્રિયાના અને અંદરમાં શુદ્ધ હોય, આનંદ છે અને દશા ઊંચી છે એમ બનતું નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? ભાઈ, આચરણના બાહ્યમાં તો અનેક પ્રકાર છે. પંચમકાળ છે તો એ પ્રકારનો ઉદય નથી. ઉદય નહિ એ તો ભૂમિકા પ્રમાણે એને આવી દશા હોય જ છે. સમજાણું કાંઈ? આહા..હા..! શુભભાવને ઓળંગીને બીજી દશા થતી નથી. ભગવાન આત્મા વીતરાગપણું છે મુનિ, એનું અનુમાન કરાવનાર બાહ્યનો શુભભાવ છે-એવી ચીજ છે. સમજાણું કાંઈ? નગ્નપણું, વીતરાગી દશા બહારની, પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ એ શુદ્ધ સ્વરૂપનું અનુમાન કરાવનારું બહિરંગ રૂપ કહેવામાં આવ્યું છે. ઓહો..હો..!

મુમુક્ષુ :- બહિરંગથી શુદ્ધનું અનુમાન થાય છે?

ઉત્તર :- એનાથી અનુમાન થાય છે કે આમ છે તો અંદર છે જ એમ. અંદર છે જ. એવી વાત કરે છેને. વ્યવહાર છે તો નિશ્ચય છે જ એવું અહીંયાં નિશ્ચયનું અનુમાન વ્યવહારથી કરે છે એમ કહે છે. આમ છે તો ત્યાં નિશ્ચય છે જ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અશુદ્ધિ છે જ નહિ.

ઉત્તર :- એને અશુદ્ધિ છે જ નહિ. બરાબર બહારની શુદ્ધિ .. જાણે. એની દશા જે ભૂમિકાને યોગ્ય છઠ્ઠે ગુણસ્થાને હોય એ દશા છે અંદર. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત ભાઈ!

**'અંતરંગ શુદ્ધ રૂપનું અનુમાન કરાવનારું બહિરંગ શુદ્ધ રૂપ હોવાને લીધે જે 'રૂપવિશિષ્ટ' છે,...'** આ રૂપવિશિષ્ટ છે. કોઈ સુંદર રૂપ છે કે.. વિશિષ્ટની વ્યાખ્યા.

મુમુક્ષુ :- શરીરનો રંગ...

ઉત્તર :- રંગ કાળો પણ હોય, એમાં શું? કાળા હોય એ રૂપાળા નથી હોતા? નેમિનાથ ભગવાન કાળા હતા છતાં રૂપાળા હતા. રૂપ જુદી વાત છે, રંગ જુદી વાત છે. રંગ હોવા છતાં જેની નમણાશ, કોમળતા જેના શરીરમાં રૂપ એટલે આકૃતિ આદિ સુંદર હોય છે. સમજાણું કાંઈ? ચોવીસ તીર્થંકરમાં પાંચ રંગ છે પણ બધા રૂપાળા છે. રૂપાળા શબ્દે નમણાઈ. એનું શરીર નમણું. કાળામાં પણ એનો પુણ્યપ્રતાપ એવો દેખાય ઓહો..! અલૌકિક પુણ્ય છે એના! .... તો છે, પણ ભાવ પણ બહારની ક્રિયા, શરીરની ક્રિયા પણ એવી દેખાય. આ ચરણાનુયોગની વાત છેને એટલે બેય વાત લે છે.

વળી કેવા છે આચાર્ય ગુણાઢ્ય કે જેની પાસે દીક્ષા લેવી છે? **'બાળપણાથી અને વૃદ્ધપણાથી થતી બુદ્ધિવિક્લવતાનો અભાવ હોવાને લીધે...'** જુઓ, અસ્થિરતા અને વિકલવતા. બાળક જેવો હોયને, અસ્થિર પ્રકૃતિ (હોય) એનો તેને અભાવ છે. બાળપણું અને વૃદ્ધ. વૃદ્ધને લઈને વિક્લવતા એવી હોય છે. સમજ્યા? એવી વિક્લવતાનો બહારમાં અભાવ દેખાય. વિક્લવતા હોતી નથી એનામાં. **'તથા યૌવનોદ્રેકની વિક્રિયા વિનાની...'** યૌવન ઉદ્રેક છે **'યૌવનનો ઉદ્રેક; જુવાનીની અતિશયતા.'** બહુ જુવાનીનું જોશ હોય તો એમાં વિક્લવતા દેખાય એવી વિક્લવતા હોતી નથી. શાંત ઠરેલ, સમુદ્ર જેમ ગંભીર (હોય). આહા..હા..! સમજાણું કાંઈ? એવી દશા અંદરમાં વીતરાગતા છે તો એને આમ હોય છે, તો એને નિશ્ચય સહિત વ્યવહાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એકલો વ્યવહાર તો એવો અનંત વાર થયો, એ કોઈ વસ્તુ નથી. એ વસ્તુ-વ્યવહાર ક્યાંથી આવ્યો? આરોપ તો ત્યારે લાગેને, નિશ્ચય હોય તો. નિશ્ચય વિના વ્યવહાર ક્યાંથી લાગુ પડે? નિમિત્ત પણ ક્યાં સારું છે?

**'યૌવનોદ્રેકની વિક્રિયા...'** જુઓ, એને વિક્રિયા કીધી અને ઓલામાં બુદ્ધિની વિક્લવતા કીધી. અસ્થિરતા અને વિક્લવતા. અહીંયા યૌવનનું જોશ. જુવાનીનું જોશ હોય અંદરથી, એક-એક ઈન્દ્રિય ફાટ-ફાટ થતી હોય એવું હોતું નથી. ઉછરંગપણું ન હોય, પચ્ચીસ વર્ષનો કોઈ આચાર્ય હોય નાની ઉંમરનો હોય, લ્યો. આવા ગુણ, ત્રણ કષાયનો અભાવ, ... નાની ઉંમરમાં આચાર્ય થયા છે કુંદકુંદાચાર્ય. એ તો સહજ ...ની એવી દશા (હોય છે). તો તેને વયવિશિષ્ટ કહેવામાં આવે છે. વયમાં ખાસ જુદા એમ. જેમ રૂપમાં જુદાઈ, ગુણમાં જુદાઈ, એમ વયમાં પણ ખાસ જુદાઈ. **'અને યથોક્ત શ્રામણ્ય આચરવા અને અચરાવવા સંબંધી પૌરુષેય દોષોને નિઃશેષપણે નષ્ટ કર્યા હોવાથી...'** **'મનુષ્યને સંભવતા.'** મનુષ્યને યોગ્ય જે દોષ છે એવો દોષ એને હોતા નથી.

હવે **'શ્રામણ્ય આચરવા અને અચરાવવા સંબંધી પૌરુષેય દોષોને...'** મનુષ્યના દોષ **'નિઃશેષપણે નષ્ટ કર્યા હોવાથી મુમુક્ષુઓ વડે (પ્રાયશ્ચિત્તાદિ માટે) જેમનો બહુ આશ્રય લેવાતો હોવાને લીધે...'** પોતાનો દોષ જેની પાસે પ્રકાશે, મુનિ એવા હોય છે એમ કહે

છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવો ભાવ આવ્યો હતો એનું પ્રાયશ્ચિત્ આપો. એ વખતે તિરસ્કાર ન કરે. સમજાણું કાંઈ? સાધારણ જનતા એનો આશ્રય કરે. ... અમને અમારી ભૂમિકાના પ્રમાણમાં દોષ લાગ્યો છે. સમજાણું કાંઈ? એવું સરળપણે કહે, શાંતિથી સાંભળે. સમજાણું કાંઈ? આહા..હા..! '**જેમનો બહુ આશ્રય લેવાતો હોવાને લીધે...**' ઘણો આશ્રય લેવાતો હોવાથી. '**જે શ્રમણોને અતિ ઈષ્ટ છે,...**' લ્યો! '**विसिट्ठमिट्ठदरं**' છેને શબ્દ? છેલ્લો શબ્દ. '**શ્રમણોને અતિ ઈષ્ટ છે,...**' સંતોને તો પ્રિય છે. આહા..હા..! આ તો એક્કેય ... ન હોય અને આ તો સાધુને પ્રિય એમ કહે છે. બીજા સાધુ ભાવલિંગી છે, એનો વ્યવહાર એવો છે તેમાં આવા આચાર્ય હોય તે એને ઈષ્ટ છે. સમજાણું કાંઈ? લ્યો! અતિ ઈષ્ટ છે. અરે.. અતિ ઈષ્ટ પણ સમકિતીને કોઈ ઈષ્ટ હોતું નથીને?

મુમુક્ષુ :- આ તો વ્યવહારની વાત છેને.

ઉત્તર :- આ તો વ્યવહારની વાત ચાલે છેને. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મીને ઈષ્ટ કોઈ ચીજ જ નથી પોતાના શુદ્ધ સ્વરૂપ સિવાય. સમજાણું કાંઈ? રાગ પણ ઈષ્ટ નથી તો પછી પરચીજ ઈષ્ટ ક્યાંથી આવી? પણ ચરણાનુયોગમાં એવો શુભરાગ હોય છે તો એવી ચીજ એમાં હોય છે તો એને ઈષ્ટ તરીકે વ્યવહાર ગણે છે. વ્યવહારથી ઈષ્ટ છે. ચરણાનુયોગની શૈલી એવી છે. આહા..હા..! એવા '**ગણીની પાસે...**' જુઓ.

મુમુક્ષુ :- .. કોઈનો આશ્રય નથી.

ઉત્તર :- નહિ, સમ્યગ્દૃષ્ટિને કોઈનો આશ્રય નથી. અહીંયા ચરણાનુયોગનું કથન વ્યવહારનયનું છેને? સમ્યગ્દૃષ્ટિને તો આત્મા સિવાય કોઈ આશ્રય નથી. ધર્મીને પોતાનો પૂર્ણાનંદ પ્રભુ એ સિવાય કોઈનો આશ્રય નથી. એ નિશ્ચયની વાત છે, યથાર્થની વાત છે. ચરણાનુયોગની વ્યવહારની શૈલીની વાત ચાલે તો સંતોને બહુ આશ્રય કરવાલાયક એવા સંત છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! ક્યાં મેળ! બરાબર મેળવણી છે. નિશ્ચય આવો હોય ત્યાં એવો એનો વયવિશિષ્ટ, કુળવિશિષ્ટ અને ઈષ્ટત્તર, સંતોને ઈષ્ટત્તર છે. એવા વિકલ્પ વ્યવહાર આવે એમ માને છે.

એવા '**સાધક આચાર્યની પાસે—શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિસ્વરૂપ સિદ્ધિથી...**' જુઓ, શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિસ્વરૂપ આચાર્યની પાસે '**શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિસ્વરૂપ સિદ્ધિથી મને અનુગૃહીત કરો...**' બેય લીધું. એક તો શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિના સાધક આચાર્ય છે. આચાર્ય પણ શુદ્ધાત્મતત્ત્વના સાધક છે એમ કહે છે. વ્યવહાર છે પણ એના સાધક નથી. એય..! આહા..હા..! છે ભલે વિકલ્પ, પણ સાધક એના નથી. શુદ્ધાત્મતત્ત્વ પરમાનંદમૂર્તિ પ્રભુ એની ઉપલબ્ધિ—અનુભવના સાધક છે. આહા..હા..! જુઓ, ભાષા કેવી ચરણાનુયોગની. '**શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિસ્વરૂપ...**' સાધક છે એ. રાગ આવે છે એના સાધક નથી. આહા..હા..! વ્યવહારથી અંગીકાર કરે છે એમ કહેવામાં આવ્યું, પણ સાધક નથી. આહા..હા..!

સમજાણું કાંઈ?

**'શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિના સાધક આચાર્યની પાસે...'** એક વાત. .. શુદ્ધાત્વતત્ત્વની પ્રાપ્તિ સિદ્ધિ ... કરો. મને શુદ્ધાત્મતત્ત્વ આપો એમ કહે. ... આપો. અરે! એ તો દીનતા છે. એ તો દીનતા છે પર પાસે માગવું ઈ. પણ એવો વ્યવહાર વિકલ્પમાં આવે છે તો એમ કહે છે, પ્રભુ! મને ભાવલિંગ આપો, નાથ! મારી મુક્તિ થાય, મોક્ષ થાય એવું સાધુપદ, અનુભવ, મને ભાવલિંગ આપો. આહા..હા..! સમજાણું કાંઈ? સિદ્ધિથી મને **'શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિરૂપ સિદ્ધિથી (મુક્તિ) મને અનુગૃહીત કરો...'** કૃપા કરો, નાથ! આહા..હા..! વ્યવહારના લખાણ એવા હોય લ્યો! સોગાનીમાં તો એવું આવેને તો રાડ નાખી જાય. નિશ્ચય ધ્રુવનું બહુ જોર છેને એટલે ત્યાં તો (એમ કહ્યું), બીજા પાસે માગવું, સાંભળવું એ તો નુકસાનકારક, દીનતા છે. એય..! દેવાનુપ્રિયા! ... વ્યવહારમાં એવો ભાવ આવે છે. આગ્રહ, એના ઉપર જોર કરે એમ નથી હોં. જોર તો સ્વભાવ ઉપર છે. સમજાણું કાંઈ? એવો વ્યવહાર આવે છે તે જાણવાલાયક છે. ઓહો..હો..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ચરણાનુયોગની શૈલી છે. ચરણાનુયોગમાં તો એમ જ આવે. બીજા પાસે માગવું એ દીનતા છે. શું તારી પાસે એ ચીજ નથી? તારી પાસે ખામી છે? તારે ખજાને ખોટ છે, અપૂર્ણતા છે કે મારી પાસે તું લેવા આવ્યો છો? એ તો વિનયનો શબ્દ છે. સમજાણું કાંઈ? બેય જાણવા. આહા..હા..! કેવી શૈલી છે ટીકાની!

મુમુક્ષુ :- .. જાણવાની વાત છે.

ઉત્તર :- હા, જાણવાની વાત છે. ઈ વાત છે.

**'શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિના સાધક આચાર્યની પાસે—શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિરૂપ સિદ્ધિથી મને અનુગૃહીત કરો...'** આપની પાસે છે એ ચીજ મને આપો. એમ. કોણ કોને આપે? પણ વ્યવહારના વિનયમાં એવો ભાવ આવ્યા વિના રહેતો નથી. લ્યો. **'મને અનુગૃહીત કરો એમ કહીને (શ્રામણ્યાર્થી) જતો થકો પ્રણત થાય છે.'** નમન કરે છે, નમી જાય છે. સમજાણું કાંઈ? વ્યવહારથી નમી જાય હોં, શરીરથી નમી જાય એમ કહે છે. અંદરમાં તો છે, આ તો બહારથી નમે છે. **'પ્રણત થાય છે. આ પ્રમાણે આ તને...'** હવે આચર્ય કહે છે. **'આ તને શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિરૂપ સિદ્ધિ એમ (કહીને) તે ગણી વડે (તે શ્રામણ્યાર્થી) પ્રાર્થિત અર્થથી સંયુક્ત કરાતો થકો...'** જુઓ, પ્રાર્થના કરીને માગેલી વસ્તુથી સંયુક્ત કરાતો થકો. લે ભાઈ! આ ભાવ. આહા..હા..! એય..! ચરણાનુયોગની શૈલી નિમિત્ત-નૈમિત્તિક સંબંધને બતાવે છે બસ. સમજાણું કાંઈ? ઓલા કહેતા હતા નહિ? એક ગુણભદ્ર નહિ? કોણ ગુણભદ્રને? ગુણધરલાલ. ગુણધરલાલ કહેતા હતા ત્યાં ફિરોજાબાદમાં, ૨૦૦૭ની સાલમાં. વ્રતી સંમેલન થયું હતું. વ્રતી સંમેલનમાં ભરતી આવી

હતી વ્રત લેવાની. એમ છાપામાં આવ્યું હતું. એ કહે આમ આપો... આમ આપો. ક્યાં વ્રતના ઠેકાણા નથીને. વ્રતી સંમેલન નામ જ જૂઠું છે. હજી દર્શનની શુદ્ધિના ઠેકાણા નથી ત્યાં વ્રતી સંમેલન ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? એ લોકો કહે છે, લ્યો, મારી પાસે કંઈ આવ્યું નહિ. શું આપ્યું તમે? લ્યો પાંચ પડીમા. મારી પાસે કાંઈ આવ્યું નહિ એમ કહે છે. મશ્કરા હતા ગુણભદ્ર. કુરાવડવાળા. અહીંયા રહ્યા હતા.

કહે છે કે શ્રામણ્યે જે પ્રાર્થના કરી હતી તે અર્થથી સંયુક્ત કરાય છે. લ્યો! જે માંગણી કરી હતી તે પ્રયોજનથી એની સિદ્ધિ થઈ ગઈ. લ્યો ભાઈ આ. એવું થયું અને ધ્યાનમાં શ્રામણ્યપણું પ્રગટ પણ થઈ ગયું એમ કહે છે. આહા..હા..! જુઓ તો ખરા. સમજાણું કાંઈ? **'શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિ સિદ્ધિ એમ (કહીને) તે ગણી વડે પ્રાર્થિત અર્થથી...'** પ્રાર્થના કરીને માંગેલી વસ્તુ છેને? **'સંયુક્ત કરાતો થકો...'** સહિત કરાતો થકો લ્યો! એ આચાર્ય તેને ભાવલિંગ સહિત કરી દે છે. એનો અર્થ કે.. એ પોતાના ધ્યાનમાં પોતાની દશા પ્રગટ કરે છે તો ગણીએ આપ્યું એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, દિગંબર સંતોની કથની! આવી કથની બાહ્ય વ્યવહારની બીજે ઠેકાણે હોતી નથી. સમજાણું કાંઈ? નિશ્ચયસહિત વ્યવહાર કેવો હોય છે અને વ્યવહાર શુદ્ધિમાં નિશ્ચયની શુદ્ધિનું અનુમાન કરાવવું છે ત્યાં આ શૈલી હોય છે. એ દિગંબર સંતો સિવાય બીજે ક્યાંય છે નહિ. વ્યવહારના પણ ઠેકાણા નથી અને નિશ્ચયના પણ ઠેકાણા નથી. આહા..હા..! અને **'અનુગૃહીત થાય છે.'** લ્યો! દીધું અને કૃપા થઈ ગઈ જાવ, કૃપા થઈ ગઈ. જાવ મુનિપણું આપ્યું. દે છે ત્યાં તેને પ્રગટ પણ થાય છે. સમજાણું કાંઈ?

**'વળી ત્યાર પછી તે કેવો થાય છે તે હવે ઉપદેશે છે :—'** લ્યો! ત્રીજી ગાથા થઈને. .. એ પછી ચોથી ગાથામાં કહે છે. જુઓ! .. કેવા હોય છે.

**णाहं होमि परेसिं ण मे परे णत्थि मज्झमिह किंचि।**
**इदि णिच्छिदो जिदिंदो जादो जधजादरूवधरो।।२०४।।**

**પરનો ન હું, પર છે ન મુજ, મારું નથી કંઈ પણ જગે,**
**—એ રીત નિશ્ચિત તે જિતેંદ્રિય સાહજિકરૂપધર બને. ૨૦૪.**

આહા..હા..! એની વ્યાખ્યા આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૩, બુધવાર, તા. ૧૮.૦૬.૧૯૬૯**
**ગાથા-૨૦૪ થી ૨૦૬, પ્રવચન-૧૮૬**

ચરણાનુયોગ અધિકાર છે. સાધુપણું કેમ લેવાય અને સાધુપણું કેવી રીતે હોઈ શકે એની વાત છે. જેને આત્મદર્શન થયું હોય પહેલું. એમ કહે છે. સમજાય છે? જેને આત્મ સમ્યગ્દર્શન (થયું હોય). આત્મા... એ કહેશે. '**વળી ત્યાર પછી તે કેવો થાય છે તે ઉપદેશે છે :—**' ૨૦૪.

**णाहं होमि परेसिं ण मे परे णत्थि मज्झमिह किंचि।**
**इदि णिच्छिदो जिदिंदो जादो जधजादरूवधरो।।२०४।।**
**પરનો ન હું, પર છે ન મુજ, મારું નથી કંઈ પણ જગે,**
**—એ રીત નિશ્ચિત તે જિતેંદ્રિય સાહજિકરૂપધર બને. ૨૦૪.**

શું કહે છે? જે કોઈ સાધુ થવા માંગે છે તે ગુરુ પાસે જઈને ગુરુ સ્વીકૃત કરે છે ત્યારે પોતે પોતાની સ્થિતિ જાહેર કરે છે. '**વળી ત્યાર પછી શ્રામણ્યાર્થી યથાજાતરૂપ થાય છે**' એટલે શું? કે આત્મા વીતરાગસ્વરૂપ છે, એનો સ્વભાવ જ વીતરાગસ્વરૂપ છે, એવો વીતરાગસ્વરૂપ થાય છે. યથાજાત—જેવો એનો સ્વભાવ છે એવો પ્રગટ કરે છે. અહીં તો વ્યવહારનયથી વાત છેને? ભાવિ નૈગમની વાત છે. અંગીકાર કરે ત્યારે આવું નથી, પણ આવો હું છું અને આમ અંગીકાર કરું છું એમ ભાવિનૈગમથી વાત કરે છે. સમજાય છે કાંઈ? હું શ્રામણ્યાર્થી—સાધુ થવાનો અર્થી. સાધુ એટલે કે આ બહારની ચીજને બહારને છોડે એ કાંઈ સાધુ નથી. '**यथाजातरूपधरः**' જેવું મૂળભૂત સ્વરૂપ સહજ સ્વભાવિકરૂપ (છે). આત્માનું દેહથી જુદું, કર્મથી જુદું અને પુણ્ય અને પાપના રાગનો વિકલ્પ થાય મેલ એનાથી જુદું સ્વરૂપ છે. એવું વીતરાગી સ્વરૂપ ધારણ કરે છે. તેને યથાજાતરૂપ કહેવામાં આવે છે. જેવું સ્વરૂપ છે. જુઓ! વીતરાગી સ્વરૂપ છે આત્માનું એમ કહે છે. આહા..હા..! વીતરાગ સ્વભાવસ્વરૂપ જ આત્મા છે. એવો વીતરાગભાવ ધારણ કરે છે અંદરમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ છઠ્ઠે ગુણસ્થાને. છઠ્ઠા ગુણસ્થાનની અહીંયા વાત છે. મુનિ થવાની લાયકાતવાળો છે, જે મુનિ થાય છે એની વાત છે. આહા..હા..! લોકો આઠમે ને સાતમે લઈ જાય છે.

અહીંયા તો કહે છે, યથાજાત-જેવું સ્વરૂપ ભગવાન આત્મા મેલ પુણ્ય-પાપના રાગ વિનાનું

છે એ. કર્મ તો જડ છે એમાં નથી. શરીર જડ માટી-ધૂળ છે એ આત્મામાં નથી. પણ અંદરમાં વિકલ્પો ઉઠે શુભ-અશુભ રાગભાવ એ એની જાત એના સ્વરૂપમાં નથી. એવો ભગવાન આત્મા પોતાના સ્વરૂપમાં આરૂઢ થયો થકો. યથાજાત-જેવું સ્વરૂપ છે એવા સ્વરૂપની અંતર વીતરાગભાવરૂપ ધારણ કરે છે. આહા..હા..! ગુજરાતી સહેલું છે, બહુ એવું (કઠણ) નથી. સમજાણું કાંઈ?

**'તે આ પ્રમાણે : પ્રથમ તો હું જરાય પરનો નથી,...'** હોં! હું પરનો જરાય નથી. મારો ભાવ આત્મા વીતરાગસ્વરૂપ છે એ પરનો હું જરાય નથી.

મુમુક્ષુ :- હજી તો થોડીક વાર પહેલા ગુરુ પાસે જઈને કહ્યું, હું તમારો છું એમ કહ્યું હતું.

ઉત્તર :- એ વ્યવહારથી ભાષા છે. તેથી કહ્યુંને અહીંયાં.

**'પ્રથમ તો હું જરાય...'** કિંચિત્ શબ્દ છેને ઓલામાં-સંસ્કૃતમાં. **'अहं तावन्न किञ्चिदपि'** આહા..હા..! કિંચિત્ શબ્દ છેને. અહો..! દેહ છોડીને તો પરાધીનપણે તો જાય છેને અનંતવાર. અનંતવાર ગયો. એણે આત્માને શરીર માટે ગાળ્યો, પણ આત્મા માટે શરીર ગાળ્યું નહિ કોઈ દિ' એણે. શરીર માટે આત્માને ગાળ્યો. ગાળ્યો એટલે હેરાન કર્યો, હેરાન કર્યો. આ મારું અને આ ક્રિયા મારી એમ કર્યું. આત્માની મિથ્યાદશાને શરણે ગયો એટલે આત્માને ગાળ્યો. ગાળ્યો એટલે હીણી દશા-વિપરીત દશા કરી. પણ આત્મા માટે શરીરને ગાળ્યું એવું કોઈ દિ' એણે કર્યું નહિ. એ હું નહિ... એ હું નહિ. આહા..હા..! કોઈપણ શરીરની ક્રિયા હો, એમાં હું નહિ. એ તો જડ છે. મારે ને એને... જરાય પરનો હું નથી. રાગનો, શરીરનો, વાણીનો, મા-બાપનો, કુટુંબનો, દેશનો.

મુમુક્ષુ :- ગુરુનો?

ઉત્તર :- ગુરુનો એમાં આવી ગયું. સમજાય છે કાંઈ?

**'હું જરાય પરનો નથી, પર પણ જરાય મારા નથી,...'** આ અસ્તિ-નાસ્તિ લીધી. **'હું જરાય પરનો નથી,...'** રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, વિકલ્પ, કર્મ, શરીર એનો હું નથી, એ મારા નથી જરીએ. જુઓ, આ સમ્યગ્દર્શન. સાધુ થવા પહેલા એવી એની દૃષ્ટિ અને અનુભવ હોય છે. આહા..હા..! આવું જ્યાં ભાન નથી ત્યાં તો સમ્યગ્દર્શન નથી, જ્યાં ધર્મની ભૂમિકા નથી, ત્યાં સાધુપણું ક્યાંથી આવે? ઓહો..! વસ્તુ એવી છે. કહે છે **'પર પણ જરાય મારા નથી,...'** રાગનો વિકલ્પ, દેહાદિની દશા, વાણીની ભાષા એ પર જરીએ મારા નથી. **'કારણ કે સર્વ દ્રવ્યો...'** જુઓ સિદ્ધાંત. કેમકે બધા તત્ત્વો—અનંતા આત્માઓ, અનંતા પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને આકાશ. તે **'સર્વ દ્રવ્યો તત્ત્વતઃ...'** ખરી રીતે, તત્ત્વની દૃષ્ટિએ, પરમાર્થે **'પર સાથે સમસ્ત સંબંધ રહિત છે;...'** જુઓ, સમસ્ત સંબંધ રહિત છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એ સંબંધ જ નથી

ખરેખર તો. સમજાય છે કાંઈ? એ તો ભિન્નતા બતાવે છે. આહા..હા..!

અંતરથી હું જ્યાં છું એમાં રાગ અને શરીર અને કર્મ નથી. કેમકે મારે અને એને કાંઈ સંબંધ નથી. સમજાય છે કાંઈ? મુસાફરનો દાખલો આપ્યો છેને? મુસાફર સડકની ઉપર ચાલ્યો જાય છે. ઝાડની છાયા, હજારો ઝાડ આમ હોય (એની) છાયા પડે છે, મુસાફર જાય છે. શરીરને છાયા અડે છે? શરીરને ક્યાંય અડતી જ નથી, શરીરની છાયા થઈ નથી, છાયાનું શરીર થયું નથી. એમ ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાનઘનસ્વરૂપ ધ્રુવ એમ ચાલ્યો આવે છે. એને પુણ્ય-પાપના રાગ અને શરીરની છાયાની સાથે કાંઈ સંબંધ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? મુસાફર જેમ હજારો ઝાડની છાયામાં ઓળંગીને ચાલ્યો જાય છે. એ મુસાફર છાયાનો થતો નથી, છાયા તે મુસાફરની થતી નથી. એમ હું એક ધ્રુવ ચીજ છું, વસ્તુ છું, એ રાગ ને શરીર ને વાણીની છાયા મારામાં છે નહિ, હું એને અડ્યો પણ નથી. એનામાં હું નથી અને એ મારામાં નથી. આમ તો હજી પ્રથમ ધર્મની સમ્યગ્દષ્ટિ કાળમાં આવો અનુભવ અને દૃષ્ટિ હોય છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

'**તત્ત્વતઃ...**' ખરી રીતે, સાચી રીતે, તત્ત્વદૃષ્ટિથી, પરમાર્થે, '**પર સાથે સમસ્ત સંબંધ...**' ભાષા દેખો! '**સમસ્ત સંબંધ રહિત છે;...**' '**સર્વ દ્રવ્યો...**' જુઓ! એમાં કોઈ પરમાણુ પરમાણુ સાથે, આત્મા પરમાણુ સાથે, આત્મા આત્મા સાથે (કોઈ સંબંધ નથી). '**સર્વ દ્રવ્યો પર સાથે સમસ્ત સંબંધ રહિત છે;...**' આહા..હા..!

મુમુક્ષુ :- એમાં તો ક્યાંય નિમિત્ત ન આવ્યું.

ઉત્તર :- એ સંબંધ રહિત છે. એની સાથે સંબંધ શું? એ તો પરચીજ છે. નિમિત્ત થાય એનો અર્થ શું? અહીં પરિણમે છે તો એ છે, પણ એની સાથે સંબંધ છે (એમ) બિલકુલ નહિ. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એ સંબંધ જ નથી એમ કહ્યું છે.

મુમુક્ષુ :- જ્ઞેય-જ્ઞાયક.

ઉત્તર :- એ તો જુદું. જ્ઞેય-જ્ઞાયક તો પૃથક્‌પણું બતાવે છે. એ કાંઈ જ્ઞાન જ્ઞેયનું અને જ્ઞેય જ્ઞાનનું છે? સંબંધ નથી. ભગવાન ચૈતન્યસૂર્ય, આત્મા ચૈતન્યસૂર્ય આનંદનું ધામ એવો હું. મારે અને પરને કે કોઈ દ્રવ્યને પરમાર્થે કાંઈ સંબંધ છે નહિ. કહો, અહીં તો કીધુંને. ગુરુ-શિષ્યનો સંબંધ નથી એમ છે. મા-બાપનો સંબંધ અને દીકરા-દીકરીનો સંબંધ, સેવ્ય-સેવકનો સંબંધ ને હું સેવક અને પરમાત્મા સેવ્ય એવું કાંઈ છે નહિ. આહા..હા..! શું છે?

મુમુક્ષુ :- દીકરા-દીકરીનો સંબંધ...

ઉત્તર :- દીકરા-દીકરી એ તો ક્યાં રહી ગયા હેઠા. દીકરો હતો કે દિ'?

અહીં તો સેવ્ય-સેવક પરમાત્મા સેવવા લાયક અને હું સેવક એવું મારામાં છે જ નહિ. સર્વસંબંધ રહિત છું. અરે! સર્વ દ્રવ્યો સર્વ સંબંધ રહિત છે એમ કહ્યુંને? જુઓ! '**સર્વ દ્રવ્યો તત્ત્વતઃ પર સાથે સમસ્ત સંબંધ રહિત છે;...**' જુઓ, એક પરમાણુ અને બીજા પરમાણુ

સાથે સર્વસંબંધ રહિત પરમાણુ સ્વતંત્ર તત્ત્વ છે. એક-એક પરમાણુ સ્વતંત્ર તત્ત્વ છે. એને બીજા પરમાણુ સાથે સંબંધ નથી. સર્વ સંબંધ રહિત છે. તો આત્મા છે (એને) કર્મનો સંબંધ છે? કે ના. આહા..હા..!

મુમુક્ષુ :- તો ભ્રમથી માનીએ છીએ?

ઉત્તર :- ભ્રમણા છે. સવારે આવ્યુંને. રાગરૂપ પરિણમવાની આત્મામાં શક્યતા છે જ નહિ. વિકારરૂપ થવાની શક્તિ, આત્મામાં વિકારરૂપ થવાની શક્તિ છે જ નહિ. માને છે. આહા..હા..! પાગલ ગમે તે માને. એથી કાંઈ વસ્તુ થઈ જાય? હું સદા સ્વયં વ્યવહારરત્નત્રયપણે સ્વામીપણે ન પરિણમું એવી હું ચીજ છું. રાગપણે થવું એ હું છું નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- આવું મુનિ માનતા હશે?

ઉત્તર :- એવું સમકિતી પહેલું માને અને પછી ત્યાગી (થઈને) અંદર રાગનો અભાવ કરે છે. એવી વાત છે.

મુમુક્ષુ :- પહેલેથી?

ઉત્તર :- પહેલેથી. સર્વ દ્રવ્યોને સમસ્ત સંબંધ. આહા..હા..! સર્વ દ્રવ્યોને, જેટલા તત્ત્વો જગતમાં અનંત પરમાત્માએ જોયા, પરમેશ્વરે અનંત તત્ત્વો જોયા એ અનંતઅનંતપણે રહીને પરની સાથે સંબંધ વિના રહ્યા છે. આહા..હા..! સમજાય છે? જ્ઞેય-જ્ઞાયક સંબંધ એ તો સહજ છે. એ ખરેખર સંબંધ પરની સાથે નથી. એ તો અહીં જ્ઞાનનો સ્વભાવ છે એ જ્ઞાયક જ્ઞેયને જાણે. જ્ઞેયનો સ્વભાવ છે જ્ઞાનમાં પ્રમેય થઈને જણાય. પણ એ સંબંધ છે એ છે જ નહિ અહીં તો કહે છે. આહા..હા..! એવું તો ધર્મી જીવ સમ્યગ્દર્શન થવામાં (માને છે), ભલે રાજ, કુટુંબમાં પડેલો દેખાય. સમજાય છે કાંઈ? પણ મારા આત્માને અને પરને કાંઈ સંબંધ નથી, કોઈ જાતનો સંબંધ મારે અને એને નથી. સમજાય છે? આહા..હા..!

'કારણ કે...' એ શેની વ્યાખ્યા કરી? કે '**હું જરાય પરનો નથી, પર પણ જરાય મારાં નથી, કારણ...**' એમ. કારણ '**સર્વ દ્રવ્યો...**' પોતપોતાના સ્વરૂપે બિરાજમાન બધાય છે. પર સાથે કોઈ તત્ત્વને કાંઈ સંબંધ નથી. આહા..હા..! બરાબર હશે આ? માને છેને આ? એય..! નટુભાઈ! કહો, માને તે ગમે તે માને ગાંડો થઈને, પાગલ થઈને. આહા..હા..! પરમેશ્વર સર્વજ્ઞદેવ અને હું એ બેય તદ્દન ચીજ જુદી છે. મારો મારામાં સ્વસ્વામીસંબંધ છે. હું એક દ્રવ્ય વસ્તુ આત્મા અનંત આનંદ અને જ્ઞાનના ભાવના સ્વભાવથી (ભરેલો), સ્વભાવસ્વરૂપ અનંત બેહદ વસ્તુ છું. એને વસ્તુનો સ્વભાવ છે. સ્વભાવ છે તે અનહદ છે. હદ વિનાનો, પ્રમાણ વિનાનો અપરિમિત સ્વભાવ છે. એવા સ્વભાવનું સ્વપણું અને હું એનો સ્વામી એવો મારે મારામાં સંબંધ છે. સમજાય છે કાંઈ? પણ '**પર સાથે સમસ્ત સંબંધ રહિત છે;...**' આહા..હા..! સમજાણું કાંઈ?

'**તેથી આ ષટ્દ્રવ્યાત્મક લોકમાં...**' ભગવાન આત્મા જ્યાં છે ત્યાં ષટ્દ્રવ્ય છે જગત

આખું. ભગવાને છ દ્રવ્ય જોયા. પરમાત્માએ કેવળજ્ઞાની તીર્થંકરદેવે કેવળજ્ઞાનમાં છ દ્રવ્ય લોક જોયો. છ દ્રવ્ય લ્યો! છ દ્રવ્યાત્મક લોક. લોક્યંતિ લોક—જ્યાં છ દ્રવ્ય દેખાય છે તે લોક. છ દ્રવ્ય છે અનાદિ. અનંત આત્માઓ સંખ્યાએ અનંત, જાતિએ છ, જાતિએ છ. આત્માની જાત, પરમાણુની જાત, કાળની જાત. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશની જાત. બસ છ. '**આ ષટ્દ્રવ્યાત્મક...**' અથવા આવા છ દ્રવ્યસ્વરૂપ '**લોકમાં આત્માથી અન્ય એવું કાંઈ પણ મારું નથી;...**' '**આ ષટ્દ્રવ્યાત્મક લોકમાં...**' મારા '**આત્માથી અન્ય એવું કાંઈ પણ મારું નથી;...**' આત્માથી કીધો છે હોં! આત્મા એટલે પછી આનંદ અને જ્ઞાનમૂર્તિ તે આત્મા. રાગ ને વિકલ્પ ને શરીર ને વ્યવહારમાત્ર બધું આત્માથી અન્ય છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- દ્રવ્ય તો શુદ્ધ પર્યાયનો પિંડ છે.

ઉત્તર :- શક્તિ શુદ્ધ જ છે તેને જ આત્મા કહે છે. રાગ તો આસ્રવતત્ત્વ છે. રાગ તો આસ્રવતત્ત્વ છે. દયા, દાન, વ્રત એ તો આસ્રવતત્ત્વ છે, આત્મતત્ત્વ નથી. તો આસ્રવતત્ત્વની સાથે મારે કાંઈ સંબંધ નથી.

મુમુક્ષુ :- નિશ્ચયની વાત..

ઉત્તર :- પણ નિશ્ચય ત્યારે ઓલો વ્યવહાર ક્યો હતો? આહા..હા..! નિશ્ચય એ જ સત્ય છે, વ્યવહાર તો આરોપના કથન છે. લૌકિક કથન-લૌકિક કથન. આહા..હા..!

મુમુક્ષુ :- શુદ્ધ અશુદ્ધ પર્યાયનો પિંડ દ્રવ્ય છે.

ઉત્તર :- એ અશુદ્ધ-શુદ્ધ પર્યાયનો પિંડ એ તો દ્રવ્ય એકાંત માને છે અને અશુદ્ધ પર્યાય દ્રવ્યમાં થઈ નથી એમ નથી માનતો એને કહે છે. સમજાય છે? ઠીક કાઢ્યું. શેઠ પણ કાઢે છે બરાબર. શુદ્ધ-અશુદ્ધ પર્યાયનો પિંડ છેને આત્મા. મોક્ષમાર્ગમાં કહ્યો છેને. એ તો અશુદ્ધતા બિલકુલ નથી એમ માનનારને એ સમજાવ્યું છે એકાંત. બાકી વસ્તુ જે આત્મા છે એ એકલો શુદ્ધ પરથી તદ્દન ભિન્ન. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**આ ષટ્દ્રવ્યાત્મક લોકમાં આત્માથી અન્ય એવું...**' ભગવાન આત્મા જ્ઞાન અને આનંદના ભાવસ્વરૂપ જ્ઞાયક. સમજાય છે કાંઈ? આહા..હા..! '**કાંઈ પણ મારું નથી;...**' અન્ય એવું કાંઈ પણ, અન્ય એવું કિંચિત્ પણ મારું નથી.

મુમુક્ષુ :- બાવો લાગે છે.

ઉત્તર :- બાવો જ છે આત્મા અનાદિથી. પરથી ખાલી જ છે. પરથી ખાલી હોં! પોતાથી ભરેલો છે. પોતાના સ્વભાવથી ભરેલો છે, પરથી ખાલી છે. ખાલી ન હોય તો પરથી શૂન્યપણે રહી શકે નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ?

જુઓ, મુનિપણું લેતાં આવો તો નિર્ણય જાહેર કરે છે ગુરુ પાસે. આહા..હા..! પછી મુનિ થાય છે, સ્વરૂપમાં લીન થાય છે. આમ લે છે એમ કહેશે. લે છે ભાવિનૈગમથી. અત્યારે આ લે છે ભાવલિંગ. પછી થાશે જ્યારે ત્યારે ભાવલિંગ થાશે, ધ્યાનમાં બેસે ત્યારે. સાંભળે

ત્યારે ભાવલિંગ થતું નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? આ તો હજી તો એની પરથી ભિન્નતાની ચીજ મારી કેવી છે એનું વર્ણન છે આ તો. આવો ભગવાન આત્મા **'અન્ય એવું...'** મારાથી જુદું એવું **'કાંઈ પણ મારું નથી;...'** આહા..હા..!

**'આમ નિશ્ચિત મતિવાળો (વર્તતો થકો)...'** છે? આમ નિર્ણય મતિવાળો વર્તતો થકો. આહા..હા..! **'અને પરદ્રવ્યો સાથે સ્વ-સ્વામિસંબંધ જેમનો આધાર છે...'** જુઓ, ઈન્દ્રિય અને મન. ઈન્દ્રિયો છે આ પાંચ અને મન એને પરદ્રવ્ય સાથે સ્વસ્વામીસંબંધ છે, એ ઈન્દ્રિયો સ્વ અને હું એનો સ્વામી એવો મારી પાસે કાંઈ (સંબંધ) છે નહિ. આહા..હા..! આ ઈન્દ્રિયો, શરીરના અવયવો, જે ઈન્દ્રિયો એટલે શરીરના અવયવો અને મન પણ એક અવયવ પરમાણુ. એ પરદ્રવ્ય સાથે સ્વસ્વામિસંબંધ—પરદ્રવ્ય તેનું સ્વ અને પરદ્રવ્ય તેનો સ્વામી. એ મારી ઈન્દ્રિયો છે અને હું એનો સ્વામી છું એમ છે નહિ. આહા..હા..! જુઓને, દેહ છૂટતા તદ્દન અસાધ્ય. આહા..હા..! ભગવાન અંદર જુદો ઈન્દ્રિયના એકત્વબુદ્ધિમાં આમ થઈ ગયો. તદ્દન જુદો. ઈન્દ્રિયનું એવું થવું એ કાંઈ આત્માને આધીન નથી. કેમકે એનો સ્વામી તો જડ છે. સમજાય છે? આંખનું ફરકવું આમ થવું, કાનનું આમ થવું એ બધો એનો સ્વામી જડ છે. જડ તેનું સ્વ અને જડ તેનો સ્વામી. એને મેં જીતી છે એમ કહે છે ૩૧ ગાથામાં.

**'પરદ્રવ્યો સાથે સ્વ-સ્વામિસંબંધ જેમનો આધાર છે...'** સ્વસ્વામિસંબંધ જેનો આધાર જડ સાથે છે. **'એવી ઈન્દ્રિયો અને નોઈન્દ્રિયના...'** એટલે મન **'જય વડે જિતેંદ્રિય વર્તતો થકો...'** જુઓ, ૩૧મી ગાથા જે કહ્યું હતુંને. **'जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं'** જેણે ભગવાન આત્માને **'जो इंदिये जिणित्ता'** જડ ઈન્દ્રિયો માટી, ભાવેન્દ્રિય એક વિષયને જણાવનારું ખંડજ્ઞાન અને ઈન્દ્રિયના વિષયો. આહા..હા..! ભગવાનની વાણીથી માંડીને સંસારની વાણીઓ અને શરીરો એ બધા ઈન્દ્રિયમાં જાય છે એમ કહે છે. **'जो इंदिये जिणित्ता'** ઈન્દ્રિયને જીતી એની વ્યાખ્યા આ છે કે દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને ઈન્દ્રિયનો વિષય સામે. આહા..હા..! ગજબ વાત છે વીતરાગની વાત. ભગવાનની વાણી પણ ઈન્દ્રિય છે એમ કહે છે. ઈન્દ્રિયનો વિષય એ ઈન્દ્રિય એમ કહે છે. ત્યાં તો ઈન્દ્રિય જ લીધીને એને? આહા..હા..! સમજાય છે કાંઈ?

આ જડ પરમાણુના અવયવો એ તો જડ છે જ, ઈન્દ્રિય છે જ. ખંડ ઈન્દ્રિય (અર્થાત્) એક-એક લક્ષ વિષયને જાણનારું જ્ઞાન તે ખંડ ઈન્દ્રિય પણ ઈન્દ્રિય અને સામા જેટલા વિષયો છેને શબ્દ-રૂપ-રસ એને પણ ઈન્દ્રિય કીધી છે. ઈન્દ્રિયના વિષયોને ઈન્દ્રિય કહેવામાં આવે છે. આ અણીન્દ્રિય ભગવાન આત્માથી જુદી એ ચીજ. આહા..હા..! સમજાય છે કાંઈ? એક કોર રામ અને એક કોર ગામ. ભગવાન આત્મા અણીન્દ્રિય પ્રભુ આત્મા છે. એ સિવાય દ્રવ્ય, ભાવ અને વિષયો બધા ઈન્દ્રિય છે. એને જીતીને. જીતીને એટલે? તે તરફનું લક્ષ

અને રુચિ છોડી દઈને પોતાનો ભગવાન જ્ઞાનસ્વભાવે અધિક (એટલે) ખંડ ઇન્દ્રિય અને વિષયથી જ્ઞાનસ્વભાવે જુદો, એવા સ્વભાવમાં એકાગ્રતા થવી એણે ઇન્દ્રિયને જીતી અને જીતેન્દ્રિય થયો એમ કહેવામાં આવે છે. આહા..હા..! એવું તત્ત્વ ઝીણું લોકોને સાંભળવા મળે નહિ અને બહારનો એવો પ્રેમ લોકોને થઈ ગયો છેને. જે ચીજ બહારમાં તો કોઈ દિ' છે જ નહિ અને બહારની ચીજો એમાં નથી. અસ્તિ-નાસ્તિ કરી છેને. સપ્તભંગી. પોતાના સ્વભાવથી ભગવાન અસ્તિ અશૂન્ય છે. પોતાના સ્વભાવથી આ આત્મા અશૂન્ય છે, અસ્તિ છે એટલે કે ખાલી નથી અને રાગાદિ, શરીરાદિથી શૂન્ય છે. આમ જાણે બેઠો હોય. આ બધું તો હું છુંને, મારે લઈને છેને. બાપુ! તારે લઈને તારામાં હોય, તારે લઈને પરમાં ન હોય. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે, અરે! '**પરદ્રવ્યો સાથે સ્વ-સ્વામિસંબંધ જેમનો આધાર છે એવી ઇન્દ્રિયો...**' એમ. જેમનો આધાર છે એવી ઇન્દ્રિયો અને મન એના '**જય વડે...**' અર્થાત્ તે તરફની રુચિને છોડી દઈને ભગવાન અતીન્દ્રિય આનંદની પરિણમન દશા કરીને '**જિતેંદ્રિય વર્તતો થકો...**' લ્યો! સમજાય છે કાંઈ? '**જિતેંદ્રિય વર્તતો થકો...**' પોતે. આમાં કોઈ કર્મે માર્ગ આપ્યો અને કર્મ આમ થયું માટે આમ વર્તે છે જિતેંદ્રિય એમ કહ્યું નથી. પોતાના સ્વભાવથી જાગૃત થયેલો આત્મા પરથી જયતિ વર્તે છે, જય કરીને વર્તે છે. ઇન્દ્રિયને તાબે થતો નથી. સમજાય છે કાંઈ? આહા..હા..!

'**જય વડે જિતેંદ્રિય વર્તતો થકો તે (શ્રામણ્યાર્થી)...**' આવો સમકિતી તે સાધુપણાનો અર્થી છે. હવે એને સાધકપણું અંગીકાર કરવું છે. આવો હોય તો. આવો (છું એનું) જ્યાં ભાન જ નથી એને એના પછીની સ્થિરતા ગ્રહણ કરવી છે એ ક્યાંથી આવે? આ તો વસ્તુની સ્થિતિ એવી છે, પણ લોકોને એવું લાગે છે કે આ નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... કરીને એને સદાચરણની વાત કરતા નથી, આ કરતા નથી... આ કરતા નથી. અરે..! ભગવાન! સદાચરણ એ જ છે. સત્ આચરણ તો આત્મામાં થવું એ સદાચરણ છે. રાગ અને મંદતા એ સદાચરણ છે? આહા..હા..!

અરે ભાઈ! આવો મનુષ્યદેહ મળ્યો, ચાલ્યો જાય છે, ભાઈ! સમયે સમયે સ્થિતિ પૂરી થવા આવે છે. અને આંખ મીંચાશે નાથ! ક્યાં જઈશ તું? તારી ખબર ન પડી અને તારું જો ભાન ન કર્યું, તારી કિંમત જો ન આંકી તો પરની કિંમત નહિ જાય તારા જ્ઞાનમાંથી. અને પરની કિંમત નહિ જાય તો પરસંયોગ તને છૂટશે નહિ. સંયોગમાં જઈશ, અવતારે જઈશ ચોર્યાશીના એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

દીક્ષિત થાય છે ત્યાં એવું આવે છે આમાં શ્વેતાંબરમાં ઓલી સજ્ઝાય કરી હોયને ત્યારે. માની આજ્ઞા માંગે છે સમ્યગ્દૃષ્ટિ. એમાં તો બહુ એ આવેને. શ્વેતાંબરમાં એવું આવે. પણ આપણે રજા માગે છે ત્યારે કહે છે કે 'માડી મોરી રે હવે રે નહિ જાવું રે સંસારમાં. એ

માડી રે મોરી રે.' માડી સમજો છો? અમ્મા-માતા. 'માડી રે મોરી રે હવે રે નહિ જાવું રે સંસારમાં.' હે માતા! ક્ષણ પણ હવે સંસારમાં મને ક્યાંય રુચિ થતી નથી. માતા! મારું મન ક્યાંય ચોંટતું નથી. જ્યાં મને આનંદના ભાવનું ભાન થયું છે ત્યાં વારંવાર મારું મન જવા માગે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? 'ક્ષણ લાખેણી રે જાય.' એમ કહે છે. હે માતા! અમને વનવાસ જવામાં એક એક ક્ષણ લાખેણી જાય છે. લાખેણી સમજો છો? લાખેણી એટલે બહુ કિંમતી. 'ક્ષણ લાખેણી રે જાય.' માતા! મારી ક્ષણ લાખેણી-લાખોની કિંમતમાં ન મળે એવી મારી ક્ષણ જાય છે. હવે મારે મારું કરવું છે. હું વન વાટે જવાનો છું માતા! આહા..હા..! વૈરાગ્યથી ભરપૂર જ્યાં છલોછલ થઈ ગયો છે. ક્યાંય મારું ચિત્ત જામતું નથી. ક્યાંય મારું ચિત્ત.. 'મારું છે' એમ મને ક્યાંય લાગતું નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

ઉપાડીને કાઢે મડદાને. માતા! હું જીવતો ચાલ્યો જાઉં છું. મને ક્યાંય વિકલ્પમાં પણ રસ અને રુચિ થતી નથી. સમજાય છે? એવો વૈરાગ્ય સમ્યગ્દર્શનના ભાનપૂર્વક (હોય) એ સાધુ થાય છે. આહા..હા..! ધન્ય અવતાર! ધન્ય કાળ! ધન્ય સમય! ચારિત્રની દશા!! આહા..હા..! સમજાય છે કાંઈ? એવી દશા. ઓહો..! સંતોએ દશા પ્રગટ કરી અને કહે છે કે અમે આ ચારિત્રના કહેનારા અનુભૂત કરેલા ઉભા. તમારે કરવું હોય તો આ કરો, અમે કહીએ છીએ. આહા..હા..! પહેલા હજી સમ્યગ્દર્શન શું? સમ્યગ્જ્ઞાન શું? સમ્યક્ચારિત્ર શું? એનો એણે નિર્ણય તો કરવો પડેને. કે એમ ને એમ માની લે કે બહારની ક્રિયા એ સાધુપદ અને આત્મા અમે જાણ્યો. લ્યો! રાગાદિ ક્રિયા કરીએ છીએ એ અમારો ધર્મ. બાપુ! બહુ વાર છે, નાથ! એ પ્રભુ આત્મામાં રાગ નથી, આત્મામાં શરીર નથી. આત્માને કાંઈ પરની સાથે સંબંધ નથી. એવો અંતરમાં વૈરાગ્ય થતાં, અનુભવ થતાં શ્રામણ્ય અર્થી '**આત્મદ્રવ્યનું યથાનિષ્પન્ન શુદ્ધ રૂપ ધારણ કરવાથી...**' જુઓ, '**જેવું બનેલું છે તેવું;...**' કોનું? સ્વરૂપ આત્મનું. શુદ્ધ આનંદઘન વીતરાગભાવથી બનેલી ચીજ છે ઈ. બનેલી કહો કે થયેલી એમ ને એમ છે. ભાષા એમ આવે છેને? પંચાસ્તિકાયમાં આવે છે. છ દ્રવ્યથી લોક બન્યો છે. બન્યો એટલે છે એમ. એમ ને એમ છે.

'**(શ્રામણ્યાર્થી)...**' આહા..હા..! આવા આત્માના ભાન અને વૈરાગ્યના લહેરમાં ઉઠતો. વૈરાગ્યને વહેણે ચઢતો. વહેણ સમજો છો કે નહિ? પાણીનું વહેણ આવે છેને? પાણી-પાણી. પ્રવાહ ચાલે તેને વહેણ કહે છે. આ બાજુ પ્રવાહ હોય, કોઈ નદીને ઓલે કાંઠે પ્રવાહ હોય. પાણીનું વહેણ કહેવાય. અમારી કાઠીયાવાડી ભાષા તો બધી એવી જ છે. સમજાણું કાંઈ? એમ વૈરાગ્યના વહેણ ચડ્યા છે અંદરથી. ફાટ-ફાટ પ્યાલો જાણે કે. આહા..હા..!

મુમુક્ષુ :- પ્રવાહ.

ઉત્તર :- પ્રવાહ. એ વહેણ. એ વહેણ આવેને. નદીપૂર હોયને. અમારે નદી મોટી છે.

કોઈ વાર પાણી આવે તો આ બાજુ આવે, કોઈ વખતે એ બાજુ આવે. વહેણ જેની કોર જોર હોય એમ આવે. એને વહેણ કહે છે. આહા..હા..! કહે છે, એ સાધુ થવાનો કામી. અરે! સાધુપણું થયા વિના મુક્તિ ત્રણ કાળમાં નથી. આહા..હા..! એમ સિદ્ધ કરે છે અહીંયાં. સમ્યગ્દર્શન હોય, ક્ષાયિક સમકિત હોય, ત્રણ જ્ઞાનના ધણી હોય ગૃહસ્થાશ્રમમાં, ત્રણ જ્ઞાન પણ હોય, જાતિસ્મરણ પણ હોય... આહા..હા..! પણ ચારિત્ર વિના મુક્તિ નથી.

મુમુક્ષુ :- કેવા ચારિત્રની વાત છે?

ઉત્તર :- આવા ચારિત્રની વાત છે. સમજાય છે કાંઈ? સ્વરૂપની રમણતા. એ આનંદઘનમાં રમવું તે ચારિત્ર, એના વિના મુક્તિ ક્યાંથી હોય?

કહે છે કે ભગવાન આત્મા '**આત્મદ્રવ્યનું યથાનિષ્પન્ન...**' '**યથાનિષ્પન્ન = જેવું બનેલું છે તેવું;...**' શુદ્ધ રૂપ. એ તો બનેલું જ છે. '**શુદ્ધ રૂપ ધારણ કરવાથી યથાજાતરૂપધર થાય છે.**' અહીં તો નિશ્ચયની જ વાત લીધી છે હોં! જયસેનાચાર્યે બેય વાત લીધી છે ટીકામાં. '**रूवधरो**' છેને? ત્યાં '**यथाजातरूपधरः**' એ નિશ્ચય અને '**व्यवहारेण नग्नत्वं यथाजातरूपं, निश्चयेन तु स्वात्मरूपं,**' એમ. '**निश्चयेन तु स्वात्मरूपं, तदित्थंभूतं यथाजातरूपं धरतीति यथाजातरूपधरः निर्ग्रन्थो जात इत्यर्थः।।**' આહા..હા..! રાગ અને વિકલ્પથી નીકળી અને ભગવાન વીતરાગપણાને પ્રાપ્ત કરે છે આત્મા. એને નિર્ગ્રંથદશા અને ચારિત્રદશા કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? અહીં તો નિર્ગ્રંથદશા (એટલે એમ માને કે) આ બાયડી-છોકરા છોડ્યા, કપડા છોડ્યા તો થઈ ગયા નિર્ગ્રંથ. ભાઈ! એ નહિ ભાઈ! રાગનો વિકલ્પ છે એ પણ પરિગ્રહ અને ગાંઠ છે. પરિગ્રહ છે. ચૌદ પ્રકારના પરિગ્રહમાં મિથ્યાત્વને પરિગ્રહ નથી કહ્યો? એ મહાપરિગ્રહ છે. મિથ્યાત્વ, રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ બધા પરિગ્રહ છે. એનો અંશ પણ આત્મામાં છે એમ માને છે તો દૃષ્ટિ મિથ્યાત્વ છે. એ પરિગ્રહથી રહિતપણું છે જીવનું સ્વરૂપ, એવું જીવનું સ્વરૂપ ધારણ કરે છે એનું નામ નિર્ગ્રંથ. વીતરાગી સંતો આવી દશા ધારણ કરે છે ત્યારે બાહ્ય નગ્નદશા થઈ જાય છે. એથી અહીંયાં અમૃતચંદ્રાચાર્યે એ વાત નથી લીધી. થઈ જાય છે. કારણ કે એવું થઈ જાય છે જડમાં. ખરેખર તો એની સાથે સંબંધ નથી એમ સિદ્ધ કરવું છેને એટલે એ કાઢી નાખ્યું ભાઈ! એટલે એ કાઢી નાખી. એ વાત પોતે લીધી નહિ. આમાં જયસેનાચાર્ય તો બે વાતને સાથે જણાવે છે. અહીં તો થાય છતાં અહીં એની સાથે સંબંધ છે જ નહિ.

મુમુક્ષુ :- વ્યવહારને તારી સાથે કાંઈ સંબંધ નથી.

ઉત્તર :- કાંઈ સંબંધ નથી એમ સિદ્ધ કરવું છે. કારણ કે પહેલેથી કહ્યું છેને એ? એટલે વ્યવહાર નગ્નપણું થાશે એ વાતેય અહીંયા લીધી નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**આત્મદ્રવ્યનું યથાનિષ્પન્ન શુદ્ધ રૂપ...**' લ્યો! આત્મદ્રવ્યનું હોં! શરીરનું નહિ. ભગવાન આત્મા પુણ્ય-પાપના ભાવ વિનાનો છે, એવો વિનાનો થઈ ગયો અંતરમાં. '**યથાનિષ્પન્ન**

**શુદ્ધ રૂપ ધારણ કરવાથી યથાજાતરૂપધર થાય છે.**' યથાજાતરૂપ. બહારમાં તો જેવો માતાએ જન્મ્યો એવો થાય છે એ વાત નથી લીધી અહીં. યથાજાત-જેવો માતાએ જન્મ્યો એવી દશા થઈ જાય છે. પણ એ પરદ્રવ્ય છે અને નિશ્ચય આવો હોય ત્યાં આવો થાય એવો સંબંધ પણ ત્યાં ગોઠ્યો નહિ. એ વાત લીધી નથી. એ વાત છે. હો, ભલે હો.

મુમુક્ષુ :- એવું નિર્મળ.

ઉત્તર :- એવું નિર્મળ. આહા..હા..! એવી દશા, ભાઈ! જેને ક્ષણે અને અંતર્મુહૂર્તમાં હજારો વાર છઠ્ઠું અને સાતમું ગુણસ્થાન આવે. જુઓ! આમ છઠ્ઠા-સાતમાની વાત ચાલે છે. કોઈ કહે કે આવું તો સ્વરૂપ આઠમે હોય. અરે ભગવાન! આ શેની વાત ચાલે છે આ? પોતે કહે છે કે હું થયેલો છું આવો. તમે થાવ. સમજાય છે કાંઈ? એ કાંઈ બહારથી હઠથી થાય એવું નથી.

જામનગરમાં એક માણસ હતો તો એ દરરોજ ચુરમું જ ખાય. ભાઈ! ચુરમું. ... ચુરમું સમજો છો? લાડવા. ખોરાક જ ઈ એનો. દાળ, રોટલી-બોટલી, રોટલો પણ નહિ. એમાં એકનો એક છોકરો મરી ગયો. એકનો એક દીકરો. પોતાનો એકનો એક દીકરો મરી ગયો. બાળવા ગયા. બાળીને આવ્યા. માણસો સગાવ્હાલા ભેગા થયા. ભાઈ! તમને રોટલી નહિ પચે હોં! ભાઈની પાછળ પાછળ તમને દુઃખ થશે, રોટલી નહિ પચે. અરેરે! પણ હું ચુરમુ શી રીતે ખાઉં અત્યારે? આ દીકરો ચાલ્યો ગયો. જેને બાળીને આવ્યા. ભાઈ! પણ ચુરમા વિના નહિ પચે, તમારો ખોરાક નથી. ચુરમું બનાવ્યું. એય..! પણ એ ચુરમું કહો કે રોટલો કહો કે રોટલી કહો, એને કાંઈ ફેર નથી. આમ થાળીમાં ચુરમું આવ્યું. એકનો એક દીકરો (ગયો). દીકરા! તારા વિના મારે ચાલશે. એમ કરીને ખાય છે. આમ ઉપાડે છે, આંખમાંથી આંસુ ચાલ્યા જાય છે. જોડે માણસો સગાવ્હાલા બેઠા છે. ભાઈ! પણ બીજું નહિ ખાઈ શકો, આ ખાવ. ખાય છે પણ એ કઈ રીતે? છે પ્રેમ? છે રસ? ઉદાસ... ઉદાસ... અરે.. મારે આ! સમજાય છે કાંઈ?

એમ ધર્મી ખાવા-પીવામાં દેખાય, પણ ક્યાંય એને ચેન પડતું નથી. આહા..હા..! પોતાના સ્વભાવમાં આનંદમાં છે. ચેન પડ્યું છે ત્યાં ચેન પડે છે. એ અહીં કહે છે યથાજાતરૂપધર. ભગવાન આત્મા જેવો હતો એવું વીતરાગપણું આવી ગયું એમ કહે છે. અહીં તો વીતરાગતા ધારણ કરવાથી આવો થયો એમ કહે છે લ્યો! હજી તો માગશે બે (પ્રકારે સંયમ). પણ એ પહેલા ભાવીનૈગમમાં જે થવાનું છે ભવિષ્યમાં એ અત્યારે થયું છે એમ કહેવા માગે છે. સમજાય છે કાંઈ? એ ભાઈ છે ઓલામાં સંસ્કૃતમાં જયસેનાચાર્યમાં. હોયને પણ. અહીં તો હજી તો માગે છે ત્યાં તો વિકલ્પ છે. હજી ચોથું-પાંચમું ગુણસ્થાન છે. એ વખતે કાંઈ છઠ્ઠું નથી. માગણી કરે છે કે ત્યારે ભાન છે કે હું રાગ વિનાનો છું. મારે કોઈ ક્રિયા-બ્રિયા કરું એ છે જ નહિ. જ્ઞાન અને દર્શનની અપેક્ષાએ પરવસ્તુનો મારે ત્યાગ પહેલેથી થઈ ગયો

છે. મારે કોઈ ગહણ-ત્યાગ છે નહિ, પણ રાગની મંદતાના ઉદયના કાળમાં શુભભાવ આવે છે તેથી એ વિકલ્પથી કહે છે કે પ્રભુ! મને દીક્ષીત કરો. એ વખતે કાંઈ છઠ્ઠું ગુણસ્થાન નથી. એ તો પંચમ કે ચોથું હોય છે. પણ ધારણ કરું છું એમ જે કહે છે એ ભવિષ્યમાં થવાનું છે એ અત્યારે ધારણ કરું છું એમ ભાવિનૈગમની વાત કરી છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**હવે, અનાદિ સંસારથી અનભ્યસ્ત હોવાથી...**' શું કહે છે જુઓ. ઓહો..! ભગવાન આત્મા વીતરાગ સ્વભાવનો અનાદિથી અનભ્યાસ, અનભ્યાસ (છે). વીતરાગભાવનો અનભ્યાસ છે, એ તો રાગનો અભ્યાસી છે. દ્રવ્યલિંગી મુનિ થયો એને રાગનો અભ્યાસ હતો. મોહી પ્રાણી હતો, મિથ્યાદષ્ટિ. ... આહા..હા..! બહારમાં જુઓ તો હજારો રાણીનો ત્યાગ. પરથી ઉદાસ. 'ઉરસે હી ઉદાસી લહી સબસે, ઉરસે હી ઉદાસી લહી સબસે' એવું અનંતવાર થયું છે. એ રાગનો ઓલો છે—રાગનો અભ્યાસ છે. ભગવાન આત્મા રાગથી ભિન્ન ભગવાન એનો અનભ્યસ્ત છે, એનો એને અભ્યાસ નથી તેથી તેને દુર્લભ કહ્યું છે. '**અનભ્યસ્ત હોવાથી જે અત્યંત અપ્રસિદ્ધ છે...**' એમ. એને હજી અપ્રસિદ્ધ છે. મુનિપણું અનાદિના અભ્યાસમાં નથી. જુઓ, નવમી ગ્રૈવેયક ગયો ત્યારે મિથ્યાદષ્ટિ દિગંબર મુનિ થઈને ગયો, છતાં કહે છે કે એને મુનિપણું શું છે એ અપ્રસિદ્ધ છે. એને અભ્યાસ હતો નહિ. ક્રિયાકાંડનો અભ્યાસ હતો રાગનો, પુણ્યનો. ભગવાન આત્મા રાગ વિનાની ચીજ પરમાત્માસ્વરૂપ છે એની એને દૃષ્ટિ અને અનુભવ થયો નહોતો. આહા..હા..! સમજાણું કાંઈ?

અરે! '**અનભ્યસ્ત હોવાથી જે અત્યંત અપ્રસિદ્ધ...**' પાછી ભાષા લીધી. વીતરાગ ભાવની પ્રસિદ્ધિ જ અત્યંત અપ્રસિદ્ધ છે. આહા..હા..! એવા.. લેશે બેય ભેગું હોં! કેમ? કે બાહ્ય તો અનંત વાર આવ્યું હતુંને? એ નહિ. નિશ્ચયનો અનભ્યાસ છે તો વ્યવહારનો પણ અનભ્યાસ જ છે એને. કારણ કે નિશ્ચય સાથે વ્યવહાર હોય તેને વ્યવહાર કહે છે. એટલે કે અનંતવાર દ્રવ્યલિંગ આવ્યું, અઠ્યાવીશ મૂળગુણ આવ્યા એને પણ અભ્યાસમાં ન રાખ્યું, અનભ્યાસ હતો. એટલે કે નિશ્ચયની વીતરાગતાનો અનભ્યાસ છે તો એની સાથે રાગના વ્યવહારનો પણ એ જાતનો અનભ્યાસ છે, એમ. સમજાય છે કાંઈ? ભારે ઝીણું ભાઈ! ગુજરાતીમાં આવે પણ ભાવ તો જે હોય તે આવેને. એય..! નટુભાઈ! આહા..હા..! આત્મા,.. એમ ભગવાન ફરમાવે છે કે એને દ્રવ્યલિંગ અને ભાવલિંગનો અનભ્યાસ છે. એમ કહે છે. દ્રવ્યલિંગ તો અનંતવાર આવ્યું છેને? ના. દ્રવ્યલિંગ ત્યારે કહીએ કે જેને ભાવલિંગ વીતરાગતા પ્રગટી હોય તો. માટે તેને નિશ્ચય અને વ્યવહાર બેયનો અનભ્યાસ છે એમ કહે છે. આહા..હા..!

કહે છે '**અનાદિ સંસારથી...**' અનાદિ સંસારમાં તો બધું આવી ગયું કે નહિ નવમી ગ્રૈવેયક ગયો એ? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' એનો અર્થ બીજો કરે છે. અરે પ્રભુ! શું કરે છે તું? એ તો અભવિને માટે છે. અને અનાદિ મિથ્યાદષ્ટિ હોય તે અગિયાર

અંગનું જ્ઞાન કરે નહિ. સાદિ મિથ્યાદૃષ્ટિ હોય ઈ કરે. પ્રભુ! શું કરે છે તું? અનાદિ મિથ્યાદૃષ્ટિ અનંતવાર નવમી ગ્રૈવેયક ગયો. અગિયાર અંગ અને નવ પૂર્વ ભણ્યો અને વ્યવહાર ક્રિયા અનંત વાર કરી. એને વ્યવહાર કીધો જ નથી એમ કહે છે. તેથી બેયનો અનભ્યાસ છે એમ કીધું છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા વીતરાગભાવનો અભ્યાસ નથી એથી એની સાથે રાગવાળો અભ્યાસ જે વ્યવહારનો કહીએ, તે નિશ્ચયપૂર્વક નથી માટે તે બેયનો અભ્યાસ નથી.

મુમુક્ષુ :- ઉપાદેયભૂત હતો.

ઉત્તર :- પણ એ તો બીજી લાઈન થઈ ગઈ. એ તો પરવસ્તુ છે. મારામાં છે જ નહિ એનો અભ્યાસ હતો. આ તો મારામાં છે, એવો વીતરાગભાવ મારામાં છે એનો અભ્યાસ નથી એને. તેથી તે પ્રકારના રાગનો વિકલ્પ જે છે એ ભૂમિકાના પ્રમાણમાં કે દ્રવ્યલિંગ નગ્નપણું બેયને અનભ્યાસમાં નાખ્યું છે. કારણ કે તેને નિમિત્ત અને વ્યવહાર તરીકે પણ, નિશ્ચયની અપ્રસિદ્ધિમાં વ્યવહારની પ્રસિદ્ધિ પણ નહોતી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અલૌકિક વાત છે, ભાઈ! કુંદકુંદાચાર્યની ચરણાનુયોગની શૈલી પણ આહા..હા..! પંડિતજી! એવી વાત છે જુઓ! આહા..હા..! અરે.. ભાઈ! એ મારગડા કોઈ જુદા છે ભાઈ! સમજાય છે કાંઈ?

કહે છે કે '**અનાદિ સંસારથી અનભ્યસ્ત...**' એમ કહ્યું. કોઈ દિ' અભ્યાસ વ્યવહારનો પણ નહિ એમ કીધું. '**અત્યંત અપ્રસિદ્ધ છે એવા આ યથાજાતરૂપપણાનાં બહિરંગ અને અંતરંગ બે લિંગોનો—**' લ્યો ઠીક! બહિરંગ અઠ્યાવીશ મૂળગુણ આદિ, નગ્નપણું તો જડનું અંતરંગ વીતરાગદશા. અંતરંગમાં વીતરાગનો ઉભરો-ઉફાન. એટલી વીતરાગતા-વીતરાગતા, વીતરાગતાને ઝૂલે ઝૂલતો. સમજાય છે કાંઈ? આહા..હા..! એવું જે '**બહિરંગ અને અંતરંગ બે લિંગોનો—**' એનો અનભ્યાસ અનાદિથી. '**કે જેઓ અભિનવ અભ્યાસમાં કુશળતા વડે...**' જુઓ, નવો કીધોને, અભ્યાસ નથી એટલે. તદ્દન નવો. '**(યથાજાતરૂપપણાના તદ્દન નવા અભ્યાસમાં પ્રવીણતા વડે શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિરૂપ સિદ્ધિ પ્રાપ્ત થાય છે.)**' એમ લીધું. એકલો નિશ્ચય લીધો.

'**કે જેઓ અભિનવ અભ્યાસમાં કુશળતા વડે...**' નવો અભ્યાસ વીતરાગપણાનો. વિજ્ઞાનઘન આત્મા એવો અનુભવ હોવા છતાં વીતરાગપણાનો અનભ્યાસ છે તેથી નવા અભ્યાસમાં કુશળતા વડે, ડહાપણ વડે, ચતુર વડે અંતર વીતરાગ સ્વભાવમાં પ્રવેશ કરે છે. '**ઉપલબ્ધ થતી સિદ્ધિનાં સૂચક છે...**' સમજાય છે? આ લિંગો. અંતરંગ અને બાહ્યને બતાવનારા છે. '**અભિનવ અભ્યાસમાં કુશળતા વડે ઉપલબ્ધ થતી સિદ્ધિનાં સૂચક છે—તેનો ઉપદેશ કરે છે :—**' જુઓ.

जधजादरूवजादं उप्पाडिदकेसमंसुगं सुद्धं।
रहिदं हिंसादीदो अप्पडिकम्मं हवदि लिंगं।।२०५।।
मुच्छारंभविजुत्तं जुत्तं उवओगजोगसुद्धीहिं।
लिंगं ण परोवेक्खं अपुणब्भवकारणं जेण्हं।।२०६।। (जुगलं)

**જન્મ્યા પ્રમાણે રૂપ, લુંચન કેશનું, શુદ્ધત્વને.**
**હિંસાદિથી શૂન્યત્વ, દેહ-અસંસ્કરણ—એ લિંગ છે. ૨૦૫.**

બહારનું લીધું હવે. બહિરંગ. આહા..હા..! શુદ્ધત્વ એટલે કિંચનરહિત, વસ્તુરહિત.

**આરંભ મૂર્છા શૂન્યતા, ઉપયોગયોગ વિશુદ્ધતા.**

જુઓ આ મુનિપણાની વ્યાખ્યા છે જુઓ! '**ઉપયોગયોગ વિશુદ્ધતા...**' આહા.હા..! વિશુદ્ધ ઉપયોગ અને યોગ—સમાધિ શુદ્ધ. યોગ એટલે અંદર સમાધિ શુદ્ધ. આહા..હા..! સમજાય છે કાંઈ? ઓલા કહે કે ઉપયોગ વિશુદ્ધ ન હોય. અહીં તો ઉપયોગ અને યોગ વિશુદ્ધ છે બેય. મુનિને ઉપયોગ વિશુદ્ધ અને યોગ શાંતિ, સમાધિ શુદ્ધ છે.

**આરંભ મૂર્છા શૂન્યતા, ઉપયોગયોગ વિશુદ્ધતા.**
**નિરપેક્ષતા પરથી,—જિનોદિત મોક્ષકારણ લિંગ આ. ૨૦૬.**

જુઓ, અપૂર્વ ભાવ કીધુંને. '**જિનોદિત...**' ભગવાન સર્વજ્ઞ પરમાત્મા વીતરાગના મુખે નીકળેલો આ માર્ગ અભ્યંતર અને બાહ્યલિંગનો, એ લિંગ આ પ્રકારના હોય છે. ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથે કહેલો. સમજાણું? એની ટીકા છે. '**પ્રથમ તો પોતાથી યથોક્ત ક્રમ વડે...**' યથોક્ત-યથા ક્રમ વડે કીધુંને? આજ્ઞા લીધી,.. રજા લીધી, પંચાચારને અંગિકાર કરું છું એમ કહ્યું. પંચાચાર નહિ? જ્ઞાનાચાર આદિ. એ ક્રમ. ભલે અંગીકાર કરું છું એ કાંઈ અત્યારે નથી, પણ આવશે. પણ અંગીકાર કરું છું એ એક વિધિ. '**પ્રથમ તો પોતાથી યથોક્ત...**' યથા ઉક્ત ક્રમ વડે '**અયથાજાતરૂપધરપણું...**' સહજ રૂપ ભગવાન આત્મા એના થયેલા આત્માને. આહા..! '**અયથાજાતરૂપધરપણું તેના કારણભૂત...**' શ્લોકમાં પહેલો વ્યવહાર નાખ્યો છે, આ તો નિશ્ચય લીધો છે. એ તો શૈલીની રચના છેને.

કહે છે કે ભગવાન આત્મા યથાજાત આનંદસ્વરૂપ, વીતરાગસ્વરૂપે થયો. જેવું સ્વરૂપ હતું એવો થયો. જેથી એવા આત્માને '**અયથાજાતરૂપધરપણું તેના કારણભૂત મોહરાગદ્વેષાદિભાવોનો અભાવ હોવાને લીધે...** ' જુઓ! એ મુનિને આવું થતાં અયથાજાતરૂપધરપણાનું કારણ મોહરાગદ્વેષાદિનો અભાવ. લ્યો આ કોઈ કહે કે મોહરાગદ્વેષનો અભાવ તો બારમે હોય. હવે સાંભળને! અહીં તો એ મુનિને અભાવ જ છે. આહા..હા..! આ કોને માટે છે? આ તો મુનિપણાનું છે. '**પ્રથમ તો પોતાથી યથોક્ત ક્રમ વડે યથાજાતરૂપધર થયેલા આત્માને અયથાજાત...**' એનાથી વિરુદ્ધ. જુઓ, '**અસહજરૂપ**

ધરનાર...' શું કારણભૂત? '**મોહરાગદ્વેષાદિભાવોનો અભાવ હોવાને લીધે...**' મુનિને તો મોહ અને રાગ-દ્વેષ ત્રણેનો અભાવ હોય છે. મિથ્યાત્વનો અને રાગ-દ્વેષનો. સંસારમાં સમકિતીને મિથ્યાત્વનો અભાવ હોય છે, પણ રાગ-દ્વેષનો અભાવ હોતો નથી. રાગ-દ્વેષ સાથે ભલે સંબંધ નથી, એનું પરિણમન નહિ, પણ હજી અભાવ થયો નથી. મુનિ થાય એટલે મોહ એટલે રાગ-દ્વેષ ત્રણેનો અભાવ થાય છે અને તેથી તેના (-એ ભૂમિકાને યોગ્ય વ્યવહારના) સદ્ભાવમાં હોય છે. કોના? મોહ અને રાગ-દ્વેષના સદ્ભાવમાં હોય એ વસ્તુ એને હોતી નથી. એ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૪, ગુરુવાર, તા. ૧૯.૦૬.૧૯૬૯**
**ગાથા-૨૦૪ થી ૨૦૬, પ્રવચન-૧૮૭**

૨૦૪ ગાથા. શું ચાલે છે? જે સાધુ થવા માગે છે એ પહેલા શું કરે છે ઈ વાત ચાલે છે. પહેલા એને સમ્યગ્દર્શન તો હોય જ છે. સાધુ થનારને સમ્યગ્દર્શન હોય છે. પહેલી જ્ઞાનજ્યોતિ પ્રગટે છે. એ આપણે આવી ગયું છે. જ્ઞાનાનંદ હું છું, શુદ્ધ ચૈતન્ય આનંદ છું, મારામાં સંસાર કે વિકલ્પ કાંઈ છે જ નહિ. સંસાર જે રાગભાવ, મિથ્યાત્વભાવ છે તે સંસાર છે. તે સંસાર મારા સ્વભાવમાં છે જ નહિ. સમજાણું કાંઈ? એવો અંતર અનુભવ થયા પછી સાધુ થવા માગે છે તે કુટુંબની રજા લઈને વિદાય લે છે. સમજાણું કાંઈ? અને પંચાચાર અંગીકાર કરે છે એમ ભાવિનૈગમનયથી કહેવામાં આવ્યું છે. અહીં નજીક આવો. ક્યા ગામના છે? ઠીક! આ વનમાળીભાઈ. એ તો જૂના માણસ છે. નહિ સાંભળી શકે, પાછું હિન્દી છે.

શું કહે છે સમજાણું કાંઈ? જે કોઈ સાધુ થવા માંગે છે એને પહેલા પોતાની આનંદ અને જ્ઞાનજ્યોતિનો અનુભવ થવો જોઈએ. તેને અનુભવ થયો હોય. આત્માના જ્ઞાનસ્વરૂપ અને આનંદસ્વરૂપના અનુભવ વિના સમ્યગ્દર્શન થતું નથી. તો સમ્યગ્દર્શન તો પહેલેથી થયું છે પછી સાધુપદ લેવાની ભાવના છે એ કુટુંબની વિદાય લે છે અને પંચાચાર લે છે. હજી લીધા નથી, પણ લે છે એવું પહેલેથી ભાવિનૈગમથી કથન કર્યું છે.

હવે એ 'વળી ત્યાર પછી તે કેવો થાય છે તે ઉપદેશે છે :—'

**णाहं होमि परेसिं ण मे परे णत्थि मज्झमिह किंचि।**
**इदि णिच्छिदो जिदिंदो जादो जधजादरूवधरो।।२०४।।**

ટીકા. ટીકા છેને? '**વળી ત્યાર પછી શ્રામણ્યાર્થી...**' આત્મા પોતાનું શાંતપદ, સાધુપદ, વીતરાગભાવપદ અંગીકાર કરવા માંગે છે તે '**યથાજાતરૂપધર થાય છે.**' આત્મા વીતરાગસ્વભાવ છે એવો થાય છે. ઝીણી વાત છે, વનમાળીભાઈ! નથી સંભળાતું કાને. કાને બહેરાશ છે. સંભળાય છે? શું કહે છે? સમજાણું કાંઈ? શ્રામણ્યાર્થી જે સાધુ થવા ચાહે છે તે યથાજાતરૂપધર થાય છે. જેમ જન્મથી આત્મા નગ્ન હોય છે, તેમ આત્મા અંદરમાં ભગવાન પરમાત્મા તીર્થંકરે કહ્યો એવો રાગ વિના, વિકલ્પ વિના, પુણ્ય-પાપ વિના, મન વિના જેવું એનું સ્વરૂપ છે તેવું વીતરાગપદરૂપે યથાજાતરૂપ ધારણ કરે છે. આહા..હા..! '**યથાજાતરૂપધર થાય છે.**' કહો, સમજાણું કાંઈ? મુનિ થાય છે એ સમ્યગ્દૃષ્ટિ તો હોય જ છે પહેલા, પણ એ વખતે યથાજાતરૂપધર થાય છે એમ કહ્યું. જુઓ, આહા..હા..! વીતરાગભાવ, શાંતભાવ, ઉપશમરસભાવ, ત્રણ કષાયનો અભાવ એવા યથાજાતરૂપધર મુનિ હોય છે એ એવા જ હોય છે. જૈનના સાધુ વીતરાગ પરમાત્માના સાધુ આવા હોય છે.

'**તે આ પ્રમાણે :-**' હવે એનો ખુલાસો કરે છે. '**પ્રથમ તો હું જરાય પરનો નથી,...**' હું એક રાગનો કે શરીરનો કે મનનો જરાય નથી. સમજાણું કાંઈ? હું તો આત્મા છું, વીતરાગના સ્વભાવથી ભરેલો છું. મારો પરની સાથે (કાંઈ સંબંધ નથી). પરનો હું બિલકુલ નથી. રાગાદિ વ્યવહારરત્નત્રયનો, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિનો જે રાગ છે તેનો પણ હું કિંચિત્‌માત્ર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**હું જરાય પરનો નથી,...**' રાગનો હું નથી હોં! આહા..હા..! જે દયા, દાન આદિનો વિકલ્પ રાગ ઉઠે છે એનો હું જરાય નથી. હું તો વીતરાગસ્વરૂપ છું. આહા..હા..! સમજાણું કાંઈ? '**પર પણ જરાય મારાં નથી,...**' રાગ હું નથી અને રાગ મારામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! જૈન વીતરાગી સાધુ અલૌકિક દશા છે. જૈન પરમેશ્વરે જેવું કહ્યું એવું સાધુપદ અંતર સમ્યગ્દર્શન-જ્ઞાનમાં તો રાગથી રહિતપણું થયું જ છે દૃષ્ટિ અને જ્ઞાનની અપેક્ષાએ, પણ અહીંયાં તો ચારિત્રની વીતરાગતાની અપેક્ષાએ વીતરાગ... વીતરાગ... વીતરાગભાવ થયો છે. અરે! મારું કાંઈ છે નહિ અને એ ચીજ મારી નથી. '**પર પણ જરાય મારાં નથી,...**'

'**કારણ કે સર્વ દ્રવ્યો...**' ભગવાને જેટલા દ્રવ્ય જોયા અનંતા આત્માઓ, અનંત પરમાણુઓ '**તત્ત્વતઃ...**' છેને? ખરેખર તત્ત્વદૃષ્ટિથી '**પર સાથે સમસ્ત સંબંધ રહિત છે;...**' ઓહો..! આ આત્મા, વ્યવહાર વિકલ્પ જે ઉઠે છે એના સંબંધથી પણ આત્મા રહિત જ છે. સમજાણું કાંઈ? '**તત્ત્વતઃ પર સાથે સમસ્ત સંબંધ...**' મારા અને રાગને, મારે અને કર્મને, મારે અને ગુરુને, મારે અને શાસ્ત્રને, મારે અને દેવને (સંબંધ નથી), હું સર્વથા સંબંધરહિત છું. '**તેથી આ ષટ્‌દ્રવ્યાત્મક લોકમાં આત્માથી અન્ય એવું કાંઈ પણ મારું નથી;...**' લ્યો! આ ષટ્‌દ્રવ્ય ભગવાને જોયા છ દ્રવ્ય તેમાં, મારો આત્મા વીતરાગભાવથી ભરેલો છે એ સિવાય કોઈ ચીજ મારી છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? '**ષટ્‌દ્રવ્યાત્મક**

**લોકમાં આત્માથી અન્ય એવું કાંઈ પણ મારું નથી;...'** મારું કાંઈ નથી. હું પરથી શૂન્ય છું. પોતાનો આનંદ અને જ્ઞાન વીતરાગ સ્વભાવથી પૂરો ભરેલો છું. જુઓ આ મુનિપણું. સમજાણું કાંઈ? તો કહે છે કે **'આમ નિશ્ચિત મતિવાળો (વર્તતો થકો)...'** આ પ્રકારે નિર્ણય મતિવાળો થયો થકો

**'અને પરદ્રવ્યોની સાથે સ્વ-સ્વામિસંબંધ જેમનો આધાર છે...'** શું કહે છે? આ ઇન્દ્રિયો છે જડ, ભાવેન્દ્રિય છે અને એનો વિષય છે તે બધા **'જેમનો આધાર છે એવી ઇન્દ્રિયો અને નોઇન્દ્રિયોના જય વડે...'** એ તો પરદ્રવ્યોની સાથે (એને) આધાર-આધેય સંબંધ છે. મારા આધારે ઇન્દ્રિય નથી અને હું પરને આધારે નથી. આ ઇન્દ્રિયો છે એ મારા આધારે નથી એમ કહે છે. પાંચ ઇન્દ્રિયો છે આ જડ એ મારા આધારે નથી, મન છે એ મારા આધારે નથી. સમજાણું કાંઈ? એ તો પરદ્રવ્યોની સાથે સ્વસ્વામીસંબંધ (છે). પરદ્રવ્ય જડની સાથે સ્વસ્વામી, જડ એનું સ્વ અને સ્વામી જડ છે. ઇન્દ્રિય મારી છે અને હું સ્વામી છું એમ છે નહિ. એ તો માટી-ધૂળ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? ઇન્દ્રિયથી હું કામ લઉં એવી હું ચીજ જ નથી પછી શું? એમ કહે છે અહીંયાં ભાઈ! આહા..હા..! ઇન્દ્રિય અને મનથી હું કામ લઉં? એને તો આધાર જડનો છેને. મારા આધારે છે જ નહિ. અને એ મારી ચીજ છે અને હું એનો સ્વામી છું એમ છે જ નહિ. આહા..હા..! ભગવાન આત્મા પોતાનો જ્ઞાનાનંદસ્વભાવ એ પોતાનું સ્વ, એનો સ્વામી. એ જ્ઞાનાનંદ આદિ સ્વભાવનો આધાર હું છું, પણ ઇન્દ્રિય અને મનનો આધાર હું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ! વીતરાગનો માર્ગ બહુ સૂક્ષ્મ છે.

મુમુક્ષુ :- જીવ હોય તો ઇન્દ્રિયો અને મન..

ઉત્તર :- જીવ હોય તો હોય એમ નહિ. ઈ હોય તો હોય. જીવ હોય તો હોય એમ નહિ.

મુમુક્ષુ :- પુદ્‌ગલદ્રવ્ય હોય તો ઈ હોય.

ઉત્તર :- એ પુદ્‌ગલદ્રવ્ય હોય તો હોય. હું છું તો છે એમ છે નહિ. આહા..હા..!

હું તો આત્મા છું. જ્ઞાનાનંદ સ્વરૂપ સર્વજ્ઞ પરમાત્મા જેવો મારો આત્મા છે. આહા..હા..! મારામાં અને મારા આધારે ઇન્દ્રિયો છે અને મારામાં ઇન્દ્રિયો છે એમ છે જ નહિને. જુઓ, અતીન્દ્રિય થાય છે. સમજાય છે? વસ્તુનું સ્વરૂપ અતીન્દ્રિય છે. દૃષ્ટિમાં તો અતીન્દ્રિય થયો છે પહેલો, પણ હવે ઇન્દ્રિયના સંબંધનો જે રાગ હતો એ રહિત હું છું એમ કહે છે. આહા..હા..! જુઓ, મુનિપણું ભાઈ જૈનદર્શનનું. જૈનદર્શનનું શું, વસ્તુનું સ્વરૂપ એવું છે. સમજાણું કાંઈ?

**'પરદ્રવ્યોની સાથે સ્વ-સ્વામિસંબંધ જેમનો આધારે છે એવી ઇન્દ્રિયો અને નોઇન્દ્રિયો...'** (એટલે) મન. **'જય વડે...'** એનો જય કર્યો છે. **'જિતેંદ્રિય વર્તતો થકો...'** એનો મારામાં અભાવ કર્યો છે, સંબંધ છોડી દીધો છે. મારા સ્વભાવની સાથે સંબંધ કર્યો

તો ઈન્દ્રિય અને મન સાથે સંબંધ છોડી દીધો છે. આહા..હા..! જુઓ, આ મુનિપણું. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાનમાં તો પરની સાથે સંબંધ છે નહિ એટલું તો છૂટી ગયું. પણ અહીંયાં તો બાકી રહેલો રાગ અને ઈન્દ્રિયો નિમિત્તરૂપે હતી એ પણ મારા સંબંધે નથી. જડને આધારે છે, મારા આધારે નથી. હું એનું આલંબન લઉં છું અને મારામાં કાંઈક થાય છે એવી હું વસ્તુ નથી. ઈન્દ્રિયો છે તો હું ઈન્દ્રિયથી જાણું છું, સાંભળું છું એવી હું વસ્તુ નથી એમ કહે છે. આહા..હા..! જુઓ, મુનિપણું વીતરાગનું.

કહે છે કે '**જિતેંદ્રિય વર્તતો થકો તે આત્મદ્રવ્યનું...**' '(**શ્રામણ્યાર્થી**)...' સાધુપણાનો અર્થી '**આત્મદ્રવ્યનું યથાનિષ્પન્ન...**' જેવો આત્મા છે વીતરાગ નિર્દોષ આનંદસ્વરૂપ '**શુદ્ધ રૂપ ધારણ કરવાથી...**' લ્યો! અંતરમાં '**યથાજાતરૂપધર થાય છે.**' લ્યો! એટલી વ્યાખ્યા થઈ. યથાજાતરૂપ. જેવો પ્રભુ આત્મા છે એવી દશામાં વીતરાગતા થઈ, તેનું નામ યથાજાતરૂપ- જેવો જન્મ્યો એટલે જેવો છે એવા રૂપને ધરનાર આત્મા થાય છે. ઓહો..હો..! વિકલ્પની સાથે સંબંધ નથી, મનની સાથે સંબંધ નથી, વાણીની સાથે સંબંધ નથી, શરીરની સાથે સંબંધ નથી, કર્મની સાથે સંબંધ નથી. છ દ્રવ્ય આદિ લોકમાં મારાથી અન્ય ચીજ, કોઈની સાથે મારે સંબંધ છે નહિ. એવી વીતરાગદશા પ્રગટ થાય તેનું નામ પરમેશ્વરના સાધુ, જૈન સાધુ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- બિલકુલ નહિ. ઈન્દ્રિય-ફિન્દ્રિય છે જ નહિ પછી કપડા-લત્તા ક્યાંથી આવ્યા? એ પછી આવશે, હવે આવશે. આહા..હા..!

કહે છે.. ઓહો..! મુનિપણું કેવું છે જુઓ. હું તો આનંદ સમ્યગ્દર્શન થયું એમાંથી એવી દૃષ્ટિ થઈ ગઈ પહેલેથી કે વિકલ્પમાત્ર, મનમાત્ર મારી વસ્તુ છે જ નહિ. સમજાણું કાંઈ? સમ્યગ્જ્ઞાનમાં એવો અનુભવ થઈ ગયો. પણ અસ્થિરતા નબળાઈને કારણે રાગ-દ્વેષાદિ ઉત્પન્ન થતા હતા અને ઈન્દ્રિયના સંબંધમાં લક્ષ જાતું હતું, કહે છે કે એ લક્ષ જાય એ પણ હું નથી. એનું પણ મને લક્ષ છૂટી ગયું હવે તો. સમજાણું કાંઈ? આહા..હા..! '**યથાજાતરૂપધર થાય છે.**' લ્યો! એનું નામ સમ્યગ્દર્શનના અનુભવસહિત વીતરાગતાની પર્યાય પ્રગટ થાય તેનું નામ ભગવાન સાધુપદ કહે છે. સમજાણું કાંઈ? હવે પાંચમી-છઠ્ઠી.

મુમુક્ષુ :- ટૂંકામાં પતી ગયું.

ઉત્તર :- ટૂંકામાં પત્યું. આ પછી કાલે આવી ગયું હતુંને એટલે ટૂંકામાં જ પતેને. પહેલું આવે ત્યારે જેવું આવે એવું કાંઈ ફરીને આવે? પહેલા તો કાલે બહુ ચાલ્યું હતું. નવા માણસ હતાને અને વળી ગુજરાતી હતું. આહા..હા..! ગુજરાતી હોય તો વધારે ચાલે સ્પષ્ટીકરણ. આમાં તો શબ્દના લક્ષમાં રોકાવું પડે છેને. એ તો એની ભાષા ચાલી જાય ગુજરાતી.

એવો યથાજાતરૂપ થયો. બાહ્યમાં પણ નગ્નદશા થઈ ગઈ. એ અહીં નથી લીધું અમૃતચંદ્રાચાર્યે.

આવી અંતરમાં વીતરાગતા થઈ, બાહ્યમાં પણ નગ્નદશા થઈ જાય છે, કરવી પડતી નથી. એ પુદ્‌ગલની પર્યાય પુદ્‌ગલ પ્રમાણે એ જાતની દશા થઈ જાય છે. કપડા-બપડા ઉતારવા અને લેવા એ કાંઈ મુનિને છે નહિ. કપડું-બપડું મુનિને હોતું જ નથી. સમજાણું કાંઈ? એ કહેશે જુઓ અહીંયાં.

'**હવે, અનાદિ સંસારથી અનભ્યસ્ત...**' જુઓ, અરે! અનાદિ સંસારમાં જૈનનું દ્રવ્યલિંગ મુનિપણું જે ધારણ કર્યું હતું અનાદિથી આત્મભાન વિના, તો એને વ્યવહારનો પણ મને અભ્યાસ નહોતો એમ કહે છે. કેમકે વ્યવહાર પર છે. તો પર છે એવો મને અભ્યાસ નહોતો. સમજાણું કાંઈ? મારો વીતરાગભાવ છે અને રાગાદિ પર છે એવો મારો અભ્યાસ અનાદિથી ક્યારેય હતો જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અહો..! '**અનાદિ સંસારથી અનભ્યસ્ત હોવાથી...**' અભ્યાસમાં ન આવ્યો. કેમ? '**અત્યંત અપ્રસિદ્ધ છે...**' ઓહો..હો..! આત્મા વીતરાગભાવરૂપ અને વ્યવહાર રાગરૂપ, બેયની અત્યંત અપ્રસિદ્ધિ હતી. વ્યવહાર વ્યવહારરૂપ, નિશ્ચય નિશ્ચયરૂપ એવી અનાદિથી મારામાં અપ્રસિદ્ધિ હતી. અત્યંત અપ્રસિદ્ધિ હતી.

અને '**અભિનવ અભ્યાસમાં...**' નવું બિલકુલ નવું. અનાદિ સંસારથી અનભ્યસ્ત યથાજાતરૂપપણાનાં '**અભિનવ અભ્યાસમાં કુશળતા વડે ઉપલબ્ધ થતી સિદ્ધિનાં સૂચક છે...**' આ તો નિશ્ચયની વાત કરી છે. સમજાણું કાંઈ? પણ ખરેખર બેયનો અભ્યાસ મને નહોતો એમ કહે છે. કેમકે હું આનંદ અને જ્ઞાનાનંદ મારો સ્વભાવ છે એનો પણ અનભ્યસ્ત રહ્યો અને રાગાદિ, નિમિત્તાદિ પરવસ્તુ પર છે એનો પણ અનભ્યસ્ત રહ્યો.

મુમુક્ષુ :- એકનો ...

ઉત્તર :- પર કહ્યુંને પહેલા? પર મારું કાંઈ નથી. સમજાણું કાંઈ? ઓહો..હો..!

મુનિપણું લીધું દ્રવ્યલિંગ સમ્યગ્દર્શન વિના તો એ તો અભ્યાસ પરનો પણ નથી. કેમકે પર પરરૂપ છે એવો અભ્યાસ મેં કદી કર્યો નહિ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પૂર્ણાનંદ સચ્ચિદાનંદ પ્રભુ એની પણ પર્યાયની પ્રગટતા અપ્રસિદ્ધ રહી અને રાગાદિ હેય છે, પર છે, અજીવ છે, અચેતન છે. મારા ચૈતન્યમાં એ વસ્તુ નથી. એના પણ મને અનભ્યાસથી વ્યવહારની પણ અપ્રસિદ્ધિ રહી. અત્યંત અપ્રસિદ્ધિ રહી એમ કહે છે જુઓ. સમજાણું કાંઈ? આમ તો અનંતવાર મુનિપણું લીધુંને. પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા.

મુમુક્ષુ :- રાગ સાથે એકતા હતી.

ઉત્તર :- એકતા હતી. પર પૃથક્ છે, મારી ચીજ એનાથી પૃથક્ છે. બેયની મને અપ્રસિદ્ધિ હતી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં જ એવો અભ્યાસ થાય છે. રાગાદિ વિકલ્પ પુણ્ય-પાપ, દયા-દાન આદિ પર છે, મારો વીતરાગસ્વભાવ સ્વ છે. એવો અભ્યાસ અનંતકાળમાં સ્વનો સ્વપણે, પરનો પરપણે નહોતો કર્યો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- યથાજાતરૂપની અપ્રસિદ્ધિ થઈ.

ઉત્તર :- હા, મારી પ્રસિદ્ધિ થઈ, અપ્રસિદ્ધ હતો તેની પ્રસિદ્ધિ કરી. અને વ્યવહાર પણ અપ્રસિદ્ધ હતો. કેમકે વ્યવહાર પર છે એવી પ્રસિદ્ધિ નહોતી થઈ, અપ્રસિદ્ધ હતો તે પણ પ્રસિદ્ધ થઈ ગયો. રાગ રાગરૂપ છે, વ્યવહાર વ્યવહારરૂપ છે, મારામાં (એ) નથી અને હું એમાં નથી. ઓહો..હો..! સમજાણું કાંઈ? માણસો વાંચીને વિચારે તો એને કાંઈક ખબર પડે. વાંચે નહિ, સ્વાધ્યાય કરવો નહિ. પોતાની દૃષ્ટિથી સ્વાધ્યાય કરે તો એની એ દૃષ્ટિ રહી. માથે કહ્યું હતુંને.

**'પર પણ મારા જરાય નથી,...'** એના અનુસંધાને વાત કરે છે. આહા..હા..! મારો આત્મા જ્ઞાન અને શાંતિરસથી ભરેલો છે એની પણ અત્યંત અપ્રસિદ્ધિ હતી અને રાગાદિ પુણ્યાદિનો વિકલ્પ ઉઠે છે એ પણ પર છે એની પણ પોતામાં અનાદિની અપ્રસિદ્ધિ હતી. સમજાણું કાંઈ? અને નવો અભ્યાસ મને થયો. વજુભાઈ! આહા..હા..! જુઓ, એ વ્યવહારનો પણ નવો અભ્યાસ? હા. પણ વ્યવહાર હતો કે દિ' અમારે તે દિ'? એ વ્યવહારને પણ પોતાનો માન્યો હતો. સમજાણું કાંઈ? વ્યવહારને પોતાનું સ્વરૂપ માન્યું હતું, પોતાનો માન્યો હતું. ત્યાં વ્યવહાર વ્યવહારરૂપે અભ્યસ્ત ક્યાં હતો? આહા..હા..! દયા, દાન, વ્રત, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ વ્યવહાર શ્રદ્ધા, વ્યવહાર જ્ઞાન અને વ્યવહાર રાગ કષાયની મંદતા એ તો પર છે. પરનો પરપણે આવો અભ્યાસ નહોતો કર્યો અને પોતાનો વીતરાગભાવ સ્વ છે એવો પણ અભ્યાસ નહોતો કર્યો. એ અભ્યાસ. અભ્યાસ એટલે આ વાણી ગોખવી એમ નહિ. હું મારા સ્વભાવથી અનાદિથી અનભ્યસ્ત રહ્યો. શુદ્ધ ચિદાનંદ પ્રભુ વીતરાગભાવે પ્રસિદ્ધ થાય એવો કદી અભ્યાસ કર્યો નહિ. હું નવો અભ્યાસ કરું છું. સમજાણું કાંઈ? મારું સ્વરૂપ જ્ઞાન અને આનંદ એવા વીતરાગભાવથી ભરેલો એવો મારો નવો અભ્યાસ છે અને રાગાદિ પરવસ્તુ છે, એ મારામાં નથી એ પણ નવો અભ્યાસ છે. સમજાણું કાંઈ? લ્યો!

**'કુશળતા વડે ઉપલબ્ધ થતી સિદ્ધિના...'** જુઓ, અભિનવ અભ્યાસમાં કુશળ નામ ચતુરાઈ વડે જેની સિદ્ધિ ઉપલબ્ધિ થાય છે. અંતર વિવેક વડે સ્વ અને પરની ભિન્નતાના વિવેક વડે સ્વનો સ્વપણે અભ્યાસ, પરનો પરપણે અભાવ એવો અભ્યાસ. એવી કુશળતા વડે, નિપુણતા વડે જેની સિદ્ધિ ઉપલબ્ધ થાય છે. **'એવા આ યથાજાતરૂપપણાનાં બહિરંગ અને અંતરંગ બે લિંગો...'** છે. જુઓ. બહિરંગ—અઠ્યાવીશ મૂળગુણ, નગ્નપણું, અંતરંગ-વીતરાગભાવપણું અંતરલિંગ છે.

મુમુક્ષુ :- બે એક સાથે છે.

ઉત્તર :- હા, એક સાથે છે. સમજાણું કાંઈ? એમ નથી કે બહિરંગ પહેલા અને અંતરંગ પછી. જુઓ એમાં તો એ પણ નીકળ્યું કે વ્યવહાર પહેલા અને નિશ્ચય પછી. એમ છે નહિ. દેવચંદજી! છે કે નહિ એમાં?

મુમુક્ષુ :- 'ઉપલબ્ધ થતી સિદ્ધિના સૂચક...'

ઉત્તર :- હા, બે થયા. અંતરંગ વીતરાગપણાનું ભાન થયું, બાહ્યમાં રાગાદિ પર છે એવું અંદર ભાન થયું એક સાથે. નિશ્ચય થયા વિના પરનો વ્યવહાર પરરૂપ છે એનો યથાર્થ બોધ થતો નથી. વિપરીત માને એ માને, એ જુદી વસ્તુ છે. વ્યવહાર અમારો છે, કષાય મંદ મેં કર્યો હતો, તો કષાય મંદથી આત્માની ઉપલબ્ધિ થઈ. બિલકુલ અજ્ઞાન છે. સમજાણું કાંઈ? આહા..હા..! જે મુનિને યોગ્ય વ્યવહાર જે વિકલ્પ છે, પણ છે પર. કહે છે કે મારામાં તો નથી, મારો નહિ. વળી મુનિને યોગ્ય. ભાષા કેમ કરે? સમજાણું કાંઈ?

આત્મા પોતાનો વીતરાગી સ્વભાવ જે મુનિપણાને યોગ્ય અભ્યંતર લિંગ છે તેને નવા અભ્યાસ વડે પ્રગટ કર્યો અને સાથે વ્યવહાર છે જેમાં વસ્ત્ર-પાત્રનું નિમિત્ત પણ નથી અને વસ્ત્ર-પાત્રનો રાગ છે એનો પણ સંબંધ નથી. એ સિવાયનો બાકી રહેલો રાગ એનો પણ મને અભ્યાસ 'પર છે' એમ નવો થયો. સમજાણું કાંઈ? અનાદિનો તો વિકલ્પ મારો છે અથવા એ જ હું છું. કેમકે દૃષ્ટિ સ્વભાવ ઉપર નથી તો પોતાપણું ક્યાંક માનવું તો પડેને. તો રાગમાં પોતાપણું માન્યું. બસ! આ કાંઈક કાંઈક અંદર રાગ મંદતા છે, કાંઈક કરીએ તો છીએ અમે. બીજા કરતા અમે કાંઈક નિવૃત્તિ તો લીધી છે. સમજાણું કાંઈ? તો અમને બીજી પ્રવૃત્તિ તો છે નહિ. તો પ્રવૃત્તિ જે રાગ છે એને પણ પોતાની માની.

મુમુક્ષુ :- અમે તો બધો સંસાર છોડ્યોને.

ઉત્તર :- સંસાર કોને (કહેવો)? પહેલું તો કહ્યું હતું કે સંસાર કોને કહેવો? મિથ્યાત્વ અને રાગ-દ્વેષભાવને સંસાર કહે છે. સ્ત્રી, કુટુંબ, પરિવાર, શરીર અને લક્ષ્મી કે ઝવેરાત તેને સંસાર કહેતા નથી. કેમકે એ તો પરવસ્તુ છે. સંસારની દશા આત્મામાં ભૂલથી ઉત્પન્ન થયેલી દશા છે. સંસાર કોઈ બાયડી, છોકરા, કુટુંબ એ સંસાર નથી. કહે, મેં સંસાર તો છોડ્યો છેને. ક્યાં છોડ્યો છે? મિથ્યાત્વ અને રાગ-દ્વેષ છોડ્યા વિના સંસાર છૂટ્યો કહેવામાં આવતો નથી. આહા..હા..!

મુમુક્ષુ :- બેય પ્રકારના પરિગ્રહનો ત્યાગ કરીને...

ઉત્તર :- ક્યા બે પ્રકારના?

મુમુક્ષુ :- બહિરંગ, અંતરંગ.

ઉત્તર :- બહિરંગ અને અંતરંગનો મિથ્યાત્વ અને રાગ-દ્વેષ છે. એનો ત્યાગ થયો તો અંતરંગનો ત્યાગ થયો અને એવું થયું તો નિમિત્તનો ત્યાગ (થાય). નિમિત્ત તો અભાવરૂપ છે જ, પણ નિમિત્તના અભાવરૂપ (થાય) ત્યારે વ્યવહારથી કહેવામાં આવે છે. ઓહો..હો..! સમજાય છે કાંઈ?

**'બહિરંગ અને અંતરંગ બે લિંગોનો—'** ઉપદેશ કરે છે. જુઓ, આચાર્ય. ઓહો..હો..! કુંદકુંદાચાર્ય નિશ્ચય સહિતનો વ્યવહાર. વ્યવહાવરમાં વ્યવહાર હોં, નિશ્ચયમાં નહિ. એમ.

આહા..હા..! મારે અને વ્યવહારને કાંઈ સંબંધ નથી, એ તો પર છે. એ પહેલા આવી ગયું. સંબંધ નથી. મારો પરની સાથે સંબંધ નથી એવો આ અભ્યાસ કદી નહોતો કર્યો. આહા..હા..! સમજાણું કાંઈ? સવારમાં આવ્યું હતુંને ઈ. રાગનું પરિણમવું-કર્તૃત્વ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? રાગ વિકલ્પ ચાહે તો શુભ હોય, એ રૂપે હું પરિણમું છું, હું કર્તા છું, હું થાઉં છું, એ રૂપ હું છું એ તો મિથ્યાત્વભાવ છે, એ સંસાર છે.

કહે છે, અભ્યંતરલિંગ વીતરાગભાવ, બહિરંગ વિકલ્પાદિનું નગ્નપણું આદિ એનો અનભ્યાસ હતો, નવો અભ્યાસ કરીને વસ્તુની હું પ્રાપ્તિ કરું છું. સમજાણું કાંઈ? એ કહે છે જુઓ.

**जधजादरूवजादं उप्पाडिदकेसमंसुगं सुद्धं।**
**रहिदं हिंसादीदो अप्पडिकम्मं हवदि लिंगं।।२०५।।**
**मुच्छारंभविजुत्तं जुत्तं उवओगजोगसुद्धीहिं।**
**लिंगं ण परोवेक्खं अपुणब्भवकारणं जेण्हं।।२०६।। (जुगलं)**

એનું હિન્દી છે પાછળ ગુજરાતીનું.

એની ટીકા. '**પ્રથમ તો પોતાથી યથોક્ત ક્રમ વડે...**' યથોક્ત ક્રમ વડે. વિદાય લીધી છે, પંચાચાર લીધા છે એમ કહ્યું હતુંને? એ યથાક્રમથી. જ્ઞાનાચાર વ્યવહારના ભણતર કાળે વિનય આદિનો, એ કહ્યું હતું. એ પહેલેથી કહ્યું હતું કે તમે મારા નથી. મારે અને તમારે કાંઈ સંબંધ નથી.

મુમુક્ષુ :- .. હું જાણું છું.

ઉત્તર :- હું જાણું છું. શુદ્ધાત્માના-મારા નહિ. આહા..હા..! જ્ઞાનાચાર કાળે ભણવું, વિનયથી ભણવું, નિહ્નવ (અર્થાત્) જેની પાસે ભણ્યા એને ગોપવવા નહિ, કાળ, વિનય આદિ એવો જે વિકલ્પ છે, એ સમકિતના આઠ પ્રકારના નિઃશંક આદિ વિકલ્પ જે છે, ચારિત્રના પંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ વિકલ્પરૂપ જે તેર આચાર છે અને તપાચારના જે વિકલ્પ ધ્યાનાદિ અને અનશન ઉણોદરીનો વિકલ્પ છે, એ બધા મારા શુદ્ધાત્માના તમે છો નહિ. હું જાણું છું. પણ ત્યાં સુધી હું તમારું નિમિત્તપણે આલંબન લઉં છું, જ્યાં સુધી તમારો અભાવ કરીને પૂર્ણ વીતરાગ ન થાઉં ત્યાં સુધી. સમજાણું કાંઈ? અરે! એવો વીતરાગ માર્ગ એની શરૂઆત અને પૂર્ણતા અને મધ્યમાં કેવી દશા! શરૂઆતની દશા કેવી? મધ્યમાં દશા કેવી? અને પૂર્ણની દશા કેવી? સમજાણું કાંઈ? એનાથી ઓછું, વિપરીત અને અતિરિક્ત એવી ત્રણ સ્થિતિ જ્યાં ઉભી હોય ત્યાં તો મિથ્યાત્વભાવ છે. આવે છેને રત્નકરંડ શ્રાવકાચારમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ. ઓછું નહિ, અધિક નહિ, વિપરીત નહિ. ઓછું, અધિક અને વિપરીત. પછી આ લોકોને સમજાવતા હતાને. પછી મિથ્યાત્વ આવે છેને. ઓછું, અધિક અને વિપરીત. એક અંશ પણ ઓછું માનવું. જેવી ચીજ છે એનાથી ઓછું માનવું એ પણ મિથ્યાત્વભાવ

છે. ઓછું. એક અંશ પણ યથાર્થથી અધિક માનવું એ પણ મિથ્યાત્વ છે અને છે એનાથી વિપરીત માનવું એ પણ મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે એ '**યથોક્ત ક્રમ વડે...**' સમ્યગ્જ્ઞાન થયું છે, સમ્યગ્જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ છે, પ્રગટ કરી છે અને વિદાય લીધી છે માતા, પિતા, સ્ત્રીની અને પંચાચાર આદિ ગ્રહણ કર્યા છે. '**યથાજાતરૂપધર થયેલા...**' '**સહજ રૂપ ધરનાર.**' કહો, હજી તો આજ્ઞા માગે છે, હજી ગુરુ આપશે, તોપણ થયું છે એવી ભાવિનૈગમની શૈલીએ વાત કરે છે. સમજાણું કાંઈ? હજી વ્રત સાંભળશે એ વાત આવશેને. પણ એ પહેલા ભવિષ્યમાં આવું થવાનું છે એ વાત પહેલેથી નક્કી કરે છે. આ મેં લીધું, દીધું, લીધું. '**યથાજાતરૂપધર થયેલા આત્માને અયથાજાતરૂપધરપણાનાં કારણભૂત...**' કહે છે કે ભગવાન આત્મા મુનિપણામાં યથાજાત વીતરાગસ્વભાવ યથાખ્યાત. યથાખ્યાત એ છે. યથાખ્યાતચારિત્ર પણ યથાજાત-યથાખ્યાત. જેવી આત્માની શુદ્ધ વીતરાગતાથી પ્રસિદ્ધિ છે એવી પ્રસિદ્ધિ કરી. સમજાણું કાંઈ? એવા '**આત્માને અયથાજાતરૂપધરપણાનાં કારણભૂત મોહરાગદ્વેષાદિભાવોનો અભાવ હોય જ છે;...**' ધર્મીને, સાધુને અયથાજાતરૂપધર એવો મોહ મિથ્યાત્વ અને રાગ-દ્વેષ, જુઓ, એનો અભાવ હોય છે. '**અભાવ હોય જ છે;...**' આહા..હા..! સંજ્વલનનો કષાયનો એક અંશ હોય એની અહીંયા ગણતરી નથી. સાધુપદને યોગ્ય જે યથાજાતરૂપધર થયો, અનુભવસહિતમાં રાગરહિત થઈને એવી દશા ધારણ કરી, તો કહે છે કે એ દશાથી વિરુદ્ધ અયથાજાતરૂપધર એનું કારણ મોહ અને રાગ-દ્વેષ છે. એનું કારણ કોઈ બહારની ચીજ બાયડી, છોકરા, કુટુંબ, વેપાર એમ નથી કહ્યું. સમજાણું કાંઈ?

સ્ત્રી છોડી દો, કુટુંબ છોડી દો. અત્યારે કેટલાક અન્યમાં એમ કહે છે. અરે! સ્ત્રી ઉપર, કુટુંબ ઉપર એવો દ્વેષ થઈ જાય કે પ્રેમ છૂટી જાય. ત્યારે છોડી શકે. એ તો દ્વેષ થયો. સમજાણું કાંઈ? એ તો જ્ઞેય છે. પરવસ્તુ કોઈ ઇષ્ટ-અનિષ્ટ છે જ નહિ. સ્ત્રી હોય, કુટુંબ હોય, શરીર હોય, માતા, પિતા હોય, પુત્ર હોય, પત્ની હોય એ બધા જ્ઞાનના જ્ઞેય છે. એમ કે એની ઉપર એટલી બુદ્ધિ આવવી જોઈએ અણગમો. અણગમો એટલે દ્વેષ. એ તો દ્વેષ થયો. જેમ પરપદાર્થ પ્રત્યે રાગ કરતો હતો, તો રાગનો સ્વામી થઈને મિથ્યાદૃષ્ટિ હતો. હવે દ્વેષ કરીને (માને છે કે) તું તો નુકસાન કરનાર છે. મૂઢ છે. પરવસ્તુ તને શું નુકસાન કરે છે? પર તો પરમાં રહે છે. પર મારું છે અને પરને ઇષ્ટ-અનિષ્ટ માનીને જે રાગ-દ્વેષ કરતો હતો તે અયથાજાતરૂપ ભાવ હતો. એ પોતાના મુનિપણાથી વિરુદ્ધ ભાવ હતો. મુનિપણાથી વિરુદ્ધ ભાવ સ્ત્રી, કુટુંબ, વેપાર, ધંધો નહોતો એમ કહે છે. સમજાણું કાંઈ?

કોઈ કહે કે ભાઈ વકીલાત કરતા હતા એ વકીલાત છોડી દીધી, ડોક્ટરપણું કરતો હતો તો ડોક્ટરપણું તો અમે છોડી દીધું, વેપાર કરતા હતા દુકાનનો એ દુકાનનો વેપાર છોડી દીધો. કોણ કહે છે છોડ્યો? તેં એને ક્યાં કર્યો હતો તો છોડે? એ મિથ્યાત્માં આગળ વધે

છે. મેં છોડી દીધું, મિથ્યાત્વની પુષ્ટિ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કારણ કે એ કોઈ દોષની ચીજ નહોતી. દોષ તો તારી અંદર હતો.

જુઓને આ શું કહે છે? '**અયથાજાતરૂપધરપણાનાં કારણભૂત મોહરાગદ્વેષાદિભાવોનો...**' રાગ-દ્વેષ, વાસના, વિષય આદિ વગેરે '**ભાવોનો અભાવ હોય જ છે;...**' ઓહો..! મિથ્યાત્વ અને રાગ-દ્વેષના ભાવનો, જે યથાજાતરૂપ મુનિપણું છે એનાથી વિરુદ્ધ અયથાજાતરૂપ એનું કારણ જે મોહરાગ-દ્વેષ એનો મુનિને અભાવ હોય છે. '**અને તેમના અભાવને લીધે,...**' જુઓ, અહો..! મિથ્યાત્વ અને રાગ-દ્વેષના અભાવને કારણે '**તેમના સદ્‌ભાવમાં હોય છે એવાં જે...**' હવે જુઓ. મોહ અને રાગ-દ્વેષના સદ્‌ભાવમાં હોય છે એવી પાંચ ચીજ વર્ણવે છે. બહારની હોં! બહિરંગ પહેલા લે છે. સમજાણું કાંઈ? ભાઈ, એ તો પહેલી ચીજ યથોક્ત લીધી. પણ પાઠમાં બહિર્‌લિંગ છેને, એ બહિર્‌લિંગની જ વાત કરે છે. આમ થાય છે ત્યારે અયથાજાતરૂપભાવ છે એનો અભાવ થાય છે અને એના ભાવમાં આ ચીજ હોય છે. એ બહિર્‌લિંગ નથી, એમ. સમજાણું કાંઈ? ઝીણી વાત છે થોડી. નિશ્ચય-વ્યવહારની સંધિ છતાં બેય ભિન્ન.

ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ એમાં ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ એ પણ પર છે એવો મેં કદી અભ્યાસ નહોતો કર્યો. સમજાણું કાંઈ? તો મારી ચીજના અભ્યાસમાં જે વિરુદ્ધ ભાવ હતો, યથાજાતથી વિરુદ્ધ અયથાજાત, અયથાજાતનું કારણ મોહ અને રાગ-દ્વેષ. અને જ્યાં સુધી મોહ-રાગ-દ્વેષ છે... તો હવે પાંચ બોલ કહે છે. '(૧) **વસ્ત્રાભૂષણનું ધારણ,...**' જુઓ, વસ્ત્ર અને આભૂષણનું ધારણ મોહભાવ હતો. સમજાણું કાંઈ? એ ધારણ ચીજ છે બહિરંગ એમાં મોહ કારણ છે. સમજાણું કાંઈ? વસ્ત્ર અને આભૂષણનું ધારણ મોહભાવ છે. પછી મિથ્યાત્વનું કારણ મિથ્યાત્વ અને એ સિવાય રાગ. એમ. મિથ્યાત્વ ગયું અને પછી વસ્ત્ર આભૂષણ રહ્યા એનું કારણ રાગ છે. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ થઈ કે રાગ ને વિકલ્પ ને પર મારા બિલકુલ નથી. એવી દૃષ્ટિ હોવા છતાં... જ્યારે એવી દૃષ્ટિ નહોતી ત્યાં સુધી તો વસ્ત્ર અને આભૂષણ મારા છે એવો મિથ્યાત્વભાવ સહિતનો રાગભાવ હતો. સમજાણું કાંઈ? પણ જ્યારે એ બધું મારું નથી, હું તો જ્ઞાનાનંદ શુદ્ધ છું એવા ભાવમાં મિથ્યાત્વ તો ગયું, પણ જ્યાં સુધી કપડા અને વસ્ત્ર-પાત્રનું નિમિત્તપણું રહે છે ત્યાં સુધી રાગ છે. રાગની હયાતીમાં વસ્ત્ર અને આભૂષણ હોય છે. સમજાણું કાંઈ? રાગ ન હોય તો વસ્ત્ર અને આભૂષણ હોતા નથી. એ એને કારણે હોતા નથી, પણ એવો સંબંધ બતાવે છે. આહા..હા..! સાંભળ્યું નથી આવું કોઈ દિ'. નહિ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, પણ એ એમ કે વસ્ત્ર-આભૂષણ છે એ રાગનો ભાવ છે, અયથાજાતરૂપધર એવો જે મોહ-રાગ-દ્વેષભાવ એનો અભાવ નથી થયો અને એનો ભાવ છે તો વસ્ત્ર આભૂષણ

છે. જુઓ, વસ્ત્રનું શરીર ઉપર રહેવું, પણ કહે છે કે રાગનો ભાવ છે તો વસ્ત્ર આભૂષણ છે. છે તો એને કારણે, આને કારણે નથી પણ એટલો સંબંધ ત્યાં છે. પણ રાગનો અભાવ થાય તો વસ્ત્ર આભૂષણનો અભાવ થાય ત્યારે તેને અભાવ નિમિત્તથી કહેવામાં આવે છે. એકલા વસ્ત્ર આભૂષણ છૂટી ગયા અને રાગ છૂટ્યો નથી, તો રાગના ભાનવાળાએ એનો પણ અભાવ કર્યો નથી. ભારે વાત ભાઈ! જૂના માણસને તો આમાં (કઠણ પડે એવું છે). આ જૂના માણસ છે.

મુમુક્ષુ :- .. પ્રેમ છે એટલે વાંધો ન આવે.

ઉત્તર :- હા, પ્રેમ છે. કહો, સમજાણું કાંઈ? જૂના લોકોને તો અમારા ઉપર તો બહુ પ્રેમ હતોને સ્થાનકવાસીમાં તો. ઘણો જ પ્રેમ હતો. આ બધો ફેરફાર થઈ ગયો એટલે કેટલાકને (એમ થયું) હાય.. હાય..

મુમુક્ષુ :- બહારમાં ફેરફાર થઈ ગયો..

ઉત્તર :- બહારમાં ફેરફાર થયો પણ અરર! આ તો અમારો વેશ ગયો. મુહપતિ ગઈ, રજોહરણું ગયું, આ મૂર્તિ આવી અને વળી કહે પુણ્યમાં ધર્મ નથી, દયામાં ધર્મ નથી. બધું બદલાઈ ગયું. એય..! ભગવાનભાઈ! આહા..હા..!

કહે છે, અરે! ભગવાન આત્મામાં જ્યાં સુધી રાગ ને દ્વેષ ને મોહ રહે છે ત્યાં સુધી મોહ પ્રમાણે પરની વસ્તુ મારી એવું નિમિત્તપણું રહે છે. અને રાગ રહે છે તો વસ્ત્ર આભૂષણ પણ એને કારણે રહે છે. સમજાણું કાંઈ? રાગની સાથે સંબંધ છે હોં. બહારથી છૂટી ગયું પણ રાગ છૂટ્યો નથી તો વ્યવહારથી પણ છૂટ્યો કહેતા નથી.

મુમુક્ષુ :- રાગ છૂટ્યો છે કે નહિ એ નક્કી કરવું.

ઉત્તર :- એની વાત છે. આહા..હા..!

ભગવાન આત્મા ચૈતન્યનું ભાન સમ્યગ્દર્શન થયું, અનુભવ થયો. ચૈતન્યજ્યોત જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ. એ ઉપરાંત સ્વરૂપમાં આરૂઢ થઈને, રાગનો અભાવ થઈને યથાજાતરૂપ થયો તો એનું નામ મુનિપણું કહે છે. એ મુનિપણાને યોગ્યથી વિરુદ્ધ અયથાજાતરૂપધર. જેવી વીતરાગતા છે એનાથી વિરુદ્ધ અયથાર્થ. એટલે શું? કે મોહ અને રાગ-દ્વેષ. અને મોહ-રાગ-દ્વેષની હયાતીમાં વસ્ત્ર અને આભૂષણ હતા, એ સંબંધ હતો ત્યાં રાગની હયાતી બતાવે છે. સમજાણું કાંઈ? જ્યાં શરીર ઉપર વસ્ત્ર છે તો એમ બતાવે છે કે અંદર રાગ છે. વસ્ત્ર પ્રત્યે પણ રાગ છે અને શરીર પ્રત્યે પણ રાગ છે અંદર. સમજાણું કાંઈ? ચાહે તો સમકિતી હોય, સમજાણું કાંઈ? ચાહે તો અગિયાર પડીમા ધારણ કરનારો હોય, સમ્યગ્દર્શન અનુભવસહિત આનંદકંદની ધારામાં વહેતો, પણ જ્યાં સુધી વસ્ત્રનો કટકો પડ્યો છે ત્યાં સુધી રાગનો ભાવ છે એવી હયાતી ધરાવે છે એમ કહે છે. અને એ વસ્ત્ર છૂટી ગયું માટે રાગનો અભાવ થયો એમ નથી. ત્યાં તો રાગનો અભાવ સ્વભાવના આશ્રયે થયો હોય તો વસ્ત્રનો અભાવ થયો એવું

વ્યવહાર દ્રવ્યલિંગ કહેવામાં આવે છે. ભારે વાત ઝીણી બહુ ભાઈ!

'(૧) **વસ્ત્રાભૂષણનું ધારણ, (૨) માથાના અને દાઢીમૂછના વાળનું રક્ષણ,...**' જુઓ,

મુમુક્ષુ :- આવી વાત નવી ક્યાંથી કાઢી?

ઉત્તર :- ક્યાંથી કાઢી? છે કે નહિ અંદર? છે કે નહિ અંદર? વૈદરાજ કહે ક્યાંથી લાવ્યા આ? અહીં છે કે નહિ જુઓ.

મુમુક્ષુ :- આવો અર્થ ક્યાંથી લાવ્યા?

ઉત્તર :- અર્થ આવ્યો આત્મામાંથી. સમજાણું કાંઈ? આહા..હા..! સંતોની કથની અલૌકિક વાત! કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય શું નિમિત્ત-નૈમિત્તિક સંબંધને સિદ્ધ કરે છે અને વ્યવહારલિંગ અને નિશ્ચયલિંગ કેવું હોય એ કેવું સિદ્ધ કરે છે!

કહે છે અહો..! '(૨) **માથાના અને દાઢીમૂછના વાળનું રક્ષણ,...**' માથાના, દાઢી અને મૂછના વાળને રાખવા એ રાગ બતાવે છે. ત્યાં રાગ છે. સમજાણું કાંઈ? રાગ છે તો કેશાલંકાર દેખાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ રાગની હયાતીમાં માથાના, દાઢી, મૂછના વાળ રાખું એટલે એમ રહે, ઠીક રહે નહિતર મોઢું ખરાબ દેખાય. વાત તો બધી આવેને. કારણ કે લોચ કરવાથી તો શરીરની સ્થિતિ બરાબર નથી રહેતી. વાળ સરખા હોય આમ. લોચ કરવાથી તો કાંઈક થોડા ઉગે અને કાંઈક ન ઉગે એમ થાય. તો કહે છે કે જ્યાં અનુભવપૂર્વક રાગના અભાવરૂપ યથાજાતરૂપધર છે ત્યાં એવો રાગ માથા અને દાઢી, મૂછના વાળ આમ હોય તો ઠીક એવો ભાવ થતો નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? બહારમાં લોચ આદિ કરે અને રક્ષણ ન કરે એથી ત્યાં રાગ ગયો એમ નથી. દેવચંદજી! આહા..હા..! સંતોનો પ્રવાહ ધર્મનો અલૌકિક પ્રવાહ! સંતોએ ધોરીધર્મને થંભાવી રાખ્યો છે. માર્ગ આવો છે. ફેરફાર જરીએ કરીશ તો મિથ્યાત્વ થશે તને. માર્ગ આવો છે. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શન થયું કે સમ્યગ્જ્ઞાન થયું માટે મુનિપણું થઈ ગયું (એમ નથી). આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, આવે છેને? અને લોકો માની લે. ત્યાં તો એમ કહે છે કે મુનિપણું હોય ત્યાં આત્મજ્ઞાન હોય. પણ એ શબ્દ એવો છે આચારાંગમાં. ... એવો એક શબ્દ છે. બધા ટૂકડાના અર્થ કરેલાને એ વખતે. ... જ્યાં સમ્યગ્દર્શન દેખ ત્યાં મુનિપણું દેખ, જ્યાં મુનિપણું દેખ ત્યાં સમ્યગ્દર્શન દેખ. એમ અરસપરસ છે. ... એટલે ચારિત્ર ... બીજું સૂત્ર છે. એ તો વ્યવહારની વાતું બધી. એ છૂટું કાંઈ એમ નથી. સમજાણું કાંઈ? ત્યાં ક્યાં કહેનારને વ્યવહાર-નિશ્ચયની સંધિની ખબર હતી? સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે સમ્યગ્દર્શન થવા છતાં, ક્ષાયિક સમકિત થવા છતાં જ્યાં સુધી દાઢી, મૂછ અને માથાના વાળને ઠીક રાખવાનો ભાવ છે ત્યાં સુધી મુનિપણું નથી. યથાજાતરૂપપણું નથી. યથાજાતરૂપથી વિરુદ્ધ અયથાજાતરૂપ એવો રાગભાવ છે એમ કહે છે. ભારે વાતું અને

અટપટી એવી. માર્ગ એવો છેને. ન્યાયમાં સમજી શકાય એવી ચીજ છે, ન સમજાય એમ નથી. લ્યો! માથું, દાઢી અને મૂછ બરાબર રાખે. આમ મૂછ-બુછ સરખી હોય, દાઢી સરખી હોય, વાળ સરખા હોય. સરખાની વ્યાખ્યા શું? એ બધો રાગ છે, ભગવાન! રાગ છે તો તને રાખવાનો ભાવ થાય છે. રાગનો જ્યાં અભાવ થયો, લોચમાં શરીરની દશા કેવી હોય એની દરકાર છે નહિ. આહા..હા..! અને લોચની ક્રિયા જે થાય છે એ પણ હું આમ કરું છું. એ તો જડની પર્યાયનો કર્તા-સ્વામી થયો. અને લોકો જોવે કે કેટલી સહનશક્તિ છે! સમજાણું કાંઈ? એ તો જડની ક્રિયા છે, તું ખેંચી શકતો નથી, આંગળી આમ રાખી શકતો નથી.

ઓલું હાથમાં આવ્યું હતું ભાઈ, તમારે કાલે આવ્યું છે, દ્રવ્યસંગ્રહમાં. એ પહેલા ઓલા હતાને ચંપાલાલ શેઠી. તમે જાણો છો? બ્રહ્મચારી. ચંપાલાલ શેઠી બ્રહ્મચારી. ૨૦૦૦ની સાલમાં આવ્યા હતા. અમારી પાસે બે મહિના રહ્યા હતા. પછી આ વાત આવી હતી. કાલે આવ્યુંને એ યાદ આવ્યું હતું એ વખતે. ત્યારે કહ્યું હતું. ૨૦૦૦ની સાલ. બે માસ સાથે રહ્યા હતા. પછી આ કહ્યું. પહેલા આવ્યા ... કે હસ્તાદિની ક્રિયાનો કર્તા આત્મા નથી. એણે કહ્યું કે ભૂરીબાઈને પૂછીશ. ઓલી ભૂરીબાઈ હતીને ઈંદોરમાં? ભાઈ! આ ભૂરાભાઈને પૂછને. પહેલું નક્કી કરને કીધું. ૨૦૦૦, ૨૫ વર્ષ પહેલાં. ખબર છેને એ વાત? એ આ ભાઈ! તે દિ' આ કહ્યું હતું. દ્રવ્યસંગ્રહની એ ભાષા ટીકામાં છેને. હસ્તાદિની ક્રિયાનો કર્તા (થાય કે) આમ હલાવું. એમ કરવાની ક્રિયાનો કર્તા આત્મા છે જ નહિ. સમજાણું કાંઈ? છે? હસ્તાદિની ક્રિયા આમ ચાલવું, જોઈને ચાલવું, નીચે જીવ આવી જાય તો પગ ઉંચો કરવો-એ ક્રિયાનો કર્તા આત્મા નહિ? ના. આ જુઓ કીધું આમાં આવ્યુંને. તો કહે, ભૂરીબાઈને પૂછી જોઈશ. એને ભૂરીબાઈનો વિશ્વાસ. ત્યાં હતીને બાઈ ઈંદોરમાં અભ્યાસી. ભૂરીબાઈએ કદી પ્રતિમા લીધી નથી હોં મૃત્યુ સુધી. કદી લીધી નથી. બીજા હતા એમણે લીધી હતી. મૃત્યુ વખતે બે જણાએ લીધી હતી. ખબર છે. મને ખબર છે બધી. એમ કે પ્રતિમા લેવાની યોગ્યતા જ મારામાં નથી. સમ્યગ્દર્શન વિના પ્રતિમા ક્યાંથી આવી? તો એણે મૃત્યુ સુધી ન લીધી ભૂરીબહેને. સમજાણું કાંઈ? કેમકે જેટલા પ્રમાણમાં પાંચમા ગુણસ્થાનમાં દર્શનપૂર્વક રાગ જાવો જોઈએ એવો ગયો નહિ અને પ્રતિમાનું નિમિત્ત એવો વિકલ્પ ક્યાંથી આવ્યો? એય..! દેવચંદજી!

'એવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન.' ભગવાને ભાખ્યું. સમવસરણની મધ્યમાં સીમંધર ભગવાન. સમજાણું કાંઈ? ઓહો..હો..! નિશ્ચય-વ્યવહારનો ભાવ અને એનો અભાવ કેવો હોય? એવી વાત કરે છે. કહે છે કે જ્યાં પોતાના સ્વરૂપના અનુભવસહિત વીતરાગભાવ ઉત્પન્ન થયો હોય ત્યાં આગળ આ પ્રકારનો રાગભાવ હોતો જ નથી. સમજાણું કાંઈ? માથાના, દાઢી મૂછના વાળનું રક્ષણ એવું હોતું જ નથી.

'(૩) **સંકિચનપણું,...**' એ રાગની હયાતીમાં હોય છે. સંકિચન એટલે કંઈપણ પરિગ્રહ

રાખવું. થોડું પણ પરિગ્રહ. આટલો પણ થોડો હોં! એક વાળનો... આવે છેને એ? તિલતુષ તિલતુષમાત્ર પણ રાખવું એ રાગને સૂચવે છે. તો રાગનો જ્યાં ભાવ છે ત્યાં એટલો તિલતુષમાત્ર પણ પરિગ્રહ છે. એક કલમ, એક શીશપેન એવી કોઈપણ ચીજ.

મુમુક્ષુ :- ચશ્મા પણ પરિગ્રહ છે?

ઉત્તર :- ચશ્મા પરિગ્રહ છે. ભગવાન એવી ચીજ છે, બાપા! માર્ગ તો એવો છે, નાથ! શું કરે? કુંદકુંદાચાર્યે તો મુનિઓને એમ બોલાવ્યા છે હોં અષ્ટપાહુડમાં. હે મહાજશ! છે તો દ્રવ્યલિંગી. તોપણ એમ બોલાવ્યા. બાપુ! પ્રભુ! તને એવું ન શોભે. ભાઈ! તને એવું ન શોભે. તું આત્મા છો, પ્રભુ છોને. કોના ઉપર દ્વેષ કરવો? તું આત્મા છો. પંડિત પણ કહ્યું છે હોં! વ્યવહારે પંડિત. મહાજશ, યશવંત એવા સંબોધન કર્યા છે. આત્મા પોતાના સ્વરૂપનો નાથ છેને. શું રાગનો નાથ છે? શું વ્યવહારનો નાથ છે? આહા..હા..!

ભગવાન અમૃતચંદ્રાચાર્ય મહારાજ, શ્લોક તો કુંદકુંદાચાર્યનો છે એનું સ્પષ્ટીકરણ કરે છે. એવું સ્પષ્ટીકરણ ગાથામાંથી કાઢે છે હોં! એવું સ્પષ્ટીકરણ ન હોય તો આટલું સ્પષ્ટ રીતે સમજમાં ન આવે. સમજાણું કાંઈ? આહા..હા..! '(૩) **સકિંચનપણું,...**' જ્યાં જ્યાં થોડો રાગ પણ છે ત્યાં ત્યાં અંશમાત્ર તિલતુષમાત્ર પણ પરિગ્રહ જોવામાં આવે છે. સમજાણું કાંઈ? અને તિલતુષમાત્ર પણ પરિગ્રહ હોય અને કહે છે કે અમને રાગ નથી. એ રાગ છે, રાગ એ મૂર્છા છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- તિલતુષમાત્રમાં કેટલું ન હોવું જોઈએ?

ઉત્તર :- આટલું. ચશ્મા, વળી ફ્રેમ લોઢાની, પીત્તળની શું કહેવાય? નેતરની હોય. નેતરની રાખતા બધા તમારે. નેતર સમજો છો? આ નેતર નથી હોતું? આ ખુરશી નથી નેતરની હોતી? નેતર પાતળું હોય છે. ઈ આવે છે. આ ખુરશી છેને નેતરની એવી. એ કટકો અંશ પણ રાગ સૂચવે છે. અને રાગભાવની હયાતીમાં ઈ જોવામાં આવે છે. મુનિ છે તેમને રાગનો અભાવ છે તો નિમિત્તપણું એવું નથી એમ વાત કરે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૫, શુક્રવાર, તા. ૨૦.૦૬.૧૯૬૯**
**ગાથા-૨૦૫ થી ૨૦૭, પ્રવચન-૧૮૮**

આ પ્રવચનસાર, ૨૦૫ અને ૨૦૬ ગાથા. ટીકા ફરીને. સાધુ જે થાય છે સમ્યગ્દર્શનપૂર્વક, જ્ઞાનજ્યોતિ શક્તિરૂપ હતી એનો પ્રગટરૂપ જ્યાં અનુભવ થયો, પછી જ્ઞાનજ્યોતિને વિશેષ સ્પષ્ટ વિસ્તાર કરવા માટે સાધુપદ લે છે. સમજાણું કાંઈ? એ સાધુપદમાં પહેલા પોતાથી '**યથોક્ત ક્રમ વડે યથાજાતરૂપધર થયેલા...**' આવ્યું છે ત્રીજા સુધી આવ્યું છે, સકિંચનપણા સુધી. '**પ્રથમ તો પોતાથી યથોક્તક્રમ વડે યથાજાતરૂપધર થયેલા...**' જેવો આત્માનો વીતરાગસ્વભાવ છે એવો મુનિ અંતરમાં થયો, વીતરાગદશા (થઈ) ત્રણ કષાયનો અભાવ એવી અંતર સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વ સ્વરૂપની વીતરાગદશા પ્રગટ કરી. અને '**અયથાજાતધરરૂપપણાનાં કારણભૂત...**' અસહજ, અવાસ્તવિક, વિકૃતરૂપ જે છે, સહજરૂપથી વિરુદ્ધ. એના '**કારણભૂત મોહરાગદ્વેષાદિભાવોનો અભાવ હોય જ છે;...**' એવું જે સહજથી વિરુદ્ધ અસહજ એના કારણભૂત મોહ, રાગ અને દ્વેષ એ ભાવોનો મુનિને અભાવ હોય છે. અને તેના અભાવને કારણે. બસ એટલું. જોકે '**તેમના સદ્‌ભાવમાં હોય છે...**' એનો અભાવ થાય છે એમ કહેવું છે. શું કહે છે? જેને મોહ અને રાગ-દ્વેષનો અભાવ છે તેને આ પાંચ બોલ નથી હોતા. પણ મોહ અને રાગ-દ્વેષની હયાતી છે એમાં આ પાંચ બોલ હોય છે. ક્યા પાંચ? જુઓ, '**વસ્ત્રાભૂષણનું ધારણ,...**' મુનિની દશાની વાત છે. વસ્ત્ર અને આભૂષણ એક ટૂકડો પણ વસ્ત્રનો રહે તે સૂચવે છે કે ત્યાં રાગ છે. મુનિને યોગ્ય રાગ નથી એવો રાગ ત્યાં છે. સમજાણું કાંઈ? વસ્ત્ર અને આભૂષણ-કોઈ દાગીના આદિ.

મુમુક્ષુ :- વસ્ત્ર એકલા હોય અને આભૂષણ ન હોય તો?

ઉત્તર :- વસ્ત્ર એકલું હોય તોપણ ઈ જ છે. અહીં તો બે વાત સાથે લીધી છે. એકલું.. કહ્યુંને. કાલે કહ્યું હતુંને. એક તિલતુષમાત્ર પણ મુનિને ટૂકડો હોય અને મુનિપણું માને, મનાવે, માને તેને અનુમોદે, નિગોદં ગચ્છઈ. સમજાણું કાંઈ? ચીભડાના ચોરને ફાંસીની સજા, એમ કોઈ કહે છે. એમ નથી. કોઈ કહે છે કે અરે! આટલામાં? ચીભડા સમજો છો? કકડી-કકડી. 'કકડીકે ચોરકો કટાર ન મારીએ' આવે છે ભજનમાં. કાકડીના ચોરને. આવો આટલો થોડો ટૂકડો રાખે એક હાથ વેંતનો. સમજાણું? તો એટલું રાખવાથી પણ રાગ સૂચવે છે ત્યાં મુનિપણાને યોગ્ય રાગ નથી. મુનિપણાને યોગ્ય જે રાગ છે એ રાગ નથી, એનાથી વિશેષ રાગ છે. સમજાણું કાંઈ? અને એ રાગ છે ત્યાં...

'(૨) **માથાના અને દાઢીમૂછના વાળનું રક્ષણ,...**' હોય છે. જુઓ, સૂક્ષ્મ વાત

છે થોડી. અને '(૩) **સકિંચનપણું,...**' છે ત્યાં. સકિંચન નામ પરિગ્રહનો કાંઈક સંબંધ છે, થોડો પણ પરિગ્રહનો સંબંધ છે. એ સકિંચનત્વ. સકિંચનત્વ રાગની હયાતી બતાવે છે. પણ પરિગ્રહનો કાંઈ પણ સંબંધ દેખાય તો ત્યાં રાગની હયાતી છે. રાગની હયાતી છે તો રાગનો અભાવ ત્યાં નથી, તો મુનિપણું ત્યાં નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- હયાતી એટલે મોજૂદગી?

ઉત્તર : મોજૂદગી. સમજાણું કાંઈ? હયાતી હિન્દીમાં નથી આવતું? ફારસી ભાષા છે હયાતી. હયાતી છેને હયાતી-અસ્તિ? એ ફારસી ભાષા છે. સદ્ભાવ. એ સદ્ભાવ કહ્યોને? જુઓને. આહા..હા..!

'**સકિંચનપણું,...**' છે નીચે, જુઓ! '**જેની પાસે કાંઈ પણ (પરિગ્રહ) હોય એવું.**' કાંઈપણ હોય થોડો પણ પરિગ્રહ તો સમજે કે એનો રાગ છે અને રાગ છે તો મુનિપણું નથી. એવી વાત છે. સમજાણું કાંઈ? સકિંચન. જુઓ, તેથી આચાર્ય મહારાજે અષ્ટપાહુડમાં લીધું છે કે જેને આત્માના ભાનસહિત મુનિપણું છે ત્યાં નવ-નવ કોટીએ મન, વચન અને કાયાથી કરણ, કરાવણ, અનુમોદનથી વસ્ત્રનો ત્યાગ થયો છે પરિગ્રહનો. સમજાણું કાંઈ? તો કહે છે કે ભાઈ એને કાયાથી રહે તો શું? મન, વચનથી તો છૂટી ગયું છે. પણ કાયામાં રહે છે તો એટલો પરિગ્રહ છે અંદર જ્ઞાનમાં અથવા રાગનો. કાયાથી છૂટ્યું ત્યારે કહેવાય કે કાયા ઉપર વસ્ત્રનો, નિમિત્તનો રાગ નથી, અને રાગ છે અને વસ્ત્રનો ટૂકડા લેવાનો ભાવ થયો તો મુનિપણું રહેતું નથી.

મુમુક્ષુ :- બહારની વાત છે.

ઉત્તર :- બહારની વાત છે. સમજાણું કાંઈ? બહારની એવી ચીજ લીધી. વસ્તુનું સ્વરૂપ એવું છે. વીતરાગતા જ્યાં જોઈએ એ વીતરાગતામાં એવો રાગ હોય જ નહિ. જ્યાં મોહ અને રાગ-દ્વેષનો અભાવ છે ત્યાં એવો રાગ હોતો નથી અને મોહ-રાગના અભાવમાં... જ્યારે જ્યારે રાગ-દ્વેષનો ભાવ થાય છે ત્યારે એવો સંબંધ થાય છે. સમજાણું કાંઈ? સમજાણું કાંઈ?

શ્વેતાંબર તો કહે છે કે એટલા કપડા હોય. ચૌદ પ્રકારના ઉપકરણ હોય. તોપણ મુનિપણું છે. બિલકુલ તત્ત્વદષ્ટિથી વિરુદ્ધ છે. સમજાણું કાંઈ? વસ્તુદષ્ટિથી વિરુદ્ધ છે. એ કોઈ સંપ્રદાયના પક્ષની વાત નથી. મહામુનિ આહા..હા..! ગજબ વાત છે! ચારિત્ર જેને થયું આહા..! પરમેશ્વર પદમાં ભળ્યા. ક્ષુલ્લક હોય અગિયારમી પડીમાધારી પંચમ ગુણસ્થાનવાળો એ પણ પંચ પરમેષ્ઠીમાં નથી ભળતો. નહિતર તો એક લંગોટીમાત્ર રાખે અને એક ટૂકડો રાખે. લ્યો! એટલું છે. એ સિવાય વસ્ત્ર ક્ષુલ્લકને હોતું નથી. ટૂકડો. ચાદર-ફાદર ઓઢે એમ નહિ. ખંડ વસ્ત્ર. ખંડ વસ્ત્ર. લંગોટી અને ખંડ વસ્ત્ર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો ઉપકરણ માને છેને. બહાર નીકળ્યા તો પહેલા ઉપકરણ માન્યા ત્યારે શ્વેતાંબર નીકળ્યા. દૃષ્ટિમાં વિપરીત થયા. પહેલા અર્ધફાલક કટકો લીધો હતો. બાર દુકાળ પડ્યાને? અર્ધફાલક સમજ્યા? અડધો ટૂકડો લીધો હતો. પછી કરતાં... કરતાં... કરતાં... શાસ્ત્ર બનાવ્યા અને વસ્ત્ર સ્થાપ્યા.

અહીંયાં તો કહે છે કે ક્ષુલ્લક પણ છે એને પણ માત્ર લંગોટી અને થોડો ટૂકડો (હોય). એનાથી વિશેષ હોય તો ત્યાં અંદર તીવ્ર રાગ બતાવે છે. એવી વાત છે. અને તીવ્ર રાગ છે ત્યાં પાંચમું ગુણસ્થાન નથી અને પાંચમું ગુણસ્થાન નથી છતાં એ પદવીને પાંચમા ગુણસ્થાન તરીકે સ્વીકારે કે બીજા માને, મનાવે અને અનુમોદે તો એ પણ નિગોદમાં જનારા છે. એવી વાત છે. સમજાણું કાંઈ? આ તો માર્ગની પદવીથી આઘુંપાછું કાંઈ પણ કરે તો એ વસ્તુસ્થિતિની મર્યાદાને ઓળંગી જાય છે. સમજાણું કાંઈ?

એ કહે છે અહીંયાં જુઓ, '**સકિંચનપણું...**' આહા..હા..! કાંઈપણ સંબંધ એ ભૂમિકાથી વિશેષ રહ્યો તો સમજવું કે આ પરિગ્રહવંત છે, નિષ્પરિગ્રહી થયો નથી. સમજાણું કાંઈ? અને '**(૪) સાવદ્યયોગથી યુક્તપણું...**' હવે સાવદ્યયોગ જ્યારે દેખાય છે કે પાપના પરિણામ એવા નિમિત્તમાં, તો સમજવું કે ત્યાં રાગનો ભાવ છે. અશુદ્ધ સાવદ્યના પરિણામ દેખાય છે કે આ સૂક્ષ્મ હિંસા કરે છે, સમજાણું કાંઈ? એકેન્દ્રિય જીવ છેને પૃથ્વી, પાણી, અગ્નિ એને પણ જરી અડે છે, સ્પર્શે છે તો સમજવું કે સાવદ્યયોગ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કાચા પાણીને અડે.

ઉત્તર :- કાચા પાણીને અડે, વનસ્પતિને અડે, કાચાને અડે, અડતો હોય, તેને .. અને કરતાને અનુમોદે, બધી એક ચીજ છે. નવ કોટી છે. સમજાણું કાંઈ? મુનિને સાવદ્યયોગનો ભાવ હોતો જ નથી. એ તો મોહના ભાવની હયાતીમાં.. હયાતી બોલીએ છીએ, મોજૂદગીમેં, એ રાગની હયાતીમાં એ ભાવ સાવદ્યયોગ છે. સમજાણું કાંઈ? આહા..હા..! વાત તો એવી છે. આ તો વીતરાગનો માર્ગ છે, કોઈ પક્ષનો નથી. સમજાણું કાંઈ? આવી ચીજ, નિશ્ચય સહિતના રાગનો અભાવ અને નિમિત્તનો અભાવ આવી ચીજ તો વીતરાગમાર્ગમાં જ હોય છે. એ સિવાય ક્યાંય કોઈ ત્રણ કાળમાં સત્યનો અંશ ક્યાંય હોય (એમ નથી). સમજાણું કાંઈ?

અહીંયા એક સાધુ આવ્યા હતા. એક બાવો. સિહોર. મોટો મહોત્સવ કર્યો. ૧૫-૨૦ લાખ રૂપિયા ખર્ચ્યા. લોકો તો... શંકરાચાર્ય ઉતાર્યા ચારેય. ચાર છેને શંકરાચાર્ય. ચાર છેને. ચાર ગાદી. અહીંયા શિહોર છેને પાંચ માઈલ. મોટો મહોત્સવ કર્યો હતો. લાખો માણસ... લાખો માણસ આવ્યા. એ બાવાજી હતા એ એક લાખ રૂપિયાનો મોતીનો હાર પહેરતા હતા. એક લાખ રૂપિયાનો મોતીનો હાર. નાની ઉંમર હતી. દુનિયા ગાંડી છે, પાગલ. ઓહો..હો.! મહારાજ... મહારાજ... મહારાજ... અમારા ગુરુ પણ એમ જ કરતા હતા. એ તો ક્યાંય

રહ્યા આભૂષણ તો. પણ અહીંયા તો વસ્ત્રનો ટૂકડો રાખે તોપણ રાગ છે અને રાગ છે તો ત્યાં મુનિપણું નથી. મુનિપણું નથી ત્યાં તો નવેય તત્ત્વની ભૂલ થઈ. બતાવ્યું હતુંને, સવારે થોડું બતાવ્યું હતું. સમજાણું કાંઈ? નવેય તત્ત્વની ભૂલ છે. કેમકે જેટલા પ્રમાણમાં ત્યાં રાગ ન જોઈએ એટલો રાગ છે અને આસ્રવનું એને યથાર્થ જ્ઞાન નથી અને એના પ્રમાણમાં આસ્રવનો અભાવ હોય તો એટલો રાગ ન હોય, તો સંવરનું પણ જ્ઞાન નથી. સંવરનું જ્ઞાન નથી તો એટલા પ્રમાણમાં શુદ્ધિ થાય, શુદ્ધિ હોય તો રાગ ઘણો મંદ હોય છે—એની ખબર નથી તો નિર્જરાની પણ ખબર નથી અને નિર્જરાના ફળરૂપ મોક્ષ એની પણ શ્રદ્ધા નથી. બધા નવ તત્ત્વની શ્રદ્ધામાં ફેર પડે છે. આહા..હા..! એમ કુંદકુંદાચાર્યે કાંઈ સાધારણ વાત એકદમ કહી દીધી છે એમ નથી. વસ્તુનું સ્વરૂપ એવું છે, ભાઈ! એમ કહે છે. વસ્તુની એક સમયની પર્યાયમાં જો એટલો રાગ રહે, વસ્ત્રાદિ લેવાનો સાવદ્યયોગ ભાવ રહે તો ત્યાં મુનિપણું રહેતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી ઓળખાણ તો એણે પહેલી કરવી પડે કે નહિ? સામે શું છે એ પોતાની શ્રદ્ધા સુધારવા માટે બીજાની ઓળખાણ કરવાની છે. પોતા માટે. સમજાણું કાંઈ? એ અહીંયાં આચાર્ય મહારાજ પાંચ બોલથી કહે છે.

'**સાવદ્યયોગથી યુક્તપણું...**' ત્યાં રાગ છે. એ પ્રમાણે રાગ છે તો ત્યાં મુનિપણામાં જે રાગનો અભાવ હોવો જોઈએ તે રાગનો અભાવ છે નહિ. '(૫) **શરીરસંસ્કારનું કરવું,...**' શારીરીક સંસ્કાર. સુશ્રુષા, સુશ્રુષા, શોભા. તેલ ચોપડવું આદિ કરે છે કે નહિ? શું કહે છે એને? શણગાર. એ શરીર સંસ્કાર. મર્દન કરે, તેલ ચોપડે, બદામનું તેલ ચોપડે, માલીશ કરે, સંસ્કાર બધા આમ આમ કરે, એ બધું અંદરમાં રાગ છે એમ બતાવે છે. સમજાણું કાંઈ? અન્યમતિમાં ઘણા નગ્ન રહે છે પણ ભસ્મ ચોપડે છે. એ તો એનું એ થયું. અહીંયા કપડા છોડી દીધા, પણ નભાવી શકે નહિ તો સવારમાં એક, બે, ત્રણ પ્રકારના તેલ રાખે છે. ઘસે છે. સવારમાં મર્દન કરે. એ વસ્ત્રનો બાપ થયો. વસ્ત્રથી વધારે ઉપાધિ થઈ. સમજાણું કાંઈ? ઘણો પરિગ્રહ થયો, તો ઘણી મમતા થઈ. અને એ ભૂમિકામાં એવું હોતું નથી.

મુમુક્ષુ :- ક્યારેક બિમારી આવે ત્યારે..

ઉત્તર :- તોપણ કાંઈ નહિ. બિમારી-ફિમારી આત્માને છે જ નહિ. મોતીયો આવે તો શું કરવું? મોતીયો સમજ્યા? મોતીબિંદુ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નહિ. .. કરવું. શક્તિ છે જ. નથી શું? સંથારો કરી લ્યે. અમારી ભૂમિકાથી આગળ જઈને અમારો નભાવ નથી થતો અને રાગ થાય છે તો સંથારો કરે. એમ છે. શરીરની સાથે શું છે? આંખ બંધ થઈ ગઈ. આંખમાંથી તેજ ચાલ્યું ગયું. નાની ઉંમર હોય. મુનિપણું હોય. સંથારો (લઈ લ્યે). અને નભી ન શકે લાગે તો પછી ઉતરી જાય. તો સાધુપણું રહેતું નથી. સમજાણું કાંઈ? એવી વાત છે શાસ્ત્રમાં. ઉતરી જાય, હેઠે ઉતરી જાય. મારી સ્થિતિ

પ્રમાણે નહિ રહી શકું. ઉતરી ગયાને સંમતભદ્ર. સંમતભદ્ર. નીકળી ગયા. મુનિપણું રહ્યું નહિ. છોડી દીધું. મારો આમ નભાવ નહિ થઈ શકે. ભોજન ઘણું જોઈએ છે, મુનિપણું રહેશે નહિ. એટલા રાગમાં મુનિપણું હોતું નથી. છોડી દીધું.

અહીં તો કહે છે કે '**સાવદ્યયોગથી યુક્તપણું...**' ત્યાં રાગપણું બનાવે છે. કંઈ પણ વનસ્પતિ એકેન્દ્રિય જીવ, દાણો દાણો હોય છેને? એમાં જીવ છેને. બાજરી, જુવાર એનો સંબંધ થાય, તેનો સાવદ્યયોગ હોય, એમાં પગ મૂકે. આ લીમડાના ફૂલ હોય છેને? લીમડાના ફૂલમાં અનંત જીવ છે. અનંત જીવ. ચાલતી વખતે નીચે લીમડાના ફૂલ ઉપર ચાલે તો તે સાવદ્યયોગ છે. ત્યાં તીવ્ર રાગ બતાવે છે. સમજાણું કાંઈ? અને આ વનસ્પતિ છે જુઓ એટલી થશે હવે. લીલા અંકુર આવડા.. આવડા.. આવડા એક એક અંકુર નવા નીકળે તો અનંત જીવ છે. અને પછી ખુલી જાય છે. એનો ખ્યાલ ન રાખે અને સાવદ્યભાવ રહે એ રાગની હયાતી છે એમ બતાવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- એનું ફળ?

ઉત્તર :- ફળ આવી ગયું પહેલા. સાવદ્યફળ છે ત્યાં રાગ છે, રાગ છે ત્યાં મુનિપણું નથી અને મુનિપણું માને તો એનું ફળ છે નિગોદ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાં કરી છે? કંઈ કરી નથી. બગાડ્યું છે. પોતાની પદવીને યોગ્ય નથી અને બગાડ કર્યો છે. સમજાણું કાંઈ? માર્ગ તો એવો છે, ભાઈ! સમજાણું કાંઈ? વ્રત ન લેવા એનો બીજો કોઈ દોષ નથી. અવ્રતનો દોષ છે જ, પણ વ્રત લઈને એનો ભંગ કરવો એ તો મહાદોષ છે, મહાપાપ છે. એવી વાત છે, ભાઈ!

મુમુક્ષુ :- વર્તમાનમાં ચાલે છે...

ઉત્તર :- વર્તમાન ચાલે છે (એની વાત નહિ), આ તો માર્ગ આવો છે. વસ્તુની સ્થિતિ આમ છે.

મુમુક્ષુ :- તો મુનિને રહેવાનું જંગલમાં?

ઉત્તર :- જંગલમાં જ રહે છે, વનવાસમાં રહે છે. એ તો અંદર આનંદમાં શાંતિમાં રમે છે. ત્યાં કોઈ પગરવ નથી. માણસનો પગરવ હોય ત્યાં એને ચેન પડતું જ નથી. જંગલમાં ચાલ્યા જાય. આનંદ, અતીન્દ્રિય આનંદના અનુભવમાં છે તેને મુનિ કહે છે. પ્રચુર સ્વસંવેદન આવ્યુંને ભાઈ? પાંચમી ગાથા સમયસાર. અમંદ-સ્વસંવેદન. આહા..હા..! મહા આનંદ... આનંદ... આનંદ... એ રાગનો કણ ... એવી રાગની હયાતી હોય તો શરીરના સંસ્કાર કરતા દેખાય છે. તેલ ચોપડવું, મર્દન કરવું. કેમકે એ પ્રકારનો રાગ તીવ્ર છે. તીવ્ર રાગ છે ત્યાં આગળ મોહનો પણ ભાવ છે અને માની લે કે મને સાધુપણું છે, તો મિથ્યાત્વનો ભાવ થયો.

'**(એ પાંચનો) અભાવ હોય છે;...**' લ્યો! આ મોહનો અને રાગ-દ્વેષનો અભાવ થાય છે ત્યાં આ હોય છે. પણ મોહ અને રાગ-દ્વેષનો મુનિને અભાવ થાય છે ત્યાં આ પાંચેયનો અભાવ થાય છે. સમજાણું કાંઈ? જુઓ, ચરણાનુયોગની વિધિ. ચોથે ગુણસ્થાને પણ એટલી હદ હોવી જોઈએ. એના પ્રમાણમાં એને માંસ, મદિરા, મધનો ભાવ હોતો નથી. અભક્ષ્યનો એવો ભાવ હોતો જ નથી. સમજાણું કાંઈ? એટલો તીવ્ર માંસ આદિનો ભાવ છે તો ચોથા ગુણસ્થાનની દશા સૂચવતું નથી. એવી વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એમ નથી. એ શબ્દ છે ત્યાં. સ્થૂળપણે ભાઈ એક શબ્દ આવ્યો હતો આપણે ચર્ચામાં. સ્થૂળ શબ્દ. ... સ્થૂળ માંસ આદિ સીધું ન હોય. કોઈ સૂક્ષ્મ અતિચાર લાગે એ... સમજાણું કાંઈ? આહા..હા..!

કેટલાક કહે છે. અહીં અમારે ચર્ચા થઈ હતી જીવનધરજી સાથે. સમકિતી હોય એ માંસ ખાય તો ક્યાં સમકિતમાં બાધ છે? કેમકે ત્રસની હિંસા તો કરે છે. ઈ છેને, ગોમ્મટસારમાં આવે છે. ... ભાઈ! ત્રસ હિંસા એ તો લડાઈ આદિની ત્રસ હિંસા છે. ખાવામાં માંસ છે એ માંસ લેવાનું ચોથા ગુણસ્થાનમાં હોતું જ નથી. અરે! એવો ભાવ જ થતો નથી. સમજાણું કાંઈ? ... દૃષ્ટાંત આપ્યું હતું. ૨૦૧૩ની સાલમાં આવ્યા હતા. જુઓ, એમાં એમ છે ત્રસનું. પણ એ તો લડાઈ આદિનો ભાવ છે ત્યાં ત્રસની હિંસા છે એ ચાલે છે. ખોરાકમાં ત્રસની હિંસા અને માંસ આદિ લેવું એ સમકિતીને હોતું જ નથી. એમ છે. આહા..હા..! અરે..! માણસને હજી શાસ્ત્રનો અર્થ કરવામાં પણ પોતાનો પક્ષ લગાવે. સમજ્યા? આ તો પોતાની સ્વચ્છંદતા થઈ. વીતરાગ શું કહે છે અને વીતરાગનો ભાવ શું સમજાવે છે અભિપ્રાય, એ દૃષ્ટિથી પોતાનો ભાવ ન સમજે અને પોતાની દૃષ્ટિએ કરે તો બધું ઊલટું થઈ જાય છે. લડાઈમાં હજારો માણસ મરે છે. એમાં સમકિતીને દોષ છે, પણ સમકિતદૃષ્ટિમાં કોઈ હરકત નથી. પણ માંસની એક કટકી પણ ખાવાનો ભાવ થાય, સમકિત નહિ રહી શકે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ડૉક્ટરની દવામાં...

ઉત્તર :- દવા તો... ઘણી દવા સીધી હોય છે, એ માંસવાળી હોતી નથી. સીધું માંસ આદિ દેખાય એવી હોતી નથી. કોઈ સાધારણ અતિચાર થાય, સાધારણ ભૂક્કીમાં કોઈક સાધારણ હોય એ જુદી વાત છે. અહીંયાં તો... સમજાણું? હવે દવા ચોખ્ખી ઘણી (આવે છે). હમણા અમે ગયા હતાને મુંબઈ. આપણે એ બલુભાઈ વાત કરતા હતા. ઈ ઘરે બનાવે છે એ બધું જોયું. જેવી વિલાયતી હોય એવી દેશી બને છે. ત્યાં જોઈ, અમે ત્યાં આહાર કરવા ગયા હતાને ભાઈ! ત્યાં તમે જોઈ હતીને. બલુભાઈ મોટા ડોક્ટકર છે. નવ લાખ, દસ લાખ, વીસ લાખનું મકાન બનાવ્યું છે. ત્યાં આહાર કરવા ગયા હતા, તો ત્યાં બધું

બતાવ્યું. જેવી વિલાયતી છે એવી જ બધી દેશી બને છે. ગોળી ને આ બધું અમે જોયું.

મુમુક્ષુ :- અને ક્યાંય હાથ પણ ન અડે.

ઉત્તર :- હાથ અડે નહિ. એ અમે જોયું હમણા. રામજીભાઈ હતા, ઘણા મહેમાન હતા. અમે તો આહાર કરવા ગયા હતાને. આપણો પ્રેમ થઈ ગયો. મલાડમાં મંદિરનું શું કહેવાય? શિલાન્યાસ, એમાં પંદર હજાર આપ્યા અને હમણા મુંબઈમાં પંચકલ્યાણક થયા તો એમાં ભગવાનને આહારનો દિવસ હતોને આહારનો દિવસ. તો એણે આહારના સોળ હજાર આપ્યા. છે બધા ગૃહસ્થ છે. તો ત્યાં આહાર કરવા ગયા હતા. ત્યાં બધું બતાવ્યું. જુઓ અમે અહીં દેશી બનાવીએ છીએ. કોઈ વિલાયતી દવા નહિ. ગોળી નાની, મોટી અનેક પ્રકારની. દમ ઉપર, શ્વાસ ઉપર, એવી-એવી બધી બતાવી. ભાઈ હતા તમે? એક તો એવી ગોળી હતી, મેં કીધું, આ તો વિલાયતી ગોળી. આ ક્યાં? કહે ના, ના. અહીં દેશી બને છે બધી. થોડો એમાં આલ્કોહોલ હોય છે એટલું. આલ્કોહોલ સમજો છો? પછી ઉડી જાય. શું કહેવાય? કેળ શું કહેવાય એ? કેળનું ઝાડ. એ કેળમાંથી રસ કાઢે છે અને થોડો એમાં .. હોય છે, પણ એ થોડો અંદર નાખે અને પછી ઉડી જાય, અંદર ન હોય.

મુમુક્ષુ :- આયુર્વેદની આવે છે એમાં પણ નાખે છે. બધી દવામાં-આયુર્વેદિક તમામ દવામાં જેટલી ગોળીઓ બનાવે એ બધાયમાં આલ્કોહોલ હોય. નહિતર રહે નહિ.

ઉત્તર :- અહીં તો કહે છે કે એવો યોગ હોય એમ ન બને. એ તો પ્રશ્ન પાછા બહુ ચાલતા હતાને. પાંચમા ગુણસ્થાનવાળા સ્વયંભૂરમણ સમુદ્રમાં શ્રાવક છે. એક હજાર યોજનના મચ્છ. ચાર હજાર કોષ લાંબા, ચાર હજોર કોષના લાંબા. એ પાણી પીવે છે ત્યાં ક્યાં ગરણું છે? કપડું-બપડું છે નહિ. મત્સ્ય આવી જાય છે પેટમાં. નાના-નાના મચ્છ પણ પેટમાં આવે છે. પણ એ તો અશક્ય પર્યાય, બીજી કોઈ ચીજ નથી. શું કરે? સમજાણું કાંઈ? એથી એમ કોઈ છૂટ લે કે એને આમ થાય છે તો અમને પણ હરકત નથી. એમ નથી. સમજાણું કાંઈ? અમારે તો ઘણી ચર્ચા ચાલે છેને. જુઓ, ભાઈ! હજાર યોજન. ચાર હજાર ગાઉનો મચ્છ. પંચમ ગુણસ્થાન, અનુભવી અને ત્યાંથી સ્વર્ગમાં જઈને મનુષ્ય થઈને મોક્ષ જનારા એવા અસંખ્ય પશુ પડ્યા છે. સ્વયંભૂરમણ સમુદ્રમાં અસંખ્ય પશુ પડ્યા છે. આત્મા તો આત્મા છે કે નહિ? ભલે પશુ હોય. આહા..હા..!

કહે છે, એના પેટમાં તો ઘણું પાણી જાય છે અને પાણીમાં નાના-મોટા મચ્છ ઘણા હોય. અંગુલના અસંખ્ય ભાગમાં મચ્છ છે, અંગુલના અસંખ્ય ભાગમાં. એ તો પાણીમાં ઘણા છે. બીજો ઉપાય નથી. દેવચંદજી! પણ એ બહાનું લઈને કોઈ બીજા કહે કે અમને પણ માંસ આદિ હોય તો હરકત નથી. એ વાત છે નહિ. સમજાણું કાંઈ? એવો ભાવ રાગની હયાતીમાં આવે છે. રાગનો અભાવ હોય ભૂમિકા પ્રમાણે ત્યાં એવો ભાવ હોતો નથી. જુઓ! ત્યારે શું હોય છે હવે, એ રાગાદિ, મોહાદિ ગયા તો?

**'જન્મસમયના રૂપ જેવું રૂપ,...'** માતાએ જન્મ્યો જેવું મુનિનું રૂપ છે ભાઈ! અનાદિ જિનેશ્વરે આ કહ્યું છે. સમજાણું કાંઈ? બાહ્ય રૂપ એવું થઈ જાય છે. **'જન્મસમયના રૂપ જેવું રૂપ,...'** વીતરાગદશા થઈ અનુભવસહિત, ત્યાં તો જન્મ સમયે બાળક હોય એવા બાળક (જેવું રૂપ). નિર્વિકારી અંતરમાં અને બાહ્યમાં એવું એનું લિંગ હોય છે. તેને મુનિપણું કહે છે. અને **'માથાના અને દાઢીમૂછના વાળનું લુંચિતપણું,...'** રાગ નથી તો લોચની ક્રિયા રાગના અભાવમાં એવી થાય છે. ક્રિયા ક્રિયાથી થાય છે હોં! એ જીવ કરતો નથી. આગળ કહેશે પણ એ ભાષા લેશે. ભાષા તો લેને. ક્રિયા લેશે. બધી ક્રિયાનો એક કર્તા દેખાડતા થકા. છેને? એમાં છે. સાતમી ગાથા છે. એ ક્રિયા ચરણાનુયોગની વ્યાખ્યા છેને એટલે એવું બતાવે છે જરી.

મુમુક્ષુ :- .. હોય છે.

ઉત્તર :- હા, હોય છે તે બતાવે છે. સમજાણું કાંઈ?

અને **'શુદ્ધપણું,...'** જુઓ, ભાષા! **'સંકિચનપણું,..'**ની સામે શુદ્ધત્વ. બિલકુલ શુદ્ધ. શરીરમાં વસ્ત્રનો ટૂકડો પણ નહિ. વાળ જેટલો પણ વસ્ત્રનો ટૂકડો નહિ. તે જ શુદ્ધ લિંગ છે. સમજાણું કાંઈ? અને **'હિંસાદિરહિતપણું...'** સાવદ્યયોગની સામે. એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિયની હિંસા નહિ. પૃથ્વી, પાણી. પાણીના એક બિંદુમાં અસંખ્ય જીવ, પૃથ્વીના એક ટૂકડામાં અસંખ્ય જીવ, અસંખ્ય જીવ. પાણીના એક બિંદુમાં અસંખ્ય જીવ. અગ્નિનો એક તણખો. તણખો સમજો છો? કણ (એમાં) અસંખ્ય જીવ. વાયુમાં અસંખ્ય જીવ, વનસ્પતિમાં નિગોદ હોય તો એક ટૂકડામાં અનંત જીવ. પ્રત્યેક હોય તો અસંખ્ય જીવ. એની હિંસાનો ભાવ એને થતો નથી. હિંસાદિ રહિત ભાવ. પંચેન્દ્રિય તો નહિ, પણ એકેન્દ્રિયની પણ હિંસા કરવી નહિ, કરાવવી નહિ અને કરતો હોય તેને અનુમોદન નહિ. એવી ક્રિયા મુનિની છઠ્ઠા ગુણસ્થાને ભગવાને જોઈ છે. એમ હોય તો મુનિપણું છે, નહિતર નથી.

**'તથા (૫) અપ્રતિકર્મપણું...'** સંસ્કાર નહિ. શરીરના સંસ્કાર. તેલ ચોપડવું કે મર્દન કરાવવું કે આમ કરવું, સમજાણું? એવું હોતું નથી.

મુમુક્ષુ :- સાબુ-બાબુ તો ચોપડાયને?

ઉત્તર :- સાબુ ક્યાં? પાણી ક્યાં એની પાસે હોય તો ચોપડે? સાબુ ક્યાંથી ચોપડે? આ તો તેલ રાખે છે કેટલાક ખાનગી. રાત્રે ચોપડાવે. કોઈ ન દેખે એટલે તેલ ચોપડે. દિવસે પણ ચોપડે? હશે કોઈ. ક્ષુલ્લક પણ તેલ ઘણું ચોપડે છે. સાંભળ્યું છેને. બે-બે-ત્રણ-ત્રણ પ્રકારના તેલ રાખે છે. આમ ચોપડે શરીરને. એ ચીજ નહિ, ભાઈ! તેં રાગનો ત્યાગ કર્યો છેને? તો તને ખબર નથી કે રાગનો ત્યાગ કેટલો ક્યાં હોય એની તને ખબર નથી. એ તો અજ્ઞાન થયું. અજ્ઞાનમાં તો એ ત્યાગ વ્યવહાર પણ સાચો નથી. કઠણ માર્ગ છે, ભાઈ! એ સર્વજ્ઞ પરમેશ્વરના માર્ગમાં આવું હોય છે. અન્યમતમાં તો બાયડી છોકરા હોય અને ભગત

હોય તોપણ સંત અને સાધુ કહેવામાં આવે. જુઓ! અન્યમતમાં. અમારે ત્યાં તો ત્યાં સુધી ચાલતું હતું ગુજરાતમાં. અમે ગુજરાતમાં રહેતા હતાને દુકાને. કારણ કે વેપાર હતોને. તો ત્યાં એક બાવો હતો. એક થઈ ગયો વળી. અમને તો આત્માનો સાક્ષાત્કાર થયો છે. બધું ખોટું. સમજાણું કાંઈ? અન્યમતિમાં વેદાંતમાં એમ છે. નિરંજન નિરાકાર ભગવાનનો અમને સાક્ષાત્કાર થયો છે. બિલકુલ જૂઠ છે. જ્યાં તત્ત્વની વસ્તુની ખબર નથી, વસ્તુમાં શક્તિઓ શું એની ખબર નથી, એની પર્યાયની ખબર નથી, પલટવું શું છે એની ખબર નથી. ભૂમિકાને યોગ્ય ગુણસ્થાનમાં કેટલી દશા હોય છે? સંયોગ કેટલો છૂટી જાય છે? કેટલો સંયોગ રહે છે? કોઈ ખબર નથી તો મુનિપણું, સાધુપણું આવ્યું ક્યાંથી? તેને કેટલાક સંત કહે છે. સમજાણું કાંઈ? આવે છેને, એ તુકારામ ને ફલાણા આ બધા મહારાષ્ટ્રના સંત. સંત કેવા? આહા..હા..! સમજાણું કાંઈ? તેને સંત માને એ દૃષ્ટિ મિથ્યાત્વ છે. આહા..હા..! એય..! દેવચંદજી! આ તો માર્ગ એવો છે ભાઈ!

અમને તો કેટલાક સાધુ એવા મળ્યા છે. ખાનગી કહે, આવો અમને સાક્ષાત્કર થયો છે લ્યો! ભગવાનનો સાક્ષાત્કાર થયો છે અમને. હવે થયો. ભાન નથી હજી તત્ત્વ શું છે? છ દ્રવ્ય શું છે? નવ તત્ત્વ શું છે? નવ તત્ત્વમાં આત્મા ભિન્ન શું છે અને રાગ શું છે? સર્વજ્ઞપદ ક્યાંથી આવે છે અને પૂરું કેમ પ્રાપ્ત થાય છે? એની સાધકદશાની કેવી સ્થિતિ છે એની ખબર નથી ને ક્યાંથી આવ્યું? સમ્યગ્દર્શન નથી તો વળી બીજો ધર્મ ક્યાંથી થયો? કઠણ વાત છે. ઓલા કહે છેને સંત તુલસી, સંત કબીર, સંત આ, એવા બહુ શબ્દો લગાવે છે, બહુ લગાવે છે. બધી વિપરીત માન્યતા છે. સમજાણું કાંઈ? માન્યતાની ખબર નથી. વૈદરાજજી! આવી વાત છે.

'**(શરીરની સજાવટનો અભાવ) હોય જ છે. માટે આ બહિરંગ લિંગ છે.**' જુઓ, આ બહિરંગ લિંગની વાત થઈ. હવે અંતરની વાત કરે છે.

મુમુક્ષુ :- બેય જોઈએ કે એક હોય તો ચાલે?

ઉત્તર :- બેય હોય. એક હોય તો ચાલે ક્યાંથી?

મુમુક્ષુ :- પહેલા એ હોય પછી...

ઉત્તર :- પછી... પછી... હોતું જ નથી. ભાવલિંગ હોય તો દ્રવ્યલિંગ આવું હોય જ છે. પછી.. પછી.. ક્યાં આવ્યું? અહીં તો સાથે સાથે લીધું છેને. એ માટે તો આ ચરણાનુયોગ અધિકાર છે. આચાર્યે કહી નિશ્ચયના અનુભવની વાત. પર્યાયદૃષ્ટિ રહે, પોતાની પર્યાય ઉપર દૃષ્ટિ રહે તોપણ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! રાગ ઉપર, નિમિત્ત ઉપર દૃષ્ટિ રહે એ તો મિથ્યાદૃષ્ટિ છે. એક સમયની અવસ્થા છે એના અસ્તિત્વ ઉપર દૃષ્ટિ રહે તો આખા ધ્રુવનો અભાવ થઈને મિથ્યાદૃષ્ટિ થાય છે. સમજાણું કાંઈ? પર્યાયદૃષ્ટિ નાહિ, નથી આવતું? ઓલામાં આવે છેને બનારસીદાસમાં નહિ? પર્યાયબુદ્ધિ નાહિ, પર્યાયબુદ્ધિ નાહિ.

મુમુક્ષુ :- પજ્જાય મૂઢા પરસમયા.

ઉત્તર :- હા એ તો એમાં, આ તો બનારસીદાસમાં. ત્યાં તો છે જ. પણ બનારસીદાસમાં (આવે છે), 'પર્યાયબુદ્ધિ નાહિ. 'સવારથકે સાચે પરમારથકે સાચે ચિત્ત, સાચે બૈન કહે સાચે જિન મતિ હૈ.' (મંગલાચરણ પદ ૭) સમજાણું? એમ આવે છેને બહુ આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના ગૃહસ્થ, ન યતિ. ચોથું ગુણસ્થાન લે છેને. ન ગૃહસ્થ છે, ન યતિ છે. શ્રાવક નથી, પંચમ ગુણસ્થાનના મુનિ પણ નહિ. પણ પર્યાયબુદ્ધિ નાહિ. એક સમયની અવસ્થાની બુદ્ધિ સમકિતદૃષ્ટિને હોતી નથી. આહા..હા..! આખા અનંતગુણનો પિંડ ભગવાન દ્રવ્યસ્વભાવ, ધ્રુવ દૃષ્ટિનો વિષય છે એ તો રહી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? પુણ્ય કરવું અને નિમિત્તને લાવવું-મેળવવું એ તો ક્યાંય દૂર રહ્યું, પણ પોતાના દ્રવ્ય સ્વભાવમાં એક સમયની પર્યાયમાં પરિણામ જે છે પરિણામ એ વ્યવહાર છે અને વ્યવહાર છે એ ખરેખર વસ્તુની દૃષ્ટિથી અભૂતાર્થ છે. અભૂતાર્થ છે તો નિશ્ચય સત્યાર્થની અપેક્ષાએ અસત્યાર્થ છે અને એના ઉપર દૃષ્ટિ રાખવી એ અસત્યાર્થ મિથ્યાદૃષ્ટિ છે. પંડિતજી! ભારે વાત ભાઈ! આહા..હા..!

એ કહ્યુંને કે પરિણામ છેને પર્યાય, એ બધો વ્યવહાર છે. નિશ્ચય તો ધ્રુવ ત્રિકાળી. ત્રિકાળી વસ્તુ પિંડ એકલો એ જ નિશ્ચય. પર્યાય વ્યવહાર. એમાં ને એમાં વ્યવહાર સમાડ્યો. રાગ વ્યવહાર અને પર નિમિત્ત એ બીજી વાત. એ પછી અસદ્ભુત વ્યવહાર. આ તો સદ્ભૂત વ્યવહાર. કેવળજ્ઞાન પર્યાય છે કે નહિ? તો સદ્ભૂત વ્યવહાર છે એ. એમ એક સમયની પર્યાય, કોઈપણ પર્યાય જ્ઞાન-દર્શન આદિ એક સમયની દૃષ્ટિમાં, પર્યાયમાં અંશબુદ્ધિમાં (દૃષ્ટિ છે). કેમકે પરિણામ એ વ્યવહાર છે. વ્યવહાર તે અસત્યાર્થ છે. સત્યાર્થ ત્રિકાળી છે. તો ત્રિકાળની અપેક્ષાએ સત્યાર્થ છે અને અસત્યાર્થરૂપ દૃષ્ટિ રહેવાથી મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- હજી એકવાર.

ઉત્તર :- ફરીને. એ આત્મા છેને? આત્મામાં બે અંશ છેને—એક ત્રિકાળી, એક સમયની અવસ્થા પરિણામ. તો એક સમયના પરિણામ, પછી રાગાદિ ભલે નહિ. જ્ઞાનનો ક્ષયોપશમ લ્યો, વીર્યનો ક્ષયોપશમ લ્યો, ઈ એક સમયના વિકાસનો અંશ છે. એ અંશ છે તેને ભગવાન વ્યવહાર કહે છે.

મુમુક્ષુ :- અશુદ્ધ હોય, અપૂર્ણ હોય..

ઉત્તર :- અહીં તો જ્ઞાનથી લીધુંને. જ્ઞાનના ક્ષયોપશમનો અંશ છે, દર્શનનો ક્ષયોપશમ, દર્શન શબ્દે ઉપયોગ તેનો ક્ષયોપશમ અંશ છે, સમજાણું? અને રાગની મંદતાનો ક્ષયોપશમભાવ હોય વ્યવહારનયે, રાગની મંદતા થાય તેને વ્યવહારે દ્રવ્યનિક્ષેપે ક્ષયોપશમ કહેવાય છે. અને વીર્યમાં મંદતા હોય અને ક્ષયોપશમ હોય, એટલી પર્યાય મારી છે અને ત્યાં દૃષ્ટિ પરિણામ

ઉપર રહે છે તો આખા પરિણામી દ્રવ્યનો અનાદર થઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અમારું શું? એ તો પર્યાય કીધી. પર્યાય એ તો એક સમયની અવસ્થા છે. ત્રિકાળી ભગવાન તો મહાપ્રભુ અનંતી સિદ્ધની પર્યાય જેના પેટમાં પડી છે એનો તો આદર થયો નહિ.

અહીં તો એમ કહેવું છે કે એવી દૃષ્ટિનો વિષય બતાવવો હોય તો એ સમયે પાછો પર્યાયનો વિવેક (કરીને) કેટલો રાગ છે અને કેટલો સંબંધ છે એ પણ અહીંયા બતાવે છે. એમ બતાવવું છે. એય..! એક બાજુ એમ કહે કે એક સમયની પર્યાય જ્ઞાનની, દર્શનની, વીર્યની કે રાગની મંદતા દ્રવ્યનિક્ષેપે ક્ષયોપશમ કહેવામાં આવે છે. રાગ મંદ હોય તેને દ્રવ્યનિક્ષેપે ક્ષયોપશમ કહે છે. પણ એ બધી એક સમયની પર્યાય ઉપર દૃષ્ટિ છે અને એ પરિણામમમાં રમે છે તો મિથ્યાદૃષ્ટિ છે. એમ દૃષ્ટિનો વિષય ચાલે ત્યારે એમ કહે. એ સહિતમાં હવે એની પર્યાયમાં રાગનો અભાવ ગુણસ્થાનદીઠ કેટલો હોય છે અને જેટલો રાગનો ભાવ થાય છે એટલો એ પ્રકારનો નિમિત્ત સંબંધ પણ છૂટી જાય છે. ઈ વાત કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પર્યાયનું જ્ઞાન વ્યવહાર જાણેલો પ્રયોજનવાન, જાણવું તો થયું કે નહિ? કે એ ગુણસ્થાનની પર્યાયમાં એટલો જ છે. સમ્યગ્દર્શન થયું એટલે ચારિત્ર થઈ ગયું કે મુનિપણું આવી ગયું એમ નથી અને નગ્નપણું લઈ લીધું માટે મુનિપણું આવી ગયું એમ નથી સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, '**વળી આત્માને યથાજાતરૂપધરપણાથી દૂર કરવામાં આવેલું...**' જ્યાં યથાર્થ વીતરાગતા થઈ છે ત્યાં '**અયથાજાતરૂપધરપણું...**' અસહજરૂપ જે છે વિકૃત તે દૂર કર્યું છે. '**તેના કારણભૂત મોહરાગદ્વેષાદિભાવોનો અભાવ હોવાને લીધે જ, તેમના સદ્‌ભાવમાં હોય છે એવા જે...**' જૂઓ, હવે અંતરની વાત કરી. ઓલી બહારની હતી દ્રવ્યલિંગની. હવે ભાવની. '(૧) **મમત્વના અને કર્મપ્રક્રમના પરિણામ,...**' સમજાણું કાંઈ? એનો અભાવ થાય છે. મમત્વ અને કર્મપ્રક્રમના અથવા કોઈપણ કામ માથે લેવું એવું મુનિને હોતું નથી. માથે એટલે શું? કે હું આટલા પુસ્તક બનાવીશ. એ જવાબદારી છે. એવો ભાવ મુનિને હોતો નથી. બની જાય તો બની જાવ. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આ બધા ગ્રંથ કેવી રીતે બન્યા?

ઉત્તર :- એ બની ગયા એ એમ જ બની ગયા. માથે કામ નહોતું લીધું. એવો વિકલ્પ આવ્યો. પાંચ ગાથા બની ગઈ. ત્યાં પડી રહે. ચાલ્યા ગયા. અને ગૃહસ્થ કોઈ આવ્યો તેણે લીધા, ત્યાં પડ્યા હતા એને લઈ લીધા. એકઠા કરીને (ગ્રંથ) બનાવ્યો. આ રીતે બન્યા છે. એય..! ધન્નાલાલજી! એવી વાત છે, ભાઈ! વીતરાગી મુનિને, આમ હું બનાવું અને

રાખું અને પછી બીજો લઈ જાય એવો કોઈ વિકલ્પ છે જ નહિ એમ કહે છે. આહા..હા..! અને મારે ૪૧૫ શ્લોક બનાવવાના છે એ બરાબર જ્યાં સુધી ન બને ત્યાં સુધી પૂરું કરવાનું છે એવો કામનો બોજો... બોજ શું કહે છે? સમજાણું કાંઈ? જુઓ નીચે છે કે નહિ? '**કર્મપ્રક્રમ = કામ માથે લેવું તે; કામમાં જોડાવું તે; કામની વ્યવસ્થા.**' નીચે છે નીચે. એવું મુનિને હોતું જ નથી. આહા..હા..! હું આટલી પાઠશાળા બનાવીશ, વિદ્યાર્થીને હું હમેંશા એક કલાક ભણાવીશ-એ વાત મુનિને નથી હોતી. સમજાણું કાંઈ? અલૌકિક વાત છે આ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. ત્યાં કોઈ જાય છે અને ભણાવે છે. એમાં શું? માથે બોજો નથી કે કાલે આવીશ અને અમે તમને આપશું. એવું છે નહિ બિલકુલ. એવી વાત છે.

મુમુક્ષુ :- શિષ્યને...

ઉત્તર :- શિષ્યને... એ આવવાનો હોય, રાગ આવ્યો હોય, આવ્યો હોય તો એનાથી આ ચાલે છે. પણ હું કાલે તમને આટલું આપીશ એવો કામનો બોજો મુનિને હોતો નથી.

મુમુક્ષુ :- ... ઉપાધ્યાયની પદવી...

ઉત્તર :- એ છે એ તો વિકલ્પ આવે છે તો સમજાવે છે, એ કાળે થાય તો થાય. એટલું. માથે બોજો નથી. જવાબદારી નથી. એવી વાત છે. વીતરાગદશા કોને કહીએ? આહા..હા..! જવાબદારી વીતરાગભાવની છે. આહા..હા..! તમારે દરરોજ આટલો ઉપદેશ આપવો પડશે. તમે અહીં રહો છો તો આપવો પડશે. કેટલાક કહે છેને કે ભાઈ તમને આહાર આપીએ છીએ તો એટલો તો અમને બોધ દેવો પડેને. બધા વિપરીત ભાવ છે.

મુમુક્ષુ :- લેવાની સામે દેવું જોઈએને.

ઉત્તર :- શું દેવું છે? લે કોણ અને દે કોણ? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સમાજને દેવું જોઈએ.

ઉત્તર :- કોણ સમાજ? સમાજનો પરિગ્રહ છે જ ક્યાં? સમાજ સમાજમાં રહ્યો. અમારી સાથે સંબંધ શું છે? એય..! વૈદરાજજી! એવી ચીજ છે. પર્યાયની ભૂમિકામાં જેટલો રાગ ન (હોવો જોઈએ) એટલા વિશેષ રાગને (યોગ્ય) માની લે તો પર્યાયબુદ્ધિમાં મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે એમ કહે છે. આહા..હા..! એમ કહે છે જુઓ!

'(૧) **મમત્વના અને ક્રમપ્રક્રમના પરિણામ,...**' એનો અભાવ છે. મારો આ સમાજ છે, મારા આ શ્રાવક છે એમ છે નહિ અને મારે આટલું કામ તો કરવું પડે. સમજાણું? ગૃહસ્થાશ્રમમાં હતો તો મારા નિમિત્તે પાઠશાળા બની, હવે મુનિ થયો તો પાઠશાળાની થોડી સંભાળ તો મારે કરવી જ પડે.

મુમુક્ષુ :- મંદિર તો બનાવવું પડે.

ઉત્તર :- મંદિર બનાવવું શું પાઠશાળાની સંભાળ કરવી એ મુનિને હોતું જ નથી. એમ

કહે છે અહીંયા આચાર્ય. દેવચંદજી! દૃષ્ટિનો વિષય સાંભળે તો સારું લાગે, પણ આ પર્યાયનો વિવેક કેટલો છે અને કેટલો રાગનો અભાવ થયો છે, તો ત્યાં રાગના અભાવમાં કેટલું કાર્ય ન હોય ઈ બતાવે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ... જંગલમાં તાડપત્રની ઉપર

ઉત્તર :- એ સહેજે બની ગયું તે બની ગયું. ન બને તો શું થયું? એવી વાત છે. કેટલું કામ રહી ગયું. શું કરે? એ તો વિકલ્પ આવ્યો તો થઈ ગયું પરમાણુની પર્યાય. પણ આટલું તમારે કરવું પડશે, આટલા છોકરાઓને ભણાવવા પડશે, આટલા પુસ્તક તો તમારે લખવા જ પડશે. અરે! એ તો બોજો છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવો માર્ગ છે, ભાઈ! એવી ચીજ છે. પરમેશ્વરના પંથમાં આવી પર્યાયની શુદ્ધતા હોય છે ત્યાં એવા કામનો બોજો માથે હોતો નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો આવ્યો તો આવ્યો. વિકલ્પ આવ્યો એમાં બીજું શું છે? આવ્યો તો આવ્યો. પહેલા ત્રણ દિવસ કહ્યું પણ નહિ. વંદન કર્યા. (શ્લોક યાદ કરવા) આપ્યા એટલું થયું બસ. ત્રણ દિવસ પછી મહારાજ! ઠીક. ત્રણ દિવસ સુધી તો સામું જોયું નથી. વિકલ્પ ન આવ્યો. એ મુનિ સાચા મુનિ છે બાપા! ભાવલિંગ સાધુ કોને કહે. પછી ક્રમસર એમ થયું. માથે બોજો કાંઈ નથી. વિષય સૂક્ષ્મ છે, ભાઈ! (ધરસેનાચાર્યનો પ્રસંગ પૂજ્ય ગુરુદેવશ્રી વર્ણવે છે.)

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બહિરંગમાં એમ ન હોય, અંતરમાં એમ ન હોય. તો ત્યાં આગળ મુનિપણું રહી શકે એવી સ્થિતિ કહે છે ભગવાન તો. પંડિતજી! એમ કહે છે. કેટલું સ્પષ્ટીકરણ અમૃતચંદ્રાચાર્ય કરે છે!

મમત્વ અને કર્મપ્રક્રમ. પ્રક્રમ નામ પ્ર-વિશેષ કાર્ય મારે માથે. એટલું તો કરવું પડે, બે શ્લોક તો તમારે બનાવવા પડશે. સમજાણું કાંઈ? અને બે શ્લોક સવારમાં અમને સંભળાવવા પડે તો અમે કંઠસ્થ કરી લઈએ, પછી અમે બનાવશું. એવા કોઈ કામ મુનિને માથે છે નહિ. આહા..હા..! આદિપુરાણ ને જુઓ, ઘણા શાસ્ત્ર થઈ ગયા. સમયસાર, પ્રવચનસાર થઈ ગયા. ટીકા થઈ ગઈ. ટીકા કરનાર કહે છે કે અમારે માથે બોજો કાંઈ નથી કે અમે ટીકા કરીશું જ. આ શરૂ કર્યું તો પૂરું અમારે કરવું જ પડે.

મુમુક્ષુ :- લખ્યું તો છે કે હું આ પ્રતિજ્ઞા કરું છું કે આ ટીકા કરીશ.

ઉત્તર :- કહીશ એવો વિકલ્પ છે બસ એટલું. '**वोच्छामि**' કહીશ. થઈ ગયું તો થઈ ગયું. માથે નથી કે આટલું પૂરું કરીશ જ. સૂક્ષ્મ વાત છે, ભાઈ! વીતરાગભાવી મુનિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આચાર્યે કર્મપ્રક્રમ શબ્દ મૂકીને તો મોટું કામ (કર્યું છે). માથે

કોઈ કામ જ નથી. મહારાજ! તમે અહીંયા રહો તો જરી એવો ઉપદેશ આપો તો પૈસા એકઠા થઈ જાય પાઠશાળા માટે, વિદ્વાનો માટે. બિલકુલ એમ નથી. સમજાણું કાંઈ? એ લે છે અમૃતચંદ્રાચાર્ય.

'**મમત્વના અને કર્મપ્રક્રમના પરિણામ,...**'નો અભાવ છે. અને '(૨) **શુભાશુભ ઉપરક્ત ઉપયોગ અને તત્પૂર્વક તથાવિધ યોગની અશુદ્ધિથી યુક્તપણું...**' તેનો પણ અભાવ છે. જુઓ, મુનિને શુભાશુભ ઉપરક્ત મેલ એવો ઉપયોગ અને તત્પૂર્વક તથાવિધ યોગ—એ જાતનો યોગ અશુદ્ધતા, એવી અશુદ્ધતાથી સહિતપણું એને હોતું નથી. '**તથા** (૩) **પરદ્રવ્યથી સાપેક્ષપણું,...**' હોતું નથી. જુઓ, એ પરદ્રવ્યની અપેક્ષા પણ નહિ. એવો અભાવ થાય છે. પરદ્રવ્યની અપેક્ષા શું?

મુમુક્ષુ :- પીછી, કમંડળ તો હોયને.

ઉત્તર :- ઈ હો તો હો, અપેક્ષા નથી અંદરમાં. એવી વાત છે ભાઈ! આહા..હા..! વ્યવહારનયના કથનમાં એવું આવે છે. અપેક્ષા કાંઈ નથી. નિરપેક્ષપણું છે એવી ચીજ છે. સમજાણું કાંઈ?

'(૩) **પરદ્રવ્યથી સાપેક્ષપણું, તેમનો** (એ ત્રણનો) **અભાવ હોય છે;...**' લ્યો! ત્રણનો અભાવ હોય છે. કેમકે મોહ અને રાગ-દ્વેષ ગયા છે તો ત્રણ ભાવ એની પાસે નથી, ભાવમાં નથી. પેલો દ્રવ્યલિંગમાં નહોતો, આ ભાવલિંગમાં. '**તેથી** (**તે આત્માને**)...' હવે એનો ખુલાસો કરે છે. '(૧) **મૂર્છા અને આરંભથી રહિતપણું,...**' જુઓ, મૂર્છા ઓલા મમતાથી રહિત બતાવવું છેને. મમત્વનો અર્થ મૂર્છા અને કર્મપ્રક્રમનો આરંભ એનાથી રહિતપણું. મૂર્છા અને આરંભથી રહિતપણું છે અને '(૨) **ઉપયોગ અને યોગની શુદ્ધિથી યુક્તપણું...**' છે. આખો શુદ્ધ ઉપયોગ અને યોગસમાધિ. યોગ એટલે સમાધિ હોં શાંતિ. એ શુદ્ધિથી સહિત છે મુનિ. નિર્વિકલ્પ સમાધિ, નિર્વિકલ્પ ઉપયોગ અને નિર્વિકલ્પ યોગ. કંપનના યોગની અહીંયા વાત નથી. સ્વરૂપની સાથે નિર્વિકલ્પ શાંતિ, સમાધિ એનાથી સહિત મુનિ છે. શાંતિથી ચરણાનુયોગનો પણ સ્વાધ્યાય નથી કરતા અને પોતાની દષ્ટિ રાખીને વાંચે તો પોતાની દષ્ટિનું પોષણ કરવા માટેનું કાઢે. આહા..હા..! એમ ન હોય.

'**ઉપયોગ અને યોગની શુદ્ધિથી યુક્તપણું,...** ' તે મુનિ. '**તથા** (૩) **પરની અપેક્ષાથી રહિતપણું હોય જ છે.**' લ્યો! પરની અપેક્ષાથી રહિત જ હોય છે. વિકલ્પ આવ્યો તો વિકલ્પની પણ અપેક્ષા નથી કે આટલો વિકલ્પ લાવવો છે. એટલી પણ અપેક્ષા છે નહિ. ઓહો..હો..! ભારે ઝીણી વાત ભાઈ! સમજાણું કાંઈ? લ્યો! '**પરની અપેક્ષાથી રહિતપણું હોય જ છે. માટે આ અંતરંગ લિંગ છે.** ' આ અંતરંગનું લિંગ છે. ઓલું પહેલા કહ્યું હતું બહિરંગ લિંગ. બેય સાથે હોય છે જુઓ! આહા..હા..! વાસ્તવિક પદાર્થની સ્થિતિમાં વિવેક પર્યાયમાં રાગનો અભાવ અને એની સાથે કેટલો નિમિત્તનો અભાવ (થયો)

એ અલૌકિક ચીજ છે. જૈનદર્શન સિવાય અને તે પણ દિગંબરદર્શન (સિવાય ક્યાંય નથી). દિગંબર દર્શન એટલે વીતરાગદર્શન. એ સિવાય આવી સ્થિતિનું વર્ણન ક્યાંય હોઈ શકે નહિ. અન્યમતિમાં તો છે જ નહિ, પણ જૈનના બીજા ફિરકામાં આવી વાત નથી. સમજાણું કાંઈ? તો સત્યનો બીજામાં કોઈ અંશ છે એ બિલકુલ જૂઠી વાત છે. સમજાણું કાંઈ? સૌને સારું લાગે એવી આ વાત નથી. સમન્વય કરેને સમન્વય? તમારામાં પણ છે, અમારામાં પણ છે. છે તમારામાં. શું ધૂળ છે? સમજાણું કાંઈ? બધાને સારું લાગે લ્યો, સમન્વય કરે તો. જૂઠો સંબંધ લાગે. તારો નાશ થઈ જાય છે મિથ્યાત્વથી. આહા..હા..! શું અમૃતચંદ્રાચાર્ય! ઓહો..હો..! વ્યવહારની ટીકા પણ કેવી કરી! '**આ અંતરંગ લિંગ છે.**' લ્યો! ત્રણ અને ત્રણ, છ થયા.

'**હવે (શ્રામણ્યાર્થી)...**' સાધુપણું, સાધકપણું, અનુભવપણું, વીતરાગપણું એનો અર્થી '**આ બન્ને લિંગને ગ્રહીને...**' જુઓ, બેય લિંગને ગ્રહણ કર્યા. વ્યવહાર પણ ગ્રહણ કર્યો. લિંગ ગ્રહણ કર્યું જુઓ.

મુમુક્ષુ :- પહેલું શું ગ્રહણ કર્યું?

ઉત્તર :- પહેલું કોણ? બેય લિંગને ગ્રહણ કર્યું એમ કહ્યું છે.

મુમુક્ષુ :- .. તો લખ્યું છે.

ઉત્તર :- લખ્યું હોય તો શું થયું? બેય લિંગને એક સાથે ગ્રહણ કર્યા. ચરણાનુયોગ છેને. ગ્રહણ કરવો છે. લિંગને ગ્રહણ કરવું છે? અને પર્યાયમાં ભાવને ગ્રહણ કરવો છે? જાણવું છે. જાણવું થાય છેને? સમજાણું કાંઈ? અહીંયા વ્યવહારે ગ્રહણ કરવો એમ કહેવામાં આવ્યું છે.

'**આ બન્ને લિંગને ગ્રહીને...**' જે પહેલા પેરેગ્રાફમાં યથાજાત કહ્યો, બીજામાં જે યથાજાતભાવ કહ્યો, બેયને ગ્રહણ કરીને અને આટલું આટલું કરીને શ્રમણ થાય છે. '**એમ ભવતિક્રિયા વિષે,...**' લ્યો! થવારૂપ ક્રિયા. '**બંધુવર્ગની વિદાય લેવારૂપ...**' લીધુંને પહેલા? '**વિદાય લેવારૂપ ક્રિયાથી માંડીને બાકીની બધી ક્રિયાઓનો એક કર્તા દર્શાવતાં,...**' એ જાતનો ભાવ છે, એને પરિણમન છે તો એ જાતનો કર્તા દેખાય. '**આટલાથી (અર્થાત્ આટલું કરવાથી) શ્રામણ્યની પ્રાપ્તિ થાય છે એ ઉપદેશે છે :—**' આહા..હા..! ૨૦૭ આવે છેને.

**आदाय तं पि लिंगिं गुरुणा परमेण तं णमंसित्ता।**
**सोच्चा सवदं किरियं उवट्ठिदो होदि सो समणो।।२०७।।**

**ગ્રહી પરમગુરુ-દીધેલ લિંગ, નમસ્કરણ કરી તેમને,**
**વ્રત ને ક્રિયા સુણી, થઈ ઉપસ્થિત, થાય છે મુનિરાજ એ. ૨૦૭.**

આહા..હા..! ચરણાનુયોગનું કથન પણ અલૌકિક! અમારા પંડિતજી હિંમતભાઈ લખે છે

આગળ કે ઓહો..હો..! નિશ્ચય અને વ્યવહારની સંધિપૂર્વક એવી વાત કુંદકુંદાચાર્ય સિવાય, અમૃતચંદ્રાચાર્ય (સિવાય) એટલે મુનિ સિવાય આવી વાત બીજે છે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વાત તો એવી છે. આહા..હા..! જેમ દર્શનની સાંભળવા જેવી છે, એમ ચારિત્રની યોગ્યતાની પર્યાયમાં કેટલો રાગ (બાકી રહે છે એ વાત પણ સાંભળવા જેવી છે). એવી ચીજ છે. કંઈ પણ એમાં ઓછું-અધિક અને વિપરીત થઈ જાય તો વસ્તુનું સ્વરૂપ બગડી જાય છે. શ્રદ્ધાનો (દોષ) થઈ જાય એમ માની લે તો. એવી વાત છે. આહા..હા..! ખાંડાની ધાર જેવો વીતરાગનો માર્ગ છે, ભાઈ! દુઃખ નહિ હોં! સુખરૂપ. આહા..હા..! પરમાત્મા પરમેશ્વરનો પંથ, પરમેશ્વર થવાનો માર્ગ, પરમેશ્વર સિદ્ધપદ થવાના માર્ગની વાત ચાલે છેને સાધુપદ એટલે. '**सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः**' એવા પદની આ ભૂમિકામાં આવી દશા થાય છે. દ્રવ્યલિંગ અને ભાવલિંગ એ વાત કરી. એનાથી વિરુદ્ધ હોતું નથી. વિરુદ્ધ હોય તો, દ્રવ્ય અને ભાવલિંગ વિરુદ્ધ હોય તો એ સાચું નથી. સમજાણું કાંઈ?

'**ટીકા :- વળી ત્યાર પછી શ્રમણ થવાનો ઈચ્છક બન્ને લિંગને ગ્રહે છે,...**' ત્યાં આવ્યુંને? '**ગુરુને નમસ્કાર કરે છે,...**' વંદન કરે છે. ગુરુની ઓળખાણ થઈ ગઈ હતી પહેલી કે ગુરુ કેવા છે, એની પાસે જાય છે. '**વ્રત તથા ક્રિયાને સાંભળે છે...**' ભાવિનૈગમનયથી વાત કરી છેને. વળી પાછું વ્રત અને ક્રિયા... સમજાણું કાંઈ? '**વ્રત અને ક્રિયાને સાંભળે છે...**' કેવા છે વ્રત? કેવી ક્રિયા ગુરુ ફરમાવે છે? એમ બરાબર સાંભળે છે. આહા..હા..! '**અને ઉપસ્થિત થાય છે; ઉપસ્થિત થયો થકો શ્રામણ્યની સામગ્રી પર્યાપ્ત થવાને લીધે શ્રમણ થાય છે.**' લ્યો! અહીં શ્રમણ થાય છે. હવે તો પહેલી વાત કરેને. આવા સાધુ હોય છે. ભાવલિંગ અને દ્રવ્યલિંગ બે લિંગના નિમિત્ત નૈમિત્તિક સંબંધથી યથાર્થપણું છે એવા અહીંયા સાધુ હોય છે. આ છે વાત સાતમાની વિશેષ, પણ છઠ્ઠામાં આ વાત ચાલે છે. સાંભળે છેને? વિકલ્પ છેને?

મુમુક્ષુ :- વસ્ત્રનો અભાવ...

ઉત્તર :- વસ્ત્રનો અભાવ થઈ ગયો પહેલા, છઠ્ઠું પહેલા. પાંચમે, ચોથે. ચોથે અને પાંચમે એવો વિકલ્પ થયો તો વસ્ત્રનો અભાવ થઈ ગયો. છઠ્ઠું ગુણસ્થાન રહે અને વસ્ત્રનો અભાવ ન હોય એમ છે નહિ. એ પણ કહે છે કેટલાક.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પોણી સેકન્ડની અંદર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છઠ્ઠું-સાતમું ઘણીવાર આવે છેને. છઠ્ઠું-સાતમું ઘણીવાર આવે છે. હજી ચાલુ છઠ્ઠા-સાતમા થયા પહેલાની વાત ચાલે છે. વાત તો એમ કરેને. ઓહો..હો..!

મુમુક્ષુ :- કપડા..

ઉત્તર :- કપડા ચોથે-પાંચમે છૂટી જાય છે. જ્યારે અંગીકાર કરે .. ત્યારે કપડા છૂટી ગયા છે. છઠ્ઠા ગુણસ્થાને કપડા છોડવા એમ છે નહિ. એ વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૬, શનિવાર, તા. ૨૧.૦૬.૧૯૬૯**
**ગાથા-૨૦૭, પ્રવચન-૧૮૯**

પ્રવચનસાર. શું કહે છે જુઓ! સાધુ થવાની જેની ભાવના છે એ કેવી-કેવી .. કરે છે અને એની પદવીને યોગ્ય કેવા રાગનો અભાવ છે અને કેટલો રાગનો ભાવ છે? એ વાત કરે છે. દૃષ્ટિના વિષયમાં તો એકલો અભેદ ચિદાનંદ સ્વરૂપ (આવે), એમાં તો કોઈ ભેદ-બેદ પણ આશ્રય કરવાલાયક નથી. પણ એમ હોવા છતાં પર્યાયમાં વિવેક હોય છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન અંતરના આશ્રયે થયું તો એ સમયમાં એક કષાયનો અને મિથ્યાત્વનો અભાવ થયો, પણ હજી ત્રણ કષાયનો ભાવ છે. એટલે એ ચારિત્રવંત થઈ ગયા, પૂર્ણ કેવળજ્ઞાની થઈ ગયા એમ નથી. સમજાણું કાંઈ?

બનારસીદાસમાં એમ લીધું હતુંને પહેલા? સાંભળ્યું હતુંને? નગ્ન થઈને કોઠરીમાં ફરે. બસ! સાધુ થઈ ગયા. બનારસીદાસ નગ્ન ફરે .. કરીને. ... એમ નગ્ન નહિ. પોતાના અંતરમાં રાગની ગાંઠનો નાશ કરીને સ્વભાવનું ભાન થાય છે. ધર્મીને—જેને ધર્મ પ્રગટ થયો છે કે હું તો જ્ઞાનજ્યોતિ ચિદાનંદ આત્મા છું એવો અંતરમાં અનુભવ સમ્યગ્દર્શનમાં આવ્યો છે. એની પાસે દૃષ્ટિની અપેક્ષા છે અને દૃષ્ટિમાં તો રાગ પણ નથી, વિકાર પણ નથી, ભેદ પણ નથી, કાંઈ છે નહિ. એ તો અભેદ ચિદાનંદ આત્મા છે. ધ્રુવ અખંડ અભેદમાં શ્રદ્ધા ચોંટે છે. બસ એ પર્યાયને પણ ગણતી નથી. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન એવી ચીજ છે કે પોતાનો ધ્રુવ અભેદ ચિદાનંદ ભગવાન એના ઉપર દૃષ્ટિ થતાં પર્યાય પણ ગૌણ થઈ જાય. રાગની તો વાતેય ક્યાં અને સંયોગની, નિમિત્તની તો વાતેય ક્યાં છે? એમ હોવા છતાં પણ જ્યારે એ સાધુ થવાનો ભાવ કરે છે તો પર્યાયમાં કેટલા પ્રકારનો રાગ હોય છે અને નિમિત્તમાં કેવો કેવો સંબંધ રહે છે એની વાત કરે છે. સમજાણું કાંઈ? સૂક્ષ્મ છે. સાધુપદ લેવાની ભાવના છે ત્યાં કેવું હોય છે એ કહે છે. જુઓ, અહીં સુધી આવ્યું છે. આપણે

ટીકા ચાલીને પહેલા? '**તે આ પ્રમાણે :—**' ત્યાં સુધી આવ્યું છે. ચાર લીટી નહિ? ૨૦૭. છેને? ચાર લીટી આવી ગઈને? તો કહે છે કે જેને આત્મજ્ઞાન છે, આત્મદર્શન છે તેને સાધુપદ અંતર વીતરાગદશા પ્રગટ કરવાની જિજ્ઞાસા છે કે જે મોક્ષનું ખાસ સાક્ષાત્ કારણ છે. પરમાનંદની દશાનું સાક્ષાત્ કારણ ચારિત્ર છે. સમજાણું કાંઈ?

એ ચારિત્ર અંગીકાર કરનાર '**પરમ ગુરુ—પ્રથમ જ અર્હંતભટ્ટારક...**' અહીંથી લીધું જુઓ. આ તો પંચમ આરાના મુનિ છે તોપણ. ... વાત કરે છે. આહા..હા..! અરિહંત પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ બિરાજતા હોય એની પાસે જાય છે. સમજાણું કાંઈ? '**અર્હંતભટ્ટારક...**' ત્રણકાળ, ત્રણલોકનું જેને જ્ઞાન છે અને ભટ્ટારક-પૂજ્ય છે. સમજાણું કાંઈ? ત્રણકાળ, ત્રણલોકના જીવ છે એનાથી પૂજ્ય છે. '**અને તે વખતે (દીક્ષાકાળે) દીક્ષાચાર્ય-—,**' કાં તો દીક્ષા આચાર્ય હોય મુનિ. '**આ યથાજાતરૂપધરપણાનાં સૂચક...**' જુઓ, શું કહે છે? અંતરમાં વીતરાગદશા પ્રગટ થઈ. જેવો આત્મા છે એવું વીતરાગપણું પ્રગટ થયું. એનો સૂચક. '**બહિરંગ અને અંતરંગ લિંગના ગ્રહણની વિધિના પ્રતિપાદક હોવાને લીધે,...**' કાં કેવળજ્ઞાની પરમાત્મા અને કાં દીક્ષા ગુરુ. એ દીક્ષાગુરુ પણ પરમજ્ઞાની છે. સમજાણું? ત્રણ કષાયનો અભાવ છે એ બધું પહેલા આવી ગયું છે. એવા ગુરુ અને કાં વીતરાગ અરિહંત એમની પાસે '**યથાજાતરૂપધરપણાનાં સૂચક...**' વીતરાગતા થઈ છે તેના સૂચક-બતાવનારા. '**બહિરંગ...**' નિર્ગ્રંથદશા, નગ્નદશા અને અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ તે બહિરંગ છે, એ બહિરંગ લિંગ છે. '**અંતરંગ...**' વીતરાગભાવરૂપી લિંગ છે. સ્વસંવેદનની પ્રચુર આનંદની દશાનું વેદન એ અંતરલિંગ છે. એ '**ગ્રહણની વિધિના પ્રતિપાદક હોવાને લીધે,...**' એ દેવાની વિધિના પ્રતિપાદક કાં તીર્થંકર અરિહંત ભગવાન કાં દીક્ષા ગુરુ.

'**વ્યવહારથી તે લિંગના દેનાર છે;...**' જુઓ, વ્યવહારથી ભાવલિંગ અને દ્રવ્યલિંગ વ્યવહારથી દીધું. નિમિત્ત છેને નિમિત્ત? નિમિત્તથી કથન છે. જ્યારે મુનિને અંતરમાં આનંદસહિતની વીતરાગદશા પ્રગટ થાય છે ત્યારે બહિરંગ અંગમાં પણ નિર્ગ્રંથ અને અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ હોય છે. એમાં દેનારા તીર્થંકર કે દીક્ષા આચાર્ય નિમિત્ત છે તો વ્યવહારથી એમણે દીધું એમ કહેવામાં આવે છે. વ્યવહારથી દીધું એનો અર્થ શું? કહ્યું નહિ પહેલા? મોક્ષમાર્ગપ્રકાશકમાં કહ્યું નહિ? ખબર છે કે નહિ? નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે છે. સમજાણું કાંઈ? નિમિત્ત કોણ છે એનું જ્ઞાન કરાવવા માટે છે. વ્યવહાર કહે છે દીધું, પણ એમ છે નહિ. પણ નિમિત્ત કોણ હતું દેનારમાં, વિધિ સમજાવવામાં એનું જ્ઞાન કરાવવા માટે વાત કરે છે.

'**તે લિંગના દેનાર છે; એ રીતે તેમના વડે દેવામાં આવેલાં...**' જુઓ હવે. સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા અને કાં દીક્ષા ગુરુ. '**તેમના વડે દેવામાં આવેલાં...**' અજ્ઞાની આદિ દે એમ નથી. નિમિત્ત પણ આવું છે એમ કહે છે. સમજાણું કાંઈ? કોઈ કહે કે ભાઈ!

આત્માની તો અનંત શક્તિ છે. એમાં નિમિત્ત આવું જ હોય એનું શું કામ છે? સમજાણું કાંઈ? ઈ કહે છે. નિમિત્ત તો સર્વજ્ઞ પરમાત્મા કાં ભાવલિંગી સંત એ જ નિમિત્ત હોય છે દેવામાં. સમજાણું કાંઈ? દેવામાં એટલે નિમિત્ત.

છેને, દેશનાલબ્ધિનો પ્રશ્ન ચાલે છેને. દેશનાલબ્ધિની એટલી પરાધીનતા શું આત્માને? સમજાણું કાંઈ? ઈ પરાધીનતા નથી. એની જ્યારે અનુભવ સમ્યગ્દર્શન પ્રાપ્ત થવાની યોગ્યતામાં લાયકાત થાય ત્યારે જ્ઞાનીના વચનની નિમિત્તતાથી દેશનાલબ્ધિ આવે છે. પણ એ દેશનાલબ્ધિ તરફ લક્ષ છે અને સમ્યગ્દર્શન પામે છે એમ નથી. સમજાણું કાંઈ? પણ કોઈ અજ્ઞાનીનું નિમિત્ત છે અને સમ્યગ્દર્શન પામી જાય એમ નથી. એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? મિથ્યાદૃષ્ટિ હોય અને એની પાસેથી એને ઉપદેશ મળ્યો તો એને સમ્યગ્દર્શન થઈ જાય, આટલી આત્માની તાકાત છે તો થઈ જાય એમ નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

ક્ષાયિક સમકિત હોય છે તે કેવળી કે તીર્થંકરની સમીપ થાય છે, પણ એનાથી થાય છે એમ નથી. પણ થાય છે ત્યારે આવું નિમિત્ત ન હોય એમ (પણ) નથી. સમજાણું કાંઈ? શાસ્ત્રમાં તો એમ કહ્યું ક્ષાયિક સમકિત ... કેવળી અથવા તીર્થંકરની સમીપમાં થાય છે. એનો અર્થ શું? કેવળીથી થાય છે? થાય છે તો પોતાથી તે સમયે. તે સમયે સામે નિમિત્ત છે એનું જ્ઞાન કરાવ્યું. કોઈ કહે, ના, ના. ચાહે તો કેવળી અને તીર્થંકર ન હોય તો અમારે કારણે થાય છે. તીર્થંકર થનાર જીવ હોય, ક્ષયોપશમ સમકિતી હોય અને નરકમાં ગયો હોય, ત્યાંથી નીકળે ત્યારે ક્ષાયિકસમકિત પામે તો પોતાથી પામે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્ષયોપશમ સમકિત હોય. ક્ષાયિક સમકિત તો જેમ શ્રેણિક રાજા ક્ષાયિક લઈને ગયાને. એ તો ક્ષાયિક સમકિતી છે. જ્યારે આવશે, મુનિ થશે... જ્ઞાન થશે બાર અંગનું. ક્ષાયિક સમકિત છે જ. પણ કોઈ ક્ષયોપશમ સમકિતવાળા તીર્થંકરગોત્ર બાંધીને નરકમાં ગયા અને ત્યાંથી તીર્થંકર થયા તો ક્ષયોપશમ સમકિત લઈને નીકળે છે. એ કોઈની સમીપમાં તો પામતા નથી, કોઈ સમીપમાં તો છે નહિ. એ જ્યારે મુનિ થયા અને તેને બાર અંગનું જ્ઞાન થશે તો પોતાથી ક્ષાયિક સમકિત પામશે. સમજાણું કાંઈ? અંદર સ્વતઃ થઈ જાય છે. સમજાણું કાંઈ? પણ કોઈ કહે કે બીજાને પણ એમ થઈ જાય, તો એમ નથી. પણ એનાથી નથી થયું અને નિમિત્તથી થાય છે એમ પણ નથી. દેવચંદજી! આવો વીતરાગનો માર્ગ છે. એમાં કાંઈ પણ આડુઅવળું કરવા જાશે તો વસ્તુની દૃષ્ટિ યથાર્થ નહિ રહે.

જુઓ, અહીંયા કહે છે કે પરમગુરુએ ગ્રહણની વિધિથી દીધું. એમ કહ્યુંને? **'એ રીતે તેમના વડે દેવામાં આવેલા...'** એમ કહ્યું. અરિહંત અને દીક્ષાગુરુ મુનિ મહા ભાવલિંગી સંત છે આનંદકંદમાં ઝૂલનારા તે નિમિત્ત છે તેને દીક્ષા દેવામાં, એમ કહે છે. જેમ દેશનાલબ્ધિમાં જ્ઞાની જ નિમિત્ત છે, તો આવું ભાવલિંગ દેવામાં અને દ્રવ્યલિંગમાં પણ ભાવલિંગી જ્ઞાની

જ નિમિત્ત છે. ઈ આપે છે. સમજાણું કાંઈ? ભારે ઝીણું. આમ તો ભાવલિંગી સાધુ પાસે દ્રવ્યલિંગી અનંતવાર થયો મિથ્યાદૃષ્ટિ તરીકે. સમજાણું? અંદરથી ભાવલિંગ પ્રગટ કર્યું નહિ. સાધુ હતા એમના ગુરુ ભાવલિંગી. દીક્ષા લીધી પણ પોતાની અંતરમાં અનુભવ કર્યો નહિ તો પામ્યો નહિ. પણ પામે છે ત્યારે તેને ભાવલિંગી સાધુ જ ઉપદેશ દેવામાં નિમિત્ત છે. આહા..હા..! વાંધા એટલા બધા. ન્યાયથી સમજે નહિને. એકાંત લઈ જાય તો એની દૃષ્ટિમાં તત્ત્વની ખબર નથી.

અહીં કહે છે જુઓ, ચરણાનુયોગની વિધિમાં કેવું નિમિત્ત છે એ નિમિત્ત પાસે પોતાની પર્યાય થાય છે પોતાથી, ઈ પરથી થતી નથી. આહા..હા..! પણ કહે છે કે '**તેમના વડે દેવામાં આવેલાં...**' એવા અરિહંત અને નિર્ગ્રંથ વીતરાગી મુનિ વડે દેવામાં આવેલાં. દેવામાં આવેલા એટલે નિમિત્ત થયું, એમ. '**લિંગને ગ્રહણક્રિયા વડે...**' લિંગને ગ્રહણક્રિયા વડે '**સંભાવીને-સન્માનીને...**' એક રીતે બહુમાનથી લીધું. '**(શ્રામણ્યાર્થી) તન્મય થાય છે.**' અંદરમાં તન્મય થાય છે. .. અંદર ધ્યાનમાં. નિમિત્ત અને નિમિત્ત તરફ જે સાંભળવાનો વિકલ્પ હતો એ પણ રહેતો નથી. સમજાણું કાંઈ? હજી તો આગળ વિશેષ કહેશે.

'**પછી જેમણે સર્વસ્વ દીધેલું છે...**' જુઓ, લ્યો! આ અમૃતચંદ્રાચાર્યનું કથન. '**જેમણે સર્વસ્વ દીધેલું છે...**' બધું આપ્યું છે. આહા..હા..! પોતામાં સર્વસ્વ પામ્યો છે, એ નિમિત્ત હતા તો ચરણાનુયોગની કથનીમાં એવું વીતરાગની વાણીમાં પણ એમ આવે છે. સમજાણું કાંઈ? સંતોની વાણી જુઓ! એક કોર અમૃતચંદ્રાચાર્ય એમ કહે કે પર્યાયના લક્ષથી પણ ધર્મદૃષ્ટિ સમ્યક્ થતી નથી. રાગના લક્ષે થતી નથી, નિમિત્તના લક્ષે થતી નથી. અને રાગાદિ રૂપે પરિણમવાનો આત્માનો સ્વભાવ છે જ નહિ. અશક્ય છે. આહા..હા..! રાગ દયા, દાન, વિકલ્પપણે પરિણમવું એ આત્મદ્રવ્યનો સ્વભાવ છે જ નહિ. સમજાણું કાંઈ? જાણવા લાયક છે. દીધું એટલે દઈ દીધું એમ નથી, પણ દેનાર આવા હતા એવું જ્ઞાન કરાવવા માટે દીધું એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! સવારની વ્યાખ્યા અને પાછી અત્યારની વ્યાખ્યા બેય વિરુદ્ધ. બેયનો મેળ સમજવો જોઈએને.

'**પછી જેમણે સર્વસ્વ દીધેલું છે એવા મૂળ અને ઉત્તર પરમગુરુને,...**' અરિહંત ભગવાને તેને ભાવલિંગ અને દ્રવ્યલિંગ દીધું, કાં એના ગુરુએ દ્રવ્યલિંગ અને ભાવલિંગ દીધું. ભાવ એક પ્રકારના નથી. સમજાણું કાંઈ? ૩૨ ગાથામાં છે એ તો ભાવક નોકર્મ જડ છે અને પોતાની પર્યાયમાં એ પ્રકારનો ભાવ્ય થવા લાયક હતો તો આત્મા પાછો વળે છે, પોતામાં આવે છે તો એ મોહને જીત્યો એમ કહેવામાં આવે છે. ભાવ્ય એવું ન થયું. સમજાણું કાંઈ? ૩૨. સવારનું જુદું, સવારનું જુદું. રાગાદિ વિકલ્પ જે છે દયા, દાન, વ્રત, વ્યવહાર શ્રદ્ધા આદિ એ અચેતન છે, એ ભાવક છે. પોતાની પર્યાય એનું જ્ઞાન કરવાલાયક છે, પણ એમ ન સમજતાં તે ભાવકથી મારી પર્યાય એ રૂપ થવા લાયક છે એવું જે ભાવ્ય થયું,

તે મિથ્યાદષ્ટિનું ભાવ્ય છે. સમજાણું કાંઈ? કર્તાકર્મની વાત છેને. રાગનું પરિણમનનો કર્તા પોતે છે જ નહિ. સમજાણું કાંઈ? આ ભાવ્યભાવક નમસ્કારની વાત છે. આમાં કેટલું યાદ રાખવું? દેવચંદભાઈ! યાદ રહે? ત્રણ બોલ કહ્યા હતા, પૂછે તો આ યાદ રહે? ના પાડે છે જુઓ. આ તો સાદી વાત છે, સાધારણ વાત છે. આમાં ક્યાં...?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કઈ અપેક્ષાએ છે એ સમજવું જોઈએને. ત્યાં જીવ-અજીવ અધિકાર છે ત્યાં અજીવ કર્મ છે અને એ ભાવક છે અને ભાવ્ય થવા લાયક પર્યાય છે એને છોડી દે છે. એવી વાત છે ત્યાં. સમજાણું કાંઈ? શાંતિથી ભાઈ સમજવાની ચીજ છે. અને પોતાનો ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ એવી જ્યાં દૃષ્ટિ અને સમ્યગ્દર્શન થયું, પછી રાગને હું કરું કે રાગ લાવું એમ છે નહિ. આવી જાય છે એનું પરિણમન મારું છે એમ જ્ઞાની નથી માનતા. સમજાણું કાંઈ? ચરણાનુયોગમાં એવી વિધિ કહે છે (કે) એ વિકલ્પની ક્રિયા એણે કરી. આવ્યું હતુંને? આવ્યું હતા પહેલાં. ક્રિયાનો કર્તા દર્શાવતા થકા. ઉપર સાતમી ગાથામાં. ચાલે છેને એ? '**વિદાય લેવારૂપ ક્રિયાથી માંડીને બાકીની બધી ક્રિયાઓનો એક કર્તા દર્શાવતાં,...**' છેને ભાઈ! આહા..હા..! એનો અર્થ? કે એ પ્રકારે સાંભળવામાં જ્ઞાની ગુરુ વ્રતની ક્રિયા સંભળાવે છે તો એ વખતે વિકલ્પ આવે છે. સમજાણું કાંઈ? અને ગુરુએ વ્રત દીધા એમ પણ કહેવામાં આવે છે. ભાઈ! ભગવાનનો માર્ગ જેવો દ્રવ્યનો છે (અર્થાત્) દ્રવ્યની દૃષ્ટિનો અને જેની પર્યાયમાં ક્ષણે ક્ષણે વિવેક છે એને બરાબર ગ્રહણ કરવું જોઈએ. એની પર્યાયમાં ક્ષણે ક્ષણે ભિન્નતા, ક્ષણે ક્ષણે એની યોગ્યતા કેવી છે એનું જ્ઞાન કરવું જોઈએ. સમજાણું કાંઈ? વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. ચરણાનુયોગની શૈલીમાં એમ કહે કે પરિણમે છે. એમ કહે. ... રાગનો ભાવ સમ્યગ્દષ્ટિને, ક્ષાયિક સમકિતીને પણ... સમજાણું કાંઈ? આહા..હા..! આ તો મધ્યસ્થપણે સમજે તો સમજાય એવી ચીજ છે. આગ્રહ રાખીને આમ ને આમ થાય એવી રીતે સમજાય એમ નથી.

'**મૂળ અને ઉત્તર પરમગુરુને, ભાવ્યભાવકપણાને લીધે...**' લ્યો! '**મૂળ પરમગુરુ જે અરિહંતદેવ તથા ઉત્તર પરમગુરુ જે દીક્ષાચાર્ય તેમના પ્રત્યે અત્યંત આરાધ્યભાવને લીધે...**' જુઓ! '**આરાધ્ય એવા પરમગુરુ...**' આરાધવા લાયક પરમાત્મા અને ગુરુ. '**અને આરાધક એવા પોતાનો ભેદ અસ્ત થાય છે.**' લ્યો! સમજાણું કાંઈ? એકડો છેને ઈ? એકડો છે ઈ. ભાવ્ય-ભાવકમાં બગડો કર્યો છે, આમાં એકડો થયોને પહેલાં? '**એવા મૂળ અને ઉત્તર પરમગુરુ...**' એમાં એકડો છેને? મૂળ અને ઉત્તર પરમગુરુ. મૂળ અરિહંત પરમાત્મા, ઉત્તરગુરુ દીક્ષા આચાર્ય સંત છદ્મસ્થ પરમગુરુ. '**ભાવ્યભાવકપણાને લીધે...**' એમ. એવી એકતા થઈ ગઈ જાણે (કે) ભગવાનને વંદન કરું છું, હું વંદન કરનાર છું એવો ભેદ છૂટી જાય છે. પોતાનો આત્મા એવો તન્મય અંદર થઈ જાય છે.

**'ભાવ્યભાવકપણાને લીધે પ્રવર્તેલા ઈતરેતર મિલનના કારણે...'** ભાવ્યભાવકના... હિન્દીમાં મૂળ પાને નથી. એમાં લખ્યું છે છઠ્ઠે પાને છે એમ. લખનારે... અહીં છઠ્ઠે પાને છે. કાઢ્યું હતુંને? પહેલા આવ્યું હતું, ઈ પહેલામાં આવ્યું હતું. પહેલા આવ્યું હતું. નથી એમ પહેલા કહ્યું હતું. પહેલા આવી ગયું. ૩૬૭? ઈ ક્યાંક આવ્યું હતું. ૧૯૯. ક્યાં છે? ભાવ્યભાવક. જુઓ, પૃષ્ઠ-૮ એ ભૂલ છે. એ કહ્યું હતું પહેલા. પૃષ્ઠ-૮ છે ત્યાં ભૂલ છે. અહીં ૬ એ બરાબર છે. એક ઠેકાણે ૮ નાખ્યું અને એક ઠેકાણે ૬ નાખ્યું છે. કહે છે કે ગુરુએ તો સર્વસ્વ દીધું. 'તે તો પ્રભુએ આપીયો' જુઓ, આત્મસિદ્ધિમાં આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આપે શું? નિમિત્ત છે એ આપે એમ કહેવામાં આવે છે. શું કહેવામાં આવ્યું? 'તે તો પ્રભુએ આપીયો' એમાં પહેલું? 'શું પ્રભુ ચરણ કને ધરું.' આત્મદર્શન પામ્યો તે ગુરુને કહે છે. 'શું પ્રભુ ચરણ કને ધરું, આત્માથી સૌ હીન, તે તો પ્રભુએ આપીયો, વર્તું ચરણાધીન.' જુઓ, ચરણાનુયોગમાં એમ આવ્યું (કે) આપે સર્વસ્વ આપ્યું. અમારી સર્વસ્વ પ્રાપ્તિમાં તમે નિમિત્ત છો તો તમે સર્વસ્વ આપ્યું એમ કહેવામાં આવે છે. એમાં પણ તકરાર હતી કે ગુરુ પાસે એમ કહેવું કે આપે સર્વસ્વ આપ્યું અને અંદરમાં એમ સમજવું કે મારાથી થયું. એ તો માયા છે. માયા નહિ, વિનય કહેવાય છે. સમજાણું કાંઈ?

એ ચર્ચા થઈ ગઈ પહેલાં. ઘણા વર્ષ પહેલાં તમારા તરફથી-હિન્દી (સમાજ) તરફથી. સમજાણું કાંઈ? લ્યો એમ બોલવું, નિમિત્તથી તો કાંઈ થતું નથી એમ તો તમે માને છો, વળી ગુરુ પાસે કહેવું કે તમારાથી મને જ્ઞાન થયું. એ તો માયા થઈ. સમજાણું કાંઈ? તો માયા છે આ? વિનય છે. એવો વિકલ્પ ધર્મીને આવ્યા વિના રહેતો નથી. આવે છે, લાવે એમ નથી. ભારે ઝીણું! સમજાણું કાંઈ? વિનયનું વાક્ય આવે છે. સ્વચ્છંદી નથી થતો. જેની પાસે સમ્યગ્દર્શન પામ્યો અને જેની પાસેથી સમ્યગ્જ્ઞાન લીધું તેને એ ગોપવતા નથી, બહુમાન કરે છે. એવો વિકલ્પ આવ્યા વિના રહે નહિ અને વિકલ્પ એવો ન આવે તો કાં વીતરાગ થઈ જાય અને કાં મિથ્યાદૃષ્ટિ થઈ જાય. સમજાણું કાંઈ? એવી વાત છે.

જુઓ! અમૃતચંદ્રાચાર્ય એક બાજુ કહે **'दिट्ठी जहेव णाणं'** જેમ દૃષ્ટિ પરની કર્તા-હર્તા છે નહિ, તેમ ભગવાન ચૈતન્ય-નેત્ર ઉદય અને બંધ અને નિર્જરા અને મોક્ષનો કર્તા-ફર્તા નથી. ૩૨૦ ગાથા. સમજાણું કાંઈ? કેવળજ્ઞાનનો પણ કર્તા નથી. આહા..હા..! એ પર્યાય છે. પર્યાયને પર્યાય કરે, દ્રવ્ય શું કરે? સમજાણું કાંઈ? એવી દૃષ્ટિનો કહેનારા અહીંયાં કહે છે કે તમે સર્વસ્વ અમને આપ્યું. એમ મુનિ માને છે-કહે છે. માને છે વ્યવહાર છેને. વ્યવહારનય... આહા..હા..! ભારે ભાઈ! જૈનદર્શન સમજવું. વાસ્તવિકતા .. બહુ અલૌકિક!

મુમુક્ષુ :- એટલો વ્યવહાર તો માનવોને.

ઉત્તર :- માનવો એટલે છે. છે એમ માનવું. નથી એમ નથી. પણ છે એનાથી અંદરમાં

પ્રાપ્ત થયું એમ નથી. પ્રાપ્ત થયું એ નિમિત્તનું કથન છે. વ્યવહારનય આવ્યુંને તમારે? વ્યવહારનય એક દ્રવ્ય બીજા દ્રવ્યનો કર્તા કહે છે. એક દ્રવ્યને બીજા દ્રવ્યમાં ભેળવીને કહે છે. એક કારણને બીજામાં ભેળવીને કહે છે. એવી માન્યતા મિથ્યાદષ્ટિની છે, એમ આવ્યું છે. આવ્યું છે કે નહિ? પણ જ્ઞાન કરાવવામાં એવો ભાવ આવે છે એ જાણે છે. ... ભાવ આવ્યો છે. એક દ્રવ્યને બીજા દ્રવ્યમાં ભેળવે છે, એક ભાવને બીજા ભાવમાં ભેળવે છે, એકબીજાના કારણકાર્યને ભેળવીને કહે છે. એવી શ્રદ્ધા મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? લ્યો! એ જ અહીંયા કહે છે કે એ જાણવાલાયક છે. નિમિત્ત શું છે એ નિમિત્તનું જ્ઞાન (કરાવે છે). નિમિત્તાદિનું જ્ઞાન એમ કહ્યું. વ્યવહારનય કહે છે એમ છે નહિ. ત્યારે છે નહિ તો આવ્યુંને? કે નિમિત્ત, ભેદ શું છે એનું જ્ઞાન કરાવવા કહ્યું છે. સમજાણું કાંઈ? સૂક્ષ્મ છે, ભાઈ! આહા..હા..!

કહે છે કે ઓહો..! '**ભાવ્યભાવકપણાને લીધે પ્રવર્તેલા ઈતરેતર મિલનના કારણે...**' આ ને આ ને હું એ બધું મિલન એકરૂપ થઈ ગયું. ખરેખર તો પોતાની આરાધકદશા થઈ એ પર અને સ્વ એક થઈ ગયું એમ કહે છે. પોતામાં આરાધ્ય અને આરાધક હું જ છું. સમજાણું કાંઈ? પર આરાધ્ય અને હું આરાધક એવું અંતરમાંથી વિલય થઈ જાય છે. એમ કહે છે. પોતે અને ભગવાન એક થઈ જાય છે એમ નહિ. પોતામાં જ આરાધ્ય-આરાધક એક થઈ જાય છે. તો પરની સાથે વંદનમાં એકરૂપ થયો એમ કહેવામાં આવે છે. '**સ્વપરનો વિભાગ જેમાંથી અસ્ત થઈ ગયો છે...**' ભગવાન આરાધન કરવાલાયક અને હું આરાધન કરનારો એવો ભેદ વંદનની એકાકાર દશામાં તે ભેદનો નાશ થાય છે. પોતાના આનંદકંદમાં શુદ્ધ પરિણમન એનું નામ ઈતરતેર મિલનની સ્તુતિ. ઓહો..હો..!

'**એવી નમસ્કારક્રિયા વડે...**' એવી, અંતરમાં ભગવાન આત્મા અતીન્દ્રિય વીતરાગસ્વરૂપ એમાં નમવાથી, પરિણમન કરવાથી એવી જે ક્રિયા થઈ તે વડે '**સંભાવીને-સન્માનીને...**' આદર કરીને '**ભાવસ્તુતિવંદનામય થાય છે.**' લ્યો! એવી ભાવસ્તુતિ વંદનામય. ભાવસ્તુતિમય એટલે કે ભાવવંદનામય થાય છે. '**પછી સર્વ સાવદ્યયોગના પ્રત્યાખ્યાનસ્વરૂપ...**' પછી સર્વ સાવદ્યયોગ. મુનિને કોઈ સાવદ્યની પર્યાય હોતી નથી. '**સર્વ સાવદ્યયોગના પ્રત્યાખ્યાનસ્વરૂપ એક મહાવ્રતને સાંભળવારૂપ...**' આહા..હા..! જુઓ તો દશા! '**એક મહાવ્રતને સાંભળવારૂપ શ્રુતજ્ઞાન વડે સમયમાં પરિણમતા...**' સમયમાં પરિણમતો થકો. આહા..હા..! મુનિ પહેલા ગુરુની પાસે સાંભળે છે (કે) આવી સામાયિક છે, આવી સામાયિક છે. એ સામાયિકમાં એક મહાવ્રત થયું. પંચ મહાવ્રતનો ભેદ એમાં નથી. વીતરાગસ્વરૂપ આત્મા એમાં એકાકાર થઈને એક મહાવ્રતરૂપ અંગીકાર કર્યું તો સમયમાં પરિણમે છે. નીચે ખુલાસો કર્યો છે જુઓ. '**સમયમાં (આત્મદ્રવ્યમાં, નિજદ્રવ્યસ્વભાવમાં) પરિણમવું તે સામાયિક છે.**' એનું નામ સામાયિક છે. લ્યો, આ સામાયિકની વ્યાખ્યા. સમજાણું કાંઈ? એક કલાક બેસે તોપણ અંતરદષ્ટિનો અનુભવ ન મળે, પછી વિકલ્પ વડે એવી એક કલાક સામાયિક

કરી લીધી સવાર, બપોર, સાંજ. એ તો મિથ્યાત્વભાવ છે. એય..!

સમ્યગ્દર્શનના જ્ઞાનની પ્રકાશની શક્તિપૂર્વક અંદર સમય નામ આત્મામાં રાગ અને વિકલ્પથી રહિત સમતારૂપ, વીતરાગરૂપ પરિણમન થયું, થાય છે તેનું નામ સામાયિક કહે છે. કહો, ધીરૂભાઈ! કેટલી સામાયિક ત્યાં તમારે નાગનેશમાં બહુ કરી હશે. જુઓ આ સામાયિક. પુણ્ય-પાપના અધિકારમાં આવે છે. સ્થૂળ સંક્લેશ પરિણામ છોડ્યા છે, પણ સ્થૂળ વિશુદ્ધ પરિણામ જેણે છોડ્યા નથી તો તેને ભાવસામાયિક હોતી નથી. સમજાણું કાંઈ? પુણ્ય-પાપ અધિકારમાં આવે છે. સર્વસાવદ્યયોગનો ત્યાગ કરે. એ શબ્દ ત્યાં ... પૂર્ણ સ્વરૂપ લઈને પણ પુરુષાર્થની ઊલટી દશાને કારણે અશુભરાગથી ભલે છૂટે, પણ શુભ વિકલ્પથી છૂટે નહિ ત્યાં સુધી મોહનો ત્યાગ નથી તો સામાયિકનું પરિણમન નથી. સમજાણું કાંઈ? ઓહો..હો..!

**'સમયમાં પરિણમતા આત્માને જાણતો થકો,...'** ભાષા જુઓ, ભગવાન આત્મા પોતાને જાણતો થકો. પછી વિકલ્પને પણ નહિ, નિમિત્તને પણ નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સમયમાં પરિણમતો.

ઉત્તર :- સમયમાં પરિણમતો. રાગમાં પરિણમતો એમ નથી. સાંભળતી વખતે વિકલ્પ હતો અને એમણે દીધું એમ કહ્યું, પણ પોતામાં પરિણમન થયું એને દીધું એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ઈ જ શબ્દ છેને એમાં, શું છે? પુણ્ય-પાપ નહિ? ૧૫૪ છેને? **'ઊપજતો જે આત્મલાભ (-નિજસ્વરૂપની પ્રાપ્તિ) તે આત્મલાભસ્વરૂપ મોક્ષને આ જગતમાં કેટલાક જીવો ઈચ્છતા હોવા છતાં, મોક્ષના કારણભૂત સામાયિકની—કે જે સામાયિક સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વભાવવાળા પરમાર્થભૂત જ્ઞાનના ભવનમાત્ર છે,...'** સામાયિક તો આત્મા આનંદ અને જ્ઞાનરૂપ થવું તે સામાયિક છે. **'એકાગ્રતાલક્ષણવાળું છે અને સમયસારસ્વરૂપ છે તેની—પ્રતિજ્ઞા લઈને પણ,...'** એવી પ્રતિજ્ઞા લીધી કે મારે આવી સામાયિક કરવી. સમજાણું કાંઈ? તોપણ **'દુરંત કર્મચક્રને પાર ઊતરવાની નામર્દાઈને લીધે...'** અશુભ વિકલ્પને તો છોડે છે, પણ શુભ વિકલ્પને છોડતો નથી. નપુંસક છે કહે છે. આહા..હા..! ભારે વાત! **'क्लीब'** છે. દેવચંદજી! સંસ્કૃતમાં **'क्लीब'** છે. **'क्लीबतया'** **'दुरन्तकर्मचक्रोत्तरणक्लीबतया'**. આહા..હા..! કહે છે કે સામાયિકની પ્રતિજ્ઞા તો કરે છે કે મારે તો પુણ્ય-પાપ વિકલ્પથી રહિત વીતરાગ સ્વસંવેદનરૂપ પરિણમન કરવું તે અમારી સામાયિક છે. સમજાણું? એ સમયસાર છે. તેની પ્રતિજ્ઞા લે છે, પણ પ્રતિજ્ઞા પછી પરિણમન થતું નથી. તો એ શુભભાવમાં રોકાઈ જાય છે. શુભ વિકલ્પ ઉઠે તે સામાયિક. તે શુભમાં રોકાય અને શુભ છોડે નહિ તો તે નપુંસક છે. ઓહો..હો..! જુઓ, આ સામાયિક આવી. એય..! મલૂકચંદભાઈ! વ્રત અને સામાયિક આ પ્રકારની હોય છે. એની ભૂમિકા પ્રમાણે શુદ્ધનું પરિણમન થવું એ સામાયિક છે. વિકલ્પ ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં...

એ તો સામાયિક છે જ નહિ. એ તો વિષમતા છે, રાગ છે. સામાયિક ક્યાંથી આવી?

'**પરમાર્થભૂત જ્ઞાનના ભવનમાત્ર જે સામાયિક તે સામાયિકસ્વરૂપ આત્મસ્વભાવને નહિ પામતા થકા,...**' લ્યો! ભગવાન આત્મા એ દયા, દાન, વ્રત, નામસ્મરણ ભક્તિ, નમોકાર મંત્ર એવો વિકલ્પ છે તેને પાર કરી ન શક્યો તો તેને સામાયિક નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**જેમને અત્યંત સ્થૂળ સંક્લેશપરિણામરૂપ કર્મો નિવૃત્ત થયાં છે...**' વિકલ્પ શુભ-અશુભ છે એને છોડી દીધા. '**અને અત્યંત સ્થૂલ વિશુદ્ધપરિણામરૂપ કર્મો પ્રવર્તે છે...**' વિકલ્પ, નામસ્મરણ ભગવાનનું. એવો શુભ વિકલ્પ છે તે અત્યંત સ્થૂળ વિશુદ્ધ પરિણામ છે. ભગવાનનું નામ સ્મરણ કરવું, નમોકાર ગણવા એ અત્યંત સ્થૂળ વિશુદ્ધ શુભ પરિણામ છે, પુણ્યબંધનું કારણ છે, તે ધર્મ નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- સૂક્ષ્મ આત્માના નિર્વિકારી પરિણામ. સમજાણું કાંઈ? પરિણામની અપેક્ષાએ વાત ચાલે છેને? અશુભ પરિણામ અત્યંત સ્થૂળ, શુભ પણ અત્યંત સ્થૂળ, સૂક્ષ્મ નિર્વિકારી પરિણામ થવા તે સૂક્ષ્મ. સમજાણું કાંઈ? અત્યંત સૂક્ષ્મ અંતર્તત્ત્વ જ્ઞાયકભાવ તે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા અત્યંત સૂક્ષ્મ, પરિણતિ નિર્મળ થઈ તે સૂક્ષ્મ અને અશુભ અને શુભપરિણામ તે અત્યંત સ્થૂળ. તેને છોડવાને સમર્થ નથી. આ તો સમ્યગ્દર્શન થયા પછી પણ શુભભાવ રહે તે સામાયિક નથી. સમજાણું કાંઈ? અને સામાયિક માને કે મેં સામાયિક કરી, તો છે રાગ અને માની સામાયિક. દૃષ્ટિ મિથ્યાત્વ છે.

મુમુક્ષુ :- સામાયિક તો કરીને, ભલે દૃષ્ટિ મિથ્યા હોય.

ઉત્તર :- સામાયિક ક્યાંથી આવી? એય..! વૈદરાજજી! અંદર સામાયિક તો રાગરહિત, વિકલ્પરહિત નિર્વિકલ્પ આનંદમાં એકાકાર થવું તે સામાયિક છે. એ સામાયિકની તો ખબરેય નથી. સમજાણું કાંઈ? અને પછી એક કલાક ... સામાયિક થઈ ગઈ. રાગની મંદતાના ભાવમાં સામાયિક થઈ ગઈ. એય..! દીપચંદજી!

મુમુક્ષુ :- ... પ્રયત્ન છે.

ઉત્તર :- શું પ્રયત્ન છે? રાગ પ્રયત્ન છે? રાગનો પ્રયત્ન પ્રયોગ એ તો વિકારનો છે. વિકારનો પ્રયોગ હું કરું છું એ તો મિથ્યાત્વભાવ છે. આકરી વાત છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- મિથ્યાત્વ...

ઉત્તર :- મિથ્યાત્વ જ છે. આહા..હા..! એ માટે તો વાત ચાલે છે. વિકલ્પ એ સામાયિક છે. મેં સામાયિક કરી એક કલાક, સવા કલાક સામાયિક કરી સવાર, બપોર, સાંજ. કહે છે કે સામાયિકમાં શું કર્યું તેં? નામ સ્મરણ કરતા હતા. ગુણ સ્મરણ કરતા હતા. ગુણ સ્મરણ કરતા હતા, લ્યોને. માળા ફેરવતા હતા. નિજ ગુણ સ્મરણ કરતા હતા. આત્મા... આત્મા... આત્મા... શુદ્ધ આત્મા... શુદ્ધ પવિત્ર આત્મા. એ વિકલ્પ છે. પંડિતજી! શુદ્ધ ચિદ્રૂપોહં. શુદ્ધ

ચિદ્રૂપોહં. લ્યો! શુદ્ધ સ્વરૂપોહં, જ્ઞાયકભાવોહં, ઉદાસીનોહં. એ તો આવે છેને, બંધ અધિકારમાં. છેલ્લે બે ઠેકાણે (આવે છે). સમજાણું કાંઈ? આહા..હા..! કેવી વાત કરી લ્યો!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અપવાદ-ફપવાદ શું? અપવાદ એટલે નિંદા.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ... છે જ નહિ. સમજાણું કાંઈ? બીજાને બે ઘડી, ચાર ઘડી (એવો) વિકલ્પ ન રહે અને હું રહું છું, મને સામાયિક થઈ. એનું અભિમાન થયું. લ્યો આ તો સામાયિક કરતા નથી. ... મિથ્યાત્વ થયું. મિથ્યાત્વનો અહંકાર થયો. સમજાણું કાંઈ? વ્રત, નિયમ, શીલ, તપ ઈત્યાદિ શુભકર્મ છે બધું.

'**અશુભ કર્મને જ બંધનું કારણ માનીને, વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભ કર્મો પણ બંધનાં કારણ હોવા છતાં તેમને બંધના કારણ નહિ જાણતા થકા,...**' વ્રત, શીલ, તપ, નિયમ એ બધા શુભભાવ વિકલ્પ-રાગ બંધનું કારણ છે.

મુમુક્ષુ :- મિથ્યાદષ્ટિને બંધનું કારણ અને સમ્યગ્દષ્ટિને...

ઉત્તર :- અરે! સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિમાં ફેર શું? બેયને વિકલ્પ બંધનું કારણ છે. સમ્યગ્દષ્ટિને. એની વાત ચાલે છે. '**વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભ કર્મો પણ બંધનાં કારણ હોવા છતાં...**' મોક્ષનું કારણ મને થયું એ મિથ્યાત્વ છે. આહા..હા..! ભારે આકરું જુઓને. જુઓ અહીંયાં.

'**શ્રુતજ્ઞાન વડે સમયમાં પરિણમતા આત્માને...**' જુઓ, પહેલા સાંભળ્યું એટલે ભાઈ શ્રુતજ્ઞાન લીધું. ઓલો વિકલ્પ હતોને તે છૂટી ગયો. ભાવશ્રુતજ્ઞાન વડે. ભાવશ્રુતજ્ઞાન વડે સામાયિક એટલે આત્માના સમયમાં ભાવશ્રુતજ્ઞાન વડે. વિકલ્પ વડે નહિ, નિમિત્ત વડે નહિ. '**મહાવ્રતને સાંભળવારૂપ શ્રુતજ્ઞાન વડે...**' એમ લીધુંને? '**એક મહાવ્રતને સાંભળવારૂપ શ્રુતજ્ઞાન વડે...**' એટલે કે પહેલા વિકલ્પ છે સાંભળવાનો. ભાવશ્રુતજ્ઞાન થઈ ગયું ત્યારે અંદર આત્મામાં પરિણમતો થકો. તન્મય નિર્વિકલ્પ આનંદમય થયો થકો '**આત્માને જાણતો થકો, સામાયિકમાં આરૂઢ થાય છે.**' લ્યો! એવા આત્મામાં લીન થયો થકો અને આત્માને જાણે છે. ભાષા જુઓ. કોઈ વ્યવહારને જાણતો થકો, વિકલ્પને જાણતો થકો, નિમિત્તને જાણતો થકો એ વાત જ નથી લીધી, છોડી દીધી. આહા..હા..! જુઓને! ચરણાનુયોગમાં વાત પણ નિમિત્તથી કહે છે, પણ પાછી અંદરમાં કેવી ચીજ હોય છે એ બતાવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે ભગવાન આત્મા સમ્યગ્દર્શનમાં આત્માની સામાયિક. સમ્યગ્દર્શન એક સામાયિક છે, સમ્યગ્જ્ઞાન એ પણ સમ્યગ્જ્ઞાન સામાયિક છે. એ ઉપરાંતની વાત ચાલે છે. ચારિત્ર સામાયિક. ચારિત્ર સામાયિકના પાછા બે ભેદ. દેહ સંયમ... સમજાણું કાંઈ? સામાયિકના ચાર ભેદ લેતા

હતા અમે. સંપ્રદાયમાં લેતા હતા. અનુયોગદ્વારમાં ત્યાં લેતા હતા. એય..! પંડિતજી! લેતા હતા. સંપ્રદાયમાં અનુયોગદ્વારમાંથી કાઢતા હતા. એક સમ્યગ્દર્શન સામાયિક, એક સમ્યગ્જ્ઞાન સામાયિક, એક દેશવિરતી સામાયિક અને સર્વવિરતી સામાયિક. સામાયિકના ચાર બોલ કહેતા.

સમ્યગ્દર્શન અભેદ અનુભવમાં દૃષ્ટિ થઈ, રાગથી ભિન્ન પડી ગયો, આનંદનો સ્વાદ આવ્યો તે સમ્યગ્દર્શનની સામાયિક. અને એ સમ્યગ્દર્શનની સામાયિક વિના સમ્યગ્જ્ઞાનની સામાયિક થતી નથી. જ્ઞાન સામાયિક. સમતારૂપ જ્ઞાન, શ્રુતજ્ઞાન પરિણમી ગયું, ભાવશ્રુતજ્ઞાન પરિણમી ગયું તે શ્રુતજ્ઞાન સામાયિક. એ ઉપરાંત પાંચમા ગુણસ્થાને દેશવિરતી સામાયિક. સમજાણું કાંઈ? અંશે કષાય જે મંદ છે એનો અભાવ કરીને અંશે વીતરાગતાનું પરિણમન થયું તે દેશવિરતીની અરાગી પરિણતિરૂપ સામાયિક છે. મુનિને તો સર્વવિરતી વીતરાગપરિણતિ છે. તેનું નામ સામાયિક કહેવામાં આવે છે. ભારે! સમજાણું કાંઈ?

**'સમયમાં પરિણમતા આત્માને જાણતો થકો, સામાયિકમાં આરૂઢ થાય છે.'** ભાષા જુઓ. અંદર પોતાના આત્માને જ્ઞેય બનાવીને અંદરમાં આરૂઢ, સ્વભાવ ઉપર આરૂઢ થયો, વ્યવહારનું આરૂઢપણું છૂટી ગયું એમ કહે છે. .. આત્માને જાણતો થકો. અંતર વસ્તુ અભેદ ચિદાનંદ જ્ઞાયક શુદ્ધ ચિદ્રૂપ અભેદ તેને જ્ઞેય બનાવીને તેને જાણતો થકો, તેમાં લીનતારૂપ આરૂઢ થાય છે. લ્યો! એનું નામ મુનિની સામાયિક, વ્રત અને સામાયિક કહેવામાં આવે છે. આહા..હા..! આ તો ચરણાનુયોગના કથનમાં એવી વાત છે. વસ્તુ આ છે કે નહિ? એય..! ન્યાલભાઈ! આ સામાયિકની વ્યાખ્યા ચાલે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. બીજી સામાયિક હતી એમ કહે છે. નવી સામાયિક છે એમ છે? હતી કે દિ' સામાયિક? હજી સમ્યગ્દર્શનની ખબર નથી, પહેલી સમ્યગ્દર્શન સામાયિક વિના સમ્યગ્જ્ઞાન સામાયિક હોય નહિ અને સમ્યગ્જ્ઞાન સામાયિક વિના દેશવિરતી સામાયિક નથી. અને સમ્યગ્દર્શન-જ્ઞાન વિના સર્વવિરતી સામાયિક નથી. દેશવિરતી ભલે ન આવે કોઈકને. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનરૂપી સામાયિક વિના દેશવિરતી અંશે સામાયિક વીતરાગ અને સર્વવિરતી-સર્વ રાગના અભાવરૂપ વીતરાગ પરિણતિ એવી હોતી નથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન વિના **'સામાયિકમાં આરૂઢ થાય છે.'** લ્યો! એક મહાવ્રતને સાંભળવારૂપ સામાયિક લીધી અહીંયાં. હવે એનો ભેદ કરે છે... સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- યથાખ્યાત નહિ, આ તો સામાયિકની વાત છે. યથાખ્યાતની વાત ક્યાં? એ તો આગળ અકષાય પરિણતિ થઈ. અહીં તો અત્યારે થાય છે મુનિને એવી દશાની વાત કરે છે. યથાખ્યાત નથી. એમ કે આ તો ઊંચી વાત યથાખ્યાતની છેને એમ. છઠ્ઠા ગુણસ્થાનની સામાયિક આવી છે. છઠ્ઠામાંથી ખસીને સાતમામાં થાય છે એની વાત કરે છે. આહા..હા..!

પાંચમા ગુણસ્થાનમાં પણ આવી સામાયિક (હોય છે), પણ થોડી સ્થિરતા છે ત્યાં. સમજાણું કાંઈ? ચોથા ગુણસ્થાને તો સામાયિક છે નહિ આ. સ્વરૂપાચરણરૂપ દશા છે. અનંતાનુબંધીનો અભાવ થયોને. એટલી સ્થિરતા કાયમ છે.

પંચમ ગુણસ્થાનમાં તો બીજા કષાયનો ભાવ છે, વીતરાગતા છે. ચાહે તો ચોથો ગુણસ્થાનવાળો ખરેખર તો નિર્વિકલ્પ ઉપયોગમાં જ્યારે હોય એ કરતાં પણ બે કષાયના અભાવવાળો શ્રાવક ખાતા-પીતો દેખાય તોપણ એને વિશેષ નિર્જરા છે. સમજાણું કાંઈ? બાહ્ય ક્રિયા ઉપર આધાર નથી. ચોથો ગુણસ્થાનવાળો પોતામાં નિર્વિકલ્પ ઉપયોગમાં હોય. ચિંતનમાં લખ્યું છેને તમારે ત્યાં? મોક્ષમાર્ગમાં આવ્યું છે. ચિંતનમાં લખ્યું છે. પણ એનો અર્થ કે ધ્યાનમાં હોય. આત્માના ધ્યાનમાં હોય નિર્વિકલ્પ. છતાં એનાથી પાંચમા ગુણસ્થાનવાળો ખાતો-પીતો હોય અને ભોગના વિકલ્પની દશામાં હોય તોપણ (વિશેષ નિર્જરા છે). સમજાણું કાંઈ? પરિણમન ઉપર સામાયિક અને સંવર-નિર્જરા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... તો નામ છે. આહા..હા..! વીતરાગ માર્ગ એવો છે ભાઈ! વીતરાગદૃષ્ટિથી શરૂ થાય છે. સમજાણું કાંઈ?

**'અતીત-વર્તમાન-અનાગત કાય-વચન-મનસંબંધી કર્મોથી ભિન્ન નિજશુદ્ધાત્મપરિણતિ તે પ્રતિક્રમણ-આલોચના-પ્રત્યાખ્યાનસ્વરૂપ ક્રિયા છે.'** એ પણ અંતર નિજશુદ્ધ પરિણતિ તે પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન આદિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રતિક્રમણનો વિકલ્પ ઉઠે છે કે આ મિચ્છામી દુક્કડમ (કર્યું), એ પ્રતિક્રમણ છે જ નહિ. એ તો શુદ્ધ અનુભવની દૃષ્ટિપૂર્વકની સ્થિરતા હોય તો એ વિકલ્પને વ્યવહાર પ્રતિક્રમણ કહે છે. નિશ્ચય પ્રતિક્રમણ તો મિથ્યાત્વ, અજ્ઞાન, રાગ આદિથી ખસીને પોતાના સ્વરૂપમાં શુદ્ધ પરિણતિ વીતરાગદશા થવી તેનું નામ પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને આલોચના સંવર કહેવામાં આવે છે. ઈ તો બોલતા કે નહિ બધા? એય..! ગયા કાળનું પડિક્કમણું, વર્તમાનકાળનો સંવર, આવતાકાળના પચ્ચખાણ. એમ બોલતા. એય..! ન્યાલભાઈ! એ તો ત્યાં અગ્રેસર હતા. સમજાણું? શેઠ હતાને શેઠ. અરે! કોના શેઠ અને કોણ? આહા..હા..!

ભગવાન આત્મા.. જુઓ. **'પ્રતિક્રમણ-આલોચના-પ્રત્યાખ્યાનરૂપ ક્રિયાને સાંભળવારૂપ...'** ત્યાં વિકલ્પ છે જુઓ. પણ છતાં 'સાંભળવારૂપ' ત્યાં પણ કહ્યું હતુંને. સાંભળવારૂપ શ્રુતજ્ઞાન વડે. અહીં **'સાંભળવારૂપ શ્રુતજ્ઞાન વડે...'** આહા..હા..! વિકલ્પથી સાંભળે છે ... એમ. પ્રતિક્રમણ આવું છે, પ્રત્યાખ્યાન આવું છે, આલોચના-સંવર આવા છે એમ ગુરુ કહે છે તો સાંભળે છે. સાંભળે છે ત્યાં સુધી તો વિકલ્પ છે. પછી **'સાંભળવારૂપ શ્રુતજ્ઞાન વડે...'** તેનાથી હટીને ભાવશ્રુતજ્ઞાન વડે, એમ. ભાષા તો એવી છે. પણ સાંભળ્યો હતો એવો જે ભાવ એવા શ્રુતજ્ઞાન વડે. આહા..હા..! **'ત્રિકાળિક કર્મોથી વિવિક્ત (ભિન્ન) કરવામાં**

આવતા...' આહા..હા..! ..પરિણમિત થતો થકો આત્માને જાણતો થકો, સામાયિકમાં આરૂઢ થતો. આહા..હા..!

'**ત્રિકાળિક કર્મોથી વિવિક્ત (ભિન્ન) કરવામાં આવતા આત્માને જાણતો થકો...**' જુઓ, અંતરમાં ત્રણે કાળના વિકલ્પને છોડીને અંતર આનંદની વીતરાગધારામાં વહેતો થકો, આત્માને જાણતો થકો. '**અતીત-વર્તમાન-અનાગત,...**' ભવિષ્ય-વર્તમાનકાળ ચાલુ. '**કાય-વચન-મનસંબંધી કર્મોથી વિવિક્તપણામાં આરૂઢ થયા છે.**' ઓલામાં કહે છે કે સામાયિકમાં આરૂઢ થયો થકો. સમજાણું કાંઈ? ભારે ભાઈ! ઊંચી વાતું. વસ્તુ જ આવી છે ભાઈ! આહા..હા..! કોઈએ કલ્પી લીધી હોય કે અમે સાંજ-સવાર પ્રતિક્રમણ કરીએ છીએ, સમજાણું કાંઈ? પ્રત્યાખ્યાન કરીએ છીએ. એ પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાનની વ્યાખ્યા જ જુદી છે. સમજાણું કાંઈ? આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાયકસ્વરૂપ ચિદ્રૂપોહં એવા અનુભવપૂર્વક રાગ અને વિકલ્પ શુભ જે છે તેનાથી ખસીને પોતામાં વીતરાગભાવમાં આરૂઢ છે તેનું નામ પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને આલોચના કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે વાત! બે વાત થઈ.

'**પછી...**' કહેવું હોય તો શું કરે? એક પછી એક વાત કરે છે. એક સાથે કહેવાય? સામાયિક પહેલા આરૂઢ થઈ ગયો અને પછી ... વિશેષ સમજાવે છે. બેય એક સાથે છે. પહેલા સામાયિકમાં આરૂઢ થયો. સામાયિકમાં આરૂઢ થયો અહીંથી કહ્યું એમાં ત્રણે કાળના કર્મથી (ભિન્નપણામાં) આરૂઢ થયો એ તો ત્યાગ થઈ જ ગયો. સમજાવવામાં શૈલી કેમ લે? એમાં ક્રમ પડે છે.. સમજાણું કાંઈ? '**પછી સમસ્ત સાવદ્ય કર્મના આયતનભૂત કાયનો ઉત્સર્ગ કરીને...**' જુઓ, આયતન—સ્થાન-નિવાસ. સમસ્ત સાવદ્ય કર્મના આયતન-સ્થાન કાય, આ કાયા. તેને '**યથાજાતરૂપવાળા સ્વરૂપને...**' નગ્નદશા થઈ ગઈ. કાયાથી પણ વિકલ્પ છૂટી ગયો. સમજાણું કાંઈ? '**એકને એકાગ્રપણે અવલંબીને રહેતો થકો,...**' ભગવાન આત્માને યથાજાતસ્વરૂપને. એમ. યથાજાતરૂપ વીતરાગભાવરૂપ સ્વરૂપને '**એકને એકાગ્રપણે...**' એવા એકને '**અવલંબીને રહેતો થકો ઉપસ્થિત થયો થકો,...**' આહા..હા..! કેટલી વાત કરી! અને '**ઉપસ્થિત થયો થકો, સર્વત્ર સમદૃષ્ટિપણાને લીધે સાક્ષાત્ શ્રમણ થાય છે.**' અહીં સાધુ થયો હવે. ઓલી તો ભાવિનૈગમથી વાત કરી હતી. આવી દશાને ભગવાન સાધુપદ કહે છે. આવી દશા વિના માનવું એ વાત મિથ્યા છે, સત્ય નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૭, રવિવાર, તા. ૨૨.૦૬.૧૯૬૯**
**ગાથા-૨૦૮-૨૦૯, પ્રવચન-૧૯૦**

આ પ્રવચનસાર છે. ૨૦૮ અને ૨૦૯ (ગાથા). શું ચાલે છે? ચરણાનુયોગનો અધિકાર ચાલે છે. જેને પૂર્ણ સુખી થવું હોય તેણે આવું ચારિત્ર અંગીકાર કરવું પડશે. સમજાણું કાંઈ? આત્મામાં પૂર્ણ આનંદ પ્રાપ્ત કરવો હોય તેણે આવું ચારિત્ર અંગીકાર કરવું પડશે. એમાં વિશેષ ભેદ કહેશે. પણ ચારિત્ર પહેલા સમ્યગ્દર્શન તેને હોવું જોઈએ. પહેલા આવી ગયું છે કે અમારી જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ છે. માતા! મને વિદાય આપો. બાળક હોય આઠ વર્ષનું કે વૃદ્ધ હોય, જેને આત્મજ્ઞાનની જ્યોતિ અંદર પ્રગટ થઈ, એ જ્યારે ચારિત્ર અંગીકાર કરવાની ભાવના કરે છે ત્યારે માતા-પિતા, સ્ત્રી આદિની, જેને જે હોય, વિદાય લેવા આજ્ઞા માંગે છે. હું તો ચારિત્ર અંગીકાર કરવા ચાહું છું. મારે અને તમારે કાંઈ સંબંધ નથી. હું તો વનવાસમાં વનવાટ-વનની વાટ લેવા ચાહું છું. આહા..હા..! સમજાણું કાંઈ? અંતરમાં આનંદસ્વરૂપ પૂર્ણાનંદનું કારણ (એવું) આત્માનું કાર્ય જે મોક્ષ, એ આનંદનું કારણ ચારિત્ર અને એનું કારણ સમ્યગ્દર્શન એ તો પ્રાપ્ત છે. એ પછી આ ભાવના કરે છે. અહીંયાં સુધી આવ્યું છે જુઓ, ૧૦૨. વિદાય લીધી, પંચાચાર લીધા એવું પહેલા નયથી કથન કર્યું છેને? પછી શ્રમણ થાય છે ત્યાં સુધી આવ્યું છે. ૨૦૭.

‘**સાક્ષાત્ શ્રમણ થાય છે.**’ અંતરમાં વીતરાગભાવ પ્રગટ્યો છે એનું નામ ચારિત્ર અને એનું નામ પરમાર્થે શ્રમણ નામ સાધુ કહેવામાં આવે છે. એ આવી ગયું કાલે. ‘**શ્રુતજ્ઞાન વડે સમયમાં પરિણમતા...**’ જે કાંઈ ગુરુ પાસે સાંભળ્યું.. પહેલી લીટી છે. આમાં હિન્દી છે. ‘**શ્રુતજ્ઞાન વડે સમયમાં પરિણમતા...**’ જે ગુરુએ કહ્યું કે ભગવાન! તારો આત્મા તો આનંદ છેને. શુદ્ધ ચિદાનંદ છે. એવું સાંભળીને ચિદાનંદ સ્વરૂપમાં જેનું પરિણમન થયું. એવી દશા જેની થઈ તેને શ્રમણ કહે છે. સમજાણું કાંઈ? પહેલાના કાળમાં તો આઠ-આઠ વર્ષના રાજના રાજકુમાર દીક્ષિત થતા હતા. રાજકુમારે એમ કહ્યું તો એ તો મહાપુણ્યવંત. જેના ઘરે કરોડો-અબજો રૂપિયાની પેદાશ આમદાની, એ પણ આઠ-આઠ વર્ષના રાજકુમાર આ સાંભળીને આહા..હા..! ઓહો..હો..! એકલો જન્મે છે, એકલો મરે છે, એકલો ચાર ગતિમાં પરિભ્રમણ કરે છે. એવો હું દુઃખી છું. ચાર ગતિમાં પરાધીન દૃષ્ટિથી દુઃખી છું. માટે સ્વાધીન દૃષ્ટિપૂર્વક સ્વાધીન ચારિત્ર અંગીકાર કરું તો મારી મુક્તિ નામ પૂર્ણાનંદની પ્રાપ્તિ થાય. સમજાણું કાંઈ?

કેટલાક કહે છે કે ત્યાં સમ્યગ્દર્શન અને જ્ઞાનની વાત કરે છે, પણ ત્યાગ ચારિત્રની વાત

નથી કરતા એમ કહે છે. આ શું ચાલે છે? આ સમ્યગ્દર્શનના ભાન વિના વ્રત લઈ લે, તપ લઈ લે, પડિમા લઈ લે એ ત્યાગ કહેવાય એમ. સમકિતનો ત્યાગ છે. આ નિયમસારમાં આવે છે, સ્વધર્મત્યાગ નથી આવતું? સ્વધર્મત્યાગ નિયમસારમાં આવે છે. પોતાના સ્વધર્મનો ત્યાગ કર્યો. રાગને ગ્રહણ કર્યો કે આમ કરું, એવી કર્તાબુદ્ધિ, જ્ઞાતા-દૃષ્ટાના સ્વધર્મની શ્રદ્ધાનો ત્યાગ કર્યો. સમજાણું કાંઈ? અહીં કહે છે કે અહો..! આત્મદર્શન અને આત્મજ્ઞાન થયું તો પછી તો કોઈ ત્યાગ-ગ્રહણ રહેતા જ નથી. છતાં કર્મના સંબંધમાં જે શુભરાગાદિ ઉત્પન્ન થાય છે એનાથી આવા ચરણાનુયોગની વિધિ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ?

૨૦૮-૨૦૯. '**અવિચ્છિન્ન સામાયિકમાં આરૂઢ થયો...**' ઉપોદ્‌ઘાત છેને. સામાયિક સમતા... સમતા... સમતા... ઓહો..! વીતરાગી સમરસ, વીતરાગી સમરસ આનંદ એમાં ડૂબી ગયો અંદર આત્મા, આનંદમાં મશગુલ થઈ ગયો. એવા આનંદમાં આવ્યો કે જેને વિકલ્પમાં બહાર આવવું રુચતું નથી. સમજાણું કાંઈ? એવી '**અવિચ્છિન્ન...**' છિન્ન ન પડે, તૂટે નહિ એવી '**સામાયિકમાં આરૂઢ થયો હોવા છતાં શ્રમણ કદાચિત્ છેદોપસ્થાપનને યોગ્ય છે...**' હવે છેદોપસ્થાપનના બે પ્રકાર છે. છેદોપસ્થાપન. એ આરૂઢ થયો તો વિકલ્પ જ્યારે અઠ્યાવીશ મૂળગુણના ઉત્પન્ન થાય છે તેને પણ છેદોપસ્થાપન કહે છે. અને જે વસ્તુ સ્વરૂપ છે એમાં કોઈ દોષ લાગ્યો અને પ્રાયશ્ચિત લ્યે છે તેને પણ છેદોપસ્થાનપન કહે છે. છેદોપસ્થાપનના બે પ્રકાર છે. એ બે પ્રકારનું અહીંયા વર્ણન છે. સમજાણું કાંઈ?

**वदसमिदिंदियरोधो लोचावस्सयमचेलमण्हाणं।**
**खिदिसयणमदंतवणं ठिदिभोयणमेगभत्तं च।।२०८।।**

જુઓ, ભગવાન તીર્થંકરદેવ ત્રિલોકનાથની દિવ્યધ્વનિમાં આવા અઠ્યાવીશ મૂળગુણ (આવ્યા છે). આ વ્યવહાર મૂળગુણ છે. નિશ્ચય મૂળગુણ તો અનંત આનંદ, જ્ઞાન, કેવળજ્ઞાન એ મૂળગુણ છે. સમજાણું કાંઈ? નિશ્ચયમાં તો અનંત આનંદ, જ્ઞાન કેવળ આદિ એ મૂળગુણ છે. પણ એવા અનુભવપૂર્વક જ્યાં શાંતિ પ્રગટ થઈ એમાં વ્યવહારરૂપ મૂળગુણ શું છે એ વાત ચાલે છે. અહીં તો સામાયિકના ભેદ કહેશે વ્યવહારે.

**एदे खलु मूलगुणा समणाणं जिणवरेहिं पण्णत्ता।**
**तेसु पमत्तो समणो छेदोवट्ठावगो होदि।।२०९।। (जुम्मं)**

પાછળ છેને ગાથા-૨૦૮ અને ૨૦૯.

**વ્રત, સમિતિ, લુંચન, આવશ્યક, અણચેલ, ઇન્દ્રિયરોધનં,**
**નહિ સ્નાનદાતણ, એક ભોજન, ભૂશયન, સ્થિતિભોજનં, ૨૦૮.**
**આ મૂળગુણ શ્રમણો તણા જિનદેવથી પ્રજ્ઞપ્ત છે,**
**તેમાં પ્રમત્ત થતાં શ્રમણ છેદોપસ્થાપક થાય છે. ૨૦૯.**

પાછળ છે હિન્દીમાં. હવે એની 'ટીકા :- **સર્વ સાવદ્યયોગના પ્રત્યાખ્યાનસ્વરૂપ એક મહાવ્રતની વ્યક્તિઓ...**' જુઓ, ભાષા હવે. પોતાના આનંદસ્વરૂપ એવી સામાયિક, વીતરાગ સામાયિક અંગીકાર કરી. એ તો '**સર્વ સાવદ્યયોગના પ્રત્યાખ્યાન...**' ત્યાગ. '**એક મહાવ્રતની વ્યક્તિઓ...**' જુઓ, સામાયિકને એક મહાવ્રત કહે છે. સમજાણું કાંઈ? મહાવ્રત સામાયિકનો એક જ પ્રકાર, એક જ મહાવ્રત. વીતરાગી દશાનો ભાવ પ્રગટ થયો તે એક મહાવ્રત. આહા..હા..! એની વ્યક્તિ. આ વ્યવહારે વ્યક્તિ છે. એક મહાવ્રત છે એ તો વીતરાગભાવ છે. હવે એની વ્યક્તિ છે એ તો વિકલ્પ છે. સમજાય છે કાંઈ? ચરણાનુયોગની શૈલી છે. નહિતર એક વીતરાગભાવ છે એના કાંઈ અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, વિકલ્પ એના ભેદ નથી.

મુમુક્ષુ :- શ્રામણ્યમાં...

ઉત્તર :- એક જ મહાવ્રત છે, પણ બીજી વાત કરે છે. એક મહાવ્રતની વ્યક્તિ કહે છેને? એક મહાવ્રતની વ્યક્તિ કોણ? કે વિકલ્પ ઉઠવો અહિંસા, સત્ય, અઠ્યાવીશ મૂળગુણ. ખરેખર વીતરાગભાવની વ્યક્તિ પ્રગટ નથી, શુભભાવ છે. પણ વ્યવહારનયે એ ભૂમિકામાં એવો વિકલ્પ આવે છે તો વ્યવહારનયથી વીતરાગભાવની વ્યક્તિ છે એમ કહેવામાં આવ્યું છે. એવો ભાવ હોય, જ્યાં આગળ ત્રણ કષાયરહિત આનંદકંદમાં ઝૂલતા હોય ત્યાં આવા પંચ મહાવ્રત, છ આવશ્યક આદિનો વિકલ્પ હોય છે. તે અપેક્ષાએ એક મહાવ્રતરૂપી સામાયિક તેની વ્યક્તિ-પ્રગટતા-પ્રસિદ્ધિ એમ કહેવામાં આવે છે. નહિતર ખરેખર એક મહાવ્રતરૂપે તો વીતરાગભાવ છે તો એમાં પ્રગટતા તો વીતરાગભાવ થવો જોઈએ. પણ અહીંયાં ચરણાનુયોગની અપેક્ષાએ કથન છે તો વ્યવહારનયની પ્રધાનતા(થી વાત કરે છે) વીતરાગભાવની પ્રગટતા છે, કેમકે એ સમયે એવો ભાવ અઠ્યાવીશ મૂળગુણ આવે છે. દેવચંદજી! ભારે ભાઈ! મુનિપણું શું ચીજ છે એ સમજવું પણ કઠણ છે. શ્રદ્ધામાં એણે લેવું પડશે કે મુનિપણું આવું છે. એ સિવાય બીજી રીતે મુનિપણું હોતું નથી. આહા..હા..!

ધન્ય અવતાર! કેવળજ્ઞાન પામવાના રસ્તા. પૂર્ણાનંદની પ્રાપ્તિનું કારણ ચારિત્ર. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ ચારિત્રમોહને વશે 'લેશ ન સંયમ' છતાં એને ચારિત્રની ભાવના તો હોય છે. હોય છે એટલે તરત થઈ જાય એમ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઋષભદેવ ભગવાન જેવા ત્રણ જ્ઞાન લઈને, ક્ષાયિક સમકિત લઈને આવ્યા હતા. ત્રણ જ્ઞાન અને ક્ષાયિક સમકિત (હતું) તોપણ ૮૩ લાખ પૂર્વ સુધી ચારિત્ર ન આવ્યું. ૮૩ લાખ પૂર્વ. એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ વર્ષ, ૫૬ હજાર કરોડ વર્ષ. એનું એક પૂર્વ, એવા ૮૩ લાખ. તીર્થંકરનો આત્મા ક્ષાયિક સમકિત અને ત્રણ જ્ઞાન લઈને આવ્યા. નક્કી છે કે મારે આ ભવમાં સિદ્ધ થવાનું છે. આવે છેને? ... અષ્ટપાહુડમાં. પણ ચારિત્ર વિના એની સિદ્ધિ નહિ થાય. સમજાણું કાંઈ? રાજપાટ એવા ભોગાદિની વાસનામાં ૮૩ લાખ પૂર્વ ગયા. ૮૩ લાખ પૂર્વ. તીર્થંકરનો

આત્મા ક્ષાયિક સમકિત અને ત્રણ જ્ઞાન લઈને માતાના પેટમાં આવ્યા. પણ એ ચારિત્ર કાંઈ બહારથી લઈ લે તો આવી જાય એવું કોઈ ચારિત્ર નથી.

મુમુક્ષુ :- ગુરુ આપે ત્યારે આવે.

ઉત્તર :- ગુરુ શું આપે? અંદરમાંથી વીતરાગદશા થાય તો ગુરુએ આપ્યું એમ કહેવામાં આવ્યું. એ તો બધું આવી ગયું પહેલા. ગુરુએ દીધું. શું દીધું? ગુરુ પાસે છે એની ચારિત્રદશા? ચરણાનુયોગમાં આવા નિમિત્તના કથન ચાલે છે. બેય લિંગ ગુરુએ આપ્યા. વીતરાગતા દીધી અને દ્રવ્યલિંગ અઠ્યાવીશ મૂળગુણ આદિ પણ એમણે આપ્યું. એ આવી ગયું પહેલા. આહા..હા..! બાપુ! વ્યવહારનયની ચરણાનુયોગની શૈલી એવી છે. સમજાણું કાંઈ?

જ્યાં દૃષ્ટિના વિષયમાં તો પર્યાયનો પણ આદર નથી. ધ્રુવ ભગવાન આત્મા જેમાં બધા પરિણામ વ્યવહાર છે. બધા પરિણામ વ્યવહાર. મોક્ષ, મોક્ષનો માર્ગ, બંધ અને બંધનો માર્ગ બધો વ્યવહાર છે. તો વ્યવહાર અભૂતાર્થ, હેય છે. આહા..હા..! આવો દૃષ્ટિનો વિષય અને અનુભવ હોવા છતાં પણ... સમજાણું કાંઈ? જ્યારે સ્વરૂપની રમણતા ચારિત્રના પુરુષાર્થમાં થાય છે ત્યારે ચારિત્રની દશામાં વીતરાગભાવ પ્રગટ થાય છે. સમજાણું કાંઈ?

ઋષભદેવ ભગવાન પણ જ્યારે ણમો સિદ્ધાણં એમ બોલીને દીક્ષિત થયા ત્યાં સુધી તો હજી પાંચમું ગુણસ્થાન હતું. સમજાણું કાંઈ? ઉત્તરપુરાણમાં એમ આવે છે. જેટલા તીર્થંકર છે એમને આઠ વર્ષે પાંચમું ગુણસ્થાન થાય છે. બાર વ્રત ધારણ કરે, અણુવ્રત ધારણ કરે છે એવો પાઠ ઉત્તરપુરાણમાં છે. આવે છેને. સમજાણું? તો પાંચમું ગુણસ્થાન, ચોથે-પાંચમે રહ્યા, ચારિત્ર ન આવ્યું. અબજો-અબજો વર્ષ સુધી ચારિત્ર નહિ. અબજો-અબજો વર્ષ સુધી ચારિત્ર નહિ. સમજાણું કાંઈ? એ ચારિત્ર તો સહજ (હોય છે). જેમ વસ્તુ સહજ, ગુણ સહજ, એવા સહજ પુરુષાર્થથી પરિણમન જ્યાં વીતરાગતાનું થાય છે એ ચારિત્ર સહજ સ્વભાવિક વસ્તુ છે. એમ હઠથી લઈ લે, લ્યો મેં પંચ મહાવ્રત લીધા, અઠ્યાવીશ મૂળ ગુણ લીધા. એ તો હઠ છે. સમજાણું કાંઈ? ઈ કહેશે અંદર હોં! ત્યાં છેને હઠનું? ભાઈનું લખાણ છે પંડિતજીનું. ઓલી કોર હશે, આગળમાં આવશે, પછીમાં આવશે ૨૧૧-૨૧૨માં. સમજાણું કાંઈ?

ઓહો..! આવી દશા અંગીકાર કર્યા વિના તેને પરમ આનંદ નહિ મળે. સમજાણું કાંઈ? આવા ચારિત્રને પ્રાપ્ત થયા વિના, ચારિત્ર છે પર્યાય, છે શુદ્ધ ઉપયોગરૂપી વીતરાગી પર્યાય, પણ એ દ્રવ્યની દૃષ્ટિમાં તો પર્યાયની પણ ગૌણતા છે. એ હું પ્રાપ્ત કરું એ તો પ્રગટ કરવા માટે પ્રાપ્ત કરું એમ છે. સમજાણું કાંઈ? એના ઉપર વજન નથી. જોર તો દ્રવ્ય ઉપર છે. પણ દ્રવ્ય ઉપરના જોરમાં વિશેષ સ્થિર થાઉં એવો ચારિત્રનો અનંત પુરુષાર્થ છે. સમ્યગ્દર્શન કરતા પણ ચારિત્રનો પુરુષાર્થ અનંતગુણો છે. સમજાણું કાંઈ? ચારિત્રમાં ક્રમ પડે છે. દર્શનમાં ક્રમ નથી પડતો કે દર્શન પહેલા આટલી શ્રદ્ધા હોય અને પછી આટલી શ્રદ્ધા હોય એમ

નથી. દર્શનમાં તો એક સમયમાં આખું દ્રવ્ય અનંતા ગુણનો પિંડ કબજામાં લઈ લીધો, અનુભવમાં આવી જાય છે તેમાં ક્રમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! જ્ઞાનીને પણ રાગ કેટલો કાળ આવ્યો? અબજો-અબજો વર્ષ સુધી રહ્યો તીર્થંકર જેવા આત્માને પણ. ઓહો..હો..! તો કહે છે કે એ સમકિત છે તો ચારિત્ર કેમ નથી લેતા? જ્ઞાનનું ફળ તો ચારિત્ર છે, જ્ઞાનનું ફળ તો વ્રત છે, માટે વ્રત ન હોય ત્યાં સુધી એનું જ્ઞાન પણ સાચું નથી, એમ કહે છે. અરે.. ભગવાન!

મુમુક્ષુ :- જ્ઞાનનું ફળ તો વિરતી જ હોય.

ઉત્તર :- પણ વિરતી ક્યારે? પ્રગટ કરે ત્યારે કે એ વિના? જ્ઞાન થયું એટલે વિરતી આવી જાય?

મુમુક્ષુ :- આવ્યા વિના રહેતી નથી.

ઉત્તર :- આવ્યા વિના રહેતી નથી, પણ કેટલે કાળે? જ્ઞાન થયું એટલે વિરતી આવી જાય? સમજાણું કાંઈ? ઘણું લખે છે લોકો અત્યારે. સમ્યગ્દર્શન અને જ્ઞાનની ખબર ન મળે. દર્શન શું છે? કેવો અનુભવ થાય છે? અને એ અનુભવમાં શું દશા થાય છે? અનુભવીની કેવી સ્થિતિ છે? સમજાણું કાંઈ? એની ખબર વિના લ્યો! જ્ઞાનનું ફળ તો વિરતી છે. ચારિત્ર લઈ લો, વ્રત લઈ લો, નહિતર જ્ઞાનનું ફળ આવ્યું નહિ તો એ જ્ઞાન પણ નથી. હમણાં આવ્યું હતું છાપામાં. જૈન ગેજેટમાં, જૈન ગેજેટમાં. અરે.. ભગવાન! ભાઈ! જેમ તું કહે છે એમ નથી હોં!

અહીંયાં તો આત્મા જ્ઞાનસ્વરૂપ પરમ ધ્રુવ નિર્વિકલ્પ સ્વભાવનું ભાન કર્યું, વેદન થયું, આનંદનું વેદન થયું, એક વિકલ્પનો સ્વામી નથી, પર્યાયની પણ જ્યાં આગળ મુખ્યતા નથી... સમજાણું કાંઈ? એવી દૃષ્ટિ થઈ, ક્ષાયિક સમકિત થયું કે ક્ષયોપશમ થયું, તોપણ ચારિત્ર અંગીકાર કરવામાં અબજો-અબજો વર્ષ લાગે છે તીર્થંકર જેવા આત્માને. ભગવાન મહાવીર લ્યો. સમજાણું કાંઈ? ત્રીસ વર્ષ રહ્યા કે નહિ? કેમ રહ્યા ત્રીસ વર્ષ? ક્ષાયિક સમકિત તો લઈને આવ્યા હતા, ત્રણ જ્ઞાન તો લઈને આવ્યા હતા. છેલ્લા તીર્થંકર હતા. એમને પણ ખબર હતી કે હું તીર્થંકર થવાનો છું. આ ભવમાં કેવળજ્ઞાન લેવાનો, મારો દેહ છેલ્લો છે. તો ૩૦ વર્ષ કેમ રહ્યા? ભાઈ! એ દશા સહજ આવે છે. એમ હઠથી લઈ લે બહારથી (કે) આ વિકલ્પ લીધો, આ લીધો, એ તો બધો મિથ્યાત્વનો હઠવાદ છે. સમજાણું કાંઈ? એ ભૂમિકામાં છે નહિ એવી દશાને માનવી અને મનાવવી એ તો વિપરીત માન્યતા છે. આવ્યા વિના રહે નહિ સમકીતીને, પણ આવે એ સહજ આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે '**સર્વ સાવદ્યયોગના પ્રત્યાખ્યાનસ્વરૂપ...**' બિલકુલ એક વિકલ્પનો હિંસાનો ભાવ પણ છોડી દીધો. એક મહાવ્રતની દશા લીધી. એની વ્યક્તિઓ. જુઓ, ભાષા હવે. વીતરાગભાવની વ્યક્તિ રાગ. એય..! પંડિતજી! વ્યવહારનયનો ગ્રંથ છેને. એ ભૂમિકામાં એવો

ભેદ વ્યક્તિઓ આવે છે. વીતરાગભાવ આત્મા છે અંદર ચારિત્રમાં તો. મહા પ્રચુર સ્વસંવેદનમાં રમે છે. એવી દશામાં મુનિને એક મહાવ્રતની એકરૂપ વીતરાગ (દશા). મહાવ્રત શબ્દે એકરૂપ વીતરાગદશા. સમજાણું કાંઈ? એ એકરૂપ વીતરાગદશામાં વ્યક્તિ નામ એની પ્રગટતા વિશેષરૂપ. વીતરાગભાવનો વિશેષ, વીતરાગભાવની પ્રગટતા. આ એના અર્થમાં ગોટાળા કરે છે. સમજાણું કાંઈ? જુઓ, વીતરાગભાવની વિશેષતા. મહાવ્રતના પરિણામ આદિ છેદોપસ્થાનીય છે અને ચારિત્ર છે. માટે એ વીતરાગભાવનો વિશેષભાવ ઈ છે.

મુમુક્ષુ :- વીતરાગભાવ એ જ ચારિત્ર હોયને.

ઉત્તર :- અરે ભગવાન! છેદોપસ્થાન ચારિત્ર પણ વીતરાગભાવ જ છે. આ તો નિમિત્તથી કથન કર્યું છે એનું. ચારિત્ર આત્માનો આનંદ, પ્રચુર આનંદ, પ્રચુર વીતરાગતા. ચોથે વીતરાગતા છે એનાથી પાંચમે વિશેષ અને એનાથી છઠ્ઠે વિશેષ અને સાતમે એનાથી પણ વિશેષ. એવી વીતરાગતા, એનો ભેદ છઠ્ઠા ગુણસ્થાનની અપેક્ષાએ.

'**હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહની વિરતિસ્વરૂપ પાંચ પ્રકારનાં વ્રત...**' લ્યો! હિંસાથી નિવૃત્તિરૂપ વિકલ્પ. છે તો શુભરાગ. હિંસા છે અશુભરાગ. એ હિંસા અશુભરાગથી નિવૃત્તિરૂપ શુભભાવ અહિંસાનો, અસત્યથી નિવૃત્તિરૂપ સત્ય બોલવાનો શુભરાગ એ રાગ, ચોરીથી નિવૃત્તિરૂપ અચોરીનો શુભરાગ, અબ્રહ્મ-મૈથુનથી નિવૃત્તિરૂપ બ્રહ્મચર્ય પાળું એવા વિકલ્પનો શુભરાગ અને પરિગ્રહની વિરતિ—પરિગ્રહથી નિવૃત્તિરૂપ હું નગ્ન થાઉં એમ અપરિગ્રહ એવો વિકલ્પ. સમજાણું કાંઈ? રાગ. એ વીતરાગભાવની પ્રગટતા એ પાંચ પ્રકારના... સમજ્યાને? આવ્યુંને? '**પરિગ્રહની વિરતિસ્વરૂપ પાંચ પ્રકારના વ્રત...**' જુઓ, એ વીતરાગભાવના ભેદરૂપી પાંચ રાગ. બ્રહ્મચારીજી! આમ લે છે. કથન શૈલી સમજવી જોઈએને ભાઈ! અહીં પર્યાયનું કથન છે. એ વીતરાગભાવ છે ત્યાં આવો રાગાદિ પંચ મહાવ્રતનો આવે છે તો તેને વીતરાગભાવનો ભેદ વ્યવહારથી કહ્યો છે. નિશ્ચયથી ભેદ હોતો જ નથી. વીતરાગભાવમાં રાગભેદ હોય?

મુમુક્ષુ :- ચાર-પાંચ ભેદ હોય.

ઉત્તર :- એકેય ભેદ હોય? સમજાણું કાંઈ? ચરણાનુયોગની કથનીની રીત સમજ્યા વિના એનો અર્થ કરે તો ઊંધો-ઉલટો અર્થ થઈ જાય. એવું આમાંથી લ્યે છે કે જુઓ, અઠ્યાવીશ મૂળગુણ છે તે વીતરાગભાવનો ભેદ છે. આ લખ્યું. અમૃતચંદ્રાચાર્ય કહે છે. કાંઈ અમારા ઘરનું કહીએ છીએ? એમ કહે ઈ. ઈ એમ કહે છે. પણ ભાઈ! આ કઈ અપેક્ષાનું કથન છે? ભાઈ! આ તો ચરણાનુયોગની કથનની વાત છે. તો ચરણાનુયોગમાં વીતરાગભાવ જ્યાં થયો ત્યાં એ ભૂમિકામાં કેવો રાગ હોય છે એ બતાવવા એ વીતરાગનો ભેદ રાગ છે એમ કહેવામાં આવ્યું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એવા રાગની મંદતા હોય છે ત્યાં. એવી ભૂમિકામાં આવા પંચ મહાવ્રતાદિના (ભાવ હોય છે). એને કપડા લેવાનો ભાવ, એની માટે બનાવેલો આહાર લેવાનો ભાવ આવતો નથી, એ અપેક્ષાએ એને વીતરાગભાવની ભૂમિકામાં એવા ભાવને વીતરાગભાવનો ભેદ છે એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

'**તથા તેના પરિકરભૂત પાંચ પ્રકારની...**' લ્યો! ઠીક! પાંચ વ્રત છે વિકલ્પ શુભરાગ, એના પરિકર એટલે વાડ-વાડ. જુઓ, '**પરિકર = અનુસરનારો સમુદાય; અનુચરસમૂહ. (સમિતિ,...**' છેને? પાંચ પ્રકારની સમિતિ. જોઈને ચાલવું, છે તો એ વિકલ્પ રાગ. વિચારીને બોલવું વિકલ્પ, એષણા—નિર્દોષ આહાર લેવો એ છે શુભરાગ. ભૂમિકા પ્રમાણે મુનિને નિર્દોષ આહાર લેવાનો વિકલ્પ આવે છે. લઈ શકું છું એ પ્રશ્ન અત્યારે નથી. એવો વિકલ્પ આવે જ છે તો એ વિકલ્પને પંચ વ્રતની વાડ કહેવામાં આવી છે. પરિકર-સમુદાય. તેનો સમૂહ સમુદાય છે. રાગનો રાગ સમુદાય છે એમ કહે છે. ભારે વાતું ભાઈ!

મુમુક્ષુ :- રાગની રક્ષા.

ઉત્તર :- હા રાગની રક્ષા. વાત એવી છે, ભાઈ! ચરણાનુયોગની શૈલીની કથનપદ્ધતિ ન જાણે અને કલ્પનાથી અર્થ કરે તો બધું ઉંધું થઈ જાય ન્યાયથી. સમજાણું કાંઈ? દૃષ્ટિના વિષયની વાત ચાલતી હોય અને એની સાથે આને મેળવે.. આ તો ... એય..! ચંદુભાઈ! ઓહો..હો..! જ્ઞાનીને તો કેવળજ્ઞાન કરવાનો પણ ભાવ નથી, તો વળી આ અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પને લાવવા એ ક્યાંથી આવ્યું? એ ભૂમિકામાં... આહા..હા..! છઠ્ઠી ભૂમિકામાં વીતરાગભાવ જ્યાં પ્રગટ થયો ત્યાં આગળ પંચ મહાવ્રતના વિકલ્પ એ ભૂમિકામાં શુભરાગ થાય છે. એ શુભરાગનો પરિકર—અનુસરણ કરનારો. જ્યાં આવો શુભભાવ છે તેને અનુસરણ કરનારા. અનુચર-એનો દાસ. લ્યો! પાંચ સમિતિ એના પાંચ મહાવ્રતના રાગના દાસ છે. દાસ એવો હોય છે. છે બધો રાગ હોં!

પાંચ સમિતિ—ઈર્યા, ભાષા, એષણા, આદાન નિક્ષેપ-લેવું, મૂકવું. એ તો ક્રિયા જડની છે, પણ દેવાનો વિકલ્પ ઉઠે છે એ વ્રતનો સમુદાય છે. એ વ્રતનો અનુચર છે. એના સેવકના બધા સમૂહ છે. શુભરાગ એક તો શુભરાગ વીતરાગભાવનો ભેદ કર્યો અને એ ભેદ શુભરાગના બધા અનુચર-દાસ છે. કેવી કથની છે આ! વજુભાઈ! ... .. ચાલવું. કોઈ પણ જીવ ઉપર લીમડાનું ફૂલ હોય, કે નીચે લીલોતરી હોય એના ઉપર પગ ન આવી જાય... સમજાણું કાંઈ? એમ નીચે જોઈને ચાલવું એ તો શુભ વિકલ્પ છે, એ તો રાગ છે. ક્યાંય લીલોતરી ન હોય, સચેત પૃથ્વીનો કણ ન હોય. પૃથ્વી હોય છેને? સચેત ખાણમાંથી નીકળ્યા હોય, ઢગલો પડ્યો હોય. ગધેડા લઈ જાય છેને. એ સચેત છે. એક કણમાં અસંખ્ય જીવ છે. એક પાણીનો બિંદુ ઉપરથી પડે છે તો એક પાણીમાં અસંખ્ય જીવ છે. ઉપરથી પડે છેને થોડું? વરસાદ કહે છેને શું કહે છે? વરસાદ. વરસાદનું પાણી પડે છે બિંદુ. એક બિંદુ આટલા

તલ જેટલા બિંદુમાં અસંખ્ય પાણીના જીવ છે. મુનિ તો છ કાયની હિંસાના ત્યાગી છે. સમજાણું કાંઈ? તો એવા વનસ્પતિના કણ ઉપર કે પૃથ્વીના કણ ઉપર એનો પગ ન પડે એવો વિકલ્પ એને આવે છે. સમજાણું કાંઈ? જડની ક્રિયા સ્વતંત્ર થાય છે.

'(**સમિતિ,...**' પાંચ સમિતિ. અને '**ઈન્દ્રિયનિરોધ...**' પાંચ પ્રકારના. એ પરિકર છે. હજી એ વિકલ્પ છે હોં! ઈન્દ્રિયથી નિરોધ. ઈન્દ્રિયના ભોગ આદિની વાસના જે છે એનો નિરોધ કરે છે એ શુભરાગ છે. પંચ મહાવ્રત, વીતરાગભાવનો રાગભેદ અને રાગના આ બધા અનુચર-દાસ, એની સાથે આવું હોય છે. રાજા મોટો નીકળે એટલે એની સાથે પાંચ-પચ્ચીસ માણસ નોકર તો સાથે હોય જ. એકલો ન નીકળે. રાજા નીકળે છેને રાજા? આપણે નહિ ભાઈ નીકળતા હતા? સર શેઠ. ઈન્દોરમાં નીકળે સર શેઠ તો એકલા ન નીકળે. ૨૦૦-૨૦૦ માણસ હોય. એ તો રાજા જેવો માણસ, પુણ્યશાળી માણસ છે. બહાર એકલા નીકળે નહિ. ૨૦૦-૨૦૦ માણસ હોય. બહુ પુણ્યશાળી હતા. લોકો આમ દુકાને બેઠા હોય તો ઉભા થઈ જાય. ખમ્મા અન્નદાતા! ખમ્મા શેઠ સાહેબ! ખમ્મા. એય..! એમાં કાંઈ છે નહિ હોં, ધૂળધાણી છે. આ તો પુણ્યનો પરિકર-સમુદાય કેવો છે એ બતાવવું છે. એમ પંચ મહાવ્રતના વિકલ્પનો પરિકર-સમુદાય કેવો છે એ બતાવવું છે. જે હોય એનું રૂપ તો બતાવવું જોઈએને બરાબર? પણ લોકો કહેતા હતા હોં! મેં તો જોયું નથી. લોકો કહેતા હતા કે જ્યારે શેઠ નીકળે તો સાથે ૨૦૦-૨૦૦ માણસ. અને દુકાનદાર બહાર નીકળે શેઠ! એ પુણ્યનો પરિકર છે. પુણ્યનો સમુદાય અનુચર સાથે હોય. એવા કાળમાં આત્માને લાભ એ પ્રશ્ન અહીંયાં છે નહિ. અહીંયાં તો પંચમહાવ્રતનો રાગ, જ્યારે વીતરાગભાવ થયો સમ્યગ્દર્શનજ્ઞાનપૂર્વક તો મહાવ્રતનો રાગ જે થયો તેની સાથે અનુચર દાસ-સમુદાય હોય છે એમ કહે છે. એકલા પંચ મહાવ્રતનો રાગ હોતો નથી. સમજાણું કાંઈ?

પાંચ ઈન્દ્રિયનો નિગ્રહ. શ્રોત, ચક્ષુ, ઘ્રાણ નિગ્રહ કરવાલાયક છે. અને લોચ વિકલ્પ છે. ક્રિયા જડની છે, પણ વિકલ્પ છે. દાઢી મૂછના વાળનું રક્ષણ કરવું એ તો રાગ છે. એને છોડવાનો ભાવ વિકલ્પ એટલો હોં! એ લોચની ક્રિયા કરી શકે છે (એમ નથી કહેવું), એ જડની ક્રિયા છે, એ પોતાની ક્રિયા નથી. એ તો અજીવની ક્રિયા છે.

મુમુક્ષુ :- એની મેળે થાય છે?

ઉત્તર :- એની મેળે થાય છે. પહેલા આવી ગયું નહિ? હસ્તાદિની ક્રિયા સ્વયમેવ થાય છે. એમાં આવ્યું છે, દ્રવ્યસંગ્રહ. એ તો અમારે ૨૦૦૦ની સાલમાં વાત ચાલી હતી. ચંપાલાલ શેઠ બ્રહ્મચારી હતા. બિચારાને ખબર ન મળે. સૌ ત્યાગી નામ ધરાવે અને તત્ત્વની કાંઈ ખબર ન મળે. અમારી સાથે બે મહિના રહ્યા. અરે! આ તમે કહો છો એ વાતની તો અમને કાંઈ ખબર જ નથી. હાથની ક્રિયા આત્મા કરી શકતો નથી. ૨૦૦૦ની સાલ. ૨૫ વર્ષ પહેલાં. અહીં રહ્યા હતા સામે ઓરડીમાં. સામે રૂમ છેને. બે મહિના રહ્યા. પછી હાથમાં...

મુમુક્ષુ :- વીંછીયા થઈને...

ઉત્તર :- હા વીંછીયા થઈને.. શેરડીનો રસ લેવા ગયા હતા. એ શેરડીનો રસ લેવા ગયા. શેરડી સમજો છો? ગન્ના. તો શેરડીનો રસ લેવા ઓલાને ધોવરાવે. શું કહેવાય? એ સંચો ધોવરાવે. ધોવરાવે સમજો છો? સાફ કરાવે. હાથ ધોવરાવે. હવે ભાઈ આવું ખાવાનું કામ શું છે તમારે? શેરડી સાફ કરાવે, એના સંચા સાફ કરાવે. શેરડીનો રસ લઈ આવે એટલો. પછી અમને કહે કે લ્યો મહારાજ! આટલું તો લ્યો. હું સાફ કરાવીને લાવ્યો છું. પણ આ ખાવાનું કામ શું છે તમારે? ... મહારાજ સાથે.. સાફ કરે. કીધું, એનું કામ શું છે હવે રસ ખાવાનું? પૈસા તો ન લે અમારી પાસેથી. એને કેટલી મહેનત પડે. શેરડી સાફ કરે, સંચો સાફ કરે, એ માણસના હાથ સાફ હોય. હવે એવો શેરડીનો રસ પીને તમારે કામ શું છે? મેં કીધું, અમે રસ-બસ લેતા નથી. આહા..હા..! ભગવાન!

પછી વાત કરતાં-કરતાં કીધું કે આ હાથની ક્રિયા આત્મા નથી કરી શકતો. તો કહ્યું, હું ભૂરીબાઈને પૂછીશ. તમે તો જાણો છોને ભૂરીબાઈને. ઈંદોર-ઈંદોર. જાણપણાવાળી બાઈ. અમે તો ગયા હતા. મેં જોયું હતું. તો ભૂરીબાઈને વાંચન ઘણું. જાવજીવ સુધી એણે પ્રતિમા ન લીધી. કેમકે પ્રતિમાને યોગ્ય અત્યારે દશા અમારી છે નહિ. એકેય પડિમા ન લીધી. પડિમા કોને (હોય)? પાંચમું ગુણસ્થાન હોય, અનુભવ હોય, શાંતિ વધી ગઈ હોય અને પછી એ વિકલ્પ આવે તો એને પ્રતિમા કહેવામાં આવે છે. લીધી નહિ આખી જિંદગી. ભૂરીબાઈને પૂછીશ, કહે. હવે આ ભૂરાભાઈને પૂછને, કીધું, અહીં આત્માને. ભૂરીબાઈ કોણ? આ તો ૨૫ વર્ષ પહેલાની વાત છે. હસ્તાદિની ક્રિયા આત્મા જડની ક્રિયા કરી શકે? પ્રશ્ન ક્યાં છે અહીંયાં? આ હાથ ચલાવવા એ આત્માની ક્રિયા છે? હાલવું, ચાલવું એ તો જડની ક્રિયા થાય છે. આત્મામાં રાગ થાઓ, એ તો કહે છે. સમજાણું કાંઈ? એ વિકલ્પ થાય છે.

મુમુક્ષુ :- રાગની...

ઉત્તર :- રાગને કારણે એ ક્રિયા નથી થઈ.

મુમુક્ષુ :- .. ના પાડો છો.

ઉત્તર :- ના પાડીએ છીએને. રાગ રાગમાં રહ્યો, રાગને કારણે પરની ક્રિયા થઈ? રાગને કારણે એની ક્રિયા થઈ? બિલકુલ જૂઠી વાત છે. શું વાત છે? એ જડની ક્રિયા છે. જડની ક્રિયા જડને કાળે પોતાથી થાય છે. રાગ આવ્યો તો થઈ એમ પણ નથી અને એ ક્રિયા જડની થવાની હતી માટે રાગ આવ્યો એમ પણ નથી. એવી વાત છે. અને એ રાગ આવ્યો તો વીતરાગનો ભાવ ટકે છે, પંચ મહાવ્રતનો રાગ છે તો વીતરાગ ભાવ ટકે છે એમ પણ નથી. આહા..હા..! અને વીતરાગભાવ છે તો અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ એ કારણે આવે છે એમ પણ નથી. અહીંયાં ચરણાનુયોગ છે તો એ વાત સમજાવવામાં આવે છે.

એવી જ્યારે વીતરાગદશા થાય, મુક્તિ આનંદનું કારણ-પરમાનંદનું કારણ-સાદિઅનંત આનંદનું

કારણ એવી ચારિત્રદશા થાય તે વખતે આવા અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પમાં પંચ મહાવ્રત મૂળ આવે છે. મૂળગુણ કહ્યુંને? મૂળગુણ કહ્યું. માટે એની વ્યાખ્યા કરે છે. સમજાણું? શું આવ્યું? લોચ. એ લોચ ક્રિયા. લોચનો વિકલ્પ હોં! લોચની ક્રિયા આત્મા કરી શકે એમ ત્રણ કાળમાં નથી. સમજાણું કાંઈ? હજારો માણસો એકઠા થઈને ઓહો..હો..! કેટલો લોચ કરે છે!

મુમુક્ષુ :- આશ્ચર્યકારક તો લાગેને.

ઉત્તર :- ધૂળેય આશ્ચર્યકારક નથી. એમાં શું છે? ઘેટા પણ લોચ કરાવે છે છ-છ મહિને.

મુમુક્ષુ :- ઈ પ્રકારનો નથી કરતા.

ઉત્તર :- ઈ પ્રકારનો નહિ, આ તો એનો બાપ છે. અભિમાન છે અહીંયાં. હું કરું છું એ દુનિયા જાણે. આ દુનિયા જાણે કે હું આવી ક્રિયા કરું છું. એ તો અભિમાન છે. પ્રસિદ્ધિ મેળવવી છે? સમજાણું કાંઈ? અહીં કહે છે કે વિકલ્પ આવે છે, પણ એની મર્યાદા વિકલ્પ પૂરતી છે.

'**છ પ્રકારનાં આવશ્યક,...**' જુઓ હવે. આ વ્યવહાર સામાયિકનો પ્રશ્ન. નિશ્ચય સામાયિક તો એક વ્રતરૂપ લીધી. હવે એના ભેદરૂપ જે ભાવ એમાં આ છ આવશ્યકમાં સામાયિક આવીને? સામાયિક, ચોવિસંથો, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ, પ્રત્યાખ્યાન. એમાં પણ સામાયિક તો આવી, પણ આ સામાયિક વિકલ્પ છે. સમજાણું કાંઈ? ભારે! વીતરાગરૂપ સામાયિક તો એક પ્રકારની વાસ્તવિક સામાયિક છે. એમાં પંચ મહાવ્રતના શુભરાગરૂપી ભાવ, એનો અનુચર સમુદાય એમાં જે આ સામાયિકનો વિકલ્પ આવે એ સમયે ... ઈ આવે છે. સમજાણું કાંઈ? તો કહે છે કે સામાયિકનો વિકલ્પ ચોવિસંથો—ચોવીસ તીર્થંકરને વંદનનો રાગ, ગુરુને વંદનનો રાગ, વંદન, પ્રતિક્રમણ. અશુભથી ખસીને શુભભાવનો રાગ અને પ્રત્યાખ્યાન- અશુભથી છૂટીને શુભનો પ્રત્યાખ્યાન ભાવ અને કાયોત્સર્ગ. છે બધા છએ પ્રકારના શુભરાગ. આહા..હા..! સમજાણું કાંઈ? છ પ્રકાર થઈ ગયાને? સામાયિક, ચોવિસંથો, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ, પ્રત્યાખ્યાન.

'**છ પ્રકારનાં આવશ્યક,...**' જુઓ, ભાષા આવશ્યક છે. અવશ્ય કરવા એ વ્યવહારની ભાષા છે. એય..! નિયમસારમાં આવે છે '**णियमेण य जं कज्जं**'. ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે કે નિયમથી-નિશ્ચય કરવા લાયક છે તો પોતાના સ્વરૂપના દર્શન, જ્ઞાન અને ચારિત્ર વીતરાગભાવ '**णियमेण य जं कज्जं**'. એ નિયમસારની ગાથા છે. પહેલું પદ છે. '**णियमेण य जं कज्जं**' ઓહો..! ભગવાન આત્મા, નિશ્ચયથી જે કરવાલાયક છે એ તો નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, નિર્વિકલ્પ સ્વસંવેદન અને નિર્વિકલ્પ વીતરાગદશા. એ '**णियमेण य जं कज्जं**' એમ પાઠ છે. પણ આ વ્યવહાર કાર્ય છે. વિકલ્પ ચરણાનુયોગમાં એવો આવે છે. નહિતર એક આવશ્યકનો જે વિકલ્પ છે તે કરવાલાયક છે એમ નથી. એવી બુદ્ધિ નથી. આહા..હા..!

ભારે વાત ભાઈ! પણ આવે છે તેને આવશ્યક છે એમ કહેવામાં આવે છે. ભારે માર્ગ ભાઈ! આવી ગયાને છએ આવશ્યક. આવશ્યક ક્રિયા. અવશ્ય કરવાલાયક એમ કહ્યું. વ્યવહારનયથી કહ્યું છે. એટલે કે એમ છે નહિ, પણ આવે છે તેને નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે કહેવામાં આવ્યું છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એવો વિકલ્પ આવે છે, બસ એટલું. આવે છે. લાવે છે એ વ્યવહારનયનું કથન છે ચરણાનુયોગનું. એ ભૂમિકામાં આવે છે. યોગ્યતા એ પ્રકારની છેને તેને .. આવે છે. તેને ચરણાનુયોગમાં (એમ કહે કે) અઠ્યાવીશ મૂળગુણ પાળે છે. રાગને પાળે છે એવો અર્થ ન કરવો. પાળે છે એવું કથન આવે ચરણાનુયોગની શૈલીમાં. પાળે તો છે વીતરાગભાવ. પણ એવો રાગ આવે છે તો વ્યવહારનયથી પાળે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..!

મુમુક્ષ :- ...

ઉત્તર :- પણ ન પાળે શું? થાય છે તો થાય છે. પાળે શું? રાગને પાળવો છે? રક્ષા કરવી છે? રાગની રક્ષા કરવા જાય તો દૃષ્ટિ મિથ્યાત્વ થઈ જાય છે.

મુમુક્ષુ :- એના વિના મુનિપણું રહેતું નથી.

ઉત્તર :- એના વિના રહેતું નથી એટલે કે એવો ભાવ હોય છે એટલું. પણ એથી મુનિપણું છે? મુનિપણું તો વીતરાગભાવથી છે. આ તો અચારિત્ર છે. રાગભાવ પંચ મહાવ્રત આદિ તો અચારિત્ર છે. ભારે! અચારિત્ર એ ચારિત્રના ભેદ. કહે છે. .. જુઓ અઠ્યાવીશ મૂળગુણ એ વીતરાગભાવનો ભેદ છે. એ લેવો. આવે, દાખલો તો આપેને. વ્યવહારનયનું કથન છે. ત્યાં એ જાતનો ભાવ હોય છે. એ કથનપદ્ધતિ આવે છે. 'સદ્‌ગુરુ કહે સહજ કા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' વાદવિવાદની આ વસ્તુ નથી બાપા! એવી વાત છે, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ?

જુઓ, એક વિવેક! દૃષ્ટિમાં તો પર્યાયને પ્રગટ કરું એવો ભાવ પણ નથી. કેમકે પરિણમન ચાલુ છે એમાં પ્રગટ કરવું ક્યાં આવ્યું? સમજાણું કાંઈ? દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર પડી છે તો પડી છે એટલું લક્ષ થયું. હવે આ પરિણમું, તો છે એમાં પરિણમું ક્યાં આવ્યું? તો હજી વીતરાગભાવરૂપે પરિણમું એમ પણ નથી. એ તો પરિણમનશીલ ભાવ છે તો થાય જ છે. એ સમયે પણ રાગાદિ આવે છે તો થાય છે તેને અહીંયાં વ્યવહારથી વીતરાગભાવનો ભેદ કહેવામાં આવે છે. ભારે શૈલી! નિશ્ચય અને વ્યવહારની સંધિ.

પાછા કોઈ એમ કહે કે વીતરાગભાવ છેને અમારે, હવે વ્યવહાર વિકલ્પનું શું કામ છે? એવો વિકલ્પ અમારે હોય નહિ. સમજાણું? એક સાધુ આવ્યા હતાને અહીંયાં, જયસાગર. છેને વાંચે છેને સમયસાર? એ જાણે કે અહીંયા નિશ્ચયની વાત ચાલે છેને. અમારે વિકલ્પનું, વ્યવહારનું મુનિઓને શું કામ છે? અમે તો નિશ્ચયમાં રહીએ છીએ. ઓહો..! એ જયસાગર.

જયસાગર નથી? એ જયસાગર એકલા અહીં આવ્યા હતા. ૨૦૦૯ની સાલમાં આવ્યા હતા. એ જાણે કે અહીંયાં તો નિશ્ચયની વાત ચાલે છે. અમારે સાધુઓને વ્યવહારનું શું કામ છે? વિકલ્પ ઉઠે છે, વિકલ્પ છે તે મિથ્યાત્વ છે. અરે! આમ ન હોય. ... કાંઈ ખબર ન મળે અને સમયસાર વાંચે. વિકલ્પ તે મિથ્યાત્વ છે. વિકલ્પ મિથ્યાત્વ નથી, ભાઈ! વિકલ્પથી ધર્મ માને તો મિથ્યાત્વ છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરવી તે મિથ્યાત્વ નથી. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરવી એ તો રાગ છે, પણ એને પરમાર્થ ધર્મ માને તો મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

રાગભાવ તો નપુંસકતા છે. એય..! શાસ્ત્રમાં એમ આવ્યું નથી? વીર્ય તો સ્વરૂપને રચે. એમ આવ્યું કે નહિ? ૪૭ શક્તિ. વીર્ય તો સ્વરૂપને રચે તેને વીર્ય કહે છે. રાગને રચે તેને વીર્ય કહે છે? શાસ્ત્રમાં તો એમ કહ્યું, પુણ્ય-પાપ અધિકારમાં, જીવ-અજીવ અધિકારમાં. અજીવ અધિકારમાં પાછળ. નપુંસક છે. એ તો વળી પુણ્ય-પાપની. આ તો .. અજીવમાં આવ્યુંને? ક્લીબ. અજીવ અધિકાર. હા એ ૪૪માં આવ્યું છે. ક્લીબ—નપુંસક છે. રાગને કરવું અને રાગમાં રહેવું એ તો નપુંસક છે. એ વાત અહીંયાં કહે છે કે પંચ મહાવ્રતનો મૂળગુણ ચારિત્રનો ભેદ છે, એની સાથે પરિવાર આવો રહે છે. એય..! ચંદુભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વ્યવહારે આવે છે અને કરવાયોગ્ય છે એમ કહેવામાં આવ્યું છે. આવે છે. એવી વાતું છે, ભાઈ!

આ જ અમૃતચંદ્રાચાર્ય એમ કહે કે નિશ્ચયથી તો એક જ આવશ્યક છે. વ્યવહારમાં વળી ચરણાનુયોગમાં એમ કહે કે, આ પણ બધુ આવશ્યક છે. સોગાની ઘણીવાર એમ કહેતા કે મને એક આવશ્યક વાંચીને ચોંટ લાગી ગઈ. આ બધા છ આવશ્યકનો બોજો લાગે છે. બોજો લાગે છે. વાત સાચી છે. એય..! શું છે? પંડિતજી! નિહાલચંદ્ર સોગાની એકવાર લખે છે. અમને આત્મધર્મ મળ્યું અને એમાં જ્યારે એક આવશ્યકની વાત આવી કે આવશ્યક એક છે નિશ્ચયથી કરવાયોગ્ય વીતરાગભાવ. મને ચોંટ લાગી ગઈ. અમારું કાર્ય અમે કરી લીધું. એવી વાત લખી છે. એમણે જે કહ્યું એમ અમે કર્યું. એ કાર્ય અમે કર્યું. એવી વાત કરે છે. એને ખબર નથી કે દેહ છૂટી જશે. સમજાણું કાંઈ?

ઘણું કામ કરીને ચાલ્યા ગયા. સોગાનીને અત્યારે પાંચ વર્ષ થયા દેહ છૂટ્યાને. અનુભવની દૃષ્ટિ, નિર્વિકલ્પની દૃષ્ટિનું જોર એટલું. દ્રવ્યદૃષ્ટિપ્રધાન જ એ કથન કરતા હતા. કારણ કે એમને ક્યાં ઉપદેશ દેવો હતો. આહા..! એમને કાંઈ સભા ભેગી કરીને ઝાઝા હોય એમાં કહેવું એવું કાંઈ હતું નહિ. એ વખતે એમ આવ્યું. એય..! પોપટભાઈ! એકવાર કહ્યું હતું કે ભાઈ આપણે તો વાર-કવારે આવે એને કહીએ. કહ્યું હતુંને લાલચંદભાઈ! અમને તો ભગવાનના નામનો, સન્મુખનો વિકલ્પ આવે છે એ ભઠ્ઠી લાગે છે. એમ લખ્યું. વાત સાચી છે. ભગવાનના

નામ તરફ લક્ષ જાય છે, ભગવાન આ તીર્થંકર છે એવું લક્ષ જાય છે તો ભઠ્ઠી લાગે છે. શુભરાગ છેને.

મુમુક્ષુ :- રાગ છે.

ઉત્તર :- રાગ કષાય અગ્નિ છે કે નહિ? છ ઢાળામાં છે કે નહિ? આગ દાહ 'રાગ આગ દાહ દહે સદા' એમ ભાષા તો બહુ બોલી જાય છે. પંડિતજી! પણ રાગ વિકલ્પ હોય તો દાહ અને અગ્નિ છે, કષાય છે. આ એક અઠ્યાવીશ મૂળગુણ કષાય ભઠ્ઠી છે. આહા..હા..! એય..! પંડિતજી!

મુમુક્ષુ :- એ તો નિશ્ચયની વાત છે, વ્યવહારે તો અમૃત કહ્યું છેને.

ઉત્તર :- વ્યવહારે અમૃતનો અર્થ શું? છે નહિ. એ તો વ્યવહારે કહ્યુંને ત્યાં. મોક્ષ અધિકારમાં કહ્યું નહિ? દ્રવ્ય પ્રતિક્રમણ વ્યવહારે અમૃત. વ્યવહારે અમૃતનો અર્થ શું? વ્યવહારે કહ્યું (પણ) એમ છે નહિ. સમજાણું કાંઈ? વ્યવહાર તો એમ કહે છે કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એ વ્યવહાર સમકિત છે, વ્યવહાર સમકિત છે. રાગ એ વ્યવહાર સમકિત છે?

મુમુક્ષુ :- લખ્યું છેને.

ઉત્તર :- પણ લખ્યું છે એનો અર્થ શું? કે રાગ છે તેને સમકિત કહેવું એ વ્યવહાર છે. વ્યવહાર એટલે એમ છે નહિ. છતાં વ્યવહારનો વિષય રાગ છે, પણ એ સમકિત કહે છે એમ નથી.

મુમુક્ષુ :- વ્યવહાર વિના નિશ્ચય સમજે ક્યાંથી?

ઉત્તર :- .. વ્યવહાર વિના. આ ઠીક નાખ્યું લાકડું. મોહનભાઈ! ભગવાન! એવી વાત છે પ્રભુ! કે વ્યવહાર વિના નિશ્ચય શોભે છે. આહા..હા..! ભાઈ! વ્યવહારના સ્થાને વ્યવહાર હોય. એ તો વાત ચાલે છે. પણ એનાથી વીતરાગભાવ શોભે? રાગભાવથી વીતરાગભાવ શોભે? બાપા એવું છે, ભાઈ! એ વાત ચાલતી હોય ચરણાનુયોગની કથનીની ત્યારે એ વાત એમ આવે. હવે અહીંયાં તો આ જેટલા બોલ કહે છે એ બધા શુભભાવના છે.

મુમુક્ષુ :- ... દીક્ષા લેવાનો ભાવ..

ઉત્તર :- હતો કે દિ' દીક્ષાનો ભાવ? આ ઠીક કહે છે ડોસા. એને હવે ૮૭ વર્ષ થયા, એ શું લઈ શકે દીક્ષા? શેઠ છે, શેઠ છે ત્યાંના. વડાળ છેને વડાળ. ભુરાભાઈ હતા, નહિ? ભુરાભાઈ, એના કાકા છે. ભુરાભાઈને બહુ પ્રેમ હતો. એનો દીકરો છેને અત્યારે, મોટો ગૃહસ્થ છે. ૭૦-૮૦ લાખ રૂપિયા.

મુમુક્ષુ :- ભુરાભાઈ...

ઉત્તર :- એનો ભત્રીજો છે એની પાસે થોડા. એને ચાર દીકરા છે એની પાસે ઘણા પૈસા થઈ ગયા. એ તો પુણ્યને કારણે છે. એમાં ધૂળમાં કાંઈ નથી. પણ એમ કહે કે જુઓ મહારાજના ભગત થયા તો પૈસા થયા લ્યો! ધૂળેય નથી. અમે તો કહીએ છીએ, બાપુ!

અમારાથી કાંઈ થતું નથી. પણ થાય છે તો કહે છે કે જુઓ, મહારાજ બંગલામાં ઉતર્યા તો પૈસા વધી ગયા. મનસુખભાઈ રહ્યા હતા કે નહિ ત્યાં? ખબર નહિ. કાંઈ નથી, બાપા! કોઈને લઈને કાંઈ થતું નથી. પુણ્યનો યોગ એવો હોય. એમાં આત્માને શું લાભ છે? કરોડ હોય કે બે કરોડ હોય કે પાંચ કરોડ હોય, શરીર સુંદર હોય કે નિઃસુંદર હોય, એનાથી આત્માને શું લાભ છે? સમજાણું કાંઈ? એ તો નુકસાન છે. એ તરફ લક્ષ જાય છે તો નુકસાન... નુકસાન... નુકસાન... ખોટનો ધંધો કરે છે. આહા..હા..! આ પણ અઠ્યાવીશ મૂળગુણ ખોટનો ધંધો છે. ખોટનો સમજ્યા? નુકસાનનો ધંધો. પણ આવ્યા વિના રહેતો નથી તો ચરણાનુયોગમાં અઠ્યાવીશ મૂળગુણ કરવા આવશ્યક છે, પાળે છે એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વીતરાગ પૂર્ણ ન હોય ત્યાં સુધી વીતરાગભાવ તો છે, પણ પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી એવો ભાવ આવે છે, પણ આદરણીય છે અને આશ્રય કરવાલાયક છે, એમાં સુખબુદ્ધિ છે અને હિતબુદ્ધિ છે એમ નથી. હેયબુદ્ધિએ આવે છે. સમજાણું કાંઈ? ભારે કામ આકરું! શાસ્ત્રની શૈલીની પદ્ધતિને સમજવી,... 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ.' ચંદુભાઈ! 'ત્યાં ત્યાં તે તે આચરે આત્માર્થી જન એહ.' એવી ચીજ છે.

**'અચેલકપણું,...'** જુઓ. અચેલકપણું વસ્ત્રરહિતપણું આવ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ? મુનિપણું વીતરાગતા થઈ અને કોઈને વસ્ત્ર રાખવાનો ભાવ રહે એમ ત્રણ કાળમાં હોય નહિ. સમજાણું કાંઈ? ભાઈ અમને મૂર્છા નથી વસ્ત્ર પ્રત્યે મૂર્છા નથી, મૂર્છા નથી. અમે તો પરિષહ સહન નથી થતો તો રાખીએ છીએ. કહે છે કે ખોટી વાત છે. સમજાણું કાંઈ? વસ્ત્રની લંગોટીનો એક દોરો પણ રાખે તોપણ ત્યાં મુનિપણાને યોગ્ય નથી એવો રાગ છે. એવો રાગ છે ત્યાં મુનિપણું નથી. એવી દશાની વાત છે, ભાઈ! અહીં કોઈનો પક્ષ કરીને આવી વાત કરે, એવી વાત નથી. આ તો વીતરાગમાર્ગ છે. જેવું સત્યનું ધોરણ અનાદિથી છે એ વાત છે. સમજાણું કાંઈ?

એક સાધુ ચોમાસું આવ્યા હતા ઘણા સમય પહેલા. ચાર મહિના સાંભળ્યું. શ્વેતાંબરના સાધુ હતા. સો ટકા સત્ય વાત છે. પછી બહાર નીકળીને કહે, તમે કહો છો કે નિર્વિકલ્પનો માર્ગ છે. વળી કહે છે કે મુનિપણામાં વસ્ત્ર પણ નડે છે. ભાઈ! વસ્ત્ર નડે છે... નડેને શું કહે છે? બાધા કરે છે. કીધું, વસ્ત્ર બાધા કરે છે એમ કોણે કહ્યું? એ તો પરદ્રવ્ય છે. પણ એને લેવાનો ભાવ છે તે વિરુદ્ધ છે. વસ્ત્ર લેવાનો ભાવ છે ત્યાં મુનિપણું નથી. એવો અચેલકપણાનો ભાવ શુભરાગ આવ્યા વિના રહેતો નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૯, મંગળવાર, તા. ૨૪.૦૬.૧૯૬૯**
**ગાથા-૨૦૮ થી ૨૧૨, પ્રવચન-૧૯૧**

આ પ્રવચનસાર, ચરણાનુયોગસૂચક ચૂલિકા ચાલે છે. સાધુપદ લેવાની વિધિ. પ્રથમ તો તેને આત્માનો અનુભવ હોવો જોઈએ. સામાયિક પહેલા કહ્યુંને? સમયમાં પરિણમતો. સામાયિક. સમ્યગ્દર્શન ઉપરાંત સામાયિકમાં સાધુ પરિણમિત થાય છે. વીતરાગરૂપ, શુદ્ધ ઉપયોગરૂપ પરિણમિત થાય છે. અહીં તો ચોથેથી શરૂ થાય છે અને મુનિપણામાં મુખ્યપણે સાતમે છે અને ગૌણપણે છઠ્ઠે પણ શુદ્ધ ઉપયોગ વ્યવહારે કહેવામાં આવ્યો છે. એય..! ... શુદ્ધ ઉપયોગ. .. વિકલ્પ હોવા છતાં શુદ્ધ ઉપયોગ ગણવામાં આવ્યો છે. એ ભૂમિકાને યોગ્ય શુદ્ધોપયોગની પરિણતિ છે તો એ વિકલ્પ, એને યોગ્યથી વિરુદ્ધ વિકલ્પ ન હોય તો તેને શુદ્ધોપયોગ ગણવામાં આવ્યો છે. શુદ્ધની પરિણતિની સાથે એવો વિકલ્પ છે. આ તો છઠ્ઠે મુનિ પોતાની વાત કરે છે. કુંદકુંદાચાર્ય એમ કહે છે કે અમારો અનુભવ જે છે એ માર્ગ તમને કહીએ છીએ. જેણે અંગીકાર કરવો હોય તો આ વિધિથી અંગીકાર કરો. માર્ગ તો બેય બતાવેને.

કહે છે કે પહેલા તો સામાયિક '**એક મહાવ્રતની વ્યક્તિઓ...**' ભગવાન આત્મા શુદ્ધ પૂર્ણ કૃતકૃત્ય પરમાત્મસ્વરૂપ છે એવી પહેલી અનુભવદૃષ્ટિ થઈ, જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ એનું નામ તો સમ્યગ્દર્શન છે. આનંદનો અનુભવ, શાંતિનું વેદન અને રાગાદિ પૃથક્ છે એવો અનુભવ થાય છે તે જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ ત્યારથી સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. પછી જ્યારે સાધુપણું લે છે તો સામાયિકનું પરિણમન થાય છે. શુદ્ધ ઉપયોગ વીતરાગરૂપી પરિણતિ થાય છે. સમજાણું કાંઈ? આ અઠ્ઠાવીશ મૂળગુણ એનો ભેદ વ્યવહારથી છે. અઠ્ઠાવીશ મૂળગુણ છે એ વ્યવહારથી સામાયિકનો ભેદ છે, વ્યવહારથી. એ કહે છે જુઓ, પહેલા આવી ગયું છે આપણે.

પહેલા તો એને પંચ મહાવ્રતના પરિણામ હોય છે અને પંચ મહાવ્રતના પરિણામમાં અનુચર-એનો સેવક, છેને અનુચરસમૂહ, ૨૨ સેવકનો સમૂહ હોય છે. પાંચ અહિંસા આદિ પાંચ મહાવ્રતનો વિકલ્પ. છે વિકલ્પ, શુભરાગ છે. અનુભવની શુદ્ધ પરિણતિપૂર્વક, શુદ્ધ નિર્વિકલ્પની પરિણતિ પર્યાયપૂર્વક મુનિને એવો સામાયિકના ભેદરૂપ અઠ્ઠાવીસ વિકલ્પ આવે છે. પંચ મહાવ્રત એનો પરિકર એટલે અનુચરસમૂહ. પાંચ સમિતિ, પાંચ પ્રકારનો ઈન્દ્રિય નિરોધ, લોચ અને છ પ્રકારના આવશ્યક. ત્યાં આવ્યું છેને? ૨૨ બોલ થયા. ૨૨ બોલ. ૨૨ થયાને? છ બોલ રહ્યા લ્યો. ચાર, પાંચ અને છ. સમજાણું કાંઈ? એની વિધિ મુનિપણાની સમજવી તો પડશે કે નહિ? શ્રદ્ધામાં જેવું મુનિપણું છે એવું ન આવે તો શ્રદ્ધા વિપરીત થઈ જશે.

સમજાણું કાંઈ? આત્માનું ભાન છે. ચિદાનંદ આત્મા આનંદસ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ છે એવા આનંદના વેદન ઉપરાંત પ્રચુર આનંદના વેદનમાં સામાયિકની પરિણતિ દશા વીતરાગી હોય છે. એ ભૂમિકામાં અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ હોય છે. અહીં સુધી આવ્યું જુઓ. **'અચેલકપણું,...'** આવે છે એને. એવા મુનિ હોય એને તો દિગંબરદશા થઈ જાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ.. નહિ.. ખોટી વાત છે. બિલકુલ વસ્ત્રનો તાણો નહિ. એવી વસ્તુની સ્થિતિ છે. આ કોઈ સંપ્રદાયની વાત નથી. શ્વેતાંબરમાં એમ કહે છે કે અચેલક એટલે બહુ થોડું વસ્ત્ર, અલ્પ વસ્ત્ર. એમ કહે છેને? નાની કન્યા હોય તો ... ઉણોદરી છે. ઉણોદરી છે. એને પેટ જ ક્યાં છે? પેટ જ નથી. એમ કહે છેને? પેટ છે તો ખરું પણ નાનું પેટ છે. ... એમ બહુ થોડું વસ્ત્ર હોય તો તેને વસ્ત્ર નથી એમ કહે છે. એવી વાત નથી અહીંયાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બીજી વાત છે અને આ બીજી વાત છે. એ .. બધું નગ્ન. ... વસ્ત્ર હોય? એમ નથી. એ કહે છે ઈ ઘરની વાત છે. સ્થવિરકલ્પી સાધુ સમુદાયમાં રહે છે અને જિનકલ્પી એકલા રહે છે. છે તો બેય નગ્ન મુનિ. એમાં કાંઈ ફેર નથી. સમજાણું કાંઈ? .. આવશે કે પર પ્રાણીની હિંસા ન થાય એથી બંધ નથી. એ તો વીતરાગભાવથી અબંધપણું છે. પણ પરિગ્રહ રાખવાથી તો બંધ એકાંતે થશે. સમજાણું કાંઈ? વસ્ત્ર આદિનો ટૂકડો ખંડ રાખે અને કહે કે હું સાધુ છું. બિલકુલ ખોટી વાત છે. સમજાણું કાંઈ? વસ્તુની મર્યાદા એવી છે. આહા..હા..!

અપવાદ છે તો આ પણ અપવાદ છે. નગ્નપણું રહેવું એ પણ અપવાદ છે, વિકલ્પ તે અપવાદ છે. ઉત્સર્ગ માર્ગ તો વીતરાગપણે અંદર પરિણમિત થવું તે ઉત્સર્ગ માર્ગ છે. પણ એ ભૂમિકામાં જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા ન થાય ત્યાં આવા અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ આવ્યા વિના રહેતા નથી. એવી ચીજ છે. એ પણ અપવાદ છે. ઓહો..હો..! તકરાર... તકરાર... તકરાર... લોકોને પોતાનો પક્ષ.. પણ જેણે જેનો પક્ષ લઈ લીધો તેને સિદ્ધ કરવા પછી કુતર્ક લગાવે. એમ ન ચાલે, આ તો વીતરાગ માર્ગ છે ભાઈ! મુનિ પંચમ કાળે... પંચમકાળ હોય તો શું થયું? શીરો બને છે, શું કહે છે? હલવો. તો ધૂળનો શીરો બને છે? શીરો તો લોટ, ઘી અને ગોળ ત્રણથી બને છે. કાંઈ ચોથું નાખવાથી બને છે? આ અલૌકિક વાતમાં બિલકુલ ફેર છે જ નહિ. એમાં તો તેલ પણ હોય છે. ઘી ન નાખે ને તેલ નાખે. શીરો એમ થાય છે. ગરીબ માણસ હોયને, તેલનો શીરો બનાવે. સમજાણું કાંઈ? અમે તો નાની ઉંમરમાં બધું જોયું છેને. ... એક .. ટૂકડો રાખ્યો હોય તોપણ એ સાધુ નથી. .. નથી, એકેય નહિ. એક ખંડમાં અપૂર્ણ છે તો બધું ખોટું છે. વાત એવી છે. સમજાણું કાંઈ?

**'અચેલકપણું,...'** દિગંબરપણું. વસ્તુનું સ્વરૂપ એવું છે. જેમ અંતરમાં સમ્યગ્દર્શનપૂર્વક

સામાયિકની વીતરાગદશા પ્રગટ થાય... સામાયિક કહીને? જુઓ એમાં આવ્યું છે. '**સમયમાં (આત્મદ્રવ્યમાં, નિજદ્રવ્યસ્વભાવમાં) પરિણમવું તે સામાયિક છે.**' આ બાજુ આવી ગયું છે. ૩૧૮ પાને નીચે. ભગવાન આત્મા... આત્મદ્રવ્યમાં પરિણમવું. રાગ એ આત્મદ્રવ્ય છે? એ તો આસ્રવ છે, વિકલ્પ છે. ... ફેરફાર કરે એ ન પાલવે, ન ચાલે. વસ્તુ તો એવી છે ભાઈ! સમજાણું કાંઈ? આત્મજ્ઞાન અને એ ઉપરાંત જ્યાં મુનિપણું (આવે) ત્યાં તો અચેલકપણું જ હોય છે. ભગવાન તીર્થંકરે પણ પહેલેથી અચેલકપણું ગ્રહણ કર્યું મુનિપણું લીધું ત્યારે, બધાને કહ્યું કે માર્ગ તો એવો છે ભાઈ! સમજાણું કાંઈ?

'**અસ્નાન,...**' સ્નાન નથી. મુનિને સ્નાન હોતું નથી. ... ભાવ રાગ છે. એ રાગ મુનિને હોતો નથી. '**અસ્નાન, ક્ષિતિશયન,...**' ભૂમિ ઉપર સૂવું. સમજાણું કાંઈ? તરણાની પથારી કે એવી પથારી કરીને સૂવું તે મુનિનો માર્ગ નથી. સમજાણું કાંઈ? ઘાસ પાથરીને બેસી જવું ચારે કોર ઘાસ હોય એમાં, એ મુનિમાર્ગ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પલંગ, ખાટલા. એ .. એમાં જ છે. ... મુનિને .. એક સંજ્વલનનો .. એવા ત્રણ કષાયનો અભાવ. એ સંજ્વલનનો સર્વઘાતિ સ્પર્ધક, સંજ્વલન છે પ્રકૃતિ દેશઘાતિ, પણ દેશઘાતિના સ્પર્ધક બે પ્રકારના છે. એમાં સર્વઘાતિ સ્પર્ધક, દેશઘાતિ સ્પર્ધક. દેશઘાતિ સ્પર્ધક .... એવો માર્ગ છે. સમજાણું કાંઈ? એનો સ્પર્ધક હોં! સ્પર્ધક દેશઘાતિ છે. બે પ્રકારના સ્પર્ધક છે. સર્વઘાતિ ... વીતરાગ ભાવ ઓહો..હો..! જેમાં ચારિત્રદશા, આનંદદશા, પરમેશ્વર દશા... પરમેષ્ઠીમાં ભળી ગયાને? સમજાણું? શ્રીમદ્‌માં આવે છે.

નગ્નભાવ મુંડભાવ સહ અસ્નાનતા, નગ્નભાવ મુંડભાવ સહ અસ્નાનતા,
અદંતધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો. અદંતધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો.
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો.'

જુઓ, શ્રીમદ્ પણ સમ્યગ્દૃષ્ટિ છે, આત્મજ્ઞાની છે. ભાવના ભાવે છે. સમજાણું કાંઈ? અહો..! ધન્ય અવતાર! બાહ્ય અભ્યંતર નિર્ગ્રંથ (દશા). 'દેહમાત્ર સંયમ હેતુ હોય જો.' એમાં આવે છે.

દેહમાત્ર સંયમ હેતુ હોય જો,
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિ, અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિ,
દેહે પણ કિંચિત્ મૂર્છા નવ હોય જો, અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?

આ અપૂર્વ અવસર ૭૭ની સાલમાં બોટાદમાં બોલતા હતા. ... એમ કહ્યું હતું. અમે તો બોલતા હતા. એવો વિરોધ કર્યો. બહુ વિરોધ કર્યો. ૭૭ની સાલની વાત છે. ૪૮ વર્ષ થયા. વિરોધ. આવી ભાવના શું કરવા કરે છે? સાધુપણું લેવું હોય તો કોણ એને રોકતું

હતું? મોઢેથી કેમ એમ બોલે? ઓહો..હો..! સાધુપણું એવી ભાવના ભાવે તો સાધુપણું તરત આવી જાય એમ છે? અને સાધુપણું એટલે એકદમ લઈ લીધું અથવા છોડી દીધું, વસ્ત્ર છોડી દે એટલે સાધુપણું આવી જાય એવી ચીજ છે?

અંતરમાં વીતરાગતા પ્રગટ થાય. એ પૂર્વ પ્રકારે નગ્ન આદિ દશા હોય તેને .. સમજાણું કાંઈ? એ તો બહુ પ્રશ્ન અમારે ચાલ્યો હતો. ૭૭ની સાલ. ૭૭ કહે છેને. .. સાલ. સંવત્ એવી ન ભાવે? અહો ક્યારે.. સર્વ પરિગ્રહ છોડી દઉ.. એ કહ્યું હતું. ક્યારે આહાર પરિગ્રહ છોડું! ક્યારે આહાર છોડીને સંથારો કરે. સમાધિમરણ લે છે. આવે છેને એ. .. ભાવના આવે છે. ભાવના ભાવે એટલે કોઈ કરી દે તરત જ તો એની ભાવના સાચી છે એવી વાત છે? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એની વાત મેં કરીને. શ્વેતાંબરમાં .. બહુ છે. એ વાત કરી તે દિ'. પ્રયોજન સિદ્ધ નથી થતું. ભાઈ! જ્ઞાન તો આમ કહે છે. શ્રાવક હોય સમકિતી પંચમ ગુણસ્થાની પણ મુનિપણું લઈ શકતો નથી. લઈ શકતો નથી તો ભાવના જૂઠી છે? લઈ લે સાધુપણું એમ કહ્યું. .. સાધુ છેને લૂગડાં છોડી. લૂગડાં એટલે ઓલા બાવા ગૃહસ્થના. ... અરે ભગવાન! બાપુ! એ ૭૭માં હોં. ૭૭ની સાલમાં. ૪૮ વર્ષ થયા. ૫૦માં ૨ ઓછા છે. બહુ તકરાર કરતા હતા. અરે! મુનિપણું અલૌકિક ચીજ છે. શ્રીમદ્જી ભાવના ભાવે છે. ગૃહસ્થાશ્રમમાં.. આહા..હા..! ધન્ય સમય, ધન્ય કાળ, ધન્યભાવ અમારી દશા બાહ્ય અને અભ્યંતર નિર્ગ્રંથ હોય એ મુનિપણું અંગીકાર કરે એ અપૂર્વ અવસર એવો ક્યારે આવશે? સમજાણું કાંઈ? અને અંતર સમ્યગ્દર્શન વિના અથવા સમ્યક્ ચારિત્ર વિના આમ બાહ્યનો ત્યાગ કરી દે એટલે કાંઈ સાધુપણુ થઈ જાય છે? સમજાણું કાંઈ? શ્વેતાંબરમાં આવે ..બોલ. એ વાત તે દિ' કરી હતી એણે. ... તકરાર ભારે! ... એમાં ભાવના કરે. મૂર્ખ છે. મૂર્ખાને સાધુપણું લેવું નહોતુંને ત્યાં આવે તો ભાવના-ભાવના કરે છે. સાધુપણું લેવું નહોતું .. એય..! વજુભાઈ! આવાને આવા! ભારે ભગવાન બાપુ! ભાઈ! સાધુપદ કોને કહેવું? એ તો અલૌકિક ચીજ છે. સાધુપદ તો પરમેશ્વરપદ છે. એ પરમેશ્વરપદમાં કાંઈક સંજ્વલનનો મંદકષાયનો એક વિકલ્પ રહે. એવી વીતરાગદશામાં ઝૂલનારા તેને આ અઠ્યાવીશ મૂળગુણ હોય છે.

**'અસ્નાન, ક્ષિતિશયન, અદંતધાવન,...'** દાંતને ધોવે નહિ. સમજાણું કાંઈ? .. બહુ કરે. શરીરના નહિ ... મુનિના દાંત આવા હોય. અરે ભગવાન! તને ખબર નથી. નગ્ન સાધુ તો ભગવાન.. અંદર સ્વરૂપસહિતની વાત છે. એકલા નગ્નની નહિ. ... ત્યાં લખ્યું છે. .. શકે. ... બાળક નગ્ન નથી હોતા? અને નગ્નપણે જન્મે છે કે નહિ? શું વસ્ત્ર લઈને જન્મે છે કોઈ? વસ્ત્રસહિત જન્મી શકે નહિ અને વસ્ત્રસહિત કોઈ બળી શકે નહિ. બાળવામાં પણ વસ્ત્રનો ટૂકડો લઈ લે છે. એમ છેને વજુભાઈ! બળે નહિ. છારી વળી જાય. કપડું લઈ

લે છે. એમ કરે છેને? .. લ્યો! જન્મે જેવો છે એવું મરણમાં પણ એમ કરે છે. વચ્ચે પણ મુનિની દશા એવી હોય છે.

**‘અદંતધાવન,…’** દાંત સાફ ન કરવા. **‘ઊભાં ઊભાં ભોજન…’** એકવાર ઉભા ભોજન. રોગ આવે, શરીર ઊભું ન રહી શકે, સંથારો કરી લે. સમાધિમરણ કરી લે. સમજાણું કાંઈ? પણ બીજાનો ટેકો લઈને ઊભા રહે અને આહાર લે એવી ચીજ છે નહિ. સિંહવૃત્તિ છે. ઓહો..હો..! એવું ધન્ય ચારિત્ર મુનિને. ઈન્દ્રોને પૂજ્ય છે, ગણધરો પણ જેને નમસ્કાર કરે છે. ઓહો..હો..! એ ચીજને કોણ વિરોધ કરે ભાઈ! એવી વસ્તુ હોવી જોઈએને. કહે છે કે **‘ઊભાં ઊભાં ભોજન…’** શરીરમાં .. સમાધિમરણ કરે. એય..! સિંહવૃત્તિ છે. સંતો તો ખાપણું સાથે લઈને મોક્ષે નીકળે છે. ખાપણું સમજો છો? મરણનું સાધન. એ જ સાધન. આંખે ન દેખાય તો ચશ્મા ન લગાવે. સમજાણું કાંઈ? કહો, પંડિતજી! એવો માર્ગ છે બાપુ પરમેશ્વરનો. માર્ગ તો એ છે. એમાં જરા પણ ગડબડ કરવી નહિ.

**‘ઊભાં ઊભા ભોજન અને એક વખત આહાર—’** લ્યો! એક જ વાર આહાર. પાણી લઈ લીધું પછી નહિ ખપે તો ખલાસ થઈ જાય. **‘એ પ્રમાણે આ (અઠ્યાવીશ), નિર્વિકલ્પ સામાયિકસંયમના વિકલ્પો (ભેદો)…’** છે. લ્યો! નિમિત્તથી ભેદ. નિર્વિકલ્પ સામાયિક વીતરાગદશા આત્માની, પ્રચુર આનંદનું વેદન. આહા..હા..! અતીન્દ્રિય આનંદનું ઉત્થાન. એવી ઉત્થાનદશા આનંદમાં મશગુલ. આનંદમાં મશગુલ. દુઃખ-બુખ છે નહિ. પરિષહમાં દુઃખ લાગતું નથી. એવી નિર્વિકલ્પ સામાયિકનો ભેદ છે વ્યવહારે. મુનિ છેને. નિમિત્તથી કથન છે. **‘શ્રમણોના મૂળગુણો જ છે.’** લ્યો! વ્યવહાર. મૂળ ગુણ તો અનંત જ્ઞાન, દર્શન, આનંદ આદિ એ પોતાના મૂળગુણ છે. અનંત કેવળજ્ઞાન, દર્શન, આનંદ ભગવાન મૂળગુણ છે. એનો આશ્રય કરીને સમ્યગ્દર્શન પ્રગટ કર્યું એમાં સ્થિર થઈને ચારિત્ર પ્રગટ કર્યું. તો એવું વ્યવહારનયથી અઠ્યાવીશ મૂળગુણને વ્યવહાર મૂળગુણ કહેવામાં આવે છે.

**‘જ્યારે (શ્રમણ) નિર્વિકલ્પ સામાયિકસંયમમાં આરૂઢતાને લીધે…’** વીતરાગ સ્વરૂપ આત્મામાં લીન, આરૂઢ છે. **‘જેમાં વિકલ્પોનો અભ્યાસ (સેવન) નથી…’** એવા વિકલ્પ … ભેદનો અભ્યાસ **‘એવી દશામાંથી ચ્યુત થાય છે,…’** એમ. વિકલ્પ સાથે એમ. **‘ત્યારે કેવળ સુવર્ણમાત્રના અર્થીને…’** અહીં સોનું લેવું છે સુવર્ણ. એ સુવર્ણ એકલું ન મળે તો **‘કુંડળ, કંકણ, વીંટી વગેરેનું ગ્રહણ કરવું (પણ) શ્રેય છે,…’** એવો વ્યવહાર લીધો છે. **‘પરંતુ એમ નથી કે (કુંડળ વગેરેનું ગ્રહણ કદી નહિ કરતાં) સર્વથા સુવર્ણની જ પ્રાપ્તિ કરવી તે જ શ્રેય છે…’** એમ તો સામાયિકની સ્થિરતા વીતરાગની ન રહે તો એવો છઠ્ઠે ગુણસ્થાને વિકલ્પ આવ્યા વિના રહે નહિ. તો વિકલ્પમાં પણ અશુભભાવ ઘટે છે. સમજાણું કાંઈ? એમ કહે છે. એકલું સુવર્ણ મળે તો તો સ્થિરતા ઘણી થઈ જાય. પણ એમ ન હોય તો અઠ્યાવીશ મૂળગુણમાં અશુભરાગ ઘટે છે. જેમ કંકણમાંથી સોનું કાઢી

લેવું એમ કહે છે એમ અશુભ રાગ ઘટાડવો એ ઘટે છે એમ લેવું. એમ કહે છે. સમજાણું કાંઈ? શુભ અને અશુભભાવ ઘટે છેને? અશુદ્ધ પરિણતિ છે. વીતરાગદશા છે. તો એમાં સ્થિર ઉપયોગ ન રહી શકે તો આનંદ છે. બધી પરિણતિ શુદ્ધ જ છે. તો જ્યારે અશુભથી હટીને શુભમાં આવ્યો તો એટલું અશુભ ઘટે છે. શુભને કારણે અશુભ ઘટે છે એમ અહીં લેવું છે. સમજાણું કાંઈ? .. શ્રેય છે. શુભભાવ કરવો એ શ્રેય છે. એનો અર્થ કે અશુભભાવ એમાં ઘટે છે. એમ સમજવું. શ્રેય છે.

**'પરંતુ એમ નથી કે (કુંડળ વગેરેનું ગ્રહણ કદી નહિ કરતાં) સર્વથા સુવર્ણની જ પ્રાપ્તિ કરવી તે જ શ્રેય છે...'** શુદ્ધ હોય તો શુભ હોય નહિતર શુભભાવ થતો જ નથી—એમ છે નહિ. શુભ થાય છે શુદ્ધના ભાનસહિત. આનંદ વીતરાગતા સહિત શુભભાવ થાય છે એમાં અશુભભાવ ઘટે છે. એવું શ્રેય લેવું એમ કહે છે. સમજાણું કાંઈ? **'એમ વિચારીને તે મૂળગુણોમાં વિકલ્પરૂપે (ભેદરૂપે) પોતાને સ્થાપતો થકો છેદોપસ્થાપક થાય છે.'** લ્યો! આ છેદોપસ્થાપક હોં. ખંડ થાય એ નહિ. એ અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ થયો તે છેદ. નહિતર તો છેદોપસ્થાપક ચારિત્ર છે. અને ચારિત્ર તો સંવર અને નિર્જરા છે. પણ અહીંયાં તો અંતર આનંદમાં સ્થિર ન રહી શકે તો અઠ્યાવીશ મૂળગુણ આવ્યા તેને પણ છેદોપસ્થાપક વ્યવહારે કહેવામાં આવે છે. ખરેખર તો એટલી વીતરાગતા થઈ તે છેદોપસ્થાપક છે. સમજાણું કાંઈ? પાંચ ચારિત્ર છે કે નહિ? ચારિત્રના ભેદ પાંચ છે કે નહિ? તો પાંચેય ચારિત્ર સંવર આનંદરૂપ છે, સંવરરૂપ છે. આહા..હા..! અને પાઠમાં એમ આવ્યું. જુઓ. એને પણ છેદોપસ્થાપક વ્યવહારથી કહેવામાં આવે છે. ..નો ગ્રંથ છેને. જુઓ, ૨૦૮-૨૦૯ થઈ.

**'હવે આને (શ્રમણને) પ્રવ્રજ્યાદાયકની માફક છેદોપસ્થાપક પર પણ હોય છે...'** એને દીક્ષા દે છે અને પછી છેદોપસ્થાપકમાં બીજા આચાર્ય પણ હોય છે. **'આચાર્યના ભેદો જણાવવા, દ્વારા ઉપદેશે છે :—'**

**लिंगग्गहणे तेसिं गुरु त्ति पव्वज्जदायगो होदि।**
**छेदेसूवट्ठवगा सेसा णिज्जावगा समणा।।२१०।।**
**જે લિંગગ્રહણે સાધુપદ દેનાર તે ગુરુ જાણવા,**
**છેદદ્વયે સ્થાપન કરે તે શેષ મુનિ નિર્યાપકા. ૨૧૦.**

ગુજરાતી છે. આ ગુજરાતી છે. હિન્દી તો બીજું જ કરવું પડે. હિન્દીવાળા કાંઈ કરતા નથી. .. હિન્દી બનાવે તો. એ બનાવે પણ પાઠ હોવો જોઈએને. ફેરફાર ન થાય એવો પાઠ હોવો જોઈએને. ... સમજાણું કાંઈ?

લ્યો, એની **'ટીકા :- જે આચાર્ય લિંગગ્રહણકાળે...'** જુઓ, ભાવલિંગ અને દ્રવ્યલિંગના ગ્રહણ સમયે. મુનિએ ભાવલિંગ અને દ્રવ્યલિંગ ગ્રહણ કર્યું તે કાળે **'નિર્વિકલ્પ**

**સામાયિકસંયમના પ્રતિપાદક હોવાથી...**' વીતરાગપણાની સામાયિક હોવાથી '**પ્રવ્રજ્યાદાયક છે, તે ગુરુ છે;...**' સામાયિક આપી તે પ્રવજ્યાદાયક ગુરુ છે એવા. સમજાણું કાંઈ? '**અને ત્યાર પછી તુરત જે...**' જુઓ, '**જે (આચાર્ય) છેદોપસ્થાપનસંયમના પ્રતિપાદક હોવાથી 'છેદ પ્રત્યે ઉપસ્થાપક (-ભેદમાં સ્થાપનાર)' છે,...**' આ છેદ નામ દોષ નથી. ભેદમાં સ્થાપનાર. ભેદ અઠ્યાવીશ મૂળગુણ સ્થાપે છે '**તે નિર્યાપક છે;...**' નિર્વીહ કરાવનાર કહેવામાં આવે છે. '**તેમ જ જે (આચાર્ય) છિન્ન સંયમના પ્રતિસંધાનની વિધિના પ્રતિપાદક હોવાથી...**' બીજું. બીજું. એમાં દોષ લાગે. આત્માની વીતરાગતા સામાયિક અંગીકાર કરી એમાં રહી શકે નહિ (અને) અઠ્યાવીશ મૂળગુણ આવ્યા તો તેને પણ છેદોપસ્થાપન કહે છે. અને એમાં કોઈ દોષ લાગે અને દોષ લાગે અઠ્યાવીશ મૂળગુણ આદિમાં એનું પ્રાયશ્ચિત લે. તો તેને પણ છેદોપસ્થાપન કહેવામાં આવે છે.

છેદોપસ્થાપન બે પ્રકારના છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે ભેદ છે એ તો સામાયિકના ભેદ વિકલ્પ એવી ભિન્નતામાં થાય છે. છતાં તેને ભેદ છે તો છેદોપસ્થાપક કહ્યો. અને એમાં કોઈ દોષ લાગે. એ ભૂમિકાને યોગ્ય પણ અઠ્યાવીશ મૂળગુણમાં પણ વિપરીત થઈ જાય તો તેને દંડ દે, ખેદ કરે, પ્રાયશ્ચિત આપે. તેને પણ છેદોપસ્થાપન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જુઓ, સાધુની સ્થિતિ સમજવી પડશે કે નહિ? જ્યાં ત્યાં બધાને સાધુ માની લે. આ સાધુ છે અને આ સાધુ છે. દેવ, ગુરુ અને શાસ્ત્ર યથાર્થ શું છે એ પ્રતીત બરાબર કરવી જોઈએ. સમજાણું? એમ ને એમ ઓળખ્યા વિના લોકો ગુરુ માની લે, દેવ માની લે, શાસ્ત્ર માની લે તો એ તો વિપરીત દૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

કહે છે '**છિન્ન સંયમના પ્રતિસંધાનની...**' સંધાન છેને? '**ફરીને સાંધવું તે; સંધાન; સંધાણ; જોડી દેવું તે; દોષ ટાળીને સરખું (દોષ વિનાનું) કરી દેવું તે.**' લ્યો! .. ખંડિત દોષ પ્રાપ્ત છે હોં! દોષ પ્રાપ્ત છે હોં! અઠ્યાવીશ મૂળગુણ પ્રાપ્ત છે એક પ્રકારના છેદોપસ્થાપના. અને એમાં દોષ લાગે એ દોષ ... પહેલા જાણવું પણ વસ્તુ ચારિત્ર કેવું છે અને ચારિત્રમાં કેવા પ્રકાર હોય છે તેને જાણવું જોઈએ. એ સંવર, નિર્જરાની દશા નવ તત્ત્વની શ્રદ્ધામાં જાણવું પડશે. એમ ને એમ કોઈ માની લે, કોઈ કાંઈ માની લે તો શ્રદ્ધા વિપરીત થઈ જશે. સમજાણું કાંઈ? વસ્ત્રસહિત હોય અને મુનિપણું માની લે તો વિપરીત દૃષ્ટિ છે. અને મુનિપણું બાહ્ય અઠ્યાવીશ મૂળગુણ આદિ છે, પણ અંતર વીતરાગ સમ્યગ્દર્શન નથી, સમજાણું? તોપણ વિપરીત દૃષ્ટિ છે. અને અઠ્યાવીશ મૂળગુણમાં કોઈ ખંડ કરે અને પ્રાયશ્ચિત ન લે તોપણ એને સાધુ માનવું તે વિપરીત છે. એમ કહેવું છે. સમજાણું કાંઈ?

'**(-સંયમમાં છેદ થતાં ફરી તેમાં સ્થાપિત કરનાર) છે, તે પણ નિર્યાપક જ છે. તેથી છેદોપસ્થાપક પર પણ હોય છે.**' સામાયિક દેવાવાળો એક છે અને છેદોપસ્થાપક કરનારો બીજો પણ હોય છે. ૨૧૦ થઈ.

હવે કહે છે. **'છેદોપસ્થાપકના બે અર્થ છે : (૧) જે છેદ (ભેદ) પ્રત્યે ઉપસ્થાપક છે. અર્થાત્ જે ૨૮ મૂળગુણરૂપ ભેદો સમજાવી તેમાં સ્થાપિત કરે છે તે છેદોપસ્થાપક છે;...'** તે દોષ વિનાની સ્થિતિ છે. **'તેમ જ (૨) જે 'છેદ થતાં ઉપસ્થાપક' છે એટલે કે સંયમ છિન્ન (ખંડિત) થતાં ફરી તેમાં સ્થાપિત કરે છે...' 'તે પણ છેદોપસ્થાપક છે.'** સમજાણું કાંઈ? એક તો પોતાનું સમ્યગ્દર્શનસહિત સંયમની સામાયિકદશા, વીતરાગદશારૂપ પરિણમન છે એમાં રહી ન શકે તો અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ આવવો એ પહેલા નંબરનું છેદોપસ્થાપન છે. અને બીજો એમાં કોઈ દોષ લાગે અને છેદ પ્રાયશ્ચિત કરીને અંગીકાર કરે તો બીજો છેદોપસ્થાપન બીજા નંબરનું થયું. સમજાણું કાંઈ? આ વિધિ જૈન વીતરાગ સિવાય ક્યાંય હશે? જેને-તેને સંત માની લીધા. ફલાણા સંત... ફલાણા સંત... ક્યાં સંત છે? આહા..હા..! વાત બહુ ભિન્ન બાપુ! સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો માર્ગ, અંતર આનંદ સ્વરૂપનો અનુભવ પછી સમ્યગ્દર્શન, પછી સ્થિરતા વીતરાગતા. વીતરાગતની. એવા દશાને ચારિત્ર કહે છે. તેને સંત અને મુનિ કહે છે. સમજાણું કાંઈ? ...

**'હવે છિન્ન સંયમના પ્રતિસંધાનની વિધિ ઉપદેશે છે :—'** છેદ આવ્યોને દોષ? તો એની સંધિ.

**पयदम्हि समारद्धे छेदो समणस्स कायचेट्ठम्हि।**
**जायदि जदि तस्स पुणो आलोयणपुव्विया किरिया।।२११।।**
**छेदुवजुत्तो समणो समणं ववहारिणं जिणमदम्हि।**
**आसेज्जालोचित्ता उवदिट्ठं तेण कायव्वं।।२१२।।** (जुगलं)

**જો છેદ થાય પ્રયત્ન સહ કૃત કાયની ચેષ્ટા વિષે,**
**આલોચનાપૂર્વક ક્રિયા કર્તવ્ય છે તે સાધુને. ૨૧૧.**
**છેદોપયુક્ત મુનિ, શ્રમણ વ્યવહારવિજ્ઞ કને જઈ,**
**નિજ દોષ આલોચન કરી, શ્રમણોપદિષ્ટ કરે વિધિ. ૨૧૨.**

આહા..હા..! સમજાણું કાંઈ? પ્રથમ તો આત્મજ્ઞાન વિના સાધુપણું હોતું નથી. સમજાણું કાંઈ? એક વિકલ્પનો પણ કર્તા હું નથી, પરની ક્રિયા તો હું કરતો નથી, પરની ક્રિયાને હું સાક્ષીથી જાણનાર-દેખનાર (છું). મારાથી ક્રિયા થઈ જ નથી. એવું પોતામાં સમ્યગ્દર્શન અને જ્ઞાતા-દૃષ્ટાનું ભાન થયું ત્યારે તો ધર્મની શરૂઆતની પહેલી સીઢી ગણવામાં આવે છે. પછી જ્યારે સાધુ થાય છે તો તેને સાધુ કહે છે કે જેની પાસે વસ્ત્રનો ટૂકડો પણ નથી. દાગીનો તો ક્યાંથી હોય? દાગીનાને શું કહે છે સમજાણું? જેવર. દાગીના તો ક્યાંથી હોય? સોનું દાગીના રાખે અને મુનિ માને, સાધુ માને એ તો મહા અજ્ઞાન અને પાખંડ છે. સમજાણું કાંઈ? આહા..હા..! અહીં તો કહે છે કે વસ્ત્રનો ટૂકડો રાખે અને સાધુપદ માને, નિગોદ ગચ્છઈ.

એવો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે જાણેલો, કહેલો એવો માર્ગ છે. સમજાણું કાંઈ? પાગલ લાગે. ... પાગલખાનું છે કહે. એમ કોક કહેતું હતું. ... એની બુદ્ધિથી જે સમજે. આહા..હા..! એનું શું પરિણામ આવશે અને એનું શું ફળ છે એની ખબર નથી. સમજાણું કાંઈ? વ્યવહારથી ધર્મ માનતા નથી અહીંયા એ લોકોને ખટકે છે. સમજાણું કાંઈ? નિમિત્તથી કાંઈ થતું નથી તે ખટકે છે અને કર્મથી આત્મામાં વિકાર થાય એમ ન માને તે ખટકે છે. ત્યાં મૂળ તો એને એ કહેવું છે. ભાઈ! 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ' કર્મ તો બીજી ચીજ છે. પોતાના અપરાધથી-પોતાના દોષથી વિકાર પોતામાં થાય છે. એટલો પણ જેને સ્વીકાર નથી તેને તો નવ તત્ત્વની શ્રદ્ધાના પણ ઠેકાણા નથી. ઓહો..હો..! અહીં તો આચાર્ય મહારાજ અનાદિ સનાતન સર્વજ્ઞ પરમેશ્વરે પરમાત્માએ (કહેલો) સંતનો માર્ગ કેવો છે, સમજાણું કાંઈ? એ વર્ણવે છે.

ટીક ૧૧-૧૨ની. '**સંયમનો છેદ બે પ્રકારનો છે :...**' એ આત્મામાં શાંતિ અને આનંદ ગ્રહણ કર્યો અને શુભરાગ આદિ ભાવ છેદોપસ્થાપનરૂપ હોય તો એમાં કહે છે કે '**સંયમનો છેદ બે પ્રકારનો છે : બહિરંગ અને અંતરંગ.**' ઓલો બે પ્રકારનો નહિ. ક્યા? છેદોપસ્થાપનના બે પ્રકાર કહ્યા એ પહેલા વાત થઈ ગઈ. હવે અહીં છેદના બે પ્રકાર છે. દોષ લાગે એના બે પ્રકાર છે. '**તેમાં, માત્ર કાયચેષ્ટાસંબંધી તે બહિરંગ છે...**' જુઓ, આત્મા આનંદસ્વરૂપ વીતરાગસ્વરૂપનું અંદર પરિણમન છે અને ચાલે છે એમાં કોઈ કાયા, લીલોતરી. લીલોતરી સમજાણું? હરિકાય. હરિકાયને અડ્યો, સ્પર્શ્યો તે કાયા. પ્રયત્ન છે બરાબર સાવધાની, સમજાણું? તો કાયચેષ્ટા થઈ ગઈ એ પ્રકારનું બહિરંગ પ્રાયશ્ચિત કહેવામાં આવે છે. બહિરંગ એ ..

'**અને ઉપયોગસંબંધી તે અંતરંગ છે.**' અંદરમાં પરને હરિકાય, એકેન્દ્રિય જીવ વગેરે અંદર ધ્યાન રાખ્યા વિના ચાલે અને તીવ્ર રાગ આવ્યો તો તે અંતરંગ છેદ દોષ છે. સ્વરૂપનો, સંયમનો ત્યાં છેદ થાય છે એમ કહે છે. હિંસા થાય છે. સમજાણું કાંઈ? પરનો રાગ આવ્યો તો આમ જોયા વિના ચાલે (નહિ). તો એ રાગ છે તે જ હિંસા છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**ત્યાં, જો સમ્યક્ ઉપયુક્ત શ્રમણને પ્રયત્નકૃત કાયચેષ્ટાનો કથંચિત્ બહિરંગ છેદ થાય છે,...**' એમ. સાધુ આત્માના આનંદસ્વરૂપમાં ચાલતા ધ્યાનથી પ્રમત્તદશા છોડીને, પ્રમત્તદશા એટલે છઠ્ઠા ગુણસ્થાને પ્રમત્ત છે અને તીવ્ર પ્રમત્ત આળસ આદિ છોડીને ચાલે છે. '**તો તે સર્વથા અંતરંગ છેદથી રહિત હોવાને લીધે...**' લ્યો! સારી રીતે ઉપયુક્ત પ્રયત્ન કરે છે, એમ. પ્રયત્ન બરાબર કોઈ જીવને દુઃખ દેવું નહિ એવા ભાવથી ચાલે છે. એવા પ્રમાદભાવથી રહિત છે.

તો '**પ્રયત્નકૃત કાયચેષ્ટાનો કથંચિત્ બહિરંગ છેદ થાય છે,...**' પણ એટલો ચાલવાનો ભાવ છેને? તો એમાં કાયાને .. કોઈને એ કાયચેષ્ટાની આલોચના... સમજાણું? '**તેનો પ્રતિકાર**

ઈલાજ થાય છે.' '**સર્વથા અંતરંગ છેદથી રહિત...**' છે. અંતરંગ છેદ છે નહિ. '**હોવાને લીધે આલોચનાપૂર્વક ક્રિયાથી જ તેનો પ્રતીકાર (ઈલાજ) થાય છે,...**' વાત તો એવી છે કે આત્માનો આનંદ અને જ્ઞાનનો તો અનુભવ છે, વીતરાગભાવ છે. સાથે ચાલતા-ચાલતા કોઈ પ્રમાદ એવો ન હોય કે જેથી શરીરથી કોઈ હિંસા થઈ જાય. એવો પ્રયત્નપૂર્વક ભાવ છે. કહે છે એટલો રાગમાં આવ્યોને? અને એ સાથે કાયા છેને? તો કાયાથી ચેષ્ટા થઈ તો તેમાં આલોચના ક્રિયાની વાત કરે છે. અંતર છેદ નથી. સમજાણું કાંઈ?

આત્મા આનંદસ્વરૂપમાં છે, એવો અનુભવ છે. વીતરાગભાવનો અનુભવ છે. પણ કરવાનો વિકલ્પ આવ્યો એ પણ તીવ્ર પ્રમાદ નથી. એ ભૂમિકાને યોગ્ય થયો પ્રયત્નપૂર્વક થયો. કોઈપણ દુઃખ ન થાય એવો ભાવ છે. એ ભાવમાં પણ આવ્યોને? તો શરીરનું નિમિત્ત એને હોય તો એટલી આલોચના તેને લેવી. એમ કહે છે. સમજાણું કે નહિ? કાય ચેષ્ઠા નિમિત્ત ચાલે છે સાથે. પરંતુ ધ્યાનથી બરાબર ચાલતા હતા. પણ એવું કોઈ ફૂલ. લીમડાનું ફૂલ. લીમડાના ફૂલમાં અનંત જીવ છે. અનંત જીવ. ચાલતા-ચાલતા નીચે ફૂલ નહોતું. ઉપરથી પડ્યું. ઉપરથી પડ્યું. અટલે કાયચેષ્ટા થઈને નિમિત્તરૂપ? ભાવ નથી એને. પ્રયત્ન ઈર્યાસમિતિપૂર્વક બરાબર ચાલે છે. સમજાણું કાંઈ? કહે છે કે એ ચાલવાનો ભાવ તે રાગ છે. તો એવી સ્થિતિમાં કાયાથી તે ફૂલની હિંસા થઈ કાયચેષ્ટાથી .. આલોચનાપૂર્વક. ... વ્યવહારે એમ લીધુંને? ભાવ થયોને? ભાવ તો થયોને? ભાવ થયો તો એમાં એટલી કાયચેષ્ટા નિમિત્ત થઈ. પરને એમ માને. ... ચાલતા હોય. નીચે .. ધ્યાન રાખે આમ ફૂલ ઉડી ઉડીને .. નીચે આવ્યું. તો એનો ભાવ તો કોઈપણ પ્રાણીને નહિ મારવાના એવા પ્રયત્નપૂર્વક, વિકલ્પના ખ્યાલપૂર્વક ચાલે છે, પણ એવો પ્રમાદથી ચાલવાનો ભાવ નથી. સંવરભાવ છેને. છે તો એ ભૂમિકાને યોગ્ય યથાર્થ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નિશ્ચયમાં આહાર-ફાહાર છે નહિ. એવી વાત છે. આહા..હા..! નિશ્ચયમાં તો કહે છે કે મુનિપણું જ્યારે લીધું હતું ત્યારે મેં આહારનો ત્યાગ કર્યો હતો. જયધવલમાં એમ આવે છે. આહાર નથી કરવો. મારે તો શુદ્ધોપયોગમાં રહેવું એ જ મારો ત્યાગ છે, પચ્ચખાણ. આહા..હા..! જયધવલમાં એમ લીધું છે. જયધવલમાં. શુદ્ધોપયોગમાં જ રહેવું એવું મેં પ્રત્યાખ્યાન કર્યું હતું. પરંતુ નિર્દોષ આહાર લેવાના વિકલ્પથી મારું પ્રત્યખ્યાન છૂટી ગયું. એમ કહે છે. સંથારો વખતે ફરીને પ્રત્યાખ્યાન કરે એવો પાઠ છે. વીતરાગમાર્ગ છે, ભાઈ! સમજાણું કાંઈ? અનાદિ સત્ય પરમેશ્વર માર્ગ છે. કહે છે કે એવો વીતરાગભાવથી.. એટલો ભાવ તો થયોને. ઈર્યાસમિતિ જોઈને ચાલે છે. પણ જોઈને ચાલે એટલો રાગ તો છેને. એ રાગને કારણ ત્યાં ચેષ્ટા જરી એવી થઈ ગઈ નિમિત્તમાં. આલોચના. ... એમાંથી બીજું કાઢે છે. સમજાણું કાંઈ? જુઓ, શરીરની ચેષ્ટાથી પણ પાપ થયું. તો શરીરની ચેષ્ટાથી પણ ધર્મ થાય છે. એમ

એમાંથી કાઢે છે. આપણે આવી ગયું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, ચર્ચામાં આવી ગયું છે. ખાણિયા ચર્ચા. ખાણિયા ચર્ચામાં આવી ગયું છે. ખાણિયા ચર્ચા નથી વાંચી? ... બહુ સરસ. સમજાણું કાંઈ?

તો એ કહે છે કે જુઓ અહીંયાં આ દૃષ્ટાંત જુઓ. મુનિની કાયા એવી પ્રયત્નપૂર્વક છે. કોઈને .. એમ થઈ જાય. કાયાથી એટલી આલોચના થઈ કે નહિ? છે તો એ જાણવાની ચીજ. એ માટે કહ્યું. જીવીત શરીરથી પણ ધર્મ થાય છે. એ પહેલો પ્રશ્ન હતો. ... મૃતકકલેવર છે. ભગવાન અમૃતસાગર આત્મા વિજ્ઞાનઘન અમૃતસાગર પ્રભુ, ત્યાં મૃતક મડદા મૂર્છા છે જડ. એમાં મૂર્છાઈ ગયો. અમૃતસાગર ભગવાન આત્મા એવી દૃષ્ટિ ન કરતાં, શરીર મારું છે અને શરીરથી મને લાભ થશે, મૂર્છાઈ ગયો. મૃતક મડદામાં મૂર્છાઈ ગયો એવો પાઠ છે. કાલે સવારે આવશે. અહીં તો મડદું છે. આહા..હા..! કાલે નહિ સવારમાં? પહેલા ચાલ્યું રાતે. સવારે ત્રણ બોલ કર્યા. આંક નાખ્યો છે. ચંદુભાઈએ... ચંદુભાઈને આપ્યો છે... જુઓ મડદું થઈ જાય. .. નથી. તમે એમ કહેતા હતા. .. પગ આમ કરતા હતા તો પગ આમ પડી ગયો. એ પગ અને હાથ બેય મડદું થઈ ગયું. જીવતું મડદું. જીવ હતો એમાં. ચંદુભાઈએ બતાવ્યું હતું. આમ પગ કર્યોને છોડી દીધો. પડી જાય. એ જીવના કારણે નહિ. પણ જીવ ન હોય તો શરીરની અવસ્થા એવી થઈ જાય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. મડદું છે.

ઉત્તર :- મડદું જ છે. ભાવપાહુડમાં લીધું છે. સમ્યગ્દર્શન વિના ચાલતું મડદું. ચાલતું મડદું. ઓલા મડદાને ઠાઠડીમાં ઉપાડીને ચલાવે છે. આ ચાલે છે, પણ આત્મા શું છે? કેવી ચીજ છે? કેવું સ્વરૂપ છે એનું ભાન નથી. મડદું, ચાલતું મડદું છે. આહા..હા..! એય..! રમણીકભાઈ! માર્ગ તો એવો છે બાપા! આહા..હા..! અહીં તો પ્રભુ થવાનો માર્ગ છે, ભાઈ! આહા..હા..! દુનિયાથી જુદો માર્ગ છે. ... ... ગયા ત્યાં ખલાસ. મડદું છે, મડદું જ છે. ચૈતન્ય તો .. છે. સમજાણું કાંઈ? એ મડદાને ... ભાન છે ભલે આત્માનું વીતરાગભાવ અને સાથે વિકલ્પ બરાબર કોઈને દુઃખ ન દેવું એવો ઈર્યાસમિતિનો વિકલ્પ પણ છે. પણ એટલા વિકલ્પમાં આવ્યો કેમ? તો એમ લીધું કે કાયચેષ્ટા કરો તો આલોચના કરવી. એટલું. ... આહા..હા..! સમ્યગ્દૃષ્ટિની વાત ચાલે છે ત્યાં તો અશુભરાગ થાય તોપણ નિર્જરાનું કારણ છે એમ કહે છે. એ .. જુદી ચીજ છે. અશુભભાવ ભોગ એ નિર્જરાનો હેતુ. અહીંયાં કહે કે ચારિત્રની દશાના વર્ણનમાં વીતરાગ ચારિત્ર અંદર આનંદકંદમાં ઝૂલે છે. છતાં એ વિકલ્પ આવ્યો ચાલવાનો.. પ્રયત્ન યથાર્થ છે. સમજાણું કાંઈ? યથાર્થ એટલે પ્રમાદ નહિ. પ્રયત્નપૂર્વક છેને?

**'પ્રયત્નકૃત કાયચેષ્ટાને...'** પણ પ્રયત્ન છે. કોઈને દુઃખ ન દેવું એવો પ્રયત્ન છે. સમજાણું

કાંઈ? ... ઈર્યાસમિતિ જોઈને ચાલવું એવું વિકલ્પમાં આવ્યો કેમ? આવ્યું તો કાયાના નિમિત્તમાં હોય તો તેને આલોચના કરવી પડે એમ કહે છે લ્યો! આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..! એવો માર્ગ છે, ભાઈ! સમજાણું કાંઈ? એવો આત્માનો વીતરાગભાવ છે ચારિત્ર, પણ એ વિકલ્પ આવ્યોને (કે) પ્રયત્નપૂર્વક ચાલવું. એ તો કહે છે ઈર્યાસમિતિ છે. પણ એટલો રાગ આવ્યોને? એ કારણે ચરણાનુયોગની દૃષ્ટિમાં એમ ગણ્યું કે એ રાગ છે. રાગ છે ત્યાં તો શુદ્ધોપયોગ ગણવામાં આવ્યો. પણ એમાં કાયાને ભૂલથી અડ્યો. તો એટલો પણ આત્માને છોડીને રાગમાં ચાલવાનો ભાવ થયો પ્રયત્નપૂર્વક. એમ કેમ થયું? થયું હોય તો કાયાચેષ્ટામાં પહેલા આલોચના કરવી. એમ કહે છે. માર્ગ એવો છે. યથાર્થ છે. સમજાણું કાંઈ? કોણ વાંચે? ખબર ક્યાં છે કે વસ્તુ શું છે. જ્ઞાન શું, વીતરાગતા શું. અને કોઈને રાગ થયો કોઈને જોઈને... આવ્યો તો કાયાની ચેષ્ટામાં બુદ્ધિ.. તો આલોચના કરવી. ઓહો..હો..! સમજાણું કાંઈ? બહિરંગ છે. અંતરંગ નથી. એ તો ચાલે છે. શાંતિથી સમજે એવી ચીજ છે. આ કોઈ વિદ્વતાની ચીજ એકદમ પંડિતાઈની નથી.

ભગવાન આત્મા પોતાના સ્વરૂપનું ભાન કરીને.. સમજાણું કાંઈ? અન્યમાં પણ કહે છેને એ નરસિંહ મહેતા વગેરે ભાઈ! 'જ્યા લગી આત્મા તત્ત્વ ચિહ્નો નહિ ત્યાં લગી તારી સાધના...' એય..! એમ કહે છેને? સર્વ જૂઠી છે. એમાં ધર્મ-બર્મ છે નહિ એમ કહે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- શું કર્યું એમાં લખ્યું છે. 'શું કર્યું તપ ને તીર્થ કરવા થકી, શું કર્યું યજ્ઞ અને હોમ કરવા થકી.' કાંઈ ધર્મ-બર્મ નથી. આ તો વળી બીજી વાત છે. આ તો સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માએ જોયેલો આત્મા, એ આત્માના અનુભવપૂર્વક જેવી દશા છે તેને .. ચાલે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! દેહ ચાલ્યા જાય છે. દેહની સ્થિતિની પૂરી થઈ જાય છે. એક પછી એક, એક પછી એક ચાલ્યા જ જાય છે. કાંઈ ધાર્યા ... ત્રણ તો દીકરા છે. અમલદાર છે. એ મરતા વખતે...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં હોય તો શું હવે? જોડે ઉભો હોય ને બાયડી ઉભી હોય તો કરે શું? દરેક સ્વતંત્ર પદાર્થ છે એ આમ થઈ જાય. સમજાણું કાંઈ? ... સ્વાધ્યાય કરતાને સજ્ઝાય દુકાન ઉપર. સજ્ઝાયમાળા... 'એક રે દિવસ એવો આવશે કે ...' એક દિવસ એવો આવશે કે દેહ આમ થઈ જશે. કારણ કે જડ છે. 'એક રે દિવસ એવો આવશે ... ... સગી રે નારી તારી કામિની...' ૨૦ વર્ષનો જુવાન ૨૫ વર્ષનો. 'એ ટગ ટગ ઉભી રે જોવે જી. એક રે દિવસ એવો આવશે. આ રે કાયામાં હવે કાંઈ નથી, ઉભી ટગ ટગ જોવે જી, આ રે કાયામાં હવે કાંઈ નથી, ધ્રુસકે ધ્રુસકે રોવે જી. એક રે દિવસ એવો આવશે.' કહો, અમરચંદભાઈ! અમારે દુકાન ઉપર તો આ બધી સજ્ઝાય કરતાને બોલતા બહુ. ૬૪-૬૫-૬૬ની વાત છે.

સંવત્ ૬૪-૬૫. સજ્ઝાયમાળા ચાર છે. એક દિવસ એવો આવશે કે દેહ આમ થઈ જાય એં.. એં.. એં.. તને કોઈનો આધાર નથી. તારા મા-બાપ અને બાયડી ત્યાં ઉભી-ઉભી અરરર! શું થયું? 'ઉભી ટગ ટગ જોશે. આ રે કાયામાં હવે કાંઈ નથી.' હાય! હાય! ... નહિ. મારી કોઈને સંભાળ નથી. કોઈનો હાથ પકડ્યો આપ્યો નહિ કે ભાઈ આ .. ટાણે જાળવજો. જાળવજો સમજ્યા? સંભાળજો. સમજાણું કાંઈ? અરરર! હાય! હાય! આ તો ચાલ્યા. ધ્રુસકે ધ્રુસકે રોવે. ત્યાં ક્યાં તારું ચાલે એવું છે? અરે! ભાઈ! ચેતનજી!

અહીં કહે છે. આહા..હા..! જ્યાં આત્માનું આત્મજ્ઞાન અને દર્શન થયું અને જ્યાં ચારિત્રદશા થઈ એવી ચારિત્રદશામાં ચાલતા-ચાલતા જરા પણ... રાગ છેને એ? છે પ્રયત્નપૂર્વક રાગ. સાવધાની છે. સાવધાન હોવા છતાં કાયમાં જરી આમ લીમડાનું ફૂલ અડી જાય, આલોચના કરવી. આહા..હા..! માર્ગ તો જુઓ! તમે ચાલ્યા કેમ? રાગ આવ્યો કેમ? એમ કહે છે એય..! સંવરમાં તમે વીતરાગસ્વભાવમાં ઠર્યા કેમ નહિ? વૈદરાજજી! આહા..હા..!

તો '**પ્રયત્નકૃત કાયચેષ્ટાનો કથંચિત્ બહિરંગ છેદ થાય છે,...**' કથંચિત્ છેને. બહિરંગ. '**તો તે સર્વથા અંતરંગ છેદથી રહિત હોવાને લીધે...**' અંદરમાં દોષ બિલકુલ નથી. '**તો તે સર્વથા અંતરંગ છેદથી રહિત હોવાને લીધે આલોચનાપૂર્વક ક્રિયાથી જ તેનો પ્રતીકાર (ઈલાજ) થાય છે.**' બસ. જોઈ લે. બસ. '**પરંતુ જો તે જ શ્રમણ ઉપયોગસંબંધી છેદ થવાને લીધે...**' પણ ઉપયોગમાં પ્રમાદ થયો, પરના જીવમાં ચાલવામાં, બોલવામાં, ખાવામાં. જે અઠ્યાવીશ મૂળગુણનો જે ભાવ છે એમાં ... '**સાક્ષાત્ છેદમાં જ ઉપયુક્ત થાય છે,...**' તો અંતર ચારિત્રનો છેદ થઈ જાય છે. એ ઉપયુક્તનો અર્થ રાગસહિત જે શુદ્ધ પરિણતિ છે, તો એમાંથી વિશેષ બહાર ગયો, ભૂમિકાને યોગ્ય (પરિણામ) ન રહ્યા, .. એવું પરિણામ થયું તો છેદ થઈ જાય છે. સમજાણું કાંઈ?

'**સાક્ષાત્ છેદમાં જ ઉપયુક્ત થાય છે, તો જિનોક્ત વ્યવહારવિધિમાં કુશળ...**' ભગવાન વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરના માર્ગમાં જે મુનિ આદિ આચાર્ય છે એની પાસે જાવું. '**કુશળ શ્રમણના આશ્રયે, આલોચનાપૂર્વક,...**' જુઓ, આ બીજી આલોચના હોં! મુનિ પાસે જઈને કહેવું. એવો બોલ પહેલા આવ્યો હતો. સમજાણું કાંઈ? '**તેમણે ઉપદેશેલા અનુષ્ઠાન વડે (સંયમનું) પ્રતિસંધાન થાય છે.**' લ્યો! .. એક અપવાસ કરવો, બે અપવાસ કરવા, રસ છોડવા વગેરે. .. શુદ્ધિ કરે એવો વીતરાગનો માર્ગ છે લ્યો!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૧૦, બુધવાર, તા. ૨૫.૦૬.૧૯૬૯**
**ગાથા-૨૧૧ થી ૨૧૪, પ્રવચન-૧૯૨**

આ પ્રવચનસાર, ચરણાનુયોગસૂચક ચૂલિકા. ૨૧૧ અને ૨૧૨ ગાથાનો ભાવાર્થ. ૨૧૧-૨૧૨ ગાથાનો ભાવાર્થ ચાલે છે. શું કહે છે જુઓ. જેને આત્મામાં દુઃખથી મુક્તિ લેવી હોય, અનંત આનંદરૂપ મુક્તિ જોઈતી હોય તો તેને ચારિત્ર વિના મુક્તિ થશે નહિ. સમજાણું કાંઈ? અને એ ચારિત્ર સમ્યગ્દર્શન-જ્ઞાન વિના થતું નથી અને સમ્યગ્દર્શન-જ્ઞાન આત્માના આશ્રય વિના થતું નથી. સમજાણું કાંઈ? સ્વદ્રવ્ય જ્ઞાયકમાત્ર પ્રભુ એના આશ્રય સિવાય સમ્યગ્દર્શન-જ્ઞાન થતું નથી. એવું સમ્યગ્દર્શન-જ્ઞાન થવા છતાં જ્યાં સુધી ચારિત્ર-વીતરાગદશા અંદર ચારિત્ર ન પ્રગટે ત્યાં સુધી તેને કેવળજ્ઞાન અથવા મુક્તિ નહિ થાય. સમજાણું કાંઈ? તો એ ચારિત્રની દશામાં વ્યવહારનો વિકલ્પ કેટલા પ્રકારના છે એની વાત ચાલે છે. સમજાણું કાંઈ? પોતાનું સ્વરૂપ શુદ્ધ ચિદાનંદ આનંદ એનો અનુભવ થાય અને સ્વરૂપની રમણતા થાય ત્યાં એવા અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ ઉઠે છે. તો કહે છે જુઓ.

'**ભાવાર્થ :- જો મુનિને...**' મુનિ નગ્ન હોય છે, દિગંબર હોય છે, વનવાસી હોય છે, આત્મધ્યાની હોય છે અને અઠ્યાવીશ મૂળગુણવાળા હોય છે એમ કહે છે અહીંયાં તો. સમજાણું કાંઈ? '**જો મુનિને સ્વસ્થભાવલક્ષણ પ્રયત્ન સહિત...**' જુઓ, જયસેનાચાર્યમાંથી કાઢીને નાખ્યું છે. જયસેનાચાર્ય. મેં કીધું ક્યાંથી કાઢ્યું? હમણા જોયું મેં, હમણાં જોયું. આહા..હા..! જયસેનાચાર્ય. '**સ્વસ્થભાવલક્ષણ પ્રયત્ન...**' શું કહે છે? ભગવાન આત્મા જ્ઞાન અને આનંદનો પિંડ પૂંજ પ્રભુ આત્મા છે. એવું જે સ્વ-સ્થ-એમાં રહેવું. સમજાણું કાંઈ? ૨૧૧-૧૨ ગાથાનો ભાવાર્થ છે. શું છે? શું કાઢ્યું વળી?

મુમુક્ષુ :- હિસાબ લખવાનું કહો તો ..

ઉત્તર :- એ તો વળી કરે. એનું નામું એ જાણે. શાસ્ત્ર છે, પરમાગમ છે. એમાં તો થુંક લગાડીને આમ પાના ફેરવવા અશાતના છે. એમ ન હોય. થોડું હવે સુધરતા જાવ. નહિતર એમ કહે છે, આક્ષેપ આપે છે. કાંતિભાઈનું એક લખાણ આવ્યું છે ભાઈ! આ તો શાસ્ત્ર છે. પરમાગમ પુસ્તક છે. સમજાણું કાંઈ? અહીં તો વાંચનમાં બીજો કોઈ ઉપયોગ ન હોવો જોઈએ. નહિતર નીચે પુસ્તક અને ઉપર બેસવું, પણ આ તો આ રીત બીજી છેને, એને સમજવા માટે જરી સરળતા પડે એ કારણે છે. ખ્યાલમાં છે. સમજાણું કાંઈ? સમજવામાં લોકોને ખ્યાલ આવે એ માટે ત્યાં પુસ્તક રાખીએ છીએ. આ શબ્દનો આ અર્થ છે. એ પણ શાસ્ત્રના એક વિશિષ્ટ વિનય માટે વાત છે. સમજાણું કાંઈ?

**'જો મુનિને સ્વસ્થભાવલક્ષણ પ્રયત્ન...'** ભાષા જુઓ. ભગવાન આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ છે. અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. શરીર, વાણી, મન તો નહિ, પણ અંદર દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ ઉઠે છે એ રાગ છે, એ આત્મા નથી. તો સ્વસ્થ-પોતાનો નિર્મળ આનંદ સ્વભાવ એમાં સ્થ એવું ભાવલક્ષણ પ્રયત્ન. જુઓ, એ પુરુષાર્થ. પોતાનો આત્મા શુદ્ધ આનંદ અને જ્ઞાનની મૂર્તિ છે એવો સ્વ-સ્થ. એમાં રહીને, આનંદમાં રહીને, એવા આનંદમાં રહેવું એવું ભાવલક્ષણ પ્રયત્ન, એવો પુરુષાર્થ એમ. પુરુષાર્થ એટલે એકલો વિકલ્પ કે પુરુષાર્થ એ નહિ એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? છેને ભાવાર્થ? ૧૧-૧૨ હિંમતભાઈ!

**'જો...'** આહા..હા..! મુનિ એટલે ધર્માત્મા કોને કહીએ? જેની નગ્નદશા, અઠ્યાવીશ મૂળગુણ. અંતરમાં આનંદસ્વરૂપ ભગવાન એમાં ઉગ્ર પ્રયત્ન, સ્વસ્થભાવલક્ષણ પ્રયત્ન. અંદર સ્વરૂપમાં લીનતાની પ્રયત્નદશા છે. એવા **'પ્રયત્ન સહિત કરવામાં આવેલી અશન-શયન...'** આહાર લેવાનો વિકલ્પ. આહાર આવે છેને આહાર? મુનિ ભીક્ષા માટે જાય છે. હાથમાં આહાર લે. મુનિને પાત્ર-બાત્ર હોતા નથી. **'અશન-શયન...'** નીચે ભૂમિમાં શયન. **'ગમનાદિક...'** ચાલવું આદિ. **'શરીરચેષ્ટાઓ સંબંધી છેદ થાય છે,... '** જુઓ, એવી શારીરિક સ્વસ્થભાવલક્ષણ પ્રયત્નસહિત કરવામાં આવેલી, એમ. પ્રમાદ નથી અંદર. સમજાણું કાંઈ? પણ એવો વિકલ્પ શુભરાગ છે. આત્મામાં સ્વસ્થભાવ લક્ષણ પ્રયત્ન સહિતમાં. તો કહે છે કે શારીરિક ચેષ્ટાસંબંધી છેદ થાય છે. શરીર કોઈ એકેન્દ્રિય પ્રાણીને સ્પર્શી જાય, પ્રયત્ન પ્રમાદરહિત છે. સમજાણું કાંઈ? પોતાના સ્વરૂપમાં ઉપયોગ છે અને પરને પણ દુઃખ ન થાય એવો ભાવ છે. છતાં શરીર અડી જાય, કોઈ એકેન્દ્રિય જીવ ફૂલ, લીલફૂગ, કાઈ, આ લીમડાના પાન, પીપળાના પાન એમાં અસંખ્ય જીવ છે, એને જો મુનિનું શરીર અડી જાય. તો કેટલીક શારીરિક ચેષ્ટા સંબંધી છેદ, એમ કહ્યું. છેદ નામ જરી સ્પર્શે તો **'તો તે તપોધનને સ્વસ્થભાવની બહિરંગ સહકારીકારણભૂત એવી જે પ્રતિક્રમણસ્વરૂપ આલોચનાપૂર્વક ક્રિયા તેનાથી જ તેનો પ્રતિકાર-પ્રાયશ્ચિત થઈ જાય છે,...'** બસ. આ ખ્યાલ કરી લે કે બસ. એને હટાવી દે. સમજાણું કાંઈ?

**'તપોધનને સ્વસ્થભાવની...'** અંતર આનંદ ભગવાન આત્માના આનંદમાં મશગુલ છે. છતાં વિકલ્પ આવ્યો છે, શયન, ખાવા આદિનો, સૂવા આદિનો વિકલ્પ તો એમાં શરીરની ક્રિયા કોઈને સ્પર્શી જાય તો **'સહકારીકારણભૂત એવી જે પ્રતિક્રમણસ્વરૂપ...'** લ્યો! ... કે આટલું થયું, બસ. એવો કોઈ છેદ છે નહિ. **'આલોચનાપૂર્વક ક્રિયા તેનાથી જ તેનો પ્રતીકાર-પ્રાયશ્ચિત થઈ જાય છે, કારણ કે તે સ્વસ્થભાવથી ચલિત થયો નથી.'** આનંદસ્વરૂપ (એમાં રહે છે) અને એ ભૂમિકાને યોગ્ય જે વિકલ્પ છે એમાંથી ચલિત થયો નથી. શું કહે છે સમજાણું કાંઈ? આત્મા પોતાના શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં લીન

છે અને એ ભૂમિકાને યોગ્ય અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પથી ચ્યુત નથી થયો. અઠ્યાવીશ મૂળગુણ વિકલ્પ પણ છે અને સ્વસ્થભાવથી ચલિત થયો નથી. સમજાણું કાંઈ? જુઓ આ વિધિ, મોક્ષમાર્ગની વિધિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બન્ને બરાબર છે. ઈર્યા સમિતિ પણ બરાબર છે. છતાં શરીર આમ ચાલે... આ તો બાહ્ય ચીજ નિમિત્ત છેને. એમ જોઈ લેવું બસ એટલું. એ ક્રિયા છે .. રાગ આવ્યો અને ખાવા-પીવાનો એવો રાગ આવ્યોને? છે તો ભૂમિકાને યોગ્ય રાગ અને ભૂમિકાને યોગ્ય જ સ્વસ્થભાવમાં લીન છે. આ તો એવી વાત છે. એમ હોવા છતાં પણ જરી રાગ આવ્યોને કે હું ચાલું, ખાવ, સૂવું એવો. છે તો ભૂમિકાને યોગ્ય રાગ. છતાં શરીર જરી બીજાને એકેન્દ્રિય જીવ અડી જાય. ... પાણી-જળ આમ સ્પર્શ થઈ જાય. પાણીનું બિંદુ પડે, વરસાદના ટીપા લ્યો! વરસાદના એક એક ટીપામાં અસંખ્ય જીવ છે. .. હોય છેને . .શું કહે છે? એક-એક ..માં અસંખ્ય જીવ છે. અસંખ્ય શરીર અને એક એક શરીરમાં જીવ છે. ઝીણા-ઝીણા આ વર્ષાઋતુમાં બહુ ઝીણી (થાય). એમાં મુનિ તો બરાબર પોતાના સ્વરૂપમાં ત્રણ કષાયનો અભાવ એવા આનંદમાં છે અને ભૂમિકાને યોગ્ય ઈર્યાસમિતિનો વિકલ્પ પણ છે. સમજાણું? બોલવાનો વિકલ્પ પણ બરાબર છે. છતાં એવી ચીજ કોઈ પાણીનું બિંદુ અડી જાય તો પ્રતિક્રમણ એટલે ... એટલી સૂક્ષ્મતા લીધી છે જુઓ! સમજાણું કાંઈ? આહા..હા..! એવો માર્ગ છે. એટલો રાગ શું કામ થયો? ચાલવાનો, ખાવાનો, પીવાનો. છે તો ભૂમિકાને યોગ્ય રાગ, પણ ....

'કારણ કે તે **સ્વસ્થભાવથી ચલિત થયો નથી. પરંતુ...**' તે એક ભાવ થયો. હવે બીજો. '**જો તેને નિર્વિકાર સ્વસંવેદનભાવનાથી ચ્યુતિસ્વરૂપ છેદ થાય છે,...**' જુઓ હવે. એ ત્યાંનું છે ભાઈનું જયસેનાચાર્યનું. '**નિર્વિકાર સ્વસંવેદનભાવનાથી...**' શું કહે છે? ભગવાન આત્મા નિર્વિકાર વીતરાગ આનંદસ્વરૂપ છે એવું સ્વસંવેદન પોતાના આનંદનું વેદન, એની ભાવના નામ એકાગ્રતા. એકાગ્રતા તેનાથી '**ચ્યુતિસ્વરૂપ છેદ થાય છે,...**' એનાથી જો ચ્યુત થઈ જાય તો છેદ થાય છે. પ્રાયશ્ચિત એણે લેવું પડે છે ગુરુ પાસે જઈને. આ તો પોતાની મેળાએ લઈ લે. શરીર આમ અડી ગયું એવો ખ્યાલ છે બસ, એવો વિચાર કરી લે. સમજાણું કાંઈ? ઓહો..હો..! કેટલી વાત આચાર્ય કુંદકુંદાચાર્ય અને અમૃતચંદ્રાચાર્ય... ઓહો..હો..! નિશ્ચય દૃષ્ટિપૂર્વક નિશ્ચયચારિત્ર છે અને તે ભૂમિકાને યોગ્ય પણ વિકલ્પ છે તોપણ શરીર કોઈ પાણીના બિંદુને સ્પર્શી જાય તો આલોચના કરી લેવી. અને જો સ્વસ્થ આનંદસ્વરૂપથી ચ્યુત થયો, અસ્થિરતા થઈ ગઈ, અંદર સ્વરૂપમાંથી અસ્થિરતા થઈ ગઈ. સમજાણું કાંઈ?

'**નિર્વિકાર સ્વસંવેદનભાવનાથી...**' લ્યો! ભાવનાનો અર્થ કરે છે રતનચંદજી. ભાવના એટલે એમ કે સમ્યગ્દૃષ્ટિ સામાયિકમાં ભાવના કરે છે. પ્રવચનસારમાં આવે છે કે સમ્યગ્દૃષ્ટિને

પણ સામાયિકમાં શુદ્ધ ઉપયોગ આવી જાય છે. શુદ્ધ ઉપયોગ. સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિ છે, અનુભવી છે, આનંદનું પરિણમન થયું છે. એ જ્યારે સામાયિકમાં બેસે છે આનંદમાં વિશેષ, તો તેને શુદ્ધ ઉપયોગરૂપી ભાવના થઈ જાય છે. ભાવના શબ્દે શુદ્ધ ઉપયોગ આવી જાય એમ કહ્યું છે. પ્રવચનસારમાં કહ્યું છે. પણ એનો અર્થ ફૂલચંદજીએ એવો કર્યો કે જુઓ એમાં શુદ્ધ ઉપયોગ કહ્યો છે. સામાયિકમાં સમકિતી શ્રાવકને પણ. ત્યારે એણે.. પ્રવચનસાર આ જયસેનાચાર્યની ટીકામાં. સમજાણું કાંઈ? એ ટીકામાં, જયસેનાચાર્યની ટીકામાં. આમાં નહિ. જયસેનાચાર્યની ટીકામાં. ગાથાની ખબર નહિ. એ.. દેવાનુપ્રિયા! કઈ ગાથા? આપણને કાંઈ બહુ યાદ રહે છે? છે એટલો ખ્યાલ છે. ઓલાનો ખ્યાલ છે. શ્રીમદ્‌નું પુસ્તક, ત્યાં આ બાજુમાં છે.

મુમુક્ષુ :- આઠમે..

ઉત્તર :- ના, આઠમાથી એ બધી ખોટી વાત છે. અહીં તો પાંચમા ગુણસ્થાનમાં... લાવોને ભાઈ એ. એમાં આ છે. એમાં કહ્યું છે. ભાઈનું છેને શ્રીમદ્ રાજચંદ્ર. આમાં એવું જ છે. પણ કયે ઠેકાણે છે. કઈ ગાથા કીધી હતી એક ફેરી હોં. ગાથા લખી છે. .. શુદ્ધભાવના દશ્યતે. એ શુદ્ધભાવનાનો અર્થ જ શુદ્ધ ઉપયોગ છે. ભાવના શબ્દનો (અન્યો) એવો અર્થ કરે છે કે એ શુદ્ધ ઉપયોગ આવો છે એવી શુભભાવના કરે છે. એવો અર્થ કરે છે. એમ નથી, ભાઈ! અરેરે! એ તો અહીં કહે છે જુઓને. '**शुभोपयोगभावना दृश्यते, श्रावकाणामपि सामायिकादिकाले शुद्धभावना दृश्यते, तेषां कथं विशेषो भेदो ज्ञायत इति। प्रचुरेण शुभोपयोगेन वर्तन्ते ते यद्यपि क्वापि काले शुद्धोपयोगभावनां कुर्वन्ति तथापि शुभोपयोगिन एव भण्यन्ते।**' શ્રાવકને શુભ ઉપયોગી કહેવામાં આવે છે મુખ્યપણે. કેમકે કોઈ વખતે શુદ્ધ ઉપયોગ થાય છે. જુઓ, '**प्रचुरेण शुभोपयोगेन वर्तन्ते ते यद्यपि क्वापि काले शुद्धोपयोगभावनां कुर्वन्ति तथापि शुभोपयोगिन एव भण्यन्ते।**' બે ઠેકાણે છે. ૪૮ ગાથા છે. આ ચરણાનુયોગની ૪૮. સળંગ ૨૪૮ સળંગ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, એમ કહે છે. છતાં તેને શુભોપયોગ...

અહીં તો આપણે '**સ્વસંવેદનભાવનાથી...**' એટલો શબ્દ પડ્યો છેને. મુનિ પોતાના આનંદનું વેદન કરે છે એનું નામ સ્વસંવેદનભાવના કહે છે. ભાવનાનો અર્થ એવો નથી કે આવો આનંદ હું ભવિષ્યમાં પ્રગટ કરું, આમ અનુભવું. એમ નથી. એવા શ્રાવકને પણ, સમ્યગ્દષ્ટિને પણ... સમજાણું કાંઈ? '**क्वापि**' કદાચિત્ શુદ્ધ ઉપયોગ ધ્યાન થાય ત્યારે થાય છે. અને પાંચમા ગુણસ્થાનમાં સાચા શ્રાવક છે, સાચા શ્રાવક છે તેને સામાયિક કાળે પણ અંદર શુદ્ધ ઉપયોગ થઈ જાય છે. શુદ્ધ ઉપયોગ થાય છે ત્યારે તેને યથાર્થ સામાયિક છે. સમજાણું કાંઈ? એ ચરણાનુયોગની ૨૪૮ ગાથા છે. એટલે આ ૨૧-૪૮ એમાં છે. આહા..હા..! પણ

એના ભાવનાનો અર્થ,... ભાવના આવ્યું હતુંને? દ્રવ્યસંગ્રહમાં આવ્યું હતું ભાવના. ભાવના એટલે એકાગ્રતા. ભાવના એટલે ભાવે છેને. ભાવના બહુ ઘણે ઠેકાણે આવે છે. કોણ જાણે શું કરે છે અર્થો આવા? ભાઈ! આત્મદર્શન થયું, સમ્યગ્દર્શન થયું અને શુદ્ધોપયોગ ન આવે તો એ સમ્યગ્દર્શન રહે જ નહિ. સમજાણું કાંઈ? અમુક કાળે શુદ્ધોપયોગની રમણતા ન આવે તો સમ્યગ્દર્શન રહી શકે નહિ. એમ શ્રાવક, સાચા શ્રાવક છે ભાવલિંગી પંચમ ગુણસ્થાનવાળો તેને સામાયિકમાં કોઈ વાર શુદ્ધ ઉપયોગની દશા થઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? તો એ ભાવનાનો અર્થ એકાગ્રતા છે. શુભભાવ છોડીને શુદ્ધમાં એકાગ્રતા થાય છે તે શુદ્ધ ઉપયોગની ભાવના કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

પોતાનો સ્વાર્થ પોષવા માટે અને નીચલી ભૂમિકામાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન માનવા એવો અર્થ કરે છે. શુભ ઉપયોગમાં પણ સમ્યગ્દર્શન છે, સમ્યગ્જ્ઞાન છે એમ મનાવવા શુદ્ધોપયોગને ઉડાવી દે છે. સમજાણું કાંઈ? એમ ન હોય, ભાઈ! અંતર આત્મા પોતાના આનંદમાં ધ્યેય કરીને એકાકાર થઈ જાય તો શુદ્ધ ઉપયોગ જ છે. સમજાણું કાંઈ? ચોથે ગુણસ્થાને પણ શુદ્ધ ઉપયોગ છે. જ્યારે પ્રગટ થાય છે સમ્યગ્દર્શન ત્યારે શુદ્ધ ઉપયોગમાં જ થાય છે. આહા..હા..! શું શુભ ઉપયોગમાં સમ્યગ્દર્શન થાય? સમજાણું કાંઈ? અરે..! શું કરે? પોતાની દયા આવતી નથી. અરે! આ તો પોતાની દયાની વાત છે.

શુભભાવ તો અપરાધ છે એમ ન કહ્યું? પુરુષાર્થસિદ્ધિ ઉપાય. સમકિતીને તીર્થંકરગોત્ર બંધાય છે, આહારક શરીર બંધાય છે તો કેમ બંધાય છે? શું મોક્ષમાર્ગથી બંધાય છે? કે નહિ. એ શુભ ઉપયોગનો અપરાધ છે. શુભ ઉપયોગના અપરાધથી તીર્થંકરગોત્ર બંધાય છે અને સર્વાર્થસિદ્ધનું આયુષ્ય, આહારક શરીર એનાથી બંધાઈ જાય છે. એ તો રાગ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન ત્રણે અબંધ પરિણામ છે. એ તો મોક્ષનો માર્ગ છે. મોક્ષમાર્ગ કહો કે અબંધ પરિણામ કહો. સમજાણું કાંઈ? વસ્તુ તો એવી છે. આહા..હા..! આ તકરાર વાદવિવાદ કરે. નહિ, જે કોઈ ત્યાં સ્વરૂપાચરણ ચોથે ગુણસ્થાને માને એ આચાર્યને માનતા નથી, ગ્રંથને માનતા નથી. મિથ્યાદૃષ્ટિ છે. અરે..! ભગવાન! શું કરે છે તું? ભાઈ! અરે!

અહીં તો કહે છે કે '**નિર્વિકાર સ્વસંવેદનભાવનાથી...**' તેને મુનિ કહે છે. આહા..હા..! વિકલ્પ-વિકલ્પ દયા, દાનનો વિકલ્પ એ બંધનું કારણ, વિકાર છે, દુઃખ છે. તેને છોડીને ભગવાન આત્મા આનંદ સ્વરૂપ, અતીન્દ્રિય આનંદનું ધામ આત્મા છે. તેમાં પોતાની નિર્વિકાર સ્વસંવેદનભાવના. એમ કેમ કહ્યું? કે વિકારની ભાવના તો છે, એકાગ્ર વેદન સંસારમાં નથી? વિકારનું વેદન ઈ પણ વેદન છેને સ્વસંવેદન. પરનું, રાગનું વેદન, વિકલ્પ પુણ્ય-પાપનું વેદન એવું સ્વસંવેદન તો છે અજ્ઞાનનું. આ નિર્વિકાર સ્વસંવેદન એકાગ્રતા એમ કહે છે. સમજાણું કાંઈ?

'**નિર્વિકાર સ્વસંવેદનભાવનાથી ચ્યુતિસ્વરૂપ છેદ થાય છે, તો તેને જિનમતમાં**

**વ્યવહારજ્ઞ-...**' વ્યવહારને જાણનારો. જુઓ, જાણનારો હોં! કરનારો એમ નહિ. '**પ્રાયશ્ચિત-કુશળ-આચાર્ય પાસે જઈને,...**' એવા વ્યવહારના જાણનારા પ્રાયશ્ચિતમાં કુશળ છે એવા '**આચાર્ય પાસે જઈને, નિષ્પ્રપંચભાવે દોષનું નિવેદન કરીને...**' પ્રપંચ વિના કહી દે, મને એવો ભાવ થઈ ગયો. હું મારા આનંદથી ચ્યુત થઈ ગયો. સમજાણું કાંઈ? મારી શાંતિ... શાંતિ... શાંતિ... એ શાંતિનો મારો આનંદભાવ એમાંથી હું ચ્યુત થયો. બાળક જેમ નિષ્કપટપણે એના માતા-પિતા પાસે કહે એમ આચાર્ય સમ્યગ્જ્ઞાની છે, વ્યવહારના જાણનારા છે એની પાસે આલોચન કરે છે.

'**તે આચાર્ય નિર્વિકાર સ્વસંવેદનભાવનાને અનુકૂળ...**' જુઓ, '**જે કાંઈ પ્રાયશ્ચિત ઉપદેશે તે કરવું જોઈએ.**' પછી કહે, તમારે બે અપવાસ કરવા કે રસ ત્યાગ કરવો. એ જાતનો વ્યવહાર છેને? નિશ્ચય પ્રાયશ્ચિત તો પોતાના સ્વરૂપમાં એકાગ્ર થવું તે પ્રાયશ્ચિત છે. સમજાણું કાંઈ? આનંદમાંથી, અતીન્દ્રિય આનંદમાંથી ખસી ગયો એવા અતીન્દ્રિય આનંદમાં લીન થયો તે તેનું પ્રાયશ્ચિત છે. આ તો વ્યવહાર પ્રાયશ્ચિતની વાત ચાલે છે. સમજાણું કાંઈ? એવો માર્ગ છે, ભાઈ! દુનિયામાં તો અત્યારે ઝપટ બીજી જ ચાલે છે. માર્ગ કાંઈક અને રસ્તા કાંઈક. શું કરે?

મુમુક્ષુ :- .. ભાવનાને અનુકૂળ પ્રાયશ્ચિત.

ઉત્તર :- અનુકૂળ પ્રાયશ્ચિત આપે. લ્યો, એ બે ગાથા થઈ ગઈ.

૨૧૩. '**હવે, શ્રામણ્યના છેદનાં આયતનો હોવાથી પરદ્રવ્ય-પ્રતિબંધો નિષેધવાયોગ્ય છે એમ ઉપદેશે છે :—**' જુઓ.

**अधिवासे व विवासे छेदविहूणो भवीय सामण्णे।**
**समणो विहरदु णिच्चं परिहरमाणो णिबंधाणि।।२१३।।**
**પ્રતિબંધ પરિત્યાગી સદા અધિવાસ અગર વિવાસમાં,**
**મુનિરાજ વિહરો સર્વદા થઈ છેદહીન શ્રામણ્યમાં. ૨૧૩.**

'**ટીકા :- ખરેખર બધાય પરદ્રવ્ય-પ્રતિબંધો ઉપયોગના ઉપરંજક હોવાથી નિરુપરાગ ઉપયોગરૂપ શ્રામણ્યના છેદનાં આયતનો છે;...**' જુઓ, આહા..હા..! ખરેખર આ આત્મા ભગવાન જ્ઞાયક અને આનંદસ્વરૂપ છે, એ સિવાય બધા પરદ્રવ્યો—શરીર, વાણી, મન, દેવ-ગુરુ-શાસ્ત્ર, આ જાત્રાના ધામ ને સમ્મેદશિખર ને શેત્રુંજય બધું પરદ્રવ્ય છે. આહા..હા..! ભગવાન આત્મા પોતાના નિજસ્વરૂપ દરબારમાં આનંદકંદમાં બિરાજમાન આત્મા છે. એ નિજદ્રવ્ય છે, નિજવસ્તુ છે. એ નિજવસ્તુ (સિવાય) જેટલા બધાય પરદ્રવ્ય. જુઓ, એમાં કોઈ બાકી રહ્યા? ત્રણ લોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ સમવસરણમાં બિરાજમાન હોય તે પણ આ આત્મા માટે પ્રતિબદ્ધ (છે કેમકે) એમાં લક્ષ જાય છે તો રાગ થાય છે. સમજાણું કાંઈ? પરદ્રવ્યમાં રાગાદિપૂર્વક સંબંધ કરવો, એ પરદ્રવ્યમાં બંધાવું, રોકાવું, લીન

થવું ઈ પરદ્રવ્યમાં રુકાવટ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

પોતાનું નિજસ્વરૂપ જ્ઞાન અને આનંદ એ સ્વદ્રવ્ય સ્વવસ્તુ તેને છોડીને જેટલો પરદ્રવ્યનો રાગ સંબંધ કરવો, પરદ્રવ્યનો સંબંધ કરવાનો અર્થ રાગની સાથે સંબંધ કરવો એ '**ઉપયોગના ઉપરંજક હોવાથી...**' પોતાના આનંદના વેપારમાં રાગ કરાવનારા પરદ્રવ્ય છે. પરદ્રવ્યનો સંબંધ. સમજાણું કાંઈ? '**નિરુપરાગ ઉપયોગરૂપ શ્રામણ્યના...**' જુઓ ભાષા! કેવા મુનિ છે? કે નિરૂપરાગ-વિકલ્પ રાગ વિનાનો. '**નિરૂપરાગ = ઉપરાગ વિનાનો; વિકાર વિનાનો.**' ઉપયોગ આનંદ અને જ્ઞાનનો અંતર શુદ્ધ ઉપયોગ એવા શ્રામણ્ય. તેનું નામ સાધુ છે. સમજાણું કાંઈ? પોતાનું શુદ્ધ આનંદસ્વરૂપ સાધે તે સાધુ. આહા..હા..! ખબરેય ન મળે શું ચીજ છે અને શું માર્ગ છે? અંધે અંધ પલાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- (પરદ્રવ્ય) આચરણ ન હોય ત્યારે ધ્યાનમાં છે. ... ક્યાં છે? આહા..હા..! આ તો છઠ્ઠા-સાતમાની વાત ચાલે છે.

પોતાનો આત્મા, પોતાની શુદ્ધ વસ્તુ પરમાનંદની મૂર્તિ એનો આશ્રય છોડીને જેટલો પરદ્રવ્યમાં રાગથી સંબંધ કરે છે (ત્યાં તેટલો) મલિન ઉપયોગ થાય છે. આહા..હા..! જુઓ, શુભરાગને પણ ઉપરાગ કરનારો, મલિન કરનારો કહ્યો. ભારે વાત ભાઈ! પરદ્રવ્ય સર્વજ્ઞ પરમેશ્વર હોય, ગુરુ હોય, શાસ્ત્ર હોય, કોઈપણ બાહ્ય પદાર્થ, પોતા સિવાય બધા પરદ્રવ્ય-પ્રતિબંધ છે. પરદ્રવ્ય પ્રતિબંધ એમાં રુકાવટ. પરદ્રવ્યમાં રુકાવટ સમજાણું? લીન, પર તરફનો ઝુકાવ.

એ રૂપે '**ઉપરંજક હોવાથી...**' પોતાના આનંદ ઉપયોગ, જ્ઞાન ઉપયોગમાં મેલ ઉપજાવનાર હોવાથી ભગવાન '**નિરૂપરાગ ઉપયોગરૂપ શ્રામણ્યના છેદનાં આયતનો છે;...**' પોતાનો નિરૂપરાગ આનંદ એનો છેદ થાય છે. ઓહો..હો..! અમરચંદજી! મન, વાણી, ભગવાન પરમેશ્વર, પ્રતિમા, જાત્રા બધું પરદ્રવ્ય છે. આહા..હા..! પરદ્રવ્ય પ્રતિબંધ એમ કહ્યુંને? પરદ્રવ્ય સંબંધી રાગાદિપૂર્વક સંબંધ કરવો એનું નામ પ્રતિબંધ. અથવા એમાં રોકાવું, લીન થવું તે ઉપયોગમાં મેલ ઉત્પન્ન કરનારા છે. આહા..હા..! ભારે વાત ભાઈ! આ ચરણાનુયોગમાં આવો અધિકાર છે જુઓ!

મુમુક્ષુ :- મુનિઓને માટે તો...

ઉત્તર :- મુનિદશા... ઠીક છે. સૌને માટે છે આ. શેઠ! સૌને માટે આ સિદ્ધાંત છે. સિદ્ધાંત કોઈ બીજો થઈ જાય? 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' મુનિ હોય કે શ્રાવક હોય. શ્રાવકને સ્થિરતા ઓછી છે, મુનિને સ્થિરતા વિશેષ છે. એટલો ફેર છે. બીજો કોઈ માર્ગમાં ફેર નથી. આહા..હા..! સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન તો જેવું મુનિને છે તેવું સમકિતીને, તેવું પશુને (છે). આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો કહે છે... એ તો બતાવ્યુંને? ૨૪૮ ગાથા. શુદ્ધ ઉપયોગ, સમ્યગ્દર્શન અનુભવ

થાય છે તો શુદ્ધ ઉપયોગમાં જ થાય છે. એ આવ્યું નહિ દ્રવ્યસંગ્રહમાં? ૪૭ ગાથા. મોકખમગ્ગો શું નામ ભૂલી ગયા. 'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा' ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. જુઓ. 'दुविहं पि मोक्खहेउं' બે પ્રકારનો મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય અને વ્યવહાર, એ અંદર ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. જુઓ, એ ધ્યાનમાં નિશ્ચય થાય છે ત્યાં પછી વિકલ્પ બાકી રહ્યો તેને વ્યવહાર કહે છે. સમજાણું કાંઈ? 'दुविहं पि मोक्खहेउं' આવે છેને. ૪૭ ગાથા છે. ૪ અને ૭. 'झाणे पाउणदि जं मुणी णियमा' નિશ્ચયથી મુનિ ધ્યાનમાં સમ્યગ્દર્શન-જ્ઞાન પામે છે. અથવા આત્મા એમાં જ પામે છે. આહા..હા..! એવો આત્મા અંતરમાં સ્વજ્ઞેયને પકડીને ઉપયોગ શુદ્ધ થાય ત્યારે તેને સમ્યગ્દર્શન-જ્ઞાન થાય છે. બાકી રાગ રહે છે તેને વ્યવહાર કહે છે. એમ સાથે લઈ લીધું. નિશ્ચય, વ્યવહાર સાથે લેવા છેને. સહકારી લેવું છેને? જુઓ! એમાં પણ સાથે જ લીધું. પહેલા વ્યવહાર હોય અને પછી નિશ્ચય થાય એમ લીધું જ નથી. આહા..હા..! અહીંયા તો સાથે છે જ. સમજાણું કાંઈ? આહા..હા..! હોય, વ્યવહારથી કહેવામાં આવે ક્યાંક. સમજાણું કાંઈ?

ઓહો..! ભગવાન આત્મા પોતાનો નિજ નિર્વિકારી સ્વભાવનો પિંડ પ્રભુ તેને છોડીને -આત્મદ્રવ્યને, પર બધાય દ્રવ્યો (સાથે) રાગનો સંબંધ થવાથી પ્રતિબંધ, રાગનું કારણ છે અને મેલનું કારણ છે. આ શુભભાવ પણ મેલ છે એમ સિદ્ધ કરે છે. ભગવાનની ભક્તિ અને ભગવાનની જાત્રાનો ભાવ એ પણ શુભભાવ પુણ્ય, મેલ છે એમ કહે છે. એય..! ..ભાઈ! ભારે આવો માર્ગ. આહા..હા..! અરે..! બિચારા સાધારણ પ્રાણીને તો ખબરેય ન મળે. જીંદગી એમ ને એમ ચાલી જાય. જાય ઢોર ને કોઈ એવા નિર્ધન માણસ આદિ થાય. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે ભગવાન આત્મા પોતાની નિજ પૂંજી અંદર પડી છે જ્ઞાન, શાંતિ, વીતરાગ આદિ. એવું પોતાનું સ્વદ્રવ્ય તેને છોડીને જેટલી પોતાથી પરવસ્તુ ભિન્ન છે તે બધી પ્રતિબંધ, એ તરફ રાગનો સંબંધ કરે છે તો ત્યાં આત્માનો ઉપયોગ રોકાય છે તો ઉપયોગ મેલો થાય છે. આહા..હા..! છે કે નહિ? દેવચંદજી!

મુમુક્ષુ :- તો શું કરવું?

ઉત્તર :- શું કરવું, પર તરફનું લક્ષ છોડીને પોતાના દ્રવ્ય તરફ ધ્યાન કરવું એમ કહે છે. એ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો પહેલા જ્ઞાન કરાવે છે. મુનિની દશામાં આવું થાય છે તો મેલ છે એમ કહે છે. સમજાણું કાંઈ? લ્યો, અઠ્યાવીશ મૂળગુણ પહેલા લીધું, પણ એ અઠ્યાવીશ મૂળગુણ પરલક્ષે છે તો એ પણ મેલ છે એમ કહે છે. પરજીવની દયા પાળવી, પરજીવને દુઃખ ન થાય એ બધું મેલ છે, પરદ્રવ્ય અનુસારી ભાવ છે. આહા..હા..! પ્રતિબંધ શબ્દે રાગ. પરદ્રવ્ય પ્રતિબદ્ધ એનો અર્થ કર્યોને ભાઈએ પંડિતજીએ. પરદ્રવ્યમાં રાગાદિનો સંબંધ. એમ. પરદ્રવ્યમાં બંધાવું. એનો અર્થ શું? રોકાવું, લીન થવું, એ પરદ્રવ્યમાં રોકાવું

એ છેદના આયતન-ઘર છે. છેદનું ઘર, પાપનું સ્થાન છે એમ કહે છે. એમાં આત્માની શાંતિનો ઘાત થાય છે. આહા..હા..! ભારે વાત ભાઈ! વીતરાગની શાંતિ-વીતરાગી શાંતિ, રાગ ઉત્પન્ન થાય તો શાંતિનો ઘાત થાય છે. ચરણાનુયોગની શૈલીમાં જુઓ કેવી શૈલી છે! ઓહો..હો..! વસ્તુ તો છે ઈ છેને. ચારેય અનુયોગમાં વીતરાગતા બતાવવી છે. ચારેય અનુયોગમાં શાસ્ત્રનું તાત્પર્ય તો વીતરાગ અકષાયભાવ છે.

મુમુક્ષુ :- ગુણસ્થાન પ્રાપ્ત કરવામાં ઈ બાધક છે.

ઉત્તર :- બાધા છે એ. પરદ્રવ્ય તરફ જેટલું લક્ષ જાય છે એટલો રાગ મેલ ઉત્પન્ન થાય છે મુનિને પણ.

મુમુક્ષુ :- એ પણ સાધક છે.

ઉત્તર :- સાધક-ફાધક કાંઈ નથી. નિમિત્ત-બિમિત્ત શુભરાગ સાધક નથી, મેલ છે એમ કહે છે. વર્તમાન બાધક છેને, મેલ છેને. પરદ્રવ્ય ઉપર ઝુકાવ થાય છેને. તેને છોડીને સ્વદ્રવ્ય તરફ વળે તો નિર્મળતા થાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પણ વર્તમાન બાધક છે. એ કહ્યું પૂર્ણ .. ખ્યાલ છે મને. ખ્યાલ છે. એમ છે કે પૂર્ણ સ્વભાવમાં બાધક છે, પણ વર્તમાન બાધક છે કે નહિ? વર્તમાન બાધક છે. વર્તમાન દોષ છે, શુભભાવ વર્તમાન પાપ ખરેખર નિશ્ચયથી પાપ છે. 'પુણ્ય પુણ્ય કો સૌ કહે, પણ અનુભવી જન પુણ્યને પાપ કહે' યોગીન્દ્રદેવમાં આવે છે. સમજાણું કાંઈ? એ તો આવે છે, સમયસારમાં પણ આવે છે. પુણ્ય-પાપ અધિકારમાં છેલ્લી ગાથા છેને જયસેનાચાર્યમાં? કે વ્યવહારરત્નત્રય પાપ છે એમ લીધું છે. પ્રતિકૂળતા છે. સ્વરૂપમાંથી પતીત થાય છે વ્યવહારરત્નત્રયમાં. વ્યવહારરત્નત્રય હોં! સમજાણું કાંઈ? છે કે નહિ? સાચા મુનિની વાત છેને. એ યોગસારમાં પુણ્યને પાપ કહ્યું, પણ આ તો જયસેનાચાર્યની ટીકામાં લીધું છે. પુણ્ય-પાપની છેલ્લી ગાથા છેને? કેટલામી ગાથા? પાપ કેમ કહ્યું એ બધું છે. જુઓ! કેટલામી ગાથા છે? ૧૪૪ને પુણ્ય-પાપની? આવ્યું-આવ્યું જુઓ.

અહીંયાં કહે છે '**व्यवहाररत्नत्रयव्याख्यानं कृतं, तिष्ठति कथं पापाधिकार इति?**' આપ તો વ્યવહારમોક્ષમાર્ગની વ્યાખ્યા કરો છો અને અધિકારમાં પાપ કેમ છોડી દીધું? એમાં કેમ ન લખ્યું તમે? શિષ્ય પ્રશ્ન કરે છે. સમજાણું કાંઈ? આ તો પાપ અધિકાર ચાલે છે અને તમે વ્યવહારમોક્ષમાર્ગ એમાં લીધો. સાંભળ-સાંભળ. '**परिहार-व्यवहारमोक्षमार्गो निश्चयरत्नत्रयस्योपादेयभूतस्य कारणभूतत्वादुवादेयः परंपरया जीवस्य पवित्रा कारणात्वात् पवित्रस्तथापि...**' વ્યવહાર હોં '**बहिर्द्रव्यालंबनत्वेन...**' બહિર દ્રવ્યનું અવલંબન છે. વ્યવહાર સમકિત, વ્યવહાર જ્ઞાન, વ્યવહાર પંચ મહાવ્રતના પરિણામ એ '**बहिर्द्रव्यालंबनत्वेन परादीनत्वा...**' પરાધીન છે. '**पतति नश्यतीत्येकं कारणम्। निर्विकल्प समाधि रतानां**

**व्यवहार विकल्पावलंबनेन स्वरुपात्वतितं भवतीति...**' ભગવાન આનંદસ્વરૂપ નિર્વિકલ્પ શુદ્ધ ઉપયોગ એમાં વ્યવહારમાં આવે છે તો પતીત થઈ જાય છે. આહા..હા..! વર્તમાન. સમજાણું કાંઈ? ૧૬૩ ગાથાના ભાવાર્થમાં છે. સમજાણું કાંઈ? '**द्वितीय कारणम्। इति निम्ययनयापेक्षया पापम्**' જયસેનાચાર્ય કહે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, પંચ મહાવ્રતનો રાગ, શાસ્ત્ર ભણવાનો રાગ નિશ્ચયથી પાપ છે. એય..! સમજાણું કાંઈ? વાત સાચી .. કહે છે એ. વસ્તુ તો આ છે. આચાર્ય શું કહે છે જુઓ. નિશ્ચયની અપેક્ષાએ પાપ.

મુમુક્ષુ :- પુણ્ય-પાપને ઘોર સંસાર કહ્યો.

ઉત્તર :- ઘોર સંસાર કહ્યો એ પ્રવચનસારમાં. (પુણ્ય-પાપમાં) ફેર પાડે છે મિથ્યાદૃષ્ટિ, એ ઘોર સંસારમાં રખડે છે. અરે..! એ રાગની મીઠાશ હજી તો. વીતરાગભાવ ભગવાન આત્મા સ્વરૂપ છે. આહા..હા..! નિજઘરમાં જાવું છે કે તારે પરઘરમાં જાવું છે? ભાઈ! આહા..હા..! 'અબ હમ કબહુ ન નિજઘર આયે...' આવે છે કે નહિ? 'અબ હમ કબહુ ન નિજ ઘર આયે. અબ હમ કબહુ ન નિજઘર આયે, પરઘર ભમત બહુત દિન બીતે, અનેક નામ ધરાયે.' અનેક નામ ધરાવ્યા. હું વ્યવહાર કરનારો, હું રાગ કરનારો, હું દયા કરનારો, હું પુણ્ય કરવાવાળો. આહા..હા..! 'અબ હમ કબહુ ન નિજઘર આયે...' આહા..હા..! નિજઘરની વાત રુચતી નથી લોકોને. કોણ આત્મા? અંદર આનંદકંદ ભગવાન આત્મા છે. નિજઘરની સાંભળી નહિ. પરઘરની વાત બધી, વ્યભિચારની વાત. પરઘરનો વિકલ્પ એ બધો વ્યભિચાર છે. આવે છે સંવર-નિર્જરા અધિકારમાં. સમજાણું કાંઈ? આહા..હા..! કેટલું લે છે જુઓ.

'**ખરેખર...**' નિશ્ચયથી, યથાર્થમાં '**બધાય પરદ્રવ્ય-પ્રતિબંધો...**' પરદ્રવ્ય પ્રતિબદ્ધ. '**ઉપયોગના ઉપરંજક...**' મેલો હોવાથી '**નિરુપરાગ...**' ભગવાન આત્માનો ઉપયોગ એમાં છેદાય છે. '**છેદના...**' સ્થાનો છે. '**છેદના આયતનો છે;...**' આહા..હા..! ધ્રુજી ઉઠે. અજ્ઞાનીને તો એમ થાય, હાય.. હાય... હવે અમારે કરવું શું? પણ કરવું દ્રવ્ય છે કે નહિ અંદર? પૂર્ણાનંદ સ્વરૂપ આત્મા છે કે નહિ? જેમાં અનંત જ્ઞાન, અનંત આનંદ પડ્યો છે કે નહિ અંદર? આત્મા કોને કહીએ? જેમાં અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ, વીતરાગતા, અનંત સ્વચ્છતા, પ્રભુતા એવી શક્તિનો પિંડ તેને આત્મા કહે છે. એવા સ્વસ્થ આત્માને છોડીને પર ઉપર લક્ષ જાય છે તો છેદ થાય છે એમ કહે છે. લ્યો! સમજાણું કાંઈ? એ તો ફક્ત આલોચનાપૂર્વક કહ્યું પહેલાં. આ તો મૂળમાં છેદ થાય છે એમ કહે છે.

પોતાના આત્માની જે મુનિદશા છે શાંત વીતરાગ અને એની દશાને યોગ્ય અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ છે તેમાં જરી શરીરની ચેષ્ટા (થાય અને પ્રાયશ્ચિત્ત લ્યે) એ આલોચના. એટલી વાત કરી. પણ આ પોતાના આનંદના ઉપયોગથી ચ્યુત થઈ જાય અને શુભરાગમાં

આવી જાય... સમજાણું કાંઈ? છેદ થાય છે એમ કહે છે. લ્યો! પંચ મહાવ્રતના પરિણામમાં આત્મા લૂંટાય છે એમ કહે છે. છેદ થાય છે, ઘાત થાય છે. બીજા પ્રકારનો છેદ. પહેલા પ્રકારના છેદમાં આલોચના ...

**'તેમના અભાવથી જ અછિન્ન શ્રામણ્ય હોય છે.'** જુઓ લ્યો! **'તેમના અભાવથી...'** પરદ્રવ્ય શરીરનો રાગ છોડીને સ્વદ્રવ્ય અનુસારીમાં એકાકાર થાય છે તો અછિન્ન શ્રામણ્ય થાય છે. છેદરહિત ચારિત્રદશા મુનિપણું રહે છે. સમજાણું કાંઈ? **'તેમના અભાવથી...'** તેમના નામ પરદ્રવ્ય પ્રતિબદ્ધના અભાવથી. સમજાણું કાંઈ? અછિન્ન. ઓલામાં છિન્ન કહ્યુંને? છેદના આયતનો છે. તો આ અછિન્ન શ્રામણ્ય થાય છે. આત્મા પોતાનું નિજસ્વરૂપ જ્ઞાન અને આનંદમાં લીન થાય છે, પરદ્રવ્યનો પ્રતિબદ્ધ રાગનો સંબંધ છોડી દે છે તો એ સાધુપણું અછિન્ન-અખંડ થાય છે. અહીં તો હજી છઠ્ઠા ગુણસ્થાનની વાત કરે છે. સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્ય પોતે કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'માટે આત્મામાં જ આત્માને...'** લ્યો, આ કારણે આત્મામાં જ આત્માને. લ્યો! આત્મા જાણન આનંદ આદિ, જાણન અને આનંદ એવા સ્વભાવસ્વરૂપ ભગવાન આત્મા તેમાં **'આત્મામાં જ આત્માને સદા અધિકૃત કરીને...'** લ્યો! સ્થાપિત કરીને, રાખીને. પોતાના સ્વરૂપમાં પોતાને રાખીને. સમજાણું કાંઈ? જ્ઞાનાનંદ સ્વભાવ ભગવાન એમાં પોતાને રાખીને, એવા સ્વભાવમાં સ્થાપીને. સમજાણું કાંઈ? **'સદા અધિકૃત કરીને (આત્માની અંદર) વસતા...'** આત્માની અંદર વસતા જુઓ. જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપમાં અંતર પ્રવેશ કરીને રહેતા થકા. એ નિશ્ચય. **'અથવા ગુરુપણે ગુરુઓને અધિકૃત કરીને...'** એ વ્યવહાર આવ્યો. સમજાણું કાંઈ? પોતાથી મોટા હોય મુનિ, વીતરાગી મુનિ તે ગુરુપણે હોય. તે ગુરુને અધિકૃત કરીને. વ્યવહારથી અધિકૃત. સમજાણું કાંઈ? **'(ગુરુઓના સહવાસમાં) વસતાં...'** પોતાના આનંદસ્વરૂપમાં નિવાસ કરતો થકો તે નિશ્ચય અને ગુરુ પાસે વાસ કરે છે તે વ્યવહાર. નિશ્ચય-વ્યવહાર બેય લીધા. સમજાણું કાંઈ? ચારિત્ર .. આ ચારિત્ર—મુનિપણું. લોકોએ તો સાધારણ જેવું બનાવી દીધું મુનિપણાને. આહા..હા..! હાલતા ચાલતા પરમેશ્વર છે. પરમેશ્વર જેને ગણધર નમસ્કાર કરે છે.

**'ગુરુપણે ગુરુઓને અધિકૃત કરીને (ગુરુઓના સહવાસમાં) વસતાં કે ગુરુઓથી વિશિષ્ટ-ભિન્ન વાસમાં વસતાં,...'** એમ. પોતાની શક્તિ હોય તો એમને છોડીને ભિન્ન વાસમાં રહેતા થકા દૂર રહે. **'સદાય...'** જુઓ, **'સદાય પરદ્રવ્ય-પ્રતિબંધોને નિષેધતો (પરિહરતો) થકો...'** આહા..હા..! પરદ્રવ્ય સંબંધી પ્રતિબદ્ધ નામ રાગ સાથે સંબંધ કરવો તેને છોડતો થકો. પોતાથી ભિન્ન. ગુરુઓથી વિશિષ્ટ-ખાસ-ભિન્ન વાસ છે. સમજાણું કાંઈ? **'સદાય પરદ્રવ્ય-પ્રતિબંધોને નિષેધતો (પરિહરતો) થકો શ્રામણ્યમાં છેદવિહીન થઈને...'** પોતાની ચારિત્રદશામાં ભંગ થયા વિના **'શ્રમણ વર્તો.'** આહા..હા..! અહો..! મુનિઓ તમારા

સ્વરૂપમાં વર્તો. જુઓ, આ મુનિપણા વિના મોક્ષ કદી થતો નથી. સમજાણું કાંઈ? આને ચારિત્ર કહે છે. લોકો તો ચારિત્ર (એટલે એમ કહે), આ  ન ખાવું, માંસ ન ખાવું, દારૂ ન પીવું, ... ન ખાવું તે ચારિત્ર. ત્યાં ક્યાં ચારિત્ર હતું? જુઓ, ચારિત્રની વાત આવી એમાં એમ લખે. ઠીક! અરે..! ભગવાન! શું કરે છે? શુભવિકલ્પ આવ્યોને આ છોડવાનો? સાધારણ આર્ય માણસને માંસ, દારૂ, મચ્છ, મદ્ય એ તો કાંઈ નથી. એમાં શું? એ તો સાધારણ માણસને નથી. આર્ય માણસને એ તો હોય જ નહિ. '**શ્રામણ્યમાં છેદવિહીન થઈને શ્રમણ વર્તો.**' લ્યો! ૨૧૩. મોટી ૨૧૩ ગાથા આવી. દ્રવ્યાનુયોગની અંદર આવ્યું જુઓ. આહા..હા..!

મુમુક્ષુ :- હજી એવી...

ઉત્તર :- એ આવે છે. અહીં તો પરદ્રવ્યનો નિષેધ કર્યો. હવે સ્વદ્રવ્યનું.

'**હવે, શ્રામણ્યની પરિપૂર્ણતાનું આયતન...**' જુઓ, સાધુપણાની પરિપૂર્ણતા હોં. મોક્ષની એક કોર, અહીંયા ઈ વાત નથી. અહીં તો સાધુપણાની પરિપૂર્ણતાનું સ્થાન હોવાથી '**સ્વદ્રવ્યમાં જ પ્રતિબંધ કરવાયોગ્ય છે...**' સ્વ આત્મામાં '(**સંબંધ, લીનતા**) **કરવાયોગ્ય છે એમ ઉપદેશે છે :—**' લ્યો! આહા..હા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ તો પહેલા લીધું. હવે પોતાનો ભગવાન આત્મા જ્ઞાન અને આનંદનું ધામ એનો સંબંધ કરીને લીન થવું તે સ્વદ્રવ્ય પ્રતિબદ્ધ છે, એ મોક્ષનો માર્ગ છે. આહા..હા..!

**चरदि णिबद्धो णिच्चं समणो णाणम्हि दंसणमुहम्मि।**
**पयदो मूलगुणेसु य जो सो पडिपुण्णसामण्णो।।२१४।।**

**જે શ્રમણ જ્ઞાનદગાદિકે પ્રતિબદ્ધ વિચરે સર્વદા,**
**ને પ્રયત્ન મૂળગુણો વિશે, શ્રામણ્ય છે પરિપૂર્ણ ત્યાં. ૨૧૪.**

ત્યાં સાધુપણું સાચું, પરિપૂર્ણ સાચું છે. સાધુપણાની એવી વાત કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ટીકા :- એક સ્વદ્રવ્ય-પ્રતિબંધ જ, ઉપયોગનું માર્જન** (-શુદ્ધત્વ) **કરનારો હોવાથી,...**' જુઓ, ભગવાન આત્મા સ્વ જ્ઞાન અને આનંદનો પિંડ આત્મા એ જ સ્વદ્રવ્ય પ્રતિબદ્ધ—એનો સંબંધ જ, એનો સંબંધ જ '**ઉપયોગનું માર્જન** (**શુદ્ધત્વ**) **કરનારો હોવાથી,...**' જુઓ, અનેકાંત એમ ન લીધું કે શુભભાવથી પણ શુદ્ધત્વ થાય છે અને પોતાના સ્વદ્રવ્યના સંબંધથી પણ શુદ્ધત્વ થાય છે. કહો, એવું અનેકાંત નથી. પોતાનું સ્વદ્રવ્ય જ્ઞાનાનંદ ભગવાન આત્મા એના સંબંધથી શુદ્ધત્વ, ઉપયોગ માર્જન નિર્મળ થાય છે. એક જ ઉપાય છે. બીજાથી શુદ્ધત્વ થતું નથી.

મુમુક્ષ :- ...

ઉત્તર :- .. '**સ્વદ્રવ્ય-પ્રતિબંધ જ,...**' એ તો નિશ્ચય છેને. '**ઉપયોગનું માર્જન (-શુદ્ધત્વ) કરનારો હોવાથી, માર્જિત (-શુદ્ધ) ઉપયોગરૂપ શ્રામણ્યની...**' જુઓ, ભાષા અહીંયાં. લ્યો, અહીંયાં તો સાધુને શુદ્ધ ઉપયોગ કહી દીધું. છઠ્ઠે ગુણસ્થાને શુદ્ધ ઉપયોગ કહે છે અહીંયાં તો. છઠ્ઠે ગુણસ્થાને શુદ્ધ પરિણતિ છેને? અને એમાં શુભ વિકલ્પ છે તો ભૂમિકા પ્રમાણે તેને શુદ્ધોપયોગ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... એ રાગ છે, પણ છતાં તેને શુદ્ધ ઉપયોગ કહે છે. આગળ કહેશે. છઠ્ઠા ગુણસ્થાનની દશામાં વિકલ્પ હોવા છતાં શુદ્ધ ઉપયોગી કહેવામાં આવે છે. કેમકે પ્રધાનતા શુદ્ધોપયોગની પરિણતિની છે. રાગ છે પણ ત્યાં ગૌણ છે. એ અપેક્ષાએ, શુદ્ધ ઉપયોગમાં નથી, છતાં શુદ્ધોપયોગની પ્રધાનતા એમાં ગણવામાં આવી છે. સમજાણું કાંઈ? આવી તો મહેનત પડે માણસને. સમજવામાં મહેનત પડે છે કે આ શું કહે છે. આહા..હા..! માણસ કહે, સમજણ કરો... સમજણ કરો... સમજણ કરો... સમજણ કરો. કારણ કે તું તો જ્ઞાન છો, બીજી કોઈ વસ્તુ નથી. તારું જ્ઞાન ભગવાન સમજણનો પિંડ છે એમાં પ્રતિબદ્ધ થવું તો ઉપયોગની શુદ્ધતા માર્જન, માર્જન એટલે નિર્મળતા (થાય છે). સમજાણું કાંઈ? એક સ્વદ્રવ્ય પ્રતિબદ્ધ નામ સ્વ આત્મા ભગવાન નિર્મળાનંદ એના સંબંધથી જ ઉપયોગ નિર્મળ કરનાર હોવાથી, નિર્મળ ઉપયોગરૂપ શ્રામણ્યની પરિપૂર્ણતાનું આયતન છે. પોતાનો સ્વ જ્ઞાયક ભગવાન એનો સંબંધ કરવાથી શુદ્ધ ઉપયોગરૂપી શ્રામણ્ય. શુદ્ધ ઉપયોગ—આત્માના નિર્મળ વેપારરૂપી સાધુપદ એની પરિપૂર્ણતાનું સ્વદ્રવ્ય સ્થાન છે. સ્વદ્રવ્યનું સ્થાન—આયતન છે. આહા..હા..! ભારે વ્યાખ્યા ભાઈ! ગાથાઓ ભારે મૂકી દીધી જુઓ. ચરણાનુયોગ. એય..!

એક બાજુ કહે કે શુદ્ધ પરિણતિ છે, ચાલવામાં પણ ઉપયોગ બરાબર છે, પણ કાયની ચેષ્ટાથી લાગી જાય તો આલોચના કરવી. એ તો એ ભૂમિકામાં રાગ આવ્યો એટલી વાત. એક બાજુ કહે... આહા..હા..! સમજાણું કાંઈ? પોતાનો પરિપૂર્ણ ભગવાન આત્મા શુદ્ધ આનંદકંદ પ્રભુ આત્મા, સચ્ચિદાનંદ આત્મા છે. પોતાનું સત્... સત્... સત્-શાશ્વત જ્ઞાનાનંદ એનો સંબંધ કરવો એ જ શ્રામણ્યપણાની પરિપૂર્ણતાનું ઘર છે. એમાં આવું સાધુપદ પ્રગટ થાય છે. બાહ્યની ક્રિયાકાંડથી કાંઈ પ્રગટ થતું નથી. આહા..હા..!

મુમુક્ષુ :- એ તો મલિનતા ઉત્પન્ન કરે છે.

ઉત્તર :- મલિનતા. આખો દિ' બહારમાં આ કરવું. આ કર્યું, આ કર્યું શું કહેવાય? શાંતિસ્નાતક આવે છેને. સ્નાત્ર. આ ફલાણું સ્નાત્ર. ભગવાનના નામે આ કર્યા ને તે કર્યા. એ બધા શુભરાગ છે, મલિન છે. આહા..હા..! તમે કેમ કર્યું આટલું? એમ કહે છે. એય..! ધીરૂભાઈ!

મુમુક્ષુ :- હમણા મંદિર બંધાવ્યું.

ઉત્તર :- હા, હમણા મંદિર બંધાવ્યું ધીરૂભાઈએ. ત્યાં મલાડમાં નથી કર્યું? મલાડ ને તમારું? મલાડ. ભલે બોરીવલી.. મલાડમાં .. લ્યો! ત્રણ લાખનું મંદિર. ભાઈ! એ તો થાય છે. થાય, કરે કોણ? એ વખતે કોઈ નિમિત્ત હોય જોડે તો શુભભાવ છે. પણ શુભભાવ એ પુણ્યબંધનું કારણ છે, ધર્મ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એવો વ્યવહાર નિશ્ચયના ભાનસહિત આવ્યા વિના રહેતો નથી, પણ છે મલિન. આહા..હા..! 'એવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન.' એવો માર્ગ છે, ભાઈ! દુનિયાને રુચે, ન રુચે એની સાથે કાંઈ સંબંધ નથી.

એના '**શ્રામણ્યની પરિપૂર્ણતાનું આયતન છે;...**' જુઓ, '**ઉપયોગરૂપ શ્રામણ્યની પરિપૂર્ણતાનું...**' ઘર છે ભગવાન આત્મા. '**તેના સદ્ભાવથી જ...**' એટલે આત્માના આશ્રયની હયાતીથી જ '**પરિપૂર્ણ શ્રામણ્ય હોય છે.**' જુઓ, એને લઈને સાધુપદ હોય છે, બહારની ક્રિયાકાંડ દેહ, વાણી, મન, વિકલ્પથી તો સાધુપદ હોતું નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૧૧, ગુરુવાર, તા. ૨૬.૦૬.૧૯૬૯**
**ગાથા-૨૧૪-૨૧૫, પ્રવચન-૧૯૩**

ચરણાનુયોગસૂચક ચૂલિકા. શું કહે છે? ટીકા ફરીને લઈએ જુઓ. ૨૧૪ ગાથા. સાધુની વ્યાખ્યા ચાલે છે. સાધુ કોને કહે છે? કે આ આત્મા ચિદાનંદ આનંદસ્વરૂપ તેની જેને જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ છે. આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ નિર્વિકારી ચૈતન્યબ્રહ્મ એવા આત્માને અંદરમાં ભાન થયું છે કે હું તો આનંદ અને શુદ્ધ છું. પુણ્ય-પાપના રાગ, શરીરની ક્રિયાથી રહિત છું. એવો સમ્યક્ અનુભવ થયા પછી સાધુ થયા છે. પછી સાધુ થાય છે. એ સમ્યક્ વિના સાધુ હોય નહિ. તો એ સાધુની કેવી ક્રિયા અને આચરણ છે એની વાત ચાલે છે. ટીકા. ૨૧૪.

'**એક સ્વદ્રવ્ય-પ્રતિબંધ જ,...**' શું કહે છે? જુઓ, આ આત્મા આનંદસ્વરૂપ જ્ઞાનમૂર્તિ એવું એક દ્રવ્ય, સ્વદ્રવ્ય પ્રતિબદ્ધ (એટલે) એમાં એકાગ્રતા થવી, અંતર સંબંધ કરવો એ જ '**ઉપયોગનું માર્જન (-શુદ્ધત્વ) કરનારો હોવાથી,...**' એ આત્મામાં પવિત્રતાના પરિણામ તે શુદ્ધતાને, પવિત્રતાને કરનારો સ્વદ્રવ્યનો સંબંધ છે. સમજાણું કાંઈ? પોતાનો ભગવાન દેહ, વાણી, મનથી ભિન્ન છે અને અંદર શુભ-અશુભ રાગ વિકલ્પ રહે એ તો મેલ છે, એનાથી પણ ભિન્ન છે. એવી ચીજ, એવી પોતાની સ્વ વસ્તુ એમાં સંબંધ કરનાર ધર્માત્માને તેનાથી જ ઉપયોગ નામ પોતાના નિર્મળ પરિણામ—શુદ્ધ વીતરાગી ભાવ કરનારો હોવાથી

સ્વદ્રવ્યના સંબંધથી વીતરાગતા અને નિર્મળતાના પરિણામ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ?

'**કરનારો હોવાથી, માર્જિત (શુદ્ધ) ઉપયોગરૂપ શ્રામણ્યની પરિપૂર્ણતાનું આયતન છે;...**' એ શુદ્ધ ભગવાન આત્મા એની ઉગ્રતા, પવિત્રતા, વીતરાગતા, નિર્દોષતા એવો જે પોતાનો અંતર વેપાર એવા શ્રામણ્યની પરિપૂર્ણતાનું સ્થાન છે સ્વદ્રવ્ય. સમજાણું કાંઈ? તેના સદ્ભાવથી પરિપૂર્ણ શ્રામણ્ય થાય છે. ભારે ઝીણું! બાહ્ય વેશ, ભેખ કે અંદર શુભાશુભરાગ એનાથી કોઈ મુનિપણું હોતું નથી. સમજાણું કાંઈ? પોતાની સ્વવસ્તુ શુદ્ધ જ્ઞાનાનંદ સ્વભાવ એનો પ્રતિબદ્ધ નામ સંબંધ એનાથી જ સાધુપદની પરિપૂર્ણતા થાય છે અને પરિપૂર્ણતાનું, પવિત્રતાનું આયતન સ્વદ્રવ્યનો સંબંધ છે. ભાષા કાંઈ સમજાય નહિ. કોઈ દિ' નવા માણસે સાંભળ્યું ન હોય, સ્વદ્રવ્ય પ્રતિબદ્ધ શું હશે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાંય પૈસા કાંઈ નથી.

મુમુક્ષુ :- ઉપયોગનો માર્ગ છે.

ઉત્તર :- હા, માર્જન શુદ્ધત્વાત. પોતાના પરિણામ જે શુદ્ધ છે એનું શુદ્ધત્વનું થવું, પવિત્રતાનું થવું, પુણ્ય-પાપના પરિણામ વિનાનું થવું એ પોતાનો જ્ઞાયક ધ્રુવ ચૈતન્યસ્વભાવ એના સંબંધે થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! અહીં તો સાધુપદ... સમ્યગ્દર્શન ઉપરાંત સાધુપદ કોને કહે? સાધુ—સાધન સ્વરૂપનું, પૂર્ણ પરમાત્મા પોતાના સ્વરૂપનું સાધન કરનાર તે સાધુ. સમજાણું કાંઈ?

કહે છે કે '**માર્જિત (-શુદ્ધ) ઉપયોગરૂપ શ્રામણ્યની...**' ભગવાન આત્માના પુણ્ય-પાપના ભાવ એ તો અશુદ્ધ વેપાર, અશુદ્ધ પરિણામ છે. એનાથી રહિત શુદ્ધ, પવિત્ર આનંદસ્વરૂપનો ભાવ એવી શુદ્ધતાના ઉપયોગરૂપ આયતન—એનું સ્થાન તો સ્વદ્રવ્યનો સંબંધ છે. સમજાય છે કે નહિ? આવું ભારે ભાઈ! લૂગડા ફેરવી નાખે ને બાવો થઈ જાય, બાયડી, છોકરા છોડે તો થઈ ગયો બાવો-સાધુ.

મુમુક્ષુ :- એ પણ એક પ્રકાર છે.

ઉત્તર :- ધૂળેય નથી એક પ્રકાર. એમાં બદલ્યું શું છે? એ તો બહારની ચીજ બદલી છે. અંતરમાં શું બદલ્યું છે?

મુમુક્ષુ :- રુચિ બદલીને?

ઉત્તર :- કાંઈ બદલ્યું નથી, ધૂળેય બદલ્યું નથી. અભિમાન કર્યા છે. આહા..હા..! એમ અહીંયાં ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ (કહે છે), સાધુપદની પરિપૂર્ણતાનો ભાવ પોતાના સ્વદ્રવ્યના સંબંધે થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એય..! ન્યાલભાઈ! આ વળી સાંભળ્યું હોય નહિ કેટલા વર્ષમાં ત્યાં. સ્વદ્રવ્યના સંબંધથી શ્રામણ્યની પરિપૂર્ણતાનું એ સ્થાન છે. હવે પંચમહાવ્રત પાળે, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય પાળે, જાવ સાધુ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, જેને ભવનો અંત કરવો હોય, મુક્તિ નામ આત્માના આનંદની પૂર્ણ દશા પ્રગટ કરવી હોય એને માટે આ વાત છે. બાકી રખડવાની વાત તો અનંતકાળથી કરે છે અને છે. પુણ્ય કરવા, દયા, દાન, વ્રત, ભક્તિ ને પૂજા ને એ કરે છે. પુણ્યબંધ થાય, મિથ્યાત્વ અજ્ઞાનસહિત ચાર ગતિમાં રખડે.

મુમુક્ષુ :- સારી ગતિ તો મળેને.

ઉત્તર :- ગતો કે દિ' સારો હતો? ચારેય ગતિ દુઃખરૂપ છે. મનુષ્યગતિ હોય, સ્વર્ગગતિ હોય, નરકગતિ હોય કે તિર્યંચ-પશુ થયો. ચારેય ગતિ દુઃખરૂપ છે. સમજાય છે કાંઈ?

'**તેના સદ્‌ભાવથી જ પરિપૂર્ણ શ્રામણ્ય હોય છે.**' જુઓ, કેટલું સ્પષ્ટ છે! ભગવાન આત્મા ચૈતન્યજ્યોત, ચૈતન્યપ્રકાશ આનંદની મૂર્તિ પ્રભુ આત્મા આનંદથી ભરેલો. અપરિમિત આનંદ એવો જે પોતાનો સ્વદ્રવ્ય સ્વભાવ એના સંબંધથી જ શ્રામણ્યની પરિપૂર્ણતા થતાં એની હયાતીમાં શ્રામણ્યપણું થાય છે. અઠ્યાવીશ મૂળગુણ જે વિકલ્પ પરથી છે એની વાત અહીંયાં નથી કરી. એય..! સમજાણું કાંઈ? પછી લેશે. અહીંયા સુધી કાલે આવ્યું હતું. અહીં સુધી આવ્યું હતું. આહા..હા..! આમ કરવું ને દયા પાળવી, વ્રત પાળવા એ બધો વિકલ્પ છે, રાગ છે, વૃત્તિ છે, વૃત્તિ ઉત્થાન છે, વિકાર છે, દુઃખ છે. એકલો ભગવાન પ્રજ્ઞાબ્રહ્મ આનંદસ્વરૂપ એવા સ્વભાવનો સંબંધ કરવાથી શુદ્ધ ઉપયોગની નિર્મળતા થાય છે અને એ જ ઉપયોગ શ્રામણ્યની પરિપૂર્ણતાનું સ્થાન છે. સમજાણું કાંઈ?

અને '**તેના સદ્‌ભાવથી જ પરિપૂર્ણ શ્રામણ્ય હોય છે.**' ભગવાન આત્મા... હજી સાધુપદ કોને કહેવું એ સમજે નહિ. નગ્ન થઈ જાય તો સાધુ થઈ ગયો. એ સાધુ નથી. મહાવ્રતાદિ અઠ્યાવીશ મૂળગુણ પાળે કદાચ લ્યોને, એ પણ સાધુ નથી. પોતાનો આત્મા અખંડાનંદ પ્રભુ અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિના સ્વભાવથી ભરેલો સાગર આત્મા છે. એની અંતર્મુખ થઈને સંબંધ કરવાથી શુદ્ધ ઉપયોગ થાય છે અને એ શુદ્ધ ઉપયોગ એ શ્રમણનું સ્થાન છે અને એનાથી સાધુપદની પરિપૂર્ણતા થાય છે. સમજાય છે કાંઈ? '**માટે...**' આ કારણે '**સદાય જ્ઞાનમાં અને દર્શનાદિકમાં પ્રતિબદ્ધ રહીને...**' જુઓ, આ કારણે સદા ભગવાન આત્મા જ્ઞાન, જાણનસ્વભાવ, દર્શનસ્વભાવ આદિ, આનંદસ્વભાવ એવો હું '**પ્રતિબદ્ધ=સંબંધ; રોકાયેલો; બંધાયેલો; સ્થિત; સ્થિર; લીન.**' '**મૂળગુણોમાં પ્રયત્નપણે વિચરવું;...**' આહા..હા..! ભાષા પણ સમજાય નહિ હજી તો. શું કહે છે?

મુમુક્ષુ :- મૂળગુણની...

ઉત્તર :- મૂળગુણની વ્યાખ્યા શું? જ્ઞાનમાં, દર્શનાદિકમાં પ્રતિબદ્ધ રહીને. પોતાનો જ્ઞાતા સ્વભાવ, દર્શન સ્વભાવ, આનંદ સ્વભાવ, શાંત વીતરાગ સ્વભાવ એવા સ્વભાવમાં સંબંધ કરીને મૂળગુણોમાં પ્રયત્નશીલ. મૂળગુણ બે પ્રકારના—એક અનંત જ્ઞાનાદિ સ્વભાવ અંતરમાં

ત્રિકાળી છે ઈ એક મૂળગુણ અને બીજા અઠ્યાવીશ મૂળગુણ વિકલ્પ ઉઠે છે તે મૂળગુણ વ્યવહાર. ફરીને. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા દેહના રજકણે રજકણ માટીથી ભિન્ન છે. આ તો માટી છે, ભિન્ન છે, આ ક્યાં આત્મા છે? સમજાણું કાંઈ? શુભ-અશુભભાવ જે થાય છે એ ક્યાં આત્મા છે? એ તો વિકાર છે. શાસ્ત્રભાષાએ આસ્રવતત્ત્વ છે. એનાથી તો નવું આવરણ થાય છે. એનાથી રહિત અનંત જેનો સ્વભાવ જ્ઞાન-જાણવું, અનંત-અનંત સ્વભાવ, દર્શન-દૃષ્ટા અનંત સ્વભાવ, આનંદ અનંત સ્વભાવ, વીર્ય અનંત સ્વભાવ આદિ વીતરાગતા નિર્દોષતા અનંત સ્વભાવ એવા સ્વભાવમાં સંબંધ રાખીને (એટલે) એમાં રોકાયેલો, બંધાયેલો, લીન થઈને મૂળગુણમાં પ્રયત્નપણે વિચરવું. પોતાનો શુદ્ધ પૂર્ણ સ્વભાવ એમાં વિચરવું અને નિશ્ચયથી પરમાત્મદ્રવ્યમાં વિચરવું. પોતાનું પરમસ્વરૂપ દ્રવ્ય એમાં વિચરવું. વ્યવહારે એકવાર આહાર, પંચમહાવ્રતનો રાગ વિકલ્પ, છ આવશ્યક, સમિતિ, ગુપ્તિ આદિ જે અઠ્યાવીશ વિકલ્પ નામ રાગ છે, વ્યવહારથી જેને મૂળગુણ કહેવામાં આવ્યા છે, તેમાં વિચરવું. બાયડી, છોકરા છોડ્યા, વેપાર છોડ્યો થઈ ગયો સાધુ લ્યો! ..ચંદજી! એમ નથી? આ લોકો તો એમ માને છે લ્યો! છોડી દ્યો. દુકાન છોડી દીધી, થઈ ગયો સાધુ. બાયડી છોડી તો થઈ ગયો સાધુ. એમાં શું છોડ્યું તેં? એ તો પરચીજ ક્યાં તારામાં ગરી ગઈ હતી? તારામાં જે વિકાર છે, શુભ-અશુભ રાગ છે એને છોડીને અંદર સ્વરૂપની દૃષ્ટિમાં સ્વરૂપની લીનતામાં વીતરાગતા થાય તેનું નામ ભગવાન સાધુપણું કહે છે. સમજાણું કાંઈ? નથી આત્માની શ્રદ્ધાની ખબર, નથી સાધુપદની ખબર, નથી દેવ કેવા હોય પરમાત્મા એની ખબર. કહો, રમણીકભાઈ! ઝીણું ભારે. પરમેશ્વર સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ જેને એક સેકન્ડના અસંખ્યભાગમાં ત્રિકાળ જ્ઞાન થયું છે, થાય છે એવી આત્માની શક્તિ છે, એ છે અને એને થયું છે તે પરમાત્મા સાધુપદની સ્થિતિ આ પ્રકારે વર્ણવે છે. કહો, સમજાય છે કાંઈ?

'**મૂળગુણોમાં પ્રયત્નપણે વિચરવું;...**' પોતાનો નિજસ્વભાવ આનંદ જે કાયમનો આનંદ અસલી સ્વભાવ. આત્મા શાશ્વત છેને? નિત્ય છેને? તો એના જ્ઞાન, આનંદ આદિ પણ શાશ્વત નિત્ય સ્વભાવ છે. એમાં વિચરવું તે પર્યાય છે. પર્યાય એટલે અવસ્થા, દશા. એવી દશાને સાધુપદ કહેવામાં આવે છે. કહો, દીપચંદજી! આ સાધુપદ લઈ લ્યો, ચાલો નગ્ન થઈ જાવ. અંતરમાં નગ્ન થવું. ભગવાન આત્મા પરિપૂર્ણ નિર્દોષ સ્વભાવથી (પૂર્ણ) વસ્તુ પડી છે અંદર પોતે નિજસ્વરૂપ, નિજપરમાત્મા. અપ્પા સો પરમાત્મા. એ આત્મા જ પરમ સ્વભાવથી ભરેલો પરમાત્મા જ છે અંદર. એનો સંબંધ કરીને મૂળગુણમાં વિચરવું, પ્રયત્નપણે. જુઓ, પ્રયત્નપણે, પુરુષાર્થ સ્વભાવથી. એવો સ્વભાવ એમ કહે છે. પ્રયત્નપણે સ્વભાવમાં રહેવું અને બહુ તો અઠ્યાવીશ મૂળગુણ વિકલ્પમાં પણ રહેવું. વ્યવહાર લેવો છેને.

'**જ્ઞાનદર્શનસ્વભાવી શુદ્ધાત્મદ્રવ્યમાં પ્રતિબદ્ધ એવા શુદ્ધ અસ્તિત્વમાત્રરૂપે વર્તવું**

**એમ તાત્પર્ય છે.'** લ્યો, તાત્પર્યનો સરવાળો કર્યો. આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ, જ્ઞાનસ્વભાવ, દર્શનસ્વભાવ. બસ બે મુખ્ય. સામાન્ય-વિશેષ. એવું શુદ્ધાત્મદ્રવ્ય એવો જ્ઞાન-દર્શન સ્વભાવ શુદ્ધાત્મપદાર્થ, શુદ્ધ પવિત્ર ભગવાન આત્મા એમાં પ્રતિબદ્ધ સંબંધ કરીને શુદ્ધ અસ્તિત્વમાત્રરૂપે વર્તવું. એવું શુદ્ધ હોવાપણું છે એમાં વર્તવું તે તાત્પર્ય છે. કહો, આવું મુનિપણું સાંભળ્યું પણ ન હોય. સાંભળ્યું પણ ન હોય કે મુનિપણું કોને કહે છે. કહો, અમરચંદભાઈ!

મુમુક્ષુ :- ગુરુ...

ઉત્તર :- ક્યાં ગુરુ પાસે હતું શ્રમણપણું? એનું મુનિપણું તો એની પાસે છે. કરે એનું કહેવું એને એણે આપ્યું એમ કહેવામાં આવે. આપે .. આપે શું? એમ સમજાવ્યું કે આવું મુનિપણું હોય ભાઈ! ભાવલિંગ અંતરમાં આ દશા પ્રગટ થાય છે ત્યારે અઠ્યાવીશ મૂળગુણ વિકલ્પ છે તેને નિશ્ચય-વ્યવહાર કહેવામાં આવે છે. એમ કહે છે તો અંદરમાંથી પ્રગટ કરે છે. પ્રગટ કરે છે તો બીજાએ-ગુરુએ આપ્યું એમ કહેવામાં આવ્યું. આહા..હા..! આવી વાત છે. આ તો સંસારની દુકાન ઉઠાવવાની વાત છે.

મુમુક્ષુ :- સંસારની દુઃખની દુકાન.

ઉત્તર :- દુઃખ જ છેને. રાગ-દ્વેષ, અજ્ઞાન, પુણ્ય-પાપ દુઃખ છે. વિકલ્પની જાળ. પુસ્તક આપ્યું ભાઈ? પુસ્તક આપો એય..! ચશ્મા નથી. ઠીક, ભૂલી ગયા. સમજાણું કાંઈ? જુઓ, સાધુપદ આવું છે. હરિજનના ગુરુ છે. અહીંનો અભ્યાસ છે. હરિજનમાં ઉપદેશ આપે છે. અમારું જન્મગામ છેને, ઈ ગામના છે. ઘણા વર્ષથી ત્યાં.. આત્મા ભગવાન હરિ છે. અજ્ઞાનને હરે તે હરિ. વિકાર અને અજ્ઞાનનો નાશ કરીને આત્મા અંતરમાં પ્રગટ કરે, આત્મા શુદ્ધ આનંદ એનું નામ હરિ કહેવામાં આવે છે. એની વાત ચાલે છે. આહા..હા..! જુઓ, એ તાત્પર્ય છે.

**'શુદ્ધ અસ્તિત્વમાત્રરૂપે...'** જુઓ અસ્તિ કહી. જુઓ! **'જ્ઞાનદર્શનસ્વભાવી શુદ્ધાત્મદ્રવ્યમાં પ્રતિબદ્ધ એવા શુદ્ધ અસ્તિત્વમાત્રરૂપે...'** એકલો શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... સત્તા, પવિત્ર સત્તા હોવાપણામાં વર્તવું. ભાષા જુઓ. નાસ્તિથી વાત ન કરી. એકલો ભગવાન શુદ્ધ જ્ઞાયક આનંદ પરિપૂર્ણ કૃતકૃત્ય આનંદકંદ એમાં વર્તવું તે તાત્પર્ય છે. આ શ્લોકનું એ તાત્પર્ય છે. એ ૨૧૪ ગાથા પૂરી થઈ.

હવે ૨૧૫. **'હવે, મુનિજનને નજીકનો સૂક્ષ્મપરદ્રવ્યપ્રતિબંધ પણ, શ્રામણ્યના છેદનું આયતન હોવાથી, નિષેધ્ય છે...'** શું કહે છે? મુનિને નજીકમાં સૂક્ષ્મપરદ્રવ્યપ્રતિબંધ. આત્મા સિવાય રાગાદિ પરદ્રવ્યનો સંબંધ એ શ્રામણ્યના છેદનું કારણ, સાધુપણાનું નાશનું કારણ છે. માટે નિષેધ છે. પરદ્રવ્યપ્રતિબંધ નિષેધ છે. સ્વદ્રવ્ય સંબંધ આદરણીય છે, પરદ્રવ્ય સંબંધ નિષેધ છે એમ કહે છે. નિકટ લખ્યું છેને? નીચે નોટ છે. **'આગમવિરુદ્ધ આહારવિહારાદિ તો મુનિએ છોડ્યા હોવાથી...'** સાધુ છે તેને શાસ્ત્રથી વિરુદ્ધ આહાર. એને માટે બનેલો

આહાર એ તો એને હોતો નથી. નીચે લખ્યું છે. '**આહારવિહારાદિ...**' જત્નાથી ચાલવું એવી આગમની જે આજ્ઞા છે એ પ્રમાણે તો બરાબર કરે છે. એમાં તો પ્રતિબદ્ધ થવું, '**તેમાં પ્રતિબંધ થવો તે તો મુનિને દૂર છે;...**' એટલે એમાં તો પરનો સંબંધ રાખવો નહિ.

'**પરંતુ આગમકથિત આહારવિહારમાં મુનિ પ્રવર્તે છે તેથી તેમાં પ્રતિબંધ થઈ જવો...**' હલન-ચલન ખાવા-પીવાનો વિકલ્પ છેને? '**તેમાં પ્રતિબંધ થઈ જવો સંભવિત હોવાથી તે પ્રતિબંધ નજીકનો છે.**' એ નજીકનો છે. સમજાણું કાંઈ? કહે છે, આગમવિરુદ્ધ જે છે એમાં તો પ્રતિબંધ છે નહિ. આગમવિરુદ્ધતાથી તો દૂર થઈ ગયો એમ. આગમવિરુદ્ધ જે સદોષ લેવો આદિ એ તો દૂર જ થઈ ગયો છે. સમજાણું કાંઈ? મુનિ માટે બનાવેલો આહાર, મુનિ માટે બનાવેલું મકાન, મુનિ માટે બનાવેલી પાટ આદિ એનો તો મુનિને પહેલેથી નિષેધ જ છે. '**છોડ્યા હોવાથી તેમાં પ્રતિબંધ થવો તે તો મુનિને દૂર છે;...**' એમ. એમાં તો પ્રતિબંધ છે જ નહિ. '**પરંત આગમકથિત આહારવિહારમાં મુનિ પ્રવર્તે છે...**' શુભ વિકલ્પમાં. '**તેથી તેમાં પ્રતિબંધ થઈ જવો...**' પરદ્રવ્યનું લક્ષ છે તો તેમાં પ્રતિબદ્ધ થઈ જવું '**સંભવિત હોવાથી તે પ્રતિબંધ નજીકનો છે.**' નજીકનો પ્રતિબંધ. ... '**સૂક્ષ્મપરદ્રવ્યપ્રતિબંધ...**' છેને બીજો આંકડો? '**સૂક્ષ્મપરદ્રવ્યપ્રતિબંધ= પરદ્રવ્યમાં સૂક્ષ્મ પ્રતિબંધ.**' કાંઈ પણ ધર્મકથા કરવી એમાં જે રાગ આવે છે એ પણ બંધનું કારણ છે. સમજાણું કાંઈ? એનાથી વિશેષ બીજો અર્થ કરવો એ તો છોડવા લાયક જ છે. આહા..હા..!

હવે ગાથા.

**भत्ते वा खमणे वा आवसधे वा प्णो विहारे वा।**
**उवधिम्हि वा णिबद्धं णेच्छदि समणम्हि विकधम्हि।।२१५।।**

૨૧૫.

**મુનિ ક્ષપણ માંહી, નિવાસસ્થાન, વિહાર વા ભોજન મહીં,**
**ઉપધિશ્રમણવિકથા મહીં પ્રતિબંધને ઈચ્છે નહીં. ૨૧૫.**

'**ટીકા :- (૧) શ્રામણ્યપર્યાયના સહકારી...**' પોતાના સ્વરૂપમાં શુદ્ધ વીતરાગદશા પ્રગટ થઈ છે, પવિત્રતા પ્રગટ થઈ છે એવી સાધુની પર્યાયના નિમિત્ત. સહકારી-સાથે થનાર '**શરીરની વૃત્તિના...**' શરીરની વૃત્તિ. '**નિર્વાહ; ટકવું તે.**' '**હેતુમાત્ર તરીકે લેવામાં આવતો જે આહાર,...**' શરીરને નભાવવા માટે આહાર લેવાની જે વૃત્તિ છે, તેને માટે બનાવેલો તો લેતા નથી, સમજાણું કાંઈ? આહા..હા..! પણ નભાવ માટે જે વૃત્તિ છે '**હેતુમાત્ર તરીકે લેવામાં આવતો જે આહાર,...**' પ્રતિબદ્ધ ન કરવું—એમાં દોષ લગાવવો નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહાર '**સાથે સંબંધથી જેમાં ચૈતન્યરૂપી ભીંતનો ભાગ મલિન થાય છે એવી, શુદ્ધાત્મદ્રવ્યથી વિરુદ્ધ જે કથા, તેમનામાં પણ પ્રતિબંધ નિષેધવાયોગ્ય-**

**તજવાયોગ્ય છે...**' શું કહે છે? સૂક્ષ્મ વાત છે, ભાઈ! કહે છે કે સાધુપદના નિમિત્તરૂપ શરીર એને નભાવવા માટે આહારાદિ ગ્રહણ કરવામાં પ્રતિબદ્ધ ન થવું. વિકલ્પ આવે છે એ પણ દોષરૂપ તો છે જ, પણ વિશેષ સંબંધ કરવો નહિ.

'**(૨) તથાવિધ શરીરની વૃત્તિ સાથે વિરોધ વિના,...**' જેવા શ્રામણ્યપર્યાયના સહકારી કારણભૂત. '**તથાવિધ શરીરની વૃત્તિ સાથે વિરોધ વિના, શુદ્ધાત્મદ્રવ્યમાં નીરંગ...**' '**નિરાગ; નિર્વિકાર.**' '**અને નિસ્તરંગ...**' તરંગ નહિ. '**નિસ્તરંગ વિશ્રાંતિની રચના અનુસાર પ્રવર્તતું જે ક્ષપણ...**' અપવાસ આદિ કરનાર. ઉપવાસ હોય. એક, બે, ચાર, પાંચ અપવાસ મુનિને તો એમાં કાંઈપણ ગ્લાનિ ન થવી જોઈએ એમ કહે છે. એ કરવાનો ભાવ છે એ પણ મેલ તો છે જ. આહા..હા..! વિકલ્પ છેને? એનાથી વિશેષ પ્રતિબદ્ધ ન થવું જોઈએ. સમજાણું કાંઈ? ઉપવાસ કર્યો છે, થાક લાગ્યો છે. ચાલો ભાઈ, થોડું સુઈ જઈએ. મુનિને તો સૂવાનું પાછલી રાત્રિમાં થોડું સહેજ એક આસને હોય છે. એવી વાત છે, ભાઈ! મુનિપણું, સાધુપણું અલૌકિક ચીજ છે. સમજાણું કાંઈ? એકલો નગ્ન થઈ જાય માટે સાધુ એમ નથી. પાછલી રયણીમાં એક આસન. શું કહેવાય એ? કરવટ. એક કરવટ. ઓહો..હો..! એમાં પણ વિરુદ્ધપણું નથી. થોડો થાક છે, વિશેષ (નિદ્રા) લઈએ (એવો) પ્રમાદ મુનિને હોતો નથી. આહા..હા..!

'**નિસ્તરંગ વિશ્રાંતિની રચના અનુસાર...**' કષાયરહિત વિશ્રાંતિ-શાંતિ એની '**રચના અનુસાર પ્રવર્તતું જે ક્ષપણ (અર્થાત્ શરીરના ટકવાની સાથે વિરોધ ન આવે એ રીતે, શુદ્ધાત્મદ્રવ્યમાં વિકારરહિત અને તરંગરહિત સ્થિરતા રચાતી જાય...**' અંદરમાં શાંતિ... શાંતિ... શાંતિ... શુદ્ધ ઉપયોગ. '**તેના પ્રમાણમાં પ્રવર્તતું જે અનશન),...**' જુઓ, અનશન. અનશન એટલે ઉપવાસ. એક અપવાસ, બે અપવાસ. અનશન એનો સ્વભાવ જ છે. પણ એ વિકલ્પ ઉઠ્યો એમાં પણ પ્રતિબદ્ધ ન થવું. વિશેષ ગ્લાનિ થઈ જાય, આમ થઈ જાય. સમજાણું કાંઈ? જે એની આવશ્યક ક્રિયા છે તે સમયે છોડી દેવી આદિ એવું હોતું નથી. એવું થાય તો સાધુપણામાં છેદ આવે છે. આહા..હા..!

અનશનમાં '**(૩) નીરંગ અને નિસ્તરંગ એવા અંતરંગ દ્રવ્યની પ્રસિદ્ધિ અર્થે સેવવામાં આવતું જે ગિરીકંદરાદિક આવસથ (-ઊંચા પર્વતની ગુફા વગેરે નિવાસસ્થાન),...**' લ્યો! નીરંગ, નિર્વિકાર, પવિત્ર અંતરંગ દ્રવ્ય આત્મા ભગવાન એની પ્રસિદ્ધિ-આત્મપ્રસિદ્ધિ. એકાંતમાં ગિરીગુફામાં જઈને રહેવું. ત્યાં પણ પ્રતિબદ્ધ ન થવું કે આ ગિરી સારો છે કે આમ છે. સમજાણું કાંઈ? '**ગિરીકંદરાદિક આવસથ...**' જુઓ ભાષા! મુનિ તો ત્યાં રહે છે. એ પણ...

મુમુક્ષુ :- આદિ લખ્યું છેને.

ઉત્તર :- આદિ લખ્યું છે તો શું? આદિ લખ્યું છે તો શું? એ તો ગુફા છે, કોઈ

બહાર પર્વતની ટોચ છે એમાં રહે છે. એકાંત... એકાંત... નિર્જન. નિર્જન એટલે જ્યાં જન ન હોય એવી જગ્યા. આનંદ... આનંદ... આનંદ સાધવો છેને. તો જ્યાં મનુષ્યનો પગરવ છે તેને છોડી એકાંતમાં રહે છે. એને મુનિ કહે છે, ભાઈ! સમજાણું કાંઈ? '**આવસથ (– ઊંચા પર્વતની ગુફા વગેરે નિવાસસ્થાન),...**' નિવાસસ્થાન.

'**(૪) યથોક્ત શરીરની વૃત્તિના કારણભૂત ભિક્ષાને અર્થે કરવામાં આવતું જે વિહારકાર્ય,...**' લ્યો! આ શરીર માટે આહાર લેવા જાવો હોય. વિહારકાર્યમાં પણ વિશેષ પરદ્રવ્યની સાથે પ્રતિબદ્ધ કરવો નહિ. ભિક્ષા માટે ગયા, આહાર આવ્યો, વિકલ્પ છે, બસ લઈ લો. પરદ્રવ્ય સાથે કોઈ સંબંધ નહિ. આવું મુનિપણું છે, ભાઈ! સાધુપદ આને કહે છે અને એ જ સાધુ મુક્તિના માર્ગમાં ચાલે છે. તેને મુક્તિ નજીકમાં છે. કહો, '**ભિક્ષાને અર્થે કરવામાં આવતું જે વિહારકાર્ય, (૫) શ્રામણ્યપર્યાયનું સહકારી કારણ હોવાથી જેનો નિષેધ નથી એવા જે કેવળ દેહમાત્ર પરિગ્રહ,...**' લ્યો! એ દેહમાં પ્રતિબદ્ધ નથી. શ્રીમદ્દે કહ્યું હતુંને? કેવળ દેહમાત્ર. આવે છેને અપૂર્વ અવસરમાં? 'દેહમાત્ર...' 'માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો,' શ્રીમદ્‌માં આવે છેને? 'સર્વ સંબંધથી બંધન તીક્ષ્ણ છેદીને, વિચરવું કવ મહતપુરુષને પંથ જો' પછી આવેને પછી? 'માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો.' જુઓ, એમાં લીધું. એમાં કોઈ વસ્ત્ર અને પાત્ર લઈને મુનિ થાય છે એમ હોતું જ નથી ત્રણ કાળમાં. માત્ર દેહ તે સંયમ હેતુ છે. ઓહો..હો..! દેહ છૂટ્યો જાય નહિ તો સંયમમાં નિમિત્ત છે એવી શ્રામણ્યપર્યાય વીતરાગદશા પોતામાં પ્રગટ થઈ છે, પવિત્રતા આનંદ આદિ. એનું સહકારી નામ નિમિત્ત '**કારણ હોવાથી જેનો નિષેધ નથી...**' કેમકે નિષેધ કેમ કરે? આયુષ્ય છે ત્યાં સુધી શરીર રહેશે. '**એવો જે કેવળ દેહમાત્ર પરિગ્રહ,**'માં પણ પ્રતિબદ્ધ થવું નહિ.

'**(૬) માત્ર અન્યોન્ય બોધ્યબોધકપણે જેમનો કથંચિત્ પરિચય વર્તે છે એવા જે શ્રમણ (અન્ય મુનિ),...**' જુઓ, '**બોધ્ય એટલે જેને સમજાવવાનો હોય તે અર્થાત્ જેને ઉપદેશ દેવાનો હોય તે, અને બોધક એટલે સમજાવનાર અર્થાત્ ઉપદેશ દેનાર. માત્ર અન્ય શ્રમણો પાસેથી પોતે બોધ લેવા માટે અથવા અન્ય શ્રમણોને બોધ દેવા માટે મુનિને અન્ય શ્રમણો સાથે પરિચય હોય છે.**' બીજો પરિચય હોતો નથી. આહા..હા..! બીજાને સમજાવવું અને કાં બીજાથી સમજવું, એટલો સાધુ સાથે સંબંધ હોય છે. તેનું નામ ભગવાન પરમાત્મા મુનિ કહે છે લો! આહા..હા..! અન્ય નિમિત્ત..

'**(૭) શબ્દરૂપ પુદ્‌ગલોલ્લાસ (પુદ્‌ગલપર્યાય) સાથે સંબંધથી જેમાં ચૈતન્યરૂપી ભીંતનો ભાગ મલિન થાય છે એવી,...**' ઓહો..હો..! આ કથા કરવામાં, ધર્મકથા કરવામાં અને કથા સાંભળવામાં... આહા..હા..! ચૈતન્ય ભીંત મલિન થાય છે. રાગ છેને, વિકલ્પ છેને. શબ્દ પુદ્‌ગલ આ ભાષા પરદ્રવ્ય છે. એની '**સાથે સંબંધથી જેમાં ચૈતન્યરૂપી ભીંતનો**

**ભાગ...**' ચૈતન્ય નિર્મળાનંદ પ્રભુ એ ધર્મકથાના વિકલ્પમાં સાંભળવામાં અને સંભળાવવામાં મલિન થાય છે. સમજાણું કાંઈ? કેમકે એ વિકલ્પ રાગ છે, ભલે શુભ હોય. આત્મા ચૈતન્ય આનંદ ભીંત, ધ્રુવ ભીંત મલિન થાય છે પર્યાય. પર્યાય હોં. ધ્રુવ તો ધ્રુવ છે. સમજાણું કાંઈ? જુઓ, દિગંબર સંતની કથની. આવું મુનિપણું સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ ત્રિલોકનાથ ભગવાને કહ્યું છે એમ ઈ કહે છે.

કેમકે '**એવી, શુદ્ધાત્મદ્રવ્યથી વિરુદ્ધ જે કથા, તેમનામાં પણ પ્રતિબંધ નિષેધવાયોગ્ય-તજવાયોગ્ય છે...**' પ્રતિબંધ ત્યાગવાયોગ્ય છે. શુદ્ધાત્મદ્રવ્ય ભગવાન આત્મા વીતરાગ સ્વરૂપ નિર્દોષ એમાં વિરોધ. એનાથી વિરુદ્ધ છે એ. ધર્મકથાનો રાગ પણ સ્વભાવથી તો વિરૂદ્ધ છે. આહા..હા..! જુઓ, કુંદકુંદાચાર્ય સર્વજ્ઞ પરમેશ્વર પાસે ગયા હતા. પરમાત્મા બિરાજમાન છે મહાવિદેહમાં. આઠ દિન રહ્યા હતા. (ત્યાંથી આવીને) આ બનાવ્યું. ભગવાન આમ કહે છે. ધર્મકથા સાંભળવામાં પણ રાગ થાય છે. બેય છેને? બોધ્ય એટલે જેને સમજાવવાનો હોય તે અર્થાત્ જેને ઉપદેશ દેવાનો હોય તે, અને બોધક એટલે સમજાવનાર અર્થાત્ ઉપદેશ દેનાર. માત્ર અન્ય શ્રમણ્યો પાસેથી પોતે બોધ લેવા માટે અથવા અન્ય શ્રમણોને બોધ દેવા માટે મુનિને અન્ય શ્રમણો સાથે પરિચય હોય છે. એમ કહ્યુંને? આહા..હા..! ભગવાન આત્મા નિર્વિકલ્પ આનંદસ્વરૂપ .. નહિ. સમજાણું કાંઈ? એવું મુનિપદ છે. આહા..હા..!

'**એટલે કે તેમના વિકલ્પોથી પણ ચિત્તભૂમિ ચિત્રિત થવા દેવી યોગ્ય નથી.**' ચૈતન્યભૂમિ મેલી થાય છે. માર્ગ તો એવો છે, ભાઈ! પોતાનો શુદ્ધ વીતરાગસ્વરૂપ આત્મા એનાથી બીજી સ્ત્રીકથા, ... કથા, દેશકથા, રાજકથા એ તો પાપબંધનું કારણ છે, પણ આ ધર્મકથા પણ પુણ્યબંધના કારણે ચિત્તભૂમિ મલિન થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? (અન્યો) કહે છે કે ઉપદેશ દેવો એ મુનિનો માર્ગ છે, નિર્જરાનું કારણ છે એમ કહે છે. તેરાપંથી છેને ભાઈ! તેરાપંથી એમ માને છે. તુલસી-તુલસી તેરાપંથી નહિ? તેરાપંથી માને છે. નિર્દોષ આહાર લેવો અને ખાવો એ શુદ્ધતાનું કારણ છે. નિર્જરાની ભાષા ન વાપરી. સમજાણું કાંઈ? એમ કહે છે.

મુમુક્ષુ :- ઉપદેશ દેવાથી નિર્જરા થાય?

ઉત્તર :- બીજાને એવો ઉપદેશ નહિ કરવો કે એને ન મારો કે એમ ન કરો. ઉપદેશ દેવો. એ મુનિ ઉપદેશ દે છે એમાં ધર્મનો લાભ થાય છે. નિર્જરા નામ ધર્મલાભ. ખોટું છે, અહીંયા તો કહે છે. આહા..હા..! ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- બંધ થાય છે.

ઉત્તર :- બંધ થાય છે, શુભરાગ છે તો બંધ થાય છે. વાણી તો જડ છે, આ તો માટી છે. એ તો કહ્યુંને. એવો પ્રતિબંધ ન કરવો. વાણી જડ છે, ભાઈ! ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ પ્રભુ એનાથી તો ભિન્ન છે. આહા..હા..! એવા વિકલ્પથી ચૈતન્યભૂમિને મલિન

ન થવા દેવી. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પચ્ચીસ પ્રકારની વિકથા છે. એ ટેકચંદજીમાં છે. સુદૃષ્ટિ તરંગિણી છેને? એમાં છે. એમાં આ પુણ્યથી ધર્મ થાય છે આવી વાત કરે છે એ દર્શનભેદણી કથા છે. વ્યવહાર કરતા-કરતા શુદ્ધ થશે એવી કથાને સમકિતના નાશની કથા કહેવામાં આવે છે. એવી વિકથા છે ઈ. ટેકચંદજી છેને, સુદૃષ્ટિ તરંગિણી કરનાર. જેમ ટોડરમલજી છે તેમ. પણ ટોડરમલની બીજી વાત છે. ટેકચંદજીમાં તો થોડી ગડબડી પણ છે, ગડબડી. એવા લખાણમાં ગડબડ બહુ છે. બધું જોયું છેને. બધું જોયું છે. એમાં પચ્ચીસ કથામાં એવી એક વાત લીધી છે દંસણ ભેદણી. જે વાત કથામાં રાગથી, વિકલ્પથી, પુણ્યથી, પરનો સંબંધ કરવાથી ધર્મ થાય છે એવી કથા સમકિત ધર્મનો નાશ કરવાની કથા છે. આહા..હા..!

ભગવાન આત્મા નિર્લેપ આનંદકંદ પ્રભુ છેને આત્મા. શુદ્ધ આનંદની ખાણ આત્મા છે. આત્મા! એવી ધર્મકથામાં, આનંદ પ્રગટ કરો આનંદ એવો ધર્મકથાનો વિકલ્પ પણ ચૈતન્યભૂમિને મલિન કરે છે. આહા..હા..! જુઓ, વીતરાગ ધર્મ! સમજાણું કાંઈ? સોગાનીમાં બહુ આવે છે એટલે લોકો ભડકે છે. વાંચન કરવું, સાંભળવું, સંભળાવવું એ બધું બંધનું કારણ છે. એય..! દેવાનુપ્રિયા! ક્યા સોગાની? નિહાલચંદ્રજી. એ તો જાણે છેને. એણે લખ્યું છે. સોગાની. વાંચન કરવું, વાંચન સાંભળવું, શ્રવણ કરવું... સમજાણું? તે બધું. તત્ત્વચર્ચામાં રહેવું તે બધું રાગ બંધનું કારણ છે. આહા..હા..! લોકોને આકરું પડે. એણે સાંભળ્યું નથી. વિકલ્પ તે રાગ છે. એનાથી (ભિન્ન) નિર્વિકલ્પ ચૈતન્ય વસ્તુ છે. ભગવાન આત્મા નિર્વિકલ્પ રાગરહિત ચીજ છે. એવી ચીજની દૃષ્ટિ અને અનુભવમાં જે રાગ આવ્યો તેને પ્રતિબંધ છે, (ચૈતન્ય) ભૂમિ મેલી થાય છે. સમજાણું કાંઈ? આ દુનિયાની વિકથા કરવા બેસે અને સાધુ થઈને દુનિયાને એમ કહે આમ પૈસા ખર્ચો, આમ કરો, આમ આમ કરો—એ તો મહાપાપના બંધનું કારણ છે. સમજાણું કાંઈ? જાત્રા કાઢો, દશ લાખ રૂપિયા ખરચો. જાવ, ધર્મનું અંગ છે, ધર્મ થશે. મૂઢ છે. ઈ શુભભાવ છે, જાત્રાનો ભાવ શુભભાવ છે. પુણ્યબંધનું કારણ છે. એમાં ધર્મ માનવો, મનાવવો એ બધું ભ્રમણા મિથ્યાત્વનું કારણ છે. એવી વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**શુદ્ધાત્મદ્રવ્યથી વિરુદ્ધ જે કથા,...**' એમ લીધું છે. આહા..હા..! ભગવાન આત્મા નિર્મળાનંદ પ્રભુ એ તો વીતરાગમૂર્તિ ચૈતન્ય નિર્વિકલ્પ શાંત સમાધિ આનંદકંદ આત્મા છે. એનાથી (વિરુદ્ધ) જે વિકલ્પ ઊઠે છે રાગ એ તો આત્મદ્રવ્યથી વિરુદ્ધ છે. કહો, '**પ્રતિબંધ નિષેધવાયોગ્ય-તજવાયોગ્ય છે...**' સાધુ થઈને પાઠશાળા બનાવવી, પાઠશાળાની સંભાળ રાખવી, એના માટે પૈસા ભેગા કરવા, બીજાને ઉપદેશ દેવો કે પૈસા દો. એ માર્ગ સાધુનો નહિ, ભાઈ! સમજાણું કાંઈ? એય..! ભગવાનજીભાઈ! આવું સાંભળ્યું પણ નહિ હોય ન્યાં

ક્યાંય નાઈરોબીમાં. આહા..હા..! વસ્તુનો સ્વભાવ એવો (છે). ભગવાન પરમેશ્વર કેવળજ્ઞાની ત્રિલોકનાથ જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ, ત્રણ લોક જણાણા છે, એવી શક્તિનો વિકાસ સર્વજ્ઞપદે થયો છે એ ભગવાન આ રીતે સાધુપદનું વર્ણન કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'એટલે કે તેમના વિકલ્પોથી પણ...'** જુઓ, **'ચિત્તભૂમિ...'** જ્ઞાનભૂમિ **'ચિત્રિત થવા દેવી યોગ્ય નથી.'** આહા..હા..!

**'ભાવાર્થ :- આગમવિરુદ્ધ...'** શાસ્ત્રની આજ્ઞાવિરુદ્ધ **'આહારવિહારાદિ તો મુનિએ પ્રથમ જ છોડ્યા છે.'** એની તો વાત દૂર રહો. આવી ગયું પહેલું. દૂર રહો એટલે કે એ વાતનું શું કામ છે? એમ. મુનિ થઈને એને માટે બનેલો આહાર લેવો કે જોયા વગર વિહાર કરવો એ તો પહેલેથી જ છોડી દીધું છે. એ તો એને હોતું નથી. કોઈ કહે, પણ આવી ચીજનું અમારે શું કામ છે? અરે..! પણ તારે સમ્યગ્દર્શન કરવું છે કે નહિ? તો સાધુપદ કેવું છે એની પ્રતીત વિના તને સમ્યગ્દર્શન થશે નહિ. દેવ, ગુરુ અને શાસ્ત્ર શું છે એની સાચી શ્રદ્ધા વિના સમ્યગ્દર્શન કદી નહિ થાય. મોક્ષમાર્ગમાં આવ્યુંને કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા વિના તો થશે નહિ. એવું લખ્યું છે. સમજાણું કાંઈ? તત્ત્વવિચારથી જ થશે, પણ એમાં પહેલા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા વિના તો થશે જ નહિ. મોક્ષમાર્ગપ્રકાશકમાં છે. સાચા સર્વજ્ઞ પરમાત્મા કોણ છે? સાચા સંતની દશા કેવી છે? અને શાસ્ત્રનું અનેકાંત સ્વરૂપ કેવો ધર્મ કહેવો છે? એની યથાર્થ પ્રતીતિ વિના સમ્યગ્દર્શન અનુભવ થતો નથી. છે તો વિકલ્પ પણ એ આવ્યા વિના રહેતો નથી. સમજાણું કાંઈ? ભારે માર્ગ! આવી નવરાશ કોને હોય? કોણ સાંભળે અને કોણ દે? એ.. હો.. હા.. હો.. હા.. મલૂકચંદભાઈ! કેટલાક તો આ સાંભળવા પણ નવરા ક્યાં થાય છે? સાંભળવા નવરા નથી લ્યો! મેં કીધું, સાંભળો તો ખરા. અમારે ભૂપેન્દ્ર છેને. પૈસા... પૈસા... પૈસા... આખો દિ'. આવા પાક્યા તમે? એમ કહ્યું હતું. આવા! સાંભળવાની પણ નવરાશ ન મળે. ધર્મ તો વળી એક કોર પછી રહ્યો. સાંભળો, ગામમાં આવ્યા તોપણ સાંભળવા ન આવે, સોનગઢ તો ક્યાંથી આવે? આહા..હા..! ધૂળ, ધૂળ ને ધૂળ આખો દિ'. રાજા થઈ શકીએ, વાતું કરે મોટી-મોટી પાછી. રાજા થાવું છે હજી એને. મરીને નરકે જાવું છે. જગતના પ્યાલા .. છેને. ફાટી જાય પ્યાલા અંદરથી. આહા..હા..!

અહીં તો કહે છે, ભગવાન આત્મા પરમેશ્વર જે આત્મા કહે છે એનો અંતર અનુભવ ભાન થયું એ ઉપરાંત સ્વરૂપની દશામાં રમણતા, વીતરાગતા હોય, એમાં પણ એવી વિકથાથી વીતરાગતાને મેલ લગાવવો નહિ. આહા..હા..! જેને મુક્તિ જોઈતી હોય, શાંતિ લેવી હોય એની વાત છે. ચાર ગતિમાં દુઃખી થઈને રખડે છે. એકલા હાય.. હાય.. કરીને મરી જાય. ધૂળ એની પાસે પૈસા હોય. કેન્સર થયું હતું કોઈ કહે ગળામાં, કોઈ કહે કે અહીં થયું હતું. અરેરે! સૂતો હોય. જાઓ ચોર્યાસીના અવતારમાં રખડવા. ડૉક્ટર પણ શું કરે? આ દવા લીધા વિના તારા જન્મ-મરણ મટે એવા નથી. સમજાય છે કાંઈ? પહેલી સમજણ તો કરે.

સાચી સમજણ તો કરે. પછી એની દૃષ્ટિ થાય અને પછી સ્વરૂપમાં રમણતા કરે ત્યારે ચારિત્ર થાય અને ત્યારે મુક્તિ થશે, એ વિના મુક્તિ નામ મોક્ષ થશે નહિ. સમજાણું કાંઈ?

'**હવે સંયમના નિમિત્તપણાની બુદ્ધિએ...**' સંયમનું નિમિત્ત સહકારી કહ્યું હતુંને? નિમિત્ત શબ્દ વાપર્યો. '**મુનિને જે આગમોક્ત આહાર, અનશન, ગુફા વગેરેમાં નિવાસ, વિહાર, દેહમાત્ર પરિગ્રહ, અન્ય મુનિઓનો પરિચય અને ધાર્મિક ચર્ચાવાર્તા વર્તે છે,...**' ધાર્મિક હોં. '**તેમના પ્રત્યે પણ રાગાદિ કરવાયોગ્ય નથી—**' આહા..હા..! તીવ્ર રાગ ન કરવો. ... રાગ તો છે જ નહિ. મંદ રાગ છે એ બંધનું કારણ. આ તીવ્ર રાગ ન કરવો. '**તેમના વિકલ્પોથી પણ મનને રંગાવા દેવું યોગ્ય નથી;...**' આહા..હા..! જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા પ્રજ્ઞાબ્રહ્મ પ્રભુ એમાં એવા વિકલ્પથી મલિન થવા દેવું નહિ.

'**એ રીતે આગમોક્ત આહારવિહારાદિમાં પણ...**' એમ. આજ્ઞા પ્રમાણે આહાર-વિહાર હોય તોપણ '**પ્રતિબંધ પામવો યોગ્ય નથી...**' ઓહો..હો..! સમજાણું કાંઈ? નિશ્ચય સ્થિરતા સહિત ક્યા પ્રકારનો વિકલ્પ હોય એવી વાત અલૌકિક સંધિ કરીને બતાવે છે. અરેરે! આવું મનુષ્યપણું ચાલ્યું જશે... ચાલ્યું જશે. ચાલ્યા ગયા મરી ગયા કેટલાય. આહા..હા..! જુઓને દરરોજ સાંભળીએ છીએ. ફલાણો મરી ગયો, ઓલો કહે આ મરી ગયો, આ મરી ગયો. મરે કોણ? દેહ પલટીને બીજે જાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તમને કેમ લાગે છે?

મુમુક્ષુ :- મરવું જ નથી એમ માને છે.

ઉત્તર :- મરવું માને તો તો થઈ રહ્યુંને. એ કહ્યું નહોતું? એક માણસને કહ્યું હતુંને. જોરાવર નહિ? .. જોરાવર ગામે. મહારાજ! આ મૃત્યુ તો છે. મરણ છે તો દેહ છૂટશે. તો આ હરખ કેમ કરે છે? દાંત કેમ કાઢે છે માણસ? મોઢે હરખ કેમ આવે? એમ કહેતો હતો ભાઈ! એવું પૂછતા હતા. આપણે આવ્યું હતું હમણા નહિ? છાપામાં આવ્યું હતું. સુબોધ... એમાં આવ્યું હતું. વૈરાગ્યની વાત બહુ હતી એમાં.

અરે! નાના નાના બાળકો, ૧૦-૧૦, ૧૫-૨૦-૨૦ વર્ષના મૂરઝાઈ જાય છે, દેહ છોડે છે. અરે! વૃદ્ધાવસ્થાવાનને આ કેમ ઉલ્લાસ આવે છે? હોંશ કેમ આવે છે? લ્યો એમ આવ્યું. સમજાણું? ૬૦-૬૦, ૫૦-૫૫-૭૦ વર્ષ થયા તેને હોંશ કેમ આવે છે? હરખ કેમ આવે છે? આમ નજરે જોવે છે. ૪૦-૪૦ વર્ષ, ૩૦-૩૦ વર્ષ, ૨૦-૨૦ વર્ષના માણસ મૂરઝાઈ જાય છે. મૂરઝાઈ એટલે મરી જાય છે આમ. તો જેની ઉંમર વૃદ્ધાવસ્થા થઈ તો તેને હરખ કેમ આવે છે? હરખ કેમ આવે છે? આહા..હા..! દેહ છોડવાનો કાળ તો બધાને આવશે. સમજાણું કાંઈ? આહા..હા..! દીકરા-દીકરી ને એના પૈસા અને મકાન એં... એં.. પડ્યા રહેશે. ૩-૩, ૪-૪ દિ' તો ઓલું શું કહેવાય? ઓક્સિજન (ચડાવે). આ દશા. એય..! ભગવાનજીભાઈ!

પૈસા-બૈસા પડ્યા રહેશે ત્યાં. અસાધ્ય (થઈ જાય). આ ભગવાનને આ દશા હોય? આહા..હા..!

ધર્માત્માને તો આનંદ દશામાં ઝૂલતા-ઝૂલતા દેહ છૂટી જશે. જેણે પહેલા આત્મા પરથી ભિન્ન અનુભવ કર્યો છે અને જેણે ચારિત્ર અંગીકાર વીતરાગભાવ કર્યો છે ઓહો..હો..! એની વાત તો શું કરવી! દેહ છૂટવા કાળે આનંદ... આનંદ... આનંદ... સમજાણું કાંઈ? 'દુનિયાને મરણતણી બીક છે, ધર્મીને આનંદની લહેર જો.' ભગવાન આત્મા પરથી ભિન્ન કરીને જોયો છે, જાણ્યો છે, અનુભવ્યો છે. જાવ. ભવ કેવો? સમજાણું કાંઈ? દોલતરામમાં કહ્યું છે. ભાઈ! આનંદઘનજીમાં પણ એ શબ્દ છે.

અબ હમ અમર ભયે ન મરેંગે. અબ હમ અમર ભયે ન મરેંગે,
યા કારણ મિથ્યાત્વ દિયો ત્યજ, ક્યોં કર દેહ ધરેંગે?

રાગાદિ, પુણ્યાદિ પરવસ્તુ મારી એવો મિથ્યાત્વભાવ જેણે છોડી દીધો છે અને ચિદાનંદ સ્વરૂપનો આશ્રય કરીને સમ્યક્ પ્રગટ કર્યું છે.

અબ હમ અમર ભયે ન મરેંગે, યા કારણ મિથ્યાત્વ દિયો ત્યજ,
ક્યોં કર દેહ ધરેંગે, અબ હમ અમર ભયે ન મરેંગે.

આહા..હા..! સમજાણું કાંઈ? અને ઓક્સિજનમાં રાખે ને આમ થયું ને તેમ થયું. ધૂળ થયું. ક્યારે મરશે? વાટ જોવે. ઉજાગરા થાય. ઘરના માણસ ભેગા બૈરા ઉભા હોય. બે માણસ ઉભા રહેજો હોં. ક્યારે મરશે આપણે બહાર શું કહેવું? ક્યારે મર્યા? બરાબર ખબર નથી. બાર, સવા બારે એક ઝોલું આવી ગયું હતું. હાય..હાય..! ધ્યાન ન રાખ્યું? સમજાણું? આ ગામમાં એમ કહે છે. મરતા વખતે ખ્યાલ ન રહ્યો ક્યારે મરી ગયા. પાછળથી એમ કહે વળી ક્યારે મરી ગયા? ખબર નથી. રાતે એકવાર પેશાબ કરવા ઉઠ્યા હતા. બોલાવ્યા હતા. પછીની ખબર નથી. એય..! આ મરેને, મરતા-મરતા વાર લાગેને ત્યારે બહુ ધ્યાન રાખે. એક-બે માણસ ધ્યાન રાખે. એમ કરતા બે માણસ બેઠું હોય અને ઝોલું આવી ગયું હોય તો ક્યારે દેહ છૂટી ગયો.. આમ જોવે તો કાંઈ ન મળે. આહા..હા..! આ ગલુડિયા અને અળસિયા જેવા મરણ છે. ગલુડિયા સમજો છો? કૂતરાના બચ્ચા, કૂતરીના બચ્ચા. શું કહે છે? પિલ્લા. એમ મરે છે પામર પ્રાણી બિચારા. આહા..હા..! પછી દશ કરોડ પૈસા પડ્યા હોય અને શરીર રૂપાળા સાંઢા જેવું હોય. મૂકીને જાવ. આહા..હા..! ભાઈ! તારી ચીજ પરથી ભિન્ન છે એનું ભાન કર્યા વિના તારું મરણ બગડ્યા વિના રહેશે નહિ. આહા..હા..! જુઓ તો ખરા! આવી ચીજ! અને એમાં સંયમ-ચારિત્ર જ્યાં અંતર આવ્યું, કહે છે કે આહા..હા..! ધન્ય મરણ! ધન્ય જીવન! જીવન પણ ધન્ય અને મૃત્યુ પણ ધન્ય. આહા..હા..!

કહે છે કે એમાં '**સંયમમાં છેદ થાય છે.**' સમજાણું કાંઈ? એમ થવા દેવું નહિ. '**વિકલ્પોથી પણ મનને રંગાવા દેવું યોગ્ય નથી; એ રીતે આગમોક્ત આહારવિહારાદિમાં પણ પ્રતિબંધ પામવો યોગ્ય નથી કારણ કે તેનાથી સંયમમાં છેદ થાય છે.**' લ્યો! એમાં

ચારિત્રમાં ભંગ પડે છે. સારી ભીંત હોય અને ડગરા નીકળી જાય. એમ સંયમ ચારિત્રમાં પરદ્રવ્યમાં પ્રતિબંધ થવાથી ખંડ થાય છે. એમ થવા દેવું નહિ. એમ સમજીને...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૧૨, શુક્રવાર, તા. ૨૭.૦૬.૧૯૬૯**
**ગાથા-૨૧૬-૨૧૭, પ્રવચન-૧૯૪**

પ્રવચનસાર, ૨૧૬ ગાથા છે. ચરણાનુયોગસૂચક ચૂલિકા. છેદ—મુનિને દોષ લાગે છે તેને અહીંયાં છેદ કહે છે. સવારે તો સમ્યગ્દર્શનની ગાથા અધિકાર હતો. પોતાનું સ્વરૂપ આનંદ અને જ્ઞાનસ્વરૂપ આત્મા છે એનો અંતરમાં આનંદનો અનુભવ થઈને અંતર સ્વભાવમાં પ્રતીતિ, શ્રદ્ધા કરવી તેનું નામ સમ્યગ્દર્શન, ધર્મની પહેલી સીઢી (છે). સમજાણું કાંઈ? જેને આત્માનું હિત કરવું છે એને તો આત્મા અંદર રાગ-પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન ચિદાનંદ, સહજાનંદ મૂર્તિ આત્મા છે (એની પ્રતીતિ કરવી). ૨૧૬. ૨૧૫ થઈ ગઈ. ૨૧૫ કાલે થઈ ગઈ.

પછી, આત્માનો અનુભવ સમ્યગ્દર્શન થયું પછી ચારિત્ર થાય છે. સ્વરૂપમાં આનંદની ઉગ્રતા, વીતરાગ અકષાયભાવ એટલો ઉગ્ર થાય છે કે જેની દશામાં પૂર્ણ આનંદની પ્રાપ્તિની ઉગ્ર દશાનો પ્રયત્ન ચાલે છે. સમજાણું કાંઈ? અને તેને શાસ્ત્ર નિહિત અઠ્યાવીશ મૂળગુણ જે વિકલ્પ છે એ તેને હોય છે, બાહ્યમાં નગ્નદશા થઈ જાય છે મુનિને. સમજાણું કાંઈ? કોઈ કહે કે ભાઈ અમારે આનું શું કામ છે? પણ તારે હિત કરવું છે કે નહિ? આત્માનું હિત કરવું છે તો હિત કેમ થાય એને સમજવું પડશે કે નહિ? સમજાણું કાંઈ? ચાર ગતિમાં દુઃખી છે. કીડી, મકોડા, ઢોર, પંખી એવા અવતાર કરીને દુઃખી પ્રાણી છે. પોતાના સ્વરૂપના ભાન વિના એવા અનંત અવતાર કર્યા, ભ્રમણા મિથ્યાત્વને કારણે. સમજાણું કાંઈ?

તો કહે છે કે જેને જન્મ-મરણ ચોર્યાસીના અવતાર ટાળવા હોય, એ પણ પોતામાં છે નહિ, પણ ટાળવા છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. ભગવાન આત્મા શુદ્ધ આનંદમૂર્તિ અતીન્દ્રિય આનંદ રસકંદ આત્મા છે એવો અંતર અનુભવ કરીને આનંદનું વેદન અંતરમાં આવવું તે ધર્મની પહેલી સીઢી અને પહેલો માર્ગ છે. સમજાણું કાંઈ? પશુને પણ આ આત્મદર્શન થાય છે, પણ આ રીતે હોય તો. સમજાણું કાંઈ? આત્મજ્ઞાન કહો, આત્મદર્શન કહો, સ્વરૂપનો અનુભવ કહો, સ્વરૂપના અનુભવમાં પ્રતીતિ કહો. એવો ભગવાન આત્મા એનો અંતર વિશ્વાસ

થઈ ગયો કે હું તો પૂર્ણ આનંદ અને જ્ઞાનનો પૂંજ છું. શરીર મારું નથી, વાણી મારી નથી, પુણ્ય-પાપનો રાગ એ પણ મારો નહિ, એક સમયની અવસ્થા જેટલો હું નહિ. આહા..હા..! વર્તમાન પ્રગટ એક સમયની અવસ્થા ચાલે છે એટલો પણ નહિ. હું તો પરિપૂર્ણ કૃત-કૃત્ય આનંદઘન છું. આહા..હા..! એમ અંતરમાં સ્વભાવની એકતા થઈને અને રાગમાં દયા, દાનના વિકલ્પથી પૃથક્ થઈને પોતાનો અનુભવ કરવો તેનું નામ ધર્મનો પહેલો પાયો છે.

પછી હવે ચારિત્રની વાત અહીંયાં ચાલે છે. એ ચારિત્રની વ્યાખ્યા—કે આત્મા જે આનંદસ્વરૂપ છે એવો અનુભવ હતો તે આનંદમાં બહુ લીન રહેવું, ચરવું, રમવું, જમવું, અતીન્દ્રિય આનંદનો અનુભવ વિશેષ કરવો તેનું નામ ચારિત્ર છે. સમજાણું કાંઈ? અને એ ચારિત્રની ભૂમિકામાં મુનિને બાહ્ય નગ્નદશા હોય છે, બાહ્યાંતરમાં એકવાર આહાર લેવો, સામાયિક, ચોવિસંથો, પ્રતિક્રમણ વગેરે, અઠ્યાવીશ મૂળગુણ, ભૂમિશયન, એકવાર આહાર એવો અઠ્યાવીશ પ્રકારનો વિકલ્પ નામ શુભરાગ થાય છે. સમજાણું કાંઈ? એનું નામ મુનિપણાની સંપૂર્ણતા કહેવામાં આવે છે. ભારે! ઈ કહે છે હવે. ૨૧૬.

**अपयत्ता वा चरिया सयणासणठाणचंकमादीसु।**
**समणस्स सव्वकाले हिंसा सा संतत्तिय त्ति मदा।।२१६।।**
**આસનશયનગમનાદિકે ચર્યા પ્રયત્નવિહીન જે,**
**તે જાણવી હિંસા સદા સંતાનવાહિની શ્રમણને. ૨૧૬.**

'ટીકા :- **અશુદ્ધોપયોગ ખરેખર છેદ છે...**' અશુદ્ધોપયોગની વ્યાખ્યા શું? પોતાનું સ્વરૂપ આનંદ અને શુદ્ધ છે એવો અનુભવ ઉપરાંત સ્વરૂપની શુદ્ધ પરિણતિ ચારિત્રની છે અને એમાં અઠ્યાવીશ મૂળગુણનો ભાવ છે તે સ્થિતિને શુદ્ધોપયોગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અહીંયાં ચરણાનુયોગની અપેક્ષાએ વાત છે. એમાં જો અશુદ્ધોપયોગ હોય, અઠ્યાવીશ મૂળગુણમાં કાંઈપણ છેદ-ખંડ થાય તો તે અશુદ્ધોપયોગ તે હિંસા છે, તે મુનિપણામાં છેદ-દંડ આવે છે. મુનિપણું ખંડિત થાય છે. આહા..હા..! એ દશા પ્રગટ કરવી પડશે. સમજાણું કાંઈ? પહેલા સમ્યગ્દર્શન થયા પછી આવી ચારિત્રની દશા વિના આત્માની કદી જન્મ-મરણ રહિત મુક્તિ થશે નહિ.

તો કહે છે કે '**અશુદ્ધોપયોગ ખરેખર છેદ છે...**' અશુદ્ધોપયોગની વ્યાખ્યા નીચે આવશે. '**કારણ કે શુદ્ધોપયોગરૂપ શ્રામણ્યનું છેદન (છેદાવું) થાય છે;...**' શુદ્ધોપયોગનો અર્થ? શુદ્ધોપયોગની વ્યાખ્યા કરી. શું કરી? શ્રમણ એટલે શું? એમ ન ચાલે. શુદ્ધોપયોગની એવી વ્યાખ્યા કરી કે આત્મા આનંદસ્વરૂપ અતીન્દ્રિય આનંદકંદ એના ભાનપૂર્વક આનંદ સ્વરૂપમાં રમવું, એની જે છઠ્ઠા ગુણસ્થાનને મુનિને યોગ્ય જે આનંદ અને રમણતા છે તે ચારિત્ર. અને એ ભૂમિકામાં એકવાર આહાર, ઉભા-ઉભા આહાર, એના માટે બનાવેલો આહાર લે નહિ, જોઈને ચાલવું, વિચારીને બોલવું એવા અઠ્યાવીશ પ્રકારના જે શુભ વિકલ્પો છે, શુભ

યોગ, એ શુભ યોગ અને ચારિત્રસહિત સામાન્ય તેને શુદ્ધોપયોગ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- નિશ્ચયથી.. ચારિત્ર છે.

ઉત્તર :- નિશ્ચયથી તો વ્યવહાર એ ભૂમિકાને શુદ્ધોપયોગ કહે છે. અહીંયાં હોં. ચરણાનુયોગની કથની છેને. આહા..હા..! ભારે ભાઈ! સમજાણું કાંઈ?

'**અશુદ્ધોપયોગ ખરેખર છેદ છે કારણ કે શુદ્ધોપયોગરૂપ શ્રામણ્યનું છેદન** (છેદાવું) **થાય છે; અને તે જ** (-**અશુદ્ધોપયોગ જ**) **હિંસા છે...**' ઈ કહે છે હવે જુઓ. '**કારણ કે શુદ્ધોપયોગરૂપ શ્રામણ્યનું હિંસન** (હણાવું) **થાય છે.**' શુદ્ધોપયોગરૂપ સાધુપદ છે, ચારિત્રપદ છે, અઠ્યાવીશ મૂળગુણનો શુભયોગ છે એનાથી વિપરીત તીવ્ર પ્રમાદ આદિ ભાવ થયો તો એમાં શ્રામણ્યપણાનો છેદ થાય છે. સાધુપદ રહેતું નથી. આહા..હા..! જુઓ એ દશા! સમજાણું કાંઈ? કેમ કે '**એવી શયન...**' સૂવું રાત્રે. એમાં અસાવધાની થઈ જાય, અઠ્યાવીશ મૂળગુણ ઉપરાંત અસાવધાની થઈ જાય. સમજાણું કાંઈ? શયનમાં વિશેષ આસન ફરી જાય એક આસન છોડીને. આહા..હા..! જુઓ તો ખરા મુનિની દશા! લોકોને ખબર નથી શું મુનિપણું છે. મુક્તિ, શાંતિ, આનંદનું કારણ પૂર્ણાનંદરૂપી પ્રાપ્તિ એવી જે મુક્તિ. આત્મા પૂર્ણાનંદની પ્રાપ્તિ એવી જે મુક્તિ એનું કારણ આ ચારિત્ર આવી વસ્તુ છે. સમજાણું કાંઈ? ક્ષાયિક સમ્યગ્દર્શન છે, સમ્યગ્જ્ઞાન છે, ચારિત્ર પણ વીતરાગપર્યાય છે અને અઠ્યાવીશ મૂળગુણનો રાગ પણ છે, એ ઉપરાંત શયનમાં આગળ વધીને રાગની ઉત્પત્તિ જો વિશેષ થઈ જાય તો અશુદ્ધ ઉપયોગ તેને કહે છે. તેમાં તેને ચારિત્રનો છેદ થાય છે અને હિંસા થાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બેયમાં છેદ થાય છે. સમજાણું કાંઈ? તીવ્ર રાગ આવ્યો શયનમાં. શયન છેને? '**આસનમાં...**' બેસવામાં અને '**સ્થાન...**' એટલે ઉભા રહેવામાં '**ગમન...**' ચાલવામાં. '**વગેરેમાં અપ્રયત ચર્યા...**' જુઓ, અપ્રયત. નીચે છે. '**પ્રયત્નરહિત; અસાવધાન; બેદરકાર; અસંયમી; નિરંકુશ; સ્વચ્છંદી. (અપ્રયત ચર્યા અશુદ્ધોપયોગ વિના કદી હોતી નથી.)**' ખાવા-પીવામાં વિશેષ રાગ થઈ જાય અઠ્યાવીશ મૂળગુણ ઉપરાંત, કષાયની મંદતાનો શુભયોગ અને અહીંયાં શુદ્ધ પરિણતિ વીતરાગ આત્માની, એનાથી વિશેષ રાગ થઈ જાય (તો સંયમમાં છેદ થાય છે). એવી વાત છે. જરી સૂક્ષ્મ વાત છે, ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માએ કહેલું મુનિપણું એવું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઉદય આવી ગયો.

ઉત્તર :- ઉદય આવી ગયો તો રાગનો તીવ્ર વિકાર થયો. ઉદય ઉદયની પાસે, એ અહીં નહિ. આ બાજુથી લેવું. પોતામાં રાગની, પ્રયત્નમાં રાગની તીવ્રતા થઈ જાય. જે શુભયોગનો પ્રયત્ન છે અને શુદ્ધોપયોગનો પણ પ્રયત્ન છે, શુદ્ધ પરિણતિનો પ્રયત્ન છે અને

શુભયોગનો, એ ઉપરાંત રાગની તીવ્રતા થઈ જાય, એની મર્યાદા ઉપરાંત રાગ થઈ જાય. એ કહે છે જુઓ. શું કહે છે?

**'શ્રામણ્યનું છેદન (છેદાવું) થાય છે;...'** સાધુપણાનો છેદ થાય છે. આહા..હા..! દશા તો જુઓ. લોકો સાધારણ જ્યાં-ત્યાં મુનિપણું માને છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ પરમાત્મા જેણે એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક પ્રત્યક્ષ જોયા એવા ભગવાનને ઈચ્છા વિના વાણી નીકળી એ વાણીમાં આમ આવ્યું છે. સમજાણું કાંઈ? કલ્પનાથી આમ છે ને તેમ છે-એમ નથી. આમ જ છે. ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ? શું કહે છે? આ શાંતિથી સમજવાની ચીજ છે. અશુદ્ધ ઉપયોગ તે હિંસા છે અને એ જ છેદ છે. શ્રામણ્યનું છેદાવું થાય છે. **'માટે શ્રમણને જે અશુદ્ધોપયોગ વિના હોતી નથી એવી શયન-આસન-સ્થાન-ગમન** વગેરે **અપ્રયત ચર્યા (આચરણ) તે ખરેખર તેને બધાય કાળે (-સદાય) સંતાનવાહિની હિંસા જ છે—'** નિરંતર રાગની તીવ્રતા ત્યાં એ ભૂમિકાથી વિરુદ્ધ થઈ ગઈ તો નિરંતર હિંસા જ એમાં છે. આત્માની શાંતિ અને રાગની મંદતા છે એમાં તીવ્રતા થઈ એ આત્મામાં હિંસા છે. પરની હિંસા કરો ન કરો એની સાથે સંબંધ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- છઠ્ઠા ગુણસ્થાનમાં આવ્યો ત્યાં હિંસા કહેવાશે.

ઉત્તર :- છઠ્ઠુ ગુણસ્થાન આવ્યું એ પણ નહિ. એ નહિ. સાંભળ્યું નહિ? બીજી રીત છે આ. છઠ્ઠા ગુણસ્થાનમાં છે એ તો મુનિપણું યથાર્થ છે. એને વીતરાગ ચારિત્ર છે અને અઠ્યાવીશ મૂળગુણ છે એમાં તો શુદ્ધોપયોગ ગણવામાં આવ્યો છે. આનંદ છે એનો અનુભવ છે એ ઉપરાંત વીતરાગ ચારિત્ર છે. એ ઉપરાંત છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ છે રાગ. એ બધાને શુદ્ધોપયોગ કહેવામાં આવ્યો છે.

મુમુક્ષુ :- એ વાત અહીંયા નથી લેવાની.

ઉત્તર :- નહિ એ વાત નથી લેવી. ભાઈ એ માટે તો.

મુમુક્ષુ :- છઠ્ઠા ગુણસ્થાનની તીવ્રતા છે.

ઉત્તર :- તીવ્રતા. એ સંજ્વલનનો તો ઠીક, પોતામાં રાગની તીવ્રતા (થવી). શયન-આસન-ખાવું-પીવામાં વિશેષ રાગ થઈ જાય તો સાધુપણાનો છેદ થઈ જશે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... એ તો ઠીક, ... એ ઉપરાંત તીવ્ર રાગ થઈ જાય. ખાવા-પીવામાં જરી ગૃદ્ધિ આવી જાય, આમ થઈ જાય, સમજાણું? બોલવામાં, ચાલવામાં, સૂવામાં. ઈર્યાસમિતિ તો બરાબર છે. શુભરાગની ઈર્યાસમિતિ તો બરાબર છે. એ ઉપરાંત તીવ્ર રાગ થઈ જાય એની વાત છે. ઈર્યાસમિતિ બરાબર છે. નહિતર તો.. એ ઉપરાંત વિશેષ તીવ્ર રાગાદિ આવી જાય (અને) ઈર્યાસમિતિનું ભાન રહે નહિ, શુદ્ધનું ભાન રહે નહિ (તો એમાં) છેદ થઈ

જાય છે. સમજાણું કાંઈ? આનો અર્થ કર્યો હતોને ૨૧૧માં? ૨૧૧ ગાથા. ઈ આપણે ... વંચાણું નથી. ૩૨૧ પાને છે. ઈર્યાસમિતિ છે. નીચે છે. ૨૧૧-૨૧૨ની નીચે. ૨૧૧-૨૧૨ ગાથાની નીચે છે. ૨૧૧-૨૧૨ નીચે છે. આ કઈ છે? ૨૧૩. જુઓ.

**'મુનિને (મુનિત્વોચિત) શુદ્ધોપયોગ તે અંતરંગ અથવા નિશ્ચય પ્રયત્ન છે...'** નિશ્ચય. પોતાના શુદ્ધ ચારિત્ર વીતરાગ પર્યાયમાં પણ નિશ્ચય પ્રયત્ન છે અને શુભરાગમાં પણ પ્રયત્ન છે. અને તે **'શુદ્ધોપયોગદશામાં વર્તતો જે (હઠ વગરનો) દેહચેષ્ટાદિકસંબંધી શુભોપયોગ તે બહિરંગ અથવા વ્યવહાર પ્રયત્ન છે.'** શુભરાગ છેને? એ હઠ વિના હોં! સહજ શુભ આવે છે હઠ વિના. **'(શુદ્ધોપયોગદશા ન હોય ત્યાં શુભોપયોગ હઠ સહિત હોય છે;...'** જ્યાં પોતાના શુદ્ધ સ્વભાવનું ભાન નથી અને જ્યાં પોતાનો અનુભવ નથી, ત્યાં શુભરાગ જે આવે છે તો હઠસહિત હોય છે. **'તે શુભોપયોગ વ્યવહાર-પ્રયત્નપણાને પણ પામતો નથી.)'** તેને તો વ્યવહારપ્રયત્ન પણ કહેવામાં આવતો નથી. ઝીણી વાત છે. આ ચરણાનુયોગની વિધિ સર્વજ્ઞ પરમેશ્વરે કહી એવી કુંદકુંદાચાર્ય સંધિ મેળવે છે. એવી વાત વીતરાગ સર્વજ્ઞ સિવાય ક્યાંય હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

અહીંયા તો કહે છે કે પોતાનો શુદ્ધ ભગવાન આત્મા ચૈતન્યનો નિશ્ચય પ્રયત્ન, તે પૂર્વક શુભભાવ હોય તો તો બરાબર યથાર્થ છે, પણ પોતાના શુદ્ધ ચૈતન્યનો આનંદનો અનુભવ નથી અને એકલો શુભ છે એ તો હઠસહિત શુભ છે. તેને તો વ્યવહાર પ્રયત્ન પણ કહેવામાં આવતો નથી. ઝીણી વાત છે, રમણીકભાઈ! ઝીણી વાત બહુ ભાઈ! આ તો માર્ગ એવો છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છેદ થાય છે. નહિ... નહિ... નહિ... છેદ જ થાય છે. એની વિરુદ્ધનો રાગ આવે તો તો ખલાસ થઈ જાય. શાંતિનો વિચ્છેદ થાય અને શુભરાગ એને યોગ્ય હોય એનો પણ છેદ થાય છે. ઝીણી વાત છે, ભાઈ! આહા..હા..!

આનંદસ્વરૂપ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની ધારાએ આત્મા ચાલે છે અંતરમાં અને એમાં વીતરાગતા, ચારિત્રદશા આદિ ત્રણ કષાયના અભાવરૂપ ચારિત્ર છે અને એમાં શુભયોગ પણ વ્યવહાર પ્રયત્ન છે. એ ઉપરાંત તીવ્ર રાગ થઈ જાય તો છેદ થઈ જાય છે, નિરંતર હિંસા થાય છે. પોતાના આત્માની હિંસા થાય છે. સંતાન નામ નિરંતર. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો સંતાનવાહિની કહ્યુંને નીચે? **'સંતત; સતત; નિરંતર; ધારાવાહિની; અતૂટક. (જ્યાં સુધી અપ્રયત ચર્યા છે ત્યાં સુધી સદાય હિંસા સતતપણે ચાલુ છે.)'** પોતાની ભૂમિકા પ્રમાણમાં વીતરાગ ચારિત્ર છે અને શુભયોગ છે. એનાથી આગળ જઈને તીવ્ર રાગ થયો તો નિરંતર આત્મામાં હિંસા ચાલુ છે. આહા..હા..! ૨૧૬ ચાલે છે. પેલું તો દૃષ્ટાંત આપ્યું હતું. સમજાણું કાંઈ? ભારે માર્ગ! આ તો હજી મૂળમાં સાંભળ્યો ન હોય. પહેલા એક સાધારણ વાત સાંભળી ન હોય એને લાગે, આ શું કહે છે? અરે

ભગવાન! બાપુ! માર્ગ તો એવી ચીજ છે. આ તો સર્વજ્ઞ પરમેશ્વરથી સિદ્ધ થયેલી છે. સમજાણું કાંઈ? પરમાત્મા એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણનારી આત્માની શક્તિ હતી તેને જેણે પ્રગટ કરી, ત્રણ કાળ, ત્રણ લોક પ્રત્યક્ષ જણાયા એની વાણી ઈચ્છા વિના નીકળી, એ વાણીમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની શું દશા છે એનું વર્ણન આવ્યું તે આ પ્રમાણે છે. આહા..હા..! કહો, સમજાય છે?

કહે છે, '**તેને બધાય કાળે (-સદાય) સંતાનવાહિની હિંસા જ છે—કે જે (હિંસા) છેદથી અનન્યભૂત છે.**' અનન્ય નામ છેદ જ છે. એમ. '**છેદથી અનન્યભૂત છે. (-છેદથી કોઈ જુદી વસ્તુ નથી).**' આહા..હા..! ભારે ભાઈ! હજી .. છેદ કોને કહેવો? મુનિપણું શું છે એની ખબર ન મળે. અહીં તો ભગવાન કુંદકુંદાચાર્ય સાક્ષાત્ ભગવાન પાસે ગયા હતા. પરમાત્મા બિરાજે છે મહાવિદેહમાં. તીર્થંકર સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાની ત્રિલોકનાથ વર્તમાનમાં મહાવિદેહમાં બિરાજે છે. પાંચસો ધનુષનો દેહ છે. કરોડ પૂર્વનું આયુષ્ય છે. એની પાસે સંવત્ ૪૯માં આઠ દિવસ ગયા હતા અને ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા છે. ભગવાન આમ કહેતા હતા, મુનિપણાની સ્થિતિ આમ કહેતા હતા, વર્ણવતા હતા તે અમે કહીએ છીએ. આ તો યથાનુભૂત કહીએ છીએ એમ કહ્યુંને પહેલા શરૂઆતમાં. સાધુપદની કેવી દશા હોય છે એ દશા યથાનુભૂત અમારા અનુભવમાં (આવી છે), અમે છીએ એવું સાધુપદ દુનિયાને કહીએ છીએ.

મુમુક્ષુ :- મોક્ષ અધિકારી અમે આ ઊભા.

ઉત્તર :- અમે ઉભા છીએ. આહા..હા..!

આત્મા આનંદપ્રભુ નિત્યાનંદ સ્વરૂપ એમાં અમારી રમણતા ચારિત્રને યોગ્ય, મુનિને યોગ્ય છે અને એમાં અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ આવો આવે છે. સમજાણું કાંઈ? અદંતધોવન, અસ્નાન, એક વાર ઉભા ઉભા આહાર વગેરે બધું. સામાયિક, ચોવિસંથો, વંદન, ગુરુને વંદન વગેરે. એવા અઠ્યાવીશ પ્રકારનો શુભરાગ અને અંદર અરાગી-વીતરાગી ચારિત્ર અને સમ્યગ્દર્શન-જ્ઞાન એ દશાને મુનિપણું કહેવામાં આવે છે. એ મુનિપણું મુક્તિનું કારણ છે. સમજાણું કાંઈ? એમાં જો કાંઈ પણ પોતાના વીતરાગ ચારિત્રથી આગળ વધીને વિશેષ રાગ થઈ જાય તો તે ચારિત્રનો છેદ છે. શુભયોગથી આગળ અશુભ થાય તો એ વ્યવહાર ચારિત્રનો છેદ થાય છે, હિંસા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ મુનિપણાની દશામાં કોઈ વસ્ત્રનો ટૂકડો લેવાનો વિકલ્પ ઉઠ્યો શરીર સાફ કરવા માટે... સમજાણું કાંઈ? તો કહે છે કે મુનિપણાનો છેદ થાય છે. સમજાણું કાંઈ? અને શરીર સાફ કરવામાં... કોઈ શરીર બગડી ગયું હોય, પાણીથી સ્નાન કરે છેને આમ નાખીને, એમાં એવો ભાવ થયો કે આ ઠીક છે. આજે ઠીક સ્નાન થયું એવો ભાવ રાગ થયો તો મુનિપણાનો છેદ થઈ જાય છે, એમ કહે છે.

મુમુક્ષુ :- ... વગેરે બધું?

ઉત્તર :- છે જ નહિ. આહા..હા..! પરમાનંદ પ્રભુ મુક્તિ એનો ઉપાય... ભાઈ! એને ખબર નથી. સમજાય છે? કુગુરુ-કુધર્મ-કુશાસ્ત્રમાં આવી વાત હોતી નથી. શું કરે? સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ જે સંતનો માર્ગ, મુનિનો માર્ગ આવો હોય છે. એમાં જરીયે... સમજાણું કાંઈ? રાગ આવે તો સર્વ કાળ હિંસા છે. આહા..હા..!

**'ભાવાર્થ :- અશુદ્ધોપયોગથી શુદ્ધોપયોગરૂપ મુનિપણું...'** અશુદ્ધોપયોગની વ્યાખ્યા- હલન-ચલન આદિમાં શુભયોગની દશાથી આગળ વધીને તીવ્ર રાગ થઈ જાય તો તેને અશુદ્ધ ઉપયોગ કહે છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! અંતર વસ્તુ.. આહા..હા..! આનંદકંદ પ્રભુ પૂર્ણાનંદનો નાથ, સચ્ચિદાનંદ પ્રભુ એનો અનુભવ થયો અને એમાં લીનતા થઈ, ચારિત્ર વીતરાગતા થઈ ત્યાં રાગની, શુભયોગની મંદતાનો યોગ છે એટલું છે બસ. એ સિવાય કંઈપણ તીવ્ર રાગ થયો તો હિંસા છે, ચારિત્રનો છેદ છે, ચારિત્રનો ખંડ થઈ ગયો. ભીંત જેમ અખંડ હોય એમાંથી ડગળી નીકળે છે, ડગળીને શું કહે છે? ગાબડું નીકળે છેને શું કહે છે? આ પથરા-બથરા નીકળી જાયને તો સરખી ભીંત નથી રહેતી. એમ એમાં ગાબડું- છેદ પડ્યું ચારિત્રમાં. આહા..હા..! કાઠિયાવાડી ભાષા છે. ગાબડા શું ભાષા તમારી? ખાડો. ભીંત હોય છેને ભીંત? એમાંથી પથરા નીકળેને પથરા? ખાડો થઈ જાય છેને. એમ ખાડો થઈ ગયો તારા ચારિત્રમાં. આહા..હા..! એના માટે આહાર બનાવ્યો, એમાં કાંઈ પણ વૃત્તિ થઈ કે આ ઠીક છે, લઈ લ્યો, એવો ભાવ થયો તો મુનિપણું રહેતું નથી. આહા..હા..! ... એમાં જરા પણ આઘું-પાછું ન ચાલે. વસ્તુ એવી છે.

જ્યાં-ત્યાં મુનિપણું, સાધુપણું માને છેને? તો કહે છે કે કાઢી નાખ, તારી બધી માન્યતા જૂઠી છે. સમ્યગ્દર્શનપૂર્વક જ્યાં ચારિત્રની દશા હોય ત્યાં તો એની નગ્નદશા થઈ જાય છે અને નગ્નદશામાં અંદર અઠ્યાવીશ મૂળગુણ હોય છે એ ઉપરાંત રાગ તીવ્ર થઈ જાય તો ચારિત્ર રહેતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ શ્વેતાંબરમાં કહે છે. દ્રવ્યાનુયોગનું જ્ઞાન હોય તો એને માટે બનાવેલો આહાર લે તો કોઈ હરકત નથી. એવો માર્ગ નથી ભાઈ! સમજાણું કાંઈ? શ્વેતાંબરમાં એક યશોવિજય થયા છે એમણે એમ કહ્યું છે. એના ગ્રંથમાં એવો અર્થ છે કે સાધુ.. સાધુ તો આત્માના જ્ઞાની જ હોય છે. આત્માના જ્ઞાન વિના સાધુ કેવા? દ્રવ્યાનુયોગનું જ્ઞાન હોય તો એના માટે આહાર બનાવે... સમજાણું? સવારમાં ચા, પાણી, દૂધ (લઈ લ્યે ઈ) સાધુ છે જ નહિ. સાધુ કોણ કહે? એને સાધુ કોણ કહે? આહા..હા..! સમજાણું કાંઈ? વસ્ત્રનો તાણો રાખે અને મુનિ છીએ એમ માને, નિગોદમાં જશે એમ કહે છે. એકેન્દ્રિય બટેટા, શક્કરિયામાં મરીને જાશે. કેમકે નવ તત્ત્વથી વિરુદ્ધ એની શ્રદ્ધા છે. સમજાણું કાંઈ? એવી વાત છે. સમજાણું કાંઈ?

એ પ્રશ્ન અમારે થયો હતો સંવત ૧૯૬૯. સંવત ૬૯. ૭૦માં દીક્ષા થઈને? સંવત ૬૯. ૧૯૬૯. ૬૯ કહે છેને? ૭૦માં એક ઓછો. ત્યારે એ પ્રશ્ન કર્યો હતો. અમે દીક્ષિત થયા

પહેલા અમારા ગુરુને પ્રશ્ન કર્યો. હીરાજી મહારાજ. એય..! એના બધા ચેલા છે ઈ.

મુમુક્ષુ :- હવે તો આવી ગયા.

ઉત્તર :- એ આવ્યા. આ તો પૂર્વની અપેક્ષાએ. પૂછ્યું કે મહારાજ! સાધુ માટે મકાન બનાવે અને પાટ બનાવે અને ઓરડો બનાવેલો સાધુ વાપરે તો એની નવ કોટીમાંથી કઈ કોટી તૂટે છે? એવો પ્રશ્ન કર્યો હતો. સંવત્ ૧૯૬૯નો વૈશાખ મહિનો. સમજાણું કાંઈ? કરવું, કરાવવું, અનુમોદન, મનથી, વચનથી, કાયાથી. નવ ભંગ થયાને? એવો પ્રશ્ન કર્યો હતો. નવ ભંગનો ત્યાગ છે મુનિને. તો એ મુનિને એના માટે બનાવેલો ઓરડો... ઓરડી બનાવે છેને? ત્યાં ખાય છેને ઓરડીમાં? બનાવે જુદી. આહા..હા..! એ તો સંવત્ ૬૯માં પ્રશ્ન કર્યો હતો. નવ કોટીમાં કઈ કોટી તૂટે છે? નવ કોટી સમજો છો? નવ પ્રકાર. તો નવમાંથી કયો પ્રકાર સાધુને તૂટે છે? ગુરુ તો બિચારા ભોળા હતા. એને એમ કે આ દીક્ષા લેતા અટકી જશે. અને એવું એને બેસી ગયેલું. સમજ્યા? સાધુ માટે બનાવેલું હોય તે વાપરે તો એની અનુમોદન કોટી તૂટે છે. અનુમોદન થયું. ... એ વધને અનુમોદે છે. એના માટે બનેલો આહાર, પાણી, મકાન વાપરે તો એ છ કાયની હિંસાને અનુમોદે છે, વધને. એમ છે. એમને વાત ન કરી. બાપુ! અહીંયાં તો અમારે તે દિ' તો શ્વેતાંબરમાં હતાને. દશવૈકાલિક છે એમાં એ ગાથા આવી હતી. અમે તો કંઠસ્થ કર્યું હતું એ સમયે. કંઠસ્થ કર્યું હતું બધું. એમાં ઈ હતું. ... સાધુ માટે બનાવેલું શયન, આસન, બેઠક, પાટલા... પાટલા કહે છેને? પાટલા. એના માટે મકાન, ઓઠીકણ લેવા માટે કોઈ લાકડા ઊભા કરીને બનાવે એ વાપરે તો સાધુપણું રહેતું નથી. ભારે કામ ભાઈ! આવું કામ છે. આ તો લોકોને બિચારાને કાંઈ (ખબર ન મળે). સમજાણું કાંઈ? આવી સ્થિતિ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગ વર્ણવે છે. એનાથી વિરુદ્ધ શ્રદ્ધા કરે તો એની દૃષ્ટિ મિથ્યાત્વ, ભ્રમ અને અજ્ઞાન છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**ભાવાર્થ :- અશુદ્ધોપયોગથી શુદ્ધોપયોગરૂપ મુનિપણું (૧) છેદાતું હોવાથી,...**' છેને ભાવાર્થમાં? '**અશુદ્ધોપયોગથી...**' એટલે એના માટે બનાવેલું શયન-આસન આદિ કોઈ ચીજ વાપરવાનો ભાવ થાય તો અશુદ્ધોપયોગથી, ઈ અશુદ્ધોપયોગ. '**શુદ્ધોપયોગરૂપ મુનિપણું (૧) છેદાતું હોવાથી,...**' મુનિપણું રહેતું નથી. અને '**મુનિપણું (૧) છેદાતું હોવાથી, (૨) હણાતું હોવાથી,...**' બે લીધા. હિંસા થાય છે. આહા..હા..! ભારે ભાઈ! સાંભળ્યું ન હોય કોઈ દિ', મૂઢપણે એમ ને એમ જિંદગી ગાળી હોય અને એમ થાય કે અમે કાંઈક ધર્મ કરીએ છીએ. ભાનેય ન મળે ધર્મ કોને કહેવો ઈ.

અહીં તો પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા તીર્થંકરદેવ કેવળજ્ઞાની એની વાણીમાં ઈચ્છા વિના એમ આવ્યું કે ભાઈ! '**અશુદ્ધોપયોગથી શુદ્ધોપયોગરૂપ મુનિપણું છેદાતું હોવાથી, હણાતું હોવાથી,...**' છેદ જ છે અને હિંસા જ છે. લ્યો ખુલાસો કરે છે. બેય હિંસા છે. છેદ પણ હિંસા. આહા..હા..! પરપ્રાણી મરો, ન મરો એ પછી આવશે. સમજાણું કાંઈ? એ પછી

આવશે. તરત આવશે ૨૧૭માં. એની વાત નથી. પોતાના સ્વરૂપમાં પરપદાર્થ તરફની અસાવધાની વિશેષ થઈ તો હિંસા છે, મુનિપણાનો છેદ. આહા..હા..! હવે આગમ પ્રમાણે આવી ચીજ ન હોય એને એને મુનિપણું માનવું.... સમજાણું કાંઈ? મનાવવું, માને તેને રૂડું જાણવું ત્રણેને નિગોદની દશાનું મિથ્યાત્વ છે. આહા..હા..! વસ્તુનું સ્વરૂપ જ એવું છે. સમજાણું કાંઈ?

'**અને જ્યાં સૂવું, બેસવું, ઉભા રહેવું, ચાલવું વગેરેમાં અપ્રયત આચરણ હોય છે...**' પ્રયત્નપણું સાવધાનપણું રહેતું નથી '**ત્યાં નિયમથી અશુદ્ધોપયોગ તો હોય જ છે...**' સમજાણું? '**માટે અપ્રયત આચરણ તે છેદ જ છે, હિંસા જ છે.**' લ્યો! આવી વાત!

૨૧૭. '**હવે છેદના અંતરંગ અને બહિરંગ એવા બે પ્રકાર ઉપદેશે છે :—**' લ્યો!

**मरदु व जियदु व जीवो अयदाचारस्स णिच्छिदा हिंसा।**
**पयदस्स णत्थि बंधो हिंसामेत्तेण समिदस्स।।२१७।।**

**જીવો મરો જીવ, યત્નહીન આચાર ત્યાં હિંસા નક્કી;**
**સમિતિપ્રયત્નસહિતને નહિ બંધ હિંસામાત્રથી. ૨૧૭.**

'**ટીકા :- અશુદ્ધોપયોગ તે અંતરંગ છેદ છે,...**' લ્યો! મુનિપણાની ચારિત્રદશા અને શુભયોગ ઉપરાંત તીવ્ર રાગ આવે તો અંતરંગ છેદ, અંતરંગનો છેદ છે. શાંતિનો છેદ થાય છે, શુભરાગનો પણ છેદ થાય છે. '**પરપ્રાણોનો વ્યપરોપ (-બીજાના પ્રાણોનો વિચ્છેદ) તે બહિરંગ છેદ છે.**' એકેન્દ્રિય જીવ, પૃથ્વી, અગ્નિ, વાયુ, વનસ્પતિ જીવ છે. આહા..હા..! તે જીવ મરો-ન મરો એની સાથે સંબંધ નથી. એ મરે તે બહિરંગ છેદ છે. '**તેમાં અંતરંગ છેદ જ વિશેષ બળવાન છે,...**' .. એ છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ! .. કેટલાકે સાંભળ્યું ન હોયને. ઓઘે-ઓઘે જાડી બુદ્ધિએ સાંભળ્યું હોય કે આ ધર્મ છે ને આ સાધુપણું છે અને આ છે.

**પરપ્રાણોનો વ્યપરોપ (-બીજાના પ્રાણોનો વિચ્છેદ) તે બહિરંગ છેદ છે. તેમાં અંતરંગ છેદ વિશેષ બળવાન છે, બહિરંગ છેદ નહિ;...**' જુઓ, એકેન્દ્રિય જીવ છે પૃથ્વીના, અગ્નિના, વાયુ, વનસ્પતિ જીવ છે હોં. એ મુનિ ચાલે છે તેમાં અપ્રયત્ન આચાર હોય તો હિંસા છે. અને તે મરે તો હિંસા છે એમ છે નહિ. આહા..હા..! આમ કહે કે દેવ-ગુરુ-શાસ્ત્રની, દેવ-ગુરુ અને ધર્મની શ્રદ્ધા કરવી તે સમકિત વ્યવહાર. પણ વ્યવહારના ઠેકાણા ન મળે. વૈદરાજજી! દેવ, ગુરુ અને ધર્મ એની શ્રદ્ધા. તો દેવ અરિહંત પરમાત્મા, ગુરુ એવા ચારિત્રવંત હોય તે ગુરુ. ચારિત્રવંત. આવી ક્રિયા અને આવા જ્ઞાન, આનંદ સહિત રમણતા અને શુભરાગ અને એની અહિંસા, રાગની ઉત્પત્તિ ન થવી તેનું નામ અહિંસા ધર્મ. જેને પરપ્રાણીને બચાવવાનો, નહિ મારવાનો વિકલ્પ ઉઠે છે એ પણ આત્માની હિંસા છે. સમજાણું કાંઈ? આહા..હા..! આકરી વાત બાપા!

મુમુક્ષુ :- રાગ હિંસા.

ઉત્તર :- રાગ હિંસા છે. રાગ ઉત્પન્ન થયો કે પરને દુઃખ ન થાય, પરની દયા થાય, પર બચે એવો વિકલ્પ આવ્યો શુભરાગ શુભ હોં! એ પણ હિંસા ભગવાન કહે છે. દુનિયાની વ્યાખ્યા જુદી અને આ વ્યાખ્યા જુદી. સમજાણું કાંઈ? પરપ્રાણીને નહિ મારવા એ અહિંસા અને એ અહિંસા પરમો ધર્મ એમ છે નહિ. અહિંસા... હીરાજી મહારાજ કહેતા. ... કોઈ પરપ્રાણીને ન હણવું તે. અહિંસા... તે અહિંસા સિદ્ધાંતનો સાર છે. અહિંસા સમયંતિ... એ જાણ્યું તેણે સર્વ જાણ્યું. કષાય મંદ હતો પણ તત્ત્વની કાંઈ ખબર નહિ. બીજા સાધુઓ કરતા એવી ક્રિયા, કષાય મંદ, બ્રહ્મચર્ય ઘણું, પણ દૃષ્ટિની કોઈ ચીજ સાંભળી નહોતી એમણે, સૂયગડાંગમાં એવી ગાથા આવે છે. એવં.. જ્ઞાનીના જ્ઞાનનો સાર એ છે કે .. કોઈ પરપ્રાણીને નહિ મારવો તે જ્ઞાનીના જ્ઞાનનો સાર. અહિંસા, એ પરપ્રાણીને નહિ મારવા તે અહિંસા .. બધા સિદ્ધાંતનો સાર છે. એય..! વજુભાઈ! જોયા હતા કે નહિ તમે? જોયા હતા? ભાઈએ? સંવત્ ૧૯૭૪ના .. ચાલતા-ચાલતા દેહ છૂટી ગયો રસ્તામાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મોટી શાખ, આબરૂ મોટી હતી, આબરૂ મોટી હતી. લાખોપતિ, દશ-દશ લાખના આસામી, ૨૦ વર્ષનો જેમ દીકરો મરે એમ રોતા હતા લોકો. એવી છાપ બહુ હતી, બહુ હતી. અહીં જ્યાં .. ઉતારેલા.. મોટી પાલખી ઉપાડી ત્યાં રાયચંદ ગાંધી જેવા પાંચ-પાંચ લાખના આસામી, ૫૦-૫૦ હજારની પેદાશ ઘરે. આમ જ્યાં ઉપાડે તો રોવે.. રોવે... રોવે... રોવે... આ અમારા સાધુ લૂંટાઈ ગયા, અમારા સાધુ ગયા. એમ રોતા હતા હોં. નજરે જોયું છે. એવો પ્રેમ લોકોને. એવી ક્રિયા અને એવી લાઈન બહારની, તત્ત્વની કાંઈ ખબર નહિ. એ તો આ કહેતા હતા લ્યો! પરપ્રાણીને નહિ મારવા એ અહિંસા અને સિદ્ધાંતનો સાર. અહીં કહે છે કે પરપ્રાણીને આત્મા મારી શકતો નથી. બચાવવાનો ભાવ છે એ રાગ છે અને રાગ એ હિંસા છે. આહા..હા..! એ અહિંસા .. ભાઈ! આહા..હા..! કેમ?

'**પરપ્રાણોનો વ્યપરોપનો સદ્‌ભાવ હો કે અસદ્‌ભાવ હો,...**' પરપ્રાણી મરે કે ન મરે એમ. એકેન્દ્રિય આદિ જીવ મરે ન મરે. સદ્‌ભાવ એટલે હિંસા હો, ન હો. '**અશુદ્ધોપયોગ વિના જે હોતો નથી એવા અપ્રયત આચાર...**' લ્યો! છેને તગડો. પેલું ક્યાં ગયું? સમિતિનું આવ્યુંને? પ્રયત્ન સમિતિવાનને. છેને? અર્થમાં? શબ્દાર્થમાં, અન્વયાર્થમાં. '**પ્રયત=યત્નશીલ;...**' જુઓ ૨૧૧ આપણે વાંચ્યું એ. અને સમિતિનો અર્થ છે અંદર. '**શુદ્ધાત્મસ્વરૂપમાં (મુનિત્વોચિત) સમ્યક્ 'ઇતિ' અર્થાત્ પરિણતિ તે નિશ્ચય-સમિતિ છે.**' ભગવાન આત્મા પોતાના વીતરાગ નિર્દોષ આનંદમાં પરિણમે, થાય, થવું એનું નામ નિશ્ચય સમિતિ કહેવામાં આવે છે. વાક્યે-વાક્યે ફેર. છેને નીચે? '**શુદ્ધાત્મસ્વરૂપમાં (મુનિત્વોચિત) સમ્યક્ 'ઇતિ' અર્થાત્ પરિણતિ તે નિશ્ચય-સમિતિ છે. અને તે દશામાં**

**વર્તતી જે (હઠ વગરની) ઈર્યા-ભાષાદિ સંબંધી શુભ પરિણતિ તે વ્યવહાર-સમિતિ છે. (શુદ્ધાત્મસ્વરૂપમાં સમ્યક્ પરિણતિરૂપ દશા ન હોય ત્યાં શુભ પરિણતિ હઠ સહિત હોય છે; તે શુભ પરિણતિ વ્યવહાર-સમિતિ પણ નથી.)'** આહા..હા..! શું કહ્યું સમજાણું? ભગવાન આત્મા પોતાના શુદ્ધ આનંદની સમિતિ, પરિણતિ, ઉગ્ર પરિણતિ વીતરાગદશા એ હોય તો ઈર્યા, ભાષા સમિતિના શુભરાગને વ્યવહાર સમિતિ કહેવામાં આવે છે. એવી દશા ન હોય અંતરમાં અને એકલી વ્યવહાર સમિતિ આદિ હોય જોવું, ભાળવું, લેવું-દેવું (એવો જે) વ્યવહાર છે તેને વ્યવહાર સમિતિ કહેવામાં આવતી નથી. લ્યો!

મુમુક્ષુ :- હઠ છે.

ઉત્તર :- એ હઠ છે, હઠથી આવી છે. વ્યવહાર સમિતિ નહિ. વ્યવહાર સમિતિ તો નિશ્ચય આત્માના આનંદની પરિણતિ સહિત શુભ વિકલ્પ આવે છે સહજ હઠ વિના, તેને વ્યવહાર સમિતિ કહે છે. નિશ્ચયમાં વીતરાગ પરિણતિને નિશ્ચય સમિતિ કહે છે. અને વીતરાગદશા અંદરમાં અનુભવમાં નથી અને એકલી ઈર્યા, ભાષા, જોઈને ચાલવું, ખાવું, એના માટે આહાર બનાવેલો ન લેવો. ભલે ન લ્યો, પણ એ બધા વિકલ્પ હઠસહિત છે તો એ વ્યવહાર સમિતિ પણ એને કહેવામાં આવતી નથી. આહા..હા..! ભારે માર્ગ! માર્ગ તો એવો છે. ... પડે. આહા..હા..!

ભગવાન! તારો માર્ગ પણ એવો છેને નાથ! કોઈને માટે ક્યાં છે? એના સ્વરૂપની સ્થિતિ જ એવી છે. આવી પહેલી શ્રદ્ધા તો કરે. સમજાણું કાંઈ? શ્રદ્ધાના પરિણમનમાં પણ બિલકુલ દોષ આવવો ન જોઈએ. પછી એ મુનિપણાની દશા આવે છે. એ તો અલૌકિક દશા છે. ધન્ય અવતાર! ધન્ય કાળ! ધન્ય સમય! એ મુનિપણાની દશા તો ધન્ય કાળ છે!! જેના અવતાર સફળ થયા. એ વિના કદી મુક્તિ થશે નહિ.

કહે છે, **'કારણ કે—પરપ્રાણોના વ્યપરોપનો સદ્ભાવ હો કે અસદ્ભાવ હો,...'** વ્યપરોપ એટલે હિંસા ભાઈ! એ હો **'અસદ્ભાવ હો, અશુદ્ધોપયોગ વિના જે હોતો નથી એવા અપ્રયત આચાર વડે પ્રસિદ્ધ થતો...'** લ્યો! એ અપ્રયત્ન નામ પ્રમાદ થઈને હલન-ચલન આદિ કરે છે ખાવા-પીવાનું લેવામાં તો **'(જાણવામાં આવતો) અશુદ્ધોપયોગનો સદ્ભાવ જેને વર્તે છે...'** તેની પાસે અશુદ્ધોપયોગ છે. અશુદ્ધોપયોગનો અર્થ? તીવ્ર રાગ છે. એ તીવ્ર રાગ છે તો મુનિપણું નથી. **'તેને હિંસાના સદ્ભાવની પ્રસિદ્ધિ સુનિશ્ચિત છે;...'** એવા મુનિને પોતાના આત્માની હિંસા થાય છે તે સુનિશ્ચત છે.

**'અને તેવી રીતે અશુદ્ધોપયોગ વિના જે હોય છે એવા પ્રયત આચાર વડે...'** જુઓ, હવે સવળું. **'તેવી રીતે અશુદ્ધોપયોગ વિના જે હોય છે...'** પોતાનું વીતરાગ ચારિત્ર અને શુભરાગ ભૂમિકાને યોગ્ય છે એવો, એવી દશા વિના થાય છે એવો પ્રયત્ન આચાર. પ્રયત્નપૂર્વક. બગડો છેને? **'અશુદ્ધ ઉપયોગ ન હોય ત્યાં જ પ્રયત આચાર**

વર્તે છે,...' નીચે છે. **'માટે પ્રયત આચાર વડે અશુદ્ધ ઉપયોગનો અસદ્ભાવ પ્રસિદ્ધ થાય છે—જાણવામાં આવે છે.'** તો તેને અશુદ્ધ ઉપયોગ છે નહિ. સમ્યગ્દર્શનપૂર્વક ચારિત્રની વીતરાગતા છે. જુઓ, ત્યાં શુભોપયોગનો-અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ છે. તેનાથી અપ્રયત્ન વિશેષ .. પ્રયત આચારથી પ્રસિદ્ધ થનારો. અપ્રયત્ન નહિ, પણ પ્રયત્ન છે એમ. એમ થતો **'અશુદ્ધ ઉપયોગનો અસદ્ભાવ પ્રસિદ્ધ થાય છે...'** અશુદ્ધ ઉપયોગ છે જ નહિ એની પાસે. ભારે વાત ભાઈ! ચરણાનુયોગની ટીકા. અમારે પંડિતજીએ ખુલાસો ઘણો કર્યો છે નીચે.

**'તેને, પરપ્રાણોના વ્યપરોપના સદ્ભાવમાં પણ...'** જુઓ, જ્યાં અપ્રયત્ન નથી, પણ પ્રયત્ન યથાર્થ છે, નિશ્ચય પ્રયત્ન શુદ્ધ ઉપયોગ શુદ્ધ પરિણતિ અને વ્યવહાર શુભ વિકલ્પ એવો પ્રયત્ન બરાબર છે ત્યાં **'પરપ્રાણોના વ્યપરોપના સદ્ભાવમાં પણ બંધની અપ્રસિદ્ધિ હોવાને લીધે,...'** એ સમયે પરપ્રાણી મરો કોઈ એકેન્દ્રિય આદિ, તોપણ તેને બંધ થતો નથી. સમજાણું કે નહિ? ભારે ભાઈ! જુઓ, આ મુનિપણાની દશા. ચારિત્રવંત સંત આવા હોય છે એમ કહે છે. સમજાણું કાંઈ? **'બંધની અપ્રસિદ્ધિ હોવાને લીધે, હિંસાના અભાવની પ્રસિદ્ધિ સુનિશ્ચિત છે.'** ત્યાં હિંસા નથી. બરાબર સ્વરૂપના નિશ્ચયનો પ્રયત્ન છે અને શુભયોગનો અઠ્યાવીશ મૂળગુણનો એવો જ પ્રયત્ન બરાબર છે. ત્યાં અશુદ્ધ ઉપયોગની અહયાતી છે અને ત્યાં હિંસાની પણ અહયાતી છે. બરાબર છે?

**'આમ હોવા છતાં (અર્થાત્ અંતરંગ છેદ જ વિશેષ બળવાન છે, બહિરંગ છેદ નહિ-એમ હોવા છતાં)...'** હવે કહે છે. બહિરંગ છેદ અંતરંગ છેદનું નિમિત્ત આયતન છે. આયતન-સ્થાન છેને? સમજાણું કાંઈ? મુનિ .. એના શરીર દ્વારા તો નિમિત્તમાં આયતન છે. તેથી **'તેને (બહિરંગ છેદને) સ્વીકારવો-માનવો તો જોઈએ જ.'** આહા..હા..! સમજાણું કાંઈ? એમ ખ્યાલ રાખવો. ખ્યાલમાં એ થયું એવો ખ્યાલ એમ. પ્રયત્ન આચાર છે, પ્રમાદ નથી, શુદ્ધોપયોગ બરાબર છે, શુદ્ધ પરિણતિ વીતરાગદશા છે. એમાં પણ કાયાથી કોઈ જીવ મરી જાય તો બંધ નથી, પણ તેનો સ્વીકાર તો કરવો પડશે. ચરણાનુયોગ છેને? તો નિમિત્તનું જ્ઞાન કરવું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ, નહિ. પ્રાયશ્ચિત નહિ. એ છે એટલું જાણવું. આલોચના પહેલા આવી ગયું છે. અંતરંગ છેદ નથી તો બહિરંગ આલોચના, બસ એટલું. પહેલા આવી ગયું છે. આલોચનાના બે પ્રકારમાં. આ તો અલૌકિક માર્ગ છે, ભાઈ! એમાં કાંઈપણ ગડબડ થાય કે ઓછું-અધિક-વિપરીત થઈ જાય તો વસ્તુનું સ્વરૂપ નહિ રહે. સમજાણું કાંઈ? હીણું, અધિક અને વિપરીત. .. જે કહેવામાં આવે છે એમાં કંઈ પણ ફેરફાર થાય તો તત્ત્વની ખબર નથી એને, મુનિપણાની ખબર નથી. એવી વાત છે. કહો, ધીરૂભાઈ! ત્યાં સાંભળ્યું હતું

નાગનેશમાં?

મુમુક્ષ :- ..

ઉત્તર :- એ પહેલા આવી ગયુંને. જ્ઞાન કરે, બસ એટલું. એ પહેલા આવી ગયું છે. પોતાનો પ્રયત્ન છે. નિશ્ચય અને વ્યવહારમાં બેયમાં પોતાનો પ્રયત્ન છે. એવું થઈ જાય તો જાણવું બસ. નિમિત્ત પણ એવું જાણી લેવું. આહા..હા..!

મુમુક્ષુ :- અસાવધાની...

ઉત્તર :- કીધુંને સાવધાનપણે તો છે જ. .. એમ નહિ. સાવધાનીથી ચૂક્યો એ તો ખલાસ થઈ ગયો. એ તો અપ્રયત્ન આચાર થયો. પ્રયત્ન આચાર તો છે. નિશ્ચય અને વ્યવહાર બેયનો પ્રયત્ન યથાર્થ છે. છતાં શરીરથી આમ થઈ જાય તો બંધ પડતો નથી. આલોચના કરવી પડે, ખ્યાલ કરવો પડે એટલું. બસ. આહા..હા..! એ તો હાલતા-ચાલતા આમ ચાલતા હોય, નાનું હોયને તીડ, આમ પગ નીચે આવી ગયું. પ્રયત્ન તો છે, ખ્યાલ છે, શુદ્ધ આનંદનું ભાન અને પરિણતિ છે અને શુભરાગ છે એ ભૂમિકાને યોગ્ય યથાર્થ. તો પણ એ આવી ગયું એવો ખ્યાલ કરવો. બંધન નથી એને. આહા..હા..! એવું એ વીતરાગનું સ્વરૂપ.. એવી ચીજમાં આમ થયું એવો ખ્યાલ કરવો. સમય સમયનો વિવેક. સમજાણું કાંઈ? માર્ગ જરી સૂક્ષ્મ લાગે પણ માર્ગ તો આ છે. સમજાણું કાંઈ? 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' માર્ગ તો મુનિપણાની આવી દશા છે. એનાથી આઘી-પાછી, ઓછી-અધિક માને તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય, વિપરીત શ્રદ્ધા થઈ જાય એની. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વીતરાગ..

ઉત્તર :- આ જ છે. વીતરાગતા.. ભલે આ ચરણાનુયોગ છે. ...

**'ભાવાર્થ :- શુદ્ધોપયોગનું હણાવું તે અંતરંગ હિંસા—અંતરંગ છેદ છે અને બીજાના પ્રાણોનો વિચ્છેદ થવો તે બહિરંગ હિંસા—બહિરંગ છેદ છે.'** પોતાની દશા શુદ્ધ ચારિત્રની વીતરાગદશા અને અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ એ તો શુદ્ધોપયોગ છે. એનું હણાવું, એનું હણાવું, હણવું, એનો આગળ જઈને રાગ કરવો એ અંતરંગ છેદ છે અને બીજાના પ્રાણોનો વિચ્છેદ થવો તે બહિરંગ છેદ છે. **'જીવ મરો કે ન મરો, જેને અપ્રયત આચરણ છે તેને શુદ્ધોપયોગ હણાતો હોવાથી અંતરંગ હિંસા થાય જ છે...'** લ્યો! જીવ મરે કે ન મરે એની સાથે સંબંધ નથી. પોતામાં અપ્રયત્ન, અસાવધાનીનો ભાવ છે એ જ હિંસા છે. આહા..હા..! આવું મુનિપણું તો કેટલાકે કોઈ દિ' સાંભળ્યું જ નથી, કેટલાક તો નવા સાંભળતા હશે. કહો, સુજાનમલજી! સાદડી-બાદડીમાં નહિ? સાદડી કહે છે? શું કહે છે? સાદડી. અહીં સાદડી મુંબઈમાં કહે છે મરી જાય પછી મૂકે એ. અહીં સાદડી કહે છેને લોકો નહિ? મરી જાય અને પછી ભેગા થાય. આજે સાદડી હતી ફલાણાની. આહા..હા..! મુંબઈમાં હોય છેને. પ્રાણી મરી જાયને તો એની માટે બેઠક કરે છે તેને સાદડી કહે છે. ઉઠમણું

તો અમારે કાઠિયાવાડમાં કહે. આપણે ત્યાં નહિ, ત્યાં સાદડી કહે. સાદડી ને? એમ કહે. ત્યાં સાદડી કહે. એ તમારી ભાષા તમને ખબર હોયને. આ તો મુંબઈની. લ્યો, સમજાણું કાંઈ?

'**જીવ મરો કે ન મરો,...**' એની સાથે સંબંધ નથી. '**તેને શુદ્ધોપયોગ હણાતો હોવાથી અંતરંગ હિંસા થાય જ છે અને તેથી અંતરંગ છેદ થાય છે. જેને પ્રયત આચરણ છે તેને, પરપ્રાણોના વ્યપરોપરૂપ...**' એટલે હનન-મરણ '**બહિરંગ હિંસાના—બહિરંગ છેદના-સદ્‌ભાવમાં પણ, શુદ્ધોપયોગ નહિ હણાતો હોવાથી અંતરંગ હિંસા થતી નથી અને તેથી અંતરંગ છેદ થતો નથી.**' અંતરમાં એને દોષ લાગતો નથી. આહા..હા..! જુઓ. સમ્યગ્દર્શન આત્માનું ભાન એ ઉપરાંત ચારિત્ર અને એ ઉપરાંત એમાં અઠ્ઠાવીશ મૂળગુણનો વિકલ્પ. બસ, એટલી મર્યાદા છે તો તેને હિંસા નથી. એનાથી આગળ જઈને વિશેષ રાગ થઈ જાય (તો સંયમમાં છેદ છે). આહા..હા..! હવે ઓલા કહે કે વસ્ત્ર રાખવા, આટલા પાત્ર રાખવા, એને માટે બનાવેલો આહાર લેવો. અરે ભગવાન! શું કરે છે તું? ભાઈ! માર્ગ તો જે હશે તે રહેશે. તારાથી કોઈ બીજો નહિ થઈ જાય. એમ લાગે કે અરે..! એ તો દિગંબરના પક્ષની વાત છે. પક્ષની વાત નથી, ભગવાન! આ તો વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? આવા મુનિને મુનિપણું હિંસા વિના રહે છે. યથાર્થ સ્વરૂપની દૃષ્ટિ, ચરણ અને શુદ્ધોપયોગ હોય તો. એનાથી આગળ વધી જાય તો મુનિપણું રહેતું નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૧૫, રવિવાર, તા. ૨૯.૦૬.૧૯૬૯**
**ગાથા-૨૧૮, પ્રવચન-૧૯૫**

આ પ્રવચનસાર, ચરણાનુયોગસૂચક ચૂલિકા, ૨૧૮ ગાથા. આ સવારના અધિકાર કરતા જરી સૂક્ષ્મ છે અને સ્થૂળ પણ છે, બેય વાત છે. જુદી જાતનું છે એટલે જરી સૂક્ષ્મ છે. શું કહે છે જુઓ.

'**હવે, સર્વથા અંતરંગ છેદ નિષેધ્ય-ત્યાજ્ય છે...**' મથાળું છે. '**હવે, સર્વથા અંતરંગ છેદ નિષેધ્ય-ત્યાજ્ય છે એમ ઉપદેશે છે :—**' ખુલાસો નીચે આવશે.

अयदाचारो समणो छस्सु वि कायेसु वधकरो त्ति मदो।
चरदि जदं जदि णिच्चं कमलं व जले णिरुवलेवो।।२१८।।

**મુનિ યત્નહીન આચરવંત છ કાયનો હિંસક કહ્યો;**
**જલકમલવત્ નિર્લેપ ભાખ્યો, નિત્ય યત્નસહિત જો. ૨૧૮.**

એનું હરિગીત છે. હવે એની ટીકા. ટીકા છેને? '**અશુદ્ધોપયોગ વિના જે હોતો નથી એવા અપ્રયત આચાર વડે પ્રસિદ્ધ થતો અશુદ્ધોપયોગનો સદ્ભાવ હિંસક જ છે,...**' હવે એનો અર્થ. એ તો શબ્દ થયો. શું કહે છે જુઓ. ભગવાન આત્મા આનંદસ્વરૂપ આત્મા છે. એ આનંદસ્વરૂપનો, શુભ-અશુભ વિકલ્પ નામ રાગથી ભિન્ન થઈને પોતાના આનંદનો અનુભવ કરવો, શક્તિરૂપ જે આનંદ છે તેને વ્યક્ત નામ પ્રગટ કરીને આનંદનો અનુભવ થવો એનું નામ આત્મજ્ઞાન, આત્મદર્શન, સમકિત અને ધર્મની પ્રથમ શરૂઆત કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

ચણાનું દૃષ્ટાંત આપીએ છીએને દર વખતે? ચણો હોય છેને ચણો? ચણા કહે છેને? ચણા. તો ચણાને જ્યારે શેકે છે તો જે અંદરમાં મીઠાશ છે તે બહાર આવે છે. શેક્યા વિના કચાશ છે અને સ્વાદ તુરો છે અને વાવે તો ઉગે છે. પણ એને શેકવામાં જો આવે, શેકવું કહે છેને? ભુંજવું. શેકવામાં આવે તો તે કચાશનો નાશ થાય છે, તુરાશનો નાશ થાય છે, વાવે તો ઉગતા નથી. સમજાણું કાંઈ? અને સ્વાદ જે અંદર હતો તે પ્રગટ બહાર આવ્યો. ફોલવા જેને કહે છે. દાળિયા-ફોલવા કહે છેને. શું કહે છે તમારે? ફોલવું કહે છે? મીઠાશ આવે છે. તો એ મીઠાશ આવી ક્યાંથી? એમાં હતી. અગ્નિથી આવી છે? અગ્નિથી આવે તો કોલસા અને કાંકરા શેકવાથી આવવી જોઈએ. પ્રાપ્તની પ્રાપ્તિ છે. હોય એમાંથી પ્રાપ્ત થાય છે. તો જે મીઠાશ અંદર પડી છે તે બહાર આવે છે. એમ ભગવાન આત્મા અતીન્દ્રિય સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્-શાશ્વત દેહાદિ જડથી ભિન્ન અને પુણ્ય-પાપના રાગના વિકલ્પથી ભિન્ન.

આજ ભાઈએ યાદ કર્યું હતું ઓલું નાળિયેરનું નહિ? ભાઈ ત્યાં આપ્યું હતુંને? નાળિયેરનો દાખલો. ભાઈ હમણા બેઠા હતા. નાળિયેરનો દાખલો આપ્યો હતોને? નાળિયેર સમજો છો? શ્રીફળ હોય છેને? તો શ્રીફળમાં ચાર ભાગ હોય છે. શ્રીફળમાં ચાર ભાગ. એક છાલા, એક કાચલી અને કાચલી કોરની રાતી ઝીણી-ઝીણી લાલ છાલ અને એક ધોળો સફેદ ગોળો. ચાર વાત હોય છે. ભાઈએ કહ્યું હતુંને? બપોરે આવ્યા હતા, યાદ કર્યું હતું. ત્યાં આ દાખલો આપ્યો હતો. એમ આ આત્મા... આ શરીર છે એ ઉપરની છાલ છે, (દ્રવ્યકર્મ) કાચલી સમાન એ જડ છે અને આત્મામાં પુણ્ય અને પાપ, શુભ-અશુભ, દયા, દાન, વ્રત, ભક્તિનો જે વિકલ્પ ઉઠે છે (એ લાલ છાલ છે) અને એ છાલ વિનાની ચીજ અંદરમાં છે આત્મા એ અતીન્દ્રિય આનંદનો શુદ્ધ ગોળો છે. દૃષ્ટાંત ... સમજાણું કાંઈ?

ભગવાન આત્મા.. વસ્તુની ખબર નથી આત્મા શું ચીજ છે! આત્મા અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય આનંદનો રસકંદ (છે). અતીન્દ્રિય આનંદના સ્વભાવરૂપ વસ્તુ (છે). એ સિવાય

જેટલા પુણ્ય-પાપનો શુભ-અશુભ રાગ ઉત્પન્ન થાય છે એ તો છાલ છે ઝીણી-ઝીણી રાતી. ટોપરાપાક કરે છે તો એ લાલપને ઘસીને કાઢી નાખે છે. સમજાણું કાંઈ? નટુભાઈ! તમારે વકીલાતમાં આવું નહિ આવતું હોય, નહિ? અહીંયા એમ કહેવામાં આવે છે, ભગવાન આત્મા અંદરમાં આનંદસ્વભાવ છે, પણ અજ્ઞાનને કારણે, પુણ્ય અને પાપના રાગના વેદનને કારણે તેને આત્માનો આનંદ નથી આવતો, પણ દુઃખરૂપ વેદન (થાય છે). જેમ ઓલા કાચા ચણામાં તુરો સ્વાદ આવે છે એમ રાગ-દ્વેષનું વેદન તે કષાયેલું વેદન છે. એ આપણે સવારે આવી ગયું છે. સમજાણું કાંઈ? પણ એને ખબર નથી. જેટલી હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, કામ, ક્રોધ, માન, માયા, લોભ એ વિકલ્પ ઉઠે છે રાગ અને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ ઉઠે છે પુણ્ય. એ પુણ્ય અને પાપ બેય ભાવ આત્માના આનંદસ્વરૂપથી ઉલટો ભાવ છે, એ કચાશ છે. એ છાલામાં જેમ અંદર ઝીણી-ઝીણી રતાશ છે. સમજાણું? એમ ભગવાન આત્મા આનંદકંદ ઉપર એ પુણ્ય-પાપની રાગની વૃત્તિઓ જે છે એ ઝીણી લાલ છાલ જેવા દુઃખરૂપ ભાવ છે. સમજાણું કાંઈ? તે દુઃખરૂપથી-છાલથી ખસીને, કાચલી-કર્મથી ખસીને, પુણ્ય-પાપના રાગથી ખસીને અંદર આનંદ ગોળો સચ્ચિદાનંદ સ્વરૂપ, સત્ નામ શાશ્વત, ચિદ્ એટલે જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ એ તરફની અંતર દૃષ્ટિ કરીને અનુભવ નામ સ્વભાવ છે એને અનુસરીને થવું તેનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ધર્મ કહેવામાં આવે છે. કહો, સમજાય છે કે નહિ? આ તો દાખલો સમજાય એવો છે, દાખલા ઉપરથી સીધું (સમજાય). સમજાણું કાંઈ?

એ પ્રથમ સ્થાન છે. ધર્મ કરનાર ધર્મીને જ્ઞાનજ્યોતિ... પહેલા આવી ગયું છે, જ્ઞાનજ્યોતિ હું તો ચિદાનંદ સ્વરૂપ. ચિદાનંદ... ચિદાનંદ... જ્ઞાનાનંદ... ચિદાનંદ... ચિદ્-જ્ઞાન અને આનંદ એવી વસ્તુ છું. વિકાર, પુણ્ય-પાપ, શરીર, વાણીનું લક્ષ, એનો આશ્રય છોડીને, તેની ઉપેક્ષા કરીને, વસ્તુનું સ્વરૂપ અતીન્દ્રિય ધ્રુવ ચૈતન્ય આનંદ છે તેની અપેક્ષા કરીને જે અંતરમાંથી આનંદનું વેદન થાય તેનું નામ ધર્મની પહેલી સીઢી અને શરૂઆત કહેવામાં આવે છે. એ ધર્મથી જન્મ-મરણ મટે છે. સમજાણું કાંઈ? અને જ્યારે રાગ-દ્વેષ, અજ્ઞાનનો નાશ થયો, જ્ઞાન અને વીતરાગભાવ પૂર્ણ પ્રગટ થયો તો પછી તેને જન્મ-મરણ રહેતા નથી. જેમ પાક્યો ચણો વાવે તો ઉગતો નથી, મીઠાશ આપે છે. એમ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદના સ્વાદનો અનુભવ આપે છે. એ રાગ-દ્વેષનો અજ્ઞાનનો નાશ કર્યો તો કચાશ અને તુરાશ હતી તે ચાલી ગઈ. સમજાણું કાંઈ? ધર્મ કરનારને પહેલા આવી ચીજ દૃષ્ટિમાં આવવી જોઈએ. આહા..હા..! પછીની વાત ચાલે છે અહીંયાં તો.

પછી જ્યારે તે સાધુ થાય છે આવા આત્મભાન સહિત. રાગ-દ્વેષ મારા નથી, અજ્ઞાનનો નાશ કર્યો, રાગ-દ્વેષ વિકલ્પ ઉઠે છે એ મારો નથી. એનાથી પૃથક્ પોતાનું ભાન છે, પણ હજી રાગ-દ્વેષનો અભાવ નથી થયો. રાગ-દ્વેષનો બિલકુલ અભાવ થઈ જાય તો સર્વજ્ઞ વીતરાગ

આત્માની દશા પૂર્ણ થઈ જાય. એવી પૂર્ણ દશા જ્યાં સુધી ન થાય ત્યાં સુધી જ્ઞાનીને પણ રાગથી ભિન્ન પોતાના આત્માનો અનુભવ થવા છતાં રાગ, દયા, દાન, વ્રત આદિનો ભાવ તેને આવે છે. હિંસા, જૂઠું, ભોગની વાસના આદિનો ભાવ જ્ઞાનીને પણ આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એનો નાશ કરવામાં સાધુપદ જ્યારે આવે છે, એ તો શુદ્ધ આનંદમાં લીન થાય છે. પહેલા ભાન તો થયું, પછી અતીન્દ્રિય આનંદમાં બહુ જામી જવું, જામી જાવું અંદરમાં, ગુમ થઈ જવું એટલા વીતરાગ રાગરહિત ભાવમાં કે જેને ચારિત્ર (કહે છે). સ્વરૂપમાં ચરવું, રમવું, જમવું એનું નામ ચારિત્ર કહેવામાં આવે છે. ચંદુભાઈ! કહો, સમજાય છે કાંઈ? આહા..હા..! જ્યારે એવી ચારિત્ર દશા થાય છે તો તેની ભૂમિકામાં પરજીવને ન મારવા એવા વિકલ્પ અઠ્યાવીશ પ્રકારના છે, એવો શુભરાગનો ભાવ આવે છે, થાય છે. એટલી સાધુપદની ભૂમિકાની સમાપ્તિ સામગ્રીની પૂર્ણતા કહેવામાં આવે છે. શું કહ્યું?

એક તો સમ્યગ્દર્શનનું ભાન (થયું છે), એ ઉપરાંત સમ્યક્ વેદન, એ ઉપરાંત સ્વરૂપમાં લીનતા, વીતરાગતા, ચારિત્ર આનંદની ઉગ્રતા (થઈ છે) એ સાધુપણાની સામગ્રી સ્વભાવની કહેવામાં આવે છે. એવી સામગ્રીમાં જ્યાં સુધી પૂર્ણ વીતરાગ અને સર્વજ્ઞ પરમેશ્વર જ્યાં સુધી ન થાય ત્યાં સુધી તેને અઠ્યાવીશ મૂળગુણ અથવા રાગાદિ ભાવ અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય એવી દશામાં પુરુષાર્થની નબળાઈને લીધે એવો રાગ આવે છે. એ પ્રકારનો રાગ હોય અને આત્માના દર્શનપૂર્વક સ્વરૂપની રમણતા હોય તો તેની દશાને અહિંસક દશા કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વાત નથી કરી. હજી તો એટલી દશા હોય તો તેને અહિંસક કહેવામાં આવે છે. હિંસકની વાત હવે આવે છે. આ હિંસકની વાત આવશે. સમજાણું કાંઈ?

**'અશુદ્ધોપયોગ વિના જે હોતો નથી એવા અપ્રયત આચાર...'** હવે શું કહે છે ઈ? અહીંથી ચોખવટ જુઓ, કહે છે કે ખાવા-પીવા, હાલવા-ચાલવામાં જો પ્રમાદભાવ થઈ જાય, સમજાણું કાંઈ? પોતાના સ્વરૂપના અનુભવપૂર્વક ચારિત્રદશા છે એમાં અઠ્યાવીશ મૂળગુણ પંચ મહાવ્રતનો રાગ પણ છે તેનાથી આગળ જતાં અપ્રયત આચાર થઈ જાય, આળસ-પ્રમાદ અને રાગની તીવ્રતા થઈ જાય તો તેને અશુદ્ધોપયોગ કહે છે. અશુદ્ધોપયોગ નામ એની શુદ્ધ ભૂમિકાની જે પરિણતિ છે તેનાથી આગળ ગયો તો અશુદ્ધ વેપાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ અશુદ્ધ ઉપયોગ... અપ્રયત્ન આચાર. સૂવામાં, ખાવામાં, પીવામાં તીવ્ર પ્રમાદ થઈ જાય, તીવ્ર રાગ આવે, સાવધાની પરમાં અને સ્વમાં યથાર્થ જેવી જોઈએ તેવી ન રહે તો એ અપ્રયત આચાર વડે પ્રસિદ્ધ થતો અશુદ્ધોપયોગનો સદ્ભાવ (છે). તો ત્યાં અશુદ્ધ વેપાર છે. શુદ્ધ ભૂમિકાની યોગ્યતાનો જે વેપાર છે એનાથી ખસીને અશુદ્ધ વેપાર થઈ ગયો તો એ હિંસક જ છે. એ અશુદ્ધ વેપાર હિંસા છે. ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પોતાના આત્માની શાંતિનું ખૂન થયું. એ હિંસક. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ!

અહીં તો કહે છે કે અશુદ્ધ ઉપયોગ કોને કહે છે અહીંયાં? પોતાના આત્માનું સમ્યક્ ભાન છે, સમ્યગ્દર્શનપૂર્વક સમ્યક્ સ્વરૂપમાં રમણતાની ચારિત્રની દશાપૂર્વક-વીતરાગભાવપૂર્વક પંચ મહાવ્રતના અહિંસા, સત્ય, દત્તનો વિકલ્પ છે એટલી ભૂમિકાને તો શુદ્ધ પરિણતિરૂપ અથવા શુદ્ધભાવરૂપ, છે તો શુભરાગ, ચારિત્ર સહિતનો શુભરાગ, પણ એ ભૂમિકાને યોગ્ય છે તો તેને શુદ્ધ વેપાર કહેવામાં આવ્યો છે. આહા..હા..! એ દશાને તો અહિંસક કહેવામાં આવે છે. એનાથી આગળ વધીને રાગ આવી ગયો આસક્તિમાં આમ ને આમ, આમ કરું, લઉં ને દઉં, ભૂમિકા યોગ્યથી આગળ વધીને વિકલ્પ રાગની તીવ્રતા થઈ તો, કહે છે કે હિંસક છે. પોતાના ચૈતન્ય આનંદ ભાવપ્રાણની હિંસા થાય છે. પોતાના ચૈતન્ય આનંદપ્રાણ, શુદ્ધ જ્ઞાયકમૂર્તિનો ભાવપ્રાણ જીવન અંદર શુદ્ધ છે એમાં રાગની તીવ્રતા થવાથી એ ચૈતન્ય ભાવપ્રાણ હણાઈ જાય છે.

.... ૧૪ અને ૨૫, ૩૯ વર્ષ થયા. ભાવનગરમાં મૂળ અપાસરો છેને સ્થાનકનાસીનો નહિ? આ ગામમાં સ્થાનકવાસીનો અપાસરો નથી? મેડી ઉપર. અપવાસ તો કાયમ કરતા. એક મહિનાના ચાર અપવાસ તો કાયમ કરતાને તે વખતે. કાયમ કરતા. અમને તો.. પણ અમારા નારણભાઈ હતાને જોડે. નવા દીક્ષિત હતા, પોષ માસમાં .... દીક્ષિત થયા હતા. એને એવી ગરમી લાગી ગઈ, એવી ગરમી લાગી ગઈ તો એને જરી (એવું થઈ ગયું કે), અરે! નિગોદના જીવનું શું થતું હશે? એમ થયું. એક જીવ છે નિગોદ. બટાટા છેને? એમાં એક શરીરમાં અનંત જીવ છે. એવો એક શબ્દ બોલ્યા ૮૬ની સાલમાં. અરે! નિગોદના જીવ ... શું થતું હશે? શું થયું? કીધું. ... સહન ન થયું, સહન ન થયું. ૧૦૭ ડિગ્રી હતો તડકો. ચૈત્ર મહિનો અને ૮૬ની સાલ, સંવત્ ૧૯૮૬. એય..! હિંમતભાઈ! તમે તો તે દિ' નાના-નાના હશો. હરગોવિંદભાઈ હતા. તે દિ' તો હરગોવિંદભાઈ કણબીવાડમાં રહેતા, કણબીવાડમાં રહેતા. તમને ખબર નહિ હોય. કણબીવાડમાં રહેતા, મેડી ઉપર રહેતા. નહિ કણબીવાડ? આઘે રહેતા મેડી ઉપર. ઘણા વર્ષ થયા. એ એવી ગરમી લાગી. આમ તો પોસ્ટ માસ્તર હતા. એકનો એક દીકરો હતો એ ગુજરી ગયો એકદમ. શું કહેવાય? મોતીઝરો તાવ કહેવાય. એ વખતે હોં! ૮૫ની સાલ. સવાસોનો પગાર હતો. ૮૫ની. અત્યારે તો હવે બહુ સવા સોની કાંઈ ગણતરી નહિ. એક હજારનો પગાર હોય અત્યારે તો ત્યારે સવાસોનો પગાર ગણાય. રતિભાઈ! ખરેખર તો ૧૬ ગણું થઈ ગયું, ૧૬ ગણો ભાવ થઈ ગયો. એ વખતે (૧૦૦) હોય, એ વખતે ૧૦૦ અને અત્યારે હોય ૧૬૦૦. એ વખતે વૈરાગ્ય થઈ ગયો હતો તો છોડી દીધું. અહીં આવે છે. એમાં આ ગરમી લાગી. અરે! એકેન્દ્રિય જીવને આ

સંસાર ક્યારે છૂટશે? આહા..હા..! શું થયું? દુઃખનો અંદર ખ્યાલ આવી ગયોને. બહુ દુઃખ થયું, અણગમો (થઈ ગયો). ... પડવા માંડ્યું હેઠે. સહન ન થયું. એ તો સાધારણ ગૃહીત મિથ્યાદૃષ્ટિની દશા હતી.

આ તો મુનિની દશા સમ્યગ્દર્શનપૂર્વક અંતરમાં ચારિત્રની રમણતા હોય, બાહ્યમાં નગ્ન દશા હોય છે. એમને એવો પ્રસંગ બની જાય અને પાણી લેવાનો ભાવ થઈ જાય, એને માટે બનાવેલું હોય અથવા કલ્પના થઈ જાય કે અરે..! આમ હોય તો ઠીક, આમ હોય તો ઠીક. (એનાથી) છેદ થાય છે. એ રાગ આવ્યો તો એની હિંસા થાય છે. આત્માના ચૈતન્યપ્રાણની હિંસા થાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. બદલાઈ જાય. તીવ્ર એવો (રાગ) આવી જાય. સમજાણું કાંઈ?

અહીં તો સમય-સમયનો વિવેક બતાવે છે ભગવાન. પરમેશ્વરના જ્ઞાનમાં સર્વજ્ઞ પરમેશ્વર જેને એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જણાયા. કહે છે કેમ કે આત્મામાં જેમ જ્ઞાન કહ્યુંને, જેમ આનંદ કહ્યોને, ચણામાં મીઠાશ એમ આત્મામાં જ્ઞાન અને આનંદ પરિપૂર્ણ ભરેલા છે. વસ્તુ શક્તિરૂપ, સત્ત્વરૂપ, સ્વભાવરૂપ, ભાવરૂપ. એવો સર્વજ્ઞ સ્વભાવ આત્માનો મૂળ છે. એ સર્વજ્ઞ સ્વભાવમાં એકાગ્ર થઈને, અનુભવ થઈને, લીન થઈને જ્યારે સર્વજ્ઞપદ શક્તિ છે એ વ્યક્ત પ્રગટ થાય છે ત્યારે તેને ત્રણ કાળ ત્રણ લોક જણાય છે. એવી પૂર્ણ દશાને પરમાત્મા કહે છે. એવા પરમાત્માને ત્રણ કાળ, ત્રણ લોક જણાયા તો એના સાધુપદની મર્યાદા શું છે એ વાત કહે છે. આમ સાધારણ લોકો સાધુપણું માની લે, બહારથી ત્યાગ છે, બાવા હોય, જોગી હોય, જંગલમાં રહે, નાગા થાય ને આ સાધુ છે. એવા સાધુ છે નહિ એમ કહે છે અહીંયાં તો. સમજાણું કાંઈ? કેટલાક તો જૈનના સાધુ અને અન્યના સંત એમ લગાવે છેને?

મુમુક્ષુ :- અધ્યાત્મ સંત.

ઉત્તર :- અધ્યાત્મ સંત. સંત કોઈ છે જ નહિ, સાંભળ તો ખરો. સર્વજ્ઞ વીતરાગદેવ સિવાય, એની દૃષ્ટિ, એના અનુભવ સિવાય કોઈ સંત ત્રણ કાળમાં બીજે ઠેકાણે હોતા નથી. સમજાણું કાંઈ? જેની દૃષ્ટિમાં વિપરીતતા છે તે પરને સંત માને છે. અમારે છેને ભાઈ આ નહિ? ગંગવાળ. ગંગવાળ છેને, મોટા અધિકારી છે ભોપાળમાં. ... મોટા. એના બંગલામાં જ ઉતરતા ભોપાલ જઈએ ત્યારે. ગાયન ગાવાનો શોખ બહુ. પાંચ-પાંચ હજાર, દશ હજારમાં એવા ગાય. એમાં કરતાં... કરતાં... કરતાં... સંત નાખે અંદરમાં ભેગા. એ પછી ખાનગી કહ્યું હતું એને ઉજ્જૈનમાં. લાલચંદ શેઠ હતાને કરોડપતિ? ... આહાર કરતા હતા.. કીધું. ભાઈ! કીધું ગંગવાળ શું નામ? ..લાલ. આપણે આવી ગયા છે. ..લાલને કહ્યું જુઓ આ તમે કહો છો એવું નથી. તમે વીતરાગમાર્ગની વાત કરતાં-કરતાં અન્યમાં સંતપણું બતાવો છો

એ વસ્તુનું સ્વરૂપ નથી. લ્યો! આહા..હા..! આટલા ભણ્યા-ગણ્યા. ભણ્યા-ગણ્યા શું ભણ્યા-ગણ્યા? સમજાણું કાંઈ? બહારમાં ભજન એવું ગાયને, ઓલાને સમન્વય લાગે. સમન્વય સમજાણું? આપણામાં છે, પરમાં (પણ છે). પણ એવો સમન્વય થતો નથી.

અહીં એ કહે છે કે મુનિપણાની દશા આવી હોય છે. એ સિવાય વસ્ત્રનો તાણો હોય અને મુનિપણું માને તો મુનિપણાની દૃષ્ટિની ખબર નથી. સંત ક્યાંથી આવ્યા? અહીં તો કહે છે કે પોતાના સ્વરૂપની દૃષ્ટિ થઈ, ચારિત્ર રમણતા થઈ અને અઠ્યાવીશ મૂળગુણનો, પંચ મહાવ્રતનો વિકલ્પ બરાબર છે. એનાથી આગળ વધીને જો જરીયે અશુદ્ધ ઉપયોગ થઈ જાય, એના પ્રયત્ન આચારની વિધિથી જરી રાગમાં આગળ વધી જાય તો હિંસક છે. પોતાના ચૈતન્ય ભાવપ્રાણની હિંસા કરે છે. પર જીવ મરો, ન મરો એની સાથે સંબંધ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવું ચારિત્ર લીધા વિના મુક્તિ નથી કદી હોં! વાતું કરે ત્યાં બહારમાં. લાડવા ખાવા અને મોક્ષમાં જાવું એમ બેય નહિ બને. ચંદુભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કાંઈ વાંધો નહિ. એ તો જેને દર્શનની ખબર નથી હજી. સમ્યગ્દર્શન શું ચીજ છે એની ખબર નથી. સમજાણું કાંઈ? એને તો એમ કે આ બહારના વ્રતને એ લો. અમે લઈએ છીએ એમ લ્યો. તો એનું નામ તપ, એનું નામ ચારિત્ર. એ માટે એ બોલે છે.

મુમુક્ષુ :- એની માન્યતા બોલાવે છે.

ઉત્તર :- એની માન્યતા બોલાવે છે. એ કાંઈ એનાથી વિરુદ્ધ નથી બોલતા. એની માન્યતાથી વિરુદ્ધ નથી બોલતા. વસ્તુથી તો વિરુદ્ધ છે. ખોટો ભાવ છે પણ ખોટાની અપેક્ષાએ તો ખોટો સાચો છેને? છે કે નહિ? નથી?

મુમુક્ષ :- ખોટા તરીકે...

ઉત્તર :- ખોટા તરીકે પ્રસિદ્ધિ કરે છે કે આ પ્રમાણે ખોટું એ અમારું સાચું એમ. એ માર્ગ તો એવો છે ભાઈ! શું થાય? એવો સૂક્ષ્મ માર્ગ છે કે એક અહીંયાં, બાપુ! તારે મુક્તિ જોઈએ, આનંદ જોઈએ, જન્મ-મરણનો નાશ કરવો છે તો તારે આત્માનો પહેલા સમ્યગ્દર્શન અનુભવ કરવો પડશે. જ્ઞાનજ્યોતિ પ્રગટ કરવી પડશે. પછી પણ સ્વરૂપમાં રમણતા પ્રગટ કરવી જોઈએ. એ સ્વરૂપમાં રમણતા પૂર્ણ જ્યાં સુધી ન હોય ત્યાં સુધી તેમાં અઠ્યાવીશ (મૂળગુણ), પંચ મહાવ્રતાદિનો શુભરાગ હોય તો એ ભૂમિકાને યોગ્ય ગણીને તેને શુદ્ધ વેપારમાં ગણવામાં આવ્યો. શુદ્ધ એટલે એ ભૂમિકાને યોગ્ય. પણ એનાથી આગળ વધીને એના માટે બનાવેલો આહાર, કોઈ પાટ, કોઈ મકાન, કોઈ ઓરડી, કોઈ રૂમ. સમજાણું કાંઈ? એનો ઓથ લે ટાઢ બહુ ઠંડી હોય. તો કહે છે કે એ પોતાનો અપ્રયત્ન આચાર થયો. આહા..હા..! સમજાણું કાંઈ? હિંસક થઈ ગયો, અંતર છેદ થયો, આત્માના આનંદનો ભંગ થયો એમ કહે છે. એય..! મલુકચંદભાઈ! હવે આમાં રૂપિયામાં કેટલું રહેવું? કેટલું સુખ હશે! ઓલું

પૂજ્યપાદસ્વામીએ કહ્યું છે નહિ આમાં શું કહેવાય? ઈષ્ટોપદેશમાં. કહ્યું છે. કે ધનમાં કાંઈક સુખ દેખાય, આ લક્ષ્મી હોય તો નિરોગતા, ડોક્ટર બોલાવાય, પૈસા આવે, આ થાય. નટુભાઈ! કહો, માટે પૈસા.. ઈષ્ટોપદેશ છેને આ? એમાં એમ છે.

કહે કે જો પૈસા હોય તો અનાજ સારું મળે, મકાન સારા મળે, રહેવાનું સારું મળે, તો એટલી તો શાતા મળેને. એટલું તો સુખ મળે કે નહિ? ચંદુભાઈ! ધૂળેય નહિ સાંભળને માળા. તારા ધૂળમાં ક્યાં હતું? એમાં સુખ હતું કે દિ'? સુખ તો ભગવાન આત્મામાં છે અને પરમાં સુખ માનવું એ તો મહા ભ્રમણા, પાપી, અજ્ઞાન છે. પોતાના સ્વરૂપમાં આનંદ છે એમ ન માનતા પરથી મને આનંદ છે, મહા જૂઠો-અસત્ય સેવન કરનાર છે. આહા..હા..! અસત્ય સેવન કરનાર શ્રદ્ધા કીધીને. એય..! મલુકચંદભાઈ! એક વિચાર આવ્યો હતો કીધું. આ નહોતું આવ્યું આ કરવું છેને તમારે? ... કીધું નિહાલભાઈને એટલું .. બાપનું ન માને? દીકરો છેને.

મુમુક્ષુ :- છોકરાઓ તો સ્વતંત્ર જ હોયને.

ઉત્તર :- છોકરાઓ તો સ્વતંત્ર જ હોયને. લ્યો તમારે સ્વતંત્ર હશે? સુમનભાઈ! આના દીકરા છેને. આઠ હજારનો પગાર મહિનાનો. એસોમાં ગયા. હમણા ત્યાં ગયા છે. બેલ્જિયમ ગયા છે. ત્યાં સાથે હોય તો તો પગ દાબે એવું કરે હોં! આહા..હા..! પગ તો જડ છે. એનો બાપ છે? અને આત્મા બાપ છે એનો? બાપ કોણ ને દીકરો કોનો અહીંયાં?

ભગવાન આત્મા આનંદકંદસ્વરૂપ એ રાગનો નથી તો એ વળી પુત્ર અને બાપનો ક્યાંથી થયો એ? સમજાણું કાંઈ? આહા..હા..! એ તો શાશ્વત વસ્તુ છે. પરિણામ બદલતા-બદલતા મિથ્યા ભ્રાંતિ કરતાં-કરતાં ચાર ગતિમાં રખડે છે. સમજાણું કાંઈ? ભગવાન શાશ્વત વસ્તુ છે, સચ્ચિદાનંદ પ્રભુ નિત્યાનંદ છે. અણકરેલ, અવિનાશી, સ્વભાવથી સંપૂર્ણ ભરેલ. અણકરેલ એટલે ગયા કાળમાં નહિ કર્યું, ભવિષ્યમાં નાશ ન થાય, વર્તમાનમાં પૂર્ણ આનંદ સ્વભાવથી ભરપૂર ભરેલો છે. એવા આત્માના અંતરમાં અનુભવ કરીને દૃષ્ટિ કરવી અને વેદન કરવું તેનું નામ પ્રથમ સમ્યગ્દર્શનનો ધર્મ કહેવામાં આવે છે. આહા..હા..! પૈસામાં ધૂળમાં... આ શરીર માટી ધૂળ આ છે લ્યો! એમાં સુખ છે? 'પહેલું સુખ તે જાતે નર્યા' લ્યો આ મૂઢ લોકો કહે છેને.

મુમુક્ષુ :- એ તો શરીરની વાત છે.

ઉત્તર :- તો આ એ જ વાત ચાલે છેને શરીરની. 'પહેલું સુખ તે જાતે નર્યા.' શરીર નિરોગી હોય તે સુખ. 'બીજું સુખ ઘેર ચાર દીકરા.' તમારે ચાર છે. 'ત્રીજું સુખ સુકૂળની નાર.' સારા કૂળની નાર અને 'ચોથું સુખ કોઠીએ જાર.' ધૂળેય નથી કાંઈ એકેય. આહા..હા..! અજ્ઞાનીના આ સુખ. ભગવાન આત્મામાં સુખ—જ્ઞાનનું સુખ, આનંદનું સુખ. આનંદનો આનંદ, શ્રદ્ધાનો આનંદ, જ્ઞાનનો આનંદ, શાંતિનો આનંદ, ચારિત્રનો આનંદ, અસ્તિત્વનો આનંદ,

અનંતગુણનો આનંદ. એવો ભગવાન આત્મા અંતર બિરાજમાન છે. એવી અંતરમાં દૃષ્ટિ અનુભવ કરીને પછી સ્વરૂપની રમણતા કરવા જ્યારે ચારિત્ર અંગીકાર કરે છે તો નગ્નદશા થઈ જાય છે બહાર. વનમાં ચાલ્યા જાય છે અને તેને પંચમહાવ્રતનો શુભરાગ ભૂમિકાને યોગ્ય આવે છે. તો કહે છે કે એટલી મર્યાદામાં રહે ત્યાં સુધી તો પૂર્ણ મુક્તિના સાધકમાં બાધક છે નહિ. સમજાણું કાંઈ? પણ એટલી મર્યાદા છોડીને એ ભૂમિકાને યોગ્ય નથી એવો આહાર, પાણી, સુવાનું પાટ-પાટલા, મકાન એવી કોઈ ચીજ એને માટે બનાવેલી તેને લેવાનો ભાવ, વાપરવાનો ભાવ થયો, સમજાણું કાંઈ? એ અપ્રયત આચાર છે. હિંસાનો આચાર છે. આહા..હા..!

જુઓ, '**કારણ કે છ કાયના પ્રાણોના વ્યપરોપના આશ્રયે થતાં બંધની પ્રસિદ્ધિ છે;...**' આહા..હા..! જ્યાં એ ભૂમિકાને ન યોગ્ય—અનુચિત એવો રાગ થયો તો, કહે છે કે છ કાયની હિંસાનો કરનાર છે એમ કહે ભાઈ અહીં તો. આહા..હા..! '**છ કાયના પ્રાણોના વ્યપરોપના આશ્રયે થતાં બંધની પ્રસિદ્ધિ છે;...**' એને તો બંધ જ થશે. આવરણ થશે, બંધ થશે, એ ભૂમિકાની યોગ્યતાથી ખસ્યો તો છ કાયની હિંસા (થશે). છ કાય એટલે? છ પ્રકારના જીવ છે. એક પૃથ્વી છે પૃથ્વી. માટી છેને માટી? એની એક કણી એટલી લ્યો. એ દેખાય છે શરીર, એમાં દેખાય છે શરીર, પણ અંદર આત્મા જેમ ભિન્ન છે. એવી એક માટીની કણી લ્યો તો એમાં દેખાય છે શરીર અસંખ્ય ઔદારિક. એક-એક ઔદારિક શરીરમાં એક-એક જીવ છે. સમજાણું કાંઈ? પોતાનું સ્વરૂપ હારીને પૃથ્વીમાં ચાલ્યો ગયો. અગ્નિ. આહા..હા..! લોકોને ક્યાં ખબર છે? પથ્થર ખોદે છેને? અંદરથી કાઢે છેને? તો એની એક કટકી એટલી રાઈ જેટલી હોય પ્રત્યેક અંદરથી નીકળે. પગ આવી જાય, ધ્યાન ન રહે અને પ્રમાદ આવી જાય તો એની હિંસા થાય છે. તો એની હિંસા કરનારને છ કાયની હિંસા કરનાર છે એમ કહે છે અહીંયાં તો. આહા..હા..!

પૃથ્વી જીવ છે અને અગ્નિ જળ (આદિ) પાંચ (સ્થાવર) જીવ છે. આ સમુદ્રનું, કૂવાનું પાણી હોયને. આ ઉપરથી વરસે છે. એક કણીની આટલી ફૂલીમાં અસંખ્ય જીવ છે. અસંખ્ય શરીર છે અને એક-એક શરીર દીઠ એક-એક જીવ છે. એ અત્યારે બધી પ્રસિદ્ધિ યુક્તિથી, લોજિકથી ન કહી શકાય. અહીં તો છે એટલી વાત ચાલે. એમ બધી યુક્તિથી વાત સિદ્ધ થાય છે. સમજાણું કાંઈ? અને અગ્નિ. અગ્નિની એક-એક દીવાસળી છેને? એમાં એટલો ભડકો થાય તેમાં અસંખ્ય જીવ છે. એક શરીરમાં એક જીવ એવા અસંખ્ય જીવ છે એક કણમાં. આ બીડી પીવે છેને. પછી નાખી દે છેને. એમાં ... પડે નાની તો એમાં અસંખ્ય તો ઔદારિક શરીર છે, એક-એક શરીરમાં એક-એક જીવ છે.

વાયુ. આ વાયુ-પવન છેને. એમાં જીવ છે અંદર. આ ઠંડુ-ઉનું લાગે એનું શરીર. અંદર અસંખ્ય જીવ છે. વનસ્પતિ. આ લીમડો પીપળો, આ કારેલા, ઘીંસોડા, લીલું ઘાસ. એક-

એક કટકીમાં અસંખ્ય જીવ છે. એ છ ઢાળામાં આવે છે. સમજાણું કાંઈ? અને એનું જે ફૂલ છે અને લીલ કાઈ છે. લીલ-ફુગ-કાઈ. પાણી ઉપર ગોદડું થાય છેને? કાઈ. કાઈ. તો એક કટકી એટલી લ્યો તો એમાં અસંખ્ય ઔદારિક શરીર છે અને એક શરીરમાં અત્યાર સુધી અત્યાર સુધી જે સિદ્ધ થયા એના અનંતગુણા જીવ છે. આહા..હા..! પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ. ત્રસ એટલે બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય, પંચેન્દ્રિય. એકેન્દ્રિય હોય છે (એને) એક જ ઇન્દ્રિય છેલ્લી. એનાથી આગળ વધીને એક શરીરમાં જીવ થાય છે. ઇયળું આદિ. ઇયળું હોયને શરીર અને મોઢું બે. એને નાક, આંખ, કાન ત્રણ ન હોય. એનાથી આગળ વધીને ત્રણ ઇન્દ્રિય હોય છે. આ કીડી, મકોડા તેને શરીર મોઢું, નાક છે. આંખ, કાન નથી હોતા. એનાથી આગળ વધીને ચાર ઇન્દ્રિય હોય છે. આ માખી, પતંગિયા, ફુદા. તેને ચાર ઇન્દ્રિય છે. કાન નથી. આગળ વધીને આ મનુષ્ય, પશુ, નોળ, કોળ, .. નારકી, દેવ તેને પાંચ ઇન્દ્રિય હોય છે. એવી જીવની જાત છે. એમાં કહે છે કે પોતાની યોગ્યતાથી આગળ વધીને એક મારવું થયું. જીવને. સમજાણું કાંઈ? તો તેને છ કાયની હિંસા કરનાર કહેવામાં આવે છે. આહા..હા..! વાત એવી છે, ભાઈ! ઝીણી વાત છે. સમજાણું કાંઈ? અત્યારનો અધિકાર જરી સૂક્ષ્મ છે. ઘણો અભ્યાસ હોય... સમજાણું કાંઈ?

છ કાય છે. પોતાનો આત્મા એમાં આવ્યોને? ત્રસ. એ પણ પોતાના આત્માની ભૂમિકાને યોગ્ય ન રહ્યો તો પોતાના આત્માની હિંસા થઈ. પોતાની થઈ તો છ કાયની હિંસા કરનાર થયો એમ ભગવાન ફરમાવે છે. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? જરી કંઈક પણ અનુકૂળતામાં સુખબુદ્ધિની ઝાંય આવી જાય, એમ કહે છે. આમ એક .. આવ્યું. .. સમજાણું કાંઈ? બહુ ઠંડીમાં તડકો આવ્યો અને બહુ ગરમીમાં ઠંડી હવા આવી. અંદરમાં એ તરફનો આસક્તિનો જરી તીવ્ર રાગ આવ્યો તો, કહે છે કે હિંસા થઈ. આત્માની હિંસા થઈ એમ કહે છે. ભારે વાત ભાઈ! આત્માની હિંસાનો અર્થ? કાંઈ એના ગુણ અને દ્રવ્ય હણાતા નથી. એની અવસ્થામાં હીણાપણાની દશા હોય તેનું નામ હિંસા કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું વર્ણન અલૌકિક સર્વજ્ઞ પરમેશ્વર સિવાય ક્યાંય હોય છે? બ્રહ્મચારીજી! ક્યાંય હોતું નથી. ક્યાં નથી. કોઈની સાથે મેળવે.

મુમુક્ષુ :- અહિંસા કોને કહે છે...

ઉત્તર :- એની પણ ખબર નથી. જાણે નહિ. ખબર નથી. અરે! કોને છ કાય જીવ કહીએ? એ જીવ છે, એક આત્માની એક સમયની પર્યાયમાં છ દ્રવ્ય જાણવાની તાકાત છે. છ દ્રવ્ય અનંત છે. ત્રણ કાળ, ત્રણ લોકમાં પર્યાયસહિત છે દ્રવ્ય વસ્તુ એને જાણવાની શક્તિ છે. તો એક પર્યાયમાં એટલું પણ હજી માને નહિ તો તેને સમ્યગ્દર્શન થતું નથી. અને સમ્યગ્દર્શન વિના સાધુપણું હોતું નથી અને સાધુપણા વિના એને અઠ્યાવીશ મૂળગુણની

દશા પણ થતી નથી અને અઠ્યાવીશ મૂળગુણની દશા વિના આગળ વધીને બીજી દશા માને છે તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! ભારે કામ ભાઈ! જંગલના બાવા જોગી હોં આમ લાગે એવા નગ્ન આદિ જાણે. મેં તો ઘણું જોયું છેને. એક અમારે બોટાદમાં હતા.

મુમુક્ષુ :- .. પ્રતિમાધારી તો હોયને.

ઉત્તર :- પ્રતિમાધારી કેવા હોય? મિથ્યાદૃષ્ટિ હોય છે. અમારે ત્યાં બોટાદમાં આવ્યા હતા. ઘણા વર્ષ પહેલાંની વાત છે. એક નગ્ન સાધુઓની ટોળી. હોય છેને બાવા આવે છેને? નગ્નબાવા. તો અમે જંગલ જાતા હતા. મેં જોયું આ શું છે? તો એ બિચારા બોલ્યા .. નગ્ન કાંઈ ભાન ન મળે. રાખ ચોપડેલી અને નગ્ન બાવા અક્કલ ન મળે કાંઈ. રાગ શું? શરીર શું? આત્મા શું? કાંઈ ન મળે. લોકો તો ઓહો..હો..હો..! એમ કરતા હતા. .. મૂળચંદભાઈ સાથે હતા ઘણું કરીને. મૂળચંદભાઈ હતાને સાથે. ચાલો .. જોતા. બધા આદર કરતા હતા. આ જૈનના સાધુ છે. ઓહો..હો..! કાંઈ ખબર ન મળે. અરેરે! અને વાતું કરે વૈરાગ્યની એવી. એવું શરીરમાં થાય તો શું છે? ટૂકડા થઈ જાય તો શું છે? પણ હવે પણ શરીરના ટૂકડા તો તું કોણ છો? કેટલી શક્તિવાળો, કેટલી અવસ્થા તારામાં અને કેટલી શુદ્ધતા છે, અશુદ્ધતા કેટલી બાકી છે એની તો કાંઈ ખબર નથી. સમજાણું કાંઈ?

અહીં તો પરમેશ્વર વીતરાગ સર્વજ્ઞદેવના પંથમાં ... એનો પંથ કોઈ નવો નથી. એ તો વસ્તુનું સ્વરૂપ એવું છે. આહા..હા..! ભગવાન આત્મા... કહે છે કે જે મુક્તિનું સાધન કરવા ચાલ્યા. મુક્તિનો અર્થ પોતાની દશામાં વિકારનો સર્વથા નાશ થવો અને પોતાની શક્તિમાંથી પૂર્ણ આનંદની, પૂર્ણ જ્ઞાનની વ્યક્તતા પ્રગટ થવી એનું નામ મુક્તિ. સમજાણું કાંઈ? એવી મુક્તિના સાધનમાં સાધુપદ થાય છે સાધન. એ સાધુની દશા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રપૂર્વક અઠ્યાવીશ મૂળગુણ હોય છે. એનાથી આગળ જઈને કંઈપણ જો અયતનાચાર થઈ, અશુદ્ધોપયોગ થયો. આહા..હા..! સમજાણું કાંઈ? એ ઠંડુ પાણી .. વરસાદનું પાણી. ગરમી બહુ હોય. તરસ લાગી હોય. તેમાં તીવ્ર રાગ થયો તો પોતાના સ્વરૂપની હિંસા થઈ એમ કહે છે. સમજાણું કાંઈ? અને એવી હિંસા કરનારો છ કાયની હિંસા કરનાર છે એમ કહે છે. એય..! પ્રવિણભાઈ! પ્રવિણભાઈએ બહુ વાંચ્યું છે બધું ઘણું. રામ કોને કહેવા અને આત્મા કોને કહેવા કાંઈ ખબર વિના. આહા..હા..!

અહીં તો કહે છે કે '**છ કાયના પ્રાણોના વ્યપરોપના...**' વ્યપરોપ એટલે હિંસા, નાશ. એવા '**આશ્રયે થતા બંધની પ્રસિદ્ધિ છે;...**' ત્યાં તો બંધન થાય છે. મુનિની દશાને યોગ્ય ન રહેતા કંઈપણ શાતાશીળિયા. શાતાશીળિયા સમજો છો? અમારી કાઠિયાવાડી ભાષા છે. શાતા નામ અનુકૂળમાં જરા પણ અંદરમાં ઠીક એમ થયું. અમારી કાઠિયાવાડી ભાષા છે એ શાતાશીળિયા. શાતામાં એવો સ્વભાવ ન લે ઠીક છે એમ. સ્વભાવ. આહા..હા..! એય..! દીપચંદજી! જુઓ, મુનિપણું! આહા..હા..!

મુમુક્ષુ :- .. નો ભાવ થયો.

ઉત્તર :- ધૂળમાંય ભાન નહોતું શું ભાવ થાય? ભાન કે દિ' હતું? એય..! દીપચંદજી! સાધુ થવાના હતા. નગ્ન સાધુ થવાના હતા. ભાન કોને? નગ્નદશા કોને કહેવી? આત્મદશા કોને કહેવી? સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા એણે કહેલો આત્મા અને એને કહેલા અનંતગુણ અને એને કહેલા એક એક ગુણની એક સમયની અનંતી પર્યાય. આહા..હા..! સમજાણું કાંઈ? એ બધું કોઈ (બીજે) સ્થાને હોઈ શકે જ નહિ. સમન્વય કોની સાથે કરવો? એય..! એને પણ સારુ બહુ લાગે હોં! માણસ ભેગા બહુ થાય. આહા..હા..! મહારાજ તો બરાબર સમન્વય કરે છે. તમારામાં પણ છે, અમારામાં પણ છે, સમન્વય છે. .. કહેતા હતાને તમે નહિ? નહિ ઓલા પ્રોફેસર? મોક્ષ.. હા મોક્ષ તો હોય. શ્વેતાંબર કોક કહેતું હતું ભાઈ. એને પૂછતા હતા. આવા જૈનમાં રહેલાને પણ ભાન ન મળે. એમ કે આપણે આ કરીએ છીએ તપસ્યા એ બધું અને એ લોકો એને... લોપ.. ધૂળમાંય નહિ થાય સાંભળને. શરીર સુકાઈ જશે એનું નામ મોક્ષ. રખડશે બીજે. આહા..હા..!

ભાઈ! ચીજની સ્થિતિ શું છે? વસ્તુની મર્યાદા... વસ્તુ-દ્રવ્ય, એવી શક્તિ, દ્રવ્ય એટલે વસ્તુ, એની શક્તિ ગુણની સંખ્યા અનંત અને એની વર્તમાન દશાનું પર્યાયરૂપ કાર્ય અને તે ભૂમિકા મુનિને યોગ્ય ભૂમિકા કેવી છે? ધર્મની પર્યાય અને એમાં વિકલ્પની મર્યાદા કેટલી છે કાંઈ ખબર નહિ ને સાધુપણું આવી જાય. સમજાણું કાંઈ? બહુ અહીંયાં તો આચાર્ય મહારાજ સ્પષ્ટ કરે છે. દુનિયાની પ્રસિદ્ધિ કરે છે. આહા..હા..! કહે છે, અમારો માર્ગ યથાનુભૂત અમે સાધુપદની વ્યાખ્યા કરીએ છીએ. અમારા અનુભવમાં છે એમ અમે કહીએ છીએ. જુઓ, ચારિત્રવંત સંત છે કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય. અમારી રમણતા સહિતમાં જેટલો વિકલ્પ ઉઠે છે એની દશામાં અમે છીએ એ અમારું યથાનુભૂત મુનિપણું છે. ભગવાન કહે છે તો છે એમ નથી. અમારી અનુભૂતિમાં છે. એનાથી આગળ વધીને જરા પણ... સમજાણું કાંઈ? શાકમાં મીઠું જરા વધારે હોય, લવણ-લવણ આવી જાય શાકમાં. જરી એવો વિકલ્પ આવ્યો (કે) આમાં મીઠું નાખતા ન આવડ્યું. થોડું ખારું થઈ ગયું.

મુમુક્ષુ :- .. ન આવ્યું.

ઉત્તર :- ન આવ્યું? શાક નહિ શાક? શાક આવ્યુંને એમાં મીઠું ઓછું થયું. મીઠું નથી. થોડું મીઠું વધારે નાખતને. એ રાગની તીવ્રતા છે. સમજાણું કાંઈ? એ ભૂમિકાનો અપ્રયત્ન આચાર છે. આહા..હા..! ભારે કામ ભાઈ! સમજાણું કાંઈ? તેમ જળ, અગ્નિ, તેમ વનસ્પતિ દરેક અને સાધારણ તેમ ત્રસ સૂક્ષ્મ. સૂક્ષ્મ ત્રસ એટલા છે કે પાણીમાં... ગરણું-ગરણું કહે છેને? છન્ના. ગાળવાનું કપડું. એમાં પાણી નાખો તો પણ એમાંથી અંગુળના અસંખ્યમાં ભાગે એટલી મચ્છી આવે તે નીકળી જાય અંદર. એવી ચીજ છે. પણ એ .. પરિહાર છે. સમજાણું? આહા..હા..! કેમકે મચ્છની સ્થિતિ ભગવાને અંગુલના અસંખ્યમાં ભાગે નાની અવગાહના

કહી છે. અસંખ્ય મચ્છ હોય ત્યારે તો એક ચોખાનો સંખ્યાતમા ભાગનો કટકો થાય છે. એટલી અવગાહનાની છે. આહા..હા..! અસંખ્ય મચ્છ એકઠા થાય ત્યારે એક ચોખાનો દાણો હોયને ચોખા? ચોખાનો સંખ્યાતમા ભાગનો ટૂકડો થાય એટલા. એમાં અસંખ્ય મચ્છ આવી જાય. આહા..હા..! જુઓ, એ ભગવાનનો માર્ગ! આત્માનો માર્ગ હોં! એ ભગવાનનો માર્ગ. સમજાણું કાંઈ? એ તો ખબર પણ નથી શું છે? જીવ કેટલા છે? અને એવી ખબર વિના એમ ને એમ ચાલે. જંગલ જાય ત્યાં વનસ્પતિ નીચે હોય. લીલોતરી અસંખ્ય છે. એમાં જંગલ જાય તે અપ્રયત્ન આચાર છે. આ .. લખ્યું છે. આ જંગલ વનસ્પતિ ઉગે છેને લીલી? હોય લીલી એક એક કટકીમાં અસંખ્ય. નવી ઉગે છે એમાં તો અનંત. .. માં અનંતા. આહા..હા..! એ કહે છે. કે પોતાની ઈર્યાસમિતિ આદિનો વિકલ્પ છે એ તો બરાબર છે. એનાથી આગળ જઈને જરી પણ .. બીજો થઈ ગયો. આહા..હા..!

મુમુક્ષુ :- અશુભોપયોગ

ઉત્તર :- અશુભોપયોગ થયો. હિંસા થઈ. બંધન થયું એ. કર્મનું બંધન થાય છે. મુનિપણું રહેતું નથી. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? મુનિને કહે છેને. આગળ કહેશે. ઉણોદરી. મુનિ ધર્માત્મા ઉણોદરી રાખે છે. પૂરું પેટ નથી ભરતા. પૂરું પેટ ભરે તો તો પ્રમાદ અને હિંસા થઈ જાય. આહા..હા..! એક વખતે લેવો, બીજી વખત નહિ, પાણી પણ નહિ એમ કરીને વિશેષ પાણી લે, ઉણોદરી ન કરતા વિશેષ લે તો મુનિની યોગ્યતા નથી રહેતી. આગળ કહેશે. એ અશુદ્ધોપયોગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એય..! વજુભાઈ! આવે ત્યારે તો વાત ચાલેને. આહા..હા..!

.. એમાં આવ્યું, પેટ થોડું ન હોય તો અત્યારે ગરમી બહુ છે. રાતે તરસ લાગે તો થોડું વિશેષ પાણી પી લે. હોય નિર્દોષ પાણી. સમજાણું? એના માટે બનાવેલું ન લે. બનાવેલું લે તો તો સાધુ જ નથી. અહીંયાં તો નિર્દોષ છે પણ એમાં એમ થયું કે થોડું પાણી વધારે નાખી દઉં તો રાતે ગરમી ન લાગે. એમ પોતાની ભૂમિકામાં ન જોઈએ. એવો રાગ આવ્યો તે અપ્રયત આચાર છે, હિંસા છે, છ કાયની હિંસા કરનારો છે અને બંધન છે એમ કહે છે. આહા..હા..! એવો માર્ગ પણ માર્ગ. સમજાણું કાંઈ? એ અપ્રયત આચારમાં કહે છે એ.

'**અને અશુદ્ધોપયોગ વિના જે હોય છે એવા પ્રયત આચાર વડે પ્રસિદ્ધ થતો અશુદ્ધોપયોગનો અસદ્‌ભાવ અહિંસક જ છે,...**' જુઓ! સામે લીધું. પોતાનું સ્વરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત સ્વરૂપની રમણતા અને અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ એ તો પ્રયત આચાર છે, એ ભૂમિકાને યોગ્ય આચાર છે. એવી સ્થિતિમાં અશુદ્ધોપયોગનો સદ્‌ભાવ છે. તેને અહિંસક કહે છે. જુઓ, શુભરાગ છે, વિકલ્પની ભૂમિકા ૨૮ મૂળગુણ એવું જોઈએ એટલું. ધર્મની શુદ્ધ પરિણતિ છે તો તેને અહિંસક કહે છે. આ હિંસાની વ્યાખ્યા! આ તો પર જીવ મરે તો હિંસા માર્ગ, ન મારે તો અહિંસા. પરની સાથે શું કામ છે? તારા ભાવમાં.

આહા..હા..! આ બધા ન્યાયધીશથી આ જુદી-જુદી, ઝીણી વાત છે અહીંયાં. તમારા ન્યાયધીશ તો બધા સમજવા જેવા હોય. આહા..હા..!

કહે છે કે જ્યાં એ ભૂમિકાને આગળ જઈને જે ભાવ (હોવો જોઈએ) એ જ્યાં નથી. એવા આચારથી પ્રસિદ્ધ થનાર અશુદ્ધોપયોગનો અસદ્‌ભાવ .. છે તે અહિંસક છે. તેને અહિંસા કહેવામાં આવે છે. આહા..હા..! દશા તો જુઓ! આ તો પરને ન મારે, આમ છે ને તેમ છે તો અહિંસા છે. એ અહિંસાની વ્યાખ્યા છે જ નહિ. પોતાનો આનંદ અને ચૈતન્ય પ્રાણ ધ્રુવ અખંડાનંદ ભગવાન એની જતના ન કરતા, રાગની અને પરની જતના કરવા જાય તો હિંસા થાય છે. અહિંસાની વ્યાખ્યા જ દુનિયાથી જુદી છે. ઓહો..હો.!

મુમુક્ષુ :- કોઈને ખ્યાલ જ ન હોય.

ઉત્તર :- માર્ગ તો આવો છે. આ તો થોડી-થોડી વ્યાખ્યા ચાલે છે. જે કહે છે એમાં એ કહે છે. સમજાણું કાંઈ? ભૂમિકા જ્યાં નિર્મળ પરિણતિ પાંચમા ગુણસ્થાનને યોગ્ય અને છઠ્ઠે ગુણસ્થાનને યોગ્ય ત્યાં એ પ્રમાણે એના વિકલ્પની મર્યાદા હોય, એનાથી આગળ જાય તો એ ભૂમિકામાં હિંસા થાય છે. હિંસાથી બંધન થાય છે. આહા..હા..!

'**કારણ કે પરના આશ્રયે થતા લેશ પણ બંધનો અભાવ હોવાને લીધે,...**' એ વાસ્તવિક ભગવાન આત્માનો આનંદ અને સ્વરૂપની રમણતાની શાંતિ, આનંદ અને એ ભૂમિકાને યોગ્ય અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ છે તો એ જીવને '**પરના આશ્રયે થતા લેશ પણ બંધનો અભાવ હોવાને લીધે,...**' લ્યો! '**જળમાં ઝૂલતા કમળની માફક,...**' આહા..હા..! જળમાં હોવા છતાં કમળ નિર્લેપ છે. એના પાંદડા એવા કોરા છે. પાંદડાની રૂવાંટી કોરી હોય છે. પાણી અડે નહિ. રૂવાંટી સમજો છો? એની પાંદડા ઉપર હોય છેને ઝીણી... ઝીણી... ઝીણી... કમળના પાને ઝીણી રૂવાંટી હોય છે તે કારણે તેને પાણી અડે જ નહિ. એમ કહે છે જુઓ મૂળ પાઠમાં છે હોં! મૂળ પાઠમાં છે. '**कमलं व जले णिरुवलेवो।**' આહા..હા..! એ અઠ્યાવીશ મૂળગુણ હોવા છતાં નિર્લેપ કહેવામાં આવે છે. પોતાના આનંદસ્વરૂપની રમણતા આનંદની ચારિત્ર દશા છે, ત્રણ કષાયનો અભાવ છે અને અઠ્યાવીશ મૂળગુણ છે તોપણ તેને નિર્લેપ કહેવામાં આવે છે. એ ભૂમિકાને યોગ્ય છેને એ અપેક્ષાએ. અત્યારે તે ચાલે છે. સમયસારનો અધિકાર દર્શનપૂર્વક ચાલે છે મોક્ષ અધિકાર. ત્યાં તો કહે, પરની અહિંસા આદિ, પંચ મહાવ્રતના પરિણામ એ ઝેર છે. પ્રતિક્રમણ ઝેર છે, પ્રાયશ્ચિત લેવું, પાપ લાગે તે ઝેર છે. શુભરાગ છેને? વિકલ્પ છેને? વિકલ્પની વૃત્તિનું ઉત્થાન થાય છે. વૃત્તિ ઉઠે છે. સ્વરૂપમાં ક્યાં એ ચીજ છે? આહા..હા..! અહીં કહે છે કે એની મર્યાદામાં શુદ્ધ છે, અહિંસક છે, બંધ નથી, નિર્લેપ છે. કઈ અપેક્ષાથી ચાલે એ સમજવું જોઈએને. 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તે.' એક ઠેકાણે બધું હાંકે રાખે ગાડા, એમ ચાલે નહિ. આ તો વીતરાગમાર્ગ છે. આહા..હા..! આ તો સાધુ નામ ધરાવે એ બધા સાંભળ્યું નથી કોઈ દિ'.

વસ્ત્ર-પાત્ર રાખે અને સાધુ છે. આહા..હા..! એય..! અહીં તો કહે, વસ્ત્ર-પાત્ર છોડીને નગ્ન રહે અને એની ચારિત્રદશા હોય અને અઠ્યાવીશ મૂળગુણ હોય, એનાથી આગળ વધી જાય તો હિંસા થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? બંધ થાય છે.

'**જળમાં ઝૂલતા કમળની માફક,...**' ભાષા જુઓ, જળમાં ઝૂલતા. મુનિ પણ હાલે-ચાલે છેને બહારની ક્રિયાથી. જડની ક્રિયા છે એની ક્રિયા. હું તો જ્ઞાનાનંદસ્વભાવ છું. એમ પોતાના જ્ઞાતાદૃષ્ટાનું ભાન રાખીને અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ ઉઠ્યો તો, કહે છે કે જળમાં ઝૂલતા કમળ(ની જેમ)... પાછું એમ. આહા..હા..! એની માફક '**નિર્લેપપણાની પ્રસિદ્ધિ છે;...**' એ મુનિને લેપ નથી લાગતો એવી પ્રસિદ્ધિ થાય છે. '**માટે તે તે સર્વ પ્રકારે અશુદ્ધોપયોગરૂપ અંતરંગ છેદ નિષેધ—છોડવાયોગ્ય છે,...**' એ કારણે અંતરંગ રાગની તીવ્રતા થવી એ પૃથ્વી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, .. બુદ્ધિ આસક્તિનો ભાવ તો, કહે છે કે તે અંતરંગ છેદ છે. તેનો નિષેધ છે.

'**જે જે પ્રકારે તેના આયતનમાત્રભૂત પરપ્રાણવ્યપરોપરૂપ બહિરંગ છેદ અત્યંત નિષિદ્ધ હોય.**' એ કારણે કહે છે. ઓલો અંતરંગ નિષેધ થયોને? એમાં એ નિમિત્ત જે બહાર છે છ કાયની હિંસા આદિ. એનું આયતન માત્ર, નિમિત્ત માત્ર, સ્થાન માત્ર, ઉપચાર માત્ર પર છે. તો એનો .. બહિરંગ છે એ પણ નિષેધ છે. એમ. અહીં તો .. નિષેધ થયો તો એનો પણ નિષેધ સમજી લેવો. ઝીણી વાત ભારે ભાઈ! ચંદુભાઈ! સાંભળ્યું પણ ન હોય કોઈ દિ' આવું લ્યો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૧, સોમવાર, તા. ૩૦.૦૬.૧૯૬૯**
**ગાથા-૨૧૮ થી ૨૨૦, શ્લોક-૧૪, પ્રવચન-૧૯૬**

પ્રવચનસાર. ૨૧૮ ગાથા. એનો ભાવાર્થ છે ભાવાર્થ. અત્યારે અધિકાર સવાર કરતા જરી બીજી વાત છે. સવારે તો સમ્યગ્દર્શનનું પ્રધાનતાનું કથન હતું અને અત્યારે સાધુપણું. મોક્ષનું કારણ ચારિત્રદશા એના વિના મુક્તિ થાય નહિ એ ચારિત્રનું આચરણ નિશ્ચય કેવું હોય અને આ વ્યવહાર કેવો હોય એની વાત ચાલે છે.

ભાવાર્થમાં છે જુઓ, '**શાસ્ત્રમાં અપ્રયત-આચારવંત અશુદ્ધોપયોગીને છ કાયનો**

**હિંસક કહ્યો છે...'** શું કહ્યું? સાધુ થઈને તેની વિરૂદ્ધ આચરણ ન કરતા, અપ્રયત્ન આચરણ એટલે પ્રમાદ આદિમાં આચરણ કરે તો તેને અશુદ્ધ ઉપયોગી કહ્યો છે. તેથી તેને છ કાયનો હિંસક કહ્યો છે.

મુમુક્ષુ :- મુનિને હિંસક..

ઉત્તર :- હા, મુનિ નામ ધરાવે અને છ કાયની હિંસા, એ હિંસક છે. રાગના પરિણામને યોગથી વધારે કરે, ભૂમિકામાં જે પ્રમાણે જેવું ન હોય અને વધારે તીવ્ર રાગ કરે તો અશુદ્ધ ઉપયોગ મેલા પરિણામવાળો છે. તો તે હિંસા જ કરે છે, છ કાયની હિંસા કરનારો છે. આત્માનું સમ્યગ્દર્શન અને ચારિત્રની વીતરાગદશા અને એ પૂર્વક એને અઠ્યાવીશ મૂળગુણનો પંચ મહાવ્રતનો વિકલ્પ આદિ હોય તેને સેવા અને શુદ્ધોપયોગી કહ્યા છે. તેને અહિંસક કહ્યો છે.

**'તેથી શાસ્ત્રમાં જે જે પ્રકારે છ કાયની હિંસાનો નિષેધ કરવામાં આવ્યો હોય,...'** શાસ્ત્રમાં છ કાયની હિંસાનો નિષેધ કરવામાં આવ્યો હોય **'તે તે સર્વ પ્રકારે અશુદ્ધોપયોગનો નિષેધ સમજવો.'** ઝીણી વાત છે થોડી. ખરેખર તો અંદર આત્મામાં વીતરાગ પરિણામ અને શુભવિકલ્પ જે એની હદના છે, એથી આગળ જાય તો તે અશુદ્ધ ઉપયોગ છે, હિંસક છે, ચારિત્રનો છેદ કરનાર છે. ઝીણી વાત છે આકરી. **'તે તે સર્વ પ્રકારે અશુદ્ધોપયોગનો નિષેધ સમજવો.'** લ્યો એ ૧૮ ગાથાની ટીકા હતી એનો ભાવાર્થ થયો.

**'હવે, ઉપધિને (-પરિગ્રહને) એકાંતિક અંતરંગ-છેદપણું હોવાથી ઉપધિ અંતરંગ છેદની માફક છોડવાયોગ્ય છે એમ ઉપદેશે છે :—'** એ શું કહે છે? કે વસ્ત્ર-પાત્ર રાખવા એની મર્યાદા જે મુનિને વસ્ત્ર-પાત્ર ન હોય અને એને ઠેકાણે વસ્ત્રનો કટકો કે પાત્ર આદિની મર્યાદાથી કાંઈ વિશેષ રાખે તો તેને એકાંત બંધન છે. બંધન જ છે એને. એમાં સાધુપણું રહેતું નથી. આ ઝીણી વાત છે. એ કહેશે જુઓ, **'(-પરિગ્રહને) એકાંતિક અંતરંગ-છેદપણું હોવાથી...'** એની મર્યાદાથી જરીક વસ્ત્રનો કટકો તલતુષમાત્ર એટલું પણ જો વસ્ત્રને રાખે, એની હદમાં વસ્ત્રનો ટૂકડો પણ ન હોય મુનિને. મુનિની એવી દશા હોય છે. સમજાય છે? એની મર્યાદા સિવાય પરિગ્રહ રાખે. પરિગ્રહના ઘણા પ્રકાર હોય છે. શીશપેન હોય, ચશ્મા હોય. સમજાય છે? લાલટેન રાખે. લાલટેન રાખે જરી અજવાળામાં વાંચવા માટે, ઘડિયાળ રાખે, બેટરી રાખે—એ બધો પરિગ્રહ એકાંત બંધનું કારણ છે એમ સિદ્ધ કરે છે. **'અંતરંગ-છેદપણું હોવાથી ઉપધિ અંતરંગ છેદની માફક છોડવાયોગ્ય છે એમ ઉપદેશે છે :—'** કહે છે જુઓ હવે. ૨૧૯.

हवदि व ण हवदि बंधो मदम्हि जीवेऽध कायचेट्ठम्हि।
बंधो धुवमुवधीदो इदि समणा छड्डिया सव्वं।।२१९।।

**દૈહિક ક્રિયા થકી જીવ મરતાં બંધ થાય ન થાય છે,**
**પરિગ્રહ થકી ધ્રુવ બંધ, તેથી સમસ્ત છોડ્યો યોગીએ. ૨૧૯.**

એની ટીકા. જરી આ વાસ્તવિક તત્ત્વ ચારિત્ર શું છે અને સાધુપદ કેવું છે? સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ કેવળજ્ઞાનીએ જોયું તેનાથી ઓછું-વધતું અને અધિક વિપરીત ભાવ હોય તો તે સાધુ હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! સમ્યગ્દર્શનની વાત તો લોકોને જરી ઘણા વખતથી ચાલે એટલે જરી... એ તો અખંડ આનંદનો અનુભવ શુદ્ધ ચૈતન્યનો અનુભવ આનંદનો એનું નામ સમ્યગ્દર્શન. એ વિના ક્યાંય પણ દયા, દાન, વ્રતના વિકલ્પ રાગમાં ધર્મ માનવો એ મિથ્યાત્વભાવ અને અધર્મભાવ છે. સમજાય છે કાંઈ? અહીંયાં તો સાધુપદ જે ચારિત્રપદ છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માએ જોયેલું અને મુનિઓ અનુભવીને કહે છે કે અમારુ ચારિત્રપદ અને ચરણાનુયોગની દશા આવી હોય છે. એ રીતે એને જાણવું અને બરાબર શ્રદ્ધવું જોઈએ.

કહે છે '**જેમ કાયવ્યાપારપૂર્વક પરપ્રાણવ્યપરોપ અશુદ્ધોપયોગના સદ્‌ભાવ અને અસદ્‌ભાવ વડે અનૈકાંતિક બંધરૂપ હોવાથી તેને છેદપણું અનૈકાંતિક માનવામાં આવ્યું છે,...**' ભાષા એટલી બધી ઓલી (કઠણ છે). કહે છે કે આ શરીર છેને ચાલે એમાં કોઈ જીવ મરી જાય. એકેન્દ્રિય, બે ઈન્દ્રિય આદિ કોઈ જીવ, લીલોતરી તો કાયના વેપારમાં પરપ્રાણ-એકેન્દ્રિય આદિ જીવનો નાશ થાય. વનસ્પતિનો, પાણીની, અગ્નિનો, વાયુનો એ આદિ તો અશુદ્ધોપયોગનો સદ્‌ભાવ છે. જો એમાં અશુદ્ધભાવ હોય તો તેને પાપ થાય. પ્રાણી મર્યુ માટે પાપ થાય એમ નથી.

મુમુક્ષુ :- કોઈ જીવને નહિ કે બધાયને...

ઉત્તર :- એ જ કહે છેને. જો અશુદ્ધ ઉપયોગ હોય તો બંધ થાય અને અશુદ્ધ અસદ્‌ભાવ વડે (એટલે) એ અશુદ્ધ ઉપયોગ ન હોય અને જીવ મરી જાય તો બંધ ન થાય. અહીંયાં હવે ઉપધિમાં લઈ જવી છે વાતને. ઝીણી વાત છે. તત્ત્વનું સ્વરૂપ સર્વજ્ઞે કહેલું ચારિત્રનું, સંતનું સ્વરૂપ જેવું હોય એવું એણે વાસ્તવિક અનંતકાળથી પ્રતીત-શ્રદ્ધામાં લીધું નથી. સમજાય છે કાંઈ?

કહે છે કે જો પરપ્રાણી મરે એકેન્દ્રિય આદિ (અને) અહીંયાં અશુદ્ધ ઉપયોગ હોય તો બંધ થાય અને અશુદ્ધ ઉપયોગ ન હોય તો પરપ્રાણીથી તેને હિંસાનું બંધન થાય નહિ. તે અનૈકાંતિક છે. એટલે કે એમાં નિયમ નથી. કે બંધ થાય જ એવો એમાં નિયમ નથી. પરપ્રાણી મરતા બંધ થાય જ એવો નિયમ નથી. સમજાય છે કાંઈ? એમ ઉપધિનું નથી-એમ પરિગ્રહનું નથી. કોઈ કહે કે ભાઈ અમે ચશ્મા રાખીએ છીએ, ઘડિયાળ રાખીએ છીએ. થોડું અમારે કારણસર આ કાગળો રાખીએ છીએ, શીશપેન રાખીએ છીએ એ બધો પરિગ્રહ એ અમારે પરિગ્રહ કહેવાય કે નહિ? એનાથી અમારો ભાવ મૂર્છા ન હોય તો બંધ ન હોય

અને મૂર્છા હોય તો બંધ હોય એમ નથી. એ રાખે છે એને મૂર્છા છે જ, એને છેદ છે જ. એને સંયમનો છેદ જ છે. રતિભાઈ!

મુમુક્ષુ :- ઉદાસીનભાવે રાખે.

ઉત્તર :- એ જ કહેશે અહીંયાં. આત્માની દશા જ્યાં ચારિત્રની હોય છે, એને ઠેકાણે એમાં એની યોગ્યતા વિના કંઈપણ પરિગ્રહ એક ટૂકડો રાખે. તલતુષમાત્ર એક. સમજાય છે? લોઢાની વસ્ત્રની કટકી એક. લોઢાનું આવે છેને શું કહેવાય? ટાંકણી. એક ટાંકણી આમ દાબવા માટે રાખે. એટલો પણ જો પરિગ્રહ હોય તો એને મુનિપણું રહેતું નથી એમ કહે છે. એવી વાત છે, બાપા! આહા..હા..! લોકોએ સત્યની વાત સાંભળી નથી. એમાં એમ કહે કે નિહાલભાઈ કહે છે એમ કે એમાં અમને મૂર્છા નથી, પણ ઉદાસીનભાવે રાખીએ તો? નિહાલભાઈ! એ ભગવાને એના માટે તો આ ગાથા લીધી છે. બાપુ! માર્ગ કોઈ જુદો છે, ભાઈ! અનંતકાળનો તરણ ઉપાય, મોક્ષનો ઉપાય, તરવાનો ઉપાય બાપુ અલૌકિક છે. સમજાય છે કાંઈ?

કહે છે, હાલતા-ચાલતા કોઈ જીવ મરી જાય છતાં ત્યાં ઉપયોગમાં ફેરફાર હોય તો બંધન થાય. ઉપયોગમાં ફેર ન હોય તો તેને બંધન થાય નહિ. ત્યાં ઉદાસીનતા હોય તો ત્યાં બંધન ન થાય. ત્યાં લાગુ પડે. પણ કોઈ કહે કે અમે ખાસ બહુ ઠંડી લાગે છે.. એ કરતાં ચારિત્ર નભાવવા માટે એક કટકો, એક નાનો કટકો રાખીએ કે જેથી થોડું... થોડું... થોડું... રાખીએ. એટલો પણ પરિગ્રહનો કટકો હોય (તો) નિશ્ચયથી તેને અંતર છેદ છે. એકાંત બંધન છે, એકાંત હિંસક પ્રાણી છે એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? જુઓ.

**'પરિગ્રહ સર્વથા અશુદ્ધોપયોગ વિના હોતો નથી...'** આહા..હા..! એક ટાંકણી, એક કપડાનો કટકો હોય, એક કાગળનો કટકો હોય, એક શીશપેનનો કટકો હોય. સમજાય છે? પણ રાખવાની બુદ્ધિ, અહીં આ રાખવાની છે એને કહે છે કે અશુદ્ધ વેપાર જ છે એનો. એના પરિણામ મેલા જ છે. એમ કહે કે અમારે પ્રયોજન માટે રાખ્યું છે અને એમાં આ છે. તો કહે, મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. તારી દૃષ્ટિમાં સત્યના સ્વરૂપની ખબર નથી. વજુભાઈ! આવું છે કામ આકરું ભારે! આહા..હા..! ભાઈ! બહુ માથું દુઃખેને. એક જરી દોરી પાતળી બાંધવાની રાખે. તો કહે છે કે એમાં સંયમ રહેતો જ નથી. સમજાણું કાંઈ? આંગળીમાં એટલો વાઢ પડી ગયો કપાણું. જરી એક કટકો પાંદડાનો લઈને બાંધે. પાંદડું સમજો છો? પત્તા. ત્યાં આગળ કપડું નથી... આહા..હા..! માર્ગ તો એવો છે, ભાઈ! સમજાય છે કાંઈ? એય..! નિહાલભાઈ! ત્યાં ઉદાસીન ન કામ આવે. ઉદાસીન હોય તો વિકલ્પ આવ્યો કેમ રાખવાનો?

મુમુક્ષુ :- પ્લાસ્ટિક હોય તો વાંધો નહિ.

ઉત્તર :- હા, પણ તે દિ' પ્લાસ્ટિક નહોતું. હા તેરાપંથીમાં એ લૂગડા તો રાખે છે તો ગૃહીત મિથ્યાત્વપણું. પણ છતાં એને એની ... છે. તુલસી.. આચાર્ય બહુ વૃદ્ધ. તો

પછી પ્લાસ્ટિકના જોડાની છૂટ આપી. જોડા સમજ્યા? જૂતા-જૂતા. પ્લાસ્ટિકના જોડા. એને કહે વૃદ્ધ છેને. એક તો વસ્ત્ર રાખે છે બધા .. મુનિપણું માને છે એ જ મહા જૈનદર્શનની ભગવાનના માર્ગથી વિપરીત માન્યતા છે. મિથ્યાદષ્ટિ છે એમ કહે છે. એમાં વળી પાછા પ્લાસ્ટિકના જોડા. પ્લાસ્ટિક થાય છેને આ. અમારે ભગવાનજીભાઈને ઘણું પ્લાસ્ટિક છે. નાના-નાના .. ઘણા .. બહુ પાતળા પાતળા હોયને. બહુ ગરમી ન લાગે ને હલાય.

ભગવાન પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકર કહે છે અમે એમ જાણ્યું છે કે એટલો ટૂકડો પણ જો રાખે તો એને એકાંત બંધન છે. પ્રાણી મરે કે ન મરે એની સાથે બંધન છે નહિ. સમજાય છે કાંઈ? જુઓ, પરમાત્માનો માર્ગ! આહા..હા..! આ તો સાથે મોટર, ગાડા એવા બધા... સમજાય છે? બાપા! માર્ગ બાપુ! બીજો છે, ભાઈ! આ દુનિયા માનશે. દુનિયા તો ગાંડી છે, પાગલ દુનિયા. દુનિયામાં ચાલશે, પણ માર્ગમાં નહિ ચાલે. આહા..હા..! જુઓ, કહે છે '**પરિગ્રહ સર્વથા અશુદ્ધોપયોગ વિના હોતો નથી એવું જે પરિગ્રહનું સર્વથા અશુદ્ધોપયોગ સાથે અવિનાભાવીપણું...**' જુઓ, જીવ મરે અને અશુદ્ધ ઉપયોગ ન હોય, જીવ મરે અને અશુદ્ધ ઉપયોગ હોય. એમાં કોઈ નિયમ નથી, પણ પરિગ્રહ રાખે અને અશુદ્ધ ઉપયોગ ન હોય એમ હોઈ શકે નહિ. એમ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ભાઈ! ચારિત્ર માર્ગ તો એવો માર્ગ છે. એને નથી ખપતું, એને ખબર હોય, ન ખબર હોય, પણ તે અશુદ્ધ વેપાર છે. અને એમાંથી એને પરિગ્રહ, કાગળનો કટકો પણ રાખે. લાવો લાવો એક લખી લઉં એ કટકો રાખી લઉં, પણ જંગલમાં મુનિરાજ (લખે છેને). એમ નથી. એ તો તાડપત્ર હોય એ પડ્યા હોય એમાં અક્ષર લખી લે. એ પાછા મૂકીને ચાલ્યા જાય. એને કાંઈ પડી નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો એક સાધારણ જણાવવા માટે. એટલું હતું. એ તો કહે .. જણાયું એમ. પણ રાખવાનો, આ રાખો અને મારે જરૂર છે એવો રાખે તો, કહે છે કે એને એકાંત પરિગ્રહ અને બંધનનું કારણ છે. છે એમાં? પણ છે કે નહિ? આ ટીકા જુઓને સામી પડી છે કે નહિ? એ કાયના વેપારથી પરપ્રાણી મરે કે ન મરે તેની સાથે આત્માને બંધનનું નિયમ નથી, પણ પરિગ્રહનો નાનામાં નાનો તલતુષમાત્ર પણ રાખે તો તેને પરિગ્રહથી બંધનનું નિયમ છે. બંધન નિયમથી થાય, હિંસા નિયમથી થાય ત્યાં મુનિપણું રહેતું નથી. આહા..હા..! ભારે વાત! સમજાય છે કાંઈ? તો એવી દશા આવ્યા વિના ચારિત્રપણું હોય નહિ, એ વિના એને મુક્તિ હોય નહિ. વાત એવી છે, ભાઈ! સમજાય છે કાંઈ?

સંપ્રદાયની દૃષ્ટિવાળાને લાગે એવું આ. આવો માર્ગ! આહા..હા..! એ તમારે દિગંબરનો માર્ગ એવો હશે, અમારો માર્ગ બીજો છે એમ કહે વળી. એમ નથી, ભાઈ! માર્ગ જ આ છે. અનાદિ સનાતન સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાની પરમાત્માએ કહેલું સ્વરૂપ આવું જ છે અનાદિનું.

વચમાં બધા ગોટા ઉઠાવ્યા એ માર્ગ નથી જરીએ. સમજાય છે કાંઈ?

મુમુક્ષ :- ..

ઉત્તર :- .. ડુંગર ક્યાં તોડ્યો હતો? એમ કે થોડો કટકો અને આવું થાય? એમ કહે છે. મહાહિંસક છે. કહે છે કે એ મહા પાંચ ઇન્દ્રિયનો જીતનાર આત્મસ્વરૂપની રમણતા અને વીતરાગી જ્યાં ચારિત્ર હોય ત્યાં મુનિપણું હોય. એને તો પંચ મહાવ્રતાદિના વિકલ્પની મર્યાદા હોય. એથી આ જાય છે જરી પણ રાખવા, ત્યાં એને નથી જીવની શ્રદ્ધા, નથી આસ્રવની શ્રદ્ધા, નથી સંવરની શ્રદ્ધા, નથી અજીવની શ્રદ્ધા.

કહે છે '**પરિગ્રહનું સર્વથા અશુદ્ધોપયોગ સાથે અવિનાભાવિપણું...**' એટલે સાથે હોય જ. પરિગ્રહ કંઈપણ રાખ્યો અને અશુદ્ધ ઉપયોગ નથી, મેલાભાવ નથી એમ હોઈ શકે નહિ. અને '**તેનાથી પ્રસિદ્ધ થતાં એકાંતિક અશુદ્ધોપયોગના સદ્‌ભાવને લીધે પરિગ્રહ તો એકાંતિક બંધરૂપ છે,...**' એકાંતિક બંધરૂપ. ત્યાં અનેકાંત એમ નહિ. ત્યાં પરિગ્રહ હોય ને બંધ થાય અને પરિગ્રહ હોય ને ન પણ થાય એમ અનેકાંત ત્યાં લાગુ પડે નહિ. ભારે કામ ભાઈ! જુઓ, મૂળ સમ્યગ્દર્શનમાં આવું ભાન થતાં એને આવી દશા ચારિત્રની હોય એવું એને પ્રતીત ભેગી આવી જાય છે. ચારિત્ર આવું હોય, સંત આવા હોય, મુનિ આવા હોય. એવી શ્રદ્ધા આવે, ચારિત્ર શું દશા છે? તારે તત્ત્વની શ્રદ્ધા કરવી છે કે નહિ? સમજાય છે કાંઈ? ચારિત્રવંત ગુરુ કેવી જાતના હોય એની જેને ખબર નથી તેને શ્રદ્ધાના ઠેકાણા નથી. જેને ને તેને માની લે સાધુપણું. સમજાય છે? મુનિપણું, સંતપણું. એ વસ્તુ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ?

'**તેથી જ ભગવંત અર્હંતોએ—**' જુઓ, પરમાત્મા અરિહંત પરમેશ્વર કેવળજ્ઞાની પરમાત્માએ '**અંતરંગ છેદની માફક, પ્રથમ જ બધોય પરિગ્રહ છોડવાયોગ્ય છે, કારણ કે તે (પરિગ્રહ) અંતરંગ છેદ વિના હોતો નથી.**' સમજાણું કાંઈ? અરિહંત પરમાત્મા કેવળજ્ઞાન થવા પહેલા આવી દશા એને અંગીકાર કરી. લ્યો! '**તેથી જ બીજાઓએ પણ,...**' છેને? '**પ્રથમ જ બધોય પરિગ્રહ...**' છોડ્યો છે ભગવાને એમ. '**એને તેથી જ બીજાઓએ પણ અંતરંગ છેદની માફક, પ્રથમ જ બધોય પરિગ્રહ છોડવાયોગ્ય છે, કારણ કે તે અંતરંગ છેદ વિના હોતો નથી.**' આહા..હા..! કહો, સુજાનમલજી! આવું સાંભળ્યું છે? વસ્ત્ર રાખવા એટલા પોટલા રાખવા. અહીં તો ટૂકડો તલતુષમાત્ર પણ પરિગ્રહ રાખે અને નામ ધરાવે કે અમે સાધુ અને મુનિ, નિગોદં ગચ્છઈ. એકેન્દ્રિ નિગોદમાં જશે અને સંસારમાં પરિભ્રમણ કરશે. કેમકે માર્ગથી વિપરીતપણું માન્યું, મનાવ્યું અને માન્યતાને અનુમોદન કર્યું. એવું ઝીણું તત્ત્વ છે, ભાઈ! કહો, નિહાલભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નિહાલભાઈ બેસતા મોઢા આગળ ત્યાં. જય જય કરતા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, એ તો શેઠ છે પાછા.. શેઠ હતા. પણ એ પોતે જરી આમ સરખું .. મીઠા માણસ એટલે થોડું ઝેર હોય તોપણ ઠીક છે એમ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બીજું કામ કહ્યું. આહા..હા..! માર્ગ એવો છે, ભાઈ! આ કાંઈ સર્વજ્ઞે બીજી રીતે કહ્યો છે અને માર્ગ બીજો છે એમ છે નહિ. આવું જ સ્વરૂપ સર્વજ્ઞ પરમેશ્વરે કેવળજ્ઞાની તીર્થંકરે જોયું છે એનાથી વિરૂદ્ધ માને તો એ ભગવાનને પણ માનતો નથી. ગુરુને માનતો નથી, દેવને માનતો નથી, શાસ્ત્રે આવું કહ્યું એનાથી વિરૂદ્ધ માને તો શાસ્ત્રને પણ માનતો નથી. એવી વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- અશુદ્ધોપયોગનો અસદ્ભાવ હોય...**' આત્મામાં ધ્યાનસહિત, આનંદસહિત એને શુભોપયોગની ભૂમિકા હોય એટલો હોય, તો એને અશુદ્ધોપયોગનો અસદ્ભાવ છે. '**તોપણ કાયાની હલનચલનાદિ ક્રિયા થતાં પર જીવોના પ્રાણોનો ઘાત થઈ જાય છે.**' જોઈને ચાલે, વિચારીને બોલે. અંતરનો અનુભવ ચારિત્ર છે એવા જીવોને હાલતા-ચાલતા કોઈ જીવનો પ્રાણ ઘાત થઈ જાય. '**માટે કાયચેષ્ટાપૂર્વક પરપ્રાણોના ઘાતથી બંધ થવાનો નિયમ નથી;—**' કાયચેષ્ટા વડે પ્રાણ મર્યા જીવના એનાથી બંધ છે એવો કોઈ નિયમ નથી. '**અશુદ્ધોપયોગના સદ્ભાવમાં થતો જે કાયચેષ્ટાપૂર્વક થતા પરપ્રાણોના ઘાતથી...**' એનાથી તો બંધ થાય છે. એ તો પરિણામથી થયો. એ કાયચેષ્ટાથી થયો નથી. ભારે વાતું ભાઈ! આચાર્યોએ, સંતોએ જંગલમાં રહી આ બધી ટીકાઓ બની છે આ જંગલમાં. જંગલમાં. આહા..હા..! છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલતા હતા મહા સંત મુનિ. પાછા અલ્પકાળે કેવળજ્ઞાન લેનારા, મોક્ષ લેનારા અલ્પકાળમાં. તેની આ એવી વાત આ કરૂણા કરીને જગતને કહી, બાપુ! તને મોટું શલ્ય રહી જશે હોં! સાધુપદની દશાથી વિરૂદ્ધભાવને તેં માન્યું હોય તો મોટું મિથ્યાત્વશલ્ય રહી જશે તને. એ મિથ્યાશલ્ય ચોર્યાસીના અવતારનું કારણ છે.

પાંચમા શ્રમણસૂત્રમાં આવે છે નહિ? બોલે છેને સાંજ-સવાર? પંચમ અઢાઈ.. રયણ .. ધારા. શ્વેતાંબર સાધુમાં આવે. પાંચમા શ્રમણસૂત્રમાં. રયણ ગોચ્છત પરિગ્રહ ધારા એવું આવે છે. .. એ તો .. માં આવે છે. નટુભાઈ! મોઢે કર્યું હતું? તમે મોઢે નહિ કર્યું હોય. તમારા બાપે કર્યું હતું ત્યાં. પાંચ શ્રમણસૂત્ર આવે. તમે બધા નવા છોને જુવાનિયા. એ તમારા બાપ પણ ખોટું શીખ્યા હતા પહેલું. સમજાણું કાંઈ? ... તમારો કાકો હતોને એક દામોદરભાઈ. એ તો વળી એવો હતો, ત્યાં વકીલ હતા એ તો. આમ થઈ ગયા તો વાયુ(ના જીવ) હણાઈ જાય. ત્યાં સુધી વયા ગયા હતા બાબરામાં.. ભાઈ! .. પગે લાગવામાં... આમ પગે લાગવું એને. પછી તો ફરી ગયેલા હતા હોં. પછી તો આખી લાઈન ફરી ગઈ. પછી તો અહીં દેહ અહીં છૂટ્યોને. હીરાભાઈના મકાનમાં દેહ છૂટ્યો. .. સાલથી.. તમે ક્યાં?

છઠ્ઠી સાલ. ૧૯ વર્ષ થયા. ચૈત્ર મહિનો. તે દિ' કહ્યું, પણ આ શું કરો તમે આ? પછી જરી હાથ હલેને. વાયુ હણાયને વાયુ? પવન. .. પવન હણાય. તો .. ... ન લાગે. ત્યાં સુધી વયા ગયા હતા. જીવોની હિંસા થઈ જાય. પવનની હિંસા થઈ જાય. ભાઈ! એટલું બધું ન હોય આ બધું આ કરવામાં કર્તાબુદ્ધિ થઈ છે એમાં હિંસા છે. આ હું હલાવું છું અને આમ કરું છું, આમ બરાબર હું કરું છું એ માન્યતા એ જ કર્તાબુદ્ધિ છે. આહા..હા..! શું થાય? એવો ખડગની ધાર જેવો માર્ગ છે. સમજાય છે કાંઈ? ખડગની ધાર એટલે? દુઃખરૂપ એમ નહિ. મહા સીધો-સરળ માર્ગ... આહા..હા..!

ખબર ન મળે તત્ત્વની. દેવ કોને કહેવા? ચારિત્રવંત કોને કહેવા, ગુરુ-શાસ્ત્ર કોને કહેવા? શાસ્ત્રની આજ્ઞા શું છે? કાંઈ ખબર ન મળે. થઈ જાય સામાયિક કરી, પોષા કર્યા, પડિક્કમણા કર્યા, એક અપવાસ બે, ચાર, દસ કર્યા. થઈ ગયો ધર્મ. ધૂળમાંય ધર્મ નથી. અજ્ઞાનનું પોષણ છે ત્યાં તો. આહા..હા..! એવો માર્ગ ભાઈ! જન્મ-મરણના આરા જેને ઉતારવા હોય એણે તો સમ્યગ્દર્શનપૂર્વક આવું ચારિત્ર હોય એવી એણે શ્રદ્ધા કરવી જોશે અને પછી આચરણ કરીને મુક્તિ થશે. એવું અંતર આચરણ આવ્યા વિના એની મુક્તિ થશે નહિ. ચોર્યાસીમાં આ નિગોદના અવતાર. આહા..હા..! એક-એક શરીરમાં અનંતા જીવો માનવા મુશ્કેલ પડે લોકોને. લીમડાના ફૂલમાં એક કળી આખી. એક ફૂલ આખું એની એક રાઈ જેટલી કટકી એમાં અસંખ્ય તો ઔદારિક શરીર, એક શરીરમાં અત્યાર સુધી સિદ્ધ થયા, છ મહિના અને આઠ સમયમાં ૬૦૮ અત્યાર સુધી થયા એથી અનંતગુણા જીવ. આહા..હા..! બાપુ! તારા જેવા એ જીવ છે હોં! આહા..હા..! ભલે શરીરમાં ન હોય. એવા આત્મામાં, કહે છે, કંઈપણ એમાં પરપ્રાણી હણાઈ જાય અને અશુદ્ધ ઉપયોગ હોય તો બંધ થાય, પણ પરિગ્રહ રાખે અને બંધ ન થાય, મૂર્છા ન હોય એમ હોઈ શકે નહિ. આહા..હા..!

કેમકે જો શરીરથી પ્રાણી મરે (અને) ઉપયોગ તો મારવાનો નથી તો પાપ લાગતું નથી, તો અમારે પણ આ થોડો પરિગ્રહ હોય તો અમારે મૂર્છા નથી. એય..! ભગવાનભાઈ! આ પહેલા એણે માન્યું હતુંને? પહેલું એવું માન્યું હતું. જૂના માણસ છેને એ? શું કરવા? અને ટાઢ વાય છે એ નિવારણ માટે વસ્ત્ર રાખીએ છીએ અને ટાઢમાં દુઃખ થાય માટે એના નિવારણ માટે રાખીએ. માટે એ પરિગ્રહ નથી.

મુમુક્ષુ :- ચારિત્ર ન પાળી શકાય એમાં.

ઉત્તર :- એ ચારિત્ર નથી. ચારિત્ર છે જ નહિ. વસ્ત્ર રાખવાનો, ટાઢમાં ઓઢવાનો ભાવ ચારિત્ર નથી. આહા..હા..! એવો માર્ગ છે, ભાઈ! સમજાણું કાંઈ? શ્રાવકને પણ એની હદ છે એ પ્રમાણેની દશા હોય એ પ્રમાણે આદરે, રાખે અથવા .. ગાથામાં આવશે. સાધુ અને શ્રાવક બેય. કોપીન રાખનારા શ્રાવક. એમાં .. ગૃહસ્થ .. .. પાઠ છે. એમ મૂળ પાઠમાં ગૃહસ્થ અને સાધુ બેય છે. પાશંડી જીવે છે. પાશંડી એટલે સાધુ અને જીવે એટલે ગૃહસ્થાશ્રમમાં

ક્ષુલ્લક હોય પણ છે એ ગૃહસ્થાશ્રમમાં. સાધુપદ નથી. એ પણ એની મર્યાદાથી કંઈ પણ વધારે રાખે કોપીન સિવાય, કટકા સિવાય, તો એ પણ નિશ્ચય પરિગ્રહ અને બંધનું જ કારણ એને છે. એ કહે કે અમારે પંચમ કાળ છે, નભાવ નથી માટે થોડું વધારે રાખીએ તો એ.. ચાલે નહિ. વીતરાગ માર્ગમાં એ ચાલે નહિ. સમજાય છે કાંઈ? એમ કહે છે.

મુમુક્ષુ :- .. સુધારા તો થાયને.

ઉત્તર :- સુધારા શેના થાય? એ તો .. કાળ એવો ફરે તો ધર્મમાં પણ કાંઈક સુધારા કરવા પડે એવું કહે છે. જ્યારે આ નીકળ્યોને પંથ. દિગંબરમાંથી શ્વેતાંબર જ્યારે નીકળ્યો બે હજાર વર્ષ પહેલા. એવો જવાબ આપેલો. સાધુ આવ્યા જ્યારે દક્ષિણમાંથી બધા સંતો. અહીં તો વસ્ત્ર રાખવા માંડ્યા કટકો થોડો. આ માર્ગ નથી. એ કાળ એવો છે તો એમાં સુધારો કરવો પડશે. હવે વસ્ત્ર વિના નભે નહિ. અહીં કહે કે વસ્ત્રને રાખવાનો ભાવ થયો અને સાધુપણું માન્યું એ જ મિથ્યાત્વ છે. આકરી વાતું, ..ભાઈ! આહા..હા..! સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાની પરમાત્મા જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન હતું એણે આ દશા અને સ્થિતિ જોઈ છે. આ સિવાય ઓછું, અધિક અને વિપરીત માને મિથ્યાશલ્યમાં જઈને નિગોદમાં... આહા..હા..! ભારે કામ ભાઈ! સમજાણું?

'**પરપ્રાણોના ઘાતથી બંધ થવાનો નિયમ નથી;—અશુદ્ધોપયોગના સદ્ભાવમાં થતો કાયચેષ્ટાપૂર્વક પરપ્રાણોનો ઘાત તેનાથી તો બંધ થાય છે, અને અશુદ્ધોપયોગના અસદ્ભાવમાં થતો જે કાયચેષ્ટાપૂર્વક પરપ્રાણોનો ઘાત તેનાથી બંધ થતો નથી. આ રીતે કાયચેષ્ટાપૂર્વક થતા પરપ્રાણોના ઘાતથી બંધ થવાનું અનૈકાંતિક હોવાથી...**' જુઓ, અનૈકાંતિક એટલે નિયમ નહિ. ઓલું અનેકાંત અને અનૈકાંતિક બેમાં ભાષા ફેર. અનૈકાંતિક એટલે નિયમ નહિ. એ અનેકાંત એટલે કે વસ્તુનું સ્વરૂપ એ ભિન્ન ચીજ છે.

મુમુક્ષુ :- કાનોમાતરનો ફેર.

ઉત્તર :- એ માત્રામાં ફેર. લખ્યું છે આ બાજુ હોં. અનૈકાંતિક આ બાજું છે. '**અનૈકાંતિક = અનિશ્ચિત; નિયમરૂપ ન હોય એવું; એકાંતિક ન હોય એવું.**' અને '**એકાંતિક = નિશ્ચિત; નિયમરૂપ; અવશ્ય હોનાર.**' એ બીજી વ્યાખ્યા છે. અનેકાંતિક જુદું અને અનેકાંત જુદું. અનેકાંત તો વસ્તુ વસ્તુના સ્વરૂપમાં છે અને પરરૂપે નથી. ગુણ ગુણરૂપે છે અને બીજા ગુણરૂપે નથી. પર્યાય પર્યાયપણે છે અને બીજી પર્યાયપણે નથી. એનું નામ અનેકાંત-અનંત-અનંત ધર્મ છે.. પોતે અસ્તિ છે અને પરથી નાસ્તિ. એ અનેકાંત કહેવાય અને આ અનેકાંતિક દોષ કહેવાય. એટલે કે પરપ્રાણી મરે અને દોષ લાગે કે ન લાગે એ પરિણામ ઉપર છે. એટલે પરપ્રાણી મરે એટલે બંધન જ થાય એવું એમાં એકાંત છે નહિ અનેકાંત સૂચવ્યું. ભાવ ખોટા હોય તો પાપ લાગે, ભાવ ખોટા ન હોય તો પરપ્રાણીને માર્યા છતાં પાપ લાગે નહિ, પણ પરિગ્રહ માટે એમ નહિ. આહા..હા..! પરિગ્રહ થોડો પણ

રાખે તો મૂર્છા નથી માટે રાખ્યો છે. એ વાત જૂઠી તદ્દન છે એમ કહે છે. સમજાણું કાંઈ? છે કે નહિ એમાં? નિહાલભાઈ! પુસ્તક રાખ્યું છે? આહા..હા..!

પોતાથી ન પળાય માટે માર્ગને બદલી નાખવો એ માર્ગ નથી. સમજાય છે? એ સિવાય કાંઈ પણ કટકો-ટૂકડો પરિગ્રહ રાખે તો અંતર છેદ, છેદ અને છેદ છે એમ ભગવાન કહે છે. સમજાય છે કાંઈ? જુઓ, છેને? '**આ રીતે કાયચેષ્ટાપૂર્વક થતા પરપ્રાણોના ઘાતથી બંધ થવાનું અનૈકાંતિક હોવાથી...**' નિયમ નહિ એમ. '**તેને છેદપણું અનૈકાંતિક છે——નિયમરૂપ નથી.**' '**જેમ ભાવ વિના પણ પ્રાણોનો ઘાત થઈ જાય છે, તેમ ભાવ ન હોય તોપણ પરિગ્રહનું ગ્રહણ થાય એમ કદી બને નહિ.**' આહા..હા..! માર્ગ તો એવો છે, ભાઈ! ઓહો..હો..! ચારિત્રદશા, વીતરાગદશા, નિર્ગ્રંથદશા. જ્યાં અમૃતના ઓડકારના ઉભરા આવે. એવી ભૂમિકામાં વિકલ્પની મર્યાદા પંચ મહાવ્રત આદિ એટલી હોય છે, બાપુ! સમજાય છે કાંઈ? સાંઠીયું.. સાંઠીયુ કહેતાને ત્યાં? આ વણની સાઠીયું થાયને સાઠીયું? એ ત્યાં સૂતો હોયને જરી સાંઠીનું આડું રાખે પવન ન આવે ઠંડો. .. રાખે અને એને ઠીક લાગે. આ સાઠીયું નથી હોતી? આ વણ-વણ કપાસની. કપાસની નીકળે છેને. શું કહે છે? એય..! હેમરાજજી! કપાસની સાઠીયું હોય છે. અમારી ભાષા સમજાતી નથી. ભાષા એને સમજાતી નથી. સાંઠી. સાંઠીયું હોયને સાંઠીયું કપાસની? કપાસની સાંઠીયું. એ સાંઠીમાં થાય છેને? લાકડી. કપાસની લાકડી, કપાસની સાંઠી. એ સૂકી હોય અને એનું પછી બનાવે છે, શું કહેવાય આપણે? પડદો નાખેને એમાં? .. બનાવે. સાંઠીની .. બનાવે અને એની ઓથમાં સૂવા જાય તો ઠીક કહે, તો પરિગ્રહ છે. ઠંડી હવા ન આવે આ રોકે એટલી જરી. પરિગ્રહ છે એમ કહે છે. એ પરિગ્રહ અંદર ઉત્પન્ન થયો એ મૂર્છા છે અને ત્યાં બંધ છે, છે અને છે. એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- એ તો ચોથા કાળની વાત છે.

ઉત્તર :- આ પાંચમા આરાના, ત્રણ કાળના સાધુની વાત છે. આ ઠીક ડોસા હળવે દઈને. એમ કે ચોથા આરાના સાધુ માટે આવી વાત હશે એમ. આ પાંચમા આરાના સાધુ, પાંચમાના આરાના સાધુ માટે તો વાત કરે છે. સમજાય છે કાંઈ? અહીં શાસ્ત્રમાં કાંઈ વિશેષ પ્રતિજ્ઞા લેવી અને ન લે તો એને દંડ છે એવું કાંઈ નથી. અત્યાગનો ભાવ છે એટલો દંડ-પાપ લાગે એ તો બરાબર છે, પણ પ્રતિજ્ઞા લઈને તોડવી એ તો મહાપાપ છે. સમજાણું કાંઈ? એ અહીં કહે છે. એ માટે તો આ વાત આચાર્ય, કુંદકુંદાચાર્ય પોતે શ્લોકમાં વાત કહે છે.

'**જેમ ભાવ વિના પણ પરપ્રાણોનો ઘાત થઈ જાય છે, તેમ ભાવ ન હોય તોપણ પરિગ્રહનું ગ્રહણ થાય એમ કદી બને નહિ. જ્યાં પરિગ્રહનું ગ્રહણ હોય છે ત્યાં અશુદ્ધોપયોગનો સદ્ભાવ અવશ્ય હોય જ છે.**' પરિણામ તેના મેલા જ હોય

છે. રાગવાળા મેલા ભાવ હોય છે. સમજાય છે? '**માટે પરિગ્રહથી બંધ થવાનું તો એકાંતિક-નિશ્ચિત-નિયમરૂપ છે.**' એમ. એકાંતિકનો અર્થ એમ છે. '**તેથી પરિગ્રહને છેદપણું એકાંતિક છે. આમ હોવાથી જ પરમ શ્રમણ એવા અર્હંત ભગવંતોએ પ્રથમથી જ સર્વ પરિગ્રહનો ત્યાગ કર્યો છે અને અન્ય શ્રમણોને પણ પ્રથમથી જ સર્વ પરિગ્રહનો ત્યાગ કરવો જોઈએ.**' એમ ભગવાનનું ફરમાન છે. આહા..હા..!

હવે આચાર્ય જરી કહે છે કે '**(હવે, કહેવાયોગ્ય બધું કહેવાયું છે ઈત્યાદિ કથન શ્લોક દ્વારા કરવામાં આવે છે :)**' આહા..હા..!

**वक्तव्यमेव किल यत्तदशेषमुक्त-**
**मेतावतैव यदि चेतयतेऽत्र कोऽपि।**
**व्यामोहजालमतिदुस्तरमेव नूनं**
**निश्चेतनस्य वचसामतिविस्तरेऽपि।।१४।।**

ઓહો..! અમૃતચંદ્રાચાર્ય સંત મુનિ જંગલમાં વસતા મુનિપણાની કથની કરતા. એક ટૂકડો પણ વસ્ત્ર આદિનો હોય, કોઈપણ બીજી ચીજનો હોય. તો પરિગ્રહ છે અને બંધનું જ કારણ છે, પાપ જ છે.

'**અર્થ :- જે કહેવા જેવું જ હતું તે અશેષપણે કહેવાયું છે,...**' ભાષા જુઓ, આચાર્ય મહારાજ કહે છે, ભાઈ! જે કહેવા જેવું હતું તે અશેષ બધું કહ્યું. હવે શું કહીએ? '**એટલાથી જો કોઈ અન્ય ચેતે—સમજે તો.**' એટલામાંથી કોઈ સમજી જાય કે માર્ગ તો આ છે, બીજો માર્ગ ઉલટો કરવો તે વિપરીત માન્યતા છે. '**(બાકી તો,) વાણીનો અતિ વિસ્તાર કરવામાં આવે...**' વાણીથી ઘણું કહેવામાં આવે '**તોપણ નિશ્ચેતનને (-અણસમજુને, જડ જેવાને)...**' આહા..હા..! '**ખરેખર વ્યામોહની (-મોહની) જાળ અતિ દુસ્તર છે.**' અજ્ઞાનીને આ વાત સમજાય નહિ. મોહ.. છે. આહા..હા..! શું કહ્યું? અમારે જે કહેવાનું હતું તે કહી દીધું. સમજાણું કાંઈ?

નિર્ગ્રંથ કહેવા અને કંઈપણ ગ્રંથનો રાગ તીવ્ર રહેવો, એ વસ્તુનો સંગ રહેવો તે નિર્ગ્રંથપણું રહેતું નથી. એવી વાત અમારે કહેવી હતી એ તમને કહી દીધી આચાર્ય કહે છે. બાકી તો એટલાથી સમજે તો સમજી જાય, વસ્તુનું સ્વરૂપ આવું છે એમ. '**વાણીનો વિસ્તાર કરવામાં આવે તોપણ નિશ્ચેતનને (-અણસમજુને, જડ જેવાને) ખરેખર વ્યામોહની (-મોહની) જાળ અતિ દુસ્તર છે.**' નહિ બેસે એને. સમજાય છે કાંઈ? અણસમજુને. ભાષામાં એમ લીધું છે નિશ્ચેતનને. ચેતન વિનાના પ્રાણી છે ભાન વિનાના. કાંઈપણ વસ્ત્ર આદિનો ટૂકડો વધારે રાખીને માનવું કે મુનિપણું છે, તો અમે તો કહી દીધું બાપુ! જે કહેવું હતું. બાકી ચેતન વિનાના પ્રાણીને ગમે તેટલી વાણીનો વિસ્તાર કરીએ નહિ સમજાય એને. એમાં મોહનો વિલાસ નહિ મૂકે એ. આહા..હા..! કેવી કરૂણાથી કહે છે જુઓ! સમજાય છે કાંઈ? ભાષા

જુઓ એમ છે કે નહિ?

'(બાકી તો,) **વાણીનો અતિ વિસ્તાર કરવામાં આવે તોપણ નિશ્ચેતનને ખરેખર વ્યામોહની જાળ અતિ દુસ્તર છે.'** ચૈતન્યની હદની જાગૃતિની ખબર નથી. એને સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રની શું મર્યાદા છે? એને ખબર નથી એવા નિશ્ચેતનને ગમે તેટલું કહેશો તો તેને સમાધાન નહિ થાય. એના મોહની અતિજાળ વ્યામોહ તે તર્ક કર્યા જ કરશે. આમ છે.. આમ છે.. ... દેશકાળ શાસ્ત્રમાં નથી કહ્યું? દેશકાળે પણ થોડો પરિગ્રહ રાખવો. એ થોડો ક્યો? આ ખપે એ. થોડો એટલે બીજો નહિ. અપવાદ છે, અપવાદ છે. પણ એ અપવાદ આ મોરપીંછી રાખવી કે વાણી સાંભળવી એ બધા ઉપકરણોનો અપવાદ છે. એ અપવાદ છે. સમજાણું કાંઈ? એથી બીજો રાખવો એ અપવાદ છે. અપવાદ એટલે પાપ-નિંદા છે. એ ભૂમિકાને યોગ્ય નથી એટલે નિંદા છે ભાઈ! .. સમજાણું કાંઈ? '**અતિ દુસ્તર છે.'** મોહની જાળ ઉતરવી મહા દુસ્તર છે.

'**હવે આ ઉપધિનો (પરિગ્રહનો) નિષેધ તે અંતરંગ છેદનો નિષેધ છે...'** એટલો વસ્ત્ર-પાત્રનો એક ટૂકડો કોઈ તલતુષમાત્રનો નિષેધ કર્યો એ અંતરના પાપના છેદનો નિષેધ છે. એ અંતર છેદ લાગે છે એનો નિષેધ કર્યો છે. પાપ લાગે છે એનો નિષેધ કર્યો છે.

**ण हि णिरवेक्खो चागो ण हवदि भिक्खु आसयविसुद्धी।**
**अविसुद्धस्स य चित्ते कहं णु कम्मक्खओ विहिओ।।२२०।।**

**નિરપેક્ષ ત્યાગ ન હોય તો નહિ ભાવશુદ્ધિ ભિક્ષુને,**
**ને ભાવમાં અવિશુદ્ધને ક્ષય કર્મનો કઈ રીતે બને? ૨૨૦.**

પાછળ છે. આ ગુજરાતી છે એટલે સાથે છે. આ ગુજરાતી છે. ૨૨૦ છે. છે?

**નિરપેક્ષ ત્યાગ ન હોય તો નહિ ભાવશુદ્ધિ ભિક્ષુને,**
**ને ભાવમાં અવિશુદ્ધને ક્ષય કર્મનો કઈ રીતે બને? ૨૨૦.**

ભગવાન આચાર્ય દૃષ્ટાંત આપે છે કે '**જેમ ફોતરાંના સદ્ભાવમાં ચોખાને વિષે રહેલી (રક્તતારૂપ-રતાશરૂપ) અશુદ્ધતાનો ત્યાગ હોતો નથી,...'** શું કહે છે? એ ચોખો છેને આ ચોખો? ડાંગર. એના ઉપર ફોતરું હોયને ફોતરું? છાલ. છાલ હોય અને રતાશ જાય એમ બનતું નથી. ચોખો છેને? ચોખો કહે છેને? ચાવલ. સફેદ. સફેદ. સફેદ ઉપર લાલપ હોયને લાલ રંગ. અને ઉપર છાલ. છાલની હયાતી હોય અને લાલ રંગ જાય એમ બને નહિ. દૃષ્ટાંત આપ્યું. પછી છાલ ગયું હોય અને લાલ રંગ રહ્યો હોય એમ બને. ફોતરું ગયું હોય અને લાલ રંગ રહ્યો હોય. નગ્નમુનિ થાય એવા, વસ્ત્ર-પાત્ર ન હોય એવું થાય. એ ફોતરું નથી. પણ અંતર મિથ્યાત્વભાવ છે ત્યાં તો એ રાગનો રંગ હોઈ શકે. પણ જ્યાં ફોતરું છે ત્યાં રાગનો રંગ ન હોય એમ બની શકે નહિ. સમજાણું કાંઈ?

આ બદામ હોય છેને બદામ લ્યોને. ધોળી. ઉપર લાલ ફોતરી. ફોતરું જાડું રહે અને

અંદર લાલ નીકળી ગયું હોય એમ બને નહિ. એમ અમે વસ્ત્ર રાખીએ છીએ બહાર ફોતરા જેવું, પણ અમને મોહ નથી એને પ્રત્યે. એમ બને નહિ. એમ કહે છે. આહા..હા..! દૃષ્ટાંત કેવો આપ્યો જુઓ! આ તો જેને આત્માનો ઉદ્ધાર કરવો હોય એને આવું તત્ત્વ છે, એમ સમજવું પડશે. આ કાંઈ ગોખેલી વાત નથી. સમજાય છે કાંઈ? ભાવના ભાવથી ભરેલી વાત છે, બાપુ! આહા..હા..!

**'જેમ ફોતરાંના સદ્ભાવમાં...'** ફોતરું-છાલ. **'ચોખાને વિષે રહેલી (રક્તતારૂપ-રતાશરૂપ) અશુદ્ધતાનો ત્યાગ (-અભાવ, નાશ) હોતો નથી,...'** ફોતરું પડ્યું હોય અને લાલ રંગ જાય એમ બને? શું કહ્યું એ સમજાણું કાંઈ? એમ વસ્ત્ર-પાત્ર હોય અને અંદર મૂર્છાનો ભાવ ન હોય એમ બને નહિ. મૂર્છાનો ભાવ હોય જ એમ કહે છે. આહા..હા..! વસ્ત્ર-પાત્ર છૂટી ગયા હોય, નગ્ન થયો અનંતવાર, બબ્બે મહિનાના સંથારા કર્યા. સમજાય છે? ... અંદર રાગરહિત પરમાનંદસ્વરૂપનું ભાન નથી અને સાધુપદ જે વીતરાગ ચારિત્ર હોય છે એ તો હોતું નથી. પંચ મહાવ્રતના પરિણામ અને દેહની ક્રિયા એવી કરી. સમજાય છે કાંઈ?

કહે છે, જેમ ફોતરાની હયાતીમાં. સદ્ભાવ એટલે હયાતી. હયાતી કહે છેને? મોજુદગી. ફોતરાની મોજુદગી-હયાતી **'ચોખાને વિષે રહેલી...'** લાલ રંગનો એને ત્યાગ હોઈ શકે નહિ. **'તેમ બહિરંગ સંગના સદ્ભાવમાં...'** એમ. તેમ બહિરંગ વસ્ત્ર-પાત્રના સંગમાં **'અશુદ્ધોપયોગરૂપ અંતરંગ છેદનો ત્યાગ હોતો નથી;...'** એને મેલા પરિણામનો અભાવ હોતો નથી. ભારે વાત ભાઈ! આહા..હા..! સંતોએ કેટલી સ્પષ્ટતા કરી છે! ગાથા, ટીકા, સમજાય છે? આવો અનાદિનો સર્વજ્ઞ પરમેશ્વરનો મુનિપણાનો માર્ગ આ અનાદિનો છે. નવો નથી. સમજાય છે કાંઈ? આ વસ્ત્ર-પાત્રસહિત જ્યાં મુનિપણું મનાવ્યું છે એ પંથ નવો નીકળ્યો છે. વીતરાગ માર્ગનો એ માર્ગ નથી. એ માર્ગ વીતરાગનો નથી. ભારે કામ આકરું! આહા..હા..! પોટલાના પોટલા ઉપાડે માથે. નિર્ગ્રંથ-નિર્ગ્રંથ, સાધુમાં નિર્ગ્રંથ સાધુ કહેવાય. ભાઈ! એમ ન હોય. સમજાણું?

**'બહિરંગ સંગના સદ્ભાવમાં...'** બહિરંગ સંગની મોજુદગી ત્યાં **'અશુદ્ધોપયોગરૂપ અંતરંગ છેદનો ત્યાગ હોતો નથી;...'** મમતા છે, છે ને છે. આહા..હા..! આવું સ્વરૂપ છે, ભાઈ! એ તો સર્વજ્ઞ પરમેશ્વરે અનાદિથી કહ્યું છે, જોયું છે એવું કહ્યું એમ સંતોએ જાણીને કહ્યું છે. માર્ગ આ છે, ભાઈ! તું માન, ન માન એની આધારે કોઈ વસ્તુ નથી. વસ્તુ તો આ છે. એને દેવ-ગુરુ-શાસ્ત્રની ઓળખાણ કરવી પડશે કે નહિ? ચારિત્રવંત ગુરુ કેવા હોય? આહા..હા..! એમ કહે છે. એની ઓળખાણ કર. સમજાણું? અમને મૂર્છા નથી. અમે સંગ કરીએ છીએ વસ્ત્રને રાખવાનો, પાત્રને રાખવાનો, પણ અમને રાખવાના ભાવમાં મમતા નથી. ચારિત્ર નિર્વાહ માટે રાખીએ છીએ. એમ કહે છે. મિથ્યાત્વભાવ છે કહે છે. આહા..હા..! કેમ વજુભાઈ! આવું કામ છે. ત્યાં રહે છે ઓલામાં.. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો રહે છે એમ કીધું. આવી વાત સાંભળવી કઠણ. એવું લાગે. બસ, આ જ માર્ગ સાચો? અરે આ શું? એના સિવાય કંઈપણ ફેરફાર કોઈ માને બીજો તો એ માર્ગ સાચો છે નહિ. જૈનમાં પણ ગોટા ઉઠ્યા ત્યાં અન્યની તો વાતું આમાં ક્યાં કરવી? આહા..હા..! જુઓ, ઓલું વસ્ત્ર રાખે, ઓલું રાખે. .. અમે સાધુ છીએ, સંત છીએ, મુનિ છીએ અને યોગી છીએ.

મુમુક્ષુ :- ... શાસ્ત્રમાં એવું લખ્યું છે.

ઉત્તર :- પણ માર્ગમાં એવું સ્વરૂપ છે નહિ. વસ્તુનું સ્વરૂપ એવું નથી. શાસ્ત્રમાં લખ્યું છે, એ પણ બધું ઉલટું અજ્ઞાન લખ્યું છે. આહા..હા..! એવો માર્ગ ભાઈ! આ કાંઈ કોઈના પક્ષનો માર્ગ નથી, આ તો ભગવાન પરમેશ્વર કેવળજ્ઞાનીએ જોયેલો અને પદ્ધતિ અને રીતનો માર્ગ છે.

**'તેના સદ્‌ભાવમાં (અશુદ્ધોપયોગરૂપ અંતરંગ છેદના સદ્‌ભાવમાં),...'** અશુદ્ધોપયોગ છેને? જે અંતરંગ છેદના સદ્‌ભાવમાં **'શુદ્ધોપયોગ જેનું મૂળ છે એવા કૈવલ્યની (મોક્ષની) ઉપલબ્ધિ થતી નથી.'** લ્યો! આહા..હા..! સંગ જ્યાં હોય છે અંદર-બાહ્યમાં, સમજાણું? અને પરિગ્રહ જ્યાં છે અંદર બુદ્ધિ ત્યાં **'શુદ્ધોપયોગ જેનું મૂળ છે એવા કૈવલ્યની (મોક્ષની) ઉપલબ્ધિ થતી નથી.'** અશુદ્ધોપયોગ કીધુંને ઓલાને? આહા..હા..! **'શુદ્ધોપયોગ જેનું મૂળ છે એવા કૈવલ્યની (મોક્ષની) ઉપલબ્ધિ થતી નથી. આથી (એમ કહ્યું કે) અશુદ્ધોપયોગરૂપ અંતરંગ છેદના નિષેધરૂપ પ્રયોજનની અપેક્ષા રાખીને વિહિત કરવામાં આવતો (ફરમાવવામાં આવતો) ઉપધિનો જે નિષેધ તે અંતરંગ છેદનો જ નિષેધ છે.'** આ ન રાખવું, આ ન હોય, આ ન હોય એમ જે કહ્યું છે એ અંતરના પાપનો નિષેધ કર્યો છે, એમ કહે છે. ભારે વાતું ભાઈ! કહો, સમજાણું કાંઈ?

**'હવે 'ઉપધિ તે એકાંતિક અંતરંગ છેદ છે' એમ વિસ્તારથી ઉપદેશે છે :-** -' એ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

# પાઠકોની નોંધ માટે



: પ્રકાશક :
શ્રી કુંદકુંદ–કહાન પારમાર્થિક ટ્રસ્ટ
વિલે પાર્લા, મુંબઇ.
www.vitragvani.com